# પરમાત્મ વૈભવ

ભાગ ૬

## પરમાત્મપ્રકાશ પ્રવચનો



પરમાત્મ વૈભવ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમાત્મ વૈભવ

(ભાગ–૭)

(શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ પ્રણીત શ્રી પરમાત્મપ્રકાશ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ પ્રવચનો)


પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪

પ્રકાશન
શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા
મહોત્સવ, સોનગઢ, તા. ૨૫-૧-૨૦૨૪

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦
www.vitragvani.com, email-info@vitragvani.com

ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ, ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવ લેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવ દર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦ થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના અંત સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ઓડિયોમાં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન તેમની વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત

જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૬-૭૭માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




શ્રીમદ્ ભગવત યોગીન્દુદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ‘ઉમરાળા’ ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ ‘કાનજી’ શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...’

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૪૮ | ૧૫–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૭–૧૦૮ | ૦૦૧ |
| ૧૪૯ | ૧૬–૦૬–૧૯૬૫ | ગાથા–૧૦૮ થી ૧૧૦ | ૦૧૭ |
| ૧૫૦ | ૧૭–૦૬–૧૯૬૫ | ગાથા–૧૧૦–૧૧૧ | ૦૩૩ |
| ૧૫૧ | ૧૮–૦૬–૧૯૬૫ | ગાથા–૧૧૧–૨, ૩, ૪ | ૦૪૭ |
| ૧૫૨ | ૧૯–૦૬–૧૯૬૫ | ગાથા–૧૧૧–૪–૧૧૨ | ૦૬૩ |
| ૧૫૩ | ૨૦–૦૬–૧૯૬૫ | ગાથા–૧૧૨–૧૧૩ | ૦૭૫ |
| ૧૫૪ | ૨૧–૦૬–૧૯૬૫ | ગાથા–૧૧૩ થી ૧૧૬ | ૦૯૦ |
| ૧૫૫ | ૨૩–૦૬–૧૯૬૫ | ગાથા–૧૧૭ થી ૧૧૯ | ૧૦૩ |
| ૧૫૬ | ૨૬–૦૬–૧૯૬૫ | ગાથા–૧૨૩–૧૨૪ | ૧૧૯ |
| ૧૫૭ | ૨૭–૦૬–૧૯૬૫ | ગાથા–૧૨૪ થી ૧૨૬ | ૧૩૫ |
| ૧૫૮ | ૨૮–૦૬–૧૯૬૫ | ગાથા–૧૨૬–૧૨૭ | ૧૫૦ |
| ૧૬૦ | ૦૧–૦૭–૧૯૬૫ | ગાથા–૧૨૮ થી ૧૩૦ | ૧૬૮ |
| ૧૬૧ | ૦૨–૦૭–૧૯૬૫ | ગાથા–૧૩૦–૧૩૧ | ૧૮૩ |
| ૧૬૨ | ૦૩–૦૭–૧૯૬૫ | ગાથા–૧૩૨–૧૩૩ | ૧૯૯ |
| ૧૬૩ | ૦૪–૦૭–૧૯૬૫ | ગાથા–૧૩૪–૧૩૫ | ૨૧૫ |
| ૧૬૪ | ૦૭–૦૭–૧૯૬૫ | ગાથા–૧૩૭, ૧૩૭–૫ | ૨૨૮ |
| ૧૬૫ | ૦૮–૦૭–૧૯૬૫ | ગાથા–૧૩૮–૧૩૯ | ૨૪૨ |
| ૧૬૬ | ૧૦–૦૭–૧૯૬૫ | ગાથા–૧૪૧–૧૪૨ | ૨૫૬ |
| ૧૬૭ | ૧૧–૦૭–૧૯૬૫ | ગાથા–૧૪૩ | ૨૭૧ |
| ૧૬૮ | ૧૨–૦૭–૧૯૬૫ | ગાથા–૧૪૩–૧૪૪ | ૨૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૬૯ | ૧૩–૦૭–૧૯૬૫ | ગાથા–૧૪૪–૧૪૫ | ૩૦૦ |
| ૧૭૦ | ૧૪–૦૭–૧૯૬૫ | ગાથા–૧૪૫–૧૪૬ | ૩૧૫ |
| ૧૭૧ | ૧૬–૦૭–૧૯૬૫ | ગાથા–૧૪૬ થી ૧૪૮ | ૩૩૧ |
| ૧૭૨ | ૧૭–૦૭–૧૯૬૫ | ગાથા–૧૪૮–૧૪૯ | ૩૪૭ |
| ૧૭૩ | ૧૮–૦૭–૧૯૬૫ | ગાથા–૧૫૦–૧૫૧ | ૩૬૫ |
| ૧૭૪ | ૧૯–૦૭–૧૯૬૫ | ગાથા–૧૫૧–૧૫૨ | ૩૮૨ |
| ૧૭૫ | ૨૦–૦૭–૧૯૬૫ | ગાથા–૧૫૩–૧૫૪ | ૩૯૭ |
| ૧૭૬ | ૨૨–૦૭–૧૯૬૫ | ગાથા–૧૫૪ થી ૧૫૬ | ૪૧૪ |
| ૧૭૭ | ૨૩–૦૭–૧૯૬૫ | ગાથા–૧૫૬–૧૫૭ | ૪૩૦ |
| ૧૭૮ | ૨૪–૦૭–૧૯૬૫ | ગાથા–૧૫૮–૧૫૯ | ૪૪૬ |
| ૧૭૯ | ૨૫–૦૭–૧૯૬૫ | ગાથા–૧૫૯–૧૬૦ | ૪૬૨ |
| ૧૮૦ | ૨૬–૦૭–૧૯૬૫ | ગાથા–૧૬૦–૧૬૧ | ૪૭૭ |

# શ્રી સદ્ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
– રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં – અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, –મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પરમાત્મ વૈભવ

(ભાગ-૬)

(શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**જયેષ્ઠ વદ ૧, મંગળવાર, તા. ૧૫-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૦૭-૧૦૮, પ્રવચન-૧૪૮**

... વસ્તુ તરીકે પરમબ્રહ્મ પૂર્ણાનંદ શુદ્ધ સામાન્ય અખંડ આનંદ, અખંડ શાંતિ, અખંડ જ્ઞાન, અખંડ દર્શન, અખંડ વીર્ય એવો પૂર્ણ દરેક આત્માનો સ્વભાવ છે અને અમે અમારા આત્માને એવો પૂર્ણ સ્વભાવની દૃષ્ટિએ નક્કી કર્યો છે. સર્વજ્ઞ ભગવાને પૂર્ણ પ્રગટ પર્યાયે અને દ્રવ્ય-ગુણે બધાને જાણ્યા છે. એ રીતે અમે માનીએ છીએ. જુઓ, સર્વજ્ઞ .. કેવળજ્ઞાન. કેવળ એટલે પર્યાય નહિ. ઓલો ગુણ. ત્રિકાળ જ્ઞાનગુણ, ત્રિકાળ દર્શનગુણ, ત્રિકાળ આનંદગુણ, ત્રિકાળ સ્વચ્છતા, પ્રભુતાગુણ. એ કેવળજ્ઞાનાદિ **'ગુણકી અપેક્ષા...'** વર્તમાન પર્યાયની અપેક્ષા નહિ. આ નય વિભાગ. વર્તમાન પ્રત્યેક પ્રાણીની પર્યાયમાં ફેર છે, કર્મના આધીન થયેલી દશા એ તો વ્યવહારનયનો વિષય છે.

અહીં તો **'કેવલજ્ઞાનાદિ ગુણકી અપેક્ષા વીતરાગ સર્વજ્ઞપ્રણીત...'** રાગરહિત સર્વજ્ઞ પરમાત્મા થયા એમણે જે પ્રણીત નામ વાણી કહી દિવ્યધ્વનિ. એ **'માર્ગસે જીવોંકો ઐસા માનતે હૈં,...'** એ માર્ગને આ રીતે અમે માનીએ છીએ કે અમારો આત્મા પણ પરમબ્રહ્મ શુદ્ધ છે. પર્યાયની વર્તમાન એક અંશની અવસ્થાને ગૌણ કરીને લક્ષમાં છોડીને પૂર્ણ સ્વરૂપ

પરમબ્રહ્મ આનંદ શુદ્ધ હું છું. એવા જ બધા આત્માઓ પૂર્ણ સ્વભાવે છે એમ અમે ભગવાન સર્વજ્ઞની કહેલી વાણી અને જાણેલા ભાવને અનુસારે અમે માનીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ તો એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સેકન્ડ હોં! એનો અસંખ્ય ભાગ એટલે એક સમય. કાળનો નાનામાં નાનો ભાગ. એમાં આત્મદ્રવ્યના બે ભાગ. એક સમયમાં આત્મદ્રવ્યના બે ભાગ. એક વર્તમાન પર્યાય હીણી, અલ્પતા, રાગ અને દ્વેષ, અને એક સમયમાં જ આખો પૂર્ણ દ્રવ્ય ધ્રુવસ્વભાવ પૂર્ણ જ્ઞાન, દર્શન અને આનંદ.

મુમુક્ષુ :- એ જ સમયમાં?

ઉત્તર :- એ જ સમયમાં. આ શેની વાત ચાલે છે? આ પંડિતજીને અમારે... એ પ્રશ્ન (કરે એટલે) સ્પષ્ટીકરણ થાયને. સમજાય છે કાંઈ?

અનંત આત્મા છેને અત્યારે અનંત આત્માઓ છે. કેટલા અનંત આત્માઓ? કે સિદ્ધ સંખ્યા કરતા સંસારની અત્યારે વાત ચાલે છે. સિદ્ધ તો પર્યાયે નિર્મળ અને દ્રવ્યે પણ નિર્મળ. હવે અહીં તો એ બધા જીવને પરમાર્થે પરમબ્રહ્મ (કહે) છે. ભલે સિદ્ધને પર્યાય પ્રગટ થઈ છે, નિગોદના જીવને અક્ષરના અનંતમે ભાગે જ્ઞાનની અલ્પ પર્યાય પ્રગટ છે. અને પછી આગળ વધતા કોઈને ચાર જ્ઞાનની પર્યાય હોય, કોઈને બેની, ત્રણની અથવા મતિશ્રુત અજ્ઞાનનો ક્ષયોપશમ આદિ હોય—એ વર્તમાન અવસ્થા પૂરતી દશા છે. વર્તમાન પર્યાય અવસ્થા પૂરતી. એનું લક્ષ છોડી દઈને, એનું જ્ઞાન કરવાનું છે, પણ લક્ષ છોડી દઈને પૂર્ણ સ્વરૂપ પોતાનું, વર્તમાન પર્યાયનું લક્ષ છોડી દઈ પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદ સ્વરૂપ હું છું એમ પૂર્ણ સામાન્ય સ્વભાવ પ્રગટરૂપ વ્યક્ત પર્યાયમાં ભલે નહિ, સતરૂપ વિદ્યમાન પદાર્થ પોતાનો છે એનો જે દૃષ્ટિએ સ્વીકાર કર્યો, એ દૃષ્ટિએ બધા આત્માઓ અંદરમાં પરમબ્રહ્મ અને પરમ આનંદ છે. એમ અમે આ રીતે સ્વીકારીએ છીએ. દેવચંદજી!

જુઓ, સર્વજ્ઞ પરમાત્માએ પૂર્ણ પર્યાયમાં બધું જોયું છે. ઓહો..હો..! સિદ્ધ છેને. સિદ્ધ તો બહુ જ થોડા છે. સિદ્ધ તો અનંત (છે છતાં) પણ ઘણા થોડા અને એથી અનંતગુણા નિગોદ. અનંત-અનંતગુણા નિગોદ. એ અનંત-અનંતગુણા નિગોદ.. નિગોદ સમજાય છે? આ બટેટા, શક્કરીયા એમાં જીવ રહે છે. અનંત-અનંતગુણા એક શરીરમાં. એ બધા પર્યાયમાં અશુદ્ધ છે, પર્યાયે અશુદ્ધ છે, પર્યાયમાં મલિન છે. વસ્તુ તરીકે ત્રિકાળ અખંડાનંદ પૂર્ણાનંદ પ્રભુ અંદર શુદ્ધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે કે અમે તો નયનો વિભાગ કરીએ છીએ. વર્તમાન પર્યાયમાં મલિનતા છે, અલ્પજ્ઞતા છે અનંત જીવોને કે પૂર્ણ ભલે પર્યાય સિદ્ધની હોય એક સમયની, પણ એક સમય પૂરતી એ પર્યાય છે. નિગોદની એક સમય પૂરતી અવસ્થા (છે). એ બધાને જાણતા ભલે હોય,

પણ એ જાણતા છતાં વસ્તુ જે છે ત્રિકાળ, સિદ્ધનો આત્મા દ્રવ્યરૂપ અને નિગોદનો આત્મા દ્રવ્યરૂપ, અનંત આત્માઓ દ્રવ્યાર્થિકનયના પરમ જ્ઞાયકભાવની દૃષ્ટિએ જોતાં એ પૂર્ણ શુદ્ધ, પૂર્ણ પરમબ્રહ્મ, પૂર્ણ વિષ્ણુ, પરમ આનંદ, પરમ બ્રહ્મ છે. આ દૃષ્ટિએ અમે ભગવાન આત્માને પૂર્ણ માનીએ છીએ. એની પર્યાયમાં પૂર્ણ અથવા એક જ પૂર્ણ દેખે છે.

જુઓ, '**ઈસ તરહ વે નહીં માનતે હૈં.**' અન્યમતિ એ પ્રમાણે સમજતા નથી. હવે કહે છે જુઓ, '**વે એક કોઈ પુરુષ જગતકા કર્તા-હર્તા માનતે હૈં.**' વજન અહીં છે. '**એક કોઈ પુરુષ જગતકા કર્તા-હર્તા માનતે હૈં.**' એક કોઈ પુરુષ છે એ જગતનો કરનાર અને હરનાર-નાશ કરનાર માને છે. એમ હોઈ શકે નહિ. આગળ કહેશે જુઓ, '**ઈસલિયે ઉનકો દૂષણ દિયા જાતા હૈ, ક્યોંકિ...**' હવે ન્યાય આપે છે. '**જો કોઈ એક શુદ્ધ-બુદ્ધ નિત્ય મુક્ત હૈ, ઉસ શુદ્ધ-બુદ્ધકો કર્તા-હર્તાપના હો હી નહીં સકતા,...**' જ્યારે એમ કહો કે કોઈ આત્મા તદ્દન શુદ્ધ, બુદ્ધ અને સર્વજ્ઞ છે. જો એમ સર્વજ્ઞ કહો તો એને કર્તા-હર્તાપણું લાગુ નહિ પડે. કેમકે જ્યારે એક સમયમાં સર્વજ્ઞ છે તો ભૂતકાળનું એને જ્ઞાન, વર્તમાનનું જ્ઞાન, ભવિષ્યનું જ્ઞાન થયું, પણ ભૂતકાળમાં એના કર્તા હતા અને વર્તમાનમાં એનું અને ભવિષ્યનું જ્ઞાન, તો બેનું જ્ઞાન અને ત્રીજું જ્ઞાન નહિ એ એને લાગુ પડતું નથી. સમજાય છે કાંઈ ન્યાય?

એક આત્મા એને જ્યારે શુદ્ધ-બુદ્ધ (કહો), જુઓ, શુદ્ધ-બુદ્ધ. એને નિત્ય શુદ્ધ, બુદ્ધ અને સર્વજ્ઞ કહો એક આત્માને, તો એ સર્વજ્ઞ પર્યાયમાં કોઈ કાળે કોઈનો કર્તા એ બની શકતું નથી. કારણ કે સર્વ જ્ઞ થયું, શુદ્ધ થયો, બુદ્ધ છે. બુદ્ધ એટલે એકલો જ્ઞાનનો પર્યાય પૂર્ણ. એવું જ્યારે કહો ત્યારે એ જીવને ગયા કાળમાં આ વસ્તુનો કર્તા હતો એમ લાગુ પડતું નથી. એનો જાણનાર હતો એમ લાગુ પડે છે. વર્તમાન જાણનાર, ભવિષ્ય જાણનાર અને ભૂત જાણનાર ત્રણ કાળનો જાણનાર બુદ્ધ સર્વજ્ઞને લાગુ પડે છે. શુદ્ધ દશામાં ત્રિકાળ જાણવું લાગુ પડે છે. શુદ્ધ પૂર્ણ દશામાં ભૂતકાળમાં એ ચીજો નહોતી અને આણે બનાવી તો એને સર્વજ્ઞપણું સિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ આમાં?

સર્વજ્ઞ કોને કહીએ? કે સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવ. ચાર બોલ આવ્યા હતાને ભાઈ પ્રવચનસારમાં? એ ચારને જાણે. તો હવે સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ ભાવ, સર્વ કાળ (જાણે). તો ગયા કાળને જાણે, પણ ગયા કાળમાં પોતે પરવસ્તુનો કર્તા હતો, તો ગયા કાળનો જાણનાર રહેતો નથી, ત્રિકાળ જાણનાર રહેતો નથી. સમજાય છે કાંઈ? શી રીતે કરે? તો ત્રિકાળ જાણ્યું શી રીતે? ગયા કાળમાં જાણ્યું કે ગયા કાળમાં નહોતું ને કર્યું? નહોતું ને કર્યું તો એણે જાણ્યું કે નહિ તે વખતે? જાણ્યું નહિ તો કરવામાં રોકાઈ ગયો. ચીજ હોય તેને જાણે, ન હોય તેને કરે અને જાણે એમ બને કેમ? સમજાય છે કાંઈ? આ તો મોટું

વસ્તુનું સ્વરૂપ છે. જો એને શુદ્ધ એકને કહો તો બીજી ચીજનો કર્તા બની શકતો નથી અને તેથી હર્તા પણ બની શકતો નથી. હર્તા એટલે નાશ. કરનાર બની શકતો નથી, નાશ કરનાર બની શકતો નથી. કારણ કે કરવું (કહો) તો જાણવું નથી રહેતું અને નાશ કરે તો એ વખતે હતું ગયા કાળમાં એને જાણવું અહીં રહેતું નથી. કરવામાં પણ જાણવું ત્રિકાળ સિદ્ધ થતું નથી અને નાશ કરવામાં પણ ત્રિકાળ ચીજનું જ્ઞાન અહીંયાં સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? આ તો ભાઈ લોજિક-ન્યાયથી વસ્તુ સિદ્ધ કરે છે.

સર્વજ્ઞ ઓહો..હો..! સર્વ-જ્ઞ એમાં વર્તમાન અને ભવિષ્યના જ્ઞાતા અને ભૂતના કર્તા એમ ક્યાં આવ્યું? અને ભૂતના જાણનાર અને ભવિષ્યમાં થાય ત્યારે જાણનાર એમ ક્યાં આવ્યું? અથવા ભવિષ્યનું પછી કરશે અને જાણશે એ પણ ક્યાં આવ્યું? અને ભવિષ્યમાં થશે ત્યારે જાણશે તો એ સર્વજ્ઞ ન રહ્યા. ગયા કાળના કર્તા થાય તો સર્વજ્ઞ રહેતા નથી, ભવિષ્યની અવસ્થા થાય ત્યારે જાણે તે સર્વજ્ઞ રહેતા નથી. સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યસૂર્ય છે. આ તો માટી જડ છે. અંદર કર્મ એ માટી જડ છે, આઠ કર્મ ધૂળ અને પુણ્ય-પાપના વિકારભાવ છે એ તો મેલ છે. એની પાછળ પ્રભુ આત્મા પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ અસ્તિત્વ, વસ્તુત્વ, અગુરુલઘુત્વ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... વસ્તુ તરીકે, દ્રવ્ય તરીકે, સામાન્ય અંશ તરીકે, અભેદ તરીકે પૂર્ણ સ્વરૂપ છે ઈ. એ દૃષ્ટિએ અમે આત્માને પરમબ્રહ્મ વૈષ્ણવમાં કહીએ છીએ. તો એ રીતે તો અજ્ઞાની બીજા માનતા નથી. એ તો એક શુદ્ધ-બુદ્ધ નિત્ય મુક્ત અને તે પણ તેને કર્તા-હર્તા માને તો એમ બની શકતું નથી. કહો, સમજાય છે કાંઈ?

**'ઔર ઈચ્છા હૈ વહ મોહકી પ્રકૃતિ હૈ.'** જો એને કર્તા કહો તો ઈચ્છા વિના કર્તા બની શકે નહિ. ઈચ્છા તો મોહની પ્રકૃતિ છે. એ ઈચ્છા હોય ત્યાં મોહ છે. એ સર્વજ્ઞ હોઈ શકે નહિ, એ શુદ્ધ-બુદ્ધ હોઈ શકે નહિ, શુદ્ધ-બુદ્ધ ન હોઈ શકે. સમજાય છે કાંઈ? **'ભગવાન મોહસે રહિત હૈં,...'** સર્વજ્ઞ પ્રભુ વીતરાગ સર્વજ્ઞદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું એટલે બધા દ્રવ્ય, બધા ક્ષેત્ર, બધો કાળ, બધો ભાવ એ રાગની અપેક્ષા વિના પોતાનો જ્ઞાનનો પર્યાય એટલે અવસ્થા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... બધાને જાણે છે. (એ) મોહથી રહિત છે ભગવાન. એને ઈચ્છા હોઈ શકે નહિ. ઈચ્છા હોય ત્યાં વીતરાગ નહિ અને વીતરાગ હોય ત્યાં ઈચ્છા નહિ. ભગવાનની વાણી નીકળે પણ ઈચ્છા વિના નીકળે છે. ભગવાનને ક્યાં ઈચ્છા હતી? એ તો સર્વજ્ઞ છે, પૂર્ણ વીતરાગ છે. ઈચ્છા વિના વાણી-ધ્વનિ ઉઠે છે પુદ્‌ગલની. સમજાય છે કાંઈ?

ઈ અરિહંતપદ પહેલું સમજવું કઠણ છે. ણમો અરિહંતાણં આમ બોલે જાય, ગોખે જાય.

પણ ભગવાન! ગડીયાની ખબર નહિ. ગડીયા ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... પણ શું ણમો અરિહંતાણં? અજ્ઞાન અને રાગ-દ્વેષ જે દુશ્મન હતા એનો વ્યય થઈને જેણે સ્વભાવને આશ્રયે, સર્વજ્ઞ અને વીતરાગ પર્યાય પ્રગટ કરી છે, એણે નિશ્ચયથી તો પોતાના અજ્ઞાન અને રાગને હણ્યા છે. એ વખતે કર્મ એના પર્યાયને કારણે પરિણમન પહેલું કર્મનું હતું, એ અહીં જ્યાં પરિણમન શુદ્ધ આત્માનું થયું તો એ કર્મની પર્યાય અકર્મરૂપે ત્યાં પરિણમવાને લાયક થઈ જાય છે. ખરેખર તો ભગવાને કર્મને હણ્યા નથી. જડને હરે? શું જડના કર્તા-હર્તા આત્મા છે કોઈ? જડ સ્વતંત્ર પદાર્થ છે. શું આત્મા કર્મને બાંધે અને કર્મને તોડે? એ તો સ્વતંત્ર વસ્તુ છે. અજ્ઞાની વિકારભાવને કરે અને વિકારને ટાળે એટલા એના અધિકારમાં છે. તો એ વિકારભાવ એને અજ્ઞાન અને રાગ-દ્વેષ હતો એને પોતાના સ્વભાવની પરિપૂર્ણતાના આશ્રયે કરી અને પહેલો અજ્ઞાનભાવ ટળ્યો, પછી પરિપૂર્ણ સ્વભાવમાં સ્થિરતાને આશ્રયે અસ્થિરતાનો નાશ થયો. એથી ત્યાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગદશા ભગવાનને પ્રગટ થઈ. એણે કોઈને કર્યું છે, કોઈના કર્તાહર્તા છે એમ છે નહિ. જેવું જાણવામાં આવ્યું એવું વાણી દ્વારા કથનમાં આવ્યું. ભગવાન કાંઈ કોઈના કર્તાહર્તા નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

એક વાત પણ બરાબર જાણેને... એ આવે છેને ઓલું જયસેનાચાર્યની ટીકામાં આવે છે, એક ભાવ જાણે તે સર્વ ભાવ જાણે. એક ભાવ બરાબર જાણેને, તો બધા સીધા ભાવ સમજાઈ જાય. એક ભાવ આવે. સંસ્કૃત ટીકામાં આવે છે, જયસેનાચાર્યની ટીકામાં. સમજાણું કાંઈ? એ ક્યાંક દોહરો પણ છો. દોહામાં કોકનો છે. દોહાપાહુડ. '**ભગવાન મોહસે રહિત હૈં,...**' હા છે, દોહાપાહુડમાં છે. એક ભાવ જાણે એ બધા જાણે. એ શ્લોક છે. '**ઈસલિયે કર્તા-હર્તા નહીં હો સકતા. કર્તા-હર્તા માનના પ્રત્યક્ષ વિરોધ હૈ.**' સર્વજ્ઞ અને વીતરાગપણું માનવું એ પ્રત્યક્ષ સમ્યક્ સિદ્ધ વાત છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ દિ' ત્રણ કાળમાં કરી શકે નહિ. છદ્મસ્થ કોનું કરે? પોતાની પર્યાયને કરે અને સ્વભાવને આશ્રયે ઊંધી પર્યાય હોય એને ટાળે. કરે શું બીજું? ભગવાને કાંઈ કર્યું નથી કોઈનું, છદ્મસ્થ જીવ પણ કોઈનું કરી શકતો નથી. પણ એમ કહે છે, શ્રુતજ્ઞાની કરી શકે. અરે..! ભગવાન! ભાઈ! તને ખબર નથી પ્રભુ! તારી સત્તાના સત્ત્વમાં તારું અવળા-સવળાપણું હોઈ શકે. પરની સત્તાની દશામાં તારાથી કાંઈ થાય તો એ અનંત તત્ત્વરૂપે પદાર્થ છે તે રહેતા નથી.

મુમુક્ષ :- ...

ઉત્તર :- ધૂળમાંય કરી શકે નહિ. કોણ કરતો હતો દુકાનનું? રાગ કરે. ત્યાં ડાહ્યો કોને

કહેવો? દુકાન ઉપર બેઠો રાગ કરે, ભ્રમણા કરે. બાકી જગતની દુકાનની વ્યવસ્થા ચાલવી એ જડની પર્યાયના આધારે ચાલે છે.

મુમુક્ષુ :- ડાહ્યો હોય એ તો...

ઉત્તર :- ડાહ્યો શેનો પણ ડાહ્યો? ડાહ્યો બેઠો હોય એની બુદ્ધિ એની પાસે રહી. એ બુદ્ધિનો પર્યાય પરના અસ્તિત્વમાં ગરી જાય છે? માલ જાય-આવે એમાં એનું અસ્તિત્વ પરમાં ગરી જાય છે? કહો! ભગવાન એમ કહે છે, અનંતા અજીવ પદાર્થ છે એ.. ત્યાં દુકાન ઉપર હોયને કાપડ, સોનું એ બધા પદાર્થ અજીવ છે. તો એ અજીવ પદાર્થના અસ્તિત્વની સત્તાનું આગમન-ગમન એ જીવની સત્તાને કારણે નથી. એ જીવ રાગ-દ્વેષ કરે અને ભ્રમણા કરે કે મેં આમ કર્યું, છોકરાને બેસાડ્યો હોત તો સરખું ન થાત, હું બેઠો એટલે બરાબર વ્યવસ્થાપૂર્વક સરેડે કામ કરી બેઠો. મૂઢ છો. કેમ હશે? કાળીદાસભાઈ! હુશિયારીથી નહિ મળતું હોય? માને છેને વાણિયા?

એ તો કહે છે કે અહીં કે એ જીવને કર્તા-હર્તા માને છેને. માનો. માનો એટલે કાંઈ વસ્તુ થઈ જાય? વસ્તુ તો જેમ છે તેમ (રહેશે). સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા. જેવા જોયા એવા વાણીમાં આવ્યા અને એવા છે, કાંઈ કર્યા નથી ભગવાને. ભગવાને તો વાણી પણ કરી નથી, વાણી તો જડ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાન શ્રીમુખેથી બોલ્યાને.

ઉત્તર :- એ બોલવાની વાતું સંયોગથી. સંયોગથી કથન બોલાય. ભગવાનની વાણી. અહીં ન આવ્યું? '**સર્વજ્ઞપ્રણીત...**' કહેલો. એ નિમિત્તથી તો એમ જ બોલેને. ભાષા શું? ભાષા જ એવી છે વ્યભિચારિણી. '**સર્વજ્ઞપ્રણીત...**' અથવા સર્વજ્ઞે જાણેલો માર્ગ કહ્યો એ વાણીમાં આવ્યો. એવી જ વાણીમાં શક્તિ એવી છે સ્વ-પર વાર્તા કહેવાની. એ વાણીની તાકાત છે ભાઈ! જગતને ચૈતન્યની મહત્તાની તો ખબર નથી, પણ પરમાણુની પર્યાયની સ્કંધરૂપે થઈને સ્વ-પર વાર્તા કહેવાની પરમાણુમાં તાકાત છે. સમજાણું? ઓહો..હો..! એ શબ્દરૂપ છે આત્મા, શબ્દનો હેતુ છે. આવી હતીને કડી? પંચાસ્તિકાયમાં. અસદમ-સદ હેતુ. .. શબ્દરૂપ છે. શબ્દરૂપ જે પરિણમે છે એમાં એ નિમિત્ત ભલે હો, પણ પરિણમન જે શબ્દનું છે એ પરમાણુની પોતાની સ્વતઃ વર્તમાન પરિણતિએ પરિણમી રહ્યા છે. એને આત્મા પરિણમાવી શકે શબ્દની પર્યાયને, અમૃતચંદ્રાચાર્ય કહે છે, હે જીવો! મોહમાં ન નાચો. અમે ભાષા કરી છે અને અમે જગતને સમજાવીએ છીએ અને જગતને પ્રમેય બનાવીને ભાષા એને સમજાવી શકે છે (એમ મોહમાં ન નાચો). ભાષા પણ સમજાવી શકતી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ઉપદેશ નિરર્થક ગયો.

ઉત્તર :- નિરર્થક એટલે શું? વાણીને કાળે વાણી નીકળે. ઓલો સમજે એની યોગ્યતાથી ત્યારે વાણીને નિમિત્ત કહેવાય. બીજું છે શું પણ? એ આવે છેને પ્રવચનસારમાં નહિ ઓલા અલિંગગ્રહણમાં. હિન્દીમાં લખ્યું છે કોકે. કોણ? હેમરાજ? હેમરાજ પંડિતે. ભાઈ! આ તો બધા ઉપદેશ.. સમજે તો એને નિમિત્ત કહેવાય. અલિંગગ્રહણના થોડા બોલ ઉતાર્યા છે પાંચ-છ-સાત. હિન્દીમાં ઉતાર્યા છેને. આપણે... ઓલા થોડા ઉતારીને છેલ્લે કહ્યું છે ઈ. સમજાણું? આહા..હા..!

એ તો 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી.' ભગવાનની વાણી એનું પૂર્ણ શુદ્ધ આત્માનું અખંડ આનંદકંદ સામાન્ય ધ્રુવ સ્વરૂપ એનું લક્ષ કરાવવા માટે વાણી છે. એ લક્ષ કરે તો તે વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. નહિતર અનંતવાર દિવ્યધ્વનિ સાંભળી. ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો, પણ એની પોતાની ધ્વનિમાં શું કહેવું છે? એ ભગવાન પણ પોતાના સ્વરૂપને પૂર્ણ પામ્યા છે. વાણીમાં એવી પૂર્ણ વસ્તુ એને યોગ્ય, વાણીને યોગ્ય નીકળે છે વાણીને યોગ્ય. એમાંથી સમજનાર.. લ્યો, ગણધર ચાર જ્ઞાનને અંતર્મુહૂર્તમાં પામે. એ વખતે કેટલાક દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ સાધુ બેઠા હોય અંદર તો સમ્યક્ પણ ન પામે. વાણી શું કરે? સમવસરણમાં દ્રવ્યલિંગી પણ બેઠા હોય. ગૃહીત મિથ્યાત્વ ન હોય. સમવસરણમાં છેને અંદર? અગૃહીત મિથ્યાત્વવાળા બેઠા હોય, એ સમ્યક્ ન પામે. આ અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના (કરે). એ પોતાને કારણે છે કે પરને કારણે છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**હમ તો જીવ-રાશિકો પરમબ્રહ્મ માનતે હૈં, ઉસી જીવરાશિસે લોક ભરા હુઆ હૈ.**' અનંત આત્માઓ સર્વજ્ઞ સ્વભાવપણે કહ્યા છે તો એ સર્વજ્ઞ સ્વભાવને અમે પરમબ્રહ્મ કહીએ છીએ. આહા..હા..! અનંત આત્માઓ અનંત એનો સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ છે એ. પર્યાયમાં ભલે અલ્પ એની વાત અત્યારે નથી. સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા અનંત છે, સર્વદર્શીસ્વભાવી આત્મા અનંત છે, પૂર્ણ આનંદસ્વભાવી આત્મા અનંત છે. પૂર્ણ સ્વચ્છતાસ્વભાવી આત્મા અનંત છે, પૂર્ણ શાંતિ એટલે ચારિત્ર શાંતિ, શક્તિ હોં એ રૂપે પૂર્ણ છે. એવા આત્માને અમે પરમબ્રહ્મ તરીકે સ્વકારીએ છીએ. પર્યાયમાં તો પ્રગટ થાય તો. વસ્તુ તરીકે તો આ રીતે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે આમાં કેટલી વાત હતી? બે-પાંચ દસ વાત એમાં કેટલી....? ઘરમાં તો બધી કેટલી સંભારે છે. નથી કરતો? દુકાનનો ધંધો હોય તો હજારો ચીજમાં આ ભાવે આવી હતી અને આ ભાવે વેચાય છે અને આ ભાવે અત્યારે ભાવ ચાલે છે મુંબઈમાં. બધું ખબર

હોય એને. એ.. હિંમતભાઈ!

મુમુક્ષુ :- નુકસાન જાય.

ઉત્તર :- ત્યાં તો નુકસાન જાય કે ન જાય એને આધીન નથી. પણ માને છે કે આનું ધ્યાન નહિ રાખું તો નુકસાન જાશે. માને છે. નુકસાન જાવું હોય તો થયા વિના રહેશે નહિ. તારે આધીન ક્યાં છે ત્યાં? ભારે વાત ભાઈ!

અહીં તો કહે છે કે અમારી અને બધાની, પર્યાયમાં અલ્પતા (છે એ) અમારા ખ્યાલમાં છે, પણ વસ્તુના અંદર સ્વભાવનો કંદ પડ્યો છે એકલો બ્રહ્માનંદ પ્રભુ એવી જીવરાશિ લોકમાં ભરી છે એવું અન્યમતિ માનતા નથી. '**જીવરાશિસે લોક ભરા હુઆ હૈ. અન્યમતી ઐસા માનતે હૈં, એક હી બ્રહ્મ અનંતરૂપ હો રહા હૈ.**' દેખો, એમ નથી. એ તો ખંડ-ખંડ થઈ ગયો એને. અમે તો એક-એક આત્માને પૂર્ણ પરમબ્રહ્મ અખંડાનંદ કહીએ છીએ. એ તો અનંત આત્મા થઈને એક કહે છે. એ તો આત્મા ઘણો આટલો નાનો થઈ ગયો. સમજાણું કાંઈ? અનંત આત્મા થઈને એક. ત્યારે અમે તો એક થઈને પૂર્ણ બ્રહ્મ (માનીએ છીએ). આહા..હા..! સર્વજ્ઞ સ્વભાવ... સર્વજ્ઞ સ્વભાવ... સર્વજ્ઞ સ્વભાવ. જ્ઞ સ્વભાવ છેને આત્માનો? જ્ઞ સ્વભાવ. સ્વભાવવાન આત્મા, જ્ઞ સ્વભાવ. જ્ઞ કહો કે સર્વજ્ઞ કહો. સર્વજ્ઞ સ્વભાવ એટલે જ્ઞમાં અપૂર્ણતા શું હોય? એટલે પૂર્ણતા. એટલે સર્વજ્ઞ સ્વભાવ. જેને ભગવાને સર્વજ્ઞ શક્તિ કીધી. એ સર્વજ્ઞ શક્તિ સંપન્ન ભગવાન બધા આત્માઓ છે. અભવિનો જીવ પણ સર્વજ્ઞ શક્તિસંપન્ન છે. આહા..હા..! અરે! એ દૃષ્ટિમાં વિશ્વાસ તો લાવે આ. એ કાંઈ વાત કરવાની છે? મેરુ પર્વત જેમ ઉપાડવો સહેલો છે, પણ આ પુરુષાર્થ કરવો મહાદુર્લભ છે. આહા..હા..! બોધિદુર્લભ કહ્યું છેને? મહાદુર્લભ. બોધિધર્મ દુર્લભ છે ભાઈ! અનંતકાળમાં એણે (કર્યો નથી). સ્વરૂપે સુલભ છે, અનંતકાળના અપ્રયાસે દુર્લભ છે.

મહા ભગવાન. આહા..હા..! હું સર્વજ્ઞસ્વભાવી. અલ્પજ્ઞતા હોવા છતાં સર્વજ્ઞસ્વભાવી. અનંતા આત્માઓની અલ્પજ્ઞતા બહારમાં હોવા છતાં એ સર્વજ્ઞસ્વભાવી. બસ! સર્વજ્ઞસ્વભાવી એટલે પરમાત્મા એટલે પરમબ્રહ્મ. સમજાય છે કાંઈ? એ વાણી વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ, પણ એ વાડામાં જન્મ્યા એને હજી ખબર ન મળે કે શું ભગવાન કહે છે. આ ને આ.. આ.. આ.. બહારની માંડી છે. એ તો જ્ઞાનપિંડ, સર્વજ્ઞપિંડ પ્રભુ છે, એકલો જ્ઞાનનો પૂંજ પ્રભુ છે. એવા બધા ભગવાન આત્મા જ્ઞાનના પૂંજ છે. મોટું ધોકડું હોયને રૂનું એમ આ જ્ઞાનનું ધોકડું આત્મા છે. પ્રેસમાં ઓલા દાબે છેને? ધોકડું. ધોકડા કહતે હૈ ન ક્યા કહતે બડા? ગઠરી. મોટી ગાંસડી હોય છેને? પછી પ્રેસમાં નાખે તો આટલી (થઈ જાય). આ તો એનાથી પણ શક્તિમાં ઇતના ગઠ ભરા હૈ, એક સમયમેં પૂર્ણ વ્યાપક અસંખ્યપ્રદેશી, પણ

ક્ષેત્રમાં સર્વજ્ઞસ્વભાવ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પડા હૈ. સમજાય છે કાંઈ? આહા..હા..!

આમ વર્તમાન અલ્પજ્ઞતા, વર્તમાન વિકારતા (હોવા છતાં) એને સ્વીકારવો કે આ સર્વજ્ઞસ્વભાવી હું, એનું નામ સત્યદર્શન છે. સમજાય છે? અને એ પછી સર્વજ્ઞ પર્યાયને સ્વીકારે છે. ઓહો..! સર્વજ્ઞસ્વભાવી હું છું તો જેને પ્રગટ થઈ ગઈ પર્યાય એ સર્વજ્ઞ પરમાત્મા પણ અનંતા છે. જેમ અનંતા સર્વજ્ઞ સ્વભાવી જીવો છે, તો અનંતા પ્રગટ સર્વજ્ઞ પર્યાયવાળા પણ અનંતા છે. એ ભલે થોડા (હોય). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ આ કહીએ છીએ કે ભાવવું. આ ભવાય છે. ભાવવું એટલે શું? જ્ઞાનમાં ખ્યાલ આવવો. ભાવવું એટલે શું? આ લાકડી ભાળી. લાકડી ભાળી છે? ખરેખર તો જ્ઞાનનો ખ્યાલ ભાળ્યો છે. ઘટનું જ્ઞાન થયું તો શું એ ઘટને લઈને થયું છે? ઘટને લઈને જ્ઞાન થાય તો લાકડા પાસે મૂકો ઘટ (એને પણ થવું જોઈએ). એ જ્ઞાનનો પોતાનો વર્તમાન ક્ષયોપશમની યોગ્યતાનો પર્યાય પોતાથી પોતામાં થયો છે. એને એમ પ્રતીતમાં લાવવું કે આ અંશ જે છે અને તે એ અંશમાં વૃદ્ધિ પામે છેને? અંશમાં વૃદ્ધિ પામે છે એ દેખાય છે કે નહિ? તો પહેલા અલ્પ હતો એના કરતાં વૃદ્ધિ પામ્યો, તો અલ્પ ગયો એમાંથી વૃદ્ધિ કેમ આવે? અલ્પ તો ગયો, વૃદ્ધિ પામી, નિર્મળ પર્યાય ખૂબ દેખાય છે. તો પહેલી નહોતી અને આ નિર્મળ વિશેષ આવી ક્યાંથી? અલ્પજ્ઞ ગઈ એમાંથી આવી? ગઈ એમાંથી આવી? અભાવમાંથી આવી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્ર-ફાસ્ત્રથી ક્યાંથી આવતા હતા? એ અંદર પૂર્ણ જ્ઞાનસ્વભાવનો પ્રવાહ વહે છે પર્યાયમાં. ભાઈ! પણ એને... આમ વસ્તુ એકલી ચિદ્દ્ઘન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનની શીલા, શરીર પ્રમાણે જ્ઞાનની શીલા દરેક આત્મા પરિપૂર્ણ એને અમે પરમાત્મા કહીએ છીએ. આ દૃષ્ટિએ. એ દૃષ્ટિએ અન્યમતિ સ્વીકારતા નથી. જૈન સંપ્રદાયમાં પણ આ રીતે ન સ્વીકારે તો એ અન્યમતિ જેવા જ છે. અન્યમતિ એટલે શું? સમજાણું કાંઈ?

**'એક હી બ્રહ્મ અનંતરૂપ હો રહા હૈ.'** આહા..હા..! એક બ્રહ્મ અનંતરૂપ! એટલે કે આત્મા તો બહુ નાનો આટલો. કટકા ખંડ-ખંડ થઈ ગયા. અને બીજી રીતે (કહીએ તો) એ આત્મામાં આમ અંતર એકાગ્ર થાય છે ત્યારે એનું ક્ષેત્ર જ એટલામાં છે કે જેથી આમ એકાગ્ર થતાં એ નિર્મળતા આવે છે. આમ નજર કરતાં એકાગ્રતા થાય છે? એની પૃથક્તા અને પૂર્ણતા અહીં છે. એની પરથી પૃથક્તા અને પૂર્ણતા અહીં છે એની સાબિતી શું? કે અહીંયાં અંદરમાં આમ એકાગ્ર થાય છે તો જેટલા ક્ષેત્રમાં છે એમાં એકાગ્ર થાય છે. તો એ ક્ષેત્રમાં જ એ પરિપૂર્ણ તત્ત્વ છે. એમાંથી એકાગ્ર થતાં નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. એટલે એટલા જ ક્ષેત્રમાં

આખું છે અને એમાં એકાગ્ર થાય એમાંથી નિર્મળ પર્યાય (આવે છે). એટલે ક્ષેત્ર એટલું સિદ્ધ થઈ ગયું અને નિર્મળ વધી એ (પર્યાય) ગઈ એમાંથી નથી આવી, સ્વભાવમાંથી આવી છે. એટલે ક્ષેત્ર પણ એટલામાં સિદ્ધ થઈ ગયું અને પૂર્ણ સ્વભાવ પણ એટલામાં છે એમ સિદ્ધ થઈ જાય છે. હવે પણ એ કાંઈ... સમજાય છે કાંઈ? દેવચંદજી!

આમ નજર કરે તો એકાગ્ર થાય છે? આમ.. એનો અર્થ જ થયો ઈ કે એ પરથી પૃથક્ છે. એટલે પૃથક્ ઉપર આમ નજર કરતાં એકાગ્રતા થઈ શકશે જ નહિ. એટલે જે પોતે અંદરમાં અનંત ગુણરાશિ ભગવાન આત્મા એનું આટલું ક્ષેત્ર છે અને એમાં આખો પૂર્ણ ભાવ (છે) એની બેની સિદ્ધિ શું? કે એ પોતા જ્યારે અંતરમાં એકાગ્ર થાય છે એટલે પ્રથમ જે જ્ઞાન, અજ્ઞાન આદિ હતું એ થોડું હતું તે વધ્યું છે, વધે છે અને વધે છે એટલા ક્ષેત્રમાંથી. માટે એટલા ક્ષેત્રમાં એ દ્રવ્ય છે. અને એ વધ્યું, પહેલું ગયું અને વધ્યું એ અંદરમાંથી આવે છે, ગયામાંથી નહિ. માટે પરિપૂર્ણ અંદર સ્વભાવ છે. ક્ષેત્ર એટલું, પરિપૂર્ણ સ્વભાવ એટલો, એ દ્રવ્યસ્વરૂપ એટલો એક સમયના કાળમાં. સમજાણું કાંઈ?

પણ એથી કાંઈ અંદર મંથન કરવું નથી, અંદર વિચાર કરવા નથી. તત્ત્વને શોધવું અને આ સત્ ક્યાં કેમ છે (એના) વિચાર કરવા (નથી). હવે એમ ને એમ માની લેવું તો એમ કાંઈ મનાતા હશે? લ્યો ભગવાન કહે ઈ એમ માનો. પણ શું માને? શી રીતે? ભગવાન કહે એ માને શી રીતે? એના ખ્યાલમાં એ ભાવ બેઠા વિના એ પ્રતીત સાચી બેસે શી રીતે? .. આમ હશે? આમ હશે? આમ હશે? જુઓને, ઘણા કેટલાક નથી ઉડાડવા માંગે છે? ભવિષ્યની પર્યાય થાય ત્યારે ભગવાન દેખે. ભાઈ! તો એક સમયમાં ત્રિકાળ જાણ્યું શી રીતે? એક સમયમાં પૂર્ણ પર્યાયમાં આવ્યું શી રીતે? એક સમયમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન. થાય, થઈ ગયું અને થશે. વર્તમાનમાં જ્ઞાનમાં પૂર્ણ જણાઈ ગયું છે. બસ, એ પૂર્ણપણું આવ્યું ક્યાંથી? સર્વજ્ઞ સ્વભાવ અંદરમાં ગુણે પરિપૂર્ણ છે એમાંથી આવે છે. એ નિમિત્તમાંથી નથી આવતું, કર્મનો અભાવ થયો માટે નથી આવતું, પૂર્વની પર્યાય ગઈ માટે નથી આવતું, વર્તમાન પર્યાય અંદરમાંથી આવે છે. એટલા ક્ષેત્રમાં ભગવાન પૂરો દ્રવ્ય છે. તેના એક સમયમાં આ બધું પૂરું ભર્યું છે. આહા..હા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સિદ્ધ કરી દીધા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પોતાના અસ્તિત્વમાં કાર્ય છોડી...

ઉત્તર :- એનું કોઈ દિ' મનન જ કર્યું નથી. અંતરમાં ધીરેથી, શાંતિથી પોતાનું અસ્તિત્વ કેવડું? કેટલું? ભગવાને કહ્યું ભલે પણ એને અંદરમાં ભાસવું જોઈએને. આ ભગવાન કહે છે, ભગવાન કહે છે. જય નારાયણ. ત્વમેવ સત્યમ. ત્વમેવ સત્યમ પણ શી રીતે? સમજાણું? એમ તો અમારે ઘણા કહેતા એ પહેલા ઘણા વર્ષથી કે ભગવાન કહે એ સાચું. ભાઈ એમ

ન ચાલે કીધું. ભગવાન કહે એ સાચું. સંક્ષિપ્તરુચિ રાખો. સંક્ષિપ્તરુચિ તો કીધું, સંક્ષિપ્તમાં મિથ્યાદૃષ્ટિપણું ટળ્યું એને સંક્ષિપ્તરુચિ કહેવાય. કાંઈ ભાન ન મળે અને સંક્ષિપ્તરુચિમાં સમ્યગ્દૃષ્ટિ એમ ન હોય. બહુ ચર્ચા થઈ હતી ૮૦ની સાલમાં. સંક્ષિપ્તરુચિ આવે છેને દશમા? દશ સંક્ષિપ્ત નહિ? રુચિ આવે છે .. એ સંક્ષિપ્તરુચિનો એવો અર્થ કરવા માંડ્યા એ લોકો કે સંક્ષિપ્ત શું? કે ભલે વિશેષ જ્ઞાન ન હોય, પણ આપણે ભગવાન સાચા માનીએ છીએ માટે આપણને સમ્યગ્દર્શન છે. કીધું, એમ નહિ. ... કુદૃષ્ટિ ગઈ ન હોય, બીજા અભિપ્રાયો અજ્ઞાનીના છે તેના લક્ષમાં સંસ્કાર ન હોય અને અલ્પજ્ઞાન હોય, પણ સ્વભાવના આશ્રયે જેને પ્રગટેલી દૃષ્ટિ છે એને સંક્ષિપ્તરુચિ કહેવામાં આવે છે. આ તો ૮૦ની સાલમાં મોટી તકરાર થઈ હતી. બધા વાંધા જ ઉઠતાને. આમ વાત સંપ્રદાયમાં.. આમ ન હોય. ભાગ્યા એક મુળચંદજી તો ભાગી ગયા હતા. હું તો ભાગી ગયો, તારું સાંભળી ન શક્યો. ઠીક કીધું ભાઈ! એમ બોલ્યા બિચારા હોં પાછા બોલે. હું તો ભાગી ગયો, તારું સાંભળી ન શક્યો. મેં કીધું સંક્ષિપ્તરુચિનો અર્થ આ છે. તમે એમ માનો કે આ સંપ્રદાયના જીવ કાંઈ સમજતા જ નથી અને અવળા માનીને બેઠા એને સંક્ષિપ્તરુચિ છે, તો એમ નહિ. કોઈપણ ઊંધા સંપ્રદાયની દૃષ્ટિ એને નથી. એવો પાઠ છે હોં! ... એવા બે પાઠ એક કડીમાં છે. ૨૮મું અધ્યયન છે. એને જેને આત્મામાં આત્માનું ભાન વર્તે, પણ બીજાનું જ્ઞાન અલ્પ છે, બહુ વિશેષ જ્ઞાન નથી પણ સ્વનું ભાન બરાબર છે. બીજા આવા વાડાના ઉંધા લાકડા ગર્યા નથી. ઉંધા લાકડા ગરે અને માને એને સંક્ષિપ્ત રુચિએ સમકિત થાય (એમ) ત્રણ કાળમાં બને નહિ. બહુ વાત ચાલી હતી.

અહીં એમ કહે છે કે એક સ્વરૂપે બધાને એક માને છે અજ્ઞાની. એમ નહિ. એક સ્વભાવે બધા આત્મા છે એમ ભગવાન કહે છે અને એમ છે. સમજાણું કાંઈ? **'એક હી બ્રહ્મ અનંતરૂપ હો રહા હૈ. જો વહી એક સબરૂપ હો રહા હોવે, તો નરક નિગોદ સ્થાનકો કૌન ભોગે?'** પ્રત્યક્ષ દેખાય છે કે દુઃખી દુઃખ ભોગવે છે. એ શું છે? દશામાં દુઃખ નથી? દશામાં દુઃખ છે, કલ્પના છે. જો તમે બધાને એક માનો તો એકને કલ્પના દુઃખની, એકને થોડી, એકને વધારે આ શું છે? માટે એક આત્મા બધા છે જ નહિ, ભિન્ન-ભિન્ન ભગવાન પૂરા આત્મા છે. **'ઇસલિયે જીવ અનંત હૈં.'** સમજ્યા? અનંતા જીવો. અનંતની સિદ્ધિ કરી કે ભિન્ન-ભિન્ન દુઃખની દશા ભોગવે છે એની સત્તા પણ ભિન્ન-ભિન્ન છે. એક જીવ કાંઈક દુઃખ થોડું ભોગવે, કોઈ વધારે ભોગવે. સંયોગની અપેક્ષા ન લો તોપણ સંયોગમાં ફેરફાર છે જીવને અને એના લક્ષમાં, વેદનમાં પણ ફેરફાર છે. તો એ સત્તાફેરે એના વેદનમાં હીનાધિકના અંશો દેખાય છે, તો એની સત્તા પણ ભિન્ન છે. તો બધા જીવોની અનંત સત્તા ભિન્ન છે અને અવસ્થામાં ભિન્ન-ભિન્નતાના દુઃખની અપેક્ષા જોતાં એની સત્તા તદ્દન જુદી છે.

'**ઈન જીવોંકો હી પરમબ્રહ્મ, પરમશિવ કહતે હૈં,...**' આવી અપેક્ષાએ અમે તો પરમબ્રહ્મ અને પરમશિવ કહીએ છીએ. બાપુ! એકાંત તું માની લે કે બધું એક છે અને આમ છે, એમ છે નહિ. સમજાણું? '**ઐસા તૂ નિશ્ચયસે જાન.**' દેખો! '**ઐસા તૂ નિશ્ચયસે જાન.**' '**तर्के विचारिता तिष्ठत्यत्र**' પ્રત્યક્ષ આદિમાં લખ્યું છે હોં. આમાં નથી નાખ્યું ઈ. સંસ્કૃતમાં નાખ્યું જુઓ. હા એ. '**प्रत्यक्षादिप्रमाणबाधितत्वात् साधकप्रमाणप्रमेयचिन्ता तर्के विचारिता तिष्ठत्यत्र तु नोच्यते अध्यात्मशास्त्रत्वादित्यभिप्रायः।।**' નહિતર તર્ક અને ન્યાયથી આનું સ્પષ્ટીકરણ કરવાનો ઘણો પ્રસંગ છે, પણ અધ્યાત્મ શાસ્ત્ર છે એટલે બહુ કહેતા નથી, સમજી લેવું એમ કહે છે. એવું લખ્યું છે હોં અર્થમાં એ. અર્થ લખવો જોઈએ. ૧૦૭ ગાથા થઈ, લ્યો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ છતાં જે છે ટીકા એના શબ્દો નાખીને પછી થોડો વિસ્તાર કરે એ બરાબર છે. આ જુઓને આ શ્લોકવાર્તિક. શ્લોકવાર્તિકમાં પહેલા આચાર્યોનો અર્થ કર્યો નથી અને એમ ને એમ ભેગું ભેગું પોતાનું અને આચાર્યનું ભેગું ભેળવ્યું. એટલે માણસને વાંચવું હોય તો.. પંડિતજી! શ્લોકવાર્તિક. એ અર્થ કિયા હૈ ન માણેકચંદજીને? શ્લોકવાર્તિકમેં આચાર્યકી ટીકા હૈ ઐસા શબ્દ પહલે કરકે પીછે લિખના ચાહિયે, એ તો ભાવાર્થમેં લિખના ચાહિયે તો ખબર પડેને કિ યે ઉસકા ભાવ હૈ. પણ આ તો સબ વાંચ્યા અને ખીચડા કરે. ટીકા પહલે આચાર્યકા જો અભિપ્રાય હૈ વહ અક્ષરશઃ મૂકવા જોઈએ. પછી પોતે મૂકે ભાવાર્થ તો લોકોને ખબર પડે કે આ તો આનો ભાવાર્થ છે. બહુ ગડબડ ઘણી છે શ્લોકવાર્તિકના અર્થમાં. શું થાય? આ બડા પંડિત જેવા નવરા ન થાય. શ્લોકવાર્તિક કરનેકા પ્રસંગ આયા તો માણેકચંદજી હાથ આયા. શ્લોકવાર્તિક બહુ ઊંચુ પુસ્તક છે. બહુ તાત્ત્વિક લોજિકથી બેસે. પણ આચાર્યે જે ટીકા કરી છેને એનો અર્થ પહેલો અક્ષરશઃ હોવો જોઈએ.

તમારી વાત આવી હતી, પ્રવચનસારની કાલે આવી હતી હોં. કૈલાસચંદજીએ મૂકી છે. પ્રવચનસારમાં ખુશી બતાવે છે. પ્રવચનસાર આપણે મોકલીશું. એમ કે હિંમતલાલભાઈએ પ્રવચનસારની ટીકા શબ્દશઃ બરાબર કરી છે. આગળ-પાછળ જોઈને બરાબર કરી છે. એમ જોઈએને. એમ હોયને. આચાર્યોના જે અભિપ્રાય છે એમણે ભાવથી જે આમ વસ્તુ મૂકી એનો જ ભાવ હોવો જોઈએ. પછી પોતાનો તર્ક ઉઠાવે એને એ વાત કરવી હોય તો ભલે નીચે નાખી દે તો લોકોને આંતરો તો પડેને કે ભાઈ આ એનું છે અને આ આચાર્યનું છે. આ તો બધું ભેગું નાખ્યું એટલે કાંઈ મારા જેવાને તો બહુ ખબર ન પડે. ગોટો લાગે. ૧૦૭ થઈ લ્યો. ૨૧૪ છેને? ૧૦૭ થઈ અને ૧૦૭ રહી હવે. આ બીજા ભાગની હોં. પહેલા ભાગની ૧૨૪ થઈ ગઈ. બીજાની ૨૧૪ છે. એમાં ૧૦૭ થઈ.

'ઈસપ્રકાર સોલહવાનીકે સોનેકે દૃષ્ટાંત દ્વારા...' દેખો, સોળવલું સોનું. સોળવલું કહે છેને? '**કેવલજ્ઞાનાદિ લક્ષણસે સબ જીવ સમાન હૈં, ઈસ વ્યાખ્યાનકી મુખ્યતાસે તેરહ દોહા-સૂત્ર કહે.**' તેર સૂત્ર કહે લ્યો! '**ઈસ તરહ...**' હવે આ બધું કહે છે. '**મોક્ષમાર્ગ,...**' એ વાત કહી '**મોક્ષફલ...**' કહા, '**ઔર મોક્ષ કહા તીનોંકા કહનેવાલે દૂસરે મહાધિકારમેં ચાર અંતરસ્થલોંકા ઈકતાલીસ દોહોંકા મહાસ્થલ સમાપ્ત હુઆ. ઈસમેં શુદ્ધોપયોગ,...**'કી બાત કહી. શુદ્ધોપયોગનું કહ્યું. '**વીતરાગસ્વસંવેદનજ્ઞાન,...**' કહ્યું. '**પરિગ્રહ...**'ની વાત કરી સમજાણું? '**ત્યાગ ઔર સબ જીવ સમાન હૈં,...**' પરિગ્રહનો ત્યાગ અને '**સબ જીવ સમાન હૈં, યે કથન કિયા.**'

હવે એક વાતમાં બીજી લે છે જુઓ. '**આગે 'परु जाणंतु वि'**' '**ઈત્યાદિ એકસૌ સાત દોહા...**' બાકી છે. '**તીસરા મહાધિકાર કહતે હૈં, ઉસીમેં ગ્રંથકો સમાપ્ત કરતે હૈં—**' ૧૦૭ કહીને સમાપ્ત કરે છે.

૨૩૫) परु जाणंतु वि परम-मुणि पर-संसग्गु चयंति।

જુઓ! આ અધિકાર એવો લીધો છે.

पर-संगइँ परमप्पयहँ लक्खहँ जेण चलंति।।१०८।।

મહા પરમસંતો, મુનિઓ અંશમાં એના પેટામાં ગૃહસ્થો પણ સમકિતી આવી જાય છે. '**ઉત્કૃષ્ટ આત્મદ્રવ્યકો જાનતે હુએ ભી...**' 'परु जाणंतु' ભગવાન આત્મા ઉત્કૃષ્ટ નામ પરમ સ્વભાવ, વસ્તુ સ્વભાવ. પરમ ગ્રાહકનયથી જે સ્વભાવ જણાય એવા સ્વભાવને '**જાનતે હુએ ભી...**' જુઓ, '**પરદ્રવ્ય જો દ્રવ્યકર્મ,...**' જડ આઠ કર્મ. '**ભાવકર્મ,...**' દયા, દાન, આદિ વિકલ્પ અને '**નોકર્મ...**' શરીર, વાણી. '**ઉસકે સંબંધકો છોડ દેતે હૈં.**' શું કહે છે? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સ્વભાવ તેનો સબંધ કરનાર પરમાત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો સંબંધ છોડી દે છે. પૂર્ણ સ્વભાવનો સંબંધ કરનાર... અહીં શુદ્ધોપયોગ લેશે, પૂર્ણ સ્વભાવ પોતાનો એનો સંબંધ કરનાર જડકર્મ, નોકર્મ અને ભાવકર્મનો સંગ છોડી દે છે.

'**ક્યોંકિ પરદ્રવ્યકે સંબંધસે...**' સંસર્ગ એનો હોં! પરદ્રવ્યથી નહિ. '**પરદ્રવ્યકે...**' 'परसंगेन' એમ શબ્દ પડ્યો છે. '**પરદ્રવ્યકે સંબંધસે ધ્યાન કરને યોગ્ય જો પરમપદ ઉસસે ચલાયમાન હો જાતે હૈં.**' એ ધનુષનો દાખલો આપ્યો છે. ધનુષનો સાધનાર બરાબર આમ જ્યાં બાણ મારવું છે એના ઉપર લક્ષ ન રાખે તો આમ-આમ થઈ જાય, ચળી જશે ધ્યાન. એમ આ ધ્યેય પૂર્ણાનંદ પ્રભુ સામાન્ય એના ઉપર જેનું ધ્યેય અને લક્ષ છે એ જીવ જો બીજાને ધ્યેય બનાવીને ત્યાં અટકી જશે તો ત્યાંથી લક્ષ છૂટી જશે. સમજાણું કાંઈ? પૂર્ણ સ્વરૂપ સામાન્ય એકરૂપ અખંડાનંદ પ્રભુ એનું લક્ષ એટલે ધ્યેય કરનાર, જો બીજા ઉપર ધ્યેયના લક્ષમાં જશે

તો અહીંથી લક્ષ છૂટી જશે, વસ્તુ સાધી શકશે નહિ. સમજાણું કાંઈ? લક્ષ છેને? '**कक्खहं लक्ष्यस्य ध्येयभूतस्य धनुर्विधाभ्यासप्रस्तावे लक्ष्यरुपस्यैव जेण चलंति**' ધનુષનો મારનાર જેમ આમ લક્ષ બહાર ધ્યાન ન રાખેને, કાંઈક વાજુ વાગ્યું, કાંઈક આમ થયું ત્યાં નજર વઈ જાય તો ન કામ કરી શકે. એક પાંદડું હોયને પીપળાનું. પીપળાનું પાંદડું. એની શેડ હોયને પાતળી. પાંદડાથી પાતળી એટલી હોય. જેવું પીપળનું પાંદડું હોય એવી જ એની શેડ લાંબી હોય. તો અહીંથી મારે તો શેડ ઉપર મારવું જોઈએ એને. નજર એવી બાંધે કે ત્યાં જ એની ગોળી જાય. હવે ત્યાં ધ્યાનમાંથી ચળે, આમ કરવા જાય તો ક્યાંની ક્યાં જાય.

એમ કહે છે કે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ જેનું લક્ષ અને ધ્યેય કરવું છે એવો જીવ. '**શુદ્ધોપયોગી મુનિ...**' વજન તો એના ઉપર છેને. શુદ્ધોપયોગી છે. કોણ નથી કહે છે? શ્રુતકેવળી કહ્યુંને. પંડિતજીને બતાવ્યુંને. પંડિતજી કહે, આ ઠીક પ્રશ્ન કરે છે. સપ્તમ ગુણ(સ્થાન) એ અહીં હવે એ આવશે. નિશ્ચય રત્નત્રયના આરાધક. આમાં જ આવશે હોં. આ નિશ્ચયરત્નત્રય મુનિ છે એને આહાર દેવો. તો આહાર દેવો અને નિશ્ચયરત્નત્રય છે એને

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, આવશે અંદર. એ પહેલી વાત થઈ ગઈ છે ઘણી. આખો પાઠ લખ્યો છે બધો હોં આનો. પછી ફૂલચંદજીને કાંઈ દેવાનો વખત ન રહ્યો ભોપાલ. આમાંથી બધો નિશ્ચય રત્નત્રયનું છેને એક આખું લખ્યું છે. નિશ્ચયરત્નત્રયના આરાધક જીવને આહાર આપવો. ત્યારે એનો અર્થ શું થયો? કે એ પોતે છઠ્ઠે ગુણસ્થાને આહાર લેવાનો વિકલ્પ ઉઠ્યો છે, છતાં એને નિશ્ચયરત્નત્રયનો આરાધક કહ્યો છે. એને શ્રાવક આહાર આપે છે. ત્યારે એ છઠ્ઠે ગુણસ્થાને નિશ્ચયરત્નત્રય ત્યાં થઈ ગયા. એમ આગળ ગાથામાં આવશે. સમજાય છે? જુઓને ૧૩૧ આદિ ઘણી ગાથાઓ કાઢી છે પહેલા તો. ૧૩૧. જુઓ આ આમાં લ્યો. એ ૧૩૨, ૧૩૨. ૧૩૨ ગાથા છેને, ૧૩૨ ગાથા.

'**નિશ્ચયવ્યવહારરત્નત્રયકે આરાધક જો યતિ ઉનકી સબ તરહ ગૃહસ્થોકો સેવા કરની ચાહિયે,...**' નીચે છે. ૧૩૨. આખું ઉતાર્યું છે. આમાં છે? પાનું ઉતાર્યું છે એક ઠેકાણે. બીજી બુકમાં છે. એક પાનું ઉતાર્યું છે આખું. આખા પરમાત્મપ્રકાશના આ બોલ ઉતાર્યા છે છે ભાઈ? ઉસકા ઉત્તર હૈ ન નીચે? '**યહાં કોઈ પ્રશ્ન કરે, કિ ગૃહસ્થી ધનકી તૃષ્ણા ન કરે તો ક્યા કરે? ઉસકા ઉત્તર—નિશ્ચય-વ્યવહારરત્નત્રયકે આરાધક...**' જુઓ, સંસ્કૃતમાં પણ છે. '**भेदाभेदरत्नत्रयाराधकानां सर्वतात्पर्येणाहारादिचतुर्विधं दानं दातव्यम्।**' સંસ્કૃત ટીકા હૈ ૧૩૨. ઉસકા ક્યા અર્થ હુઆ? '**भेदाभेदरत्नत्रयाराधकानां**' બેય એક સમય છે, ભેદ-અભેદ એક સાથે છે. નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રય. એવા જીવને-એવા યતિને '**सर्वतात्पर्येणाहारादिचतुर्विधं**

**દાનં**' દેવું. ત્યારે એ દાન દેવા વખતે ઓલો વિકલ્પ છે એને. દાન દેનારો આમ છે. ત્યાં આરાધક કહ્યા હતા. નિશ્ચય અને વ્યવહાર બેય સાથે એક સમયમાં વર્તે છે. છઠ્ઠે ગુણસ્થાને એમ કહ્યું છે. આહાર લેવાની વૃત્તિ છઠ્ઠે છે, સાતમે હોઈ કાંઈ? જુઓ, આ ખુલાસો તો કર્યો છે. એવા તો ઘણા બોલ છે, કાઢ્યા છે. સમજ્યાને?

માણસે શાંતિથી, ધીરેથી જેવું તત્ત્વ છે એને સમજવું જોઈએ. પોતાનો પક્ષ કરનારો સિદ્ધ કરવો છે એમ ન હોવું જોઈએ. સત્ય છે, સત્યને સત્ય રાખવું. અહીં તો નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રય એક સાથે કીધા. પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ કીધું નથી. અને એ નિશ્ચયરત્નત્રય છઠ્ઠે ન હોય એમ કહ્યું નથી. છઠ્ઠે આહાર વખતે પણ નિશ્ચય અને વ્યવહારના આરાધક કહ્યા છે. અને વિકલ્પ ઉઠે છે શાસ્ત્રનો એ વ્યવહાર છે. નિર્વિકલ્પ પરિણતિ છે એટલો નિશ્ચય છે. એને ગૃહસ્થોએ આહાર (આપવો), સેવા કરવી એટલે આહારદાનનો ભાવ કરવો. એમ ભાવે છેને. એવા બોલ તો ઘણા છે. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- શુદ્ધોપયોગી મુનિ વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં લીન હુએ...**' જુઓ, મોતીરામજી! હમણાં તમે પ્રશ્ન કર્યો હતોને? સ્વસંવેદનજ્ઞાન. પોતાનું સ્વરૂપ વસ્તુ જે સામાન્ય શુદ્ધ જ્ઞાનાનંદ એને, રાગ અને મનનો સંબંધ છોડી દઈને સ્વસંવેદન—સ્વ નામ પોતાનું, સં નામ પોતાનું પ્રત્યક્ષ વેદન, પોતાથી પ્રત્યક્ષ વેદન એનું નામ સ્વસંવેદનજ્ઞાન કહેવાય છે. દેખો, '**લીન હુએ પરદ્રવ્યોંકે સાથ સંબંધ છોડ દેતે હૈં.**' દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનું લક્ષ એને હોતું નથી એમ કહેવું છે. લક્ષ હોતું નથી એટલે છોડી દીધું એમ કહેવામાં આવે છે. '**અંદરકે વિકાર રાગાદિ ભાવકર્મ...**' અંદરનો વિકાર પુણ્ય-પાપનો. જુઓ! મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ પણ ભાવકર્મ વિકાર છે. '**ઔર બાહરકે શરીરાદિ યે સબ પરદ્રવ્ય કહે જાતે હૈં.**' આહા..હા..! એ પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠેને એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યમાંથી પ્રગટેલો નથી, નિમિત્તને લક્ષે (થયો) છે માટે પરદ્રવ્ય છે. દ્રવ્યમાં હોય એ ખસી ન જાય, છૂટી ન જાય. '**બાહરકે શરીરાદિ...**' વાણી અને અંદરના રાગ-દ્વેષ વિકલ્પ પંચ મહાવ્રતના, અરે..! ગુણી ગુણના ભેદનો વિકલ્પ એ પણ પરદ્રવ્ય છે. ભગવાન અભેદ સ્વભાવની દૃષ્ટિમાં એના ભેદનો સંસર્ગ એને છૂટી જાય છે, એને 'છોડી દે છે' એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આ બાજુ. એ પછી આ તો ઉપદેશમાં તો શું કરે? ઉપદેશમાં તો કહે આ છોડો. પણ છોડે શું? અહીં (અંતરમાં) જ્યાં દૃષ્ટિ અને લક્ષ છે (ત્યાં) પરલક્ષ રહેતું નથી. એ વાત છે. ઉપદેશની શૈલી તો એવી જ કરેને કે તમારે છોડવું. છોડે શું? એ આમ જ્યાં ફર્યો, છૂટ ગયા. ક્યાં છે વિકલ્પ અને ક્યાં છે શરીર એની કાંઈ ખબર નથી.

**'વે મુનિરાજ એક આત્મભાવકે સિવાય...'** દેખો, **'સબ પરદ્રવ્યકા સંસર્ગ (સંબંધ) છોડ દેતે હૈં.'** ઈતની તો બાત નહીં પણ **'રાગી, દ્વેષી, મિથ્યાત્વી, અસંયમી જીવોંકા સંબંધ છોડ દેતે હૈં.'** પહલેસે જિસકી મિથ્યા શ્રદ્ધા હૈ ઔર વાસ્તવિક તત્ત્વસે વિરુદ્ધ લાકડી ખોસી ઘાલે ઉસકા સંસર્ગ નહીં કરના. પહલે છઠ્ઠે ગુણસ્થાનમેં જબ વિકલ્પ હૈ... સંસર્ગ નહીં કરના. રાગી-દ્વેષી રાગ-દ્વેષ જિસકો સાબિત કરના હૈ કર્તૃત્વમેં ઔર મિથ્યા શ્રદ્ધા જિસકી દૃષ્ટિમેં હૈ ઐસા અસંયમી જીવ તો અસંયમી હી હૈ. ભલે મુનિ હોય તોપણ એ સબ. એવા **'જીવોંકા સંબંધ છોડ દેતે હૈં. ઈનકે સંસર્ગસે પરમપદ જો વીતરાગનિત્યાનંદ...'** પ્રભુ. પરમપદ અપના રાગરહિત નિત્ય આનંદપ્રભુ અમૂર્ત અપના નિજ સ્વભાવ **'પરમસમરસીભાવરૂપ...'** શાંત... શાંતરસી સ્વરૂપ **'જો પરમાત્મતત્ત્વ...'** એ ત્રિકાળીની વાત કરી. **'ધ્યાવને યોગ્ય હૈ,...'** વહ પર્યાય હુઈ. **'પરમસમરસીભાવરૂપ જો પરમાત્મતત્ત્વ...'** વો દ્રવ્ય લિયા. એ દ્રવ્ય **'ધ્યાવને યોગ્ય હૈ,...'** ઐસા દ્રવ્ય ધ્યાન કરનેયોગ્ય હૈ. ધ્યાન કરનેયોગ્ય વહ પર્યાય હુઈ. ધ્યેય હો ગયા દ્રવ્ય. સમજમેં આયા?

**'ઉસસે ચલાયમાન હો જાતે હૈં,...'** પરદ્રવ્યકા સંસર્ગ કરનેસે. **'અર્થાત્ તીનગુપ્તિરૂપ પરમસમાધિસે રહિત હો જાતે હૈં.'** પીછે દૃષ્ટિ ભી ખિસ જાયેગી. મિથ્યાદૃષ્ટિકા સંસર્ગ હો (તો). મૂલાચારમેં તો કુંદકુંદાચાર્યને ઐસા કહ દિયા કિ જો ગણમેં વાસ્તવિક તત્ત્વસે વિપરીત કથન પદ્ધતિ ચલતી હો, વિપરીત માન્યતા ચલતી હો તો ઉસકે ગણમેં ન જાના. ન જાના, એ કરતા લગન કર લેના. ક્યોંકિ વિવાહ કરનેસે તો એક ચારિત્રદોષકા રાગ હોગા. યે કરનેકો નહીં કહતે હોં. મુનિ કુછ કરનેકો કહે? લગન છોડ દિયા નવ કોટીએ. પણ તીવ્ર પાપકા બંધ છુડાનેકો, એ કરતા પાપ થોડા હૈ અને વહ મિથ્યાત્વકા લાકડા ખોસ ડાલેગા. પૂર્ણ ભગવાન એક-એક પરમાત્મા પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી એક-એક સમયમાં ત્રિકાલ જાનનેવાલા દેવ, ઐસા ગુરુ ઉસકા પ્રમાણમેં સાધકજીવકી પર્યાય ઉસકી હોતી હૈ, ઔર વહ કહનેવાલા હી શાસ્ત્ર હૈ, ઉસસે વિરુદ્ધ કોઈ લકડા ખોસ ડાલેગા તો તુઝે શલ્ય હો જાયેગા. દર્શનભ્રષ્ટ હો જાયેગા. માટે ઉસકા સંગ કરના નહીં. બહારનો સંગ નહિ અને એનો પણ સંગ કરવો નહિ. વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૨, બુધવાર, તા. ૧૬-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૦૮ થી ૧૧૦, પ્રવચન-૧૪૯**

૧૦૮મી ગાથા, પરમાત્મપ્રકાશ. ભાવાર્થ છે. થોડું ચાલ્યું છે. ફરીને લઈએ. જે કોઈ '**શુદ્ધોપયોગી મુનિ...**' અર્થાત્ આત્માના પરમ આનંદ સ્વભાવના આચરણરૂપ વેપારી જીવ. આત્મા પરમ આનંદસ્વરૂપ એનો શુદ્ધ ઉપયોગ એટલે સ્વરૂપના શુદ્ધ આચરણરૂપ વેપારવાળો જીવ. એણે '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં લીન હુએ...**' પોતાનું શુદ્ધ સ્વરૂપ પવિત્ર આનંદ એમાં જે લીનતા છે. શુદ્ધ ઉપયોગ એટલે સ્વરૂપના આચરણની ઉગ્રતા, સ્વરૂપના આચરણની છે. શુભાશુભ પરિણામ એ અશુદ્ધ આચરણ છે અને આ જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પદાર્થ એના સન્મુખનો અંતર વેપાર એને શુદ્ધ ઉપયોગરૂપી આચરણ કહ્યું છે. ઉત્કૃષ્ટ વાત લીધી છે. એવા '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમેં લીન હુએ પરદ્રવ્યોંકે સાથ સંબંધ છોડ દેતે હૈં.**' ઉપદેશમાં તો એમ જ આવેને? એ અંતરમાં લીન થતા પરદ્રવ્યનો સંસર્ગ રહેતો નથી. ઉપદેશની પદ્ધતિમાં તો એમ જ આવે.

'**અંદરકે વિકાર રાગાદિ ભાવકર્મ...**' પુણ્ય-પાપનો વિકલ્પ છે એ પરદ્રવ્ય છે, અભ્યંતર પરદ્રવ્ય. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ આનંદકંદ એ સિવાયનો જે શુભ-અશુભ વિકલ્પ રાગ એ અભ્યંતર પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યનો સંસર્ગ એટલે કે તેનું લક્ષ છોડીને સ્વરૂપના આચરણના લક્ષમાં આવવું એવું આચરણ કરવું એ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? '**બાહરકે શરીરાદિ યે સબ પરદ્રવ્ય કહે જાતે હૈં.**' એણે એ રીતે લીધું છે. શરીર આદિ બહાર. સમજાણું? '**વે મુનિરાજ એક આત્મભાવકે સિવાય...**' દેખો, ધર્મી ચિદાનંદ નિજસ્વરૂપનો ડુંગર, મહાન આનંદ શાંતિનો કંદ આત્મા એમાં લીન થઈને '**પરદ્રવ્યકા સંસર્ગ (સંબંધ) છોડ દેતે હૈં.**' એ નિશ્ચય કહ્યો. '**તથા રાગી, દ્વેષી, મિથ્યાત્વી, અસંયમી જીવોંકા સંબંધ છોડ દેતે હૈં.**' એ વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ? પોતાનામાં એ વિકલ્પ જે ઉઠે છે શુભ-અશુભ રાગ, એના પછી કર્મ અને શરીર એની સાથે પાછું ભેગું લઈ લીધું. આમ નજીક છે ખરુંને એકક્ષેત્રાવગાહ. એને સ્વભાવના શુદ્ધ સ્વરૂપના અંતરના આચરણના આશ્રયે એ પરનો ત્રણનો સંસર્ગ છૂટી જાય છે એને ઉપદેશમાં એમ કહે છે કે એને છોડી દે. અને જે કોઈ રાગી, દ્વેષી, મિથ્યાત્વી જીવ હોય એ પરદ્રવ્ય છે. આનાથી બાહ્ય પરદ્રવ્ય છે, એનો

પણ સંબંધ છોડી દે છે. એક નિજસ્વભાવ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, એનો સંસર્ગ નામ તેની એકાગ્રતામાં રહેવું એ જ મોક્ષનો ઉપાય છે. સમજમેં આયા?

**'ઈનકે સંસર્ગસે પરમપદ જો વીતરાગનિત્યાનંદ...'** પ્રભુ **'અમૂર્ત...'** વીતરાગ નિત્યાનંદ. અમૂર્ત તો ધર્માસ્તિકાય આદિ છે, પણ આ તો **'વીતરાગનિત્યાનંદ અમૂર્તસ્વભાવ પરમસમરસીભાવરૂપ જો પરમાત્મતત્ત્વ...'** પરમસમરસી શાંતરસરૂપ ભાવરૂપ પોતાનું પરમાત્મતત્ત્વ નિજ એ પરના સંસર્ગે આ **'ધ્યાવને યોગ્ય હૈ, ઉસસે ચલાયમાન હો જાતે હૈં,...'** શેમાં આવ્યું એ તમારે? નવું પુસ્તક છે? જૂનું. કહો, સમજાણું? ઓલું નાનું હશે. ઠીક પાતળું. પહેલું પાતળું. આ તો બીજું છે, ત્રીજું. કીધું પાનું કેમ ફેરવ્યું એટલે એમ લાગ્યું. કહો, સમજાણું આમાં? ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ પરમ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા, વીતરાગ અકષાય વિજ્ઞાનઘનસ્વરૂપ આત્મા, એની એકાગ્રતારૂપી આચરણ કરવા માટે બીજાનો સંસર્ગ છોડી દે. બીજાના સંસર્ગથી સ્વરૂપના ધ્યાનના ધ્યેયમાંથી ખસી જવાય છે. એથી ધ્યાનથી ચલાયમાન થઈ જાય માટે તેનો સંસર્ગ છોડી દેવો. સમજાય છે? **'તીન ગુપ્તિરૂપ પરમસમાધિસે રહિત હો જાતે હૈં.'** ભગવાન આત્મા મન, વચન અને કાયાના લક્ષવાળા વિકલ્પો જો પરના સંસર્ગથી કરે તો એનાથી રહિત શુદ્ધ પરમબ્રહ્મસ્વરૂપ એની સ્થિરતામાંથી ચલાયમાન થઈ જાય છે. માટે તેને છોડી દ્યો.

**'યહાં પર પરમધ્યાનકે ઘાતક જો મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ પરિણામ...'** એક વાત. દેખો, ભગવાન આત્માનું પરમધ્યાનનું ઘાતક મિથ્યા ભ્રમણા અને પુણ્ય-પાપના ભાવ એ અશુદ્ધ પરિણામ છે. એક વાત. **'તથા રાગી-દ્વેષી પુરુષોંકા સંસર્ગ...'** એ વ્યવહાર છે. એ **'સર્વથા ત્યાગ કરના ચાહિયે,...'** સંયોગ ઉપરથી લક્ષ છોડવું જોઈએ અને સંયોગી ભાવ ઉપરથી પણ લક્ષ છોડવું જોઈએ અને સ્વભાવભાવમાં લક્ષ અને સ્થિરતા કરવી. એવું મુનિઓને માટે એનું ખરું આચરણ આ છે. શુદ્ધ ઉપયોગ આચરણ ધ્યાન અને સ્વાધ્યાય બે જ એને મુખ્ય છે. અંદરમાં રહી ન શકે ત્યારે ત્યારે સ્વાધ્યાય કરે વિકલ્પ આદિ. અંદર બાકી સ્વરૂપમાં ઠરે એ એની મૂળ સ્થિતિ અને ધ્યાન એ આચરણ છે એમનું. એ ૧૦૮ થઈ.

**'આગે ઉન્હીં પરદ્રવ્યોંકે સંબંધકો ફિર છુડાનેકા કથન કરતે હૈં—'** અહીં તો સ્વદ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરીને પછી પણ સ્વદ્રવ્યના જ આલંબનને કરવું. પરદ્રવ્યના આલંબનમાં વિકલ્પ ઉઠે છે એથી તેને છોડવું એ વાત અહીંયાં (કરે છે). આખિરનો અધિકાર છે. **'પરદ્રવ્યોંકે સંબંધકો ફિર છુડાનેકા કથન કરતે હૈં—'** ૧૦૯.

२३६) जो सम-भावहँ बाहिरउ तिं सहुं मं करि संगु।
चिंता-सायरि पडहि पर अण्णु वि डज्झइ अंगु।।१०९।।

શું કહે છે? '**જો કોઈ સમભાવ અર્થાત્ નિજભાવસે...**' સમભાવ કહો કે નિજભાવ સ્વભાવ એનાથી '**બાહ્ય પદાર્થ હૈં, ઉનકે સાથ સંગ મત કરો. ક્યોંકિ ઉનકે સાથ સંગ કરનેસે ચિંતારૂપી સમુદ્રમેં પડેગા,...**' '**चिंतासागरे**' વિકલ્પની જાળ. આમ... આમ... આમ... આમ... કલ્પનાની જાળ એક પછી એક ઉઠે. પરમાત્મસ્વરૂપ તો એ કલ્પનાની જાળરહિત છે. પોતાનું નિજસ્વરૂપ સમભાવ વીતરાગી સમભાવરૂપી સ્વરૂપ છે, એ ત્રિકાળ એકરૂપ છે. એનું ધ્યાન કરવું અથવા એને ધ્યેય કરીને લીન થવું. એ સિવાય પરદ્રવ્યની ચિંતા એ મનમાં કલ્પનાની સમુદ્રમાં પડે છે. સ્વભાવના સમુદ્રમાં એકાકાર પડવું જોઈએ, સ્વભાવ સમુદ્ર ભગવાન આત્મા એમાં ડૂબકી મારવી જોઈએ, એમ ન મારતા ચિંતાના, કલ્પનાના સમુદ્રમાં પડવાથી શાંતિનો ભંગ થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- મુનિઓને ભલામણ કરે છે?

ઉત્તર :- એ બધાને ભલામણ (છે). મુનિને ઉદ્દેશીને વાત છે. મુખ્યપણે તો મોટા દિકરાને વાત કરે તો બધા નાના પણ, આખું કુટુંબ સમજી જાય કે ઠીક આપણને આ ભલામણ કરે છે. બાપ મોટાને ઉદ્દેશીને કહે, જો ભાઈ! આપણા ખાનદાનની રીત આ છે. આપણે બીજું ન થાય હોં! એ મોટાને કહે ત્યારે બીજાએ સમજી લેવું એને. જો ભાઈ આપણે ઘરે બીજું ન થાય હોં. કહે છે કે નહિ? કોઈ છોકરો સગપણ-બગપણ કર્યું હોય અને કન્યા-બન્યા બરાબર ઠીક ન લાગી હોય અને પછી તોડવા માગે (તો કહે), આપણે ઘરે ન થાય, ભાઈ! કહે કે નહિ? સમજતે હૈ ન ભાષા? પંડિતજી! ભાષા સમજતે હૈ ન? કન્યાકા સગપણ કિયા હો ઔર લડકા પસંદ ન કરે. પહેલા જોઈ આવ્યો હોય, દેખી આવ્યો હોય બધું, પણ પછી કહે ના. તો એનો બાપ કહે, ના અમારા ઘરે નહિ પાલવે એ. એની સાથે લગન કરવા પડશે. અમારા ઘરે બીજું થાય નહિ. એટલે બીજા છોકરા સમજે કે જો બીજું નહિ થાય તારાથી. અત્યારે તો ક્યાં ઠેકાણું છે? આ અત્યારની વાત કરું છું હું તો. અત્યારની થયેલી વાત કરું છું. થોડા વખત પહેલા થયેલી ઘરની વાત છે આ તો. સમજાણું કાંઈ? અમારે ઘરે ન થાય ભાઈ! એ તો અનંતા ભવ કર્યા છે. એ માંહ્યલો એક ભવ આ રીતે રોડવી લે. રોડવી લે સમજ્યાને? ચલાવી લે, ચલાવી લે. બીજાઓને પણ આપે, છોકરાઓને ખ્યાલ આપે છે કે આપણે બીજું ન થાય. એમ અહીંયા મોટો પુત્ર મુનિ છે. જગતપિતા, ધર્મપિતા પરમાત્મા ત્રિલોકનાથ એની વાણીમાં મુનિ વીતરાગી સંતોને મુખ્ય કરીને વાત આવે છે, પણ પેટામાં બધાએ સમજી લેવું.

ઓહો..! ભાઈ! કહે છે કે નિજભાવસે બાહ્યપદાર્થનો સંગ ન કર ભાઈ! અસંગ પ્રભુ ચૈતન્ય રાગ વિનાની ચીજ તારી પાસે મહાન પરમાત્મા પડ્યો છેને, ઈ જ તું છો. એનો સંગ એની

દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની લીનતા, ભગવાન! એ તને શાંતિનો આપનાર છે. બાકી પરદ્રવ્યના સંસર્ગમાં, ચિંતાસાગરમાં, વિકલ્પની જાળમાં ખોવાઈ જઈશ, ખોવાઈ જઈશ. ખોવાઈ જઈશ સમજતે હો ન? ખો જાયેગા, ખો જાયેગા. ઐસા ને ઐસા, ઐસા યહ ઐસા. હવે એ તો ભાઈ દુનિયામાં તો બધું ચાલે છે એમને એમ. એ તારાથી રોકે રોકાય એવું નથી. આ દુનિયાના સંસર્ગને કારણે જો વિકલ્પજાળ ઉપડી તો એ ચિંતા મહાસગારમાં પડીશ. આહા..હા..! જુઓને ત્યાં કહ્યું છેને? પતિતં કહ્યું છેને ભાઈ? પુણ્ય-પાપના અધિકારમાં. નિશ્ચયરત્નત્રયમાંથી વ્યવહારરત્નત્રયથી તો પતિત થઈ જાય છે. એવું જયચંદ્ર આચાર્ય. જયચંદ્ર આચાર્ય મહારાજ એ જયસેનાચાર્ય. એ પુણ્ય-પાપના આખીર અધિકારમાં (કહે છે), ભાઈ! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ નિશ્ચય રત્નત્રયથી પતિત થાય છે એમાં. આહા..હા..!

મુમુક્ષુ :- પતન થાય છે.

ઉત્તર :- પતન થાય છે. સ્વરૂપમાં અંદરમાં શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ નિશ્ચયરત્નત્રય છે. એ આરાધવા લાયક છે. એમાંથી આ વ્યવહારરત્નત્રય(નો વિકલ્પ ઉત્પન્ન થતાં) પતન થઈ જાય છે, ખસી જાય છે. એટલે એક એ દુષણ છે. બીજું, એ પોતે વ્યવહાર છે. ખરેખર તો એ પાપ છે. નિશ્ચયથી એ પાપ છે એમ કહ્યું છે સમયસાર પુણ્ય-પાપના અધિકારમાં છેલ્લે.

અહીં એ જ કહે છે કે ભગવાન આત્મા... પણ એ પદાર્થ જેને દૃષ્ટિમાં લેવો જોઈએ પહેલો લીધો નથી એને એ દૃષ્ટિસહિત ઠરવું એની અહીં વ્યાખ્યા કરે છે. મહાન પદાર્થ ભગવાન જ્ઞાન અને દર્શન, આનંદસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ એવો આત્મા. આનંદની પ્રધાનતાથી કથન (છે). આનંદ પ્રિય છેને માટે. અનંતગુણનો પિંડ પ્રભુ એકલો નિર્વિકલ્પ સ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા, એને છોડીને જો પરની ચિંતમાં ગયો, ચિંતા સાગરમાં પાર નહિ આવે. સમજાણું કાંઈ? ઓહો..! 'વ્યવહારે લખ દોહ્યલા કાંઈ ન આવે હાથ રે.' આનંદઘનજી કહી ગયા છે હોં શ્વેતાંબરમાં.

વ્યવહારે લખ દોહ્યલા કાંઈ ન આવે હાથ રે,
પરમાર્થ પંથ સેવતા રહે ન દુવિધા સાથ રે.

ભગવાન આત્મા પોતાનો પૂર્ણ શુદ્ધ સ્વભાવ વીતરાગી ઘનસ્વરૂપ પ્રભુ, એમાં એકાગ્ર થવું એ શુદ્ધનય અને એ શુદ્ધનયનો વિષય (છે). બાકી વ્યવહારના પક્ષમાં પડવા જાઈશ તો પાર નહિ આવે. એ કલ્પનાની જાળ જાણપણાની, એ શ્રદ્ધાની, એ આચરણની કલ્પનાની, બહુ કહે છે કે કલ્પના છે.

વ્યવહારે લખ જે રહે તેના ભેદ અનેક રે,

પરમાર્થ પંથ સેવતા રહે ન તંત રે'

બીજું તંત રહે નહિ એમ.

અહીં કહે છે '**કેવલ ઔર ભી શરીર દાહકો પ્રાપ્ત હોગા,...**' જુઓ, શું કહે છે? કલ્પનામાં જઈને પછી શરીરમાં બહુ કલ્પના ઉઠી તો શરીરમાં પણ ઉંઘ નહિ આવે તને. નિંદ્રા નહિ આવે, શરીર તપશે. વહ તો ઉસકે કારણસે. પણ અહીં ચિંતા... ચિંતા... 'ચિંતાથી ચતુરાઈ ઘટે, ચિંતા...' આવે છેને? 'ચિંતા બડી અભાગણી' એવું આવે છે. નાની ઉંમરમાં શીખતા, કાંઈક બોલતા. એમાં આવતું. 'ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન, ચિંતા બડી અભાગણી, ચિંતા દાહ સમાન.' અગ્નિ સમાન. એમ દલપતરામમાં આવતું. નાની ઉંમરમાં છોકરાઓ શિખતા. ભગવાન ચિંતા વિનાનો પ્રભુ નિશ્ચળ નિભ્રત ભગવાન, એવા સ્વરૂપમાં ઠરવું એ જ પ્રયોજન અને કરવાલાયક છે. ન કરી શક તો નિશ્ચય તો રાખજે કે આ અંતરમાં ધ્યાન કરવું એ જ કર્તવ્ય છે. નિયમસારમાં આવે છેને ભાઈ! શ્રદ્ધા પાકી રાખજે કે અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ સ્વરૂપનું જ્ઞાન અને સ્થિરતા એ જ કરવાલાયક છે. બીજો વિકલ્પ આવે, ઠરી ભલે ન શક, શ્રદ્ધામાં તો રાખજે કે સ્વરૂપના આશ્રયે જ જ્ઞાન અને મુક્તિ કારણ છે. બાકી મુક્તિનું કારણ છે જ નહિ. અંતર આશ્રયમાં ઠરવું એ જ મુક્તિનું કારણ છે. એ તો શ્રદ્ધા પાકી રાખજે. વ્યવહારના વિકલ્પો ઉઠે ભલે. સમજાય છે? પણ એમાંથી ખસવું અને સ્વરૂપમાં ઠરવું એ જ તારું ખરું કર્તવ્ય છે.

જો ચિંતામાં પડ્યો તો શરીરમાં દાહ લાગશે. ઉંઘ આવે નહિ, ચિંતા થઈ જાય. અરે! આને આમ જવાબ દેતા ન આવડ્યા, આ મારો ફાવી ગયો, એને શાસ્ત્રનો આધાર મળ્યો, મને મારો ન મળ્યો. એ કલ્પના. કહેતા હતા. આ તેરાપંથી છેને? લીલાધરજી. આ ચર્ચા ચાલી હતી. એક મહિનો. તેરાપંથી અને .. જવાહરલાલજીને એક મહિનો ચર્ચા. ક્યો બોલ? મહાવીર ભગવાનને છેલ્લે સ્વપ્ન આવ્યા છે. એવા આ લોકોના પાઠ છે શ્વેતાંબરના. કેવળજ્ઞાન પહેલા દસ સ્વપ્ન આવ્યા છે. એ દસ સ્વપ્નને ઉદયભાવ કહેવો કે ક્ષયોપશમભાવ કહેવો? ગુણ કહેવો કે દોષ કહેવો? એની એક મહિના સુધી ચર્ચા. પછી કહેતા હતા એ લીલાધરજી. અમારી સાથે રહેતાને બહુ. એ દરરોજ ચર્ચા.

ઓલા તેરાપંથીઓ કહે કે સ્વપ્ન છે તે દોષ છે માટે દોષનું ફળ ગુણ ન હોઈ શકે. આ કહે કે સ્વપ્ન આવ્યું છે કેવળજ્ઞાન પહેલા, એ સ્વપ્ન પછી કેવળજ્ઞાન થયું છે, માટે એ સ્વપ્નનું ફળ કેવળજ્ઞાન છે. એ ગુણ રૂપનું કામ છે. એ ચર્ચા એક મહિનો હોં! શાસ્ત્રના આધારે. ૩૨ સૂત્રો આ લોકો માને છેને સ્થાનકવાસી એમાંથી. બધી ખબર છે. એ લોકો ચર્ચા. એમ કહેતા લીલાધરજી જ્યારે અમને આધાર કાંઈક મળે તો અમને આમ હોંશ આવી જાય અને રોટલા

ભાવે અને જ્યાં અમને આધાર ન મળે અને ઓલાનો અધાર કાંઈક આવે તો અમને ચિંતા-ચિંતા, ભૂખ ઉડી જાય અને આહાર લેવા, ભીક્ષાએ જવામાં ટાંગા તૂટી જાય. અંતે તેરાપંથીએ રાખેલા વેદાંતી પક્ષમાં. ઓલા બેની મધ્યમાં રાખેને મધ્યમાં? લ્યો પંડિતજી! આ પંડિતજીને મધ્યમાં રાખ્યા, પણ આ તો બીજી રીતે મધ્યમાં રાખ્યા છે. આને ખુલાસો નહિ કરવા, ઓલાને ખુલાસો કરવામાં મધ્યમાં રાખેલા તેરાપંથીએ વેદાંતીને. અને વેદાંતી બ્રાહ્મણ રાખ્યો હતો. એ તો દોષ જ માને. સ્વપ્ન જે છે એ દોષ છે એમ કહે. એમ છેલ્લો સરવાળો કરી દીધો. દોષ છે, દોષનું ફળ ગુણ હોઈ શકે નહિ. અને છેલ્લે દસ સ્વપ્ના આવ્યા ભગવાનને. આમાં શ્વેતાંબરમાં આવે છે. પહેલા સૂર્ય દેખ્યો, પછી ચંદ્ર દેખ્યો, પછી સિંહાસન એવા ઘડીક-ઘડીકમાં સ્વપ્ન આવે છે. એના ફળ તરીકે કેવળજ્ઞાન હોઈ શકે નહિ. ઓલો કહે કે એના પછી આવ્યું માટે કેવળજ્ઞાન. એમાંથી ફેંસલો વેદાંતવાળાએ આપ્યો કે એ દોષ છે માટે એનાથી ગુણ હોય નહિ. ઘણા વખત પહેલાની વાત છે. એ લીલાધરજી કહેતા. અમારી સાથે રહેતાને એ. આવી ચિંતા. અરે ભાઈ! હવે મૂકને પડતી.

જેટલો વિકલ્પ ઉઠે એ બધો દોષનું કારણ છે અને સ્વરૂપમાં ઠરવું એ ગુણનું કારણ છે, એક જ વાત છે. લાખ વાતની વાત આવે છેને? નિશ્ચય ઉર આણો એ છ ઢળામાં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' વાત એક લેને હવે. મૂકને પડતી. આવે છે કે નહિ ઈ? છ ઢાળામાં આવે છે. બહુ સરસ! છ ઢાળામાં ગાગરમાં સાગર ભરી દીધો છે.

'**ભાવાર્થ :- જો કોઈ જીવિત,...**' આયુષ્ય સંબંધી ચિંતા. સમજાય છે? '**મરણ, લાભ અલાભાદિમેં તુલ્યભાવ ઉસકે સંમુખ...**' સમભાવ રખતે હૈ અહીં તો. પછી વિરુદ્ધ. જીવિત કહો કે મૃત્યુ કહો. જ્ઞાતા, સમભાવ. લાભ હો કે અલાભ હો, શિષ્યોનો કે આબરૂનો, પુસ્તકનો કે બાહ્યનો, અભિનંદનનો કે અણઅભિનંદનનો. એ બહારની વાતું. સમભાવ રાખવા જેવું છે. બહારની ચીજ સાથે આત્માને શું સંબંધ છે? '**તુલ્યભાવ ઉસકે સંમુખ જો નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્મ પરદ્રવ્ય...**' જુઓ, ભગવાન નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ પરમાત્મદ્રવ્ય. જુઓ આવ્યું નિશ્ચય ત્રિકાલ. નિર્મળ જ્ઞાન દર્શનસ્વભાવ એવો પરમાત્મા પોતાનું દ્રવ્ય. એ અલાભ આદિમેં તુલ્યભાવ ઉસકે સન્મુખ સમભાવ કરતો. '**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિજભાવ ઉસરૂપ સમભાવસે જો જુદે પદાર્થ હૈં,...**' દેખો, ભગવાન આત્મા, પહેલા સમભાવ સન્મુખ જે છે એને '**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્મ પરદ્રવ્ય...**' આત્મા '**ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' નિશ્ચય, સમ્યક્ જ્ઞાન નિશ્ચય, સમ્યક્ શુદ્ધ ઉપયોગ આચરણ નિશ્ચય એ નિજભાવ. એનું નામ નિજભાવ. '**ઉસરૂપ સમભાવસે જો જુદે પદાર્થ...**' એવા સમભાવથી જે વિકલ્પ આદિ પરપદાર્થ. '**ઉનકા સંગ છોડ દે.**' અહીં તો ભગવાન પરમસ્વભાવ શાંત

એના સન્મુખ થયેલો પણ સમભાવ કે જે સમભાવ સ્વરૂપના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમભાવ છે. એમ વ્યાખ્યા કરી. આમ વ્યાખ્યા કરી ભાઈ!

ભગવાન આત્મા પૂર્ણ વીતરાગ વિજ્ઞાન સત્તાધામ એની સન્મુખનો સમભાવ, જીવ અજીવ સબમાં સમભાવ, એ સમભાવ એટલે? વસ્તુ જે નિર્મળ જ્ઞાન, દર્શન પરમાત્મદ્રવ્ય એના જે સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એવો જે સમભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે નિજભાવ. જોયું! ઓલો વિકલ્પ છે એ નિજભાવ નથી. વ્યવહારરત્નત્રય એ નિજભાવ નથી. આહા..હા..! એ પરદ્રવ્ય છે. અહીં તો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ નિર્મળ જ્ઞાન પરમાત્મદ્રવ્ય પોતાનો સ્વભાવ એની સન્મુખનો સમભાવ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવ. એમ.

ઉનસે '**જો જુદે...**' એનાથી જુદો એ વિકલ્પ કોઈપણ લ્યો. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય કે મહાવ્રતનો વિકલ્પ હોય કે બહારનો કોઈની શાસ્ત્ર અર્થોનો વિકલ્પ હો, '**ઉનકા સંગ છોડ દે.**' આહા..હા..! અસંગ પ્રભુ, જેને વિકલ્પનો પણ, રાગનો પણ સંગ નથી એવું એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય પદાર્થ મહાપ્રભુ, ચૈતન્ય મહાપ્રભુ એવો જે પદાર્થ સમ નિર્મળ જ્ઞાન દર્શનથી ભરેલો, એની સન્મુખનો વીતરાગી ભાવ કહો કે સમભાવ કહો કે નિશ્ચયરત્નત્રય કહો. એનાથી વિરુદ્ધ અને વિષમભાવ કહો, સ્વભાવથી વિરુદ્ધ ભાવ કહો કે વિભાવભાવ કહો કે પરદ્રવ્ય કહો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરદ્રવ્ય જ છે. આચાર્યે તો નિયમસારમાં તો ક્ષાયિકભાવને પરદ્રવ્ય કીધું છે. કેમકે જેમાંથી પર્યાય નવી ન નીકળે. જેમ પરદ્રવ્યમાંથી પોતાની નિર્મળ પર્યાય શાંતિની, વીતરાગી નીકળતી નથી, એમ ક્ષાયિક પર્યાય સમકિત થયું એ સમકિતમાંથી ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટ નથી થતી. અહીં તો સ્વભાવને આશ્રયે થાય છે. માટે ત્યાં તો ચાર ભાવને પરદ્રવ્ય કહી દીધા છે. આહા..હા..! ૫૦ ગાથા, નિયમસાર. મોક્ષમાર્ગ છેને? નિયમસાર એટલે મોક્ષમાર્ગનું કથન છે. નિશ્ચય મોક્ષમાર્ગ એ જ મોક્ષમાર્ગ છે. એનાથી વિરુદ્ધ જેટલો ભાવ... ક્ષાયિકને પરદ્રવ્ય કીધું. કેમકે નિશ્ચય નિમયસારના મોક્ષમાર્ગની પર્યાય એક ક્ષાયિક પર્યાયને અવલંબે પ્રગટતી નથી અથવા ક્ષાયિક પર્યાયમાંથી આવતી નથી. બે વાત. એ ત્રિકાળ દ્રવ્યને અવલંબે પ્રગટે છે અને ત્રિકાળ દ્રવ્યમાંથી નિર્મળ પર્યાય આવે છે. કહો, સમજાણું?

જુઓ, અહીં તો એ કહ્યું. 'जीवितमरणलाभालाभादि समभावानुकूलविशुद्धज्ञानदर्शन-स्वभावज्ञानपरमात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञाननुष्ठानरुपसमभावबाह्यः। ' દેખો, સમભાવની વ્યાખ્યા આ. ભગવાન આત્મા વિશુદ્ધ ત્રિકાળ જ્ઞાન, દર્શન, નિર્મળ સ્વભાવમય પરમાત્મદ્રવ્ય પોતાનું.

એની સન્મુખનો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવા ભાવને જ અહીંયા સમભાવ કહેવામાં આવે છે અથવા વીતરાગી પર્યાય કહેવામાં આવે છે. એનાથી જેટલા પર એ બધાને વિષમભાવ, પરદ્રવ્ય, વિભાવભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ક્યોંકિ ઉનકે સંગસે ચિંતારૂપી સમુદ્રમેં ગિર પડેગા.**' 'ફીકરકી ફાકી કરે ઉસકા નામ ફકીર.' ભગવાન આત્મા પૂર્ણ.. અહીં તો બે જ ગુણ લીધા છેને? વિશુદ્ધ નિર્મળ જ્ઞાન-દર્શન સ્વભાવ બસ. જ્ઞાન-દર્શનસ્વભાવ એવો ભગવાન આત્મા, એની લીનતારૂપી સમભાવ અથવા નિશ્ચય મોક્ષમાર્ગરૂપી નિર્મળભાવ એ સિવાય બધી ચિંતા આદિનો ભાવ એ છોડવાલાયક છે. સમજાય છે? એ ચિંતારૂપી સમુદ્રમાં પડવાલાયક છે. ભગવાન જ્ઞાન ચૈતન્ય રત્નાકરમાં પડવું કે કહે છે કલ્પનાની જાળમાં પડવું? આ બે ભાગ છે બે બાજુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે અહીં પડવું કે અહીં પડવું એમ કહે છે.

ભગવાન આત્મા શુદ્ધ ચિદ્દ્ઘન અનાકુળ આનંદધામ જ્યાં જ્ઞાનની નજરુમાં અંદર તરે, તરવરે, એમાં ઠરવું છે. એ વસ્તુ સમભાવ છે. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ, ભગવાન આદિની ભક્તિનો ભાવ એ બધો સમભાવ નથી. આહા..હા..! હોય છે અસ્થિરતાને લઈને, પણ એ સમભાવ નથી, વીતરાગભાવ નથી. અહીં વીતરાગભાવ ધર્મ સિદ્ધ કરવો છે. આહા..હા..! કેમકે વસ્તુ વીતરાગ વિજ્ઞાનઘન છે—ભગવાન આત્મા જ વીતરાગ વિજ્ઞાનઘન છે. એના સન્મુખનો વીતરાગી પર્યાય તે જ સમભાવ છે, તે જ મુક્તિનો ઉપાય છે, કારણ છે, હેતુ છે. આહા..હા..! એનાથી બહાર નીકળ્યો તો કલ્પનાની જાળના સમુદ્રમાં પડવું પડશે પ્રભુ! એમાં ક્યાંય હિત છે નહિ. હવે એ દુનિયાના હિત માટે અમારે વિકલ્પ ઉઠાવવો પડે કહે છે. અરે! ભાઈ! એનું હિત કાંઈ તારા વિકલ્પે થાય એવું છે? એ તો એના હિતની યોગ્યતા વડે એનું હિત થાય છે. હું બીજાને મોક્ષ કરાવી દઉં એવો અધ્યવસાય કરે માટે મોક્ષ થાય છે? એ તો બંધ અધિકારમાં કહ્યું આચાર્યે. બંધ-મોક્ષનો અધ્યવસાય તારો, એના વીતરાગભાવે મોક્ષ પામે અને સરાગભાવે સંસાર, તારો અધ્યવસાય શું કામ કરે ત્યાં?

મુમુક્ષુ :- .. કાંઈ ભૂગોળમાં દેખાતું નથી.

ઉત્તર :- ભૂગોળમાં અહીં દેખાયને અંદર. પોતાની જમીન-ભૂ ઉપયોગ. 'ઉપયોગ ભૂ' નથી કહ્યું? બંધ અધિકારમાં કહ્યું છે. શાસ્ત્રે તો ઘણા શબ્દ લીધા છે ઘણા. ઓહો..હો..!

મુમુક્ષુ :- એ ત્યાં આવ્યું.

ઉત્તર :- આ 'ભૂ' ત્યાં આવ્યો. અહીંયા 'ભૂ' આવ્યો. ઉપયોગ ભૂ. એમાં જે રાગ, દ્વેષ અને એકત્વ કરે છે તે મિથ્યાદૃષ્ટિ બંધને પામે છે. ઉપયોગ ભૂમિકામાં પોતાના સ્વરૂપને

એકાગ્ર કરે છે તે મુક્તિને પામે છે. ત્યાં રાગ-દ્વેષ કરે એનો પ્રશ્ન નથી લીધો. ઉપયોગ ભૂમિકામાં રાગ-દ્વેષને એકત્વ કરે છે તે બંધને પામે છે એટલી જ વાત છે ત્યાં. ઓલા રાગ-દ્વેષ અસ્થિરતાનો પ્રશ્ન નથી. ઉપયોગ ભૂમિકામાં, જ્ઞાનની ભૂમિકામાં પુણ્ય-પાપને એકત્વ કરે છે, એકત્વ માને છે એ બંધનું કારણ છે, બસ એક જ વાત ત્યાં લીધી છે. બંધ અધિકારની શરૂઆતની ગાથામાં. સમજાણું કાંઈ?

જે ઉપયોગ ભૂમિકામાં ભગવાન આત્માની ભૂમિકામાં શુદ્ધમાં જે રાગ-દ્વેષ અને એકત્વ કરતો નથી એ મુક્તિ પામે છે. સમજાણું કાંઈ? છે કે નહિ એ? શબ્દો કાઢવા જોઈએ સારા. બંધ અધિકાર છેને? આસ્રવ, બંધ. નિર્જરા પછી બંધ છે. દેખો, કળશ (૧૬૪) છેને કળશ? **'यदैक्यमुपयोगभूः'** **''ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ—) ખરેખર પુરુષોને બંધનું કારણ છે.'** **'यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः'** બસ ઐક્યં. ચૈતન્ય જ્ઞાનદર્શન ઉપયોગમય ભગવાન એની સાથે જે રાગ-દ્વેષને એકપણે કરે છે એ સંસાર છે. રાગ-દ્વેષ થોડા થવા એ સંસાર નથી. એ ગૌણ સંસારને અહીંયા લીધો નથી. એ મુખ્ય સંસાર છે. એ **'यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः'** આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યે તો ગજબ કામ કર્યા છેને એક-એક શબ્દમાં! અને અર્થમાં પણ એમ છેને. **'માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ તે બંધનું કારણ છે.'** ઉપયોગમાં રાગાદિકરણ તે બંધનું કારણ છે. ઉપયોગમાં અસ્થિરતા રાગ થાય એમ નહિ, ઉપયોગમાં રાગાદિકરણ ભેગું કરવું. જ્ઞાનાનંદ દર્શનસ્વભાવમાં રાગાદિને એક કરવું એ બંધનું કારણ છે. ટીકા પણ એ જ છે. સમજાણું? જુઓ પાઠ એ છેને.

**एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।**
**रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।२४१।।**

પોતે ભગવાન જ્ઞાન દર્શન શુદ્ધ ઉપયોગમય આત્મા, ઉપયોગમય આત્મા, જાણન-દેખન ઉપયોગમય આત્મા એમાં રાગ-દ્વેષ પુણ્ય વિકલ્પને એકપણે કરે છે એ જ બંધ છે. સમજાણું કાંઈ? પાઠ જ છે. એ પ્રમાણે પછી કળશ કહ્યો છે.

કહે છે **'ઉનકે સંગસે મનમેં ચિંતા ઉત્પન્ન હોગી,...'** **'જો સમુદ્ર રાગ-દ્વેષરૂપી કલ્લોલોંસે વ્યાકુલ હૈ.'** સમુદ્ર—ચિંતારૂપી સમુદ્ર. ભાઈ! રાગ-દ્વેષ આ.. આ... આ... **'ઉનકે સંગસે મનમેં ચિંતા ઉત્પન્ન હોગી, ઔર શરીરમેં દાહ હોગા. યહાં તાત્પર્ય યહ હૈ, કિ વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિકી ભાવનાસે વિપરીત...'** ભગવાન આત્મા અભેદ શાંતિમય સમભાવરૂપ સમાધિ. ભાવના એટલે એકાગ્રતાની વ્યાખ્યા છે હોં. કલ્પના નહિ. **'પરમસમાધિકી**

**ભાવનાસે...'** ભાવના શબ્દે એકાગ્રતા છે. એનાથી **'વિપરીત જો રાગાદિ અશુદ્ધ પરિણામ વે હી પરદ્રવ્ય કહે જાતે હૈં,...'** આહા..હા..! વ્યવહારરત્નત્રયનો શુભ ઉપયોગ પણ પરદ્રવ્ય. ભગવાન! એ નીકળી જાય છેને? એ ક્યાં સ્વદ્રવ્યનું સ્વરૂપ છે? સ્વદ્રવ્યમાં હોય તે નીકળે નહિ અને નીકળે તે એનું નહિ. એવો ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવી એની અંતરની સન્મુખના પરિણામ સિવાય જેટલા વિકલ્પ આદિ તેને ભગવાન પરદ્રવ્ય કહે છે. દેખો, **'પરદ્રવ્ય કહે જાતે હૈં,...'** **'मिथ्यात्वरागादिपरिणतपुरुषः सोऽपि'** .. અને બહારથી વ્યવહારનયકર મિથ્યાત્વની ઊંધી માન્યતા, એવા લાકડા ઊંધા. સ્વતંત્રતાની ખબર ન મળે. ત્રિકાળ સ્વતંત્ર શું છે તેના સામર્થ્યની વિરુદ્ધ વાત એવા લાકડા મિથ્યાત્વના જેને પેઠા છે.

મુમુક્ષુ :- લાકડાને શું કહે છે?

ઉત્તર :- લાકડા શું છે? શલ્ય. એ અંદર લાકડા અમારે કહે છે કાઠિયાવાડમાં. અંદર લાકડા... શું કહે છે ભાષા? લકડી લકડી અંદર. આમ તો શલ્ય એ. પણ લકડી કહતે હૈ. અમારા કાઠિયાવાડમાં બહુ વપરાય છે એ. લાકડા ગરી ગયા છે ઊંધા એમ. અમારે એ કાઠિયાવાડી ભાષામાં ઊંધી દૃષ્ટિ ને ઊંધા લાકડા ગરી ગયા છે એમ કહે. એય..! પંડિતજી ક્યા હૈ? શલ્ય-શલ્ય. શલ્ય ઠીક હૈ. શલ્ય.

**'વ્યવહારનયકર મિથ્યાત્વી રાગી-દ્વેષી પુરુષ પર કહે ગયે હૈં.'** નિશ્ચયસે વહ વિકલ્પાદિ પરદ્રવ્ય. વ્યવહારસે પુરુષ પરદ્રવ્ય મિથ્યાત્વ આદિ પરિણત છે ઈ. છોડી દે. ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપી પ્રભુ એને દૃષ્ટિમાં લઈને એમાં સ્થિર થવું એ જ સ્વદ્રવ્યનું કાર્ય છે. **'ઈન સબકી સંગતિ સર્વદા દુઃખ દેનેવાલી હૈ,...'** સંગતિ દુઃખ દેનેવાલી હોં! ઈ દુઃખ નથી, એનો સંગ કરે એ દુઃખ દેવાવાળું. **'કિસી પ્રકાર સુખદાયી નહીં હૈ, ઐસા નિશ્ચય હૈ.'**

હવે દાખલો આપીને સિદ્ધ કરે છે. **'આગે પરદ્રવ્યકા પ્રસંગ મહાન દુઃખરૂપ હૈં, યહ કથન દૃષ્ટાંતસે દૃઢ કરતે હૈં—'**

**૨૩૭) भल्लाहँ वि णासंति गुण जहँ संसग्ग खलेहिं।**
**वइसाणरु लोहहँ मिलिउ तें पिट्टियइ घणेहिं।।११०।।**

શું કહ્યું એ? આવે છેને? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાયી.' લોહની સંગતિ તેં કરી છે, અગ્નિએ કરી છે. એકલી અગ્નિને કોણ ઘણ મારે? ઘણ ક્યાં ગરે ફટ? ભાંગી જાય. અંદર પોચું છે એમાં ઘણ ક્યાં પડે? એમ એકલા આત્માની અંદરમાં દુઃખ ક્યાં છે રાગાદિ કાંઈ? જેમ ઓલો અગ્નિ લોહામાં ગરેને, કઠણ વસ્તુ છેને. ગરે છે અંદર. ઘણ સહન કરે ત્યારે.

મુમુક્ષુ :- જોરદાર મારે પાછું ધીમે ધીમે ન હોય, નહિતર ઠરી જાય પાછું.

ઉત્તર :- હા, ઘણ પડે ઉપરા ઉપર... ઉપરા ઉપર. એમ ભગવાન ચૈતન્ય અગ્નિ શુદ્ધ પ્રભુ એકીલા તો ઘન દુઃખ નહીં હોતા. એ ચૈતન્ય કર્મના સંગના લક્ષે જોડાઈ જાય છે, દોરાઈ જાય છે, ત્યારે તેને દુઃખના ઘન સહન કરવા પડે છે. સમજમેં આયા? ઉસમેં આયા ન? 'ભૂલ મેરી અધિકાઈ. કર્મ બિચારે કૌન?' એની એને ખબર પણ નથી. એ કર્મ કોણ છે અને કોણ છે, થશે એની એને ખબર નથી. એ ખબરું વિનાના જડ તત્ત્વો, ખબર વિનાના, એને કહેવા કે મને તું દુઃખ આપે છો! 'ભૂલ મેરી અધિકાઈ, કર્મ બિચારે કૌન? અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાયી.'

એ અહીં કહે છે. **'खलै'** નામ **'દુષ્ટોંકે સાથ જિનકા સંબંધ હૈ,...'** દુષ્ટ બે પ્રકારના કહેશે હોં! **'વહ ઉન વિવેકી જીવોંકે ભી...'** **'भद्राणाम्'** એમ શબ્દ વાપર્યો છે. ભલાનું **'भद्राणाम्'** એમ કર્યુંને સંસ્કૃત? ભલાઈ. સંસ્કૃતમાં **'भद्राणाम् अपि'** ભદ્રિક જીવો, ભલા જીવો. એને પણ. **'વિવેકી જીવોંકે ભી સત્ય શીલાદિ ગુણ...'** સત્યસ્વરૂપ ભગવાન, ઉસકા સત્ય શીલસ્વભાવ એવા ગુણ **'નષ્ટ હો જાતે હૈં,...'** સંસર્ગ કરે તો **નષ્ટ** થાય. એમાં ભલું માનીને સંસર્ગ કરે છે. સમજાણું કાંઈ? એઈ..! જાતિને છોડું, કુળને છોડવું આવે છેને ભાઈ! ઓલું પદ્મનંદિપંચવિંશતિમાં આવે છે. જેનાથી પોતાને શ્રદ્ધા આદિમાં દુષણ કારણ લાગતું હોય તો કુળને છોડવું, એ દેશને છોડવો. પદ્મનંદિપંચવિંશતિમાં પદ્મનંદિ આચાર્ય કહે છે. દેશને છોડી દે, કુળને છોડી દે, જાતને છોડી દે. સંસર્ગ રહેવા દે. એવા લાકડા ઉંધા શલ્ય નાખી દેશે. તને ખબર નહિ પડે કે આ શું છે. **'भद्राणाम् अपि'** **'ઉન વિવેકી જીવોંકે ભી સત્ય શીલાદિ ગુણ...'** એટલે સત્ય વસ્તુ એનો જે શીલ સ્વભાવ આદિ **'નષ્ટ હો જાતે હૈં, જૈસે...'** **'वैश्वानरः'** **'આગ...'** આગ. **'લોહેસે મિલ જાતી હૈ,...'** અંદર જાય છે. **'તભી ઘનોંસે પીટી-કૂટી જાતી હૈ.'** ત્યારે એ અગ્નિને **'पिट्टयते'** **'घनैः'** ઘણ પડે છે.

'**ભાવાર્થ :- વિવેકી જીવોંકે શીલાદિ ગુણ મિથ્યાદષ્ટિ રાગી દ્વૈષી અવિવેકી જીવોંકી સંગતિસે નાશ હો જાતા હૈં.**' પહેલા વ્યવહારથી વાત લીધી. **'વિવેકી જીવોંકે શીલાદિ ગુણ...'** સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ગુણ—શીલાદિ સ્વભાવ એ પર્યાયની વાત છે હોં. **'મિથ્યાદષ્ટિ રાગી દ્વૈષી અવિવેકી જીવોંકી સંગતિસે નાશ હો જાતે હૈં. અથવા આત્માકે નિજગુણ મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ ભાવોંકે સંબંધસે મલિન હો જાતે હૈં.'** એ નિશ્ચય. સમજાણું? પોતાના.. પાઠમાં જ છે એ જુઓને. **'स्वकीयबुद्धिदोषरुपैः'** સંસ્કૃત છે. **'स्वकीयबुद्धिदोषरुपैः रागद्वेषादिपरिणामैः खलैर्दुष्टैर्व्यवहारेण तु मिथ्यात्वरागादिपरिणतपुरुषैः'** ખરેખર તો તારા પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના એ જ પરદ્રવ્ય છે. એનો સંગ તું છોડી દે. આહા..હા..! સમજાણું?

સમયસારમાં કહ્યુંને કે મિથ્યાત્વ એ પુદ્ગલપરિણામ છે. વિશુદ્ધ (-શુભ) પરિણામ રાગ એ પુદ્ગલ પરિણામ છે. કેમકે એની જાતના અંદર વસ્તુમાં નથી. અનુભૂતિથી ભિન્ન છે. ભગવાન આત્મા પોતાનો જે રાગથી ભિન્ન અનુભવ કરે એ અનુભૂતિથી એ બધા વિકલ્પો (ભિન્ન હોવાથી) અનુભૂતિમાં આવતા નથી, અનુભૂતિના વિષયમાં પણ આવતા નથી માટે તે ભિન્ન છે. આહા..હા..! વીતરાગ માર્ગ છે આ ભાઈ! વીતરાગ માર્ગમાં કહે છે કે રાગનો પરિચય કર નહિ. કહો, સમજાણું કાંઈ?

જુઓ, '**મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ ભાવોંકે સંબંધસે...**' જુઓ, એ સંબંધ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એવા જે આત્માના ગુણો એ નિજગુણ '**મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ ભાવોંકે સંબંધસે...**' એ ભ્રમણા, અરે! આવું તત્ત્વ આવું? આવું મોટું હશે? આમ હશે? આ વિકાર તે કાંઈ આત્મા કરતો હશે કે પર કરતો હશે? એવી ભ્રમણામાં લાકડા ગરી જશે. એનો સંબંધ છોડી દે ભાઈ! વસ્તુ સ્વભાવ ચિદાનંદ છે. જ્યારે પરના સંસર્ગથી દુઃખ છે, તો સ્વના સંસર્ગે આનંદ છે. સમજાણું કાંઈ? એમ કરીને કોઈ હજી સાચું સમજ્યો ન હોય અને સત્સમાગમ છોડે તો... અહીં તો સમજણ થઈ છે, યથાર્થ ભાન છે એને (કહે છે) હવે અસ્થિરતામાં ચિંતામાં પડમા હવે, ઠર-ઠર અંદર. અને કદાચિત્ મિથ્યા ભ્રમણા આદિ છે એ પરદ્રવ્ય છે. એ સ્વરૂપની દૃષ્ટિ કરીને એને છોડી દે. એનો આશ્રય કરવા લાયક નથી. સમજ્યાને? તેથી પરપુરુષ પણ આશ્રય કરવાલાયક નથી. પણ કોણ પરપુરુષ? મિથ્યાત્વ આદિ રાગ-દ્વેષવાળા છે તે. આમ કહે આપણે કોઈનો સંગ કરવો નહિ. સમજે નહિ કાંઈ, તત્ત્વને સમજે નહિ કાંઈ. હવે આપણે કોઈનો સંગ કરવો નહિ, ધ્યાન કરવું. શેના ધૂળમાં ધ્યાન કરીશ? હમણાં કેટલું એ આવે છે. આપણે કોઈનો સંસર્ગ કરવો નહિ. આંખ મીંચીને બેસવું. શું આંખ્યું મીંચીને બેસે ત્યાં થાય છે? આંખ તો જડની છે. આમ મીંચાય એ તો ક્રિયા જડની.

હજી આત્મા શું છે, ગુણો શું છે, પર્યાય કેમ થાય છે? વિકાર કેમ થાય છે? સ્વભાવ કેમ થાય છે? સંયોગી ચીજ કેમ છે? કેમ એને કારણે પલટે છે? એના જ્યાં નવ તત્ત્વો અથવા સાત તત્ત્વોના ભિન્ન-ભિન્ન પ્રકાર બરાબર જાણવામાં ન આવે અને કહે કે આપણે કોઈનો સંગ કરવો નહિ એટલે આપણે સાંભળવું નહિ કોઈનું લ્યો. અહીં ના પાડે છે જુઓ, એ તો ખોટા સંગને ન કરવો. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ આવે એને, જ્યાં સુધી સ્થિર ન થાય ત્યાં સુધી. પણ એ છે તો ચિંતા. સ્વરૂપની સ્થિરતાની અપેક્ષાએ એ તો ચિંતા (છે). પણ પાછું કાંઈ ભાન પણ થયું ન હોય અને પછી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને છોડી દે, સાંભળવું છોડી દે. બધું ભ્રષ્ટ થશે. 'ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત' આવે છેને? 'પામે નહિ

સિદ્ધત્વને રહે ભ્રાંતિમાં સ્થિત.' એને વિકલ્પ છે એ વાત સાચી, પણ સાચા દેવ-ગુરુ શું કહે છે એનું એણે જ્ઞાન તો પહેલું બરાબર કરવું જોઈએ. જ્ઞાન થયું હોય નહિ, કાંઈ નહિ, અંતે તો આચાર્ય એમ કહે છેને અંદર ઠરવું. માટે આપણે કાંઈ સમજવું નહિ, હવે ઠરો અંદર. શેને ઠરીશ? વસ્તુ સ્વરૂપ કેવું છે એમ બરાબર ભાવમાં ભાસન આવ્યા વિના અને એ વસ્તુમાં ઠરવાથી જ મારી મુક્તિ થાય એમ ક્યારે નક્કી થાય? એ વસ્તુ જ્યારે દૃષ્ટિમાં આવી હોય તો એને આમાં ઠરવાથી મુક્તિ થાય એમ નક્કી થાય. વસ્તુ સમજ્યા વિના એમને એમ લ્યો આમ કરો. આંખ મીંચીને બેસી જાવ. શું આંખ મીંચીને બેસે?

એક જણો વળી એમ કહેતો હતો, આવ્યો હતો. એવું એક બતાવી દઉં એક શબ્દે કે ઝટ મુક્તિ થાય. હમણા એક આવ્યો હતો. ૧૬ વર્ષથી કરું છું કહે. ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... એક માણસ આવ્યો હતો. ઘણાય આવે છે. નામ બહાર પડી ગયુંને. ૧૬ વર્ષથી જપું છું, પણ ક્યાંય શાંતિ દેખાતી નથી. એક શબ્દ એવો બતાવો. કીધું, શબ્દ-બબ્દ એવો કોઈ નથી. હજી વસ્તુ તો સમજ કે આત્મા શું છે? મારે દીક્ષા લેવી હતી શ્વેતાંબરની. શ્વેતાંબરના સાધુ કહે દીક્ષા લઈ લે, પણ વળી પાછું આમ દુઃખ લાગ્યું કે આમાં ઝઘડા છે. દીક્ષા ન લીધી. હવે તને હજી દીક્ષા કોને કહેવી એની ખબર નથી, ચારિત્ર કહેવું કોને એની ખબર નથી અને તું ધ્યાન કરવા બેસ. શેના ધ્યાન થાશે? એ તો થોથા જેવું લાગે આમ વિકલ્પની શૂન્યતા જેવું. એ વસ્તુ નહિ. સમજાણું કાંઈ?

વસ્તુ જેની આમ દૃષ્ટિમાં બરાબર બેઠી છે જે વસ્તુ છે એ. એને અંદર ગુરુગમ, સત્સમાગમ, શાસ્ત્ર સ્વાધ્યાય આદિ હોય છે વિકલ્પ. એ દ્વારા પહેલી ચીજ શું છે એ નય, નિક્ષેપ, પ્રમાણ દ્વારા એને નક્કી કરવી જોઈએ. નહિતર તો અન્યમતિનો કહેલો આત્મા અને ભગવાનનો કહેલો આત્મામાં મોટો ફેર (નહિ લાગે). ફેર છે મોટો. આત્મા-આત્મા એકલું નામ લે એમ ન પાલવે. આત્મા તો બધાય ઘણા કરે છે કે આત્મા. પણ ક્યો આત્મા? કેવડો આત્મા? જેના જ્ઞાનની એક પર્યાયમાં છ દ્રવ્ય સમાઈ જાય. એવી એક પર્યાય, એવી અનંતી પર્યાયનો ગુણ અને અનંતા ગુણનું દ્રવ્ય એ આત્મા. સમજાણું કાંઈ? આવો આત્મા કહીને આત્મા-આત્મા કર્યા કરે. શું પણ આત્મા? વાચકનો સામે વાચ્ય કેવો છે? કેમ છે? એનું જ્ઞાન અને એની બરાબર શ્રદ્ધા આદિ કરી નથી અને એ પછી કહે કે હવે આપણે ધ્યાન કરો. શાસ્ત્ર વાંચન-બાંચન છોડી દ્યો. છોડી દે તો ધ્યાન સ્થિરતા થશે તોને? પણ સ્થિરતા હજી દૃષ્ટિનું કોણ છે અને વિષય કોણ છે વસ્તુ એનું તો સમ્યક્પણે ભાન થયું નથી. ક્યાંથી ઠરીશ? આહા..હા..! ભારે! આમ જ્યાં કરવા જાય તો અહીંથી ભાગે. સમજમેં આયા? એ અત્યારે બહુ ચાલે છે. બહાર નીકળી વાતને ઘણી? એટલે જાણે કે બસ, મહારાજ પાસે એવું કાંઈક હશેને એક શબ્દ આપી

બસ ધ્યાન (કરીએ). એવું કાંઈ છે નહિ કીધું. એ વસ્તુનો પદાર્થનો બોધ કર. એમ કરી પાછા ૐ... ૐ... કરી દે, ભગવાન... ભગવાન... ભગવાન... આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... કર તોપણ રાગ છે. પણ આત્મા કોણ છે? વીતરાગી સ્વરૂપ શું છે? કેમ હોવું જોઈએ? એનો બરાબર નિર્ણય, સાત તત્ત્વનો નિર્ણય હોવો જોઈએ.

સાત તત્ત્વ જુદાં ક્યારે કહેવાય? કે કર્મ છે એ અજીવતત્ત્વમાં ગયું. આસ્રવ છે એ ભિન્ન તત્ત્વ થયું, સંવર ભિન્ન તત્ત્વ થયું. ત્યારે ભિન્ન તત્ત્વ કેમ હજી નક્કી કર્યા? અહીં તો કહે કર્મ છે માટે આસ્રવ થાય, તો કર્મ અને આસ્રવ બે એક તત્ત્વ થઈ ગયા. અને આસ્રવ શુભભાવ છે માટે સંવર થાય તો આસ્રવ અને સંવર એક તત્ત્વ થઈ ગયું. સાત ક્યારે રહેશે? સાત સાતપણે ક્યારે રહેશે? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એ સાતપણાનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે આમ. સાતને સાતપણે સિદ્ધ કરવા છેને પહેલા? તો અજીવને અજીવપણે, એના દ્રવ્ય-ગુણ-પર્યાયવાળું આખું દ્રવ્ય-ગુણ-પર્યાય તે અજીવતત્ત્વ અને આસ્રવ એ પુણ્ય-પાપનો વિકલ્પ તે આસ્રવતત્ત્વ. એ અજીવતત્ત્વ ભિન્ન છે, આસ્રવતત્ત્વ ભિન્ન છે. બે તત્ત્વ સિદ્ધ થશે શી રીતે? અને આસ્રવતત્ત્વથી સંવરતત્ત્વ ભિન્ન છે. ... શુભરાગથી સંવર થાય, ધર્મ થાય એને તો આસ્રવ અને સંવર બે તત્ત્વ હજી તો વિકલ્પના નિર્ણયમાં બે એક માન્યા છે. નિર્ણય જ ખોટો છે એનો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્રનું કામ કરેને...

ઉત્તર :- પણ ચારિત્ર ક્યાં? એ વાત સાચી ચારિત્ર, પણ ચારિત્ર ક્યાંથી આવતું હતું? ચારિત્ર તે કાંઈ રાગને લઈને છે? અજીવને લઈને છે? તત્ત્વે તત્ત્વના... જે તત્ત્વ છે તે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી સહિત છે અજીવ. હવે એ દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત તત્ત્વ તે અજીવ છે આખું અને તે પણ અનંત છે. તો અનંતના તત્ત્વોની અસ્તિ અનંતપણે વર્તમાન સ્વતંત્ર રહે એમ અજીવને માનવું જોઈએ. અને એ અજીવને લઈને આસ્રવ છે એમ માનતા તો અજીવ અને આસ્રવ બે એક થઈ જાય છે. આસ્રવ પુણ્ય-પાપના પરિણામનું પર્યાય તત્ત્વ, અજીવનું દ્રવ્ય-ગુણ-પર્યાય તત્ત્વ અને એ આસ્રવથી ભિન્ન આ સંવરતત્ત્વ અને સંવરથી ભિન્ન શુદ્ધિની વૃદ્ધિ એ બીજું તત્ત્વ છે અને પૂર્ણ શુદ્ધિ તે મોક્ષ છે. એ બધી પર્યાયો પ્રગટે ક્યાંથી? જ્ઞાયક ભાવમાંથી આવે છે. સંવર, નિર્જરા અને મોક્ષ. સમજાય છે? અને તે પણ આખું તત્ત્વ મોક્ષની પર્યાય જેટલું નથી, સંવર-નિર્જરાની પર્યાય જેટલું નથી. એમ એના તત્ત્વની સ્થિતિ જે રીતે છે એમ એના જ્ઞાનમાં જ્ઞેયરૂપે ભાસે નહિ ત્યાં સુધી જ્ઞેયની સત્યતાનો સ્વભાવનો આદર થાય નહિ એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ ઊંડાણમાં લઈ ગયા.

ઉત્તર :- હવે પણ નિર્વિકલ્પમાં પણ સત્ય હોવું જોઈએને? એથી આચાર્યે 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ સાત તત્ત્વ એમ કીધું છેને? મહાસિદ્ધાંત છે, એ કાંઈ સાધારણ વાત નથી. લોકોને ઓલું તત્ત્વાર્થસૂત્ર એવું થઈ ગયુંને. આપણે દસલક્ષણીમાં વાંચી જઈએ છીએ. પણ એ તો એક એક સિદ્ધાંત છે, મહાસિદ્ધાંત છે. સત્‌ને સિદ્ધ કરવાના મહાન નિયમો છે એ બધા. એ વસ્તુને એ રીતે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે જાણ્યા જે રીતે, એ રીતે કહ્યા, એ રીતે નિર્ણયમાં લાવી અને સ્વભાવ સન્મુખનો અનુભવ કરવો અને પછી ઠરવું અને બીજી ચિંતા કરવી નહિ. એમ વાત છેને અહીં તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું હોય? પાસ થાય એવું છે આ. એમ કહે છે કે આ તો ભારે પરીક્ષા આકરી! કોઈ છોકરો પાસ ન થાય. આ તો બરાબર પાસ થાય. સત્યને સત્ય રીતે નક્કી કરે અને પાસ ન થાય, ત્રણ કાળમાં બને નહિ. જેવું સત્‌ છે એ રીતે એના જ્ઞાનમાં આ પ્રમાણે નિર્ણયનો, વલણનો ભાવ જ્યાં સન્મુખ કરે અને બરાબર નિર્ણય ન થાય એમ બને નહિ.

મુમુક્ષુ :- એમાં કોઈની ભલામણ તો થાયને.

ઉત્તર :- ભલામણ-બલામણ કોઈની ચાલે નહિ, ભગવાનની ચાલે નહિ. લોકમાં આવે. શેઠિયા દીકરા હોયને પાસ ન થાય તો .. ચડાવા ચડાવી દે. ચડાવો કહે છેને કાંઈક? ક્યા કહતે હૈ? હા, એ સિફારિશ. ચડાવો અમારે કહે છે. અમારા આ તલકશીભાઈ છેને. તલકશીભાઈ શેઠના દીકરા સાધારણ જાણે. મગજ બહુ નહિ. પછી શેઠિયાના દીકરા ચડાવે. સાતમી ચોપડીમાં આવી જાય. ત્રીજી ચોપડીવાળો પરીક્ષા કરવા આવે ... એલા! આ હજી ચોથી ચોપડીના પ્રશ્નનો ઉત્તર આવડતો નથી અને સાતમે કોણે બેસાડી દીધો આને? ચોપડી હોય છેને? પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી. સમજમેં આયા? એમ જેને નીચે દરજ્જાનું જે વાસ્તવિક તત્ત્વ છે એની પર્યાય શું? એનું દ્રવ્ય શું? એ સંયોગી ચીજ શું? કેમ થાય છે? એનો સ્વતંત્રપણાનો જ્યાં હજી નિર્ણય નથી, એને આખું દ્રવ્ય જે વ્યક્ત નથી અને અવ્યક્તને મહાન પરમેશ્વર માનીને એની દૃષ્ટિ કરવી એ તો મહાન પુરુષાર્થ છે. એમાં ઘણી સત્યતાના ભાવો પ્રગટ થાય ત્યારે એ સ્વભાવ સન્મુખ જાય. સમજાણું કાંઈ?

આ તો આમાં શું આવ્યું? ઓલા ઘણા એમ આવે. હવે અમને એક એવું બતાવી દ્યો. અમારે બીજું કાંઈ સમજવું નથી. નિર્વિકલ્પ કઈ રીતે થઈશ? હજી ખબર નથી કે સર્વજ્ઞદેવ કેવા હોય, વીતરાગ કેવા હોય, મુનિદશા કેવી હોય, તત્ત્વ કેવા હોય, શાસ્ત્ર કેવા, અનેકાંત

શું કહે છે. બધો ખીચડો. અને નિર્વિકલ્પ થાવું છે. ક્યાંથી થઈશ પણ? સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર જિનચંદ્ર ભગવાન એના મુખમાંથી વાણી આવી, એના કહેલા તત્ત્વો જેવા છે તેવા, સંક્ષેપમાં પણ જેવા છે તેવા જાણવા જોઈએ. સંક્ષેપમાં, ભલે વિસ્તારથી નહિ. તેથી સંક્ષેપમાં કહ્યુંને?

મુમુક્ષુ :- કાંઈ ભૂલ ન પડે.

ઉત્તર :- ભૂલ ન થવી જોઈએ. ભલે થોડું જાણે પણ એમાં વિપરીતતા ન હોવી જોઈએ. ઘણું જાણે અને વિપરીતતા ઘણી હોય (એના કરતાં) થોડું જાણે અને વિપરીતતા ન હોય તો એ વસ્તુ પામી જશે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે '**વ્યવહારનયકર મિથ્યાત્વી રાગી-દ્વેષી પુરુષ પર કહે ગયે હૈં. ઈન સબકી સંગતિ સર્વદા દુઃખ દેનેવાલી હૈ,...**' સમજ્યાને? અહીં આવી ગયું હતું આ. '**પીટી-કૂટી જાતી હૈ.**' એ પરના સંગથી તો કૂટાવું પડશે એમ કહે છે. સમજાણું? '**જૈસે અગ્નિ લોહેકે સંગમેં...**' જોયું! અહીં કહ્યુંને? '**આત્માકે નિજગુણ...**' નિજ એટલે પર્યાય હોં ઈ. ગુણ એટલે ત્રિકાળી ગુણમાં કાંઈ અશુદ્ધતા થાતી નથી. '**આત્માકે નિજગુણ...**' એટલે પર્યાય લેવી. '**મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ ભાવોંકે સંબંધસે મલિન હો જાતે હૈં.**' શબ્દ પડ્યો હોય ગુણ, પણ ઓલા સમજે કે ગુણ પડ્યો માટે ગુણ જ લેવો. ગુણનો અર્થ પર્યાય વર્તમાન નિર્મળ છે. એ '**આત્મા કે નિજગુણ મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ ભાવોંકે...**' ભાવ કહો કે પર્યાય કહો. એના '**સંબંધસે મલિન હો જાતે હૈં. જૈસે અગ્નિ લોહેકે સંગમેં પીટી-કૂટી જાતી હૈ. યદ્યપિ આગકો ઘન કૂટ નહીં સકતા,...**' આગકો ઘન કૂટ સકે? અગ્નિ પડી હોયને નાખે તો ક્યાં ઘણ પડે અંદર? '**પરંતુ લોહેકી સંગતિસે...**' આમ નિવડ થઈ ગયુંને નિવડ, ઓલું લોઢું નિવડ... '**અગ્નિ ભી કૂટનેમેં આતી હૈ,...**' ભેગી કૂટાય ત્યાં. '**ઉસી તરહ દોષોંકે સંગસે ગુણ ભી મલિન હો જાતા હૈ.**' સમજમેં આયા? એનો સાર પછી કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૩, ગુરુવાર, તા. ૧૭-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૧૦-૧૧૧-૧૧૧-૨ પ્રવચન-૧૫૦**

દૃષ્ટાંત કહીને, ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપે શુદ્ધ અને વીતરાગ સ્વભાવભાવ છે, એનો સંગ છોડીને પુણ્ય અને પાપ આદિ અશુદ્ધ જે દોષો એનો સંગ કરવો એ બધું દુઃખદાયક છે એમ સિદ્ધ કરવું છે. ભગવાન પોતે પોતાનું સ્વરૂપ તો નિર્દોષ, વસ્તુ તો નિર્દોષ (છે). નિર્દોષ એટલે અવિકારી સ્વભાવ. વીતરાગી વિજ્ઞાનઘન શુદ્ધ તત્ત્વ, એના સંગે આત્માને વીતરાગતા પ્રગટ થાય છે. પણ દોષનો ભાવ જે વિકારી શુભ-અશુભભાવ, એવા અશુદ્ધભાવના દોષને સંગે આત્માને કૂટાવું પડે છે, ચાર ગતિમાં પીટાવું પડે છે.

'**જૈસે અગ્નિ લોહેકે સંગમેં પીટી-કૂટી જાતી હૈ.**' એ દૃષ્ટાંત. '**યદ્યપિ આગકો ઘન કૂટ નહીં સકતા,...**' જોકે આગને-અગ્નિને ઘન લોઢાનો ઘણ આમ મારી ન શકે, કૂટી ન શકે. '**પરંતુ લોહેકી સંગતિસે અગ્નિ ભી કૂટનેમેં આતી હૈ,...**' લોઢાનો સંગ કર્યો અગ્નિએ એટલે એને માથે ઘણ પડે અને અગ્નિને કૂટી જાય છે. '**ઉસી તરહ...**' એ તો દૃષ્ટાંત થયો. '**દોષોંકે સંગસે...**' જુઓ, દોષ શબ્દે ભગવાન આત્મા વીતરાગી વિજ્ઞાનનો પિંડ પ્રભુ, એનાથી બહાર નીકળીને જેટલા શુભ-અશુભ પરિણામ થાય એ બધા દોષ છે. સમજાય છે કાંઈ? '**દોષોંકે સંગસે ગુણ ભી મલિન હો જાતે હૈં.**' પોતાનો સ્વભાવ શુદ્ધ વીતરાગ એનો સંગ છોડી અને મલિન પરિણામ-અશુદ્ધ પરિણામનો સંગ કરતા, ગુણની પરિણતિ શુદ્ધ થવી જોઈએ એ ન થતાં અશુદ્ધ થાય છે. ઝીણી વાત છે. બહારની સાથે કાંઈ સંબંધ નથી. શરીર, કર્મ આદિ તો ભિન્ન ચીજ છે. ભગવાન પોતાનો પૂર્ણાનંદ પ્રભુ એ વસ્તુ સ્વરૂપે શુદ્ધ અને વીતરાગ અને આનંદ છે. એની પરિણતિમાં જો અશુદ્ધ દોષનો સંગ એ કરે તો નિર્દોષ દશા પ્રગટ થવી જોઈએ એને એ મલિન કરી નાખે છે. કહો, સમજાણું કાંઈ?

'**યહ કથન જાનકર...**' કહે છે કે આ સાંભળીને એણે શું કરવું જોઈએ? '**આકુલતા રહિત સુખકે ઘાતક...**' ભગવાન આત્મા અનાકુળ આનંદમૂર્તિ પ્રભુ એની પરિણતિ અનાકુલ શુદ્ધ શાંત હોવી જોઈએ. પણ એના એવા સુખના ઘાતક '**જો દેખે,...**' ભોગો. '**સુને,...**' ભોગો '**અનુભવ કિયે...**' ભોગો. વિકારનો અનુભવ કર્યો એ સાંભળ્યું છે, એ દેખ્યું છે, એ અનુભવ્યું છે. એને ને એને વારંવાર સ્મરણમાં લાવે તો એ દશા ચોર્યાસીના અવતારમાં

રખડવાની છે. એ **'દેખે, સુને,...'** આત્માનો અનુભવ તો અનંતકાળમાં અજ્ઞાનીએ સાંભળ્યો નથી. દેખ્યો નથી અને અનુભવ્યો નથી. ભગવાન આત્મા અનાકુળ શાંત અકષાય સ્વભાવસ્વરૂપ, એનો અનુભવ સાંભળ્યો નથી, એણે દેખ્યો નથી, વેદ્યો નથી. એથી દેખ્યા, સાંભળ્યા ભોગો જે વિકારના એની **'વાંછારૂપ નિદાનબંધ આદિ ખોટે પરિણામરૂપી દુષ્ટોંકી સંગતિ નહીં કરના...'** આહા..હા..! એ વિકારી પરિણામ દુષ્ટ છે. આહા..હા..! એ ખરેખર પરદ્રવ્ય છે, ખરેખર સ્વવસ્તુ નથી. માટે સ્વદ્રવ્યે એ દોષનો, પરદ્રવ્યનો સંગ ન કરવો એમ. આહા..હા..! કાલે આવ્યું હતુંને 'ચિંતાસાગરમાં ડૂબીશ.' જેટલા વિકલ્પની જાળ એ ચિંતા છે. ભગવાન આત્મા એ ચિંતા વિકલ્પરહિત છે. એવા સ્વભાવને સ્વના સંગમાં પર્યાયને રાખવી જોઈએ, પર્યાયને એમ ન રાખતા એ પર્યાયમાં શુભાશુભ વિકલ્પો એવા જે દોષો એના પરિણામની દુષ્ટતા એની સંગતિ નહિ કરવી.

**'અથવા અનેક દોષોંકર સહિત રાગી-દ્વેષી જીવોંકી ભી સંગતિ કભી નહીં કરના,...'** બે વાત લીધી. નિશ્ચયમાં મલિન પરિણતિનો સંગ ન કરવો એ નિશ્ચય. વ્યવહારમાં અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષના શલ્યવાળા એવા જીવોનો સંગ ન કરવો. સમજાણું કાંઈ? **'યહ તાત્પર્ય હૈ.'** એ ૧૧૦ ગાથાનું આ તાત્પર્ય છે. પૂરા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે.

મુમુક્ષુ :- સંગ ન કરવો એટલે?

ઉત્તર :- સંગ ન કરવો (એટલે) એના લક્ષે પરિચયમાં ન આવવું. પ્રેમ કરીને એની આસક્તિમાં ન આવવું, જોડાણ ન કરવું.

મુમુક્ષ :- .. ક્યાં નુકસાન કરે છે?

ઉત્તર :- એથી કીધુંને આસક્તિ પ્રેમ કરીને કીધુંને. આ સંગ કરવા જેવો છે અને આની આશ એવો ભાવ ન કરવો. એનો અર્થ એ. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર વાસ્તવિક તત્ત્વના ઘાતક છે. સમજાણું? શ્રીમદ્દે તો એ લખ્યું. શ્રીમદ્દનો (અર્થ) આકરો છે. એ આકરો નથી પણ એ... કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર આત્માના સ્વરૂપના ઘાતક છે. ઘાતક એટલે એનો પ્રેમ કરવો તે. એ તો પર છે. સમજાણું કાંઈ? એનો સંગ ન કરવો. એનું જ્ઞાન જોશેને એને? ઓળખાણ જોશેને કે કોણ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે અને કોણ સુદેવ-સુગુરુ-સુશાસ્ત્ર છે અને એમનું કહેલું આ આત્મતત્ત્વ શું છે. એનું એને જ્ઞાન હોવું જોઈએ. સમજાણું? એ શ્રીમદ્‌માં છે એક ઠેકાણે. છેને? આમાં ખબર શી પડે? મોટો દરિયો છે. આવવું હોય ત્યારે આવે. છેને.

.... અનાકુળ એ બરાબર શબ્દ લખ્યો નથી, નહિતર તો એમાં બરાબર છે. **'अनाकुलत्वलक्षणपारमार्थिकसुखविलक्षणमाकुलत्वोपादकं दुःखं सहमानं'** એ પછી લેશે. ૧૧માં. આ તો આપણે આમાં છે. ક્યાંક છે ખરું. આ લ્યો આવ્યું. ૨૬મું પાનું છે. 'આત્માને

ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પના વડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે. જે કારણોમાં ઉદાસીન થયા વિના નિઃસત્ત્વ એવી લોકસંબંધી જપ-તપાદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી, પરંપરા મોક્ષ નથી એમ માન્યા વિના નિઃસત્ત્વ એવા અસત્શાસ્ત્ર અને અસત્ ગુરુ જે આત્મસ્વરૂપને આવરણમાં મુખ્ય કારણો છે તેને સાક્ષાત્ આત્મઘાતિ જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે. અત્યંત દુર્લભ છે.' ૨૬મું વર્ષ છે. ૨૬ વર્ષ. પાનું-૨૫૨. જૂની પ્રત. કેટલીક વાત તો ઘણું સ્પષ્ટ લખી નાખ્યું છે એણે. એવા દેખ્યા હતા બધા વેષધારીઓ એમાં કાંઈ ઠેકાણું ન મળે. તત્ત્વ વીતરાગનું તત્ત્વ શું છે એની કાંઈ ગંધ પણ નહિ અને માનીને બેઠા હોય કે અમે બસ આચાર્ય, અમે ઉપાધ્યાય, અમે સાધુ. કોણ ના પાડે છે? એટલે કહ્યું છે કે એ સાક્ષાત્ આત્મઘાતિ. સમજાય છે? અસત્ શાસ્ત્ર, અસત્ ગુરુ જે આત્મસ્વરૂપને આવરણમાં મુખ્ય નિમિત્ત કારણ છે. પણ ભાવ એનો પ્રેમ છે ત્યાં. 'સાક્ષાત્ આત્મઘાતિ જાણ્યા વિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે, અત્યંત દુર્લભ છે. જ્ઞાનીપુરુષના પ્રગટ આત્મસ્વરૂપને કહેતા એવા વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતાં નથી.' આહા..હા..! એ પત્ર બહુ સરસ છે. આખો પત્ર સારો છે. સમજાણું?

અહીં તો આપણે આ દશમાં આવે છેને. દશના પાઠમાં પણ સંસ્કૃત છે. શું? '**दृष्टश्रुतानुभूतभोगकांक्षारुपनिदानबन्धाधपध्यानपरिणाम एव** ' એમ. '**एव परसंसर्गस्त्याज्यः** ' પરસંગ એનો ત્યાગ કરવો. સમજાણું? પાઠમાં છેને. '**अत्रानाकुलत्वसौखविधातको**' એ જ શબ્દ અહીં છે. ભગવાન આત્મા વિકલ્પ અને ચિંતા વિનાની ચીજ, ચિંતા વિનાની ચીજ એના સંગને છોડી અને આવા કુસંગ આદિમાં જઈશ તો કલ્પનાના ઘોડા એવા ઉભા થશે કે શલ્યમાં પડી જઈશ અને આત્માનો સંગ થશે નહિ.

જુઓને, અત્યારે પણ આત્માને નામે બહુ બહાર વાત આવી તો આત્માના નામે હવે બફમ કરવા માંડ્યા. શુદ્ધ આવો છે, ફલાણું છે. એમ કરીને વસ્તુ શું છે એ નહિ. પોતાની કલ્પનાએ આત્માને .. આત્મા.. એમ હોય? વસ્તુ જે છે એમ એની દૃષ્ટિમાં, એના જ્ઞાનમાં, એના ભાસમાં સર્વજ્ઞે કહ્યું એ આવવું જોઈએ કે નહિ? 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' કેવળી પણ્ણંતો ધમ્મો. આવે છેને? ચાર શરણ. 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' સર્વજ્ઞ પરમાત્મા એમ માનતા એક આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે એમ એની માન્યતા થઈ જાય છે. એક જીવની જ્ઞાનની એક પર્યાય ત્રણ કાળ ત્રણ લોક સહિત સ્વને પૂર્ણ જાણે એવી માન્યતા થતાં એક દ્રવ્ય જ સર્વજ્ઞ સ્વભાવી છે, સર્વદર્શી સ્વભાવી છે, પૂર્ણાનંદ સ્વભાવી છે, પૂર્ણ શાંત સ્વભાવી છે, શાંત એટલે ચારિત્ર, આ રીતે એને દ્રવ્યનો

સ્વભાવ એની પ્રતીત (થઈ જાય છે). .. એનો અર્થ છે.

...અચ્છા નહીં હોતા હૈ. બિલકુલ છોડ દે ક્યોંકિ મોહ અચ્છા નહીં હૈ. મોહ અચ્છા નહીં હૈ તો મોહરહિત વહ ભાવ અચ્છા હૈ. કેમકે એ ભદ્ર છે, આ ભદ્ર નથી. બરાબર છે? અહીં કુદરતે શબ્દ આવ્યો શ્લોકમાં લ્યો. લ્યો ધર્મધ્યાન ન હોય, ધર્મધ્યાન ન હોય. ભદ્રધ્યાન હોય. પણ ધર્મધ્યાન અને ભદ્રધ્યાન... આહા..હા..! ચાર પ્રકારના ધ્યાન છે—આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. પાંચમું કોઈ ધ્યાન છે? ચોથે ધર્મધ્યાન છે. આત્માના સ્વભાવની એકાગ્રતાની પરિણતિ જેટલી નિર્મળ થઈ એટલું ધ્યાન છે. ઉપયોગમાં જ્યારે લાગુ પડે ત્યારે તો વળી ધ્યાન હોય જ પણ જેટલી શુદ્ધ પરિણતિ થઈ એટલું તો એકાગ્રપણું સદાય ચાલુ છે. એનું નામ ધર્મધ્યાન છે. રાગાદિ એ તો આર્તધ્યાન છે, મલિનભાવ છે.

(ગાથા-૧૧૧) '**भद्रः न भवति**' '**मोहासक्तं**' '**મોહસે આસક્ત સબ જગત ક્લેશ ભોગતે હુએ દેખો.**' એમ કહે છેને? અરે! રાગ અને વિકારની ભ્રમણામાં પડ્યા જીવોને દુઃખ ભોગતા દેખ. દુઃખ ભોગતા દેખ એમ કહે છે. જરી શબ્દાર્થ બરાબર થયો નથી ભાવાર્થમાં. પાઠમાં તો એમ છે એ બરાબર છે જુઓ. '**अनाकुलत्वलक्षणपारमार्थिकसुखविलक्षणमाकुलत्वोपादकं दुःखं सहमानं पश्येति।**' તો અહીંયા ભાવાર્થમાં બરાબર નથી. પણ એનો અર્થ એ લેવો '**જો આકુલતા રહિત હૈ,...**' એટલે અનાકુળતા. એ અનાકુળતા વાસ્તવિક પરમાર્થિક સુખ છે. સમજાણું? એનાથી વિલક્ષણ '**વહ દુઃખકા મૂલ મોહ હૈ.**' જરી શબ્દાર્થ નથી કર્યા બરાબર પૂરા. ટીકામાં આ છે. '**दुक्खु सहंतउ जोइ**' '**अनाकुलत्वलक्षणपारमार्थिकसुखविलक्षण**' જુઓ, ભાષા બે આમ ગુલાંટ મારીને કરી.

ભગવાન આત્મા અનાકુળ લક્ષણ સુખસ્વરૂપ, એની દૃષ્ટિ, જ્ઞાન એ અનાકુળ લક્ષણ સુખ પરિણતિ, એનાથી વિલક્ષણ નામ વિપરીત લક્ષણવાળા. શું? '**आकुलत्वोपादकं दुःखं**' આકુળતાના ઉત્પાદ કરનારું દુઃખ. આખા જગતને દુઃખનો અનુભવ કરનારા જો. ભગવાન આત્માનો સંગ કર્યો નથી, શુદ્ધ સ્વરૂપના પરિચયમાં, અનુભવમાં આવ્યા નથી, એ બધા જીવને મોહાસક્તવાળા આકુળતારૂપ દુઃખને ભોગવનારા દેખ. આહા..હા..! લ્યો! આ મોટા રાજા મહારાજા, કહે છે, હોય તો એને તું આકુળતા ઉત્પન્ન કરનાર દુઃખી છે એમ દેખ. એમ કહે છે. મલૂકચંદભાઈ! શું? આ તમે અને તમારો છોકરો બધા આકુળતા ઉત્પન્ન કરનારા, પૈસામાં આકુળતા ઉત્પન્ન કરનાર દુઃખી દેખ એમ કહે છે.

મુમુક્ષુ :- લાલ-ગુલાબી મોટરમાં બેઠા હોય.

ઉત્તર :- ધૂળ... લાલ-ગુલાબી મોટર શું થયું પણ ત્યાં? મોટર જડ માટી છે. આને તો કદાચ અત્યારે ઓલું છે, જરી બહુ નથી, પણ હોય તોય શું અનુકૂળતા? એ કલ્પના... કલ્પના...

કલ્પના... આને તો અત્યારે પુણ્યનો યોગ જરી વધારે છે. બહારથી આવે અને સરકાર પાસે માગે છે એક કરોડ. પૂનમચંદ. એક કરોડ લાવો. સરકાર કહે પચાસ લાખ આપું. એ તો ભાઈ! પુણ્યના પરમાણુનો ઉદય હોય (તો આવે). પણ અહીં તો કહે છે, એને આકુળતા દુઃખરૂપ દેખ એમ કહે છે. સુખી ન ભાળ, સુખી ન દેખ. સમજાણું કાંઈ? એ લાખ રૂપિયાની મોટરમાં બેઠો હોય એને સુખી ન દેખ. આકુળતા ઉત્પન્ન કરનારું દુઃખ એના હૃદયમાં પડ્યું છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ લાવો. પરાધીન સ્વપ્ને સુખ નહિ એવો શબ્દ છે શાસ્ત્રમાં, લોકોમાં. તો પરાધીનની વ્યાખ્યા શું? ભગવાન આત્મા અનાકુળ આનંદ એ સ્વાધીન, એ સ્વાધીન સુખ અને એ સિવાય જેટલું નિમિત્તના આધીન દૃષ્ટિ જાય, રાગ જાય, એ પરાધીન સ્વપ્ને સુખ નહિ. દુઃખ છે, પ્રત્યક્ષ છે એમાં શું? બરાબર હૈ? જમીનવાળાને સુખ નહિ? દશ-દશ દીકરા હોય એને સુખ નહિ?

મુમુક્ષ :- આપ કહો છો કે જમીન એની છે જ નહિ એમ કહો છો પછી ક્યાં...

ઉત્તર :- જમીનવાળો કહેવો એ ક્યાં હતો? અહીં તો કહે છે. દીકરાવાળો કે દિ' હતો? આ રાગવાળો પણ કે દિ' આત્મા છે? આસ્રવતત્ત્વવાળો આત્મા છે? અજીવતત્ત્વવાળો આત્મા છે? ભગવાન આત્મા તો જ્ઞાન અને અનાકુળ આનંદસ્વરૂપ આત્મતત્ત્વ છે. એને છોડીને અજ્ઞાની જગતના જીવોને, સંયોગો ઈન્દ્રના ઈન્દ્રાસન પડ્યા હોય, ચક્રવર્તીના રાજ દેખવામાં આવ્યા હોય, છન્નું હજાર સ્ત્રીના સંગમાં ખમ્મા-ખમ્મા થતા દેખ, એ દુઃખી તેને દેખ. એ ભગવાન આત્મામાંથી ખસીને પર ઉપર લક્ષમાં ગયો છે એ આકુળતાને ઉત્પન્ન કરનાર દુઃખમાં પડ્યો છે ઈ.

મુમુક્ષુ :- કોને માટે?

ઉત્તર :- અહીં સમ્યગ્દૃષ્ટિને કહે છેને, ધર્મીને કહે છેને. હે યોગી! એમ કહ્યું છેને? હે ધર્મી! તારા આત્માના અનાકુળ આનંદની તને રુચિ અને અનાકુળ શાંતિ તને સમજાણી છે તો આ બધા આખા જગતના જીવો અનુકૂળ સામગ્રીવાળા હોય કે પ્રતિકૂળ સમગ્રીવાળા હોય, નરકનો નારકી હોય કે ઈન્દ્ર હો, દેવ હો, શેઠિયો હો, અબજોપતિ વાણિયો હોય, મોહમાં પડ્યા છે, પરની આસક્તિમાં પડ્યા છે માટે તેને દુઃખી દેખ. એ દુઃખી છે બિચારા. કહો, સમજાણું જેચંદભાઈ! એ શરીરને કારણે નથી કહ્યું મેં. એ શરીરના કારણે દુઃખી કોણે કહ્યું છે? એના પરદ્રવ્યના અવલંબે ઉત્પન્ન કરેલો વિકાર એ વિકારી જીવને દુઃખી દેખ એમ કહ્યું. એય..! મોહનભાઈ! પછી મોહનભાઈ સુખી અને જેચંદભાઈ દુઃખી એમ નથી અહીં. જેટલો સ્વદ્રવ્યનો આશ્રય

છોડીને પરદ્રવ્યના લક્ષે વિકૃતિ ભાવને ઉભા કરે છે એ આખા જગતને દુઃખી દેખ. કહો, બરાબર હૈ? આહા..હા..! જુઓને સકળ શબ્દ પડ્યો છે કે નહિ?

સકળ જગત '**दुःखं सहमानं पश्येति**' દેખો, આખું જગત કઈ દૃષ્ટિએ જોશે? કે જે સ્વભાવ દૃષ્ટિ જ્યાં નથી અને જ્યાં વિભાવ અને સંયોગ દૃષ્ટિ જ્યાં ઉભી થઈ છે એવા આખા જગતને કીડીથી કુંજર, નારકીથી નવમી ગ્રૈવેયક અને નિગોદથી માંડીને બધા પદો સંસારના એ બધા દુઃખના અનુભવ કરનારા છે એમ દેખ. નિગોદના જીવ પણ ચૈતન્યને ભૂલી, પ્રચૂર ભાવકલંકને પરિણમી રહ્યા છે એ રીતે દુઃખી દેખ. એને સંયોગમાં શરીર મળ્યું માટે દુઃખી એમ નહિ. સમજાણું કાંઈ? એ નિગોદના જીવનો અનંત સમૂહ જીવરાશિ એને તું દુઃખી દેખ. કેમ? કે એ સ્વદ્રવ્યના અવલંબનને છોડીને, પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન કરેલ મિથ્યાભાવ અને રાગ-દ્વેષભાવ કલંક પ્રચૂર એવા પરિણામથી એ જીવને તું દુઃખી દેખ. એમ શેઠિયા, રાજા, દેવો એ પરિણામમાં આકુળતા છે, સ્વભાવની અનાકુળતાની ગંધ નથી, એવા જીવને આકુળતાથી ઉત્પન્ન થયેલા દુઃખને દેખ. દુઃખને દેખ, દુઃખી દેખ. ઓહો..હો..! આ પાંચ-પાંચ લાખની પેદાશ દિવસની. દરેડા પડતા હોય. ક્યાં નાખવા રૂપિયા? દુઃખી... દુઃખી... દુઃખી...

મુમુક્ષુ :- ત્રણ વાર દુઃખી કેમ કહ્યું?

ઉત્તર :- હા, શ્રદ્ધાએ દુઃખી, જ્ઞાને દુઃખી અને ચારિત્રે દુઃખી. ક્યાં ગયા પોપટભાઈ? ભાવનગર ગયા છે. આ એના મામાના દીકરા છે લ્યો નાના. એ ગોવામાં સગા મામાના દીકરા એ. પચાસ હજારની એક દિવસની પેદાશ. એ તો બનેવીને ત્યાં ગયા હતા તો કહેતા કે રૂપિયા ક્યાં નાખવા? આડી અવળી નોટું પડી હોય. એક-એક દિ'ની પેદાશ પચાસ-પચાસ હજારની. કપાટુંમાં જ્યાં હોય ત્યાં નોટુ ને પૈસાના ઢગલા પડ્યા હોય.

મુમુક્ષુ :- એને હૈયામાં હરખ કેટલો હશે!

ઉત્તર :- હરખ ધૂળનો છે, એ તો એ કહે છે. કષાયની હોળી સળગે છે. અકષાય ભગવાન આત્મસ્વભાવ એની દૃષ્ટિ નથી અને આ સંયોગમાં સુખી માને છે એને, હે જીવ! તું દુઃખી દેખ. આહા..હા..! કહો, આ પાંચ-પચાસ લાખની મૂડી અને બે-પાંચ-દશ કરોડની ઉપજ ને... ઓહો..હો..! ભારે અમારે સુખી છે. એક કહેતા હતા, અમારે નાનાલાલભાઈ સુખી છે પૈસાવાળા. એના વેવાઈ વઢવાણના હતા. સુખીની વ્યાખ્યા શું? કીધું સુખીની વ્યાખ્યા શું? આ કરોડ રૂપિયા થયા એ સુખની વ્યાખ્યા હશે? સુખ એટલે શું? સુખ એટલે ક્યાં રહેતું હશે? સુખ શબ્દ છે. એનું વાચ્ય ક્યાં? એનું વાચ્ય ક્યાં? પૈસામાં? એનું વાચ્ય પૈસાની મમતા એમાં જે છે ભાવ એ દુઃખ છે. વસંતીલાલજી! આહા..હા..! આમ દીકરાઓ સો-સો, બસ્સો-બસ્સો પાંચસો દીકરાઓ હોય મોટું આયુષ્ય હોય તો. સ્ત્રીઓ, લાખો સ્ત્રીઓ આમ ખમ્મા-ખમ્મા જુઓને.

ઓલા વસુદેવને કેટલી હતી? ૭૨ હજાર. આ વાસુદેવના પિતા વસુદેવ એને બહુ રાણીઓ હતી એમ આવે છે ઈતિહાસમાં. અને એવું રૂપ હતું કે જ્યાં હોય ત્યાં એ બસ ફીદા-ફીદા થતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વાસુદેવના પિતા વસુદેવ. એની ચર્ચા ચાલી છે અંદર. સમજ્યાને? છોકરાઓ.. પિતાજી! આપ તો બહાર ફર્યા ત્યારે તમને સ્ત્રીઓ મળી છે. છોકરાઓ કહે છે હોં! અમે તો અહીં બેઠા. તમારા કરતા અમે સુખી છીએ એમ કહે છે. એવી એક ચર્ચા ચાલી છે કથામાં. વસુદેવને બહુ સ્ત્રીઓ હતીને. બહુ રૂપાળા હતા અને એને કાઢી મૂક્યા હતા અને વયા ગયા પછી... તમે તો બહાર રખડ્યા. ઓલા છોકરાઓ કહે છે. કૃષ્ણના છોકરાઓ. બહાર રખડ્યા સમજ્યાને? બહાર ફર્યા દેશ મૂકીને ત્યારે તમને રાણીઓ મળી છે. અમે તો અહીં બેઠા અમને રાણીઓ મળી હોં! તમારા કરતા અમે ઠીક છીએ. એ છોકરાઓનું આવે છે ઈતિહાસમાં. કથામાં એવું આવે છે. એકવાર વાંચ્યું હોય તો ખ્યાલ રહે. સમજાણું? અમે અહીંયા રાજમાં, દ્વારકામાં બેઠા અમને કન્યા દેવા આવે છે અને તમે ગામ છોડી, દ્વારકા છોડીને ભાગ્યા હતા દેશમાં. એને ભાગવું પડ્યું હતુંને? બહાર વયું જાવું પડ્યું હતું. ત્યાં તમને કન્યાઓ મળી છે. માટે તમારા કરતા અમે ઠીક છીએ. જો તમે બહુ અભિમાન કરતા હોવ કે અમે આવા છીએ. એ વાત કરતા.. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે બેય દુઃખી છે.

પરના લક્ષે આકુળતા ઉત્પન્ન કરે છે એને સુખી માનવા એ મિથ્યાદૃષ્ટિ ભ્રમમાં પડ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ ખમ્મા-ખમ્મા અન્નદાતા. મખમલના કોટ પહેર્યા હોય, માથે જરીની ટોપી હોય, હાથમાં લાકડી મણિરત્નની હોય આમ અને જોડા પણ અંદર જોડા, સમજ્યાને, એ પણ ઊંચા મણિરત્નથી જડેલા. કરોડ-કરોડ રૂપિયાના એક આમ. આહા..હા..! દુઃખી દેખ, દુઃખી દેખ. એ પરદ્રવ્યના આશ્રયે દૃષ્ટિ પડી છે માટે એને દુઃખી દેખ. એમ કહે છે અહીં. અને મુનિ જંગલમાં કાળામશ શરીર, આહાર પણ મળ્યા ન હોય મહિના-મહિના સુધી, પેટ મળી ગયું હોય અંદર આમ, હાડકા આમ તરવરતા હોય, એને સુખી દેખ. આહા..હા..! આનંદમાં દેખ હોં, દુઃખી ન દેખ. તું એમ ન માન કે આ પરિષહ પડે છે તો અરેરે! મહામુનિ દુઃખી છે. એમ નહિ. તને ચારિત્રના વર્ણનની ખબર નથી. ચારિત્ર એ સુખનું દાતાર છે. તું એમ માને છે કે અરેરે! ચારિત્રમાં બહુ દુઃખ હોં! મૂઢ! તને ચારિત્રની ખબર નથી. એ સ્વરૂપમાં આનંદની કેલી કરતો મુનિ... આહા..હા..! એને બહારમાં રોટલીનો કણ ન મળે અને હવા ન મળે. કાળા મશ જેવા શરીર, બાવળની નીચે બેઠો હોય. બબુલ. બબુલને બાવળ? કાંટા માથેથી પડતા હોય ઓલા ફૂટે એટલે. ઓલાને ફૂલ પડે અને આને માથે કાંટા પડે. આનંદમાં દેખ

હોં! દુઃખી ન દેખ, ન દેખ. તારી દૃષ્ટિ ખોટી છે. જુઓ, અહીં કરડે છે. તો દુઃખી હશે. દુઃખી ન દેખ. એને અંતર આનંદની રેલમછેલા વર્તે છે. અરે! પણ આ તે દૃષ્ટિનો ફેર! સમજાણું કાંઈ? એને દુઃખી ન દેખ. અને અજ્ઞાનીઓ અબજોપતિ દેખાય અને દીકરા, કુટુંબ, આબરૂનો પાર ન મળે, તું દુઃખી દેખ એને. આહા..હા..! દૃષ્ટિનો ફેર છેને આખો? કહો, બરાબર હશે આ? એય..! દેવચંદજી! આહા..હા..! જ્યાં આનંદ પડ્યો છે ત્યાં નજરું ન મળે અને નજર નાખેલો આનંદને વેદે અને બહારની પ્રતિકૂળતાને જોઈને એને દુઃખી માન, ભાન નથી તને.

ઓલામાં કહ્યું છેને નહિ છ ઢાળામાં ભાઈ! સંવર, નિર્જરાને એમ કે વૈરાગ્યને દુઃખરૂપ જાણે. નથી આવતું? દુઃખદાયક માને. હા.. હા.. હા... કષ્ટદાન માને. અરે ભગવાન! ચારિત્ર કષ્ટદાન છે? ચારિત્ર દુઃખદાયક છે? શું તું ચારિત્રની વ્યાખ્યા અને ચારિત્રના સ્વરૂપની સ્થિતિ શું સમજે છે તું? અરે.. મહા દુઃખી હોં! એ ખરા ઉના ટાણે ટાઢા મળે, ટાઢા ટાણે ઉના મળે. એ બિચારા રોગી. દયા ખા છો તું એની? એ આત્માના અતીન્દ્રિય આનંદના ઝૂલામાં ઝૂલે છે અંદરમાં. એ અતીન્દ્રિય આનંદમાં બહારની પ્રતિકૂળતાથી દુઃખી એમ ન દેખ. એ આનંદમાં છે એમ દેખ. આ બહારની અનુકૂળતાથી સુખી ન દેખ, અંદરમાં દુઃખી છે એમ દેખ. બે વાત ફેર છે. આહા..હા..! દેવચંદજી!

સંયોગોના ઢગલા પડ્યા માટે સુખી એમ ન માન. એ દુઃખી છે. સંયોગનું એક પણ સાધન ન હોય, પ્રતિકૂળતા દેખી મુનિને દુઃખી ન માન, દુઃખી ન માન. એ આનંદમાં ઝૂલે છે, એ આનંદિત છે. અતીન્દ્રિય આનંદી એને સુખી જાણ. એને કષ્ટદાયક માને. આહા..હા..! મુનિઓને કેટલું સહન કરવાનું બાપા! ઉઘાડે પગે ચાલવા. શું છે પણ તને? એ ક્રિયા એને અંદર નડે છે? અતીન્દ્રિય આનંદના જ્યાં રેલમછેલ ડુંગરામાંથી પાણીના ઝરણા ઝરે, પાણીના ઠંડા ઝરણા ઝરે આમ હરખ... હરખ. ભગવાન અતીન્દ્રિય આનંદનો ડુંગર છે. એકાગ્રતા મારીને અંદરથી આનંદ કાઢ્યો છે. અતીન્દ્રિય આનંદમાં ઝૂલનારાને દુઃખી ન દેખ. એકલ-દોકલને દુઃખી ન દેખ. હજાર કરોડ રાણીઓ .. હોય, ખમ્મા-ખમ્મા કરતી હોય, ખાતો હોય આમ હીરાના થાળમાં, રાણી બેઠી હોય આમ પંખા નાખવા. ઓલી માખી ન પડે દાળમાં. સુખી ન દેખ. એય..! મોહનભાઈ! આહા..હા..! દુઃખી દેખ. આને સુખી દેખ. આ તે કાંઈ વાત! પણ વસ્તુ એમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ આમ છેને. વસ્તુ આમ છે બાપુ! આહા..હા..!

ક્યાં આકુળતા ઉત્પન્ન કરનાર દુઃખ અને ક્યાં અનાકુળ ઉત્પન્ન કરનારો ડુંગરો ભગવાન આનંદ! બેના ક્યાં આતરા. એક દિશા ફેર બેયની. દિશા ફેરે દશા ફેર, દિશા ફેરે દશા ફેર.

બહાર સંયોગની દિશા ફેરે દશામાં આકુળતા છે. અંતરની દિશાને ફેરે અંતરમાં અનાકુળતાની દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એક બાયડી મરી ગઈ તો દુઃખી, આ મરી ગયોને દુઃખી. ઓલો દાખલો આપ્યો છે અનુભવપ્રકાશમાં. એક વાંદરો હતો વાંદરો કહે. પછી મોટો વડ-વડ. સૂકા પાંદડા. આખું વડ સૂકા-સૂકા. એમાં બે ડાળ હશે સરખી આમ. આમ નીકળેલી. પછી આમ બેસે. બે પગ મૂકીને અહીંને બેઠો. એમાં ઓલો પવન આવે પવન. એક પાંદડું ખખડે. સૂકું હોયને પડે. અરે..! મારું ગયું પાંદડું. દાખલો સમજતે હૈ કિ નહીં? દાખલા નહીં સમજતે?

આ વડ હોતા હૈ કિ નહીં વડ? વડ વૃક્ષ. ઉસમેં ડાલી ઐસી થી દો. ઐસે નીકળેલી. તો વાંદરો અહીં બેઠો અને બે પગ અહીં રાખ્યા. બેઠો શાંતિથી. માથે વડના પાંદડા સૂકાઈ ગયેલા. સૂકા. સૂકા સમજે કે નહિ? સૂકા સમજતે નહીં? સૂકા પાન ખરી ગયેલા. સુકાઈ ગયેલા. સૂકાઈ ક્યા કહતે હૈ સૂકામાં તમારે? ત્યારે પછી સૂકે પત્તેમેં સમજતે નહીં? સૂકા થા અને પવન આયા. એક પાંદડું તૂટ્યું, બીજું તૂટ્યું. હાય... હાય... રોવા મંડ્યો. પણ કેટલું રોઈશ તું? એમ તું જ્યાં આવ્યો ત્યાં બહારની સામગ્રી આવી, એમાં એક સામગ્રી ખરી ત્યાં રોવા મંડ્યો વાંદરો. વાંદરા જેવો છો. અનુભવપ્રકાશમાં દાખલો આપ્યો છે. જ્યાં બેઠો ત્યાં સામગ્રી આવી બધી. બાયડી, છોકરા, પણ એમાં હટવા માંડ્યું એક... એક... એક... એમ એક-એક હટવા માંડે. પાંદડુ તૂટે માંડે એટલે ઓલો વાંદરો રોવે, એમ તું રોવે છો મફતનો. સમજાણું કાંઈ? અરે..! અમે એકલા રહી ગયા હોં! અમારે કોઈ .. એકમાં એવું હતું ભાઈ! એકલો (રહી ગયો). વીસ માણસ ઘરમાં હોં! ઓલું હતુંને ઈન્ફ્લુએન્ઝા. ઈન્ફ્લુએન્ઝાના વખતમાં .. ૨૦ હતા. આ રાંડ્યા હતાને આપણે જબુભાઈ. એ આવ્યા હતાને. જે માંડવે લગન કર્યા હતા એ માંડવે મરી ગયો એ. જબુભાઈ આવે છેને આપણે. ત્યાં લગન કર્યા, પછી ગયા ત્યાં. ત્યાં ઓલો ઈન્ફ્લુએન્ઝા થયો. પછી અહીં ઘરે આવ્યા. એ માંડવો હતો હજી. એ માંડવે ને માંડવે મડદું કાઢ્યું. જે માંડવે લગન તે માંડવે મડદું. અને ઘરે બીજા વીસ માણસ મરી ગયા. એક માણસ રહ્યો એક જ. આ ૬૬ની વાત છે હોં. ૬૮ પહેલા ૬૬માં ઈન્ફ્લુએન્ઝા હતુંને જ્યારે. આ તો એક જરી જાય. અરે! મને આમ થયું, અરે! મને આમ થયું. કેટલાને રોઈશ પણ? એય..! મોહનભાઈ! અને એક સગવડતાનો જ્યાં અંશ આવ્યો.. આહા..! કેટલાને પણ ખુશી કરીશ? દુઃખ છે બધું ઈ. ભગવાન આત્માનો આશ્રય (કરીને) એક અંશ પણ દર્શન, જ્ઞાન અને ચારિત્રનો પ્રગટ કર્યો, સુખી છો તું. બાકી સુખ ત્રણ કાળમાં બહારમાં છે નહિ. સમજાણું કાંઈ?

જુઓને! અહીં શું કહ્યું? એવા જીવને દુઃખી દેખ, દુઃખ સહિત દેખ. શું કહે છે? સ્વભાવનો

અનાદર કરીને પરના લક્ષે વિકાર ઉત્પન્ન કરી જીવો સુખ માને છે. હે જીવ! તું સત્યદષ્ટિએ તેને દુઃખી દેખ. અને જ્ઞાનીઓ ધર્માત્માને, સંતોને બહારની અનુકૂળતાનો એક અંશ ન દેખાય, પ્રતિકૂળતાના પાર ન દેખાય, પથરા માથેથી પડતા હોય, અગ્નિ જ્વાળા વ્યંતર દેવો આવીને આમ અગ્નિ જ્વાળા આમ આમ માથે નાખતા હોય, (એને) દુઃખી ન દેખ. આહા..હા..! એ અંદરમાં આનંદની લહેર ઉડાવે છે. અતીન્દ્રિય આનંદને ચાટે છે. અતીન્દ્રિય આનંદનો આસ્વાદ... આસ્વાદ.. આસ્વાદ.. એ અંતરની પરિણતિએ સ્વભાવને આશ્રયે સુખ છે. બહારના આશ્રયે પરિણતિએ તે બધા જીવો એકાંત દુઃખી જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- ક્યાં ભાઈ.. અત્યારે એ વસ્તુ તો.. એક ફેરી તો બહાર, કહ્યું હતું એક ફેરી. જંગલમાં ગયો હતો એક ફેરી. કોઈ નહોતું, એકલો હતો. અરે! કોઈ મુનિ આ તમારી દશા બોલણી કેવી છે એ તો બતાવો અમને. બહાર જંગલમાં એકલા. કોઈ મુનિ તો આવો. પછી અહીંથી વયો જાત તમારી સાથે. ભાઈ! ચારિત્રદશાવંત પરમેશ્વર આહા..હા..! કીધું, એની વાણીની ઢબ કેવી! એની કલ્પના ઉઠે વિકલ્પ અને એની ભાષાની શૈલી કેવી! એના દેહની ગતિનું ગમન કેવું! જ્યાં ઠરી ગયેલું શાંત બિંબ થયું છે એનો દેખાવ, એની લાઈન અલૌકિક બાપા! એ તો. એ દર્શન દુર્લભ થઈ પડ્યા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**વહ મોહ પરમાત્મસ્વરૂપકી ભાવનાકા પ્રતિપક્ષી...**' જુઓ, ભગવાન આત્મા પરમસ્વરૂપ એની ભાવના. ભાવના એટલે એકાગ્રતા હોં! એના વેરી. પ્રતિપક્ષી છેને? '**દર્શનમોહ, ચારિત્રમોહરૂપ હૈ.**' મિથ્યાશ્રદ્ધા અને મિથ્યા રાગ-દ્વેષના પરિણામ એને અહીંયાં મોહ કહેવામાં આવે છે. એ મોહી પ્રાણી દુઃખી છે. '**ઈસલિયે તુ ઉસકો છોડ. પુત્ર, સ્ત્રી આદિકમેં તો મોહકી બાત દૂર રહે, યહ તો પ્રત્યક્ષમેં ત્યાગને યોગ્ય હી હૈ, ઔર વિષય-વાસનાકે વશ દેહ...**' પાઠમાં એમ લીધું, ભાઈ! '**परित्यक्ते पुनर्वासनावशेन स्मणरुपो मोहो न कर्तव्यः।**' સંસ્કૃત ટીકા એમ લીધી છે. '**पुनर्वासनावशेन स्मणरुपो मोहो न**' એ ન જોઈએ. યાદ ન કરીશ એને હોં. આહા..હા..! ભલે સ્ત્રી, પુત્રો તો છૂટ્યા છે એમ કે, પણ ઓલું સ્મરણ જે થાયને.. આહા..! એ ભેગા હતા, આમ ખવરાવતી, આમ પીવરાતી. આહા..! યાદ કરીશ નહિ. એય..! એ દુઃખમાં જઈશ નહિ આમ ડુંગરામાં પાછો.. જોયું! '**पुनर्वासनावशेन स्मणरुपो मोहो न कर्तव्यः।**' એ શબ્દાર્થમાં નથી મૂક્યું ભાઈ! મૂળ તો આ વાત છે અંદર. બાહ્ય ચીજ તો છૂટી ગઈ છે, અંતર દષ્ટિ થઈ, પણ પાછળથી એ પાછું એને યાદ કરીશ નહિ હોં. નારાણભાઈને એ યાદ આવવા માંડ્યું ભાઈ પહેલું પાછું. ત્યારે ફર્યું, કીધું, ફર્યું આનું બધું. ઓહો..! ઘરે બૈરા કાંઈ શીરો કરી દેતા! એલા! પણ આ ક્યાં યાદ આવવા માંડ્યું?

આ શું કર્યું તમે આ? શીરો સમજતે હો શીરો? હલવા. અમારી સાથે દીક્ષિત હુઆ થા ન એક નારણભાઈ. આમ વૈરાગસે પહલે દીક્ષા લિયા. દીકરો હતો, મરી ગયો. એક કંકોત્રી લિખી મેરે ઉપર. પૂર્વના સંસ્કાર હતા, પણ પીછે ઐસી વૃત્તિ ફિર ગયી. બહુ બદલી ગયી. તો પહેલા તો કાગળ (લખ્યો). એકનો એક દીકરો હતો, મરી ગયો. એકનો એક દીકરો. સગપણ કર્યું હતું સગપણ શું કહેવાય? સગાઈ કરી હતી. તો એ પાછા લૂગડા પહેરીને.. કાગળ આવ્યો કંકોત્રી આવી ઉમરાળા. મારે આપની પાસે દીક્ષા લેવી છે અને આપણે બે એકાંતમાં શાસ્ત્રનું મનન, ચિંતવન કરશું. એવો એને ભાવ હતો. પાછું દીક્ષિત થયા અને થયું અને વળી પાછું યાદ આવ્યું. એક ત્યાં .. ગામ છે. વીંછીયા પાસે નહિ અમરાપર. ત્યાં ખાતા વખતે બોલવા માંડ્યા. કે બૈરા ઘરે શીરો ઉનો કરતા અને દાળ (કરી આપતી). શું કર્યું આ? કીધું, શું વળી યાદ આવ્યું? પાછી આ હોળી શું સળગી? બધા દાખલા થઈ ગયેલા. આ ફર્યું, કીધું, તમારું આ બધું, કાટલું ફર્યું એમ ફરી ગયું. એકદમ વૃત્તિ બહુ ફરી ગઈ. મગજ અસ્થિર થઈ ગયું, પછી મગજ અસ્થિર થઈ ગયું. અસ્થિર થઈ ગયું.

અહીં કહે છે કે આહા..હા..! ઘરમાં હતા. બૈરા એવી તુવેરની દાળ વઘારીને કરી દેતા. આ તુવેરની દાળ આવે છેને. તુરની દાળ કહતે હૈ ન? તુવેર–તુવેર. અરે..! પણ શું માંડી આ? હોળી આવશે આ તો કીધું. થઈ રહ્યું. મગજ ફરી ગયું પછી તો. આ શું અંકુરો શું ફૂટ્યો આ? છોડીને બેઠા બાયડી-છોકરા, તમે કંકોત્રી લખી હતી કે આ બધું છોડ્યું. હવે આપણે એકાંતમાં શાસ્ત્રનું મનન કરશું. તર્કબાજી બહુ હતા તર્કબાજ. પૂર્વથી આવેલાને. સમજાણું? પણ પછી ફરી ગયું બહુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે એ કહે છે. એય..! મોહનભાઈ! યાદ કરે. બાઈ ઓલી.. બેઠી યાદ કરે. આહા..હા..! એની કઢી કરેલી અને એની રોટલી. આ શું છે પણ? દેવચંદજી!

અહીં કહે છે કે એ સ્મરણ છોડી દે. જુઓ, '**पुनर्वासनावशेन स्मणरुपो मोहो न कर्तव्यः**' મુનિ થયો તું ત્યાગી. શું થયો છો તું? આહા..હા..! પ્રવર્તન તો કાંઈ છે નહિ, પણ સ્મરણ ન કર. ભગવાનને સ્મરણવા જોઈએ કે આને સ્મરણવા જોઈએ? આને યાદ કરવો કે આહા..હા..! પૂર્ણ પરમાત્મા મોટો આ! આ દૃષ્ટિમાં લીધો છે, હવે મારે આમાં સ્થિર થવું જોઈએ. એમ થયું કે આ સ્મરણ કર્યું? સ્મરણમાં તો અવગ્રહ, ઈહા, અવાય ધારણામાં નક્કી અનુભવ કર્યો છે કે આ આત્મા પરમાત્મા છે. તો એને ધારણામાં નક્કી કર્યો એને સ્મરણમાં લાવને. એને યાદ કરને વારંવાર. આ વાત ક્યાંથી લાવ્યો વળી આ? સમજાણું કાંઈ? જેની ધારણા હોય એની સ્મૃતિ આવેને? આની ધારણા સ્વરૂપની કરી હોય તો એનું સ્મરણ કરને. આની ધારણા

કરી એને સ્મૃતિ ક્યાંથી લાવ્યો વળી પાછો?

**'ઔર વિષય-વાસનાકે વશ દેહ આદિક પરવસ્તુઓંકા રાગરૂપ મોહ-જાલ હૈ, વહ ભી સર્વથા ત્યાગના ચાહિયે. અંતર બાહ્ય મોહકા ત્યાગકર સમ્યક્ સ્વભાવ અંગીકાર કરના.'** લ્યો! ભ્રમણા અને રાગનો વ્યય કરીને. ઉપદેશમાં તો એમ જ આવેને. સ્વભાવનો આશ્રય કરતાં, સ્થિર થતાં વિપરીત દૃષ્ટિ છૂટી જાય છે અને રાગ પણ ઉત્પન્ન થતો નથી એને રાગને દૃષ્ટિમાં છોડે છે એમ કહેવામાં આવે છે. **'સમ્યક્ સ્વભાવ અંગીકાર કરના. શુદ્ધાત્મા કી ભાવનારૂપ જો તપશ્ચરણ...'** દેખો હવે જરી. શું કહે છે?

હવે મુનિપણાની વ્યાખ્યા કરે છે એક ટૂંકા શબ્દમાં. **'शुद्धात्मभावनास्वरुपं तपश्चरणं तत्साधकभूतशरीरं'** શું કીધું? કે શુદ્ધાત્માની એકાગ્રતારૂપ તપશ્ચરણ નામ મુનિપણું એને કહીએ. મુનિપણાની વ્યાખ્યા આટલી કરી છે. મુનિ કહો, તપ કહો. તપકલ્યાણકમાં આવે છેને. મુનિનું આવે છેને? ભગવાનનું તપકલ્યાણક ક્યારે કહેવાય? કે ઓલું મુનિપણું લે એ. મુનિપણું લે એ તપકલ્યાણક કહેવાય. એમ મુનિપણું એટલે શું? કે શુદ્ધાત્માની ભાવનારૂપ મુનિપણું. શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એમાં ચારિત્રની એકાગ્રતા. એ શુદ્ધાત્માની ભાવનારૂપ તે મુનિપણું. અઠ્યાવીશ મૂળગુણ આવે એ મુનિપણું નહિ એમ કહે છે. આહા..હા..! જુઓ, પાઠ છેને અંદર? **'शुद्धात्मभावनास्वरुपं तपश्चरणं तत्साधकभूतशरीरं'** એનું નિમિત્તભૂત શરીર છે બાહ્ય, વ્યવહાર સાધક, નિમિત્ત.

**'શુદ્ધાત્મા કી ભાવનારૂપ...'** ભગવાન શુદ્ધ સ્વરૂપ પ્રભુ એની દૃષ્ટિએ પણ એની એકાગ્રતા સ્વરૂપમાં છે, એનું જ્ઞાન પણ સ્વરૂપમાં જ એકાગ્રતા છે અને એનું ચારિત્ર એ પણ સ્વરૂપમાં જ એકાગ્રતા છે. એ શુદ્ધ ઉપયોગ અહીં લીધો છે. એ આગળ હજી લેશે. **'શુદ્ધાત્માકી ભાવના...'** નામ એકાગ્રતાસ્વરૂપ જો મુનિપણું. એટલે મુનિપણાની વ્યાખ્યા કરી આ. શરીરનું નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી. અઠ્યાવીશ મૂળગુણ ઉત્પન્ન થાય એ તો આસ્રવ છે. એ કાંઈ મુનિપણું છે? **'શુદ્ધાત્મા કી ભાવનારૂપ...'** મુનિપણું. તેથી ટોડરમલજીએ એ લીધું છેને. શુદ્ધોપયોગ મુનિએ અંગીકાર કર્યો છે. શુદ્ધોપયોગના સાધન વડે ઘાતિકર્મનો નાશ કર્યો છે. એવું પહેલા શરૂઆતમાં પાંચ પદની વ્યાખ્યા કરી છેને, ત્યાં એવું લીધું છે. સમજાણું? એણે તો શબ્દો બધા શાસ્ત્રના પકડીને બહુ લીધા છે. હવે એને અપ્રમાણ ઠરાવવા માગે છે માણસો.

'આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું સ્વરૂપ.' 'વૈરાગી બની, રાગથી ખસી, સમસ્ત પરિગ્રહ એ નિમિત્ત છૂટીને શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને.' મુનિની વ્યાખ્યા જ આ કરી છે. શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ. અને પ્રવચનસારમાં પહેલી ગાથામાં સામ્ય લીધું છેને? એ 'સામ્ય અંગીકાર કરું છું' એનો અર્થ કે શુદ્ધોપયોગ અંગીકાર કરું છું. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે પહેલી ગાથામાં.

પાંચ પરમેષ્ઠીને નમન કરી, પ્રત્યેક-પ્રત્યેકને વંદન કરી અને હું શુદ્ધોપયોગરૂપ સામ્યભાવને અંગીકાર કરું છું. એ અહીંયા શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી. અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી. પોતાના જ્ઞાનાદિ સ્વભાવને એ પોતાના માને છે, પરભવને .. કરતા નથી, વિકલ્પ આદિને .. કરતા નથી. બહુ સરસ વાત કરી છે. આ કઠણ પડે આ વર્તમાન માણસને. ઓલા અઠ્યાવીશ મૂળગુણવાળા મુનિ છે એમ માને. અહીં કહે ના, ના, શુદ્ધ ઉપયોગ એ મુનિપણું છે. એ તો વ્યવહારથી વાત કરી. અઠ્યાવીશ મૂળગુણ પાળે, વ્યવહાર પાળે. આસ્રવ પાળે. રક્ષા કરવી છે આસ્રવની? પણ આવે છે ભૂમિકા એટલે વ્યવહારનયથી પાળે એમ કહેવામાં આવે છે. વસ્તુ સ્વરૂપ તો શુદ્ધ ઉપયોગ પાળે છે. સમજાણું?

એટલે અહીંયા યોગીન્દ્રદેવની ટીકા બ્રહ્મદેવે કરી એમાં શુદ્ધાત્માની ભાવનારૂપ જે મુનિપણું. એટલા શબ્દમાં મુનિપણું સમાડી દીધું. આહા..હા..! શુદ્ધાત્માની દૃષ્ટિ તે સમ્યક્, શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન અને શુદ્ધાત્મામાં આચરણ, ઠરવું તે ચારિત્ર. એનું સાધક જે શરીર નિમિત્ત. **'ઉસકી સ્થિતિકે લિયે અન્ન જલાદિક લિયે જાતે હૈં,...'** વિકલ્પ ઉઠે છેને મુનિને અન્ન-જળ (લેવાનો). **'તો ભી વિશેષ રાગ ન કરના,...'** એમ. ગૃદ્ધિનો રાગ ન કરવો. **'રાગરહિત નીરસ આહાર લેના ચાહિયે.'** એટલે વિશેષ આસક્તિ ઓછી કરી નાખવી. એક વિકલ્પ ઉઠે આહાર લેવાનો. શરીરનું નિમિત્ત છે એટલે વિકલ્પ એવો આવે, પણ એમાં ગૃદ્ધિ કરવી નહિ. કહો, સમજાણું કાંઈ?

જુઓ, **'સ્થિતિકે લિયે અન્ન જલાદિક લિયે જાતે હૈં,...'** વિકલ્પ છેને ભાઈ એ વખતે? જલાદિક લેવો તે વિકલ્પ છે. છતાં પાઠમાં લીધું મુનિપણું તો શુદ્ધાત્માની ભાવનારૂપ જ એ મુનિપણું છે. એ શુદ્ધ સ્વભાવ ભગવાન એની જે અંતર એકાગ્રતાની પરિણતિ નિર્મળ થઈ એ જ મુનિપણું છે. વચ્ચે આ વિકલ્પ આવ્યો આહાર લેવાનો, એને અહીંયા મુનિપણું કહ્યું જ નથી. એ તો જાણવા લાયક, જાણવા લાયક છે, પણ એ કાળે એવું જ આવે. ગૃદ્ધિનો રાગ કરીશ નહિ એમ ઉપદેશમાં આવે. સમજાણું કાંઈ? ૧૧૧ થઈ લ્યો. બીજી ૧૧૧ છે. પ્રક્ષેપક. ક્ષેપક-ક્ષેપક. આહારનું નાખ્યું વધારે સ્પષ્ટ કરવા.

**૨૩૯) काउण णग्गरुवं बीभस्सं द्डढ-मडय-सारिच्छं।**
**अहिलससि किं ण लज्जसि भिक्खाए भोयणं मिट्टं।।१११*२।।**

આહા..હા..! વૈરાગ્યની .. ભાઈ! બાપા! તું તો એટલો વૈરાગે ચડી ગયો. હવે એ ભીક્ષા માટે જતા તને ઈષ્ટ આદિની વૃત્તિ કેમ આવે છે? કે અહીં ઠીક આહાર હોય, ઉનો હોય, જરીક ઠંડી બહુ છે માટે જરીક ઊનું... આ શું પણ તને થયું? સમજાણું? ઊના કહતે હૈ

ન ઊના? ઉષ્ણ. ગરમ-ગરમ. ઠંડીકા દિન હોય તો ગરમ હોય તો ઠીક રહે. ટાઢું અત્યારે ન હોય.. હવે પણ શું પડી છે તને આ? એમ કહે છે. ભાઈ! શરીર છે એને વિકલ્પ આવ્યો છે. મુનિપણું તો શુદ્ધાત્મ ભાવનાની એકાગ્રતા એ જ છે. વ્યવહાર વચ્ચે આવો આવ્યા વિના રહેતો નથી, પણ એમાં ગૃદ્ધિ ન કરીશ, સારું-નરસું ન કરીશ. અહીં આહાર મળે અને આ ઘરે સારું મળે, મોટું ઘર છે માટે ઠીક મળશે. બાપા! આ નાગા શરીરને, બિભત્સ શરીરને, મડદા જેવા શરીરને આવો વિકલ્પ શોભે છે? મુનિ તો મરી ગયેલા મડદા જેવા લાગે. આહા..હા..! અંદર ચૈતન્ય ટકટકે છે આનંદથી. આ મડદા જેવા આમ. વળી જંગલમાં કોક ખાઈ ગયું હોય થોડું ઘણું કટકું બટકું.. તો એ એમ ને એમ રૂઝાઈ ગયું હોય અને એમ ને એમ ખાડો પડ્યો હોય. જંગલમાંથી મુનિ આવે આહાર લેવા. જ્યાં સુધી લબ્ધિ ન હોય ત્યાં સુધી કાંઈ પૂરું થઈ જાય એવું કાંઈ નહિ. ખાડો રહી જાય. બટકુ ભરી ગયો હોય કોઈ સિંહ લ્યોને.

કહે છે, અરે યોગી! **'ભયાનક દેહકે મૈલસે યુક્ત...'** બિભત્સ. એક તો ભયાનક દેહ મેલ છે તારે તો, જોને. આવા શરીર માટે આવા આહારની વૃત્તિ તને શોભે છે? એમ કહે છે. મડદા ઉપર ફૂલ મૂકવા તારે શું કરવું છે? ઉકરડે ફૂલ મૂકવા છે તારે? ઉકરડા સમજતે હૈ? આ ઢેર. કચરેકા ઢેર. એમ આ કચરેકા ઢેર હૈ, મેલ. **'दग्धमृतकसदृशम्'** **'જલે હુએ મુરદેકે સમાન રૂપરહિત...'** દશા કાળીમશ થઈ ગઈ હોય. આ સ્થિતિ દશા હોય. રાજાના કુંવર હોય, શરીર જીર્ણ થઈ ગયું. ભાઈ! આવા શરીરવાળાને આહારની વૃત્તિ (આવે કે) આવો આહાર હોય તો ઠીક, ભાઈ! શોભે છે તને? લજ્જા નથી આવતી? આચાર્ય ઠપકો આપે છે.

**'ऐसे...'** **'नग्नरुपं'** **'વસ્ત્ર રહિત નગ્નરૂપકો ધારણ કરકે હે સાધુ, તૂં પરકે ઘર ભિક્ષાકો ભ્રમતા હુઆ ઉસ ભિક્ષામેં સ્વાદયુક્ત આહારકી ઈચ્છા કરતા હૈ, તો તૂં ક્યોં નહીં શરમાતા? યહ બડા આશ્ચર્ય હૈ.'** એટલી વૃત્તિ પણ, ભગવાન! તને શોભે છે ત્યાં? એ ભૂમિકાને શોભે છે? એમ કરીને વૈરાગ્ય કરાવી સ્વરૂપમાં ઠરાવવા માગે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૪, શુક્રવાર, તા. ૧૮-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૧૧-૨-૩-૪, પ્રવચન-૧૫૧**

પરમાત્મપ્રકાશ. એની ૧૧૧ની બીજી ગાથા છે. ૧૧૧. છેને ૧૧૧? એની બીજી ગાથા. ભાવાર્થ ભાવાર્થ. શું અધિકાર ચાલે છે? ગુજરાતી સમજતે હૈ? ગુજરાતી ચલતે હૈ. ગુજરાતી નહીં સમજતે? નહીં સમજતે. આ ...

મુમુક્ષુ :- મુંબઈમાં તો ચાલતું હતું.

ઉત્તર :- હા, મુંબઈમાં તો ચાલતું હતું ગુજરાતી. મુંબઈમેં ગુજરાતી ચલતા થા.

'**ભાવાર્થ :- પરાયે ઘર ભિક્ષાકો જાતે મિષ્ટ આહારકી ઈચ્છા ધારણ કરતા હૈ, સો તુઝે લાજ નહીં આતી?**' શું કહે છે? મુનિને તો આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય છે. સમ્યગ્દર્શન થતાં જ્યાં આત્માનો અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય, એને પરપદાર્થમાં ગૃદ્ધિ જ્ઞાનીને હોય નહિ. તો અહીં તો મુનિની વાત છે. આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ એનો જ્યાં અનુભવ-અનુભૂતિ થઈ, ત્યાં આત્માના આનંદનો સ્વાદ સમ્યગ્દષ્ટિને આવે તો એને પરપદાર્થમાં આનંદનો પ્રેમ અને રુચિ હોતી નથી. સમજાય છે કાંઈ? જેને શુભભાવ આવે એમાં રુચિ હોતી નથી એને અશુભભાવમાં તો રુચિ કેમ હોય? તો અહીં તો મુનિની વાત કરે છે. મુનિનું નગ્ન શરીર, બળેલું શરીર, જીર્ણ શરીર અને તેં આ બાહ્ય ત્યાગ કર્યો અને ભીક્ષા માટે સારા આહારની ઈચ્છા કરે, લાજ છે કહે છે. લજ્જા છે, તને શોભતું નથી. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ તને આહારના ગૃદ્ધિનો સ્વાદ આવ્યો, તને અતીન્દ્રિય આનંદના સ્વાદની ખબર નથી. સમજાણું કાંઈ?

જુઓ એ કહે છે, '**તુઝે લાજ નહીં આતી?**' ભાષા પણ એવી લખી છેને. '**किं ण लज्जसि भिक्खाए भोयणं मिट्ठं**' ભીક્ષામાં મિષ્ટ ભોજનને માટે (ઈચ્છા કરે છે). મિષ્ટ સ્વાદ તો ભગવાન આત્માનો છે. એના અનાકુળ આનંદની રુચિ છોડી, હે મુનિ! તને લાજ નથી આવતી (કે) આ નગ્ન શરીરમાં આહારની ગૃદ્ધિની વૃત્તિ તું કરે છો? શોભતું નથી ભગવાન! સમજાય છે કાંઈ? કહે છે '**ઈસલિયે આહારકા રાગ છોડ. અલ્પ ઔર નીરસ, આહાર ઉત્તમ કુલી શ્રાવકકે ઘર સાધુકો લેના યોગ્ય હૈ.**' આહારનો રાગ છોડીને એટલે તીવ્ર આસક્તિ છોડીને. આહાર લેવાનો એટલો વિકલ્પ તો હોય છે. સમજાય છે? પણ એ કાંઈ

આહારસંજ્ઞા નથી. આહારસંજ્ઞામાં તો ગૃદ્ધિ થઈ જાય છે. એ છોડવા માગે છે. આહાર લેવાની વૃત્તિ હોય છે, પણ ગૃદ્ધિ હોતી નથી. એથી આહારનો રાગ છોડી એટલે ગૃદ્ધિનો રાગ છોડી અને '**નીરસ, આહાર ઉત્તમ કુલી શ્રાવકકે ઘર...**' સારા ઉત્તમ કુળને ઘરે નીરસ આહાર '**સાધુકો લેના યોગ્ય હૈ.**' ઓહો..! અતીન્દ્રિય આનંદના સ્વાદની ભૂમિકામાં, સ્વરૂપમાં ઉપયોગ ન ઠરે ત્યારે શરીરના નભાવમાં નિમિત્તરૂપે આહારનો વિકલ્પ આવે, એને એવી ગૃદ્ધિનો રાગ હોતો નથી. એની ભૂમિકાને એ શોભતું નથી એમ કહે છે.

'**મુનિકો રાગ-ભાવ રહિત આહાર લેના ચાહિયે.**' આમ તો વિકલ્પ ઉઠ્યો છે આહાર લેવાનો એટલો તો રાગ છે, પણ ગૃદ્ધિનો રાગ છોડીને લેવો. આહાર લેવાની વૃત્તિ છે એ તો વિકલ્પ છે. સમજાય છે? પણ એ વિકલ્પ એમાં તીવ્રતા અને ગૃદ્ધિ નથી એટલે '**મુનિકો રાગ-ભાવ રહિત આહાર લેના ચાહિયે.**' એમ કહ્યું છે. કાંઈ વીતરાગભાવ હોય અને આહાર લેવાની વૃત્તિ આવે એમ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- અલ્પ.

ઉત્તર :- ક્યાં? '**અલ્પ ઔર નીરસ,...**' થોડો. શરીરનો નિર્વાહ થાય એટલો થોડો એમ. પેટ ભરીને નહિ અને અલ્પ. ફક્ત શરીરનો નિર્વાહ સંયમનો નિમિત્ત રૂપની વાત છે અત્યારે. એ નિમિત્તની વ્યાખ્યા લાંબી કરશે. નિમિત્તમાં અતીન્દ્રિય આનંદનું... અહીં આગળ કહેશે. તપ સંયમ તો શુદ્ધાત્માની ભાવના છે. ભગવાન આત્મા... નીચે છે. શુદ્ધ આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદ એની એકાગ્રતા એ તપ અને સંયમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મોક્ષની પર્યાય સાધે છે એને મુક્તસ્વરૂપ ભગવાન દ્રવ્યસ્વરૂપ મુક્ત છે એવી દૃષ્ટિનો એને આનંદ આવી ગયેલો હોય છે. શું કહ્યું સમજાણું? મોક્ષની પર્યાય એટલે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ એ મોક્ષની પર્યાયને સાધે છે સાધક, એ સાધકને અંતર દ્રવ્ય વસ્તુ તે મુક્તસ્વરૂપ છે અને સર્વજ્ઞ સ્વભાવ છે એટલે એ અટકેલો સ્વભાવ હોઈ શકે નહિ. પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની અંતરમાં દૃષ્ટિ થઈ એટલે અતીન્દ્રિય આનંદનો અને સર્વજ્ઞ સ્વભાવની શક્તિનો એને સ્વાદ પર્યાયમાં આવ્યો છે. સમજાય છે કાંઈ? એથી એને બહારની વૃત્તિમાં આહારની વૃત્તિ આવે, અલ્પ આહાર અને નભાવ થાય એટલી વૃત્તિ હોય અસ્થિરતાની, પણ એને વિશેષ હોઈ શકે નહિ. એ ભૂમિકાની યોગ્યતા જ એને રાગ એ જાતનો હોય. સમજાણું કાંઈ? અને એને માટે કરેલો હોય એમ ખ્યાલ આવે તો લે નહિ. પ્રાણ જાય તોપણ લે નહિ. એને ખ્યાલ આવે કે હું એક છું, આ ઘરના બે માણસ છે, આટલો બધો આહાર-પાણી કેમ આને ઘરે? એમ ખ્યાલ આવ્યો અને એને માટે છે એમ લાગ્યું (તો) ન લે. ભલે એને માટે ન કરેલો હોય. પણ એને વિકલ્પમાં આવ્યું કે આમ કેમ? તો ન લે. અને સહજપણે લોકોએ બનાવેલો

હોય અને એની વૃત્તિમાં નિર્દોષ પોતાને લાગે કે આ મારે માટે નથી. એવો વિકલ્પ આવે તો લઈ લે આહાર. કોઈ વખતે ખ્યાલ સરળપણે ન પણ વિચારે, એને માટે કરેલો પણ હોય, પણ સરળપણે, સહજપણે એના વિકલ્પમાં એમ ન આવ્યું કે આ શું? તો એ લે તોપણ એને નિર્દોષ જ છે. એના વિકલ્પને આધારે વાત છે. માયાથી એમ વિચારે કે .. એમ નહિ. અહીંયાં તો આત્મા શુદ્ધ ચિદાનંદ એનો અનુભવ અને એ ઉપરાંત શાંતિ ચારિત્રની તો ઘણી ઉગ્ર થઈ ગઈ છે. હવે એને વિકલ્પ તો આહારનો આવે, છતાં એ આહારસંજ્ઞાની ગૃદ્ધિ નથી. આહારસંજ્ઞાને તો પાપ કહ્યું છે.

મુમુક્ષુ :- ગૃદ્ધિ...

ઉત્તર :- ગૃદ્ધિકો ક્યા કહતે હૈં? આસક્તિ. લોલુપતા-લોલુપતા. ગૃદ્ધિ હિન્દીમેં નહીં આતી? મરાઠી ભાષા. ગૃદ્ધિ એટલે લોલુપતા, આસક્તિ, તીવ્રતા.

મુમુક્ષુ :- લંપટતા.

ઉત્તર :- હાં, લંપટતા, તીવ્રતા. કહો, સમજમેં આયા?

તો કહે છે મુનિને તો ઓહો..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એને અસ્થિરતા આવી છે પણ એ વિકલ્પની મર્યાદા છે કે આ આહાર મારે માટે કરેલો નથી એવો વિકલ્પ છે. લઈ લે. તો એણે રાગરહિત જ આહાર લીધો છે એમ કહેવામાં આવે છે. ઓલો રાગ વિકલ્પ તો છે, પણ તીવ્ર રાગની આસક્તિ નથી માટે રાગરહિત લીધો છે એમ કહેવામાં આવે છે. વસ્તુ આમ છે. સમજાણું કાંઈ?

**'સ્વાદિષ્ટ સુંદર આહારકા રાગ કરના યોગ્ય નહીં હૈ. ઔર શ્રાવકકો ભી યહી ઉચિત હૈ, કિ ભક્તિ—ભાવસે મુનિકો નિર્દોષ આહાર દેવે,...'** એમ અનુકંપા કરકે નહિ. અરે! આવ્યા મુનિ, દુઃખી છે, આહાર નથી. એમ નહિ. એ તો અનુકંપા (થઈ). અનુકંપાને યોગ્ય મુનિ નથી. મુનિ તો ભક્તિને યોગ્ય છે. કૃપાપાત્ર નથી. કૃપાપાત્ર તો બીજા દુઃખી પ્રાણી હોય એ કૃપાપાત્ર છે. આ તો ભક્તિને પાત્ર છે. સમજાણું કાંઈ? આમ એને બહુમાન આવી જાય કે આહા..! મારે ઘરે કલ્પવૃક્ષ આવ્યું. એમ વસ્તુનું ભાન છેને? સમકિતસહિત છેને? શ્રાવક સમકિતસહિત ભાન છે એને આત્માના આનંદનો સ્વાદ આવી ગયો છે. અને વિકલ્પ આમ મુનિ આવે છે. ઓહો..! ભરત ચક્રવર્તી જેવા આમ બહાર નીકળે છે. આમ સોનાનો ઓલો હોય છે જનોઈ આદિ કે રતનની ચાખડી આમ મણિરત્નના મહેલ છે. જ્યારે આહારનું ટાણું હોય છે તો બહાર નીકળે આમ બહાર. કોઈ મુનિ (આવે). નહિતર તો એ ભવે મોક્ષ જનારા છે. ખબર છે કે આ ભવે મારું કેવળ છે. મારે ચરમશરીર (છે), પણ એ ભૂમિકામાં એવો ભાવ આવ્યા વિના રહે નહિ. બહાર નીકળે છે આમ. દરવાજા પણ મોટા હોયને એના બંગલાના.

આમ બહાર નીકળે છે બંગલાની બહાર જોવે છે. એમાં મુનિ ઉપરથી આવે છે. આવે છેને ઈતિહાસમાં? ઉપરથી મુનિ આવે છે. પધારો... પધારો... પધારો... મારા ઘરે આહારનું કલ્પવૃક્ષ આવ્યું. ઓહો..! આહાર આ એક શરીરમાં નાખવો એ કરતા મહાસંત મુનિ જેનું શુદ્ધાત્મ આરાધન અંદરમાં વર્તે છે એવા શરીરમાં નિમિત્તરૂપે મારો આહાર (જાય છે), મારે ઘરે કલ્પવૃક્ષ આવ્યું. એમ એને પ્રમોદ આવે છે. ભક્તિનો પ્રમોદ છે. એમ નહિ કે આ લ્યો મુનિ આવ્યા. લ્યો ઘો એને આહાર. એમ થયું હતું ભાઈ એક ઠેકાણે. એક કોઠારી હતાને તમારે ત્યાં ગોંડલમાં. મગજ અસ્થિર થઈ ગયું હતું.

મુમુક્ષુ :- અમૃતલાલ.

ઉત્તર :- અમૃતલાલ. રસ્તા ઉપર ડેલો. એક ફેરી ત્યાં ગયા. એની વહુ બિચારી બહુ પ્રેમી. આનું મગજ ઠેકાણે નહોતું એટલે બોલી નાખે બિચારો. ઘો ઘો આ બિચારા આવ્યા છે, ઘો આહાર.

અહીં તો મહાસંત. આહા..હા..! મોક્ષના આરાધક. એક ભવે કે બે ભવે જેની પૂર્ણ દશા અને પૂર્ણ પરમાત્માના જેને અંતરમાં આરાધકપણા વર્તે છે. સેવન... સેવન... સેવન... વર્તે છે. એને તો ભક્તિપૂર્વક આહાર દેવો જોઈએ. દેખો, **'ભક્તિ-ભાવસે મુનિકો નિર્દોષ આહાર દેવે,...'** પણ તે નિર્દોષ. એને માટે કરેલો નહિ. ઘરને માટે કર્યો હોય. આવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ બનવા મહા પુણ્યનો યોગ હોય છે ત્યારે એવા સંતો અને એવા દેનારા (એનો યોગ થાય છે). આહા..હા..! સમજાય છે? એ જરી ભૂલ છે. **'જિસમેં શુભકા દોષ ન લગે.'** એ શુભ શબ્દ ન જોઈએ. પણ જેને દોષ ન લાગે એટલું જોઈએ. પાઠમાં ટીકામાં નથી. નિર્દોષ આહાર દે અને નિર્દોષપણે મુનિ લે. એમાં એને દોષ એને માટે ઉદ્દેશિક આદિનો હોવો જોઈએ નહિ. એ તો અમથો શબ્દ ભૂલથી છપાઈ ગયો છે. **'જિસમેં શુભકા દોષ ન લગે.'** એવો પાઠ નથી.

**'ઔર આહારકે સમય હી આહારમેં મિલી હુઈ નિર્દોષ ઔષધિ દે,...'** પછી આગળ-પાછળ ન હોય ઔષધિ. આહારની સાથે કવળમાં ભેગી આપી દે મુનિને. મુનિ તો કાંઈ માગે નહિ. આ ઔષધિ દઈએ. **'શાસ્ત્રદાન કરે,...'** શાસ્ત્રદાન એ વખતે કરે. **'મુનિયોંકા ભય દૂર કરે,...'** કોઈ બહારથી ઉપસર્ગ આવ્યો હોય, ગૃહસ્થોનું કર્તવ્ય છે એને એવો ભક્તિભાવ આવે છે. એ તો શબ્દ વધારે છપાઈ ગયો છે. આ તો એનું એ છાપ્યા કરે. એમ નહિ કે નવું સુધારવું. નવું છાપે એમાં પણ સુધારવું નથી. **'ઉપસર્ગ નિવારણ કરે.'** ગૃહસ્થોનું કર્તવ્ય છે. એવો શુભભાવ આવ્યા વિના રહેતો નથી. **'યહી ગૃહસ્થકો યોગ્ય હૈ.'**

હવે આવ્યું. **'જિસ ગૃહસ્થને યતીકો આહાર દિયા,...'** જુઓ, નિમિત્તથી કથન હવે.

'ઉસને તપશ્ચરણ દિયા,...' નિમિત્ત સંબંધ હૈ ન? નિમિત્ત સંબંધ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. નૈમિત્તિક સંબંધ બતાવે છે. એ પદ્મનંદિમાં પણ આવું આવે છે. કીધુંને. દાનનો અધિકાર છે. હમણા કાઢ્યું હતુંને. ૧૨મી ગાથા છે. 'જિસ ગૃહસ્થને યતીકો આહાર દિયા,...' મૂળ પાઠમાં છેને. 'श्रावकेण तावदाहाराभयभैषज्यशास्त्रदानं तात्पर्येण दातव्यम्।' દેવું. 'आहारदानं येन दत्तं तेन शुद्धात्मानुभूतिसाधकं बाह्याभ्यन्तरभेदभिन्नं द्वादशविधं तपश्चरणं दत्तं भवति।' નિમિત્તથી. એનો ભાવ શું છે? એનો વિકલ્પ આવે છે. ઓહો..! આ મુનિ શુદ્ધાત્માનું સાધન એવું તપપણું સાધે છે અંદરમાં, આનંદનું સાધન કરે છે, એમાં શરીર નિમિત્ત છે, એમાં મારો આહાર એમાં નિમિત્તપણે છે. એટલે એને વ્યવહારે નિમિત્ત દીધું એટલે એને તપશ્ચરણ દીધું કહેવામાં આવે છે. વ્યવહારના ...

'ઉસને તપશ્ચરણ દિયા, ક્યોંકિ સંયમકા સાધન શરીર હૈ,...' નિમિત્ત છેને. 'ઔર શરીરકી સ્થિતિ અન્ન જલસે હૈ.' એ પણ નિમિત્તથી. શરીરની સ્થિતિ તો પોતાથી છે, પણ અન્ન-જળને કારણે એ ત્યાં એવો સંબંધ છે. 'આહારકે ગ્રહણ કરનેસે તપસ્યાકી બઢવારી હોતી હૈ.' બઢવારી નામ પોતાની એકાગ્રતા શુદ્ધતામાં આહારનું નિમિત્ત છે અથવા શરીરનું નિમિત્ત છે. 'ઈસલિયે આહારકા દાન તપકા દાન હૈ.' આ અપેક્ષાએ હોં. આનંદનું દાન કરે છે અંદરમાં એ મુનિ. શ્રાવક પણ પોતાના અંદર શુદ્ધાત્માનુભૂતિનું આનંદનું સાધન અંતરમાં સમ્યગ્દર્શનમાં છે. પૂર્ણ કેવળદશા એવી જે મોક્ષદશા, પૂર્ણ દશા કેવળજ્ઞાન, એવું જે કેવળ-એકલો આત્મા, એવો કેવલ સર્વજ્ઞસ્વભાવ, એવો કેવલ દ્રવ્યસ્વભાવ મુક્ત એનો સમ્યગ્દર્શનમાં પ્રતીત અને અનુભવ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એ બીજાને આહારદાન દેતા તપનું દાન દે છે એમ કહેવામાં આવે છે.

'યહ તપ-સંયમ શુદ્ધાત્માકી ભાવનારૂપ હૈ,...' એ વ્યાખ્યા કરી. 'शुद्धात्मभावनालक्षणसंयमसाधकस्य' ભાવના.. સંયમ. સંયમની વ્યાખ્યા કરી. સંયમ કહો કે તપ કહો. શુદ્ધ ભગવાન પૂર્ણ એક સ્વરૂપી આત્મા જ્ઞાન એક સ્વરૂપે, દર્શન એક સ્વરૂપે, આનંદ એક સ્વરૂપે. એ એક સ્વરૂપે તે શુદ્ધ છે એમ કહેવું છે. એ શુદ્ધાત્માનું જે સાધક, અનુભૂતિ એને સ્વાનુભૂતિ દ્વારા શુદ્ધાત્માને સાધે છે. એકપણું અંતરમાં એને શુદ્ધ કહીએ અને એની એકાગ્રતા તેને શુદ્ધની પરિણતિ કહીએ. છેને? 'शुद्धात्मभावनालक्षण' ભાવના એટલે વિકલ્પની અહીં વાત નથી. ભગવાન શુદ્ધસ્વરૂપ એક સમયમાં શુદ્ધ નામ એકરૂપ. કળશટીકામાં તો ઘણે ઠેકાણે ભાઈ એક એટલે શુદ્ધ, શુદ્ધ એટલે એક એનો અર્થ છે. શુદ્ધ એટલે એકરૂપ જ્ઞાન છે અંદર. સર્વજ્ઞપદ એટલે એકરૂપ પદ. જ્ઞાનનું એકરૂપ પદ, આનંદનું એકરૂપ પદ. એવું એકરૂપ તે શુદ્ધરૂપ અને શુદ્ધરૂપ તે એકરૂપ. એની જે અંદરમાં એકાગ્રતા એ શુદ્ધ રૂપની એકાગ્રતા શુદ્ધની

પરિણતિને ઉત્પન્ન કરે છે. એ શુદ્ધની પરિણતિ તે આત્માના સાધકદશાને દેખાડે છે કે આત્માને સાધે છે. સમજાણું કાંઈ?

ઓહો..! મોક્ષદશા એટલે કેવળજ્ઞાન દશા. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને રાગ વિના જાણવાની દશા. એવી એક સમયની પૂર્ણ મુક્તદશા. એને પ્રતીત કરનારો, મુક્ત દ્રવ્યસ્વભાવ એની સન્મુખ થઈને એણે સર્વજ્ઞસ્વભાવી આત્મા, સર્વદર્શી આત્મા એકરૂપી ગુણ, એકરૂપી શુદ્ધ સ્વરૂપ એની અંતર દષ્ટિ કરીને જે શુદ્ધાત્માને સાધે છે તે વિશેષ સાધક છે, મુનિ છે. સમ્યગ્દષ્ટિ આદિ થોડો સાધક છે. વિશેષ કષાય એને, ત્રણ કષાય છે, પાંચમાને બે કષાય છે, આને તો એક સંજ્વલનનો દેશઘાતિનો સાધારણ ભાગ રહી ગયો છે. ઓહો..હો..! એ તો પરમેશ્વર પૂર્ણપદ આમ! નિઃસંદેહ નિઃશંક એકલો જ્ઞાનનો પિંડલો પૂર્ણ પ્રભુ, એની અંતરની આરાધના નામ એકાગ્રતા છે એને સંયમ કહેવામાં આવે છે. એ '**તપ-સંયમ શુદ્ધાત્માકી ભાવનારૂપ હૈ,...**' એટલા ટૂકડામાં સમાડી દીધું છે. સમજાણું કાંઈ?

'**ઔર યે અંતર બાહ્ય બારહ પ્રકારકા તપ શુદ્ધાત્માકી અનુભૂતિકા સાધક હૈ.**' નિમિત્ત. કહો, સમજાણું કાંઈ? બાહ્ય અને અભ્યંતર તપ શુદ્ધાત્માકી અનુભૂતિનું સાધન છે. '**તપ સંયમકા સાધન દિગંબર કા શરીર હૈ.**' પાછી ચોખવટ કરી. વળી સાધુ બીજો ન હોય ત્યાં. એ મુનિની નગ્નદશા જ એની થઈ ગઈ હોય. અંતર જેને ત્રણ કષાયનો નાશ થઈને સ્વાલંબી શુદ્ધ આત્માની સ્થિરતા જ્યાં વધી ગઈ છે એને શરીરની દશામાં નિમિત્તપણે નગ્નપણું જ હોય, બીજું હોઈ શકે નહિ. નિમિત્ત બીજું હોય નહિ. એને નિર્દોષ આહારનું નિમિત્ત હોય એમ અહીં સિદ્ધ કરવું છે. એવા દેનારા શ્રાવક પણ એને નિર્દોષ આહાર દેવાની વૃત્તિવાળા હોય છે. આહા..હા..! સમજાણું?

'**તપ સંયમકા સાધન દિગંબરકા શરીર હૈ.**' એટલે કે વસ્ત્રવાળું શરીર એ કોઈ મુનિપણાને નિમિત્ત પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ સહજ ચીજ છે. જ્યાં અંતરમાં એટલી વીતરાગતા, વીતરાગ વિજ્ઞાનઘનસ્વરૂપ પ્રભુ, એને અવલંબે એટલી વીતરાગ વિજ્ઞાનદશા સ્થિરતા ઉત્પન્ન થઈ ત્યાં એને બહુ તો અઠ્યાવીશ મૂળગુણની વિકલ્પની જાત જ ઉભી થાય અને શરીરની નગ્નદશા. બસ. આ સિવાયની બીજી મર્યાદા હોય નહિ. એવી નિર્મળ પર્યાયની યોગ્યતામાં આવું જ હોય. એને અહીંયાં કહે છે, એ સંયમનું અને તપનું સાધન દિગંબરનું શરીર. નિમિત્ત તરીકે છેને.

'**ઈસલિયે આહારકે દેનેવાલેને યતીકે દેહકી રક્ષા કી,...**' નિમિત્ત છેને નિમિત્ત? '**ઔર આહારકે દેનેવાલેને શુદ્ધાત્માકી પ્રાપ્તિરૂપ મોક્ષ દી.**' પાઠ છે જુઓ. શું પાઠ છે? જુઓ, 'शुद्धात्मोपलंभप्राप्तिरुपा भवान्तरगतिरपि दता भवति।' શું કીધું? ભાષા જુઓ, મોક્ષની વ્યાખ્યા

કરી ભાઈ! 'शुद्धात्मोपलंभप्राप्तिरुपा भवान्तरगति' ભવાંતર એટલે આ ભવથી બીજી ગતિ.

મુમુક્ષુ :- ચાર ભવથી બીજી ગતિ.

ઉત્તર :- બીજી ગતિ. સંસ્કૃત ટીકા છે ચોખ્ખી. 'शुद्धात्मोपलंभप्राप्तिरुपा' મુક્તિની વ્યાખ્યા. શુદ્ધાત્મ, પર્યાયમાં એની પ્રાપ્તિરૂપ પૂર્ણ શુદ્ધાત્મ. ભવાંતર ગતિ એટલે ચાર ભવથી અનેરી ગતિ. એનો અહીં અર્થ કરી નાખ્યો એણે કે શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષ. ભવાંતર ગતિનો અર્થ જ મોક્ષ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જેવો શુદ્ધ સ્વરૂપે આખો પરમાનંદ સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... આખો સ્વભાવ, પૂર્ણ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ. એનું અંતર આરાધન કરીને જે પૂર્ણ મુક્તિરૂપી પ્રાપ્તિનું સાધન કરે છે એને આહાર દેવાવાળાએ પણ જાણે મુક્તિ આપી એમ નિમિત્તથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પરંપરા-પરંપરા કીધુંને.

ઉત્તર :- પરંપરા કીધુંને. એ મોક્ષ સાધે છેને પોતે? શ્રાવક પણ સમકિતી છેને. સમજાણું કાંઈ?

'**ક્યોંકિ મોક્ષકા સાધન મુનિવ્રત હૈ, ઔર મુનિવ્રતકા સાધન શરીર હૈ, તથા શરીરકા સાધન આહાર હૈ. ઈસપ્રકાર અનેક ગુણોંકો ઉત્પન્ન કરનેવાલા આહારાદિ ચાર પ્રકારકા દાન ઉસકો શ્રાવક ભક્તિસે દેતા હૈ,...**' વજન અહીં છે. આ ગાથા આ જાતની શૈલી પદ્મનંદિપંચવિંશતિમાં દાન અધિકાર છે એની ૧૨મી ગાથામાં આ વર્ણન પદ્મનંદિ આચાર્યે લીધું છે. પદ્મનંદિ. દાન-દાન અધિકાર. પાનું કેટલામું? દાન. ૧૨. જુઓ, દાન છેને.

मोक्षस्य कारणमभिष्टुतमत्र लोके
तद्धार्यते मुनिभिरङ्गबलात्तदन्नात्।
तद्दीयते च गृहिणा गुरुभक्तिभाजा
तस्माद्धृतो गृहिजनेन विमुक्तामार्गः।।१२।।

'**ઈસ સંસારમેં મોક્ષકા કારણ રત્નત્રય હૈ, ઉસ રત્નત્રયકો શરીરમેં શક્તિ હોને પર મુનિગણ પાલતે હૈં. મુનિયોં કે શરીરમેં શક્તિ અન્ન સે હોતી હૈ...**' નિમિત્તથી. '**મુનિયોંકે લિયે ઉસ અન્નકો શ્રાવક ભક્તિપૂર્વક દેતે હૈં. ઈસલિયે વાસ્તવિક રીતિસે ગૃહસ્થને હી મોક્ષમાર્ગ કો ધારણ કિયા હૈ ઐસા સમજના ચાહિયે.**' ભગવાનસ્વરૂપ સાધે છે અને પોતે પણ સાધન (કરે છે). શ્રાવક શ્રાવકની વાત છેને? શ્રાવક .. પાઠ છે એમાં. શ્રાવક પણ માન્ય છે. આવા સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માનું આરાધન કરે છે, પણ થોડું આરાધન છે અને વિશેષ આરાધન સંતોને છે. એને ભક્તિપૂર્વક આહાર દે છે. એના વિકલ્પમાં આગળ પોતાને વધવું છે અને વધેલાને બહુ ભક્તિપૂર્વક આહાર આપે છે એટલે જાણે મુક્તિ

આપી એમ કહેવામાં આવે છે.

હવે જુઓ મુનિની વ્યાખ્યા. કોઈ એમ કહેતા હોય કે મુનિ પહેલા એકલા વ્યવહાર મોક્ષમાર્ગમાં હોય અને નિશ્ચય પછી. '**તો ભી નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક યોગીશ્વર મહાતપોધન આહારકો ગ્રહણ કરતે હુએ ભી રાગ નહીં કરતે હૈં.**' દેખો, એમાં કેટલી વાત કરી એક લીટીમાં! શું કહે છે? નિશ્ચય વર્તમાન હોં પાછું. વર્તમાન એકલો વ્યવહાર હોય તો એકાંત છે. નિશ્ચય એકલો પછી હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય, એકાંત થઈ જાય ત્યારે વ્યવહાર ન હોય. પણ નીચે એકલો વ્યવહાર હોય અને નિશ્ચય ન હોય તો એકાંત મિથ્યાત્વ થઈ જાય છે અને નીચે સાધકમાં એકલો નિશ્ચય હોય અને વિકલ્પનો વ્યવહાર, વ્યવહાર વ્યવહારને કારણે ન હોય, તો એ પૂર્ણ થયો નથી અને વ્યવહાર ન હોય તોપણ એકાંત થઈ જાય છે.

કહે છે કે '**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક...**' આ શબ્દ પડ્યો છે. પાઠમાં છે જુઓ, '**निश्चयव्यवहाररत्नत्रयाराधकतपोधनेन**'. '**तपोधनेन**' શું કહ્યું સમજ્યા? વસંતીલાલજી! જુઓ, કોઈ કહે છે કે ચોથા ગુણસ્થાન, પાંચમા, છઠ્ઠા, સાતમા સુધી એકલો વ્યવહાર મોક્ષમાર્ગ હોય. ભાઈ! ભગવાન! તું એકાંત નયથી જો તો એકપક્ષી નય એકાંત થઈ ગઈ. સાથે નિશ્ચય નથી તો એકાંત પક્ષે એક નય થઈ ગઈ. સમજાણું? અને નિશ્ચય માર્ગ જ્યાં અંદર પ્રગટ્યો છે પણ પૂર્ણ નિશ્ચય થયો નથી, તો એની સાથે વિકલ્પનો વ્યવહાર વ્યવહારને કારણે વ્યવહાર આવે છે. છતાં સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે, પણ એ પરદ્રવ્ય તરીકે, વિકલ્પ તરીકે એવી દશા અંદર હોય છે. આ વસ્તુની સ્થિતિ જ છે. વસ્તુની મર્યાદા જ આવી છે. કોઈએ કરી, ઘડી નથી.

કહે છે કે જ્યાં નિશ્ચયનું આરાધન છે અંદર. સ્વરૂપની, આનંદની શ્રદ્ધા, આનંદનું જ્ઞાન અને આનંદનું આચરણ ત્યાં વર્તે છે એનું નામ નિશ્ચય. એવા નિશ્ચયની ભૂમિકામાં પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ વિજ્ઞાનતા નથી. પૂર્ણ વિજ્ઞાન એટલે કેવળ. એથી એને વ્યવહાર વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતાદિના પરિણામ, શાસ્ત્રનું પર તરફ ઝૂકતું જ્ઞાન, એવો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એને પણ વ્યવહારરત્નત્રય, નિશ્ચયરત્નત્રય છે એને વિકલ્પમાં વ્યવહારરત્નત્રયનો આરોપ દેવામાં આવે છે, નિમિત્તપણું દેખીને. શુદ્ધ નિશ્ચયના આરાધક જીવને અંદરમાં એ રાગનું નિમિત્તપણું તે જ પ્રકારના સ્વભાવની શ્રદ્ધા, પામેલાઓની શ્રદ્ધા, પામેલા સિદ્ધ આદિની ભક્તિનો રાગ એવો રાગ તેને આ સાધકમાં નિમિત્ત ગણીને, સહચર ગણીને, સહચર ગણીને જુઓ, કાલનો શબ્દ આવ્યો ટોડરમલનો, એ સાથે ગણીને ઉપચારથી તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે.

'**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક...**' જુઓ, અહીં આરાધક બેયને કહ્યા. આરાધક

નિશ્ચયના છે, પણ વ્યવહાર વિકલ્પ એવી જ ભૂમિકાનો છે તેથી એનો આરાધક છે એમ ઉપચારથી કથન કરવામાં આવે છે. આહા..હા..! ભારે! '**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક...**' હવે એક વાત. બે નય સાથે છે. '**એવા યોગીશ્વર...**' હવે એ '**મહાતપોધન આહારકો ગ્રહણ કરતે હુએ...**' જુઓ, આહાર લેવાનો કાળ છે છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પ. એ કાળે નિશ્ચય-વ્યવહારનો આરાધક સાથે છે. સમજાણું કાંઈ? ત્રણ પ્રકાર થયા. વિકલ્પ ઉઠ્યો છે આહાર લેવાનો. આહાર લે છેને? એમ કીધુંને? '**આહારકો ગ્રહણ કરતે હુએ ભી...**' ગ્રહણ તો એક શબ્દ છે, પણ વિકલ્પ આવ્યો છે આહાર લેવાની વૃત્તિ. એ વિકલ્પને કાળે એ નિશ્ચય-વ્યવહારનો આરાધક છે. પાછો નિશ્ચય-વ્યવહારનો આરાધકને છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આહાર હોય, સાતમે હોય નહિ. એ વખતે પણ એ નિશ્ચય અને વ્યવહારનો આરાધક છે નિશ્ચયનો, પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો પણ રાગ ભેગો છે. માટે એ પણ આરાધે છે એમ નિમિત્ત તરીકે આરોપથી કથન કર્યું છે. એવા મુનિઓ આહાર લે છે એટલે સિદ્ધ થઈ ગયું કે નિશ્ચય-વ્યવહારની ભૂમિકા છે એને આહારનો વિકલ્પ જે છઠ્ઠે ગુણસ્થાને નિશ્ચય-વ્યવહાર બે એક સમયે સાથે થઈ ગયા. સમજાણું કાંઈ?

એકલો સ્વસ્વભાવ જ્યાં પૂર્ણ સ્વરૂપ છે... આહા..હા..! એક અંગુલના અસંખ્ય ભાગમાં, એક અંગુલના અસંખ્ય ભાગમાં અહીં અનંતા આત્મા અને અનંતા સ્કંધના પરમાણુ આટલામાં (રહેલા છે). એવો આખો લોક ઠાંસીને ભર્યો છે. એને જે જ્ઞાનનો પર્યાય જાણે, એવો જ્ઞાન-પર્યાય પૂર્ણ. એટલે કે જે મુક્તદશા એવી પર્યાય જેમાંથી પ્રગટ થાય એવો જે દ્રવ્યસ્વભાવ, મુક્તસ્વભાવ એ દ્રવ્યસ્વભાવ, મુક્તસ્વભાવ એની અંતર અનુભૂતિની પ્રતીત વિના એને મોક્ષનો આરાધક કહી શકાતો નથી. સમજાય છે? અંદર સંદેહ-સંદેહ, શંકામાં ડોળાડોળ હોય. કેવળજ્ઞાન આવું હોય, સિદ્ધદશા આવી હોય, કેમ હશે? આટલામાં આટલા જીવો! અહીં અનંતા અશુદ્ધ નિગાદનો જીવો અનંતા પડ્યા છે અહીં. અને એ અનંતા (જીવને) અનંતા સ્કંધો સાથે પડ્યા છે કર્મના. અને એ સિવાય પણ બીજા ત્યાં એક-એક પ્રદેશે અનંતા પરમાણુ અને અનંતા સ્કંધ પડ્યા છે. તો અસંખ્ય પ્રદેશને અવલંબીને એક જીવ રહે, એમાં અનંતા જીવો પડ્યા ત્યાં અનંતા-અનંતગુણા સ્કંધ પણ ત્યાં પડ્યા છે. આહા..હા..! આવો આખો લોક ઠાંસીને ભર્યો. એ એક સમયમાં જ્ઞાન પ્રત્યક્ષ કરે. એવી જેની જ્ઞાનની પર્યાયની મહત્તા, એવી પર્યાયની મહત્તાની પ્રતીતિની કબુલાત, એ પર્યાયનો સાધકજીવ ક્યારે કહેવાય? કે મુક્તસ્વરૂપ જ્યારે એક પર્યાયની મુક્તદશા તો સારું દ્રવ્ય મુક્ત છે, પરિપૂર્ણ સર્વજ્ઞ સર્વદર્શી આદિ પૂર્ણાનંદ સ્વભાવ છે એને અંતરમાં એકાગ્ર થઈને આરાધે છે ત્યારે તે મોક્ષનો આરાધક અને રત્નત્રયનો આરાધક કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સવારમાં ભાઈ એક શબ્દ એવો આવી ગયો જંગલ જતા. અપ્રમાણનું પ્રમાણ કરનાર. એય..! છોટાભાઈ! કહ્યું હતું. સવારમાં એમ રસ્તામાં રસ્તામાં ચાલતા કીધું કેવળજ્ઞાન એટલે અપ્રમાણનું પ્રમાણ કરનાર. એટલે શું વળી? એવો શબ્દ રસ્તામાં આવ્યો. એટલે શું? અપ્રમાણનું પ્રમાણ કરનાર. અપ્રમાણ એટલે અમાપ જેનું દ્રવ્ય પણ અમાપ-અનંત, ક્ષેત્ર અમાપ-અનંત, કાળ અમાપ આદિ અને અંત વિના, એક દ્રવ્યના ગુણો અનંત-અનંતગુણા અમાપ. એવા અમાપને માપમાં લેનારું કેવળજ્ઞાન એને કેવળી કહેવામાં આવે છે. આહા..હા..! એવા-એવા અનંતા કેવળજ્ઞાનના માપ જેમાં ગુણમાં વર્તે છે એવો એક ગુણ અને એવું એકરૂપ શુદ્ધ, એકરૂપ શુદ્ધ પ્રભુ જેના જ્ઞાનની અચિંત્યતા, અનંતતા, અપરિમીતતા એવા સ્વભાવની દૃષ્ટિ થાય ત્યાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ત્યારે એણે આત્માને માન્યો, જાણ્યો અને કેવળીનો આરાધક ત્યારે કહેવાય. સમજાણું કાંઈ?

એ તો સાત તત્ત્વમાં એ આવે છેને. મોક્ષ પર્યાયની શ્રદ્ધા, સંવર-નિર્જરાની શ્રદ્ધા, આસ્રવની શ્રદ્ધા એનો અર્થ શું? આ દ્રવ્યની શ્રદ્ધા થઈ ત્યારે એ પર્યાયની શ્રદ્ધા એમાં આવી જાય છે. એમ છે મૂળ તો. સમજાણું કાંઈ? આહા..હા..! આ મુનિ. આ કાળમાં મુનિઓ જે થાય કુંદકુંદાચાર્ય (આદિ) બધા વ્યવહારરત્નત્રયના જ આરાધક હતા? હવે સાતમા સુધી વ્યવહાર કહે છે. અરે ભગવાન! બહુ સાહસ કરે છે હોં ઈ. આટલું સાહસ! અન્યાય નહિ સહન કરે દ્રવ્ય હોં! એ દ્રવ્યનો સ્વભાવ અન્યાય નહિ સહન કરે. બહુ વિરાધકપણું થઈ જશે. આહા..હા..! એ વસ્તુસ્થિતિ એક સમયમાં ભગવાન આવો પૂર્ણ... એને એકલા પંચમ આરાના કુંદકુંદાચાર્ય જેવાને સાધારણ વ્યવહારરત્નત્રયવાળા કહેવા અને આઠમેથી નિશ્ચય કહેવા, ભગવાન! અતિ સાહસ છે હોં. અરેરે! એ દ્રવ્યની પર્યાયને ઘણું નુકસાન છે. સમજાણું?

આચાર્ય તો પોકાર કરે છે, ઓહો..! નિશ્ચય-વ્યવહારના આરાધક. વાંધા-વાંધા કરવા હોય એને ક્ષણે-ક્ષણે વાંધા છે. જુઓ વ્યવહારના આરાધક કહ્યા છે. ભાઈ! એ વ્યવહારનયે વ્યવહારનો આરાધક છે, નિશ્ચયે નિશ્ચયનો આરાધક છે. ખરેખર વ્યવહારનો આરાધક તે આરાધક નિશ્ચયથી છે નહિ. ભાઈ! એ વાતું એવી છે. સમજાણું કાંઈ? અને એ આમ મુનિ આહાર લે છે. પાછું એમ કહેવું છેને અહીં તો? આહા..હા..!

મુમુક્ષુ :- સવિકલ્પ અવસ્થામાં.

ઉત્તર :- સવિકલ્પ અવસ્થામાં છે .... ફક્ત શરીરનો નભાવ આ રીતે થઈને. આયુષ્ય પૂર્ણ નથી હમણા, આયુષ્ય પૂર્ણ લાગતું નથી, સ્થિતિ પૂરી થવાની નથી એટલે આહારની વૃત્તિ શરીરને નિમિત્તરૂપે આહારની થઈ છે. આમ આરાધક તો આનો છે. ખરેખર તો નિશ્ચયનો જ આરાધક છે. સમજાણું કાંઈ? પંચમ આરાના મુનિ. આ મુનિની વાત ચાલે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભલે ગમે તે આરાના મુનિ હોય, એક જ જાતના હોયને.

ઉત્તર :- એક જ હોયને વળી મુનિમાં ફેર શું હોય? પાંચમા આરાના છેડાનો મુનિ હોય સાચો કે ભગવાન પાસે બિરાજતા કોઈ ગણધર હોય સીમંધર ભગવાન પાસે. બધા મુનિ તો મુનિ તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આરાધક છે, યથાર્થ છે. સમજાણું કાંઈ? સાચા મુનિ પાંચમા આરાના છેડે કોઈ (થાય). આવે છેને ચાર. એક સાધુ આવે છેને. એક સાધુ, એક અર્જિકા. અંદર ભાવલિંગ આરાધક કોઈ જીવ (હોય), એવો ગણધર આરાધક છે (અને) એવા એ છે. એ સાધર્મી જીવ છે બધા નિશ્ચયમાં.

કહે છે, એવા '**આહારકો ગ્રહણ કરતે હુએ ભી રાગ નહીં કરતે હૈં.**' એટલે? આહારને ગ્રહણ કરવાનો વિકલ્પ છે અને રાગ કરતા નથી. ભાષાના વાંધા કેટલા? વાંધા ઉઠાડવા હોય તો. નિર્દોષ આહારની વૃત્તિ જેટલી ઉઠી છે એ ઉપરાંત તો એને રાગ નથી માટે રાગ કરતા નથી એમ કહેવામાં આવે છે. અથવા આવેલો રાગ છે એનું કર્તૃત્વ નથી એને. આહાર લેવાનો વિકલ્પ આવ્યો છે, કર્તૃત્વબુદ્ધિથી નથી. આવ્યો છે તેને જ્ઞાતાદૃષ્ટિથી જાણે છે, પરિણમન તરીકે મારું પરિણમન એ રૂપે છે એવો ધર્મ મારો છે એ પણ જાણે છે. સમજાણું કાંઈ?

જુઓ! '**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકે આરાધક યોગીશ્વર...**' કેમકે ચોથાવાળો યોગી છે, પાંચમાવાળો યોગી છે. આ તો યોગીશ્વર છે. સમજાણું કાંઈ? '**મહાતપોધન...**' જેને મહાન આનંદની લક્ષ્મી ઇચ્છા વિનાની પ્રગટ થઈ છે. આનંદ લક્ષ્મી... આનંદ લક્ષ્મી. કહો, મલૂકચંદભાઈ! આ ધૂળની લક્ષ્મી નહિ આ. આહા..હા..! આ શું પણ આમ બહારની લક્ષ્મીવાળા આમ ધરાઈ જાય પેટ જાણે. છોકરાઓને બે કરોડ, ત્રણ કરોડ. આહા..હા..! કાંકરા ઉતાવળી નદીમાં ઘણા છે. નથી? એ કાંકરા છે એમાં શું છે? અહીં ઘણા કાંકરા છે. અહીંની નદીનું નામ ઉતાવળી છે પાછી. પાણી રહે જ નહિ. એકદમ ચાલ્યું જાય. એમ આ પૈસા આવ્યા અને ઝટ પરિવર્તન થતું-થતું ચાલ્યું જાય. ક્યાં એના બાપના હતા? બાપના નહિ, પણ એના પણ નહિ. નહિ? આહા..હા..!

એક નદીનું પૂર ચાલ્યું જાતું હોય આમ. બે, ચાર, પાંચ ખેતરમાં ગામ હોયને ગામ? પાંચ ખેતરવા એટલે પહોળું. છોકરા જોવા જાય. એય..! આપણું પાણી. પણ એલા! જોતો ખરો નજર. એ તારા ગામની હદનું પાણી આમ ચાલ્યું જાય છે, એમ ને એમ ચાલ્યું જ જાય છે, કોને તું મારું કહે છો? જુઓ! એ પાણી આવ્યું. પાણી આવ્યું કે જાય છે? અને તે આમ ક્ષેત્ર ગામ કેવડું હોય? અહીં જુઓને બે, ચાર, પાંચ, સાત ખેતર હોય આમ. એટલા પાણી આવ્યા તો કહે આહા..! આપણે બે ફૂટ પાણી આવ્યું, બે ફૂટ પાણી આવ્યું, પણ કોને તું આવ્યું કહે છે? એ તો ચાલ્યું જાય છે આમ ને આમ. તું તો આમ ને આમ ઉભો

છે ત્યાં. ચાલ્યું જાય છે. (આવ્યું) કોને કહે છે આમાં? એમ જગતના લક્ષ્મીના પૂરો અને શરીરના રજકણોના પૂરો આવીને ઉભા છે એને કારણે અને એને કારણે પલટીને ચાલ્યા જાય. આત્મા તો જોનારો, દેખનારો છે. એ એમ કહે કે મારે આવ્યા, મારી પાસે આવ્યા. તારી પાસે ક્યાં આવ્યા હતા? કેમ ધર્મચંદજી! આ તો પરમાણુના પૂર ચડતા પર્યાયનું આવું પૂર અહીં આવ્યું છે. પૈસાનું પૈસામાં આવ્યું, બાયડી-છોકરા એનામાં બધું આવ્યું. મને આવ્યું. પણ કેટલો કાળ? જો તો ખરો. તું તો ત્રિકાળ ઉભો છો અને આ ચાલ્યું જાય છે આમ ને આમ. પરિવર્તન થતું-થતું (ચાલ્યું જાય છે). મુનિઓને શરીર અને રાગની જ્યાં ઇચ્છા જ નથી. આહા..હા..! એને કોઈ નબળાઈની ઇચ્છાથી આવો આહાર લે, છતાં એ રાગ કરતા નથી એમ કહેવામાં આવે છે. એની મર્યાદા ઉપર જતા નથી માટે રાગ કરતા નથી.

**'રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ નિજભાવકે શત્રુ હૈં,...'** ઓહો..! ભગવાન આત્મા રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ નિજભાવના શત્રુ છે, એ અનિષ્ટ છે. પ્રવચનસારમાં આવે છેને. વિકાર તે અનિષ્ટ છે અને સ્વભાવ તે ઇષ્ટ છે. બાકી જ્ઞાનીને કોઈ બીજું ઇષ્ટ-અનિષ્ટ છે નહિ. વિકાર તે અપ્રિય છે, દુશ્મન છે. ઇષ્ટ તો દ્રવ્ય-ગુણ-પર્યાય નિર્મળ એના એ ઇષ્ટ છે. આ વિકાર તો શત્રુ છે. સમજાણું? **'યહ સારાંશ હુઆ.'** આ ૧૧૧ની બીજી (ગાથા). મુનિઓ, ધર્માત્મા અંતરનું આરાધન કરે છે એને રાગ-દ્વેષ તો વેરી, શત્રુ છે. માટે એણે રાગ-દ્વેષ કરવા નહિ. કહો, સમજાણું?

મુમુક્ષુ :- કોને માટે રાગ શત્રુ છે?

ઉત્તર :- બધાને માટે શત્રુ છે. અહીં તો મુનિની વ્યાખ્યા ચાલે છેને અત્યારે. સમ્યગ્દૃષ્ટિને પણ વિકારમાત્ર અનિષ્ટ છે. પ્રવચનસારમાં આવે છે. સર્વજ્ઞ ભગવાનને ઇષ્ટની પ્રાપ્તિ બધી થઈ ગઈ. અનિષ્ટ કાંઈ રહ્યું નથી. એવો પાઠ છે પ્રવચનસારમાં. એનો અર્થ શું? કે ઇષ્ટ એવા દ્રવ્ય-ગુણ શુદ્ધ એની પર્યાય ઇષ્ટની પ્રાપ્તિ થાય છે. અનિષ્ટ જે વિકાર તેનો નાશ થઈ ગયો. પાઠ છે.

મુમુક્ષુ :- એ તો મુનિની વાત છે.

ઉત્તર :- અરે..! બધા આત્માને માટે. જેટલી ઇષ્ટની પ્રાપ્તિ અંદરની દ્રવ્ય-ગુણની શુદ્ધિ એટલી ઇષ્ટ, બાકી વિકાર છે એ અનિષ્ટ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ગાથા આવે છેને? ઓલા સમાધિશતકમાં નથી આવતું? **'आत्मज्ञानात्परं कार्यं न बुद्धो धारयेच्चिरम्'** (ગાથા ૫૦). એવો આવે છે શબ્દ એક. આત્માના જ્ઞાન સિવાય ધર્માત્મા બીજા વિકલ્પોને ચિરકાળ ધારતા નથી. આવ્યો, વયો ગયો એમ. **'आत्मज्ञानात्परं कार्यं'** છેને? શું છે? શબ્દ ભૂલી જઈએ છીએ. એ સમાધિશતકમાં છે. આત્માના જ્ઞાન સિવાય અનેરા વિકલ્પનું

કાર્ય '**न बुद्धो धारयेच्चिरम्**'. લાંબો કાળ રહીશ નહિ એમાં રહીશ નહિ. વિકલ્પ આવે છે. આહા..હા..! ઉન્માદ છે, ગાંડપણ છે, ઘેલછાઈ છે. શુભરાગ એ ગાંડપણ છે, ઘેલછાઈ છે.

મુમુક્ષુ :- મુનિને?

ઉત્તર :- મુનિને. શુભરાગ એટલું પાગલપણું છે. સમાધિશતકમાં છે. એમ તો દિગંબરો તે આભના થોભ છેને. તીવ્ર વચનો એમના. કડક અંદરથી વસ્તુ. વીતરાગભાવ છે એ જ તારી ડહાપણ દશા છે. રાગ ઘેલછાઈ છે. છોડ... છોડ... છોડ... ઠર... ઠર... ઠર... આહા..હા..!

'**આગે ફિર ભી ભોજનકી લાલસાકા ત્યાગ કરાતે હૈં—**' જુઓ! આમાં એકલી વાત નથી. એમાં ઘણાં-ઘણાં ભાવો ભરેલા છે. આ તો સંતોની કથા છે. ભગવાન પરમાત્માને ભેટો કરી રહ્યા એણે કહ્યા કથનો અને એ મુનિની વાત કરી રહ્યા છે. ૧૧૧ની ત્રીજી. આ ત્રીજી છે.

૨૪૦) जइ इच्छसि भो साहू बारह-विह-तवहलं महा-विउलं।
तो मण-वयणे काए भोयण-गिद्धी विवज्जेसु।।१११*३।।

'હે યોગી,...' જુઓ, સાધુને ઉદ્દેશીને કહે છેને. ભાષા તો એમ જ ઉપદેશ આવેને. આહા..! '**જો તૂ બારહ પ્રકારકા તપકા ફલ બડા ભારી સ્વર્ગ મોક્ષ...**' શુદ્ધતાથી મોક્ષ અને જેટલો શુભરાગ રહી જાય એનું ફળ સ્વર્ગ. એમ. એવું '**ચાહતા હૈ, તો વીતરાગ નિજાનંદ એક સુખરસકા આસ્વાદ ઉસકે અનુભવસે તૃપ્ત હુઆ...** ' સંસ્કૃતમાં ટીકા છે. '**वीतरागनिजानन्दैकसुखरसास्वादानुभवेन तृप्तो भूत्वा मनोवचनकायेषु भोजनगृद्धिं वर्जय इति तात्पर्यम्।।**' હે મુનિ! વીતરાગ નિજાનંદ. રાગ વિનાનો નિજ-પોતાનો આનંદ. એકરૂપ થયો. એ શુદ્ધરૂપ થયો છેને એકરૂપ. શુદ્ધ એકરૂપ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ, તેની એકાગ્રતામાં એકરૂપ સ્વાદ જે આવ્યો છે સુખરસ, અતીન્દ્રિય આનંદની રસ શક્તિ પ્રગટ થઈ છે. એનો આસ્વાદ, એનો સ્વાદ. '**ઉસકે અનુભવસે તૃપ્ત હુઆ...**' જુઓ આ મુનિની (દશા). એ છઠ્ઠે ગુણસ્થાને મુનિ આહારની વૃત્તિ ઉઠે (છતાં) આમાં તૃપ્ત છે એમ કહે છે. આહા..હા..! ભોજન ગૃદ્ધિ વર્જ્યતે એમ કીધું છેને? છઠ્ઠે ગુણસ્થાને પણ મુનિ મહા વીતરાગ નિજાનંદ એક સુખરસ અતીન્દ્રિય આનંદ, એનામાં અનુભવ કરીને સ્વાદ લેવામાં તૃપ્ત, અનુભવથી તૃપ્ત છે... તૃપ્ત છે... તૃપ્ત છે.

ઓહો..! એણે '**મન, વચન ઔર કાયસે ભોજનકી લોલુપતા કો...**' લ્યો! લોલુપતા આવી લ્યો! ગૃદ્ધિકા અર્થ લોલુપતા આયા. '**ભોજનકી લોલુપતા કો ત્યાગ કર દે. યહ સારાંશ હૈ.**' અતીન્દ્રિય આનંદના સ્વાદની આગળ એ ભોજનના ગૃદ્ધિના સ્વાદની લંપટવૃત્તિ તને હોય નહિ ભાઈ! આહા..હા..! એ ભગવાનના ભેટામાં જા એમાં રાંકી વૃત્તિ આવી કેવી

તને હોય? રાંકાંઈ, ભિખારાઈ વૃત્તિ આવી કેવી? આનંદનું ભોજન કરનારો. નિત્યાનંદ અમૃત ભોજી. આવે છેને બંધ અધિકારમાં આવે છે શ્લોકમાં. નિત્ય આનંદામૃત ભોજી આવે છેને. આનંદામૃતનિત્ય ભોજી. એક આનંદના અમૃતનો (ભોજી). અમૃતનો અર્થ.. અપૂર્વ લબ્ધિ એવો અર્થ કર્યો છે ભાઈએ. કળશટીકાકારે. નિત્યાનંદ અમૃત એનો ભોજી, એને બંધભાવ શો હોય?

મુમુક્ષુ :- આનંદના ભોજીને બંધ ક્યાંથી હોય.

ઉત્તર :- આનંદ નામ અબંધસ્વરૂપી ભગવાન અબદ્ધસ્પષ્ટ પરથી. અહીં અબદ્ધસ્વરૂપ, મુક્તસ્વરૂપ એવો ભગવાન આત્માના જ્યાં સ્વાદમાં પડ્યો છે, આનંદમાં પડ્યો છે એવા નિત્યાનંદામૃતના અનુભવીને બંધનો ભાવ કેવો? અબંધસ્વરૂપી ભગવાનને અવલંબીને બંધનો ભાવ કેવો? મુક્તસ્વરૂપી ભગવાન આત્માના આશ્રયવંતને પરના આશ્રયનો બંધભાવ કેવો? એવા અહીં કહે છે કે હે મુનિ! વીતરાગ નિજાનંદના નિજસ્વરૂપના આનંદના સ્વાદમાં અનુભવથી તૃપ્ત-તૃપ્ત થઈ ગયેલો. લ્યો, **'તૃપ્ત હુઆ...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ... જ્ઞાનમાં દેખાય આવે. .. બહારનું શું કામ છે? કહો, સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? અંદરમાં જ્ઞાન વિના કોણ જાણશે? એ જ્ઞાનના ભાન વિના જાણશે કોણ? એ સમકિતી જ એને ઓળખી શકે. અજ્ઞાનીને ભાન હોય નહિ.

**'વીતરાગ નિજાનંદ એક સુખરસકા આસ્વાદ ઉસકે અનુભવસે તૃપ્ત હુઆ...'** મુનિ. **'મન, વચન ઔર કાયસે ભોજનકી લોલુપતા કો ત્યાગ કર દે.'** ઉપદેશ તો એમ જ આવેને. ઉપદેશના વાક્યો એને અંતરમાં ઠરવાને. કારણ કે ઉપદેશક પણ પોતે અંતરમાં ઠરવા માગે છે. વિકલ્પ આવ્યો છે છતાં અંતર ઠરવા જ માગે છે. એટલે ઉપદેશના વાક્યો જ એવા એને આવે. ભાઈ! આ રહેવા દે... રહેવા દે... ઠર-ઠર એમ કહેને? કહો, સમજાણું? અધિકાર આવે છેને ભાઈ ઓલા કેવા? ક્વચ અધિકાર. ભગવતી આરાધના. સંથારામાં મુનિ પડ્યા છે. આનંદમાં હોં! એમાં કોઈ વિકલ્પ આવી જાય જરીક આમ બોલે છે. પાણી એમ બોલે. મુનિ હોય છેને કડાયા. કડાયા એટલે? જોડે સેવા કરનારા મુનિ હોય છે. અરે મહારાજ! ક્યાં છે? શું પાણી? અમૃતના પાણી પડ્યા છેને એનો અનુભવ કરો છોને. આ ક્યાં વિકલ્પ આવ્યો તમને? જાગૃત કરે છે. એ વિકલ્પ તૂટીને તરત ક્ષણે તૂટીને સાતમું થઈ જવાનું છે એને. પણ ઉપદેશના વાક્યોમાં (એવું આવે). કડાયા કીધાને? શું શબ્દ આવે છે એમાં? શાસ્ત્રમાં કડાયા. કડાયા એટલે શું કે આ કડાયું હોયને એ પોતે તપે અને શીરાને બરાબર પકવી દે. શીરાને પકવી દે. શીરો હોયને હલવો? એમાં પોતે પરિષહ સહન કરે અને એને એવા બરાબર ઉપદેશના (વાક્યો સંભળાવે). છતાં એ ઉપદેશના વાક્યથી ત્યાં ઠરે છે એમ નથી. ભારે વ્યવહાર અને

ભારે નિશ્ચય! ઓલો અંદર ત્યાં પડ્યો આનંદમાં. બહુ આમ તૃષા લાગી ગઈ. બોલાઈ જાય છે. ભાષા આવી જાય છે. પાણી. એવો પાઠ છે હોં કવચ અધિકારમાં.

મુનિ કહે છે કે મહારાજ! આપ તો અતીન્દ્રિય આનંદના સુધારસના પાણી પીવો છોને. સુધારસના અમૃતના પાણી (પીવો છો), આ શું? એના ખ્યાલમાં નથી? એને ખબર છે, મુનિ છે. અસ્થિરતાની જરીક વૃત્તિ થાય છે. ત્યાં ફટ છૂટીને સાતમું થઈ જાય છે. નિજાનંદમાં તૃપ્ત. એ તો અસ્થિરતાનો યોગ હોય છે એવું હોય છે એ જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? અને તેથી મુનિ કહે, તમે આ છો. એને કારણે ત્યાં ઠર્યા છે? પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં ઉપદેશકો એવા હોય છે, પોતાને ઠરવું છેને અંદર? ઠરવાની જ જાગૃતિનો ભાવ એને છે. બીજાને વિકલ્પ આવ્યો છતાં, એને વિકલ્પ આવ્યો છતાં (કહે છે), ઠરો. આ શું? આ શું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એને ખબર નથી ક્રમબદ્ધ પર્યાયની?

ઉત્તર :- એ ક્રમબદ્ધ પર્યાય પણ પુરુષાર્થ કેની કોર છે એનો? પુરુષાર્થ સ્વભાવ તરફ છે કે એની પર્યાય ઉપર એનો પુરુષાર્થ છે ગતિ? એનું લક્ષ ક્યાં છે? રાગ ઉપર છે? નિમિત્ત ઉપર છે? પર્યાય ઉપર છે? લક્ષ જ્ઞાયક ઉપર છે. જ્ઞાયક જાણનાર... જાણનાર. એવા વિકલ્પો હોય છે નબળાઈના. ઉપદેશક પણ એવી જ રીતે ઉપદેશના ક્રમમાં એવો જ ઉપદેશ હોય છે. બાપુ! માર્ગ સમજવો કઠણ છે. એકલો ચૈતન્યપિંડ પ્રભુ, એને ઓલા વિકલ્પ આવે અને પાછું સમજાવે અને એને વિકલ્પ ટળે એ બધી દિશાઓની સહજ સ્થિતિ શું છે એને સમજવું જોઈએ. સમજાણું? ઓલો તો એમ કહે લ્યો ક્રમ છેને. હવે સાંભળને! ક્રમવાળાની દૃષ્ટિ ક્યાં હોય?

મુમુક્ષુ :- ક્રમવાળાને એવો ક્રમ નહોતો?

ઉત્તર :- પણ ક્રમવાળાની દૃષ્ટિ ક્યાં ન હોય? એમ કહેવું છે. એ તો અકર્તાપણાની દૃષ્ટિ સિદ્ધ કરે છે ક્રમમાં. અકર્તા. પરની પર્યાયનો કર્તા નહિ, રાગનો કર્તા નહિ. આ નિર્મળ પર્યાય આવે એને કરું એવો વિકલ્પ નહિ. એણે ક્રમબદ્ધનું અકર્તાપણું પ્રગટ કર્યું છે એ જાણનાર-દેખનાર રહે છે. એનું નામ અકર્તાપણાનો પુરુષાર્થ છે. હું કરું... કરું... કરું... કરે અને વળી પાછો અકર્તા, બે ક્યાંથી આવ્યું? સમજાણું? કર્તાકર્મમાં આવે છેને? જાણવું અને કરવું બે ભેગું કે દિ' થયું? આવશે. આજે આવશે અધિકાર. જાણવું અને કરવું બે ભેગું ક્યાંથી આવ્યું? તું કહે છે કે આ ભોગ ભોગવે છો, એમાં ઈચ્છા છે તને? ઈચ્છા છે અને વળી જાણનાર રહે અને વળી ઈચ્છા ભોગવવાની એમ બે ક્યાંથી આવ્યું? અધિકાર એવો આપે છે. નિર્જરા અધિકારમાં હોં. ભોગની ઈચ્છા છે તને? જ્ઞાની ભોગની ઈચ્છા વિનાના છે. એને આવી પડેલા ભોગને ભોગવે છે એમ લોકો દેખે માટે અમે કહીએ છીએ. ભોગવતા નથી. જ્ઞાની તો આનંદને ભોગવે છે. લ્યો!

નિર્જરા અધિકારમાં ન આવ્યું? ઈન્દ્રિય સચેતને-અચેતને જ્ઞાની ભોગવે. મહારાજ! આપ વળી નિર્જરા અધિકારમાં ભોગવે સચેત-અચેતને કહો અને એક બાજુ કહો કે આ જ્ઞાની અનુભવને જ ભોગવે. નિમિત્તને, શરીર, ઈન્દ્રિયને નહિ અને રાગને નહિ. અને વળી આ શું તમે કહ્યું અહીં પાછું પહેલી ગાથામાં નિર્જરામાં? સચેત અને અચેત બેને ભોગવતો એને નિર્જરા થાય. ભોગવતો હશે. લોકો દેખે તેની શૈલીએ કથન ભાષા આવી છે. લોકો એમ દેખે કે આ ઈન્દ્રિયને ભોગવે છે. આ સચેત-અચેતને ભોગવે છે. આ સચેત-અચેતને અડતો નથી અને ભોગવે કોણ? અજ્ઞાની ભોગવે છે કોઈ? લોકોની સંયોગ દૃષ્ટિથી જોનારાઓની લક્ષણેથી વાણીની શૈલી જ એવી આવી કે આ સચેત-અચેત ભોગવે છતાં એને નિર્જરા થાય છે. એ ભોગવવાના વિકલ્પે નિર્જરા થાતી હશે? અને ભોગવે છે સચેત-અચતને ઈ? શબ્દની તકરાર કરવી હોય તો શબ્દે-શબ્દે વાંધા ઉઠે એવું છે. જ્ઞાની સચેત-અચેતને ભોગવે એવો પાઠ છે. શી રીતે ભોગવે? અડે છે તે ભોગવે સચેત-અચેતને? સમજાણું કાંઈ? આહા..હા..!

વિકલ્પ ઉઠે છે એને અસ્થિરતાનો ભાવ છે, એને પણ તારું સ્વરૂપ નથી, છૂટી જા. અને દૃષ્ટિનું જોર સ્વભાવ ઉપર છે એથી જરી વિકલ્પ ઉઠ્યો અશુભનો, પણ એની શુદ્ધતાની દૃષ્ટિના જોરે એને નિર્જરા કહેવામાં આવી. તે અશુભભાવ નિર્જરાનું કારણ છે? ભોગનો ભાવ નિર્જરાનું કારણ છે સમકિતીને? સમજાણું કાંઈ? એ તો બંધ જ છે. મુનિ હોય તોપણ વિકલ્પ ઉઠે તો એ રાગ છે. પણ કઈ અપેક્ષાએ એની શૈલી આવે એ સમજે નહિ (અને કહે કે) જુઓ આમાં લખ્યું. લખ્યું બધું લખ્યું છે. કઈ અપેક્ષા છે?

અહીં આચાર્ય મહારાજ કહે છે કે હે મુનિ! ભોજનની લોલુપતાને છોડી દે. સમજાણું? ૧૧૧ની ત્રણ (થઈ). હજી વળી ચોથી (છે).

२४१) जे सरसिं संतुट्ठ-मण विरसि कसाउ वहंति।
ते मुणि भोयण-धार गणि णवि परमत्थु मुणंति।।१११*४।।

**'જો જોગી સ્વાદિષ્ટ આહારસે હર્ષિત હોતે હૈં,...'** ભગવાન અતીન્દ્રિય આનંદના સંતોષની એની ખબર નથી એમ કહે છે. જુઓ, **'णवि परमत्थु मुणंति'** ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે અને જે ઈન્દ્રિયના સ્વાદમાં ગૃદ્ધિ થાય છે એને પરમાર્થ અતીન્દ્રિયના સ્વાદની ખબર નથી. સમજાણું કાંઈ? **'સ્વાદિષ્ટ આહારસે હર્ષિત હોતે હૈં,...'** હાશ! બહુ સારો આજ તો આહાર આવ્યો હોં. બહુ સરસ. ઠંડી-ઠંડી આમ ગરમી હતીને અને એવું મળ્યું. ઠંડી શું કહેવાય? એવી કાંઈક ચીજ હોય છે. ઠંડું-ઠંડુ બદામનો મૈસુબ કે બદામ.. આમ બદામનો ઘીમાં તરબોળ. બદામ એક શેર અને ચાર શેર ઘી પાયેલો મૈસુબ અને અહીં ગરમી હોય. બે કટકા પડ્યા હતા ઓગળીને... આહા..હા..! શું છે? એ તો માટીના કટકા હતા. એવા તો

અંદર ઓગળતા નથી. ઓગળે છે ત્યારે એંઠ થાય છે. કૂતરાની એંઠ થાય છે. એંઠ થયા પછી ગળે ઉતરે છે. આવડો કટકો આમ ચાર શેરનો પાયેલો બદામનો. એ શું છે? ક્યાં સુધી રહેશે ખબર છે તને? પાંચ સેકન્ડ, દશ સેકન્ડ જ્યાં આમ અડ્યું થૂંક, કૂતરાની એંઠ થઈ જાય છે. એંઠ થયા પછી ગળે ઉતરે છે. નહિતર અરીસાથી જોજે કે શું ઉતારું છું. માની કલ્પના ખસતી નથી કે સારું... સારું... સારું. એંઠ થઈને ઉતરે તો કહે સારું. અજ્ઞાનીની કલ્પના ક્યાં કામ કરે છે! અહીં કહે છે કે જ્ઞાનીને એવી કલ્પના આવતી નથી. ગૃદ્ધિની કલ્પના જ નથી. વસ્તુની લીનતાની દૃષ્ટિ પડી છે. અસ્થિરતાનો વિકલ્પ હોય, પણ આવો ભાવ એને હોતો નથી. વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૫, શનિવાર, તા. ૧૯-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૧૧-૪, ૧૧૨, પ્રવચન-૧૫૨**

૧૧૧નો ચોથો. આ પ્રક્ષેપ ગાથાઓ છે. એનો **'ભાવાર્થ :- જો કોઈ વીતરાગકે માર્ગસે વિમુખ હુએ યોગી...'** શું કહે છે? વીતરાગમાર્ગ એટલે આત્માનો આનંદ સ્વભાવ, એની રુચિ છોડી દઈને. આત્મા વીતરાગસ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એની રુચિ અને જ્ઞાન અને રમણતા છોડી દઈને. એનું નામ **'વીતરાગકે માર્ગસે વિમુખ હુએ યોગી રસ સહિત સ્વાદિષ્ટ આહારસે ખુશ હોતે હૈં,...'** બાહ્યના પદાર્થના રસમાં ખુશ થાય છે એને આત્માના આનંદની પ્રસન્નતા અંતરમાં નથી. અહીં ખુશી ગઈ. ભગવાન આત્મા અતીન્દ્રિય રસમય, અતીન્દ્રિય રસના સ્વાદિષ્ટ સ્વરૂપ મધુર સ્વાદ, અતીન્દ્રિય મધુર સ્વાદ. એના સ્વાદની રુચિ, એ જ્ઞેયનું કરવું જ્ઞાન, એમાં લીનતાનો વિરોધ છે એ વીતરાગ માર્ગથી વિમુખ થયા છે. એને આ સ્વાદિષ્ટ આહાર, સ્વાદિષ્ટ આહાર મળતા ખુશ થાય છે. એનું અધિકપણું સ્વાદિષ્ટ રસની ગૃદ્ધિમાં ગયું. સમજાણું કાંઈ?

**'કભી કિસીકે ઘર છહ રસયુક્ત આહાર પાવેં...'** ક્યાંક ભીક્ષા માટે જતા એવા રસના સ્કંધો, પરમાણુઓ એને રસરૂપ મળે **'તો મનમેં હર્ષ કરેં,...'** અરે! રસના સ્કંધો મીઠા એમાં હરખ કરે એને ભગવાન અતીન્દ્રિય આનંદનો હરખભાવ, રુચિભાવ છૂટી જાય છે. સમજાણું કાંઈ? આત્મામાં અતીન્દ્રિય આનંદ... છેને વધુ વિશેષ ૯૭મી ગાથામાં છે, સમયસાર. અત્યંત મધુર મીઠો રસ આત્માનો એમ વર્ણવ્યું છે. ૯૭ની ટીકા. એવા આત્માના રસને ભૂલી અને સ્વાદિષ્ટ આહારમાં ખુશી થાય. **'આહારકે દેનેવાલેસે પ્રસન્ન હોતે હૈં,...'** ઓહો..! બહુ સારું તમે કર્યું. ઓલી રસની મીઠાશ થઈને એને લઈને પ્રસન્ન (થયો). બહુ આપ ભક્તિવાળા અને બહુ સારો આહાર આપ્યો. આહા..હા..! ક્યાં એ પુદ્ગલોનો રસ, ક્યાં ભગવાન આત્માનો રસ-બેનો એને વિવેક રહ્યો નહિ એમ અહીં કહેવા માગે છે. સમજાણું કાંઈ? કારણ કે પાઠમાં એમ શબ્દ પડ્યોને **'ણવિ પરમત્થુ મુણંતિ'** જાણતો નથી. પરમ પદાર્થ ભગવાન આત્મા જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ પૂર્ણ ભર્યો છે. એવો ભગવાન આત્મા એને એ જાણતો નથી. પરના રસના સ્વાદમાં ખુશી થઈ, આપનાર ઉપર પ્રસન્ન થાય છે એને ભગવાન આત્માના પરમાર્થ આનંદની ખબર નથી.

**'ઔર કિસીકે ઘર રસ રહિત ભોજન મિલે તો કષાય કરતે હૈં,...'** આમ લૂખા દાળિયા. દાળિયા શું ચણા, મમરા. મનમાં અણગમો કરે એ કષાય. એને સારા-નરસા રસ ઉપર પ્રીતિ-અપ્રીતિ છે. ભગવાન આત્માના આનંદની રુચિ છૂટી જાય છે. **'ઉસ ગૃહસ્થકો બૂરા સમજતે હૈં,...'** આને વિવેક ન મળે. આ અત્યારે ઉનાળાના દિ', કેવી તૃષા લાગી હોય. ઠંડું પાણી પીવા દેવું જોઈએ, મોસંબીનું પાણી દેવું જોઈએ, આને ભાન ન મળે. અમારે એવું ત્યાં થાતું. ભીક્ષા માટે અમારી આકરી ભીક્ષા હતીને બધી. સંપ્રદાયની આકરી હતી. પછી અમારા ગુરુભાઈ હતાને એ કડક સાથે. વહોરવા જાય ત્યાં જો સરખું ઓલું ન હોય. હં.. પણ મેં કીધું, એના ઉપર શું કરવા કરો છો તમે? ભીક્ષાની અમારી બહુ કડક ક્રિયા હતી પહેલા. કોઈ આમ ભીક્ષામાં-આહારમાં કાંઈ પણ એક દાણો પણ પગમાં કચડે, આહાર નિર્દોષ હોય, બધું પાણી નિર્દોષ, પણ એક કણ હોયને દાણાનો? ઉસકા ઉપર ઉસકા પગ આ જાયે તો કપડા.. ભીક્ષા નહીં લેતે. ઐસા બહુત વર્ષ કિયા હૈ. ઐસા આહાર તદ્દન છોડ દે. પાની ભી નહીં પીતે.

મુમુક્ષુ :- આખો દિ'...

ઉત્તર :- આખો દિ' છાશે ચલવીએ. અપવાસ કરીએ. પહેલા તો એમ બધું જાણ્યું હતુંને એ પ્રમાણે સંપ્રદાયની રીત. એ પછી અમારા ગુરુભાઈ જરાક કષાય કરે. મેં કીધું, શું કરવા કષાય કરો છો? એને ન આવડ્યું. એને બિચારાને .. તમને અંતરાયનું કારણ, એમાં છે શું

કીધું? સાલવડા છેને આ વીંછીયા પાસે. અમરાપુર નામ આપ્યું છે. બેચરભાઈના સાસરાનું ગામ. ત્યાં ગયેલા. એ લોકો દેરાવાસી બધા. આ સ્થાનકવાસી. પ્રેમ ખરો એ લોકોને બિચારાને. પણ જરી વાળી નાખેલું ઓલું. ઓસરી હોયને ઓસરી. શું કહેવાય ઓસરીને? ઓરડાની ઓસરી, બહારનો ભાગ વરંડો. અનાજના દાણા-બાણા પડ્યા હોય તો વાળી નાખ્યું હોય કે મહારાજ હમણા પધારે છે. પછી ત્યાં લેતા નહિ. વાત સાચી. દાણો કોઈ પડ્યો હોય અને સાવરણી કરે તો આહાર બંધ. આહાર લઈએ નહિ તે દિ'. એટલે જરી ગામડું નાનું અને પાંચ-સાત ઘર, એમાં આ થયું. એટલે ખીજાણા સાધુ. મેં કીધું, પણ આ શું કરો છો તમે? આ તે કાંઈ વ્યવહાર છે? ન મળ્યું તો એમાં શું? શાંતિ રાખોને. ઘણા વર્ષની વાત છે હોં! (સંવત) ૧૯૭૨-૭૩.

મુમુક્ષુ :- ... આખો દિ' ભૂખ્યા રહેવું.

ઉત્તર :- હા, એ આખો દિ' ભૂખ્યા રહેવું. બાપુ! એ તો એમ સમજવું કે એ વખતે શાંતિ રાખ. અત્યારે શાંતિનો ખોરાક લે. સમાધાન કરને. એ તો સંયોગ નથી આવવાનો. એમાં એનો વાંક કાઢીને શું? આ તો બધું અમારે બની ગયેલા બધા હોં. પહેલી તો કડક ક્રિયા હતીને, બહુ કડક ક્રિયા. ૧૦-૧૫ વર્ષ તો કડક ક્રિયા. ભીક્ષા અમને આપવી એટલે તો મુશ્કેલી. મોટી લાખોપતિની બાયું ધ્રુજે, ધ્રુજે. ભીક્ષા માટે આમ જઈએ ત્યાં આમ ધ્રુજે. અરે! મહારાજ ક્યાંકથી દોષ કાઢશે, કાંઈક દોષ કાઢશે. અ.. કહેવાય સમજાણું અમારી શૈલી. એમ કે જરી પણ દાણો, કોઈ પાણીનો બિંદવો પડ્યો હોય સચેત. અસંખ્ય જીવ છેને બિંદવામાં? પાણી સમજ્યાને? જળ. કળશો લોટો તો સાફ હોય, પણ લોટામાં જરી પલળેલું... પલળેલું ક્યા કહતે હૈ? ભીંજા હુઆ હો. એ ત્યાં ઉસકા હાથ અડ જાયે તો ભોજન નહીં લેતે. આહાર છોડ દેતે થે. ઐસા તો બહુતબાર કિયાને. સમજે ન? પણ એ તો ન મિલે તો શાંતિ રાખવી. છ કાયના જીવ છે, એકેન્દ્રિયના જીવ છે. એક પાણીના જળ બિંદુમાં અસંખ્ય જીવ છે. હવે એને હણીને સાધુને આપે તો લે નહિ, લઈ શકે નહિ. એ સ્થાનકવાસીનો રિવાજ એવો છે. સંપ્રદાયનો રિવાજ એવો છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભાઈ! એ સ્થાનમાં એવું ન મળ્યું તો કષાય શેનો? અને ગૃહસ્થોની બુરાઈ શેની? એ કહ્યુંને? **'ગૃહસ્થકો બુરા સમજતે હૈં,...'** બાપુ! એ તો છે ઈ છે. તને તારા આત્માના આનંદના રસની અંદર જો પ્રીતિ હોય તો પછી કેમ મળ્યું અને કેમ ન મળ્યું એ ઉપર તને વૃત્તિ હોઈ શકે નહિ. એ તપોધન નહિ અહીં તો એમ કહ્યું. મુનિ નહિ. આહા..હા..! મુનિ તો અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો હોય. ક્ષણમાં વિકલ્પ ઉઠે. હજારો વાર દિવસમાં છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવતું હોય. જેને આનંદના અતીન્દ્રિય આનંદના શેરડા, સિદ્ધ ભગવાનના

જેવા અતીન્દ્રિય આનંદ (આવતા હોય), પર્યાયમાં ઉભરો. ઉભરો સમજ્યા? ઉફાન આતી હૈ. અંતર આનંદમેં જિતની એકાગ્રતાકી ભીંસ પડી ઈતના આનંદ બાહર આતા હૈ. એવા આનંદમાં આ શું? આ શું? એમ કહે છે અહીં. આચાર્ય કહે છે કે અરે! લજ્જા નથી આવતી ભગવાન? આ તે આહારનો ભિખારી છો તું? તપોધન નથી, જા. સમજાય છે કાંઈ?

'**ભોજનકે લોલુપી હૈં.**' ત્રીજું વિશેષણ. '**ગૃદ્ધપક્ષીકે સમાન હૈં.**' છેને. ગૃદ્ધપક્ષી હોય છેને આ ગૃદ્ધપક્ષી. આ મડદાને ખાય છેને. એ હશે. એ પાઠ આવ્યોને પહેલા? ૧૧૧માં આવ્યું હતું. '**भोयण-गिद्धी विवज्जेसु**' ગૃદ્ધિ વધે. નહિતર ગૃદ્ધ પક્ષી જેવો છે એમ સમજવું. આમાં આવે છે આગળ. શ્વેતાંબરમાં પણ આવે છે. સૂયગડાંગમાં આવે છે. ગૃદ્ધ પક્ષી જેવો છે. કારણ કે આમાંથી બધું થોડું-થોડું લીધેલું છેને એ લોકોએ. ગૃદ્ધ પક્ષી જેવો છે. આહાર લેવા જાય અને જો ગૃદ્ધિ થાય... ગૃદ્ધ પક્ષી નથી હોતા ગીધડા? ગીધડા જૈસા હૈ? એવો સૂયગડાંગમાં પાઠ છે, સૂયગડાંગમાં. થોડું થોડું તો લીધું હોયને એમાંથી. નીકળ્યા હતા આમાંથી. પદ્ધતિ થોડી-થોડી બધી લીધી છે. વસ્તુ જ ભૂલી ગયા આખી. કહો, સમજાણું?

'**ઐસે લોલુપી યતી દેહમેં અનુરાગી હોતે હૈં,...**' દેહમેં પ્રેમ છે, ભગવાન આત્માના આનંદનો પ્રેમ નથી એને. જેનું જ્ઞાન-શરીર છે, જેનું આનંદ-શરીર છે એવું ચૈતન્ય એની એને રુચિ અને પ્રેમ, એની દૃષ્ટિ નથી. એથી એ દેહ, માટી, માંસ એને પોષવા માટે રસનો રાગી થઈ ગયો. રસનો રાગી થઈ ગયો, રસનો અનુરાગી થઈ ગયો છે. '**પરમાત્મ-પદાર્થકો નહીં જાનતે.**' એ આ ચોથા પદનો અર્થ કર્યો. ચોથું પદ છેને. '**णवि परमत्थु मुणंति**' એનો અર્થ કર્યો. ભગવાન પરમપદાર્થ પ્રભુ એકલો અતીન્દ્રિય આનંદ, નિત્યાનંદ, આનંદ. પંડિતજી! બ્રહ્મણુ રૂપમં. આત્મ .. બ્રહ્મસ્વરૂપમ. બ્રહ્મ નામ ભગવાન આત્મા આનંદ એનું રૂપ છે. અતીન્દ્રિય એનો સ્વાદ છે. એવા સ્વરૂપને કહે છે કે ભૂલી ગયો ભાઈ! તું એને તો જાણતો નથી.

'**ગૃહસ્થોંકે તો દાનાદિક હી બડે ધર્મ હૈં.**' ધર્મ એટલે શુભભાવ. અશુભથી બચવા માટે ગૃહસ્થોને શુભ પરમધર્મ કહેવામાં આવ્યો છે. પ્રવચનસારમાં ચરણાનુયોગમાં પણ આવે છે. છેને. અશુભ ભાવથી બચે છે. મહાન મુનિ ભક્તિ કરવાયોગ્ય આવે તેનો પ્રેમ ઉલ્લસે છે, એવો ભાવ એને શુભભાવ વ્યવહારે પરમધર્મ કહેવામાં આવે છે. ધર્મ તો નિર્વિકલ્પ શાંતિ અને દૃષ્ટિ સ્થિરતા એ ધર્મ છે. કહે છે, એવા મુનિને આહાર એ ગૃહસ્થ ભક્તિથી સમકિતી આપે એમાં શું? સમજાણું? '**શ્રાવકકા તો યહી બડા ધર્મ હૈ.**' એ અપેક્ષાએ શુભને, અશુભથી છૂટે છે ઘણો એટલે એને ધર્મ કહેવામાં આવ્યો છે વ્યવહાર.

'**જો કિ યતી, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા ઈન સબકો વિનયપૂર્વક આહાર દે.**' સમજાણું? '**शुद्धोपयोगपरमधर्मरतैस्तपोधनैस्त्वन्नपानादिविषये मानापमानसमतां कृत्वा**' એણે

સમતા કરવી એમ. હવે કહે છે અહીં તો. '**યતી, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા ઈન સબકો વિનયપૂર્વક આહાર દૈ. ઔર યતીકા યહી ધર્મ હૈ, અન્ન જલાદિમેં રાગ ન કરે,...**' આગળ પરમાત્મપ્રકાશમાં આવ્યું છે. પહેલું વંચાવ્યું હતુંને. મુનિ (આદિ) ચાર સંઘને શ્રાવક મહા ભક્તિથી આહાર આપે. ચાર સંઘને હોં. સાધુ, અર્જિકા સાધુ. સમજાણું? એ રત્નત્રય, ભેદાભેદ રત્નત્રયના આરાધક ગણ્યા છે ચારેયને. દ્રવ્યસંગ્રહમાં, પરમાત્મપ્રકાશમાં ભેદાભેદ રત્નત્રયના આરાધક ગણ્યા છે. સમજાણું? કહ્યું હતું કે નહિ? પહેલું કાઢ્યું હતું. એક શબ્દ હમણા કાઢ્યો હતોને. આ બધા બોલ તો ઘણા લખ્યા છે પણ હવે ક્યાંક હશે. એક ફેરી હમણા કાઢ્યું હતું. સમયસાર, પરમાત્મપ્રકાશ. કાઢ્યું હતું. પરમ દિ' કાઢ્યું હતું. હવે આવશે જુઓ. ૩૧૨ છે. એ પરમ દિ' બતાયા થા શામકો. ૩૧૨ હૈ દેખો. ૩૧૨ પાનું છે આમાં હોં.

'**નિશ્ચય વ્યવહારરત્નત્રયકે આરાધક યતી આદિ ચાર પ્રકાર સંઘ ઉનકો ચાર પ્રકારકા દાન ભક્તિકર નહીં દિયા...**' ક્યા કિયા તૂને? એ ગાથા ૧૬૮, ૧૬૮. સંસ્કૃત ટીકામાં છે. ૧૬૮. '**मुणिवरहं निश्चयव्यवहाररत्नत्रयाराधकानां मुनिवरादिचतु-र्विधसंघस्थितानां पात्राणां**' એ છે લ્યો! ૧૬૮ છે. એવી ઘણી ગાથાઓ છે. દ્રવ્યસંગ્રહમાં છે, ઓલામાં છે. આ તો એક નમુનો. ચાર સંઘને નિશ્ચય વ્યવહાર રત્નત્રયના આરાધક કહ્યા છે. એમ નહિ કે એકલા વ્યવહારના કરનારા અને નિશ્ચય નહિ. નિશ્ચય નહિ તો વ્યવહાર શેનો? ચારેયને—સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. અંતર નિશ્ચય સ્વદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા અને પરદ્રવ્યના તરફનો વિકલ્પ વ્યવહારરત્નત્રયનો એક સાથે હોય છે. તેથી નિશ્ચય વ્યવહારરત્નત્રય અહીં તો ચોખ્ખો શબ્દ છે. ક્યાંક ભેદાભેદ રત્નત્રય કહ્યા છે, ક્યાંક બાહ્ય-અભ્યંતર રત્નત્રય કહ્યા છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્ય રત્નત્રય વ્યવહાર અને નિશ્ચય રત્નત્રય નિશ્ચય. એમ ભિન્ન-ભિન્ન શબ્દે (કહ્યું છે). ક્યાંક શુદ્ધ રત્નત્રય, અશુદ્ધ રત્નત્રય કહ્યા છે. ઘણા પ્રકારની શૈલી છે. પાઠમાં બધી શૈલી. દ્રવ્યસંગ્રહમાં છે. આ બધું ઘણું આમાં લખ્યું હતું.

મુમુક્ષુ : બે પાના એના છે?

ઉત્તર :- ના, એના નથી. સમયસારનું છે, ઘણું છે. આ તો એક નમુનો. એક ગાથા અને આટલું લખ્યું હોય. એટલું બધું કોણ... આ તો ઘણા પાના છે. જુઓ, આ દ્રવ્યસંગ્રહનું છે આ બધું. આ છે. સમજ્યાને? દ્રવ્યસંગ્રહનું છે. આ છે તે સમયસારનું છે. આ છે તે પરમાત્મપ્રકાશનું છે. ભોપાલ લઈ ગયો હતો આ. વખત ન મળ્યો. કહો, સમજાણું કાંઈ? એનો સમય મળે ત્યારે થાયને.

શું કહે છે? એ નિશ્ચય વ્યવહાર રત્નત્રયના ચાર સંઘ આરાધક ભગવાન આચાર્યે કહ્યા છે. શ્રાવિકા પણ નિશ્ચય રત્નત્રયની આરાધક. ભલે એક વિશેષ છે મુનિને ચારિત્રની સ્થિરતા.

પણ અહીંયા ચારિત્ર છે કે નહિ? નથી? બે કષાયનો અભાવ. આહા..હા..! એક તો અનંતાનુબંધીનો અભાવ થઈને અનંત સ્વરૂપાચરણ પ્રગટ્યું અને બીજું અપ્રત્યાખ્યાનીનો નાશ થઈને અંદર ચારિત્રનું, શાંતિનું પ્રગટ્યું. એવું એને નિશ્ચયરત્નત્રય કહેવામાં આવે છે. શ્રાવિકા આઠ વર્ષની છોડી બાલિકા હોય. આઠ વર્ષની બાલિકા. પણ અંદરમાં પંચમ ગુણસ્થાન પ્રાપ્ત હોય, નિશ્ચયરત્નત્રય આરાધક એને કહેવાય.

અરે! પશુ. અસંખ્ય પશુ પડ્યા છે પંચમ ગુણસ્થાનવાળા અઢી દ્વીપ બહાર. આ મનુષ્ય તો કેટલા છે? થોડા-થોડા સંખ્યા. અસંખ્યની મોટી થોકડી. ત્યાં પણ એક સમકિતી પંચમવાળો અને અસંખ્ય મિથ્યાદષ્ટિ. એટલી તિર્યંચની સંખ્યા. એવા પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક અસંખ્ય પડ્યા છે બહાર, અઢી દ્વીપ બહાર. કોઈ તો ત્રણ જ્ઞાનના ધણી, કોઈ જાતિસ્મરણ જ્ઞાની પંચમ ગુણસ્થાન. ઓહો..હો..! સ્ત્રી હોય કોઈ, કોઈ પુરુષ હોય પશુ, મગરમચ્છ હોય, મચ્છ હોય, દેડકા-દેડકી, સિંહ-સિંહણ, વાઘ-વાઘણ. આહા..! આત્મા છેને. શરીર ભલે રહ્યું એવું. અંદરમાં નિશ્ચય વ્યવહાર બેયને આરાધે—સેવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઢોરમાં, માણસમાં ક્યાંય સુખ નથી. આત્મામાં સુખ છે. ત્યાં એમાં આત્મામાં સુખ છે, ત્યાં ઢોરમાં નથી. ઢોર એટલે ઓલા પશુ. પશુ તો ચામડાના આકારને કહે છે. આત્મા ક્યાં પશુ હતો? આહા..હા..! એક હજાર યોજનનું માછલું લાંબુ. હજાર યોજન, ચાર હજાર ગાઉ. સ્વયંભૂરમણ સમુદ્ર. આમ પૂછડું આમ હલાવે ત્યાં કેટલાય જીવો મરતા હોય પાણીના. એ સ્થિતિ નથી. અંદરમાં વસ્તુનો આશ્રય દૃષ્ટિ થઈ ગઈ છે અને રમણતા પણ બીજા કષાયના અભાવની પણ થઈ છે તો એ પણ નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના આરાધક છે. પણ એ તો અહીંયા આવતા નથી. શું આવે? આ છે જોવું હોય તો. આ નહિ ભરતનો હાથી? ત્રિલોકમંડન હાથી. ભરતે જ્યારે દીક્ષા લીધી, જાતિસ્મરણ થયું જુઓ હાથીને. આહાર વહોરાવે જુઓ ઈ. એ પંચમ ગુણસ્થાન અંદર પ્રગટ્યું છે. આહા..હા..! લ્યો આ તો વળી પ્રત્યક્ષ આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, માયા તો પછી .. થઈ ગયાને. શ્રાવક હો ગયા પીછે.

મુમુક્ષુ :- પહલે .. થા.

ઉત્તર :- એ હશે તો બહુ ખબર નથી. આ તો અત્યારની મારી આટલી. બહુ ઈતિહાસની ખબર ન હોય. પણ આ ભરતના ભાઈ હતા. એ ઓલા ભાગી શું કહેવાય? પૂર્વભવના મિત્ર. ભરતે દીક્ષા લીધી એટલે એને વૈરાગ્ય થઈ ગયો. જાતિસ્મરણ થયું કે અરે! અમે તો સાથે હતા. જાતિસ્મરણ થયું ભેગું ... પંદર-પંદર દિવસે આહાર કરે. ઉદાસ-ઉદાસ. આ દેહ.. આમ

રાણીયું .. સમતા છે. બે કષાયનો નાશ છે. સમજાણું? આત્મા છેને. પંચમ ભૂમિકા તો થઈ શકે છે. મુનિપણું ન થઈ શકે. સમજાણું? એવા તો અસંખ્ય શ્રાવક પડ્યા છે અસંખ્ય. આહા..હા..! આત્મા... આત્મા... આત્મા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી જુદું. આહા..હા..! આઠમા દેવલોકે જ્યાં જીવો ઉપજે છેને? શાસ્ત્રમાં એવો લેખ છે કે એક સમયે અસંખ્ય ઉપજે છે કોઈ. અસંખ્ય ત્યાં ઉપજે પશુ મરીને. એક સમયમાં હોં! ત્યારે પ્રશ્ન ઉઠતો હતો પહેલો. આ તો ૧૯૭૬-૭૭ પહેલા. અસંખ્ય ઉપજે, તો સમકિતી આરાધક એક સમયે અસંખ્ય ઉપજે કે નહિ? કે એ ઉપજે. સરખી સ્થિતિએ ઉપજે કે નહિ? આ પ્રશ્ન ઉઠ્યો હતો પહેલો. શું કહ્યું? એમ કે અસંખ્ય, પાઠ શાસ્ત્રમાં છે કે અસંખ્ય એક સમયે ઉપજે ત્યાં તિર્યંચો. એક સમયમાં હોં! ત્યારે એક સમયમાં ઉપજે તો સમકિતી એક સમયમાં અસંખ્ય ઉપજે કે નહિ? કે ઉપજે. પણ સરખી સ્થિતિએ ઉપજે કે નહિ? ન ઉપજે. કારણ કે સરખી સ્થિતિએ અસંખ્ય આરાધક સમકિતી જો ત્યાં ઉપજે તો એને દેહની સ્થિતિ પૂરી થઈને મનુષ્યમાં આવવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ હશે. આ તો બીજી વાત ચાલે છે. સમજાણું? આ તો ૭૮-૭૯માં બધા પ્રશ્નો ઘણા ઉઠતા આવા. એ પૂછ્યું હતું, લખેલો પ્રશ્ન છે. ૭૯માં નહિ? ૧૮૫. ૧૮૫ પ્રશ્નો લખેલા છે ૭૯ની સાલના. એક સાધુ આવ્યો હતો. બહુ જાણીએ છીએ અમે કહે. મેં કીધું બે ઉત્તર આપો આના થોડા. એક સાધુ હતો. ૨૨ ભાષા જાણું છું. મેં તો એટલો પ્રશ્ન પૂછ્યો હતો કે ૩૨ સૂત્રમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ક્યાં છે? ઉત્પાદ-વ્યય ધ્રુવ. ૩૨ સૂત્ર ૭૧ હજાર શ્લોક છે મૂળ પાઠ. ૭૯ની વાત છે, સંવત્ ૭૯. તો મૂળ પાઠમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ક્યાં છે? બહુ જો જાણપણા કહો છેને. બહુ જાણપણું ધરાવતા. કીધું, આ એક પ્રશ્ન અમારો છે. તો એવા તો પ્રશ્ન ક્યાંય નથી આવતા. મેં કીધું, ન ચાલે એનો અર્થ શું? ઉત્પાદ-વ્યય-ધ્રુવ વસ્તુનું સ્વરૂપ છે. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ કોને કહેવું એમ પૂછતો નથી, મેં કીધું. હું તો પૂછું છું કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ શબ્દો ૩૨ સૂત્રના ૭૧ હજાર શ્લોક છે. બધા વાંચેલાના તે દિ' તો ૭૯માં. એમાં શબ્દો ક્યાં છે ત્રણ બસ, એટલી વાત છે. મૂંઝાણો. એ પાઠમાં શબ્દ ક્યાં છે એ લાવો.

એ વખતે આ પ્રશ્ન ઉઠ્યા હતા. આરાધક જીવ તિર્યંચ સમકિતી એક સમયે અસંખ્ય સરખી સ્થિતિએ ન ઉપજી શકે. જો સરખી સ્થિતિએ ઉપજે તો સ્થિતિ પૂરી થઈને જાવું ક્યાં અસંખ્યને? મનુષ્ય તો થોડા છે. આડીઅવળી સ્થિતિએ ઉપજે. ઘણો કાળ અસંખ્ય વર્ષનો થઈ જાયને. તો વારાફરતી.. વારાફરતી... મનુષ્યમાં આવે. આ તિર્યંચો એટલા અસંખ્ય પડ્યા છે. આહા..હા..!

કહે છે કે **'શ્રાવકકા તો યહી બડા ધર્મ હૈ, જો કિ યતી, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા ઈન સબકો વિનયપૂર્વક આહાર દે.'** જોયું! એ ચારેય રત્નત્રયના આરાધક છે. **'ઔર યતીકા યહી ધર્મ હૈ, અન્ન જલાદિમેં રાગ ન કરે,...'** વિકલ્પ આયા ઈતના હૈ. એથી વિશેષ હોતા નહીં. સમતા... સમતા... સમતારસના સાગર મુનિઓ શાંતિમાં પડ્યા હોય ડૂબકી (મારીને). સમતા... સમતા... સમતા... મોહ ક્ષોભ રહિત જ્યાં પરિણામ હોય એ શાંતિનું શું કહેવું? સમજાણું? **'માન-અપમાનમેં સમતાભાવ રખે.'** બહારના અનુકૂળ-પ્રતિકૂળ તો પુણ્ય-પાપના નિમિત્તે એવો સંયોગ હો બહારમાં. સંયોગમાં આત્મા ક્યાં છે? બહારના માન-અપમાને આત્માને શું છે? પોતાના સ્વરૂપનું શુદ્ધ શ્રદ્ધા, ભાનનો અનુભવ વર્તે છે. ભગવાન કહે છે કે એ આરાધક જીવ છે. હવે તારે માન કોનું લેવું છે? સમજાણું?

આનંદઘનજી કહે છે, 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' જેને સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં આવ્યું હોય અને પોતાનો આત્મા આરાધકપણે વર્તે છે, એને કહે છે કે ભગવાનના જ્ઞાનમાં છે કે એ આરાધક છે. હવે તારે કોનું માન જોવે છે? અને સર્વજ્ઞ જ્ઞાનમાં વર્તતું હોય કે વિરાધક મિથ્યાદષ્ટિ છે, મૂઢ દષ્ટિ છે, કોનું અપમાન જોવે છે તારે હવે? સમજાણું કાંઈ? એ શબ્દ છે આનંદઘનજીનો. 'લહી ભવ્યતા મોટું માન.' ભગવાનના મુખમાં એમ આવે કે જ્ઞાનમાં આવ્યું કે આ તો આરાધક સમકિતી જીવ એકાવતારી થઈ ગયા. અને (આ) અભવ્ય છે અથવા નાલાયક છે એમ એના જ્ઞાનમાં આવ્યું. હવે અપમાન તારે કોનું જોવે છે? એના જ્ઞાનમાં આવ્યું કે આરાધક (છે) તો તારે હવે માન કોનું જોવે છે? સમજાણું કાંઈ?

કહે છે, મુનિઓ **'માન-અપમાનમેં સમતાભાવ રખે. ગૃહસ્થકે ઘર જો નિર્દોષ આહારાદિક જૈસા મિલે...'** જુઓ, **'જૈસા મિલે વૈસા લેવે,...'** લેવે એ ગ્રહણ-ત્યાગની વાત નથી. અત્યારે લે છે એવો વિકલ્પ છેને. એથી લેવું અને દેવું એ વિકલ્પ આવ્યો માટે ક્રિયા કરે છે એ અત્યારે સિદ્ધ નથી કરવું કાંઈ. અત્યારે તો આ નિર્દોષની વૃત્તિ છે તો નિર્દોષ આહાર લે એમ અપેક્ષાએ વાત છે. **'ચાહે ચાવલ મિલે, ચાહે અન્ય કુછ મિલે.'** ચોખા એકલા મળે ચોખા. કૂચા જેવા પાછા હોય. સરખા રંધાયેલા પણ ન હોય. શાંતિ રાખ. **'મિલે ઉસમેં હર્ષ વિષાદ ન કરે. દૂધ, દહીં, ઘી, મિષ્ટાન્ન ઈનમેં ઈચ્છા ન કરે. યહી જિનમાર્ગમેં યતીકી રીતિ હૈ.'** આહા..હા..! એવી વીતરાગ માર્ગમાં, વીતરાગ માર્ગમાં (રીતિ છે). માર્ગ તે કાંઈ પર્યાયમાં રહેતો હશે કે નહિ? માર્ગ કાંઈ બહાર રહેતો હશે? સમજાણું? એ વીતરાગ માર્ગની પરિણતિમાં જિનમાર્ગની યતિની એ રીતિ છે. આહા..હા..!

ઓલા કહે, મુનિઓને માનતા નથી. બાપા! મુનિઓનું તો નામ જ્યાં આવે ત્યાં અંદર

ઉલ્લાસ (આવે). મુનિ કહેવા કોને ભાઈ! શું કહે? એ મુનિને માનતા નથી લ્યો! પંડિતજી! પંડિતજીએ સાંભળ્યું છે કે નહિ? ભગવાન! અરે! આહા..હા..! ધન્ય અવતાર! મુનિ ચારિત્રવંત 'ણમો લોએ સવ્વ સાહુણં.' જેને ગણધર ચરણમાં નમે, ગણધર બાર અંગની રચના અંતર્મુહૂર્તના કરવાની તાકાતવાળો સંત, અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાનની પર્યાય પ્રગટ કરનારો સંત, એ બાર અંગની રચનામાં 'ણમો લોએ સવ્વ સાહુણં' (કહે). આહા..હા..! એ પ્રભુપદ તે કેટલું! કેવડું! સમજાણું કાંઈ? એ તો પરમેશ્વરમાં ભળી ગયો, પાંચ પરમેષ્ઠીમાં ભળી ગયો. કહે છે, **'જિનમાર્ગમેં યતીકી રીતિ હૈં.'** જિનમાર્ગ જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ ક્યાંય છે જ નહિ.

**'આગે શુદ્ધાત્માકી પ્રાપ્તિકે અભાવમેં જો વિષયી જીવ પાંચ ઇન્દ્રિયોંકે વિષયોંમેં આસક્ત હૈં, ઉનકા અકાજ (વિનાશ) હોતા હૈ,...'** 'सति पञ्चेन्द्रियविषयासक्त जीवानां विनाशं दर्शयति' પાઠ વિનાશ છે હોં અંદર. અકાજ એમ પાઠ લખ્યો છે. **'ઐસા દિખલાતે હૈં—'** હવે પાંચ ઇન્દ્રિયના દાખલા આપે છે. ૧૧૨.

**૨૪૨) रुवि पयंगा सद्दि मय गय फासहिँ णासंति।**
**अलिउल गंधइँ मच्छ रसि किम अणुराउ करंति।।११२।।**

**'રૂપમેં લીન હુએ પંતગ જીવ દીપકમેં જલકર મર જાતે હૈં,...'** દૃષ્ટાંત આપ્યો આચાર્યે. **'પતંગ જીવ દીપકમેં જલકર...'** દીવો આમ બળે છેને. સોનાનો આમ દેખાય છે આમ સોનું-સોનું. દીવો બળતો હોય તો સોનું-સોનું. આમ જાય છે ત્યાં ફડાક.. એ રૂપની ગૃદ્ધિ દેહનું દહન કરી નાખે છે, દેહનો નાશ થઈ જાય છે તોપણ એ વિષયને છોડતા નથી. **'શબ્દ વિષયમેં લીન હિરણ વ્યાધકે બાણોંસે મારે જાતે હૈં,...'** શબ્દમાં વીણા વાગતી હોય. સારસ મૃગોને બહુ મીઠાશ છે એમાં. આમ લીન થઈ જાય ત્યાં પારધી આવીને મારી નાખે. અરે.. ભગવાન! શબ્દની ગૃદ્ધિમાં દેહનો પણ અભાવ! દેહના અભાવની સ્થિતિનો પ્રસંગ બનશે એ પણ તને જવાબદારીની ખબર નથી? ગૃદ્ધિ છે.

ભગવાન આત્માના આનંદની રુચિ વિના... એની વાત છે હોં અહીં. વિષયોમાં રુચિ કોને છે? સમ્યગ્દૃષ્ટિને રુચિ નથી. આહા..! એ છન્નું હજાર (સ્ત્રીઓને) ભોગવે પણ એને રુચિ નથી. તેમાં સ્વાદ-મીઠાશ નથી માનતો, દુઃખ માને છે. આસક્તિ બીજી વાત છે, રુચિ નથી. આનંદની રુચિ થઈ છે, જ્યાં અતીન્દ્રિય ભગવાન આત્મા એની જ્યાં આમ રુચિ, પ્રીતિ જામી છે એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો ભોગમાં દેખાય, પણ એ આનંદનો પ્રેમ એને અંતરથી છૂટતો નથી. સમજાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રુચિ તો દૃષ્ટિના વિષય તરીકે કહ્યું, આસક્તિ અસ્થિરતાની અપેક્ષાએ કહ્યું. એ

અસ્થિરતા આવતા છતાં તેમાં મીઠાશ નથી. અજ્ઞાનીને અસ્થિરતા આવે એમાં મીઠાશ એટલે રુચિ ભેગી છે એમ અહીં કહેવું છે. પાંચ ઈન્દ્રિયના વિષયો તરફ લક્ષ જતાં અજ્ઞાનીને એમાં મીઠાશ આવે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય પ્રભુ એને એ ભૂલી જાય છે. સમજાણું કાંઈ? એથી આ દૃષ્ટાંત આપીને અજ્ઞાની એની વાત કરે છે. મુનિ થઈને પણ તને આત્માના આનંદનું ભાન નથી અને આ પાંચ ઈન્દ્રિયના વિષય જરી રૂપ દેખે, જરી આ દેખે, જરા આ દેખે. શું તને થઈ ગયું આ? એમ કહે છે. ઉપદેશની રીત તો ઉત્કૃષ્ટ હોયને.

**'બાણોંસે મારે જાતે હૈં, હાથી સ્પર્શ વિષયકે કારણ ગડ્ઢેમેં પડકર બાંધે જાતે હૈં,...'** ખાડામાં નાખી દે છેને હાથીને. ગૃદ્ધિ થઈને. આહા..હા..! એ શરીરનો નાશ થશે, પણ વિષયની ગૃદ્ધિ એને જોવા દેતી નથી. વિષયની ગૃદ્ધિ. ભગવાન આત્મા એના આનંદની જ્યાં રુચિ થઈ છે એને વિષયની રુચિ ઝેર જેવી લાગે છે. સમજાય છે કાંઈ? તેથી કહ્યું છેને, જ્ઞાનીના ભોગ નિર્જરાનો હેતુ. હેતુ, એ ભોગ નિર્જરાનો હેતુ નથી, એ તો અશુભભાવ છે, પણ અંદરની રુચિ ખસતી નથી. આનંદ... આનંદ... આનંદ... આ આનંદનો સ્વાદ ક્યાંય ત્રણ કાળમાં નથી રાગમાં. એવી સમ્યગ્દૃષ્ટિને અંતરની દૃષ્ટિની રુચિ થઈ છે. એને રાગમાં રુચિ થવા દેતી નથી. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે અજ્ઞાની એક-એક વિષયમાં ગૃદ્ધિને (કારણે) મરી જાય છે. સ્પર્શના વિષયમાં ગઢામાં.

**'સુગંધકી લોલુપતાસે ભૌંરે કાંટોંમેં યા કમલમેં દબકર પ્રાણ છોડ દેતે...'** ભમરા-ભમરા. આમ સાંજે જાય. ફૂલની સુગંધ લાગે (એટલે) ગરી જાય અંદરમાં. સાંજે બીડાઈ જાય આમ, રાગ છે એટલે. કોતરીને નીકળે એવી તાકાત છે, (પણ) નીકળે નહિ. એમાં હાથી-બાથી આવે તો... એકાકાર વિષયમાં છે. ધ્યેય એનું એકલું વિષયમાં એમ કહેવું છે અહીં. જેનું ધ્યેય આનંદનું પ્રગટ્યું છે એને વિષયનું ધ્યેય હોતું નથી. આસક્તિ ફરી આવી જાય એ જુદી વાત, પણ એનું ધ્યેય નથી એ. સમજાણું કાંઈ? એ મોટો પલટો દૃષ્ટિ અને અસ્થિરતાનો એ લોકોને વિવેક કરવો બહુ કઠણ છે. સમજાણું કાંઈ?

**'રસકે લોભી મચ્છ ધીવરકે જાલમેં પડકર મારે જાતે હૈં.'** લોટનો ગોળીયો થાયને. લોટ-આટા. લોઢાના ઓલામાં નાખે. એક લોટના રસમાં એકાકાર થઈ ગયો છે. વિવેક નથી, પણ પાછળ આ કાંટો આ શું? આવો ફટ.. એની ગૃદ્ધિ થઈ ગઈ છે, ભરાઈ જાય. ઓલો ખેંચી લે. **'એક એક વિષય કષાયકર આસક્ત હુએ જીવ નાશકો પ્રાપ્ત હોતે હૈં,...'** તો પંચેન્દ્રિયકા કહના હી ક્યા? પાંચેય ઈન્દ્રિયમાં ગૃદ્ધિ જ્યાં ઘડીકમાં આ અને ઘડીકમાં આ અને ઘડીકમાં આ. રૂપ દેખે ને રસ દેખે ને આ દેખે ને પુડલા દેખે. રૂપવાળી સ્ત્રી દેખે, કાંઈક સુગંધ દેખે, સારા ફૂલ ઝાડ. વળી કોઈક હારમોનિયમના અવાજ ઝીણા દેખે ..વાળા.

ઘડીક-ઘડીકમાં એકાકાર થઈ જાય છે કહે છે. આ એક-એક ઈન્દ્રિયવાળો મરી જાય તો પાંચેય ઈન્દ્રિયમાં તારું ધ્યાન ત્યાં ધ્યેય રહ્યું છે એકલું. ભગવાન આનંદને તો પકડ્યો નથી. મહા ભગવાન બિરાજે છે. જેનામાં શાંતરસ એકલો ડોલે છે. શાંત અકષાય સ્વભાવ. એની રુચિ હોય તો તને આ ગૃદ્ધિ શેની હોય? એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? '**ઐસા જાનકર વિવેકી જીવ વિષયોંમેં ક્યા પ્રીતિ કરતે હૈં? કભી નહીં કરતે.**' પ્રીતિ-રુચિ કરતા નથી. મુનિ આદિ હોય તેને આસક્તિ પણ નથી.

'**ભાવાર્થ :- પંચેન્દ્રિયકે વિષયોંકી ઈચ્છા આદિ જો સબ ખોટે ધ્યાન વે હી હુએ વિકલ્પ ઉનસે રહિત વિષય કષાય રહિત જો નિર્દોષ પરમાત્મા...**' જુઓ, બે-ત્રણ વાત અટપટી કરશે. એક તો પાંચ ઈન્દ્રિયના વિષયની ઈચ્છા એ ખોટું ધ્યાન. '**વે હી હુએ વિકલ્પ ઉનસે રહિત વિષય કષાય રહિત જો નિર્દોષ પરમાત્મા...**' ભગવાન આત્મા પરના વિષયના પ્રેમના રાગ વિનાની ચીજ છે. એ પરના પ્રેમ વિષયના, રાગ અને વિષયો એ રહિત ચીજ છે. એવો જે ભગવાન પોતાનો '**નિર્દોષ પરમાત્મા ઉસકા સમ્યક્ શ્રદ્ધાન...**' એવો ભગવાન આત્મા, એની સાચી શ્રદ્ધા, સત્ય શ્રદ્ધા, સ્વરૂપ છે તેવી સામર્થ્ય જેટલું છે તેટલીવાળી શ્રદ્ધા, તેવું જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન, આત્માનું સમ્યગ્જ્ઞાન અને આત્માનું આચરણ એ નિર્વિકલ્પ સમાધિ, એ રાગ વિનાની શાંતિ. સમાધિ એટલે રાગ વિનાની શાંતિ. ભગવાન આત્મા પોતાના નિજાનંદ સ્વરૂપની રુચિ, એનું જ્ઞાન અને રાગરહિત સ્થિરતા એ શાંતિરૂપ સમાધિ.

'**ઉસસે ઉત્પન્ન વીતરાગ પરમ આહલાદરૂપ સુખ-અમૃત,...**' દેખો, એનાથી ઉત્પન્ન થયેલો આત્મામાં રાગ વિનાનો પરમ આનંદરૂપ સુખ-અમૃત, આહલાદરૂપ સુખ-અમૃત. '**ઉસકે રસકે સ્વાદકર પૂર્ણ કલશકી તરહ ભરે હુએ...**' ભગવાન આત્મા.. આહા..હા..! જુઓ, એના '**રસકે સ્વાદકર પૂર્ણ કલશકી તરહ ભરે હુએ...**' પૂર્ણ કળશ ભર્યો હોયને કળશ. એમ આ કળશનો આકાર છેને જુઓને દેહનો. આ દેહનો કળશનો આકાર છે, ભગવાન પણ અંદર એને આકારે પોતાને કારણે બિરાજમાન છે આત્મા. એ કળશમાં જેમ ભર્યું હોય મીઠાશ, એમ આખા આત્માનો કળશરૂપ આત્મામાં આનંદ ભર્યો છે કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- શેરડીનો રસ ભર્યો છે.

ઉત્તર :- શેરડીનો રસ તો ધૂળ છે. આ તો અમૃતરસ ભર્યા છે. સુખામૃત. સમજાણું? આવે છેને આમાં આપણે નહિ? ૯૭માં નથી આવતું? ૯૭ ગાથામાં આવે છે. લીધું છેને. જુઓ, ૯૭મેં લિયા હૈ ન? 'અનાદિનિધન નિરંતર સ્વાદમાં આવતો સમસ્ત અન્ય રસથી વિલક્ષણ અત્યંત મધુર જે ચૈતન્યરસ તે જ જેનો એક રસ છે એવો આત્મા છે.' ૯૭ ગાથા છે કર્તાકર્મની.

શેરડીમાં.. શેરડી કહે છેને? ગન્ના. એમાં રસ ભિન્ન અને કુચો-કુચો હોતા હૈ ન કુચા? બન્ને ભિન્ન હૈ. આત્મરસ, આનંદરસ ભિન્ન હૈ અને પુણ્ય-પાપકા વિકલ્પ વહ કુચા ભિન્ન હૈ.

'અત્યંત મધુર' શબ્દ એટલો વાપર્યો છે. શું કરે? મધુર (એટલે) કાંઈ આ (બહારનો) મીઠો છે આ મીઠો? શબ્દ વાપરવો શી રીતે? 'અત્યંત મધુર અને સમસ્ત અન્ય રસથી વિલક્ષણ નિરંતર સ્વાદમાં આવતો ચૈતન્યરસ તે જ જેનો એક રસ છે એવો આત્મા છે.' એને આત્મા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? અને 'કષાયો તેનાથી ભિન્ન રસવાળા..' કષાયેલા બેસ્વાદ છે. 'આ તેમની સાથે એકપણાનો વિકલ્પ કરો તે અજ્ઞાનથી છે.' કર્તાકર્મ છેને? ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, એનાથી ઉત્પન્ન થયેલો આનંદ...

**'કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર.'** દેખો, એવા **'તરહ ભરે હુએ જો કેવલજ્ઞાનાદિ વ્યક્તિરૂપ...'** હોં પ્રગટરૂપ હવે. **'કાર્યસમયસાર,...'** કેવળજ્ઞાન. કાર્યસમયસાર થયુંને એ? કેવળજ્ઞાનાદિ અમૃતની પર્યાય પૂર્ણ પ્રગટી આમ અંદર. **'ઉસકા ઉત્પન્ન કરનેવાલા જો શુદ્ધોપયોગરૂપ કારણ સમયસાર,...'** ભગવાન સર્વજ્ઞ પરમાત્માને કાર્યસમયસાર કહે છે. કેમકે પરમ કેવળજ્ઞાનાદિ પૂર્ણ દશાના રસની પૂર્ણ પ્રાપ્તિ જેને થઈ ગઈ માટે તેને કાર્યસમયસાર અથવા કાર્ય જીવ અથવા કાર્ય પરમાત્મા (કહે છે). એનું કારણ કોણ? કે **'શુદ્ધોપયોગરૂપ કારણ સમયસાર,...'** જોયું! **'શુદ્ધોપયોગરૂપી કારણ સમયસાર...'** સમજાણું? જુઓ, **'कार्यसमयसारस्योत्पादकः शुद्धोपयोगस्वभावो योऽसावेवंभूतः कारणसमयसारः'** પછી કહેશે, એની ભાવના રહિત જીવો વિષયમાં ગૃદ્ધિ હોય છે એમ કહેશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ કેવળજ્ઞાનાદિનું કાર્ય પ્રગટ કરે એ ક્યા કારણે પ્રગટ કરે? કે શુદ્ધોપયોગરૂપી કારણથી-ઉપયોગથી પ્રગટ કરે. ભગવાન એ કારણ ઉપયોગ છે એ પર્યાય છે. કાર્યપરમાત્મા એ પર્યાય છે. કાર્યસમયસાર કીધું એ પણ એક પર્યાય છે અને કારણ શુદ્ધોપયોગ કીધો એ પણ એક પર્યાય છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે. દ્રવ્ય અને એના ગુણો, દ્રવ્ય એક, ગુણ અનંત એ ત્રિકાળ છે. આત્મ ભગવાન વસ્તુ અને ગુણો. ગુણ તે દ્રવ્ય થઈ જાય તે એક જ ગુણ તે દ્રવ્ય થઈ જાય. દ્રવ્ય, અનંત ગુણો એ ત્રિકાળ છે. અને એનો કારણવેપાર શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ રમણતા એ શુદ્ધ ઉપયોગરૂપી કારણપર્યાય, એ કારણસમયસાર અથવા મોક્ષમાર્ગ નિશ્ચય એ કાર્યસમયસારનું કારણ છે. જુઓ! વચ્ચે વ્યવહાર-ફ્યવહારની વાત કરી જ નથી. ભારે વાત ભાઈ! મોટી-મોટી વાતું લાગે માણસને હોં! ભાઈ! તું મોટો છો બાપુ! તારી મોટપની વાતું કેવળી પૂરી કહી શકે નહિ. આહા..હા..! શું કહે?

કહે છે, **'કેવળજ્ઞાનાદિ...'** પ્રગટની વાત છે હોં! **'વ્યક્તિરૂપ કાર્યસમયસાર, ઉસકા ઉત્પન્ન કરનેવાલા...'** ઉસકા ઉત્પન્ન કરનેવાલા કોણ? કે **'જો શુદ્ધોપયોગરૂપ કારણ**

**સમયસાર,...'** શુભ ઉપયોગ એનું કારણ ન થાય. દેહ, સંહનન, મનુષ્યદેહ કારણ ન થાય. એ પૂર્ણ કાર્ય પરમાત્મદશા મોક્ષદશાને કારણરૂપે ભગવાન આત્માનો શુદ્ધ ઉપયોગરૂપી આચરણ, શુદ્ધ ઉપયોગરૂપી આચરણ જ કારણરૂપે થાય. એ કારણથી ઉત્પન્ન થાય તે કાર્ય કહેવાય. કહો, સમજાણું આમાં? આમાં એકાંત નથી થતું? એકલો નિશ્ચય લીધો અને વ્યવહાર નહિ. ભાઈ! સાંભળને, એ નિશ્ચય એક જ મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :- સહચર.

ઉત્તર :- સહચર સાથે હોય છે એ તો જ્ઞાન કરવા માટે. આહા..હા..! અહીં તો પૂર્ણની ક્યાં વાત છે?

**'ઉસકી ભાવનાસે રહિત...'** હવે તો અહીં એ કહેવું છે. આવો જે ભગવાન શુદ્ધ પ્રભુ ચિદાનંદમૂર્તિ આનંદરસ ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને ઉપયોગની રમણતા એવી ભાવના રહિત **'સંસારીજીવ વિષયોંકે અનુરાગી...'** એને જ અહીં વિષયના અનુરાગી ગણ્યા છે. જેને અતીન્દ્રિય આનંદના રસની એકાગ્રતા અને ભાવના નથી એ જ વિષયના રસમાં એકાગ્ર થઈ જાય છે. એમ એવી જ વાત અહીં લીધી છે. સમજાણું કાંઈ? **'પાંચ ઇન્દ્રિયકે લોલુપી ભવ ભવમેં નાશ પાતે હૈં.'** લ્યો! ઓલો મોક્ષ થાય ત્યારે આ પાંચ ઇન્દ્રિયના વિષયમાં ગૃદ્ધિ, ભગવાન આત્માની ભાવના રહિત, શુદ્ધ ઉપયોગની ભાવના રહિત એ પરની ભાવના સહિત એ ચાર ગતિમાં નાશ પામે છે. એને પરિભ્રમણ મટતું નથી. એને પરિભ્રમણ મટે એનો ઉપાય અને બેય વાત કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૬, રવિવાર, તા. ૨૦-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૧૨-૧૧૩, પ્રવચન-૧૫૩**

આ પરમાત્મપ્રકાશ, બીજો ભાગ છે, એની આ ૧૧૨મી ગાથા. અહીંયા આવ્યું છે જુઓ, આત્મા પરમાત્મસ્વરૂપ છે અંદર. એના વસ્તુના સ્વભાવમાં પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાય કાળે પરમાત્મા પ્રગટ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? પરમાત્મસ્વરૂપ જ વસ્તુ (છે). દ્રવ્ય સ્વભાવ. આત્માનો પરમ આત્મા એટલે પરમ અનંત ચતુષ્ટય—અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ,

અનંત વીર્ય એવા અનંત ચતુષ્ટય સંપન્ન ભગવાન આત્મા પોતાના દ્રવ્યસ્વભાવમાં અનાદિ-અનંત છે. એવી દશાને પામવા, કહે છે, કારણ કોણ? કાર્ય તો જે સ્વરૂપ પરમાત્મા અનંત ચતુષ્ટય છે એને પ્રગટ કરવું જે કાર્ય અનંત ચતુષ્ટય કેવળજ્ઞાનાદિ પ્રગટ પર્યાયમાં—અવસ્થામાં કાર્ય થાય છે. એ કાર્યને કાર્યસમયસાર કહેવામાં આવે છે.

ભગવાન આત્મામાં જે અનંત ચતુષ્ટય સંપન્ન પૂર્ણ સ્વભાવ એને અવલંબે જે શુદ્ધોપયોગરૂપી કારણસમયસાર, શુદ્ધ ઉપયોગ (પ્રગટ થાય છે). કારણ કે વસ્તુ શુદ્ધ છે એનો અંતર સ્વરૂપનો વેપાર નિજ પરમાત્માની દૃષ્ટિ, નિજ પરમાત્માનું જ્ઞાન, નિજ પરમાત્માનું અંતર્મુખ આચરણ એને અહીંયાં શુદ્ધ ઉપયોગરૂપ કારણસમયસાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ કારણ સમયસારથી કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્ય સમયસાર પ્રગટ થાય છે. કહો, સમજાણું?

'**ઉસકા ઉત્પન્ન કરનેવાલા જો શુદ્ધોપયોગરૂપ કારણ સમયસાર,...**' છે. બીજી કોઈ ક્રિયાકાંડ વ્રત, વ્યવહાર, વિકલ્પ કે નિમિત્ત એ પૂર્ણ ભગવાન આત્માની પૂર્ણ આનંદદશા એટલે કાર્ય આત્મા, કાર્ય પરમાત્મા, કાર્ય સમયસાર બધો એક જ અર્થ છે. કાર્ય સમયસાર, કાર્ય આત્મા, કાર્ય પરમાત્મા એવી પૂર્ણ દશાને પ્રાપ્ત કરવા માટે અંતર ચતુષ્ટય ભગવાન આત્મા પૂર્ણ પડ્યો છે એની અંતરમાં શુદ્ધ ઉપયોગની દૃષ્ટિ, સ્થિરતા અને એકાગ્રતા દ્વારા-એ કારણ દ્વારા જ કાર્ય પ્રગટ થાય છે. બીજો વચ્ચે વ્યવહાર આદિ આવે એ જાણવા લાયક છે, આદરવા લાયક નથી એમ કહે છે.

એ '**ભાવનાસે રહિત...**' જેને સ્વરૂપ પોતાનું નિજ પરમાત્મા એની ભાવના રહિત એટલે કે તેના ધ્યેયની એકાગ્રતા રહિત. સમજાય છે કાંઈ? ભગવાન એક સમયમાં ધ્રુવ અનંત ગુણસંપન્ન અનંત ચતુષ્ટય એના ધ્રુવમાં પડ્યા છે. એની એકાગ્રતા એટલે તે સન્મુખના અભિપ્રાયના પરિણામ રહિત '**સંસારીજીવ...**' અનાદિ સંસારી પ્રાણી '**વિષયોંકે અનુરાગી...**' જુઓ, શું કહે છે એ? પાંચ વિષયના અનુરાગી છે. સમ્યગ્દૃષ્ટિ પાંચ વિષયના અનુરાગી નથી. આત્માનો સ્વભાવ પૂર્ણ અનંત ચતુષ્ટય સંપન્ન જ્યાં સમ્યગ્દર્શનમાં-દૃષ્ટિમાં લીધો, જ્ઞાન સ્વસંવેદન થયું, આચરણ પણ સ્વરૂપ આચરણ યોગ્યતા પ્રમાણે થયું, એ સ્વભાવની ભાવના જ્ઞાનીને હોય છે. જ્ઞાનીને વિષયનો રાગ એ અનુરાગ નથી, રાગનો રાગ નથી, રાગનો પ્રેમ નથી, રાગમાં એકાગ્રતા નથી. રાગથી જ્ઞાનની, પોતાના શુદ્ધ સ્વરૂપની એકાગ્રતાને લઈને રાગથી જ્ઞાની વિરક્ત છે. સમજાય છે કાંઈ?

'**ઐસા જાન કર...**' '**સંસારીજીવ વિષયોંકે અનુરાગી...**' વિષય એટલે? આમ વિષય જે ચૈતન્ય ધ્રુવ ધ્યેય વિષય જોઈએ, એના તરફનું ધ્યેય કરીને એકાગ્રતા જોઈએ એ ન મળે એથી એને પાંચ ઇન્દ્રિયના (વિષયો)-શબ્દો, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, પછી એ ગમે તે વાણી

ભગવાનની હો કે બીજી વાણી હો, ભગવાન પોતે હો કે સાધારણ સ્ત્રી હો, આત્માના વિષયના ધ્યેયને છોડી પરવસ્તુના વિષય તરફનો ઝુકાવ એનો અનુરાગી. '**પાંચ ઇન્દ્રિયોંકે લોલુપી...**' સમજાય છે કાંઈ? સ્વ વિષય નિજ પ્રભુ એની દૃષ્ટિ અને એકાગ્રતાનો અભાવ એથી પાંચ ઇન્દ્રિયના વિષયના વિકલ્પો એનો લોલુપી '**ભવ ભવમેં નાશ પાતે હૈં**'. એ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. ઓહો..હો..! '**ભવ ભવમેં નાશ પાતે હૈં.**' આમ રસ્તામાં એક મોટું .. હતું ભાઈ ઓલું. આવીએ ત્યાં ખટારો.. ભૂક્કો. ઘણા મરી ગયા. ઓહો..હો..! ઉંદર ઓલા જીવો.. આમ ચૈતન્યના અંતરની ખબર નથી. એમાં એના ઉપર ઓલો ખટારો જ્યાં આવ્યો, આ શરીર ઉપર આવ્યો એટલે હું ભીંસાઈ ગયો અને અંદર (મરી ગયો). ... ભૂકો કેટલા રસ્તામાં ઓહો..હો..! ખટારા.. એ અનાદિ કાળથી એમને એમ શરીરના ભૂક્કા થતા આવ્યા છે.

ભગવાન આત્મા... એ તો પુદ્ગલ પુરાવું ગળાવું એનો સ્વભાવ છે. પણ ચૈતન્ય જે અખંડ અભેદ ચૈતન્ય પ્રભુ અનંત શક્તિસંપન્ન છે આત્મા, એની દૃષ્ટિ અને તેના સન્મુખની એકાગ્રતા વિના પાંચ ઇન્દ્રિયના વિષયને લોલુપીપણે ભોગવતો ભવ-ભવમાં નાશ પામે છે. કોઈ શરણ નથી. નરકમાં હો, નરમાં હો. એ અમારે ... કહ્યું હતું. નર, નારકી, નિગોદ અને નવ ગ્રૈવેયક ચાર નકાર, બધા ન-ના. નર, નારકી, નવ ગ્રૈવેયક અને નિગોદ. આમ છેડો જુઓ તો સાતમી નરક, આમ જુઓ તો નવમી ગ્રૈવેયક. સ્વરૂપની એકાગ્ર દૃષ્ટિ વિના આ એનું ક્ષેત્ર અને સ્થાન. આમ સાતમી નરક, આમ નવ ગ્રૈવેયક, આમ નિગોદ. સમજાણું કાંઈ? એમાં કોઈવાર મનુષ્યપણે ભવ પણ પામે. પણ એ આત્મા વસ્તુનો મહિમા... બધો મહિમા વિકલ્પનો, નિમિત્તનો, સંયોગનો છોડી, વર્તમાન પ્રગટ અવસ્થા એનો પણ મહિમા, માહાત્મ્ય છોડી ભગવાન અંદર વ્યક્ત-છતો સ્વભાવથી પરિપૂર્ણ પ્રભુ એની દૃષ્ટિ અને એકાગ્રતા વિના એને ભવભ્રમણનો નાશ કોઈ દિ' થતો નથી.

જેમાં ભવનો ભાવ નથી એવા ભગવાન સ્વભાવની દૃષ્ટિ વિના ભવના ભાવનો છેદ કોઈ કરી શકે નહિ. એટલે કહે છે કે એવા ભગવાન આત્મા ઓહો..! એના નિજ પ્રભુ ઉપર એને પ્રેમ ન આવ્યો. વલ્લભદાસભાઈ! નિજ.. કહેશે, લોભ કહેશે તરત ગાથામાં, પછી સ્નેહ કહેશે. પરમાત્મા નિજસ્વરૂપ એનો એને કોઈ દિ' આમ પ્રેમ ન લાગ્યો. એ પ્રેમની લગની વિના એને પાંચ ઇન્દ્રિયના વિષયો, પુણ્ય-પાપના ભાવો અને એના નિમિત્તો એના ઉપર એની લોલુપતા અને એકાગ્રતા જ વર્તતી હોય. સમજાણું કાંઈ? એથી એ '**ભવ ભવમેં નાશ પાતે હૈં. ઐસા જાન કર ઇન વિષયોંમેં વિવેકી કૈસે રાગકો પ્રાપ્ત હોવેં?**' કહે છે કે જ્યાં પરના લક્ષે રાગ-દ્વેષ થાય છે અને સ્વના આશ્રયે વીતરાગદૃષ્ટિ થાય છે એવા રાગ અને સ્વભાવની ભિન્નતા ભાનવાળો વિવેકી એ પરમાં લોલુપતાને કેમ કરે? સમજાણું કાંઈ?

**'ઐસા જાન કર ઈન વિષયોમેં વિવેકી કૈસે રાગકો પ્રાપ્ત હોવેં?'** અહીં તો રાગની એકતાની વાત છે હોં! રાગ-વિકલ્પ હોવા છતાં એ તો ભગવાન પૂર્ણ આનંદનો પિંડ દૃષ્ટિમાં હોવાથી, રાગથી વિવેક નામ ભિન્ન થયું છે દૃષ્ટિનું ભાન, એ હવે વિષયોના રાગમાં કેમ રાચે? જેનું રાચવું પ્રભુ ઉપર થયું છે. પોતાની પ્રભુત્વ શક્તિ પરમેશ્વર પોતે છે. એ પરમેશ્વર પ્રત્યે પ્રીતિ થઈ છે એ આવા પામરો-પુણ્ય-પાપના રાગ પ્રત્યે રાચે કેમ? સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને એ છન્નું હજાર સ્ત્રી હોય, રાગ હો, એકાગ્રતા નથી. એકાગ્રતા સ્વભાવ તરફ વળેલી છે. બેને ભિન્ન જાણે છે અંદરમાં. રાગ અને સ્વભાવ બેને એક થતું નથી એટલે રાગનો વિરક્ત છે જ્ઞાની. અજ્ઞાની સ્વભાવથી વિરક્ત છે. ભગવાન ચિદ્‌ઘન પ્રભુ અનાકુળ શાંતરસનો સાગર, એના સન્મુખ ન જોતાં એકલા વિકલ્પો અને રાગ સામે જોતાં એ જીવ અવિવેકત્વમાં રાચે છે. વિવેકી **'કૈસે રાગકો પ્રાપ્ત હોવે? કભી વિષયાભિલાષી નહીં હોતે.'** અભિલાષી નહીં હોતે હૈં. અભિલાષ-ભાવના તો સ્વભાવની જ્ઞાનીને છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'કભી વિષયાભિલાષી નહીં હોતે.'** જેમાં સુખ નથી દેખતો અને જેમાં સુખ ભાળે છે, દેખે છે એમાંથી કેમ ખસે દૃષ્ટિ? ધર્મીને આત્મા આનંદમૂર્તિ દૃષ્ટિમાં દેખાય છે. આહા..હા..! સુખની સત્તાવાળું તત્ત્વ છે એકલું એવી દૃષ્ટિમાં એને વિષયાભિલાષ કેમ હોઈ શકે? **'કભી વિષયાભિલાષી નહીં હોતે.'** સમજાણું કાંઈ? એ છન્નું હજાર (સ્ત્રીના) વૃંદમાં પડ્યો પણ વિષયનો અભિલાષી નથી, ભાવના નથી. એ અસ્થિરતા આવીને ખરી જાય છે. આમ વારંવાર કોઈ વખતે શુદ્ધ ઉપયોગમાં પણ રમી જાય છે, નહિતર સ્વભાવ તરફની ધારા તો એકાગ્ર ચાલી જાય છે, ચાલી જાય છે. આહા..હા..!

કહે છે કે **'કભી વિષયાભિલાષી નહીં હોતે. પતંગાદિક એક એક વિષયમેં લીન હુએ નષ્ટ હો જાતે હૈં, લેકિન જો પાંચ ઈન્દ્રિયોંકે વિષયોંમેં મોહિત હૈં, વે વીતરાગ ચિદાનંદસ્વભાવ પરમાત્મતત્ત્વ...'** દેખો! મહાન વીતરાગ આત્મસ્વભાવ, પુણ્ય-પાપના વિકલ્પની લાગણીના આસ્રવતત્ત્વ વિનાનું તત્ત્વ. વીતરાગ એટલે આસ્રવતત્ત્વ વિનાનું. છે શું ત્યારે? ચિદાનંદસ્વભાવ અસ્તિ. એકલો જેમાં જ્ઞાન ને આનંદસ્વભાવ, જ્ઞાનાનંદ સ્વભાવ, જ્ઞાનાનંદ સ્વભાવ. ચિદાનંદ સ્વભાવ એવું પરમાત્મતત્ત્વ. દેખો! એ પરમસ્વરૂપ તત્ત્વ પોતે પરમાત્મતત્ત્વ. સમજાય છે? **'ઉસકો ન સેવતે હુએ,...'** વિકલ્પ રહિત ચિદાનંદ સ્વભાવ, પરમાત્મભાવ અપના ઉસકો ન સેવતે હુએ, એની સેવા કરતો નથી. એને **'ન જાનતે હુએ,...'** અંતર ભગવાન આત્મા છે એને **'ન જાનતે હુએ ઔર ન ભાવતે હુએ,...'** એમાં એકાગ્ર થતો નથી. **'અજ્ઞાની જીવ મિથ્યા માર્ગકો વાંછતે,...'** દેખો, એ શુભાશુભ પરિણામની ભાવના એ મિથ્યા માર્ગ છે. એ માર્ગ સત્ય માર્ગ નથી. શુભાશુભ વિકલ્પનો માર્ગ એ મિથ્યા માર્ગ છે. એ માર્ગે કંઈ

આત્માની પ્રાપ્તિ નથી થતી. એ માર્ગે તો પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે. એવા '**મિથ્યા માર્ગકો વાંછતે,...**' અહીં સ્વભાવની ભાવના છે નહિ એટલે અહીં ભાવના થયા વિના રહે નહિ. મહાન પ્રભુ એવો આત્મા એની ભાવના—એકાગ્રતા નથી એથી એને વિષય વાંછના એટલે જે કાંઈ ઈચ્છા ઉત્પન્ન થઈ એમાં જ એની વાંછના, ભાવના, એકાગ્રતા, રતતા, લીનતા વર્તતી હોય છે.

'**કુમાર્ગકી રુચિ રખતે હુએ...**' દેખો, કુમાર્ગ, એ મિથ્યા માર્ગ. વિકારનો ભાવ એ કુમાર્ગ છે, એ કોઈ માર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા પવિત્રના સ્વભાવવાળો અંતર માર્ગ એ સુમાર્ગ છે કે જે માર્ગે પરમાત્મપદ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. જે માર્ગે પરમાત્મપદ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. આ માર્ગે તો નરક અને નિગોદ પ્રાપ્ત થાય છે. આહા..હા..! વલ્લભદાસભાઈ! '**કુમાર્ગકી રુચિ રખતે હુએ...**' દેખો, એ શુભ-અશુભ વિકલ્પો પર વિષય લક્ષવાળા, એના પ્રેમમાં ફસાયેલા કુમાર્ગની રુચિમાં પડ્યા (છે). સમજાણું? '**નરકાદિ ગતિમેં ઘાનીમેં પિલના,...**' નરકાદિ ગતિમાં જઈ... આ સંયોગની વાત સમજાવવા કહે છે. લોકો સંયોગથી દુઃખ દેખે છેને. નહિતર દુઃખ કાંઈ સંયોગથી નથી, દુઃખ તો વિકારની એકતાનું છે. પણ લોકો સંયોગથી દેખેને. આમ જ્યાં સર્પ આવે ત્યાં આમ પડે, ઘાણીમાં માથું નાખે તો હાય હાય એમ થઈ જાય. એ દુઃખ ઘાણીમાં માથું પડે એનું નથી. દુઃખ તો વિકારની એકતાનું છે. લોકો એમ દેખે છે માટે કહે છે કે ઘાણીમાં પિલના. દેખ તો ખરો. એ નરકની અંદર ઘાણીમાં ઊંધે માથે નાખે આમ. માથુ હેઠે ઘાણીમાં. હેઠે હોયને ઓલું લાકડાનું. એ મોટું લોઢાનું બનાવી જમડા નરકની અંદર, જમ-જમ એ લોઢાની મોટી ઘાણી બનાવી, લોઢાની મોટી માથે નાખે તલ નાખે અને પછી માથું નાખે. નીચે લોઢાની અને નીચે લોઢું એમાં વચ્ચે પોલું રાખે, એમાં માથું નાખે. માથું સલવાઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં સંયોગથી બતાવે છે. વાત કરી પહેલી મેં તો. લોકો સંયોગને ભાળે છેને? પાપના ભાવ થયા એ દુઃખ છે એ ભાળતા નથી, પણ પાપના ભાવથી પાપ બંધાણું પછી સંયોગ પ્રતિકૂળ (આવે એમાં) આ.. એને ભાળે છે લોકો. આ... આ... એટલે એ દૃષ્ટિએ વાત કરી છે. લાકો આમ દેખે, માથે આમ છરી પડે એને દુઃખ માને છે, લોકો તો એમ માને છેને. ભાઈ! પાપના ભાવ કર્યા હતા એનું બંધન અશુભ થયું હતું એના ફળ તરીકે આ સંયોગ આવે છે. એટલે લોકો એ આમ પડે (એટલે) હાય.. હાય.. આમ થયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ... ત્યાં ક્યાં ઘાણો હતો? એ તો વૈક્રિયિક-વૈક્રિયિક. નદીયું બનાવે આમ

લોઢાના રસની, લોઢાના રસની, સ્ત્રીની લોઢાની ધગધગતી પુતળીયું બનાવે. લે આ આલિંગન કર. આહા..હા..! એ .. છે સ્વભાવને ભૂલેલો, વિકારની એકતાનું દુઃખ છે. દેહની એકતાનું, મમતાનું દુઃખ છે. દેહ તો જડ છે. સમજાણું કાંઈ? અહીં એને સમજાવે છે કે ભાઈ! તું સંયોગી દૃષ્ટિવાળો છો એથી સંયોગ દેખીને તને દુઃખ લાગે છે. અમે તને કહીએ છીએ કે .. ઘાણીમાં પીલાવું થાશે હોં. એમ વાત કરે છે. કથન પદ્ધતિ લોકો જે શૈલીએ સમજે છે એ શૈલીએ એને વાત કરે છે. સમજાણું કાંઈ?

'**કરોંતસે વિદરના,...**' કરવત-કરવત આમ. આહા..હા..! કરવતથી કટકા (કરે). '**ઔર શૂલી પર ચઢના...**' શુળી હોં. આ હવે તો ફાંસી થાય છે. પહેલા શુળી હતી. લોઢાની આમ શુળી-શુળી. '.. લાઠીની શુળીયું' એમ બાયું ગાય છે. નાની ઉંમરમાં ગાય. ઓલો દાદો નથી શું? દેદો. હા એ ગાય છે. છોડીયું ગાય છે એ. એ લાઠીમાં પહેલા શુળી હતી. ભાવનગરનું રાજ પહેલા લાઠીમાં હતું. જૂનું રાજ લાઠી. વલ્લભદાસભાઈ! ત્યાં શુળી હતી. આમ શુળ .. શુળી એ લોઢાની હોય એમાં એને પરોવે. પહેલા એ હતું. આ ફાંસી હવે થઈ હમણા. પહેલા લોઢાની શુળીમાં પરોવે. આમ ઉભો પુંઠમાં નાખે લોઢાની શુળી. પુંઠમાં નાખે આમ.. એમ ને એમ મરે ત્યાં સુધી ચોવીસ કલાક, અડતાલીસ કલાક રહે. પણ બહુ ત્રાસ થયો એટલે રાજે એ કાઢી નાખ્યું, ફાંસી આપે.

ત્યાં હતીને જુઓ. અમે ગયા હતાને જેલમાં. ત્યાં એક ઓફીસર આવ્યા હતા. એમ કે મહારાજના દર્શન કરવા છે બધા કેદીઓને. એક ખૂની હતો (એને) ફાંસીએ ચડાવવાનું નક્કી થઈ ગયેલું. અંદર પડેલો. પછી ઓફીસર આવ્યા. અમદાવાદથી મગાવેલી રજા, ઘણા કેદીઓ ઘણા હતા. એક મહારાજ ગામમાં આવ્યા છે એમના આ કેદીઓને દર્શન કરાવવા છે જેલમાં કેદીઓને. ... રજા આવી. છેલ્લો દિવસ ઉઠવાનો હતો, બપોરે એક વાગે આવ્યા એ લોકો અમલદાર. .. પા કલાક અડધો કલાક છે. પછી ગયા હતા ત્યાં. બધા ભેગા કરેલા કેદીઓને. મોટા બે દરવાજા. એક દરવાજો ખોલે તો આ દરવાજો બંધ રાખે. કારણ કે કોક ભાગે તો? બે દરવાજા મોટા હોય. અને આ દરવાજો ખોલે તો ઓલો બંધ રાખે. વચ્ચે ફક્ત આંતરો ત્રણ-ચાર હાથનો.. એવી રીતે ખોલીને જેલરો બધા ઓફીસરો બંદુક સહિત સાથે હતા. અંદર ગયા. ૧૬૫ જેટલા કેદીઓ હતા. પા કલાક વાત કરી. એમાં એક સૂત્ર-ચાકળો લખેલો હતો--અજ્ઞાન જેવું દુઃખ નથી. એ કેદમાં લખેલું. જુઓ! આ શું લખ્યું છે? આવેશમાં આવી અજ્ઞાનપણે આવા પાપ થાય એને પછી ... આહા..હા..! અજ્ઞાન જેવું કોઈ દુઃખ નથી. આત્માનું ભાન ન કરવું અને પરના ભાનમાં એકાકાર થવું એના જેવું કોઈ જગતમાં દુઃખ નથી. એવું લખેલું હોં જેલમાં. કોણ જાણે ક્યાંથી .... પા કલાક થયોને, બહાર નીકળ્યા. ફાંસી ચડાવીને..

ગામમાં રજપુતનો દીકરો ૨૨ વર્ષનો જુવાન. એક છોડીને કાપી નાખેલી રસ્તામાં. એને ફાંસીની સજા નક્કી થઈ ગયેલી. આવ્યા લોકો સાથે ઓરડીમાં .. બેઠો હતો બિચારો. અમે ગયા એટલે ઉભો થઈ ગયો. રજપુતનો દીકરો હતો, ૨૨ વર્ષનો જુવાન લઠ. પગે લાગ્યો. એટલી દીનતા. કાંઈ શબ્દ નીકળે નહિ મારા મુખમાંથી એની દીનતા દેખીને. ભાઈ! તારું નામ શું? બસ! એટલું મેં પૂછ્યું. ... ફાંસીની સજા નક્કી થઈ ગયેલી. એક જ ઓરડી નાની. લૂગડું જાડું. દોરડું-બોરડું ન હોય. આમ દોરી-બોરી નાખીને ગળાફાંસો ખાઈ જાય તો? એટલે દોરડી ન રાખે. પણ દીનતા એવી જોઈ. ભાઈ! તારું નામ શું? બસ, એટલું કીધું. ઓફિસર મોટા સાથે હતા એણે એમ કહ્યું કે અરે! આયુષ્યના પાક થાય. એને શું કરે? આશ્વાસન દેવું પડેને. આયુષ્યના પાક થાય પછી શું થાય? એટલું બોલ્યા ઓફીસર ઓલાને સંભળાવવા. પણ એ તો ત્રાસ જુઓ તો. ૨૨ વર્ષનો જુવાન લોઢા જેવો. .. ચડાવે ફાંસીએ. કોઈ દિ' આપણે ગયેલ નહિ. તો ઓફીસર કહે, મહારાજ! ચાલોને જરી જોવા. આ કઈ ઓરડીમાં અમે ફાંસીએ આપીએ છીએ. પછી એ ઓરડી .. નામે છે. એ ઓરડીમાં લઈ ગયા. પ્રોફેસર સાથે હતા. અહીંયા અમે કેદીને લાવીએ. પાછળ હાથ બાંધી અને બહાર કાઢીએ. એમને એમ ઓરડીમાંથી બહાર ન કાઢીએ. જે ઓરડી હતી એમાં પાછળ હાથ બાંધીને કાઢીએ. આમ ઉપર લાવીએ. પછી અંદર .. ઓરડીમાં સરખા એમાં ઉભો રાખીએ. પછી બાંધીએ પગમાં દોરડા પાછા. પછી માથે બે બતાવ્યા ઓલા લોઢાના કડા. એમ કે આ દોરડું એક છે. ત્રણ દિ' સુધી માખણમાં રાખીએ. જ્યારે એને ફાંસી દેવાની હોય ત્યારે દોરડું. રસ્સી સમજો છો? રસ્સી. રસ્સીને ત્રણ દિ' સુધી માખણમાં પલાળી રાખીએ. એટલે એને આંકો ન પડે અને ઝટ (દેહ છૂટી જાય). પછી અહીં દોરડી અહીં બાંધી અને સુધી બાંધીએ. પછી મોઢામાં ઓલું બાંધે. પછી પાછળ.. બતાવ્યું ઓફીસરે. જુઓ આમ કરીને પાટીયા ઉપર ચડાવીએ. એટલે ઓલો .. ઉંચો થઈ જાય. એ અડધો કલાક રાખીએ છીએ. પાંચ મિનિટમાં ખલાસ. અડધો કલાક રાખીએ. આ બારીથી કાઢીએ. એ આ બોર્ડ માર્યું પાટીયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ... પણ એ જોયું હોય તો ઓહો..હો..! એ તો બોલતો હતો બિચારો છેલ્લે. .. હું છોડીના બાપને બધાની માફી માંગુ છું. મને માફી આપો. એમ બિચારો છેલ્લે (બોલતો હતો). આ તો નક્કી થઈ ગયું હોય છે. ઓલાએ બિચારાએ ત્યાંથી કહેવરાવ્યું એના બાપે. માફી આપીએ છીએ ભાઈ! તને અને દીકરીને બેયને માફી આપીએ જાવ. શું કરે પણ? આહા..હા..! એ ઓફીસરો આમ બોલે બિચારા હોં. આવેશમાં આવા પાપ થઈ જાય પછી શું થાય?

અહીં કહે છે કે ભાઈ! .. કહે છે. .. અહીં બાંધ્યું હોયને. .. છાપામાં આવ્યું છે. .. અડધો કલાક. એવું અનંતવાર આત્માના ભાન વિના એને આવા સંજોગો મળ્યા છે. એ કાંઈ નવી વાત નથી. એ બીજાનું સાંભળીને એને એમ થઈ જાય, ભાઈ! એ વસ્તુ ભગવાન ચિદાનંદ પ્રભુ આ એને વિકારની એકતાવાળો માનવો એ જ ગળે ફાંસો છે. આહા..હા..! આ તો બહારની વાતું છે. શુદ્ધ ચિદ્‌ઘન પ્રભુ આનંદનો સાગર, એને વિકલ્પ ને રાગ અને શરીરવાળો એકત્વ કરીને માનવો એ જ મહા મિથ્યાત્વ ગળે ફાંસો છે અને એ જ મિથ્યાત્વ નિગોદનું કારણ છે. તત્ત્વ વિરાધન થઈ અને જ્યાં અક્ષરનો અનંતમો ભાગ જ્ઞાનનો રહી જાય ત્યાં અવતરે. એના દુઃખની શું વાત? લોકો નરકના દુઃખને જોવે છે, પણ એ તો સંયોગની વાત છે. આ નરક કરતાં નિગોદના દુઃખ અનંતગુણા છે. કેમકે જ્યાં પર્યાયની હીણી દશા થઈ ગઈ. જ્ઞાન-દર્શન. આહા..હા..! એકદમ હીણો... હીણો... હીણો... હીણો... અક્ષરનો અનંતમો ભાગ ક્ષયોપશમ રહી ગયો. ઉદયભાવ મિથ્યાત્વનો રહ્યો. ક્ષયોપશમ આ રહ્યો. વસ્તુ પારિણામિક ભાવ એ તો ત્રિકાળ પડી છે ત્યાં. સમજાય છે કાંઈ? નિગોદમાં ત્રણ ભાવ હોય—પારિણામિક, ક્ષયોપશમ અને ઉદય. પારિણામિક, ક્ષયોપશમ અને ઉદય. એટલા અક્ષરના અનંતમા ભાગે ક્ષયોપશમ રહે છેને. ન રહે તો જડ થઈ જાય. પર્યાયનો વિકાસ, મિથ્યાત્વનો ઉદય છે ખરો તો એ છે, બાકી બધો ઉદય સાધારણ છે. એ ઉદયની ફાંસી ભોગવે છે ભાઈ! આહા..હા..!

ભાઈ! એણે સ્વતત્ત્વના પરની સાથે એકત્વના દુઃખ અને સ્વતત્ત્વમાં રહેવું એ શું સુખ- એણે કોઈ દિ' મનન કર્યા નથી. એમ ને એમ વાંચીને, વાંચી ગયો, ભણી ગયો અને ગોખી ગયો પરસન્મુખ. ભગવાન! તારી ચીજ તો જો. અરે! જેનામાં અનંત આનંદ ડોલે છે. દરિયા ડોલે જેમ પાણીથી ભરેલા. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પડ્યો છે. અરે! એની શ્રદ્ધાની એકાગ્રતા વિના, કહે છે કે આવા નરકાદિ. નરકાદિ કીધુંને? **'ઘાનીમેં પિલના, કરોંતસે વિદરના, ઔર શૂલી પર ચઢના...'** શુળી ઉપર ચડાવે છે. આહા..હા..! સરકારમાં તો .. જોઈ ન શક્યા એટલે કાઢી નાખ્યું. પછી આ ફાંસી... પાંચ મિનિટમાં. એથી હવે તો જરી બીજું પરદેશમાં છે. વીજળીની ખુરશી ઉપર બેસાડે છે. બેસાડે તો .. થાય તો ખલાસ થઈ જાય. પાંચ મિનિટ સુધી.. લાગ્યા હોય .. આંખ નીકળી ગઈ હોય ... આ વીજળીના ઝટકા બેસે. પરદેશમાં એમ કરે છે. પણ એ પૂરી એની સ્થિતિ. પણ ભલે એ પાંચ-દશ સેકન્ડ. પણ એ પૂરા. અસાધ્ય થઈ જાય એ પીડા કેટલી? ન સહન થયું ત્યારે તો અસાધ્ય થાય છે. એમ નથી કે અસાધ્ય થયો. અસાધ્ય સમજો છો? .. કરતાં-કરતાં ભાન ભૂલી જાય. એનો અર્થ કે દુઃખની માત્રા વધી ગઈ છે. પથરા મારતા હતા, ધોકા મારતા મારતા આમ સાધ્ય રહે ત્યાં સુધી. પછી અસાધ્ય થઈ જાય અસાધ્ય. એનો અર્થ છે દુઃખની માત્રા વધી ગઈ

છે. એનું દુઃખ ઘટી ગયું માટે .. એમ નથી. સમજાણું કાંઈ? દુઃખની (માત્રા) બેહદ થઈ ગઈ છેને અંદર, મૂર્છાઈ ગયો. નિગોદના જીવ પણ દુઃખની બેહદતા થઈ ગઈ છે. મૂર્છાઈ ગયેલા પડ્યા છે. એ આ ભગવાન આત્માની શ્રદ્ધાના જ્ઞાનના ભાવ વિના. સમજાણું કાંઈ? આહા..હા..!

**'શૂલી પર ચઢના ઈત્યાદિ અનેક દુઃખોંકો દેહાદિકકી પ્રીતિસે ભોગતે હૈં.'** આ ધૂળની પ્રીતિ. ભગવાનની પ્રીતિ ન મળે. એય..! જેચંદભાઈ! શું આવ્યું આ? **'દેહાદિકકી પ્રીતિસે ભોગતે હૈં.'** એમ આવ્યું. .. છે પણ બોલે શું એમાં? આ શરીરની પ્રીતિમાં મરી ગયો એમ કહે છે. .. એ નહિ, તમે કહો છો એ રીતે નહિ. એ કહે છે એમ નહિ, બાપા! એમ નહિ. દેહનો પ્રેમ છે અને ભગવાનનો પ્રેમ નહિ એમ અહીંયા છે. ચિદાનંદ ભગવાન આનંદનો કંદ એનો પ્રેમ નહિ એટલે એને શરીરનો પ્રેમ ત્યાં જ ઢળ્યા કરે, ત્યાં જ ઢળ્યા કરે. એ આમ થઈ ગયું, એ .. થઈ. જયચંદભાઈ! એમ છે બાપુ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો અહીં દુઃખ .. છે. આ તો સંયોગથી કીધુંને પહેલી વાત કરીને. પહેલી વાત કરી કે જ્ઞાનીઓ જગતની શૈલીએ વાત કરે છે. પણ એ લોકો ભાળે છે સંયોગ ભાળે ત્યારે દુઃખ ભાળે છે કે નહિ? પાપનો ઉદય આવ્યો એમ કહે. .. એ પાપનો ઉદય.. એ સંયોગ આવ્યો ત્યારે પાપનો ઉદય આવ્યો એમ કહે. પણ તારા પાપના પરિણામ કરે છે એ ક્યા દુઃખ છે? એને તો ભાળતો નથી. અને પાપના પરિણામ તીવ્ર વર્ત્યા કરે છે એને તો ભાળતો નથી, અને જ્યાં પાપનું અઘાતિનું ફળ આવ્યું. અઘાતિનો સંયોગ હોય છે. અને ઘાતિના નિમિત્તમાં જોડાતા એમાં પોતાના સ્વરૂપનો ઘાત થાય છે. પણ અજ્ઞાની અઘાતિના ફળને દેખીને એમ માને છે કે એ આવ્યું. સમજાણું? નહિતર ખરેખર તો ઘાતિકર્મના ઉદયમાં એ જોડાય છે એ એને દુઃખ છે. સમજાણું કાંઈ? અઘાતિનો સંયોગ છોડવો ફરે નહિ ઘાતિ ઉપર ઘાત એ અઘાતિ આવે નહિ. એક ફેરી .. કર્યો હતો લાઠીમાં. લાઠી. બે હજારની સાલ. આ ..ભાઈ વિશાશ્રીમાળી. બહેન .. છેને વિશાશ્રીમાળી દેરાવાસી હતા બિચારા આવતા બહુ. હજી આવે દર્શન કરવા. બે હજારમાં. પછી ... થઈ ગયો. અહીં ક્યાં આવડે છે આપણને તો ભાષા.

અઘાતિનો સંયોગ છોડવો ફરે નહિ. એ અઘાતિનો ઉદય આવ્યો એ નહિ ફરે. ઘાતિ ઉપર ઘાત ફિર અઘાતિ થાય નહિ. ઘાતિના ઉદયમાં ઘા માર્યો અને એકાગ્ર થયો આત્મામાં, ફરી અઘાતિ બંધાય નહિ અને સંયોગ પણ મળશે નહિ. સમજાણું કાંઈ? .. અઘાતિનો સંયોગ છે તો આવશે. ન આવે તો શું કામ છે તારે? તારે વિકારની એકતા તોડવી એ તારું કામ છે. એ સંયોગને હડસેલવા, પ્રતિકૂળ આવે તો દૂર કરવા એ તારો અધિકાર છે જ નહિ. સમજાણું

કાંઈ? આહા..હા..! સમજાણું કે નહિ? જયચંદભાઈ! એ સંયોગની પ્રતિકૂળતા આવે તો દૂર ન કરી શકાય, પણ એ પ્રતિકૂળ છે એવી માન્યતા દૂર કરી શકાય છે. પ્રતિકૂળ છે જ નહિ કોઈ. પ્રતિકૂળ કોને કહેવું? જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એમાં પ્રતિકૂળ અને અનુકૂળ એવા ભાગ બે પડે ક્યાંથી? આખા જગતના જ્ઞેયનો પાટલો પડ્યો છે મોટો. જ્ઞેય છે અનંત. એ જ્ઞેયના બે ભાગ નથી કે આ પ્રતિકૂળ અને અનુકૂળ. છે ક્યાંય રજિસ્ટ્રી. માર્યું છે આમાં ક્યાંય? આખો ચૌદ બ્રહ્માંડના જ્ઞેય પડ્યા છે જ્ઞાનની સામે એ બધા જ્ઞેય તરીકે છે. બે ભાગ છે કે દિ' અંદરમાં? ... અજ્ઞાની અજ્ઞાનભાવથી જ્ઞાતાની એકતા તોડીને જ્ઞેયની એકતા છે તેના ભંગ પાડી નાખે છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એકાગ્રતા એની એકતા એની દૃષ્ટિએ થવી જોઈએ. તે એકાગ્રતાને તોડી અને આખા જગતના અનંત જ્ઞેયો એ એકરૂપ જ્ઞેય છે એના બે ભાગલા પાડી નાખે છે. ઈષ્ટ-અનિષ્ટ. એ મિથ્યાત્વમાં પાડે છે. સમજાણું કાંઈ? એ સ્થિતિએ વાત કરી છે. નિર્જરા અધિકારમાં નહોતી વાત? કુંદકુંદાચાર્ય જેવા એમ કહે કે સમકિતી જ્ઞાની જ્ઞાનાનંદને ભોગવે. રાગને ભોગવવું એના ગૌણપણામાં એનો અમે અભાવ તરીકે કહીએ છીએ. એને ઠેકાણે એ કહે જ્ઞાની સચેત, અચેતને ભોગવે અને નિર્જરા થાય, ભાઈ! એ શું કહે છે એ? પહેલી ગાથા નિર્જરાની. સચેત-અચેતને ભોગવે. છે કે નહિ? શું છે? એનો અર્થ શું પણ? એક કોર આમ કહેવું અને એકકોર આમ કહેવું. વિરોધ છે સંતોની વાણીમાં? નિર્જરા દેખો.

**उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।**
**जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।।१९३।।**
**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઈંદ્રિયો વડે,**
**જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.**

સચેત-અચેતને ભોગવે એવું ક્યાંથી આવ્યું આ? લોકો એ દૃષ્ટિએ આમ જોવે છે તો જોવાને સચેત-અચેત .. જુઓ! આ કેટલા સંયોગ આને.. એથી એણે વાત કરી છે કે ભાઈ! એ સંયોગમાં તને દેખાય છે. પણ એ જ્ઞાની સંયોગ સ્વભાવમાં, સંયોગના વિભાવમાં નથી તો સંયોગના દ્રવ્યમાં ક્યાંથી હોય એ? જ્ઞાની સંયોગીભાવ જે પુણ્ય-પાપનો છે એમાં એનું અસ્તિત્વ નથી, તો સંયોગી ચીજમાં એનું અસ્તિત્વ જઈને ભોગવે એમ છે નહિ. પણ લોકો એમ માને કે જુઓ આ ઘણું ભોગવે. સ્વભાવની એકાગ્રતાને કારણે સંયોગીભાવમાં પણ ઉભો નથી, તો સંયોગી ચીજમાં ઉભો રહીને ભોગવે એ જ્ઞાનીને હોતું નથી. સમજાણું કાંઈ? ... એવા પરિણામ. .. ક્ષાયિક સમકિત લઈને આવ્યા કેટલાક. ત્રણ જ્ઞાન લઈને આવ્યા. લગ્ન કરે છે. દરરોજ સ્ત્રીને પરણે છે. લોકો શું જોવે છે? રોજની.. રોજનો ધંધો. હા-હા, પહેલા શરૂઆતમાં

છન્નું હજાર હોય. હંમેશા .. ભરતના માટે આવે છે. ભરત (છ ખંડ) સાધવા જાય છે તો રાજાની કન્યાઓ રાજા ૨૦૦-૨૦૦, ૩૦૦-૩૦૦ .. આપે છે. અને દરરોજ પરણે છે. શું છે એ આ? ભાઈ! સંયોગને પ્રગટ દેખે છે. જ્ઞાની ત્યાં સ્વભાવના અંતર મહિમામાં પડ્યા છે અને પૂર્વના અઘાતિને કારણે આ સંયોગો આવીને ઉભા રહે છે. એના તરફની જરી આસક્તિનો અંશ છે તેનામાં પણ લીનતા અને પ્રેમ નથી, તો એને સંયોગમાં પ્રેમ હોય અને એ ભોગવે એ વાત બનતી નથી. સમજાણું કાંઈ? આ તો જ્ઞાની અને અજ્ઞાનીના ગજ જુદાં છે, માપ-માપ. માપ જુદાં ભાઈ! એના માપણા જુદાં છે.

જુઓને અહીં કીધું. .. નિર્જરા માટે. હવે આમાંથી ઓલું કાઢે કેટલાક. કે જુઓ, સમકિતીનો તો ભોગ પણ નિર્જરા તો પછી એના શુભભાવમાં નિર્જરા કેમ ન થાય? એ ભગવાન! એમ રહેવા દે ભાઈ! એમ તર્ક કરે. પંડિતજી! આ રતનચંદજી લખે. .. ભારે લખે. ભોગ નિર્જરાનો હેતુ પછી શુભભાવમાં કેમ નિર્જરા ન હોય? અરે ભગવાન! બહુ ત્રાસ છે હોં. એ નહિ પાલવે ચૈતન્યના તત્ત્વને. એ નહિ સાંખે તત્ત્વ. અશુભ પરિણામ નિર્જરા. અહીં તો દૃષ્ટિની શુદ્ધતાનું જોર કહીને નિર્જરા કીધી તે અલ્પબંધ છે તેને ગૌણ કરીને, દૃષ્ટિનું જોર શુદ્ધ ઉપર વર્તે અને એકાગ્રતા છે માટે એને નિર્જરા કીધી. અશુદ્ધભાવથી નિર્જરા (થાય) તો ભોગના પરિણામ છોડીને પછી ચારિત્ર લે કોણ? સ્વરૂપની રમણતા ચારિત્રના આનંદના છોળું ઉડતી હોય. એ અશુભભાવમાં જ નિર્જરા થાતી હશે.

જ્યાં ભગવાને સમકિતીનો શુભભાવ પણ ઝેર કીધો. મોક્ષ અધિકાર. વિષકુંભ-વિષકુંભ. વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રાયશ્ચિત, આલોચના વિષકુંભ-ઝેરનો ઘડો. એને ઠેકાણે અશુદ્ધ પરિણામ એને અમૃત આપતા હશે નિર્જરા? ભાઈ! એમ નથી ભાઈ! એ તો વસ્તુસ્વભાવની અંતર અનુભવની દૃષ્ટિમાં એકલું આનંદનું વેદન છે અને તરવરે છે દૃષ્ટિમાં આખો ભગવાન. એને મુખ્યતા ગણીને એને અશુભભાવ જરી થયો, એને ગૌણતા ગણીને એને બંધ નથી, પણ નિર્જરા છે એમ કહેવામાં આવે છે. બાકી તો અશુભભાવનો બંધ જ્ઞાનીને પણ પડે છે. સમજાણું કાંઈ? એ તો શુભભાવને પણ, છઠ્ઠે ગુણસ્થાને તીર્થંકર હોય એને છઠ્ઠા ગુણસ્થાનના વિકલ્પમાં જ્યારે આવે એટલો બંધ પણ એને પડે છે. આહા..હા..! વસ્તુ હોય એમ રહેશેને. અને આવા દાખલા આપીને એય..! આમ કહે છે સોનગઢવાળા કે અશુભભાવમાં સંવર-નિર્જરા. ભાઈ! સોનગઢવાળા નહિ ભગવાન એમ કહે છે. સોનગઢનું શું કરવા નામ આપે છે? ભાઈ!

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર જિનચંદ્ર પ્રભુ, એની વાણીમાં એમ આવ્યું છે? ભાઈ! સમકિતીના શુભભાવને પણ અમે તો ઝેર કીધા છે. એ અમૃતસ્વરૂપ ભગવાન એનાથી ઉલટી વૃત્તિ ઉભી થઈ એને અમૃત કેમ કહેવાય? વ્યવહારે અમૃત કીધું છે એને. એનો અર્થ કે અમૃતસ્વરૂપ

ચિદાનંદને આરાધે છે એમાં એવો શુભવિલ્પ વ્યવહારે પ્રતિકૂળ નથી, વ્યવહાર એ નિશ્ચયથી પ્રતિકૂળ છે, વ્યવહારે એની અનુકૂળતા એટલો રાગ હોય ત્યાં એની દશા નિર્મળ છે તોપણ ખસી જતી નથી. એટલું નિમિત્ત દેખીને એવા શુભરાગને પણ અમૃત તરીકેનું કથન કર્યું છે વ્યવહારનયના શાસ્ત્રમાં. નિશ્ચયના શાસ્ત્રમાં એને ઝેર કહ્યું છે. સમજાણું?

અહીં કહે છે, એ '**દેહાદિકકી પ્રીતિસે...**' આદિમાં શુભરાગ, આસ્રવનો પ્રેમ, દેહનો પ્રેમ, એ વાણી સારી એનો પ્રેમ. લ્યો! વાણી હોયને સરખી આમ .. શું કહે છે? કંઠવાળી. ઘંટડી વાગે એવો અવાજ આમ ઘન... ઘન.. ઘન... કરતો અવાજ નીકળે કંઠમાંથી. એ શું છે? એ તો જડ છે. આવે છેને .. નહોતું કહ્યું કોકની બાઈ હતી. ...ની બાયડીયું આવી છે. એનો કંઠ એવો છે કોકીલ જેવો. એ તો શું? પણ એ તો પરમાણુની રચનાની દશા છે. એમાં આત્માને શું છે? આ તો જડની રચનાને... જેમ વાજું વાગે છે નીચે, એમ આ વાજા વાગે. એ જડનું છે. એમાં આત્માને શું? આત્માથી છે બધા? આત્માના અસ્તિત્વમાં છે આ વાત? આત્માના અસ્તિત્વમાં અવાજ છે? અને અવાજના અસ્તિત્વમાં ભગવાન આત્મા આવ્યો છે? પર્યાય આવે છે? દ્રવ્ય-ગુણ તો ન જ આવે, વળી પર્યાય આવ્યો છે? કહે છે. ભાઈ! આનું અસ્તિત્વ જ જુદું છે. કંઠ અને જડના પ્રેમ એની પ્રીતિને ભોગવે છે. આવા પ્રીતિવાળા દુઃખને ભોગવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? વળી કોઈ એમ કહે કે આ તો .. છે. એને કોઈ નર્ક-ફર્ક કાંઈ નથી. વળી એમ કહે કેટલાક. અરે! ભાઈ! બધું છે. નીચે નરક છે, ઉપર સ્વર્ગ છે. હંબક નથી. મફતલાલ લિખિતંગ નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ લિખિતંગ છે. વસ્તુના અસ્તિના લિખિતંગ સર્વજ્ઞ પરમાત્મા. હજી તો એમ કહે .. કહ્યા છે, લોકોને જરી ભય દેખાડવા. એમ નથી ભાઈ! વસ્તુની સ્થિતિ એ છે.

'**યે અજ્ઞાની જીવ વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિસે પરાङ्मુખ હૈં,...**' જુઓ, ઓહો..! પુણ્ય-પાપ .. રાગ એનાથી રહિત પ્રભુ નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપ આત્માનું એ પરમ શાંતિ વર્તમાન પ્રગટ. એનાથી પરાङ्મુખ છે. શાંતિથી પરાङ्મુખ છે, અશાંતિને ભોગવનારા છે. ભગવાન વીતરાગ નિર્વિકલ્પ શાંતિ એવું એનું કાયમી સ્વરૂપ અને એમાંથી પ્રગટે પણ એવી જ શાંતિ. જેમાંથી .. '**જિનકે ચિત્ત ચંતલ હૈં,...**' સ્થિરતા નથી અહીં, એથી એના ચિત્ત ચંચલ છે, અસ્થિર છે. '**કભી નિશ્ચલ ચિત્તકર નિજસ્વરૂપકો નહીં ધ્યાવતે હૈં.**' આહા..હા..! અરે! કોઈ દિ'-કભી પણ. એમ. એટલે ચોવીસ કલાક નહિ, પણ કોઈ દિ' પણ '**નિશ્ચલ ચિત્તકર...**' ચિત્તને સ્થિર કરીને નિજસ્વરૂપ ભગવાન આત્મા એનું ધ્યાન કરતો નથી, એને ધ્યેયમાં લઈને એકાગ્ર થતો નથી. કોઈ દિ' થતો નથી. એકલું આ લઢણ-લઢણ કર્યા કરે છે. કહો, સમજાણું?

'**નિજસ્વરૂપ...**' ભગવાન આત્માનું રૂપ પરમ શાંત અને આનંદ એનું ધ્યાન, એને ધ્યેય

લઈ, એને લક્ષમાં લઈ અને કોઈ દિ' એકાગ્રતા કરતો નથી. તે વિષયના લોલુપીઓ એકાગ્ર થયેલા ચાર ગતિના દુઃખને સહન કરે છે. **'और जो पुरुष स्नेहसे रहित हैं,...'** હવે રાગથી રહિત કહે છે. **'वीतरागनिर्विकल्प समाधिमें लीन हैं,...'** ચોથે ગુણસ્થાનથી અંશે વીતરાગ નિર્વિકલ્પ શાંતિ હોય છે. પાંચમે વિશેષ, છઠ્ઠામાં વિશેષ, સાતમામાં વિશેષ, બારમે પૂર્ણ. તેરમામાં પૂર્ણ, પૂર્ણ... એ બારમે છે, પણ તેરમે અનંત સુખ છે. **'वीतरागनिर्विकल्प समाधिमें लीन हैं, वे ही लीलामात्रमें संसारको तैर जाते हैं.'** આહા..હા..! લીલામાત્ર કેમ કહ્યું? કારણ કે ત્યાં દુઃખ સહન નથી કરવું પડતું એમ કહે છે. દુઃખ સહન નહીં કરના પડતા. લીલામાત્ર. એટલે હેલોલ્લ માત્ર આવે છેને પ્રવચનસાર બીજા શ્લોકમાં શબ્દ આવે છે. હેલોલ્લમાત્ર. આમ આનંદ કરતાં-કરતાં મૃત્યુને પામે છે. લીલામાત્રમેં દુઃખ સહન કરના પડેગા, તૃષા સહન કરની પડેગી. એમ નથી એમ કહે છે. દુઃખ-બુખ હૈ નહીં. સમજાણું? છે કે નહિ? પરમાત્મપ્રકાશમાં છેને ક્યાં છે? પ્રવચનસાર. લીલામાત્ર જુઓ... **'મહા મોહરૂપી અંધકારના સમૂહને જે લીલામાત્રમાં નષ્ટ કરે છે...'** એટલે આનંદના આનંદમાં ઝૂલતા. આનંદમાં ઝૂલતા નષ્ટ કરે છે. **'हेल्लोल्लुप्तमहामोहतमस्तोमं जयत्यदः।'** શ્લોક છે બીજો. આચાર્યે તો ગજબ કામ કર્યા છે. એક-એક શબ્દોમાં એક-એક શું ભર્યું છે કાંઈ! એમાં છે એની વાત ચાલે છે.

પંચાસ્તિકાયમાં એ કહ્યું કે નહિ કે નવ તત્ત્વના માર્ગો નવ માર્ગ જુદાં છે. પંચાસ્તિકાય ગાથામાં. .. છેને પંડિતજી! .. પંચાસ્તિને? **'वर्त्म'** શબ્દ આવે છેને સંસ્કૃત? બસ એ. જુઓ, પાંચમો કળશ છે.

जीवाजीवद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम्।
ततो नवपदार्थानां व्यवस्था प्रतिपादिता।।५।।

બીજા અધિકારમાં, અમૃતચંદ્રાચાર્ય મહારાજ પહેલેથી કળશ કહે છે, તો **'પછી (બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયરૂપ નવ પદાર્થોની—કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્નભિન્ન પ્રકારના છે...'** એ અજીવનો માર્ગ જુદો, ભગવાન જીવનો જુદો, પુણ્યનો જુદો, પાપનો જુદો, આસ્રવનો જુદો, બંધનો જુદો, સંવર-નિર્જરા બધાના માર્ગ જ ભિન્ન-ભિન્ન છે. કાર્ય ભિન્ન-ભિન્ન છે એમ કીધું લ્યોને ભાષા. માર્ગ એટલે કાર્ય. સમજાણું? અજીવનું કાર્ય ભિન્ન, આસ્રવનું ભિન્ન, બંધનું ભિન્ન, સંવરનું ભિન્ન, નિર્જરાનું ભિન્ન, બંધનું ભિન્ન અને મોક્ષનું ભિન્ન. નવના નવ કાર્ય ભિન્ન છે. નહિતર નવ સાબિત થતા નથી. સાબિત થતાં નથી. એકબીજાનો ખીચડો કરી નાખે એ પાછા નવ નહિ થાય. ઓહો..હો..! અહીં તો હજી ઉપોદ્ઘાત કર્યો છે. આગળ આચાર્ય મહારાજ નવ તત્ત્વના માર્ગો ભિન્ન-ભિન્ન છે એમ બતાવે છે. એનો પહેલેથી કળશ કર્યો છે. કહો, સમજાણું?

**‘લીલામાત્રમેં સંસારકો તૈર જાતે હૈં.’** હેલોહ્યમાત્ર. ભગવાન આત્મા અનંતકાળ જેને સંસાર વેદનમાં ગયો એટલો સાધકભાવમાં એટલો કાળ ન ગયો. એમ કહે છે. એક અસંખ્ય સમય જોઈએ. કેવળજ્ઞાન પ્રાપ્તિ, સમ્યગ્દર્શન પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ વચ્ચે અસંખ્ય સમય. કોઈને અંતર્મુહૂર્તના અસંખ્ય સમય, કોઈને બે-પાંચ ભવમાં પણ સમય તો અસંખ્ય. એમાં કોઈ અનંત સમય હોય એમ કોઈ દિ' બનતું નથી. સાધકના સમય. એ પડી જાય, મિથ્યાત્વમાં જાય એ સાધક રહ્યા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ. એની એકાગ્રતામાં કેવળજ્ઞાન લેવા માટે વચ્ચે અસંખ્ય સમયનો કાળ છે. કોઈનો અંતર્મુહૂર્તનો અસંખ્ય સમયનો, કોઈને અમુક સાગરોપમનો, પણ બધા સમય અસંખ્ય છે. સમ્યક્ પછી અનંત સમય જોઈએ કેવળને માટે, એમ છે નહિ. એટલી તાકાત .. આત્મા. સ્વભાવ તરફ ઝૂક્યો છે માટે.

એ અહીં કહે છે **‘લીલામાત્રમેં સંસારકો તૈર જાતે હૈં.’** લ્યો! લહેર કરે તો આત્મા મોક્ષ પામે એમ કહે છે. રોદણા રોવે અરેરે..! મારે આમ છે એમ કર્યા કરે. બાપા! પરિષહ ખાંડાની ધાર હોં. ખાંડાની ધાર. ખાંડાની સમજ્યા? તલવાર. તલવારની ધાર બાપા! મુનિપણા તો તલવારની ધાર. દુઃખ પણ એટલા. તું સમજ્યો નથી માર્ગને. ખાંડાની ધાર, વેળુના કોળિયા અને લોઢાના ચણા મીણના દાંતે ચાવવા. બાપા! ચારિત્ર એટલે લોઢાના ચણા મીણને દાંતે. એવા દુઃખ જ એટલા એમ કહે છે. લોઢાના ચણા, મીણના દાંત. મીણ-મીણ. મીણ સમજો છો? મોમ. મોમકે દાંતે લોહાકા ચના. એ આવે છે અમારે ઉત્તરાધ્યનમાં શ્વેતાંબરમાં આવે છે. શ્વેતાંબરમાં ..લોઢિયાનો અધિકાર છેને. બધું વાંચેલુંને. એમાં એ આવે છે. આવે છે કે નહિ એય..! જયંતિભાઈ! આ બધા એના છે સાંભળનારા. સાધુ વેળુના કોળિયા બાપા! અને મેરુ પર્વત ત્રાજવે તોળવે એવો આકરો છે. એમ આવે છે. મેરુ પર્વત ત્રાજવે. ત્રાજવે સમજ્યાને? એવું ચારિત્ર દુષ્કર છે, ભાઈ! અરે! શું કહે છે ભાઈ! શું કહે છે? બાપુ! એ અતીન્દ્રિય આનંદના અંદર સડકા આવતા લીલામાત્રને આનંદ-આનંદ કરતો કેવળજ્ઞાન પામે છે. ... બહુ આ કઠીન. અરે! મહારાજને કાંઈ... એને સુખ મળે. રોટલી તૈયાર મળેને. ઉની-ઉની રોટલી મળે, બાયડી ગાદલું પાથરી દે, પંખા નાખે. ખાવા બેઠો હોય તો પંખો નાખે. માખી ન પડે. ધૂળમાંય નથી, મરી જઈશ પરાધીનમાં ત્યાં. ... કામ છે બાપા! ટાઢા જોવે એને ઉના મળે, ઉના જોવે એને ટાઢા મળે. કાંઈ બિલકુલ નથી, સાંભળને. એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. ભગવાન આત્માના આનંદમાં મોજ કરતો હોય ત્યાં. આનંદ... આનંદ... આનંદ... એના ‘માંહી પડ્યો તે મહાસુખ માને, દેખનારા એ દાઝે.’ દુનિયા દેખે કે અરેરે! અરે હાલ.. હાલ.. અહીં કહે છે કે **‘વીતરાગનિર્વિકલ્પ સમાધિમેં લીન હૈં,...’** શાંત... શાંત... શાંત... **‘લીલામાત્રમેં સંસારકો તૈર જાતે હૈં.’**

'**આગે લોભકષાયકા દોષ કહતે હૈં**—' ત્રણ કહ્યાને? એટલે ત્રણનો ભાગ પાડ્યો રાગનો ભાગ લોભ. રાગના બે ભાગ છેને—માયા અને લોભ. દ્વેષના બે ભાગ છે—ક્રોધ અને માન. દ્વેષના બે ભાગ-ક્રોધ, માન. એ રાગમાંથી લોભ કાઢ્યો. '**લોભકષાયકા દોષ કહતે હૈં**—'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિષહ પરાણે લઈને બેઠા હોય એ પછી. ૧૧૩.

२४३) जोइय लोहु परिच्चयहि लोहु ण भल्लउ होइ।
लोहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ।।११३।।
योगिन् लोभं परित्यज लोभो न भद्रः भवति।
लोभासक्तं सकलं जगद् दुःखं सहमानं पश्य।।११३।।

લોભીને દુઃખી દેખ એમ કહે છે. ભગવાન આત્માની શાંતિમાં પડ્યા એને સુખી દેખ. એમ દેખવાની દૃષ્ટિ ફેરવી નાખ.

'**હે યોગી, તૂં લોભકો છોડ,...**' ઈચ્છામાત્ર દુઃખરૂપ છે. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ હૈ ઈચ્છા દુઃખ મૂલ,' ઈચ્છા દુઃખનું મૂળ. '**યહ લોભ અચ્છા નહીં હૈ,...**' ભદ્ર નહીં. '**ક્યોંકિ લોભમેં ફંસે હુએ...**' લોભમાં ઈચ્છામાં ફસેલા-ફાંસીમાં પડેલા '**સંપૂર્ણ જગતકો...**' સંપૂર્ણ જગતને. રાજા હોય, મહારાજા હોય, શેઠિયા હોય, અબજોપતિ હોય. અરે! ત્યાગી નામ ધરાવીને પણ પૈસાના લોલુપીઓ ઈચ્છાવાળા છે એ બધા દુઃખી... દુઃખી... દુઃખી... જોયું! .. કર્યો. '**सकलं जगत्**' આખું જગત. એક ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવો નિર્વિકલ્પ નિર્લેપ સ્વભાવ એને પામ્યા વિનાનું આખું જગત લોભમાં તણાઈને, તૃષ્ણામાં તણાઈને ડૂબી મર્યા છે બધા. તૃષ્ણામાં ડૂબ્યા.

'**સંપૂર્ણ જગતકો દુઃખ સહતે હુએ દેખ.**' એમ ભાષા શું કરે છે? તું એમ ન માન કે એને કહે આહા..હા..! કેટલા પૈસા એને! કેટલી આબરૂ એને! કેટલું શરીર સુંદર એને! હુકમ કરે એક અને હજાર ઉભા થાય. ભાઈ! જેનો લોભ પરમાં ગયો એને દુઃખી દેખ. એવા સાધન વડે સુખી ન દેખ. હુકમ કરે ત્યાં હજાર ઉભા થાય ખમ્મા અન્નદાતા. એકને બોલાવે પાણી. કોઈ છે? હા અન્નદાતા! શું જોઈએ? શું મોઢું માગે છે? પાણી લાવો. દોડાદોડ કરે. એક .. લાવે ને એક બરફ નાખીને લાવે. ઓલો કહે. આહા..હા..! સુખી છે એ? કહે છે કે દુઃખના ઢગલા પડ્યા છે હોળીમાં સળગી રહ્યો છે. સમજાણું? એવા સાધનવાળાને લોભી પડ્યો એને તું દુઃખમાં દેખ. જરીએ સુખ છે એમ ન દેખ. આહા..હા..! ઈચ્છા વિનાનો ભગવાન આત્મા, એની દૃષ્ટિમાં અને એના જ્ઞાનમાં સુખ છે. બાકી ક્યાંય સુખ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૭, સોમવાર, તા. ૨૧-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૧૩ થી ૧૧૬, પ્રવચન-૧૫૪**

પરમાત્મપ્રકાશ બીજા ભાગની ૧૧૩ ગાથા. '**ભાવાર્થ :- લોભકષાયસે રહિત જો પરમાત્મસ્વભાવ...**' આમ તો આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ, એની દૃષ્ટિરહિત જીવના લોભની વાત કરી છે. જ્ઞાનીને જે લોભ થાય છે એ લોભનો લોભ નથી. ધર્મીને ચારિત્રદોષને લઈને કોઈ અસ્થિરતાનો લોભ આદિ આવે એ લોભ ખરેખર લોભનો લોભ નથી. કેમકે ત્યાં ભાવના તો જ્ઞાનાનંદ સ્વરૂપની છે. ભાવના એટલે? શુદ્ધ સ્વરૂપ તરફની સાવધાનીની દૃષ્ટિ જે થઈ છે એ તરફ જ એકાગ્રતા નિરંતર રહે છે. એટલે ધર્મીને લોભ કહેવાય એ અહીં લોભ ગણવામાં આવ્યો નથી. કારણ કે લોભની ભાવના નથી, લોભ થાય તો ઠીક એમ નથી, લોભનું કર્તૃત્વ તે કરી શકું છું એ મારા સ્વભાવમાં નથી, પણ આવે છે (છતાં) એને લોભ ખરેખર કહેવાતો નથી.

અહીં તો '**લોભકષાયસે રહિત જો પરમાત્મસ્વભાવ ઉસસે વિપરીત...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ વીતરાગી વિજ્ઞાન પ્રભુ, એવા સ્વભાવથી વિપરીત આ ભવનો, પરભવનો લોભ. આ ભવમાં જિંદગી સુધી અનુકૂળ રહે, પરભવમાં મને કાંઈક સ્વર્ગાદિ મળે, સિદ્ધ ગતિ મળે એવો જે લોભ એ આત્માની શાંતિ લૂંટનારો છે. '**ધન ધાન્યાદિકકા લોભ...**' ... એનો લોભ. એનો અર્થ તું જ્ઞાનાનંદ સ્વભાવની ભાવના કર એમ એનો અર્થ છે. ચિદાનંદસ્વરૂપ પરમાત્મા, નિજસ્વરૂપ વીતરાગી વિજ્ઞાનઘન એની અંદર શ્રદ્ધા, જ્ઞાન અને એની ભાવના કર. '**ક્યોંકિ લોભી જીવ ભવ ભવમેં દુઃખ ભોગતે હૈં, ઐસા તૂં દેખ રહા હૈ.**' એમ કહ્યું છેને પાઠમાં? ... દુઃખ '**पश्य**' તો જો. ઓ જોનો અર્થ '**पश्य**' કર્યો છે. '**जोइ**' શબ્દ પડ્યો છેને. '**दुक्खु सहंतउ जोइ**' એનો અર્થ '**दुःखं सहमानं पश्येति।।**' એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એને ભૂલીને લોભી માણસ દુઃખી થઈ રહ્યા છે એમ તું જો. સમજાણું કાંઈ?

પોતાનો શાંત અનાકુળ આનંદ સ્વભાવ એની રુચિની એકાગ્રતા કે ભાવના વિના આ લોભી પ્રાણી મિથ્યાદૃષ્ટિ દુઃખી છે એમ તું દેખ. કાંઈ સુખ છે નહિ. ધન ભેગું કરવું, ધાન ભેગું કરવું, એની પછી વ્યવસ્થા, એનું વ્યાજ ઉપજાવવું. એમાં જ જેનું એકલું ધ્યેય છે. હેરાન-હેરાન માણસ છે. અબજોપતિ હોય તોપણ, કરોડોપતિ હોય તોપણ હેરાન આખો દિ'. ખાવા

નવરા ન મળે, પીવા નવરા ન મળે. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. ખબર છે કે નહિ? બાપ જાય તો નવરાશ ન મળે વાત કરવાની. પિતાને અનુભવ છે કે નહિ? બાપ જાય તો વાત કરવા નવરાશ ન મળે. બાયું કહેતા હતા એક ફેરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુલાકાત, પણ બાપ ન હોય તો .. બાપ હોય તો ઉભા થઈને આદર દેવો જોઈએ. લૌકીકની તો રીત છે એ. બાપ કાંઈ બીજેથી મળે છે? એક બાઈ કહેતી હતી. મા-બાપ કાંઈ પૈસાએ મળે? મા-બાપ ન મળે. મા-બાપ ક્યાંથી મળે? એ સાચી વાત. મા-બાપ જન્મ આપે, પણ કાંઈ કર્મ આપે? એમ એક બાઈ કહેતી હતી. વિધવા હતી, ...ઘરની હતી અને પછી એક સાધારણ ઘરે દીધેલી. .. નહિ ઓલા ડાહ્યાભાઈની દિકરી? એ એક દિ' કહેતી હતી. આપણે વ્યાખ્યાન ચાલતું હતુંને ૮૯માં. બહાર. .. ત્રણ-ત્રણ હજાર માણસ. ૮૯ની સાલ. એ બાઈ એમ બોલતી હતી. હું સભા ભરાતી ત્યારે જાતો. તો એક બાઈ બોલતી હતી. બાઈ ઓલા ગામડામાં પરણાવેલી. વિધવા થઈ. ભાઈ! મા-બાપ તો જન્મ આપે? શું કર્મ આપે? કર્મ પ્રમાણે આપણને સંયોગ મળે. અને પાછા કહે મા-બાપ કાંઈ પૈસાએ મળે? બીજી ચીજ મળે. આ તો મા-બાપ તો એકકોર પડ્યા રહે લોભીમાં. એથી એ જ કહે છે કે એવા દુઃખી દેખ એને. લોલુપતા. આમ લાલસા... લાલસા... લાલસા... ભગવાન આનંદકંદ પ્રભુ પડ્યો છે. એની અંતરની એકાગ્રતા કરવા જેવી છે, એની રુચિ કરવા જેવી છે, એમાં ઠરવા જેવું છે, એવી ભાવના કરવા જેવી છે. એવી એ વાત છોડી દઈને એની આ વાત છે હોં. જ્ઞાની મિથ્યાદૃષ્ટિ.

સમ્યગ્દૃષ્ટિને લોભ થાય એ લોભ છે જ નહિ ખરેખર. એ બધા લોભનો લોભ નથી, રાગનો રાગ નથી. એ વિષયની વાસના થાય એ વાસનાની વાસના નથી. આહા..હા..! એને પ્રેમ છે આત્માના આનંદનો. જ્ઞાનમૂર્તિ ભગવાન શુદ્ધ વીતરાગી કંદ, વીતરાગી વિજ્ઞાન, એને આનંદનો પ્રેમ છે. એ પ્રેમ આગળ, લોભાદિ આગળ એનો પ્રેમ એને છે નહિ. '**દુઃખ ભોગતે હૈં, ઐસા તૂ દેખ રહા હૈ.**' એમ કહ્યું છે અહીં તો જુઓને. '**पश्य**' '**दुःखं सहमानं पश्येति।।**' આહા..હા..! એટલે તું બરાબર નક્કી કર એમ. લોભી બધા દુઃખી છે. બરાબર હશે? જયચંદભાઈ! એટલે કે આ પૈસાવાળા હોય અને વધી ગયા હોય એ બધા દુઃખી છે એમ જાણ, એમ કહે છે. શેમાં વધ્યો? ધૂળમાં?

ભગવાન આત્મા નિર્લોભ આનંદ સંતોષ સ્વરૂપ જેનો એક કણ જ્યાં .. આખી દુનિયા સડેલા તરણ જેવા લાગે. ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા ઉકરડા-ઉકરડા. ઉકરડા સમજતે હૈ? ઢેર. કચરાકા ઢેર, કુડાકા ઢેર. એ કચરાનો ઢેર ઉકરડા. આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એની અંતર

રુચિ અને દષ્ટિ થતાં સમ્યગ્દષ્ટિને ઇન્દ્રના ઇન્દ્રાસન. સડ્યા તરણા દેખાય. તરણા સમજતે હૈ? તિનકા-તિનકા. ઉકરડા નામ કુડા કા ઢેર. કુડાકા ઢેર. કચરેકા-કુડાકા ઢેર હોતા હૈ ન? સમજાય છે? એમ અહીંયા કહે છે કે ભાઈ! એ આત્માની સ્વભાવની દષ્ટિની ભાવના વિના અજ્ઞાનીને ભવોભવના લોભી જીવને દુઃખમાં દેખ. એને દુઃખમાં દેખ. એને પૈસા મળ્યા આમ થયું, બાયડી મળી, ઇન્દ્રાસન.. માટે સુખ એમ ન દેખ. એને સુખમાં ન દેખ, એને દુઃખમાં દેખ.

મુમુક્ષુ :- વસ્તુ...

ઉત્તર :- ક્યાં સુખ ધૂળમાં હતું? કોણ કહે છે કે સુખ છે? આકુળતામાં સળગી રહ્યો છે. બળે છે અંદર. .. એક શેઠિયો કહેતો હતો કે એક આખા ઓરડામાં બાર ફૂટનો શું કહેવાય આ? ગાદલું. એક આવડો ઓરડો લાંબો, બાર ફૂટનું ગાદલું. ગાદલું સમજ્યાને ગાદલું? ગદ્દી. આખા ઓરડામાં એક બાર ફૂટની ગાદી હતી. આખી રાત ઉંઘ આવે નહિ. એક જ ગાદલી હોં. ગાદલી કહે છેને? સળંગ બાર ફૂટનું મોટું ગાદલું. ગાદલું નથી કહેતા? બસ એ. બાર ફૂટની લાંબી આખા ઓરડા જેટલી. આમથી આમ ને આમથી આમ, આમથી આમ. શેઠ આમ જાય અને .. ત્યાંથી આમ જાય. રાતે તો સખ ન મળે. કલ્પના... કલ્પના... કલ્પના... એટલી મગજમાં. આ દીકરાને આમ કેમ થયું? આ ફલાણાનું આમ કેમ થયું, આ આબરૂમાં જરી ધક્કો લાગ્યો, આ થયું, આ થયું. આ એક વહાણ ડૂબી ગયું, એક છોડી રાંડી ને છોકરો મરી ગયો. હોળી સળગ્યા જ કરે છે. મન-મગજ ઠરતું નથી કહે. પહોળી પથારી. પહોળી પથારી ૧૨-૧૨ ફૂટમાં. હોળી ક્યાંય નથી. આખા ઓરડા જેટલી. ઉંઘ ન આવે. એકલો. આળોટ... આળોટ... આળોટ... આહા..હા..! અમને કહે છે કે દુનિયા સુખી છે. અહીં તો દુઃખ-દુઃખ લાગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. મેં કીધું એ કહેતું હતું. એ આ દુઃખને લઈને નહિ હોં, ઓલી કલ્પનાની જાળને લઈને. શરીરને લઈને નહિ. કલ્પનાની જાળ. મગજ થંભે જ નહિ. એક કલ્પના ત્યાં બીજી કલ્પના, બીજી કલ્પના ત્યાં ત્રીજી કલ્પના, ત્રીજી કલ્પના... એને ઉંઘ જ ન આવે. આવા પ્રાણીને હે આત્મા! તું તારી શાંતિની એકાગ્રતા દ્વારા એવાને દુઃખી દેખ એમ કહે છે. તારા સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાનની ભાવના આગળ એવા લોભી પ્રાણીને તું દુઃખી દેખ. એનો અર્થ કે તું સુખી છો એમ તને દેખ. તારા સ્વરૂપમાં સુખ છે. શાંતિ... શાંતિ... શાંતિ... 'ઉપજે મોહ વિકલ્પથી. સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા, વિલય થતા નહિ વાર.' એ બધા મોહની કલ્પનાને કારણે ભગવાન શીતળ શાંત પ્રભુ એની નજીક જતાં બધું સમાઈ જાય છે. કાંઈ રહેતું નથી. એવા ભગવાનને તું જો. ...દુઃખીને દેખી એ સુન કહે છે. એને

દુઃખી દેખ એટલે સુખી દેખ તારા આત્માને એમ કહેવું છે. સમજાણું કાંઈ?

**'આગે લોભકષાયકે દોષકો દૃષ્ટાંતસે પુષ્ટ કરતે હૈં—'** ...

૨૪૪) तलि अहिरणि वरि घण-वडणु संडस्सय-लुंचोडु।
लोहहँ लग्गिवि हुयवहहँ पिक्खु पडंतउ तोडु।।११४।।

એની ભાષા ચાલતીમાં એક.. ગામઠી ભાષા છે. .. તારણસ્વામીએ. તારણસ્વામીએ ચાલતી ભાષામાં બનાવ્યું છે. ચાલતી ભાષા .. ચાલતી ભાષામાં લીધું છે.

'लोहं लगित्वा' **'જૈસે લોહેકા સંબંધ પાકર...'** લોઢાનો સંબંધ પામીને **'અગ્નિ નીચે રખે હુએ...'** **'अधिकरणं उपरि'** શું કહેવાય એમ કહે છે. એરણ-એરણ. અમારી ભાષામાં એરણ. નીચે હોયને લોઢાની. **'અહરન (નિહાઈ) કે ઉપર...'** એની નીચે અને ઉપર અગ્નિ. ઓલા લોઢામાં અગ્નિ સમાય છે. લોઢામાં .. નીચે એરણ માથે અગ્નિ. **'કે ઉપર ઘનકી ચોટ, સંડાસીસે ખેંચના,...'** મારે ઘણ. સંડાસી એટલે સાણસીથી ખેંચે. ... અને **'ચોટ લગનેસે ટૂટના,...'** બડી ચોટ લાગે કટકા થઈ જાય, ટૂકડા-ટૂકડા હો જાયે. **'ઈત્યાદિ દુઃખોંકો સહતી હૈં, ઐસા દેખ.'** અગ્નિ સહતી હૈ. ચૈતન્ય અગ્નિ .. છેને? ભગવાન ચૈતન્ય જ્યોત જ્ઞાનનો સ્વભાવ ભરેલો ભગવાન. એ એમ કહે છે કે આ લોહમાં પેસેલી અગ્નિને દુઃખી દેખ.

**'ભાવાર્થ :- લોહેકી સંગતિસે લોકપ્રસિદ્ધ દેવતા અગ્નિ...'** લોકો દેવ કહે છેને એને? .. જમવા બેસે ત્યારે થોડી રાખે અગ્નિ. અન્યમતિઓ જમવા બેસેને ત્યારે અગ્નિ રાખે થોડી. એને જમાડે પછી પોતે જમે. દેવતાને જમાડે. .. છેને. કહે છે કે **'લોકપ્રસિદ્ધ દેવતા અગ્નિ દુઃખ ભોગતી હૈં,...'** સમજાણું? દેવતા કહ્યું છેને એ? દેવતા એમ કહે છે. **'प्रसिद्धा देवता पिट्टनक्रियां लभते'** 'દેવતા' સંસ્કૃતમાં છે એ. **'દેવતા અગ્નિ દુઃખ ભોગતી હૈં, યદી લોહેકા સંબંધ ન કરે તો ઈતને દુઃખ ક્યોં ભોગે, અર્થાત્ જૈસે અગ્નિ લોહપિંડકે સંબંધસે દુઃખ ભોગતી હૈ, ઉસી તરહ લોહ અર્થાત્ લોભકે કારણસે...'** ઈચ્છા... ઈચ્છા... ઈચ્છા... ક્યાંય સંતોષ ન મળે. એવા **'લોભકે કારણસે...'** ભગવાન.. જુઓ, **'પરમાત્મતત્ત્વકી ભાવનાસે...'** પરમસ્વરૂપ જ્ઞાન અને શાંત આનંદમૂર્તિ પ્રભુ એની ભાવના નામ શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા એનાથી રહિત મિથ્યાદૃષ્ટિ, એની વાત છે અહીં તો. મુનિઓને છે. અને અસ્થિરતા જરી થાય એ જાણે છે બધું. દર્શન ભ્રષ્ટ તે ભ્રષ્ટ છે. ચારિત્ર.. એના ખ્યાલમાં છે કે આ ... છે. ... ટાળવો પડશે એનું ભાન છે. અજ્ઞાનીને એ ભાન નથી.

**'પરમાત્મતત્ત્વકી ભાવનાસે...'** ભાવના શબ્દે એકાગ્રતા. ભાવના શબ્દે કલ્પના નહિ. શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની અંતર દૃષ્ટિની એકાગ્રતા, જ્ઞાનની એકાગ્રતા, સ્વરૂપાચરણની એકાગ્રતા. એનાથી રહિત મિથ્યાદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિને આ ત્રણમાંથી એકેય હોતું નથી. નથી સમ્યક્ શ્રદ્ધા, નથી સમ્યક્

જ્ઞાન, નથી સમ્યક્ સ્વરૂપ આચરણ. એ '**જીવ ઘનઘાતકે સમાન...**' અગ્નિ ઉપર જેમ ઘન પડે એમ '**નરકાદિ દુઃખોંકો બહુત કાલ તક ભોગતા હૈ.**' ઓહો..! ટાટાની જે અગ્નિ છેને અત્યારે નહિ? ભઠ્ઠી. એ ભઠ્ઠીની અંદર એક પાંચ-પચ્ચીસ કરોડનો તાલુકાદાર રાજકુમાર હોય અને પચ્ચીસ વર્ષનો જુવાન સુંદર શરીર, કોમળ અને નિરોગતામાં રહેલો, રોગની આગાહી પણ જેમાં નથી. એવો ઉછરેલો સુંદર શરીર અને એમાં લગન કરેલા સવારે અને મીંઢોળ બાંધેલા હોય. બાંધે છેને? એ ટાટાની અગ્નિમાં આમ સીધો નાખે જીવતો. અગ્નિ છેને ત્યાં? ભઠ્ઠી... ભઠ્ઠી... જમશેદપુર જોવા ગયા હતા એક ફેરી. નરભેરામભાઈ સાથે આવ્યા હતા બતાવવા ત્યાં. મોટી છેને ત્યાં જમશેદપુરમાં? એ રાજકુમારનો જીવ તો જેમ લાકડું અગ્નિમાં નાખે, એની જે પીડા એથી અનંતગુણી પીડા પહેલી નરકના નારકીના જીવને દશ હજાર વર્ષની છે. એકતા તે કેટલી! જેમ અહીંયા સીધો બાળે, એમ એ નિરોગી માણસને આમ લાકડુ નાખે એમ નાખે. એની પીડા કરતાં દશ હજાર વર્ષ પહેલી નારકીનો જે નારકી. નાની સ્થિતિનો. ... એકલો ભાવ, સ્વરૂપનો અભાવ, એકલો વિકારીભાવ, સ્વરૂપનો બિલકુલ અભાવ. દુઃખી... દુઃખી... દુઃખી... સમજાણું કાંઈ? એથી સંયોગથી વાત કરી છે જરી. અજ્ઞાની સંયોગ દેખીને ભડકે છેને આમ? દુઃખ ત્યાં ક્યાં? દુઃખ તો તારી દશામાં છે. દુઃખ તો વિકારીભાવમાં છે. સંયોગમાં દુઃખ છે?

એ કહે છે કે '**ઘનઘાતકે સમાન નરકાદિ દુઃખોંકો બહુત કાલ તક...**' થોડામાં થોડી દશ હજાર વર્ષની સ્થિતિ પહેલી નરકની. પહેલામાં પહેલી સ્થિતિ એક સાગર પહેલી નરકે. એક સાગરમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ. એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. અરે! એણે દીર્ઘનો વિચાર પણ કર્યો છે? કેટલો કાળ મેં ગાળ્યો અને હું કેટલા કાળનો છું? કેટલા કાળ મેં બહારમાં ગાળ્યો? આવે છેને.. ધૂતારા. અને કેટલા કાળનો હું અનાદિ-અનંત જૂનો છું? એણે કોઈ દિ' અંતરમાં નિર્ણય કર્યો નથી. ભગવાન આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ એની ભાવના રહિત મિથ્યા-જૂઠી દષ્ટિવંત એ ઘનઘાતકે સમાન. ઉપમા આપીને? '**નરકાદિ...**' પશુ આદિ '**દુઃખોકો બહુત કાલ તક ભોગતા હૈ.**' આ રસ્તામાં દેખીએ જુઓને. ખટારા નીચે આ કેટલા દેડકા ભૂકા, સર્પના ભૂકા. આમ આવતું હોય તો ખસી ન શકે. રસ્તામાં ઓહો..હો..!

એક છોકરાની માથે આખો ખટારો ચડી ગયો લ્યો! અમારા નાનાલાલભાઈના ભાણેજ. નાનાલાલભાઈ આપણે આ રાજકોટવાળા લ્યો. એકનો એક દીકરો મોટી દીકરીને. ત્રણ જણા બેસીને જતા હતા. એ શું કહેવાય? ફટ ફટમાં. મોટરસાયકલ. ફટફટીયું. ફટફટીયું. એ ત્રણ બેસીને જાતા હતા. એમાં કોઈ પાછળથી ધક્કો આવ્યો ખટારો. ખટારો કહે છેને. ધક્કો લાગ્યો તો .. ગયો.. .. ખટારો છાતી ઉપર. ૨૦ વર્ષનો જુવાન મરી ગયો. એકનો એક દીકરો. આ

નાનાલાલભાઈ આપણા રાજકોટ. અહીં સમાચાર આવ્યા. અહીં કહેવા આવ્યા. ... આમ ... કચડાઈ ગયો. આખો ખટારો આમ ગયો. એવા તો અનંતવાર થયા છે. એકવાર કે દિ' હતું? કાળ અનંત, ઉંધા ભાવ અનંત, સંસાર અનાદિનો, ક્ષેત્ર અસંખ્ય, પણ એક-એક ક્ષેત્રે અનંતવાર એવા દુઃખો ભોગવ્યા છે. હવે એને અસ્તિમાં આવે ક્યાં? અસ્તિ... અસ્તિ... અસ્તિ... આવું એને અસ્તિમાં ખ્યાલ આવે તો એની દૃષ્ટિ અંદરમાં જાય. ઓહો..હો..! ક્યાં હું રખડ્યો અને ક્યાં મારી ચીજ. કહે છે કે એવા દુઃખ ઘણા કાળ ભોગવનારાને જો.

ઉંદરને હોયને પીંજરામાં. ઉંદરને પકડવાના. એક ઠેકાણે નાખી. રાજકોટમાં હું દિશાએ જવા નીકળ્યો. એક છોકરો આમ કૂતરાને મોઢે ઓલા ઉંદરડા નાખતો હતો. ત્યાં એમાંથી નીકળે અંદરથી. કૂતરો હતો કૂતરો. એક અમારે પાલેજમાં દુકાન. જોડે દુકાન હતી મુસલમાનની. એના માણસે પકડેલા ઉંદરડા. અનાજની મોટી દુકાન. તો એમાં હું નીકળ્યો ત્યાં ઉંદર ઉપર ધગધગતું પાણી. અંદરમાં હોં! એ તો સંસારની સ્થિતિ એવી જ અનાદિથી પડી રહી છે. એ સંયોગથી તો વાત આચાર્ય કરે છે. પણ અનાકુળ ભગવાન આત્માની દૃષ્ટિ વિના એવી આકુળતાના સંગો, પ્રસંગો અનંતવાર તને ભજ્યા. સમજાણું કાંઈ? અહીં જરી ગરમ પડે ત્યાં રાડ નાખે. આમ છે.. આમ છે..

એક જાણો કહે .. વળી એમ કહે છે. એક કોક આવ્યું હતું મહેમાન. પંખા નથી કહે. એ અહીં પંખા ન હોય, બાપા! અહીં પંખા ન હોય. અહીં તો ધર્મ સાંભળનારને .. સાંભળવો છે કે પંખા ખાવા અને હવા ખાવીને સાંભળવું છે? એ કોણ હતો કોક? ... આમ એક માણસ ગૃહસ્થ હતો. અહીં જરી એક પંખા નથી. અરે! ભાઈ! એય..! સત્ શાસ્ત્રના શ્રવણ કરવા ત્યાં પંખા નાખવા, હલવા એ તો અવિનય છે કે શું છે? હવા સરખી આવે તો બરાબર સાંભળવામાં મન રહે. ધૂળમાંય એમ નથી. અહીં પંખા આ તો મોટા .. સાંભળવા એ ન્યાય નથી. પંડાળમાં .. શું કરે છે ત્યાં? તમે ત્યાં કર્યું હતું કે નહિ? ખરેખર જ્યાં શાસ્ત્રનું શ્રવણ છે ત્યાં તો, ઓહો..હો..! વિનય કેટલો જોઈએ! બહુમાન. અરે આ તો સગવડતા, શાતાની સગવડતામાં બેસીને સાંભળવું છે? સમજાણું કાંઈ? હમણા .. નથી. શું છે આ? શું કહે છે પ્રભુ! ગહન ધારા એમાં ...

**'આગે સ્નેહકા ત્યાગ દિખલાતે હૈં—'** ૧૧૫

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... તોડે છે. તોડે છે. ... ન કહ્યું. નીચે દબાણ, ઉપર માર, નીચેથી કટકા. કટકા ક્યા સમજે? ટૂકડા. એ તો બતાવે છેને. સંયોગથી બતાવવું છેને. બાકી દુઃખ તો આકુળતાનું છે તને. આહા..હા..! **'આગે સ્નેહકા ત્યાગ દિખલાતે હૈં—'** જુઓ, ત્યાં લોભ કીધો, હવે

અહીંયા સ્નેહ કહે છે. મૂળ તો લોભ અને સ્નેહ એક જ છે. રાગના બે ભાગ છેને.

२४५) जोइय णेहु परिच्चयहि णेहु ण भल्लउ होइ।
णेहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ।।११५।।

'जोइ'નો અર્થ 'पश्य' કર્યો છે. જો. જો એમ.

'**હે યોગી, રાગાદિ રહિત વીતરાગ પરમાત્મપદાર્થકે...**' દેખો, પહેલી વાત તો એ જ અહીં કરી છે. ભગવાન આત્મા દેહના પરિણામરહિત આત્મા છે. વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા એમાં રાગના-સ્નેહના પરિણામના વિકલ્પરહિત પ્રભુ આત્મા છે. એવા '**વીતરાગ પરમાત્મપદાર્થકે ધ્યાનમેં...**' એની એકાગ્રતામેં '**ઠહરકર...**' એની એકાગ્રતામાં ઠરીને '**જ્ઞાનકા વૈરી સ્નેહ કો છોડ...**' ઉપદેશની શૈલી તો એમ આવેને. કેમકે તે ઉત્પન્ન જ થતો નથી. ભગવાન જ્ઞાનસ્વરૂપ મહાન માહાત્મયવાળો પદાર્થ, એની અંતરમાં એકાગ્ર થતાં એનું નામ ધ્યાન. એટલે એક ધ્યેયને લક્ષમાં લઈને ઠરતા જ્ઞાનના વેરી, રાગનો નાશ થઈ જાય છે. બીજો કોઈ ઉપાય રાગના નાશ કરવાનો નથી. એમ કહે છે. એ છોડ... છોડ... છોડ... એ રીતે છોડવું.

ભગવાન પ્રભુ નિર્લેપ સ્વભાવનો પિંડ આત્મા એની એકાગ્રતા દ્વારા એ ઉત્પન્ન ન થાય એને છોડ્યું કહેવામાં આવે છે. છોડ. પાછું હોં '**परित्यज**' એકલું એમ નહિ. સર્વથા પ્રકારે, સમસ્ત પ્રકારે છોડ. '**ક્યોંકિ સ્નેહ...**' '**भद्रः न भवति**' એ ભલા નથી. એની ભાષા છે. '**णेहु ण भल्लउ होइ**' છેને? એની ભાષા જુઓ '**णेहु ण भल्लउ होइ**' એ .. '**णेहु ण भल्लउ होइ**' ભાષા એની ટીકામાં છે. અશુભ છે, શુભાશુભભાવ બેય અશુભ. શુદ્ધ તો પરમાત્મ પોતાનો સ્વભાવ એની પરિણામ શુદ્ધતા એ જ શુભ છે. બાકી કોઈ શુભ છે નહિ. સમજાણું?

'**ક્યોંકિ સ્નેહ અચ્છા નહીં હૈ, સ્નેહમેં લગા હુઆ સમસ્ત સંસારીજીવ અનેક પ્રકાર શરીર ઔર મનકે દુઃખ સહ રહે હૈં,...**' લ્યો! ત્યારે એ જ્ઞાનથી, એમ કે દેખ. એમ દેખ-દેખ. એ જોવા ઉભો નથી રહ્યો કે દુઃખ છે આ. જોઉ તો ખરો આ બધા પ્રાણી દુઃખી... દુઃખી... દુઃખી... લોભના માર્યા રાગી. અને લોકો નથી કહેતા? સ્નેહ એટલું દુઃખ એમ કહે છેને. જેટલો સ્નેહ એટલું દુઃખદાયી, જેટલો પરમાં પ્રેમ એટલું દુઃખ. આત્મામાં એકાગ્રતા એટલું સુખ. '**સંસારીજીવ...**' કેવા છે? '**સ્નેહ રહિત શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે રહિત હૈં,...**' વાત આ લેવી છે. ભગવાન શુદ્ધ પ્રભુ. શુદ્ધ જ્ઞાયકભાવ પરમાનંદની મૂર્તિ એવું જે શુદ્ધાત્મતત્ત્વ નામ સ્વભાવ એની ભાવના નામ એકાગ્રતા, સ્વસ્વભાવની ભાવના-એકાગ્રતા થતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એવી ભાવના રહિત. દુનિયા .. સંસારી જીવ પોતાના શુદ્ધાત્મસ્વભાવની એકાગ્રતારહિત છે.

'**ઈસલિયે નાના પ્રકારકે દુઃખ ભોગતે હૈં.**' એથી અનેક પ્રકારના દુઃખ ભોગવે છે.

'**દુઃખકા મૂલ એક દેહાદિકકા સ્નેહ હી હૈ.**' લ્યો! એ દુઃખનું મૂળ '**દેહાદિકકા સ્નેહ હી હૈ.**' લ્યો! દેવચંદભાઈ! છે? લખ્યું છે? .. એમ કહે છે. એમ કહેતા હતા. સવારમાં આવ્યા હતા. .. કોણ જીવાડે? અહીં તો કહે છે '**દેહાદિકા સ્નેહ...**' દેહ, સ્ત્રી, પુત્ર, આબરૂ, કીર્તિ, લક્ષ્મી એ બધા દુઃખદાયક છે. સમજાણું? '**દુઃખકા મૂલ એક દેહાદિકકા સ્નેહ હી હૈ.**' અને સુખનું મૂળ પરમાત્મા પ્રત્યેની દૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :- યહાં ભેદાભેદરત્નત્રય મોક્ષકે માર્ગસે...**' વ્યવહારરત્નત્રય એ મોક્ષનો માર્ગ. ભગવાન આત્મા પોતાના નિજસ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ અને વીતરાગી પરિણતિ એને નિશ્ચય અભેદ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની સન્મુખની દૃષ્ટિ નિશ્ચય, એના સન્મુખનું જ્ઞાન, એના સન્મુખની સ્થિરતા એને અભેદ રત્નત્રય કહેવામાં આવે છે. એની સાથે શુભરાગ વિકલ્પરૂપ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પના પરિણામ, શાસ્ત્ર સન્મુખનું જ્ઞાન, એ બધું ભેદરત્નત્રય, શુભરાગનો ભેદરત્નત્રય કહેવામાં આવે છે. કેમકે અભેદ રત્નત્રય નિશ્ચય છે ત્યાં ભેદરત્નત્રય છે એ નિમિત્તને સાથમાં લઈને પ્રમાણનું જ્ઞાન કરાવીને ભેદાભેદરત્નત્રય મોક્ષનો માર્ગ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**ભેદાભેદરત્નત્રયરૂપ મોક્ષકે માર્ગસે વિમુખ...**' બસ એની જ વાત છે. સમ્યગ્દષ્ટિને છ ખંડના પણ રાગ નથી એને. અંદર રાગ થાય એ રાગ એનો નથી. એને તો શુદ્ધ ચિદાનંદ સ્વભાવ તે એનો છે. આહા..હા..! પોતાની પુંજીમાં અનંત ગુણનો રાશિ ભગવાન આત્મા એ જ એની પુંજી છે. રાગ પણ નહિ, વ્યવહાર પણ નહિ, નિમિત્ત પણ નહિ. કહો, સમજાણું કાંઈ? અજ્ઞાનીને એવા ભેદનો, વ્યવહારનો .. નિશ્ચય. એવા રત્નત્રય... જુઓ એક સાથે છે બેય. એમ નથી કે ભેદ પહેલા હોય અને અભેદ હોય પછી.

મુમુક્ષુ :- .. કાળે છે.

ઉત્તર :- હવે કોઈ કાળે નહિ પણ બધા સ્થાપે છે ખરીને. મોટા પંડિત સામે હોય ત્યારે. માણસ સામે. અરે! ભગવાન શું કરે છે? અહીંનું વિરોધ... કરવા માટે ... ટોડરમલને ખોટા ઠરાવવા, ફલાણાને ખોટા ઠરાવવા. આર્ષ વાક્ય લાવો, એમ બોલે છે. મુનિનું નહિ, પંડિતોનું નહિ, આર્ષવાક્ય લાવો. તમે પોતે પંડિત આવો અર્થ કરો એ તમારો અર્થ કરનારો લાવો અહીંયા. તું આવો અર્થ કરે છો એ અમારે શી રીતે માન્ય રાખવો? સમજાણું કાંઈ?

'**ભેદાભેદરત્નત્રય મોક્ષકે માર્ગસે વિમુખ હોકર મિથ્યાત્વ રાગાદિમેં સ્નેહ નહીં કરના,...**' જુઓ અહીં વાત આ છે. વિપરીત માન્યતા અને અસ્થિરતાનો ભાવ, કહે છે કે અચારિત્ર છે. એમાં '**સ્નેહ નહીં કરના,...**' ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ છે પ્રભુ, એને

પ્રગટ કરવા પર્યાયમાં અંદરની એકાગ્રતા કરવા જેવી છે. પર્યાયમાં પ્રગટ કરવા દ્રવ્યમાં દૃષ્ટિ મૂકીને એકાગ્રતા કરવા જેવી છે. આ લોભ પરમાં છોડવા જેવો છે. સમજાણું? '**મિથ્યાત્વ રાગાદિમેં સ્નેહ નહીં કરના,...**' એ આવે છેને ભાઈ! ભરતમાં નથી આવતું? ભરતેશમાં આવે છે. સુવર્ણ. ત્યાં પણ આવે છે. ભરતેશવૈભવમાં. એનો ઓલો હતોને મુનિ-મુનિ. .. ... આ દૂસરા. એ લડકાકો-એક ભરતના દિકરાને એ દીકરી દેવા આવ્યા હતા. તો ... કન્યા શાદી કહેને? સગપણ. એમાં ચર્ચા હુઈ એ ભરતના અને ઉસકા લડકાકો. ભરતને અને લડકેકો. ભરત કહતે હૈ અરે ભૈયા! વ્યવહારરત્નત્રય, ભેદરત્નત્રય મુક્તિકા માર્ગ હૈ. લડકાને કહે છે. બહુત ચર્ચા હુઈ હૈ.

ઓલા કહે પિતાજી! યહ કહાંસે લાયા? તુમ અભીતક તો કહતે થે કિ અભેદરત્નત્રય મુક્તિકા માર્ગ હૈ. ભેદરત્નત્રય તો વિકલ્પ હૈ. અભેદરત્નત્રય મુક્તિકા માર્ગ અભી તક ક્યોં કહા. ...ને અને બેને ચર્ચા થઈ હતી ભરતને. તો ભરતે વ્યવહારનો પક્ષ કર્યો, ... નિશ્ચયનો તર્ક કરતા હતા. ચર્ચા નીકળી. ચર્ચા કરતા... કરતા... કરતા.. ભરતેશ.. ભેદરત્નત્રય મુક્તિ. ભેદરત્નત્રય એ મુક્તિ? દાદાને પગે લાગવું, વંદન કરવું એ મુક્તિ નહિ? ભરત કહે છે. ભગવાન હતાને ત્યારે ઋષભદેવ ભગવાન. કે ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા આત્મા પિતામહ છે. એની ભક્તિ કરવી, વંદન કરવા એ વ્યવહારે મુક્તિ નહિ? ભગવાનને વંદન કરવું મુક્તિ નહિ? છોકરાને દબાવે છે? પિતાજી! તુમ તો .. પહેલે અભી ક્યા હુઆ? સમજ્યાને? પછી પિતાજી કહે, તને ક્યા હુઆ? આ તને કન્યા દેવા આવે એટલે તારા મામાનો પક્ષ કરે છે તું? ઓલાને કહે છે કે તેરા મામાકા પક્ષ કરતે હૈ? નિશ્ચય મોક્ષમાર્ગ-નિશ્ચય મોક્ષમાર્ગ. વ્યવહાર નહી? વ્યવહારનયસે ભગવાન પિતામહ મહા બિરાજતે હૈ. તો વહાં ઉસકી ભક્તિ-ભક્તિ મોક્ષકા માર્ગ નહીં? પિતાજી! આજ ક્યા હુઆ? અભી તક તો નહીં કહતે થે તુમ. તુમ તો નિશ્ચય મોક્ષમાર્ગ કહતે થે. વ્યવહાર આતા હૈ પુણ્ય બંધકા કારણ હૈ ઐસા કહતે થે ન? યહ તુમ્હારે પિતાજી. પિતાજી! હમ પક્ષ નહીં કરતે હમારે મામાજીકા. હમ તો સચ કહતે હૈ. ઐસા માર્ગ હૈ. એ ચર્ચા ચાલી છે. હવે આણે ગડબડ કરી નાખી. દીકરા અને પિતાજી વચ્ચે ચર્ચા ચાલી. ઓહો..! અમે તમારી પરીક્ષા કરતા હતા. બડી અચ્છી બાત હૈ ભૈયા! બડી અચ્છી બાત હૈ. બાત તુમને પકડી હૈ અચ્છી પકડી હૈ. હમ તો તુમ્હારી પરીક્ષા કરતે હૈ. એવી તો ચર્ચા ભરતેશવૈભવમાં ચાલી છે. કેવા વર્ણન! રત્નાકર.. ભરતેશવૈભવ છેને? સમજાણું કાંઈ? બડા અચ્છા બેટા! હમ તો તુમ્હારી પરીક્ષા કરતે થે. ... પણ મોક્ષકા કારણ નહિ. સ્વભાવકે આશ્રયસે જિતની દૃષ્ટિ સ્થિરતા આદિ હુઈ વહ મોક્ષકા કારણ હૈ. બરાબર. લ્યો હવે અત્યારે તકરાર એની મોટી ઉઠી. કહે, એમ નહિ.

અહીં કહે છે '**ભેદાભેદરત્નત્રયરૂપ મોક્ષકે માર્ગસે વિમુખ હોકર મિથ્યાત્વ રાગાદિમેં સ્નેહ નહીં કરના, યહ સારાંશ હૈ.**' સારાંશ હૈ. '**ક્યોંકિ ઐસા કહા ભી હૈ, કિ જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે,...**' પાઠ છેને. ''**तावदेव सुखी जीवो यावन्न स्निह्यते क्वचित्। स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे।।**'' સંસ્કૃત શ્લોક છે ૧૧૫મો. ''**तावदेव सुखी जीवो यावन्न स्निह्यते क्वचित्। स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे।।**'' ''આપણે આવશે. આધાર નથી લીધો. .. નથી '**જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે,...**' અર્થાત્ ભગવાન આત્માનો પ્રેમ કરે અને જગતનો સ્નેહ (ન કરે). બે બાજુ. એક વસ્તુ. એકકોર ભગવાન આત્મા. એકકોર રામ અને એકકોર ગામ. એકકોર અનંતગુણનો પિંડ પ્રભુ રામ, એ સિવાય સારા પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બધું ગામ આખી દુનિયા. આનો પ્રેમ ન કરે તે આત્માનો પ્રેમ કરે. આત્માનો પ્રેમ ન કરે તે રાગાદિ નિમિત્તનો પ્રેમ કરે. સમજમેં આયા? એકકોર રામ આત્મરામ ભગવાન, એકકોર પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને આખું જગત. એ કહે છે.

'**જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે,...**' જગત શબ્દે શુભ-અશુભ ભાવ શરીર, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર આખું જગત. આહા..હા..! '**જબ તક યહ જીવ જગતસે સ્નેહ ન કરે, તબ તક સુખી હૈ, ઔર જો સ્નેહ સહિત હૈં,...**' જગતના સ્નેહની પ્રીતિસહિત છે એને ભગવાન આત્માની પ્રીતિ છે નહિ '**જિનકા મન સ્નેહસે બંધ રહા હૈ,...**' દુનિયા સાથે રાગ, પુણ્ય, વિકલ્પ, નિમિત્ત, સંયોગ '**બંધ રહા હૈ, ઉનકો હર જગહ દુઃખી હી હૈ.**' એને હર જગહ દુઃખી હી હૈ. હર જગહ નામ વિકારમાં એકત્વ પડ્યું તો દુઃખી છે બધે. નરકમાં હોય તોપણ દુઃખી અને રાજપદમાં હોય તોપણ દુઃખી અને આ સમવસરણના મધ્યમાં સાંભળવા બેઠો હોય તોપણ દુઃખી. સમજાય છે કાંઈ? આ.. છે. બધે દુઃખી દેખ અને જ્યાં એનો પ્રેમ નથી એને ભગવાન આનંદનો પ્રેમ છે તેને સુખી દેખ. પરમા સ્નેહ નથી ત્યાં સુખી, પરનો સ્નેહ થયો એટલે દુઃખી. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટાંત આપે છે. '**આગે સ્નેહકા દોષ દૃષ્ટાંતસે...**' તલ-તલ. તલનો દાખલો આપીને.

૨૪૬) **जल-सिंचणु पय-णिद्दलणु पुणु पुणु पीलण-दुक्खु।**
**णेहहँ लग्गिवि तिल-णियरु जंति सहंतउ पिक्खु।।११६।।**
**जलसिञ्चन पादनिर्दलनं पुनः पुनः पीडनदुःखम्।**
**स्नेहं लगित्वा तिलनिकरं यन्त्रेण सहमानं पश्य।।११६।।**

સુખી દેખ ભાઈ કહે છે. '**જૈસે તિલોંકા સમૂહ...**' તલ-તલ. અમારે તલ કહે છે. તિલોંકા ઢગલા-સમૂહ. '**સ્નેહકે સંબંધસે...**' અંદરમાં ચિકાશ છે. '**જલસે ભીગના,...**' પહેલા તો તલમાં પાણી નાખે. ભીંજવે, પછી નાખેને પાણીમાં. ભીના કરે પહેલા ભીના. ભીના ક્યા કહતે હૈ?

ગીલા. તલને ગીલા તમારી ભાષાએ. અમારી ભાષાએ ભીના. પાણી નાખીને. પાણી નાખે. એકેન્દ્રિય જીવ છે. તલ સુકામાં પણ જીવ ગણ્યો છે. શ્વેતાંબરમાં છે. એ ભીક્ષા લેવા જાય અને એક તલનો દાણો પડ્યો હોય તો .. લે. તલ-તલ અને ઘઉં. આ ઘઉં સમજ્યાને? .. એમાં એક જીવ ગણ્યો છે. ભીક્ષા માટે જાય અને એક ઘઉં પડ્યો હોય દાણો. .. હોય કે રાજા હોય. સાધુ ન લે. સમજાણું? આ મરચાનો .. શું કહેવાય? મરચા-મરચા. આ બી હોયને અંદર આટલા ઝીણા બી. સૂકા પડ્યા હોય. એ પડ્યો હોય અને એના ઉપર પગ આવી ગયો. હિંસા થઈ ગઈ. જીવ ગણે છે. પણ આમાં તો બહુ ગણે છે. અમે તો ઘણા વર્ષથી કર્યું છેને. ઐસા આહાર લિયા નિર્દોષ હોં. ...

ભાવનગરમાં ૭૭માં ગયા ત્યારે એવું થયું. ભાવનગરમાં ઓલાને ભાન ન મળે અને સાધુને બધાને આપે .. બનાવીને બધું પાણી. અને અમે ગયા, ૩૦-૩૦, ૩૫ ઘર ભમીએ તોપણ આહાર ન મળે. નિર્દોષ ન મળે. ૭૭ની સાલની વાત છે. ૧૯૭૭. ૩૦-૩૦, ૩૫ ઘર ફરવું પડે. કારણ કે અમારે માટે કંઈક-કંઈક ખ્યાલમાં આવે તો .. નિર્દોષ એના માટે કરેલો ન હોય.. રસ. રસ કાઢેલો હોય રસ કેરીનો. આ શું કહેવાય? કેરી. અધમણ-અધમણ, મણ-મણ રસ હોય. એક ગોટલું જો અંદર હોય. ગોટલું સમજે ન? એક અહીં ગોટલું પડ્યું હોય તો રસ લેવાય નહિ. ખબર છે કે નહિ? બહુ બીતા. આ બધા શેઠીયા બીતા. ભીક્ષા દેવા માટે લોકો ડરશે. લાખોપતિ ડરે. ... નહિ લે. એક જરીક આમ બીનું દાણો દેખાય તો કહે નહિ. મારે માટે થયેલી ભીક્ષા અમારે નથી જોઈતી.

કહે છે કે અહીંયા એક તલમાં ... ચિકાશયુક્ત પડ્યું છેને ઓલું તેલ? '**જલસે ભીગના, પૈરોસેં ખૂંદના,...**' પગ. '**ઘાનીમેં બાર બાર પિલનેકા...**' વારંવાર. એ ઘાણી તો વારંવાર ફરેને માથે. એમાં વારંવાર '**પિલનેકા દુઃખ સહતા હૈ, ઉસે દેખો.**' એને દેખ એમ કહે છે. દુઃખને દેખ ભાઈ! એ તો આનંદસ્વરૂપ ભગવાન એની તને રુચિ કરવાનો પ્રસંગ છે. આ દુઃખી... દુઃખી... સમજાણું?

'**ભાવાર્થ :- જૈસે સ્નેહકે સંબંધ હોનેસે તિલ ઘાનીમેં પેલે જાતે હૈં,...**' ઓલા ચિકાશના સંબંધને કારણે પિલાય છે. તલમાં તેલ છેને. ઘાણીમાં પહેલા ચિકાશ .. એમ સિદ્ધ કરવું છેને? '**ઉસી તરહ જો પંચેન્દ્રિયકે વિષયોંમેં આસક્ત હૈં...**' ભગવાન આત્મા, પોતાના અતીન્દ્રિય આનંદમાં એકાગ્રતા દૃષ્ટિની નથી, સમ્યગ્દૃષ્ટિપણું જેણે પ્રગટ કર્યું નથી, એ પાંચ ઈન્દ્રિયના વિષયોમાં આસક્ત છે. સમજાણું? જ્યાં અંતર દૃષ્ટિ નથી એને સ્વભાવના ભાન વિના ભલે મુનિ હોય, તોપણ કહે છે કે એ વિષયોમાં જ આસક્ત છે. સમજાણું કાંઈ? ૨૩૬માં આવે છેને ભાઈ! પ્રવચનસાર. .. ૨૩૬ છે. જેને તારા પ્રત્યે પ્રેમ છે અને રાગ પ્રત્યે પ્રેમ

છે એને જીવ ન મરે તોપણ એ અસંયમી છે. ૨૩૬ છે. ખોટું મળે, ખોટું જ બોલે બધું. (૨૩૬.)

'**આ લોકમાં ખરેખર, સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવા આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે તે બધાયને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી,...**' એને સંયમ જ હોઈ શકે નહિ. સમ્યગ્જ્ઞાનપૂર્વક અંતર દૃષ્ટિ નથી તેને સંયમ હોઈ શકે નહિ. '**કારણ કે (૧) સ્વપરના વિભાગના અભાવને લીધે...**' સ્વપરના વિભાગના અભાવને લીધે '**કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરતા...**' મહાસિદ્ધાંત છે આ અમૃતચંદ્રાચાર્યનો. છેને? '**स्वपरविभागाभावात् कायकषायैः सहैक्यमध्यवसतो**' જેને એક વિકલ્પ ઉઠે છે રાગનો, એની સાથે જેને એકતા છે દૃષ્ટિમાં અને કાયાની ક્રિયા થતાં એ હું કરું છું એવી દેહની અવસ્થા સાથે એકતા છે. એવા સ્વપરના વિભાગના અભાવવાળા '**કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરતા એવા તે જીવો, (પોતાને) વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે...**' એને વિષયનો નિરોધ નથી થયો. જુઓ, અને '**છ જીવનીકાયના ઘાતી થઈને સર્વતઃ પ્રવૃત્તિ કરતા હોવાથી,...**' રાગનો વિકલ્પ છે શુભનો, પણ એની સાથે એકત્વબુદ્ધિ છે એ કષાય સાથે એકત્વબુદ્ધિ છે. અકષાય ભગવાનથી છૂટી ગયો છે દૃષ્ટિમાં. અને કાયની ક્રિયા આમ થાય સરખી-સરખી આમ જાણે અને શરીરનું બ્રહ્મચર્ય રહે અને વિષય.. એટલે મેં આ અટકાવ્યું છે શરીરને. એવી બુદ્ધિ બધી મિથ્યાદૃષ્ટિ છે. એવા બુદ્ધિવાળાને સર્વતઃ છ જીવની ઘાતી થઈને પ્રવર્તે છે. '**તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે...**' જુઓ, ખુલાસો કર્યો અમારે પંડિતજીએ.

'**જે જીવોને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્ પાંચ ઇન્દ્રિયોનાં વિષયોનો સંયોગ ન દેખાતો હોય,...**' સંયોગ ન દેખાતો હોય, પણ શુભ વિકલ્પની .. એકતાબુદ્ધિ મહા અભિપ્રાયમાં મિથ્યાત્વ છે. એણે બંધન અજ્ઞાન, દર્શનમોહનું થવાનું અને એના વિષયોના સંયોગ બધા મળવાના. કહે છે કે '**પાંચ ઇન્દ્રિયોનાં વિષયોનો સંયોગ ન દેખાતો હોય, છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય...**' પાઠ છે કે નહિ એમાં? છ જીવનિકાયના ઘાતી થઈને પ્રવર્તે છે. આહા..હા..! કષાય અને કાયા. અકષાય ચૈતન્યઘન, ચૈતન્ય શરીર તેના એકાગ્રતા વિના જેને રાગ અને કાયા સાથે એકતાબુદ્ધિ છે એ બહારમાં છ કાયની હિંસા કરતો .. છ કાયની હિંસામાં જ પ્રવર્ત્યો છે એ. આહા..હા..!

'**એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય, તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઇન્દ્રિયના વિષયોની અભિલાષાનો નિરોધ નથી,...**' જેને રાગનો એક કણ છે તેનો પ્રેમ છે, તેની અભિલાષા વર્તે છે એને સ્વભાવ વીતરાગી

અભિલાષીની ભાવના છે નહિ, માટે પાંચ ઇન્દ્રિયના વિષયનો અભિલાષ એને વર્તે છે એમ કહે છે. એય..! વસંતીલાલજી! '**હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.**' પાઠ છે હોં. પ્રવચનસાર-૨૩૬. ૨૩૬ ગાથા. ..ની ગાથા ૨૩૫. સ્પષ્ટ વિતર્કણાથી દ્રવ્ય-ગુણ-પર્યાય સિદ્ધ થાય છે .. એની વાત કરીને પછી ૨૩૬. આવું જેને ભાન નથી અને રાગ અને કાયામાં... પછી બે વાત લીધી—કષાય અને શરીર. કારણ કે બહારમાં.. અહીં કષાયની એકતા છે એટલે બહારમાં એકતા અને દેહની ક્રિયા હું કરું છું એ અવસ્થા મેં અટકાવી છે, વિષય થતો મેં અટકાવ્યું છે, વિષય લેતા પણ દેહની ક્રિયાને હું કરું છું, એ અટકાવ્યું મેં એ પણ મિથ્યાદૃષ્ટિ છે. એ કાયાની પર્યાયની જે અટકવું થયું એ એના જડને લઈને છે, પણ એમાં જેની એકત્વબુદ્ધિ છે એ છકાયનો ઘાતક છે. જરીએ એને નિવૃત્તિ થઈ નથી. બહુ આકરી વાત છે. આહા..હા..!

'**सर्वस्यापि स्यात्कारकेतनागमपूर्विकया तत्त्वार्थश्रद्धानलक्षणया दृष्टया शून्यस्य स्वपरविभागाभावात् कायकषायैः सहैक्यमध्यवसतोऽनिरुद्धविषयाभिलाषतया षड्जीवनिकायघातिनो भूत्वा सर्वतोऽपि कृतप्रवृत्तेः सर्वतो निवृत्त्यभावात्तथा परमात्मज्ञानाभावाद्**' જુઓ, આ અમૃતચંદ્રાચાર્ય .. કહે છે. ભગવાન અકષાય અને ચૈતન્ય જેનું શરીર. ચૈતન્ય જેનું શરીર, પાઠમાં એમ કહે છે. અકષાય અને ચૈતન્ય ... એની એકાગ્રતા નથી એને ભાવનામાં જે વિકલ્પ ઉઠે છે તેની જ એને ભાવના છે. માટે પંચેન્દ્રિયના વિષયના અભિલાષી તે નિવર્ત્યો નથી. અને તે કાયાને પોતાની માને છે. કારણ કે આ શરીર એ ચૈતન્ય વિગ્રહ માન્યું નથી. એટલે આ પોતાનું માને છે. અંદર દેહની અવસ્થા ક્ષણે ક્ષણે થાય .. આમ કરવો.. એ તો પ્રમાદ ન થવા દેવો એટલી વાત છે. પણ પરની ક્રિયા આમ થઈને અને આ હું કરી શકું છું. એ દેહની અવસ્થાને પોતાનો જ કર્તા માને છે. એ દેહને જ આત્મા માને છે. ના પાડે છે, અહીં તો કહે, છ કાયનો ઘાતક જ છે. એકેન્દ્રિયને ન મારતો હોય તોપણ કષાયની અભિલાષાવંત પ્રાણી અકષાય સ્વભાવના દૃષ્ટિના વિરોધમાં એ પંચેન્દ્રિયના વિષયનો અભિલાષી અને છકાયનો ઘાતક બેય છે. ૨૩૬. એ પાછો ચરણાનુયોગનો અધિકાર છે એ. ચરણાનુયોગનો ત્રીજો અધિકાર છે પ્રવચનસાર એમાં આ ગાથા છે.

ભાઈ! અભિપ્રાયમાં જેને, રાગ કરવા જેવો છે, ઠીક છે, એને કષાયનો અભિપ્રાયમાં તીવ્ર અભિપ્રાય વર્તે છે. સમજાણું કાંઈ? અને સરવાળો જોતા કષાયનો જ એને અભિપ્રાય વર્તે છે. એથી અહીં કહે છે હોં. સમજાણું? '**(ચિકનાઈ તેલ) કે સંબંધસે તિલ ઘાનીમેં પેલે જાતે હૈં, ઉસી તરહ જો પંચેન્દ્રિયકે વિષયોંમેં આસક્ત હૈં—**' આ ઉપરથી વાત આવી. અહીંયા પંચેન્દ્રિયના વિષયનો અભિલાષી કીધો છેને ત્યાં. કારણ કે પંચેન્દ્રિયના વિષયમાં આસક્ત

છે. સમ્યગ્દૃષ્ટિ પંચેન્દ્રિયના વિષયમાં આસક્ત છે જ નહિ. કષાય અને કાયા રહિત મારી ચીજની દૃષ્ટિ, અનુભવમાં ધર્મી કષાય અને પંચેન્દ્રિયના અભિલાષવાળો છે નહિ. અજ્ઞાની પંચેન્દ્રિયના ભોગને ન ભોગવતો હોય અને કાયા વડે છ કાયની હિંસા ન થતી દેખાય, પણ જેને પોતાના ચૈતન્ય સ્વભાવથી વિરુદ્ધ રાગનો પ્રેમ, એકાગ્રતા છે, અભિલાષા છે, ભાવના છે. એને છ કાયનો ઘાતક દેખ અને પાંચ ઈન્દ્રિયના વિષયનો અભિલાષી જો. સમજાણું કાંઈ?

અંતરનો અભિપ્રાય કેનીકોર વળેલ છે એના ઉપર આખી સૃષ્ટિની ઉત્પત્તિ છે. દૃષ્ટિ એવી સૃષ્ટિ. એનો અર્થ શું? કે વિકારના વિકલ્પની દૃષ્ટિની એકતા એવી સૃષ્ટિ મિથ્યાત્વ જેને ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. અને એ મિથ્યાત્વનું પાપ કસાઈખાના કરતાં અનંતગણું ગણ્યું છે. ટોડરમલ કહે છેને. ટોડરમલે કહ્યું છે. સાત વ્યસનના પાપથી મિથ્યાત્વનું પાપ અનંતગણુ છે. સમજાણું કે નહિ? છે કે નહિ? એ છઠ્ઠો-છઠ્ઠો. છઠ્ઠો અધ્યાય. છેલ્લો ભાગ. ઘણીવાર અહીં તો વાત આવી ગઈ છેને. દેખો. 'જૈન ધર્મમાં તો એવી આમ્નાય છે, પહેલા મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવામાં આવે છે. એથી મિથ્યાત્વનું સાત વ્યવસનાદિથી પણ મહાન પાપ જાણવું. પહેલા છોડાવ્યું છે.' સમજાણું? 'સાત વ્યવસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલા.. માટે પાપના ફળથી .. છે' આહા..હા..! .. ઈસમેં કુછ સંદેહ નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૮, બુધવાર, તા. ૨૩-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૧૭ થી ૧૧૯, પ્રવચન-૧૫૫**

૧૧૬ ગાથા થઈ. પરમાત્મપ્રકાશ. 'ઈસ **વિષયમેં** કહા **ભી હૈ**—' બીજો શ્લોક એને માટે વિશેષ સ્પષ્ટ કરે છે.

**૨૪૭) ते चिय धण्णा ते चिय सप्पुरिसा ते जियंतु जिय-लोए।**
**वोद्दह-दहम्मि पडिया तरंति जे चेव लीलाए।।११७।।**

શું કહે છે? દેખો, '**વે હી ધન્ય હૈં,...**' આ જગતમાં એ પુરુષને ધન્ય કહીએ છીએ કે જે '**વે હી સજ્જન હૈં,...**' સત્પુરુષ છેને? 'જ'નો 'ત' થાય. એ સત્ જન છે. એ જ આ જગતમાં સત્પુરુષ છે કે '**વે હી ઈસ જીવલોકમેં જીવતે હૈં,...**' એ જગતમાં જીવે છે એ જીવ છે. કોણ? કે '**જો જવાન અવસ્થારૂપી બડે ભારી તાલાબમેં...**' '**यौवनद्रहे**' જુવાન શરીરની અવસ્થા હોય એવા બડા ભારી દ્રહ-'**તાલાબમેં પડે હુએ વિષય-રસમેં નહીં**

ડૂબતે,...' પતિત. અને **'लीलया'** નામ **'લીલા (ખેલ) માત્રસે હી...'** ખેલમાત્રસે હી **'તૈર જાતે હૈં. વે હી પ્રશંસા યોગ્ય હૈ.'** હવે એ લીલામાત્રસે લીધું છેને એટલે એકલો વિષય એમ નહિ. જુવાનીનો વિષય ન સેવે એમ નહિ, આ તો વસ્તુના ભાનસહિતની વાત લેવા માટે લીલામાત્ર કહ્યું છે. નહિતર તો એકલું શરીરથી બ્રહ્મચર્ય યૌવન અવસ્થામાં પાળે એ તો વિકલ્પ છે. એ કાંઈ સંસાર સમુદ્રને તરવાનો ઉપાય નથી. એથી લીલા શબ્દ નાખીને અંતર સ્વરૂપની દૃષ્ટિની વાત કરે છે જુઓ.

**'ભાવાર્થ :- યહાં વિષય-વાંછારૂપ જો સ્નેહ-જલ...'** જહાજ-જહાજ, મોટું જહાજ. **'વિષય-વાંછારૂપ જો સ્નેહ-જલ ઉસકે પ્રવેશસે રહિત...'** જહાજ, મોટું વહાણ-વહાણ. વહાણ કહતે હૈ ન? આ તો જહાજ. **'જો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી...'** એક તો એ જહાજ કેવું છે? કે વિષયની વાંછારૂપી સ્નેહ જળથી રહિત છે. એમાં પ્રવેશ નથી. નીચે કાણા પડેને. પાણી અંદર પેસે. પાણી પ્રવેશતું નથી, કાણા જ નથી. વિષયની વાંછનારૂપી કાણા. કાણા કહતે હૈ ન? છિદ્ર-છિદ્ર. એ છેદ નથી જે જહાજને.

બીજું, **'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી અમુલ્ય રત્નોંસે ભરા...'** એ અમુલ્ય શબ્દ પડ્યો રહ્યો છે એ કહ્યું હતું. જુઓ, આ એકલો યુવાન અવસ્થામાં વિષય ન લે તો તરી જાય એમ નહિ. પણ એ યુવાન અવસ્થામાં વિષયથી તરી જાય. કોણ? તે વિષયમાંનો એકલો બ્રહ્મચર્ય પાળે અને એકલી એ વાત નથી લેવી એટલે આ વાત જરી સ્પષ્ટ કર્યું 'લીલા' શબ્દ મૂકીને. ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદસ્વરૂપની પ્રતીતિ, આનંદસ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન અને આનંદસ્વરૂપમાં ચારિત્ર નામ લીનતા. એ રૂપી અમુલ્ય રત્નોસે ભરા. કહો, સમજાણું કાંઈ?

જુવાન અવસ્થા જ્યાં ફૂટડી અવસ્થા હોય દેહની. ૨૦, ૨૫, ૩૦, ૩૫, ૪૦ આદિ અવસ્થા શરીરની જુવાન. કહે છે કે એ જુવાનરૂપી તળાવનું પાણી, એને પાર કોણ પામે છે? અને એમાંથી કોણ તરી જાય છે? કે જેને વિષયની વાંછનાના જળનો પ્રવેશ જ જેમાં નથી. એક. એ તો નાસ્તિથી વાત કરી. અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અમુલ્ય રત્નોથી જે જહાજ ભરેલું છે. ભગવાન આત્મા શુદ્ધ અનાકુળ આનંદની મૂર્તિ, એની અંતરમાં વિકલ્પથી રહિત નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ અમુલ્ય રત્નોંસે ભરા. એ શું?

**'નિજ શુદ્ધાત્મભાવનારૂપી...'** ભાંડ ભરેલું છે એનાથી. વાસણ-વાસણ. રત્ન એકલા નથી પડ્યા કહે છે. વાસણમાં રતન મૂક્યા છે અને એવા વાસણથી આખું જહાજ ભરેલું છે. વાસણ કહતે હૈ ન? બરતન. ભાંડ એટલે બરતન. એમ કે એકલું જહાજ નહિ, એકલા રતન છૂટા નથી પડ્યા. એમાં ભાંડ-બરતન મૂક્યા, બરતનમાં ભરેલા હીરા. આમ આખા હોય જહાજમાં. ડબ્બા ભરી ભરીને રત્ન મૂક્યા છે એમ કહે છે. અહીં તો કહે છે,

'**શુદ્ધાત્મભાવનારૂપી**...' દેખો, પાછી કોની? કે '**નિજ શુદ્ધાત્મા**...' એમ. ભગવાન તીર્થંકર આદિ પરમાત્મા એની નહિ, એ તો વિકલ્પ છે. નિજ નામ પોતાનું શુદ્ધાત્મરૂપ તત્ત્વ એની ભાવના—એની એકાગ્રતારૂપ, પણ આ તો આ કહ્યા હોં! '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપી રત્નોંસે ભરા નિજ શુદ્ધાત્મભાવનારૂપી ભાંડ**...' એમાં એ રતન પડ્યા છે એમ કહે છે. એ નિજ શુદ્ધાત્માની એકાગ્રતામાં એ રત્ન પડ્યા છે.

મુમુક્ષુ :- શુદ્ધાત્માની ભાવના લખ્યું છે.

ઉત્તર :- હા, એ ભાવના કહો કે એકાગ્રતા. સમજાણું કાંઈ? ભગવાન નિજ શુદ્ધસ્વરૂપ એની એકાગ્રતારૂપી ભાવના એમાં એ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્ન પડ્યા છે. આહા..હા..!

'**ઉસસે યૌવન અવસ્થારૂપી મહાન તાલાબકો તૈર જાતે હૈં**,...' એકલી યૌવન અવસ્થા તરે એમ નહિ. આવા ભાનસહિત. જુઓ, નહિતર તો આમ શરીરથી બ્રહ્મચર્ય પાળે એ તો અનંતવાર કર્યું છે એવું. સમજાણું? એ કડી કાઢી હતી હમણા ભાઈ કાલે રાજમલજીની. આ છેને આપણા બુધજન. બધા સાંજના ચર્ચા થતા એ કડી છે અંદર. 'સબ વ્યવહાર ક્રિયાકા જ્ઞાન, ભયો અનંતીવાર પ્રધાન, નિપટ કઠિન અપની પહચાન.' ઓલું જ્ઞાન કીધું છે હોં ક્રિયાનું આમ. જ્ઞાન પણ અનંતવાર કર્યું, ભાવ તો થયો, પણ એનું જ્ઞાન આવી આવી ક્રિયા બધું જ્ઞાન કર્યું. 'ભયો અનંતીવાર પ્રધાન, નિપટ કઠિન અપની પહચાન, તાકો પાવત હોત કલ્યાણ.' નિજ શુદ્ધાત્મા એનું જ્ઞાન. બીજું જ્ઞાન તો કહે છે કે એટલું એટલું કરણાનુયોગનું, ચરણાનુયોગનું બધું એટલું જ્ઞાન કર્યું કે ઘણી અનંતવાર કર્યું. પણ નિપટ એક આ વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ પરમબ્રહ્મ આનંદ નિજ શુદ્ધાત્મા એની ભાવના, એકાગ્રતારૂપ બરતન એમાં ભર્યા છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી અમુલ્ય રત્ન. સમજાણું કાંઈ? એવું જે જહાજ.

'**ઉસસે યૌવન**...' જુવાન શરીરની '**અવસ્થારૂપી મહાન તાલાબકો તૈર જાતે હૈં**,...' આવા યૌવનદશાના દ્રહને આવા ભાવથી તરી જાય છે '**વે હી સત્પુરુષ હૈં**,...' એને સત્પુરુષ કહેવામાં આવે છે. સત્‌પણું ભળવું જોઈએને. સત્‌પણા વિના એકલી પુણ્યાદિની ક્રિયા એ કાંઈ સત્ નથી. એકલા યૌવનની ક્રિયામાં શીલ પાળે એ વિકલ્પ છે, એ કાંઈ સત્ નથી. સમજાણું કાંઈ? ચિદાનંદ પ્રભુ નિજ શુદ્ધાત્મા શુદ્ધ સ્વરૂપ. પર્યાય કાઢી નાખી. ત્રિકાળી શુદ્ધસ્વરૂપ, એની એકાગ્રતારૂપી ભાંડ-બરતન, એમાં ભર્યા છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્ન. એવા જહાજથી યૌવન અવસ્થારૂપી મહાન દ્રહકો તૈર જાતે હૈં. સમજાણું કાંઈ?

'**વે હી સત્પુરુષ હૈં, વે હી ધન્ય હૈં, યહ સારાંશ જાનના, બહુત વિસ્તારસે ક્યા લાભ હૈ**.' આહા..હા..! શું કહીએ વિશેષ? અલમ. આવે છેને છેલ્લે કળશમાં આવે છેને પંડિતજી! એ પાછળ અમૃતચંદ્રાચાર્ય. અલમ અતિ જલ્પેન. આચાર્ય (કહે છે), બહુ થઈ, બહુ

થઈ, હવે બસ કર, બસ કર લ્યો. સમજાય છે કાંઈ? જુઓ! આ થોડા શ્લોકમાં તો કેટલું કહ્યું! આમ સહન કરવું પડે અને મારે આમ કરવું પડે, બાપા! ખાંડાના ધાર છે. શરીરને બ્રહ્મચર્ય પાળવા યુવાન અવસ્થામાં ભારે કામ. તલવારની ધાર છે. એમ નથી એમ કહે છે. એ બ્રહ્મચર્યને બ્રહ્મચર્ય જ કહેતા નથી. બ્રહ્મ નામ આનંદસ્વરૂપમાં ચર નામ રમવું. એની પ્રતીત, જ્ઞાન અને રમણતા એવી પોતાની એકાગ્રતાના બરતનમાં એ રત્નો ભર્યા એ દ્વારા જહાજ દ્વારા, આવા જહાજ દ્વારા યૌવન અવસ્થાના તળાવને તરી જાય છે એ પુરુષને સત્પુરુષને ધન્ય કહેવામાં આવે છે. એના વખાણ કરીએ છીએ એમ કહે છે. એકલા શુભભાવને.. સમજાણું? જુઓ ભાઈ! આખી જિંદગી આણે બાળબ્રહ્મચર્ય પાળ્યું. એ નહિ. એ તો શુભવિકલ્પ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- યૌવન અવસ્થામાં...

ઉત્તર :- આ યૌવન અવસ્થાની વિશેષતા છે. વૃદ્ધાવસ્થા ... આ તો એમ કે યૌવન અવસ્થા, ફૂટડી અવસ્થા. જેમાં અનેક પ્રકારના શરીર આમ તૈયાર થઈ ગયેલા હોય વિષય માટે. એવા કાળમાં પણ ચિદાનંદની ભાવના અને એકાગ્રતામાં જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન ભર્યા છે. એ દ્વારા તરી જાય એને ધન્ય છે. વૃદ્ધાવસ્થામાં તરે એમાં શું વાંધો? આ તો આવી અવસ્થાની વાત છે.

મુમુક્ષુ :- અહીં વિશેષ...

ઉત્તર :- વિશેષ-વિશેષ સ્પષ્ટ બતાવવું છે. બાકી વૃદ્ધાવસ્થા હોય તો તરે તોપણ ધન્ય છે એમાં શું? એમાં ક્યાં વાત? બાળ આઠ-આઠ વર્ષની ઉંમરના. આહા..હા..! રાજકુમાર હજી તો આમ જન્મ્યાને આઠ વર્ષ થયા હોય. એક મોરપીંછી નાની અને નાનું કમંડળ. અને ચાલ્યા જતા હોય મણિરત્ન જેવા આમ. જંગલમાંથી આવતા હશે આહાર લેવા. સિંહના દિકરા. ડર નથી જેને. આમ જંગલમાં એકલા પડ્યા હોય હોં! બે-ચાર દિ'એ, આઠ દિ'એ ભીક્ષા માટે (આવે). બાળ-બાળ મુનિ શરીરથી હોં. અંદર પંડિત મુનિ છે. આહા..હા..! જુઓ, ઓલા મોટા-મોટા માણસો બેઠા હોય બધા હાથી અને ગામમાં ઘોડા, લશ્કર ને, એમાં મુનિ ચાલ્યો આવતો હોય સામો. ચરણાનુયોગમાં આવે છેને ભાઈ છેલ્લે પ્રવચનસારમાં (ગાથા ૨૩૧). બાળ, ગ્લાન... શબ્દ આવે છે. શાસ્ત્રમાં તો બધું ભર્યું છે. શાસ્ત્રમાં તો બધા ભંડાર ભર્યા છે. એકેય વાતમાં ખામી નથી. એવા બાળની ભાઈ! સેવા કરવી, આમ કરવું... આમ કરવું... પણ ઓલો ક્યાં ઈચ્છે છે? એ તો પછી સામાને ભાવ આમ (આવે).

મુમુક્ષુ :- .. અભ્યાસ કરે.

ઉત્તર :- અભ્યાસ કર્યો આત્માનો. આત્માનો અભ્યાસ કર્યો અંદરથી. ઓલું નથી આવતું?

રવિ. કેવા? રવિકીર્તિ સો કુમાર 'સો'. ભરતના રાજકુમાર. ભરતેશમાં આવે છે. સો કુમાર આમ ગેડી દડે રમે છે. કોઈ પંદર વર્ષના, સોળ વર્ષના, સત્તર વર્ષના, અઢાર વર્ષના. બધામાં નિપુણ હોં! બધામાં નિપુણ અઢાર વર્ષે. મહા મગજના ફાટેલા અંદરથી. ગેડી દડે આમ રમે છે. મણિરત્નની ગેડીયું. માણસ મોકલ્યા છે એમની માતાએ કે ધ્યાન રાખજો ત્યાં રાજકુમારનું. એમાં એક માણસ ઘોડેથી નીકળે છે (અને કહે છે) કે ભગવાન પાસે સેનાપતિ જયકુમારે દીક્ષા લીધી. ભરતનો સેનાપતિ જયકુમાર. આ શું કહેવાય? સુલોચનાનો... સુલોચના અને બેય છેને. જયકુમાર સેનાપતિએ દીક્ષા લીધી. માણસ ચાલ્યો આવે છે. રાજાના કુંવર રમતા હતા એટલે ઓલાએ જરી આમ એને વાત કરી. વાત કરી અને પ્યાલો ફાટી ગયો સોએ છોકરાઓનો. ઓહો..! અમારા પિતા ભરત, એનો સેનાપતિ જયકુમાર. જેને મેઘ-મેઘ નથી કાંઈક ઉપમા આપી? પંડિતજી! મેઘેશ્વર. મેઘેશ્વર ઉપમા આપી છે. ઓલો દેવને જીત્યો. 'દીક્ષા' એક શબ્દ જ્યાં કાને પડ્યોને. બધી .. ત્યાં બહુ ઘણા નિપુણ છે. જ્યોતિષમાં નિપુણ છે, જ્ઞાનમાં નિપુણ છે. બધામાં નિપુણ એવા છોકરાઓ. એય..! ક્યાં ભણવા ગયા હતા? અંદરમાં પાવર જ્યાં ફાટે. કેવળજ્ઞાન ભર્યા છે અંદરમાં હવે આ શું? ચાલી નીકળ્યા સાથે હોં! માણસ સાથે હતા એને કહેવું નથી. નહિતર તો પછી સાથે માણસ આવે નહિ અને ઘરે કહેવા જાય. ભાઈ ચાલો આઘા.. ભાઈ ચાલો આઘા.. ભાઈ ચાલો આઘા... આપણે આગળ જાવું છે. એમ કરતાં... કરતાં... કરતાં... કરતાં... જ્યાં ભગવાનનું સમવસરણ આવ્યું, પેઠા અંદર, બેઠાને. છોડી દઈએ છીએ. અમે દીક્ષિત છીએ. માણસો સાથે. અરરર! અત્યાર સુધી અમને કહ્યું નહિ. તમારી માએ અમને સંભાળ કરવા મોકલ્યા. અમે શું જવાબ દેશું ત્યાં? ભાઈ! અમારી સ્થિતિ સંસારની પૂરી થઈ. અમે દીક્ષિત ભગવાન પાસે (થઈએ છીએ). નગ્ન થઈને સો જણા સાધુ થાય છે. એની માને કહેવા જાય છે ઓલા રોતા-રોતા. મણિરત્નની તલવારું હાથમાં અને ઓલી ગેડીયું હાથમાં લઈ. આ છોકરાના ઉપકરણો. શું થયું? દિક્ષીત થઈ ગયા. આહા..હા..! ક્યાં ભણવા ગયા હતા? અંદરમાં. અને બુદ્ધિ છેને, ઘણી બુદ્ધિ તીખી બુદ્ધિ.

એવી યૌવન અવસ્થા લ્યો ઠીક! વળી એ યાદ આવ્યું આમાં જુઓ. આ સોળ વર્ષના, અઢાર-અઢાર વર્ષના હોં રવિકીર્તિ આદિ કુમાર ચાલી નીકળ્યા. મણિરત્નના જેમ પૂતળા ચાલતા હોય આમ એમ ચાલ્યા જાય છે. ભગવાન પાસે દીક્ષા થઈ અને સભામાં બેસી જાય છે, મુનિ સાથે બેસી જાય છે. અહીં કહે છે કે ઓહો..! ધન્ય-ધન્ય જીવન જેના. જેને અંતરના આત્મરત્નથી વાસણોના વાસણ ભર્યા છે. એવી આત્માની એકાગ્રતા એવું વહાણ ચાલ્યું છે વહાણ. સંસારને કિનારે લઈ જશે અને પાર પામી જશે. એવા પુરુષને, સત્પુરુષને સજ્જન, સજ્જન કહો કે સત્‌જન કહો એ **'ધન્ય હૈં, યહ સારાંશ જાનના,...'** લ્યો! ૧૧૭.

૧૧૮. '**આગે મોક્ષકા કારણ વૈરાગ્યકો દઢ કરતે હૈં—**' દેખો હવે વૈરાગ્ય... વૈરાગ્ય.. વૈરાગ્ય...

**૨૪૮) मोक्खु जि साहिउ जिणवरहिँ छंडिवि बहु-विहु रज्जु।**
**भिक्ख-भरोडा जीव तुहुँ करहि ण अप्पउ कज्जु।।११८।।**

જુઓ, ભિક્ષાના જીવો. આ તો સાધારણ માણસ એમ કહે છે. તું ભિખારી જેવો છો એમ કહેવું છે અહીં. અને ઓલા તીર્થંકર ત્રણ લોકના નાથ જેને વૈભવ અને ઋદ્ધિ અનંતી ક્રમે ચડતાં... ચડતાં... ચડતાં... જેની પવિત્રતા અને જેના પુણ્ય પણ એટલા બધા વધી ગયા છે. એક તીર્થંકરોએ આવી વિભૂતિ છોડી, હવે તું એ ભિક્ષાએ ભોજન કરનારો આત્માનું કાર્ય નહિ કર એટલું? એમ કહે છે. આહા..હા..!

જુઓ, '**જિનેશ્વરદેવને અનેક પ્રકારકા રાજ્યકા વૈભવ છોડકર...**' તીર્થંકર જેના જન્મમાં ઈન્દ્રો. ઓહો..હો..! જેના જન્મકાળમાં ઈન્દ્રો આવે, જેની દીક્ષામાં ઈન્દ્રો આવે એને આ વૈભવ છોડી... આહા..હા..! ઋષભદેવ ભગવાન રાજમાં હતા. ઈન્દ્રો મિત્ર તરીકે સિંહાસનમાં સાથે બેસે ઉપરથી આવીને. સિંહાસનમાં પોતે ભગવાન બેસે ત્રણ જ્ઞાનના ધણી અને એ સિંહાસને બેસાડે જોડે-જોડે. બેસો-બેસો. જેના ઈન્દ્રો તો સેવક. કહે છે કે ટાણા આવ્યા. એવા વૈભવ જેને ઈન્દ્ર જેવા સેવકો એવા રાજને છોડી દીધા. એવા રાજનો વૈભવ એમ કહે છે. એ વૈભવ કહેવાયને બધો? અર્થમાં લેશે સાત પ્રકારની સેના. એવી વૈભવદશા જેના તળિયા ચાટતા ઈન્દ્રો, જેના વસ્ત્ર અને દાગીના આવતા એના ત્યાંથી, એ દેવમાંથી આવતા. એના વૈભવનું શું કહીએ! ભાઈ! એ પુણ્યની પણ પ્રતીતિ લોકોને નથી. જેનું સાધન કરતાં-કરતાં પુણ્ય એટલા (વધી ગયા).. ઉન્નતિ ક્રમમાં ચડેલો આત્મા છેને. એ ભવે કેવળજ્ઞાન પામવાના. એમાં તીર્થંકર પ્રકૃતિ બાંધેલી છે. એના પુણ્યના ઢગલા કે જેના ભોજન આ વસ્ત્ર અને દાગીના ઉપરથી આવે. દેવમાંથી આવે. અરે! આવા વૈભવને છોડી અલેખ જગાવ્યા આત્મામાં. આહા..હા..! તને શું છે? કહે છે. ભિખારી છો તું? આહા..હા..! એ તો ઓળંભો છેને.

ભાઈ! તને શું વૈભવ છે? તારે ઘરે... એને તો ભરત જેવા ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી. એ તારે ઘરે? એને છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, બોંતેર હજાર નગર, અડતાલીસ હજાર પાટણ એને આમ બળખો છોડે એમ છોડી દીધા. અંદરથી આવતા કાંઈ પાછા લે. અરે પ્રભુ! તારી પાસે શું છે? એમ કહે છે જોયું! હે ભાઈ! '**હે જીવ, ભિક્ષાસે ભોજન કરનેવાલા...**' તું તો ભિખારી જેવો છો એમ કહે છે હોં! ઓલું ભિક્ષાની મુનિપણાની અહીંયા વાત નથી અત્યારે. માગીને ખા છો, સાધારણ. કેટલો ઓશિયાળો હોય લ્યોને ઘણા. આ ફલાણું ભાઈ આપોને. ગ્રાહક આવે તો જુઓને આ વાણિયા-બાણિયા નથી કરતા? બાઈ હોય

સાધારણ લેનારી. એ બા! શું લેવું છે? લ્યો! મલૂકચંદભાઈ! કરે કે નહિ વાણિયા? અને ઓલી બાઈ કોણ હોય? ભરવાડ હોય અને હરિજન હોય. પણ આઠ આનાનો માલ લેવા આવી હોય અને બે આના પેદા (થવાના હોય), એ બા! શું લેવું છે? ભિખારી છે કે નહિ તું? વખાણ કરે. હા..હા.. એ તો આપણે ઓળખાણ નહિ, આપણા ફલાણા ભાઈના ફઈબા.. આમ છે ને તેમ છે. આ કહે છે કે આવા તારા ભિખારી જેવા ધંધા. એમ કહે છે મૂળ તો. અને તને એટલું છોડવું ગોઠતું નથી? એમ છે કે નહિ? હિંમતભાઈ! આ અમારે દુકાનમાં કુંવરજીભાઈ બધી વાતું કરે. પેદા કરે એને બોલાવે. એ બા! આવો. હવે શું બાને છે? આવવું હશે તો આવશે. અને ફલાણા ભાઈ... આ બીજા કરે છેને?

કહે છે કે **'ભિક્ષાસે ભોજન...'** ભિક્ષાથી ભોજનનો અર્થ? તારી વૃત્તિમાં ભિખારાપણું પડ્યું છે. આમ માગ. આ મને દ્યો, આ માલ લેવા આવોને ભાઈ. આમ કરોને, આમ કરોને. તમને સારો માલ મળશે હોં. અમને પણ લાભ થાશે અને તમને સારો લાભ અમારી દુકાનમાંથી મળશે. આવી તારી વૃત્તિઓ ભિખારા જેવી. ભિક્ષાસે ભોજન એમાંથી મળતો આહારાદિ ... ખાનારો **'તૂં અપને આત્માકા કલ્યાણ ભી નહીં કરતા.'** ત્રણ લોકના નાથ તીર્થંકરો ઓહો..હો..! શાંતિનાથ. છન્નું હજાર સ્ત્રી. જ્યારે બાર ભાવના વૈરાગ્ય ભાવે છે. આમ બેઠી હોય છે અંદર. અરે સ્ત્રીઓ! યાદ રાખો, હું તમારે કારણે નથી રહેલો. મારામાં આસક્તિનો ભાગ છે માટે રહ્યો છું. એ આસક્તિ મારી છૂટતી નથી, મારો પુરુષાર્થ મંદ છે. તમે યાદ રાખજો. તમારી લાલચને લઈને રહ્યો છું એ વાત કાઢી નાખજો. એમ કહે છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં બેઠા.

ત્રણ જ્ઞાનના ધણી શાંતિનાથ સિંહાસન ઉપર બેઠા વાત કરે છે. હે રાણીઓ! વિચાર કરજો હું તમારે કારણે નથી રહ્યો અહીંયાં. મારી આસક્તિ તૂટતી નથી, મારા પુરુષાર્થમાં પામરતા છે. એ કારણે જરી લક્ષ તમારા ઉપર જાય છે. તમારા લાલચને લઈને અને તમારી આળપાળની સેવાને લઈને હું તમારી પાસે રહ્યો છું એ વાત કાઢી નાખજો. આહા..હા..! અને જ્યારે એ વૃત્તિ છૂટી જાય છે, દિક્ષીત થાય છે. છન્નું-છન્નું હજાર (રાણીઓ) જંટીયા તાણે છે આમ અંદરથી. અરે સ્વામી નાથ! તમારા વિના ક્ષણ નહિ જાય અમારી. બસ થાઓ. અમારી આસક્તિ મરી ગઈ છે. અમે તમારે કારણે નહોતા (રહ્યા) એ તમને પહેલેથી કહ્યું હતું. અમારી આસક્તિનો વ્યય થઈ ગયો, અમે સ્વભાવના સાગરમાં ડૂબવા માગીએ છીએ. જાવ... જાવ... જાવ... રોવે, આમ જંટીયા તાણે. બસ કરો. (ભરતેશ)વૈભવમાં બહુ આવે છે. ભરતેશવૈભવ. એ તો એવું બને છેને. વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય...

અહીં કહે છે કે અરે આત્મા! તું ભીક્ષાના ભોજનનો કરવાવાળો. એ ભિખારી ઠરાવ્યા બધા તમને. આ રામજીભાઈ જેવા પણ બસ્સો રૂપિયા લેતા પણ ઓલા અસીલ આવેને કે

ભાઈ ચાલો-ચાલો એમ તો કરતા હશે કે નહિ? પણ એને કહેવું પડે કે નહિ? હા ભાઈ, આનું ભાઈ આ. આ તે ભિખારાવેડા છે કે નહિ? તને કહે છે કે ભિખારાવેડામાં જન્મ્યો અને તું ત્યાગ નથી કરતો અને તને આત્માનું કલ્યાણ કરતા નથી આવડતું? ઠપકો આપે છે અહીં.

મુમુક્ષુ :- એવું લાલાપેઠા કરે તો ઘરાક ઘણા આવે.

ઉત્તર :- ધૂળમાંય આવે નહિ. એ તો પુણ્ય હોય તો આવે. એ તો બધી અમને ખબર નથી?

અહીં તો આચાર્ય જરી આમ ઉછાળો મારે છે. એલા! આમ આટલા વૈભવ તો જો. ઈન્દ્રો જેના તળિયા ચાંટે નીચે બેસીને. પ્રભુ! પ્રભુ! કૂતરીના બચ્ચા-ગલુડિયા જેમ કૂતરી પાસે આમ... આમ... આમ... કરે, એમ ઈન્દ્રો ભગવાનના ચરણ પાસે આમ-આમ કરતા હોય. આમ તળિયા ચાટતા હોય. પ્રભુ! પ્રભુ! પ્રભુ! એલા! એવા વૈભવના ધણી એક ક્ષણમાં છોડી આત્મામાં ઉતરી જાય છે અંદરમાં. તું એક ઓશિયાળા જીવન ગાળનારો. ઓશિયાળું વાત તો એ કહે છે અહીં. ભિક્ષા ભોજન એટલે એ. ઓશિયાળું સમજો છો? ઓશિયાળું એટલે પરની આશા રાખીને આવા જીવન ગાળનારો. તને એક આત્માનું કલ્યાણ કરતા એટલું નથી આવડતું? આહા..હા..! કહો, રાજમલજી! **'आत्मीयं कार्यम्'** છેને એમ? **'ભિક્ષાસે ભોજન કરનેવાલા તૂં...'** **'आत्मीयं कार्यम्'** **'અપને આત્માકા કલ્યાણ ભી નહીં કરતા.'**

**'ભાવાર્થ :- સમસ્ત કર્મમલ-કલંકસે રહિત જો આત્મા ઉસકે સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણોંકા સ્થાન...'** મોક્ષની વ્યાખ્યા કરે છે. મોક્ષની વ્યાખ્યા. મોક્ષ એટલે શું? મોક્ષ એટલે શું? કે **'સમસ્ત કર્મમલ-કલંકસે રહિત જો આત્મા ઉસકે સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણોંકા સ્થાન તથા સંસાર-અવસ્થાસે અન્ય અવસ્થાકા હોના,...'** ઓહો..હો..! ઉત્પાદ-વ્યય સિદ્ધ કર્યો. જેનામાં અનંત જ્ઞાનાદિ આનંદ આદિ પર્યાય પ્રગટ થઈ છે અને જેને સંસાર અવસ્થાથી અનેરી અવસ્થા ઉત્પન્ન થઈ છે. સંસાર અવસ્થા હતી ખરી. અસિદ્ધભાવ, ઉદયભાવ એ અવસ્થાથી અનેરી અવસ્થા. આત્મામાં સ્વભાવિક જ્ઞાન, દર્શન, આનંદની અવસ્થા પૂર્ણ થઈ છે તેને મોક્ષ કહેવામાં આવે છે. આ મોક્ષની વ્યાખ્યા. કોઈ કહે કે વૈકુંઠમાં લટકવું છે અને ફલાણે જાવું છે. એ મોક્ષ નથી. સિદ્ધશિલા ઉપર મોક્ષ. ત્યાં મોક્ષ નથી. સિદ્ધશિલા ઉપર મોક્ષ નથી.

અહીંયા તારા આત્મામાં મોક્ષ અહીં થાય છે. એ તો પછી એક સમયે ઊર્ધ્વગતિ ચાલી જાય છે. મોક્ષ અહીં થાય છે આત્મામાં. કઈ રીતે? અનંત જ્ઞાન-દર્શન આનંદ આદિ પર્યાયનું અવસ્થામાં પ્રગટ થવું અને સંસાર અવસ્થાથી અન્ય વિલક્ષણ અવસ્થા એટલે સંસાર અવસ્થાનો વ્યય થઈ અને અભાવ થઈ ભિન્ન અવસ્થા અનેરી જાતની સ્વભાવિક જ્ઞાન, દર્શન, આનંદની દશા ઉત્પન્ન થાય એવું જે સ્થાન પર્યાય. **'વહ મોક્ષ કહા જાતા હૈ,...'** આહા..હા..! વ્યાખ્યા

તો જુઓ!

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

આ શ્રીમદ્‌નું વાક્ય છે-કડી છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા...' નિજ શુદ્ધતા. અશુદ્ધતાનો વ્યય અને મોક્ષ પોતાની પૂર્ણ શુદ્ધતા. 'તે પામે તે પંથ.' એ મોક્ષની પૂર્ણ શુદ્ધ દશાને પામે એવી જે શુદ્ધ દશા (એનું) અંતર કારણ નિર્મળ નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ પંથ. 'સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' વીતરાગ સંતોએ, નિર્ગ્રંથોએ આ રીતે મોક્ષનો માર્ગ અને મોક્ષ ભગવાન કેવળજ્ઞાનીએ કહેલો છે. કહો, સમજાણું કાંઈ? પાછું કર્મમલસે રહિત એટલે પહેલું કર્મકલંક હતું, સંસાર અવસ્થા હતી. એનો વ્યય થઈને ઉત્પન્ન થયું છે. વ્યક્તિગત વાત કરવી છેને. અનાદિથી મોક્ષ છે એ જુદી વાત સિદ્ધને થઈ. એમ નહિ. આ તો મોક્ષ સિદ્ધ છેને અનાદિનો? અનાદિના સિદ્ધ છેને. કાંઈ પહેલા સિદ્ધ તો નથી કોઈ. એની વાત નથી. અહીં તો જે આત્મા સિદ્ધપણું વ્યક્તિગત પામે એનાથી વાત લેવી છે અહીંયાં. આમ તો સિદ્ધ અનાદિના છે, મોક્ષ પણ અનાદિનો છે. કાંઈ સંસાર આઠ વર્ષ મોટો અને મોક્ષ નાનો એમ છે? વળી એક પંડિત એમ કહેતો હતો. મોક્ષ કરતા સંસારની અવસ્થા આઠ વર્ષ વધારે છે. કારણ કે સંસાર પહેલો અને પછી મોક્ષ હોય. એટલે મોક્ષ નહોતો અનાદિમાં ક્યાંય? કોણે ભાઈએ ક્યાંક લખ્યું હતુંને? આ માણેકને? માણેકચંદજીએ લખ્યું હતું. ધર્મસિદ્ધાંત.. લખ્યું છે. એક પુસ્તક બનાવ્યું છેને. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમાં છે. સંસાર આઠ વર્ષ મોટો. અનાદિમાં પહેલો આઠ વર્ષ સંસાર અને પછી મોક્ષ. અરે! આખી દુનિયા, આખું ગાડું છે, એ ગાડું આખામાં પહેલું, પાછળ અને પહેલું મોઢા આગળ એ છે જ ક્યાં? એ ગાડું. ગાડું સમજો છો? ગાડી ગાડી આખી. એનો પાછળનો ભાગ અને મોઢા આગળનો ભાગ, વચલો ભાગ અને પહેલો, પછી કહેવો કોને? આખું છે એમ ને એમ. એમ અનાદિ એમ ને એમ મોક્ષ પણ છે, સંસાર છે, મિથ્યાત્વ છે, સમકિત છે, કેવળીઓ છે, નિગોદ છે, અભવિ એમ ને એમ છે અનાદિથી. સમજાણું કાંઈ? એ સંસાર... એક વ્યક્તિને લઈએ તો સંસાર અનાદિ હતો એનો અંત આવી જાય છે. એ સાદિ મુક્ત દશા થાય છે, અંત નહિ થાય એવી દશા થાય છે. એ અહીં વાત લેવી છે.

**'સમસ્ત કર્મમલ-કલંકસે રહિત...'** અવસ્થા હતી. **'આત્મા ઉસકે સ્વભાવિક જ્ઞાનાદિ...'** આત્મા એના સ્વભાવિક જ્ઞાનાદિ. એનો સ્વભાવિક દર્શન, સ્વભાવિક આનંદ, **'ગુણોંકા સ્થાન...'** એ પર્યાય હોં! સ્થાન ઈ. **'સંસાર-અવસ્થાસે અન્ય અવસ્થાકા હોના, વહ મોક્ષ કહા**

**જાતા હૈ, ઉસી મોક્ષકો વીતરાગદેવને...'** આહા..હા..! આટલું જોર કેટલું લીધું છે! આચાર્ય યોગીન્દ્રદેવને આમ.. અરે વીતરાગદેવ! જેની પાસે ત્રણ લોકના મોટા અધિપતિઓ જેને વંદન કરતા, જેના જન્મમાં મોટા ઇન્દ્રો આવીને જન્માભિષેક કર્યા એવા વીતરાગો આવા વૈભવવાળા **'રાજવિભૂતિ છોડકર સિદ્ધ કિયા.' 'ઉસી મોક્ષકો...'** એ મોક્ષને સિદ્ધ કર્યો. **'વીતરાગદેવને રાજવિભૂતિ છોડકર...'** સ્વવિભૂતિને પ્રાપ્ત કરી.

**'રાજ્યકે સાત અંગ હૈં,...'** છેને અંદર થોડું છે. સપ્તાંગ, બસ ઈ સપ્તાંગ. નામ નથી આપ્યા. થોડા ઘણા આપ્યા. **'રાજા, મંત્રી, સેના વગૈરઃ.'** એની ઋદ્ધિ હોય છે. તીર્થંકર ભગવાનને તો બધું હોય છે. ઇન્દ્રો આદિ જેની સેવામાં છે ત્યાં બધું હોય છે. **'યે જહાં પૂર્ણ હોં, વહ ઉત્કૃષ્ટ રાજ્ય કહલાતા હૈ, વહ રાજ્ય તીર્થંકરદેવકા હૈ,...'** તીર્થંકરનું શું કહેવું? ભલે માંડલિકપણે અવતર્યા હોય, પણ એને ઇન્દ્રો જ્યાં સેવે છે એના વૈભવ અને એની ઋદ્ધિની શું વાત કરવી! **'ઉસકો છોડનેમેં વે તીર્થંકર દેરી નહીં કરતે.'** જ્યાં અંતરની ધારા વૈરાગ્યની છૂટી, એક ક્ષણમાં, જાવ. અરે! સંસારની આ દશા! નિલાંજનાને દેખે છે ઋષભદેવ ભગવાન. અરે! એની સ્થિતિ નાચતા પૂરી થઈ ગઈ! ત્યાં બીજી દેવી એના સ્થાનમાં આવી છે. આ સંસાર. એકદમ જાતિસ્મરણ થાય છે. ત્રણ જ્ઞાન તો હતા. જાતિસ્મરણ થઈને એકદમ વૈરાગ્ય ફાટે છે. છોડ... છોડ... છોડ... એ ભગવાન **'છોડનેમેં તીર્થંકર દેરી નહીં કરતે.'** લો. **'લેકિન તું નિર્ધન હોકર...'** જુઓ, ભાષા લીધી. **'भिक्खु-भरोडा'** એ. નિર્ધન છે ભિખારી તું તો. **'આત્મકલ્યાણ નહીં કરતા.'**

મુમુક્ષુ :- નિર્ધન આત્મકલ્યાણ કરે?

ઉત્તર :- નિર્ધનનો અર્થ એમ કે તને સંયોગમાં કાંઈ માલ નથી છતાં તું સંયોગ ઉપરથી લક્ષ છોડતો નથી. જેને સંયોગના ઢગલા હતા બહારમાં, એકને હુકમ કરે ત્યાં અન્નદાતા! ઇન્દ્રો કહે, પ્રભુ! શું આજ્ઞા છે? સમજાણું? એવા ભગવાન પણ રાજને છોડી દે છે.

**'દેરી નહીં કરતે. લેકિન તું નિર્ધન હોકર...'** ભાઈ! તને શું સાધન છે એવા? કે જે સાધન છોડતા તને દુષ્કર લાગે છે? આ તો એકદમ આત્મામાં વીતરાગભાવે ઉતરવાની વાત છેને. છેલ્લી આગળની ગાથાઓ, છેલ્લી ગાથાઓ છેને અધિકાર. ૨૧૪ છે. તો આટલી હવે થોડી રહી. ૯૦ લગભગ રહી. કહે છે, અરે..! **'લેકિન તું નિર્ધન હોકર આત્મ-કલ્યાણ નહીં કરતા. તૂ માયા-જાલકો છોડકર...'** માયાજાળનો અર્થ બાહ્યાભ્યંતર પરિગ્રહ. છેને અંદર ટીકામાં? **'તૂ માયા-જાલકો છોડકર મહાન પુરુષોંકી તરહ આત્મકાર્ય કર.'** ભાઈ! તું આત્માનું કાર્ય કર બાપા. એ મરવા ટાણે કોઈ તને સગુ નહિ થાય. શ્વાસ સગો નહિ થાય હોં. શ્વાસ કેમ લેવો એ તારા અધિકારની વાત નહિ રહે. એ ડુંટીએથી-નાભિથી દોરો

છૂટશે. ખ્યાલ પણ હશે કે આ નાભિથી શ્વાસે માર્ગ લઈ લીધો, માર્ગ છોડ્યો. નહિ તારાથી શ્વાસ નીચે બેસે. કારણ કે તારો અધિકાર પરમાં છે નહિ. આહા..હા..! અહીંથી આમ ચાલે છે એ જ્યાં છેલ્લી સ્થિતિ થશે, એ શ્વાસ નાભિને છોડી દેશે. એ દોરો પહેલો થોડો જરી હળવે-હળવે જશે. એમ કરતાં... કરતાં... કરતાં... અહીંયા હેઠેથી આઘો ખસતો જશે. ખ્યાલ હોય હોં સાધ્ય જરી. પણ એ શ્વાસને હેઠે નહિ ઉતારી શકે. કારણ કે એનો કાળ જે રીતે છે તે રીતે પરિણમન પરમાણુનું ત્યાં ક્ષેત્રાંતર જે રીતે થવાનું તે થવાનું. તારા અધિકારની વાત નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ...

ઉત્તર :- પરમાં શું પુરુષાર્થ હોય? ધૂળ કરવો છે એને? એય..! રાજમલજી! પરમાં શું પુરુષાર્થ છે? જુઓને દાખલો તો આપીએ છીએ પછી ક્યા હૈ? શ્વાસ ભી તેરા નહિ. ખ્યાલ આવે છે. કીધુંને આપણે અહીંયા હતાને અમારે શિવલાલભાઈ હતા. શિવા પટેલ હતા અહીંયા. વલ્લભભાઈ નહિ? એના કુટુંબી હતા. એ કુટુંબી હતા. અહીંયા રહ્યા હતાને. ઓળા ખાધા હશે આ શીંગુ-શીંગુ સમજ્યા? મુંગફલીકા ઓળા કાચા શેકીને ખાધા અને ઉપર ખાધા કેળા અને એમાં અહીંની પાછી રસોઈ રસોડાની દાળ, ભાત, શાક ખાધા ઉપર. એ ખાઈને આવ્યા. હું પણ આમ જતો હતો, આહાર કરીને ફરતો હતો. પટેલ! કેમ બેઠા? હેઠે બેઠા હતા. તદ્દન હેઠે હોં. કેમ બેઠા? અંતક્રિયા. શું કહો છો? અંતક્રિયા. છેલ્લી ક્રિયા મારી છે હવે. શું છે પણ આ? માર્ગ છૂટી ગયો, શ્વાસ છૂટી ગયો છે ગમે તેમ હો. શું ખાધું હતું? કે ખાધું હતું આવું. ઓળા કાચા ખાધેલા શીંગના. જામ થઈ ગયું. બસ! ન થાય ઝાડા, ન થાય ઉપર. નીચે બેઠા હતા અમથા. લૂગડાં ઉપર અમથા બેઠા હતા. સાંજે હું નીકળ્યો. કેમ પટેલ? કેમ છે? કે અંતક્રિયા, છેલ્લી ક્રિયા. પણ શું છે? છેલ્લી ક્રિયા. અહીંથી શ્વાસ ખસી ગયો લાગે છે. કેમ થયું કાંઈ ખબર નથી પડતી. ૩૬ કલાક રહ્યા. આ ધર્મચંદભાઈ હતા. ધર્મચંદ ડોક્ટર હતા સાથે. શ્વાસ.. બેઠા-બેઠા કરતા હતા. પછી ઈંજેક્શન આપ્યું. પણ સ્થિતિ પૂરી થવાની ઈંજેક્શન આપ્યું ત્યાં બેસી ગયો. ખલાસ થઈ ગયા, દેહ છૂટી ગયો. બેઠા હતા, વાત કરતા હતા. મેં કીધું આ દોરો કાઢી નાખો. આમ દોરો બાંધેલો, મેં કીધું આ કાઢી નાખો. હવે શ્વાસ શરૂ થઈ ગયો છે. છેલ્લી સ્થિતિ છે, હવે આમાં કાંઈ છે નહિ. એ પણ કહે છેલ્લી સ્થિતિ છે. એ કાંઈ ન મળે રોગ-બોગ. એ શ્વાસ અહીંથી છૂટ્યો, અહીંથી માર્ગ દઈ દીધો. ફડાક ઉંચો આવવા માંડ્યો, હેઠે જાય નહિ. ૩૬ કલાક રહ્યા.

સાધ્ય, ખ્યાલ બધું આ છે. શું કરે પણ તું? પરમાણુનું ક્ષેત્રાંતર જે શ્વાસના પરમાણુના સ્કંધ છે એ સ્કંધનો પર્યાય જેટલો જ્યાં રીતે ક્ષેત્ર સ્પર્શના પ્રમાણે થવાનો એ રીતે જ થાય

છે. એમાં રોકવાને તારું સામર્થ્ય છે નહિ. આહા..હા..! એને બીજાના કામ કરી દેવા છે, શરીરથી કામ લેવું છે અને શ્વાસથી કામ, વાણીથી લેવું છે. ભગવાન! એ તો પરવસ્તુ ભાઈ! વિકલ્પ તને આવે, બાકી આ કામ થાય એ તારા નહિ. તારે એવો પહેલેથી નિર્ણય કરવો પડશે. નહિતર મરતા સખ નહિ આવે. આહા..હા..!

'**તૂં માયા-જાલકો છોડકર મહાન પુરુષોંકી તરહ આત્મકાર્ય કર. ઉન મહાન પુરુષોને ભેદાભેદરત્નત્રયકી ભાવનાકે બલસે...**' જુઓ! મહાપુરુષોએ ભેદાભેદરત્નત્રય. જુઓ, એક સાથે લીધી છે વાત. અભેદ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની અભેદ દૃષ્ટિ, અભેદ જ્ઞાન અને એકાકાર શાંતિ, એ નિશ્ચય રત્નત્રય કહો કે અભેદ રત્નત્રય કહો. એની સાથે વિકલ્પ જે છે હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ, પંચ મહાવ્રતનો વિકલ્પ આદિ, શાસ્ત્રનો પરલક્ષી જ્ઞાન આદિ એ ભેદરત્નત્રય. ઓલું અભેદ. એની '**ભાવનાકે બલસે...**' પ્રમાણજ્ઞાન સાથે કરાવે છે માટે. બાકી ખરેખર ભેદરત્નત્રય નિમિત્ત છે અને અભેદરત્નત્રય શુદ્ધ ઉપાદાનની પર્યાય છે.

એના '**બલસે નિજસ્વરૂપકો જાનકર વિનાશીક રાજ્ય છોડા,...**' મહાપુરુષોએ પોતાના નિજસ્વરૂપને જાણી, એના બળ દ્વારા. જુઓ, '**નિજસ્વરૂપકો જાનકર...**' એમ. '**વિનાશીક રાજ્ય છોડા,...**' નાશવાન રાજ્ય છોડી દીધું. '**અવિનાશી રાજ્યકે લિયે ઉદ્યમી હુએ.**' અવિનાશી સામ્રાજ્ય પોતાનું અનંત ગુણની નિર્મળ દશા એને પ્રાપ્ત કરવા ઉદ્યમી થયા. '**યહાં પર ઐસા વ્યાખ્યાન સમજકર બાહ્યાભ્યંતર પરિગ્રહકા ત્યાગ કરના,...**' ઓલું માયાજાળનું કહ્યું હતુંને. '**તથા વીતરાગનિર્વિકલ્પસમાધિમેં ઠહરકર દુર્ધર તપ કરના...**' તપ એટલે મુનિપણું, તપ એટલે મુનિપણું. તપકલ્યાણક આવે છેને? મુનિકલ્યાણક કહો, તપકલ્યાણક કહો, દીક્ષા કલ્યાણક કહો. અંદરમાં વીતરાગ નિર્વિકલ્પ અભેદ શાંતિમેં '**ઠહરકર દુર્ધર તપ કરના...**' મુનિપણાની ઉત્કૃષ્ટ દશા પ્રગટ કરના. વાત તો ઉત્કૃષ્ટ વાત કરેને. કોઈપણ વાત હોય તો ઉત્કૃષ્ટ જ વાત હોય, પછી ન કરી શકે તો એને હેઠે... બાકી વાત તો પહેલી એ જ હોય. સમજાણું?

પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છેને પહેલો મુનિનો ઉપદેશ દેવો. ઉત્કૃષ્ટ વાત. એને એકદમ પાવર ફાટી જાય અને વૈરાગ્ય થઈ જશે તો મુનિપણું લઈ લેશે. એ તો એની યોગ્યતા છે પણ આ તો મુનિપણાની વાત કરવી. પછી ન પાળે, ન થઈ શકે તો કહે અરે! અમારી મંદતા છે. હું મુનિપણું (નહિ લઈ શકું). નહિ, તો સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકપણું પાળ આત્મજ્ઞાન કરીને. સમજાણું કાંઈ? ઉત્કૃષ્ટ વાત હોયને વાત તો. પંચમકાળના મુનિ છે એ તો. પુરુષાર્થસિદ્ધિ ઉપાય કરનાર. વાત તો આમ કરી છે. પંચમ કાળ, હમણા નવસો વર્ષ પહેલા થયા. મુનિપણું, દિગંબર મુનિ, ભાવલિંગી હોં એની વાત છે. એવો પહેલો ઉપદેશ કર. ઓલો ચડી જશે વૈરાગ્ય હશે. પહેલો ઉપદેશ કરજે. એનો ક્રમ હશે તો ક્રમભંગ ઉપદેશ થશે એમ. દર્શન તો પહેલું જ છે.

દર્શન વિના તો એ હોય નહિ. મુનિપણું ક્યાંથી હોય? દર્શન-જ્ઞાન તો પહેલું જ બતાવે એને. પણ ઓલા ત્યાગમાં શ્રાવક અને મુનિવ્રતના ત્યાગમાં પહેલું મુનિપણું કહેવું એમ. આમાં પહેલું મુનિ એમ નહિ. દર્શન-જ્ઞાન તો પહેલું જ છે. સમજાણું? એ તો પહેલું એને બતાવ. પણ દેશવિરતી અને સર્વવિરતીના ભાગમાં સર્વવિરતીનો પહેલો ઉપદેશ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આ તો અંદરની વાત છે હોં. બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરના એમ કહે છે. એકલો બાહ્ય છોડીને નગ્ન થઈ જાય. અભ્યંતર વિના બાહ્ય છોડ્યું હોય એ વ્યવહારે પણ લાગુ પડતું નથી. અસદ્‌ભૂત વ્યવહાર લાગુ નથી પડતો કે આ આણે છોડ્યું. અભ્યંતર છૂટે ત્યારે બાહ્ય છોડ્યું એને અસદ્‌ભૂત વ્યવહારનયે ત્યાગ્યું એમ કહેવામાં આવે. ત્યાગ-ગ્રહણ છે જ ક્યાં પણ, અસદ્‌ભૂત નયથી બોલાય. એ તો છોડવાનું કહ્યું. ભાઈ! પૂર્વાપર પહેલો વિચાર...

અહીં કહે જુઓ '**બાહ્યાભ્યંતર પરિગ્રહકા ત્યાગ કરના,...**' હવે એક કોર આ લખાણ છે અને એક બાજુ ત્યાં કીધું સમયસારની ૩૪ ગાથામાં કે આત્મા રાગનો ત્યાગ પણ કહેવામાત્ર છે. રાગનો ત્યાગનો કર્તા પણ આત્મામાં કહેવામાત્ર છે. રાગના ત્યાગનો કર્તા પણ આત્મામાં કહેવામાત્ર છે. પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ? અહીં કહે કે બાહ્યાભ્યંતર છોડ. પણ ઉપદેશના વાક્યમાં તો જે આવે તે આવેને. સિદ્ધાંત તો જે છે એ છે. અહીં છોડવાનું કહ્યું અને વળી ત્યાં કહ્યું કે રાગના ત્યાગનો... છેને કર્તાપણાનો? ક્યાં ગયું પુસ્તક? અહીં નીચે છે. આ ૩૪. ૩૫માં દાખલો છે.

શું કહે છે? 'એમ આત્મામાં નિશ્ચય કરી... બીજો તો કોઈ ત્યાગનાર નથી... '**જે પહેલા જાણે તે પછી ત્યાગે, બીજો તો ત્યાગનાર નથી, એમ આત્મામાં નિશ્ચય કરીને પ્રત્યાખ્યાન કાળે...**' પ્રત્યાખ્યાન કરવાયોગ્ય એટલે અભાવ થવા યોગ્ય રાગનો. '**પરભાવ તેની ઉપાધિ માત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ હોવા છતાં પણ પરમાર્થે જોવામાં આવે, પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી.**' આહા..હા..! ત્યાગ શું કરે? આમ એના પર્યાય ઉપર લક્ષ કરીને આ છોડું એમ છે? આમ જ્યાં અંદર ઠરે છે ત્યારે વિકલ્પ ઉઠતો નથી એને ત્યાગ વ્યવહારથી કહેવામાં આવે છે. પરમાર્થે પરનો ત્યાગ એવું સ્વરૂપમાં છે જ કે દિ'? રાગનો ત્યાગ કરું એનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને. '**પરમાર્થે જોવામાં આવે તો પરભાવના ત્યાગ-કર્તાપણાનું નામ પોતાને નથી. પોતે તો એ નામથી રહિત છે. કારણ કે જ્ઞાનસ્વભાવથી છૂટ્યો નથી. માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે.**' જ્ઞાનાનંદસ્વરૂપમાં ઠર્યો અંદર, બસ એ ઠર્યો એ પ્રત્યાખ્યાન છે. બીજો ત્યાગ શું હોય? ઓહો..હો..! રાગના ત્યાગનું કર્તાપણું પણ જેને નામમાત્ર છે. સંજ્ઞામાત્ર, કથનમાત્ર. સમજાણું? એવો ભગવાન જ્ઞાનસ્વરૂપી ચિદ્‌ઘન એ પરમાર્થે રાગના ત્યાગના કર્તાપણાથી રહિત

છે. સમજાણું કાંઈ? એ સિદ્ધાંત લક્ષમાં રાખીને આ બધી વાત છે. પાછું વળી ત્યાં એમ કહ્યું અને અહીં કહે કે બાહ્ય છોડી દે. અહીં પણ અભ્યંતર પરિગ્રહ છોડકર ત્યાગ કરના. લ્યો અભ્યંતર રાગ છે. બાહ્યમાં સ્ત્રી કુટુંબ આદિ છે. એ નયથી કથન છે. પોતાના સ્વભાવની દૃષ્ટિનો નિર્વિકલ્પ અનુભવ સમ્યક્ થયું, પછી સ્વરૂપમાં ઠરે છે જ્યાં એકાકાર થઈને, ત્યારે વિકલ્પ છૂટી જાય છે અથવા ઉત્પન્ન થતા નથી. એના વિકલ્પના જે નિમિત્તો હતા એનું લક્ષ રહેતું નથી એથી આને અને એને છોડ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા...!

આ રીતે વસ્તુનો સ્વભાવ છે એ એની દૃષ્ટિમાં ન આવે અને આ ત્યાગ્યું... આ ત્યાગ્યું... તો ધર્મ ત્યાગ કર્યો છે એણે. સમજાણું કાંઈ? ભાષા શું આવે? ઘણે ઠેકાણે જુઓ પાઠમાં છે જુઓ. '**बाह्याभ्यन्तरपरिग्रहं त्यक्त्वा**' ત્યાં છૂટી જાય, લક્ષ છૂટી જાય. લક્ષ છૂટ્યું એ પરને છોડ્યું કહેવું. આ (રાગ) ઉત્પન્ન ન થવું એ એને છોડ્યું કહ્યું. સમજાણું કાંઈ? '**વીતરાગનિર્વિકલ્પ સમાધિમેં ઠહરકર...**' આ તે એને પોતે મુનિ કહે છે અને એને નહિ હોય અત્યારે? કે પછી થતા હશે આઠમે-દશમે?

મુમુક્ષુ :- પંચમકાળમાં તો સાતમામાં...

ઉત્તર :- પંચમકાળની.... આ સાતમાની વાત છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વભાવના માહાત્મ્યે ચડ્યો અને એમાં જ્યાં સ્થિર થયો, કહે છે કે વીતરાગ-રાગ વિનાની અભેદ શાંતિ થઈ. એ દ્વારા મુનિપણાને દુર્ધર કહ્યું છે. આવી મહા દશા અનંત કાળે મળે છે એને કર. એ આખો સારાંશ છે. સાર-અંશ એટલે કરવાનું આ છે. એની દૃષ્ટિમાં, પ્રતીતમાં લે કે માર્ગ આવો છે, બીજો માર્ગ છે નહિ. ચારિત્રની રીત આ છે, દર્શનની રીત આ છે, જ્ઞાનની રીત આ છે. ત્યાગના પ્રકારના કથનોની રીત આ છે, સ્વરૂપ આ છે. એમ એના શ્રદ્ધા-જ્ઞાનમાં બરાબર નક્કી કરે તો એને આત્માની દૃષ્ટિ સવળી થાય. કહો, સમજાણું?

હવે ૧૧૯. '**આગે હે જીવ, તૂ ભી શ્રીજિનરાજકી તરહ આઠ કર્મોંકા નાશકર મોક્ષકો જા,...**' ભાઈસાહેબ! મોક્ષ અત્યારે નથી અને મોક્ષ જા એમ કેમ કહો છો? એમ કહે તો? ભાઈ! મોક્ષ જ છે, સાંભળને હવે. પણ આ પંચમ આરાના મુનિ તો વાત કરે છે. એ વખતે કેવળ પામે એને માટે કહે છે આ? '**આગે હે જીવ, તૂં ભી શ્રીજિનરાજકી તરહ આઠ કર્મોંકા નાશકર મોક્ષકો જા, ઐસા સમજાતે હૈં–**' '**जिनभट्टारकबद्धष्टकर्मनिर्मूलनं कृत्वा**'

૨૪૯) पावहि दुक्खु महंतु तुहँ जिय संसारि भमंतु।
अट्ठ वि कम्मइँ णिद्दलिवि वच्चहि मुक्खु महंतु।।११९।।

'**હે જીવ, તૂ સંસાર-વનમેં ભટકતા હુઆ મહાન દુઃખ પાવેગા,...**' ચોર્યાસીની અટવીમાં ભગવાન! મહાદુઃખ તને થશે. ભાઈ! '**संसारे भ्रमन् महद् दुःखं प्राप्नोषि**' '**ઈસલિયે...**' '**अष्टापि कर्माणि**' '**જ્ઞાનાવરણાદિ આઠોં હી કર્મોંકો નાશ કર,...**' પહેલું તો મારા સ્વરૂપમાં જ નથી એનું નામ નાશ કર્યું કહેવાય. આઠેય કર્મો અને રાગાદિ મારા સ્વરૂપમાં નથી એવો સ્વરૂપમાં નિશ્ચય થયો એટલે એનો સ્વરૂપમાં સંબંધ જ વ્યવહાર અને કર્મનો રહ્યો નહિ. માટે નાશ થયું દૃષ્ટિમાં તો પહેલે ધડાકે તો. મારામાં આઠ કર્મ અને વિકાર જ નથી. મારામાં છે તો પૂર્ણ આનંદ અને જ્ઞાનાદિ ભરેલા છે. એવો પહેલો અનુભવ દૃષ્ટિનો (થાય) પછી સ્વરૂપમાં સ્થિરતા કરી અને આઠ કર્મને ટાળવાનો પ્રયત્ન ચાલે છેને. મુનિ છે તો પ્રયત્ન ચાલે છે. એથી એ પ્રયત્નનો ઉપદેશ બીજાને પણ આપે છે.

'**જ્ઞાનાવરણાદિ આઠોં હી કર્મોંકા નાશ કર, સબમેં શ્રેષ્ઠ મોક્ષકો જા.**' લ્યો! આમાંથી કાઢે છેને ભાઈ ઓલા નહિ એક પંડિત? હીરાલાલ. જુઓ, અત્યારે મોક્ષ છે. કોઈ ના પાડે એમ નહિ. આ આચાર્યે એમ કહ્યું છે. હવે આમાંથી આ કાઢે છે એ. લેખ આવ્યો હતો. બધું કહે છે. કુંદકુંદાચાર્ય આઠ કર્મના નાશનું કહે છે. માટે અત્યારે મોક્ષ નથી એમ કોણ કહે છે? કહો, એ કાઢ્યું એમાંથી. આ તો ઉત્કૃષ્ટ વાત કરીને મુક્ત સ્વરૂપ તારું છે તેમાં દૃષ્ટિ થઈ તેમાં લીનતા કર. એટલે મુક્ત થઈશ, એને મુક્ત જા એમ કહેવામાં આવે છે. ભાઈ! પણ હવે વાંધા ઉઠાવે શબ્દે-શબ્દે. નહિ, જુઓ આમાં કહ્યું છે. કુંદકુંદાચાર્યે એમ કહ્યું છે કે મોક્ષ નહિ થાય અત્યારે? એ તો એણે નથી કહ્યું? બધું કહ્યું છે. અદ્વિતીય રયણા. રત્નત્રય શુદ્ધ કરીને અત્યારે લોકાંતિક દેવમાં ઈન્દ્રપણું પામશે. એણે નથી કહ્યું? એણે નથી કહ્યું કે મોક્ષ જાશે. એ પણ કહ્યું છે. વાત કરે ત્યારે તો ઉત્કૃષ્ટ વાત કરેને. આ કાળમાં પણ ત્રિયરણ શુદ્ધા-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી શુદ્ધ થયેલા, વર્તમાનમાં પણ લોકાંતિક અથવા .. પામશે. એમ કહ્યું નહિ બે હજાર વર્ષ પહેલાં?

મુમુક્ષુ :- .. રત્નત્રય હશે ક્યાં?

ઉત્તર :- નહોતા? ત્રણ રત્નની ત્યાં વાત કરે છે એને રત્નત્રય શુદ્ધા. આ કાળે. છઠ્ઠાની વાત ચાલે છે ત્યાં તો. આ બડા પંડિત હૈ તો ઉસકા માનતે નહીં તો ક્યા કરે? પણ શું કહે છે? અમે પણ શું કહીએ? પણ આ એક વડીલ છે, મોટી ઉંમરના છે અને બધા પાસે રહેલા. વર્ણીજી પાસે કેટલા રહ્યા. એમ કે ધવલ અમે વાંચ્યું છે અને એટલો એમનો અભ્યાસ નથી માટે એ દૃષ્ટિએ એમને ન ખબર પડે. એમ. ઠીક. ઈ એમ કહે છે. કહે છે તો એમ બીજાને માટે. ટોડરમલે ક્યાં... દર્શનમાત્ર છે એમ લખ્યું કે નહિ એમાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં લખ્યું છે કે ભાઈ અમારે તો દર્શનમાત્ર છે. આ પુસ્તકો મુડબિદ્રીના. અને અમે તો એના ભણ્યા

છીએ એમ કહે છે ઈ. આમાં છેને આપણે? મોક્ષમાર્ગપ્રકાશમાં. જુઓ, એ પોતે લખે છે કે અમારે દર્શનમાત્ર છે અને એનો અભ્યાસ થઈ ગયો છે અમારે તો. .. દર્શનમાત્ર છેને. એ શબ્દો છે એના. અહીં લખ્યું છે જુઓ આમાં. 'મુડબિદ્રી નગરમાં શ્રી ધવલ, મહાધવલ, જયધવલ ગ્રંથો તો હાલ છે, પરંતુ તે દર્શનમાત્ર જ છે.' ત્યારે બહાર નહોતા આવ્યાને. પણ એથી શું પણ હવે? શું થયું? અને એમાં કાંઈ બીજી વાત છે? વર્તમાન આ શાસ્ત્રો વર્તે છે એમાં અને આમાં કાંઈ બીજી વાત નથી. એમ કે જુઓ એને દર્શનમાત્ર છે. અમારે તો અભ્યાસ છે અને શાસ્ત્રનું જ્ઞાન અમને છે, એમને નથી. એમ કહ્યું છે. છાપામાં આવ્યું છે. અરે! એની સાથે શું સંબંધ?

મુમુક્ષુ :- પરંપરા મળી છે.

ઉત્તર :- હા, એ એમ કહે છે. પરંપરા અમને મળી છે અને એમને પરંપરા મળી નહોતી. હવે પરંપરા 'આત્મા' એક જ શબ્દ મળ્યો હતો. કુંદકુંદાચાર્ય કહે છે પાંચમી ગાથામાં. સમયસાર. અમારા ગુરુએ અમારા ઉપર અનુગ્રહ કરીને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. પંડિતજી! એક શબ્દ પડા હૈ બસ.

મુમુક્ષુ :- શ્રુતકેવળી...

ઉત્તર :- શ્રુતકેવળી... અને એ શબ્દ. અમારા ગુરુએ આટલું આપ્યું. પાંચમી ગાથા નહિ? અમારા ગુરુએ અમારા ઉપર કૃપા કરીને. આ શબ્દ કીધો લ્યો. હવે એની પાસે બીજું કાંઈ કીધું નથી. અમને ફલાણું કે ઢીંકણું. જુઓ, 'એમના પ્રસાદથી અપાયેલ શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ, તેનાથી જેનો જન્મ છે.' અમારા સમ્યગ્દર્શન-જ્ઞાન વૈભવનો એ ભગવાન અમારા સંતો, ગુરુએ શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. એક જ શબ્દ પડ્યો છે.

મુમુક્ષુ :- તે દિ' તો ધવલ નહોતા.

ઉત્તર :- તે દિ' નહોતા. લ્યો! એથી શું? જુઓ, કહે છેને કે '**અંતર્નિમગ્ન, પરમગુરુ--સર્વજ્ઞદેવ અને અપરગુરુ—ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત, તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ...**' શું બધાથી (અપાયેલ)? કે '**શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' લ્યો! આખા સારમાં સાર સર્વજ્ઞ પરંપરાથી અમને અમારા ગુરુએ એટલું કહ્યું, ભાઈ! શુદ્ધાત્મતત્ત્વ છે. બસ, એમાં આવી ગયું બધું. પર્યાયમાં અશુદ્ધતા છે, નિમિત્તમાં કર્મ છે, પૂર્ણ થયું નથી, વસ્તુ પૂર્ણ છે. એ બધું દ્રવ્ય પૂર્ણ છે, ગુણ પૂર્ણ છે. એટલા એક શબ્દમાં બધું આવી ગયું છે. '**શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' એમ નથી કહ્યું કે અમને વિનય હતો માટે કહ્યું, અમને કૃપા કરીને આવો આપ્યો છે હોં ગુરુએ. આ એનાથી અમારો જન્મ છે. લ્યો! એનાથી અમારો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જન્મ છે. હવે આ શબ્દમાંથી જન્મ કીધો. ત્યાં ક્યાં

હતા ધવલ. અને બીજા પણ ના પાડે છે એ તો. આનાથી એમાં બધું આવી ગયું. બાર અંગ અને ચૌદ પૂર્વ બધું આવી ગયું. આ એક ઉપદેશ ગુરુએ કહ્યો. અમે ઉતર્યા અંદરમાં ફડાક દઈને. એમાંથી અમારા આત્માની દશાની ઉત્પત્તિ છે. એમ તો વાત કરે છે. પાંચ બોલ લીધાને? પાંચ બોલ લઈ લીધા છે.

મુમુક્ષુ :- ગુરુની કૃપા પ્રાપ્ત...

ઉત્તર :- એ કૃપા એનો અર્થ કે અનુગ્રહ એણે કર્યો. કૃપા તો પોતાની થઈ પણ એમ કાંઈ બોલે? અમે વિનયવંત હતા માટે અમને આપ્યું એમ બોલે? ગુરુએ અમને કૃપા કરી છે હોં. એમ કરીને પોતાનો વિનય અને યોગ્યતા બતાવે છે. એ તો શૈલી. આ તો સિદ્ધાંતો છેને એકલા. સમજાણું?

કહે છે, જિનરાજની પેઠે આઠ કર્મને નાશ કર ઈસ મોક્ષકો .. જા-જા ભાઈ! મોક્ષ કર... મોક્ષ કર. એમ જ કહેને. એ તો થોડો બાકી રહી જાય અને ધર્મશાળાની પેઠે જેમ રોકાવું પડે, પચ્ચીસ ગાઉ ચાલવું અને અઢાર ગાવ ચલાણું અને સાત ગાઉ માટે એક ધર્મશાળામાં રહ્યા, સવારે ઉઠીને સાત ગાઉ કાપી નાખશે. એમ જરી કરતાં-કરતાં બાકી રહી ગયો એ સ્વર્ગમાં ધર્મશાળા છે ત્યાંથી નીકળતા પૂરું કરી દેશે. ઓલા ભવે પૂરું. મોક્ષ જ છે હવે સાંભળને. અહીં તો મોક્ષ જવાની જ વાત કરવામાં આવી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોટ : ગાથા ૧૧૯ થી ૧૨૨ પર પ્રવચન ઉપલબ્ધ નથી.**

## જયેષ્ઠ વદ ૧૨, શનિવાર, તા. ૨૬-૦૬-૧૯૬૫
## ગાથા-૧૨૩-૧૨૪, પ્રવચન-૧૫૬

પરમાત્મપ્રકાશ, અધ્યાય બીજો, ૧૨૩ ગાથા. ભાવાર્થથી ફરી. કાલે ઉતર્યું નથીને? કાલે તો હતી નહિ આ વીજળી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેને આવવાનું હોય એ આવે, થવાનું હોય એ થાય. પરની પર્યાય કરે કોણ? **'ભાવાર્થ :- યે ઘર વગૈરહ...'** વસ્તુ છે બાહ્યની પુત્ર, કળત્ર, ઘર આદિ પૈસા લક્ષ્મી.

એ **'શુદ્ધ ચેતનસ્વભાવ અમૂર્તિક નિજ આત્માસે ભિન્ન...'** ભગવાન આત્મા શુદ્ધ ચેતનસ્વભાવ એવો અમૂર્તિક નિજ આત્મા. સ્વભાવવાળો આત્મા એમ. સ્વભાવસ્વરૂપ આત્મા. **'શુદ્ધ ચેતનસ્વભાવ અમૂર્તિક નિજ આત્મા...'** આત્માની વ્યાખ્યા કરી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજ એનાથી ભિન્ન શુભાશુભ કર્મ. એનાથી જુદા અંદર શુભ અને અશુભ કર્મ. **'ઉસકે ઉદયસે ઉત્પન્ન હુએ હૈં,...'** ઘર વગેરે. લ્યો, કર્મના ઉદયથી એ બધી ચીજ પ્રાપ્ત થાય છે. **'ઈસલિયે કર્માધીન હૈં,...'** માથે છેને એ? કર્માધીન છે. સમજાણું? **'कारिमउ...'** ઓલા કૃત્રિમ છે બધા. આ કર્માયતન. કર્મને આધીન છે. ત્યાં કહ્યું છેને? ઓલામાં ભાઈ નથી કહ્યું? તત્ત્વજ્ઞાન તરંગિણીમાં. ભાઈ! તારા સિવાયની બાહ્ય ચીજો અનંત વાર મળી એ અપેક્ષાએ એને સુલભ કહીએ છીએ. અનંત વાર મળી. પણ એક અપેક્ષાએ એને દુર્લભ કહીએ છીએ. કેમકે કર્મને આધીન છે, એ કાંઈ તારા પ્રયત્નને આધીન નથી. સમજાય છે?

શરીરાદિ બાહ્ય પદાર્થ, લક્ષ્મી, દીકરા, દીકરી વગેરે બાહ્ય, એ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ભગવાન **'અમૂર્તિક નિજ આત્માસે ભિન્ન જો...'** શુદ્ધાત્માથી ભિન્ન કર્મને આધીન છે. એમ કહીને એમ કહ્યું કે એ પરાધીન છે. તારા પ્રયત્નથી એ વર્તમાન પ્રાપ્ત થાય એવું નથી. સમજાણું? પછી બે બોલ લીધાને એમાં? એક બાહ્ય ચીજ છે એ અનંત વાર મળી માટે સુલભ, પણ કર્મને આધીન છે અને તારા પ્રયત્નને આધીન નથી માટે દુર્લભ. સુલભ અને દુર્લભ, બસ બે. આત્માનું ધર્મપણું એ દુર્લભ. કેમકે અનંતકાળથી પ્રાપ્ત થયું નથી માટે. પણ આત્માનો ધર્મ સુલભ. કેમકે જેમાં પરની સહાયની જરૂર નથી માટે. તત્ત્વજ્ઞાન તરંગિણી છેને? કોનું? શુભચંદ્ર? ભટ્ટારક. એમાં બે બોલ અરસપરસ લીધા છે. એક અપેક્ષાએ પર ચીજ સુલભ છે. કેમકે અનંત વાર મળી. એક અપેક્ષાએ પર દુર્લભ છે, તારા આધીન નથી, કર્માધીન છે એ ચીજ. કર્મનો ઉદય હોય તે પ્રમાણે એ સામગ્રી મળે. બે વાત. હવે આત્મામાં બે વાત કે આત્માનો ધર્મ એ અનંત કાળે પામ્યો નથી માટે દુર્લભ અને બીજી રીતે કહીએ તો ભગવાન આત્માની પ્રાપ્તિમાં કોઈ વિકલ્પ અને કર્મ આદિ કોઈ ચીજની જરૂર પડતી નથી માટે તે સુલભ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેમાંથી શું સમજવું?

ઉત્તર :- બેય સમજવું. બેમાંથી એક શું? સ્વભાવથી પામવું એ સત્ વસ્તુ છે, સરળ છે, એમાં કોઈ નિમિત્ત મન, વાણી, દેહની બિલકુલ જરૂર નથી. સ્વયંસિદ્ધ કર્તા થઈને પોતાનું કામ અંતરનું કરી શકે છે, એમાં કોઈની મદદની જરૂર નથી માટે તેને સુલભ કહ્યું. અનંતકાળની અપેક્ષાએ બાર ભાવનામાં દુર્લભબોધિ ભાવના કીધી. અપેક્ષાથી સમજવું જોઈએ કે નહિ? અનંતકાળથી એક ક્ષણ પણ એ વસ્તુને સમજ્યો નથી એ અપેક્ષાએ એને દુર્લભ કહ્યું. બેય વાત જેમ છે એમ લક્ષમાં લેવી જોઈએને એણે?

ભગવાન સહજ સ્વરૂપ છે, સરળ સત્ છે, સરળ છે. સર્વત્ર જ્યાં જોવે ત્યાં તું પોતે જ છો. એવા સ્વભાવની અંતરમાં પ્રાપ્તિ કરવી, એ તો સ્વભાવનું સાધન એ તારું છે અને કાર્ય પણ તારું છે એ અપેક્ષાએ એને સુલભ કહ્યું. અનંત કાળમાં એણે વસ્તુની .. કરી નહિ એ અપેક્ષાએ એને દુર્લભ કહે છે. અહીં તો કહે પરચીજ કર્મને આધીન, તારે આધીન નથી. બરાબર હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ. .. શું આધાર હોય? દાખલો આપ્યો છેને ઓલામાં મોક્ષમાર્ગપ્રકાશકમાં ગાંડાનો-પાગલનો. એક પાગલ બેઠો હતો નદી કાંઠે. નદીને કાંઠે જઈને બેઠો પાગલ. મગજ અસ્થિર હશે તો બેઠો. ત્યાં આવ્યો રાજા. ક્યાંક જાતો હશે પાંચ-પચ્ચીસ ગાઉ છેટે. દશ વાગી ગયા. નદીના પાણી.. રાજા આવ્યા, રાણી આવી, હાથી આવ્યા, ઘોડા આવ્યા. ઓહો..હો..! ખૂબ આવ્યા મારા હોં! ઓલો ગાંડો બેઠો-બેઠો (જોવે છે), ખૂબ આવ્યા. જ્યાં બધા ખાઈ-પીને સૂઈ રહ્યા અને ચાર વાગ્યા. ઉઠો, ચાલો. એક પછી એક ચાલવા માંડ્યા તો ઓલો ગાંડો કહે, કેમ આજ્ઞા વિના જાવ છો? ઓલા કહે, પણ અમે ક્યાં તારા માટે આવ્યા હતા? અમે તો અમારે કારણે આવ્યા હતા. અહીં પાણી દેખીને આહાર-પાણી કર્યા, ભોજન કર્યું અને હવે ટાઈમ થયો તો ચાલ્યા જઈએ છીએ. પણ અહીં આવ્યા મારા માટે, હું બેઠો માટે તમે આવ્યા. પણ કુદરતે એ બેઠો અને કુદરતે આવવાનું થયું એમાં એને લઈને શું આવ્યું છે? ત્યાં પૂરી સ્થિતિ થઈ. સૂઈ રહ્યા, નાહ્યા, ધોયા, આ ચાલવા માંડ્યા. ચાલવા કેમ મંડો છો? ગાંડો લાગે છે આ.

એમ આ જ્યાં આવીને ક્યાંક જન્મ્યો, એ પૂર્વના કર્મને લઈને સામગ્રી આવીને ઉભી રહી. એ કર્મ જ્યાં ખસવા માંડ્યું તો એ ચીજો પણ ખસવા માંડી. કેમ જાવ છો? કે તારા માટે કે દિ' અમે આવ્યા હતા? બરાબર છે? ધર્મચંદજી! પાગલ. આ શું કહે છે આચાર્ય? આચાર્ય કહે છે કે પાગલ છો. જ્યાં આવીને તું બેઠો છો ત્યાં ઓલા બીજા એના કારણે (આવ્યા છે). આ શું કહે છે જુઓને. ઘર, મકાન થયું, પૈસા થયા, દાગીના થયા, કપડા થયા, બધું શરીર-બરીર જાડું થયું, સ્થૂળ થયું, જુવાની થઈ. એ બધું કર્મને આધીન છે. પછી શરીર મોળું પડવા મંડ્યું? કેમ મોળું પડે છે? મારું છેને. તારું કે દિ' પણ હતું? એ તો કર્મને લઈને નિમિત્ત છે. કર્મે નિમિત્ત છે હોં! એ તો ઉપાદાન તો એનું છે એ પ્રકારે આવવાનું.

મુમુક્ષુ :- જાય ત્યારે કહે... આવ્યા ત્યારે કહે...

ઉત્તર :- એ આવ્યા ત્યારે ખુશી થાય છે. છોકરો આવે તો ખુશી થાય. કરો આજ લાપસી. ન હોય તો ગોદ લે. જુઓને મફતના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે એ રૂપિયા.. એક કરોડ રૂપિયા નાખી દે નહિ ધર્મમાં. છોકરાને આપીને સમુળગા પાપ બાંધશે. આને મોટા છોકરાને છોકરો નથી, નાનાનો એક ગોદ લીધો. કોણ જાણે ઉપાધિનો પાર ન મળે. ત્યારે ઓલો છોકરો કહે બરાબર મોટો થઈશ. બાપા! ૨૫ લાખ, ૫૦ લાખ વહેંચવા ન દઉં હવે હું. મને શું કરવા ગોદ લીધો? હું તમારો દીકરો બરાબર. મને મરજી પ્રમાણે તમારે વપરાશે, બીજે નહિ વપરાય. કહો. હાથે કરીને ઉપાધિ વહોરે કોણ જાણે. બેઠો છે આ? ... આવ્યો લાગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ તારે કારણે નહિ. એ પરદ્રવ્ય છે. અંદર રજકણો પડ્યા હતા, આ એને કારણે નિમિત્ત થયું, એ ઉપાદાન એને આવવાની યોગ્યતા એનો સંબંધ થઈને કર્મના કારણે આવ્યા એમ કહેવામાં આવે છે. ખરેખર તો કર્મ તો નિમિત્ત છે. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને લાવે એવું પણ નથી. અહીં તો તારે કારણે નથી. એથી ચીજોની સામગ્રીમાં નિમિત્ત કર્મ છે. એ કર્મને કારણે ચીજ આવી છે એમ કહેવામાં આવે છે. બરાબર હશે? ધીરૂભાઈ! આ જુઓ શરીર જાડું, પૈસા-બૈસા બધું છે, એ કર્મને લઈને આવે છે એમ કહે છે. તારે કારણે બિલકુલ નહિ.

'**ઉદયસે ઉત્પન્ન હુએ હૈં, ઈસલિયે કર્માધીન હૈં, ઔર વિનશ્વર હોનેસે...**' એ તો નાશવાન છે પર્યાયે. '**શુદ્ધાત્મદ્રવ્યસે વિપરીત હૈં.**' ભગવાન શુદ્ધસ્વરૂપ ટંકોત્કીર્ણ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ કાયમ રહેનારી (ચીજ છે). દૃષ્ટિએ જોઈએ તો પર્યાય સ્કંધની, સ્કંધોની અવસ્થા પલટે છે. નામ, રૂપનો નાશ થઈને બીજું રૂપ થઈ જાય છે. '**શુદ્ધાત્મદ્રવ્યસે વિપરીત હૈં. શુદ્ધાત્મદ્રવ્ય કિસીકા બનાયા હુઆ નહીં હૈ,...**' ભગવાન વસ્તુ કોણ બનાવે? છે સત્. સત્‌ને કોણ બનાવે? ન હોય તો બને. તો ન હોય તો બને તો પર્યાય બને. કાંઈ દ્રવ્ય બને? વસ્તુ બને? '**શુદ્ધાત્મદ્રવ્ય કિસીકા બનાયા હુઆ નહીં હૈ,...**' એ તો અનાદિ-અનંત ભગવાન શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ અનંત અનંત શાંતરસ અને આનંદનો કંદ અનાદિ-અનંત. '**ઈસલિયે અકૃત્રિમ હૈ,...**' કોઈએ કરાયેલો નહિ. બેની સામસામે વાત કરે છે અને '**અનાદિસિદ્ધ હૈ,...**' ભગવાન તો અનાદિસિદ્ધ છે, અનાદિ સાબિત છે.

'**ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવ હૈ.**' એવોને એવો અદબદનાથ. છેને અહીં? શેત્રુંજયમાં નથી? અદબદનાથ એક આખા ઓરડા પ્રમાણે કોતર્યો છેને મોટો? શું કહે છે એને? અદબદનાથ કહે છે. આખો કમરો છેને મોટો કમરો? એના પ્રમાણમાં એક આખી મૂર્તિ. એમાંથી ખોદી છે. બહારથી લાવીને મૂકે કેટલી? હજારો મણ એમ ને એમ ખોદીને મોટી-મોટી આવડી મોટી છેને?

જોયું છે. દેખા હૈ કિ નહીં? નહીં દેખા હૈ? શેત્રુંજય ઉપર હૈ. છેને, અમે તો પહેલા ઘણા વર્ષથી જોયું છે. એક મોટો કમરો છો એમાં આખો પત્થરનો.. અદબદનાથ કહે છે એને. દેરુ છે. પણ એ પથરો અંદર કોતરીને એમને એમ છે. એમ આ ચૈતન્યપ્રભુ એવો ને એવો કોઈથી કોરાયેલો નથી. એવીને એવી ચીજ અનાદિ-અનંત શુદ્ધ અનંતગુણનો પિંડ પ્રભુ અનાદિ-અનંત છે. અનાદિસિદ્ધ, અનાદિ-આદિ વિનાનો સિદ્ધ છે. ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવ હૈ લ્યો!

**'જો ટાંકીસે ગઢા હુઆ ન હો બિના હી ગઢી પુરુષાકાર અમૂર્તિકમૂર્તિ હૈ.'** લે. ભગવાન! **'બિના હી ગઢી પુરુષાકાર...'** પુરુષને આકારે **'અમૂર્તિકમૂર્તિ હૈ.'** એટલે અમૂર્તિક જેનું સ્વરૂપ છે એમ. અમૂર્તિક પણ વસ્તુ છે કે નહિ? અરૂપ અને અમૂર્ત—વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની, શરીર પ્રમાણે ભગવાન આત્મા ભિન્ન અરૂપી, અમૂર્તિ મૂર્તસ્વરૂપ છે. એટલે કે સ્વરૂપ છે એમ. એનું સ્વરૂપ છે. કાંઈ અસ્વરૂપ છે એમ નથી. અમૂર્તિકમૂર્તિ હૈ-અમૂર્તિક સ્વરૂપ હૈ. આહા..હા..! એવો ભગવાન આખો એને અંતરમાં એનો વિશ્વાસ આવતો નથી. આવો હું એક મહાન પદાર્થ જેમાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. જેના ધ્રુવમાં અનંતી સિદ્ધ પર્યાયો પ્રગટ થઈ એ અંદરમાં બેઠી છે. કહો, સમજાણું?

**'ઐસે આત્મસ્વરૂપસે યે દેહાદિક ભિન્ન હૈં,...'** એ આત્મસ્વરૂપથી દેહ, વાણી, મન બધું, અરે.. રાગાદિ પણ ભિન્ન છે. **'ઐસા સર્વજ્ઞકથિત પરમાગમમેં...'** સર્વજ્ઞે કહેલા પરમ આગમમાં **'પરમજ્ઞાનકે ધારી...'** મહા સમ્યગ્જ્ઞાનને ઉત્કૃષ્ટ ધરનારા **'યોગીશ્વરોંને દેખા હૈ.'** ભાષા એમ કરી છે. અંદર પરમ જ્ઞાનીએ જોયો છે કે આ આત્મા છે. જ્ઞાનની દશાની કળા દ્વારા આ આત્મા અમૂર્તિકસ્વરૂપ શુદ્ધ તત્ત્વ અનાદિ-અનંત એ જ્ઞાનના અંતર નેત્રથી જોયો છે. તેવો પ્રત્યક્ષ અનાદિ-અનંત છે. ભગવાને તો કહ્યો, પણ પરમાગમ કથિત એમ કહ્યુંને? પણ **'પરમાગમમેં પરમજ્ઞાનકે ધારી યોગીશ્વરોંને દેખા હૈ.'** એમ કહીને આવા સંતો પરમાગમમાં કહેલી વાત એ સંતો સમજ્યા અને અંદરમાં આત્માને જોયો. એ સિવાય બીજાના આગમથી કહેલો આત્મા, એ આત્મા સાચો હોઈ શકે નહિ. એમ બે વાત કહે છે. સર્વજ્ઞે કહેલા પરમાગમમાં જે વસ્તુ કીધી એવા પરમજ્ઞાનના ધારી સંતોએ અંતરમાં દેહાદિથી ભિન્ન ભગવાનને ભાળ્યો છે. સમજાણું?

**'યહાં પર પુત્ર, મિત્ર, સ્ત્રી, શરીર આદિ સબકો અનિત્ય જાનકર...'** અધ્રુવ... અધ્રુવ... અધ્રુવ... **'નિત્યાનંદરૂપ નિજ શુદ્ધાત્મ સ્વભાવમેં...'** કાયમી-નિત્ય રહેનારો આનંદસ્વરૂપ એવો નિજ શુદ્ધાત્મ સ્વભાવ એમાં **'ઠહરકર...'** એમાં ઠરીને **'ગૃહાદિક પરદ્રવ્યમેં મમતા નહીં કરના.'** આમ મમતા ન કરે એમ ન બને એમ કહે છે. સ્વભાવ શુદ્ધ દ્રવ્ય-સ્વભાવ દૃષ્ટિમાં લઈ એમાં ઠરીને ગૃહાદિકની મમતા છૂટી જાય છે. એ સિવાય મમતા પરની

છૂટતી નથી. સમજાણું? સંયોગે આવ્યા, ચાલ્યા જાય છે. મફતનો એના માટે રોકાય, રળવા માટે, પૈસા માટે. એ કહે છે, જુઓ એ કહે છેને. ચિંતા... ચિંતા... ચિંતા... બરાબર હશે આ? આ શેની વાત ચાલે છે? શુદ્ધ દ્રવ્ય ચિદાનંદ એનો અંતર વિશ્વાસ કર અને વિશ્વાસ (કરીને) પછી એમાં ઠર. એક જેમ આ... આ... આ... એમ માને છો. એમ આ એક મોટો ભગવાન છે અંદર. આ છે... આ છે... આ છે... આ છે... આ છે... તો આ એક છે. પૂર્ણાનંદથી ભરેલો ભગવાન નિજ શુદ્ધાત્મા અંતર દૃષ્ટિએ એને નિહાળી અને એમાં ઠર. પરવસ્તુ આ છે... આ છે... માટે મારી છે એ મમતા છોડ. સમજાણું કે નહિ? છોકરાનો છોકરો સારો આવે તો અંદર ગલગલિયા થઈ જાય. સારો કહેવો કોને? સારા-નરસા છોકરા હશે, જ્ઞેય સારું-નરસું હશે. એ તો જગતના જ્ઞેય છે. જ્ઞેયમાં અંદર માર્યો છે રજિસ્ટર કે આ સારું અને આ નરસું? રૂપાળા હોય એ પણ ઝેર આપી દે બાપને. મારી નાખે. ખબર નથી? કહેવા કોને સારા-નરસા? એ તો સ્વાર્થના પૂતળા. જ્યાં સુધી એની મમતા પોસાતી હોય ત્યાં સુધી બાપા... બાપા... બાપા... કરે. બાકી ટાણા આવે તો મારી નાખો. જુઓને રાજાના કુંવર રાજાને મારી નાખે છે કે નહિ બાપને? મારી નાખે, ઝેર આપી દે. આ રાજ થઈ ગયું. આ ૬૦-૬૦ વર્ષની ઉંમર થઈ ગઈ. ડોસો તો મરતો પણ નથી ૮૦ વર્ષ થયા તોપણ. હવે રાજ અમારે કરવું કે દિ'? ડોસાને ૮૦ થયા અને ઓલાને ૬૦ થયા. ઓલાને ૬૦-૬૦ વર્ષથી ગાદી.. અને અમારે ૬૦ થયા અને અમારે ગાદી કે દિ' લેવી? ચડાવી દે. ડોક્ટરને કહીને સરખાઈનું ઈંજેક્શન આપી દે. આ પણ બધું બનેલું છે, આ વાત તો બને છેને, બનેલી છેને. એક એની માએ. ધાર્યું ન થયું તો આમ પરણીને આવ્યો મીંઢોળસોતો હોં. મીંઢોળસોતો પરણીને દીકરો. કાંઈક ધ્યાન બહાર થયું તો પરણીને આવ્યો તે દિ' મારી નાખ્યો. પરણીને સમજતે હૈ? શાદી લગન. કાંઈક બોલ્યો એવી ભાષા ગમે તે, એને ઠીક ન પડ્યું એની માને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો છે. એ ક્યાં પ્રશ્ન છે? એ ક્યાં વાત છે. આ તો એનો ભાવ આવો હતો એટલી વાત છે. સમજાણું કાંઈ? એ તો થવાની પર્યાય થવાની છે એ ક્યાં પ્રશ્ન? એ તો નિમિત્ત છે. પણ એના ભાવ હતાને મારી નાખવાના. અહીં દીકરો થઈને મારી નાખ્યો. અહીં એ વાત ચાલે છે અત્યારે. દીકરો આ અને મારી નાખે ઝેર દઈને. દીકરો હતો એકનો એક દીકરો. દશ લાખની મૂડી એની માને, હોં! તો દીકરાને ઠીક ન પડ્યું ઓલી હતી તે ગડબડ હતી મામાં. બધા નામ-ઠામથી અમને ખબર હોયને બધી વાતું! એક પાઈ છોકરાને ન આપી. દશે લાખ ઉડાડી દીધા. સગો એકનો એક દીકરો. એક પાઈ ન દઉં. મારા ધાર્યા બહાર ભાષા કેમ બોલ્યો? એ દુનિયા તો... સગો દીકરો અને સગી મા, બે જણા. કોઈ હતું નહિ. દશ

લાખની મૂડી. એકેય પાઈ ન દીધી. દશ લાખ ઉડાવી દીધા. શેના છોકરા? વાતું. એ તો બધો પ્રેમ હોયને ત્યાં સુધી એવું લાગે હોં! જેચંદભાઈ! મારા દીકરા. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મારો કોને કહેવો પણ હવે?

અહીં તો કહે છે એ છોડ, આ મારા છોડ, મારા અહીં ભગવાન બિરાજે એની સાથે પ્રેમ કર કે આની સાથે પ્રેમ કર? કોની સાથે શું થયું છે તને? એમ કહે છે જુઓને અહીં તો સ્વદ્રવ્યનો સ્વભાવ રુચિ-દૃષ્ટિ કરી... ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલો છે. મારામાં શું ખામી ખજાને છે? કે મારે પરની ઓશિયાળ હોય? હું પૂર્ણાનંદથી ભરેલો, પૂર્ણ શાંતિથી ભરેલો. શાંતિ એટલે ચારિત્ર. આનંદ એટલે સુખ. પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ અનંત-અનંત કર્તા, કર્મ આદિ શક્તિઓનો ભંડાર. એમાં કઈ ખામી છે કે મારે પરમાં જોઈને આશા કરવી? છોડ, કહે છે કે ભગવાન સામું જો. સમજાણું કાંઈ? પરમાત્મસ્વરૂપ તારું પૂર્ણાનંદ. એનો તું વિશ્વાસ લાવ. વિશ્વાસ લાવ. વિશ્વાસ ક્યારે આવે? આ બધા અસ્થિર છે એનો વિશ્વાસ છોડી દે. આ વિશ્વાસ લાવ.

પૂર્ણ પ્રભુ પરમાત્મસ્વરૂપે છે. પરમાત્મપ્રકાશ છેને. પૂર્ણ પરમાત્મા તું પોતે પૂર્ણ છો, ખામી શું છે તારામાં? અને જોવે છે શું? જે જોવે એ અંદર મળે એવું છે. સમજાણું? એની શ્રદ્ધા કર. અહીં તો મમતા છોડવાની વાત છેને. શ્રદ્ધા છોડ, આનો વિશ્વાસ છોડી દે કે એનાથી મને લાભ થશે અને એની મમતા છોડ સ્વરૂપમાં ઠરીને, એમ ગુલાંટ મારી. અહીં ઠરે છે, મમતા છૂટી જાય છે. '**પરદ્રવ્યમેં મમતા નહીં કરના.**' આમ સાધારણની વાત નથી. મમતા છોડીને બહાર.. એમ નહિ. વસ્તુ એક સમયમાં પૂર્ણ પરમાત્મા જ્યાં દૃષ્ટિમાં ભાળ્યો, જ્ઞાને જોયો, અનુભવમાં વેદ્યો. એને કારણે પરવસ્તુ મારી નથી. આ ચીજ મારી ત્રિકાળ છે. એમ કરીને એમાં ઠરતા પરની મમતા કરે છે. એમ કહે છે. એકલી આમ છોડીને, બાયડી-છોકરા છોડી દીધા માટે મમતા છોડી છે એમ છે નહિ. બધું ભર્યું પડ્યું છે અંદર. એક રાગના કણને પણ સાચો, સારો, ઠીક માને છે એના અભિપ્રાયમાં આખો સંસાર તરવા જેવો છે એમ બેઠો છે. અહીં તો કહે છે શું? નિત્યાનંદ સ્વરૂપ ભગવાન નિજ શુદ્ધાત્મ એની અંતર દૃષ્ટિ, એને સ્વજ્ઞેય બનાવી ઠર. મમતા છૂટી જશે.

**'આગે ઘર પરિવારાદિકકી ચિંતાસે મોક્ષ નહીં મિલતી, ઐસા નિશ્ચય કરતે હૈં-**

**૨૫૪) मुक्खु ण पावहि जीव तुहुँ घरु परियणु चिंतंतु।**
**तो वरि चिंतहि तउ जि तउ पावहि मोक्खु महंतु।।१२४।।**

**'હે જીવ, તૂં ઘર, પરિવાર વગૈરહકી ચિંતા કરતા હુઆ મોક્ષ કભી નહીં પા**

સકતા,...' આહા..હા..! આવ્યું નથી અષ્ટપાહુડમાં? ધ્રુવ મોક્ષ તીર્થંકરને છે. નિશ્ચય મોક્ષ ભગવાનને છે, ખબર નથી? ભગવાને જ્યારથી જન્મ થયો ત્યારથી ખબર છે. ત્યારથી શું, પૂર્વથી ખબર છે કે હું તીર્થંકર થવાનો છું, છેલ્લો મારો ભવ તે વખતે મોક્ષ છે. એ જીવ પણ સ્વરૂપમાં ઠરી, ચારિત્રમાં લીન થઈ. મમતા છોડી દે છે. એ પણ ચારિત્ર અંદર ઠરવું અંગીકાર કરે છે. આહા..હા..! છેને એ? ગાથા છેને. ધ્રુવસિદ્ધિ છે એવો પાઠ છે. તીર્થંકરને ચોક્કસ મોક્ષ છે. છતાં એ પોતે સ્વરૂપમાં રમે. અરે! અમારી મુક્તિ આ ભવમાં છે. પણ એમાં ઠર્યા વિના અમને મુક્તિ નહિ મળે. એકલા સમ્યગ્દર્શન અને જ્ઞાનથી અને ત્રણ જ્ઞાન લઈને આવ્યા છીએ એથી અમને મુક્તિ નહિ મળે. આહા..હા..! સમજાણું? એ તો ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન ધ્રુવસિદ્ધિ, ચોક્કસ મુક્તિ. ઈન્દ્રો કહે કે પ્રભુ! તમારી મુક્તિ છેને. અમે પણ એકાવતારી હોં પ્રભુ! અમે આ એક ભવ તરીને મુક્તિએ જવાના. ઈન્દ્રો પણ કહે છે. છેને? ઈન્દ્ર અને ઈન્દ્રાણી પહેલા દેવલોકના. અમારે એક જ દેહ છે મનુષ્યનો. પ્રભુ! તમારે તો આ દેહ ખલાસ.

ભરત જ્યારે રોવે છે. ભગવાનનો મોક્ષ થાય છે જ્યારે. ભરત આવે છે આમ. જોવે છે આમ. આંખમાંથી આંસુની ધારા ચાલી જાય છે. રાગ છેને. ઈન્દ્રો કહે છે, ભરત! ચરમશરીરી છોને. તમને આ ભવે તો કેવળ છે, તમને બીજો દેહ નથી. અમારે તો હજી એક દેહ છે મનુષ્યનો. ઈન્દ્ર! ખ્યાલ છે, ખબર છે. મને ખબર છે ઈન્દ્ર! હું છેલ્લો અવતાર મારો દેહ છે. ભગવાનના વિરહે મને અંદર રાગ આવી જાય છે. મારી અસ્થિરતા આવે છે એ પ્રમાણે ખ્યાલમાં લેવી જોઈએ કે નહિ? મને ખ્યાલ છે કે હું આ ભવમાં કેવળ પામીને મારે દેહ બીજો નથી. ભગવાને કહ્યું છે, મને ખ્યાલ છે. ઈન્દ્રો જાણે છે. અત્યારે મને આ રાગ આવે. ભગવાનનો વિરહ પડી ગયો. અરે! ભરતક્ષેત્રનો સૂર્ય આજે આથમી ગયો. એવો પ્રશસ્ત રાગ ધર્મીને આવે છે. રોવે છે હોં! આ ક્ષાયિક સમકિત છેને? ત્રણ જ્ઞાન છેને? પણ આ રાગ છે ચારિત્ર. આહા..હા..!

અરે પ્રભુ! ભરતક્ષેત્રના સૂર્ય ઉગ્યા હતા. આજે આથમી ગયા. અમે ક્યાં પૂછશું? ક્યાં જાશું? રોવે. ખ્યાલ છે કે અમારી અસ્થિરતા છે, અમને રાગ છે, અમારા સ્વભાવમાં એ રાગ નથી. પૃથક્‌પણે એનું જ્ઞાન છે, છતાં આ સ્થિતિ ઊભી થાય છે. મોક્ષ અમારો આ ભવે. અવતાર નથી. છેલ્લા રજકણોનો આ સંબંધ છે. તોપણ ભક્તિનો પ્રેમ આવે છે એના દોષને સ્વીકારે છે. અમે સ્વરૂપમાં ઠરશું ત્યારે અમને કેવળજ્ઞાન થશે એ વિના. સમજાણું? આહા..હા..! ઓલામાં આવે છેને ભાઈ! બાહુબલીનું આવે છેને આમાં? ઓલામાં બાહુબલીજીનું એવું આવે છે. ભરતચક્રવર્તી. બાહુબલીનું આમ. ભરતચક્રવર્તી પૂજા કરવા આવે છે. તો આમ નજર કરે છે. ઓહો..! મને લાગે છે કે આ ભરતને કાંઈક દુઃખ થયું હશે એને લઈને .. આમ જોવે

છે તો આને કાંઈ નથી. પૂજા કરે છે. ફડાક (કેવળ) થઈ ગયું.

એ શ્વેતાંબરમાં બીજી રીતે આવે જરી. ધ્યાનમાં ઉભા હોય છે ત્યારે બ્રાહ્મી ને સુંદરી બે દીકરીયું છેને. એની પાસે જાય છે. બાર-બાર મહિના ખડા છે અને આમ નથી થાતું. ત્યારે એનામાં એવી વાત. વાત તો આપણે આવે છે. ત્યાં એણે બનાવ્યું છે એ. 'વીરા મોરા ગજ તજી ઉતરો.' ગજ એટલે હાથી. જરીક કષાયનો હાથી છેને માન. 'વીરા મોરા ગજ તજી ઉતરો, ગજ ચડ્યે કેવળ ન હોય, એ ગજ ચઢે કેવળ ન હોય રે.' અરે ભાઈ! આ વિકલ્પના ગજે ચડ્યા બાપા! એ માન જરી ખટકે છે તમને. આ કેવળજ્ઞાન અટક્યું છે. પ્રભુ! સમજાણું? એમ શ્વેતાંબરમાં એવું આવે છે. 'ગજ ચઢે કેવળ ન હોય રે, વીરા મોરા માન ગજ તજી ઉતરો.' માનરૂપી ગજથી નીચે ઉતરી જાવ. આહા..હા..! બ્રાહ્મી અને સુંદરી. .. આહા..હા..! અરે! આ શું? એને જાણ્યું કે ભરતને દુઃખ. ગુલાંટ ખાઈ જાય છે અંદર. ઠીક. ક્ષપક શ્રેણી. શ્રેણીનો અર્થ? ધારાવાહી શુદ્ધ પરિણતિ. ધારાવાહી શુદ્ધ પરિણતિ. સમજાણું કાંઈ?

કહે છે, અરે! છોડ-છોડ આ ઘર વગેરેની ચિંતા. '**મોક્ષ કભી નહીં પા સકતા.**' જ્યાં સુધી એ ચિંતાનો વિકલ્પ રહે છે, તીર્થંકર જેવાને પણ મોક્ષ થતો નથી.

મુમુક્ષુ :- મુક્તિ તો મળેને.

ઉત્તર :- ધૂળેય મળથી નથી. શું મળે? ચિંતાથી મળે? ચિંતા વિકલ્પ છે. એ વિકલ્પથી ચીજ મળે નહિ, એ વિકલ્પથી અહીં લાભ થાય નહિ. સાંભળો. શું કીધું? એ ચિંતાનો વિકલ્પ છે એ વિકલ્પથી ચીજોની પ્રાપ્તિ થતી નથી અને એ વિકલ્પથી અહીં સ્વભાવની શાંતિ મળતી નથી. વચ્ચે દખલ, વિઘ્ન કરનાર છે. એ અહીં વાત કરે છે. ચિંતાથી કાંઈ ચીજ મળતી નથી, ચિંતાથી શાંતિ અહીં મળતી નથી. મફતનો દખલ ઉભી કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'ચિંતા કરતા હુઆ...' જુઓને શબ્દ છેને? 'चिन्तयन्' મોક્ષ કભી નહીં પા સકતા. એ ચિંતાથી તો વર્તમાન શાંતિ રોકાય છે અને એ ચિંતા જગતની કરવા જા તો કાંઈ જગત અનુકૂળતાપણે રહેશે, તારા વિકલ્પ કર્યો માટે જગત અનુકૂળપણે રહેશે એ તારી વાત તદ્દન જૂઠી છે. વિકલ્પ ઉઠાવ્યો માટે આ અનુકૂળ રહેશે અને વિકલ્પ ઉઠાવ્યો માટે અહીં અંદરમાં શાંતિ મળશે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધસ્વરૂપ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ... અહીં પરમાત્મપ્રકાશ છેને. બાપા! એ કુટુંબની ચિંતાથી તને એમ થાય કે એ રોગી હશે, નિર્ધન હશે તો તારા વિકલ્પને લઈને એની વ્યવસ્થા થઈ જશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે કહોને, બોલોને. એને અંદર ગરી ગયું છે એ લાકડું. જયચંદભાઈ! એ આ શું કહે છે? કે વિકલ્પ કર્યે, ચિંતા કર્યે જરી પરમાં વ્યવસ્થામાં ફેર પડે (એ) તારી માન્યતામાં

મૂઢતા. જયચંદભાઈ! એમ કહે છે અહીં ભગવાન. ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં આવ્યું. એ રીતે સંતોએ ઝીલ્યું અને જાણ્યું. એ રીતે વિકલ્પ થયો અને વાણી નીકળી ગઈ. અરે જીવો! કોને માટે કલ્પના? ભગવાન! તારી કલ્પનાથી તે વ્યવસ્થિત પદાર્થ વ્યવસ્થિત રહેશે એમ તું ધારે છો? સમજાણું? એ કલ્પના કરે માટે પ્રકાશને ત્યાં સરખું થાય, ઢીંકણું થાય. હરામ વાત છે એમ કહે છે. એ કલ્પના થાય છે, પણ થાતું નથી એમ કહે છે. પણ પ્રત્યક્ષ છે કે નહિ? ત્યારે થોડી તો થોડી.. શું કરે કીધું ત્યારે? જગતમાં આમ બે પદાર્થ—એક કોર ભગવાન આખો પૂર્ણાનંદ અને એકકોર આ બધી ચીજ બાયડી, છોકરા, કુટુંબ, શરીર, ધૂળ બધું. હવે આ વચમાં ઉભી કરી કલ્પના–અશુભ કલ્પના. તે કલ્પનાને કારણે શરીરની વ્યવસ્થા નિરોગ રહે એ બિલકુલ હરામ વાત છે. એને કારણે દીકરો એને બોલાવે કે આહા..હા.. બેટા! માટે તે એ કલ્પના આવી માટે, એ વાણી આવી માટે એ વ્યવસ્થિત રહે અને એ તારું માને. હરામ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શેની વાત ચાલે છે આ? એની માટે તો... આચાર્ય મહારાજ મુનિ નિર્ગ્રંથ છે, દિગંબર જંગલમાં વસેલા. એણે આ માંડી છે તો મફતમાં માંડી છે આ? આહા..હા..!

અહીં તો કહે છે એ બહારની ચીજોનું કેમ થાશે? એ કલ્પનાથી બહારની ચીજમાં ક્યાંય ફેર પડશે? તને એમ લાગે છે? અને એ કલ્પનાથી તને કાંઈ આત્મામાં અનુકૂળતા થશે એમ લાગે છે? શું છે આ? મફતની નિરર્થક અનર્થ તારી ચિંતા. એ ચિંતાથી અર્થ બાહ્યમાં કાંઈ સિદ્ધ થતું નથી, એ ચિંતાથી અંતરનું પ્રયોજન શાંતિનું સિદ્ધ થતું નથી. એમ કહેવા માગે છે. આ કાંઈ સાધારણ આમ વાત નથી. ભગવાન આત્મા છેને આ તો. એ ચિંતા વિનાનો છેને. એમાં ઠરને. આ શું તે માંડી? કે થોડીઘણી ચિંતાથી તો કાંઈક કાંઈક વ્યવસ્થા તો થાતી હશેને કામ?

જ્યારે અહીંથી તમારે જાવું પડે છે, લ્યો ત્યાં બેને જુદાં થાવું હોય. કરવું પડે છે કે નહિ? હિંમતલાલ! ભાવ કર્યા? ઓલો કહે મારે જુદું થાવું છે, ઓલો કહે મારે આમ કરવું છે. ભાઈ ચાલો. ચિંતા કરીએ મફતની થાવું ત્યાં થાશે અને અહીં દુઃખ નુકસાન થાય છે. ત્યાં પણ પાછા એ માને એવું નથી હોં! એમ જ છે. આ ચોથા નંબરનો છોકરો એનો આવ્યો. આ તો બધાને એમ છે. આ તો દાખલો આપીએ. મલૂકચંદભાઈની એકની ક્યાં વાત છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય માનતો નથી. એ તો એનું માને છે. એને ગોઠે એનું માને. તારું નહિ. મફતનો મૂંઝાઈ ગયો એમ કહે છે. એને જે હા પાડે છે અને ગોઠે છે. એ વાત એને ઠીક

પડે માટે માને છે. તે કીધું માટે ઠીક પડે અને માને છે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આહા..હા..!

કહે છે, ભાઈ! તને એમ થતું હોય કે મેં આવો એક વિકલ્પ કર્યો અને મેં આમ કર્યું તો કાંઈક કામ ઠીક પડ્યું. કામમાં ઠીક વ્યવસ્થા થઈ હોં. નહિતર તો આ માનત નહિ કોઈ હોં. રહેવા દેજે. એ નિરર્થક કલ્પનામાં ભ્રમણા નાખીશ નહિ. એ તો થવાનું હોય ત્યાં થાય એને કારણે. પિતાજી! પિતાજી! એ એની અનુકૂળતાને કારણે એમ બોલે છે. તમને અનુકૂળતા માટે નહિ. એ બોલે અંદરમાં કાંઈ નહિ. બાપુજી! જુઓ અમે કહીએ છીએ એમ કરવું પડશે હોં. કેમ અમૃતલાલ! ખબર છે કે નહિ એને? આ હમણા ગયા હતા ... કરવા. જુઓ આ ચોથો છે. બે રહે છે અમદાવાદ અને બે રહે છે બહાર. એક રહે છે મુંબઈ અને એક રહે છે બહાર રખડવા. આહા..હા..! આ તો દાખલો હોં.

કહે છે, ભાઈ! તે નિર્ણય-નક્કી કર્યું છે કોઈ દિ'? એકકોર ભગવાન આખો આત્મા અને એકકોર આખી ચીજો બધી. હવે એ બધી ચીજ આબરૂ, મકાન, પૈસા કે છોકરા, વહુરું. તારી કલ્પનાથી એમાં કાંઈ થાતું હશે? જરીએ થાતું હશે? કે મેં ધ્યાન રાખ્યુંને એટલે કામ સરેડે ચડી ગયું. સરેડે સમજાણું? ઠીક રસ્તે. ઠીક રસ્તે. અમારી ભાષા કાઠિયાવાડી આમ છે. હરામ વાત હોય તો તારી કલ્પનામાં મિથ્યા ભ્રમણા હતી કહે છે. બરાબર હશે આ? અરે! તને આ ચિંતા પરની વળગી ભૂતડું. એ ભૂતડાથી પરમાં કાંઈ નહિ થાય હોં. અને તને એમાં શાંતિ નહિ મળે હોં. જ્ઞાનીને અસ્થિરતા થાય છે. આ તો અજ્ઞાનીની વાત કરે છે હોં. જ્ઞાનીને જે અસ્થિરતા થાય છે એનું ભાન છે. હું ઠરી શકતો નથી એટલે જરીક આવી જાય છે. એ એને કારણે નહિ. ના. એને કુટુંબને કારણે વિકલ્પ આવતો નથી. સમજાણું કાંઈ? તો કુટુંબ કર્તા થઈ જાય છે અને વિકલ્પ કર્મ થઈ જાય છે. એમ હોઈ શકે નહિ. અજ્ઞાનીને એમ થઈ જાય છે કે હું કલ્પના કરુંને, તો એ કલ્પના કરતા અહીંયા કાંઈક કાર્ય ઠીક થાય એ એનું કાર્ય. હરામ વાત હોય તો કહે છે. આવી વાત બાપુ! આ તો દિગંબર સંતો છે. નાની વાત પણ બહુ એના મૂળરૂપમાં મૂકે છે. ભલે નાની વાત હોય વૈરાગ્યની, પણ એનું મૂળરૂપ અને એની હદ અને મર્યાદા શું? એમ સમજાવા માગે છે. સમજાણું કાંઈ?

'**ઉત્તમ**...' '**वरं**' દેખો. '**ઇસલિયે**...' '**वरं**' '**तपः एव तपः**' દેખો, '**તપકા હી બારંબાર ચિંતવન કર,...**' મુનિપણું આમ. તપ એટલે મુનિપણું હોં. આમ સંયમ. એકાગ્ર-એકાગ્ર. સ્વરૂપમાં એકાગ્ર આમ સંયમની વાત છે. તપ એટલે મુનિપણું. મુનિપણું એટલે સંયમભાવ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એના તરફ સંયમ. સમ્યક્ પ્રકારે યમ... અહીં ચીજ છેને આમાં શું? '**ક્યોંકિ તપ સે હી શ્રેષ્ઠ મોક્ષ સુખકો પા સકેગા.**' એ સંયમદશા મમતારહિત, ચિંતારહિત

તે સંયમદશા. એવા સ્વભાવની દૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં સ્થિરતા એ દ્વારા જ તારી મુક્તિ થશે. એ સિવાય મુક્તિ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન હોય છતાં સ્વરૂપમાં ઠર્યા વિના મુક્તિ થાય એમ નથી. તીર્થંકર નક્કી થઈને જન્મે, તોપણ એને અંતરમાં સ્વરૂપમાં ઠરીશ ત્યારે મને ચાર જ્ઞાન થશે, સ્વરૂપમાં ઠરીશ ત્યારે શુક્લ ધ્યાન થશે. એ વિના બહારના વિકલ્પોના ભટકાવમાં હેરાન છું... હેરાન છું... પુરુષાર્થ નબળો છે. એમ જાણે છે.

**'ભાવાર્થ :- તૂં ગૃહાદિ પરવસ્તુઓંકા ચિંતવન કરતા હુઆ કર્મ-કલંક રહિત...'** જુઓ, કહે છે કે ભાઈ! જે ચીજો પર તારાથી બીજી ગૃહાદિ એમાં છોકરા આવી ગયા હોં. પ્રકાશ આવી ગયો છે. ગૃહાદિ—છોકરા, પૈસા, આબરૂ, છોકરાના છોકરા. મોહનભાઈ! બધું આવતું હશે કે નહિ આમાં? લ્યો આ પૈસાવાળા માણસ. **'ગૃહાદિ પરવસ્તુઓંકો...'** પૈસાવાળા કહેવા કોને? કહે છે. **'ગૃહાદિ...'** આદિ શબ્દ છેને? ઘર, પૈસો, છોકરા, છોકરાના છોકરા, છોડીયું. હવે એકની એક છોડી હોય, બહુ સાચવવી જોઈએ. આ ભણાવે-બણાવે સરખી લ્યો, તો ઠેકાણે પડે. નહિતર ઠેકાણે નહિ પડે. અને અત્યારના લગન કરવા. આ છોકરાઓ ફાટેલ. કાંઈ ભણી હોય. એલ.એલ.બી., બી.એ. થયેલ હોય તો રાખે. નહિતર રાખે? માટે આપણે એને બી.એ. ભણાવો તો રાખે. એ તારી કલ્પના ખોટી છે એમ કહે છે. સાવ ખોટી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છોડીયુંને ભણાવે અત્યારે એ બધું છે. છોકરાને કહેવાય. આદમીને બધું સહન થાય. સમજાણું કાંઈ? અહીં તો દાખલો એને કહેવાયને. ભાઈ ઓલાને આમ કરશુંને, આમ કરશું ને આમ થશે. છોડીયું-બોડીયુંને ભણાવીએ, સરખી કરીએને તો કોક લેશે. એ તારી કલ્પના સોએ સો દોકડા ખોટી છે. સાચી વાત છે?

મુમુક્ષુ :- દુનિયા..

ઉત્તર :- ચાલે છે? આ એ માટે તો કહે છે. એને ઘરનો અનુભવ છેને બધો? એ છોડીયું મોટી થઈ હોય, ક્યાં નાખવી? કેમ કરવું? વિચારના પાર ન મળે. એ જ કહે છે. કે એ વિચાર તું ચિંતા કરીશ માટે ત્યાં વ્યવસ્થા થઈ જશે? તું નક્કી કર, વસ્તુનો સ્વભાવ શું છે? સમજાણું કાંઈ? રાજમલજી! ક્યા હૈ? આપણે ભાઈ ધ્યાન રાખીને ચાલવું. મોટી છોડી થઈ હોય તો એના મા એવી ખાનગી કહે. આ અગ્નિના .. રાખ્યા છે ઘરે આ. ઝટ કરો અને એ ઓલી કહેતી હોય અને આને સરખાઈનું મળતું ન હોય. એ બળતરા. ખાનગી કહે, આ સાંઢડા જેવી થઈ ભાન નથી તમને? બહાર તમને કોણ કહે? સખે ઉંઘ કેમ તમને આવે છે? ઓલો તો કહે, બધું ઘણું કરું છું પણ ક્યાંય મળતું નથી. ધક્કા ખાઈ ખાઈને આંટા મારીએ, ખાનગી કાંઈક કહીએ પણ ક્યાંય મળતું નથી. હવે મફતની હેરાનગતિ. એ તો થવાનું હો ત્યારે

થાય. એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિને એ કલ્પના એને કારણે નથી આવતી. નબળાઈને કારણે આવે એ પોતાને કારણે નથી, પરને કારણે નથી. છોડ. છૂટી જાય છે. સમજાણું કાંઈ? અહીં તો ઓલો એમાં વળગી ગયો ચોંટ્યો. એક .. એની વાત કરી છે ભાઈ!

એ ચિંતા ચિંતવન કરતા કર્મકલંકરહિત ભગવાન '**કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત...**' લ્યો! છે? ૧૨૪. સમજાણું? ૧૨૪ છેને? હા, છે અંદર જુઓ. '**केवलज्ञानाद्यनन्तगुणसहितं**' સંસ્કૃત છે. કેવો છે ભગવાન આત્મા? '**કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત મોક્ષકો નહીં પાવેગા,...**' જો આ ચિંતામાં પડ્યો તો કેવળજ્ઞાનાદિ જે મોક્ષસ્વરૂપ '**અનંતગુણ સહિત મોક્ષકો નહીં પાવેગા, ઔર મોક્ષકા માર્ગ જો નિશ્ચયવ્યવહારરત્નત્રય ઉસકો ભી નહીં પાવેગા.**' બેય વાત છે. એવી કલ્પનાથી પૂર્ણ કેવળજ્ઞાનાદિ દશા પૂર્ણ શુદ્ધ તો નહિ મળે, પણ એ ચિંતામાં એકાકાર થઈને નિશ્ચય વ્યવહારરત્નત્રય પણ નહિ મળે. જુઓ, સમજાણું? '**મોક્ષકા માર્ગ જો નિશ્ચયવ્યવહારરત્નત્રય...**' નિશ્ચય એ સત્ય મોક્ષમાર્ગ છે, વ્યવહાર એ નિમિત્ત મોક્ષમાર્ગ છે. નિમિત્ત પણ એવા, એવા જ વિકલ્પો એને હોય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતનો વિકલ્પ અને ભગવાનનું કહેલું જે બાર અંગનું જ્ઞાન. યોગ્ય એની ભૂમિકાને યોગ્ય વિકલ્પ હોય છે. એથી એને વ્યવહારરત્નત્રય કહ્યું છે.

'**નિશ્ચયવ્યવહારરત્નત્રય ઉસકો ભી નહીં પાવેગા.**' લ્યો! અહીં તો કહે છે, સમ્યગ્દર્શન નહિ પામ, જો એવી ચિંતામાં આમ ને આમ પડીશ તો. એ ચિંતામાં એકાકાર થઈને આને આમ સુધારી દઉં, આને આમ કરી દઉં એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એમ કહે છે કે તારી કલ્પનાને લઈને બહારમાં કાંઈ ફેરફાર થાય એ તારી માન્યતા મિથ્યાત્વ છે. એથી તું સમ્યગ્દર્શન નહિ પામ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, બરાબર હશે આ? ભગવાનભાઈ! આ જૂના માણસ છે ભાઈ! બધી કલ્પનાની જાળ. એ કલ્પનાની જાળમાં એવું જોર દે કે આથી આમ થાશે. મિથ્યા સમકિત નહિ પામ. એમ કહે છે. સમ્યગ્દર્શન મોક્ષમાર્ગને નહિ પામી શકે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! જ્યાં બેઠા હોય ત્યાં કાંઈક સુધારવું તો જોઈએને. જ્યાં નીચે બેસીએ તો માથે બાવા-બાવા કાઢે છે. બાવા શું કહે છે? આ મકાનમાં હોયને જાળ-જાળ. તો નીચે વાળે, ઉપર વાળે. કાંઈક બેસવું હોય તો ઉપર-નીચે સરખું તો કરવું પડે કે નહિ? એમ જે ઘરમાં રહેવું એનું કાંઈક સરખું કરવું પડે કે નહિ? નહિ? કહે છે કે સમ્યગ્દર્શન નહિ પામ. એકલી કલ્પનામાં એમ માની બેસ કે મારી આવી કલ્પનાથી આમ થાશે. મરી જઈશ મિથ્યાત્વમાં. આહા..હા..! કહો, સમજમેં આતા હૈ કિ નહીં?

જુઓ, '**નિશ્ચયવ્યવહારરત્નત્રય ઉસકો નહીં પાવેગા.**' લે! એનો અર્થ એ કે એવી કલ્પનામાં તું જોર દે કે આ ચિંતા આવીને બરાબર મેં ધ્યાન, બરાબર મેં વિચાર્યું છે હોં

કે આ છોડીને અહીં નાખવી, આ છોકરાને આમ ભણાવવો, આને પહેલું આમ કરવું, આ ઘર આટલું ઉંચું કરવું, આ પૈસા અહીં નાખવા, આ પૈસાનું વ્યાજ અહીં ઉપજાવવું. ઘણા પૈસા થયા, આટલા પૈસા અહીં માલમાં નાખવા અને આટલા પૈસા વ્યાજમાં ઉપજાવવા. એવી કલ્પનામાં તારી માન્યતા ભ્રમણા છે. ધર્મચંદજી! ક્યા કરે?

મુમુક્ષુ :- રૂપિયાનું વ્યાજ ન ઉપજાવવું?

ઉત્તર :- કોણ ઉપજાવતો હતો? તારો વિકલ્પ આવ્યો એટલે ત્યાં વ્યાજ ઉપજશે ટકાનું કે બાર આનાનું? એ વાત સાચી છે? એય..!

**'મોક્ષકા માર્ગ જો નિશ્ચયવ્યવહારત્નત્રય ઉસકો નહીં પાવેગા.'** વ્યવહાર પણ નહિ પામ. દેવ-ગુરુ-શાસ્ત્ર જે વાત કરે છે, કે તારી કલ્પનાથી કાંઈ ન થાય, એની શ્રદ્ધા પણ તને નહિ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ ભગવાનની વાણી, આગમ ભગવાન અને ગુરુ. તને એમ કહે છે કે તારી કલ્પનાથી પરમાં કાંઈ ન થાય. જો એ કલ્પનાથી થાય એમ માનીશ તો તને વ્યવહાર શ્રદ્ધા પણ સાચી નહિ થાય. રાજમલજી!

મુમુક્ષુ :- કલ્પના તો આવે અને જાય છે...

ઉત્તર :- પણ કલ્પના આવે એમાં ઉંધું જોર કેટલું છે? એમ કહે છે. આ શેની વાત છે આ? આમ કરીએ તો ભાઈ! એમ કાંઈ એમ ને એમ કાંઈ ઘરમાં બેસી રહેવાય? જીવતો જીવ છે એ ચિંતા કર્યા વિના રહે? એટલે ચિંતા કરીએ તો કાંઈક કામ ચાલે. એમ ને એમ ચાલતા હશે? કાંઈ બોલવું નહિ, કોઈને કાંઈ કહેવું નહિ, ઠપકો દેવો નહિ અને સુધરી જતા હશે. એમ મૂઢ માને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માર્યા. .. કોણ રાખતું હતું? એ માણસ એમ કહે કે આપણે થોડીક સત્તા રાખવી ઘરમાં. નહિતર આ ગણે નહિ બાયડ્યું-છોકરા કોઈ નહિ ગણે. એટલે આપણે કાંઈક કડકાઈ રાખવી. એ કડકાઈને કારણે માનશે. મૂઢ છો? તને વ્યવહાર શ્રદ્ધાની ખબર નથી એમ કહે છે અહીં. સમજાણું કે નહિ? આ તો આચાર્યોના કથનની અંદર મર્મ છે ભાઈ! તને કલ્પનામાં આટલું બધું જોર આવી જાય છે તને? નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ નહિ પામ. મોક્ષ તો ક્યાંથી છે? ઢીલો પાડી જા, ઢીલો પાડી જા. વિકલ્પમાં જોર ન દે. તારાથી અહીં થાશે. આમ કર્યું તો અને પાછા એમ કહેને. કાંઈક ભાઈ ઠીક હોય, ખાવા-પીવાનું ઠીક હોય, સાધન કાંઈક ઠીક હોય, છોકરા કાંઈક રળતા હોય તો નિશ્ચિંત થઈને ધર્મ થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ જ કહે છે મૂઢ છો. માળા! આ શું માંડ્યું છે તે? કાંઈક છોકરા રળતા

હોય, કાંઈ છોડીયું ઠેકાણે પડી હોય, મકાન-દુકાન ચાલતી હોય અને આપણે દુકાને અમે બેસતા હોય અને જે રળતો હોય એ પ્રમાણે ચાલતું હોય તો આપણને નિરાંતે ધર્મ થાય. કોણે કીધું તને આવું? એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દુનિયા પાગલ છે બધી. જયચંદભાઈ! પહેલું મોળું હતું.

ભગવાન આચાર્ય કહે છે. ઓહો..હો..! 'न केवलं मोक्षं निश्चयव्यवहाररत्नत्रयात्मकं मोक्षमार्गं च जीव' પણ આ નહિ. 'मोक्षं ण पावहि न प्राप्नोति' હા એમાંથી બીજું કાઢ્યું. પાઠમાં તો એટલું છે. 'मुक्खु ण पावहि जीव तुहुँ घरु परियणु चिंतंतु।' પછી એમાંથી માર્ગ કાઢ્યો ટીકાકારે. 'तो वरि चिंतहि तउ जि तउ पावहि मोक्खु महंतु।।' આહા..હા..! સમજાણું? જુઓ, પાઠમાં તો એટલું છે, પણ એમાંથી કાઢ્યું આ. શબ્દો તો થોડા હોય. મૂળ શબ્દો બહુ થોડા હોય છે. એમાં ભાવ શું છે એ ટેકા કરીને સ્પષ્ટ કરે. આમ નથી કહેતા લોકો? તું મારી ટીકા કરે છો એમ. મારી વાત લાંબી શું કરે છે એમ. એ પાઠમાં છે એની ટીકા છે, આ બધું એનું સ્પષ્ટીકરણ છે. આમાં આ છે. સમજાણું કાંઈ? આ સાધુ નામ ધરાવે, શ્રાવક નામ ધરાવે, પછી પીંછીયુંની ચિંતા કરે, પુસ્તકની ચિંતા કરે, પાઠશાળા, મફતની જાશે તારી ચિંતા. મફતનો શેનો મંડ્યો છો કહે છે. કાંઈ ચિંતા કરીશ તો પાછળ સરખું ચાલે, પુસ્તક સરખા રહે-એમ હશે? શ્રદ્ધા નહિ પણ સાચી. મારા આ ક્યાં ઉંધે રવાડે ચડી ગયો છો? રવાડે સમજાણું? ઉંધા રવાડે એટલે ઉંધે રસ્તે, ઉંધે પંથે, ઉંધી રીતે. કહો, સમજાણું? ભાઈ! ધ્યાન રાખવું પડે. એમ કાંઈ બગડી જાય .. એમ ને એમ. ..વાત છે. તારી કલ્પનાથી ધ્યાન રાખે બધા સરખા થતા હશે? શ્રદ્ધા મિથ્યાત્વ તારી થાય છે, વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા તારા નહિ રહે. નિશ્ચય અને વ્યવહાર એકેય સમકિતને પામીશ નહિ.

'**ઈન ગૃહાદિકે ચિંતવનસે ભવ-વનમેં ભ્રમણ કરેગા.**' લ્યો! મોક્ષમાર્ગ તો નહિ મળે. એટલે બંધમાર્ગ મિથ્યાત્વમાં ગયો છો. એ ચિંતા કરશે તો આમ થાશે, ફલાણું કરશે તો આમ થાશે. એમ રહે કે નહિ? ધીરુભાઈ! એને દીકરો નથી તોપણ ઘણી ચિંતા છે. છોકરીને બધાને ઘણી. કોને કહેવા દીકરા અને કોને કહેવી દીકરીયું? મફતનો લઈને બેઠો છે. છે કોઈ દીકરી-દીકરો? નામ રજિસ્ટર છે? આત્માને દીકરા હોય? આત્માને દીકરી હશે? આત્મા દીકરાનો બાપ હશે? શેની માંડી તે આ?

મુમુક્ષુ :- આત્મા...

ઉત્તર :- મૂઢ કે દિ' હતો આત્મા? આત્મા તો આત્મા છે. મૂઢ શરીર તો આ જડ છે, માટી છે. એને હોય? જડને હોય?

મુમુક્ષુ :- ઘરનું ..

ઉત્તર :- માટે કહે છેને. મોહ એટલે? એની એકત્વબુદ્ધિ છોડ એમ. એની માન્યતા મિથ્યા છોડી દે કે આમ કરું તો આમ થાશે અને આમ કરું તો આમ થાશે. તારી માન્યતામાં મોટા શલ્ય છે. મિથ્યાદર્શન શલ્ય પડ્યા છે એમ કહે છે અહીં. માન્યતા તો છોડ. થાવું હોય એ થાશે એને કારણે. શું મારાથી થાશે કાંઈ? ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ પરમાત્મા, એણે જ્ઞાનમાં જાણ્યું કે જે જગતની ચીજ એને કારણે વ્યવસ્થા થાય. વ્યવસ્થા એટલે અવસ્થા, પદાર્થની અવસ્થા વિશેષ થવી તે વ્યવસ્થા. પદાર્થની સામાન્યપણે રહીને વિશેષ અવસ્થા થવી તે તેની વ્યવસ્થા. એ વ્યવસ્થા તારે લઈને થાય એ માન્યતા મોટી ભ્રમણા છે. ધર્મચંદજી! શું કરવું હવે? અમારે કાંઈ ચાલે નહિ હવે. મોટું સારું કુટુંબ હોય, દીકરીયું હોય, દીકરા હોય મોટા થાય તો કંઈક ચિંતા પડે લ્યો. આહા..હા..! એલા! હળવો તો થઈ જા કહે છે અહીં. છોડ ચિંતા એની. થાવું હશે તે થશે. ભવિતવ્યની વાત આવે છેને.

**'ઈસલિયે ઈનકા ચિંતવન તો મત કર, લેકિન બારહ પ્રકારકે તપકા ચિંતવન કર.'** એમ સંયમનો. સંયમ મુનિપણું ઓહો..! અલૌકિક ભગવાન આત્મા. એમાં ઠરવાની ભાવના કર. એમાં ઠરવા. એ તારા પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. એ પ્રાપ્ત ન થાય એમ છે નહિ. **'ઈસીસે મોક્ષ પાયેગા. વહ મોક્ષ તીર્થંકર પરમદેવાધિદેવ મહાપુરુષોંસે આશ્રિત હૈ,...'** દેખો. એ તો આવો મોક્ષ તો, છે? **'तीर्थंकरपरमदेवादिमहापुरुषैराश्रितत्वान्महान्तमिति'** મોક્ષ તો મહા ચીજ છે, તીર્થંકરો જેનો આશ્રય કરે છે. ઓહો..હો..! ચૌદ બ્રહ્માંડ, ચૌદ લોકને એક સમયમાં જાણે. અવધિજ્ઞાની એવા ઈન્દ્રો પણ જેને પૂજે. એવા ભગવાન પણ સંયમનો આશ્રય કરે છે. સમજાણું? મોક્ષ-મોક્ષ. **'મોક્ષ તીર્થંકર પરમેદેવાધિદેવ...'** જુઓ, ત્રણ લોકના નાથ દેવાધિદેવ. જેના ચરણ સો ઈન્દ્રો આવીને પૂજે. એવા ભગવાન પણ મોક્ષનો આશ્રય કરે છે. **'ઈસલિયે સબસે ઉત્કૃષ્ટ હૈ.'** માટે મોક્ષ બધાથી ઉત્કૃષ્ટ છે. **'મોક્ષકે સમાન અન્ય પદાર્થ નહીં.'** કોઈ પદાર્થ નથી. મોક્ષ સિવાય કોઈ ઉંચો પદાર્થ જગતમાં છે નહિ. મોક્ષનો જેણે પરમ આદર કર્યો, એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જઈ સ્વભાવને એકાગ્ર થવાની જ ભાવના હોય. વિકલ્પ આવે પણ એની ભાવના હોય નહિ અને વિકલ્પથી અહીં થશે લાભ, અહીં થશે લાભ એ દૃષ્ટિ હોઈ શકે નહિ. અદ્ધરથી એક આવીને ઉડી જાય છે. અને અજ્ઞાનીને એ ત્યાંને ત્યાં ચોંટી જાય છે. એમાં ને એમાં ચોંટી જાય. આમ થાશે અને આમ થાશે ને આમ થાશે. અને તેથી કાંઈ અનુકૂળ થશે તો મને પણ ઠીક પડશે. બેય બાજુ ગોટા ઉઠાવે છે. એ દૃષ્ટિ છોડ અને આત્માના જ્ઞાનસ્વરૂપનું ચિંતવન કર. એ વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૧૩, રવિવાર, તા. ૨૭-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૨૪ થી ૧૨૬, પ્રવચન-૧૫૭**

પરમાત્મપ્રકાશ, બીજા અધ્યાયની ૧૨૪ ગાથાનું છેલ્લું. શું કહે છે? મોક્ષની વાત ચાલે છે. મોક્ષ એટલે આત્માની પૂર્ણ આનંદ અને જ્ઞાનની દશા. '**તીર્થંકર પરમદેવાધિદેવ મહાપુરુષોંસે આશ્રિત હૈ,...**' મહા ત્રિલોકના નાથ પરમાત્માએ પણ મોક્ષની ભાવના (ભાવી છે), જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી એની ભાવના હોય છે એને. મહાપુરુષોને પણ મોક્ષનો આશ્રય છે એમ કહે છે. '**ઈસલિયે સબસે ઉત્કૃષ્ટ હૈ.**' મોક્ષ જ આ જગતમાં પ્રગટ કરવાની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. પ્રગટ કરવાની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. '**મહાપુરુષોંસે આશ્રિત હૈ, ઈસલિયે સબસે ઉત્કૃષ્ટ હૈ.**' કેમકે તીર્થંકરોને પણ પરમાત્મ પૂર્ણ દશા જ જેનું ધ્યેય છે પ્રગટ કરવાનું, તેથી તે મોક્ષ પરમ ઉત્કૃષ્ટ-સબસે ઉત્કૃષ્ટ છે. આમ તો પ્રગટ કરવાની અપેક્ષાએ વાત છે. દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તો દ્રવ્યસ્વભાવ જ આદરણીય છે. સર્વોત્કૃષ્ટ એ તો દ્રવ્યસ્વભાવ એકરૂપ ભગવાન આત્મા કારણપરમાત્મા એ જ સર્વોત્કૃષ્ટ વસ્તુ છે. પણ અહીં તો મોક્ષની વાત ચાલે છેને. મોક્ષ પદાર્થ—નિર્મળ પૂર્ણ દશા (એનો) મહાપુરુષોએ આશ્રય કર્યો છે. અને તેથી સર્વથી ઉત્કૃષ્ટ કહેવામાં આવે છે.

'**મોક્ષકે સમાન અન્ય પદર્થ નહીં.**' પ્રગટ કરવાની પૂર્ણ દશા મોક્ષ એ સિવાય અન્ય પદાર્થ કોઈ ઉત્કૃષ્ટ છે નહિ. '**યહાં પરદ્રવ્યકી ઈચ્છાકો રોકકર...**' પોતાનો દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ પોતાનો નિજસ્વભાવ એનો આશ્રય લઈને, પરદ્રવ્યની ઈચ્છાને રોકીને. નાસ્તિથી વાત કરી છે પહેલી. પરદ્રવ્ય તરફની ઈચ્છા રોકીને. એનો અર્થ એ કે સ્વદ્રવ્ય તરફના ધ્યેયમાં અટકીને. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ જ્ઞાન, દર્શન અને આનંદ એવો એનો એકરૂપ સ્વભાવ (છે) એમાં ધ્યેય એને કરીને '**પરદ્રવ્યકી ઈચ્છાકો રોકકર વીતરાગ પરમ આનંદરૂપ જો પરમાત્મસ્વરૂપ...**' જુઓ, આ તત્ત્વ. વીતરાગ પરમાનંદ સ્વરૂપ અથવા પરમ આનંદરૂપ પરમાત્મસ્વરૂપ '**ઉસકે ધ્યાનમેં ઠહરકર...**' એ વસ્તુનું સ્વરૂપ, પરિપૂર્ણ સ્વભાવ એમાં ધ્યાનમાં ઠરીને '**ઘર પરિવારાદિકકા મમત્વ છોડ,...**' એ છૂટશે એ રીતે, બીજી રીતે છૂટશે નહિ. ભગવાન પરમ વીતરાગસ્વરૂપ, પરમાનંદસ્વરૂપ, નિજસ્વરૂપ, અખંડસ્વરૂપ એના ધ્યેય એટલે એના ધ્યાને, એનું ધ્યેય કર્યું એટલે ધ્યાન થયું એમાં, એ દ્વારા ઘર પરિવારાદિની મમતા છોડ.

'**એક કેવલ નિજસ્વરૂપકી ભાવના કરના, યહ તાત્પર્ય હૈ.**' ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ અંતર્મુખ સ્વભાવ એકરૂપ એ જ આશ્રય કરવાલાયક છે, એની ભાવના કરવાલાયક છે, એટલે કે એમાં એકાગ્રતા થવાલાયક છે. કહો, સમજાણું આમાં? '**આત્મ-ભાવનાકે સિવાય અન્ય કુછ ભી કરને યોગ્ય નહીં હૈ.**' ભગવાન આત્મા જેમાં પૂર્ણ ખાણ પડી છે અનંત જ્ઞાન, આનંદની એની ભાવના સિવાય એટલે એમાં એકાગ્રતા સિવાય '**અન્ય કુછ ભી કરને યોગ્ય નહીં હૈ.**' ઓહો..હો..! બહુ ટૂંકી વાત!

'**આગે જીવહિંસાકા દોષ દિખલાતે હૈં—**' ૧૨૫.

**૨૫૫) मारिवि जीवहँ लक्खडा जं जिय पाउ करीसि।**
**पुत्त-कलत्तहँ कारणइँ तं तुहुँ एक्कु सहीसि।।१२५।।**

'**લાખોં જીવોંકો મારકર...**' લ્યો, એક બાજુ કહે કે કોઈ જીવને મારી શકે નહિ અને અહીં કહે લાખો જીવોને મારે. બીજાને મારે (કે) જીવાડી શકે નહિ ત્રણ કાળમાં. અહીં કહે કે જીવને મારીને. એનો અર્થ એના ભાવ હતાને જીવને મારવાના? મરે, ન મરે એ કાંઈ એના ભાવને આધીન નથી. મારી નાખવાના ભાવને આધીન એ સામી ચીજ નથી. પણ ભાવમાં એને મારી નાખું એવા જે ઉગ્ર ભાવ એને નિમિત્ત ગણીને એણે મારી નાખ્યા એમ કહેવામાં આવે છે. ઓહો..હો..! ક્યાંની ક્યાં વાત! એક કોર ભગવાન આત્મા પર જીવના મૃત્યુ અને જીવનમાં કારણ નથી. બીજી રીતે તો ભગવાન આત્મા સ્વભાવદૃષ્ટિએ સ્વભાવ અને સ્વભાવની દૃષ્ટિવાનને રાગનું પણ કારણ એ નથી. સમજાણું કાંઈ?

પરને મારવાના કારણરૂપે તો આત્મામાં ભાવ છે જ નહિ. અજ્ઞાનભાવમાં પણ પરને મારી શકે એવું કારણપણું એનામાં પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? શું કીધું? પર જીવને મારે એવી પર્યાય ત્યાં થાય-મરે એનું કારણપણું પર્યાયમાં, પર્યાયધર્મમાં પણ નથી. પર્યાયમાં રાગ-દ્વેષને કરે એનું અજ્ઞાન કારણ થાય. અને જ્યારે પર મરે ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે. આ વસ્તુની મર્યાદા. પરને મારવાનું કારણ તો રાગ પણ નથી. કારણ કે એ તો એના પર્યાયને કાળે એની પર્યાય પૂરી થાય ત્યારે રાગ-મારનારના પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી વાતું સમજવા જેવી છે. એ જ વાત કહેવાય છે જુઓને અહીં. મારીને હજી તો ભુક્કો કહેશે બીજી ગાથામાં તો. '**मारिवि चूरिवि जीवडा**' શું કથન કઈ નયનું છે એને સમજવું જોઈએને.

અહીં તો એ પાપના પરિણામ મારવાના કરે છે એ પાપના પરિણામથી તને તો દુઃખ થાય છે, ભાઈ! એ પાપના ભાવ છોડ. એ અહીંયા ઉપદેશની પદ્ધતિમાં આવ્યું છે. બાકી

ધર્મી જીવ એટલે કે વસ્તુનો સ્વભાવ અને એની દૃષ્ટિવંત બેય, પરના મરણના કારણરૂપે પણ નથી અને એના મરણમાં રાગનું નિમિત્ત થાય એ રાગના કારણરૂપે પણ નથી. સમજાણું કાંઈ? એ તો નિર્મળ પર્યાય એના કારણરૂપે તો દ્રવ્ય છે કે જ્યાં અંતર ધ્યેય દૃષ્ટિ પડી છે. એને સ્વભાવ એવો છે ઈ. ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય એટલે એકરૂપ સ્વભાવ ઉપર હોવાથી વસ્તુનો સ્વભાવ રાગનું કારણ નથી, તો ધર્મીની દૃષ્ટિ પણ રાગના કારણરૂપે હોઈ શકતી નથી. ઓહો..! સમજાણું કાંઈ? હવે એટલી વાત એમાં આ વાત ભેગી સમજવી જોઈએને, કઈ નયની અપેક્ષા છે. ભાઈ, આ પણ સાચું અને ઓલું પણ સાચું. બે સાચું શી રીતે થાય? બીજા જીવને જીવાડવાનું માને એ મિથ્યાદૃષ્ટિ 'આત્મહનો ભવંતિ' એમ કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય. બીજા જીવને મારી શકું છું, જીવાડી શકું છું એ માન્યતા આત્માને ઘાત કરનારી મિથ્યાત્વની માન્યતા છે. સમજાણું કાંઈ?

અને બીજી રીતે વસ્તુનો સ્વભાવ અકાર્યકારણથી ભરેલો સ્વભાવ પૂર્ણ છે. એવો ભગવાન આત્મા રાગને કારણ થાય એવો એનામાં સ્વભાવ જ નથી અને રાગથી આત્મામાં મોક્ષના માર્ગની પર્યાય થાય અને રાગ કારણ થાય એવો આત્મામાં સ્વભાવ નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ રાગના કારણરૂપે નથી અને રાગને કારણ બનાવીને નિર્મળ પર્યાય થાય એવા કાર્યરૂપે પણ એ નથી. ઓહો..હો..! કહો, શશીભાઈ! હવે અહીંયાં આ વાત. ભાઈ! કઈ નયનું કથન છે, કઈ અપેક્ષા છે એ ન જાણે. આ પણ સાચું, મારી શકે એ પણ સાચું અને ન મારી શકે એ પણ સાચું. તો એમાં નિર્ધાર શું આવ્યો? એ અનેકાંતનું આવું રૂપ હશે?

મુમુક્ષુ :- ભગવાને બે નય માનવાનું કીધું છે.

ઉત્તર :- બે નય કીધુંને. આવી એક નય છે કે જેમાં રાગ થાય છે અને રાગનું લક્ષ પરમાં જાય છે એવો એક વ્યવહારનય છે. એને જાણવાલાયક છે. અજ્ઞાનીને તો એના ઉપર જ દૃષ્ટિ છે વિકાર ઉપર. એની અહીં તો અત્યારે વાત ચાલે છે. વિકાર ઉપર જ દૃષ્ટિ છે એથી પરને મારે છે એમ ઉપચારથી કથન કરવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**લાખોં જીવોંકો મારકર હે જીવ, જો તૂ પાપ કરતા હૈ,...**' લ્યો '**પુત્ર, સ્રી વગૈરહકે કારણ...**' નિમિત્ત, એ નિમિત્ત. પુત્ર, સ્રી વગેરેને કારણે. જુઓ એને નિમિત્ત કારણ (કહ્યું). કારણ કે એનું લક્ષ અજ્ઞાનીનું પરમાં છે, વિકાર કરવામાં છે અને વિકાર કરવામાં પછી નિમિત્ત કારણ સામાને બનાવે છે કે ભાઈ આ દીકરા, બાયડી, કુટુંબ માટે કરીએ, શું કરીએ?

મુમુક્ષુ :- પનારે પડ્યા છે.

ઉત્તર :- પનારે એમ કે શું કરીએ ભાઈ! સંસારમાં પડ્યા, આ બધું કરવું પડે. એમ અજ્ઞાની માને છે. એની દૃષ્ટિએ અહીં કથન કર્યું છે.

એને '**કારણ ઉસકે ફલકો તૂ અકેલા સહેગા.**' કરીશ તું એને કારણે અને ફળ તારે એકલાને સહન કરવું પડશે. કહો, બરાબર છે?

'**ભાવાર્થ :- હે જીવ, તૂ પુત્રાદિ કુટુંબકે લિયે...**' જુઓ, એમ છેને. પાઠ છે ખરોને એટલે નિમિત્તથી ત્યાં વાત કરી છે. અને સંસ્કૃતમાં પણ એમ પડ્યું છે અંદરમાં જુઓ, '**पुत्रकलत्रममत्वनिमित्तोत्पन्न**' એમ સંસ્કૃત ઓલી કોર છે. '**पुत्रकलत्रममत्वनिमित्तोत्पन्न-दृष्टश्रुतानुभूतभोगाकांक्षा**' એટલે અહીંયાં મિથ્યાદૃષ્ટિની જ વાત (છે). દૃષ્ટિ જેની વિપરીત છે અને રાગનું મારું કાર્ય છે અને રાગ કરું છું એટલે બીજાને હું મારી શકું છું એમ એ માને છે. પણ ભાઈ! તારા આવા પરિણામ પુત્ર કલત્ર આદિને લીધે '**હિંસા,...**'ના ભાવ, જૂઠાના ભાવ, ચોરીના, વિષયના, પરિગ્રહાદિ આદિમાં માન, કપટ, લોભ આદિ પરને નિમિત્તે '**અનેક પ્રકારકે પાપ કરતા હૈ, તથા અંતરંગમેં રાગાદિ વિકલ્પ રહિત જ્ઞાનાદિ શુદ્ધ ચૈતન્ય પ્રાણોંકા ઘાત કરતા હૈ,...**' લ્યો! બહારમાં ઘાત કરે એ નિમિત્તથી કહ્યું અને અંતરંગમાં જે ચૈતન્ય શુદ્ધ પ્રાણ, છેને? શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદની પર્યાય નિર્મળ પ્રગટ થવી જોઈએ એવા જે પ્રાણ એને રાગ-દ્વેષની એકતાબુદ્ધિથી એના ચૈતન્યના પ્રાણનો એ ઘાત કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, અનાકુળ આનંદથી પૂર્ણ ભરેલો એવો સ્વભાવ. અરે! અકાર્યકારણના ગુણથી પૂર્ણ ભરેલો કે જે આત્માનો સ્વભાવ રાગને કારણ ન થાય એવો સ્વભાવ (હોવા છતાં) એ રાગને કારણ થવું એમ માનીને ચૈતન્યના ભાવપ્રાણની હિંસા કરે છે. સમજાણું કાંઈ? બહુ પણ માર્ગ એનો અંતરમાં નિરાળો માર્ગ. ભગવાન આખો ચૈતન્યપિંડ પ્રભુ પરને કારણ ન થાય અને પરથી કાર્ય ન થાય એવું તો એનું વાસ્તવિક સત્ય સ્વરૂપ છે. વલ્લભદાસભાઈ! કહો, બાયડી-છોકરાને કારણ થાય અને બાયડી છોકરા રહે એમ નથી આત્મામાં. તેમ રાગને કારણ થાય એવો આત્માના સ્વરૂપમાં નથી કોઈ ગુણ. તેમ રાગથી આત્મામાં શાંતિ થાય, રાગ કારણ અને શાંતિ ધર્મ- કાર્ય એવો આત્માનો કોઈ ગુણ નથી. એનામાં અકાર્યકારણ નામનો ગુણ ભગવાન આત્મામાં પૂર્ણ ઠસોઠસ સામર્થ્યથી ભરેલો છે. એવો સ્વભાવ દૃષ્ટિમાં ન લેતા પરને નિમિત્તે વિકાર કરી અને ચૈતન્યના ભાવપ્રાણ જે પરને કારણ ન થાય અને પરથી જે પ્રગટ ન થાય એવા ચૈતન્યના ભાવપ્રાણને રાગ-દ્વેષની પર્યાય દ્વારા એને હણે (છે). અહીં એકત્વબુદ્ધિની મિથ્યાત્વની વાત છે. સમજાણું કાંઈ? કહો, સમજમેં આતા હૈ?

ચૈતન્ય ભાવપ્રાણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અથવા એ અકાર્યકારણ નામનો પણ એક આત્માનો ત્રિકાળ સ્વભાવ પડ્યો છે એને એ ઘાતે છે. એ રાગ અને દ્વેષ કરતા બીજાને મારું અને દીકરા, પુત્ર, લક્ષ્મી માટે આ કરું છું એવી માન્યતા મિથ્યાત્વની છે, એ મિથ્યાત્વના

સંબંધમાં આવેલો રાગ-દ્વેષ એ ચૈતન્યના ભાવપ્રાણ—જ્ઞાનાનંદ સ્વરૂપ અને અકાર્યકારણ નામનો જે શુદ્ધ ગુણ એને એ હણે છે.

મુમુક્ષુ :- હણે છે?

ઉત્તર :- પ્રગટ થતો નથી શુદ્ધ એટલે અશુદ્ધ પ્રગટ કરે એનું નામ હણે છે. શું? ફરીને. જે આત્મા અકાર્યકારણ ગુણથી ભરેલો, શુદ્ધ આનંદકંદથી ભરેલો એની અવસ્થા સ્વભાવના લક્ષને કારણ બનાવીને કાર્યમાં નિર્મળદશા થવી એ એનો અહિંસા, વાસ્તવિક સ્વભાવ (છે). એવા સ્વભાવને ન પ્રગટ કરતા રાગ-દ્વેષથી બીજાને મારું છું એવી જે રાગ-દ્વેષની સાથે મિથ્યાત્વની એકતા એને લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધ ભાવપ્રાણ પ્રગટ થવા જોઈએ એને એ નાશ કરે છે. એટલે ઉત્પન્ન થવા દેતો નથી અને મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે. આ વળી ભાવપ્રાણ કેમ હણે?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય અનાકુળ આનંદનો કંદ પ્રભુ છે. એ તો ત્રણ કાળ, ત્રણ લોકમાં કોઈ વિકલ્પને કારણ થાય કે વિકલ્પને કારણ બનાવે એ એના વસ્તુના સ્વરૂપમાં જ નથી. છતાં પરને કારણે હું મારું છું અને એ ભાવ છે તો પરને મારી શકું છું એવો જે મિથ્યાત્વ રાગ-દ્વેષનો ભાવ એ ચૈતન્યના શુદ્ધ પ્રાણની અવસ્થા થતી નથી, જે તેનું જીવન છે, એ જીવનને ઉત્પન્ન કરતો નથી તેથી (તે) જીવનને મારે છે. કહો.

મુમુક્ષુ :- જીવનને મારે છે.

ઉત્તર :- હા જીવને મારે છે. પ્રાણ છેને અહીં પ્રાણ ચૈતન્ય? કહો, સમજાણું કાંઈ આમાં?

ભગવાન આત્માનું જીવન એ તો શુદ્ધ અનંતગુણનો પિંડ પ્રભુ એને કારણ બનાવીને એટલે કે એનું વારંવાર અંદરમાં લક્ષ કરીને જે કાર્યરૂપ પરિણમન નિર્મળ શાંતિ અને મોક્ષના માર્ગરૂપ કે મોક્ષરૂપ થાય એ એનું વાસ્તવિક જીવન છે. એ જીવનું જીવન છે, એ જીવનું જીવતર છે. એ જીવના જીવનને ઉત્પન્ન ન કરતાં રાગ અને દ્વેષના પરિણામની એકતાબુદ્ધિ એ રાગ અને દ્વેષનો આ સ્વભાવ કારણ છે એમ માની અને સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને ઉત્પન્ન ન કરતા એ પ્રાણનો ઘાત કરીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે, એમ કહે છે. બહુ લાંબુ ભાઈ! કહો, જયંતિભાઈ! આહા..હા..! જુઓને, હજી તો આગળ દાખલો આપશે.

'**ચૈતન્ય પ્રાણોંકા ઘાત કરતા હૈ,...**' પ્રાણોંકા ઘાત એટલે ત્રિકાળીનો ઘાત થાય છે? ત્રિકાળી વસ્તુનો ઘાત થાય છે? વર્તમાન પ્રગટ પર્યાય કરતો નથી એવું એનું જીવન છે એને ઠેકાણે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કરીને એ પ્રાણની પર્યાય પ્રગટ થવી તેને ઘાત કરે છે. એ પર્યાયને ઘાત કરે છે. વસ્તુ તો વસ્તુ છે. પર્યાય પ્રગટ હતી અને ઘાત કરે છે એમ નહિ. એ ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ શુદ્ધ આનંદકંદ જેના લક્ષે એટલે જેને કારણ બનાવીને કાર્યમાં વીતરાગતા

આવે એ જ એની સ્વરૂપની જાત અને સ્વરૂપ છે. એમ દૃષ્ટિમાં ન રાખતા પુણ્ય અને પાપને સ્વભાવની સાથે એકત્વ માની અને બીજાને મારું છું એમ માની પોતાની શાંતિના પ્રાણને ઉત્પન્ન (એટલે) જીવન નથી કરતો એટલે તેને મારી નાખ્યું એમ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ!

'**અપને પ્રાણ રાગાદિક મૈલસે મૈલે કરતા હૈ,...**' દેખો! બીજું શું કરે ઈ? પોતાની ચૈતન્ય શુદ્ધ નિર્મળ પર્યાય થવી જોઈએ એને મલિનપણે કરીને મેલા કરે છે. ઈ કરી શકે છે અજ્ઞાનભાવે. પરને મારી શકે છે એ તો વ્યવહારનું કથન એને બોધના ઉપદેશમાં (કહે છે કે) ભાઈ! આવા પાપ કરીને તારે એકલાને ભોગવવા પડશે હોં. એ તો બધા જેને માટે કર એ તારી સાથે નહિ આવે.

મુમુક્ષુ :- એ રીતે પાછો સમજે ખરો.

ઉત્તર :- સમજવું હોય તો સમજે. એમાં સમજે ખરો એનો શું અર્થ? એને સમજવું હોય તો સમજે.

મુમુક્ષુ :- એ તો પોતા ઉપર વજન આવે તો...

ઉત્તર :- વજન શું, આ શૈલી છે. પાપનો ભાવ કરે તો એનું ફળ તને ભોગવવું પડશે એમ કહે છે. કહો, સમજાણું આમાં? આહા..હા..! ભારે વાત ભાઈ!

વીતરાગ માર્ગ, સુંદર માર્ગ જેને મોક્ષ આશ્રય કરે છે. જોયું! મોક્ષ જેનો આશ્રય કરે તીર્થંકર આદિ. નિંદા કરે. આવે છેને નિયમસાર-નિયમસાર. આવા સુંદર માર્ગની કોઈ ઈર્ષ્યાથી નિંદા કરે તેથી તું સત્ય માર્ગની ભક્તિ છોડીશ નહિ હોં. અરે! આવું તત્ત્વ! આવું તત્ત્વ મેં જાણ્યું-માન્યું? અને આ સત્ય જ આ છે અને લોકો આટલા બધા કેમ વિરોધ અને નિંદા કરે છે? બાપા! એ કરે, પણ તું સત્યના માર્ગની જે તને રુચિ, ભક્તિ થઈ છે એ છોડીશ નહિ. આના તો માનનારા ઘણા હોય અથવા આવી વાતની કદર કરનારા ઘણા હોય. એમ ન હોય. આહા..હા..! મારે. ઓહો..હો..! મુનિઓને અણાદેય, દુર્ભાગ્ય, અયશકીર્તિનો ઉદયને (લઈને) ઘાણીમાં પીલે. ઓહો..હો..! એમ કહેવાય. મુનિને પીલે છે ત્યાં? કોને પીલે? ભાષા શું કહેવી? એ શરીરમાં ઘાણીનું નિમિત્ત થાય છે, શરીરથી ભિન્ન ચૈતન્ય ભાવ ભાસ્યો છે એથી એને કંઈપણ પીડાનો, દુઃખનો અંશ પણ ઉત્પન્ન થતો નથી. તે કાળે પણ દ્રવ્યના ધ્યેયે જે દૃષ્ટિ પડી છે, ભગવાનને કારણ બનાવીને, નિજસ્વરૂપને કારણ બનાવીને તે સમયે પણ કાર્ય નિર્મળ થયા કરે છે. ઘાણીના પીલવાના કાળે પણ કાર્ય કારણથી થઈ રહ્યું છે. સમજાણું કાંઈ?

'હરિનો રે માર્ગ છે શૂરાનો, એ કાયરના નહિ કામ જોને. પ્રભુનો રે માર્ગ છે શૂરાનો. પ્રથમ પહેલું રે મસ્તક મૂકી વળતું લેવું નામ જોને.' છોડ-છોડ દુનિયાની વાત. ભગવાનનું શરણ લેવું હોય તો ભગવાન ત્રણ લોકનો નાથ પરમાત્મા પોતે છે એનું શરણ લેવા માટે દુનિયાની લાજ

છોડી દે. દુનિયા શું કહેશે? કેમ ગણશે? એ વાત એમાં અસર કરતી નથી. સમજાણું કાંઈ? તેથી અહીંયા આચાર્ય મહારાજ કહે છે કે ભાઈ! એ પ્રાણ ચૈતન્યના, અરે ભગવાન! આખી જીવતી જ્યોત પડી છેને આત્મા. જીવતી જ્યોત. એની પર્યાયમાં એવી ચૈતન્યના સત્‌ના અંશે સત્‌નું શરણ નીકળીને શાંતિ ને શ્રદ્ધા, જ્ઞાનની રમણતા એ એનું જીવન. સમજાણું? એમ પ્રગટ ન કરતા ભગવાન! આ મિથ્યાત્વ અને રાગ-દ્વેષની એકત્વબુદ્ધિએ તારા પ્રાણ હણાય છે અત્યારે. અને એમાં ઘાતિકર્મ તો બંધાય, પણ અઘાતિ બંધાય એના ફળ પ્રતિકૂળ તને ભવિષ્યમાં આકરા પડશે. એમ બે તરફથી વાત કરવી છેને. જુઓ કહેશે.

‘**બાહ્યમેં અનેક જીવોંકી હિંસા કરકે...**’ કરકે એટલે ઓલું નિમિત્ત થાય છેને. ‘**અશુભ કર્મોંકો ઉપાર્જન કરતા હૈ,...**’ લ્યો! ભાવપ્રાણ હણાય છે, ઘાતિકર્મ બંધાય છે. ભાવપ્રાણ હણાવા સાથે બીજાને નિમિત્ત થવાનો પણ એ વિકલ્પ છે હણવાનો, એનાથી અશુભ કર્મ બંધાય છે, ઘાતિ અશુભ અને અઘાતિ પણ અશુભ. ‘**ઉપાર્જન કરતા હૈ, ઉનકા ફલ તૂ નરકાદિ ગતિમેં અકેલા સહેગા.**’ એનું ફળ તો નરક ગતિમાં એકલું તારે સહન કરવું પડશે. આહા..હા..! સંયોગથી વાત કરે છે હોં! નરક ગતિમાં ભોગવવાનો તો ભાવ છે ત્યાં. ત્યાં એ ભાવને ભોગવે છે, અહીં ભાવ કરે છે. પણ જેવા પરને નિમિત્તે કર્યા એવા પરના સંયોગમાં જઈશ ત્યારે તને .. રાડ નાખી જઈશ અંદર દુઃખ-દુઃખ. ભગવાન આત્માનું શરણ તું છોડી દઈ અને આ બધા ભાવો તને એકલા સહન કરવા પડશે ભાઈ! આકરા પડશે તને. પહેલા આવી ન ગયું? થોડું પ્રતિકૂળ, પ્રભુ! સહન કરતા તને મુશ્કેલ લાગે છે તો મહાન દુઃખના કારણરૂપ ભાવને શું કરવા સેવે છો?

મુમુક્ષુ :- બીજો કોઈ ભાગીદાર નહિ થાય?

ઉત્તર :- હવે એ કહો તમે. હવે આમાં આટલા દિ’થી સાંભળો છો. કરો નક્કી. જેચંદભાઈ! કરો બાપા નક્કી. બૈરા અને પ્રકાશ ત્યાં મદદ કરવા આવશે કે નહિ? આ પાપ આટલા આટલા હજી કરીએ છીએ તે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કરે શું? ધૂળ કરે? એ ભાવ એની પાસે રહ્યો. શું કરે ઈ? એ કહે છે બૈરા બહુ.. નહિતર હું મરી જાત. વળી કાલ એમ કરીને જીવતો રાખ્યો તમે. જેચંદભાઈ! કોણ જીવતા રાખે બાપા! આહા..હા..! અરે..! દેહના જીવન એ કાંઈ જીવન છે? દેહના જીવન એ જીવન છે? અરે! વિકારના જીવન એ જીવન છે? દેહના તો ક્યાંય રહી ગયા. વિકારના જીવને જીવન એ તે કાંઈ જીવન છે?

ભગવાન આત્મા આનંદકંદનું કારણ બનાવીને... દેખો, દ્રવ્યને કાલે આવ્યું હતુંને? અસાધારણ

અનાદિ-અનંત જ્ઞાનને કારણ બનાવીને એટલે એનો અર્થ કે દ્રવ્ય ઉપર લક્ષ જવાથી તે કારણ થયું, કાર્ય દશામાં આવે. ભાગ-બાગ કોણ આપતો હતો વચ્ચે? એ જણા કહેતા ઓલા વીંછીયામાં. ઓલું તળાવ છેને મોટું ભાઈ! મૂળચંદભાઈ હતા. લુહાર હતાને મૂળચંદભાઈ. પાનાભાઈના કાકા. વાત ચાલતી હતી. (સંવત) ૧૯૭૮ની સાલની વાત છે. પછી ઓલા તળાવમાં પાણી આવેને તો ત્રાંબાના પતરા આડા નાખે. એટલે માછલા બહાર ન નીકળી જાય. નહિતર બહાર નીકળી જાય તો મરી જાય. મોટા-મોટા આડા ત્રાંબાના પતરા કાણાવાળા (રાખે). એટલે માછલું નીકળે એવું કાણું નહિ. એ મહાજન લોકોએ નાખેલું. પછી મૂળચંદભાઈએ કહ્યું કે મહારાજ! આ અમે પતરા નાખ્યા, એ જીવ ત્યાં રહે એનું પાપ અમને લાગે કે એમાં અમને કાંઈ ધર્મ થાય? એવો પ્રશ્ન. મૂળચંદભાઈ હતા મૂળચંદભાઈ. ધરમશીનો બાપ. મેં કીધું જો ભાઈ! તમારો ભાવ શું છે? કે જીવો બહાર ન નીકળે અને મરી ન જાય. તમારો ભાવ આટલો શુભ એટલી વાત. એથી ત્યાં કોઈ જીવ મરે કે પડે તમારો હેતુ છે? પણ નાના કાણા હોય તો જીવ બહાર ન નીકળે અને બહુ નીકળી જાય તો પછી બહાર અહીં નહિ આવી શકે, મરી જશે. તમારો હેતુ શું છે એ ઉપર, પરિણામ ઉપર ફળ છે. બાકી બહાર થાય એના ઉપર કાંઈ છે નહિ. ડોસા વૃદ્ધ હતા. ગૃહસ્થ માણસ ને બધા... આવો ૭૮માં પ્રશ્ન થયો હતો. લોકોને બહાર...

અને એ વખતમાં આલો ખાચર છેને, એનો મોટો દરબાર હતો. પછી આ તળાવ સુકાઈ ગયું અને માછલા લાખો. તળાવમાં પાણી રહ્યું નહિ અને માછલા લાખો માછલા, મગરમચ્છ- આવડા-આવડા માછલા. દરબાર કહે કે મહાજન લોકોને લઈ જવા હોય તો લઈ જાવ. નહિતર હું ખાતરમાં નાખી દઈશ. ખાતર ભાઈ સમજો છો? પંડિતજી! ખાત-ખાત. ખેતરમેં ખાતર કરુંગા. અને માછલા લાખો. વીંછીયાના મહાજન જોરદાર ત્યાં. દરબાર પણ ન કરી શકે એના ઓલા વિના. એની વિરુદ્ધ ન કરી શકે. ભાઈ મહાજનને બોલાવો. વીંછીયાનો મહાજન જોરદાર છે. એ કહે કે તમારે લઈ જવા હોય તો લઈ જાવ, નહિતર હું ખેતરમાં નાખી દઈશ. ભાઈ! લોકોએ ગાડાના ગાડા ભરી ઓલા મોટા પાણીના બેગડા, મોટા બેગડા મોટા જબરા, ભરી ભરીને કોઈ કૂવો હશે કૂવો મીઠું પાણી. ત્યાંથી (લાવીને) નાખ્યા. જેવા અંદર નાખ્યા ભેગા ત્યાંને ત્યાં મરી ગયા. એ પાણી પ્રતિકૂળ પડ્યું. અને મહાજન લોકોને ત્રાસ... ત્રાસ... ત્રાસ... અરરર! ભાઈ! કાંઈ તમને મારવાના ભાવ હતા? મારવાના ભાવ નહોતા. એ રીતે. કારણ કે પાણી પ્રતિકૂળ પડ્યું. લાખો અને ગાડાના ગાડામાં મોટા મોટા પાણી ભરી નાખે, કૂવામાંથી ભરીને લાવે. નાખ્યા ભેગા ઉંધા થઈ જાય. જેવા નાખે ત્યાં ઉંધા થઈ જાય. મરી ગયા. પણ એ તો પરિણામમાં એનું શું છે? એને અનુકંપાનો ભાવ હતો કે આ ન મરે એટલી વાત છે. એ ભાવ ઉપર ફળ છે કે ઓલા મરી ગયા એને મારવાનો ભાવ હતો એને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ભાઈ સંસારની... એ જ કહે છે કે તારા ભાવમાં શું છે? ભાવ ઉપર ફળ છે કે કોઈ બહારની ક્રિયા ઉપર છે? એ તો ક્રિયા થવાની એ પ્રમાણે થવાનું. એનું આયુષ્ય નહોતું. ઘણો બચાવવાનો ભાવ કર્યો. એનું આયુષ્ય જ નહોતું, એ સ્થિતિએ ત્યાં પૂરું થવાનું હતું. કોણ કરે એને? ત્રાસ થઈ ગયો લોકોને હોં! કેટલાકને તો ભાવે નહિ ખાવું. અરરર! અમારા હાથે આ થયું. ભાઈ! કોઈના હાથે નથી થયું બાપા! તમારો ભાવ તો જીવને બચાવવાનો હતો. શુભભાવ છે, અનુકંપા છે.

અહીં તો કહે છે કે અરે! **'કુટુંબકે લોક કોઈ ભી તેરે દુઃખકે બટાનેવાલે નહીં હૈં,...'** છે?

મુમુક્ષુ :- મદદ તો કરે છેને.

ઉત્તર :- ધૂળમાંય મદદ કરતા નથી. કોણ કહે છે મદદ કરે?

**'તૂં હી સહેગા.'** ભાઈ! તારા ચૈતન્યના પ્રાણની હિંસા મિથ્યાત્વ,... અહીં તો મિથ્યાત્વની જ વાત છે. રાગમાં એકત્વબુદ્ધિ કરી અને પરને મારી શકું, બાપા! એવા તારા ભાવનું ફળ તને બહુ આકરું પડશે. એ બીજા આવશે નહિ. બધા ઉભા રહેશે વાતું કરતાં-કરતાં.

મુમુક્ષુ :- ભાગે પડતું ખાય છે.

ઉત્તર :- ભાગે પડતું ખાય છે એ તો ત્યાં. અહીં ભાગે પડતો હશે? ભાગે પડતું પણ ન ખાય. આમ ચાર-પાંચ ડિગ્રીનો તાવ આવ્યો અને દૂધપાક અને લાડવા કર્યા હોય, પંદર જણા માણસ. ભાઈસાહેબ આ નથી ખાવા. હાલ હાલ ભાઈ ખાને. ભાગે પડતો ખાને. પાંચ ડિગ્રીનો તાવ હોય એ વખતે. હાલ ભાઈ. બાપા, ખાવ-ખાવ તમે ખાવ. એ વાતું બધી સમજવા જેવી. જેચંદભાઈ!

મુમુક્ષુ :- રાખી મૂકે.

ઉત્તર :- રાખે શું? લાડવો રાખીને કરે શું? લાડવો ત્રીજે દિ' ચોથે દિ' મટી જાય તો એને મગનું પાણી પહેલું આપે. લાડવો શેનો આપતા હતા એને? સમજાણું કાંઈ? એ બધી વાતું સમજવા જેવી છે. કહે છે કે દીકરા હું બાયડી, છોકરા માટે મરી ગયો આમ ને આમ. પાપ તેં કર્યા અને ભોગવવા તારે પડશે. એમ પાપની વાત છે હોં. ઓલી ક્રિયા તો થાય જુદી.

**'શ્રીજિનશાસનમેં હિંસા દો તરહકી હૈ.'** દેખો, **'એક આત્મઘાત, દૂસરી પરઘાત. ઉનમેંસે જો મિથ્યાત્વ રાગાદિકકે નિમિત્તસે...'** દેખો, ઉંધી માન્યતા, વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ, એના ભાન ન મળે. અવાસ્તવિક રીતે શ્રદ્ધાને ઉંધી ઉઠાવી અને એની સાથે તે પ્રકારના રાગ-દ્વેષ કરી **'દેખે, સુને, ભોગે...'** જે કાંઈ દેખેલું છે, સાંભળેલું છે અને અનાદિથી ભોગવ્યું

રાગ-દ્વેષનું એવા '**ભોગોંકી વાંછા...**' આત્માના આનંદની વાંછા તો નથી. ભગવાન આત્મા અનાકુળ આનંદકંદ એની દૃષ્ટિ હોય તો પરને માટે કરું એવો ભાવ એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને ઘરે રાગ આવે એ પરને માટે કરતો નથી. અંદર ધડક ખાઈ જાય પુરુષાર્થ કામ કરતો નથી અંદરમાં જવા. અસ્થિરતાને કારણે એ આવે છે. પરને કારણે આવે છે એમ નહિ. તેમ આ આવે છે એ મારા સ્વભાવ સાથે એકત્વ છે એમ પણ નહિ. માટે પૃથક્ રાખીને જે રાગ થાય એ ઘણો જ નબળો અને પાતળો થાય છે. અને એક કરીને જે રાગ અને દ્વેષ કરે છે એને ઘણો તીખો અનંતાનુબંધી અને મિથ્યાત્વનો રાગ-દ્વેષ થાય છે. સમજાણું કાંઈ?

જુઓ, '**તીક્ષ્ણ શસ્ત્ર...**' દેખો, આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યના આનંદના પ્રાણવાળું સ્વરૂપ જેનું, એમાં વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ વિના, પરને મારું, પરને ઉડાડું, પરને જીવાડું, પરને રાખું, મારી આબરૂ રહે. સમજ્યાને? નામ તો રહેશે, પાપ ભલે કર્યા પણ નામ તો રહેશે. આવા નામના ભાવના, આબરૂના ભાવ, કીર્તિના ભાવ એને માટે પાપના પરિણામ કરે છો. કહે છે કે એ તીક્ષ્ણ શસ્ત્રથી તારા આત્માની શાંતિના પ્રાણ લૂંટાય છે. કહો, બરાબર છે? '**તીક્ષ્ણ શસ્ત્ર ઉસસે અપને જ્ઞાનાદિ પ્રાણોંકો હનના,...**' દેખો, '**વહ નિશ્ચયહિંસા હૈ,...**' જુઓ, બેની ભાઈ ચર્ચા ચાલી હતીને, નહિ? કૈલાસચંદજીને અને આને. ઓલો કહે નહિ બહારની હિંસા એ હિંસા. આ કહે કે ભાઈ હિંસા તો આ નિશ્ચયની હિંસા હિંસા છે, ભલે એ વ્યવહાર કહેવાય. એય..! કેટલુંય લખાણ હતું.

મુમુક્ષુ :- એને ઘણો વિરોધ.

ઉત્તર :- ઘણો વિરોધ. અરે ભગવાન! એવું પણ હોય કોઈ. શબ્દ તું આમ બોલ્યો અને તું શબ્દ આમ બોલ્યો. ભાઈ! નિશ્ચયહિંસા એ જ હિંસા છે. વ્યવહારહિંસા તો ઉપચારથી આ થયું માટે નિમિત્તથી કહેવામાં આવે છે. પરને કોણ મારે? કોણ જિવાડે? પરથી મરે કોણ અને જીવે કોણ? આહા..હા..! વીતરાગી જીવન. 'તારું જીવન પ્રભુ તારું જીવન.' આવ્યું હતું કે નહિ? નેમિનાથ ભગવાન. 'જીવી જાણ્યું પ્રભુ તેં જીવન.' આહા..હા..! જેણે રાગને પૃથક્ રાખી, સંયોગ તો ક્યાંય પૃથક્ રહ્યા છે અને સ્વભાવને પોતાની સાથે અપૃથક્ કરી, એક કરી અને જે કલ્યાણના કાર્ય થઈ રહ્યા છે એ જીવન છે. સમજાણું કાંઈ? એવા જીવનને હણી નાખે છે તું. એ નિશ્ચયહિંસા છે. ભાવપ્રાણ (હણાય છે).

આપણે આવતું નથી આ સ્તુતિમાં નથી આવતું? 'સંસારી જીવના ભાવમરણો ટાળવા કરુણા કરી, સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર તેં સંજીવની.' આ સ્તુતિ આવે છેને સવારમાં સમયસારની. 'સંસારી જીવના ભાવમરણો ટાળવા કરુણા કરી, સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર તેં સંજીવની.' એ સંજીવની. ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ આનંદની દૃષ્ટિ કર અને એમાં એકાગ્ર

થા એ તારા જીવન છે, એ સંજીવની-ઓષધિ છે. સમજાણું? ભગવાને, કુંદકુંદાચાર્ય સંતોએ એ સ્વરૂપ કહ્યું, નાથ! તેં સરિતા વહાવી. સંજીવની નદી વહેવરાવી આખી. જગતને જીવતા કર્યા. મરી ગયા હતા એ. સમજાણું?

અહીં કહે છે, એવી જે હિંસા **'રાગાદિકકી ઉત્પત્તિ વહ નિશ્ચય હિંસા હૈ.'** લ્યો! એ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છે. અહીંયા નીચે કહેશે બેય. જયધવલનો દાખલો આપશે નીચે. લ્યો આ જયધવલ એમાં (બાહ્ય) હિંસા એ નિશ્ચયની હિંસા કીધી છે. વ્યવહારના ગ્રંથો વસ્તુસ્થિતિ છે. એ આચાર્યો, સંતો, મુનિ છે. ભાવલિંગી સંત છે ઈ.

મુમુક્ષુ :- વ્યવહાર કીધો એટલે એમાંથી નિશ્ચય અર્થ કાઢવાનો?

ઉત્તર :- હો, કાઢવો જોઈએ કે ભાઈ આ વ્યવહારનું કથન છે. મુનિઓ છે વીરસેનસ્વામી. ક્ષયોપશમના દરિયા ફાટી ગયેલા. સમજાય છે? જિનસેન આચાર્ય ભલે એ વખતે એને કથા બનાવવાનો વિકલ્પ આવ્યો. આદિપુરાણ. વીતરાગી મુનિ છે અંદર. સમજાણું? કોઈને કથા .. હોય એમાં નિમિત્તનો વિકલ્પ થયો, કોઈને દ્રવ્યાનુયોગનો વિકલ્પ (થયો). એમાં વસ્તુ ચારેય અનુયોગમાં સાર તો વીતરાગતા છે. સમજાણું કાંઈ? બનાવી ઓલી કથાને. આદિપુરાણમાં એવી. આ સુલોચના, જયકુમાર. લોકોને શંકા પડે કે આવી મુનિઓ વાર્તા લખે! મુનિઓ થઈને આવી વાર્તા! આ સ્ત્રી અને પુરુષનું વર્ણન! એના ભોગની વાતુંનું વર્ણન, એના અવયવોનું વર્ણન. અવયવોનું શું છે? કેવળી ત્રણ કાળ, ત્રણ લોક જાણે છે. તે શું રાગનું કારણ થાય છે? લોકોને પડી શંકા. આ મુનિ આ શું (લખે છે)?

એકવાર ઉભા ઉભા મુનિ સભાની અંદર ઉપદેશ કરવા લાગ્યા. એવો ઉપદેશ તે એવો ઉપદેશ આ. વિષય અને ભોગના જીવો કેવા હોય? એવું વર્ણન કરતા સાંભળનારને વીર્ય છૂટી ગયા. આ અડગપણે ઉભા છે અંદરથી. અરે! શબ્દોને જ્ઞેય બનાવીને... શબ્દો તો જ્ઞેય છે. શબ્દો સાંભળીને તને રાગ થાય છે? અને શબ્દો આવા નીકળ્યા માટે ત્યાં રાગનું કારણ હતું માટે નીકળ્યા એમ છે? વર્ણન સ્ત્રી આદિનું આવે તો જ્ઞેયનું, પદાર્થનું વર્ણન આવું... આવું... આવું હોય. એથી એ જ્ઞેયના પદાર્થોનું આવું વર્ણન માટે એને રાગ જ હતો. કોણે કહ્યું એ? સમજાણું કાંઈ? એવી કથા વર્ણવી ભોગની (કે) સાંભળનારના વીર્ય છૂટી ગયા. પોતે ઉભા રહ્યા. .. એનું નામ આપ્યુંને કાંઈક શું કીધું? ભગવત જિનસેન, ભગવત જિનસેન. કથા એ મુનિ તો અનેક વાતું કરે. આ તે એવો વિકલ્પ આવ્યો તો એ વાત આવે. છે શું પણ? એ તો વિકલ્પના પણ કર્તા નથી. એને કથાનો યોગ હોય ત્યાં, કોઈને દ્રવ્યાનુયોગ હોય, કોઈને ચરણાનુયોગ હોય. એમ ઘણા પ્રકાર છે. તો શું છે? એ પરમાણુનો પર્યાય એ (પ્રકારે પરિણમે છે).

મુમુક્ષુ :- ... આવે કોકને.

ઉત્તર :- ... પણ આવી જાય કોકને. આવ્યુંને પૂજ્યપાદસ્વામીને. એ પૂછવા જાય તો કહેતા હશે. ચાલ-ચાલ. આવી ગયો જંગલમાં ... ધ્યાન પડતા નજર પડી ગઈ ક્યાંક. ઓહો..! આ તો આ પાંદડાનું આ થાય અને આનું આ રસ. લખી નાખ્યું. અહીં શું છે પૂછવા આવે તો? અમે વૈદ છીએ? અને તે પણ કોઈ એવા અન્યમતિના વૈદોને અભિમાન થતા હોય કે અમને આવડે. જૈનોને સાધુને શું ભાન? આ અમે આમ જાણીએ છીએ, આ જડીબુટ્ટી ફલાણું, ફલાણું. એવો વિકલ્પ આવી ગયો તો કહી દીધું. અહીં અમારે લેવા-દેવા શું છે? પુસ્તક બન્યું છે હોં. તો શું છે? એ વસ્તુ છે એમાં કાંઈ.. એ તો કારણ એવો અભિમાનીઓને અભિમાન થતા હોય તો એવા પ્રસંગે એવું બની જાય. તો શું છે? એ વીતરાગી મુનિ છે. ભારે વાતું ભાઈ! સમજાણું? શબ્દોમાં વિકથા છે? જુઓને. શબ્દોમાં વિકથા છે? વિકથા એટલે? સ્ત્રીની કથા કરવી નહિ. એટલે શું? એની વ્યાખ્યા શું? સ્ત્રીના અવયવોની વાત ભાષાએ ન કરવી એમ એનો અર્થ છે? અને ભાષામાં આવે એથી અહીં રાગ થઈ જાય છે? સ્ત્રીની કથાનો અર્થ કે એવી વાર્તા વખતે રાગની આસક્તિ થઈ જાય એ કથા એને વિકથા કહે છે. વાણીની વિકથા છે એ તો જડ છે, માટી છે. રાગ કથા છે. વાણીને શું છે?

એ તો બહુ ચર્ચા ચાલી હતી ૮૭માં, ભાઈ! આંબાજી હતાને. એ બહુ વિકથાઓ બનાવે. ત્યારે કહે, શાસ્ત્રમાં આમ ચાલ્યું છેને તમે કેમ કહો છો? ભાઈ એ તો શાસ્ત્રમાં ચાલ્યું છે એ તો વીતરાગભાવમાં એ વાત નીકળી છે અને તમે દુનિયાને રાજી કરવા કથા બનાવો છો એ રાગને માટે બનાવો છો. વાણીમાં વિકથાનું સ્વરૂપ નથી, રાગમાં વિકથા (છે), વિપરીત ભાવને વિકથા કહે છે. વાણી નીકળે તો વાણી તો બધું સ્પષ્ટીકરણ કરે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, વાસ્તવિક ચીજને સમજ્યા વિના એમાં ક્યાંક ઉંધી ખતવણી કરી નાખે છે, શ્રદ્ધા-જ્ઞાનમાં એને હિંસા કહેવામાં આવે છે. અને '**રાગાદિકકી ઉત્પત્તિ વહ નિશ્ચય હિંસા હૈ.**' અને ઓલી નિશ્ચય સમજ્યાને? '**ક્યોંકિ ઈન વિભાવોંસે નિજ ભાવ ઘાતે જાતે હૈં.**' ક્યો ભાવ? ત્રિકાળી? ત્રિકાળી ઘતાતો હશે કોઈ દિ'? ગુણ તો ત્રિકાળ એવા ને એવા પડ્યા છે એનો ઘાત ન થાય. આમ પર્યાય પ્રગટ થવી જોઈએ શુદ્ધમાંથી એને પ્રગટ કરતો નથી એને ઘાત કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**ઐસા જાનકર રાગાદિ પરિણામરૂપ નિશ્ચયહિંસા ત્યાગના.**' લ્યો! જુઓ, રાગનું સ્વરૂપ જ તારું નથી. એના અસ્તિત્વમાં તું આવી ગયો? એક ક્ષણિક વિકલ્પ ઉઠ્યો એટલા અસ્તિત્વમાં તારું અસ્તિત્વ-મોજુદગી? છોડ, રાગ તારો નથી. સ્વભાવની દૃષ્ટિએ રાગની પૃથક્તા કરી અને એની હિંસા છોડી દે. સમજાણું?

'**વહી નિશ્ચયહિંસા આત્મઘાત હૈ. ઔર પ્રમાદકે યોગસે અવિવેકી હોકર...**' પ્રમાદ યોગ છેને? એ કહ્યું પ્રમાદ યોગ આ પ્રાણ '**એકેંદ્રી, દોઈંદ્રી, તેઈંદ્રી, ચોઈંદ્રી, પંચેંદ્રી જીવોકા ઘાત કરના વહ પરઘાત હૈ.**' ભાવ પ્રમાદ કરીને ઘાતનો ભાવ અને ઓલા મરે એને નિમિત્તથી કહેવાય છે. '**જબ ઈસને પરજીવકા ઘાત વિચારા,...**' જુઓ, '**તબ ઈસકે પરિણામ મલિન હુએ,...**' પરિણામ મલિન હુએ એ વાત છે. '**ભાવોંકી મલિનતા હી નિશ્ચયહિંસા હૈ,...**' આ જૈનશાસનનું મૂળ નિશ્ચય સત્ય શું છે એને સમજે નહિ અને ઉપચારના, વ્યવહારના કથનોને પણ એવા જ સરખા માની લે, એમાં મોટો ગોટો ઉઠ્યો. '**ઈસલિયે પરઘાતરૂપ હિંસા આત્મઘાતકા કારણ હૈ.**' આ કારણે. મારવાનો વિચાર કર્યોને એ ભાવ એ આત્મઘાતનું કારણ છે.

'**જો હિંસક જીવ હૈ, વહ પરજીવોંકા ઘાતકર અપના ઘાત કરતા હૈ. યહ સ્વદયા પરદયાકા સ્વરૂપ જાનકર...**' લ્યો! પોતાની સ્વદયા. વિકારની ઉત્પત્તિ ન થતાં સ્વભાવની ઉત્પત્તિ થવી એનું નામ નિશ્ચય અહિંસા, દયા. પરદયા. પરને નહિ મારવાના વિકલ્પ શુભભાવ, ..ભાવ એ પરદયા વ્યવહાર છે. '**સ્વરૂપ જાનકર હિંસા સર્વથા ત્યાગના. હિંસાકે સમાન અન્ય પાપ નહીં હૈ. નિશ્ચયહિંસાકા સ્વરૂપ સિદ્ધાંતમેં દૂસરી જગહ ઐસા કહા હૈ––**' લ્યો એ ધવલ. ધવલને? જુઓ ધવલની ગાથા છેને. ધવલ શું, જયધવલા. '**रागादिणमणुप्पा अहंसकतं त्ति देसियं समए। तेसिं चे उप्पत्ती हिंसेति जिणेहिं णिद्दिट्ठा।।**'

'**રાગાદિકકી ઉત્પત્તિ વહી હિંસા હૈ,...**' અને '**રાગાદિકકા અભાવ વહ...**' શાસ્ત્રમેં હિંસા કહી હૈ. લ્યો આ જયધવલ. સમજાણું? જયધવલમાં ગાથા છે આ. પાઠ છેને જુઓને. '**रागादिणमणुप्पा**' એ અહિંસા. ભગવાને શાસ્ત્રમાં એમ કહ્યું છે. સમયમાં. સમજાણું? '**રાગાદિકકી ઉત્પત્તિ વહી હિંસા હૈ, ઐસા કથન જિનશાસનમેં જિનેશ્વરદેવને દિખલાયા હૈ.**' જુઓ, જૂનામાં શ્લોક છેને ઈ? કેટલામાં પાને કીધું ઈ? આ બધા નહોતા? શ્લોક એક સાથે કાઢ્યા એ. શ્લોક હતાને બધા. આ પારિણામિકભાવની નહોતી વાત આવી? પારિણામિકભાવ. આ એ આવ્યું લ્યો આવ્યું. એ ગાથાઓ જુઓ આવી. આ રહ્યું. ૪૨ શ્લોક. ૧૦૨ પાને છે. ૪૨. '**रागादिणमणुप्पा अहंसकतं त्ति देसियं समए। तेसिं चे उप्पत्ती हिंसेति जिणेहिं णिद्दिट्ठा।।**' ૪૨મો શ્લોક છે આ. ક્રમમાં આવ્યા છેને બધા. જુઓ નીચે લખ્યું. '**રાગાદિકા નહીં ઉત્પન્ન હોના હી અહિંસકતા હૈ. ઐસા જિન આગમમેં ઉપદેશ કિયા હૈ.**' સમય એ જ છેને? '**ઉન્હીં રાગાદિકકી ઉત્પત્તિ હિંસા હૈ ઐસા જિનદેવને નિર્દેશ કિયા હૈ.**' ભગવાન ત્રિલોકનાથની વાણીમાં, સ્વભાવથી વિપરીત રાગની એકતા અને રાગ થવો એને હિંસા કહી છે અને રાગના અભાવસ્વરૂપ, સ્વભાવની ઉત્પત્તિ થવી એને ભગવાનના શાસ્ત્રમાં અને

ભગવાને, ભગવાનના શાસ્ત્રમાં અને ભગવાને એને અહિંસા કીધી છે. વ્યવહારની વાત આવે. વ્યવહાર વ્યવહાર તરીકે જાણવો જોઈએ એ બરાબર, પણ વસ્તુ તો સત્ય છે તો આ એક છે. બેય સત્ય છે?

‘**અર્થાત્ જો રાગાદિકકા અભાવ વહ સ્વદયા ઔર જો પ્રમાદરહિત વિવેકરૂપ કરૂણાભાવ વહ પરદયા હૈ.**’ કરૂણાભાવ. ‘**પ્રમાદરહિત વિવેકરૂપ કરૂણાભાવ વહ પરદયા હૈ. યહ સ્વદયા-પરદયા ધર્મકા મૂલકારણ હૈ.**’ નિશ્ચય વાત. નિશ્ચય તો સ્વદયા છે, પણ એની સાથે આવો શુભવિકલ્પ છે એને વ્યવહારથી પણ ધર્મનું મૂળ કહેવામાં આવે છે. ‘**જો પાપી હિંસક હોગા ઉસકે પરિણામ નિર્મલ નહીં હો સકતે, ઐસા નિશ્ચય હૈ, પરજીવ ઘાત તો ઉસકી આયુકે અનુસાર હૈ,...**’ લ્યો ઠીક! પરજીવની ઘાત તો એનું આયુ પૂરું થાય તો થાય. ન થાય તો લાખ મારે તોપણ ન થાય લ્યો! અને મારવા માગે તોપણ મરે નહિ અને આ જીવાડવા માગે તોપણ જીવે નહિ. આ દાખલો આપ્યો નહિ? વાણિયા જીવાડવા માગે બિચારા. મરી ગયા. એ ચકલાનું બચ્ચું હોય ચકલી હોયને. એ છોકરા હોય વાણિયાના, અરે આને મારી નાખશે. એક ટોપલો ઢાંક્યો હોય ટોપલો. એ મીંદડી આવીને ઉઘાડીને ખાઈ જાય. એ કાંઈ ઉપર મૂક્યો હોય, પણ એનું આયુષ્ય જ એટલું હોય ત્યાં. છોકરાઓને એવો ભાવ હોય કે આપણે અહીં ઢાંકી દઈએ. આપણે ઉપર નહિ પહોંચી શકીએ, એને માળે નહિ પહોંચી શકીએ. એટલે અહીં ટોપલો ઢાંકી દ્યો. હવે ટોપલો ઢાંક્યો એટલે મજા પડી ઓલી મીંદડીને હવે. આમ ટોપલો ઉંચો કરીને ખાઈ જાય. મીંદડી-મીંદડી સમજતે હૈ ન? બિલ્લી-બિલ્લી. તો એમાં છોકરાઓને પાપ છે? એના ભાવ તો એને ન મારવાના હતા. ભાવ ઉપર વાત છે કે પર ઓલી ક્રિયા ઉપર વાત છે? સમજાણું?

એ ‘**પરજીવ ઘાત તો ઉસકી આયુકે અનુસાર હૈ,...**’ તારા પરિણામને અનુસાર નહિ. ‘**પરંતુ ઈસને જબ પરઘાત વિચારા, તબ આત્મઘાતિ હો ચુકા.**’ દાખલો આપે છેને ક્યાંક? અગ્નિનો. હાથમાં અગ્નિ ઉપાડી એના હાથ બળ્યા. પછી નાખે ન નાખે બીજા ઉપર પછી. ક્યાંક છે દાખલો આમાં. આવે છે. ૧૨૫ ગાથા થઈ લ્યો. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ તો આવેને. એ છે એમ દાખલો.

૧૨૬. જુઓ પાછી ભાષા.

૨૫૬) मारिवि चूरिवि जीवडा जं तुहुँ दुक्खु करीसि।
तं तह पासि अणंत-गुणु अवसइँ जीव लहीसि।।१२६।।

‘**આગે ઉસી હિંસાકે દોષકો ફિર નિંદતે હૈં, ઔર દયાધર્મકો દૃઢ કરતે હૈં—**’

'**હે જીવ, જો તૂં પરજીવોંકો મારકર, ચૂરકર...**' દેખો, ચુરી-ભુક્કો, એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, લીલ ફૂગ, વનસ્પતિ, આ દાણાના વેપારમાં એકલા ધનેડા. ધનેડા સમજો છો? ધનુર. ઈતના-ઈતના. ભુક્કા-ભુક્કા. ધંધા કરવાના. અમે શું કરીએ ભાઈ? રળવું પડે છે. બાયડી-છોકરાનો નભાવ કરવો છે. એવા જીવ લાખો ઓહો..હો..!

એક ફેરી માલ લેવા ગયેલા ભાઈ! ઓલી દ્રાક્ષ-દ્રાક્ષ. ભરૂચ. ભરૂચ જોડે છેને આઠ ગાઉ. આઠ. માલ હરવખતે લઈ આવતા. એક પારસીની દુકાન હતી ઓળખીતાની તો ત્યાં લાવતા. તો એને કહી દીધું કે ભાઈ એક આ દ્રાક્ષની પેટી મોકલી દ્યો. એણે એવી મોકલી. દ્રાક્ષ નથી આવતી ઓલી? કાળી આવે છે. એ મોકલી પણ આમ જ્યાં પાટીયું ઉઘાડ્યું અહીં પાલેજ દુકાને આવીને. ત્યાં તો ઈયળું... ઈયળું... ઈયળું... આહા..હા..! અરે! ભરોસો રાખીને જોઈ નહિ, નહિતર તો અમે લઈએ નહિ. આ તો કઈ પેટી આપો છો? કઈ મોકલો છો? શું કહેવાય એ દ્રાક્ષનું નામ? દ્રાક્ષ ન કહેવાય. કીસમીસ. એ આખી પેટી. એ આમ પાટીયું જરી ઉઘાડ્યું આમ નાખીને. ઈયળું... ઈયળું... ઈયળું... અરર! આ વાણિયાના ધંધા! આ થાય? કીધું આ ધંધા ન થાય ભાઈ! ઈયળું એકલી. બહુ પાપ. એ ધંધા ભાવ એવા હોય? બાપુ! જાવ પૈસા જાય તો જવા દ્યો. એ પેટી અહીં નહિ. એમાંથી ઈયળું કેટલા એક આમ. એક-એક દ્રાક્ષે જીવ. ઈયળું ઝીણી એના વર્ણની હોં! એ વરણી! એના વર્ણ જેવી. આખી પેટી. એ લોકો તો દારૂ બનાવે એનો. પારસી ખરાને. બનાવતા હશે. આ તો એકદમ કીધેલુંને એકદમ મોકલી દીધી. અહીં જોઈએ ત્યાં...

કહે છે, એ પર જીવોને મારીને. આ '**ચૂરકર...**' ચૂરો... ચૂરો... ભૂક્કો ઉડી જાય અંદરથી. આહા..હા..! જુઓને, આ રસ્તામાં આ ખટારા ચાલે છેને. ઓહો..હો..! ઉંદર. સમજ્યાને? શેળા. શેળા સમજતે હૈ? શેળા કાંટાળા. ભુક્કા. સર્પો લાંબા-લાંબા, કાંચીડા, દેડકા ચેપાઈ જાય આખા-આખા. એ તો એની સ્થિતિ. પણ બાપા! મારી નાખવાના એના ભાવ. આમ એવી ઝપટથી હલવેને. સામે કોણ પાડી છે કે પાડો છે કે જનાવર છે. ફડાક. ગાય આવી હતીને હમણા નહિ? ભીખાની એક ગાય આવી હતી. જીવે છે કે મરી ગઈ? મરી ગઈ લ્યો! પગમાં એવી અથડાઈ ગઈ. હવે મરે નહિ અને કાંઈ શરીરમાં બીજું નહોતું. તો એમ ને એમ પડી પડી. એવી ઠોકર વાગી ગઈ. તો બીજું કાંઈ નહિ. પગ જ ઓલા થઈ ગયા. હવે આમ શરીર સારું, ખાય, પીવે નિરોગની જેમ. હવે મરવું છે. ચાલવું નહિ તો ક્યાં સુધી રહેશે? મરી ગઈ હમણા. આહા..હા..!

કહે છે કે બીજાને ચૂરીને '**દુઃખી કરતા હૈ, ઉસકા ફલ ઉસકી અપેક્ષા અનંતગુણા નિશ્ચયસે પાવેગા.**' ક્લેષ્ટા છેને એમ કહેવું છે આમ. ક્લિષ્ટ... ક્લિષ્ટ... ક્લિષ્ટ... એનું માપ

વિનાની હિંસા, એનું નામ એ અનંતગુણું ફળ મળશે તને. કીધુંને નારકી કીધું નહિ? બ્રહ્મદત્ત સાતસો વર્ષ રહ્યો. સાતમી નરકે ૩૩ સાગર. એક મિનિટના અસંખ્યાતા અબજ વર્ષ. એક મિનિટનું ચક્રવર્તીપણું અને અસંખ્ય અબજ વર્ષનું સાતમી નરકનું દુઃખ. એણે દીર્ઘ વિચાર કરીને શું છે આ તે? માટે કહે છે હે જીવો! એવા પાપને કરશો નહિ. એ વાત વિશેષ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૧૪, સોમવાર, તા. ૨૮-૦૬-૧૯૬૫**
**ગાથા-૧૨૬-૧૨૭, પ્રવચન-૧૫૮**

૧૨૬ ગાથા એનો 'ભાવાર્થ.' અહીંયા હિંસાની વાત ચાલે છે કે '**નિર્દયી હોકર અન્ય જીવોંકા પ્રાણ હરના,...**' નિર્દય થઈને બીજાના પ્રાણ હરવા. હરવા એ તો વ્યવહારનું કથન છે, પણ જે નિર્દયભાવ થવો એ જ એને ખરેખર હિંસા છે. '**પરજીવોંકા શસ્ત્રાદિકસે ઘાત કરના,...**' પર જીવનો શસ્ત્ર દ્વારા ઘાત. શસ્ત્ર દ્વારાની ક્રિયા થાય, ઘાત થાય એ અહીં પ્રધાનતા વાત નથી, પણ શસ્ત્ર દ્વારા બીજાને ઘાત કરવાનો જે ભાવ છે અથવા પરજીવને જે દુઃખ થાય છે એને જોવાનું જ્ઞાન રાખવું નથી એને. શું કીધું? પરજીવને દુઃખ થાય છે એને જોવાને- એ નથી જોવું કે આ નહિ-આ નહિ. એટલે મારે તે જોવાનું જ્ઞાન પ્રગટ દેખાય છે એમ મારે જોવું જ નથી. એટલે મારું જ્ઞાન ઢંકાઈ જાવ. બીજાને દુઃખ થાય તે જોવું નથી મારે. એટલે મારે... સમજાય છે કે નહિ? વિશેષ કહતે હૈં. '**પરજીવોંકા શસ્ત્રાદિકસે...**' આમ કાપે છે ક્રિયા થાય. એને જે દુઃખ થાય છે એ જોવા માગતો નથી. એટલે આ નહિ એમ નહિ. જ્ઞાનનો નકાર કરે છે કે આમ નહિ. એટલે જ્ઞાનને આવરી નાખે છે પોતે એ એને પાપ છે. સમજાણું કાંઈ?

ફરીને. આમ દુઃખ થાય છેને બીજાને. એ દુઃખ છે તેને જ્ઞેય તરીકે જોવે તો એ દુઃખના પરિણામ દેવાના એને થાય નહિ, પણ આમ દુઃખ થાય છે આકુળતા એને એ મારે જોવું

નથી. એટલે કે મારે એ જ્ઞાન એવું રાખવું નથી એટલે જ્ઞાન એમ નથી જોવું એટલે જ્ઞાન ઢંકાઈ જાવ, એ દુઃખ દેખવાનું જ્ઞાન ઢંકાઈ જાવ. સમજાય છે જરી કાંઈ વાત? ઝીણી વાત છે આ.

'**વહ મારના હૈ,...**' જુઓ, '**ઘાત કરના, વહ મારના હૈ, ઔર હાથ-પૈર આદિસે, તથા લાઠી આદિસે પરજીવોંકા કાટના,...**' આ ક્રિયાની ક્રિયામાં થાય છે એને એ જોવું નથી. એટલે કે જ્ઞાન એવું એને રાખવું નથી. એટલે જ્ઞાનને ઢાંકી જાવ, ઢંકાઈ જાવ, જ્ઞાન અવરાઈ જાવ. એ દુઃખ દેખાય છે... બોકડાને કાપે છે આમ... આમ... આમ... ધ્રુજે-ધ્રુજે. મારે એ જોવું નથી. એટલે કે જ્ઞાન એ જાતનું ઢંકાઈ જાવ. એનું નામ અંદર જ્ઞાનનું આવરણ કરે છે અથવા જ્ઞાનની રાગમાં એકત્વથી હિંસા કરે છે એ એની હિંસા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઊંડા પાણીમાં લઈ ગયા.

ઉત્તર :- ઊંડા પાણીમાં નથી, આ તો સાધારણ વાત હતી. બગસરા ગયા હતા બગસરા. આ બગસરા છેને. ત્યાં ઓલો હતોને કાઠી મોટો. ..વાળા, વાજસુરવાળા એ બધા વ્યાખ્યાનમાં આવતા હતા. એનો દીકરો હતો મોટો. ૪૦ હજારની આવક હતી. આ અમરુભાઈ અમરુ ખાચર બધા આવતા. નામ મોટું તો બધા દરબારો આવે. પછી કહ્યું હતું કે જુઓ ભાઈ! આ પરની હિંસા એટલે શું? (સંવત) ૧૯૮૪ની વાત છે. ૮૪ની સાલ. આ પરને જે દુઃખ થાય છે એની હિંસા એટલે આને એનું શું પાપ લાગ્યું? કે એ ક્રિયા જે થાય છે દુઃખની એનામાં, એ આ જ્ઞાન કહે છે કે મારે એને જોવું નથી. એટલે જ્ઞાનનું આવરણ કરી નાખે છે. જ્ઞાનનું જે જાણવું છે એનો નકાર કરી નાખે છે. એટલે જાણવું આમ ન રહો, જાણવું આમ ન રહો. એટલે જ્ઞાનની દશા બુઠ્ઠી થઈ જાવ. બુઠ્ઠી સમજાય છે? આ કાઠિયાવાડી ભાષા. ..બુઠ્ઠી. બુઠ્ઠી આમ એટલે જ્ઞાન એવું ન રહો જાણવાનું. ઢંકાઈ જાવ. એનું નામ જ્ઞાનની હિંસા છે. પરની હિંસા અહીં લાગતી નથી. પર તો પરપર્યાય છે. એના થતાં દુઃખો અને એનો થતો આમ ઘાત આદિ, એ જોવા જ્ઞાન ના પાડે છે કે... જ્ઞાન જોવે તો એ ક્રિયા કરી શકે નહિ. ... જાય નહિ રાગ.

અહીંયાં જ્ઞાનસ્વરૂપ આત્મા.. જુઓ અહીં કહેશે. અહીં કહેશે જુઓ, '**પરજીવોંકા કાટના, એકદેશ મારના વહ ચૂરના હૈ, યહ હિંસા હી માહ પાપકા મૂલ હૈ.**' શું કરવા? કહે છે જુઓ, કે '**નિશ્ચયનયસે અભ્યંતરમેં...**' જુઓ, '**મિથ્યાત્વ રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રોંસે શુદ્ધાત્માનુભૂતિરૂપ અપને નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...**' જુઓ, આ સિદ્ધાંત છે એમાં. ખરેખર અભ્યંતરમાં એને દુઃખ થાય છે એને જોવું નથી એટલે મિથ્યાભાવ ઉભો કરે છે. એ જ્ઞેય તરીકે જોવે કે આને આ થાય છે. તો તો અહીં એને મારવાનો ભાવ જ ઉભો ન થાય.

પણ મારવાનો એટલે મિથ્યાત્વભાવમાં એ જ્ઞાનમાં જોવું છે આ દુઃખ થાય એ જોવું જ નથી એને. મિથ્યા અભિપ્રાયમાં જ્ઞાનને બુઠ્ઠું નામ હલકું કરી નાખે, હીણું કરી નાખે છે. એ હીણું કરી નાખ્યું મિથ્યાત્વના ભાવમાં એ જ એની હિંસા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એની વાત છે કે નહિ? એની વાત છે. અહીં કીધુંને જુઓને.

'**તીક્ષ્ણ શસ્ત્રોંસે...**' શું તીક્ષ્ણ શસ્ત્ર? કે એ જે દશા થાય તે જોવી નથી. એટલે જ્ઞાનમાં તે રીતે મારે જાણવું નથી એટલે જ્ઞાનનો મારે નકાર છે. જોવાનું જ્ઞાન મારે રાખવું નથી. એટલે કે જોવાનું જ્ઞાન નથી રાખવું એટલે મિથ્યા અભિપ્રાયથી જોવાનું જ્ઞાન ઢંકાઈ જાય છે એને. આ તો અંદર... '**નિશ્ચયનયસે અભ્યંતરમેં મિથ્યાત્વ રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રોંસે...**' બહારના શસ્ત્રની વાત નથી. બહારના શસ્ત્રથી એ ક્રિયા થાય અને આમ ધ્રુજે, બોકડો કપાય. આહા..હા..! એ આમ જોવું નથી મારે. એટલે? કે એ છતી દુઃખની દશા મારે જોવી નથી. એટલે જ્ઞાનમાં જ્ઞાતાપણું ન રાખતા, ન જોવું એટલે કે એનો નકાર કરી નાખે છે. એટલે જ્ઞાનમાં જ્ઞાતાપણાનો નકાર કરીને આત્માને મિથ્યા અભિપ્રાય વડે જ્ઞાનને હણી નાખે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમને હજી કઠણ પડશે. આ તો સિદ્ધાંત જરી અંદરનો છે, ન્યાયનો. સમજાણું કાંઈ?

અહીં કીધુંને. '**અભ્યંતરમેં મિથ્યાત્વ...**' એટલે જ્ઞાનને જ્ઞાનપણે આમ જોવે તો તો મારવાનો ભાવ થાય નહિ, પણ એને દુઃખ થતાં છતાં એ દુઃખ મારે જોવું નથી એટલે જ્ઞાતાપણે રહેવું નથી એટલે જ્ઞાતાનું સવળાપણું કરવું નથી એટલે મિથ્યા અભિપ્રાયથી જ્ઞાનને ઢાંકી દેવું છે. સમજાણું કાંઈ? જરીક મગજને કેળવવું પડે એવું છે આમાં. જેચંદભાઈ!

મુમુક્ષુ :- અહીં કેળવવા માટે તો અમે આવ્યા છીએ.

ઉત્તર :- આવ્યા છીએ. વાત સાચી, વાત સાચી.

કહે છે, આ જ્ઞાનસ્વરૂપ છેને આત્મા? તો જ્ઞાનસ્વરૂપ તો શું થાય? જે થાય તેને જાણે. હવે એ જાણવું તો જેવું હોય એવું જાણેને? અહીં છે તો બીજાને દુઃખ થાય છે એ મારે જોવું નથી. દુઃખ બીજાને થાય છે. આમ બોકડો કપાય છે એને અમારે એમ જોવું નથી. એટલે બીજી રીતે અમારે એને જોવાનો ભાવ મારે ઢાંકી દેવો છે. એટલે જોવું મારે છે નહિ. જોવું નથી એનો અર્થ કે જ્ઞાનનો ઉઘાડ ઢંકાઈ જાવ, અવરાઈ જાવ, બુઠ્ઠો થઈ જાવ. એવો અભિપ્રાય જે અંદર પડ્યો છે એ જ એને હિંસા છે. સમજાણું કાંઈ? અહીં કહ્યું જુઓ, '**રાગાદિરૂપ તીક્ષ્ણ શસ્ત્રોંસે શુદ્ધાત્માનુભૂતિરૂપ...**' જુઓ, કાંઈ શુદ્ધાત્માનુભૂતિ પ્રગટ છે? તો પાઠ તો

એમ લીધો. '**શુદ્ધાત્માનુભૂતિરૂપ અપને નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...**' ઉત્પન્ન થતો નથી. આમ જ્ઞાતા-દૃષ્ટાપણે સ્વને જાણવું અને પરને જાણવું સ્વ-પરપ્રકાશક જ્ઞાતાપણાની પર્યાય રહેવી જોઈએ એમાં શુદ્ધાત્માનુભૂતિ એનું નામ પર્યાય કહેવાય છે. એ શુદ્ધાત્માનુભૂતિની પર્યાય પ્રગટ ન કરતા, બીજાને દુઃખ થાય તે મારે જોવું નથી. એટલે મારું જ્ઞાન મારા મિથ્યા અભિપ્રાયથી હણાઈ જાવ આ એનું નામ નિશ્ચય હિંસા કહેવાય છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? પ્રવિણભાઈ!

વાત એના પોતાની અંદરમાં રમત છે ઊંધી એનું એને પાપ છે. બહારનું ક્યાં? એ તો બહાર ચીજ રહી, વ્યવહાર થયું એ તો. કહે છેને. નિશ્ચયથી અભ્યંતરમાં મિથ્યા અભિપ્રાય એટલે જાણવું, પરને દુઃખ થાય એ મારે જોવું નથી. પર હેરાન થાય એ દુઃખ મારે જોવું નથી. એટલે મારા જ્ઞાનનો વિકાસ એટલો રાખવો નથી. એટલે કે એ વિકાસમાં મિથ્યા અભિપ્રાય દ્વારા એ વિકાસપણે મારે રહેવું નથી. એવા મિથ્યા અભિપ્રાયથી જ્ઞાનનો હિંસા (થાય છે) અને જ્ઞાનના ભાવની પર્યાય અનુભૂતિની પ્રગટ થવી જોઈએ એને હણે છે અને મિથ્યા અભિપ્રાયનું જ્ઞાન ત્યાં પ્રગટ ઉભું થાય છે. સમજાણું કાંઈ? સમજમેં આતા હૈ? મોતીરામજી! આ થોડો વાણિયાને તો વિચાર કરવો જોઈએ. વેપારી-વાણિયાને આ ન સમજાય એમ હોય?

જુઓ, શું કહે છે? '**નિશ્ચયસે...**' એટલે સ્વની અપેક્ષાએ જોઈએ તો અભ્યંતરમાં મિથ્યાત્વ એટલે સામાને દુઃખ થાય છે એ જોવું નથી એવો અભિપ્રાય તે મિથ્યાત્વ છે. અને રાગાદિ અને પ્રેમમાં એકાકાર થઈ ગયો છે દુઃખ દેવામાં. તીક્ષ્ણ શસ્ત્ર, એવું જે મિથ્યાત્વ અને રાગનું તીક્ષ્ણ શસ્ત્ર એ '**શુદ્ધાત્માનુભૂતિરૂપ અપને નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...**' પોતાના શુદ્ધાત્માનુભૂતિના પ્રાણ પ્રગટ થવા જોઈએ તેને પ્રગટ કરતો નથી અને હણી નાખે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જુઓ! '**નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...**' તો નિશ્ચય પ્રાણ-ધ્રુવપ્રાણ છે એ હણાય છે? ત્રિકાળ હણાય છે? ત્યારે પર્યાય તો પ્રગટ છે નહિ. ત્યારે છતાં એમ કહ્યું '**શુદ્ધાત્માનુભૂતિરૂપ અપને નિશ્ચય પ્રાણોંકો હત રહા હૈ,...**' પાઠ જુઓ તો એવું છે કે નિશ્ચય પ્રાણ એટલે જાણે હોય અહીં પ્રાણ પર્યાયમાં અને એને હણે છે. શબ્દ તો આમ છે.

મુમુક્ષુ :- એનો અર્થ સમજવો જોઈએ.

ઉત્તર :- પણ અર્થ સમજવો જોઈએને કે ભગવાન આત્મા જ્ઞાતા શુદ્ધાત્માનુભૂતિ એટલે કે પરને દુઃખ થાય તેને પણ જાણે, પોતાને જાણે એવી દશા જો હોય તો સ્વસન્મુખ થઈને શુદ્ધ અનુભવની પરિણતિ તેને પ્રગટ થાય. પણ એ શુદ્ધ અનુભવની પરિણતિ નથી કરતો. કેમકે બીજાને દુઃખ થાય એ મારે જોવું નથી. જ્ઞાતાપણે, શુદ્ધાત્માનુભૂતિપણે સ્વને, પરને જાણવાની

ક્રિયાપણે મારે રહેવું નથી. એના જ્ઞાનના પ્રાણને મિથ્યા અભિપ્રાય દ્વારા દુઃખ જોવું નથી એટલે જ્ઞાનને બુઠ્ઠું કરી નાખે છે. એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના શસ્ત્ર દ્વારા શુદ્ધાત્માનુભૂતિને હણી નાખે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ કાંઈ નથી એને. હિંસા-બિંસા નથી એને. એને હિંસા છે જ નહિ. રાગાદિ થાય એને જાણે છે અને પરની ક્રિયા થાય એને જ્ઞેય તરીકે જાણે છે. હિંસા-બિંસા નથી. થોડો જરી રાગ છે એને અહીંયાં હિંસા ગણવામાં આવી નથી. કહો, સમજાણું કાંઈ? રાગમાં એકત્વ નથી અને પરની ક્રિયાને જોવામાં એનું જ્ઞાતાપણું નાશ થતું નથી. ધર્મી જીવને રાગમાં એકત્વ નથી અને પરને જોવામાં એકત્વ થતો નથી. બરાબર જોવે છે જેમ છે તેમ. જ્ઞાનને જ્ઞાતાપણે. સ્વને જાણતા પરને જાણવાનું કામ સદા નિરંતર થયા કરે છે, એનું નામ સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય. સમજાણું કાંઈ? પરપ્રકાશક થયુંને આમાં ભાઈ! સ્વને ન જાણ્યું જ્ઞાતા છું, પરને ન જાણ્યું સામે દુઃખ છે એને જાણવું જોઈએ એમ નથી. એટલે સ્વપરપ્રકાશક જ્ઞાનનું એણે ઢંકન કરી નાખ્યું અંદર, આવરણ કરી નાખ્યું. સમજાણું કાંઈ? મૂળ નિશ્ચયની વાત આવે ત્યાં માણસને એવું થઈ જાય અંદર. આ સમજાય કે એ મરી ગયો, પાપ લાગ્યું, એ બચ્યો એને પુણ્ય લાગ્યું. હવે એ તો વાત જ ખોટી છે બધી. એ બચ્યો માટે પુણ્ય થયું અને મરી ગયો માટે પાપ, વાત જ ખોટી છે. એ તો એના પોતાના ભાવ ઉપર પુણ્ય-પાપ છે. કે અહીં મરવા.. અહીં કહેશે. **'પરજીવકા ઘાત હો યા ન હો...'** ઉસકી આયુ બાકી રહ ગઈ હો, તો નહીં માર સકતા. ન મરે. હવે આવશે. આમાં પણ આવશે. પરની સાથે એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે વ્યવહાર. એ વાત સિદ્ધ કરશે આગળ. પ્રાણ પોતાના છે કે નહિ? અભેદ છે કે ભેદ? સિદ્ધ કરશે આગળની ગાથામાં. વ્યવહારે અભેદ કહેવાયને? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને.

અહીં તો કહે છે કે તારો જ્ઞાન જ્ઞેય નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શું? એ જ્ઞેય, આ જ્ઞાન એવો સંબંધ છે. હવે એ ઉપરાંત તું સંબંધ એવો કરે છો કે એ દુઃખ થાય, કપાય આમ રાડ નાખે, મારા જ્ઞાનને એ રીતે જોવું જ નથી, એટલે મારે જ્ઞાતાપણે રહેવું નથી. એટલે મારા જ્ઞાનની પર્યાય ઢંકાઈ જાવ, હું આંધળો થઈ જાઉં, હું આંધળો થઈ જાઉં, મારા જ્ઞાનમાં અંધાપો આવી જાવ. બીજાના દુઃખને જોવા માટે મને અંધાપો આવી જાવ. બસ! એ અંધાપો આવવો એનું નામ મિથ્યા અભિપ્રાય અને એનું નામ શુદ્ધાત્માનુભૂતિને હણવાનું શસ્ત્ર છે. સમજાણું કાંઈ?

**'ક્લેશરૂપ કરતા હૈ,...'** દેખો, કોને ક્લેશરૂપ કરે છે? પોતાને. પોતાના પર્યાયમાં જ્ઞાનની

દશામાં ધીરજથી સ્વને જાણવું અને પરને જેમ હોય તેમ જાણવું એવી દશા ન પ્રગટ કરતા, સ્વને જાણવું નહિ અને પરને દુઃખ થાય તેને જાણવું નહિ. એટલે પોતાની દશામાં અંધાપો ઉભો કરે છે. એ અંધાપો ઉભો કરે તે મિથ્યાત્વનો ક્લેશભાવ છે. એનું નામ હિંસા છે. ભારે ભાઈ! મૂળ સત્ય નિશ્ચય જે છે એ સત્ય છે અને વ્યવહાર તે બધા ઉપચારની જ્ઞાન કરવાવાળી (વાત છે). હવે એ વાત મૂળ નિશ્ચય ન સમજાય તો એને વાસ્તવિક વ્યવહારનું પણ જ્ઞાન સાચું હોઈ શકે નહિ. ભાષા કેવી છે? ટીકામાં પણ એમ આવ્યુંને ભાઈ! ૬૯-૭૦માં પણ. કર્તા-કર્મમાં. ત્યાં એ આવ્યું હતું. સમજાણું? ભાષા તો એમ જ આવેને. શું આવે? એમ જ હોયને પણ.

મુમુક્ષુ :- પોતાના જ્ઞાનભવનમાત્ર...

ઉત્તર :- સ્વભાવને છોડી દે છે. જ્ઞાનભવન દેખો.

'**જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરીને...**' એટલે શું? જુઓ, શું કહે છે? '**હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર...**' જાણવું... જાણવું... જાણવું... જાણવું... સ્વપરપ્રકાશક જાણવું એવી સહજ ઉદાસીન '**અવસ્થા તેનો ત્યાગ કરીને...**' હવે અવસ્થા પ્રગટ છે તેનો ત્યાગ કરે છે? સંસ્કૃત પાઠ તો આવો છે. પણ પાઠનો અર્થ સમજવો જોઈએને. '**અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે...**' આમ જ્ઞાનભવનરૂપ પોતાની પરને જાણવાની જે દશા, ઉદાસીન દશા એને નહિ પ્રગટ કરતો એટલે કે તેનો ત્યાગ કરતો એટલે કે અવસ્થા પ્રગટ નહિ કરતો એટલે કે એની અવસ્થાનો ત્યાગ કરતો, એમ. એ પ્રગટ કરતો નથી એનું નામ અવસ્થાનો ત્યાગ કરે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ આમાં! કેટલી વાત આચાર્ય મહારાજે મૂકી છે જુઓ!

'**ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી, ક્રોધરૂપ પરિણમે છે, રાગરૂપ પરિણમે છે, મોહરૂપ પરિણમે છે. હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' પોતાના અજ્ઞાનભાવને લીધે. કર્મને-ફર્મને લઈને નહિ. '**જ્ઞાનભવનમાત્ર...**' આમ જ્ઞાનનું થવું, જાણવું, દેખવું થવું, સ્વ-પરને જાણવા-દેખવાનું થવું એવા જે જ્ઞાનભવનમાત્ર પ્રવર્તનથી. સમજાણું? અવસ્થા. જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરીને. એટલે શું? હવે એનો અર્થ શું? આ તો સંસ્કૃત આમ છે. ભગવાન આત્મા આમ સ્વ-પરને જાણવાની પર્યાયરૂપ જ્ઞાનભવન એ નથી કરતો અને ક્રોધ, માન, માયા મિથ્યાત્વ અભિપ્રાયમાં એકાકાર થઈને એના રૂપે થઉં છું એવું કરતો એ શુદ્ધાત્માનુભૂતિની અવસ્થાનો ત્યાગ કરી દે છે. સમજાણું કાંઈ?

ભાષા ભાઈ! શાસ્ત્રની ભાષામાં પણ અંદર ગૂઢપણું છે. એમ ને એમ આ લખ્યા કહે છે. આ લખ્યું. ભાઈ! કઈ અપેક્ષાએ લખ્યા એનો અર્થ સમજ્યા વિના? આ શાસ્ત્રમાં લખ્યું જુઓ. લ્યો એક જણો કહે છે. જુઓ આ વ્યવહારે મારી નાખે એમ લખ્યું. મારી નાખે એમ લખ્યું છે કે નહિ? મારી-ચુરી જુઓ આમાં ન આવ્યું? લ્યો આ લખ્યું છે લ્યો! પંડિતજી! બડે પંડિતકો યહાં રખા અબ. '**मारिवि चूरिवि**' લખ્યું એટલે મારે, પણ ભાઈ! સમજ તો ખરો.

મુમુક્ષુ :- એક ઠેકાણેથી ખબર ન પડે, બીજે ઠેકાણે.. તો અનેકાંત થાયને.

ઉત્તર :- અનેકાંત તે કાંઈ... સ્વપણે મારી શકતો નથી, પણ મારી શકે છે એમ કહેવામાં આવે છે એનું નામ અનેકાંત છે. પણ તું અહીં જો. અહીં ભાષા એ જ છે અને ત્યાં એક જ વાત છે કર્તાકર્મની. અહીં પણ ત્યાગ કરીને (કહ્યું છે), લ્યો.

'**જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે;...**' આમ આનું હું કરું, આનું હું કરું છું એવો અજ્ઞાનભવનનો એ કર્તા થાય છે. આમ જ્ઞાનભવન અવસ્થાને ઉદાસીનને છોડી દે છે. છોડી દે છે એનો અર્થ પ્રગટ કરતો નથી. શું થાય પણ? જે નયનું જે અપેક્ષાએ કથન છે એને કહે જુઓ આચાર્ય આ જૂઠું બોલ્યા. સહજ અવસ્થાનો ત્યાગ કરીને.

મુમુક્ષુ :- પછી કહે કે આચાર્યને માનતા નથી. બધા આચાર્યનું માનતા નથી.

ઉત્તર :- અરે ભગવાન! આચાર્ય તો મોટા સંતો, મહામુનિઓ છે. કોઈને કઈક વિકલ્પ આવ્યો, દ્રવ્યાનુયોગની પદ્ધતિ કોઈને કંઈક આવી. મહામુનિઓ છે. દ્રવ્યાનુયોગ કહે, ચરણાનુયોગ કહે, પણ મુનિઓ છે. એની કથનની પદ્ધતિનો આશય શું છે એ આશય ન સમજે તો તો એના હૃદયને સમજી શકે નહિ. પ્રવચનસારમાં કહ્યું છેને છેલ્લું? શાસ્ત્રના હાર્દને જે ઠેકાણે જે કહ્યું તેને ન સમજે તો એના અર્થ નહિ સમજી શકે. પ્રવચનસારમાં છેને પાછળ. હાર્દ-હાર્દ વાપર્યો છે. હૃદય એનું, શાસ્ત્રનું હૃદય. સમજાણું? જે ઠેકાણે જે કહેવું છે. છેને એ? ચરણાનુયોગમાં છે નહિ ક્યાંક? કેટલામાં? પહેલા અધિકારમાં. ઠીક! ૮૬. હા એ બરાબર ૮૬. જુઓ! '**જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે એવા જીવને, જે સર્વજ્ઞોપજ્ઞ હોવાથી સર્વ પ્રકારે અબાધિત છે એવા શબ્દ પ્રમાણને પ્રાપ્ત કરીને ક્રીડા કરતાં, તેના સંસ્કારથી વિશિષ્ટ સંવેદનશક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં, સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્ભેદ દેનારા પ્રત્યક્ષ પ્રમાણ વડે...**' પહેલું પ્રત્યક્ષ લીધું છે. સહૃદય સહૃદય. સહૃદયનો અર્થ '**ભાવુક; સામાના ભાવોને કે લાગણીને સમજી શકનાર; શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવને હૃદયમાં ગ્રહનાર; બુધ; પંડિત.**' આટલા અર્થ છે. શબ્દકોષમાં આટલા

છે. એનું નામ બુધ અને એનું નામ પંડિત-સહૃદય. એ જ્ઞાનીના કાળજાના હૃદયને જાણનારો. ક્યે વખતે ક્યાં કેમ કહેવું છે તેના ભાવના તે પ્રસંગને, આ પ્રસંગમાં શું કહેવું છે એને જાણનારો એને સહૃદય કહેવામાં આવે છે. સંસ્કૃત છે. સમજાણું? સહૃદય છે સંસ્કૃત. આ વાત તો અંતરની અધ્યાત્મવિદ્યાની વાત છે. એ કાંઈ એકલા શબ્દો, સંસ્કૃત અને વ્યાકરણના એકલા શબ્દોથી પાર પડે એવું નથી.

કહે છે... અહીં તો ચોખ્ખી વાત કરી. નિશ્ચયથી તો એણે પોતાના શુદ્ધાત્માનુભૂતિરૂપ પ્રાણને હણી નાખ્યા છે. ત્યારે કોઈ કહે કે હણે ક્યારે કહેવાય? હોય એને હણેને? હોય એને હણેને? તો અહીં તો નથી. પણ એ હોય એનો અર્થ? શુદ્ધ ચિદાનંદનો સ્વભાવ હોય છે ત્રિકાળ એને અવલંબે જે સ્વપરપ્રકાશક અનુભૂતિ પ્રગટ થવી જોઈએ, એમ ન કરતાં પ્રાણનો ઘાત કરીને, મિથ્યાત્વને સેવીને એ અનુભૂતિ પ્રગટ કરતો નથી એને 'હણે છે' એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલો એક કર્માનંદ નહોતો કહેતો ભાઈ! કર્માનંદ? એ કર્મથી સિદ્ધ થાય નહિતર આચાર્યો ખોટા પડશે. વળી એવું લખતા. ઓલા ભાઈ હતાને પંડિતજી! કર્માનંદી.

મુમુક્ષુ :- ..નવી ખોજ.

ઉત્તર :- હા નવી ખોજ. ઉંધું બધું કાઢ્યું. વળી ત્યાં સુધી લખી નાખ્યું હતું કે જો આ પ્રમાણે પર્યાય પરથી ન માનો તો આચાર્યો ખોટા પડશે. પણ તને જ શ્રદ્ધાનું ભાન નથી. આચાર્ય તો સાચા જ છે. આચાર્યે જે અપેક્ષાએ કહ્યું. પરથી પર્યાય થાય... પરથી પર્યાય થાય... એમ ઓલા ઈશ્વરનો માનનાર હતોને ખરો પહેલો? આવી ગયો, પણ આ વાત એને ... નહોતી બિલકુલ બેઠેલી. એ તો બીજી રીતે ઠગ હતો. છોડી દીધું છેલ્લે. જૈન પરમેશ્વરના હૃદયને એ સમજવા નહોતો આવ્યો કાંઈ. મોટપ લેવા આવ્યો હતો. એણે જાણ્યું કે મોટપ ન મળી તો છોડી દીધું. એણે કહ્યું, એક પર્યાય બીજી પર્યાયથી ન થાય એમ હોય તો આચાર્યોના લખાણ પૂર્વાપર વિરોધ આવશે. એમ લખ્યું હતું એણે. અરે ભાઈ! એ તો વ્યવહારના કથન હોય એને તે કાર્ય કાળે કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. પરને લઈને પરની આ, આને લઈને આ, આ સત્‌ને લઈને આ સત્, આ સતને લઈને આ સત્ એક અંશ એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા શુદ્ધાત્માનુભૂતિ નામ સ્વને, પરને જાણવાની પર્યાયનો પ્રગટ કરનાર એનો સ્વભાવ તો એ છે. ગુણ તો એ છે, પણ એ રીતે પ્રગટ ન કરતા જ્ઞાનનો અંધાપો પ્રગટ કરે છે. એને દુઃખ થાય, ક્લેશ થાય, મારી નાખે, પીલી નાખે રાડ... રાડ... ચામડા ઉતરડી નાખે. એ જ્ઞાનનો અંધાપો—મારે એ જોવું નથી એટલે એ જ્ઞાનનો અંધાપો

થઈ જાવ. એ જ્ઞાનનો અંધાપો એટલે મિથ્યાભાવથી જ્ઞાન ત્યાં હણાઈ જાય છે. એને અહીંયા નિશ્ચય હિંસા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ બિચારા ઓલા દરબાર હતાને. દરબાર કહે, આ શું કહો છો તમે? મહારાજ! અમરુભાઈ બહુ પુણ્યવાળો હતો. ઉપજ તો ૪૦ હજારની પણ પુણ્યશાળી બહુ. દેખાવ બહુ.

મુમુક્ષુ :- એ ઓલો દાખલો આપ્યો હતો એ ..

ઉત્તર :- હા, ત્યાં કીધો હતો. એ દાખલો. એક દરબાર હતા. આ બગસરા છેને કાઠી. પછી વ્યાખ્યાનમાં આવેને. નામ તો પ્રસિદ્ધ એટલે ઘણા આવે, પણ જરી ઝીણી વાત પડે. પછી ભિક્ષા માટે અમને ત્યાં આમંત્રણ કર્યું હતું. મહારાજ મારે ત્યાં ભિક્ષા માટે (આવો). ભિક્ષા માટે ગયા પણ ત્યાં એનું રસોડું હોય ત્યાં તો માંસનો ખોરાક હોય એટલે એ રસોડું નહિ, એક બ્રાહ્મણનું રસોડું જુદું હતું. એનું જુદું. ત્યાં રસોડે,.. પણ મેં વ્યાખ્યાનમાં એક દાખલો આપેલો. એ દાખલો એની માને કહ્યો ઘરે જઈને. સોનાના તોડા પહેર્યા ઓલા કાડલા ને બધા. ગૃહસ્થ ખરાને. મોઢા આગળ પોલીસો મોટા બંધુકવાળા. એને ખબર કે મહારાજ હમણા આવવાના છે. પછી અંદર એની માને કહે, મા! આ મહારાજે એક દાખલો આપ્યોને, એ બહુ સાંભળવા જેવો છે. ત્યાં દાખલો આપ્યો હતો કે જો ભાઈ! એક હતો કરોડપતિ માણસ. એને ઘરે એક થયો દીકરો. માંડ માંડ થયો ૬૦ વર્ષે. આમ કુણો ઘેવર જેવો, કુણો ઘેવર જેવો. એ કરોડપતિ માણસ નાસ્તિક. પરલોક-બરલોકને માને નહિ, પાપને માને નહિ. એમાં એ છોકરો જન્મ્યો એટલે બધા રાજાને ખબર પડી, રૈયતને ખબર પડી. પહેરામણી કરવા આવેને. રાજાને ખબર પડી. અભિનંદન દેવા આવ્યો. એમાં રાજાએ છોકરાને આમ જોયો. આમ કુણો ઘેવર જેવો. કુણું ઘેવર સમજતે હૈ ન? બહુ નરમ-નરમ, મુલાયમ-મુલાયમ. મુલાયમ ભાષા. આમ તાજું જન્મેલું મુલાયલ. એટલે રાજાને વિચાર થયો કે મારે તો આના કટકા કરીને ખાવું છે આજે. દૃષ્ટાંત મૈંને દિયા. સુનો, કીધું. એ માણસ નાસ્તિક છેને? માનતો નથીને કાંઈ? સાંભળો.

એ રાજાએ એમ કહ્યું. રાજા મોટો અધિપતિ અને આ તો એની પ્રજા ખરીને. ભલે દીકરો થયો, પાંચ કરોડનો આસામી પણ એની પ્રજા. ઓલો કહે કે મારે તો આ છોકરાને આજે તોળા કરીને ખાવા છે. તોળા સમજ્યા? કટકા. એ લોકોની ભાષા છે. કટકા તેલમાં તળીને ખાય એનું નામ તોળા કહેવાય. આના તોળા ખાવા છે. ઓલો કહે છે, અરરર! અરે મહારાજા! આમ ન થાય. આમ ન થાય, મહાપાપ લાગે. પાપ લાગે? આ હું જુઓ એકદમ તમારા દીકરાનું નામ સાંભળીને આવ્યો. ભૂખ્યો છું, મેં ચા પણ પીધી નથી અને દૂધ પણ પીધું નથી. ભૂખ લાગી છે મને. અને એ ભૂખ લાગી છે, એને કાપીને ખાઉં તો ભૂખ મટી જશે. તું કહે છે કે પાપ. હું કહું છું કે પાપમાં દુઃખ મટે? આ કાપીને ખાઈશ તો હમણા દુઃખ

મટી જશે. અરેરેરે! એમ ન મટે. પણ મટે છે અને ન મટે શું? પ્રત્યક્ષ છેને. આમ ભૂખ લાગી છે મને પેટમાં. અને આ નાનો કુણો ઘેવર જેવો છોકરો છે. કટકા કરીને ઘીમાં તળીને અહીં ખાવા છે. ભજીયા કરીને ઉંચા તળે. ભૂખનું દુઃખ આને મારી નાખ્યા પછી પેટમાં પડવાથી મટશે. તું પાપ-પાપ કરે પણ અહીં દુઃખ મટે છે. ઓલો કહે પણ હું એમ માનું નહિ. તું કહેતો હતોને કાંઈ માનું નહિ? નાસ્તિક હતોને. આ પાપ લાગશે એ ક્યાંથી આવ્યું તને કીધું આ? કહે, ના, ના, સાહેબ એ તો પાપ લાગે. પાપ લાગે શેનું? તું માનતો નહોતોને. અને હું તો બીજી રીતે કહું છું. એ તો મને પાપ લાગે. તો તો અહીં દુઃખ કેમ મટે? ભૂખ લાગી છે એમાં પેટમાં પડતા દુઃખ મટે કેમ લાવો ન્યાય. બાપુ! એમ ન જોવાય.

એ ક્ષુધા ટળી છે એ તો વર્તમાન પૂર્વના કોઈ શાતાના ઉદયને લઈને ટળી છે. એથી એ દુઃખ મટ્યું એ માંસના પરિણામ મારવાના કર્યા અને માંસ આવ્યું માટે દુઃખ મટ્યું એમ નથી. એનો વિચાર ધીરેથી કરવો પડે. એ માંસ આવ્યું અને દુઃખ મટ્યું એ તો શાતાનો ઉદય હતો એટલે મટ્યું છે. અને મારવાના જે પાપ છે એ તો કાળાકેર કર્યા એના પરિણામના ફળ આવશે અને નરક-નિગોદમાં જાવું પડશે. દરબાર કહે કે આહા..હા..! ન્યાય કરો, કીધું, આ વિચાર કરો. ઓલો નાસ્તિક હતો કે પાપ ન માને. એ રાજા કહે પણ ખાવું છે. ભાઈસાહેબ પાપ. તું કહેતો હતોને પાપ નથી? હું પાપને માનતો નથી તો ક્યાંથી પાપ આવી ગયું? અને હું તો એમ કહું છું કે તું પાપ કહે છો, પણ મને તો અહીં ધર્મ થાય છે, સુખ થાય છે. માંસ ખાવાથી સુખ થાય છે. એમ ન હોય... એમ ન હોય... કેમ ન હોય? પણ પ્રત્યક્ષ થાય છેને. ભાઈ! એમ ન જણાય. એ ત્રિરાશી એમ ન મૂકાય. એના સરવાળા ન્યાયના મૂકાય. એ અત્યારે જે ક્ષુધા મટે છે એ માંસનું નિમિત્ત પડ્યું એ તો પૂર્વની શાતાના ઉદયને લઈને થયું છે. નહિતર તો ત્યાં અજીર્ણ થઈ જાત. પણ જે અત્યારે મારવાના પાપભાવ કર્યા, એનાથી આ દુઃખ મટ્યું છે એમ નથી.

એટલે એની માને કહે, બા! આ મહારાજે એક આવો દાખલો આપ્યો હતો. કહે, સંભળાવોને અમારી માને. બેઠા હતા બિચારા. એ તો વૃદ્ધ હતા. કીધું આમ છે, બા! આ વસ્તુ છે ભાઈ! તત્ત્વની વસ્તુ એવી છે કોઈ કે આમ બીજાને દુઃખ ન માને, પાપ ન માને.. એ તો એમ જ કહે કે જુઓ મને પાપ. મેં તો પછી બીજા બે-ચાર દાખલા આપ્યા હતા. બીજો વનસ્પતિનો. ભૂખ લાગી હોય અને વનસ્પતિ કાપીને ખાય. તો એ કહે કે મને જુઓ દુઃખ મટી ગયું, વનસ્પતિ કાપીને ખાધી માટે. ઓલો કહે માંસ કાપીને ખાધું માટે દુઃખ મટી ગયું. બીજો કહે ઈયળું આ જીવડા, આ ચકલા થાય છેને ચકલા. ચકલાની ઝીણી-ઝીણી જીભું કાઢે. ઝીણી જીભું સમજ્યા? આ. આ રાજકુમાર હોયને. રાજકુમારની ભાષા ન હોય ચોખ્ખી તો એ ચીડીયાની

ઝીણી-ઝીણી જીભું. હજારો ચકલાને મારી આ જીભના કટકા કરે, પછી એને ઉકાળીને પાય છોકરાને એટલે જીભ થાય સારી. અવાજ થાય. છેને એ બધું સાંભળેલું છેને. કીધું એલા! આ જીવના આવા પાપ કરીને આ સારી જીભ થઈ? વિચાર તો કરો કાંઈક. આવા કાળા કેર કરીને આ જીભનું સારું થયું? આ તો પરિણામ ભૂંડા કાળાકેરના આત્માના હિંસાના કર્યા છે એણે. અને અહીંયા મટ્યું છે એ તો બાપા! પૂર્વની શાતાનો ઉદય હતો એ ત્યાં મટવાની ક્રિયા થઈ છે. એને મારી નાખવાના પરિણામ અને આ ક્રિયા થઈ માટે મટ્યું છે, એમ નથી ભાઈ! એમ સીધા અર્થ ન થાય. જેમ એનો અર્થ હોય એમ અર્થ થાય.

એ તો બિચારો ઢીલો પડી ગયો. માંસ-બાંસ ખાતા હોય ખરાને એ લોકો. એમ ન હોય. સત્ય વસ્તુ હોય એને સત્ય સમજો, કીધું. આ અંદરમાં હિંસા થાય છે છતાં સુખ... આ મારું દુઃખ મટી જાય છે. એક કહે કે શક્કરકંદ ખાઈને મારું દુઃખ મટાડું એક કહે કે એકેન્દ્રિય વનસ્પતિ ખાઈને દુઃખ મટાડું, એક કહે કે પંચેન્દ્રિય ખાઈને મારું દુઃખ મટાડું, એક કહે કે જૂઠું બોલીને પૈસા મેળવીને મારું દુઃખ મટાડું. અને મટે છે પ્રત્યક્ષ. તો એનો અર્થ શું? સમજાણું કાંઈ? બરાબર છે? એનો અર્થ શું? જૂઠા બોલે અને પાંચ લાખ, દશ લાખ પેદા કરે છે. શું છે આ? જૂઠા બોલવાનો ભાવ તો એની પાસે રહ્યો. એના ફળમાં પૈસા મળે છે? બાપુ! એનો ન્યાય છે. પૂર્વના શાતાનો ઉદય હોય પુણ્ય તો એને લઈને પ્રાપ્ત દેખાય છે અને પરિણામ જે પાપના કર્યા છે એના તો નવા બંધન આકરા (પડે છે). એમ ન લેવાય કે હું જૂઠો બોલ્યો માટે પૈસા મળ્યા, માંસ ખાધું માટે મને દુઃખ મટ્યું. સમજાય છે? આ કંદમૂળ ખાધા માટે દુઃખ મટ્યું. તમે કહો કે કંદમૂળમાં જીવ છે... કંદમૂળમાં જીવ છે. અરે ભાઈસાહેબ! અનંતા જીવ હો બટાટામાં. ખાશો તો પાપ લાગશે. પાપ શેના લાગે? આ ક્ષુધા લાગી જુઓ. આલુ. આલુ કહે છેને બટાટાને? ઘીમાં તળીને (ખાય). ઝીણા-ઝીણા કરે છેને પતરી-પતરી. આલુની પતરી કરે છેને. (આ ખાધી), દુઃખ મટી ગયુંને. અરે...! સાંભળ રે સાંભળ. મરી જઈશ. એ તો ભૂખ જે મટી છે એ તો પૂર્વના શાતાનું નિમિત્ત (હતું) માટે મટી છે. આ કંદમૂળના અનંતા જીવ મારીને ખાધા માટે અહીં મટી છે એમ નથી. પહેલા એના અર્થ સમજવા પડશે કે નહિ? લખ્યા હોય શાસ્ત્રમાં ઘણા પ્રકાર. સમજાય છે કાંઈ? દરબાર કહે, વાત સાચી લાગે છે હોં કાંઈક આમાં.

અહીં એમ કહે છે આચાર્ય. એય..! લોજિક છે કે નહિ આ? કે એલ.એલ.બી. છે તમારે ત્યાં? ભગવાનના ઘરમાં લોજિક આખું ભર્યું છે તત્ત્વ. સર્વજ્ઞ ઉપજ્ઞ ન આવ્યું? ઓલામાં ન આવ્યું? ઓલામાં આવ્યુંને. એ જ ગાથામાં આવ્યું. ત્રિલોકનાથ ભગવાન સર્વજ્ઞે જોયું એવું એણે કહ્યું, એમાં બધી વાત ભરેલી છે. પરમાત્માના શાસનમાં કોઈ વાતની ખામી નથી. એ

ભગવાન કહે છે કે ભાઈ! બીજાના પ્રાણ હણવા-ન હણવા એ કાંઈ તારા અધિકારની વાત નથી, પણ એના હણાય અને દુઃખ થાય એ વખતે તારું જ્ઞાન જોવા માગતું નથી એ જ્ઞાનનો અંધાપો કરવા માગે છો. જ્ઞાનમાં અંધારું લાવવા માગે છો? બસ! જ્ઞાનનું અવરાઈ જવું એ જ મિથ્યાત્વભાવથી આત્માની હિંસા છે. અરે! કહો, સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહિ? એય..! હિંમતભાઈ!

'**ક્લેશરૂપ કરતા હૈ, ઉસકા ફલ અનંત દુઃખ અવશ્ય સહેગા.**' કેમ? કે એકલું દુઃખ જોવા નથી માગતો એવા ત્રણ કાળના દુઃખી પ્રાણીને તારું જ્ઞાન જાણવાલાયક છે. એ જાણવાલાયક એ રીતે સર્વજ્ઞ સ્વભાવી અથવા જાણવાલાયક તારું માનતો નથી અને એવા અનંતા દુઃખનો નકાર કરે છો તો તારા જ્ઞાનમાં મહાહિંસા થઈ છે, એના ફળમાં અનંતુ દુઃખ તને ભોગવવું પડશે. એ મફતનું નથી કાંઈ. સમજાણું કાંઈ? '**ઈસલિયે હે મૂઢ જીવ, પરજીવોંકો મત માર,...**' એનો અર્થ કે એ ભાવ તું કર નહિ. એમ એનો અર્થ છે. મારી કોણ શકતું હતું? નીચે કહેશે. એ તો એનું આયુષ્ય હોય તો ન મરે અને તું મારવા ન માગ તોય મરી જશે આયુષ્ય નહિ હોય તો.

નહોતું કહ્યું એક છોકરાનું? આ બે ભાઈઓ હતા. નાનો છોકરો બહુ માંદો રહી ગયો. બે ભાઈ સગા. ઘરમાં કોઈ નહિ. બે છોકરાઓ સમજ્યાને? બે લડકા. પછી નાનો બહુ માંદો રહ્યો. તો એણે બહુ સેવા કરવી પડે મોટાને. પછી અમને વાતું તો કરેને બધા ખાનગી. એ તો મરી ગયા. .. ખાનગી વાત કરે કે મહારાજ! મેં એવા પાપ કર્યા છે. શું છે? મારો નાનો ભાઈ બહુ માંદો હતો, બહુ તણાણું તો હું બે રૂપિયાનું ઝેર લઈ આવ્યો અને ભાઈને આપ્યું. મર્યો નહિ. મર્યો નહિ કહે. પંડિતજી! પછી? કે મેં પાચ-દશ દિવસ જવા દીધા. પાંચ-દશ જવા દીધા, પાંચ-દશ દિવસ જવા દીધા. પછી પાંચ રૂપિયાનું લઈ આવ્યો ઝેર. નાખ્યું. મરી ગયો. સેવા કરવામાં બે જણા ઘરમાં, કોઈ ન મળે અને કંટાળી ગયેલો મોટો. એટલે નાના... સમજાય છે? ..ભાઈ! બધી વાતું અમારે તો બધી ઘણી આવેલી હોયને ચારેકોરની. ખાનગી કોઈ આવે, કોઈ ગુપ્ત વાત આવે, કોઈ કાંઈ કહે. અને વાત બિચારો કરતો હોં! કે આમ મેં કર્યું છે. છતાં એને ઓરતો અંદર નહોતો. ફક્ત એ વાત કહેતો હતો એટલું. અંદર ઓરતો નહોતો કાંઈ. ઓરતો સમજ્યાને? શું કહે? ખેદ, પશ્ચાતાપ અંદર નહોતો. ફક્ત એમ કહે આવું કર્યું. મારા ભાઈને મેં બે રૂપિયાનું ઝેર આપ્યું તો ન મર્યો, પછી પાંચ-સાત દિવસે પાંચ રૂપિયાનું લઈ આવ્યો. પાયું પછી મરી ગયો. લ્યો આયુષ્ય હતું તો બે રૂપિયાના ઝેરે ન મર્યો. આયુષ્ય પૂરું થયું એ વખતે મરી ગયો. કોણ મારે અને કોણ મરે? કહો, સમજાણું આમાં? આહા..હા..!

'**ઔર મત ચૂર,...**' '**પરજીવોંકો મત માર, ઔર મત ચૂર,...**' તારા આત્માની પર્યાયને

મત માર, મત ચૂર. એનો અર્થ પરને ન માર અને પરને ન ચુર. સમજાણું કાંઈ? '**તથા અપને ભાવ હિંસારૂપ મત કર,...**' દેખો, એનો અર્થ જ ઈ છે. હિંસારૂપ ન કર. ભગવાન આત્માના જ્ઞાનને હણી નાખે એમ ન કર ભાઈ! તારો સ્વભાવ શુદ્ધ છે એને જાણનાર જો. જાણ... જાણ... જાણ... એની હિંસા ન કર. '**ઉજ્વલ ભાવ રખ,...**' નિર્મલ ભાવ કર. જ્ઞાતા-દૃષ્ટા રહે. તને એવા પરિણામ નહિ થાય, મારવાના નહિ થાય. જ્ઞાનીને અસ્થિર થાય છે એ કાંઈ પરને માટે થતા નથી, સ્વભાવમાં નથી, અધવચથી થાય છે અંદરથી પર્યાયના. એ એનો દોષ અલ્પ છે. સમજાણું?

'**જો તૂ જીવોંકો દુઃખ દેગા, તો નિશ્ચયસે અનંતગુણા દુઃખ પાવેગા. યહાં સારાંશ યહ હૈ—જો યહ જીવ મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...**' અભિપ્રાયે જ્યાં ગુલાંટ ખાધી કે બીજાને દુઃખ દઈ શકું છું, મારી શકું છું એવા જ્ઞાનના સ્વભાવને એવો માન્યો, બીજાને સહાય કરી શકું છું અને બીજાથી સહાય લઈ શકું છું એવો પોતાનો જ્ઞાનસ્વભાવ માન્યો એ જ જ્ઞાનસ્વભાવમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણમન થયું. સમજાણું કાંઈ? '**પહલે તો અપને ભાવપ્રાણોંકા નાશ કરતા હૈ,...**' પહેલા તો ભાવપ્રાણ પોતાનો નાશ કરે છે. '**પરજીવકા ઘાત હો યા ન હો,...**' આયુષ્ય હોય તો હો, અને આયુષ્ય પૂરું થઈ જાય તો એને કારણે થયું છે, કાંઈ તારા કારણે નથી થયું. '**પરજીવકા ઘાત તો ઉસકી આયુ પૂર્ણ હો ગયી હો, તબ હોતા હૈ,...**' દેખો, સિદ્ધાંત તો જે હોય એ હોયને. આ કહે, ના, એનું આયુષ્ય હોય તો આપણે મારી શકીએ, આયુષ્ય ન હોય તો એને બચાવી શકીએ. અરે! તારા કામ છે?

મુમુક્ષુ :- અકાળ મૃત્યુ...

ઉત્તર :- અકાળ-બકાળ બધું સમજવા જેવી વાતું છે. અકાળ મૃત્યુ એ તો જે સમયે દેહ છૂટવાનો તે જ સમયે છૂટવાનો. આઘો-પાછો કોઈ કરી શકે નહિ. એ પણ કરી શકે તાકાત નથી કોઈની. સમજાણું કાંઈ?

'**આયુ પૂર્ણ હો ગયી હો, તબ હોતા હૈ, અન્યથા નહીં;...**' લ્યો! જો આયુષ્ય પૂરું ન હોય તો મારી શકે નહિ. '**પરંતુ ઈસને જબ પરકા ઘાત વિચારા,...**' લ્યો બસ, ઘાતનો વિચાર સંકલ્પ-વિકલ્પ એ પણ કરી શકું એવી બુદ્ધિથી અને મને અગડવતાના આવા દેનાર છે એ બધાને ઉડાવી દઉં. આવા અગવડતાના દેનાર છે. જુઓ નરકની સિદ્ધિ કરીએ છીએને. કોઈ નરકગતિ છે કે નહિ? કે મને અગવડતા દેનાર એક નહિ પણ જો અનંત હોય અને મારા આયુષ્યની સ્થિતિ સો વર્ષની કે હજાર વર્ષની હોય તો મને અગવડતા દેનારની સંખ્યાને હું રહેવા ન દઉં. એનો અર્થ કે એના પાપના ભાવની ક્રૂરતા એટલી આવી કે અનંત

અગવડતાના દેનાર મને કોઈ હોય એને બધાને ઉડાડું એટલી જે કલુષિતતા અનંતમાં, પરિણામમાં અનંતતા એના ફળ તરીકે રાજની વ્યવસ્થામાં કોઈ વ્યવસ્થા છે જ નહિ. એક પ્રાણીને મારે તો એકવાર ફાંસી આપે. આટલા બધા પ્રાણીને મારવાનો જે ક્રૂરતા ભાવ એનું ફળ રાજમાં છે જ નહિ. એનું ફળ કુદરતમાં જ્યાં અનંતી પ્રતિકૂળતા છે ત્યાં અવતરશે. એને નરક-યોનિનું સ્થાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બધુંય છે, બધુંય છે. એમ ના તું પાડ એટલે કાંઈ ચાલ્યું જશે? તું નકારમાં વયો જઈશ. સમજાણું કાંઈ? આ બધું હંબક છે નરક. અરે..! સાંભળને સાંભળ! આવા ક્લેશ પરિણામમાં અનંતા ક્રૂરતા તે કરી, અનંતા પંચેન્દ્રિયોને પણ મારી નાખવાના ભાવને ઘૂંટ્યો અને એક નહિ પણ અનંત હોયને લાખ વર્ષ મારું આયુષ્ય હોય એ બધાને ઉડાવી દઉં. આવા તારા પરિણામની અનંતની ક્લેશતાનું ફળ રાજવ્યવસ્થામાં અનંતપણું ક્યાં છે? એક વાર મારે. તો એ અનંત પાપની ક્લેશતાનું પરિણામનું સ્થાન જ્યાં એકલું દુઃખનું સ્થાન હોય ત્યાં એ અવતરે તે સ્થાનને નરકયોનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમ તત્ત્વના વિરોધમાં એમ છે. બહુ તત્ત્વનો વિરોધ બહુ કરે તો એના જ્ઞાનની ઘણી હીણી અવસ્થા થઈ જાય. ઘણી હીણી અવસ્થા થાય. એમાં અવતરે એનું નામ નિગોદ સ્થાન છે. એ બધા લોજિક-યુક્તિથી સિદ્ધ થઈ શકે છે. એમ નથી કે ભગવાન કહે છે માટે. ભગવાન કહે છે એ ન્યાયથી કહે છે. એમ એને બેસવું જોઈએને? તત્ત્વનો બહુ વિરોધ કરે, જ્ઞાનસ્વરૂપનો એટલો વિરાધક થાય... એટલો વિરાધક થાય.. સત્યનો એક અંશ પણ કબુલે નહિ તો એ જ્ઞાનની એટલી અશાતના પોતે પોતાની કરી કે જે જ્ઞાનની હીણી દશા (થાય) કે બીજાઓ એને જીવ માની શકે એવી તાકાત ન રહે અને એ જીવ છું એમ એની માન્યતા પણ ન રહી શકે. એવી હીણી દશાના અવતારને નિગોદ દશા કહેવામાં આવે છે. એય..! ધર્મચંદજી! એ તો ભગવાને કર્યું નથી કાંઈ. એ તો જેમ હતું તેમ કહ્યું છે અને જાણ્યું છે. આમ થાય છે... આમ થાય છે... આમ થાય છે... આમ કરો તો આમ થાય છે... ઊંધાઈ અનંતી કરો તો ઊંધા સ્થાનમાં જાય છે. એના માટે સ્થાન છે. બહુ દુઃખના સ્થાન સીધા પંચેન્દ્રિય તરીકે નરકનું છે. તત્ત્વના વિરાધકનું સ્થાન નિગોદ છે.

'**ઈસને જબ પરકા ઘાત વિચારા, તબ યહ આત્મઘાતી હો ચુકા.**' દાખલો આપ્યો જુઓ, '**જૈસે ગરમ લોહેકા ગોલા પકડનેસે અપને હાથ તો નિઃસંદેહ જલ જાતે હૈં.**' છે? ગોળા. '**ઈસસે યહ નિશ્ચય હુઆ, કિ જો પરજીવોં પર ખોટે ભાવ કરતા હૈ, વહ આત્મઘાતી હૈ.**' પોતાનો ઘાત કરે છે પોતાના સ્વરૂપનો. જ્ઞાનની દશામાં અંધાપો લાવે છે એટલે જ્ઞાનને હીણું કરી નાખે છે, એટલે જ્ઞાનની દશાનો ઘાત કરે છે. '**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ જો આત્મા કષાયવાલા હૈ,...**' સર્વાર્થસિદ્ધિ. સર્વાર્થસિદ્ધિનો

શ્લોક છે ઉક્તંમાં. '**स्वयमेवात्मनात्मानं हिनस्त्यात्मा कषायवान्। पूर्वं प्राण्यन्तराणां तु पश्चात्स्याद्वा न वा वधः॥**' થાય કે ન થાય? જુઓને! સર્વાર્થસિદ્ધિમાં પૂજ્યપાદસ્વામીએ લખ્યું છે. '**જો આત્મા કષાયવાલા હૈ, નિર્દયી હૈ, વહ પહલે તો આપ હી અપને સે અપના ઘાત કરતા હૈ,...**' સમજાણું? '**ઈસલિયે આત્મઘાતી હૈ, પીછે પરજીવકા ઘાત હોવે, યા ન હોવે.**'

મુમુક્ષુ :- એ કેમ થાતું હશે?

ઉત્તર :- શું?

મુમુક્ષુ :- અપના ઘાત કરતા હૈ.

ઉત્તર :- આ શું કહેવાય છે આ? આ જે કાંઈ થાય તેને જોવા રહેતો નથી અને આમાં આમ થાશે કે નહિ? આમાં આમ થાશે કે નહિ? એમ ઉંધું વેતરે છે. એ ઉંધું વેતરે એ જ્ઞાનમાં અંધાપો લાવે છે એમ કહે છે. વેતરે સમજે? આ કપડું હોયને કપડું. જેવું કરવું હોય એ પ્રમાણે કાપે નહિ અને આડું અવળું કાપે. કોટ કરવો હોય અને સાડલો બનાવી દે. સમજાણું કે નહિ? ઉંધું વેતરે. અમારી કાઠિયાવાડી ભાષા છે. વેતરા કાપે છેને?

મુમુક્ષુ :- પ્રતિકૂળતાનો ઘાત...

ઉત્તર :- ઘાત આ કરે છે. પોતાના જ્ઞાનને જ્ઞાતાપણે ન રાખતા બીજામાં ગડબડ અને બીજાથી મને થાય અને મારાથી પરમાં થાય, પરના કામ કરી દઉં, પરને દુઃખ દઈ દઉં, પરને સુખ દઈ દઉં, એવી જે વિપરીત માન્યતા એ જીવનો ઘાત છે. કહો, સમજાણું કે નહિ? જેચંદભાઈ! એ સમજાય તો પછી આ બધું ન રહે, ખદબદાટ ઊડી જાય. પછી ઝટ દઈને અહીં મરી જાવું, બીજે જાવું એ ન રહે એને ભાવ એવો. એવી વાત સાચી પણ એ ઉભી થવા શું કરવા દેવી? એ વાત જ એવી કેવી? અહીંથી હવે વયું જાવું છે. પણ ક્યાં જાવું છે? કોઈ દિ' પોતાની સત્તા કાંઈ ખોઈ બેઠશે કાંઈ? એ તો અનાદિ-અનંત સત્તાવાળું તત્ત્વ પડ્યું છે. અનાદિ-અનંત છે ક્યાં જાશે એ? જાય છે ક્યાં? શું કીધું?

મુમુક્ષુ :- નસીબ હશે.

ઉત્તર :- નસીબ. પણ તારે નસીબ છે એ અહીં છે એ શું ખોટું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ ... ન કરવા એવા. એ માટે તો કહેવાય છે આ. એ વાત વિચારમાં કેમ આવે એવું?

'**જીવકો આયુ બાકી રહી હો, તો યહ નહીં માર સકતા, પરંતુ ઈસને મારનેકે ભાવ કિયે, ઈસ કારણ નિઃસંદેહ હિંસક હો ચૂકા,...**' અહીં તો કર્તાપણાને ભાવ કરીને,

મારવાનો ભાવ દુઃખ દેવાનો કરે છે એવી એકત્વબુદ્ધિ છે રાગની સાથે, એને અહીં હિંસા કહેવામાં આવી છે. **'ઔર જબ હિંસાકે ભાવ હુએ, તબ યહ કષાયવાન હુઆ.'** આ સર્વાર્થસિદ્ધની વ્યાખ્યા કરે છે હોં. **'કષાયવાન હોના હી આત્મઘાત હૈ.'** ભગવાન સ્વભાવ અકષાય છે. કોનો? આત્માનો સ્વભાવ અકષાય છે એને કષાયવાળો, રાગવાળો, દ્વેષવાળો માનીને એકત્વ થવું એ જ મહા હિંસા, હિંસક છે. બીજાને પ્રાણ મરે, ન મરે એની સાથે કાંઈ સંબંધ નથી. કહો, સમજાણું?

**'આગે જીવહિંસાકા ફલ નરકગતિ હૈ, ઔર રક્ષા કરનેસે સ્વર્ગ હોતા હૈ, ઐસા નિશ્ચય કરતે હૈં—'** પાઠમાં તો આમ ભેગું ભેગું લીધું છેને હેઠે. પાઠમાં જુદું-જુદું કાઢ્યું છે ટીકામાં. **'परजीवानां च कुर्वतां सग्गु स्वस्याभयप्रदानेन मोक्षो'** એમ છે. છેને? પર જીવના અભયદાનથી સ્વર્ગ અને પોતાના અભયદાનથી મોક્ષ એમ પાઠ છે સંસ્કૃત. આણે ભેગું કરી નાખ્યું છે અર્થમાં. **'ઉસકે કરનેવાલોંકો સ્વર્ગ મોક્ષ હોતા હૈ,...'** એટલે ઓલો ગોટો વાળે. એમ નહિ. એકથી બે માને એમ નથી. ટીકામાં આમ ચોખ્ખું છે. જે પ્રાણી પરજીવના રક્ષાના શુભભાવ કરે એને સ્વર્ગ મળે અને જે જીવ પોતાના ચૈતન્ય ભાવપ્રાણની રક્ષાના ભાવ કરે સમ્યગ્દર્શન આદિ એને મુક્તિ મળે. બેય જુદાં, બેયના ફળ જુદાં, બેયના કારણ જુદાં. એ પાઠ ટીકામાં એમ છે. અર્થ બરાબર કર્યો નથી.

૨૫૭) जीव वहंतहँ णरय-गइ अभय-पदाणेँ सग्गु।
बे पह जवला दरिसिया जहिँ रुच्चइ तहँ लग्गु।।१२७।।

જ્યાં ઠીક પડે એમ કર, બાપા! અમે તો તને માર્ગ કહીએ છીએ. આહા..હા..! આચાર્ય કરૂણાથી કહે છે હોં! કરૂણાથી. ભાઈ! માર્ગ તો આ છે, ભાઈ! તારે ક્યાં જાવું છે? હવે કર. તારે જાવું હોય એમ કર. પાપ કર એમ કહેવા માગે છે? પણ તને શું રુચે છે બાપા! ખોટું રુચે છે કેમ તને? એમ કહે છે. તને રુચે એમ કર એટલે નરકના ભાવ કર એમ કહેવા માગે છે કાંઈ? પાઠ તો એમ ભાષા બોલે છે. મુનિ એમ બોલે? પણ એનો અર્થ કે ભાઈ! આવા પાપના પરિણામથી નરકાદિ જઈશ અને આત્માના ભાવ અથવા શુદ્ધ ભાવથી મોક્ષ છે અને શુભભાવ થાશે તો એમાં સ્વર્ગ મળશે. માટે આ વસ્તુ છે એ કરવા જેવી છે, એમ.

**'જીવોંકો મારનેવાલોંકી નરકગતિ હોતી હૈ, અભયદાન દેનેસે...'** જુઓ! 'સ્વર્ગ' ભાષા છેને? પરને અભયદાનમાં સ્વર્ગ. પછી નીચે કાઢશે અંદરથી. પાઠમાં તો આટલું છે. પછી મોક્ષ કાઢશે અંદરમાં ટીકામાં. **'द्वौ पन्थानौ'** **'યે દોનોં માર્ગ અપને પાસ દિખલાયે હૈં,...'** દેખો, તારા ભાવ તારી પાસે છે, ભાવ બેય તારી પાસે છે લે. એમ. અપને પાસ હૈ. ઉલટાભાવ કે સૂલટાભાવ તારી પાસે છે. પરમાં નથી અને પરને લઈને નથી. **'જિસમેં તેરી રુચિ હો,**

**ઉસીમેં તૂ લગ જા.**' લ્યો! આજ્ઞા તો આવી કરી. એય..! ધર્મચંદજી! પાપમાં લગ જા એમ કહે છે? ભાઈ! તું સાંભળવા આવ્યો છોને. સાંભળવા આવ્યો છે એનો અર્થ શું? કે કાંઈક સાચી જિજ્ઞાસા લઈને આવ્યો છો. તો તારે તો સાચું સમજવું છે. એ કાંઈ પાપના પરિણામ તું કર એમ અમારે કહેવું નથી. શું કરવા છોડીને આવ્યો સાંભળવા? એટલી જિજ્ઞાસા તને છે તો હવે આ સાચી સમજણ કર અને કાં મોક્ષના ભાવ પ્રગટ કર. રાગ બાકી રહેશે તો સ્વર્ગનો ભાવ આવશે અને સ્વર્ગ થાશે, એને તું જાણ.

'**ભાવાર્થ :- નિશ્ચયકર મિથ્યાત્વ વિષય કષાય પરિણામરૂપ નિજઘાત...**' લ્યો જોયું! એનું નામ નિજઘાત. નિશ્ચયથી એટલે સત્યથી, યથાર્થથી. મિથ્યા નામ વિપરીત અભિપ્રાય અને પરના વિષયમાં લક્ષ અને એના ભાવો કષાય. એવા '**પરિણામરૂપ...**' દેખો, એ પરિણામ છે. એ પરિણામથી નિજઘાત. નિજઘાત એટલે? ત્રિકાળ સ્વભાવનો ઘાત કાંઈ થતો નથી. વર્તમાન પર્યાયમાં નિર્મળતાનો ઘાત થાય છે. નિર્મળતા પ્રગટ થવી જોઈએ તે કરતો નથી અને મિથ્યાત્વ અને કષાયના પરિણામથી નિજ પરિણામ વ્યક્ત થવા જોઈએ તેનો ઘાત થાય છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયકર મિથ્યાત્વ વિષય કષાય પરિણામરૂપ નિજઘાત...**' લ્યો! આમાં પણ એ આવ્યું. મિથ્યાત્વ વિષયના પરિણામરૂપ નિજઘાત. શું એનો અર્થ? નિજ શુદ્ધ પરિણતિ ઉત્પન્ન ન થાય અને આ મિથ્યાત્વના પરિણામ ઉત્પન્ન થાય, તારા નિશ્ચયભાવ પ્રાણની પરિણતિની ઉત્પત્તિનો તું ઘાત કરે છો.

'**વ્યવહારનયકર...**' પરવસ્તુ છેને એટલે (વ્યવહારનયકર કહ્યું). '**પરજીવોંકે ઇંદ્રી, બલ, આયુ, શ્વાચ્છોશ્વાસરૂપ પ્રાણોંકા વિનાશ, ઉસરૂપ પરપ્રાણઘાત, સો પ્રાણઘાતિયોંકે નરકગતિ હોતી હૈ.**' મહા માંસ અને દારૂ પીવે, આવા ભાવ કરે. એ ભાવની વાત છેને? ઓલા એવું કરે. લ્યો! એ તો કહે, જડની ક્રિયાથી પાપ લાગે નહિ, માંસ ખાવ તો વાંધો નહિ. અરે.. ભગવાન! તું શું કહે છે આ? એ માંસ ખાવાની ક્રિયા કરી શકતો નથી, પણ ભાવ કોના છે? માંસ ખાવાના ભાવ એના છે કે નહિ? ભાવનું એને પાપ છે. લ્યો આ તો કહે, જડના પાપ નથી, ભલે માંસ ખાય, તો એનું પાપ એને નથી એમ સોનગઢવાળા કહે છે. અરે ભગવાન! બહુ સાહસ કરે છે તું. અતિ સાહસ! એ માંસની ક્રિયા થાય એ તો પરમાણુની છે, પણ ભાવ કોના છે? એ ભાવ કરે છે એ પાપ છે. માંસ આવે પણ નહિ લ્યોને. ક્રિયા તો ન પણ હોય. ભાવ કોના છે? સમજાણું?

મચ્છ થાય છેને એ તંદુલમચ્છ. બહુ નાનો-છોટા. .. હજાર યોજનનો મચ્છ મોટો આમ. એય..! પાણીમાં મચ્છ આવતા અને જતા હોય આમ. મોઢું ફાડ્યું હોય. ઓલો માથે જોવે ઝીણો. આહા..હા..! આટલા બધા મચ્છ અંદર આવે છેને, આ મૂરખો ખાતો નથી. વયા

જાય છે. ઓલો પરિણામ કરે છે બેઠો બેઠો અંદર. સાતમી નરકનું આયુષ્ય (બંધાય) છે. આહા..હા..! મોટો મચ્છ હોય આમ હજાર યોજનનો લાંબો. ચાર હજાર ગાઉનો. મોઢું આમ પહોળું કરે તો કેટલું પાણી અને કેટલા માછલા આવે. પાછા બધા વયા જાય. આવે ને જાય. ઓલો બેઠો બેઠો જોવે કે આવો જો હોઉંને હું, એકેય જવા ન દઉં. ક્રિયા તો ક્યાં થાય છે ત્યાં? ત્યારે એક જણો વળી કહે કે ના, એ ક્રિયા કરી માટે પાપ થયું. શું કર્યું? મોઢું આમ કર્યું હતું. ચર્ચા ચાલેને બધી. ઓલો ગટુલાલજી હતોને. અહીંયા આવ્યો હતો એ ૯૨ની સાલમાં. પછી ચર્ચા એ ચાલી. મારી સાથે વાત ન કરી, બીજા સાથે વાત કરતા હતા. પણ એ મેં કીધું, જો ભાઈ! ભાવ પ્રમાણે પાપ હોય છે. કહે, ના, ક્રિયા પ્રમાણે પાપ હોય છે. બીજાની સાથે વાત કરતા હોય છે. કઈ ક્રિયા? કીધું મચ્છે શું ક્રિયા કરી? કે એણે આમ મોઢું કર્યું હતું. આમ કર્યું હતું. એ ક્રિયાનું પાપ એને લાગ્યું. અરે ભગવાન! ભાઈ! જગતના પ્રાણીને બચાવ કરવા માટે પણ દાખલા મળી રહે છે.

જીવોંકો મારનેવાલોંકો નરકગતિ હોતી હૈ. **'ઉસરૂપ પરપ્રાણઘાત, સો પ્રાણઘાતિયોંકે નરકગતિ હોતી હૈ. હિંસક જીવ નરક હી કે પાત્ર હૈં.'** માંસ, દારૂ, શિકાર, પરસ્ત્રીના લંપટીઓ, આવા પાપ મહા ગૃદ્ધિ એ ચૈતન્યના પ્રાણનો અંધાપો કરે છે. આંધળો થવા માગે છે. એ આંધળાઓ નરકમાં જાય છે કહે છે. એ દુઃખ પછી ભોગવશે. હાય.. હાય.. દશ હજાર થોડામાં થોડી સ્થિતિ હોં! (પહેલામાં) ઝાઝી એક સાગર અને (સાતમામાં) ૩૩ સાગર. **'નિશ્ચયનયકર વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામરૂપ જો નિજભાવોંકા અભયદાન...'** લ્યો! જુઓ, વ્યાખ્યા. આ નિશ્ચય અભયદાન. લ્યો ભાઈ એ બાકી રહેશે પાછું. એનો સૂક્ષ્મ અર્થ છેને.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૧૫૯ ઉપલબ્ધ નહિ હોવાથી લેવામાં આવેલ નથી.**

**અષાઢ સુદ ૨, ગુરુવાર, તા. ૦૧-૦૭-૬૫**
**ગાથા-૧૨૮ થી ૧૩૦, પ્રવચન-૧૬૦**

૧૨૮મી ગાથા. પરમાત્મપ્રકાશ. જુઓ વચમાં છે. **'મોક્ષ-માર્ગકે ઘાતક ઘર, પરિવાર આદિકકો છોડકર, મોક્ષમાર્ગકા ઉદ્યમી હોકે,...'** જુઓ! 'ઉદ્યમી હોકે' છે, હોં! **'જ્ઞાનદર્શનસ્વભાવકો રખનેવાલા શુદ્ધાત્માકી પ્રાપ્તિ...'** અહીં તો મુક્તની અવસ્થામાં છે, મુક્ત અવસ્થામાં. આ મુક્ત અવસ્થાની વાત છે. શિવપંથ કર્યો છેને, મુક્ત અવસ્થા. સ્વભાવ ત્રિકાળીની વાત નથી. જ્ઞાન, દર્શન જે સ્વભાવ મુક્ત અવસ્થામાં છે સિદ્ધ ભગવાનને, પરમાત્મા સિદ્ધ ભગવાનને પર્યાયમાં જ્ઞાન-દર્શન સ્વભાવ રાખવાવાળો શુદ્ધાત્મ એટલે મુક્તદશા આત્માની એની પ્રાપ્તિનો ઉપાય. પાઠમાં શિવપંથ છેને? શિવપંથ. **'सिव-पहि णिम्मलि'** શિવ એટલે મોક્ષ એનો પંથ. આત્મા દર્શન અને જ્ઞાન જેનો સ્વભાવ જેની પર્યાયમાં—અવસ્થામાં પરિપૂર્ણ જે રાખે છે એવા જે પરમાત્મા અથવા મોક્ષદશા એની પ્રાપ્તિનો ઉપાય કર. શું ઉપાય?

**'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ મોક્ષકા માર્ગ હૈ, ઉસમેં પ્રીતિ કર.'** એ શિવ એટલે મોક્ષ અને આ મોક્ષનો માર્ગ. સંસાર અને સંસારનો માર્ગ તો અનાદિથી કરી રહ્યો છે. હવે એકવાર તો આવું મનુષ્યપણું મળ્યું એમાં આત્મા પૂર્ણ સ્વરૂપ જેમાં જ્ઞાન અને દર્શનને રાખવાવાળી દશા, જે દશામાં વિકાર, અપૂર્ણતા કાંઈ હોતી નથી એવી જે શિવ નામ મોક્ષરૂપી દશા એનો પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્દર્શન. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની અંતર્મુખની અંતર દૃષ્ટિ, વેદન-સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા એ મોક્ષનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? આ દેહ-બેહ કાંઈ ઉપાય છે નહિ. આ તો નાશવાન છે, માટી ધૂળ છે. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પ એ પણ તને શરણ નથી. મોક્ષનો માર્ગ એ નથી.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ભગવાન આત્મા જ્યારે મુક્તદશામાં... જ્ઞાન અને દર્શનના સ્વભાવને ધરનાર મુક્ત અવસ્થા, તો આત્મા પણ ત્રિકાળ જ્ઞાન અને દર્શન સ્વભાવને ધરનારો આત્મા ત્રિકાળ. એની અંતરમાં શુભ અને અશુભના રાગથી નાશવાન ભાવથી ખસી ત્રિકાળ ધ્રુવસ્વભાવ જેમાં દર્શન અને જ્ઞાનસ્વભાવ ભર્યો છે એની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા

એ જ પૂર્ણ મુક્તિનો ઉપાય છે. કહો, સમજાણું? ગૃહસ્થને હોય કે મુનિને, માર્ગ તો આ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન દર્શન અને જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે, એની એકાગ્રતા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ દ્વારા જેમાં એકલો જ્ઞાન, દર્શન સ્વભાવ જ રહી જાય, વિકાર ન રહે એવી દશાને મોક્ષદશા કહે છે. એના ઉપાયને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ?

'**ઉસમેં પ્રીતિ કર.**' આ પ્રીતિ અનંત કાળથી શુભ-અશુભ રાગમાં, દેહમાં નાશવાનમાં પ્રીતિ અનંતવાર કરી. અવિનાશી જ્ઞાન અને દર્શન ધરનાર ધ્રુવતત્ત્વ એમાં અનંતકાળમાં એક સેકન્ડ પણ પ્રીતિ તેં કરી નથી. એથી એમાં પ્રીતિ કર, મોક્ષમાર્ગમાં પ્રીતિ કર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલો એનો અર્થ કે વિકારની આસક્તિ છોડ. પુણ્ય અને પાપના ભાવ થાય એનો રાગ છોડ, પ્રીતિ છોડ, રુચિ છોડ.

'**જો મોક્ષ-માર્ગ રાગાદિકસે રહિત હોનેસે મહા નિર્મલ હૈ.**' પાઠ જ છેને. '**सिव-पहि णिम्मलि**'. '**णिम्मलि**'ની વ્યાખ્યા કરી. ભગવાન આત્માની મુક્તદશા, એનો પંથ તો તદ્દન નિર્મળ છે. એ શુદ્ધ સ્વરૂપ દર્શન, જ્ઞાનથી ભરેલો આત્મા આનંદ આદિ ગુણોથી ભરેલું તત્ત્વ છે. એની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર (પ્રગટ કરવા) એ જ શાંતિ અને પૂર્ણ આનંદની પ્રાપ્તિનો ઉપાય છે. નિર્મળ આ ઉપાય, બાકી બધા ઉપાય છે નહિ. કહો, સમજાણું આમાં? વચ્ચે રાગ આવે દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ, એ કાંઈ મોક્ષનો ઉપાય નથી, એ તો બંધનું કારણ છે. કહો, સમજાણું? '**મોક્ષ-માર્ગ રાગાદિકસે રહિત હોનેસે મહા નિર્મલ હૈ.**' જુઓ, છેને? '**रागादिरहितत्वेन निर्मलः**'.

વાત ઈ છે કે આ વસ્તુસ્વભાવ આખો શુદ્ધ નિર્મળ ધ્રુવ અનંત અનંત શાંત અને આનંદરસનો પિંડ પ્રભુ આત્મા એનો અંતરમાં એને વિશ્વાસ આવતો નથી. એથી પછી આ કાંઈક દેહની ક્રિયા અને કાંઈક દયા-દાનના ભાવ ને એ દ્વારા હળવે-હળવે આત્મા કલ્યાણ કરશે એમ અજ્ઞાની અનાદિથી માની રહ્યો છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહે છે, ભાઈ! માંડ મનુષ્યપણું મળ્યું. હમણા કહેશે, બધું નાશવાન છે.

મુમુક્ષુ :- બધું?

ઉત્તર :- બધું નાશવાન ભાઈ! અકૃત્રિમ પદાર્થ તો તું છો ધ્રુવ. સંયોગે આવેલી ચીજો, સંયોગની અપેક્ષાએ બધી કૃત્રિમ છે. વસ્તુ તરીકે વસ્તુની અહીં વાત નથી.

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન અને આનંદથી ભરેલો ધ્રુવ અવિનાશી પદાર્થ એને પુણ્ય-પાપના ભાવથી માંડીને બધું કૃત્રિમ છે. સમજાણું કાંઈ? ધ્રુવ ચિદ્ઘન વસ્તુ એની દૃષ્ટિ આગળ

એ શુભ-અશુભભાવ, શરીર, વાણી, મન આ બધી સંયોગી અવસ્થાવાળી વસ્તુ નાશવાન છે. પરમાણુની અહીં અત્યારે વાત નથી. સંયોગમાં અવસ્થાથી ભજતી દશા એ બધી કૃત્રિમ અને નાશવાન છે. સમજાણું? એવો મોક્ષનો માર્ગ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથે ફરમાવ્યો. ભાઈ! તારા શિવ એટલે મોક્ષનો માર્ગ તો તારી પાસે અંદરમાં છે. સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ અંતર સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. એ કાંઈ પરના અવલંબે પ્રગટ થતા નથી. એમાં પ્રીતિ કર અને નિર્મળ માર્ગે જા. આ તો પરમાત્મપ્રકાશ છેને શાસ્ત્ર. પહેલી શિવની વાત કરી કે શિવ એટલે પ્રગટ પરમાત્મા. કેવા? કે તદ્દન દર્શન અને જ્ઞાન એકલી દશા રહી ગઈ. વિકાર નહિ એમ. તો એવી નિર્મળદશાનું કારણ પણ આ આત્મા જ્ઞાન, દર્શનથી ભરેલો ભગવાન એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કારણરૂપ આત્મા છે અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના કારણનું કાર્ય મોક્ષ છે.

મુમુક્ષુ :- નિર્મળ.

ઉત્તર :- નિર્મળ-મળ નહિ. વચ્ચે રાગાદિ આવે, હોય, પૂર્ણ ન હોય ત્યાં. એ મોક્ષનો માર્ગ નથી.

**'આગે ફિર ભી અનિત્યાનુપ્રેક્ષાકા વ્યાખ્યાન કરતે હૈં—'** થોડું આમાં અનિત્યનું આવ્યું ખરુંને. એટલે થોડું વિશેષ કહે છે. ૧૨૯.

૨૫૯) जोइय सयलु वि कारिमउ णिक्कारिमउ ण कोइ।
जीविं जंतिं कुडि ण गय इहु पडिछंदा जोइ।।१२९।।

**'હે યોગી,...'** અહીં તો યોગીને સંબોધન કરીને (કહે છે). હે ધર્મી! હે યોગી નામ આત્માના શુદ્ધ સ્વરૂપમાં જોડાણ કરનાર. અનાદિનો વિકારમાં જોડાણ કરનાર તેને અયોગી કહે છે. અયોગી હશે ચૌદમાવાળા? ભોગી, ભોગનો યોગી એટલે ભોગમાં જોડનાર. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવમાં જેની એકાગ્રતા તે સ્વરૂપના યોગથી રહિત થયેલો અયોગી છે. સમજાણું કાંઈ? યોગનો અર્થ જ આ છે. નિયમસારમાં ત્યાં કહ્યો છે પાઠ. સ્વરૂપ અંદર પૂર્ણાનંદ પ્રભુ, એમાં દૃષ્ટિ લગાવી અને એમાં એકાકાર થાય એવો જે વીતરાગી પર્યાયનો યોગ એને સાધનારને યોગી કહેવાય છે. આ અન્યમતિના બાવા એની વાત છે નહિ. એને તો કાંઈ ભાન પણ નથી કે શું વસ્તુ આત્મા છે. ભલે એ બાવા કહેવાય, યોગી કહેવાય, જટા રાખે અને આમ ધ્યાન કરે. એ બધા એકડા વિનાના મીંડા છે.

લોકોને બહારની ચીજમાં એટલી બધી મહિમા આવી જાયને. કો'ક બાવણ થઈ જાય અને કો'ક બાવી હોય અને હાથમાં આમ કંકુ પડતું હોય અને આમ પડે છેને. લોકો ગાંડા થઈને ચાલી નીકળે. હવે કંકુ પડે કે હીરા પડે એમાં આત્માને શું? હોય કો'ક ભૂતડું-બુતડું તે આમ-

આમ કરે તો કંકુ પડે. એમાં આત્માને શું પણ? પણ ચાલી નીકળે અજ્ઞાનીઓ. હમણા કહેતા હતાને? ચીમનભાઈ ક્યાં ગયા? આપણા ભાઈ ચીમનભાઈ, નહિ? ક્યાંક તમારે ત્યાં બાઈ ઓલી હતી એક. ચીમનભાઈએ કીધું? કોણે કીધું? બીજાએ કીધું. ના એ નહિ. આ તો એક બાઈ. પડે એમાં શું છે પણ? આ તો એક બાઈનું કોણે કહ્યું નહિ? વિષ્ટા ચુંથે હવે તો. સાંજે કોકે કહ્યું હતું. એક બાઈને લોકો માને-માને કે એટલા હજારો માણસ, લાખો માણસ આવતા. ગાંડી થઈ ગઈ તો પછી વિષ્ટા ચુંથે છે. કાલે કોણે કહ્યું? સાંજે કહ્યું કોકે. મેનેજરે કહ્યું. હા. ચંદુભાઈએ નહિ? એ સાચી વાત. લાખો માણસ ગાંડા તે કાંઈ મૂર્ખાઈની હદ હશે? અને ગાંડાના ગામ કાંઈ જુદા વસતા હશે? આહા..હા..! પણ એક જરી બાઈ નીકળી, આમ થયું અને હાથમાંથી આ થાય. ધૂળમાં પણ શું હવે? મોટો દેવ થયો ત્યારે (ઈચ્છે કે) આ મકાન હજારો થઈ જાવ તો તરત હજાર થાય, હીરાના ગઢ થઈ જાય તો થાય. એમાં શું થયું પણ? એવો અભવિ જીવ પણ અનંતવાર એવા ભાવવાળો થયો વચનલબ્ધિવાળો. એ વસ્તુ શું પણ?

ભગવાન આત્મા એક સમયમાં ભરેલું ચૈતન્ય હીરો ચમત્કારી રત્ન એની એકાગ્રતા થતાં અંદરમાં શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન ઝરે એ ચમત્કાર છે. બીજો ચમત્કાર ધૂળનો ચમત્કાર હવે દેવ અનંતવાર થયો, નવમી ગ્રૈવેયકનો દેવ અનંત વાર થયો (એમાં) થયું શું? એ દેવની એટલી ઋદ્ધિ હોય કે આમ હજારો ગામ બનાવી દે સોનાના. એવી ઋદ્ધિ હોય એને. હજારો ગામ બનાવી દે આમ શ્રીકૃષ્ણના રૂપ બનાવે લાખો, સોનાના ગઢ બનાવી દે, દ્વારિકા બનાવી દે. લ્યો! એથી શું પણ? એ તો દેવની ઋદ્ધિ વિક્રિયા હોય એમાં આત્માને શું? આહા..હા..! એ ચંદુભાઈએ સાંજે કીધું હતું. એક બાઈને લોકો લાખો... સૂરતમાં કીધું. સૂરતમાં ક્યાં કીધું? બીજે. એમાં એ કહે ગાંડી થઈ ગઈ. ગાંડી થઈ ગઈ તો વિષ્ટા ચુંથે છે અત્યારે. અરે.. પણ એમાં કંકુ આવ્યા તો શું? એ તે કાંઈ ચીજ છે?

ચમત્કાર તો ચૈતન્ય ભગવાન આહા..હા..! અંદર એકાગ્ર થતાં શાંતિનો સાગર વહે અને એની શ્રદ્ધા કરતા મુક્તિના પંથમાં વહે એ ચમત્કાર છે. (બીજો) ચમત્કાર ક્યો હતો ધૂળનો? ભગવાન અમૃતચંદ્રાચાર્ય તો વારંવાર કહે છે ચૈતન્યચમત્કાર... ચૈતન્યચમત્કાર... પંડિતજી! એ ચૈતન્યચમત્કાર આવે છે, કળશમેં આતા હૈ સમયસારમાં. એ હેતુ બતાવે છે ચૈતન્યચમત્કાર. આહા..હા..! બહારની ઋદ્ધિનો નહિ, આ પુણ્ય-પાપના વિકલ્પનો નહિ. પ્રભુ ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ જ્ઞાયકભાવ.. ભાઈ! એના ચમત્કારની તને મહિમા આવતી નથી અને બીજા મહિમામાં મરી ગયો અનંતકાળથી.

એટલે કહે છે કે 'હે યોગી,...' એમાં જોડા-જોડા. પ્રભુ! તારો ચૈતન્ય મૂર્તિ પરમાત્મા પડ્યો એમાં ત્રાટક લગાવ. ત્રાટક સમજાય છે? આમ ત્રાટક નથી કરતા? એક ઉપર આમ

નજર કરે એને ત્રાટક કહેવાય. એમ અંદર ભગવાન આત્મા શુદ્ધ પરમાત્મા નિજાનંદથી ભરેલો ભગવાન એમાં ત્રાટક લગાવ, એમાં એકાકારની દૃષ્ટિ લગાવ કે ત્યાંથી ખસે નહિ. એવી દૃષ્ટિને ચમત્કાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? સકળ '**સભી વિનશ્વર હૈં,...**' પ્રભુ! તારી જોડે બધું દેખાય છેને. એ પુણ્ય-પાપના ભાવ પણ નાશવાન છે. ઉત્પન્ન ધ્વંસિ, ઉત્પન્ન ધ્વંસિ. આહા..હા..! એ દયા, દાન, વ્રતના ભાવ પણ વિકારી ઉત્પન્ન અને ધ્વંસિ. ઉત્પન્ન થાય અને નાશ થાય, ઉત્પન્ન થાય અને નાશ થાય. શરીરાદિ વાણી આ બધા ધૂળ. આ પર્યાય ઉત્પન્ન થાય અને પર્યાય નાશ થાય. પરમાણુનું અત્યારે અહીં કાંઈ કામ નથી.

અરે! '**વિનશ્વર હૈં, અકૃત્રિમ કોઈ ભી વસ્તુ નહીં હૈ,...**' તારા ધ્રુવ ચૈતન્ય સિવાય અવિનશ્વર કોઈ ચીજ છે નહિ. બધું વિનશ્વર... વિનશ્વર... વિનશ્વર. ટકતી ચીજમાં દૃષ્ટિ મૂકે તો દૃષ્ટિ ઠરે. અ-ટકતી ચીજમાં દૃષ્ટિ મૂકે તો દૃષ્ટિ ઠરે ક્યાંથી? શું કીધું? ટકતું તત્ત્વ ત્રિકાળ ધ્રુવ વસ્તુ એમાં દૃષ્ટિ મૂકે તો એ સ્થિર વસ્તુ છે તો દૃષ્ટિ પણ સ્થિર થાય. રાગ ને પુણ્ય ને સંયોગ નાશવાન એમાં દૃષ્ટિ મૂકે તો દૃષ્ટિ પણ અસ્થિર અને વસ્તુ પણ અસ્થિર. સમજાણું કાંઈ? એ અહીં કહેવા માગે છે. ભાઈ! વસ્તુ સ્વભાવ છેને ભાઈ તારો. ધ્રુવ બિંબ પડ્યું છે આમ મોટું. એ સ્થિર છે વસ્તુ. એમાં દૃષ્ટિ મૂકવાથી દૃષ્ટિ ત્યાં એકાકારને પામશે. અહીં રાગ ને પુણ્ય ને પરમાં દૃષ્ટિ મૂક તો દૃષ્ટિ અસ્થિર અને વસ્તુ અસ્થિર. ક્યાંય સ્થિરતા થશે નહિ. સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે.

મુમુક્ષુ :- પરમાત્મા પાસે તો મુદ્દાની જ વાત હોયને.

ઉત્તર :- પરમાત્મા પોકારે છે ભાઈ! તારી દૃષ્ટિ આ કર. આ કર્યા વિના બધા થોથા છે.

'**કોઈ ભી વસ્તુ નહીં હૈ,...**' શું? અકૃત્રિમ. અત્યારે ઓલી દ્રવ્યની અપેક્ષાએ વાત નથી લેવી. દ્રવ્ય તો બધા અકૃત્રિમ અનાદિ-અનંત છે. એ અહીં વાત નથી. પોતાનું અકૃત્રિમપણું ત્રિકાળ ધ્રુવ એ દૃષ્ટિ આગળ બધી સંયોગી ચીજોની પર્યાયો પલટે છે અને પુણ્ય-પાપ પણ કૃત્રિમ અને ક્ષણિક છે માટે વિનશ્વર છે, અવિનશ્વર ઉપર દૃષ્ટિ દે. વિનશ્વર ઉપરથી દૃષ્ટિ ઉઠાવ-ઉઠાવ. ઓહો..! પરમાત્મપ્રકાશ છે. '**જીવકે જાને પર ઉસકે સાથ...**' '**देहो न गतः**' '**कुडि**' '**कुडि**' શબ્દ લીધો છેને. '**कुडि**' એટલે શરીર-દેહ. એ જીવ અહીંથી નીકળશે તો દેહ સાથે નહિ આવે. આ તથ્ય. લ્યો! પડ્યું રહેશે અહીં. શું તારે માટે શાશ્વત છે? સમજાણું? એ પ્રવચનસારમાં આવે છે પાછળ નહિ? ધ્રુવ. પાછળ આવે છે. ... તારે બધું અધ્રુવ છે. ધ્રુવ તો તારો આત્મા છે. પાછળ આવે છે. બધા આચાર્યોએ આ સમયસારના જ બીજડાં ફેરવ્યા છે. સમયસારમાં તો એક-એક કળશ અને એક-એક ગાથા અને ટીકામાં બહુ ભાવ ભર્યા છે!

કહે છે '**જીવકે જાને પર ઉસકે સાથ...**' આ શરીર પણ અહીં ને અહીં રહેશે. ભાઈ!

આ શરીર પડ્યું રહેશે અહીં રાખ, ધૂળ. '**શરીર ભી નહીં જાતા, ઈસ દૃષ્ટાંતકો...**' એ '**पडिछंदा**'નો અર્થ કર્યો. '**पडिछंदा**' એટલે દૃષ્ટાંત. '**ઈસ દૃષ્ટાંતકો પ્રત્યક્ષ દેખો.**' પ્રત્યક્ષ દેખ. '**इमं दृष्टान्तं पश्येति**' આ શરીર પણ જીવ જાય તો સાથે ન આવે. તારે માટે કઈ બીજી ચીજ અવિનાશી છે? એ બધી નાશવાન છે. એ શરીરની સંભાળું કરી, ખાધા, પીધા, નવરાવ્યા, એને સાફ કર્યા. એક ક્ષણે જીવ છૂટ્યો ફૂ... આમ થઈ જશે. અરે..! આટલી સંભાળ કરી તોપણ સાથે ન આવ્યું? સવારમાં ઉભા થઈને સાબુએ નવરાવે, એને ખવરાવે, મોસંબીના પાણી અને ઓલા દાડમના શું કહેવાય? અનાર? મોટા દિલ્હીના અનાર. એના પાણી. એકવાર પણ બાપા તારી સાથે નહિ આવે હોં. એટલે કે અત્યારે પણ તારી સાથે તારું નથી, એમ. એની રુચિ છોડીને ભગવાનની રુચિ કરને. મહિમાવાળો ભગવાન તું આત્મા હોં! પાછો ભગવાન એટલે બીજા ભગવાન નહિ.

'**ભાવાર્થ :- હે યોગી, ટંકોત્કીર્ણ (અઘટિત ઘાટ-બિના ટાંકીકા ગઢા) અમૂર્તિક પુરુષાકાર આત્મા...**' ભગવાન આત્મા અરૂપી અને પુરુષાકાર, પુરુષાકાર. શરીર પ્રમાણે એનો આકાર છેને. '**આત્મા કેવલ જ્ઞાયકસ્વભાવ...**' એકલો જાણનાર... જાણનાર સ્વભાવ. અકૃત્રિમ ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવ '**અમૂર્તિક પુરુષાકાર આત્મા કેવલ જ્ઞાયકસ્વભાવ...**' જ્ઞાયક. એની સાથે એક ક્યાં નાખવું? એક સ્વભાવ. જ્ઞાયક એક સ્વભાવ. જ્ઞાયક એક સ્વભાવ છેને અંદર? જ્ઞાયક એક સ્વભાવ કીધોને. મૂળ તો અહીં વસ્તુ એક બતાવવી છે આમ અખંડ એક. અહીં અનેક અને આ એક. એક ઉપર તો મૂળ વસ્તુ છે. શું અંદરમાં છે?

શું કહે છે? તારે ક્યાં નજર કરવાની છે? તારે આત્માને સાધવો હોય તો ક્યાં નજર કરવી? અથવા હિત કરવું હોય તો હિતનો રસ્તો અને એ રસ્તાનું ધ્યેય શું? અમૂર્તિક ભગવાન આત્મા રૂપ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો છે. પુરુષાકાર—એ શરીર પ્રમાણે આકાર એનો છે આકૃતિ. '**આત્મા...**' એમ કરીને શું કરવા કહ્યું? કે લોકો કહે છે, આખા લોક પ્રમાણે અદ્વૈત છે, વ્યાપક છે, વ્યાપક છે. એવું છે નહિ. એ બધી કૃત્રિમ વાતો અજ્ઞાનીઓએ કરી છે. અહીં શરીર પ્રમાણે પોતાનું સ્વરૂપ ભિન્ન અંદર છે, બહાર વ્યાપક-ફ્યાપક નથી. '**આત્મા કેવલ જ્ઞાયકસ્વભાવ...**' એકલો કેવળ... કેવળ... કેવળ... અહીં કેવળ લીધું. એ કેવળનો અર્થ એક કરી નાખ્યો લાગે છે. ટંકોત્કીર્ણ જ્ઞાયક એક. એમ લાગે છે હોં. જોયું! કેવળ શબ્દ કરી નાખ્યો છેને ભાઈ! એટલે કેવળનો અર્થ એક કરી નાખ્યો. અને નિત્યાનંદ એક સ્વરૂપ એ વળી બીજું આવશે. ત્યાં એક નથી.

'**અમૂર્તિક પુરુષાકાર આત્મા કેવલ જ્ઞાયક...**' અથવા જ્ઞાયક એક સ્વભાવ, જ્ઞાયક એક સ્વભાવ અથવા '**કેવલ જ્ઞાયકસ્વભાવ...**' એકલો પરિપૂર્ણ, એકલો ધ્રુવ, જ્ઞાયકસ્વભાવ એકલો.

'**અકૃત્રિમ...**' અણકરાયેલી ચીજ. '**વીતરાગ પરમાનંદસ્વરૂપ,...**' વીતરાગ નિત્યાનંદ. એમ છેને? '**वीतराग नित्यानंद एक स्वरूपात्**' છેને? વીતરાગ પરમાનંદસ્વરૂપ. નિત્યાનંદનો અર્થ કર્યો. નિત્ય એટલે પરમ કર્યું. પરમાનંદ એકસ્વરૂપ એમ લેવું જોઈએ. કહો, સમજાણું? અકૃત્રિમ વીતરાગ પરમાનંદ એક સ્વરૂપ એવો ભગવાન આત્મા '**ઉસસે જુદે...**' મન, વચન અને કાયા અત્યારે જુદાં. ત્રણે કાળે જુદાં. જુદાં તત્ત્વો તે જુદાં જ હોયને. આ તત્ત્વ ક્યાં અંદર ગરી ગયું છે? બહાર... બહાર... બહાર... બહાર... બહાર... સમજાણું?

'**જુદે જો મન,...**' મન અહીં છે એ ભગવાન આત્માથી જુદું છે. આ વાણી જુદી અને આ કાયા પણ જુદી અત્યારે. '**વચન, કાયકે વ્યાપાર ઉનકો આદિ લે...**' જુઓ, એનો વેપાર પાછી એની પર્યાય થાય. '**આદિ લે સભી કાર્ય-પદાર્થ વિનશ્વર હૈં.**' નાશવાન... નાશવાન... ઘડીકમાં આમ થતાં થઈ રહ્યું લ્યો!

મુમુક્ષુ :- મન, વચન, કાયાનો વેપાર તો જીવ કરેને?

ઉત્તર :- ધૂળ કરે? આ જીવ શું કરે? એ તો એ કહે છે કે એની પર્યાય એ નાશવાન છે એ એનાથી થાય છે. તારાથી ક્યાં હતું? મન છે અહીંયા અનંત પરમાણુનું બનેલું. એ એની પર્યાય જડની છે. આ વાણી પરમાણુથી બને છે શબ્દથી એ જડની છે. આત્માથી આ વાણી નીકળે? આત્મામાં વાણી ભરી છે અંદર? અસંખ્ય પ્રદેશમાં અનંતા ગુણ ભર્યા એમાં કોઈ રજકણો ભર્યા છે વાણીના કે એમાંથી બહાર નીકળે? એમાં તો ભરી છે શાંતિ અને આનંદ. એકાગ્રતા થાય એટલે શાંતિ અને આનંદ બહાર આવે. એમાં ભર્યું હોય એ આવે કે ન ભર્યું હોય એ આવે? નવરો થાતો નથી, નહિ? કામ બહુ ઘણા. અનેકાંતનું કરવું, પાછું વાંચીને એને ગોઠવવું, કામ કેટલા! પોતાનો પ્રચાર કરવો છે કે દુનિયાનો? પ્રચાર કે વિકલ્પ થયો માટે પ્રચાર કાંઈ બહારમાં થાશે? એવું તો વિકલ્પમાં જોર જો આવી જાય તો બહારમાં થાશે... આ તો માર્ગ બાપા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું વધી ગયું? શેમાં? એ તો વધવાનું હતું એ વધ્યું. કોને લઈને? રામજીભાઈએ પુસ્તક લખ્યા માટે? બધા પુસ્તક ..માં હોય એ પહેલા વાંચે, પછી છપાવે, વળી છપાવીને આવીને પાછા વાંચે. ...બબ્બે વાર કર્યું, ખબર છે કે નહિ? લ્યો એને ખબર છે, હા પાડે છે. પણ આપણા જેટલા પુસ્તક લગભગ પહેલા વાંચીને પછી જાય અને પછી પાછા આવીને વાંચે કે આમાં શું ફેર છે. આહા..હા..! અરે ભગવાન! કહે છે, એ તો બાપુ! બહારની ચીજ છે. એ બહારનું બનવું એ કાંઈ આત્માના વિકલ્પને આધીન નથી અને વિકલ્પ છે એ નાશવાન છે. આહા..હા..! આ તો ભાઈ વીતરાગમાર્ગ બાપા! વીતરાગ માર્ગ પરમાત્માનો. સર્વજ્ઞ થઈ

ગયા, વીતરાગ થઈ ગયા શું કરવા? કેમ એ રાગમાં ન રોકાણા? બીજાના ધર્મ પ્રચાર માટે રાગમાં કેમ ન રોકાણા?

મુમુક્ષુ :- ઉપાય શોધી કાઢ્યોને, પણ નિર્વિકલ્પ થઈને પ્રચાર થાય એવો શોધી કાઢ્યો.

ઉત્તર :- એ તો એની મેળાએ થવું હોય એ થાય. વાણી નીકળે છે. અને બહારમાં થવાનું હોય એ થાય છે. એની અંદરમાં કાંઈ છે નહિ. હું પૂર્ણ થાઉં. સ્વરૂપ જેવું ભાસ્યું તેવો પૂર્ણ થાઉં પર્યાયમાં. એ વિકલ્પ. એમાં તીર્થંકરગોત્ર આદિના પરમાણુ બંધાઈ ગયા. એનું જ્યારે કેવળ થયું એટલે ત્યાં વાણી નીકળી, ધ્વનિ ઉઠી. પૂર્ણ પરમાત્મપદને પ્રાપ્તિનો ઉપાય એમાં વાણીમાં નીકળ્યો. એને પૂર્ણ થાઉં એવો વિકલ્પ હતો, પરમાણુ એવા બંધાણા, ધ્વનિ હોય એવી છૂટી ગઈ.

મુમુક્ષુ :- વાણી તો...

ઉત્તર :- એ કહેવામાત્ર છે, વાણી કેવી આત્માની? વાણી તો વાણીની છે. સંયોગથી કહેવાય. એ વાણી કાળે નિમિત્ત કોણ હતું એટલું સંયોગથી વાત કહેવાય. એ વાણીના કર્તા પણ ભગવાન નથી.

એ મોટી ચર્ચા ચાલી હતીને ૨૦૦૬ની સાલમાં. નહિ, ભગવાન પહેલે સમયે વાણી ગ્રહે, બીજે સમયે છોડે. ઠીક ભાઈ! પંડિતજી! ઐસી ચર્ચા હુઈ થી. પાલિતાણા હમ ગયે થે. ભાઈ! વાણી-બાણી આત્મા ગ્રહે અને છોડે નહિ. ત્યારે ત્યાંથી અવાજ આવ્યો બહારમાં સામે પડ્યા હતાને. નહિ, ભગવાન કેવળી પણ પહેલે સમયે વચન વર્ગણાને ગ્રહે, બીજે સમયે છોડે. ભગવાન! ભારે વાતું બાપા!

મુમુક્ષુ :- એ તો ...

ઉત્તર :- ગ્રહે વાણી કોણ? એ તો જ્ઞાતા છે, કેવળી છે. એને ખબર છે કે આ સમયે પરમાણુ આવીને આ સમયે પર્યાય થશે. ભગવાન ગ્રહે કોને? અને મૂકે કોને? બાપુ! ૨૦૦૬ની સાલમાં ચાલ્યું હતું. જાત્રાએ ગયા હતાને? ... સામે. અરે ભગવાન! અહીંયાં અમારે મોરચા-બોરચા નથી અને અમે કોઈની સાથે વાદવિવાદે આવ્યા નથી. અમે તો આવ્યા હતા જાત્રા (માટે). ચાલો પાછા. અમારે કાંઈ નાક જાતું નથી કે અહીં ન પહોંચ્યા કે ન રહ્યા. ભાગ્યા બાપા! શું કરે? ભાઈ! આહા..હા..!

કેવળી ત્રણ લોકના નાથ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક એક સમયનું જ્ઞાનમાં પરિણમન થઈ ગયું જાણવાનું. હવે એને આ પરમાણુ ગ્રહવા અને છોડવા પ્રભુ ક્યાં છે? આત્મામાં ગ્રહવું-છોડવું પરનું ત્રણ કાળમાં નથી. આહા..હા..! પણ સંયોગ દેખીને વાણી ઉભી થાય અને નીકળે એટલે જાણે ભગવાને ગ્રહી અને છોડી. ભ્રમ છે ભાઈ! નાશવાન

પદાર્થ પર્યાય એ પરમાણુને કારણે ઉત્પન્ન થવાની હોય તો થાય. ૬૬ દિ’ સુધી ન નીકળી. ભગવાનને કેવળજ્ઞાન થયું અને ૬૬ દિ’ ન નીકળી.

મુમુક્ષુ :- ગણધર નહોતા.

ઉત્તર :- ગણધર એ તો નિમિત્તની વાતું છે. એ તો એ પરમાણુની પર્યાય પરિણમવાનો એને સ્વકાળ એ જાતનો નહોતો માટે એ વાણી નીકળી નથી. ભાઈ! વાતું તો એવી છે. ગણધર આવ્યા એટલે વાણી નીકળી. તો વાણી એને કારણે નીકળી?

મુમુક્ષુ :- યોગાનુયોગ થયો હશેને.

ઉત્તર :- એ યોગાનુયોગનો અર્થ શું? એ જ એમ છે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એને કહેવાય, પણ નીકળી છે પોતાને કારણે. વાણીને ખબર છે? ભગવાનને તો ખબર છે કે ગણધર આ વખતે આવશે, અહીં વાણી નીકળશે. વાણી નીકળશે એમ ખબર છે. વાણી કાઢશે એમ છે? આહા..હા..! ગણધર આવ્યા માટે વાણી નીકળી એમ ભગવાન જાણે છે? ભગવાન તો એક સમયમાં ત્રણ કાળના જ્ઞેયોને જાણે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં..

ઉત્તર :- ક્યાં, શાસ્ત્રમાં વ્યવહારથી બોલાય, ગણધર આવ્યા અને વાણી નીકળી એમ. એટલે કાંઈ વાણી એને કારણે નીકળી, વાણીને ખબર છે જડને? અને ભગવાનને ખબર છે માટે ભગવાને કાંઈ વાણીમાં પ્રેરણા કરી માટે નીકળી? બાપુ! માર્ગ તે કોઈ અલૌકિક છે ભાઈ! વીતરાગ માર્ગ અને અન્ય માર્ગમાં બહુ ફેર ભાઈ! આ તો વીતરાગ પ્રભુ છે. તદ્દન ઉદાસ... ઉદાસ... જ્ઞાયક દ્રવ્ય ત્રણ કાળથી ઉદાસ છે. આ તો કેવળ દશા થઈ ગઈ. એને કોઈ પ્રશ્ન પૂછે તો સાંભળે અને પછી ઉત્તર દે એવું છે? ધ્વનિમાં આવવું હોય એ આવે છે. વાણીને કાળે પૂછે ગણધરો, ઈન્દ્રો. સાધારણ તો પૂછી શકે નહિ પુણ્ય વિના. એવા પુણ્ય ન હોય તો પૂછે નહિ કે જેથી સામે જવાબ આવે એવું પાછું પરમાણુ.... આના પુણ્ય હોય તો એવું ત્યાં નિમિત્તપણે થાયને. આ તો એને જ અવાજ આવે. ગણધર પૂછે, ઈન્દ્રો પૂછે, વાસુદેવ, બળદેવ. આહા..હા..!

કહે છે કે ભગવાન! તારા સ્વભાવમાં તો બીજું કાંઈ નથીને ભાઈ! એ બધા પરમાણુઓ એને કારણે ઉઠીને અવાજ નીકળે એ બધા નાશવાન પ્રભુ! એના ઉપર પ્રેમ શું કરવા કરે છો? અમે આમ બોલ્યા, અમે આમ આને કહ્યું. ભાઈ! તું વાણીમાં આવ્યો છો? વાણીના હોવામાં આત્માનું હોવાપણું આવ્યું છે? આવ્યા વિના મેં આ વાણી કરી અને એમ આને સમજાવ્યો એવું ભગવાન આત્મામાંથી ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? **‘મન, વચન, કાયકે વ્યાપાર ઉનકો આદિ લે સભી કાર્ય-પદાર્થ વિનશ્વર હૈં.’**.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રહે તો ત્રણે કાળે પરમાણુ રહે છે અને પર્યાય રહ્યા કરે છે એની. એથી શું? અહીં સંયોગમાં આવેલી પર્યાય ક્ષણે ક્ષણે બદલે છે, નાશવાન છે. અવિનાશી તો પ્રભુ તું છો. અવિનાશીમાં નજરું મૂકતા અવિનાશી પદની પ્રાપ્તિ થાય. કાંઈ નાશવાનમાં નજરું મૂકતા અવિનાશી પદની પ્રાપ્તિ થાય?

કહે છે, **'ઈસ સંસારમેં દેહાદિ સમસ્ત સામગ્રી અવિનાશી નહીં હૈ,...'** તારે માટે બધું નાશવાન... નાશવાન... હજી તો આગળ એવું કહેશે ૩૦માં તો. મુનિને ઉદ્દેશીને કહેશે. આ હજી સાધારણને ઉદ્દેશીને કહ્યું. સંસારમાં દેહ, વાણી, મન, બધું ભાઈ! સામગ્રી જોડે દેખાય એ તો નાશવાન છે, અવિનાશી નથી. **'જૈસા શુદ્ધ-બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ હૈ,...'** જુઓ, **'વૈસા દેહાદિમેં કોઈ ભી નહીં હૈ,...'** અકૃત્રિમ તું, આ બધા કૃત્રિમ છે. તારી જાતના તે છે નહિ. **'વૈસા દૈહાદિમેં કોઈ ભી નહીં હૈ,...'** આત્મા અનાદિઅનંત ટકતું તત્ત્વ. દેહાદિ તો સંયોગી પર્યાય આવે ને જાય... આવે ને જાય એ એને કારણે. બધું નાશવાન છે. **'સબ ક્ષણભંગુર હૈં. શુદ્ધાત્મતત્ત્વકી ભાવનાસે રહિત...'** લ્યો! ભગવાન શુદ્ધ સ્વરૂપ એની ભાવના એટલે એકાગ્રતા. શુદ્ધ પ્રભુ આત્મા એની અંતર એકાગ્રતા દર્શન-જ્ઞાન-ચારિત્રની એનાથી રહિત. **'મિથ્યાત્વ વિષયકષાય હૈં...'** એનાથી ઉલટા તો મિથ્યાત્વ અને વિષયકષાય છે. **'ઉનસે આસક્ત હોકે જીવને જો કર્મ ઉપાર્જન કિયે હૈં,...'** કર્મમાં નિમિત્ત થયું. ઉપાર્જન કર્યુંને? **'ઉન કર્મોંસે જબ યહ જીવ પરભવમેં ગમન કરતા હૈ, તબ શરીર ભી સાથ નહીં જાતા.'** સોનાની વીંટી જેવું હોય રૂપાળું. લાલ લાલ હોઠ હોય, કાળા વાળ હોય. ભગવાન ચાલ્યો ગયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, શાંતિલાલ. કેવું શરીર હતું! ગાયક-ગાયક. એ અજમેરના ગાયક હતાને ભાઈ? પંડિતજી! ઓલા અજમેરના નહિ શાંતિલાલ. ભજન મંડળી. આ તો શાંતિલાલ વોરા બહુ ગાય. સુભાગમલ ડોક્ટર... હીરાચંદ વોરાના ભાઈ હતો. શાંતિલાલ પણ ગાયક તે ગાયક. આપણે અહીં ઘણીવાર આવતા નહિ? બહુ ગાયક. ઉડી ગયા ક્ષણમાં લ્યો! નાની ઉંમર ૩૬. શું થયું સૂતા હતા. જગાડ્યા તો મરી ગયા. અજમેર. વોરા-વોરા કેવા એ? મહુરીલાલ વોરાના દીકરા શાંતિલાલ બહુ જબ્બર ગાયક. અજમેરની મંડળી. સોભાગમલ ડોક્ટર એના ઉપરી. એ બધા આવે છેને આપણે દર વખતે આવે છે. હમણા આવ્યા હતાને રાજકોટ. અહીં બોલતા. ઘણી વાર આવ્યા હતા. એક ફેરી મહીનો રહી ગયા હતા. .. પછી બધે પાંચસો રૂપિયા . ગયા હતા. ગાયન લોકોને અહીં ઠીક પડે. ખલાસ થઈ ગયો એક ક્ષણમાં. આમ જુઓ તો શરીર

દૂધ-બુધ પીવે. કંઠ બહુ સારોને એટલે આમ દૂધ પીવે, ઘી-બી, એલચી-બેલચી સારી રીતે. આહા..હા..! એ સોભાગભાઈ કહેતા. સોભાગ ડોક્ટર છેને એના ઉપરી છે મંડળીના. એ કહેતા કે આમ જેમ જઈએ .. ત્યાં પાછા જોવે ત્યાં ગુજરી ગયા. જુવાનજોધ માણસ હોં! ૩૬-૩૭ વર્ષ.

મુમુક્ષુ :- બિમાર હતા?

ઉત્તર :- કાંઈ નહિ. કોણ જાણે શું થયું? દેહની સ્થિતિ શું થઈ જાય ક્ષણમાં. નાશવાન. કંઠ જુઓ તો આમ લલકારે. એ અજમેરની મંડળી તો કહે ભાઈ અમારો નેતા ગયો. એવો કંઠ એનો. બહુ કંઠ. મંડળી એને લઈને .. કહેતા હતાને.

મુમુક્ષુ :- એ એમ કહે .. થઈ ગયુંને?

ઉત્તર :- એ તો બહાર તો બોલાય તો એમ જ બોલાયને. મુળચંદજી નાચે અને આ ગાય. બેય મંડળીમાં જબરા. મુળચંદજી રૂપાનો વેપારી છેને ચાંદીનો વેપારી. એ (નાચે) ઘુઘરા બાંધીને. ગૃહસ્થ માણસ પણ ભક્તિ કરે. અને આ ગાય. બેય મંડળીમાં શોભા. એ ક્યાં સુધી ટકે? નાશવાન... નાશવાન... પંચકલ્યાણક વખતે આપણે બધે હરવખતે એ જ આવતા.

કહે છે કે કર્મને લઈને **'શરીર ભી સાથ નહીં જાતા.'** ઉપડ્યું અહીંથી. **'ઈસલિયે ઈસ લોકમેં ઈન દેહાદિક સબકો વિનશ્વર જાનકર...'** અત્યારે નાશવાન જાણીને. **'દેહાદિકી મમતા છોડના ચાહિયે,...'** એની એકત્વબુદ્ધિ છોડવી જોઈએ. ભગવાન આત્મા સાથે એકત્વબુદ્ધિ કર, અહીં એકત્વબુદ્ધિ છોડ. અસ્તિ-નાસ્તિની વાત છે. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ એમાં એકાગ્રતા કર, શરીરાદિ રાગમાં એકાગ્રતા છોડ. **'ઔર સકલ વિભાવ રહિત...'** ભગવાન આત્મા બધા વિભાવ રહિત **'નિજ શુદ્ધાત્મ પદાર્થકી ભાવના કરની ચાહિયે.'** ભાવના કહો કે એકાગ્રતા કહો. સમજાણું કાંઈ? આહા..હા..! દિશા બદલ, દિશા બદલ. રાગ, પુણ્ય અને શરીરમાં એકાગ્રતા એ અનાદિની નાશવાનમાં એકાગ્રતા (છે તો). સંયોગી નાશવાન પદાર્થ ઉભા થાય છે. અવિનાશી ભગવાન આત્મામાં એકાગ્રતા, અવિનાશી પર્યાયની પ્રાપ્તિ થાય. એટલે મોક્ષ.

હવે એ સામાન્ય અનિત્યની ભાવના કહી અને જરી મુનિરાજને પણ સંબોધે છે. **'આગે મુનિરાજોંકો દેવલ આદિ સભી સામગ્રી અનિત્ય દિખલાતે હુએ અધ્રુવાનુપ્રેક્ષાકો કહતે હૈં—'** અધ્રુવ કહો કે અનિત્ય કહો. ઓલામાં ધ્રુવ હતું ૧૨૯માં.

२६०) देउलु देउ वि सत्थु गुरु तित्थु वि वेउ वि कव्वु।
वच्छु जु दीसइ कुसुमियउ इंधणु होसइ सव्वु।।१३०।।
देवकुलं देवोऽपि शास्त्रं गुरुः तीर्थमपि वेदोऽपि काव्यम्।
वृक्षः यद् दृश्यते कुसुमितं इन्धनं भविष्यति सर्वम्।।१३०।।

આહા..હા..! કાળની અગ્નિના ઈંધણા થાશે ભગવાન! આહા..હા..! ઈંધણા કહે છેને હિન્દીમાં? ઈંધન. આહા..હા..! જુઓ, કેટલો આચાર્ય વૈરાગ્ય કરે છે. આ અરિહંતદેવની પ્રતિમાનું સ્થાન જિનાલય નાશવાન. આહા..હા..! અરે...! એ તે ક્યાં શાશ્વત હતું? કાળની અગ્નિના ઈંધણા થશે ભગવાન! મોટા-મોટા મંદિરો હતા, ઉડી ગયા. અર્હંતદેવની પ્રતિમાનું સ્થાન તે જિનાલય. જિન-આલય. એ પણ '**इंधणु होसइ सव्वु**' અને આ વૃક્ષના ફૂલ. .. કહે છે. આમ વૃક્ષ ફાલે, ફૂલે એ કાળના ઈંધણે રાખ થઈ જશે. લાખો ઝાડ આમ ફાલ્યા હોય ફૂલથી. જ્યાં કાળ થયો, રાખ ઉડે ત્યાં. કાળની અગ્નિની પાસે એ બધા ઈંધણા બળીને રાખ થશે. ભાઈ! એ બધા નાશવાન છે. સમજાણું કાંઈ? એ જિનેન્દ્રદેવ પ્રતિમા. ઓલું ઘર હતું, દેવાલય. જિનેન્દ્રદેવ નાશવાન છે. દેવ એટલે પ્રતિમા. શેના ઓરતા કરવા? આહા..હા..!

મુમુક્ષુ :- એટલે તો ચોરાઈ જાય છેને.

ઉત્તર :- ચોરાઈ જાય, લઈ જાય, તોડી નાખે, રસ કાઢી નાખે, ગાળી નાખે. ચાંદીની ઓલી હોય તો તરત ગાળી નાખે. અહીં કાઢ્યા ભેગા.. રાજકોટથી છસ્સો તોલાની ગઈ ચાંદીની. અહીં ... અડધી મિનિટમાં. પૂજારી બેઠો હતો. એક આવ્યો કોક વેશ ધારીને. સાધારણ બાવો. આમ દર્શન કર્યા. દર્શન કરીને છસ્સો તોલાની ચાંદીની પ્રતિમા. એકદમ ચાલ્યો એટલે વહેમ પડ્યો ઓલાને. પૂજારી કહે આ કેમ ચાલે છે? જ્યાં આમ જોવે ત્યાં નથી, આમ જોવે ત્યાં એ ન મળે. ખલાસ. એણે બધા માણસ રાખ્યા હોય. જે હાથમાં લઈને ગયો હોય એ ન રાખે પછી. બીજાને આપી દે અને બીજાને લઈને ક્યાંક ઓગાળી નાખે. એ બધા સંચા તૈયાર હોય. આને આ હું દઈ દઈશ. ઓલો ત્યાં જઈને ઓગાળી નાખે. ઓગાળે સમજ્યા? અગ્નિથી. ધમણ. આકાર ન રહે. રસ કરી નાખે. એ તો ભાઈ એવું છે. નાશવાનમાં શું ક્યાંથી કાઢી તેં? આહા..હા..!

દેવ-દેવ. જિનેન્દ્રદેવ હોં એટલે આ પ્રતિમા. '**જૈનશાસ્ત્ર...**' નાશવાન છે. શાસ્ત્રો એ શબ્દો છે અને શબ્દની આ વાણી ઉત્પન્ન થઈ છે. પુસ્તકો એ નાશવાન છે. '**દીક્ષા દેનેવાલે ગુરુ, સંસાર-સાગરસે તૈરનેકે કારણ પરમતપસ્વિયોંકે સ્થાન સમ્મેદશિખર...**' ગિરનાર આદિ પણ નાશવાન છે. જુઓને આ સમ્મેદશિખરનું અત્યારે. બહારની ચીજ તો જેના પુણ્ય હોય એ ફાવે. અંતરમાં ચીજમાં પવિત્રતા હોય તે ફાવે. બે ચીજો નિરાળી છે. અંતરમાં જેટલી

પવિત્રતા કરે એની શાંતિની પ્રાપ્તિ થાય. બહારમાં સંયોગમાં જેના પુણ્ય હોય એ અધિકમાં મોઢા આગળ આવી જાય. મોઢા આગળ પુણ્યને લઈને બહાર આવી જાય. એથી શું થઈ ગયું?

મુમુક્ષુ :- .. સુખી થાય..

ઉત્તર :- કોણ?

મુમુક્ષુ :- પુણ્યવાળો.

ઉત્તર :- ધૂળમાંય સુખી નથી પુણ્યવાળો. સમ્મેદશિખર, ગિરનાર જ્યાં મહા તીર્થંકરો મોક્ષ પધાર્યા, જ્યાં ઇન્દ્રોની ઉપસ્થિતિ. ગિરનાર પર્વતમાં ભગવાન બિરાજતા નેમિનાથ જ્યારે ઓહો..! દેવો આવતા. વાસુદેવ અને બળદેવ. ચરણરજ આમ. એ આ ગિરનાર છે. પર્વત એ જ છે. કાંઈ પર્વત બીજો નથી. જુઓ તો ફેરફાર... ફેરફાર... નાશવાનમાં શું હોય? જુઓને બાવા ધણી થઈ ગયા છે ત્યાં વળી પાંચમી ટૂકે. ગિરનારમાં પાંચમી ટૂકે બાવા... જૈન તીર્થંકરનું સ્થાન હતું. એ પુણ્યના ફેરફારે બધો ફેરફાર.. ફેરફાર. પાંચમી ટૂક. એ કહે અમારા દત્તાત્રેયની છે. ઘણા વર્ષ પહેલા થઈ ગયું હશે કાંઈક. આ લોકોએ નક્કી ન કર્યું. એમાં થવા કાળે બહારમાં થાય એ નાશવાનમાં તું કોને પકડી રાખીશ? આ દ્વાદશાંગ સિદ્ધાંત. એ બાર અંગ શાસ્ત્રોની ભાષા આદિ નાશવાન છે. આહા..હા..!

એ '**ગદ્ય-પદ્યરૂપ રચના...**' કાવ્ય-કાવ્ય. બોલે કાવ્ય એવું આમ જાણે કે આહા..હા..! નાશવાન એ કાવ્યો, નાશવાન કંઠ, નાશવાન શરીર, ઓલો આત્મા નીકળી જાય. એ વસ્તુ '**कुसुमितं**' '**जो वस्तु अच्छी या बुरी दिखनेमें आती हैं,...**' પહેલો અર્થ એવો કર્યો. પછી કરશે અંદર. '**जो वस्तु...**' '**कुसुमितं**' દેખે આમ જાણે. ફાલીફુલી જાણે આમ. ..... કુટુંબ, માણસ આમ ઓહો..હો..! મકાન, બાયડી, છોકરા, કુટુંબ. એકને બોલાવે ત્યાં પચાસ હાજર. બંધુક લઈને ઉપરથી ઉતરતો હતો ઓલો. વિમાન. ઓલો કોણ હતો? મોટો કોણ? હિટલર, હિટલર. લાખો માણસ નીચે ઉભા હોય પોલીસ આમ. ઉપરથી ઉતરે. શું છે પણ?

મુમુક્ષુ :- સલામી આપે.

ઉત્તર :- હા, એ સલામી આપે. ઉપરથી વિમાન ઉતરે એટલે. .. એમ કરીને બોલે ઓહો..! ઓલો જાણે કે આહા..હા..! શું છે પણ હવે? એ બધા કોલસાના ભુક્કા સળગે છે. ઇંધણા છે, સાંભળને હવે. અહીંયા આપણે દરબાર આવતા. ભાવનગર દરબાર આવ્યા હતા ત્યારે પોલીસ આવ્યા હતા. અહીં આપણે ભાવનગર દરબાર ગુજરી ગયા ત્યારે આવ્યા હતા. પોલીસ આવે ગામમાંથી. દરબાર નીકળે. .. સલામી આપે. બધાને એમ થાય કે આહા..હા..! આવી સલામી આપણને હોયને. શું છે પણ? એ મડદાને સલામી છે. મરી ગયેલા છે અંદરમાં.

મુમુક્ષુ :- રાજા છેને.

ઉત્તર :- મરી ગયેલા. રાજા તો શોભતે એનું નામ રાજા કહેવાય. રાજ્યતિ શોભતિ ઈતિ રાજા. આત્મા નથી. દાખલો નથી? ૧૭-૧૮મી ગાથામાં સમયસાર? એક જીવરાજા. આવે છેને. રાજ્યતે ઈતિ શોભતે. પોતાના સ્વરૂપથી શોભે રાજા. એને રાજા કહેવાય. આ તો બધા મડદા .. ફૂ થઈને નાશ થઈ ગયા. જુઓ વયા ગયા જુઓને પણ. રહ્યા? ચાલ્યા એક ક્ષણમાં. જાવ. બંગલાને ઠેકાણે બંગલા અને રાણીને ઠેકાણે રાણી. પણ ત્યાં એવી પર્યાય જડની થવાની હોય એ રોકે કોણ? નાશવાનની સાથે સંબંધ કર્યો. મડદા સાથે સંબંધ કર્યો અને હવે આની સાથે લગન કરીને છોકરા થાશે. એવી આ જગતની સગાઈ છે. આહા..હા..!

કહે છે કે ચીજ બધી **'कुसुमितं' 'जो वस्तु अच्छी या बूरी दिखनेमें आती हैं, वे सब कालरूपी अग्निका ईंधन हो जावेगी.'** મુનિરાજને કહે છે હોં આમ અંદર. આવા તીર્થ ને આવા મોટા સમ્મેદશિખર અને ગિરનારને ગળે વળગાડીશ નહિ, એ બધા નાશવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું રહી જાય? પૈસા વગરનો જ છે. પૈસા હતા કે દિ' એની પાસે? એની પાસે તો અનંત જ્ઞાન, દર્શન અને આનંદ છે. છે એને તો સમજતો નથી અને નથી એને માની બેઠો. મૂઢ છે, પાગલ છે પાગલ, કહે છે. કાલે નહોતું આવ્યું? જ્યાં તારા પેટમાં અસંખ્ય પ્રદેશમાં અનંત-અનંત શાંતિરસની સામગ્રી લક્ષ્મી પડી છે એને જોતો નથી. જ્યાં લક્ષ્મી તારી નથી, પુણ્ય-પાપ તારા નથી ત્યાં જોઈને.. હરખ... હરખ... હરખ... હરખ... હરખ સનેપાત છે. આ રાજા છેને. જામનગરના રાજા. ઓલી રાણી છેને, હુશિયાર છે. ગુલાબરાણી. એક ફેરી દર્શન કરવા છે અમારે. ત્યાં હું દિશાએ જાતો હતો. ત્યાં મહારાજ અમારા બંગલા પાસે એક આવે છે. મારે દર્શન કરવા છે. હું આવી શકું એમ નથી. મને મોટો ઓલો થઈ ગયો છે. દરબાર જામનગર. દિગ્વિજય. પછી ગયા હતા. પછી આવ્યા હતા. સામે આવ્યા. આમ પાથર્યું હતું બધું. રાણી તો સામે આવી. ઓલાને જરી આંખે નહોતું ઠીક એટલે દર્શન કરવા બોલાવ્યા. મહારાજ! નહિતર હું ત્યાં આવત. પછી અંદર બેઠા. વ્યાખ્યાન આપ્યું, ભાષણ આપ્યું. મેં કીધું, આ સામ્રાજ્ય નહિ. ધૂળના સામ્રાજ્ય આ નહિ. રાણી કહે, હા, આ નહિ. કરોડના તાલુકા અને ધૂળ આ નહિ. અંતર ગુણ અનંત આનંદનું સામ્રાજ્ય બિરાજે છે આત્મા.

મુમુક્ષુ :- એક હજાર રૂપિયા આપ્યા.

ઉત્તર :- એક હજાર મૂક્યા. આપે હવે. પા કલાક એને ઘરે જાય તો મૂકે જ ને, એમાં શું? એક હજાર મૂક્યા. પા કલાક ગયા. એક હજારને એક જ્ઞાન ખાતે આપો. મૂકેને હવે એમાં શું? ત્યાં કેટલાય કરોડના તાલુકેદાર. પણ એ રાણી બોલી હોં! સાચી વાત મહારાજ! આ

સામ્રાજ્ય નહિ. બહારથી બોલે એટલું. અહીં બેઠા હોય તો કાંઈ એમ બોલે...?

મુમુક્ષુ :- એટલા ક્ષણ માટે એવો ભાવ આવે.

ઉત્તર :- ભાવ આવે આવે. મેં કીધું, નહિ. બેય બેઠા સામે અને હું બેઠો ઉપર આમ જરા. બે બેઠા ખુરશીએ રાણી-રાજા. મોટો રાજા, એક કરોડના તાલુકેદાર. મેં કીધું, આ નહિ રે નહિ. આ બધા નાશવાન... નાશવાન... નાશવાન... ફૂ થઈને ઉડી જવાના. ભગવાન આત્મા અંદર છે. અવિનાશીનું રાજ અંદર છે. સામ્રાજ્ય એટલે? અનંતગુણનું સામ્રાજ્ય જેને ઘરે છે. આ તો કેટલા તમારા ગામડા હવે? પાંચસો, સાતસો, હજાર ધૂળમાં કાંઈ નહિ. અહીં તો અનંતા... અનંતા... અનંતા... એક એક આત્માના અનંતગુણ અનંત સામર્થ્યવાળા. એવા અનંતા ગુણનું સામ્રાજ્ય આત્મા છે. ભાઈ! એની દૃષ્ટિ કરો, એનો વિશ્વાસ કરો, એની રુચિ કરો તો રાજ મળે, નહિતર મળશે નહિ. આ બધા ફૂ થઈને ઉડી જાશે, કાંઈક ચાલ્યા જશે. એનું આપણે નામ નાખ્યું છે નહિ ઓલામાં. મોક્ષશાસ્ત્રમાં. એક હજાર આપ્યા તો આપણે નામ નાખ્યું. ઠીક છે.

અહીં કહે છે '**કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેગી.**' એ ઈંધણા સૂકા સળગશે. સૂકા ઈંધણા લાકડા સળગે એમ સળગી જશે. પોલા થોર સૂકા. થોર થોર આવે છેને આ? અને સૂકા થોર. એમાં અગ્નિ લાગે. એમ આ બધું શરીર, વાણી, મન, બાપા! આ સળગી ઉઠી જાણે. કાળરૂપી અગ્નિ લાગી. ઈંધણા-ઈંધણા રાખ. અરે! અવિનાશી ભગવાનને તું જો તો ખરો. એ રુચિ તો લાવ. એ રુચિ તો છોડ નાશવાનની. આહા..હા..! અનિત્યની અપેક્ષા લઈને આમ (કહે છે). સમજાણું? અને અમૃતચંદ્રાચાર્યે તત્ત્વાર્થસારમાં તો એમ લીધું છે. જ્યાં અનિત્ય ભાવના લીધીને ત્યાં. કે ભાઈ! એ શરીર તો જ્યાં માતાએ જન્મ્યું એ તો તરત ગોદમાં અનિત્યે એને લીધું. એના હાથમાં તો પછી આવશે. નજર પછી પડશે, પણ આમ જ્યાં બહાર પડ્યું ત્યાં અનિત્યે ગોદમાં લઈ લીધું. ક્યારે પડી જશે, કયે ક્ષણે ઉડી જશે શરીર. .. બાપા! અનિત્યે શરીરને ગોદમાં લઈ લીધું છે. એની મા પછી ગોદમાં લેશે. એવો દાખલો આપ્યો છે. તત્ત્વાર્થસાર, અમૃતચંદ્રાચાર્ય. અનિત્યભાવની ભાવનામાં એમણે આ દાખલો આપ્યો છે મૂળ પાઠમાં. બાપુ! નિત્ય તો તું તારી ચીજ અંદર અનાદિ-અનંત શાશ્વત છે એની રુચિ કર અને આ બધું નાશવાન છે. ભાષા જુઓ.

'**સબ કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેગી.**' આહા..હા..! કોના માન અને કોના અપમાન? કોણ તને માન આપે અને કોણ તને અપમાન આપે? બધી થોથેથોથા વાત છે. તું તને માન આપ અને તું તને અપમાન કર. વિકારને પોતાનો માનવાથી અપમાન તું તને કર. સ્વભાવને પોતાનો માનવાથી તને માન તું આપ. બીજો કોઈ આપી શકે એવું નથી. અહીં તો જરી ગાળ

દે ત્યાં અહં.. અહં.. અમે આવા મોટા અને ગાળ દે. હવે મોટો શું? આ શાક લેવા ગયો હતો ત્યાં તારી છોડી નાની સાથે હોય. શેર લીધા હોય કારેલા. ત્યાં એમાં ઓલો મુળો પડ્યો હોય મુળો. મુળા સમજ્યા? મુળી-મુળી. એય..! બાપા! મને આ મુળી અપાવોને. એટલે ઓલી નાની મુળી લ્યે. એ મુળીમાં બેઠો હતો ઈ. અનંતવાર ત્યાં બેઠો હતો મફતમાં ગયો વેચાતામાં. પૈસા લીધા વિના હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મુફ્તકા આયા. થોડી દે. આહા..હા..! ભાઈસાહેબ એમાં બેઠેલો. પાઈ વિના મૂળો ગયો હોં મૂળીમાં. આહા..હા..! ચાર પૈસા તો ચાર આના તો ઓલાના આપ્યા હોય કારેલાના. પછી આનું શું? બાપા મને આ અપવાનો જરી. હવે ત્યાં તારું અપમાન ક્યાં રહ્યું અને તારું માન ક્યાં રહ્યું? મફતનો મરી ગયો. અહીં જ્યાં.... એય..! મને આમ કર્યું. કોણ તને કરે બાપા! મફતનો શું કરવા એવો થા છો? એ બધું નાશવાન છે. એ ઉપરની રુચિ છોડી દે. અવિનાશી ભગવાનની રુચિ કર એ વાત પછી લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૪, શુક્રવાર, તા. ૦૨-૦૭-૬૫**
**ગાથા-૧૩૦-૧૩૧, પ્રવચન-૧૬૧**

૧૩૦. પરમાત્મપ્રકાશ, અધ્યાય બીજો. શું કહે છે? જુઓ. આ આત્મા ચૈતન્ય શુદ્ધ ધ્રુવ એ સિવાય બીજી ચીજો સંયોગમાં પર્યાયથી દેખાય એ બધા નાશવાન છે. એમ બતાવવું છે. પોતાને માટે તો આત્મા જ એક ધ્રુવ છે. એ શૈલી તો આપણે ભાઈ આવે છેને, ૧૯૨-૧૯૩. પ્રવચનસાર. ૧૯૨-૧૯૩. ધ્રુવ તો એક આત્મા છે. એ પ્રવચનસારમાં આવે છે. એ બધી શૈલી છે અહીં. ઈ આવે છેને. એ શૈલી છે આ બધી. મૂળ તો બધી શૈલી ૧૯૨-૧૯૩ છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સામગ્રી જોડે હોય... ૧૯૩.

देहा वा दविणा वा सुहदुक्खा वाध सत्तुमित्तजणा।
जीवस्स ण संति धुवा धुवोवओगप्पगो अप्पा।।१९३।।

બસ, એ વાત અહીં લીધી. **'આત્માને જે પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે અને પરદ્રવ્ય વડે ઉપરક્ત થતા સ્વધર્મથી ભિન્ન હોવાને લીધે અશુદ્ધપણાનું કારણ છે એવું બીજું કાંઈપણ ધ્રુવ નથી,** કારણ કે તે અસત્ અને હેતુવાળું હોવાને લીધે **આદિઅંતવાળું અને પરતઃસિદ્ધ છે; ધ્રુવ તો ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે. આમ હોવાથી હું અધ્રુવ એવા શરીરાદિકને—'** સુખ-દુઃખ આદિ સંયોગને **'ઉપલબ્ધ થતાં હોવા છતાં....'** સંયોગમાં મળતા છતાં **'પણ—ઉપલબ્ધ કરતો નથી, ધ્રુવ એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું છું.'** આ વસ્તુ છે. એની શૈલીએ અહીંયા યોગીન્દ્રદેવ આચાર્યે (કહ્યું છે). આ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ એમાં ઘણાં બીજડા ભર્યા છે. ધ્રુવ એક ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ. જુઓ, હવે એમાં કહે છે, આ અધ્રુવ બતાવવા દાખલો આપે છે.

**'ભાવાર્થ :- નિર્દોષી પરમાત્મા શ્રીઅરિહંતદેવ...'** સર્વજ્ઞ પરમાત્મા જે નિર્દોષ વીતરાગ પરમાત્મા **'ઉનકી પ્રતિમાકે પધરાનેકે લિયે...'** એ આમ પધરાવવું અને પાઠમાં રક્ષણ આવે છેને? રક્ષણાર્થે. **'प्रतिमाया रक्षणार्थं देवकुलं'** એવો શબ્દ છે. ભગવાનની પ્રતિમાને પધરાવાને માટે એટલે રક્ષાને માટે. એનું સ્થાન જોઈએને સ્થાન. **'જો ગૃહસ્થોંને દેવાલય બનાયા હૈ વહ વિનાશીક હૈ,...'** એ ક્યાં ધ્રુવ ચીજ છે? ક્ષણિકમાં બને છે, ક્ષણિકમાં વિલય થઈ જાય છે. એ બધું અનિત્ય છે, અધ્રુવ છે. ધ્રુવ તો તારે માટે એક શુદ્ધ ચૈતન્ય આત્મા સનાતન સત્ય એવો આત્મા જ ધ્રુવ છે અને એ જ અવલંબન, આશ્રય અને દૃષ્ટિ કરવાલાયક છે. કહો, એક વાત કરી.

હવે દેવની વાત કરે છે. **'અનંત જ્ઞાનાદિગુણસ્મરણરૂપ...'** એમ જોઈએ. શબ્દ થોડો પડ્યો રહ્યો છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ ગુણના સ્મરણરૂપ **'શ્રી જિનેન્દ્રદેવકી પ્રતિમા...'** આ હેતુ કહ્યો છે જોયું! ભગવાનની પ્રતિમા શું કરવા છે? દેવાલય જિનને રક્ષણાર્થ અથવા પધરાવા માટે. એ દેવ શું કરવા છે જિનેન્દ્ર પ્રતિમા? અનંત જ્ઞાનાદિ ગુણના સ્મરણરૂપ શ્રી જિનેન્દ્રદેવની પ્રતિમા. વાત તો આમ અક્રિયબિંબ ભગવાનને દેખી એને એમ આવે કે ઓહો..! અનંત જ્ઞાન, દર્શન અને આનંદ સ્થિર બિંબ જાણે થઈ ગયા હોય ભગવાન. એમ એને દેખીને અનંત આનંદ આદિનું સ્મરણ થાય એ માટે પ્રતિમા હું પધરાવું છું. કહો, સમજાણું કાંઈ? ભગવાનને દેખવાનો હેતુ આ છે. અક્રિયબિંબ આમ થઈ ગયા હોય... દેખતા-જાણતા હોય. એવા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત

વીર્ય આદિરૂપ સ્મરણાર્થે શ્રી જિનેન્દ્રદેવની પ્રતિમા. એક બોલ. '**धर्मकी प्रभावनाके अर्थ...**' એ બીજો બોલ એમાં ને એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ સ્મરણરૂપ. સ્મરણાર્થને માટે એમ. જિન ભગવાન સ્મરણને માટે. આમ છેને જુઓ. '**अनंत ज्ञानादि गुणस्मरणार्थं**' એનો પછી એણે શબ્દ કરી નાખ્યો. એ તો એણે અર્થ સરખો કર્યો નથીને. એણે યથાર્થ અર્થ નથી કર્યો. નહિતર તો અનંતગુણસ્મર્ણાર્થે. એ છે. પણ એ શબ્દાર્થ બરાબર સરખા નથી કર્યા. ભગવાનના અનંત ગુણના સ્મરણને માટે એ પ્રતિમા છે. એમ. મૂળ પાઠ તો એ છે. ઓલામાં રક્ષાર્થનો પાઠ છે અને પધરાવવાનું કહ્યું છે. રક્ષાર્થે. પ્રતિમા હોય તો, મંદિર હોય તો રક્ષા થાયને. એવો હેતુ છે. અનંત જ્ઞાન, અનંત દર્શનના સ્મર્ણાર્થે. વાત તો આ છે. સ્મરણને માટે. આવા ભગવાન બિરાજમાન છે એવો જ હું એ અનંત જ્ઞાનથી સ્થિત છું એવા સ્મરણને માટે પ્રતિમા છે. સમજાણું? વિશેષ ધર્મની પ્રભાવના અર્થે. એક બીજો બોલ પણ નાખ્યો છે. '**स्मरणार्थं**' અને '**धर्म प्रभावनार्थं**'. બહારમાં શુભભાવની પર્યાય આવે એટલે ધર્મ પ્રભાવના બહારમાં લોકોમાં ભગવાન આવા હતા, પ્રતિમા આવા હતા. '**धर्मकी प्रभावनाके अर्थ ભવ્યજીવોને દેવાલયમેં સ્થાપન કી હૈ, ઉસે દેવ કહતે હૈં, વહ ભી વિનશ્વર હૈ.**' આહા..હા..!

જુઓને જબલપુરમાં. આમ પ્રતિમાઓ ઓલાએ આવીને હુલ્લડ કરીને ઉથલાવી નાખી, કાપી નાખી, માથું તોડી નાખ્યું. નાશવાન. ગયા હતાને જોવા અમે. એ થયું પછી થોડા દિ'એ ગયા હતા જબલપુર. ભાઈ આવ્યા હતાને રામજીભાઈ. પ્રતિમા નીચે નાખી દીધેલી, માથું કાપી નાખેલા. હુલ્લડ કરીને. એ તો ભાઈ! અનિત્ય છે શું થાય? એ વસ્તુની રીત એ છે. તો એટલો ખેદ ન કરવો. જરી વિકલ્પ આવે શુભ કે આવું થયું, અરે..! એવી એકત્વબુદ્ધિથી ખેદ ન કરવો. એ તો બધું નાશવાનમાં શું તને .. ધ્રુવ .. છે? આખું મકાન સળગાવી કાઢ્યું. ઓલું રહી ગયું. શું થાય? બહારનો તો એવો સંયોગ બનવાનો હોય એ બને. એવા દેવ પણ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી બીજી રીતે લઈ જાય કોક. એ તો વળી મંદિરમાં. આ તો જબલપુર ગામમાં તોફાન કરીને .. ગયા હતાને. આમ ઉઠાવી નાખીને નીચે નાખી દીધી. .. કરી નાખ્યા, આમ ઉંધી પડી હતી. એમ ને એમ રાખ્યું છે બધું. અમે ગયા હતા તો એમ ને એમ પડ્યું હતું. કોઈ જોવા આવે તો.

મુમુક્ષુ :- ખાસ બતાવવા માટે.

ઉત્તર :- બતાવવા માટે ભાઈ! આ પ્રમાણે કર્યું. થાય ભાઈ! અરેરે! એકત્વપણું તો અહીં

આત્મામાં કરવા જેવું છે. ન્યાં તો બધા નાશવાન છે. ભલે શુભભાવનું નિમિત્ત, પણ એ કાંઈ સ્થિર નથી. '**યહ તો જિનમંદિર ઔર જિનપ્રતિમાકા નિરૂપણ કિયા,** ઈસકે સિવાય **અન્ય દેવોંકે મંદિર ઔર અન્યદેવકી પ્રતિમાયેં સબ હી વિનશ્વર હૈં,...**' એમ લેવું સાથે એમ કહે છે. ટીકામાં છે. '**ઈસકે સિવાય અન્ય દેવોંકે મંદિર ઔર અન્યદેવકી પ્રતિમાયેં...**' નાશવાન બધું છે.

હવે શાસ્ત્ર. '**વીતરાગ-નિર્વિકલ્પ જો આત્મતત્ત્વ...**' જુઓ, શાસ્ત્ર પણ કોને કહે છે? .. કે વીતરાગ અભેદ '**જો આત્મતત્ત્વ ઉસકો આદિ લે જીવ અજીવાદિ...**' આદિ લે જીવ એટલે જીવની આવી વ્યાખ્યા કરે શાસ્ત્ર. જૈનશાસ્ત્ર જીવની આવી વ્યાખ્યા કરે. '**વીતરાગ-નિર્વિકલ્પ જો આત્મતત્ત્વ...**' રાગરહિત અભેદ આત્મસ્વભાવભાવ એનું એ જીવસ્વરૂપ ત્યાંથી માંડીને અજીવ આદિનું વર્ણન ચાલે. જુઓ, પહેલું વસ્તુનું સ્વરૂપ જ આ રીતે આત્મા. રાગરહિત આત્મા જ એને કહીએ. એ તો પુણ્ય-પાપના વિકલ્પો આસ્રવ છે. શરીર, કર્મ તે અજીવ છે. આ આત્મા વીતરાગ નામ રાગરહિત એક અભેદ અખંડાનંદ એવા સ્વરૂપને આદિ જીવને. એવા સ્વરૂપરૂપ જીવ એટલે આત્મતત્ત્વ. '**ઉસકો આદિ લે જીવ અજીવાદિ સકલ પદાર્થ ઉનકા નિરૂપણ કરનેવાલા જો જૈનશાસ્ત્ર વહ ભી યદ્યપિ અનાદિ પ્રવૃત્તિકી અપેક્ષા નિત્ય હૈ,...**' અનાદિની અપેક્ષાએ ચાલ્યું આવે છે.

'**વક્તા-શ્રોતા પુસ્તકાદિકકી અપેક્ષા વિનશ્વર હી હૈ,...**' વક્તા કહેનારો નાશવાન, શ્રોતા નાશવાન, પુસ્તક નાશવાન. આહા..હા..! કાળના ઈંધણા. સમજાણું? '**અનાદિ પ્રવૃત્તિકી અપેક્ષા નિત્ય હૈ, વક્તા-શ્રોતા પુસ્તકાદિકકી અપેક્ષા વિનશ્વર હી હૈ, ઔર જૈન સિવાય જો સાંખ્ય પાતંજલ આદિ પરશાસ્ત્ર હૈં, વે ભી વિનાશીક હૈં.**' હવે ગુરુની વાત કરે છે. ગુરુ કેવા? એની વ્યાખ્યા કરીને પછી નાશવાન બતાવશે. '**જિનદીક્ષાકે દેનેવાલે...**' જોયું! જિનદીક્ષા, વીતરાગી દીક્ષા દેવાવાળા. ભાષા સમજાણું? છે કે નહિ? '**जिनदीक्षादायकः**' પાઠ છે એવો. વીતરાગ દીક્ષા દેનેવાલા. દીક્ષા એટલે વીતરાગભાવની દીક્ષા દેવાવાળા.

'**જિનદીક્ષાકે દેનેવાલે લોકાલોકકે પ્રકાશક કેવલજ્ઞાનાદિ ગુણોંકર પૂર્ણ પરમાત્માકે રોકનેવાલા જો મિથ્યાત્વ...**' આ બીજી વાત કરે છે હવે. જિનદીક્ષા દેનારા ગુરુ કેવા છે? કે લોકાલોકનો પ્રકાશક જે આત્માનું કેવળજ્ઞાન, કેવળદર્શન આત્મા. એ '**કેવલજ્ઞાનાદિ ગુણોંકર પૂર્ણ...**' એવો પરમાત્મા, પોતાનો સ્વભાવ એને રોકવાવાળા મિથ્યાત્વ '**રાગાદિ પરિણત મહા અજ્ઞાનરૂપ અંધકાર ઉસકે દૂર કરનેકે લિયે સૂર્યકે સમાન...**' એમ કહેવું છે. ગુરુ. સમજાય છે કાંઈ? એક તો ગુરુ કેવા? કે જિનદીક્ષાના દેવાવાળા. એક વાત અને કેવા? કે આ આત્મા જે '**કેવલજ્ઞાનાદિ ગુણોંકર પૂર્ણ...**' પરમાત્મા પોતાનું સ્વરૂપ છે. એને નિમિત્તરૂપે

રોકવાવાળા અથવા શુદ્ધ ઉપાદાનપણે રોકવાવાળા મિથ્યાત્વ રાગાદિ પરિણત. છેને? પરિણત છે. '**મિથ્યાત્વ રાગાદિ પરિણત મહા અજ્ઞાનરૂપ અંધકાર ઉસકે દૂર કરનેકે લિયે સૂર્યકે સમાન જિનકે વચનરૂપી કિરણોંસે મોહાંધકાર દૂર...**' જેના વચનરૂપી કિરણોથી '**મોહાંધકાર દૂર હો ગયા હૈ, ઐસા મહામુનિ ગુરુ હૈં,...**' ભાષા જુઓ. એક તો જિનદીક્ષાના દેવાવાળા, વીતરાગી ભાવના દેવાવાળા એમ કહ્યું છે. લોકાલોકનો .. એવો ભગવાન આત્મા. આત્માની વાત છે હોં અંદર. કેવળજ્ઞાનાદિ ગુણરૂપ એને પર્યાયમાં એને પ્રગટમાં રોકવાવાળા મિથ્યાત્વ અને રાગાદિ પરિણત એવું અજ્ઞાન મહાંધકાર એને દૂર કરવા માટે સૂર્ય સમાન. એ ગુરુની વાણી તો મિથ્યાત્વ અને અજ્ઞાનના અંધકારને નાશ કરવાવાળી વાણી છે. કહો, એને રાગ અને અજ્ઞાનને રાખવાવાળી વાણી ન હોય એમ કહે છે. આહા..હા..!

'**મિથ્યાત્વ રાગાદિ પરિણત મહા અજ્ઞાનરૂપ અંધકાર ઉસકે દૂર કરનેકે લિયે સૂર્યકે સમાન જિનકે વચનરૂપી કિરણોંસે...**' એટલે વાણી એવી નીકળે કે '**મોહાંધકાર દૂર હો ગયા હૈ,...**' સમજાણું? '**ઐસે મહામુનિ ગુરુ હૈં,...**' જેના વચનથી અજ્ઞાનનો નાશ થાય, મિથ્યાત્વનો નાશ થાય અને રાગનો નાશ થાય. એવા ચૈતન્યરૂપી સૂર્ય જેના કિરણો નીકળે વાણીરૂપી, એ બીજાના મિથ્યાત્વનો અને રાગ-દ્વેષનો નાશ કરવામાં નિમિત્ત છે એટલે એ નાશ કરવાવાળા છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું? એ પણ વિનશ્વર છે. આહા..હા..! જુઓને ધરસેનાચાર્યે, પુષ્પદંત મુનિ, ભૂતબલી મહારાજને બતાવ્યું. રજા આપી દીધી. જાવ. કારણ કે વૃદ્ધાવસ્થા છે. વળી પાછળ કાંઈક થાશે તેને ખેદ થશે. રજા આપી દીધી. સમજાણું?

જુઓ, શું કીધું? '**महाऽज्ञानान्धकारदर्पः**' '**तद्व्यापियद्वचनदिनकरकिरणविदारितः सन् क्षणमात्रेण च विलयं गतः**' એવા ગુરુઓ પણ નાશવાન છે કહે છે. જેનાથી વાણી નીકળે વીતરાગી સંતો... રાગ-દ્વેષ અને અજ્ઞાનનો નાશ કરવાવાળી વાણી છે. એવા ગુરુઓ પણ જગતમાં .. તારે માટે તો નાશવાન છે કહે છે. આહા..હા..! સમજાણું? '**ઔર ઉસકે આચરણસે વિપરીત...**' એવા ગુરુના આચરણથી વિપરીત '**જો અજ્ઞાન તાપસ મિથ્યાગુરુ...**' એ અજ્ઞાન અને રાગ-દ્વેષના ઘૂંટનારા. અજ્ઞાન અને રાગ-દ્વેષના નિમિત્ત થનારા, અજ્ઞાન અને રાગ-દ્વેષ કહેનારા- એ પણ ક્ષણભંગુર છે. એ ક્યાં લાંબો કાળ રહે છે એમ કહે છે. એ પણ નાશવાન છે. કહો, સમજાણું?

હવે તીર્થ. '**સંસાર-સમુદ્રકે તરનેકા કારણ જો નિજ શુદ્ધાત્મતત્ત્વ ઉસકી ભાવનારૂપ જો નિશ્ચયતીર્થ...**' દેખો, ભેગો મોક્ષમાર્ગ અને તીર્થનું સ્વરૂપ સાથે બતાવ્યું છે. આ મોટો ઉદયરૂપી સંસાર સમુદ્ર એને તરવાનું કારણ. '**સંસાર-સમુદ્રકે તરનેકા કારણ જો નિજ શુદ્ધાત્મતત્ત્વ...**' લ્યો! પોતાનો શુદ્ધ આત્મસ્વભાવ ત્રિકાળ એવું જે તત્ત્વ. '**ઉસકી**

**ભાવનારૂપ...'** નિજ શુદ્ધાત્મા અનંતગુણનો પિંડ પવિત્રધામ ભગવાન અભેદ એની એકાગ્રતારૂપ એ નિશ્ચય તીર્થ. એની એકાગ્રતા એ તરવાનો ઉપાય અને એ તીર્થ છે. બાહ્યના તીર્થ તો વ્યવહારતીર્થ છે.

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- સમજાણું નહિ? બહુ સારી વાત.

કહે છે કે આ સંસારરૂપી સમુદ્રને તરવાનો નિશ્ચય યથાર્થ ઉપાય કોણ? પોતાનો શુદ્ધાત્મતત્ત્વ નિર્મળાનંદ પ્રભુ આત્મા એની ભાવના. શુદ્ધ સ્વભાવરૂપ આત્મા એની એકાગ્રતા. શુદ્ધ સ્વભાવરૂપ આત્મા એની એકાગ્રતા. એ આત્માને સંસારથી તરવાનો ઉપાય છે. માટે એને તીર્થ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? પાછું તે નિજ શુદ્ધાત્મતત્ત્વ, એમ. પર શુદ્ધાત્મતત્ત્વ નહિ. પરમાત્મા વીતરાગ એ તો પર છે. ભલે એ શુદ્ધ છે પણ એ પર છે પોતાને માટે તો. અહીં તો પરમાત્મપ્રકાશ છેને. પોતાનો પરમાત્મા પરમસ્વરૂપે શુદ્ધ ચિદ્‌ઘન એની એકાગ્રતા એ સંસાર સમુદ્રને તરવાનો ઉપાય (છે) માટે તેને નિશ્ચય તીર્થ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે કોને કહેવું? તરણનો ઉપાય એ પ્રગટ કરે છે એમાંથી માટે એને તીર્થ કહેવું. શું છે? જેચંદભાઈ!

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ પડ્યો છે આખો પદાર્થ પરમાત્મા વસ્તુએ. પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મ, શરીરથી રહિત ભિન્ન જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ એવો સ્વભાવ આત્મા જેને કહીએ, એમાં એકાગ્રતારૂપ ભાવના એ જ આત્માને, ઉદય સંસારરૂપી ઉદય એનો અભાવ કરવા માટે તરણનો ઉપાય એ છે. માટે એને તીર્થ કહેવામાં આવે છે. આહા..હા..! બાહ્ય તીર્થ નિમિત્ત છે. ત્યાં ને ત્યાં ભટક્યા કરે, ત્યાં ને ત્યાં નજરું કર્યા કરે. સમ્મેદશિખર તારી દેશે, ગિરનાર તારી દેશે, શેત્રુંજય તારી દેશે. 'એકવાર વંદે જો કોઈ...' જાવ પછી એક વાર.. બે-પાંચ... વંદાવે એટલે મોક્ષ થઈ જશે. સમ્મેદશિખર. તીર્થ તો તારું તારામાં છે. તરવાનો ઉપાય ભગવાન શુદ્ધ પ્રભુ એમાંથી નિર્મળ એકાગ્રતાના કિરણો પ્રગટ થતાં, એમાં સ્નાન થતાં એ આત્મા તરણનો ઉપાય પ્રગટ કરી શકે છે. કહો, સમજાણું?

**'ઉસમેં લીન પરમતપોધનકા નિવાસસ્થાન,...'** લ્યો! એવા જે મુનિઓ એનું હવે નિવાસસ્થાન વ્યવહાર કહે છે. એવો નિશ્ચયતીર્થ એમાં લીન. એવા પરમતપોધન મુનિઓ, મહાતપોધન સંતો. જેને તપરૂપી લક્ષ્મી છે, એટલે આનંદરૂપી લક્ષ્મી છે, ઈચ્છાના અભાવ-સ્વભાવરૂપી જેને લક્ષ્મી છે. લ્યો! પરમ ઈચ્છા નિરોધ આનંદસંપન્ન એવા તપોધન એને ઈન્દ્રિયદમન અથવા અતીન્દ્રિય આનંદની પ્રગટ દશા વર્તે છે. એવી સંપદાના-ધનના ધણી એનું નિવાસસ્થાન.

એ જે સ્થાનમાં રહેતા હોય મુનિઓ. '**સમ્મેદશિખર, ગિરનાર આદિ...**' લ્યો! એ વ્યવહાર તીર્થ છે. શુભભાવ એવો હોય છે, બહુમાન થાય. હવે અહીં તો કહે છે '**આદિ તીર્થ વે ભી વિનશ્વર હૈં,...**' કહો, સમજાણું? સમ્મેદશિખર જ્યાં ભગવાન બિરાજતા હતા તીર્થંકરો. મૂળ તો એ તીર્થંકરો ત્યાં ધ્યાનમાં હતા અને કેવળ પામીને એ સમયમાં મોક્ષ જ્યારે પધાર્યા તેના ઉપર બિરાજમાન છે ઈ, આઘે-પાછે નહિ. ગિરનારમાં નેમિનાથ ભગવાન મોક્ષ પધાર્યા જે સ્થાનથી પધાર્યા તે સ્થાનમાં ઉપર બિરાજે છે. સાદિઅનંત ત્યાં બિરાજે છે, સાદિઅનંત. ત્યાં સમ્મેદશિખરમાં જ્યાં જ્યાં ભગવાન મોક્ષ પધાર્યા ત્યાં ત્યાં સ્મરણરૂપમાં અંદરમાં કે આ ભગવાન.

એ (સંવત) ૨૦૧૩માં કહ્યું હતું, મુંબઈ એકવાર. પહેલીવહેલી સમ્મેદશિખરની જાત્રાએ જાવું હતુંને. એક જણા સ્થાનકવાસી હતા. બરવાવાળા નહોતા? જગજીવનભાઈ હતા. સ્થાનકવાસીના હતા. સંતબાળના ભગત હતા. પછી કીધું, જુઓ એ લોકો માને નહિ, બાપુ! તમને (ખબર નથી). આ ભગવાનના તીર્થનો હેતુ આ છે. શું? કે ત્યાંથી મોક્ષ પધાર્યા છે એની સમશ્રેણીએ બિરાજે છે. ત્યાં આગળ એના ખ્યાલમાં આવે કે ઓહો..! પરમાત્મા પૂર્ણ અસંખ્ય પ્રદેશ નિર્મળાનંદ અહીંયાં માથે બિરાજે છે. એવા સ્મરણને માટે આ વસ્તુ છે. તમારા જગજીવન. બરવાવાળા જગજીવન. એ મૂર્તિ-બુર્તિને માને નહિ. આમ સંતબાળનો પહેલો ભગત હતો પછી વિરોધ થઈ ગયો હતો. મેં કીધું કે જો ભાઈ આ હેતુ છે. સાચી વાત લાગે છે મહારાજ. એમ બિચારો કહે. સ્થાનકવાસી હતા. પણ બાપુ! તમે એમ એકાંત ખેંચી જાવ કે ત્યાં શું? ત્યાં તો પથરા છે. બાપુ! સાંભળ તો ખરા, કીધું, શાંતિથી. ત્યાં ભગવાન મોક્ષ પધાર્યા છે જે સ્થાનમાં ત્યાં આગળ આમ બિરાજે છે. સાદિઅનંત બિરાજે છે. અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ એ જ ક્ષેત્રે છે. એક પ્રદેશ આઘો-પાછો નથી. સમશ્રેણીએ છેને પંડિતજી! સમશ્રેણીએ છે.

આ ઊર્ધ્વગતિ અહીં છે ગિરનાર. સમશ્રેણીએ બિરાજે છે આમ. એને યાદ માટે કે ઓહો..! આ સ્થાન તો એનું વ્યવહાર કહેવાય. એના સ્મરણને માટે આ છે. ત્યારે કહે, આ તો ભારે વાત! અમારે સમ્મેદશિખર જાવું હતુંને પહેલીવહેલી જાત્રામાં. મોટરમાં આખી જિંદગીમાં નહિ બેઠેલા ત્યાં બેસવું હતું પહેલું. કોઈ દિ' ક્યાંય નહોતા બેઠા. આ તો જાત્રાએ જાવું હતું એટલે. વાત તો સાચી, એ તો વળી બિચારા બહુ બીજું બોલ્યા હતા. .. આવી રીતે હોય તો ત્યાં કાંઈક થઈ જવાનું તમને. એમ બિચારો કહેતો હતો હોં.

બાપુ! એમ એકદમ નિષેધ વ્યવહાર થાય એમ પણ નહિ, તેમ વિકલ્પ જે આવ્યો છે તે ધર્મનું કારણ અને મોક્ષ છે એમ પણ નહિ. એ સ્થાનમાં એવો ભાવ (આવે કે) પરમાત્મા ઓહો..! આ સ્થાનમાં બિરાજતા હતા. કેવળજ્ઞાન તો અહીં પામ્યા હતા. મુક્તિ તો ત્યાં જ

થઈ હતી. ક્યાં? એ સ્થાનમાં. એ દેરમાં (વખતમાં) મુક્તિ થઈ હતી. એ સ્થાનમાં ત્યાં બિરાજમાન એ અનંતા તીર્થંકરો જ્યાં જ્યાં (મોક્ષ પધાર્યા) આ સ્થાન માટે વાત છે. એને એકાંતપણે એમ તાણે, જુઓ એમાં કાંઈ નથી. ભાઈ! કાંઈ નથી, ઈ વાત તો અહીં છે. પણ જ્યારે ભક્તિનો ભાવ આવે એટલે એવો શુભભાવ થયા વિના રહે નહિ. એની ગેરહાજરીમાં એવો ભાવ આવે. ઓહો..! ક્યાં પ્રભુ બિરાજતા હતા? ક્યાંથી મોક્ષ પધાર્યા? ક્યાં બિરાજે છે અત્યારે? એ જ્યારથી ગયા ત્યાં સાદિઅનંત કાળ એમ ને એમ રહેશે એ ક્ષેત્રે. એ માટે સ્મરણની યાદગીરી માટે વિશેષ ખ્યાલમાં લાવવા માટે વાત છે.

મુમુક્ષુ :- એવા સ્થાન...

ઉત્તર :- એવી કોણે કહી વાત? સ્મરણ કરીને અંદરમાં ઉતરે તો સહેલું પડે. પણ એવો ભાવ આવ્યા વિના રહે નહિ. સમજ્યાને?

અમારા ગામમાં એક બ્રાહ્મણ (હતા), ભાઈ નહોતા? બ્રાહ્મણ હતા સાધારણ પહેલા. પછી મકાન વેચી નાખ્યા. જૂના મકાન હતા ઘરના. આ તો પાંચસો-સાતસોના મકાન હશે. એ મકાન વેચી નાખ્યા. પછી થયા પૈસાવાળા એ મકાનવાળા બ્રાહ્મણ. ડોશીએ એના દીકરાને કહ્યું, બેટા! એ ગમે તે રીતે પણ આપણા જે મકાન જૂના છેને એ આપણે લેવા હોં. ત્યાં આપણે રહ્યા છીએ. તારો બાપ ત્યાં રહ્યા, અમે ત્યાં રહ્યા, તારો જન્મ ત્યાં છે. બા! પણ કેટલા રૂપિયા લે. અરે! રૂપિયાની ગણતરી હોય? એની મા કહે છે હોં! સાતસો-આઠસો રૂપિયાનું મકાન હતું. એની બાએ કહ્યું એટલે આવ્યો મકાનના ધણી પાસે. આંકડો મૂક, એ મકાન મારે જોવે છે. મારી બાની આજ્ઞાથી. આંકડો મૂક. ઓલો કેટલોક આંકડો મૂકે? સાતસો-આઠસો મકાનના દશ હજાર મૂક્યા તો દશ હજાર (દીધા). દશ હજાર દીધા તો ઓલો પછતાણો કે વીસ હજાર મૂક્યા હોત તો. એને એની બાએ કહ્યું કે આપણે મકાન જૂનું બાપ-દાદાનું છે. એના બાપ-દાદા અહીં રહેતા. એના મકાનમાંથી આપણે થયા પૈસાવાળા હવે. માટે કહે એટલા પૈસા દઈને પણ લઈ લે. ઓલો કેટલોક લખે? ઉપજે ત્યાં હજાર-પંદરસો માંડ ઉપજે. કોઈ વેચે તોપણ માંડ ઉપજે. દશ હજારને એક. દશ હજારને એક લખી દે. લઈ લીધું મકાન.

એમ જ્યાં ભગવાન બિરાજતા હતા. એમ વાત અહીં છે. કયે સ્થાનમાં? કે આ સ્થાનમાં. આહા..હા..! અમારા પિતા અને પરદાદા એ તીર્થંકર હતા. અમે એના કૂળના કેડાયત છીએ. અમે એના કૂળના કેડાયત છીએ કે અમારા પ્રભુ, અમારા ધર્મપિતા ક્યાંથી મોક્ષ પધાર્યા એના સ્મરણ માટે સ્થાન છે. કેમ? ચીમનભાઈ! દશ હજાર તો દશ હજાર લ્યો! ઓલો પાછો મારી આવી ભૂલ થઈ. વીસ હજાર કીધા હોત તો આપત.

મુમુક્ષુ :- એને તો લેવું હતું.

ઉત્તર :- એને તો લેવું હતું. આંકડો તું મૂક. અમારે કોઈ નહિ. તારે મૂકવો હોય એટલો આંકડો મૂક. એ લીધે છૂટકો. મારી માની આજ્ઞા છે. અમારું જૂનું મકાન (છે). એમ જ્યાં ત્રણ લોકના નાથ આહા..હા..! આમ બિરાજતા હશે. અજોગદશા ત્યાં થઈ હતી અને ત્યાંને ત્યાં મુક્ત થયા હતા. એ મુક્તનું સ્મરણ માટે એ સ્થાન છે. એ ભક્તોને ભક્તિ અને તીર્થનો ભાવ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ આ લીધે છૂટકો. પરમાત્મા ત્યાં થઈને ગયા માટે મારે પરમાત્મપદ લીધે છૂટકો છે. એમ છે અંદર. એણે અંદરમાં એકાગ્ર થઈને લીધું છે. સમજાણું કાંઈ?

'**સમ્મેદશિખર, ગિરનાર આદિ તીર્થ વે ભી વિનશ્વર હૈં,...**' જુઓને અત્યારે સમ્મેદશિખરની કેવી સ્થિતિ છે? અનાદિ અનાદિ સત્ય દિગંબર ધર્મ હતો. (સમ્મેદ) શિખર ત્યાં દિગંબર જ મુનિ હતા. બીજું કોઈ હતું એ તો છસ્સો વર્ષે. પણ હવે કોણ કહે? કોણ માને? અનાદિ વસ્તુ તો દિગંબર મુનિઓ ત્યાં મોક્ષ પધાર્યા, તીર્થંકરો. દિગંબર જ હતું એકલું તત્ત્વ. એ તો આ છસ્સો વર્ષ પછી બાર વર્ષ દુકાળ પડ્યો એમાં આ બધું નીકળ્યું તે આવે. ભાવફેરે શું થાય? અને તે કોણ માને કે આ હતું? તમે પક્ષ કરો છો. આહા..હા..! એમ ગિરનાર. લ્યો! બાવા ઘણી થઈ ગયા છે. લખાણમાં આવ્યું હશે ઓલા રામજીભાઈ કહેતા હતા દોઢસો વર્ષ પહેલા. દત્તાત્રેય. પણ અરે!

મુમુક્ષુ :- જૈનો...

ઉત્તર :- હા, એમ કહે. એટલે તે દિ' આ લોકોએ દરકાર કરી નહિ. ગિરનાર ભગવાન મોક્ષ પધાર્યા, શાશ્વત વસ્તુ. એ ત્યાં શ્વેતાંબર હતા કે દિ તે દિ'? અને આ તો હતા કે દિ'? મહાન અને એની પાસે વાસુદેવ, બળદેવો આમ જતાં, પગે લાગતાં, ચરણ ચુંબતાં. ઓહો..! નાથ! અમારા કુળમાં તીર્થંકર જન્મ્યા. અમારા કુળ તર્યા. એમ કરીને પોતે વાસુદેવ-બળદેવ પગે લાગતા. ઓહો..હો..! મારી ગતિ તો બીજી છે હોં એમ કહેતા. મારી ગતિ તો બીજી, પણ પ્રભુ! તારા કૂળમાં જન્મ્યો એ તર્યે છૂટકો છે હોં! એમ આવે છે ભાઈ આમાં. શ્વેતાંબરમાં. 'નહિ જાવું નહિ જાવું પ્રભુજી, નહિ જાવું નરક દેરે.' હે નાથ! પ્રભુ તમે કહો છો કે વાસુદેવ નરકે જાય, પ્રભુ! હું નરકે નહિ જાઉં હોં. હું જેવો તેવો પણ તારો ભાઈ કહેવાણો હોં! જેવો તેવો પણ હું તારો બંધુ કહેવાણો. હે બંધવ! આપ મોક્ષ પધારો. નાથ! નરકે,.. પ્રભુ ન હોય હોં એમ કહીને. ભક્તિના સ્તવન કર્યા. 'નહિ જાવું નહિ જાવું હોં પ્રભુજી નહિ જાવું નરકદેરે' દેરે સમજ્યા? નરઘર. 'જેવો તેવો પણ તારો બંધવ, જગતમાં હું કહેવાણો, પ્રભુજી નહિ જાવું નરકદેરે.' સ્તવન આવે છે. સજ્ઝાયમાળા બધી વાંચેલીને પહેલી, બધી ઘણી

વાંચેલી દુકાન ઉપર બેઠા. આહા..હા..! પ્રભુ! પણ હું તારો ભાઈ હોં! તમે પ્રભુ થઈ ગયા. અરરર! પ્રભુ! આ સ્થિતિ મારી! પ્રભુ પછી કહે છે વાણી દ્વારા, આમાં આવે છે શ્વેતાંબરમાં. ભાઈ! તું તીર્થંકર થવાનો છો હોં. તું આવતી ચોવીસીમાં તીર્થંકર થઈશ. એમ કીધું. આમ સિંહનાદ કર્યો એવો પાઠ છે શ્વેતાંબરમાં. ઓહો..! ત્રિલોકના નાથે મને કહ્યું છે કે તું આવતી ચોવીસીમાં મારા જેવો તીર્થંકર થઈશ. પછી સિંહનાદ કરે છે. વાસુદેવ છેને. અવાજ પોકાર કરે છે. ઓહો..! તરી જઈશ હવે. એકાદ ભવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ આવે છે. બધું આવે છે. ત્યાં બહુ લખાણ આવે છેને. એના વ્યાખ્યાન ચાલતા હોય છેને એમાં બધી વાત ઘૂંટાતી હોય. સિંહનાદ કરે છે. સિંહનાદ સમજાણું? ખુશીનો ગરજનાદ. ભગવાનના મુખે નીકળે છે વાણી દિવ્યધ્વનિ દ્વારા કે ખેદ ન કરો શ્રીકૃષ્ણ! ખેદ ન કરો. વાણી દ્વારા. આ તો વાણી દ્વારા એ લોકો કહેવા માગે છે. ... તમે તીર્થંકર થવાના છો. આવતી ચોવીસીમાં તીર્થંકર થઈ મોક્ષ પધારવાના. આહા..હા..! કહો, સમજાણું?

એવા તીર્થો સ્મરણ માટે છે, પણ એ નાશવાન છે. '**ઔર જિનતીર્થકે સિવાય જો પર યતિયોંકા નિવાસ વે પરતીર્થ વે ભી વિનાશીક હૈં.**' એ પણ નાશવાન. મોટા-મોટા તીર્થ નાશવાન છે. જગન્નાથ જુઓને, અત્યારે કેટલા મોટા-મોટા છે. ક્યાંય ફેરફાર... ફેરફાર... ફેરફાર... હમણા નહોતું કો'કનું મોટું ભાઈ! નહિ? દરિયાનું પાણી આવ્યું અને એનું મોટું તીર્થ રામેશ્વર. બહુ ખલાસ. મોટું ધામ. પાણી આવ્યા તે બધા ખલાસ થઈ ગયા. હમણા થયું છે. બે વર્ષ પહેલાની વાત છે. મોટું તીર્થ દક્ષિણમાં. દક્ષિણમાં ને? સાંભળેલું તો છે આ. બધું ખલાસ થઈ ગયું. શું થાય ભાઈ! નાશવાન છે. રાખ્યા રહેતા હશે એ? પુણ્યનો યોગ હોય તો રહે, બાકી ખલાસ થઈ જાય.

હવે વેદ-વેદ. '**નિર્દોષ પરમાત્મા જો સર્વજ્ઞ વીતરાગદેવ...**' આહા..હા..! જુઓ, આ વાણી કહેનાર કોણ? કહેનાર કોણ? એમ કહે છે પહેલા. જેના મુખમાંથી વાણી નીકળી એ પરમાત્મા કેવા હતા? નિર્દોષ... નિર્દોષ... જેને દોષનો કણ રહ્યો નથી. એવા જેને નિર્દોષ વીતરાગી અનંત ચતુષ્ટય પ્રગટ થયા હતા. એવા પરમાત્મા સર્વજ્ઞ વીતરાગદેવ. અહીં અરિહંત લેવા છે હોં. વાણી લેવી છેને. સિદ્ધ ભગવાનને તો વાણી નથી. આમ પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય. સર્વજ્ઞ વીતરાગદશા અંદર પૂર્ણ પ્રાપ્ત થઈ છે. એવા પરમાત્માના '**ઉનકર ઉપદેશ કિયા ગયા...**' છદ્મસ્થો નહિ, છદ્મસ્થો નહિ, અજ્ઞાની નહિ. એવા પરમાત્માના મુખથી નીકળેલો. મુખથી શબ્દ આવે છેને. પંચાસ્તિકાયમાં એમ આવે છે. મુખ. છે તો આખા ઓલાથી, પણ એ શબ્દ એવો (આવે છે).

'**ઉપદેશ કિયા ગયા જો દ્વાદશાંગ સિદ્ધાંત...**' આહા..હા..! ભગવાનની વાણી, સર્વજ્ઞ વીતરાગની વાણી એ બહારની. એ વેદ ખરા, એ વેદ ખરા. '**યહ યદ્યપિ સદા સનાતન હૈ,...**' અનાદિ જગતમાં છે. '**તો ભી ક્ષેત્રકી અપેક્ષા વિનશ્વર હૈ, કિસી સમય હૈ, કિસી ક્ષેત્રમેં પાયા જાતા હૈ,...**' અહીં ભરત ઐરવતમાં જુઓને કોઈવાર હોય અને કોઈવાર ન હોય. મહાવિદેહમાં સદાય (હોય). '**કિસી સમય નહીં પાયા જાતા,...**' જુઓ લખ્યું. '**ભરતક્ષેત્ર ઐરાવત ક્ષેત્ર કભી પ્રગટ હો જાતા હૈ, કભી વિલય હો જાતા હૈ,...**' ઓહો..હો..! એકલા કલ્પવૃક્ષ રહે, કાં છઠ્ઠો આરો હોય તો ધૂળ રહે. વાણી ન રહે. કોઈ વખતે વાણી પ્રગટે તો ધોધ પ્રગટે. એ અપેક્ષાએ વિનશ્વર કહેવામાં આવે છે. સમજાણું? ક્ષેત્રકી અપેક્ષા વિનશ્વર. '**કભી વિલય હો જાતા હૈ,..**'

'**મહાવિદેહક્ષેત્રમેં યદ્યપિ પ્રવાહકર સદા શાશ્વતા હૈ,...**' પ્રવાહ તો સદાય છેને અનાદિ અનંત. અનંત સંતો, શ્રુતકેવળીઓ બિરાજે છે, તીર્થંકરો સનાતન અનાદિ બિરાજે છે. કોઈ દિ' તીર્થંકર વિનાનું મહાવિદેહક્ષેત્ર ખાલી ન હોય. આઠ ભાગમાં એક તીર્થંકર તો હોય, હોય ને હોય જ. એક મહાવિદેહક્ષેત્રના ૩૨ ભાગ. ૩૨ ભાગમાં આઠ આઠમાં એક-એક (એમ ચાર) તો ભગવાન સદાય બિરાજમાન જ હોય. એક મહાવિદેહમાં ચાર તીર્થંકર, પાંચ મહાવિદેહમાં વીસ તીર્થંકર. એક મહાવિદેહ અહીં, બે ઘાતકી ખંડ, બે અર્ધ પુષ્કર. એવા '**યદ્યપિ પ્રવાહકર સદા શાશ્વતા હૈ,...**' તીર્થંકરો ભગવાન વર્તમાન બિરાજે છે અને સદાય (હોય છે). '**તો ભી વક્તા-શ્રોતાવ્યાખ્યાનકી અપેક્ષા...**' આ વાણીની વાત છેને. વક્તા એ ભગવાન પોતે પણ નાશ થઈ જાય છે અથવા ગણધરો વક્તા શ્રુતકેવળીઓ. ઓહો..હો..! શ્રોતા. એ શ્રોતા કાંઈ રહેતા નથી, એ વક્તા રહેતા નથી. આખું દળ ફરી જાય છે ચક્ર. ૫૦-૫૦ વર્ષે, સો-સો વર્ષનું આખું ચક્ર ફરી જાય. એ વક્તા અને શ્રોતા જે એકધારા હતા એ બીજે હોય બીજા. આખું પલટ મારે છે... પલટ મારે છે... પલટ મારે છે. શ્રોતા બીજા, વક્તા બીજા વર્ષો વર્ષ. ઉંમર જેટલી હોય એના પ્રમાણમાં આખું ચક્કર બદલાઈ જાય. કહેનારા બીજા, સાંભળનારા બીજા એ અપેક્ષાએ તો બધું ફેરફારવાળું, નાશવાળું છે. '**વે હી વક્તા-શ્રોતા હમેશા નહીં પાયે જાતે, ઈસલિયે વિનશ્વર હૈ,...**'

'**ઔર પર મતિયોંકર કહા ગયા...**' હવે એના પણ શબ્દો નાશવાન છે. આ '**હિંસારૂપ વેદ વહ ભી વિનશ્વર હૈ.**' વાણી તો નાશવાન છેને. ... યજ્ઞમાં આમ કરે તો થાય, આમ થાય. એ બધી વાણી નાશવાન છે. કહો, સમજાણું? હવે કાવ્ય. '**કવ્વુ**' '**કવ્વુ**' છેને? '**વેઉ વિ કવ્વુ**' કાવ્ય. હવે કાવ્યમાં પણ કેવા કાવ્યો? '**શુદ્ધ જીવાદિ પદાર્થોંકા વર્ણન કરનેવાલી...**' કાવ્ય. આ કંકુ કાવ્ય આવે છેને? કંકુ કાવ્ય. અહીં તો કહે .... મૂળ તો કાવ્ય એને કહીએ

કે જેમાં શુદ્ધ જીવાદિ પદાર્થનું વર્ણન. શુદ્ધ જીવને મુખ્ય કરીને બધું વર્ણન. દેખો, '**શુદ્ધ જીવાદિ પદાર્થોંકા વર્ણન કરનેવાલી સંસ્કૃત પ્રાકૃત છટારૂપ...**' એમ લખ્યું છે વળી. સમજાણું? '**कव्वु**' '**कव्वु शुद्धजीवपदार्थादीनां गधपधाकारेण वर्णकं काव्यं**' એવું છે પાઠમાં. કહો, સમજાણું?

'**સંસ્કૃત પ્રાકૃત છટારૂપ ગદ્ય...**' સમજ્યાને? પદ્ય અંદર. છટારૂપ. છટારૂપ ગદ્ય. છટાવાળો પાઠ એમ ઠીક. પાઠ પણ છટાવાળો પાઠ. છટાવાળો એટલે? આકર્ષક. આકર્ષણ થાય એવો એમ. મધુર. ઠીક! છટારૂપ. એ શૈલી જુદી મીઠી મધુરી. આહા..હા..! '**છટારૂપ ગદ્ય વ છંદબંધરૂપ પદ્ય...**' ઈ ઓલા ગદ્યની વ્યાખ્યા કરી. ગદ્ય હોય પણ છટારૂપ. એના મધુર કાવ્યો. એ શબ્દો ભલે આમ પ્રવાહ હોય, પદ્ય ન હોય તોપણ એમાં... આ જુઓને અનુભવપ્રકાશમાં કેટલાક શબ્દો એવા છેને. અનુભવપ્રકાશમાં. એ તો જાણે આમ વાંચો તો આમ વાંચો. કાવ્ય તરીકે વાંચો તો કાવ્ય નીકળે છે. આ ભાઈનું દીપચંદજીનું. અનુભવપ્રકાશમાં એવા શબ્દો છે. સાચી વાત છે. '**ઉસ સ્વરૂપ ઔર જિસમેં વિચિત્ર કથાયેં હૈં,...**' કથા પણ ઘણા પ્રકારની તીર્થંકરોની, ગણધરોની આદિ ઘણા પ્રકારની. '**ઐસે સુંદર કાવ્ય કહે ગયે હૈં, વે ભી વિનશ્વર હૈં.**' કાવ્યના રચનારા પણ લોપ થઈ ગયા અને કાવ્યો પણ લોપ થઈ ગયા. ભગવાન એક રહી ગયો. શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ એક જ રહ્યો. એમ કહે છે. એની પાછળ બધું વિનશ્વર છે.

'**ઈત્યાદિ જો-જો વસ્તુ સુંદર ઔર ખોટે કવિયોંકર...**' હવે ખોટા કવિ. ઓલા સાચા કવિ. '**ખોટે કવિયોંકરકર પ્રકાશિત ખોટે કાવ્ય ભી વિનશ્વર હૈં.**' સાચા કાવ્ય વિનશ્વર અને ખોટા કાવ્ય પણ વિનશ્વર. '**ઈત્યાદિ જો-જો વસ્તુ સુંદર ઔર અસુંદર દિખતી હૈં, વે સબ કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેંગી.**' આહા..હા..! '**તાત્પર્ય યહ હૈ, કિ સબ ભસ્મ હો જાવેંગી,...**' પરમાણુનો પિંડ સ્કંધરૂપે પરિણમ્યો છે. છૂટા પડી જશે વાણી ને એ બધું. એ ક્યાં મૂળ સ્વરૂપ છે? છૂટા પડી જશે. થઈ રહ્યું જાવ. એનું નામ ભસ્મ. ભસ્મનો અર્થ કાંઈ પરમાણુ નાશ થઈ જાય છે? એ પર્યાયનું પરિણમન જે હતું એ પરિણમન ખલાસ થઈ ગયું. બીજારૂપે ગયું. ભસ્મ થઈ ગયો એનો અર્થ એમ. કર્મ ભસ્મ કર્યા. એટલે શું? કર્મરૂપ પર્યાય હતી એ અકર્મરૂપ થઈ ગઈ એનું નામ ભસ્મ. વસ્તુ કાંઈ નાશ થઈ જાય છે? પર્યાય વિનાની રહે છે? પર્યાય તો થાય છે. અને બીજી પર્યાય છે તો આ રૂપે નાશ થઈ ગયો. ઉત્પાદ હતો એ નાશ થઈ ગયો. બધું નાશવાન દેખાય ઈ.

જુઓ, ભાવના આવ્યુંને. '**તાત્પર્ય યહ હૈ, કિ સબ ભસ્મ હો જાવેંગી, ઔર પરમાત્માકી ભાવનાસે રહિત જો જીવ...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની એકાગ્રતાથી રહિત, પોતાના શુદ્ધ સ્વભાવની એકાગ્રતાથી રહિત ઉપાર્જેલા કર્મ એમ કહેવું છે. ભગવાન શુદ્ધ સ્વરૂપ

નિર્મળાનંદ એની અંતરની એકાગ્રતાથી તો કર્મ ઉપાર્જાતા નથી. એની એકાગ્રતાથી રહિત જો જીવ '**ઉસને ઉપાર્જન કિયા...**' લ્યો. '**જો વનસ્પતિનામકર્મ ઉસકે ઉદયસે વૃક્ષ હુઆ,...**' આ .. કહે છેને ઓલા? '**સો વૃક્ષોંકે સમૂહ જો ફૂલે-ફાલે દિખતે હૈં,...**' હજારો, લાખોં ફળફૂલ દેખાય આમ ઓહો..હો..! પંચ રંગા ફૂલ. એક-એક ફૂલ પણ ઉપર લાલ, નીચે ધોળું. એક-એક ફૂલમાં એવા રંગ હોય. .. ઉપર લાલ, નીચે ધોળું, નીચે ધોળું, ઉપર લાલ, ઉપર ધોળું, નીચે લાલ એક એક પાંદડીમાં હોં! નામકર્મના નિમિત્તની રચનાએ બધું દેખાય રજકણો. જેવો એને યોગ્ય હોય એ આવ્યા હોય. '**જો ફૂલે-ફાલે દિખતે હૈં, વે સબ ઇંધન હો જાવેંગે.**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એકેન્દ્રિય નામ કર્મ એ પ્રકારે છેને. એને પણ ઘણા પ્રકારે છેને એકેન્દ્રિય નામ કર્મ. રંગ, ગંધ, રસ, સ્પર્શ, આકાર, બધી પ્રકૃતિ ભેગી થઈને એવા ફૂલો જોયા છેને. આમ ઉપર જુઓ તો એક જ પાંદડી અને ઉપર રંગ રાતો અને નીચે જુઓ તો લીલો. વચ્ચે કાંઈ આંતરો નહિ. ઉપરના શરીરના જીવો બીજા છે. નીચેના શરીરના જીવો જુદા છે. ઉપરના જીવના શરીરનો એ રંગ છે, નીચે જીવના શરીરનો બીજો રંગ છે.

મુમુક્ષુ :- ... ૪૫ જાતના ફળ આપે.

ઉત્તર :- હા, એક વૃક્ષ? હોય, એમાં નવીન નથી. એ બધું નાશવાન-નાશવાન.

'**સંસારકા સબ ઠાઠ ક્ષણભંગુર હૈ,...**' ક્ષણભંગુર-ક્ષણમાં નાશ થાય એવા. કોની તું ચિંતા કરીશ કહે છે. એ તો બધું જાણવા જેવું છે. આદરવા જેવો તો અંદર ભગવાન ધ્રુવ પરમાત્મા નિજાનંદ મેરુ પર્વતની પેઠે ધ્રુવ ભગવાન પડ્યો છે. એ હલ્યોહલે નહિ, નાશ થાય નહિ, એનું શરણ લે કે જેમાં દૃષ્ટિ ટકીને શાંતિ મળે. બાકી ક્યાંય શરણ છે નહિ. '**ઐસા જાનકર પંચેન્દ્રિયોંકે વિષયોંમેં મોહ નહીં કરના,...**' એમ. આમ બહારમાં (મોહ) ન કરવો. એમ. બહારના પંચેન્દ્રિયના શુભ-અશુભ લક્ષો અને વિષયો એના ઉપર મોહ ન કરવો. '**વિષયકા રાગ સર્વથા ત્યાગના યોગ્ય હૈ.**'

હવે થોડું કહે છે કે એ બધું કહ્યું નાશવાન-નાશવાન છે. '**પ્રથમ અવસ્થામેં યદ્યપિ ધર્મતીર્થકી પ્રવૃત્તિકા નિમિત્ત જિનમંદિર,...**' હોય છે. સમજાણું? '**प्राथमिकानां यानि धर्मतीर्थवर्तनादिनिमित्तानि देवकुलप्रतिमादीनि**' નિમિત્ત હોય છે. '**પ્રથમ અવસ્થામેં યદ્યપિ ધર્મતીર્થકી પ્રવૃત્તિકા નિમિત્ત જિનમંદિર, જિનપ્રતિમા...**' એ હોય છે એમ કહે છે. પાછું ઓલું નાશવાન-નાશવાન કરીને કહે એ બધું અમારે હોય નહિ, અમારે વિકલ્પ ન હોય, અમારે ભક્તિ (હોય નહિ, એમ નથી). '**જિનધર્મ તથા જૈનધર્મી ઇનમેં પ્રેમ કરના યોગ્ય હૈ,...**'

પહેલી અવસ્થામાં એવો ભાવ આવે. સાધર્મી પ્રત્યે પ્રેમ, મુનિઓ પ્રત્યે પ્રેમ, 'સાચું સગપણ સાધર્મીતણું રે લાલ.' એ બધા કરતા એને કે ઓહો..! જેનો સ્વધર્મ પ્રગટ્યો છે એવા સાધર્મી પ્રત્યે પ્રેમ આવે, ભગવાન પ્રત્યે પ્રેમ આવે, પ્રતિમા પ્રત્યે પ્રેમ આવે, મંદિર પ્રત્યે પણ (પ્રેમ આવે). નવ દેવ ગણ્યા છે કે નહિ? નવ દેવ છે. ભગવાનનું મંદિર દેવ, ભગવાનની પ્રતિમા દેવ. કહો, પાંચ પદ. સમજાણું? વાણી, જૈનધર્મ એ બધા દેવ છે. વ્યવહારે નિમિત્ત છેને. **'ઈનમેં પ્રેમ કરના યોગ્ય હૈ, તો ભી શુદ્ધાત્માકી ભાવનાકે સમય યહ ધર્માનુરાગ ભી નીચે દરજ્જેકા ગિના જાતા હૈ,...'** સમજાણું કાંઈ? ... આવું છે અંદર. **'धर्मतीर्थवर्तनादिनिमित्तानि देवकुलप्रतिमादीनि तत्रापि शुद्धात्मभावना काले मोहो न कर्तव्येति'** ન કર્તવ્ય જુદો છેને.

મુમુક્ષુ :- ન જુદો પાડ્યો છે. **'शुद्धात्मभावना काले न कर्तव्येति'** એમ જોઈએ.

ઉત્તર :- **'शुद्धात्मभावना काले मोहो न कर्तव्येति'** હા, હા, સાચી વાત છે. એ આ સાથે ભેગું કર્યું છેને. **'શુદ્ધાત્માકી ભાવનાકે સમય યહ ધર્માનુરાગ ભી નીચે દરજ્જેકા ગિના જાતા હૈ,...'** એટલે કરવો (નહિ). સ્વરૂપમાં ઉપયોગમાં ઠર્યો એને પછી ક્યાં રાગ છે? એમ કહે છે. એ ફેર છે શબ્દમાં. **'વહાં પર કેવલ વીતરાગભાવ હી હૈ.'** લ્યો! એકલો ધ્યાનમાં તો વીતરાગભાવ જ હોય છે. પ્રથમ જ્યાં સુધી ઠરી ન શકે ત્યાં સુધી ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને હોય છે, શુભરાગ આવે છે, ભક્તિનો આવે છે. એ સંસ્કૃતમાં છેને? **'शुद्धात्मभावना काले मोहो न कर्तव्येति संबंधः'** એમ લેવું સંસ્કૃતમાં.

મુમુક્ષુ :- ન ભેગું જોડાઈ ગયું છે.

ઉત્તર :- ભેગું જોડાઈ ગયું છે. હા, એ સાચી વાત. એણે અર્થ આવો કર્યો કે **'ધર્માનુરાગ ભી નીચે દરજ્જેકા ગિના જાતા હૈ,...'** એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક, ન કર્તવ્ય એની સાથે હોવું જોઈએ. ઠીક છે.

૧૩૦. પહેલી અવસ્થામાં રાગ હોય છે એમ કહે છે. નિર્વિકલ્પ ઉપયોગમાં ઠરે નહિ ત્યાં સુધી તો સાતમા ગુણસ્થાનવાળાને... સાતમું ન હોય તો છઠ્ઠાવાળાને હોય વિકલ્પ એવો. પાંચમામાં પણ હોય અને ચોથામાં પણ હોય. સ્વરૂપમાં ઠરે એટલે વિકલ્પ હોતો નથી. એવી વાત છે. નિશ્ચય વ્યવહાર છે કે નહિ? હોય છે. પણ એનું શરણ પરમાર્થે નથી. પરમાર્થે શરણ તો સ્વભાવનું છે.

**'આગે શુદ્ધાત્મસ્વરૂપસે અન્ય જો સામગ્રી હૈ, વહ સભી વિનશ્વર હૈં,...'** હવે કહે છે જુઓ,

२६१) एक्कु जि मेल्लिवि बंभु परु भुवणु वि एहु असेसु।
पुहविहिँ णिम्मउ भंगुरउ एहउ बुज्झि विसेसु।।१३१।।

એક પરમબ્રહ્મ. '**એક શુદ્ધ જીવદ્રવ્યરૂપ પરમબ્રહ્મકો...**' ભગવાન પોતાનો હોં. 'એક શુદ્ધ...' આ તો ભાવનાનો ગ્રંથ છેને. '**એક શુદ્ધ જીવદ્રવ્યરૂપ પરમબ્રહ્મ...**' ભગવાન પોતાનો પરમબ્રહ્મ. પરમ આનંદરૂપી 'છોડકર...' એને છોડીને. આ 'પૃથિવ્યાં' નામ 'ઈસ લોકમેં...' 'इदं अशेषम् भुवनमपि निर्मापितं' '**ઈસ સમસ્ત લોક કે પદાર્થોંકી રચના હૈ, વહ સબ વિનાશીક હૈ, ઈસ વિશેષ બાત કો તૂં જાન.**' 'एतद् विशेषम् बुध्यस्व' '**तू જાન.**' તારા સ્વરૂપ સિવાય, પરમબ્રહ્મ ભગવાન સિવાય બધું નાશવાન છે. ...માં બધા લેશે. બધા જીવો....

'**ભાવાર્થ :- શુદ્ધસંગ્રહનયકર સમસ્ત જીવ-રાશિ એક હૈ. જૈસે નાના પ્રકારકે વૃક્ષોંકર ભરા હુઆ વન એક કહા જાતા હૈ,...**' પહેલું આવી ગયું છે આપણે. ઘણા વૃક્ષોનું વન એક કહેવામાં આવે છે છતાં વૃક્ષો જુદાં-જુદાં છે. '**ઉસી તરહ નાના પ્રકારકે જીવ-જાતિ કરકે એક કહે જાતા હૈ,...**' એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, પંચેન્દ્રિય ભલે હો, પણ જાતિ અંદર આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... પરમબ્રહ્મ સ્વરૂપ તરીકે સંગ્રહનયે એક કહેવામાં આવે છે. '**વે સબ જીવ અવિનાશી હૈં,...**' દેખો! એ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એકેન્દ્રિયમાં હો કે બે ઇન્દ્રિયમાં હો કે ગમે ત્યાં હો. વસ્તુ પ્રભુ પરમાત્માનું જે દળ શુદ્ધ સત્ત્વ અવિનશ્વર (છે). આખું તત્ત્વ ધ્રુવ સત્ત્વ અનાદિ-અનંત છે. '**સબ જીવ અવિનાશી હૈં,...**' એકેન્દ્રિય હો કે અભવિ હો. એના આત્માને આત્મા કહીએને ઓલો આત્મા જીવ વસ્તુ એ તો શુદ્ધ ધ્રુવ છે અવિનાશી.

'**ઔર સબ દેહાદિકી રચના વિનાશીક દિખતી હૈ.**' દેહાદિની રચના તો વિનાશીક દેખાય છે. '**શુભ-અશુભ કર્મકર જો દેહાદિક ઈસ જગતમેં રચી ગયી હૈં,...**' લ્યો! પુણ્ય-પાપના પરમાણુથી આ દેહ, વાણી આદિ જગતમાં રચી જાય છે. '**વહ સબ વિનાશીક હૈં,...**' વાણી આમ .. ચાલતી હોય એ વાણી એક અક્ષર ન કાઢી શકે. શરીર આમ ચાલતું હોય ધમ... ધમ... ધમ... એક હાથ ઉંચો કરી શકે નહિ. આમ માખી.. ઓલો કોણ કીધો? ગામો. મોટો .. બોકડો કાપે દરરોજ. આખા દેશનો મોટો હતો બળવંત. આખા દેશ બધા. મોટા મોટામાં. .. ફોટો આવ્યો હતો. આની પાછળ .. વળીને બેઠો હતો. આ એમ કે ગામો હવે માખી અહીં બેસે તો .. કરી શકતો નથી. એવો આવ્યો હતો ફોટો મોટો. એક બોકડો કાચો ખાય નાનો હોં દરરોજ. એવો એને પચી જાયને. બળ... બળ... બળ... આમ બધા મોટર ઉભી રાખે. ચાલતી મોટરને ઉભી રાખે આમ. એ હવે લખ્યું હતું એમાં. આ ગાડીનું

ઓલું હતું પાછળ. ગરીબ માણસ હતોને. અઢીસોનો પગાર હતો .. પાકિસ્તાનમાં ગયો એટલે બંધ થઈ ગયો. આહા..હા..! આમ બેઠો હતો. આમ માખી બેઠી હોય તો આમ હાથ ન કરી શકે.

મુમુક્ષુ :- દવા કરનારું મળ્યું નહિ...

ઉત્તર :- દવા કરવાનું મળ્યું નહિ હોય એમ કહે છે. દવા કરીને મરી જાય તો શું થાય? એ તો પરમાણુ જે પરિણમવાના હોય એ પરિણમે. બધા કરોડોપતિ મરતા નથી? એં..એં.. આમ થઈ જાય છે. આહા..હા..! દવા શું કરે? ઔષધ પણ શું કરે? એ કાળે આ.. ફૂ... દેહાદિ રચના નાશવાન. **'ઈસ જગતમેં રચી ગયી હૈં, વહ સબ વિનાશીક હૈં, હે પ્રભાકરભટ્ટ, ઐસા વિશેષ તૂ જાન,...'** જુઓ, એ બધી રચના છે, ભાઈ! એ તો જ્ઞાતાનું જ્ઞેય છે. એમાં મારું કરવા જેવું કાંઈ નથી. તારું કરવા જેવું તો આખો ભગવાન આત્મા પડ્યો છે. નજરે નિધાન જો અને એ નિધાનમાં નજર કરીને ઠર. એ સિવાય બાકી તારે બધું નાશવાન છે.

**'દેહાદિકો અનિત્ય જાન...'** વાણી અનિત્ય, દેહ અનિત્ય, સંયોગ અનિત્ય, સામગ્રી અનિત્ય. **'જીવોંકો નિત્ય જાન.'** ભગવાનસ્વરૂપ જીવ તે નિત્ય પડ્યો છે. તારી દૃષ્ટિએ નિત્ય જો તો એ દૃષ્ટિએ બધા નિત્યને જ જો. જીવ છે નિત્ય... નિત્ય... નિત્ય... એને જ આત્મા કહીએ. સમજાણું? **'નિર્મલ જ્ઞાનદર્શનસ્વભાવ પરબ્રહ્મ...'** ભગવાન આત્મા, દરેક આત્મા **'નિર્મલ જ્ઞાનદર્શનસ્વભાવ...'** નિર્મલ જ્ઞાનદર્શનસ્વભાવ એવો **'(શુદ્ધ જીવતત્ત્વ)...'** પરબ્રહ્મ ભગવાન **'ઉસસે ભિન્ન જો પાંચ ઈન્દ્રિયોંકા વિષયવન...'** વિષયવન. આહા..હા..! આ મોટું વન દેખાય આમ પડ્યું-પાથર્યું. બધું રાખ-રાખ થયું. કાલાગ્નિના ઇંધનથી બાપા, કોઈ તારી સાથે આવશે નહિ. તને કોઈ મદદગાર નથી. **'યહ ક્ષણભંગુર જાનો.'** કહો, કરોડના મોટા મંદિર કરાવ્યા, આ કરાવ્યા, પોતે ચાલ્યો જાય છે લ્યો. એ બેઠો હોય અને ઓલું ચાલ્યું જાય ફડ કોઈ વીજળી પડેને. અરે! હજી તો ચાર મહિના કર્યા થયા. ત્યાં એક વીજળી પડી ત્યાં બે કટકા થઈ ગયા. હાય.. હાય..! પણ ત્યાં શું થાય પણ? નાશવાનમાં કે દિ' ધ્રુવ હતું? એમ નાશવાન જાણી ભગવાન પરમબ્રહ્મ આનંદ ધ્રુવ એની દૃષ્ટિ અને જ્ઞાન ને એકાગ્રતા કરવા જેવી છે. એમ એનો સાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૫, શનિવાર, તા. ૦૩-૦૭-૬૫**
**ગાથા-૧૩૨-૧૩૩, પ્રવચન-૧૬૨**

૧૩૨ ગાથા, પરમાત્મપ્રકાશ. '**આગે પૂર્વોક્ત વિષય-સામગ્રીકો...**' એટલે કે આત્મા વિષય પોતે સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ભૂતાર્થ વિષય એને છોડીને બહારના બધા જે વિષયો, સામગ્રીઓ '**અનિત્ય જાનકર...**' પરમાત્મપ્રકાશ અધિકાર છેને. પોતાનું નિજસ્વરૂપ ધ્રુવ જે કાયમ દૃષ્ટિમાં લઈને સ્થિર કરવાલાયક છે, એ સિવાયના જે બહારના વિષય, ગમે તે બાહ્ય ચીજ હોય એ '**અનિત્ય જાનકર ધન, યૌવન ઔર વિષયોંમેં તૃષ્ણા નહીં કરની ચાહિયે, ઐસા કહતે હૈં—**'

૨૬૨) जे दिट्ठा सूरुग्गमणि ते अत्थवणि ण दिट्ठ।
तेँ कारणिं वढ धम्मु करि धणि जोव्वणि कउ तिट्ठ।।१३२।।

યોગીન્દ્રદેવ પોતાના શિષ્યને સંબોધીને કહે છે અને બધાને એ જાતનો સામાન્યપણે ઉપદેશ કહે છે. '**હે શિષ્ય, જો કુછ પદાર્થ સૂર્યકે ઉદય હોનેપર દેખે થે, વે સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે,...**' દીકરા-દીકરીયું, મકાન, શરીર જે સવારમાં દેખે ત્યાં સાંજે ન હોય એ. અનિત્ય છે, અધ્રુવ છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ સામી બધી ચીજો અને ધન, યૌવન એ બધા સવારમાં દેખે ત્યાં સાંજે ખલાસ થઈ જાય. લક્ષ્મીના ઢગલા દેખ્યા હોય કરોડપતિ સવારમાં, સાંજે ભિખારી (થઈ જાય).

બિહારમાં નહોતું થયું ઓલું ધરતીકંપ? એક કરોડપતિ માણસ ફરવા નીકળ્યો સવારમાં ઘોડાગાડી લઈને. બહાર જ્યાં જાય ત્યાં આઠેક હજાર રૂપિયાનું થોડું સાધન હતું. જ્યાં પાછો આવ્યો ત્યાં મકાન, કુટુંબ બધું સમાઈ ગયું. ધરતીકંપ થયો હતોને બિહારમાં. પાછો આવે ત્યાં કાંઈ ન મળે. નીકળ્યો ત્યારે કરોડો રૂપિયા, બાયડી, છોકરા. હમણાં હું ફરીને આવું છું. ફરીને આવે ત્યાં મોટી તડ પડી એમાં બધું (સમાઈ ગયું). ક્ષણમાં આ તો. નાશવાનમાં શું હોય? એ કાંઈ આત્માના ધ્રુવમાં કાંઈ તડ પડે એવું છે?

એક સમયનો ભૂતાર્થ આત્મા નિત્ય ધ્રુવ એમાં કાંઈ તડ પડીને સમાઈ જાય એવું નથી આત્મા કાંઈ. બહારની ચીજો સવારમાં દેખી, સાંજે અસ્ત થાય. પણ કેટલાક તો સવારે ઉઠે ઈ સાંજે સૂતા નથી. એ પણ બરાબર છેને? આ સાંજે સૂતા એ સવારે ઉઠ્યા નથી. આહા..હા..!

મોટો ઓલો ક્યો? જ્યોર્જ. ત્રણ કરોડના બંગલામાં સૂતો હતો, લંડનમાં વિલાયત. રાતે સૂતો એ સવારે, શું થયું રાતે? કોઈ ન મળે. આમ જોવા જાય તો મરી ગયેલો. આ શું? કહો, એને કેટલા ડોક્ટર હશે? ત્રણ કરોડનો તો બંગલો. મોટો જ્યોર્જ. સવારે ઉઠાડવા જાય તો કાંઈ ન મળે. આ શું? ભાઈ! ક્ષણમાં નાશવાન ચીજમાં શું ગોતવા જાવું છે તારે? અવિનાશી ભગવાનને જોને અંદર. ત્રિકાળ ચિદાનંદ ધ્રુવ ધાતુ ચૈતન્ય ધાતુ એ પડી છે. ચૈતન્યને ધારીને રાખેલો આત્મા, એવો ભગવાન એને જો, નજર કર. આ બહારમાં શું છે? આ તો નાશવાન છે, ક્ષણમાં પલટી જાય લ્યો! નિરોગી શરીર આમ ક્ષણમાં ગુમડા... થઈ રહ્યું.

એક ખોજો હતો. અહીં જરી ગુમડું થયું ગુમડું માથે ફોડલો. લાવને જરી કે નખે કરીને આમ કરું. આમ નખ કરીને આમ જ્યાં કર્યું તો આખા શરીરમાં લોહી એકદમ. ગઢડા પાસે. ખોજો હતો, સારી સ્થિતિ શરીરે. અહીં જરી ગુમડું થયું તો લાવને નખ વડે આમ કરું. એ આમ કર્યા ભેગું તો લોહી-લોહી આખા શરીરમાં. ખલાસ થઈ ગયો. ક્યારે ફરે શરીર? એ પરમાણુની પર્યાયનો કાળ ક્યારે ફરે એ કાંઈ તારે આધીન છે? નાશવાન-નાશવાન. મકાન હોય. લાગે નીચે ધક્કો તો લાખ-લાખના મકાનમાં તડ પડી જશે આમ. શું કહેવાય આ નીચે? ધરતીકંપ-ભૂકંપ. ભૂકંપ આવ્યો તે જુઓને તમારે ત્યાં રાણપુર સુધી ધક્કો લાગ્યો હતો. પાળિયાદમાં ભૂકંપ ૯૪માં થયો હતો. બહુ નીચેથી એક માઈલ નીચે.. કોલસા. બહુ ઉઠ્યો હતો ચારે કોર. બોટાદ ને રાણપુર સુધી. પાંચ-પાંચ, આઠ ગાઉ સુધી. ધક્કા લાગ્યા આમ. .. તડું પડી ગઈ. પાળિયાદમાં કેટલાય મકાનને તડ પડી ગઈ. એક ક્ષણમાં શું થાશે? નાશવાન પદાર્થ છે. અહીં તો અવિનાશી ભગવાન ચિદાનંદ ધ્રુવ ધાતુ એની દૃષ્ટિ કર, એ ધ્રુવ છે અને એના શરણે તને શાંતિ મળે એવું છે. બાકી અહીં કાંઈ છે નહિ. કહો, મોતીરામજી! ક્યા દેખ્યા હવે અહીંયા? પૂછ્યું હતું કે આ શું છે?

'**સૂર્યકે અસ્ત હોનેકે સમય નહીં દેખે જાતે,...**' સ્ત્રી, કુટુંબ, પરિવાર આ બધું ખલાસ-ખલાસ. ફડાક ધાણી ફાટે ફટ... ફટ... એક, બે, પાંચ, દસ મરી જાય ઘરમાં. આ શું થયું? શેની માંડી છે પણ? '**ઈસ કારણ તૂ ધર્મકા પાલન કર...**' ભગવાન યોગીન્દ્રદેવ કહે છે, હે આત્મા! એ તારો આત્મસ્વભાવ શાંત આનંદસાગર ભર્યો એની અંતર દૃષ્ટિ અને સ્થિરતા કર એ ધર્મ. એનું પાલન કર. '**ધન ઔર યૌવન અવસ્થામેં ક્યા તૃષ્ણા કર રહા હૈ.**' યૌવન અવસ્થામાં ઉદ્વેગ કામ-ભોગનો, લક્ષ્મીમાં મદ લક્ષ્મીના. શું આ તૃષ્ણા તને થઈ રહી છે?

'**ભાવાર્થ :- ધન્ય, ધાન્ય, મનુષ્ય, પશુ,...**' લ્યો! ભેંસ, હાથી, ઘોડા '**આદિક પદાર્થ જો સબેરેકે સમય દેખે થે, વે શામકે સમયમેં નહીં દિખતે,...**' રાજા, મહારાજા, જુઓને પણ આ ભાવસિંહજી કેવા? કૃષ્ણકુમાર ક્ષણમાં તો જોવે છે નાટક. સાથે ઓલો ગાયન ગાય

છે. 'પાપ તારા પ્રકાશ જાડેજા ધર્મ તારો સંભાળ, તારી બેડલીને બૂડવા નહિ દઉં, એ જાડેજા' એમ તોરલ કહે છે. એ રાજા હતો એક રાજા. બડા પાપી થા. તો પીછે બહુત પાપ કિયે થે. ઉસકી રાણી થી કંઈ .. રાણી ધર્મી અન્ય દૃષ્ટિની અપેક્ષાએ. પછી ઉસકી બેડલી દરિયામેં બૂડ ગયી. બૂડનેકી તૈરાયી હુઈ. બેડલી ક્યા? નાવ નાવ. એટલે રાજાને બહુત પાપ કિયા થા. મુકુટબંધ સબ યહ મોડબંધ શું કહેવાય? વર. જાન-જાન ઉસકો લૂંટી થી ઔર હરણિયા માર્યા થા બહુત પાપ કિયા. અને રાણી ભગત હતી ઈશ્વરની. એટલે કે હે રાણી! હવે આ બુડીને મરી જઈશ હું. નરકે જઈશ. મેં બહુ પાપ કર્યા છે. રાણી કહે છે. એ સાંભળતા હતા દરબાર. 'પાપ તારા પ્રકાશ જાડેજા ધર્મ તારો સંભાળ રે, તારી બેડલીને બૂડવા નહિ દઉ, જાડેજા રે તોરલ કહે છે.' રાણી તોરલ બહુ ભક્ત હતી. ઓલો રાજા કહે છે, પણ અરે રાણી! 'મેં મુગુટબંધ આવા માર્યા, લાખો હરણના બચ્ચાને મેં મારી નાખ્યા.' અરે! રાણી મારો ઉદ્ધાર શી રીતે થશે? બોલ-બોલ રાજા! ધણી હતો એનો. બોલ તારા પાપ પ્રકાશ, કાઢ અંદરથી. હૃદય ખાલી કર... હૃદય ખાલી કર. તારી બેડલીને બૂડવા નહિ દઉં. આવું બધું સાંભળતા હતા હોં દરબાર. એ જરી ગાયક પાછા હુશિયાર માણસ હોયને એ લોકો તો. અમે પણ ઘણા સાંભળ્યા છેને. કારણ કે નાની ઉંમરમાંથી તો રસ હતોને ભજનનો. પણ એ તો લીન થઈ જાય એવા ગાય.

આત્મા કહે છે કે જાગ રે જાગ. તારા પાપ આવા છે એમ જ્ઞાનમાં પ્રકાશ તો ખરો આમ. જો તો ખરો અંદર જ્ઞાનમાં. આ પાપ... આ પાપ... આ પાપ... આ પાપ... એ પાપનો ભાવ સ્વરૂપમાં નથી. આમ જો અંદરમાં જો કે આ પાપ.. આ પાપ... તો તારા જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થતાં તારો આત્મા બૂડશે નહિ ચોર્યાસીમાં, જા. બેડલીની વાત તો ઈ. અમે તો અંદરમાં ઉતારતા હતા. ૯૯માં નહોતું? જીવણલાલજીને વ્યાધિ થઈ હતીને ભાઈ! પેશાબની. શાહપુરમાં હતા અપાસરામાં. ૯૯માં. ત્યારે આ ગાયન જોડે બોલતા હતા. એ બોલતા હતા જરી શાહપુરમાં. પણ એ તો બહુ.... રાજા સાંભળતા હતા બિચારા હોં. આમ જરી થંભી ગયા એમ કહેતા લોકો. એને .. તો ઘણા હોયને રાજા છે તે. એય..! પાપ જો.. પાપ જો... ઓલી રાણી કહે છે. પોતે ઉભા થયા. અસુખ.. અસુખ.. (લાગે છે) રાણી! બોલાવો. લ્યો! આવ્યા, ટેલીફોન કરવા ગયા ત્યાં ખલાસ થઈ ગયા. શું કરે ધૂળમાં? હુશિયારી સૂતા નહિ. દરબાર જેવા શ્રીકૃષ્ણકુમાર એટલે પ્રજાનો પ્રિય માણસ. આખી પ્રજા ઇચ્છે એને. આમ લૌકિકમાં બહુ એવા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. ૮૦ની સાલમાં અમે બોટાદ હતા ત્યારે રાજગાદીએ નહિ બેઠેલા. આમ કૃષ્ણકુમાર આમ રેલ ઉપર નીકળ્યા હતા. અમે ત્યાં હતા. બધા શેઠિયાઓ જોયા હતા એની

સામે. એટલે આવું બોલ્યા, અરે શેઠિયાઓ! મારા પિતા ઉપર આપે બહુ મહેર નજર કરીને નભાવ્યા છે. મારા ઉપર મહેરબાની કરી મને નભાવજો. એમ બિચારા હોં! મારા ઉપર આ પ્રજાઓ છો, મહેર કરજો હોં! બધા હિંમતલાલ શેઠ ને બધા હતા. અમે ગામમાં હતા. બધા ગયેલા સામે. પણ બહુ મીઠાશથી બોલતા હોં. પ્રજાને માટે તો. જુઓને આપની તો કદર પણ મારી જરી હું રાજનો કુંવર નાનો છું હોં. એટલે મને મારા પિતાજીને જેમ નભાવ્યા છે એમ મને નભાવી લેજો. આહા..હા..!

સ્થિતિ પૂરી થાય (ત્યાં) સૂતા એ ઉઠ્યા નહિ, આ ઉઠ્યા એ સૂતા નહિ. બરાબર છે? આહા..હા..! લક્ષ્મીના ઢગલા સવારમાં ભાળ્યા, સાંજે નાશ. યૌવન અવસ્થા ફૂટડી અવસ્થા આમ. વાળ કાળા મોટા ચોટલા ઘાસ બળે જેમ ઘાસ. ઘાસ જેમ બળે, વાળ બળે એમ ઘાસ બળતું હોય. ઘાસ બળતું હોય. હાડકા લાકડા બળે એમ સળગે આમ. એલા હતોને હમણા. સવારમાં દૂધપાક ખાતો હતોને. આહા..હા..! અનિત્ય... અનિત્ય... અનિત્ય... વસ્તુ એને જોઈ હે આત્મા! આચાર્ય મહારાજ કહે છે, પ્રભુ! તું ધ્રુવને સંભાળને ભગવાન! તારી ધ્રુવ ચૈતન્ય ધાતુ પડી છે અંદરમાં. એણે ત્રિકાળ ચૈતન્યને ધારી રાખ્યો છે. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એ ચૈતન્ય ધાતુ છે. આ બધાએ અચેતન ધાતુ ધારી છે. એમાં શું તું જોવા જા છો? ઓહો..હો..!

**'શામકે સમયમેં નહીં દિખતે, નષ્ટ હો જાતે હૈં, ઐસા જગતકા ઠાઠ વિનાશિક જાનકર ઈન પદાર્થોંકી તૃષ્ણા છોડ...'** ત્યાગ. એમ છેને? **'कउ तिट्ठ'** છેને? ક્યા તૃષ્ણા? એની શું તૃષ્ણા? ભગવાનની ભાવના કરને. આ શું તૃષ્ણા? અહીં ભગવાન પડ્યો આખો. જેટલી તારી નજરું એમાં પડે અને એકાગ્ર થાય એટલું નિધાન ખીલે એવું છે. એમાં કોઈ દિ' ખૂટે એવું નથી. આહા..હા..! **'શ્રાવકકા તથા યતીકા ધર્મ સ્વીકાર કર,...'** છેને? શ્રાવક અને યતિનો ધર્મ સ્વીકાર કર. જુઓ, **'सागारानगारधर्मं कुरु'** **'ધન, યૌવનમેં ક્યા તૃષ્ણા કર રહા હૈ. યહ તો જલકે બૂલબૂલેકે સમાન ક્ષણભંગુર હૈં.'** પરપોટો થયો પાણીમાં ફૂ.. પાણીમાં થયો ફૂ.. આ બધા રજકણના પરપોટા ઉભા થયા છે પૃથ્વીના. ફૂ. ભગવાન ચૈતન્ય ધાતુ અનાદિ-અનંત પડી છે. જુઓ એ કહે છે.

**'યહાં કોઈ પ્રશ્ન કરે, કિ ગૃહસ્થી ધનકી તૃષ્ણા ન કરે તો ક્યા કરે? ઉસકા ઉત્તર—નિશ્ચય-વ્યવહારરત્નત્રયકે આરાધક...'** દેખો, પાઠમાં તો ભેદાભેદ રત્નત્રય આરાધક. એનો અર્થ પોતે અભેદ એટલે નિશ્ચય અને ભેદ એટલે વ્યવહાર એવો અર્થ કર્યો. એ બરાબર છે. **'નિશ્ચય-વ્યવહારરત્નત્રયકે આરાધક જો યતિ...'** હવે બે સિદ્ધાંત આમાં. કે મુનિ છે એ વર્તમાનમાં નિશ્ચય અને વ્યવહારના આરાધક છે, ભાઈ! કેટલાક કહે છેને કે પહેલો વ્યવહાર

અને પછી (નિશ્ચય). એમ નથી, ભાઈ! '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ભગવાન આત્મા એની અંતર્મુખ દૃષ્ટિ અને રમણતાનો અંશ થયો નિશ્ચય રત્નત્રયનો અંશ જ છે અંદર. એવા અભેદપૂર્વક અથવા નિશ્ચયપૂર્વક વિકલ્પ આદિનો વ્યવહાર આવે એને ભેદરત્નત્રય કહીને બેનો આરાધક કહ્યો છે.

૧૧મી ગાથામાં એ જ કહ્યું છે, પણ હવે ૧૧મી ગાથા વળી કોક કહે કેવળી માટે છે. ભગવાન! એ તો પહેલી શરૂઆતની જ વાત કરે છે. ભૂતાર્થ.. ભૂતાર્થ... છતો-છતો વિદ્યમાન-વિદ્યમાન મહાન પદાર્થ એનો આશ્રય કર. વ્યવહાર અભૂતાર્થ છે. એક સમયની પર્યાય, રાગ, નિમિત્ત તે બધું આશ્રય કરવાલાયક છે નહિ. શરણ લાયક, આશ્રય કરવાલાયક તો ભગવાન ધ્રુવ છે. એવું ૧૧મીમાં કહ્યું એ તો આખા જૈનશાસનનો પ્રાણ છે. આહા..હા..! એ અંતર વસ્તુ એનો આશ્રય કર. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એક સમયની પર્યાયનો પણ આશ્રય છોડી દે. કારણ કે પર્યાયમાંથી પર્યાય નહિ નીકળે. એવો ભગવાન ધ્રુવ એનું આરાધકપણું એ નિશ્ચય છે. સ્વઆશ્રય થયો માટે. એમાં જરી રાગ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા આદિનો ભાવ એ વ્યવહારરત્નત્રય, ઈ એક સમયે બે હોય છે. હવે આ. આ એવું ચાલે છે અત્યારે. અરે ભગવાન! પણ તને મૂકીને વ્યવહાર ક્યાંથી આવ્યો?

તેથી કહ્યું કે '**નિશ્ચય-વ્યવહારરત્નત્રયકે આરાધક...**' કોણ? મુનિ. છઠ્ઠે ગુણસ્થાનની આ વાત છે અત્યારે. આહાર લેવા મુનિ આવ્યા છે એની વાત છે. એને આહાર દે છે એની વાત ચાલે છે. આહાર દે છે, ઓલા લે છે. એવી ભૂમિકાકાળમાં નિશ્ચયરત્નત્રય અને વ્યવહારના આરાધક સંતોને કહ્યા છે. સમજાણું કાંઈ? કોકને એમ પ્રશ્ન થાય કે ત્યારે ભેદાભેદમાં પહેલો શબ્દ ભેદ અને બીજો શબ્દ અભેદ કેમ પડ્યો છે? એ તો ટીકાની અપેક્ષાના સંબંધને માટે છે. પોતે જુઓને ટીકાકારે તો નિશ્ચય-વ્યવહાર લીધો. પાઠમાં ભેદાભેદરત્નત્રય શબ્દ પડ્યો છે અને ટીકાકારે નીચે નિશ્ચય-વ્યવહાર લીધો. અને નહિતર આ બાજુમાં પણ છે જુઓને ૨૩૨માં. '**गृहस्थेनाभेदरत्नत्रयस्वरुपमुपादेयं कृत्वा**' પહેલું અભેદરત્નત્રય લીધું છે. છેલ્લી સંસ્કૃત ટીકાની. ૧૩૩. ૧૩૩ની ટીકાની છેલ્લી લીટી છે. '**गृहस्थेनाभेदरत्नत्रयस्वरुपमुपादेयं कृत्वा**' છે? છેને? આ બધું લખ્યું છે. એક પાનું બનાવ્યું છેને એક? આ પાનું છેને અને આમ છે. બધા બોલો લખ્યા હતા. વખત મળ્યોને ત્યાં ભોપાલ. ઓહો..હો..!

અહીં તો કહે છે, શુદ્ધ ઉપયોગ-શુદ્ધ ઉપયોગ. કાલે નહોતું કહ્યું? પ્રવચનસાર. શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત વીતરાગ આરાધક. પોતે .. નષ્ટ દૃષ્ટિ કરી છે. આગમકુશળ અને સ્વભાવના ભાન દ્વારા દૃષ્ટિ નષ્ટ કરી છે મિથ્યાત્વની. ફરી હવે ઉત્પન્ન થાય એવું નથી અને શુદ્ધ ઉપયોગરૂપ વીતરાગભાવના આરાધક છીએ. આહા..હા..! મુનિ પોતે કહે છે.

અહીં પણ આચાર્ય કહે છે '**निश्चय-व्यवहाररत्नत्रयके आराधक...**' કોઈ એમ કહે કે નિશ્ચય ઉપર અને નીચે વ્યવહાર બેનું લક્ષ છે માટે આરાધક. તો એમ નયનો અધિકાર એવો હોઈ શકે નહિ. નિશ્ચય છે એ સ્વરૂપની શુદ્ધતાના આશ્રયે અંદરમાં એકાકાર થઈ અને સ્વ શ્રદ્ધા જ્ઞાન, શાંતિ અંશે પ્રગટ થઈ એ નિશ્ચય. પછી સાથે વ્યવહાર એટલે ચાર પ્રકારના, અધ્યાત્મદષ્ટિએ હોં. સદ્‌ભૂત ઉપચાર-અનુપચાર, અસદ્‌ભૂત ઉપચાર-અનુપચાર. એ અહીંયા નિશ્ચય હોય એને આ વ્યવહાર હોય એનું જ્ઞાન કરાવવા માટે ચાર વ્યવહાર લીધા છે.

વ્યવહાર બધો અભૂતાર્થ. '**एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति**' ૧૧માં (કહ્યું). પંડિતજી! છેને? જુઓ, ૧૧મી ગાથા. શું છે એ? બધો જ. વ્યવહાર છેને? સબ વ્યવહાર અભૂતાર્થ... એક શુદ્ધનયમાં પડ્યું રહ્યું છે હોં, એ આપણે સુધાર્યું પછી. એ શબ્દ એમાં નથી. '**व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति,**' એ પછી ઓલો ટૂકડો રહી ગયો છે ઓલો શુદ્ધનો. આપણે ઉપરથી નાખ્યો છે. એ પછી આવ્યું, '**शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थ प्रद्योतयति**' એ આ સંસ્કૃતમાં નથી. આમાં ભૂલ થઈ ગઈ. છેને. મૂળમાં નાખ્યું છે. સમજાણું? એ શું છે? કે ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... ધ્રુવ જ્ઞાયક એકલો ભાવ. બસ! એ જ ભૂતાર્થ છે, અને એ જ શુદ્ધનય છે. એ નિશ્ચયનય છે, એને શુદ્ધનય કહો, એને ભૂતાર્થ કહો. નય અને નયના વિષયનો આમાં અધ્યાત્મમાં ભેદ નથી. એ તો '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' એ ભૂતાર્થ વસ્તુ તે જ શુદ્ધનય છે. એનો આશ્રય થઈ અને જે ભલે પ્રગટી પર્યાય, પણ પર્યાયનો આશ્રય લેવો નથી માટે તેને અભૂતાર્થ કહ્યો છે. અને એ અભૂતાર્થને જાણવા માટે બાર (ગાથામાં) લીધું. વસ્તુની દષ્ટિ(માં) શુદ્ધનો આશ્રય થયો, શુદ્ધ દષ્ટિ પ્રગટી, છતાં હજી પર્યાયમાં શુદ્ધતાના અંશો વધે છે, અશુદ્ધતાના ઘટે છે એવા અને સામે નિમિત્ત પણ અનેક પ્રકારના ભજતા હોય, એ બધાનું જ્ઞાન (થાય છે). બાહ્ય આમાં નિમિત્તની વાત નથી લીધી. અહીં તો અંતરની વાત લીધી છે. એક અંદરના પર્યાયની જ વાત લીધી છે. સદ્‌ભૂત સ્વપરપ્રકાશ ઉપચાર, સદ્‌ભૂત અનુપચાર ગુણગુણીનો ભેદ અને અસદ્‌ભૂત અનુપચાર અબુદ્ધિપૂર્વક રાગ, ખ્યાલમાં આવે એવો રાગ એ અસદ્‌ભૂત ઉપચાર. એ ચારેયનું જ્ઞાન કરવાલાયક છે, એ બરાબર છે એમ જાણવાલાયક છે. એ બારમાં કહ્યું. એટલે નિશ્ચય છે ત્યાં વ્યવહાર છે એમ ત્યાં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? શું થાય હવે?

અહીં તો એ કહે છે. તેથી તો અહીં કહે છે કે '**निश्चय-व्यवहाररत्नत्रयके आराधक...**' આરાધકનો અર્થ સેવન કરનાર.

મુમુક્ષુ :- .. જાગૃત છે.

ઉત્તર :- જાગૃત છે, ચૈતન્યની દૃષ્ટિ છે, અંશે સ્થિરતા પણ છે. ચોથે પણ છે. આ તો

મુનિની વાત છે એકલી. છઠ્ઠે પણ છે. ભલે વિકલ્પ છે, આહાર લેવા આવ્યા છે. ઉપયોગમાં ત્યારે શુભ ઉપયોગ છે વિકલ્પ છે માટે, પણ '**નિશ્ચય-વ્યવહારરત્નત્રયકે આરાધક જો યતિ ઉનકી સબ તરહ ગૃહસ્થકો સેવા કરની ચાહિયે,...**' છે? અને '**ચાર પ્રકારકા દાન દેના,...**' જુઓ, '**आहारादिचतुर्विधं दानं दातव्यम**'. આહાર કોને દેવો? નિર્વિકલ્પ ધ્યાનમાં પડ્યા હોય એને? સમજાણું કાંઈ? ઉસકો આહાર દેના હૈ? ઉસકો આહારકા વિકલ્પ હી નહીં હૈ.

અહીં તો કહે છે જુઓ, '**आहारादिचतुर्विधं दानं दातव्यम**' કોને? કે '**भेदाभेदरत्नत्रयाराधकानां**' થઈ રહ્યું? હવે એક ન્યાયથી, મધ્યસ્થથી તો જોવું પડશે કે નહિ એને? કે એ આરાધક છે, મુનિ છઠ્ઠે-સાતમે એને નિશ્ચય અને વ્યવહારના આરાધક છે એ. સેવનારા છે. જેટલો સ્વભાવ આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન પ્રગટ્યું અને સ્થિરતા પ્રગટી એટલો નિશ્ચય અભેદ છે. જેટલો વિકલ્પ ઉઠ્યો છે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો એ પણ વ્યવહાર છે. તો એને અહીં વ્યવહારના વ્યવહારે સેવક, નિશ્ચયના નિશ્ચય આરાધક એવા મુનિને '**चतुर्विधं दानं दातव्यम**' લ્યો! દ્રવ્યસંગ્રહમાં પણ ઘણા પાઠ છે હોં. કહો, સમજાણું કાંઈ?

'**સબ તરહ ગૃહસ્થકો સેવા કરની ચાહિયે, ચાર પ્રકારકા દાન દેના, ધર્મકી ઈચ્છા રખની,...**' સ્વભાવની ભાવના વારંવાર કરવી. એવું ગૃહસ્થાશ્રમમાં રહેલા જીવોએ પણ (કરવું). જુઓ, પ્રશ્ન ઓલાએ કર્યો કે '**ગૃહસ્થી ધનકી તૃષ્ણા ન કરે તો ક્યા કરે?**' સમજાણું? એનો ઉત્તર આપ્યો. '**गृहस्थेन धने तृष्णा न कर्तव्या तर्हि किं कर्तव्यम्।**' આહા..હા..! એને ચાર પ્રકારના આહાર દેવા, મુનિઓની ભક્તિ કરવી. એવો વિકલ્પ ઉઠે છે. એ પણ ખરેખર તો એ નિશ્ચય અને વ્યવહારનો આરાધક છે. પણ એને એટલું કહેશે આગળમાં કે એ નિશ્ચય '**अभेदरत्नत्रयस्वरुपमुपादेयं कृत्वा**' ભેદનું કામ લેવું. ભેદરત્નત્રય શ્રાવકધર્મ પાળવો. મુનિને એમ કહેશે '**निश्चयरत्नत्रये स्थित्वा व्यावहारिकरत्नत्रयबलेन विशिष्टतपश्चरणं कर्तव्यं**' એ પછી ૧૩૩માં કહેશે. બેય ભેદ પાડશે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- મુનિ હોય .. મુનિ ન હોય ત્યારે?

ઉત્તર :- ત્યારે એ ભાવ કરેને. એની ક્યાં...? વસ્તુની સ્થિતિનું... મુનિનું શું કામ છે? ભાવના તો કરે. ભાવ ન આવે? મુનિ ન હોય તો શું? બહાર અસંખ્ય શ્રાવકો નથી? ક્યાં? અઢી દ્વીપ બહાર. અસંખ્ય શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળા. ક્યાં મુનિ છે? કોઈ દિ' જિંદગીમાં મુનિ ન આવે લ્યો એને. આઠ વર્ષે કોઈને જાતિસ્મરણ થાય, સમકિત થાય તિર્યંચને. કરોડ પૂર્વનું આયુષ્ય. કોઈ દિ' મુનિ નથી, ત્યાં ક્ષુલ્લક પણ નથી. અરિહંત પણ નથી અને કોઈ નથી. ભલે નથી, આત્મા છેને. એ બધું આત્મામાં આવી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું હોય અંદર એને. પરિણામ આવેને. પરિણામ હોય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, ભાઈ! પણ જ્યાં નિશ્ચય નથી ત્યાં વ્યવહાર કોને કહેવો? વ્યવહાર તો જાણવાલાયક ચીજ છે. એ નિશ્ચયનું જ્ઞાન થયું ત્યારે જ્ઞાન પ્રગટ્યું, ત્યારે વ્યવહાર જાણવાયોગ્ય છે, વ્યવહારે આદરણીય એમ પણ કહેવાય. વ્યવહારે વ્યવહાર આદરણીય છે, નિશ્ચયે નિશ્ચય આદરણીય છે. એમ ભાષા ન કહેવાય? ત્રણ લોકના નાથ પણ પરદ્રવ્ય છે. લ્યો! એની પૂજા, સાક્ષાત્ ભગવાનની વાણી સાંભળવી, સમવસરણમાં આદર એ બધો વ્યવહાર નથી? એ તો છે. એ વ્યવહાર છે એટલે વ્યવહારે આદરણીય એમ કહેવામાં આવે, પણ પરદ્રવ્યનો આશ્રય એ કાંઈ ખરેખર આદરણીય છે? આહા..હા..! ભારે ગડબડ. વીતરાગ માર્ગ અનાદિ શાંત માર્ગ. શાંત માર્ગ એમ. વીતરાગી માર્ગ. ઓહો..હો..!

કહે છે, '**નિશ્ચય-વ્યવહારરત્નત્રયના આરાધક...**' મુનિ એ વખતે હતા કે નહિ? અને પોતે કહ્યું નહિ? પોતે હતા કે નહિ? પોતે હતા. કાલે કહ્યુંને. તમે હતા નહિ? ઓલી ૯૨મી ગાથા નહિ પ્રવચનસારની. ૯૨ નહિ, પહેલી-પહેલી. એ છેલ્લી છેને જુઓ. ઓહો..! આ આત્મા સ્વયં ધર્મ થાય. '**આત્મા સ્વયં ધર્મ થાય...** '**यदयं स्वयमात्मा धर्मो भवति**' એ સંસ્કૃત. '**તે ખરેખર મનોરથ છે. તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે.**' બહિર્મોહદૃષ્ટિ આમ. '**અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન** વડે હણાઈ ગઈ **હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.**' આહા..હા..! છદ્મસ્થને ભાન થઈ ગયું. ઉત્પન્ન થવાની નથી. અત્યારે કહો છો, ભવિષ્યમાં ઉત્પન્ન થવાની નથી. એટલું? અરે! સાંભળને ભાઈ! પંચમ આરાના મુનિ છોને? આ તો અમૃતચંદ્રાચાર્ય નવસો વર્ષ પહેલા (થયા). ભગવાન આત્મા છેને ભાઈ! સાંભળને. એ તો મોટો કેવળનો કંદ છે. કહે છે કે આમ બહિર્મુખમાં એકત્વબુદ્ધિ હતી એ અમારા અંતર્મુખની દૃષ્ટિ હણાઈ ગઈ. હવે ફરીને ઉત્પન્ન થવાની નથી.

'**માટે ચારિત્રરૂપે પ્રગટ થયેલો (-વીતરાચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો) મારો આ આત્મા...**' જુઓ, એમ શબ્દ છે હોં. જુઓ, '**नात्र मम पुनर्भावमापत्स्यते। ततो वीतरागचारित्रसूत्रितावतारो ममायमात्मा स्वयं धर्मो भूत्वा** ' આહા..હા..! '**વીતરાગ-ચારિત્રરૂપે પ્રગટતા પામેલો (-વીતરાગચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો) મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને,...**' સ્વયં ધર્મ થઈને. વર્તમાનની વાત ચાલે છે કે થશે પછી? '**સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે.**'

મુમુક્ષુ :- સદાય નિષ્કંપ રહે છે?

ઉત્તર :- સદાય નિષ્કંપ રહે છે. '**નિષ્કંપ જ રહે છે.**' જુઓ, '**निरस्तसमस्तप्रत्यूतया**

**नित्यमेव निष्कम्प एवावतिष्ठते।'** સંસ્કૃત છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે તો આમ... ભવિષ્યની વાત કરે છે? ભવિષ્યની વર્તમાનનું ભાન કરીને કરે છે, ભાન કરીને કરે છે. છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. આ તો વિકલ્પ છે લખવા વખતે. લખવા વખતે અપ્રમત્તદશા છે? વિકલ્પ છે. ભલે અપ્રમત્ત થઈ જાય જરી. પણ આમ વિકલ્પ છે એ વખતે. છતાં કહે છે કે અમે તો '**વીતરાગ-ચારિત્રરૂપે પ્રગટતા પામેલા મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને, સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી...**' લ્યો! '**જયવંત વર્તો સ્યાદ્વાદમુદ્રિત જૈનેંદ્ર શબ્દબ્રહ્મ; જયવંત વર્તો તે શબ્દબ્રહ્મમૂલક આત્મતત્ત્વ-ઉપલબ્ધિ—કે જેના પ્રસાદને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ; અને જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ...**' આહા..હા..! પણ વિકલ્પ છેને, પ્રભુ! હો, ભલે હો, અમે તો અંદરમાં વીતરાગ ચારિત્ર ઉપયોગપણે જ પરિણમવા માગીએ છીએ. '**જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રરૂપ શુદ્ધોપયોગ કે જેના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ ધર્મ થયો.**' લ્યો! આવી તો વાત છે. આ છઠ્ઠા ગુણસ્થાને વાત કરે છે. સમજાણું કાંઈ? આ તો અમૃતચંદ્રાચાર્ય હજી નવસો વર્ષ પહેલા થયા છે. પંચમ કાળના કેટલા વર્ષ ગયા?

ભગવાન! એમ ન હોય. અભેદપણું ન હોય તો ભેદને વ્યવહાર કહે કોણ પણ? ભાઈ! એ વસ્તુના સ્વભાવના ત્રિકાળ ભગવાન આત્મા ચૈતન્ય ધાતુનો ભંડાર એનો આશ્રય અને સ્પર્શ વિના, અભેદ એટલે નિશ્ચય વિના એકલા વિકલ્પને વ્યવહાર કોણ કહે? એટલે આચાર્ય મહારાજે અહીંયાં કહ્યું એનો ખુલાસો બ્રહ્મદેવ પોતે કરે છે. સમજાણું? '**धम्मु करि**' એમ છેને સંસ્કૃત? એમાંથી કાઢ્યું છે. પાઠમાં એટલું જ છે. '**तें कारणिं वढ धम्मु करि**' '**जे दिट्ठा**' '**सूरुग्गमणि सूर्योदये ते अत्थवणि ण दिट्ठ तें कारणिं वढ धम्मु करि**' એ ધર્મ કરવાની વ્યાખ્યામાં પોતે મૂક્યું છે બ્રહ્મદેવે. સમજાણું કાંઈ? '**નિશ્ચય-વ્યવહારરત્નત્રય...**' ત્રણે રત્ન. આ નિશ્ચય પણ રત્ન અને વ્યવહાર પણ રત્ન. લે! મુક્તિનું મૂલ દઈને મુક્તિ લેવી છે. મૂલ-મૂલ કહેવાય છેને? કિંમત દઈને-મૂલ દઈને મુક્તિ (લેવી છે), મફતમાં નથી લેવી. આહા..હા..! મોલ-મૂલ દઈને, કિંમત દઈને મુક્તિ લેવી છે. કેવી કિંમત? નિશ્ચય-વ્યવહારરત્નત્રયના સેવકો. એમ કેમ ન કહ્યું કે બહારના...? એ નિશ્ચય-વ્યવહારના સેવક છે. વ્યવહારમાં ભગવાન .. આવી ગયા.

એવા '**જો યતિ ઉનકી સબ તરહ ગૃહસ્થકો સેવા કરની ચાહિયે, ચાર પ્રકારકા દાન દેના,...**' વળી કહે પરની સેવા કરી શકાય નહિ, પરદ્રવ્યની કરી શકે નહિ. આવું ક્યાંથી કાઢ્યું? ભાઈ! સાંભળ. વળી એક કોર '**ચાર પ્રકારકા દાન દેના,...**' એ પરમાણુ દેવાય નહિ, લેવાય નહિ. ભાઈ! સાંભળને ભાઈ! એનો વિકલ્પ ઉઠ્યો છેને, એટલે દે છે એવું આરોપથી કથન કરવામાં આવે છે. વાંધા તે વાંધા જગતને. ... દેના તો ... એક રજકણ પણ આમ

કરી શકે આત્મા એ તો એનામાં છે જ નહિ. એ તો વસ્તુની સ્વતંત્ર ક્રિયા છે. પણ એ ક્રિયાને અહીંયા લક્ષમાં લેવી નથી. અહીં તો ઓલો વિકલ્પ થયો છેને એથી આહાર આદિ ચાર (દાન) દે છે એમ ભાવનો આરોપ કરીને કથન કરે છે. કહો, સમજાણું? '**ધર્મકી ઈચ્છા રખની,...**' ઓલો '**धर्मं कुरु**' છેને? '**ધનકી ઈચ્છા નહીં કરની.**' ગૃહસ્થોએ પણ આ ધનની ઈચ્છા ન કરવી.

મુમુક્ષુ :- ન કરવી?

ઉત્તર :- હા, ધૂળની ઈચ્છા ન કરવી. ભગવાન ચૈતન્ય ધામની જ ભાવના કરવી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એણે તો છોડી દીધું છેને.

ઉત્તર :- એણે છોડ્યું ક્યાં? અંદર હજી છે. નથી છોડ્યું. એનો છોકરો કહેતો હતો મારા બાપનો ભાગ છે દુકાનમાં. હા, હા. મને કહ્યું હતું હોં. જયંતિભાઈએ કહ્યું હતું તમારા ત્રીજા નંબરના. મારા બાપુજીનો અમારી દુકાનમાં ભાગ છે. એની મેળાએ કહ્યું હતું હોં. આપણે કાંઈ પૂછ્યું નહોતું.

'**જો કિસી દિન પ્રત્યાખ્યાનકી ચૌકડીકે ઉદયસે શ્રાવકકે વ્રતમેં ભી હૈ,...**' જુઓ, એમ કહે છે. કદાચિત્ શ્રાવકને સ્વરૂપની સ્થિરતારૂપ ચારિત્રદશા ન પ્રગટ થાય, એમ. એ ચોકડીથી વાત કરી છે, પણ પોતાના સ્વરૂપમાં સ્થિરતા ઉગ્રપણે થઈ શકે એવી તાકાત ન હોય. '**શ્રાવકકે વ્રતમેં ભી હૈ, તો દેવ પૂજા,...**' ભગવાન સર્વજ્ઞની પૂજાનો ભાવ, નિશ્ચય આરાધક જીવને એવો વ્યવહારભાવ આવે. સમજાણું કાંઈ? ઈ પોતે અર્થ કર્યો છે. ઓલા ચાર પ્રકારના દાન. '**ગુરુકી સેવા, સ્વાધ્યાય,...**' કરવી. એમ ચોપડા દરરોજ ફેરવે છે એ નહિ, આ ફેરવવું. શાસ્ત્રમાં શું કહે છે એનો સ્વાધ્યાય કરે તો એનું જ્ઞાન નિર્મળ થાય. સ્વાધ્યાય હંમેશા જોઈએ. એની પણ ખટક-ખટક (હોય). ખોરાક જેમ દરરોજનો હોય છે એવો એને કલાક, બે કલાક, ચાર કલાક સ્વાધ્યાય માટે જોઈએ. ભગવાનની વાણીમાં ભગવાન કઈ અપેક્ષાએ શું ત્યાં પ્રસંગે કહેવા માગે છે એનો એને સ્વાધ્યાય શ્રાવકોને પણ જોઈએ. એમ નહિ કે મુનિઓને (હોય), આને નહિ. સ્વાધ્યાય કરવો જોઈએ. જુઓ!

'**દાન,...**' મુનિઓને દાન, બીજા સાધર્મીને દાન. અરે..! કોઈ ભૂખ્યા આદિ એને પણ અભયદાનનો ભાવ આવે છેને. શુભભાવ હોય છે. સમજાણું? '**શીલ,...**' બ્રહ્મચર્ય આદિ. અને '**ઉપવાસ...**' તપ ઓલો સંયમ આદિ. કહો, સમજાણું? .. કંઈ પણ રાગનો ઘટાડવાનો, કાંઈ પણ દરરોજ કાંઈક હોવું જોઈએ. ષટકર્મ કહ્યા છે કે નહિ? એવો શુભવિકલ્પ એને હોય છે, શુભભાવ આવે છે એને કરે છે એમ વ્યવહારનયથી કહેવાય છે. કરે, સેવે, આમ કરવું

એ તો વ્યવહારમાં એમ જ બોલાયને.

'**અણુવ્રતરૂપ ધર્મ કરે,...**' લ્યો! '**ઔર જો બડી શક્તિ હોવે, તો સબ પરિગ્રહકા ત્યાગકર...**' એ પાઠમાં છે. '**सर्वसंगपरित्यागं कृत्वा निर्विकल्पपरमसमाधौ स्थातव्यम्।**' એ સંસ્કૃત પાઠ છે. ઓહો...! '**બડી શક્તિ હોવે, તો સબ પરિગ્રહકા ત્યાગકર યતિકે વ્રત ધારણ કરકે નિર્વિકલ્પ સમાધિમેં રહે.**' જુઓ, નિર્વિકલ્પ ભગવાન આત્મા. ઓલાને જરી વિકલ્પ હોય છે વિશેષ શ્રાવકને દાનાદિનો. અને આને એમ કે આ તો નિર્વિકલ્પ ... પાછો નિર્વિકલ્પમાં સ્થિર રહે. સમજાણું? '**निर्विकल्पपरमसमाधौ स्थातव्यम्।**' ઓહો..! પોતાના આત્માને નિર્વિકલ્પ શાંતિમાં સ્થાપવો. '**યતિકો સર્વથા ધનકા ત્યાગ ઔર ગૃહસ્થકો ધનકા પ્રમાણ કરના યોગ્ય હૈ.**' પ્રમાણ કરવું જોઈએ. '**વિવેકી ગૃહસ્થ ધનકી તૃષ્ણા ન કરેં.**' એ થોડું હોય એમાં રોડવે. રોડવે એટલે શું? નભાવે. બહુ મોટા-મોટા ફલાંગ ન મારે. ફલાંગ-ફલાંગ એટલે આટલા લઉં... આટલા લઉં... આટલા પૈસા.. શું કરવા છે? મરી જાવું છે અહીં બધું મૂકીને. એય..! કેમ હશે? બરાબર છે? જુઓ, આ પૈસાવાળાની વાત આવી છે હોં! .. બહુ તૃષ્ણા ન કરવી. જે હોય એમાંથી સંતોષ કરીને એમાંથી નિવૃત્તિ લેવી. સાથે લઈ ગયા કાંઈ તારો બાપ ને બધા લઈ ગયા સાથે? બધું રહી ગયું અહીં ને અહીં?

મુમુક્ષુ :- ઘરમાં ને ઘરમાં છેને...

ઉત્તર :- પણ સાથે એને શું આવ્યું?

મુમુક્ષુ :- આમને માટે બરાબર છે. ધનને માટે ...

ઉત્તર :- આને માટે પણ નથી. આને માટે પણ નાશવાન છે.

'**વિવેકી ગૃહસ્થ ધનકી તૃષ્ણા ન કરેં.**' જુઓ, એ કહે છે. '**ધન યૌવન અસાર હૈ,...**' એમાં સાર ધૂળમાં શું છે? ભાઈ! '**યૌવન અવસ્થામેં વિષય તૃષ્ણા ન કરેં,...**' જુવાન અવસ્થા. ઓહો..હો..! ભોગના કાળમાં યોગ સાંભરે, શ્રીમદ્ કહે છે, એ ભાગ્યવાનની નિશાની છે. ભોગના કાળે યોગ યાદ આવે. આહા..હા..! દૃષ્ટિપૂર્વક હોં. એકલા ભોગની.. ભોગના કાળ એટલે યૌવન એમાં યોગનો કાળ અંદર પ્રગટ કરે. શ્રીમદ્દે ટૂકડો લખ્યો છે. મહા ભાગ્યવાનની નિશાની છે. અલ્પકાળમાં મુક્ત થવાની દશા (પ્રગટ થવાની). એને યૌવનકાળમાં કામનો ઉદ્વેગ જ્યાં હોય ત્યાં યોગનો ઉદ્વેગ પ્રગટ કરે. અંદરમાંથી સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... યોગી. કહો, સમજાણું?

'**વિષયકા રાગ છોડકર વિષયોંસે પરાઙ્મુખ જો વીતરાગ નિજાનંદ એક અખંડ...**' દેખો, સરવાળો લાવ્યા. '**વીતરાગ નિજાનંદ એક અખંડ...**' જુઓ, એક શબ્દ પડ્યો છે હોં. '**वीतरागचिदानन्दैकस्वभावे**' વીતરાગ આત્માનો સ્વભાવ. શુભાશુભ વિકલ્પથી રહિત

નિર્વિકલ્પ નિજાનંદ. નિજ પોતાનો આનંદ એવો એકરૂપ અખંડ, સ્વભાવરૂપ એ શુદ્ધ આત્મા. એની વ્યાખ્યા કરી. '**વીતરાગ નિજાનંદ એક...**' સંસ્કૃતમાં '**चिदानन्दैकस्वभावे**' એમ શબ્દ પડ્યો છે. વીતરાગ ચિદાનંદ એક અખંડ સ્વભાવ. દેખો, એક અખંડ સ્વરૂપ સ્વભાવ પોતાનો એવો શુદ્ધ આત્મા. એમ. '**સ્વભાવરૂપ શુદ્ધાત્મા...**' એમ. અભેદ કીધું. '**ઉસમેં લીન હોકર હમેશા ભાવના કરની ચાહિયે.**' મુનિ હોય તો હંમેશા નિર્વિકલ્પમાં રહેવું જોઈએ. શ્રાવકોએ પણ તૃષ્ણા ઘટાડીને પણ આમાં ધ્યાનમાં વખત લેવો, કાઢવો જોઈએ. કહો, સમજાણું?

'**આગે જો ધર્મસે રહિત હૈં, ઔર તપશ્ચરણ ભી નહીં કરતે હૈં,...**' તપશ્ચરણ એટલે મુનિપણું '**ઉનકા મનુષ્ય-જન્મ વૃથા હૈ, ઐસા કહતે હૈં—**'

**२६३) धम्मु ण संचिउ तउ ण किउ रुक्खेँ चम्ममएण।**

જુઓ! એક દાખલો આપ્યો. એ ચામડાનું વૃક્ષ આ મનુષ્ય દેહ. ચામડાકા વૃક્ષ હૈ યહ.

**खज्जिवि जर-उद्देहियए णरइ पडिव्वउ तेण।।१३३।**

'**જિસને મનુષ્ય શરીરરૂપી ચર્મમયી વૃક્ષકો પાકર...**' આહા..હા..! જેણે મનુષ્ય શરીરરૂપી ચર્મ-ચામડાનું ઝાડ પામીને. આ ચામડાનું ઝાડ છે. ઓલાને નીચેથી પાણી દે, આને અહીંથી દે. ઝાડ છે. ઓલા વનસ્પતિ આદિને નીચે મૂળ (હોય). ઝાડ છે આ. ચર્મમય ઝાડ પામીને '**ધર્મ નહીં કિયા,...**' ઓહો..! આત્માની શાંતિ, આત્માનું ભાન સમ્યગ્દર્શન આદિ '**નહીં કિયા, ઔર તપ ભી નહીં કિયા,...**' બે વાત લીધી. સમ્યગ્દર્શન આદિ ધર્મ ન કર્યો અને મુનિપણું પણ કાર્ય ન કર્યું '**ઉસકા શરીર...**' '**जरोद्रेहिकया खादयित्वा**' '**બુઢાપારૂપી દીમકકે કીડેકર ખાયા જાયગા,...**' આહા..હા..! એ બુઢાપારૂપી દીમક—જીવડા. ઉધઈ, ઉધઈ તો સાધારણ છે. આ તો આકરા જીવડા હોય. એ '**બુઢાપારૂપી દીમકકે...**' નામ જીવડા. જીવ-જીવ હોયને. કીડા-કીડા. '**ખાયા જાયગા,...**' આહા..હા..! જીર્ણ થઈ જશે, આમ થઈ જશે. અરે! કાંઈ ન કર્યું હોં! એક જણો કહે, અરે..! મને ટાણે સલાહ ન આપી કોઈએ હોં. લ્યો એ વળી એમ બોલ્યો એ. સલાહકાર કોઈ ન મળ્યા. એકદમ થઈ રહ્યું હતું. પણ સલાહ દેનારા હતા ત્યારે તો સાંભળ્યું નહોતું. પછી શરીર જીર્ણ થઈ ગયું, મરવાની તૈયારી. અરે..! મને કોઈ સલાહકાર ન મળે. કે હવે કરો હોં આ ચાલ્યું ગયું બધું. '**ઉસકો મરણકર...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ગૃહસ્થ કુટુંબો શેના કહે કે તું નવરો થા? કુટુંબ કહે, કરને પાપ, મરીશ, તું નરકે જા. અમારે શું છે? કુટુંબીઓ શું કહે? કરને. ઢસરડ બાપા! અમને ટાણે કામ આવશે, પછી કાંઈ રળાશે? અવસ્થા છે, હમણા જુવાન અવસ્થા છે, નિરોગ અવસ્થા છે ત્યાં સુધી રળી શકાશે. પછી રળાશે? ધૂળમાંય રળાતું નથી, સાંભળને હવે. એ તો આવવું હશે એ આવશે.

વિકલ્પથી શું (આવે છે)? એ વિકલ્પ પર અવસ્થા માટે નિરર્થક અને એ વિકલ્પ તારા સ્વભાવ માટે નિરર્થક. આહા..હા..! શું કીધું? એ વિકલ્પની ચિંતાનો વિકલ્પ એનાથી પરની વ્યવસ્થા રહેશે એ નિરર્થક અને એ વિકલ્પની તાકાત નથી કે પરની અવસ્થાને વ્યવસ્થારૂપે રાખે અને એ વિકલ્પ તારી વ્યવસ્થા માટે નિરર્થક. આહા..હા..!

એક ફેરી કહ્યું હતું. આ મરી જાય ત્યારે શું કહેવાય? ઉઠમણું આવે છેને? પછી આવેને બે-ચાર દિએ? મરી ગયા પછી મંગળિક સાંભળવા. જામનગરમાં આવેલા ઓલા વલ્લભ શેઠ હતાને ... મોટા ગૃહસ્થ. પૈસાવાળા હતા. પહેલાવહેલા ગયેલા. એણે કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. એમાં એક વાક્ય આવ્યું હતું કે જુઓ, ૮૦ વર્ષની ઉંમર દેહની, એને માટે ૨૦ વર્ષની ઉંમરથી વ્યવસ્થા (કરે). ૮૦ વર્ષ સુધી રહે, કોઈ પ્રતિકૂળતા ન થાય, મકાનની, આબરૂની, કીર્તિની, દીકરાની, દીકરીની એવી ૨૦ વર્ષથી તે ૬૦ વર્ષ સુધીની ચિંતા. ૮૦ વર્ષની ઉંમર. અને ૮૦ વર્ષના પછીનો પહેલો સમય એ ભવ તો જીવનો છે. આ ભવ આનો અને એ ભવ અહીંથી નીકળ્યો, તડકા અને છાયાને કાંઈ છેટું નથી. એમ આ ભવ અને ઓલા ભવની વચ્ચે એક સમય આંતરો નથી. અહીં પૂરો થયો ઓલો ભવ અને એ ભવ પહેલે સમયે મળશે તો જિંદગી રહેશે આખી. એ જિંદગી આખીનો ભવ જીવને રહેશે એ ભવને માટે કાંઈ નહિ અને આ ભવના ૮૦ વર્ષની દરકાર. આ તે શું .. થઈ ગયો છો? ઓલો વલ્લભજી કહે આહા..હા..! બિચારા ઓલા હતા.

બાપુ! ૮૦ વર્ષ અહીં જીવવું છે ત્યાં ૨૦ વર્ષથી ૬૦ વર્ષ સુધી આમ લંબાય. ત્યાં સુધી કાંઈ વાંધો ન આવે. વ્યાજ ઉપજાવશું, મકાન કરાવશું, આ કરશું, દીકરાને પરણાવશું... આ કરશું... આ કરશું... મરતા પછી દીકરા પણ આપણને અનુકૂળ રહેશે. છેક મરીને સરખાઈનું આ શરીર. ભાઈ! આ ભવ પછી એ ભવ આવશે એ આ જીવનો હશે કે કોઈ બીજા જીવનો હશે? અને આ ભવના અંત અને એ ભવનો છેડો શરૂઆત તો એક જ છે અને જે પહેલે સમયે ભવ મળશે એ આખી જિંદગી રહેવાનો છે. તો એ જિંદગીનો ક્યો ભવ અને ક્યાં છું, હું ક્યાં જઈશ-એની કાંઈ (ખબર) ખરી? મગનભાઈ! મરતા સુધી છીએ એમ એનો અર્થ...

મુમુક્ષુ :- આપ કહો છો તો કોઈ ઝાડવાને...

ઉત્તર :- પણ આ શેની વાત ચાલે છે? પણ નિમિત્ત છો કે નહિ તું? ક્યાં તું આ દેહના નાશ ભેગો નાશ થઈ જવાનો છો? એ તો દેહ છૂટ્યો ભેગો બીજે ભવે. એ ભવ કેવો મળશે? શું થશે? એની સંભાળ માટે મારા ક્યા વર્તમાનના પરિણામ છે કે એનું કાંઈક ઠીક થાય? એના પરિણામની તને ખબર નથી. હજી પરિણામની, ભવના પરિણામની. ભવ વિનાનો ભગવાન આત્મા એના પરિણામની તો સાવધાની અપૂર્વ પ્રયાસ માગે છે ત્યાં. સમજાણું

કાંઈ? વાત સાચી.

૨૦ વર્ષથી જ્યાં જુવાન થઈએ એ... મરીએ એના છેડા પહેલા આ બાજુ સુધી બધું સરખું રહે એવી ચિંતા. એ છતાં કીધું એ ચિંતા તો બહારની વ્યવસ્થા માટે નિરર્થક અને એ ચિંતા સ્વભાવની શાંતિ માટે નિરર્થક. લટકતી વચમાં મફતની. બરાબર છે? આહા..હા..! અને આ ભવ સામો મળવાનો આખી જિંદગી રહેવાનો હોં! જે પહેલે સમયે મળશે એ આખી જિંદગી રહેશે. એ તો એક સમયની અંદર.. એ ભવનું શરીર અને એના કાંઈક રખોપા અને આ બહારના સાધનો, એના તારા પરિણામની જ્યાં દરકાર નથી, એને નિત્યાનંદ પ્રભુ ત્રિકાળ છે એને કેમ સાવધાનપણે દૃષ્ટિમાં લઈને એકાગ્ર થવું એ તો મહાન પુરુષાર્થ છે. જેના ભવની સરખાઈની દરકાર નથી એને આત્માની સરખાઈની દરકાર કઈ રીતે થશે? આહા..હા..! આ મારી બાયડી ને આ મારા છોકરા ને આ મારું શરીર અને આ મારું મકાન. ક્યાં સુધી? અહીંથી છૂટ્યા ભેગું કાંઈ નહિ રહે આ. બીજું બધું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સંયોગ બીજો થઈ જશે. બધા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધા. તું તો એનો એ છો. નિત્ય તો ત્યાં પણ છે.

જેને લંબાઈને બીજા ભવ (માટેના) ભાવ કેવા હોય કે જે એ ભવમાં કાંઈક ઠીક પડે એવી પણ દરકાર નથી, એને ભવ વિનાનો આત્મા, ભવ વિનાનો આત્મા, ભવના ભાવ વિનાનો આત્મા (એની સંભાળ કેવી રીતે થશે)? બહારની સંભાળ કરવી છે જેને કે આ મારું શું થાય? એવી દૃષ્ટિ અંદરમાં કર્યા વિના જન્મ-મરણના અંત આવે એવા નથી. કહો, સમજાણું? એ બુઢાપા રૂપી કીડા ખાઈ જશે. આહા..હા..! 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, બુઢાપા દેખકે રોયા.' એ ફકીરો ગાય. જ્યારે ઓલું હોયને સવારમાં. રોજા હોયને રોજા. સવારમાં ગાય. અમારે ગામમાં પાલેજમાં મુસલમાન ઘણા. નાની ઉંમરમાં બધું સાંભળીએ. 'બાળપણ ખેલમાં ખોયા...' પણ એને કાંઈ ન મળે. એ તો ચાલ્યું આવે. 'જુવાની સ્ત્રીમેં મોહ્યા.' શરીરમાં એ સ્ત્રી સામું જોયા જ કરે. આહા..હા..! જાણે શું હશે માખણ એમાં. 'અને બુઢાપા દેખકે રોયા.' હાય..હાય... કાંઈ કર્યું નહિ ત્રણે વખતમાં.

એ અહીં કહે છે આચાર્ય જુઓ, એ પાછું ખાઈ જશે તો ઠીક. '**ફિર ઉસકો મરણકર નરકમેં પડના પડેગા.**' આહા..હા..! આ પરની ચિંતાઓ કરી કરીને એમાં વ્યવસ્થા-અવસ્થા નહિ થાય તારી ચિંતાથી. અને તારી વ્યવસ્થા શાંતિની એ પણ ચિંતાની કલ્પનાથી નહિ થાય. ચિંતાથી બાંધ્યા કર્મ, વ્યવસ્થા બહારમાં નહિ થાય, મરીને નરકમાં જઈશ એમ કહે છે લ્યો! આહા..હા..!

'**ભાવાર્થ :- ગૃહસ્થ અવસ્થામેં જિસને સમ્યક્ત્વપૂર્વક...**' જુઓ, સમ્યક્ત્વપૂર્વક. ગૃહસ્થાશ્રમમાં પણ આત્માના જ્ઞાન, ભાનપૂર્વક. સમજાણું? એ ટીકામાં જ છે હોં ઈ.

'**सम्यक्त्वपूर्वको गृहिधर्मो न कृतः**' બીજી લીટી છે. '**गृहस्थावस्थायां दानशीलपूजोप-वासादिरुपसम्यक्त्वपूर्वको गृहिधर्मो न कृतः**' ૧૩૩માં સંસ્કૃતની બીજી લીટી છે. ગૃહસ્થ દશામાં જેને સમકિતપૂર્વક. ૧૩૩માં સંસ્કૃત છે. છેને? '**દાન,...**' સમકિતપૂર્વક દાન, શુભભાવ એવો ભક્તિ આદિ '**શીલ,...**' બ્રહ્મચર્ય આદિ... સંયમ આદિનો ભાવ થોડો પુણ્યનો. '**પૂજા, ઉપવાસાદિરૂપ ગૃહસ્થકા ધર્મ નહીં કિયા,...**' એક વાત. '**દર્શનપ્રતિમા, વ્રતપ્રતિમા આદિ ગ્યારહ પ્રતિમાકે ભેદરૂપ શ્રાવકકા ધર્મ નહીં ધારણ કિયા,...**' એ ચામડાના ઝાડ તો બળી જશે, કહે છે, કીડા ખાઈ જશે. ખાઈ ગયેલું જ છેને. ક્યાં ત્યાં એની પાસે છે? જુદેજુદું છે. એનું આ શું થાશે? આનું શું થાશે? એની ચિંતામાં થઈ રહ્યું, ગયો. કહે છે કે એ તો કીડા ખાઈ જશે અને તારી ચિંતાનું ફળમાં જાશે નરકમાં એમ કહે છે. એમ કહે છે મૂળ તો. તારી ચિંતાથી કાંઈ નહિ થાય ત્યાં. ત્યાં તો બૂઢાપા બળી જશે અને તારી ચિંતાની તીવ્રતાના પરિણામરૂપે નરકમાં જવું પડશે. કહો, સમજાણું?

'**મુનિ હોકર સબ પદાર્થોંકી ઈચ્છાકા નિરોધ કર...**' હવે મુનિની વાત લીધી. બે વાત છે ખરીને પાઠમાં? અર્થમાં કહ્યું છે. અર્થમાં કહ્યું છેને અર્થમાં. શ્રાવકનો પાઠ.. ધર્મ ન કર્યો એમ કીધુંને? '**धम्मु ण संचिउ**' એટલે પછી અર્થ કાઢ્યો બે—શ્રાવકધર્મ અને મુનિધર્મ. એમ. '**મુનિ હોકર સબ પદાર્થોંકી ઈચ્છાકા નિરોધ કર...**' કાંઈ ન મળે. ઓહો..હો..! મુનિપણું એટલે પરમેશ્વરપદ. મુનિપણું એટલે અમૃતના સાગરના ઉછાળા મારતી દશા. એમાં જ્યાં ઈચ્છામાત્ર નથી. ઈચ્છાનો નિરોધ અને અતીન્દ્રિય આનંદનો ઉભરો—ઉફાન. અંતરના અતીન્દ્રિય આનંદના મહાન ધામ ભગવાન એમાં ત્રણ કષાયનો નાશ થઈને ઠર્યો છે એવી જે મુનિને દશા. '**સબ પદાર્થોંકી ઈચ્છા...**' એક પદાર્થની ભાવના છે, સ્વ પદાર્થની ભાવના છે. '**સબ પદાર્થોંકી ઈચ્છાકા નિરોધ કર અનશન વગૈર બારહ પ્રકારકા તપ નહીં કિયા,...**' વ્યવહારતપ લીધો છે. '**તપશ્ચરણકે બલસે શુદ્ધાત્માકે ધ્યાનમેં ઠહરકર...**' એ તપસ્યાનો હેતુ તો શુદ્ધાત્મામાં ઠરવું છે. નિવૃત્તિ મળે, આહાર-પાણી લેવાની વૃત્તિ ન હોય તો, .. ન હોય તો આત્માના ધ્યાનમાં ઠરવાનો વખત મળે.

'**શુદ્ધાત્માકે ધ્યાનમેં ઠહરકર નિરંતર ભાવના નહીં કી, મનુષ્યકે શરીરરૂપ ચર્મમયી વૃક્ષકો પાકર યતિકા વ શ્રાવકકા ધર્મ નહીં કિયા, ઉનકા શરીર વૃદ્ધાવસ્થારૂપી દીમકકે કીડે ખાવેંગે,...**' એટલે વૃદ્ધાવસ્થા ... એમ. '**ફિર વહ નરકમેં જાવેગા. ઈસલિયે ગૃહસ્થકો તો યહ યોગ્ય હૈ,...**' દેખો, હવે આવ્યું. '**નિશ્ચયરત્નત્રયકી શ્રદ્ધાકર નિજસ્વરૂપ ઉપાદેય જાન,...**' પાઠ આટલો જુઓ, '**गृहस्थेनाभेदरत्नत्रय-स्वरुपमुपादेयं कृत्वा भेदरत्नत्रयात्मकः श्रावकधर्मः कर्तव्यः**' નિશ્ચયરત્નત્રયની શ્રદ્ધા—સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતા આવી

એવી શ્રદ્ધા એને બરાબર હોવી જોઈએ. ત્રણે રત્નની શ્રદ્ધા પાક્કી. '**નિશ્ચયરત્નત્રયકી શ્રદ્ધાકર નિજસ્વરૂપ ઉપાદેય જાન,...**' દેખો, ગૃહસ્થની વાત ચાલે છે હોં! '**નિજસ્વરૂપ ઉપાદેય જાન,...**' ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ પ્રભુ એક અંગીકાર કરવાલાયક છે. એટલે કે દૃષ્ટિ અને સ્થિરતામાં એ જ આદરવાલાયક છે. એમ '**ઉપાદેય જાન...**'

હવે એને ગૃહસ્થાશ્રમ છે એટલે વ્યવહાર છે. '**વ્યવહારરત્નત્રયરૂપ શ્રાવકકા ધર્મ પાલના.**' નિશ્ચયના ભાનસહિત આવા વ્યવહારના શ્રાવકના વ્રત પાળવા. બિલકુલ નિશ્ચય ન હોય અને એકલા વ્રત? બાર વ્રત? છેને? '**गृहस्थेनाभेदरत्नत्रयस्वरुपमुपादेयं कृत्वा** ' એમ છે. '**गृहस्थेनाभेदरत्नत्रयस्वरुपमुपादेयं कृत्वा**' એમ છે ટીકા. ભગવાન આત્મા ભૂતાર્થ શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ આનંદમૂર્તિ એને આદરવાલાયક છે, દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા(માં) એને ઉપાદેય જાણ. '**વ્યવહારરત્નત્રયકે...**' એને પ્રધાનતા દેવી છેને? નિવૃત્તિ ઘણી નથી એટલે એ લીધું છે.

'**યતિકો યહ યોગ્ય હૈ, કિ નિશ્ચયરત્નત્રયમેં ઠહરકર...**' એટલો ફેર. શ્રાવકને નિશ્ચય રત્નત્રયમાં.... સમજાણું? શ્રદ્ધા કરીને, ઉપાદેય માનીને. ઉપાદેય તો એ જ છે એને દૃષ્ટિમાં, જ્ઞાનમાં. પણ વ્યવહારે એને અશુભ ટાળવા માટે, અશુભ ધંધા-પાણી હોય છે એટલે શુભભાવ ઘણો હોય છે, શુભ ઉપયોગ. એ કરવો એમ કહેવાયને વ્યવહારનયે? મુનિને '**નિશ્ચયરત્નત્રયમેં ઠહરકર...**' ક્યાં? નીચે. '**વ્યવહારરત્નત્રયકે બલસે...**' એટલે મુનિપણું એમ. પંચ મહાવ્રતાદિ. મુનિપણું એટલે પંચ મહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ આદિ. એવા '**બલસે મહાતપ કરના.**' લ્યો! '**અગર યતિકા વ શ્રાવકકા ધર્મ નહીં બના, અણુવ્રત નહીં પાલે, તો મહાદુર્લભ મનુષ્ય-દેહકા પાના નિષ્ફલ હૈ, ઉસસે કુછ ફાયદા નહીં.**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૬, રવિવાર, તા. ૦૪-૦૭-૬૫**
**ગાથા-૧૩૪-૧૩૫, પ્રવચન-૧૬૩**

પરમાત્મપ્રકાશ, બીજો અધ્યાય. '**આગે શ્રીગુરુ શિષ્યકો યહ શિક્ષા દેતે હૈં, કિ તૂં...**' એણે મુનિરાજ કર્યું છે, પણ જિનેશ્વરપદ જોઈએ. મૂળ પાઠમાં એમ છે. '**તૂં જિનેશ્વરોંકે ચરણારવિંદકી પરમભક્તિ** કર.' એમ લેવું. મુનિરાજને બદલે એ શબ્દ જોઈએ. મૂળ પાઠ એ છે. હે શિષ્ય! એમ ગુરુ શિક્ષા દે છે. તું જિનેન્દ્રદેવના ચરણારવિંદોની પરમભક્તિ કર. ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે પરમ સત્ય માર્ગ કહ્યો તો એની તું ભક્તિ કર. એટલું એનું મથાળું બાંધ્યું.

૨૬૪) **अरि जिय जिण-पइ भत्ति करि सुहि सज्जणु अवहेरि।**
**तिं बप्पेण वि कज्जु णवि जो पाडइ संसारि।।१३४।।**

અર્થ નીચે શબ્દાર્થ. '**હે ભવ્ય જીવ, તૂં જિનપદમેં ભક્તિકર,...**' એનો વિશેષ અર્થ કરશે પછી હોં. ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગપદ સ્વરૂપ છે એના ઉપર તું પ્રીતિ કર. '**ઔર જિનેશ્વરકે કહે હુએ જિનધર્મમેં પ્રીતિ કર,...**' ઓલો જરી વચન નિમિત્ત છેને એમાં નાખી દીધું લાગે છે. કહે હુએ. જિનેશ્વરનો કહ્યો ધર્મ એના ઉપર ગુણાનુરાગ નામ પ્રીતિ કર. એ અપેક્ષા આવી ગઈ. '**સંસાર સુખકે નિમિત્તકારણ...**' અરે! સંસારના અનુકૂળરૂપ નિમિત્તના કારણો. '**જો અપને કુટુંબકે જન ઉનકો ત્યાગ,...**' વ્હાલામાં વ્હાલા કુટુંબ હોય પણ છોડ. એ દુર્ગતિના નિમિત્તો છે.

મુમુક્ષુ :- સુખના કીધાને?

ઉત્તર :- એ સુખ સંસારસુખ કીધું.

મુમુક્ષુ :- સુખના નિમિત્ત છે.

ઉત્તર :- સુખ એટલે? આ સંસારનું સુખ. અર્થ શું કર્યો છે? '**સંસાર સુખકે...**' એટલે દુઃખકે. સંસારનું સુખ એટલે દુઃખ. '**संसारसुखसहकारिकारणभूतं**' એમ છે પાઠમાં. એ બધા વ્હાલામાં વ્હાલા હોય સંસારી જીવ, એ સંસારના સુખના કારણ એને છોડ. અરે! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર જેના ઉપર તને પ્રીતિ હોય પણ એ વસ્તુને છોડ એમ કહે છે. અને જિનેશ્વર સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલો માર્ગ અને એમના કહેલા ધર્મની પ્રીતિ કર. કહો, સમજાય છે?

**'જો અપને કુટુંબકે જન...'** વ્હાલામાં વ્હાલી સ્ત્રી હોય, ભાઈ હોય, બાપ હોય. આગળ કહેશે બાપનું નામ સમુચ્ચ કહીને. એ વ્હાલામાં વ્હાલી સ્ત્રી હોય, દીકરો હોય તોપણ ધર્મના વિરોધીઓ છે એ બધા. સંસારના સુખના એટલે કે દુઃખના નિમિત્તો છે. ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરનો માર્ગ એના વચનો સુખના કારણ—આત્માના સુખના કારણ છે એમાં પ્રેમ કર. વિશેષ કહે છે. **'तेन पित्रापि नैव कार्यं' 'ઉસે મહાસ્નેહરૂપી પિતાસે ભી કુછ કામ નહીં હૈ,...'** કહે છે કે તારે માટે પાપ કર્યા, બધું રળ્યું, ભેગા કર્યા હોય પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ. એય..! પિતા સાથે કામ નથી એમ કહે છે. **'ઉસે મહાસ્નેહરૂપી પિતાસે ભી કુછ કામ નહીં હૈ,...'** આ તો ઓલો છોકરો રળ્યો, પણ આ રળ્યો હોય તોપણ નહિ એમ કહે છે. **'મહાસ્નેહરૂપી પિતાસે...'** પિતાનો પ્રેમ એટલો કે એના માટે મરીને પાપ કર્યા હોય, આમ બધું કર્યું હોય. હે ભાઈ! તારો વ્હાલામાં વ્હાલો બાપ પણ દુર્ગતિનું નિમિત્ત એને છોડી દે.

મુમુક્ષુ :- ઘરમાં કજીયા થાય.

ઉત્તર :- અહીં તો હિતને માટે વાત છે. કેમ? અરૂણભાઈ!

**'तेन पित्रापि नैव कार्यं'** એ બાપનું પણ તારે શું કામ છે? કે જે તારા ઉપર બહુ સ્નેહ હોય, બહુ પ્રેમવાળા. .. સાધારણ વાત નથી લીધી. **'મહાસ્નેહરૂપ પિતાસે ભી કુછ કામ નહીં હૈ, જો સંસાર-સમુદ્રમેં ઈસ જીવકો પટક દેવે.'** ચાર ગતિમાં રખડાવે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમાત્માની વાણીમાં એવું આવ્યું કે હે આત્મા! વીતરાગે કહેલો ધર્મ, એમના કહેલા વચનો એમાં તું ગુણાનુરાગ પ્રેમ કર. જગતના સુખના કારણો, વ્હાલામાં વ્હાલા સજ્જનો અને એથી વ્હાલામાં વ્હાલો તારો બાપ હોય, છોડી દે, બાપા! જાવું છે તારે ક્યાં? આ બધા કોઈ સાથમાં આવે એવા નથી. ભગવાનનો ધર્મ જ એક તને સાથમાં આવશે. કહો, સમજાણું કાંઈ? આમ વધારે બાપનું શું કરવા કહ્યું? કે રળે છેને બાપ એના માટે, છોકરા માટે. મરી જાય આખું વર્ષ. વર્ષ શું જિંદગી. નવરંગભાઈ! આ બધું રળી રળી ગયાને તમારા માટે દામોદરભાઈ. મૂકીને વયા ગયા.

મુમુક્ષુ :- એ તો ..

ઉત્તર :- એ જ કહે છે. આ તો દાખલો આપીએ, અહીંયા આવ્યા છે તે. બધા દુનિયામાં રળી-રળી, પાપ કરી, છોકરા માટે. કહે છે વ્હાલામાં વ્હાલો તારો બાપ હોય, બાપુ! એ તને સુગતિ નહિ આપે. એ બધા દુર્ગતિના નિમિત્તો છે. ત્રણ લોકના નાથ ધર્મપિતા સર્વજ્ઞદેવ ધર્મપિતા પરમાત્મા અને એની વાણી, એના ઉપર પ્રીતિ કર ભાઈ! આ પ્રીતિ છોડી દે. તારે આત્માનું હિત કરવું હોય, જગતમાંથી ઉદ્ધાર કરીને ઊંચું આવીને તારે સંસારને નીચો કરી નાખવો હોય

નકાર તો આ કર. હવે જુઓ (શું કહે છે)?

'**ભાવાર્થ :- હે આત્મારામ,...**' છેને? સંસ્કૃતમાં છે હોં ઈ. '**हे आत्मन्**,' '**હે આત્મારામ, અનાદિકાલસે દુર્લભ...**' અનાદિકાળ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિયમાં રખડ્યો મરી મરીને પંચેન્દ્રિય આદિમાં. '**વીતરાગ સર્વજ્ઞકા કહા હુઆ...**' વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એનો કહેલો '**રાગ-દ્વેષ-મોહરહિત...**' જુઓ, '**रागद्वेषमोहरहिते जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे**' એ આખો શબ્દ પડ્યો રહ્યો છે એમાં. ઉમેરી દેવો. ઓહો..હો..! જુઓ, શુદ્ધ ઉપયોગનું શું સ્વરૂપ? '**जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे**' ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ પવિત્ર, એના પવિત્ર પરિણામ જીવના શુદ્ધ. પુણ્ય-પાપ અને મિથ્યા ભ્રાંતિ રહિતના, શુદ્ધ આત્માના આનંદની રુચિ, જ્ઞાન અને રમણતાના. એવા જે શુદ્ધ જીવના પરિણામલક્ષણરૂપ શુદ્ધ ઉપયોગ. સમજાણું કાંઈ? એને જીવના પરિણામ કહ્યા છે. કેમકે જીવ શુદ્ધસ્વરૂપ છે, પવિત્ર છે, આનંદકંદ નિર્મળાનંદ (છે). એના અંતર્મુખ થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા શુદ્ધ પરિણામ (થાય) એને જીવના પરિણામ કહ્યા છે. શશીભાઈ! આહા..હા..! સ્વજન તો ક્યાંય રહી ગયા, મા-બાપ ક્યાંય રહી ગયા, દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ ક્યાંય રહી ગયા. શુભ પરિણામ આસ્રવરૂપ જે લક્ષણ એ પછી કહેશે વ્યવહારધર્મમાં, પણ તારા પરિણામ તો એને કહીએ (કે) ભગવાન ચિદાનંદ શુદ્ધસ્વરૂપ, વીતરાગ સ્વરૂપ પોતાનું ત્રિકાળી છે એને અંતર અવલંબીને જે જીવના શુદ્ધ-પુણ્ય-પાપના ભાવરહિત '**जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे**' '**शुद्धोपयोगरुपे निश्चयधर्मे**'. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ છે. પુણ્ય-પાપના ભાવ એ કાંઈ જીવનું જીવસ્વરૂપ નથી. પુણ્ય-પાપના ભાવ એ જીવસ્વરૂપ નથી, તો પુણ્ય-પાપના ફળ એ કાંઈ જીવસ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો પુણ્ય-પાપના વિકલ્પ અને રાગરહિત ભગવાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાનઘન આત્મા એ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે આત્માનું, વાસ્તવિક. એ વાસ્તવિક શુદ્ધ ચૈતન્યના પરિણામ એને કહીએ કે જે પરિણામમાં પુણ્ય અને પાપના રાગરહિત શુદ્ધ ઉપયોગ લક્ષણ, જીવના પરિણામલક્ષણ શુદ્ધ ઉપયોગ પ્રગટે એમાં પ્રીતિ કર. ઓહો..હો..! પહેલી એ વાત. વ્યવહારધર્મની પછી કરશે. પહેલા નિશ્ચય હોય તો વ્યવહાર હોય એ માટે સિદ્ધ કરે છે. ભારે વાતું ઝીણી ભાઈ! કહો, લાલચંદભાઈ! આ શું આવું ઝીણું? પરમ સત્ય? નવા માણસને તો (એમ લાગે) આ શું કહે છે આ?

ભાઈ! તું આત્મા છો, પ્રભુ! શું કહે છે જુઓ તો ખરા. તારા સજ્જન તો એને કહીએ, સત્ જન કે જે શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્માનું અંદર પૂરું પડ્યું છે એને અવલંબે જે આત્માના શુદ્ધ પરિણામ થાય એ તારા સત્જન, તારા સજ્જન છે. આ સજ્જન સાથે નાખે છેને આમ

બેમાં? બહારના સજ્જન તો દુઃખના નિમિત્તો છે.

મુમુક્ષુ :- પરજન થઈ ગયા.

ઉત્તર :- પરજન થઈ ગયા. નાખશે કૂવામાં. નવનીતભાઈ! કરાવો પરણાવો આને, કરો બાયડી. પડ કૂવામાં તું નરકમાં (જા), અમારે શું છે? આહા..હા..! એને એમ કહે છે બાપુ! તું વીતરાગનો ધર્મ શરણ કર, ભાઈ! પહેલું કરવા જેવું તો આ છે. અનંતકાળમાં આવા અવતાર મળ્યા. માંડ-માંડ અવતાર અનંત કાળે આવો ભવ (મળ્યો) એમાં કરવા જેવું કર્તવ્ય તો વીતરાગી શુદ્ધ પરિણામ એ લક્ષણવાળો શુદ્ધ ઉપયોગ એ જ કરવા જેવો છે. આહા..હા..! જુઓ, દયા, દાન, વ્રતાદિના પરિણામ એ જીવ પરિણામ નહિ કહે, કારણ કે એ આસ્રવ છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? ચીમનભાઈ! માંડ આ સમજાય ત્યાં આ પૈસા આડે બહારની ચીજમાં ગૂંચાય એમાં આ વળી ક્યાંથી આવ્યું? એમ કહે છે હવે તો પૈસા થઈ ગયા છે.

ભગવાન! સંતો, આચાર્યો, વીતરાગી સંતો એમ કહે છે કે હે આત્મા! એ વીતરાગ પરમાત્માના પરિણામ જે વીતરાગ સ્વરૂપ તારો સ્વભાવ એના શુદ્ધ ઉપયોગ પરિણામ થવા એ જીવના પરિણામ પ્રભુ! એ તારા પરિણામ છે. અહીં સજ્જનની સાથે ગુલાંટ ખાય છે કે નહિ? **'सुहि सज्जणु अवहेरि'**. ત્યારે આ સજ્જન એટલે તારા નિજપરિણામ કે જેમાં તારું હિત થાય અને તારી મુક્તિ થાય. એવો આત્મા ભગવાન શુદ્ધ સ્વરૂપ પવિત્ર એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એટલે કે **'जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे'**. આહા..હા..! એ શુદ્ધ ઉપયોગ. દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ ઉપયોગ છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના પરિણામ અશુભ ઉપયોગ છે. બેય ઉપયોગ અશુદ્ધ ઉપયોગ છે, એટલે એને જીવ પરિણામમાં ન નાખ્યા.

જીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ એમ લેવું છેને? તો જીવ અને આ આસ્રવતત્ત્વ તો ભિન્ન તત્ત્વ છે. સાત તત્ત્વમાં ભિન્ન છે. જીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. ત્યારે હવે સંવર-નિર્જરાના પરિણામ છે એ શુદ્ધ વીતરાગી પરિણામ એ વીતરાગી વિજ્ઞાનઘન સાથે નીકળેલા એને અહીંયા શુદ્ધ ઉપયોગરૂપી સંવર-નિર્જરાના પરિણામ એને જીવ પરિણામ કહીને શુદ્ધ ઉપયોગ કહેવામાં આવ્યો છે. આહા..હા..!

કહે છે, **'હે આત્મારામ,...'** આહા..હા..! **'દુર્લભ જો વીતરાગ સર્વજ્ઞકા કહા હુઆ...'** જુઓ, આમ વીતરાગ સર્વજ્ઞનો કહેલો એમ કહીને શું કહ્યું? પાઠ છેને **'अनादिकाले दुर्लभे वीतरागसर्वज्ञप्रणीते'** વીતરાગ સર્વજ્ઞે કહ્યો. ત્રણ લોકના નાથ પરમેશ્વર, સો ઈન્દ્રના પૂજનિક ભગવાને સમવસરણમાં એમ કહ્યું કે **'रागद्वेषमोहरहिते जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे'** ઓહો..! ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. એમ આવ્યુંને ભાઈ! **'वीतरागसर्वज्ञप्रणीते'** **'કહા હુઆ...'** એમણે કહ્યું છે કે **'રાગ-દ્વેષ-મોહરહિત...'** જીવ પરિણામ. મિથ્યાત્વ રહિત અને

પુણ્ય-પાપના પરિણામ રહિત ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ છે, જેમાં એકલી શુદ્ધતાની જ ખાણ નિધિ, શુદ્ધતાની જ ખાણ પડી છે. એ પુણ્ય-પાપના વિકલ્પ એ જીવ નહિ અને જીવના પરિણામ ખરેખર નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ! **'जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे निश्चयधर्मे'**. પછી? છેલ્લે શબ્દ લેવો **'रतिं कुरु'** પાછળ શબ્દ પડ્યો છે એનો. એમાં ઉપયોગરૂપ નિશ્ચય ધર્મ એમાં રતિ કર, પ્રેમ કર. છેને **'ઉસમેં પ્રીતિ કર.'** ત્રીજી લીટી, અર્થમાં ત્રીજી લીટી. પ્રીતિ કર. પહેલી તો એ વાત. પહેલા ત્યાંથી વાત ઉપાડી. ભગવાન આત્મા વસ્તુ આખી પદાર્થ અરૂપી જ્ઞાનઘન દળ. માટીના રજકણથી જુદો, કર્મના પરમાણુથી જુદો અને પુણ્ય અને પાપના આસ્રવતત્ત્વથી જુદું તત્ત્વ એ આત્મા. એવા આત્માના પરિણામ એટલે કે એ આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની અંતર્મુખનો ઉપયોગ જેને જીવ પરિણામ લક્ષણવાળો શુદ્ધ ઉપયોગ કહ્યો એમાં પ્રીતિ કર. કહો, સમજાય છે કાંઈ? જીવના પરિણામમાં પ્રીતિ તો જીવની પ્રીતિ. સમજાણું કાંઈ આમાં? અરે! વાત ભારે!

ભગવાન આત્મા અંદર જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય દેહના દળ માટી, હાડકા એથી જુદું. આઠ કર્મના રજકણો માટીના એનાથી જુદો પ્રભુ અને દયા, દાન, વ્રતના પરિણામ એ શુભ અને હિંસા, જૂઠું આદિ અશુભ, એ બેય પરિણામ આસ્રવતત્ત્વથી જીવતત્ત્વ જુદું. એવા જીવતત્ત્વના ભાવના પરિણામ-એના સન્મુખ થઈને જે પરિણામ થયા, આસ્રવથી વિમુખ થઈને જે થયા એને જીવ પરિણામ લક્ષણે શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. ઓહો..હો..! કહો, શશીભાઈ! સમજાણું કાંઈ? કહો, નગીનભાઈ! આ વીતરાગ માર્ગ છે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ. વીતરાગ સ્વભાવનું પ્રાપ્તપણું એ તો વીતરાગ પરિણામની જ વાત કરે મુખ્ય તો. જેમાં વીતરાગી શુદ્ધ ઉપયોગ કહો કે વીતરાગી પરિણામ કહો. કારણ કે રાગ-દ્વેષ-મોહરહિત કીધા. સમજાણું કાંઈ? મોહ ક્ષોભરહિત પરિણામ એ જીવના પરિણામ છે. આહા..હા..! સમજાણું આમાં?

નિશ્ચયધર્મ એટલે સાચો ધર્મ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એની વાણીમાં આવ્યો એવો શુદ્ધ ઉપયોગ જીવના પરિણામ લક્ષણવાળો એમાં પ્રીતિ કર, પ્રીતિ કર, દૃષ્ટિ કર, રુચિ કર. ઓહો..હો..! હવે વ્યવહાર ધર્મ. હવે એ નિશ્ચયના ધર્મ સાથે પૂર્ણ જ્યાં સુધી વીતરાગદશા જીવને ન હોય તો વચમાં વ્યવહાર ધર્મ આવ્યા વિના રહેતો નથી. હવે વ્યવહારધર્મે પણ પ્રીતિ કર એમ કહેવું છે આગળ. **'व्यवहारधर्मे च पुनः षडावश्यकादिलक्षणे'** એ મુનિની વાત લીધી. આ ષટ્ આવશ્યક આદિ લક્ષણ એમ કીધું. ઓલામાં **'जीवपरिणामलक्षणे शुद्धोपयोगरुपे'** આમાં **'षडावश्यकादिलक्षणे'** શુભ ઉપયોગસ્વરૂપે એમ શબ્દ લીધો. ષટ્ આવશ્યકાદિ લક્ષણ.

મુનિને....

મુમુક્ષુ :- જીવ પરિણામ લક્ષણ ન કહ્યું.

ઉત્તર :- એમ ન કહ્યું. આખી કેવી શૈલી કરી જુઓને!

આત્માનો સ્વભાવ ભગવાન સિદ્ધ જેવો સ્વભાવ. જેવા પરમાત્મા સિદ્ધ પરમાત્મા અરિહંત ભગવાન થયા એ બધો એવો, પર્યાયમાં થયા એવો જ આત્માનો સ્વભાવ છે. એ જ સ્વભાવમાં રાગ-દ્વેષ-મોહરહિત પરિણામ જે આત્મા થાય એ જીવલક્ષણવાળા પરિણામ અને એને શુદ્ધ ઉપયોગ અને એ નિશ્ચયધર્મ. વ્યવહારધર્મ, એની સાથે વ્યવહારધર્મ મુનિને સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એવો શુભ ઉપયોગ મુનિને આવે. એ શુભ ઉપયોગ છે શુભ. એ ષટ્ આવશ્યાકાદિ લક્ષણ '**शुभोपयोगस्वरुपे**' એમ કહ્યું છે. ઓલામાં '**शुद्धोपयोगरुपे**' કહ્યું. ભાઈ! આમાં સ્વરૂપે એક જ શબ્દ છે. રૂપે કહો કે સ્વરૂપે કહો. ષટ્ આવશ્યકના પરિણામ શુભના મુનિને થાય એ પુણ્ય શુભ ઉપયોગ છે, પુણ્યાસ્રવ છે. ધર્મ આ શુદ્ધ ઉપયોગ છે. વ્યવહાર ધર્મ, પુણ્ય આસ્રવને વ્યવહાર ધર્મ કહે છે. નિશ્ચયથી તે આસ્રવ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**षडावश्यकादिलक्षणे**' એમ આવ્યુંને આમાં? શુદ્ધ ઉપયોગ. '**निश्चयधर्म और शुभोपयोगरूप व्यवहारधर्म, उनमें भी छह आवश्यकरूप...**' એમ ખુલાસો કર્યો. '**छह आवश्यकरूप यतिका धर्म,...**' એ વ્યવહાર. '**तथा दान, पूजादि श्रावकका धर्म,...**' ગૃહસ્થાશ્રમમાં દાન, પૂજા, ભક્તિ એવો શુભભાવ ગૃહસ્થાશ્રમમાં (આવે). જુઓ, બેયને. શુદ્ધ ઉપયોગમાં પ્રીતિ તો બેયને માટે કીધી ભાઈ! આમાં ફેર પડ્યો. નિશ્ચય જે શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ તો બેયને માટે એક છે. મુનિ હો કે ગૃહસ્થ હો. ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને શાંતરસનું આખું સ્વ તત્ત્વ એની રુચિ, જ્ઞાન અને રમણતા, રુચિ, જ્ઞાન અને રમણતા. એવી નિર્વિકલ્પ પર્યાયરૂપી પરિણતિ જીવ પરિણામલક્ષણ શુદ્ધ ઉપયોગ એ ખરો ધર્મ. અને આ મુનિનો છ આવશ્યકરૂપ વ્યવહાર ધર્મ, શુભ ઉપયોગરૂપ વ્યવહારધર્મ. પહેલો શબ્દ કહ્યો છે એમાં. '**शुभोपयोगरूप व्यवहारधर्म...**' ઓલામાં એમ કહ્યું છે કે '**षडावश्यकादिलक्षणे**' '**शुभोपयोगस्वरुपे**' સંસ્કૃત એમ છે. '**तथा दान, पूजादि श्रावकका धर्म, यह शुभाचाररूप...**' જુઓ, એ શુભ આચારરૂપ '**दो प्रकार धर्म...**' બે એટલે? મુનિ અને શ્રાવકનો. '**शुभाचाररूप...**' એ શુભ આચાર, શુભ ઉપયોગરૂપ છે. એ શુભ પરિણામ છે, પુણ્યના પરિણામ છે. ધર્મ પરિણામ નહિ. ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધુંને, વ્યવહાર ધર્મ. વ્યવહારે કીધોને. વ્યવહાર ધર્મ કહો કે નિશ્ચયથી ધર્મ નહિ કહો, એ તો એકની એક વાત છે. નિશ્ચયધર્મ શુદ્ધોપયોગ પરિણામ તે નિશ્ચયધર્મ છે. વીતરાગ

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરના માર્ગમાં. બીજે તો છે જ ક્યાં. વીતરાગ સિવાય ક્યાંય ધર્મ બીજે ક્યાંય ત્રણ કાળ, ત્રણ લોકમાં છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તે પ્રેમ કરેને. વ્યવહારે પ્રેમ નથી? નિશ્ચયનો પ્રેમ નિશ્ચયમાં અને વ્યવહારનો પ્રેમ વ્યવહારમાં. પ્રેમ છેને એટલો વ્યવહારનો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ગાથા આવી વળી લ્યો. આ ભાઈ નથી આવ્યા આજે નહિ? વલ્લભદાસ. .. ગયા છે.

'**દાન, પૂજાદિ...**' એને ષટ્‌કર્મ હોય છેને. ભગવાનની પૂજા, દાન, દયા, સંયમ, ઈચ્છારૂંધન કે છોડું એવો ભાવ એને છ પ્રકારનો હોય છે. એ શ્રાવકનો વ્યવહાર ધર્મ છે. એટલે શુભ ઉપયોગરૂપ, શુભ આચારરૂપ ધર્મ છે એટલે કે પુણ્યરૂપ ધર્મ છે. '**યહ શુભાચારરૂપ દો પ્રકાર ધર્મ ઉસમેં પ્રીતિ કર.**' શુભાચારરૂપ દો પ્રકાર ધર્મ એટલે નિશ્ચય અને વ્યવહારમાં પ્રીતિ કર. સમજાય છે? અને મુનિનો આ છ આવશ્યક આદિ અને આને આ દાન, પૂજાદિ. બેયમાં પ્રીતિ કર-શુદ્ધમાં અને શુભમાં અને શ્રાવક અને મુનિ વ્યવહારમાં.

'**ઈસ ધર્મસે વિમુખ...**' જુઓ, શું લે છે? આવા ધર્મથી વિમુખ કોઈપણ પ્રાણી હોય અનુકૂળ તને. '**જો અપને કુલકા મનુષ્ય ઉસે છોડ,...**' સગો બાપ હોય તોપણ છોડ અને સગી બાયડી હોય તોપણ છોડી દે. એય..! મગનભાઈ! તકરાર કરાવતા હશે ભગવાન? ભાઈ! એ તને શરણભૂત નથી હોં. એ ધર્માત્મા જીવ હોય એનો ધર્મ જે છે એની પ્રીતિ કર તો તને ધર્મની વાત સંભળાવશે. આ તો ઉંધુ મારશે બધા ઘરના બાયડી, છોકરા અને કુટુંબ. બાપા! થોડું અમારું કરતા જાવ હોં. તમારે મરી જાવું છેને હમણા. મરી જાવ તો ગમે તેમ થાય તમારું, પણ હવે (અમારું કરતા જાવ).

મુમુક્ષુ :- ... ભેગું થઈને.

ઉત્તર :- કોની સાથે ભેગો છે? કોઈ ભેગો નથી, જુદે જુદો છે. માનીને બેઠો મફતનો. ક્યાંય લેવા ને દેવા. શેઢે અને સીમાડે ક્યાંય એકપણું છે નહિ. શેઢે-સીમાડે સમજાણું? ખેતરમાં ખેતર હોયને સૌનું. આ ખેતર જુદું અને ઓલાનું ખેતર જુદું. સૌની હદ જુદી એમાં ભેગા કે દિ' હતા? એ તો કહે છે જુઓને.

અરે! '**ઈસ ધર્મસે વિમુખ...**' સાચા નિશ્ચય ધર્મની દૃષ્ટિ વિનાના અને નિશ્ચયસહિત વ્યવહારધર્મના ભાવ વિનાના. એવા ધર્મથી વિમુખ '**અપને કુલકા મનુષ્ય...**' પોતાના કુળના મનુષ્ય '**ઉસે છોડ,...**' પદ્મનંદીમાં આવે છેને ભાઈ એમ કે સમ્યગ્દર્શનને વિરુદ્ધ દેશ-કુળ હોય એને છોડી દે. પદ્મનંદીમાં આવે છે. બાપુ! તારું રક્ષણ કરવું છે, ભાઈ! આત્માનું રક્ષણ કરવું છે. એ બધા વેરીઓ ઉંધુ મારશે. ત્યાં તો ત્યાં સુધી કહ્યું નહિ?

મુમુક્ષુ :- પરદ્રવ્યથી...

ઉત્તર :- હા, એ નિમિત્ત તરીકેની વાત છેને. વેર અહીં ભાવ ઉભો થઈને નિમિત્ત થયું. એ ક્યો દુશ્મન છે? નિશ્ચયની તો એમાં ક્યાં છાપ મારી છે? એની માન્યતામાં છેને કે આ મારા વ્હાલા. વ્હાલા કે દિ' હતા? ઓહો..હો..! કુંદકુંદાચાર્યે તો મુલાચારમાં ત્યાં સુધી કહ્યું, અરે! જે સાધુનો ગણ જેમાં વિરુદ્ધ શ્રદ્ધા આદિ પોષાય એવું હોય, હે સાધુ! એકલો રહેજે હોં. અને ન ગોઠે તો ત્યાં તો જઈશ નહિ. છેવટે સ્ત્રીને પરણજે. તો તને ચારિત્રનો રાગનો દોષ થશે. પણ શ્રદ્ધા મહાન પાપ જે ધર્મનું મૂળ એ શ્રદ્ધા ખોટી કરાવશે તો દુર્ગતિમાં જઈશ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ભાઈ! **'અપને કુલકા...'** જોયુંને? **'सुहि सज्जणु' 'सुहि सज्जणु' 'सुखं स्वजनं'** એમ. સુખ સ્વજન એટલે? વ્હાલા સ્વજનો એમ. દુશ્મન નહિ. પ્રેમ કરે બાયડી, છોકરા. આહા..હા..! બાપા! તમારા વિના હું નહિ નભુ હોં. મરી જઈશ હોં. તમે પાંચ વર્ષ આઘા રહો છો ત્યાં અમને ઠીક પડતું નથી. બહુ સારી વાત છે. મારી નાખે છે મીઠાં-મીઠાં મીણના પાયેલા કોરડા મારી મારીને. મારું ગમે તેમ થાય, પણ તમારું તો હમણા કરીશ હોં, પાછો બોલે એ. અરે..! અનંત કાળમાં માંડ મનુષ્યપણું મળ્યું, એમાં વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથની વાણીનું નિમિત્ત મળ્યું. એમાં કહે છે કે આવામાં વીતરાગી શુદ્ધ પરિણામના પ્રેમમાં એથી વિરુદ્ધ કોઈ કહેનારા હોય, આ વ્હાલામાં વ્હાલા સજ્જનો હોય તો છોડી દેજે, એકલો રહેજે, વાંઢો રહેજે, વાંઝિયો રહેજે. એનો અર્થ થયો કે નહિ ઈ?

**'ઈસ ધર્મસે વિમુખ જો અપને કુલકા મનુષ્ય ઉસે છોડ, ઔર ઈસ ધર્મકે સન્મુખ...'** જુઓ, હવે પાછું સવળું લીધું. જે કોઈ ધર્મમાં પામેલા સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્જ્ઞાન, સમ્યક્શાંતિ વીતરાગ પરિણામ અને શુભભાવ જોડે. **'ઈસ ધર્મકે સન્મુખ જો પર કુટુંબકા ભી મનુષ્ય હો ઉસસે પ્રીતિ કર.'** વીતરાગ માર્ગ પાસે શું આશા રાખશો? પદ્મનંદી આચાર્યે કહ્યું એકવાર. છેલ્લો અધિકાર બ્રહ્મચર્યનો બહુ વર્ણવ્યો. બ્રહ્મચર્યનો અધિકાર બહુ વર્ણવ્યો. (પછી કહે છે), અરે યુવાનો! મારો બ્રહ્મચર્યનો અધિકાર તમને ઠીક ન લાગે તો હું એક મુનિ છું હોં! એમ કરીને ક્ષમા કરજો. મારી પાસે બીજી શું આશા રાખશો? આહા..હા..! અમે તો મુનિ છીએ, ભાઈ! અમારી પાસે શું આશા રાખશો? અમારી પાસે તો વીતરાગી પરિણામ અને ધર્મની આશા હોય. હે યુવકો! એમ કહ્યું છે હોં. પદ્મનંદીનો છેલ્લો ૨૬મો અધિકાર બ્રહ્મચર્યની ગાથા ભારે બ્રહ્મચર્ય વર્ણવ્યું. વર્ણવીને (કહે છે), યુવકો! તમને મારી વાત ન પસંદ પડતી હોય તો હું તો મુનિ છું, મારી પાસે શું આશા રાખશો? ક્ષમા કરજો તમને ઠીક ન લાગે તો. આહા..હા..! છેને? લાવોને ભાઈ! અહીં પાઠ હોય તો (ઠીક પડે). ત્યાં રામજીભાઈ બતાવતાને કોર્ટમાં. કાયદા

બધા. કાયદા આપણે ભગવાનના કાયદા બતાવે છે લ્યો, આ કાયદો રહ્યો જુઓ આ. આહા..હા..!

પદ્મનંદી આચાર્ય જંગલમાં વનવાસી સંત, વનવાસી સંત દિગંબર. જેને લંગોટી ન મળે, દુનિયાની દરકાર ન મળે. આહાર-પાણીની અચ્છા બે-ચાર દિ' આઠ દિ'એ થાય તો ભિક્ષા માટે ચાલ્યા જાય. લખી નાખ્યા છે ૨૬. અધિકાર ૨૬ છે પણ નામ આપ્યું ૨૫. પદ્મનંદી પંચવિંશતિ. અધિકાર ૨૬ છે. આહા..હા..! જુઓ, છેલ્લી કડી છે હોં.

युवतिसंगतिवर्जनमष्टकं प्रति मुमुक्षुजनं भणितं मया।
सुरतरागसमुद्रगता जनाः कुरुत मा क्रुधमत्र मुनौ मयि।।९।।

'**જો મનુષ્ય, મુમુક્ષુ અર્થાત્ મોક્ષ-પ્રાપ્તિકે અભિલાષી હૈં, ઉન મનુષ્યોંકે કે લિયે મૈંને યુવતી સ્ત્રીયોંકે સંગકો નિષેધ કરનેવાલે...**' અહીં સજ્જનનો નિષેધ કરવો છેને? અહીં આપણે ચાલે એમાં. '**સ્ત્રીયોંકે સંગકો નિષેધ કરને વાલે ઈસ અષ્ટક કા અર્થાત્ બ્રહ્મચર્યાષ્ટકકા વર્ણન કિયા હૈ; કિન્તુ જો મનુષ્ય, રાગ-સમુદ્રમેં ડૂબે હુએ હૈં, વે ઈસ અષ્ટકકો અચ્છા નહીં સમજતે; અતઃ વે મુજે મુનિ સમજકર ક્ષમા કરેં.**' આહા..હા..! એ વીતરાગ (કહે). '**कुरुत मा क्रुधमत्र मुनौ मयि**' હું મુનિ છું. માટે ક્ષમા કરશો. તમને પસંદ પડે એવી જ વાત મારી પાસેથી આવે, વૈદ એમ બંધાયેલા નથી કે એને મીઠી ઔષધિ દેવી. એનો રોગ કેમ મટે એમ બંધાયેલા છે, પણ મીઠી ઔષધિ દેવી એવું કાંઈ વૈદ્ય બંધાયેલા નથી. કડવી આપે. કફ માટે કડવી આપે ત્યારે કફ છૂટે. અરે..! આવી હોય વૈદરાજ? આ લ્યો બીજી મીઠી આપો. મરી જઈશ મીઠીમાં. એમ અનુકૂળ લાગે એવું કહે એ વૈદ સાચો નથી. આ કહે છે કે અમે તો સત્ય માર્ગ જેવો હતો, બ્રહ્માનંદ ભગવાન બ્રહ્મમાં ચરે, રમે એવું જે બ્રહ્મચર્ય એની વાત અમે કરી. હે યુવકો! તમને ભોગના રંગના રસમાં આ વાત કંટાળા જેવી લાગે તો ક્ષમા કરજો. હું મુનિ છું. આહા..હા..! શશીભાઈ!

અહીં આચાર્ય કહે છે, અમારી પાસે તમે શું આશા રાખશો? અમે સંત મુનિ વીતરાગી સંત છીએ. વીતરાગી પરિણામમાં પ્રીતિ કર એમ તને કહીએ છીએ અને તેમાં ન રહી શકે ત્યારે શુભભાવમાં પ્રીતિ કર એ જ તને કહીએ છીએ. આનાથી વિરુદ્ધ કહેનારા વ્હાલામાં વ્હાલા સજ્જન હોય તો છોડી દેજે. તને ઠીક ન લાગે તો તું જાણ. અમે તો આ માર્ગ કહીએ છીએ. આહા..હા..! કહો, બાલચંદભાઈ! તાકડે આ અધિકાર કેવો આવ્યો આ! આહા..હા..! અરે! ધર્મના સન્મુખ, અરે..! ભિખારી હોય એક સમકિતી જ્ઞાની. પાંચ-પચ્ચીસ રૂપિયા આજીવિકાના મહિને મળતા પણ ન હોય, કાળું-કુબડું શરીર હોય, ભાન છે આત્માનું.

એવા '**સન્મુખ જો પર કુટુંબકા ભી મનુષ્ય હો...**' '**પર કુટુંબકા ભી મનુષ્ય હો ઉસસે પ્રીતિ કર.**' સાધર્મી જાણીને પ્રીતિ કરજે. સમજાણું કાંઈ? ઓલા વિધર્મી છે. એક

ઘરમાં એક ભાણે બેસનારા, એક ઘરમાં એક ભાણે ખાનારા. ભાણે સમજ્યાને? એક વાસણમાં. એક વાસણ. ભાણું એટલે વાસણ. એક ઘરે અને એક વાસણમાં ખાનારા એ વિરોધીઓ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! વીતરાગ ભગવાન આવી વાતું કરતા હશે?

**'તાત્પર્ય યહ હૈ કિ યહ જીવ જૈસે વિષય-સુખસે પ્રીતિ કરતા હૈ,...'** એ વિષય-સુખના નિમિત્તો અને વિષય-સુખ એમાં પ્રીતિ કરે છે. **'વૈસે જો જિનધર્મ સે કરે...'** 'જૈસી પ્રીતિ હરામસે તૈસે હરિસે હોય' તુલસીદાસમાં કહે છે. 'ચલા જાયે વૈકુંઠમેં, પલા ન પકડે કોઈ. જૈસી રીતિ હરામસે' વિષયમાં પ્રીતિ.. ઐસે હરિ એટલે આત્મા. પાપનું ... હરતી તે હરિ. બીજો હરિ નહિ હોં આ આત્મા હરિ. ભગવાન આત્મા અંદર વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. એમાં એકલો વીતરાગનો જ રસકંદ પડ્યો છે આત્મામાં તો. એના પરિણામ વીતરાગી હોય, એ જીવના પરિણામ કહેવાય. એમાં પ્રીતિ કરને બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? **'વૈસે જો જિનધર્મ સે કરે...'** જૈનધર્મનો અર્થ જ વીતરાગતા. વચ્ચે સ્થિર ન રહી શકે એટલે શુભભાવ રાગ આવે, પણ એ કાંઈ ખરો જૈનધર્મ છે? ખરો જૈનધર્મ છે? વ્યવહાર ધર્મ છે એ તો.

**'पस्सदि जिण सासणं'** ભગવાન આત્માને રાગ વિનાનો, બંધ વિનાનો એકલો વીતરાગી સ્વભાવે જોવે એવા ભાવશ્રુતજ્ઞાનનું પરિણામ તે જૈનશાસન છે. વચમાં રાગાદિ આવે એ જૈનશાસન છે નહિ. એ તો વ્યવહારનું ઉપચારથી કથન છે. ભગવાન આત્મા પોતાના અંતર ભાવશ્રુતજ્ઞાન દ્વારા, એ ભાવશ્રુતજ્ઞાન કહો કે વીતરાગી પરિણામ કહો, એ દ્વારા આત્માને અબદ્ધસ્પૃષ્ટ, નિયત, અવિશેષ **'पस्सदि जिणसासणं सव्वं'**. એણે સારા જૈનશાસનને જોયું. ત્રણ કાળ, ત્રણ લોકના વીતરાગ પરમાત્માએ (એમ ફરમાવ્યું કે) જૈનશાસન કોઈ બહાર રહેતું નથી, આત્માની પર્યાયમાં રહે છે. દ્રવ્ય-ગુણમાં રહેતું નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. જૈન શાસન અને સંસાર બેય આત્માની પર્યાયમાં રહે છે. આહા..હા..! પર્યાય એટલે અવસ્થા. અજૈનશાસન એ સંસાર, એ આત્માની પર્યાયમાં રહે છે અને જૈનશાસન એ આત્માની પર્યાયમાં ભાવશ્રુતજ્ઞાન રાગની પરિણતિ રહિતમાં રહે છે. સમજાણું કાંઈ? **'पस्सदि जिण सासणं'** એણે સારો વીતરાગ શાસનનો સાર જોયો, જાણ્યો એ **'पस्सदि'** આખું જિનશાસન જોયું. ઓહો..હો..!

**'તો સંસારમેં નહીં ભટકે.'** એવો આત્મધર્મ, એમાં પ્રીતિ કરનાર, રુચિ કરનાર, અવલંબન કરનાર, આશ્રય લેનાર, શરણ કરનાર **'સંસારમેં નહીં ભટકે.'** ઓલામાં તો સોથા નીકળી જાય એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય. આહા..હા..! ક્યાં આંખ મીંચીને જોવે ક્યાંય સંસાર ક્યાં લાબો ક્યાં... ક્યાં... ક્યાં... કોઈ બાયડી નહિ, છોકરા નહિ, કુટુંબ નહિ. ક્યાં એકેન્દ્રિય કેટલો કાળ? ક્યાં નિગોદ કેટલો કાળ? કેટલી હીનતા દશાની અને

કેટલો કાળ હીણી દશામાં રહેવું? આહા..હા..! લાંબો પંથ એને ટૂંકો કરવાનો માર્ગ તો પ્રભુ! તારા સ્વરૂપમાં છે. સમજાણું કાંઈ? વીતરાગ ભગવાને એ કહ્યું છે. જુઓ, આમાં એ પણ આવ્યું કે એકલો શુભ ઉપયોગ વીતરાગધર્મ નથી. આમાં ન આવ્યું? શું આવ્યું આ? નિશ્ચય અને વ્યવહાર બે આવ્યા. નિશ્ચય વિનાનો એકલો વ્યવહાર એ સાચો ધર્મ નથી. એ વ્યવહાર પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આ તો યોગીન્દ્રદેવ જંગલવાસી સંત. નાગા, બાદશાહથી આઘા. કાંઈ દરકાર ન મળે. વસ્તુ આ છે, બાપા! ભાઈ! એ એકવાર રુચિ તો કર પ્રભુ! એ રુચિની દિશા તો બદલાવ. દિશા તો બદલાવ, દશા બદલી જશે તારી. આ રાગ અને પરિણામની રુચિ છોડ. ભગવાન આખો પડ્યો છેને પ્રભુ. જેમાંથી મોટા વીતરાગી પરિણામ કાઢ્યા જ કર. એ ઉદાર છે ભગવાન આત્મા. વીતરાગી યથાખ્યાત ચારિત્રના પરિણામ વીતરાગી કાઢ્યા જ કર સમયે-સમયે નવા. ખૂટે એવું નથી અંદર. એનો પોતાના સ્વભાવ શું અને એની શક્તિનું સત્ત્વ શું? એને અંતરમાં માહાત્મ્ય આવતું નથી. માહાત્મ્ય બીજા લૂંટી જાય છે. સંયોગો લૂંટી જાય છે માહાત્મ્ય, કાં રાગ લૂંટી જાય માહાત્મ્ય. ભટકવાના કારણો માહાત્મ્ય લૂંટી જાય છે. આહા..હા..! કહે છે... જુઓને ગાથામાં કેટલું નાખ્યું છે! ટીકા તો વળી કેવી ગણવી!

**'ઐસા દૂસરી જગહ ભી કહા હૈ, કિ જૈસે વિષયોંકે કારણોંમેં યહ જીવ વારંવાર પ્રેમ કરતા હૈ,...'** કારણોમેં. **'વૈસે જો જિનધર્મમેં કરે,...'** જિનધર્મ એ કોઈ સંપ્રદાય નથી. વસ્તુ આત્મા વીતરાગી સ્વરૂપ જ વીતરાગ એટલે કે વસ્તુ હોય એ કાંઈ રાગવાળી અને વિકારવાળી વસ્તુ હોય? એ વસ્તુ પોતે આત્મા ભગવાન અનંતગુણનો ધણી વીતરાગસ્વરૂપ એટલે અકષાયસ્વરૂપ છે. આ એના શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના શુદ્ધ પરિણામ તે વીતરાગ ધર્મ. એ કોઈ સંપ્રદાયની ચીજ નથી. વસ્તુની ચીજ છે, એ વસ્તુની ચીજ છે. સમજાણું કાંઈ? **'વૈસે જો જિનધર્મમેં કરે, તો સંસારમેં ભ્રમણ ન કરે.'** સમજાણું કાંઈ? બહુ આવી વાત, ગાથા ૧૩૪માં તો ઘણું. એક-એક ગાથાએ આચાર્યોની શૈલી... એક-એક શબ્દોમાં ઘણું-ઘણું ભરી દે છે. એક-એક ગાથામાં પણ ઘણી વાત ભરી દે છે.

**'આગે જિસને ચિત્તકી શુદ્ધતા કરકે તપશ્ચરણ નહીં કિયા,...'** ચિત્તની શુદ્ધતા એટલે કે વીતરાગી નિર્મળ પરિણામ. કહેશે ટીકામાં આમાં. અરે! જેણે ભગવાન પરમાત્મા પોતે નિજ સ્વરૂપે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જે વીતરાગી પરિણામ, એ વડે ચિત્તની શુદ્ધિ ન કરી **'ઉસને અપના...'** અને એ પૂર્વક જેણે મુનિપણું ન લીધું. આમ તો મુનિપણું અનંત વાર લીધું એમ નહિ. બાહ્ય લિંગ, ભેખ, ક્રિયા ને કાંડ ને. ચિત્તની શુદ્ધિ-જ્ઞાનની શુદ્ધિ. ભગવાન આત્મા અંતર દ્રવ્યમાં વળતા, અંતર પદાર્થમાં અંતર્મુખ થતા જે પરિણામ શુદ્ધ થાય તેને ચિત્તની

શુદ્ધિ કહેવામાં આવે છે. બહિર્મુખી જેટલા પરિણામ ઉઠે એ ચિત્તની અશુદ્ધિનું કારણ કહેવાય છે. સમજાણું કાંઈ? પહેલી એના સમજણમાં તો એ વાત લે. એની શ્રદ્ધામાં એ વાત ગોઠવે. ગોઠવે એટલે બેસાડે, પછી એનો પ્રયોગ કરે કે આ વસ્તુમાં અંતર જવાથી લાભ છે, બાકી લાભ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો હજી બહારની તકરારો. આ દયા પાળી ને આ વ્રત પાળ્યા, તપસ્યા કર્યા અપવાસ કર્યા ને... એમાં ધર્મ. મરી ગયો અનંત વાર હવે સાંભળને. એ તો રાગ કાંઈ પુણ્ય થાય થોડો તો એની સાથે મિથ્યાશલ્ય તો લાકડું મોટું પડ્યું છે. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વીતરાગી દશાવાળો વીતરાગી દશા પ્રગટ કરે એવો પદાર્થ એ તો દૃષ્ટિમાં લીધો નથી. એ વિના આ એકલી રાગની દૃષ્ટિ કરીને રાગ કર્યો એ તો અધર્મ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખોટું હોય પણ ઝાઝા માણસ...

ઉત્તર :- ઝાઝા માણસ હોય તો ઠીક, નામ ખોટા તો ઘણા આપે. ઝાઝી કીડીઓ હોય એટલે કાંઈ માણસ થઈ ગયા? આ કીડીયું નહિ કીડીયું? કીડીયારા હોતા હૈ ન? કીડીયારા ક્યા કહતે હૈ? નગરા નહીં હોતા કીડીના? સાંજે લોટ નાખે છેને કેટલાક કીડીને. ત્યાં હજારો નગરા કીડીના હોય. નગરા કહેવાય એ નગર કહેવાય. એથી કાંઈ માણસ થઈ ગયા? એમ ઝાઝા માણસ નંબર આપે અને સાચું કહે એટલે કાંઈ સાચું થઈ જાય? સાચાને સંખ્યાની જરૂર ન હોય, સાચાને સત્ય ભાવની જરૂર છે. સમજાણું કાંઈ? અને કોની પાસે તારે રીઝલ્ટ લેવું છે? ક્યા કાળજા એના કામ કરે એવા અજ્ઞાની પાસેથી તારે અભિનંદન લેવા છે? આહા..હા..!

જેણે આત્માના શુદ્ધ વીતરાગી પરિણામ પ્રગટ કરીને જેણે મુનિપણા નથી પાળ્યા, આ ચામડાનું વૃક્ષરૂપી આ દેહ, આ આવ્યું, એને બુઢાપા ખાઈ જશે. કહો, સમજાણું કાંઈ? જેણે ભગવાન આત્માના, અરે! મહા પેઢીના શુદ્ધ પરિણામ પ્રગટ ન કર્યા, મહાવીતરાગી પેઢી આત્મા છે, એ વીતરાગ સ્વભાવમાં બેસી અને જેણે ચિત્તની શુદ્ધિ કરી નથી અને તે શુદ્ધિપૂર્વક જેણે સાધુપણું, મુનિપણું પાળ્યું નથી, ઉત્કૃષ્ટ વાત કરશેને હવે. **'ઉસને અપના આત્મા ઠગ લિયા,...'** એ આત્મા ઠગાયો. ઠગાયો. **'યહ અભિપ્રાય મનમેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—'** ૧૩૫.

૨૬૫) जेण ण चिण्णउ तव-यरणु णिम्मलु चित्तु करेवि।
अप्पा वंचिउ तेण पर माणुस-जम्मु लहेवि।।१३५।।

આહા..હા..! અરે! ભગવાન! વેપાર તો આ કરવાનો હતો હોં. અને ક્યાં તું બીજે વેપારે ચડી ગયો એમ કહે છે. વેપાર તો ભગવાન શુદ્ધ આનંદકંદ પ્રભુ, એના અંતરના વેપારના

પરિણામ તો વેપાર એ કરવાનો તારે છે. આ ધૂળ ને ધાણી, વા પાણી. મુસાભાઈના વા-પાણી નથી આવતું? આ એવું મફતનું છે.

એક વોરા હતા વોરો. વોરા સમજો છો? લોટિયા વોરા. એક નાતને જમાડી નાતને. બે-પાંચ હજાર ખર્ચીને નાતને (જમાડી). એ બે-પાંચ હજાર રૂપિયા કાઢ્યા ક્યાંથી? નાતના વાસણ લઈ આવેલો વાસણ. નાતના વાસણ લાવી. એય..! આમ જમે. જમો ભાઈ જમો ભાઈ. નાતનો માલ નાત ખાય, મુસાભાઈના વા-પાણી. મારા તો વા-પાણી છે. આ બધો માલ તમારો ખાય. આઠ દિ'એ આવ્યા પૈસા લેવા. તમને કહ્યું નહોતું? અને પોતાનું નામ પાછું મુસાભાઈ. મુસા એટલે જૂઠાં. ઓલાનું નામ હતું લ્યોને. મુસાભાઈના વા-પાણી. મારા તો વા અને પાણી છે જુઓ. એમ આ દુનિયાના વેપાર જગતના જૂઠે જૂઠા. આહા..હા..! કહો, ધર્મચંદજી! છોડીયુંનું શું કરવું? બાયડીનું શું કરવું?

મુમુક્ષુ :- નાત તો .. કરીને.

ઉત્તર :- નાત .. કર્યો કે ગાળું પડી? આણે તો ઠગ્યો. આ ઠગવા ઉપર તો દાખલો આપ્યો. ઠગ્યો, આ તો નાત જમાડીને ઠગ થયો. અહીં કહે છે કે એલા! તેં શું કર્યું આ? બાયડી, છોકરાને સાચવ્યા, વેપાર કર્યા, પાંચ-પચાસ કરોડ, બે કરોડ ભેગા કર્યા અને છોકરા સારા. શું કર્યું તેં? એ ઠગ્યો આત્માને. આહા..હા..! સમજાણું?

'**જિસ જીવને બાહ્યાભ્યાંતરરૂપ તપ...**' જોયું! બેય છેને? અભ્યંતર આત્માના ભાન સહિત બાહ્ય મુનિપણું. '**નહીં કિયા, મહા નિર્મલ ચિત્ત કરકે...**' હોં પાછું એ. એની વ્યાખ્યા કરશે. '**ઉસને મનુષ્યજન્મકો પાકર કેવલ અપના આત્મા ઠગ લિયા.**' આત્માને ઠગ્યો, વંચ્યો. હમણા આ કરી લઉં, થોડું આ કરી લઉં, થોડું આ કર્યું. મરી ગયો એમ કરતાં-કરતાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બીજાને ઠગે છે કોણ? બીજો કોઈ કોઈને ઠગી શકતો નથી. ત્રણ કાળમાં ઠગાતો નથી. એ તો એના પુણ્યનો ઉદય ન હોય તો પૈસા-બૈસા જાય કદાચિત એના. એ કાંઈ પરથી ઠગાતો નથી. ઠગે છે પોતે પોતાને. એમ છે કે નહિ? આવતું નથી ઓલામાં? યોગસારમાં. એય..! શું આવે છે? 'કોણ કોની પૂજા કરે? વંદે-પૂજે કોણ?' બહુ સારી બે ગાથા છે. મિત્ર-અમિત્ર કોણ? કોના છે કાંઈ મફતનો માને. યોગસારમાં કહ્યું છે. યોગીન્દ્રદેવ યોગસારમાં. કોણ કોની પૂજા કરે? કોણ કોનો શત્રુ? કોણ કોનો મિત્ર? મફતની વાતું છે. આહા..હા..!

આવા '**મનુષ્યજન્મકો પાકર કેવલ અપના આત્મા ઠગ લિયા.**' બીજાના ઓથે હું કાંઈ કામ કરું છું, બીજાના શરણે-આશ્રયે બીજાના કામ ઘણા કરું છું. એમાં આત્માના વીતરાગી પરિણામ કર્યા નહિ અને મુનિપણા પાળ્યા નહિ, ઠગ્યો કહે છે. આહા..હા..! ક્યાંય ચાલ્યો

જઈશ ક્યાંય.

'**ભાવાર્થ :- મહાન દુર્લભ ઈસ મનુષ્ય-દેહકો પાકર...**' દેખો, મહાન દુર્લભ મનુષ્ય દેહકો પાકર. ક્યાંથી ક્યાં મનુષ્યદેહ! એ કીડા, કાગડા, કૂતરા, અનાર્ય દેશ એમાંથી મળી મળીને માંડ મનુષ્ય દેહ મળ્યો. '**જિસને વિષયકષાય સેવન કિયે...**' એકલા પર તરફના વલણવાળા પ્રેમ, રાગ-દ્વેષ અને વિષયને સેવ્યા. '**ઔર ક્રોધાદિ રહિત વીતરાગ ચિદાનંદ...**' જુઓ, ચિત્તની વ્યાખ્યા હવે. ક્રોધ, માન, માયારહિત '**વીતરાગ ચિદાનંદ સુખરૂપી અમૃતકર પ્રાપ્ત અપના નિર્મલ ચિત્ત કરકે...**' દેખો, આ નિર્મળ ચિત્તની વ્યાખ્યા. ચિત્ત શુદ્ધિ આવે છેને વેદાંતમાં એમ કે ચિત્તશુદ્ધિ કરો. એ આ ચિત્તશુદ્ધિ. વિકાર, ક્રોધ, માન, માયારહિત વીતરાગ ચિદાનંદ. રાગ વિનાનો જ્ઞાનનો આનંદ એ સુખરૂપી અમૃતકર. જેમાં સુખરૂપી અમૃત પડ્યું છે. એવા પ્રાપ્ત '**અપના નિર્મલ ચિત્ત...**' એ નિર્મળ ચિત્ત એને કહીએ. ઓહો..હો..! વીતરાગ ભાવરૂપી અમૃતની પર્યાયથી ભરેલો ઘડો એને અહીં ચિત્તશુદ્ધિ કહેવામાં આવે છે. એવું '**કરકે અનશનાદિ તપ ન કિયા, વહ આત્મઘાતી હૈ, અપને આત્માકા ઠગનેવાલા હૈ.**' દેખો! એ આત્માને ઠગે છે. આત્માનો ઉદ્ધાર કરવાનો પંથ એને સૂઝતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૯, બુધવાર, તા. ૦૭-૦૭-૬૫**
**ગાથા-૧૩૭, ૧૩૭-૫, પ્રવચન-૧૬૪**

પરમાત્મપ્રકાશ ગાથા-૧૩૭. '**આગે ધ્યાનકી કઠિનતા દિખલાતે હૈં—**' કઠિનતા દિખલાતે હૈ. એટલે? આત્મામાં સ્વભાવનું ભાન થઈ અને રુચિ થઈને એમાં એકાગ્રતા થવી એ મહાન કઠણ અને મહાન પુરુષાર્થ છે. જે કરવા જેવું એ છે. અનાદિથી પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ એને ભૂલી અને પરપદાર્થ અને પરપદાર્થના સંગે ઉત્પન્ન થયેલા ભાવો શુભ-અશુભ એની એકાગ્રતાનું ધ્યાન તો આર્ત અને રૌદ્રધ્યાન અનંત કાળથી કર્યું. આ આત્માનો સ્વભાવ પૂર્ણ શુદ્ધ આનંદ

અને અનંતગુણ શું છે એમ રુચિ થયા વિના, રુચિ અનુયાયી વીર્ય, રુચિ થાય તો એને અનુસરીને વીર્ય કામ કરે. પોતાના સ્વભાવની રુચિ અને રુચિ સહિત એકાગ્રતા એ અનંતકાળથી કઠિન છે એમ અહીંયાં બતાવે છે.

૨૬૭) जोइय विसमी जोय-गइ मणु संठवण ण जाइ।
इंदिय-विसय जि सुक्खडा तित्थु जि वलि वलि जाइ।।१३७।।

'હે યોગી,...' અહીં તો હે આત્માના શુદ્ધ સ્વભાવમાં જોડાણ કરનાર આત્મા એને સંબોધીને વાત કરી છે. વસ્તુ આત્મા મહાન, અરૂપી પણ મહાન પદાર્થ શરીર દ્વારા જણાય નહિ, શરીર જાણે નહિ એને. એવો જાણનાર જ્ઞાયક અનંત ગુણનો પિંડ પ્રભુ, કહે છે કે એમાં જેનું જોડાણ છે. યુગ-જોડાણ. અનાદિથી પરનું જોડવું વિકલ્પમાં એકાગ્રતા એ એને છૂટી ગયું દૃષ્ટિમાંથી. અને વસ્તુની સ્થિતિમાં દૃષ્ટિને સ્થાપી છે એને સંબોધીને વાત કરે છે કે **'હે યોગી,...'** **'योगगतिः विषमा'** અહો..! સ્વરૂપમાં એકાગ્રતાનું ધ્યાન વિષમ છે. વિષમ છે, અશક્ય નથી. પ્રભુ આત્મા એના સ્વરૂપનું માહાત્મ્ય આવવું અને જગતના પદાર્થોનું માહાત્મ્ય ઉડી જવું અને એમાં થંભી જવું સ્વરૂપમાં (એ) મહાદુર્લભ છે. કોઈ દિ' અભ્યાસ અજ્ઞાનીએ કર્યો નથી તેથી કહે છે કે હે ભાઈ! એ ધ્યાનની ગતિ, ગતિ એટલે અંતરમાં એકાગ્રતા મહાદુર્લભ છે.

**'ક્યોંકિ ચિત્તરૂપી બંદર ચપલ હોનેસે...'** એ ચિત્તરૂપી વાંદરું એ બહારના વિષયની અનુકૂળતામાં એની ગતિ ચાલી જાય છે. બેઠો હોય ધ્યાન કરવા તોપણ શરીરમાં પ્રતિકૂળતા જરી નડે, પગ નડે, આસન નડે એવી ચીજમાં ત્યાં એનું લક્ષ જાય છે એ પણ વિષય છે. સ્પર્શનો વિષય છે. કહે છે, એ આત્મામાં સુરતા લગાવીને બેસવું એ મહાકઠિન છે. કેમકે એનું લક્ષ આમ વિષય ઉપર જાય છે. વિષય શબ્દે? ભોગની લાગણી એ તો એક કોર રહી, પણ આ સ્પર્શને અનુકૂળ પડે એમ એની ગતિ લક્ષમાં ચાલી જાય છે. સમજાણું કાંઈ? એ **'ચિત્તરૂપી બંદર ચપલ હોનેસે નિજ શુદ્ધાત્મામેં સ્થિરતાકો પ્રાપ્ત નહીં હોતા.'** ભગવાન નિજ.. જુઓ, ભાષા શું છે? નિજ શુદ્ધાત્મા. પોતાનો પવિત્ર ભગવાન આખું તત્ત્વ ચૈતન્ય એમાં મન સ્થિરતાને પ્રાપ્ત થતું નથી.

**'ક્યોંકિ ઇન્દ્રિયકે વિષયોંમેં હી સુખ માન રહા હૈ,...'** પહેલી તો માન્યતા જ ખોટી છે. કાંઈક આમ જાઉં પાંચ ઇન્દ્રિયના વલણમાં તો ઠીક-ઠીક એવી જ્યાં બુદ્ધિ છે. પાંચ ઇન્દ્રિયના વલણમાં. વલણ સમજાણું? એ બાજુનો ઝુકાવ. પછી શુભ હો કે અશુભ હો. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એની રુચિ જ પહેલી નથી કહે છે. એને આ પાંચ ઇન્દ્રિયના શુભ-અશુભ શબ્દો, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એમાં એને આમ ઠીક, આમ ઠીક એમ (લાગ્યા કરે છે). સુખ એટલે? એમાં આમ ઠીક એમ બુદ્ધિ અનાદિથી ચાલી ગઈ છે. ઠીક કહો કે

એમાં સુખ કહો. એ ભાષા તો.... સમજાણું કાંઈ? આમ હોય તો ઠીક... આમ હોય તો ઠીક.. આમ હોય તો ઠીક. એ પરમાં આમ હોય તો ઠીક એનો અર્થ (કે) પાંચ ઈન્દ્રિયના વિષયોમાં જ સુખ માને છે. સમજાણું કાંઈ? સીધા શરીરના ભલે ભોગ ન લેતો હોય. એની સાથે સંબંધ અહીં નથી. આમ અતીન્દ્રિયનું પડખું જે અંદરમાં છે વસ્તુ એ તરફ એની રુચિ અને આમ રુચિ ઢળી ગઈ છે આ શબ્દ, રૂપ આદિમાં. કાંઈક ઠીક સાંભળવું અથવા ઠીક વિકલ્પ ઉઠે કે સ્પર્શ તરફમાં કાંઈક અનુકૂળતા ન દેખાય તો આમ હોય તો ઠીક, એવી અનુકૂળતાના વિષયમાં સુખ માન્યું છે એથી ભગવાન આત્માના આનંદમાં એને રુચિ થઈને ધ્યાન ગતિ થતી નથી. કહો, સમજાણું આમાં?

'**ઈસલિયે ઉન્હીં વિષયોંમેં ફિર ફિર...**' જુઓ, આ ભાષા છેને હિન્દીમાં. ફિર-ફિર, વારંવાર હિન્દીમાં ભાષા આવે છે. આ તો ઓલા બપોરે મોક્ષમાર્ગપ્રકાશકમાં.. વળી ફરી ફરીને. ભગવાન આત્મા. આખું મૂળ તત્ત્વ જ ઈ છે. આ તો છે કે નહિ એની ખબર ક્યાં એને છે? ખબર તો આત્માને છે. શરીર છે કે વિષયો છે એની એને ક્યાં ખબર છે? એની ખબર તો આત્માની સત્તામાં આત્માને છે. એની સત્તાના સ્વભાવના સામર્થ્યની રુચિ નહિ અને આ તરફમાં જે જણાય એ જણાય. જાણે નહિ, જણાવે નહિ. જાણે નહિ, જણાવે નહિ નિજને. એમાં એની અનાદિની રુચિને લઈને ફિર ફિર લક્ષ ત્યાં ફરી જાય છે. કહો, સમજાણું કાંઈ?

હવે જરી કહે છે, કેવો છે આત્મા? આવો એને રુચ્યો નથી, ગોઠ્યો નથી, ગોઠ્યો નથી. વીતરાગ ઈચ્છા વિનાનો જે સ્વભાવ '**પરમ આનંદ...**' મહા આહ્‌લાદરૂપી આનંદ '**સમરસી...**' જેમાં એકલો વિષમતાનો અભાવ એટલે સમતાનો સાગર (ભરેલો છે). '**સમરસી ભાવરૂપ અતીન્દ્રિય સુખસે રહિત...**' એવો જે ભગવાન, આવો અતીન્દ્રિય ભાવરૂપ સુખ એવું એનું સ્વરૂપ. એનાથી રહિત '**જો યહ સંસારી જીવ હૈ,...**' સંસારની વ્યાખ્યા કરી આ. ભગવાન રાગ વિનાનો પરમ આનંદમૂર્તિ પ્રભુ એકલો આકુળતા વિનાનો સમરસસ્વરૂપ, પરમ નિજાનંદ સ્વરૂપ એના ભાન વિનાના, એની રુચિ વિનાના, એના ધ્યેય અને લક્ષ વિનાના, એને સંસારી જીવ કહેવામાં આવે છે. લ્યો આ સંસારી જીવની આમ વ્યાખ્યા કરી. બાયડી, છોકરાવાળા છે, ફલાણાવાળા છે, ફલાણાવાળા માટે સંસારી જીવ (એમ નથી કહ્યું). સમજાણું કાંઈ? ભગવાન આત્મા જેમાં સંસારનો અભાવ (છે). '**વીતરાગ પરમ આનંદ સમરસી ભાવરૂપી...**' એનું જેને દૃષ્ટિમાં રહિતપણું છે, જેને ભાવમાં એ ભાવનું રહિતપણું છે એ સંસારી. ઓહો..હો..!

આ તો પરમાત્મપ્રકાશ છેને. બહુ ટૂંકી ભાષામાં મહાન તત્ત્વને સમજાવે છે કે ભાઈ! પ્રભુ પોતે તો આત્મા વીતરાગી સમરસ... સમરસ... દુનિયા ઝૂકી જાય, શરીર બાળી મૂકે, તો જેને વિકલ્પ ન ઉઠે એવી તો એ ચીજ છે. સમરસથી ઓતપ્રોત છે. આખો પદાર્થ સમરસ વીતરાગ

નિર્વિકલ્પ આનંદથી તન્મય પદાર્થ ભગવાન છે. એવા પદાર્થના ભાવરહિત એ સંસારી જીવ. સમજાણું કાંઈ? પછી ત્યાગી મુનિ બેઠો હોય ત્યાગી થઈને એ સંસારી છે એમ કહે છે અહીં તો.

ભગવાન આત્મા સંસારના વિકલ્પના ભાવ વિનાનું તત્ત્વ એટલે કે પરમાનંદ સમરસી ભાવવાળો પદાર્થ એની સન્મુખતાની રુચિનો અભાવ એનું નામ સંસારી. પછી ભલે દિગંબર સાધુ હો, પંચ મહાવ્રત પાળવાના પરિણામ હો, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો જેની ગતિ શુભ પરિણામમાં ઘણી હોય પણ આ વસ્તુ ભગવાન આત્મા એની દૃષ્ટિમાં રહિત છે એ સંસારી છે. સમજાણું કાંઈ? પરમાત્મસ્વરૂપની રુચિ રહિત ભાવ તે સંસાર. 'સંસરણં ઈતિ સંસારઃ' આવે છેને પ્રવચનસારમાં. સંસરણં ઈતિ. ચિદાનંદ વીતરાગી આહ્‌લાદરૂપ પરમાત્મા નિજસ્વરૂપ એમાંથી સંસરણં—ખસી જવું અને રાગમાં એકાકાર થઈ જવું એનું નામ સંસાર. આહા..હા..! આ બાયડી–છોકરા છોડે અને આ છોડ્યું તો કહે સંસાર છોડ્યો. આણે આટલું છોડ્યું. અહીં કહેશે. મુંડાવાનું કહેશેને ક્યાંક. દાખલો પછી આપશે ૩૯માં.

ઓલા નથી કહેતા ગંજા—વાળ વિનાના માથા. વાળ વિનાના માથા થાય છેને? વાળ જ ઉગે નહિ પહેલેથી. કહે છે, મુંડાવીને બેઠો એ તો ગંજા જેવો છો ભાન વિના. વાળ ઉગતા નથી (એવા) હોય છેને? આપણે નહિ આ મનસુખભાઈનો દીકરો. પહેલેથી જ ૨૮ વર્ષની ઉંમરનો, મનસુખ ડોક્ટર આપણે અહીં છે. અહીં તો એ આવ્યો હતો એટલે જોયો. આપણે તો કોઈ જોયો નહિ. મનસુખભાઈ ડોક્ટર નહિ? આંખના ડોક્ટર આપણે અહીં આવ્યા હતા. .. પ્રેમી છે. હમણા કાગળ આવ્યો ત્યાંથી. એનો એક દીકરો એવો છે. કરોડપતિ માણસ છે કરોડપતિ. એનો એક દીકરો પહેલા જન્મથી વાળ જ ઉગ્યો નથી. માથું જ આવું. પછી એક જણા કહે કે આ સાધુ થાય તો લોંચ કરવો મટે. લોંચ કરે ન કરે એની સાથે સંબંધ શું છે? નેમિચંદભાઈ! એ અહીં કહેશે હમણા ૧૩૯માં કહેશે. ત્યાં **'खलवाटं'** છેને? **'खलवाटं'** એ ખલવાત એટલે ગંજા. એ ગંજા એને કહેવાય છે બહાર લોકોમાં. જેને પહેલેથી વાળ જ નહિ જરીએ.

એ અહીં મેં જોયા હતા. એકવાર અહીંયાં ભાવનગર જાન આવી હતીને તો આવ્યા હતા. એ અહીં આવ્યા હતા. એના બાપ આવે ખરાને. પછી ત્યાં ગયો હતો. બસ, આના જેવું જ માથું છે. કોઈ દિ' વાળ જ ઉગે નહિ જરીએ. જરીએ હોં. ચોખ્ખુ લપાટ. એ કહેશે હમણાં ૩૯માં. એલા! મન મુંડ્યા વિના તારા દૃષ્ટિના ફર્યા વિના એ બહારના મંડ્યા એ તો ગંજા જેવો છો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યુ કામ? દલાલ છે, દલાલ છે. પચાસ ટકા તો એટલા થયાને એમ કહે છે.

એકેય ટકો થયો નથી એમ કહે છે. લ્યો!

**'સુખસે રહિત જો યહ સંસારી જીવ હૈ,...'** આ તો એકદમ પરમાત્મસ્વરૂપ પોતાનું એની જ્યાં રુચિની ગતિ નથી, એની રુચિની ગતિ રાગ ઉપર જાય છે. બસ એનું નામ સંસાર છે એમ કહે છે અહીં. પછી નવમી ગ્રૈવેયક ગયો હોય એવો સાધુ હોય કે એકેન્દ્રિયમાં પડ્યો નિગોદ હોય, બેય સંસારીની જાતમાં કાંઈ ફેર નથી. **'ઉસકા મન અનાદિકાલકી અવિદ્યાકી વાસનામેં બસ રહા હૈ,...'** 'अनादिवासनावासित' એટલું. 'पञ्चेन्द्रियविषयसुखस्वादासक्तानां' અહીં તો અતીન્દ્રિય આનંદ પ્રભુ એની જેને રુચિનું પોષાણ નથી પોષાણ, એને ઇન્દ્રિયના વિષયોના વિકલ્પોનું પોષાણ છે તો એના ફળના વિષયો ભોગનું પણ એને પોષાણ છે. સમજાણું કાંઈ?

**'ઉસકા મન અનાદિકાલકી...'** દેખો, એકેન્દ્રિયથી માંડીને. **'અવિદ્યાકી વાસનામેં બસ રહા હૈ,...'** અવિદ્યા ઉપરથી નાખ્યું છે. **'अनादिवासनावासित'** શબ્દ પડ્યો છેને. એટલે વાસના છે એ અજ્ઞાની. પોતાના નિજસ્વરૂપનું એને માહાત્મ્ય અનાદિ નિગોદ જીવને નથી, એમ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો જૈન દિગંબર સાધુ મિથ્યાદષ્ટિ એને પણ નથી. એ તો **'અવિદ્યાકી વાસનામેં બસ રહા હૈ,...'** અજ્ઞાનની ગંધમાં પડ્યા છે એમ કહે છે. વાસના-વાસના છેને. એ મિથ્યા-જ્ઞાનની ગંધમાં પડ્યા છે. સ્વભાવ શું છે એની ગંધ છે નહિ. આહા..હા..!

**'ઈસલિયે પંચેન્દ્રિયોંકે વિષય-સુખોંમેં...'** આ પંચેન્દ્રિય વિષયસુખનો અર્થ એટલો ન લેવો કે આ સ્ત્રીનું, આ પૈસાનું, આબરૂનું. એ તો સ્થૂળ. પણ કોઈપણ બહારના શબ્દો અનુકૂળ આદિ કે વિષયો તો પછી આ ભગવાનને દેખવા એ પણ વિષય છે. આહા..હા..! વિષય છે. શું છે? સ્વવિષયની રુચિ છૂટીને જેટલો પરપદાર્થના વલણમાં જાય એ બધો વિકલ્પ પર વિષય તરફ જ જાય છે. ઝીણી વાત છે. એની ટીકા પણ થઈ ગઈ છે. આ તો ભગવાનને વિષય ઠરાવે છે. અરે..! સાંભળને હવે. એ જ્ઞેય છે બધા. એ આત્મામાં અંતર પડખું ન ફરતાં ગુલાંટ આમ ખાધું છે એ બહારમાં ગમે તે ચીજ હોય, એના ઉપર લક્ષ જાય છે, પાંચ ઇન્દ્રિયના શુભાશુભ વિષય ઉપર જ વલણ છે એનું. આત્મા ઉપર વલણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યાને. એ તો .. જશે. પણ અહીં તો કહે, અમારા ઉપરની ભક્તિ પણ રાગ છે. કીધું નહિ? પંચાસ્તિકાયમાં. અમારી ભક્તિ કરવાથી પણ મુક્તિ ન માન. પંચાસ્તિકાય. ભક્તિ અને એટલા બહારના પંચેન્દ્રિય રુચિનો વિકલ્પ (એમાં) રોકાયેલું તત્ત્વ આત્માને નુકસાન કરે છે. ભાઈ વાત એવી છે કે એક તો ભગવાન આમ રામ પ્રભુ અને એક કોર ગામ. આ બાજું આખું વિકલ્પથી માંડીને બધું. આમ વિષય બનાવે એને આની રુચિ, આ ન બનાવે

અને આમ બનાવે એને એની રુચિ.

'**પંચેન્દ્રિયોંકે વિષય-સુખોંમેં આસક્ત હૈ, ઈન જગતકે જીવોંકા મન બારંબાર વિષય-સુખોંમેં જાતા હૈ,...**' વારંવાર આત્માના આનંદથી ખસેલો છે એથી એને વિષયના પરના લક્ષમાં જ એનો ઝૂકાવ વારંવાર થયા કરે છે. '**ઔર નિજસ્વરૂપમેં નહીં લગતા હૈ,...**' જોયું! આત્મામાં લાગતું નથી, ગોઠતું નથી, ગોઠતું નથી. આનંદઘનજીએ કહ્યુંને ઓલા સંવરદેવની સેવા. 'ભય ચંચળતા જે પરિણામની...' પ્રભુ! અમને કલ્પનાની ચંચળતા થાય છે એનો અર્થ એવો છે કે અમને અંતર સ્વભાવનો ભય લાગે છે. ત્યાં જાશું તો શું થશે? 'ભય ચંચળતા જે પરિણામની દ્વેષ અરોચક ભાવ.' પ્રભુ! પૂર્ણાનંદ રુચતો નથી અને રાગ રુચે છે. એનો અર્થ તો પ્રભુ! આપ એમ કહેવા માગો છો કે એ તો આત્મા પ્રત્યે એને દ્વેષ છે. સમજાણું કાંઈ?

દ્વેષ અરોચક ભાવ. ભગવાન આત્મા શુદ્ધ અનાકુળ વીતરાગ સમરસી તત્ત્વ એ જેને રુચતું નથી અને રાગનો વિકલ્પ મંદ શુભ પણ રુચે છે, પ્રભુ! એ આત્મા પ્રત્યે એને ક્રોધ વર્તે છે એટલે કે દ્વેષ વર્તે છે, એટલે કે અણગમો વર્તે છે એટલે કે આત્માનો એ દુશ્મન છે. આહા..હા..! 'ખેદ પ્રવૃત્તિ કરતા થાકીએ...' પ્રભુ! અંદરમાં એકાગ્ર જતાં જાણે આમ ખેદ લાગી જાય છે ખેદ. બીજા કામમાં પાંચ-દશ કલાક રોકાવું હોય તો ખેદ નહિ, પણ અહીં અંદરમાં જરી વિચારધારામાં ખેદ-ખેદ, જાણે આમ પરસેવો ઉતરી જાય. બહાર નીકળ હવે ઝટ. મૂંઝવણ થાય. 'ખેદ પ્રવૃત્તિ કરતા થાકીએ...' પણ પ્રભુ! આ બધાનો હેતુ? 'બોધ દોષ અભાવ' એ આત્માના વાસ્તવિક તત્ત્વનો બોધ એના અભાવમાં આ વસ્તુ હોય છે. 'દોષ અબોધ લખાવ' એમ છે. 'દોષ અબોધ લખાવ.' ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આખું પરમાનંદ પરમાત્મરૂપ એના સમ્યક્ બોધનો અભાવ એ બધા દોષોનું મૂળ એનું છે ઈ. બોધનો અભાવ એ બધા દોષનું મૂળીયું છે. સમજાણું કાંઈ?

'**નિજસ્વરૂપમેં નહીં લગતા હૈ, ઈસલિયે ધ્યાનકી ગતિ વિષમ હૈ.**' વિષમ નામ કઠિન છે, અશક્ય નથી, પણ એ તરફનું એને રુચિનું વલણ નહિ આમ-આમ. '**आत्म ज्ञानात्परं कार्यं बुद्धो धारयेच्चिरम्**' એ સમાધિશતકમાં આવે છે. સમાધિશતક, પૂજ્યપાદસ્વામી. હે ભગવાન! '**आत्म ज्ञानात्परं कार्यं बुद्धो धारयेच्चिरम्**' અંદરમાં અસ્થિરતા વિકલ્પ લાંબો કાળ ન ટકવા દે. ત્યાં જા... ત્યાં જા... ત્યાં જા. એવો શ્લોક (૫૦) છે એમાં. .. મન, વચન, '**कायाभ्यामतत्परः**' એમ છે. કાંઈક લક્ષ જાય વિકલ્પ પણ તત્પરતા ન હોવી જોઈએ એકાકાર. સમાધિશતક બહુ સરસ વાત, બહુ સરસ વાત. પરમાત્મપ્રકાશ, સમાધિશતક, સમયસાર, પ્રવચનસાર દિગંબર સંતોના ઓહો..હો..! ગ્રંથો, શાસ્ત્રોએ તો પરમાત્માને ખડો કર્યો છે! બધા

ક્યાંથી પદ્ય કરે. કાલે વિકલ્પ એવો આવ્યો હતો. એ બધા ક્યાંથી પદ્ય (થાય)? હજી અષ્ટપાહુડના થતા નથી આમાં. એ ઈષ્ટોપદેશ, દ્રવ્યસંગ્રહ ભાઈ છેને મૂળ ગાથાઓ એના એમ કે ગુજરાતી પદ્ય થઈ ગયા હોય તો સ્વાધ્યાય ખૂબ થાય. દ્રવ્યસંગ્રહ, ઈષ્ટોપદેશ એ પૂજ્યપાદસ્વામીનું. ઓહો..હો..! એક-એક ગ્રંથ જુઓ તો એક-એક ગાથામાં એવા ભાવ! આ હરિગીત આપણે કર્યા છે. એ હરિગીત બધા કરે એકલા હવે .. એને વખત મળે નહિ. એ શાસ્ત્રો આખા વાંચવાને સ્વાધ્યાય થાય. નવ સ્વાધ્યાય તો થઈ. ભગવાન ઘોળાય, અંદર ઘોળાય છે. એ ઘોલન એને રુચતું નથી કહે છે. આમ બહારનું ઘોલન (રુચે છે).

મુમુક્ષુ :- બાહ્યમાં...

ઉત્તર :- બહારમાં તરહ-તરહનું સુખ છે, એમ. તરહ-તરહનું એટલે વિવિધ પ્રકારનું. આહા..હા..! એક કોર બાયડી બોલે અનુકૂળ, એક કોર સૂવાના હોય માખણ જેવા ઓલા સમજ્યાને મલમલના લૂગડા, એક કોર પંખા વાતા હોય, એક કોર હવા હોય, એકકોર મેસુબ, શીખંડ અને પૂરી થાતી હોય. તરહ તરહના સુખ છે બહાર. એમ. એકને લાખ-લાખની મોટરું. ધૂળમાંય નથી. હોળી સળગે છે ત્યાં.

મુમુક્ષુ :- શેમાં?

ઉત્તર :- રાગમાં. શેમાં શું? રાગમાં છે ત્યાં. રાગના અસ્તિત્વમાં પડ્યો છે. ત્યાં બેઠો છે ક્યાં અંદરમાં? કોઈ દિ' ગયો છે અંદર? બેઠો છે રાગમાં. મોટરમાં બેસે છે ઈ? ત્રણ કાળમાં નહિ. પરપદાર્થમાં કોણ બેસે? પરપદાર્થના ક્ષેત્રમાં પોતાનું ક્ષેત્ર જાય છે?

મુમુક્ષુ :- વ્યવહારે જાય.

ઉત્તર :- શું જાય વ્યવહારે? ધૂળ જાય? બોલાય નિમિત્તથી કથન. નિમિત્તનું કથન કરીને બોલાય. કોઈ ક્ષેત્રમાં કોઈનું ક્ષેત્ર જાય? સ્વક્ષેત્રમાં પરક્ષેત્રની નાસ્તિ. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ પહેલી સપ્તભંગીનો પહેલો બોલ. સપ્તભંગીનો પહેલો બોલ મહાસિદ્ધાંત. સ્વ ચતુષ્ટયમાં અસ્તિ અને પર ચતુષ્ટયની નાસ્તિ. પહેલો સિદ્ધાંત આખો. પછી વળી રાગથી ભિન્ન પછી. અહીંથી ભિન્ન છે એટલે એનું લક્ષ જ પર ઉપર જાય. સમજાણું કાંઈ?

પરના સંબંધનો પ્રેમ. સંબંધનો બંધ એનો પ્રેમ. એને આત્માના નિજાનંદની ગતિ ધ્યાનની વિષમ છે. આહા..હા..! એ કાંઈ લાડવા ખાઈ જવા છે? કે ભાઈ ઝટ ઝટ ખાઈ લ્યો ચાલો. ઝટ ઝટ લૂગડા પહેરી લ્યો, ઝટ નાહી લો. એ તો પરની ક્રિયા છે. આમ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમાત્માના દરવાજે જાવું. 'આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે રટણ કરું ગુણ ધામા. આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે' પરમાત્માના ઘરની પર્યાય પાસે 'રટણ કરું ગુણ ધામા.' એ બધા

ગુણોનું રટણ કરું એની પર્યાયમાં. રટણ કરતા અહીં ઘરમાં પેસી જાઉં દરબારમાં. આનંદઘનજી .. એની વાત કો'ક ઠીક કરી છે. કહો, સમજાણું કાંઈ?

અહીં આચાર્ય મહારાજ કહે છે કે ભાઈ! જ્યાં તારું ધ્યાન જામ્યું તે તને સુલભ થઈ પડ્યું છે. અહીં નથી માટે તને દુર્લભ કહીએ છીએ. અનંત વાર કર્યું માટે ખરેખર તો એ સુલભ છે. ઝટ થાય છે અને આ દુર્લભ થઈ પડ્યું. ખરેખર પરનું જ્ઞાન નિમિત્તના અવલંબનમાં જાય એટલે એ દુર્લભ છે. એકલું સીધું કામ ન થાય. એનું લક્ષ જાય નિમિત્તમાં અને સ્વના ધ્યાનમાં કોઈનું અવલંબન જ નથી. પહેલું તો ઈ છે કે જેમાં પરની મદદ જ નથી. વિકારમાં તો નિમિત્ત ઉપર લક્ષ જાય છે. અહીંથી ખસ્યું એટલે ત્યાં જ જાય છે. પછી કોઈ ચીજ ગમે તે લક્ષમાં ન આવે. સમજાણું કાંઈ? એટલે કહે છે કે છે તો સુલભ, પણ ગતિ અનાદિની પરમાં છે માટે દુર્લભ કહેવામાં આવે છે. ૧૩૭ થઈ એ.

બીજી છે એની પ્રક્ષેપ. '**આગે સ્થલ-સંખ્યાકે બાહ્ય જો પ્રક્ષેપક દોહે હૈં, ઉનકો કહતે હૈ--**'

**૨૬૮) सो जोइउ जो जोगवइ दंसणु णाणु चरित्तु।**
**होयवि पंचहँ बाहिरउ झायंतउ परमत्थु।।१३७*५।।**

'**વહી ધ્યાની હૈ,...**' એટલે યોગી. સમ્યગ્દૃષ્ટિથી માંડીને યોગી કહેવામાં આવે છે. '**વહી ધ્યાની હૈ, જો પંચેન્દ્રિયોંસે બાહર (અલગ) હોકર...**' દેખો! અણીન્દ્રિય ભગવાન આત્મા એ પાંચ ઈન્દ્રિયના બાહ્ય તરફથી અલગ થઈને પરમાર્થ એટલે '**નિજ પરમાત્મા...**' એની વ્યાખ્યા જરી રહી ગઈ છે ટીકામાં. એની વ્યાખ્યા નીચે રહી ગઈ છે. ટીકામાં કરી છે. પરમાર્થ એટલે શું? '**परमार्थशब्दवाच्यं विशुद्धज्ञानदर्शनस्वभावं परमात्मानमिति तात्पर्यम्।**' વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવ જે ત્રિકાળ. ટીકામાં છે ભાઈ! પાઠ. એ દ્રવ્ય પરમાત્માની વાત કરી. ત્રિકાળ જે ત્રિકાળ પદાર્થ પરમાત્મા. અહીં તો પરમાત્મા દ્રવ્ય એ પરમાત્મા અને પર્યાય એ પરમાત્મા. બેની જ વાતું કરી છે. આહા..હા..!

કહે છે, હે ભાઈ! તું પાંચ ઈન્દ્રિયના વિષયોથી બહાર થઈ જા અને નિજપરમાત્મા કે જે વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવ જ એનામાં ભર્યો છે. જુઓ, બેની વ્યાખ્યા કરી. છે તો અનંતગુણ, પણ વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવ, પરિપૂર્ણ વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવ જે કાયમ ત્રિકાળી એવો પરમાત્મા-એને કહીએ આત્મા. સમજાણું કાંઈ? આ પર્યાયની વાત નથી. પ્રગટ પર્યાયની વાત નથી. આ ભાઈ જયસેનાચાર્યમાં બહુ આવે છે સમયસારમાં. આ બધી શૈલી એની લીધી. લગભગ એ શૈલીએ બધા આ જ શબ્દો આવે છે જયસેનાચાર્યની ટીકામાં સમયસાર. આત્મા કેવો? કે વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવ. ત્રિકાળ-ત્રિકાળ. વિશુદ્ધ એટલે નિર્મળ. એકલો જ્ઞાન અને

દર્શનનો પિંડલો, દર્શન-જ્ઞાનનો એકલો પિંડ પ્રભુ એને આત્મા અને પરમાત્મા કહેવાય. એ અપ્પા તે પરમ અપ્પા. કહો, સમજાણું કાંઈ? એ '**भूदत्थमस्सिदो**' કીધું ઈ. ભૂતાર્થ કહો, ત્રિકાળ પરમાર્થ કહો, એ તો એકની એક (વાત છે). સમજાણું કાંઈ? શું કીધું? આ વાત પણ બેસે ક્યાં? પણ વાદવિવાદ કરીને કેટલી તકરાર કરે? આ છે, આ વિકલ્પ છે, આ શુભભાવ છે, એ ધર્મ. અરે ભગવાન! સાંભળને ભાઈ! પ્રભુ! તને તારી પ્રભુતાને લાંછન લાગે છે. આહા..હા..! એને શુભયોગવાળો કહેવો અને એને મોક્ષમાર્ગ કહેવો. ભગવાન! ગજબ થાય છે હોં! અતિ સાહસ થાય છે પ્રભુ! આહા..હા..! એ તો એકલો વિશુદ્ધ જ્ઞાન, દર્શનનો સ્વભાવનો પિંડલો પ્રભુ છે. એમાં તો એકલો અતીન્દ્રિય આનંદરસ જ પડ્યો છે.

'કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હૂં' એ કળશ છે. અમૃતચંદ્રાચાર્ય. મોહકર્મ મમ નાહિ. 'કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હૂં, અપને રસસું ભર્યો અનાદિ ટેક હૂં.' હું પોતે પરમાત્મા અનાદિ સ્વશક્તિના રસથી ભરેલો. 'મોહ કર્મ મમ નાહિ, નાહિ ભ્રમ કૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહા..હા..! એ રાગમાં ભ્રમ કૂપ મોટો. એ મારા માનવામાં મોટા ભ્રમણાના કૂપમાં પડ્યો. આહા..હા..! 'મોહ કર્મ મમ નાહી નાહીં ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' શુદ્ધ ચેતનાનો સાગર વિશુદ્ધ દર્શન-જ્ઞાન સ્વભાવ. જુઓ, એને પરમાર્થ કહ્યો છે. અથવા પરમ અર્થ. પરમાર્થ એટલે પરમ અર્થ. પરમ એટલે ઉત્કૃષ્ટ પદાર્થ. ઉત્કૃષ્ટ પદાર્થ એટલે નિજ પરમાત્મા. કહો, સમજાણું કાંઈ? અરે..! એના આત્માના ગાણા એણે પ્રેમ કરીને સાંભળ્યા નથી. છેને એ ગાથા આપણે? '**तत्प्रति प्रीतिचित्तेन**' '**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**' એ પદ્મનંદી પંચવિંશતિની ગાથા છે. છેને આમાં મૂકી છે. પદ્મનંદીની ગાથા છે. આપણે મૂકી છે આમાં. '**तत्प्रति प्रीतिचित्तेन**' એક શ્લોક છે ત્યાં. જુઓ, '**तत्प्रति प्रीतिचित्तेन**' એકત્વ અધિકાર પાનું-૨૩૦, પદ્મનંદી પંચવિંશતિ.

**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**
**निश्चितं स भवेद्भव्यो, भाविनिर्वाणभाजनम्।।२३।।**

અહો..! ભગવાન તારા ગુણગ્રામ, તારી દશાના અધ્યાત્મ સ્વભાવ એ પ્રીતિ કરીને તેં સાંભળ્યા હોય તો '**निश्चितं स भवेद्भव्यो**' અલ્પ કાળમાં એ ભવ્ય જીવ મુક્તિને જ પાત્ર છે. જુઓ, '**भाविनिर्वाणभाजनम्**' ભાજનનો અર્થ મોક્ષ થશે. એમ. '**प्रीतिचित्तेन**' ભગવાનના રુચિના પ્રેમથી એના અનંત ગુણોની વાર્તા, વાર્તા હોં. '**येन वार्तापि हि श्रुता**' વિકાર ને પુણ્ય-પાપ ને સંયોગની વાર્તા પ્રેમથી અનંત વાર સાંભળી છે. સમજાણું?

**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**
**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।**

એ વાત બીજી શૈલીએ અહીંયા પદ્મનંદિ આચાર્યે (કરી છે). ભગવાન! તારામાં અનંતી શાંતિ આદિના ગુણો તેનું અધ્યાત્મતત્ત્વ એને પ્રેમથી તેં સાંભળ્યું નથી. અને 'प्रीतिचित्तेन' યથાર્થથી સાંભળ્યું હોય એ અલ્પ કાળમાં રુચિ કરીને મુક્તિ થયા વિના રહે નહિ. આહા..હા..! જુઓ! '**જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.**' પદ્મનંદિ પંચવિંશતિ, એકત્વ અધિકાર છે. એકત્વ અધિકાર છેને. નિશ્ચય અધિકાર, એક એકત્વ અધિકાર છે. એકત્વ અધિકારની આ ગાથા છે. સમજાણું કાંઈ? ૨૩૦ તો પાનું હતું.

કહે છે, એ પરમ અર્થ અહીં તો કાઢવો છેને જરી. પરમપદાર્થ ભગવાન આત્મા.. આ વિવિધ-વિવિધ લાગે છેને આ? વિવિધ સુખ લાગે છે. અંગુર આવે આવા શેર, પાંચ શેર, દસ શેર. આહા..હા..! બીયા વિનાના અંગુર. કેવા? .. અને આ દિલ્હીના શું કહેવાય? અનાર. દાડમ-દાડમ. મસ્કતી? શું કહે છે? બેદાણાના દાડમો. આહા..હા..! વિવિધ પ્રકારની સુખની સામગ્રી છે એ તો. અને કેરીયું મોટી આવડી-આવડી .. ભરેલી હોય આમ. આમ દાબે ત્યાં રસ... રસ... રસ... રસ... આ વિવિધ પ્રકારની સામગ્રી. ધર્મચંદજી! એ દુઃખના લક્ષની સામગ્રી છે. આહા..હા..! વાહ રે પ્રભુ! તારા આનંદની વાત સાંભળતા, કહે છે કે એને આનંદ આવે એવો તો તું છો. તારી વાર્તા અંતરમાં સાંભળતા આનંદ આવે એવો તું અને દુનિયાની વાર્તામાં ચોંટ્યો છો આ. આહા..હા..!

'**નિજ પરમાત્માકા ધ્યાન કરતા હુઆ...**' વ્યાખ્યા કરી. વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવ આત્માનો, એનું ધ્યાન કરવું એટલે એમાં એકાગ્ર કરવું. '**दर्शनं ज्ञानं चारित्रम्**' લ્યો! એ '**દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રયકો પાલતા હૈ,...**' આ વ્યવહારની વાત નથી, પ્રભુ! આ તો નિશ્ચયની વાત છે. વ્યવહાર તો કહેવામાં આવ્યો છે, એક વિકલ્પ એવો છે નિમિત્ત એટલે. વસ્તુ-વસ્તુ વ્યવહાર-ફ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. મોક્ષમાર્ગ તો એક જ છે. ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને નિર્વિકલ્પ પ્રતીત પરિણતિ એ એક જ મોક્ષ-છૂટકારાનો માર્ગ, બીજો કોઈ છે નહિ. '**दर्शनं ज्ञानं चारित्रम्**' દેખો, એક કોર આમ આત્મા કીધો, વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવ ભગવાન એની દર્શન, એની પ્રતીતિ એટલે રુચિ, એનું સ્વસંવેદન જ્ઞાન અને એની રમણતા. એ દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય એટલે નિશ્ચયરત્નત્રય. કહો, સમજાણું? જુઓ, ટીકામાં છે ભાઈ! એ તો અર્થમાં આવશે, અર્થમાં આવશે. '**निजशुद्धात्मद्रव्यसम्यक्श्रद्धान-ज्ञानानुचरणरुपं निश्चयरत्नत्रयम्।**'

અરે! એને સ્વનો આશ્રય મહા કલ્યાણકારી છે એ વાત બેસતી નથી. આમ... આમ... આમ... કોઈ રીતે કાંઈ પર આશ્રય, પર આશ્રય(થી કલ્યાણ થાય). ભાઈ! પર આશ્રયમાં તો

વિકલ્પ જ ઉઠે છે. એમાં આત્માની દશા શ્રદ્ધા, જ્ઞાન બિલકુલ ઉત્પન્ન થતાં નથી. ભગવાન આત્મા મહા આનંદનો સાગર, વિશુદ્ધ દર્શન-જ્ઞાન અવિનાભાવી સ્વભાવ સાથે આનંદ રાખનારો, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એમાં લીનતારૂપ રત્નત્રયકો 'પાલતા હૈ,...'. અહીં તો પાળવા ઉપર જરી ભાષા આવીને એટલે ઓલા વ્યવહારને પાળે એવું આવે શાસ્ત્રમાં હોં! ભેદાભેદરત્નત્રયને આરાધે, ભેદાભેદરત્નત્રયને સેવે એવું આવે. વ્યવહારનું પ્રમાણજ્ઞાન કરાવવા આવે ભાઈ! પણ એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા છે. ખરેખર તો આ પાળે છે. રાગને પાળે? પંપાળે? કથન એવા આવે ભાઈ! દ્રવ્યસંગ્રહમાં, આપણે આમાં ઘણા આવે છે. દ્રવ્યસંગ્રહમાં ઘણા આવે છે. ભેદાભેદ રત્નત્રયનો આરાધક. લ્યો! ભેદાભેદ રત્નત્રયના આરાધક. આહા..હા..! એ બધા એને ખ્યાલ બહાર કરી નાખે પ્રભુ! આ માર્ગ પલટી જાય છે હોં. આવો વીતરાગ માર્ગ છે એની જો શૃંખલા તૂટશે તો માર્ગ નહિ રહે. વીતરાગ માર્ગ છે, ભાઈ! એ આગમના કથનો આ રીતે ન માને એને આ વીતરાગ માર્ગનો જે પ્રવાહ છે એ નહિ રહે. શું થાય પણ? એ ભગવાન છે ભાઈ! આ મને .... કરતો નથી, આમ કરે છે એટલે એનું માહાત્મ્ય છૂટતું નથી. શું થાય?

કહે છે, જુઓ, ભગવાન આત્મા પોતાનો સ્વભાવ ભગવાન હોં નિજ. ભગવાન-ભગવાનને ઠેકાણે. ભગવાન ક્યાં અહીં મદદ કરવા આવે છે? એય..! પોતાનો ભગવાન એક સમયમાં પૂર્ણ પડ્યો. કહે છે કે '**दर्शनं ज्ञानं चारित्रम्**' લ્યો એ '**પાલતા હૈ, રક્ષા કરતા હૈ.**' પોતાના સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્રને પાળે છે એ નિર્મળ પરિણતિ અરાગી દશા છે. અરાગી-વીતરાગી દશાને પાળવું એ વીતરાગમાર્ગ છે કે વીતરાગમાર્ગ રાગને પાળવું એ વીતરાગમાર્ગ છે?

'**ભાવાર્થ :- જિસકે પરિણામ નિજ શુદ્ધાત્મદ્રવ્યકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિશ્ચયરત્નત્રયમેં હી લીન હૈ,...**' દેખો, જેના પરિણામ એટલે કે એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ પરિણામ છે. નિજ શુદ્ધાત્મા ભગવાન પૂર્ણ શુદ્ધસ્વરૂપ દ્રવ્ય, પદાર્થ, સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન, આચરણરૂપ. અંતર વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ આનંદના જ્ઞાનનો ભંડાર પ્રભુ એમાં જેની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતારૂપ '**નિશ્ચયરત્નત્રયમેં હી લીન હૈ, જો પંચમગતિરૂપી મોક્ષકે સુખકો વિનાશ કરનેવાલી ભાવનાસે રહિત ઐસી પંચેન્દ્રિયોંસે જુદા હો ગયા હૈ,...**' એમ કહેવું છે. પંચમ ગતિ અને પાંચ પરમેષ્ઠી અને પાંચ ઇન્દ્રિય. ત્રણે લીધું.

જે કોઈ આ આત્મા... જુઓને બપોરે તો સમ્યગ્દર્શનનું માહાત્મ્ય આવે છે. ત્રિકાળ બંધ નથી... ત્રિકાળ બંધ નથી. આહા..હા..! એ એકાંત નથી હોં. સર્વથા ત્રિકાળ બંધ નથી એમ અંદર આવી જાય છે. એટલે કેટલાક એમ કહે છે સર્વથા ત્રિકાળ બંધ નથી. તો આ બીજે છેને બંધ? ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે ત્યાં? વસ્તુના સ્વભાવ અને વસ્તુની દૃષ્ટિનો અનુભવ

એનું એકલું જોર છે બસ. રાગાદિ પૃથક્પણે છે એ બંધપદ્ધતિમાં જાય છે. આ મોક્ષના માર્ગની પદ્ધતિમાં છે જ નહિ. એ અપેક્ષાએ વાત કરી છે. નહિ તો ખબર નથી કે રાગ છે? દસમા સુધી છે. અલ્પ જ્ઞાન દશા બારમા સુધી હજી છે, પૂર્ણ કેવળ છે નહિ. સમજાણું? દ્રવ્યબંધ હજી પડ્યો છે બારમે ગુણસ્થાને. ઓલો નવો દ્રવ્યબંધ થતો નથી બારમે, પણ દ્રવ્યબંધ તો પડ્યો છેને. નવો ભલે ન થાય, છતાં જૂનો દ્રવ્યબંધ છે તો ભાવબંધ પણ એટલો છે. જુઓ આ શૈલી જુઓ. ઓહો..હો..!

મુમુક્ષુ :- જ્ઞપ્તિ પરિવર્તન...

ઉત્તર :- હા, જ્ઞપ્તિ પરિવર્તન એટલું હજી બારમે છે. એને એક કોર અહીં કીધું, ચોથે ત્રિકાળ બંધ નથી. .... પાટણીજી! ભગવાન! એ તારી મહિમાની વાતું છે બાપા! એ મહિમા જેને અંતરમાં બેઠી, બંધ કેવો? એ તો મુક્ત જ છે, મુક્ત જ છે. પડવાની વાત વળી કેવી? પડશે તો..? હવે સાંભળને.

મુમુક્ષુ :- પરદ્રવ્ય ...

ઉત્તર :- એ લખે, લખે. બધું છે. કોઈપણ વાક્ય વીતરાગના વીતરાગપણું જણાવવા, પ્રાપ્ત કરાવવા માટે છે કે કાંઈક રાગમાં અને અલ્પમાં રોકાવા માટે છે? સમજ્યા? દૂર થવા માટે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

જે કોઈ આત્મા પોતાના સ્વરૂપમાં નિજ પરિણામને નિજમાં રોકે છે એનું નામ દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય. જુઓ, એ પરિણામ છે હોં ત્રણેય. એ ગુણ નથી. '**જો પંચમગતિરૂપી મોક્ષકે સુખકો વિનાશ કરનેવાલી...**' પંચમગતિ જે મોક્ષ એના આનંદને નાશ કરવાવાળી '**ઔર પાંચ પરમેષ્ઠીકી ભાવનાસે રહિત...**' પાંચ ઇન્દ્રિયોમાં તો એ જ હોયને. શું કહે છે? '**પાંચ પરમેષ્ઠીકી ભાવનાસે રહિત ઐસી પંચેન્દ્રિયોંસે જુદા હો ગયા હૈ, વહી યોગી હૈ,...**' પંચ પરમેષ્ઠીની ભાવનાનો અર્થ જ સ્વરૂપની પ્રાપ્તિ અંદર સાધુ આદિ એકાગ્ર થવું. એ '**પંચેન્દ્રિયોંસે જુદા હો ગયા હૈ, વહી...**' ધર્મી હૈ. વહી યોગી કહો કે ધર્મી કહો. ભારે વાત ભાઈ! ઓલી વાર્તા કથા હોયને મોટી તો એવી લાગે માણસને. આ મહા ભગવાનની કથા છે આ તો.

મુમુક્ષુ :- ભારે એટલે વજનદાર કે કિંમતી?

ઉત્તર :- કિંમતી, વજનદાર ઉપાડી ન શકાય વિકલ્પથી. એવી વાત છે, બાપા! આહા..હા..! નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન દ્વારા જ તે ઝીલી શકાય એવી ભગવાનની વાત છે. આહા..હા..! ભગવાન મોટો પરમાત્મા જેમાં એની એક પર્યાયમાં, એ શ્રુતજ્ઞાનની એક પર્યાયમાં છ દ્રવ્યમાં અનંતા સિદ્ધો પણ જેની પર્યાયમાં સમાઈ ગયા જ્ઞાનમાં. શ્રુતજ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન કરવાની

તાકાત છે કે નહિ એની? તો એમાં છ દ્રવ્યમાં અનંતા સિદ્ધો આવ્યા કે નહિ? જેની એક પર્યાયમાં અનંતા સિદ્ધોને જ્ઞાનમાં સમાડ્યા. તો એટલો એ નહિ. એટલો નહિ. એ તો એક ગુણનો અનંતમો ભાગ, એક ગુણનો અનંતમો ભાગ. એવા અનંતા ગુણો. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પરમસ્વરૂપ ભગવાન આત્મા એની એના ખ્યાલમાં કિંમત આવતી નથી. એટલે આમ ને આમ બધું લૂંટાઈ જાય છે આમ ને આમ. કાં તો બધો થઈને એક આત્મા, કાં તો ભગવાન દેખે તો થાશે, કાં તો કૃપા થઈ જાય તો થઈ જશે, કાં તો કોઈ શુભ કરતા-કરતા થશે. એ ભગવાન પરમાત્મા નિજ સ્વરૂપની લૂંટ છે. લૂંટાય છે ત્યાં અને માને છે કે અમને લાભ થાય છે. આહા..હા..! મોટા માણસને હીણો કહે તો સારું નથી લાગતું. લાગે? પચાસ લાખનો, કરોડનો, બે-પાંચ કરોડનો આસામી હોય એને (કહે કે) ભિખારી છો ભિખારી. સારું લાગે? અને એ કહે છે એ બરાબર કહે છે? તો આ ત્રણ લોકનો નાથ ચૈતન્ય અનંતા સિદ્ધોને પર્યાયમાં સમાડનારો, એક ગુણના અનંતમા ભાગ-એક અંશમાં એ અલ્પજ્ઞાનમાં સમાડનારો. કેવળજ્ઞાનમાં તો સમાય એની શું વાત છે. એવો ભગવાન આત્મા એને જેવો છે તેવો ખ્યાલમાં ન લે અને બીજી રીતે લે તો એ મોટપને ગાળ દે છે. સમજાણું? એ મોટાને હીણો બતાવવો એ વિપરીત દૃષ્ટિ છે. ભગવાન કહે છે... જુઓને અહીં તો પરમાર્થ શબ્દ મૂકીને એ માહાત્મ્ય બતાવ્યું છે. પરમાર્થ, પરમ અર્થ... પરમ અર્થ... પરમ અર્થ. પરમ અર્થ તો બધાય છે. એ નહિ. અહીં તો વિશુદ્ધ દર્શન-જ્ઞાન સ્વભાવવાળો પરમ અર્થ એમ. સમજાણું?

હવે '**યોગ શબ્દકા અર્થ ઐસા હૈ,...**' યોગની વ્યાખ્યા કરે છે. આ લોકો યોગી કહે છે ઈ નહિ. '**કિ અપના મન ચેતનમેં લગાના વહ યોગ જિસકે હો, વહી યોગી હૈ,...**' આમ નહિ. વસ્તુ જે આવી છે મહાન પદાર્થ અનંત પર્યાયનો પિંડ અને એવો અનંત ગુણનો એક (પિંડ), જેની એક પર્યાયમાં અનંતા સિદ્ધો સમાઈ ગયા એવો એક પર્યાય-એક ગુણનો અનંતમો ભાગ, એવો એક ગુણ, એવા અનંતગુણનું એકરૂપ એવો વિશુદ્ધ દર્શન-જ્ઞાનસ્વભાવ આત્મા એમાં એકાકાર થાય તેને યોગ અને યોગી કહેવામાં આવે છે. અમથા યોગી આમ બેસે અને આમ-આમ કરે એને કંઈ યોગ છે નહિ. પ્રાણાયામ કરે, આમ કરે આવે છેને. ઈંગળા ને પીંગળાને નાડી. આવે છેને? કુંભક ને રેચક ને ફેચક. એ અમારે હતો એક ઉમરાળાનો. અહીં દર્શન કરવા આવ્યો હતો પહેલા. પછી બેસતો સાંજે રાજકોટમાં ભાઈ આ અપાસરો છેને નવો કર્યો એ. ઓલી ઓરડી છે ત્યાં. શું કરો છો ત્રિભુવનભાઈ! હું પ્રાણાયામ કરું છું. શેના પ્રાણાયામ? પ્રાણ એવો ચૈતન્ય અનંત ગુણનો પિંડ એના ઉપર તો દૃષ્ટિ નથી, શેના પ્રાણાયામ?

મુમુક્ષુ :- શ્વાસ રોકે એ પ્રાણાયામ.

ઉત્તર :- શ્વાસ રોકે તો હું રોકી શકું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. શ્વાસ એ રજકણની ક્રિયા છે, પરમાણુની અજીવની. આમ કરું કુંભક, રેચક, પૂરક. આવે છેને? રેચક-છોડવું, પૂરક-ભરવું. અરે..! કોણ ભરે? એ દૃષ્ટિ જ ભ્રમ અજ્ઞાનીની છે. એવા અંદર ખંભા દેખાય કોઈ અને કોઈને એવું દેખાય જરી નિરોગતા શરીરની થઈ જાય. એ બધા મૂઢ જીવ છે એમ કહે છે અહીં તો. અપના આવા આત્મામાં મનમાં ચૈતન્યને લગાના. આવો આત્મા જે છે એમાં લગાના એ યોગ અને એ યોગ હોય તેને યોગી કહેવામાં આવે છે. નિયમસારમાં છેને ભાઈ!

મુમુક્ષુ :- સંસ્કૃતમાં જ છે.

ઉત્તર :- આ તો નિયમસારમાં યોગ લીધો છે. નિયમસારમાં યોગ લીધો છે. બધી નિયમસારમાં પર્યાય બધા લીધા.

મુમુક્ષુ :- આખો યોગનો અધિકાર છે.

ઉત્તર :- અધિકાર છે. .. ધાતુ લખેલી છે. ... દેખો. યોગ શબ્દે વીતરાગ નિર્વિકલ્પ સમાધિ ઉચ્યતે. આ આત્મા આવો એક-એક અખંડાનંદ પ્રભુ એના જ્ઞાન અને રુચિ કર્યા વિના એમાં એકાગ્ર ત્રણ કાળમાં થઈ શકે નહિ અને એ એકાગ્ર થાય તે યોગ અને એ યોગનો કરનાર તે યોગી. બાકી બધા થોથા. એને કહેવો ધ્યાની, એને કહેવો તપોધન. એણે ધન મેળવ્યું. સમજાણું? છેને ત્રણ શબ્દ છેને? યોગી, ધ્યાની અને તપોધન. લક્ષ્મી ચિદાનંદ સંપદામાં ઠર્યો દૃષ્ટિથી એ જ એને સંપદા હાથ આવી, એ જ સંપદાવાળો તપોધન છે. રાગમાં અટકીને પડ્યો છે એ સંપદા લૂંટીને બેઠો અને કહે કે અમે ધ્યાની અને યોગી છીએ. નહિ.

'**વહ નિઃસંદેહ જાનના.**' લ્યો! સમજાણું કાંઈ? આવો ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ. એ શુદ્ધ શબ્દમાં તો ઘણો મહિમા છે અંદર. એક-એક પર્યાયની શુદ્ધતાની આટલી તાકાત એવા અનંત સિદ્ધો એમાં જેનું ચિત્ત એકાગ્ર છે એ યોગ અને એ યોગી, એ ધ્યાની એ તપોધન. આ એને તપોધન ચૈતન્યની લક્ષ્મી પ્રાપ્ત થઈ છે માટે એ લક્ષ્મીવાળો છે. બાકી બધા ભિખારી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, ગુરુવાર, તા. ૦૮-૦૭-૬૫**
**ગાથા-૧૩૮-૧૩૯, પ્રવચન-૧૬૫**

(પરમાત્મપ્રકાશ), બીજા ભાગની ગાથા-૧૩૮. '**આગે પંચેન્દ્રિયોંકે સુખકો વિનાશીક બતલાતે હૈં—**' આત્માનું સુખ એ નિત્ય .. છે. આત્માનો આનંદ એ નિત્ય છે. ત્યારે વિષયસુખ ક્ષણિક અને દુઃખ છે. બે વાત આમ બતાવે છે. છેને અંદરમાં? વીતરાગ પરમાનંદ. '**नित्याद्वीतरागपरमानन्दैकस्वभावात्**' સંસ્કૃત છેને. એની સામે નાખવું છે આ. ભગવાન આત્મા વીતરાગ પરમાનંદની મૂર્તિ છે ઈ. એને જ્ઞેય બનાવીને બીજા વિકલ્પો છૂટી જવા અને એ જ્ઞેયમાં એકાકાર થવું એને આનંદરસ કહે છે. એ આનંદ ત્રિકાળ છે અને એની એકાગ્રતાથી ઉત્પન્ન થાય આનંદ એ પણ કાયમ રહે છે. ત્યારે આ વિષયના સુખમાં કલ્પનામાં એકાકાર થતાં એનો જે રસ દેખાય છે એ છે તો ઝેર, (પણ) જે-તે વિષયમાં લક્ષ જતાં એને ત્યાં બીજી ચિંતાઓ છૂટી જતાં એમાં એને સુખ લાગે છે. એ કેવું સુખ છે? કે '**વિષયોંકે સુખ દો દિનકે હૈં,...**' અનુમાન કર્યું છે હોં! અહીંયા બે દિવસમાં એમ કાંઈ નથી. થોડો કાળ એમ. (સુખ) એક સમયમાત્ર અને એના દુઃખની પરિપાટી ઘણો કાળ એમ બતાવવું છે અહીં.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ.... 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.' ભગવાન આત્મા તો અહીંયારમાં, નિત્ય વીતરાગ પરમાનંદ એક સ્વભાવ. એની સામે આમ ગુલાંટ ખાય છે વાત. નિત્ય પરમાનંદ સ્વરૂપ એવી ચીજ એમાં એકાકાર થતાં, ધ્યાનમાં એ રસ આવતાં એક જ પ્રકારનો રસ (આવે) કે જેમાં બીજા જ્ઞેયની વિકલ્પદશા ઉત્પન્ન થાય નહિ. એવા આત્મરસમાં એકાકાર થવું એ તો આત્માનો આનંદ અને નિત્ય ટકવા લાયક નિત્ય વસ્તુ છે માટે એ દશા પણ કાયમ રહેવાવાળી છે. ત્યારે વિષયના સુખો બે દિવસના (છે).

'**ફિર બાદમેં...**' '**दुःखानां परिपाटी**' જુઓ, અહીં આત્માનો આનંદ નિત્ય વસ્તુ છે એથી એની વસ્તુનો આનંદ પ્રગટ થતાં કાયમ, એની અવસ્થા પ્રગટ કાયમ રહે છે. સમજાણું કાંઈ? એ વાત છે હોં. એકલા વિષયોને છોડવું એમ નથી અહીં. આ સ્વ વિષયને બનાવી અને પરના વિષયને છોડવા તો છોડ્યા કહેવાય, નહિતર છોડ્યા ન કહેવાય. '**વિષયોંકે સુખ...**' અલ્પ કાળમાં. તે પણ સુખ નથી. એ કહે છે જુઓ. '**યે વિષય દુઃખકી પરિપાટી હૈં,...**'

ત્યાં તો ઝેરની, આકુળતાની શૃંખલા છે. એના ફળમાં, વિષયના પરના રસમાં ઉપાર્જેલ કર્મ એના ફળમાં સંયોગની પરિપાટી ઘણો કાળ રહે છે.

કહ્યું હતું એકવાર નહિ? સાતસો વર્ષ વિષય લીધા લ્યો! ચક્રવર્તી. ફળ કેટલું? સાતસો વર્ષ શું? હજી બાળક અવસ્થામાં તો કાંઈ લીધું ન હોય, પણ એના સાતસો વર્ષ ગણો તોપણ એના સમય ફક્ત અસંખ્ય થાય છે. અને સાતમી નરકમાં પડ્યો છે અત્યારે. ૩૩ સાગરની સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. કાળની ક્યાં ખૂટ છે? સાતસો વર્ષનું .. ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રીમાં હો.. હા.. હો... હા... કહે છે કે બે દિ'. બે દિ' એટલે થોડું થયુંને? સાગરમાં શું ગણતરી સાતસો વર્ષની. અને દુઃખની પરિપાટી રવરવ નરક, ૩૩ સાગર. આહા..હા..! ૩૩ સાગર છે તો અસંખ્ય વર્ષ, પણ એના અસંખ્યમા (ભાગમાં) અસંખ્યગુણા વર્ષ છે. એટલા-એટલા ઓહો..હો..! એક પલ્યમાં એટલા અસંખ્ય અબજ વર્ષ જાય કે જેના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા-એવા દસ ક્રોડાક્રોડીનો સાગરોપમ. હવે એને સાતસો વર્ષના સમયમાં દુઃખની પરિપાટી કેટલી? એક-એક સમય અસંખ્ય .. આવ્યા. સમજાણું?

'**દૌ દિનકે હૈં, ફિર બાદમેં યે વિષય દુઃખકી પરિપાટી હૈં, ઐસા જાનકર...**' એમ કહે છે અહીં. '**હે ભોલે જીવ,...**' એમ લખ્યું છેને? '**भ्रांत जीव**' ભ્રાંત એટલે પછી લખ્યું ભોળા જીવ. ભ્રાંત જીવ એટલે કે તને સુખમાં, આ વિષયસુખમાં માન્યતા થઈ (એ) ભ્રાંત તારી ભ્રમણા છે, મૂર્ખ છો તું એમ કહે છે. ભ્રાંતિમાં ગયો છો એમ કહે છે. ભગવાન આત્મામાં આનંદ છે એની તને રુચિ નહિ, દૃષ્ટિ નહિ, વલણ નહિ, સાવધાની નહિ અને આ સુખમાં ભ્રાંતિ, ભ્રાંતિ થઈ ગઈ તને. ભોળો છો? મૂર્ખ છો? જ્યાં સુખ નથી ત્યાં સુખ (માને) એમ કહે છે જુઓ, '**હે ભોલે જીવ,...**' '**भ्रांत जीव**' એનો અર્થ કર્યો '**હે ભોલે જીવ,...**' એટલે કે મૂર્ખ જીવ એમ. એક અલ્પ કાળના વિષયની કલ્પનાના સુખના કાળ (સામે) જેની પરિપાટી અસંખ્ય અબજ વર્ષ, એક સમય ઉપર આટલા વર્ષ જાય. ભાઈ! આ તને કેમ ઠીક પડે છે? એમ કહે છે. તેં કોઈ દિ' દીર્ઘ વિચાર કર્યો નથી. આહા..હા..!

'**તૂ અપને કંધે પર...**' દેખો, '**આપહી કુલ્હાડીકો મત ચલાવે.**' ભગવાન આત્માની પર્યાયમાં તું કુહાડો મારે છો, ઘાત કરે છો. આત્મા આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદથી આનંદરૂપ જ એનું છે. આનંદથી ભરેલો એ તો ગુણગુણીના ભેદથી વ્યાખ્યા છે. સ્વરૂપ જ એનું અતીન્દ્રિય નિત્યાનંદ છે. છેને? '**नित्याद्वीतरागपरमानन्दैकस्वभावात्**'. પાછું એક હોં સ્વભાવ. એ બરાબર અર્થ કર્યો નથી. પાછું એક સ્વરૂપ છે આમ એક સ્વરૂપ. એના રસના આનંદને છોડી એ વિષયના રસમાં એકાકાર થવું.

રસની વ્યાખ્યા કરી છેને ભાઈએ. સમયસારમાં નહિ? એક ગુણીના જ્ઞાનને એક જ્ઞેયમાં રોકવું, બીજી કલ્પના ન થવી એને રસ કહે છે. નવ રસની વ્યાખ્યા કરી. ઓલા નવ રસ કહ્યાને. ૩૮મી ગાથા. સમયસાર નાટકમાં વર્ણવ્યું છેને. એટલે પોતે ટકાકારે જરી વર્ણવ્યું છેને કે ભાઈ આ શું છે? ૩૮ ગાથા થઈ ઓલી જીવની. નીચે વર્ણવ્યું છેને જયચંદ્ર પંડિતે. **'અહીં ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે. નાટકમાં પહેલા રંગભૂમિ રચવામાં આવે છે. ત્યાં જોનારા નાયક તથા સભા હોય છે...'** એ બહુ લાંબી વાત છે. અહીંયા આપણે અત્યારે એટલી વાત છે કે એમાં નાટકમાં તેમનો અધિકાર છે. શાંતરસ એમાં લૌકિકમાં નથી અહીં શાંતરસનો અધિકાર છે. શાંતરસ કોને કહેવો?

**'અને સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તે રસ છે.'** આ રસની વ્યાખ્યા છે. વિષયરસમાં એકાકાર થઈ ગયો બીજી કલ્પનામાં, એ રસ થઈ ગયો. આત્માના રસમાં એક જ્ઞેયને પકડીને એમાં જે રસ આવે અને બીજી કલ્પના ન રહે એને અહીંયા આત્મરસ કહેવામાં આવે છે. છેને માથે શું કીધું? 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ.' કડી છે માથે. ત્યાં નહિ અહીંયા. 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે' એ અહીં રસ. 'અનુભવ તાકો નામ.' એ બનારસીદાસે (રચ્યું છે). ભગવાન આત્મા પોતાનો આનંદરસ જેને સ્વજ્ઞેય જ્ઞાનમાં બનાવી બીજા વિકલ્પનો અથવા બીજા જ્ઞેયનો ત્યાં જ્ઞાનમાં અવકાશ ન રહે એવા ભાવને રસ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- વસ્તુ એ છે.

ઉત્તર :- વસ્તુ એ છે. વસ્તુ એ છે એમ અહીં તો વાત ચાલે છે કે નહિ? જ્ઞાનમાં જે જ્ઞેય લક્ષમાં આવ્યું, એમાં એકાકાર થયો (અને) બીજું જ્ઞેય એના લક્ષમાં ન રહે એનું નામ અહીંયા રસ કહેવામાં આવે છે. વિષયમાં ઈ છે. એકાકાર થઈ જાય છે રાગમાં-રાગમાં—ઝેરમાં. આ તો અમૃત છે ભગવાન. રાગ તો ઝેર છે. એ ઝેરમાં એકાકાર બની ચિદાનંદના રસને લૂંટી, (તેથી) કહે છે કે હે ભાઈ! એ તારા આત્મા ઉપર કુહાડો મત માર. એ આત્માના આનંદનો ઘાત મત કર એમ કહે છે મૂળ તો. સમજાણું? ૩૮ ગાથા વર્ણવીને એટલે એમાંથી. .. આવે છેને કળશ. એમાં એ કળશ. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ! આત્માના આનંદના રસને છોડી આ વિષયના રસમાં એકાકાર (થયો). જ્ઞાનીને વિષયમાં રસ નથી. એ તો જરી કમજોરીનો, અસ્થિરતાનો વિકલ્પ છે. રસ નથી, એકાકાર નથી. સમજાણું કાંઈ? આત્માના આનંદરસ આગળ એ વિકલ્પ આવે છે તે દુઃખ લાગે છે. આમ માછલું જેમ પાણીમાંથી અગ્નિમાં આવે એને તો દુઃખ થાય, પણ વેળુમાં આવે એને

દુઃખ થાય. વેળુ-વેળુ, રેતી, રેત-રેત. રેતમાં આવે તો દુઃખ થાય. ઓલું પાણી બહાર નીકળ્યુંને આમ? પાણી બહાર નીકળ્યુંને આમ? એમ અતીન્દ્રિય આનંદની દૃષ્ટિવંત એને અશુભભાવ તો અગ્નિ જેવો લાગે છે અને શુભભાવ અંતરમાંથી નીકળીને રેતીમાં માછલું આવે એવું લાગે છે. દાખલો આપ્યો છે પદ્મનંદીમાં. આમાં પણ છે. આપેને શાસ્ત્રકાર તો બધું આપે. સમજાણું કાંઈ?

આ વિષયની એમ વાત કરી. એકલા વિષય આ બાયડી, છોકરા છોડી દીધા, ભોગ છોડી દીધો એ નહિ. એ ભોગ જ કે દિ' (હતો)? અંદરમાં રાગમાં એકાકાર થઈને જે કલ્પ્યું છે કે આ સુખ છે, એ છોડ ભાઈ! એમાં તારા આત્માના આનંદના રસ ઉપર કુહાડો પડે છે, કુહાડી પડે છે. કુહાડી કહે છેને? કુલ્હાડી. અહીં તો બે (રસ). આનંદરસમાં ઝેર રસ નહિ અને ઝેરના રસમાં આનંદરસ નહિ. બે વાત. જ્ઞાનીને એ રસ નથી આવતો. સ્વના રસના આનંદ આગળ એ દુઃખ લાગે છે. શુભભાવ પણ વેળુમાં, માછલું વેળુમાં આવ્યું એવી આકુળતા, આકુળતા લાગે છે. અશુભની આકુળતા તો અગ્નિમાં આવવા જેવું છે. બેય આકુળતા છે. રસ નથી, પણ નબળાઈને લઈને મચક ખાઈ જાય છે અંદર. મચક સમજાય છે? કમજોરીથી હણી જાય છે જરી. રસ નથી, રસ નથી.

અહીં તો કહે છે '**હે...**' '**भ्रांत जीव**' જુઓ, ભાષા એમ વાપરી છે. ભ્રમિત જીવ. હે ભૂલવાળા જીવ ભોળા! અહીં ભગવાન આત્મામાં રસ છેને પ્રભુ! આ રસમાં ક્યાં એકાકાર થઈ ગયો ભાઈ! એ રસથી '**मा वाहय**' '**મત ચલાવે.**' ભાઈ! એ કુહાડો મત મૂક. ભગવાન આનંદના રસમાં એ ઝેરના રસની એકાકારતા (થતા એમાં) આ સ્વભાવની એકાકારતા તૂટી જાય છે. આમ વાત છે હોં. સાધારણ આમ વાત નથી કે આ વિષય છોડ્યા, બાયડી છોડી. સમજાણું?

'**ભાવાર્થ :- યે વિષય ક્ષણભંગુર હૈં,...**' આમ લેવું છે જુઓ, આમ ક્ષણભંગુર છે અને આમ નિત્ય છે. '**બારંબાર દુર્ગતિકે દુઃખકે દેનેવાલે હૈં,...**' એનો અર્થ કર્યો ઓલા '**दुःखानां परिपाटी**' '**બારંબાર દુર્ગતિકે દુઃખકે...**' એ તો દુર્ગતિની પરિપાટી તો ત્યાં છે, ઝેર છે. નરક ને પશુ ને સિંહ ને વાઘના અવતાર. આહા..હા..! પાછા એ મરીને વાઘ ને વરુ થાય. ક્રોધમાં વિષયના .. આકારમાં. વળી મરીને નરકમાં જાય. એ વારંવાર ઉપરાઉપર '**દુર્ગતિકે દુઃખકે દેનેવાલે હૈં, ઈસલિયે વિષયોંકા સેવન અપને કંધે પર કુલ્હાડીકા મારના હૈ,...**' લ્યો! હાથમાં કુહાડી લઈને અહીં મારે. '**અર્થાત્ નરકમેં અપનેકો ડુબોના હૈ,...**' નરકના મહાન, અનંત દુઃખ એમાં ડુબાવવું છે. '**ઐસા વ્યાખ્યાન જાનકર...**' એવું સ્વરૂપનું જ્ઞાન યથાર્થ જાણીને '**વિષય-સુખોંકો છોડ,...**' એ વિષયમાં સુખ નથી. એમ બુદ્ધિ

છોડી દે વિષયના સુખની. સમજાણું કાંઈ?

**'વીતરાગ પરમાત્મ-સુખમેં ઠહરકર...'** જુઓ, ભગવાન આત્મા મહાન ચૈતન્યસ્વરૂપ જે રાગ વિનાની ચૈતન્યધાતુ એવો ત્રિકાળ ભગવાન વીતરાગ પરમાત્મસુખ એમાં 'ઠહરકર...' એમાં ઠરીને છૂટે એને છોડ્યું કહેવાય, એમ કહે છે. આમ બધા વિષય છોડ્યા, નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો (ત્યારે) બધું છોડ્યું. એ નહિ. વીતરાગ પરમાત્મ સુખ નિત્યાનંદ એની દૃષ્ટિમાં એ રસને લઈને 'ઠહરકર...' એમાં ઠરવાથી. **'નિરંતર શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.'** જુઓ, કાઢ્યું એમાંથી એટલું. પાઠ તો એટલો છે કે **'निरन्तरं भावना कर्तव्येति'** એનો અર્થ એ કે પોતાના શુદ્ધ ઉપયોગની ભાવના વારંવાર અંદર હોવી જોઈએ. સ્વભાવ તરફની શુદ્ધ ઉપયોગની ભાવના. જુઓ, સાધારણ વાતથી ત્યાં લઈ ગયા. વિષયના સુખના ત્યાગમાંથી આત્માના શુદ્ધ ઉપયોગમાં લઈ ગયા. વાત એ. ક્યાં છે ભાઈ! પરમ પ્રભુ ચૈતન્ય મહાપ્રભુ એમાં મહારસ પડ્યો છે એમાં ઉપયોગ લગાવ, એમાં ઉપયોગ લગાવ. એ ઉપયોગ લગાવ એનું નામ શુદ્ધ ઉપયોગ છે. એ વિષયના એકલા ત્યાગની વાત ન કરી. આમ શુદ્ધ ઉપયોગની ભાવના કરીને એ વિષયનો ભાવ છૂટી જાય એને છોડ્યો કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એ ભગવાન મહાન પ્રભુ એની મહાનતા એની દૃષ્ટિમાં જ આવતી નથી. એને જરી કાંઈ પ્રશંસા, કાંઈક આબરૂ, કોઈ વખાણ (કરે) ત્યાં એને થનગનાટ વિકલ્પમાં થઈ જાય છે. વિકલ્પમાં હોં. આમ રસ... રસ... રસ... રસ... રસ... અંદર (આવે). કહે છે કે ભાઈ! એ વિષયનું સુખ છે એ તો દુઃખ છે અને પરંપરાએ દુઃખ છે એમાં. વર્તમાન દુઃખ છે અને પરંપરા દુઃખ છે. ભગવાન આત્મા મહાન પ્રભુ જેમાં શુદ્ધ આનંદ પડ્યો છે એ આનંદની દૃષ્ટિ કરી અને એમાં શુદ્ધ ઉપયોગની ભાવના કર. અહીં વાત લઈ ગયા છે. ....વિષય છૂટી ગયા એમ કહેવાય છે. છોડે કોણ? વિકલ્પ છોડવો છે ક્યાં? **'શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.'** એ ૧૩૮ (થઈ).

અહીં તો પરમાત્મ વ્યાખ્યાન છેને, પરમાત્મ. પરમાત્મ પોતે પરમાત્મપ્રકાશ છે. પરમાત્મા પોતે છે. એના પ્રકાશની દૃષ્ટિમાં જા અને આ બધું પામરતા વિષયના ભોગ આદિની પામરતા છોડી દે. સમજાણું કાંઈ? નહોતું ચાલ્યું ઓલા મોક્ષમાર્ગપ્રકાશકમાં કે વિષયના ત્યાગમાં અભિલાષ. આવ્યું હતુંને? અભિલાષ મૂળ છે, હિંસામાં પ્રમાદ મૂળ છે. એ વાત બહુ સરસ લીધી હતી. કાલે આવ્યું હતું. હિંસા આદિમાં પ્રમાદ મૂળ છે. એ ક્રિયા તો પછી, પણ પ્રમાદ. અને વિષયમાં અભિલાષા. સ્વભાવને આમ છોડીને એની અભિલાષા રહે છે એ મૂળ છે. ભાષા તો ભલે બહારનું છૂટે એ એમ નથી. આત્માના આનંદનો ભાવ ન આવે ત્યાં સુધી વિષયની અભિલાષા ઉંડેથી ખસતી નથી. મીઠાશ... મીઠાશ... મીઠાશ... સારું દેખીને, શબ્દો સારા સાંભળીને, સુંદર

ચામડા દેખીને, માંસની ગોઠવણી સરખી દેખીને. ગોઠવણી. ગોઠવણી છેને આ બધું સરખું આમ... આમ.. આમ... આમ મન લલચાઈ જાય ત્યાં એને ચિદાનંદ ભગવાનની પ્રતીત, રુચિ રહેતી નથી. ત્યાં લલચાય છે કે આ ઠીક છે. દૃષ્ટિ ફરી ગઈ છે આખી એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? ભગવાન પરમાત્મા પોતે છે તેના પ્રેમમાં આવ અને આ વિષય પામર દુઃખરૂપ એના પ્રેમને છોડ. મૂળ તો આ ચીજ છે.

**'આગે આત્મ-ભાવનાકે લિયે જો વિદ્યમાન વિષયોંકો છોડતા હૈ, ઉસકી પ્રશંસા કરતે હૈં—'** મળેલા ભોગોની આમ અભિલાષ થાય છે એને છોડે. મળેલા ભોગની પછી વિશેષ વાત વર્ણવે છે. નથી મળ્યું અને ભિખારી છે અને અભિલાષા રહ્યા કરે છે. કાંઈ નથી અને અભિલાષા રહ્યા કરે છે કે આ મળે તો ઠીક... આમ મળે તો ઠીક... આ મળે તો ઠીક. અને આ તો મળ્યા સાધનો એની તરફની વૃત્તિને છેદી નાખે એની પ્રશંસા કરે છે.

**૨૭૦) संता विसय जु परिहरइ बलि किज्जउँ हउँ तासु।**
**सो दइवेण जि मुंडियउ सीसु खडिल्लउ जासु।।१३९।।**

આચાર્યદેવ ધર્માનુરાગમાં આવતા પ્રેમથી પોકાર કરે છે. અરે! **'જો કોઈ જ્ઞાની...'** આત્માના આનંદના પ્રેમમાં પડ્યા. **'વિદ્યમાન વિષયોંકો છોડ દેતા હૈ,...'** છન્નું હજાર સ્ત્રીઓને આમ ઇન્દ્રિયો શરીર સુંદર માખણના પિંડલા જેવા અને બહારમાં પણ માખણના પિંડલા જેવા શરીર દેખાય. કાંઈ નથી પ્રભુ! એમાં કાંઈ નથી. એવા છોડી દે છે. **'ઉસકી મૈં પૂજા કરતા હૂં,...'** **'बलिं'** જાઉ કહે છે લ્યો. મૈં વારી જાઉં તેના ઉપર. **'बलिं'** છેને? પૂજા. **'बलिं'** પૂજા. **'પૂજા કરતા હૂં,...'** લ્યો, આ **'बलिं'** આવ્યું નહિ?

મોટા તકરાર છેને સ્થાનકવાસી-દેરાવાસીમાં? મોટી તકરાર. પણ એ બલિ કહે તો કહે, નહિ. બલિનો એક અર્થ પૂજા આવે છે. શાસ્ત્રમાં એક મૂર્તિ, મંદિરો ઘણા આવે છે. ત્યાં પૂજા માયા .. એવું આવે છે. ૩૨ સૂત્રમાં, પણ હવે એ લોકો અર્થ જ બીજા કરે છે. .. સ્નાન કરી .. જે ભગવાન પ્રતિમા છે ઘરે એની પૂજા કરે, એવો પાઠ આવે છે શ્વેતાંબરના શાસ્ત્રમાં. પણ આ લોકો નીકળ્યા ત્યારથી એના ઊંધા અર્થ કરે છે સ્થાનકવાસી. આ **'बलिं'**નો અર્થ જ છે જુઓ અહીં. **'बलिं'**નો અર્થ જ પૂજા છે. તો ત્યાં એને કહે છે, એ સ્નાન કરી અને શરીરને મર્દન કરવું એ બળ કરવું. એવો અર્થ કરે છે. સંપ્રદાયની દૃષ્ટિ થઈ પછી ફરવી.. માથું કપાઈ જાય અંદરથી. જેમાં નભ્યો હોય ... જે કુળમાં જન્મ્યો અને જેનો થયો સંગ, .. એ મારા એમાં અજ્ઞાની લેપાઈ જાય છે, પણ એનાથી છૂટવું એને ઘા પડે છે. અરરર! નહિ થાય. અમારા બાપ-દાદાનો ધર્મ, આ અમારું આ, મૂકીએ તો જાવું ક્યાં? અમારી આબરૂ શું એમ કહે છે. એવી ગાથા છે એમાં સૂયગડાંગમાં. ... માહોમાંહે એકબીજાના વખાણ કરે. બહુ

તમે પરંપરા સાચવી હોં. આપણા કુટુંબનો મા-બાપનો ધર્મ સાચવ્યો, ઓલો કહે તમે પણ સાચવ્યો, તમે પણ સાચવ્યો એમ વખાણ કરે. એમ કે આ પરંપરા જે કુટુંબની હોય એ ધર્મ ખોટો હોય તોપણ એને એવો ઉંધો અર્થ કરી અને આપણે એમ કે આપણા મા-બાપનો ધર્મ રાખ્યો. ઓલા કહે તમે પણ રાખ્યો. એકબીજા વખાણ કરે અરસપરસ. આપણે આપણું રાખ્યું હોં, આપણા મા-બાપનું. પણ આ ખોટું છે એ તું છોડ. કહે ના એ આપણે મા-બાપનું મૂકવું નથી. મલૂકચંદભાઈ! .. એમ.

મુમુક્ષુ :- મલૂકચંદભાઈના તો બાપે પણ છોડ્યું.

ઉત્તર :- એના બાપે છોડ્યું. સાચી વાત. આ તો બાપ-દાદાનો ધર્મ ન છોડાય.

મુમુક્ષુ :- પણ બાપ-દાદા ... કીધુંને...

ઉત્તર :- અનંતા પહેલા, તો પહેલા જોને. અનંત તારા બાપ-દાદામાં કેટલાય મોક્ષ ગયા છે કેવળ પામીને. એ બાપ-દાદાનો શું ધર્મ હતો એણે જોયું કોઈ દિ'? અનંતા મા-બાપ થઈ ગયા પૂર્વે મનુષ્ય ભવમાં. મનુષ્ય ભવ અનંતા મળ્યા. મા-બાપ મળ્યા. એવા બાપ-દાદા કેવળ પામીને મોક્ષ ગયા છે શાશ્વત ધર્મ પામીને. આ તારા બાપ-દાદાનો.. નવરંગભાઈ! એમ ઘણાને (છે) હોં. નહિ આપણા બાપ-દાદાનો ધર્મ ન મૂકાય. પણ આ ચોખ્ખું ભગવાનની પૂજા ચાલે છે શાસ્ત્રમાં. બલિ-પૂજા ભગવાનની મૂર્તિની. આપણે મનાય નહિ મૂર્તિ. આપણે અત્યાર સુધી ઉથાપતા આવ્યા, હવે કેમ મનાય?

મુમુક્ષુ :- બાપ-દાદા કાંઈ મૂર્ખ થોડા હતા?

ઉત્તર :- મૂર્ખ નહોતા. હવે ગમે તેવા હતા. પણ પહેલા પાઘડીયું બાંધતા અને હવે ટોપીયું પહેરે છે, હવે છોડને. બાપ-દાદાનું કેટલું ખેંચીશ તું? ક્યાં સુધી ખેંચીશ? અમારે તો આ બહુ ચાલતુંને અંદરમાં કે ભાઈ આ શાસ્ત્રમાં તો આમ કહ્યું છે કીધું. ભાઈ! સમજાણું? ભગવાનની પૂજા ચાલી છે શાસ્ત્રમાં. મેં તો કહ્યું હતું ૭૩માં. ૭૩ની સાલમાં. શાસ્ત્રોમાં એ જીવાદિનું સૂત્ર છે. એમાં મૂર્તિઓ છેને શાશ્વત એનો પાઠ છે એમાં અને એની ઉપમા આપી છે .. પ્રમાણે. જિનના ઉંચાઈ પ્રમાણમાં એ પ્રતિમા છે. દેવમાં મંદિરો. ૭૩માં મને શંકા થઈ, કીધું ભાઈ ભગવાનની મૂર્તિને તમે જક્ષ કહો છો. એ લોકો જક્ષ કહે છે. જક્ષની મૂર્તિ કહે. આ તો જિનો.. પ્રમાણે ઉપમા આપી છે આચાર્યે. એ શાસ્ત્રકાર પહેલા તો ભગવાન માનતાને શાસ્ત્રના કર્તા. ભગવાન તો કહે છે કે એ પ્રતિમાઓ જિનના ઉંચા પ્રમાણમાં.. ઉંચાઈ. જેટલા ઉંચા છે એ પ્રમાણમાં પ્રતિમા છે આ. એ જક્ષની મૂર્તિ હોય તો જિનના ઉંચા પ્રમાણમાં એવી ઉપમા આપી શકે નહિ શાસ્ત્રકાર. એ ૭૩માં કહ્યું પહેલું ૭૩માં. ત્યારે ખાનગી કહ્યું. ખાનગી હોં ખાનગી. કે છે તો તીર્થંકરની મૂર્તિ. ઓય માર્યા! એલા બહાર તમે કાંઈક કહો અને અંદર

કાંઈ કહો. આ શું છે? કીધું. મૂર્તિનું કહ્યું હતું. ખાનગીમાં મેં પૂછ્યું હતું. દામનગરમાં પૂછ્યું હતું. ખાનગી કીધું, આ મૂર્તિ આપણે માનતા નથી, પણ આ મૂર્તિઓ શાશ્વત અને જિનની ઉપમા આપી છે. માટે એ મૂર્તિ તીર્થંકરની લાગે છે, જક્ષની નહિ. આ બધા જક્ષની સ્થાપે છે. પુસ્તકમાં લખ્યું છે જક્ષની. છે તો તીર્થંકરની. ઓય માર્યા! એલા! તીર્થંકરની પ્રતિમાને જક્ષની પ્રતિમા તમે સ્થાપો. નહિ, કીધું આ વાત જ ખોટી છે. આ લોકોનો વિશ્વાસ ઉડી ગયો બધો મને ત્યારે. વાત એમ છે. આમ કહ્યું ખાનગી. ઓલું કાંઈ કબુલ કરે? ખાનગી મેં પૂછ્યું. મેં કીધું આ પાઠ છે જુઓ આ શાસ્ત્ર. જીવાગમ સૂત્ર છે. એવું પુસ્તક છે. આમ પુસ્તક છેને આમ બધું કંકુ લગાડ્યું છે ઓલા પાના ઉપર. પાના હોયને અહીં ઉપર એ બધે કંકુ લગાડ્યું છે. એ પાનું વાંચ્યું મેં, એમાં આ નીકળ્યું. કીધું, આપણે આ પ્રતિમા માનતા નથી, ભગવાનની પ્રતિમાઓ જક્ષમાં ક્યાં? જક્ષની કહો છો. જીવાગમ છપાવ્યું છે પરષોતમ તરફથી. પરષોતમજી આ ગોંડલવાળા. એમાં આ જક્ષની લખી છે. ઓલા ભાઈ મૂંછોવાળો નેમિચંદ કોઠારી. એનો ફોટો મૂક્યો છે અને એમાં જક્ષની મૂર્તિમાં લખ્યું છે કે આ જક્ષની મૂર્તિ. કીધું, આ જક્ષની મૂર્તિ તમે લખો છો શાશ્વત પ્રતિમાને. અહીં તો જિનના ઉંચા પ્રમાણમાં કહી છે. આપણને વાત એ બેસતી નથી, કીધું, જક્ષની. છે ભગવાનની. શશીભાઈ! પછી ક્યાં જાવું? એ માણસને કોઈપણ એક બોલ આવે છે જ્યાં સંપ્રદાયનો, ત્યાં માથું ફરી જાય છે. કેમ ભગવાનભાઈ! આ તો ૭૩ની વાત છે હોં. કેટલા વર્ષ થયા? ૪૮ વર્ષ થયા. આ માર્ગ આપણને બેસતો નથી.

અહીં કહે છે કે **'बलिं'** એટલે પૂજા. એવો શબ્દ છે ત્યાં હોં ૩૨ સૂત્રમાં. **'बलिं'** નામ પૂજા. શ્રાવકો હંમેશા .. એવો પાઠ છે સેંકડો. .. એટલે સ્નાન કર્યું અને **'बलिं'** એટલે પૂજા. પછી એનો અર્થ એવો કર્યો કે ઘરમાં જક્ષની મૂર્તિ હતી એની કરી પૂજા. એલા શ્રાવક સમકિતી જક્ષની પૂજા ન કરે. આવા લાકડા ક્યાં ખોસ્યા? જક્ષ-જક્ષ. એ બલિ કહેવાય. બલિપૂજા. કહે છે કે એ **'बलिं'-'પૂજા કરતા હૂં,...'** અહીં તો કહે છે કે હું **'बलिं'-'પૂજા કરતા હૂં,...'** આચાર્યને અનુરાગ આવ્યો છે. ઓહો..હો..! જે કોઈ વિષયોની સામગ્રી મળી છે, છતાં આત્માના આનંદના પ્રેમમાં રુચિની ભાવના માટે એ છોડે છે. બલિ જાઉં છું, પૂજા કરું છું. આચાર્ય પોતે પણ પ્રમોદ અને પ્રશંસામાં પ્રશંસા કરે છે લ્યો.

**'ક્યોંકિ જિસકા શિર ગંજા હૈ,...'** એટલે કે જેને માથામાં જ વાળ નથી. હવે એ મુંડીને શું કરશે? એ દાખલો આપ્યો છે. કાલે કહ્યું હતુંને. માથામાં વાળ જ ન હોય જરીએ. **'વહ તો દૈવકર હી મૂડા હુઆ હૈ,...'** કુદરતી મૂડા હુઆ હૈ. કાંઈ ન મળે, માથુ ચોખુંચટ. **'વહ મુંડિત નહીં કહા જા સકતા.'** એ ઉપમા આપી છે. ઉપમા તો એવી છે કે ભિખારી

છે અને કાંઈ મળ્યું નથી અને છતાં અભિલાષ છોડતો નથી. એ ત્યાગી થાય. શેનો ત્યાગી? કહે છે.

'**ભાવાર્થ :- દેખનેમેં મનોજ્ઞ...**' દેખો. '**ઐસા ઈન્દ્રાદિકકા વિષ-ફલ ઉસકે સમાન યે મોજૂદ વિષય હૈં,...**' '**किंपाकफलोपमान**' કીધા છેને જુઓને ટીકામાં. '**किंपाकफलोपमान**' '**किंपाकफल**' થાય છે એક. જુઓ ટીકામાં એ આવે છે, શ્વેતાંબરમાં પણ આવે છે. એ કિંપાક આવે છે. '**ઈન્દ્રાદિકકા વિષ-ફલ...**' '**किंपाक**' ઝેર. કડવા... કડવા... કડવા... આમ મારી નાખે. લાગે મીઠાં ખાતા, પછી પરિણમે ત્યારે ઝેર થઈ જાય. એવા ફળ આવે છે. આમ સુંદર, દેખે સારા, સુગંધ સારી, ખાવામાં મીઠાં પહેલા લાગે મીઠાં. પરિણમે ઝેર. કિંપાકફલ એક આખું અધ્યયન આવે છે એમાં. જ્ઞાતાસૂત્ર. ૩૨ સૂત્ર શ્વેતાંબરમાં. કિંપાક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. .. ખોટા પાક. બરાબર છે. જેનું ખાધા પછી પાક ખોટો આવે એનું કિંપાકફળ, એમ. એ બરાબર છે. કિંપાક છેને નામ. કિંપાક છેને? પાક શું? ખોટો-ઉંધો. રંગ સારો, ગંધ સારી હોં. એમ આ જુઓને વિષયો મારા બહારમાં આમ ચામડા માખણ જેવા લાગે. આ બધું સારું લાગે. અરે ભાઈ! એ તો ઝેર, એનો રાગ છે એ ઝેર છે. એ રાગમાં એકાકાર થઈ ગયો એ તેં સુખ માન્યું છે. હતું કે દિ' ધૂળમાં? વિષયો કિં કરોતિ? આવે છેને પ્રવચનસારમાં. પ્રવચનસારમાં આવે છે પહેલા. વિષયોં કિં કરોતિ? દેવના વિષયો શું કરે? એ પોતે કલ્પના કરે છે. એમ આવે છે. આવે છેને. એવું ગાથામાં છે. ક્યા કરતા હૈ? એને લઈને સુખ છે? એમ કહે છે. વિષયો ક્યા કરંતિ? એ તો પરપદાર્થ છે, જડ છે. શું કરે? સમજાણું કાંઈ? તારી કલ્પના, ભગવાન આત્માના આનંદને ભૂલી એ કલ્પનામાં તેં માન્યું, એ કલ્પનામાં સુખ તેં કલ્પ્યું છે. સમજાણું કાંઈ? છેને કેટલામું છે એ? જ્ઞાન અધિકાર. ઓલા સ્વર્ગની વાત આવે છે જ્યાં, ત્યાં આવે છે. આહા..હા..!

पप्पा इट्ठे विसए फासेहिं समस्सिदे सहावेण।
परिणममाणो अप्पा सयमेव सुहं ण हवदि देहो।।६५।।

એ સુખી થતો નથી. એ તો કલ્પના કરે છે. જુઓ. 'सयमादा'..

एगंतेण हि देहो सुहं ण देहिस्स कुणदि सग्गे वा।
विसयवसेण दु सोक्खं दुक्खं वा हवदि सयमादा।।६६।।

જુઓ, એ કહ્યું. એ આવ્યું. એ આવ્યું જુઓ, .. આવ્યું.

तिमिरहरा जइ दिट्ठी जणस्स दीवेण णत्थि कायव्वं।
तह सोक्खं सयमादा विसया किं तत्थ कुव्वंति।।६७।।

એ ધૂળમાં ક્યાં (સુખ) છે? તારી કલ્પના અંદર ચોંટી છે. જડને શું છે? જુઓ, '**विसया किं तत्थ कुव्वंति**' છે કે નહિ? એ ૬૭મી ગાથા છે. પાઠમાં છે એનું મથાળું બાંધ્યું છે. '**હવે, આત્મા સ્વયમેવ સુખપરિણામની શક્તિવાળો હોવાથી વિષયોનું અકિંચિત્કરપણું પ્રકાશે છે :—**' વિષયો અકિંચિત્કર છે સુખને માટે—રાગને માટે. એ તો નિમિત્તમાત્ર જડ પરપદાર્થ છે.

મુમુક્ષુ :- પણ નિમિત્ત કરે ખરુંને.

ઉત્તર :- શું કરે? ધૂળ કરે? એ માટે તો અહીં કહ્યું છે જુઓ. જુઓ (મથાળુ). '**अथात्मनः स्वयमेव सुखपरिणामशक्तियोगित्वाद्विषयाणामकिंचित्करत्वं द्योतयति—**'. એ તો વ્યવહારની બોલવાની આવે છે બધી વાતો. એને શું કરે વિષય? કાંઈક ખરું કે નહિ? કાંઈક લલચાવે કે નહિ? કહે ના. દેવને શું કરે ત્યાં ઈન્દ્રાણી-ઈન્દ્રાણી? એ તો એની કલ્પનાથી સુખરૂપ પરિણમે છે. એમ કીધુંને? સુખરૂપની કલ્પનારૂપે પરિણમે છે એથી એને સુખ ભાસે છે. પર શું કરતું હતું ધૂળ એને? સમજાણું કાંઈ? કહો, આ પાંચ-પચાસ લાખ મૂડી ને રૂપિયા ને બે, પાંચ, દશ કરોડ...

મુમુક્ષુ :- પચાસ...

ઉત્તર :- પચાસ લાખ ઓછા થઈ ગયા હવે આના દીકરાના હિસાબે. બબ્બે કરોડ, ત્રણ-ત્રણ કરોડ રૂપિયા બધી લાંબી-લાંબી વાત થઈ ગઈ. એમાં એ શું કરે? કહે છે. પૈસા શું કરંતિ?

મુમુક્ષુ :- .. ડિગ્રી આપે.

ઉત્તર :- આપ્યા ધૂળમાં ડિગ્રો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેની જાહેરાત પણ? પૈસા શેની જાહેરાત (કરે)? દુઃખની જાહેરાત છે. અકિંચિત્કરં ન આવ્યું? ભગવાન! એ પરપદાર્થો તને અકિંચિત્કર છે. તું જ પોતે કલ્પનાના સુખરૂપે પરિણમે છો. સુખ પરિણમન એમ કીધુંને? ઓહો..હો..! વાત તો યથાર્થ. જ્ઞાન અધિકાર છેને જ્ઞાન. જ્ઞાન આમ કહે, એ વિષયો બિલકુલ તને સુખ કરતા નથી. તારી કલ્પનામાં તેં ઉભું કરેલું છે. વસ્તુમાં નથી, પરમાં નથી. શું કીધું? એ સુખની કલ્પના વસ્તુમાં નથી, પરમાં નથી. ઉભી કરેલી કલ્પનાની દશા તે છે. પરને લઈને નથી, તેમ સ્વભાવને લઈને નથી. સ્વભાવ તો આનંદ છે. એક સમયનો પર્યાય વિષયમાં સુખ, પ્રેમ, ગૃદ્ધિ પરિણમન તેં ઊંભું કર્યું છે. જુઓ, એમ ભાષા આવીને. .. પરિણમ્યો છો તું. નહિ વિષયો પરિણમ્યા છે. આકાશના ફૂલ તોડીને મજા માને છે. બહુ ફૂલ આવ્યા હોં, બહુ ફૂલ ભેગા થયા. કે દિ' આકાશને ફૂલ હોય? આહા..હા..!

અહીં તો દૃષ્ટિને ફેરવવા માગે છે હોં. એકલા આમ વિષય-વિષય એમ નહિ. એ વિષયના

સુખમાં દૃષ્ટિ પડી છે અને તે ભ્રમણા છે એમ કહે છે. એ ભ્રમણા અને સુખની કલ્પનાનું પરિણમન તેં સ્વતંત્રપણે કરેલું છે, નહિ કે એ વિષયો તને પરિણમાવે છે, એ લલચાવે છે. એ જ્ઞેયો તને જ્ઞેયમાં (ખેંચતા નથી). અહીં જ્ઞાનનો અધિકાર છેને? એ જ્ઞાનમાં એ જ્ઞેય આવ્યા માટે તને ત્યાં કલ્પના થઈ એમ નથી. જ્ઞાન અધિકાર છેને ઈ? ૯૨ ગાથા. જ્ઞાન અધિકાર છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્ઞેયને જાણે એથી કરીને સુખરૂપ પરિણમે છે અને સારા છે, ઈષ્ટ છે એમ તેં કલ્પ્યું એ તો તારી સુખની પરિણમનની કલ્પના થઈ છે. ત્યાં ક્યાં સારું-નરસું હતું? એ તો જ્ઞેય છે. આ રીતે જ્ઞેયને જ્ઞેયપણે ન રાખે, કલ્પનાની દુઃખદશાને ન જાણે ત્યાં સુધી નિત્યાનંદ આનંદની દૃષ્ટિ, રુચિ કરી શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**જો દેખનેમેં મનોજ્ઞ...**' મનને અનુકૂળ. '**ઐસા ઈન્દ્રાઈનિકા વિષ-ફલ...**' એ ઈન્દ્રાદિક કહે છે એને. ઈન્દ્રાણી કહે છેને ઈન્દ્રાણી. અહીં ઈન્દ્રાઈનિક કહે છે. ઈન્દ્રાણી કહે છે. '**વિષ-ફલ ઉસકે સમાન યે મૌજુદ વિષય હૈં,...**' ઝેર જેવા વિષય છે કહે છે. ભાવ હોં ભાવ. એમાં નિમિત્ત છે એટલે એને કહ્યું. '**યે વીતરાગ શુદ્ધાત્મતત્ત્વકી પ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મસ્વરૂપ રત્નકે ચોર હૈં,...**' આહા..હા..! ભગવાન આત્મા... લ્યો છે હોં અંદર. '**निरुपराग-शुद्धात्मतत्त्वोपलम्भरुपनिश्चयधर्मचौरान्**' ભગવાન આત્માનો વીતરાગ-રાગરહિત એવો શુદ્ધાત્મ પ્રભુ એના તત્ત્વની પ્રાપ્તિ, પ્રાપ્તિ પર્યાયમાં, એવા તત્ત્વની પ્રાપ્તિ પર્યાયમાં એવો નિશ્ચયધર્મસ્વરૂપ રત્ન એના વિષયો ચોર છે. એ રતન લૂંટાય છે.

'**વીતરાગ શુદ્ધાત્મતત્ત્વકી...**' રાગ વિનાનો શુદ્ધ પ્રભુ આત્મભાવ એની પ્રાપ્તિરૂપ. એની પ્રાપ્તિ પર્યાયમાં થવી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એવો નિશ્ચયધર્મ. દેખો, પર્યાયે હોં! '**વીતરાગ શુદ્ધાત્મ...**' એ દ્રવ્ય, એની '**પ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મ...**' શુદ્ધ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય ધર્મ. એને એ વિષયનો રસ એ નિશ્ચય ધર્મનો ચોર છે, નિશ્ચય ધર્મના લૂંટારા છે. આહા..હા..! ઓલા જ્ઞાનીને ભોગની નિર્જરા હોયને ત્યારે એમ કહે આહા..હા..! પણ એલા જ્ઞાનીને સાતમી નરકના દુઃખમાં એ જ્ઞેયપણે જાણે છે. બેમાં એમ નહિ કે અનુકૂળતામાં આમ અને પ્રતિકૂળતા બેયને જ્ઞેય તરીકે જાણે છે. અનુકૂળ હોય છન્નું હજાર સ્ત્રી કે રાજ, બધું જ્ઞાનની એકતામાં પૃથક્ તરીકે એને જાણે છે. એમ સાતમી નરકની નારકી સમકિતી. ઓલા અનુકૂળ હોયને તો તો એને કે આહા..હા..! અનુકૂળમાં આહા..હા..! પણ પ્રતિકૂળના સ્થાનમાં અપરિઠાણે રવરવ નરકમાં સમ્યગ્દૃષ્ટિ પોતાના આનંદ ઉપરની દૃષ્ટિને લઈને, એ દુઃખનો વિકલ્પ જે અસહનપણાનો હોય અને જે સંયોગો હોય એને જ્ઞેયપણે પૃથક્ રાખીને એકત્વમાં એને- પરને જુદું રાખે છે. સ્વના એકત્વમાં એની એકત્વતા થવા દેતો નથી. દુઃખની દશાના વિકલ્પને અને સંયોગને વર્તમાન (એકત્વ થવા દેતો નથી). શુદ્ધ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ લઈને પર્યાયમાં જે

નિર્મળતાની પર્યાય પ્રાપ્ત થઈ એમાં એ દુઃખનો વિકલ્પ અને એ સંયોગ બેને એકત્વ થવા દેતો નથી. એ સમ્યગ્દર્શન-જ્ઞાનની મહિમા છે. સમજાણું કાંઈ? આમ છન્નું હજાર સ્ત્રી હોય તો એને ભોગવે તો કાંઈ નહિ. પણ એનો અર્થ કે સાતમી નરકના નારકીને દુઃખેય કાંઈ નહિ એમ કહે છે. એને સંયોગ મળ્યા છે એને સ્વભાવની દૃષ્ટિ આગળ બધા સંયોગો પર ભાસે છે. એમાં એકત્વપણે ભાસતા નથી. સમજાણું કાંઈ?

જુઓ, ભગવાન આત્મા શુદ્ધ વીતરાગસ્વરૂપ એની પ્રાપ્તિરૂપ નિશ્ચય ધર્મ. પ્રાપ્તિ એટલે તેના આશ્રયે, ધ્યેયે, લક્ષે નિર્મળ પર્યાયની પ્રાપ્તિ એવા જે નિશ્ચય ધર્મરૂપ રત્ન, એને વિષયનો રાગ એ લૂંટે છે એને. અહીં એમ નથી કહેવું કે નિશ્ચય ધર્મ છે અને લૂંટે છે. એમ કહેવું નથી. નિશ્ચય રત્નત્રય ધર્મ એને પ્રગટ થવા દેતા નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? વીતરાગ સમ્યક્ ચૈતન્યમૂર્તિ પ્રભુ, પરમાનંદની મૂર્તિ એવો શુદ્ધાત્મા એની પ્રાપ્તિ એટલે કે એના ધ્યેયે તેની નિર્મળ પર્યાયની પ્રાપ્તિ જોઈએ. એને ઠેકાણે વિષયના લક્ષે ધ્યેયે વિષયના રસની પ્રાપ્તિ (થતા) એ નિશ્ચય ધર્મની પર્યાયને ઉત્પન્ન થવા દેતું નથી. તે નિશ્ચય ધર્મના ચોર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ઉનકો જો જ્ઞાની છોડતે હૈં,...'** જુઓ, એને જે કોઈ જ્ઞાની, ભગવાન આત્માનું જ્ઞાન કરીને, આત્માના રસના રસીલા થઈને, આત્માના આનંદના રસીલા થઈને છૂટી જાય છે એને છોડ્યા કહેવામાં આવે છે. આહા..હા..! આ **'ઉનકી બલિહારી શ્રીયોગીન્દ્રદેવ કરતે હૈં,...'** સમજાણું કાંઈ? એની બલિહારી જાઉં કહે છે. બલિ બલિ જાઉં. આવે છેને એમાં ક્યાંક આવે છે. પૂજામાં. બલિ બલિ જાઉં. હા, એ પૂજામાં આવે છે. સાચી વાત. કહે છે અહો..! જે ધર્માત્મા આત્માના અતીન્દ્રિય આનંદના પ્રેમમાં પડ્યા એ શાંતિની પ્રાપ્તિ કરે છે અને એ શાંતિની પ્રાપ્તિના પ્રેમથી એને વિષય છૂટી જાય છે. વિષયનો વિકલ્પ છૂટી જાય. એવાને એમ કહે છે **'અપના ગુણાનુરાગ પ્રગટ કરતે હૈં,...'** યોગીન્દ્રદેવ કહે છે, બલિ જાઉં છું, બલિ જાઉં લ્યો! ઓહો..હો..! આ સગાવ્હાલા મળે ત્યારે નથી કાંઈક લેતા આમ? દુખણા લે છે કે નહિ? શું લે? તમારે હશે કે નહિ? લગનના ટાઈમે. અમારે તો અમથા પણ લે હોં. સગા-વ્હાલા મળે, મોટી બહેન મળે, મોટા મળે એટલે આમ હાથ કરીને ટાચકા ફોડે. એમ કરે છે કે નહિ?

મુમુક્ષુ :- ટાચકા વાગે તો પ્રેમ સાચો.

ઉત્તર :- એ તો બધું સમજવાનું. ટાચકા વાગે ત્યારે પ્રેમ સાચો. એનો અર્થ કે ભાઈ! અમે ખુશી છીએ. આહા..હા..! તમે અમને મળ્યા, ખુશી-આનંદ થયો. એમ કહેવાનો આશય તો એમ છે. બલિ જાઈએ છીએ બાપા! આહા..હા..! બહુ ખુશાલી.

અહીં આચાર્ય કહે છે, અહો..! જે આત્માના આનંદના રસના રસીલા થઈ, સચ્ચિદાનંદ

પ્રભુ આત્માના આનંદના રસિક થઈને વિષયનો રસ છોડ્યો છે, હું બલી જાવ છું. દુઃખણા લઉં છું તારા. એ અમારે દુખણા કહતે હૈ. દુખડા. અમારે આમ બધે ગામડામાં તો એ કહેતા. દુઃખણા લે એમ કહે. તો અમે સમજી જઈએ કે ઠીક આ. મોટી બહેન કે મળેને જ્યારે. મોટી બા મળે કે એવા હોય .. એ પહેલા કરે.

'**જો વર્તમાન વિષયોંકે પ્રાપ્ત હોનેપર ભી ઉનકો છોડતે હૈં,...**' વર્તમાન વિષયનો રસને, ભગવાન આત્માના રસના આગળ એ રસને છોડીને વિષયોનું લક્ષ છોડી દે છે. '**વે મહાપુરુષોંકર પ્રશંસા યોગ્ય હૈં,...**' ભગવાન ત્રિલોકનાથની વાણીમાં અને સંતોની વાણીમાં પણ એની પ્રશંસા આવે છે. સમજાણું? ગણધરો પણ (કહે) ણમો લોએ સવ્વ સાહુણં. સંતોને નમે છે. ધન્ય સંત! તારા શાંતરસના ઘૂંટડા તું પી છો અંદરમાં. અમે પણ સંતો ગણધરો તને ચરણમાં નમીએ છીએ. જુઓ, એ પ્રશંસા છે કે નહિ? આહા..હા..! જે કોઈ પંચમકાળમાં પણ જો સંત સાચો ભાવલિંગી હોય, આત્માના અતીન્દ્રિય આનંદના જેને સ્વાદની ચારિત્રદશા વિશેષ ચાખી છે અને એમાં જે રમે છે, ગણધર પંચમ આરાના સાધુને અથવા ચોથા આરાના મુનિઓ, ગણધરો અથવા મહાવિદેહક્ષેત્રના ગણધરો નમન કરે છે એને. અહીં આચાર્ય કહે છે, એ રીતે મને પણ નમન આવી જાય છે. કેવી વાત કરે છે! સમજાણું કાંઈ? વાહ! તારે કરવાનું હતું એ કર્યું તેં હોં. એ કાર્ય તો તેં કર્યું હોં અને તારે કરવાનું એ જ હતું. આત્માના આનંદમાં દૃષ્ટિ કરીને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડવું, વિષયના સ્વાદ એ રીતે છૂટી જવા, એની બલિહારી છે. સમજાણું કાંઈ? આમ તો કહે છે કે મળ્યું નહોતું. સમજ્યાને?

'**જિનકે સંપદા મૌજૂદ હૈ, વે સબ ત્યાગકર વીતરાગકે મારગકો આરાધેં, વે તો સત્પુરુષોંસે સદા હી પ્રશંસાકે યોગ્ય હૈં,...**' '**ત્યાગકર વીતરાગકે મારગકો આરાધેં,...**' વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એને આરાધે એટલે સેવે. અંતર આત્માને સેવે, આનંદને સેવે એ '**સત્પુરુષોંસે સદા પ્રશંસાકે યોગ્ય હૈં, ઔર જિસકે કુછ ભી તો સામગ્રી નહીં હૈ,...**' એક તો મળ્યું નથી. '**પરંતુ તૃષ્ણાસે દુઃખી હો રહા હૈ,...**' પછી થયા કે ચાલો ત્યાગીએ. સમજાણું? '**જિસકે કુછ ભી તો સામગ્રી નહીં હૈ, પરંતુ તૃષ્ણાસે દુઃખી હો રહા હૈ,...**' અભિલાષા તો આ હોય... આ હોય... ઊંડે-ઊંડે કેટલી. '**જિસકે વિષય તો વિદ્યમાન નહીં હૈં, તો ભી ઉનકા અભિલાષી હૈ,...**' જુઓ, અભિલાષ છે. '**વહ મહાનિંદ્ય હૈ.**' અંદરમાં આનંદની દૃષ્ટિની રુચિ નથી એટલે અભિલાષ છૂટી નથી. એ પછી બહારને નામે, ત્યાગને નામે એ બધું એકઠું કરવા માગે એ. પૈસા ભેગા કરવા, આમ ભેગું કરવું, આબરૂ કરવી, લોકોને માનીને પૂજાવાનું ભેગું કરવું કે આટલા-આટલા અમારા શિષ્ય છે. એમ કરીને એ પણ વિષય પોષ્યો એણે. અંદરમાં તો શાંતિ ન મળે. બહારના આ જાતના

સાધનોમાં મને આટલા-આટલા સાધન છે, અમને આટલા-આટલા માનનારા છે. લ્યો! ત્યાગના બહાને બીજાઓ પર છાપ પાડી કે અમે ત્યાગી છીએ. અમને આટલું દ્યો, આટલું દેવું પડશે, અમારી સંભાળ રાખવી જોઈએ તમારે, ધ્યાન રાખવું જોઈએ. ઓલા બ્રહ્મચારી કેટલાક (કહે છે), અમે જઈએ રેલમાં તો ભાડા દ્યો, જાત્રા કરવી છે. ઓહો..હો..! આ તો જાણે હકદાર હોય ઈ!

કહે છે કે મૂળ તો વલખા રાગના છે. એ રાગ અને દ્વેષની અંદરમાં એકાકાર થયેલ છે. એને વસ્તુ શું છે અને શું કરવું છે એની ખબર નથી. કહે છે, એની શું વાત કરવી? એ તો મહાનિંદ્ય છે. '**ચતુર્થકાલમેં તો ઈસ ક્ષેત્રમેં દેવોંકા આગમન થા,...**' હવે જરી કહે છે. ચોથા આરામાં તો દેવો ઉતરતા ઉપરથી. દેવો ઉતરે. લોકોને દેખીને એમ થાતું કે ઓહો..! આવો ધર્મ! એ સર્વજ્ઞ પરમાત્મા બિરાજમાન એને (વંદવા) દેવો આવે. વિમાન ઉતરે ઉપરથી આમ. ઓહો..! એ વખતે તો એમ કહે ધર્મના સમજનારા હતા. '**ઉનકો દેખકર ધર્મકી રુચિ હોતી થી,...**' આમ વિમાનો ઉતરે ઉપરથી. હજારો અપ્સરાઓ અને લાખો-કરોડો દેવો, એના વિમાન. ક્યાં જાય છે? મુનિના દર્શન કરવા. સમવસરણમાં જાય છે. ઓહો..હો..! લોકોને એમ થાય કે ઓહો..! આવી છતી ઋદ્ધિવાળા જેને કાંઈ ઋદ્ધિ નથી એનો આદર કરવા જાય, માટે નક્કી આત્માની કોઈ શક્તિ કોઈ બહારની સામગ્રીથી બીજી છે. આવી સામગ્રીવાળા-છતી સામગ્રીવાળા જેની પાસે સામગ્રી નથી (એને વંદે) મુનિ હોય એ ધ્યાનમાં બેઠા હોય. આમ. એમ ધ્યાન કરતાં-કરતાં એકદમ મનઃપર્યય થઈ ગયું, કેવળજ્ઞાન થઈ ગયું. દેવોને આસન ચળી ગયા. આસપાસના કોઈ વ્યંતરોના વ્યંતરો આવે અને મહોત્સવ કરે લ્યો! ઓહો..! આવા દેવ! આવા મુનિ! આમ બેઠા હતા. કઠિયારો હતો એણે કાલે દીક્ષા લીધી હતી. કેવળજ્ઞાન પામ્યા. એનો અહીં મહોત્સવ કરવા આવ્યા છે. ઓહો..! એમ દેખીને કેટલાક પાત્ર જીવો ધર્મરુચિ કરતા હતા એમ કહે છે. અત્યારે છે નહિ. છતાં ધર્મની રુચિ અને દૃષ્ટિ કરે એની બલિહારી છે એમ કહે છે.

'**નાનાપ્રકારકી ઋદ્ધિયોંકે ધારી મહામુનિયોંકા અતિશય દેખકર...**' લ્યો! મહામુનિ. અતિશય એવા મહા અતિશય હોય. વાઘ બેઠા હોય એની જોડે બેઠા હોય તો વાઘ અડી શકે નહિ આમ. એવા ધ્યાનમાં મસ્ત હોય. વાઘના ટોળા પડ્યા હોય હોં સેંકડો હજારો ચારે બાજુ આમ. વાઘ અને સિંહ. મુનિ ધ્યાનમાં હોય. એને ખબર પણ ન હોય. બીજાને ખબર પડે કે ઓહો..હો..! કાંઈક ચમત્કાર લાગે છે! વાઘા આમ જુએ. એ બેઠા છે. એવા ચમત્કારી મુનિઓને દેખી લોકોને શ્રદ્ધા પ્રગટ થવાની લાયકાત હતી. કહો, સમજાણું? '**તથા અન્ય જીવોંકો અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાનકી ઉત્પત્તિ દેખકર સમ્યક્ત્વકી સિદ્ધિ હોતી થી,...**'

સમ્યક્ પામી જાય. અરે..! કાલનો કઠિયારો હતોને. એને શું? કહે છે કે એ તો સાધુ થઈને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાન પામ્યા. હેં! આત્મામાં ઉતરી પડ્યા અંદર ભગવાન ચિદાનંદ અખંડાનંદમાં. કેવળ જ્યોતિ પ્રગટી. શરીર પરમ ઔદારિક થઈ ગયું જુઓ, શરીર થઈ ગયું. ઓહો..હો..! પછી લોકોને રુચિના નિમિત્તો ઊંચા હતા. જુઓ!

**'જિનકે ચરણારવિંદોકો બડે-બડે મુકુટધારી રાજા નમસ્કાર કરતે થે, ઐસે બડે-બડે રાજાઓંકર...'** આ તો હજી રાજાની વાત ચાલે છે. મોટા ચક્રવર્તી હોય, રાજા હોય એની સેવા બીજા રાજાઓ કરતા હોય. એવા **'ભરત, સગર, રામ, પાંડવાદિ...'** મોટા ભરત રાજા જેને બત્રીસ હજાર તો રાજા સેવા કરતા હોય. સોળ હજાર દેવ. **'સગર, રામ,...'** મહા પુરુષોત્તમ પુરુષ લ્યો! એ જ્યાં ભગવાનને, મુનિઓને વંદન કરવા જાય, લોકોને એમ થાય કે ઓહો..હો..! કોઈ ધર્મની કિંમત લાગે છે, અલૌકિક વાત લાગે છે!

**'પાંડવાદિ...'** પાંડવાદિ મહાયોદ્ધા **'અનેક ચક્રવર્તી, બલભદ્ર, નારાયણ...'** છેને? **'તથા મંડલીક રાજાઓંકો જિનધર્મમેં લીન દેખકર ભવ્યજીવોંકો જિનધર્મકી રુચિ ઉપજતી થી,...'** લ્યો! અહીં તો જરી વિશેષ બતાવે છે કે આવા સાધનો હતા ત્યારે તો ધર્મની પ્રાપ્તિના વિશ્વાસુ ઘણા હતા અને પામતા. **'તબ પરમાત્મભાવના કે લિયે વિદ્યમાન વિષયોંકા ત્યાગ કરતે થે.'** એવી રુચિ આત્માની કરી, પોતાની ભાવના એકાગ્ર માટે સંસાર છોડી દેતા. **'ઔર જબ તક ગૃહસ્થપનેમેં રહતે થે, તબ તક દાન-પૂજાદિ શુભ ક્રિયાયેં કરતે થે,...'** સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત હોં! **'ચાર પ્રકારકે સંઘકી સેવા કરતે થે. ઈસલિયે પહલે સમયમેં તો જ્ઞાનોત્પત્તિકે અનેક કારણ થે, જ્ઞાન ઉત્પન્ન હોનેકા અચંભા નહીં થા.'** પણ વર્તમાનમાં શું છે? એ વાત થોડી કરશે બસ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૨, શનિવાર, તા. ૧૦-૦૭-૬૫**
**ગાથા-૧૪૧ થી ૧૪૨, પ્રવચન-૧૬૬**

આ પરમાત્મપ્રકાશ, ૧૪૧ ગાથા. થોડુંક બાકી છે પાછળ જુઓ, અહીં તો શું કહે છે?

ભાઈ! તું બહિર્ પરિણામ કરીને અનંતકાળથી તો ભટકે છો. આ આત્મા શુદ્ધ સ્વરૂપના પરિણામ કર્યા વિના પુણ્ય-પાપના અને મિથ્યાત્વભાવ જે બાહ્ય લક્ષે થાય છે એવા પરિણામ કરીને તો અનંતકાળથી તું ભટકે છો. '**અબ ભી ભ્રમણસે નહીં થકા, સો બહિર્મુખ પરિણામ કરકે કબ તક ભટકેગા?**' ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન અને આનંદસ્વરૂપ, એના પરિણામ કર્યા વિના આ બહારના પરિણામ કરીને કેટલો કાળ તારે ચોર્યાશીમાં ભટકવું, દુઃખી થાવું છે?

'**અબ તો...**' હવે તો. ગઈ એ ગઈ, કહે છે. '**કેવલજ્ઞાન દર્શનરૂપ અપને શુદ્ધાત્માકા અનુભવ કર,...**' હિત કરવું હોય, સુખી થવું હોય, શ્રેય કરવું હોય, સ્વતંત્ર થવું હોય તો કેવળજ્ઞાન અને કેવળદર્શન (અર્થાત્) એકલો જ્ઞાન અને એકલો દર્શન એવો આત્મસ્વભાવ એનો અનુભવ કર, એની દૃષ્ટિ કરી અને એમાં સ્થિર થા. એ જ પરિભ્રમણને મટાડવાનો એક ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ? '**નિજ ભાવોંકા સંબંધ કર.**' તારો સ્વભાવ જ્ઞાન અને આનંદ એ તારો સ્વભાવ છે. એ સ્વભાવની સાથે સંગમ-સંબંધ કર અને રાગ અને વિકલ્પોનો સંબંધ તોડ તો તને શાંતિ મળશે, સ્વતંત્રતા મળશે અને સુખના રસ્તે જતાં પૂર્ણ સુખ પ્રાપ્ત થશે. કહો, સમજાણું આમાં?

'**ઘોર ઉપસર્ગ ઔર બાઈસ પરીષહોંકી ઉત્પત્તિમેં ભી...**' કર્મના નિમિત્તે પ્રતિકૂળતા બહુ આવે બહારની અને પરિષહ પણ આવે તોપણ '**સુમેરુકે સમાન નિશ્ચલ જો આત્મ-ધ્યાન ઉસકો ધારણ કર,...**' ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈ, એના વસ્તુના સ્વરૂપને ત્રિકાળને જ્ઞાનમાં જ્ઞેય બનાવી અને સ્થિર થા. એ જ ઉપાય આત્માને સુખી થવાનો અને મુક્તિનો માર્ગ છે. '**ઉસકો ધારણ કર, ઉસકે પ્રભાવસે...**' પ્રભાવ લખ્યું છે એમાં-નવામાં? પ્રસાદ. ક્યાંક પ્રભાવ કહેતા હતાને વળી? છપાણું હશે. આમાં પ્રમાદ છે. પણ પ્રમાદ નથી, પ્રસાદ આપણે કર્યો હતો. પ્રસાદ(નું), આમાં પ્રભાવ કર્યો. જેના પ્રભાવથી અથવા જેના પ્રસાદથી એટલે કે શુદ્ધ સ્વરૂપનું દળ ચૈતન્ય એની અંતરમાં એકાગ્ર દૃષ્ટિ અને સ્થિરતા કરવાથી એના પ્રસાદથી અથવા એના પ્રભાવથી '**નિઃસંશય મોક્ષ પાવેગા.**' નિઃસંદેહ તને મુક્તની દશા પ્રાપ્ત થશે. એમાં બીજો કોઈ સંશયને સ્થાન નથી.

'**જો મોક્ષ-પદાર્થ...**' કેવો છે? '**અનંતજ્ઞાન,...**' સ્વરૂપ છે. જેની પર્યાયમાં મોક્ષમાં અનંતજ્ઞાન, કેવળજ્ઞાન છે. '**અનંતદર્શન,...**' કેવળદર્શન છે. '**અનંતસુખ,...**' છે. મોક્ષ-પદાર્થ એટલે મોક્ષ પર્યાય. '**અનંતજ્ઞાન, અનંતદર્શન,...**' અનંત આનંદ અને '**અનંતવીર્યાદિ અનંતગુણોંકા ઠિકાના હૈ,...**' મોક્ષની પર્યાય અનંત ગુણની નિર્મળ પર્યાયનું એ સ્થાન છે. આમ તો અનંત ગુણ તો ત્રિકાળી દ્રવ્યમાં રહ્યા છે, પણ એ ત્રિકાળી દ્રવ્યમાં રહ્યા છતાં એનો આશ્રય કરે નહિ ત્યાં સુધી એની પર્યાયમાં પ્રગટ અવસ્થા થાય નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત ગુણોનું સ્થાન છે, પણ અહીં તો કહે છે કે નિર્વાણ પણ અનંત ગુણનું સ્થાન છે. જેવા અનંતા ગુણો સ્વભાવમાં, સ્વરૂપમાં, એના સત્ત્વમાં, એના ધ્રુવમાં પડ્યા છે એવી જ એની એકાગ્રતા પૂર્ણ થતાં, મોક્ષનો પર્યાય પ્રગટ થતાં અનંત ગુણોનું સ્થાન એ મોક્ષ છે. કહો, સમજાણું કાંઈ?

'**સો વિષયકે ત્યાગસે અવશ્ય મોક્ષ પાવેગા.**' પરનું લક્ષ છોડી. વિષય એટલે પરનું લક્ષ છોડી, પરનું ધ્યેય વિષય એટલે લક્ષ છોડી, સ્વ ચૈતન્યના લક્ષને, ધ્યેયને પકડી એકાગ્ર થતાં જરૂર તને મુક્તિ થશે. કહો, સમજાણું આમાં? '**વિષયકે ત્યાગસે...**' વિષય શબ્દે આમ જે ધ્યેય માન્યું છે, ભગવાન પરમાનંદ જ્ઞાયકસ્વરૂપ પૂર્ણ શુદ્ધ એને વિષયમાં એટલે ધ્યેયમાં લઈ લીધા વિના એકલો બાહ્યનો જે વિષય ધ્યેય, શુભ-અશુભ પરિણામમાં પરલક્ષી ધ્યેય હોય છે એમાં, એનાથી તો પરિભ્રમણ છે, દુઃખ છે અને ચાર ગતિની પ્રાપ્તિ છે. એનું પરલક્ષ છોડ, એ વિષય છોડ્યો કહેવાય. સ્વ ભગવાન આત્માના વિષયને બનાવ, લક્ષને બનાવ, એને ધ્યેયને બનાવીને એમાં સ્થિર થા, જરૂર તને મુક્તિ મળશે. કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકા શબ્દોમાં (મોક્ષને અને તેના ઉપાયને વર્ણવ્યો છે). પરમાત્મ પ્રકાશ છેને આ તો. લાખ વાતની વાત ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ પ્રભુ એનો સંગમ કર બસ, સંબંધ કર. આ સંબંધ છોડ. એક જ વાત.

હવે એ ૧૪૨માં વિશેષ સ્પષ્ટ કરે છે જુઓ, '**આગે નિજસ્વરૂપકા સંસર્ગ...**' નિજસ્વરૂપ. સ્વરૂપ પોતાનું અનંત જ્ઞાન આદિ શુદ્ધ. એ શુદ્ધાત્મા એ નિજસ્વરૂપ એનો '**સંસર્ગ તૂ મત છોડ,...**' એનો પરિચય તું ન છોડ, એનો સંબંધ તું ન છોડ, એનો સંસર્ગ તું ન છોડ. આહા..હા..! સમજાણું? '**નિજસ્વરૂપ હી ઉપાદેય હૈ, ઐસા હી બાર-બાર ઉપદેશ કરતે હૈં—**' '**पुनरपि संबोधयति**' છેને? આમાં તો ભાષા એ મુનિને ઉદ્દેશીને કહે છે. હે ગુરુવર! એમ શબ્દ કહે છે.

**૨૭૩) इहु सिव-संगमु परिहरिवि गुरुवड कहिँ वि म जाहि।**
**जे सिव-संगमि लीण णवि दुक्खु सहंता वाहि।।१४२।।**

જુઓ, '**गुरुवर**' ગુરુવર કીધું જોયું! આચાર્ય પણ મુનિને (કહે છે), હે ગુરુવર! એટલે મુનિ. '**तपोधन,...**' તપ જેની લક્ષ્મી છે તને. ઇચ્છાના રૂંધનથી ભગવાન આત્મામાં જે ખજાનો પડ્યો છે એને તેં ખોલ્યો છે. ખોલીને તારી પર્યાયમાં અનંત-અનંત લક્ષ્મી પ્રાપ્ત તેટલી કરી છે. '**हे तपोधन,...**' '**शिवसंगमं**' મુનિને ઉદ્દેશીને પણ કહે છે હોં! ગૃહસ્થાશ્રમને તો હોય જ. શિવ એટલે આત્મા, સંગમ એટલે એનો સંબંધ એટલે કલ્યાણ. સમજાણું કાંઈ? '**शिवसंगमं**' શબ્દ પડ્યો છે. શિવ એટલે ભગવાન આત્મા વસ્તુ પૂર્ણ પ્રભુ અનંત-અનંત ગુણનો સાગર આત્મા એનો સંગમ, સંગમ એટલે સંબંધ, સંબંધ એટલે કલ્યાણ. એને '**છોડકર તૂ કહીં**

**ભી મત જા,...**' બહુ ટૂંકામાં. છેલ્લી ગાથાઓ છેને આ તો હવે. ૨૨૬ છે. પાછળની આવે છે બહુ સાર સાર છે.

હે ભાઈ! હે મુનિ! લ્યો! મુનિને હોં. ગુરુવર. અહો! તું ગુરુ થયોને, મુનિ થયોને. મુનિ, ગુરુવર, વળી વર. તારો સ્વભાવ જે શુદ્ધ અંતરમાં છે એનો સંસર્ગ ન છોડીશ. એટલે કે એનો સંબંધ ન છોડીશ એટલે કે તેની કલ્યાણપણાની દશા પ્રગટી એને ન છોડીશ. અને વિકલ્પની જાળ જે અકલ્યાણ છે એમાં ન જઈશ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દિશાને ન ફેરવીશ. જે ધ્યેય છે એમાં જે તેં દશાને જોડી છે એ દશા ન ફેરવીશ. આમ દશાને ન જોડી દઈશ. બહાર વિષયમાં શુભાશુભ વિકલ્પ કોઈપણ ત્યાં એ દશામાં ન જોડીશ. દિશા ફરતા દશા ફરી જશે. ભગવાન આત્માને જે દૃષ્ટિમાં, ધ્યેયમાં લીધો છે એ દિશાએ, એ ધ્યેયે તારી દશા કલ્યાણમય થઈ છે. આહા..હા..! એ દિશાને ન ફેરવ. એટલે કે એ દિશાના ધ્યેયને ન ફેરવ એટલે કલ્યાણને ન ફેરવ. વર્તમાન કલ્યાણ જે પ્રગટ્યું છે ધ્યેયે (એને ન ફેરવ). આહા..હા..! કથન તો જુઓ, બહાર વનમાં રહેલા સંતો આમ એકલી કરૂણા વહે છે હોં!

અરે ભગવાન! તું તો પ્રભુ છોને ભાઈ! પ્રભુતાની અનંત શક્તિઓનો તો તું પ્રભુ પોતે છો. એનો જે સંગમ કર્યો છે દિશા (ફેરવીને), ધ્યેય કરીને સંગમ કર્યો અને કલ્યાણ પ્રગટ્યું એ હવે ન છોડીશ. લૌકિક જાળમાં આના માટે આ, આના માટે આ, એ રહેવા દેજે હવે, એમ કહે છે. વાડો જાળવવા અને સંપ્રદાય જાળવવા ને સંઘને જાળવવા.. આહા..હા..! એમ કહે છે મૂળ. એ બધા વ્યવહારના વિકલ્પની જાળમાં ન જોડાઈશ. આહા..હા..!

મુનિઓ કામ તેથી કરી ગયાને જુઓ પહેલા. કાંઈ પડી નહોતી. એક શાસ્ત્ર લખતા હતા એ વિકલ્પ આવ્યો હતો. લખીને મૂકે ક્યાંક પડ્યું હોય. એને કાંઈ પડી નથી. એને ઘડીકમાં અપ્રમત્ત, ઘડીકમાં પ્રમત્ત વિકલ્પ આવે. આવે આમ લખે જરી તાડ પર. મૂકીને ચાલ્યા જાય. એને ક્યાં પડી હતી? એને તો અંતરમાં ધ્યેયને પકડ્યું ત્યાં જ વારંવાર વલણ જાય છે. એ ક્યાં બહારના સાચવવા જાય? પર્વત ને ડુંગર ને એ બધા... આહા..હા..! એ તો મહા સંતો આત્માનું કરીને ચાલ્યા ગયા.

કહે છે, ભાઈ! '**તૂં કહીં ભી મત જા,...**' હોં! વાત ઈ '**તૂં કહીં ભી મત જા,...**' એ ભગવાનનો સંગ છોડીને પામરના સંગમાં ન જા. આહા..હા..! વિકલ્પ છે એ તો પામર છે, તુચ્છ છે, વિકાર છે, ઝેર છે. અમૃતના સાગરને પકડ્યો, હવે તું ઝેરમાં ન જા હોં! '**જો કોઈ અજ્ઞાની જીવ નિજભાવમેં...**' જુઓ, '**शिवसंगमं**'ની વ્યાખ્યા. શિવ એટલે ભગવાન આત્મા એનો સંગમ એટલે ભાવ નિર્મળ કર્યો તે. પૂર્ણ શુદ્ધસ્વરૂપ ધ્રુવ એવું શિવ પોતાનું સ્વરૂપ કાયમી એનો સંગમ કર્યો એટલે જોડાણ કર્યું એટલે ભાવ પ્રગટ્યો. એવા નિજભાવમાં '**નહીં**

**લીન હોતે હૈં,...'** એવા નિજભાવમાં જે લીન નથી થતાં **'વે સબ દુઃખકો સહતે હૈં, ઐસા તૂં દેખ.'** દેખ. તું આ દેખ. એ વિકલ્પની જાળમાં ખદબદાટમાં પડ્યા એ બધા દુઃખી થાય છે. સમજાણું કાંઈ? જુઓને, પહેલાના મહામુનિઓને કાંઈ પડી હતી? કાંઈ ન મળે. એ તો એક વિકલ્પ આવ્યો અને કાંઈક વળી લખાઈ ગયું. કાંઈ એવા શાસન રહેશે કે નહિ? આ પાછળ આનું શું થાશે? કોઈ વિકલ્પ આવી ગયો લ્યોને એક આ ધરસેન મુનિને કે અરે! આવા.. આવી ગયો, છૂટી ગયો.

પોતાના ધ્યાનમાં મસ્ત, જંગલમાં સિંહની પેઠે, વાઘની પેઠે પડ્યા હોય અંદર. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... બહારમાં શું થાય છે શું કામ છે તારે? અને બહારના જોનારને તું દુઃખી દેખ. એમ કહ્યું જુઓ. છેને? જે અંતરમાં લીન થતા નથી એ બહારમાં જાય એ બધાને દુઃખી દેખ. આહા..હા..! હવે આમાં તકરારના ક્યાં સ્થાન છે? વાદવિવાદને ક્યાં બાપુ! ભગવાન તારો પડ્યો છે તારી પાસે. એ કરવટ બદલાવ. આમ છે દિશા તેને આમ કરી નાખ, બસ. એમાં તારો કલ્યાણનો પંથ ઊભો છે. બીજાને દુઃખી દેખ એટલે તું ન કર અને બીજા એવા કરતા હોય એને દુઃખી દેખ. વિકલ્પની જાળમાં પડ્યા હોય, દુઃખી દેખ. એનાથી બહારમાં થવું, ન થવું એ તો કાંઈ વિકલ્પને લઈને થાતું નથી. થાય છે? બહારની અવસ્થા કાંઈ વિકલ્પને થાય છે ત્યાં? એ તો ત્યાં થવાની હોય તો થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઘણે ભાગે થાય.

ઉત્તર :- કોઈ ભાગે ન થાય. ઘણે ભાગે શું થાય? એ અમારે દલાલ છે. સ્પષ્ટ કરવા માટે (કહે છે). એમ કે વિકલ્પ થાય અને ઘણે ભાગે બહાર વ્યવસ્થા થાય સરખી. નેમિચંદભાઈ! એ રાગ છે ભગવાન! શુભ હોય તોપણ દુઃખ છે. એ શુભરાગથી તું જાણે કે આ મંદિર થઈ જાય, આ વ્યવસ્થા રહી જાય, શિષ્યો થાય, આ થાય વ્યવસ્થા એ વાતમાં માલ નથી. કહો, એવો વિકલ્પ કર તો દુઃખી થઈશ. એથી પુસ્તક બની જશે, વિકલ્પ કર્યો માટે પુસ્તક બની જશે અને બહારમાં પ્રભાવના વધી જશે. શાંત થા, શાંત થા. એ એમ કહે છે. બહારની અવસ્થા શું તારા વિકલ્પને આધીન છે? એ તો થવાની હોય ત્યારે તેના પરમાણુનો પર્યાય તેના પ્રવાહમાં પરિવર્તનમાં આવ્યો હોય ત્યારે થાય છે. છોડ તું એનું લક્ષ. લે આમાં વારંવાર લક્ષ. જુઓ, પુનર્ છેને? વારંવાર એને જો. નહિતર બીજાને દુઃખી દેખ. આહા..હા..! ભગવાન આત્મામાંથી ખસ્યા અને બહાર પ્રપંચમાં પડ્યા શુભાશુભભાવમાં હોં.

મુમુક્ષુ :- શુભભાવમાં.

ઉત્તર :- હા, એ શુભ એ દુઃખ છે. ત્યાં કે દિ' સુખ હતું? શુભથી શું અંદરમાં લાભ થાય છે? શુભથી શું બહારમાં બીજાને લાભ થાય છે? બહુ ઝીણી વાતું બાપા! આહા..હા..!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવથી આત્માને લાભ છે? એ તો રાગ છે. એ ભાવથી જગતને લાભ છે? છે? ઝીણી વાતું છે, ભાઈ! એ તો જે લાભ થવાને લાયક જે હોય એને ઓલી વાણી આદિ નિમિત્ત નિવડે. એવી વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ? એના ઉપાદાનથી એને લાભ થાયને, ત્યારે વાણીને નિમિત્ત કહેવાય. એ વાણીથી ખરેખર એને લાભ નથી થયો. એ વાણીના કારણરૂપે શુભભાવ હતો પહેલો અને બંધન થયું તો એ શુભભાવથી કાંઈ આત્માને લાભ નહોતો. એ તો છોડે ત્યારે વીતરાગ થશે. સમજાણું કાંઈ?

માર્ગ ભાઈ! એ સ્વના લક્ષનો માર્ગ, ધ્યેયનો માર્ગ અલૌકિક છે અને વીતરાગ સિવાય એ માર્ગ ક્યાંય ત્રણ કાળમાં હોઈ શકે નહિ. વીતરાગ પણ એમ કહે છે કે તું મારી સામું જોવું છોડી દે. આહા..હા..! એ વીતરાગની વાણીમાં આવે. તું પણ મારી સામું જોવું છોડી દે. જ્યાં સુધી મારી સામું જોઈશ ત્યાં સુધી વિકલ્પ છે. આહા..હા..! અરે..! આ તે કાંઈ.. મોઢા સામે કોળિયો કોને ખરાબ લાગે? કોને સારો ન લાગે? બધા .. પહેલો. ખાવા બેસે તો છોકરાને પછી ખવડાવે, પોતે પહેલો ખાય. .. બેસાડ્યો ભાણામાં. ભાણું એટલે વાસણ. તો પહેલો રોટલી ખાય એ ચાવે ત્યારે થોડી વાર લાગે ત્યારે છોકરાને આપે થોડું. ઓલી વાર લાગે એમાંથી. કારણ કે મોટો કોળિયો લીધો હોય આવડો એ ચાવે ત્યાં છોકરો હોય એને આપે.

મુમુક્ષુ :- દેખેલું છે?

ઉત્તર :- આ બધું દેખેલું છે. દેખીને વાત છે. પાછા જોઈને-દેખીને પાછું જોયેલું કે આ શું થાય છે આ? વિચાર કર્યો હોય કે નહિ આ શું છે? મોટો કોળિયો લીધો હોય ત્યાં ચાવવામાં કામ આવે, ત્યાં થોડો ઓલાને આપે તો એ ખાય. પણ મારે તો એમ કહેવું કે મોઢા સામે પહેલો કોળિયો અહીં જાય, પછી જાય. વીતરાગ કહે છે કે મારી સામું જોવું છોડી દે. આ તો દુનિયાના જુદા પણ પરમેશ્વર. આહા..હા..! મારી સામું જોઈશ ત્યાં સુધી વિકલ્પ છે. આરે કાંઈ વાત! તારી સામું જો તો તને શાંતિ અને સુખ મળશે. એ કહેનાર એક વીતરાગ જ હોય. સમજાણું કાંઈ? મને ભૂલ તો ભગવાન થાઈશ, એ ભગવાન કહે. આહા..હા..! મને ભૂલ તો ભગવાન થાઈશ. તારી દૃષ્ટિ ત્યાં જશે તો ભગવાન થઈશ. આમ રાખીશ ત્યાં સુધી ભગવાન નહિ થા. સમજાણું કાંઈ? આ તે માર્ગ તે માર્ગ!

કહે છે, એ બીજાને તું, વિકલ્પમાં પડ્યાને દુઃખમાં પડ્યા જો, દુઃખમાં પડ્યા જો. આનંદમાં પડ્યા તો અંતરમાં પડ્યા એ આનંદમાં પડ્યા. સમજાણું? 'માહી પડ્યા તે મહા સુખ માણે, દેખનારા તે દાઝે જોને.' બીજા દાઝે કે આ શું કરી બેઠો છો? આ શું કોઈની સામું જોવે નહિ, કાંઈ કરે નહિ. લ્યો! કરી નાખ્યા. કૂતરા પણ પેટ તો ભરે છે. એક જણો કહેતો હતો.

આચાર્ય નામ ઉપાધ્યાય નામ ધરાવતો હતો. દેરાવાસી આવ્યો હતો ત્યાં ૯૨ની સાલમાં. પેટ તો કૂતરા પણ ભરે છે. પોતાનું કરવું હોય તો કૂતરા પણ કરે એમ. બીજાનું કરવું જોઈએ. આહા..હા..! એ શું તમે બોલો છો? ખતરગચ્છના હતા કોક. શું નામ કાંઈક. હા એ. એ ત્યાં આવ્યા હતા હીરાભાઈના મકાનમાં. હું એકલો હતો અને એ આવ્યા. શિખામણ દેવા લાગ્યા. શું એકલા બેસીને આત્મા-આત્માનું કરો છો. કૂતરા પણ એ તો પેટ ભરે છે એકલા. શું કહો છો તમે આ? કીધું. કૂતરા પેટ ભરે અને આત્માનું પોતે કામ કરે એની સાથે તમે મેળવો? શું કહો છો આ તમે? કાંઈ બિચારા સમજે નહિ. સાધુના ભેખ ધાર્યા. ૨૦ વર્ષ સુધી મુંડાવ્યા. એમ કે કૂતરા પણ પેટ ભરે. પોતાનું કામ તો કૂતરા પણ કરે એમ. પોતાનું કામ કૂતરા કરે કે પોતાનું કામ પોતે કરે એ જ બાદશાહ છે. બીજાનું કરે છે કોણ? આહા..હા..! એકલા બેસી ગયા લ્યો આમ આત્મા માટે. આમ બહાર પડીએ, આમ કરીએ. એમ મારતો હતો, ડંફાસ મારતો હતો.

ભાઈ! બાપુ! ધીરા થાવ તો એ વાત કહેવા જેવી છે. બહારથી આ કોકનું કરી દેવું, ઉપદેશ દેવો, દેરાસર આમ કરવા, પાઠશાળા બનાવવી. આ જુઓને દિગંબર મુનિઓ ધ્યાન .. આ બધા શિખરમાં છે. સમ્મેદશિખર વયા ગયા હતા. કોણ મુનિ? જે પડ્યા એ તો પોતામાં પડ્યા હતા. કોને ખબર છે ત્યાં બહારની? જે થાવું હોય તે થાશે. જેના પુણ્ય હોય એ બહારમાં અધિક થઈ જાય. પવિત્રતા હોય એ અંદરમાં અધિક થઈ જાય. એ બે ચીજો છે. જેના પુણ્ય હોય એ બહારમાં અધિક થઈ જાય, જેની પવિત્રતા હોય એ અંદરમાં અધિક થાય. આ બે ચીજો છે. હવે એમાં કરવું છે શું એને? આહા..હા..! ભાઈ! ૯૦માં કહ્યું હતુંને રામજીભાઈને. ૯૦ની સાલમાં. નહિ ત્યાં આપણે સદરમાં. એમ કે આ બધા રાજાઓ. કીધું જુઓ ભાઈ! કોઈપણ રાજાઓ છે એની સામે પડવું એ શાસ્ત્ર ના પાડે છે. વિરુદ્ધ.. આતી હૈ ન? .. નહીં આતી? શ્રાવકનો અતિચાર નહીં આતા હૈં? રાજા.. શબ્દ અમારે આ આવે છે વિરુદ્ધ.. રાજે જે કાયદા બાંધ્યા હોય એનું વિરુદ્ધ ન કરવું ધર્મીએ. પોતાનું કામ કરી લેવું. એ શબ્દ આવે છે. સિદ્ધાંત છે. દોષ છે એ. વિરુદ્ધ ન કરવું. એ પુણ્યમાં અધિક થઈ ગયેલ છે. રાજા પુણ્યથી અધિક થયો છે માટે એની સામે તું પડીશ નહિ. તારે પવિત્રતાનું કામ કરવું છેને? તો રાજે કાયદા બાંધ્યા એનું વિરુદ્ધ કરીશ નહિ. તારું કામ કરી લે અંદરમાં જઈને, બસ. પુણ્યવાળો.. છતાં કોઈ દોષ લાગે એ જુદી વાત છે. પણ એ કરવા જેવું એમ સ્થાપે (તો) અતિચાર છે ઈ. કરવા જેવું સ્થાપે દોષને, એ વસ્તુને સમજતો નથી. મોટી ચર્ચા ચાલી હતી. એમ કેમ રાજા આવ્યો? રાજા તે શું ચીજ? પુણ્ય લઈને આવ્યો છે. મોટો રાજા શેનો થયો? સંસારમાં પુણ્યે અધિકથી મોટો. ધર્મમાં પવિત્રતાએ અધિક તે મોટો. બેના સિદ્ધાંત લ્યો. પંડિતજી! કીધું

એમ નહિ. પછી રામજીભાઈને કહ્યું હતું તે દિ'. મેં કહ્યું આ શું?

પછી તો ઓલા ભગવાનજીભાઈએ નહોતું કહ્યું? નહિ, એમ ન હોય. ન હોય તો તમે, કીધું નોકરને વાણિયાને શું કરવા રાખ્યો છે? વાણિયો દશાશ્રીમાળી છે એને પગાર આપો પચ્ચીસનો અને તમે લાખો રૂપિયા રાખ્યા છે. પુણ્યમાં તમે અધિક છો માટે મોટા છો. તમે એમ કહો, જે ગુણમાં મોટો એ રાજમાં મોટો. એમ હોઈ શકે નહિ. ગુણમાં મોટો એ ગુરુ, પુણ્યમાં મોટા રાજા. એ બે તત્ત્વો છે. જેને જે તત્ત્વ છે એને એ રીતે અધિકપણે જાણી લેજે. ખસી જજે. અતિશય દોષ લગાડીશ નહિ એમ કહે છે આચાર્ય. સમજાણું? એઈ..!

એક જણાએ કહ્યું હતું. ૮૩ની સાલમાં બહુ અમારે હતાને. મહારાજ! એવું તમે કહો છો, તો કોઈ એવો આવી જાય કે સો ઘરનું ગામ હોય અને એક આવ્યો મીયાડો. આકરો. મીયાડો સમજ્યા? ડાકુ. તો પછી ડાકુ સામે ન પડવું? મેં કીધું શું તમે ભાવના ભાવો છો આ? શું કરો છો આ? તમારે હજી તો નાના ગામમાં જન્મવું છે અને ડાકુ આવે અને ધાડ પાડે અને સામે વિરોધ કરવો, આવા વિકારની ભાવના, શું કરો છો તમે આ? વીતરાગ ત્રિલોકનાથ કહે છે કે ધર્મી જીવે રાજની વિરુદ્ધ કરવું નહિ. એમ સિદ્ધાંત છે એમાં. એ પુણ્યથી અધિક છે. ભલે નરકમાં જાય. એની સાથે અહીં શું સંબંધ છે? પણ પુણ્યમાં અધિક છે એને એ રીતે જાણજે. વિરોધ કરીશ નહિ. સમજાણું કાંઈ? એ વિરુદ્ધ રજ્ઝાઈ.. એક-એક અતિચારોમાં આદિ વસ્તુમાં આખા નિયમો ભર્યા છે. શાસ્ત્રોમાં ... તારે પવિત્રતા કરવી છેને? તું ધર્મી છોને? તો આત્મા તરફનું વલણ કરી લે. બસ, બહારમાં હોય તો એ જાતનું કામ રાજની આજ્ઞા સમજીને લે. ત્યાં તું સામો પડવા જાઈશ તો એના પુણ્યની અધિકતા છે તો વિરુદ્ધ થશે. એના પુણ્યતત્ત્વની અધિકતાને પણ તેં જાણી નથી. એવી વાત છે ભાઈ!

દામોદર શેઠે બહુ કહ્યું ૮૩માં. આમ થાય તો? શું શેઠ આ ભાવના ભાવો છો? આવો જીવ? તમારે તો હજી ગામડામાં જન્મવું છે, અને સામે એક ડાકુ આવે અને ઓલો શું ચોરો કહેવાયને? ચોરામાં નાખે ખાટલો તો એની સામે ન પડવું? પણ શું તમે કહો છો? વિકાર કરવો, હજી ભવિષ્યમાં પણ વિકાર કરવો એવી ભાવના તમારી છે?

અહીં તો વીતરાગ કહે છે કે જો પુણ્યનો અધિક કોઈ જીવ આવ્યો. બસ, એને સમજી લેજે તું. ખસી જજે. આત્મામાં ઉતરજે. તારું કામ ઈ છે, તારું કામ સામું પડવાનું નથી. અને છતાં ક્યાંય સામું પડવાનું થઈ જાય તો એ દોષ છે. એની ભાવના હોય નહિ. ભાવના ન હોય કે અમે આમ કરશું... આમ કરશું... આમ કરશું. થઈ રહ્યું, એ તો આખો સંસાર ઉભો કર્યો તેં. સમજાણું કાંઈ? વાત ઈ છે. વીતરાગમાર્ગનું સ્વરૂપ એવું છે. પુણ્યે અધિક... કીધું .. પહેલા તમે પુણ્યે અધિક છો માટે તમે નોકર રાખ્યો દશાશ્રીમાળી. વાણિયો હતો કોક

એનો રસોયો. આ રસોયાને કેમ રાખ્યો? મોટાને ન માનો. તમને એ મોટા માને છે. પુણ્યમાં મોટા છો માટે. એમ ન ચાલે. જેમ મા-બાપને તમે મોટા માનો છો તો ગુણે મોટા હોય તો માનો એમ પણ ન ચાલે. મા-બાપ પોતે થયા એ પુણ્યે અધિક છે. ગુણે અધિક હોય તો મા-બાપ એમ નહિ ગુણે અધિક હોય તો એને મા-બાપ માનું, એમ ન હોય. ત્યાં તો પહેલા વડીલ તરીકે આવ્યા અને તું જન્મ્યો છો ત્યાં તો પુણ્યે અધિક છે. લૌકિક તરીકે તારે જાણવું પડશે. ધર્મમાં ગુરુ, ધર્મ એ ગુણે અધિક એ અધિક પવિત્ર. સમજાણું કાંઈ?

અહીં કહે છે જુઓ. વિકલ્પમાં પડેલાને દુઃખી દેખ. પડ નહિ સામે. તારું કામ નહિ. સમજાણું? ન્યાયથી એણે જરી વિચાર કરવો પડશે કે નહિ? એમ નહિ. આ તો મહામાર્ગ વીતરાગનો છે. એને એક-એક જે આજ્ઞામાં જે વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે એમાં આખા તત્ત્વોના સિદ્ધાંતો ભર્યા છે. સમજાણું કાંઈ? આમ નહિ. બાપા! પાંચમા ગુણસ્થાનમાં રહેલો શ્રાવક છો અને તારા કોઈ એવા સંયોગમાં ઉતર્યો તું પુણ્યે અધિક રાજમાં. બસ, એ સમજી લેજે. વિરોધ કરીશ નહિ. વિરોધ કરવા જઈશ તો બધું ચૂકી જઈશ. એમ ભગવાને કીધું છે. અતિચાર ન કરીશ, એમ ન કરીશ. પછી થઈ જાય એ જુદી વાત છે અને અતિચાર કરવા જેવો છે, આમ કરવા જેવું છે એ તો ભાવના છે એની અંદરની. સમજાણું? માર્ગ એવો છે, ભાઈ!

નિવૃત્તસ્વરૂપનો માર્ગ જ વિકલ્પથી રહિત થવું એ તારો માર્ગ છે. સમજાણું કાંઈ? જુઓને મુનિને કહે છે કે ભાઈ! લપમાં પડીશ મા. આટલા સાધુ કરવા છે ને આટલા શિષ્યો કરવા છે, આટલા પુસ્તકો બનાવવા છે. એ તો આવી ગયો વિકલ્પ, પણ એ છે દુઃખદાયક. તું જાણે કે વિકલ્પ આવ્યો માટે મને સુખદાયક છે અથવા વિકલ્પ આવ્યો એટલે બીજાને સુખદાયક થશે એમ ન જાણ. જુઓ, એમ કહે છે. એને સુખદાયક થશે બીજાને? એમ કે અમારું આ નિમિત્ત મળશેને, પણ નિમિત્ત એને પોતાનું ઉપાદાન તૈયાર હશે તો આને નિમિત્ત કહેવાશે. આહા..હા..!

વીતરાગ માર્ગ એવો છે. ત્રણ કાળમાં ન ભૂતો, ન ભવિષ્યતિ એવો એ પવિત્ર માર્ગ છે. એ બીજે ક્યાંય હોઈ શકે જ નહિ. જુઓ, અહીંયા વીતરાગી મુનિને કહે છે હોં. એક મુનિ (બીજા), મુનિને કહે છે. વિકલ્પમાં પડ્યા એને દુઃખ દેખ. મહારાજ! અમારા શિષ્યો બનાવવા નહિ? હવે આવી ગયો તો આવી ગયો વિકલ્પ, પણ હવે તું એમ માન કે આ અમારે કરવું જ પડે, અમારે કરવું જ પડે. એમ ન હોય. રાગનો વિકલ્પ કર્તૃત્વ તો ન હોય, પણ આવે એ ઠીક છે એ પણ ન હોય. સમજાણું કાંઈ? વિકલ્પનું કર્તૃત્વ એ તો મિથ્યાદષ્ટિ છે, પણ આવે એ ઠીક છે એમ પણ ન હોય. બે વાત. આવે, હોય એ જુદી વાત છે. પણ એ ઠીક છે એમ જો જાઈશ તો દિશા ફરી જશે તારી. સમજાણું કાંઈ? મુનિને કહે છે,

એય..! દેવાનુપ્રિયા! આહા..હા..!

'**ભાવાર્થ :- યહ આત્મ-કલ્યાણ, પ્રત્યક્ષમેં સંસાર-સાગરકે તૈરનેકા ઉપાય હૈ,...**' ભગવાન આત્મા શિવ એનો સંગમ એટલે કલ્યાણ. એ આત્મા શિવસ્વરૂપ પ્રભુ એની દૃષ્ટિ, એનું જ્ઞાન, એને જ્ઞેય બનાવીને એમાં સ્થિરતા. બસ! એ જ કલ્યાણ અને એ જ '**પ્રત્યક્ષમેં સંસાર-સાગરકે...**' ઉદયથી ખસી જવાનો એ જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. ઉદય આખો સંસાર છે. આ તો નિમિત્ત સંસાર છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભવ. ભાવ જે છેને એ સંસાર છે. ઉદયનો ભાવ એ સંસાર, અશુદ્ધ ભાવ છે. એને આ સ્વભાવના સંગમના કલ્યાણ વડે તરી શકાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ઝીણો પડે છેને માણસને કેટલાકને એટલે પછી આ વસ્તુ કેમ છે એમ બેસતી નથી પછી બીજે ચડી જાય છે.

મુમુક્ષુ :- માર્ગ જ એક છેને.

ઉત્તર :- માર્ગ જ આ એક છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' બીજો પંથ, બે પ્રકાર હોઈ શકે જ નહિ.

જુઓ, '**યહ આત્મ-કલ્યાણ, પ્રત્યક્ષમેં સંસાર-સાગરકે તૈરનેકા ઉપાય હૈ, ઉસકો છોડકર હે તપોધન, તૂં શુદ્ધાત્માકી ભાવનાકે શત્રુ...**' ભગવાન શુદ્ધસ્વરૂપ એની ભાવના નામ એકાગ્રતા એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એના વેરી એ મિથ્યાત્વ અને રાગાદિ છે. રાગાદિમાં ઠીક માનવું એ મિથ્યાત્વ અને રાગ પોતે અસ્થિરતા એ દોષ. મિથ્યાત્વ અને રાગાદિ બેય આવી ગયા. એ શત્રુ છે. સ્વભાવની દૃષ્ટિના અને સ્વભાવની સ્થિરતાના એ શત્રુ છે. અહીં ઠીક તરીકે જ્યાં દૃષ્ટિ કરી એને રાગમાં ઠીક તરીકે કરે તો તો મિથ્યાત્વ શત્રુ છે એ તો. અહીં ઠરવાની ભાવના છે ત્યાં અસ્થિરતા કરે એ તો અસ્થિરતા શત્રુ છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો માર્ગ એવો છે. જેને કલ્યાણ કરવું હોય અને દુઃખ ટાળવું હોય એણે બહુ જ ધીરજથી એ માર્ગને પકડવો જોઈએ. જ્ઞાનમાં એનું ભાસન, ભાસન થવું જોઈએ. ભાવ ભાસે. એમને એમ કર્યા કરે. આમ થાય, આમ હોય, આમ હોય એમ ન ચાલે.

અહીં તો આચાર્ય કહે છે કે ભાઈ! તું મિથ્યાત્વ રાગાદિ શત્રુ છે આત્માની ભાવનાના. ભગવાન આત્માની ભાવનામાં સમ્યગ્દર્શન આવ્યું, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આવ્યું. એનાથી વેરી એ મિથ્યાદર્શન, રાગને ઠીક માનવો, રાગથી કાંઈક મારું ઠીક થશે અને બીજાનું ઠીક થશે, એ મિથ્યાત્વ છે. ઓલામાં નથી આવતું? શ્લોક આવે છેને? બોહિલાભ નહિ? પંડિતજી! મને આ થજો, આ થજો. આવે છેને શ્લોક? બોહિ મને મળજો એવો એક શ્લોક આવે છે. એક શબ્દ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ, ઈ. પંડિતજીએ કહ્યું ઈ. કર્મ ખસો. સમાધિમરણ, બોહિ લાહો.. એમ ને એમ રહો દર્શન-જ્ઞાન-ચારિત્રની એ શબ્દ. આરોગ બોહિલાભ તો લોગસ્સમાં આવે છે. એ તો આમાં પણ લોગસ્સ આવે છે આપણે દિગંબરમાં. આરોગ્ગબોહિલાભં આવે છે. લોગસ્સ આવે છેને? ચોવીસ તીર્થંકરની સ્તુતિ આવે છે સામાયિકમાં. એ આમાં આવે છે. તમારે અહીં .. નથી આપણે. એ લોગસ્સ આવે છે. પાઠ. એમાં આવે છે આરોગ્ગબોહિલાભં. મારો નિરોગતાનો આત્મસ્વભાવ એનો બોધિલાભ મને પ્રાપ્ત થાવ. આ લોકોમાં પ્રચાર ઘણો છે શ્વેતાંબરમાં એ શબ્દનો. આમાં આપણે દિગંબરમાં છે એ સામાયિક પાઠ. અમિતગતિનો નહિ, બીજો એક પાઠ છે. અહીં છે પાઠ ઉપર છે. પુણ્ય-પાપનો ભાવ એ રોગ છે. કહે છે કે હે પ્રભુ! મને આરોગ્યતા જોઈએ છે. મારે તો વિકલ્પ વિનાની આરોગ્યતા એનો બોધિલાભ, દર્શન-જ્ઞાન-ચારિત્રનો લાભ અને પાછું એમ ને એમ સંધિ કરીને જ્યાં જાઉ ત્યાં એ લઈને જાઉ એવો લાભ જોઈએ છે મારે. ત્યાં પણ એની પ્રાપ્તિ રહ્યા કરે. એકાદ ભવ છે ખરોને એમ કે પંચમ આરામાં (છે એટલે). ત્યાં એ વાત સંધિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન રહ્યા કરે ત્યાં. એ વાત જોઈએ પ્રભુ! મારે, બીજી કાંઈ જોઈતી નથી. સમજાણું?

**'ઉનમેં કભી ગમન મત કર,...'** એ રસ્તે ન જા. એ રસ્તો છોડી દે એમ કહે છે. .. પડે તો એની નબળાઈને કારણે, એની હોંશ ન હોય.

મુમુક્ષુ :- બચાવ તો હોયને.

ઉત્તર :- બચાવ ન હોય. તો તો બચાવ થયો કે આ તો કરવું પડે અમારે, કરવું પડે અમારે. શું કરે? હોંશ શેની કરે છે? આવે એ જુદી વાત છે, પણ આવે એની હોંશ થાય તો એની મીઠાશ થશે. નિશ્ચયના સાધનમાં પૂર્ણ જ્યાં સુધી ન હોય ત્યારે વ્યવહારના વિકલ્પો આવે ખરા, હોય ખરા. હોંશ શેની? હોંશ શેની? ઉત્સાહ શેનો? ઉત્સાહ તો આ બાજુ હોય કે ઉત્સાહ ત્યાં હોય?

મુમુક્ષુ :- એનું માહાત્મ્ય છૂટવું જોઈએ.

ઉત્તર :- છૂટવું જોઈએ. એનું અહીં માહાત્મ્ય આવ્યું ત્યાં અહીં માહાત્મ્ય કેમ રહેશે? આવે ખરું, હોય તો ખરું અને વ્યવહારે એનું માહાત્મ્ય છે એમ પણ કહેવાય. પરમાર્થે એના માહાત્મ્ય ન હોય. .. માહાત્મ્ય કહેવાય, પણ પરમાર્થની દૃષ્ટિએ એના માહાત્મ્ય ન કહે. જુઓ, કહે છેને. **'કભી ગમન મત કર,...'** એકલો અશુભની વાત નથી, શુભ પરિણામમાં પણ મત કર. એ આત્માની સ્થિરતાના વેરી છે. સમજાણું કાંઈ?

**'કેવલ આત્મસ્વરૂપમેં મગન રહ.'** લ્યો! **'કેવલ આત્મસ્વરૂપ...'** ભગવાન આત્મા જ્ઞાનનો પ્રભુ, જ્ઞાન, દર્શન, આનંદનું એનું સ્વરૂપ, એવું જે આત્મસ્વરૂપ એમાં મગ્ન રહે. ઓલામાં ગમન

હતું, અહીં મગન. શબ્દ એક ફેરવ્યો થોડો. ગમન-મગન. કહો, સમજાણું કાંઈ? અહીં મ પહેલા આવ્યો, ઓલામાં ગ પહેલો આવ્યો. '**કેવલ આત્મસ્વરૂપ...**' એકલો ભગવાન આત્મા એની પ્રીતિ અને રુચિ એકલી જ કર બસ. એમાં સ્થિર થવું એ જ તારો માર્ગ છે. ઓલા કહે, અરેરે! આમાં વ્યવહાર ઉથાપાઈ જાય. પણ ભાઈ! વ્યવહાર ઉથાપવાનો અર્થ કે સ્વભાવમાં એ નથી. એનો આશ્રય લેવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે અને દુઃખ થાય છે. થાય ભલે પણ એનો (ઉત્સાહ ન હોય કે) હોવું જોઈએ, ત્યાં કરવું જોઈએ. ત્યાં ન કરે તો આમ થાય એમ ન હોય. હોય ખરું. એવો ભૂમિકાને યોગ્ય વિકલ્પ હોય. જુઓને છઠ્ઠે ગુણસ્થાને મુનિઓને વિકલ્પ એને યોગ્ય હોય અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો. છતાં ત્યાં ગમન ન કર, મગન અહીં થઈ જા. સમજાણું કાંઈ?

'**જો કોઈ અજ્ઞાની વિષય-કષાયકે વશ હોકર...**' વિષય કષાય એટલે પરના ધ્યેયમાં, કષાય બનાવી અને પરના ધ્યેયમાં લીન થઈ જાય છે. '**શિવસંગમ...**' શિવ નામ નિરૂપદ્રવ ભગવાન એનો સંબંધ નામ કલ્યાણભાવ, નિજભાવ '**લીન નહીં રહતે,...**' આમ ભાવમાં લીન થઈ જાય અને આ ભાવમાં '**લીન નહીં રહતે, ઉનકો વ્યાકુલતારૂપ દુઃખ ભવ-વનમેં સહતા દેખ.**' ઓહો..હો..! અરે..! એને ભવ મળશે. એક જણો કહે અમારે દુનિયા માટે ભલે એક ભવ વધે, પણ અમારે દુનિયાનું કલ્યાણ કરવું છે. મૂઢ છો. ભવ વધે એનો અર્થ કે ભવના કારણોનો પ્રેમ તને રુચિ (છે તો) દૃષ્ટિ મિથ્યાત્વ છે તને. ભલે એકાદ ભવ વધી જાય, પણ મારાથી જો દુનિયાનું કલ્યાણ થાતું હોય તો મારે ભલે ભવ વધે. મૂઢ છો. કલ્યાણ તારાથી થાય એવું કોઈ દિ' બનશે નહિ. નિમિત્ત પણ તારામાં નહિ રહે. ભવની ભાવના હજી એકાદ ભવ. એમ લોકો બહુ બોલે છે. એટલે લોકોને બહુ સારું લાગે. કેટલી કરૂણા એને છે! ભલે ભાઈ મારે એક વધારે ઢેઢનો ભવ થાય, હરિજનનો ભવ થાય, ફલાણાનો ભવ થાય. પણ દુનિયાનું જો હિત થાતું હોય મારાથી (તો એ મંજુર છે). એ અજ્ઞાની મૂઢ છે. એ ભવના ભાવની વિકલ્પની ભાવનાવાળો છે. એ ભવના અભાવ-સ્વભાવની ભાવનાવાળો નથી. લોકોને પણ મીઠું બહુ લાગે લ્યો. તમારા ખાતર એકાદ ભવ મારે કરવો પડે તો ભલે હું કરું. સભાને એવું લાગે કે આહા..હા..! ભિખારી તો છે સભા. એટલે એને આમ કહે છે કે આહા..હા..! આપણને આશરો મળશે હોં! ભવ કરીને. આશરો નહિ મળે, એને અવતાર જ... તીર્થંકરપણાનો વિકલ્પ હતો તો એમ નહોતું કે હું એક ભવ કરું અને દુનિયાનું કલ્યાણ કરું. એવું હતું જ નહિ, એમ હોય જ નહિ. વિકલ્પ આવ્યો કે પૂર્ણ થાઉં. પુણ્ય બંધાઈ ગયું. પણ છે તો હેયબુદ્ધિએ વિકલ્પ. એ વખતે હેયબુદ્ધિએ છે, આદરબુદ્ધિએ નથી. આદર શેના હોય? અંતરમાં આનંદમાં આદર છે ત્યાં આ આદર ક્યાંથી હોય? સમજાણું કાંઈ?

એથી કહ્યુંને બનારસીદાસે કે જેટલા મિથ્યાત્વભાવ એટલા વ્યવહારભાવ કેવળી ઉકત હૈ. એમ કહ્યું. અધ્યવસાય નહિ? અખિલં. બંધ અધિકારનો શ્લોક. અધ્યવસાય અખિલં ... ત્યાજ્ય યદુક્તં. તો અમે એમ માનીએ છીએ કે ભગવાને પરાશ્રિત બધો વ્યવહાર છોડાવ્યો છે. એ શ્લોક છેને બંધ અધિકારમાં. નાખ્યું છે. અને આ ભાઈએ એવો અર્થ જ પછી એનો કર્યો. બંધનો. એમાં આંતરો પડ્યો હતોને એ લોકોને પછી તો.

અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ એ વ્યવહારભાવ કેવળી ઉકત હૈ. આકરું પડે જુઓ.

જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક્ દરસ ભયૌ, તે નિયત-લીન વિવહારસૌં મુકત હૈ.
નિરવિકલપ નિરૂપાધિ આતમ સમાધિ, સાધિ જે સુગુન મોખ પંથકૌ ઢુકત હૈ.
તેઈ જીવ પરમ દસામૈં થિરરૂપ હ્વૈકૈ, ધરમમૈં ધુકે ન કરમસૌં રુકત હૈં.

**'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**
**सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति संतो धृतिम्।।१७३।।'**

અહીં તો ધડાકા બોલાવ્યા છે. અસંખ્યાત્ લોકપ્રમાણ મિથ્યાત્વ તે વ્યવહારભાવ કેવલી ઉકત હૈ. એનો અર્થ કે જેટલો વ્યવહારમાં આવ્યો અને એનો ઉત્સાહ કર્યો એટલો મિથ્યાત્વભાવ છે. એ આકરી પડી ગઈ છે વાત. એ વખતે દિગ્વિજય એક શ્વેતાંબરમાં થઈ ગયાને. આનો વિરોધ બહુ લખ્યો હતો. પુસ્તક બનાવ્યું છે. કઈ અપેક્ષા કહે છે અહીંયા? સમજાણું?

ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની ભાવના છોડી, એની રુચિ છોડી અને વ્યવહારની રુચિનો ઉત્સાહ અને પ્રેમ આવે છે, જેટલા વ્યવહારભાવ તેટલા મિથ્યાત્વભાવ ભગવાન કહે છે. એમ કહ્યું છે. એ અપેક્ષાએ હોં. એકલા વ્યવહારભાવ મિથ્યાત્વભાવ નથી. વ્યવહાર તો મુનિને પણ હોય છે, પણ વ્યવહારમાં ઉત્સાહ.. આહા..! આનાથી લાભ થશે. જેટલા વ્યવહારના ભાવ એટલા લાભ થશે, એટલા ભાવ બધા મિથ્યાત્વભાવ છે. સખત લખ્યું છે સખત. સમજાણું?

કહે છે '**દુઃખ ભવ-વનમેં સહતા દેખ.**' ઓહો..! વ્યાકુલતારૂપ દુઃખ ભવ-વનમાં સહતા દેખ. એવો ભગવાન આત્મા પોતાના સંગને છોડીને વિકલ્પમાં જાય છે (એને) દુઃખી દેખ. આહા..હા..! '**ભવ-વનમેં સહતા દેખ.**' એ તો ભવ મળશે એમાંથી તો. વિકલ્પ છે એ તો ભવ પોતે જ ઉદયભાવ છે. એ ભવનું કારણ તે પોતે જ ભવ છે. ભગવાન આત્મા ભવ વિનાનો સ્વભાવ એની જ ભાવના દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર એ જ ભવના અભાવનું કારણ છે. અબંધ પરિણામ એ અબંધ મોક્ષદશાનું કારણ છે. આ તો બંધ પરિણામ છે વિકલ્પ. સમજાણું કાંઈ? '**ભવ-વનમેં સહતા દેખ.**' એનો અર્થ કે તું વિકલ્પમાં ન જા એમ. પરને

ક્યાં જોવાની વાત છે?

ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર રહી શકે નહિ અને વિકલ્પ આવે એ કમજોરીને કારણે છે. પણ આવે તે દિશા પરના લક્ષે આવ્યો માટે ઠીક છે એમ નથી. એ દુઃખદાયક છે. ઠીક ન માને તો (પણ) એ દુઃખદાયક છે. વિકલ્પ આવ્યો એ દુઃખદાયક છે. અતીન્દ્રિય આનંદની લૂંટ થઈને ઉભો થયો છે. '**સંસારી જીવ સભી વ્યાકુલ હૈ,...**' એ સંસારી બધા વ્યાકુળ છે. મુનિ થયેલા પંચ મહાવ્રતધારી, પણ જેને રાગમાં એકતા છે એ બધા સંસારી વ્યાકુળમાં પડ્યા છે. એને સંસારી કહ્યા છેને? એ બધા વ્યાકુળ છે, '**દુઃખરૂપ હૈં, કોઈ સુખી નહીં હૈ,...**' કોઈ સુખી નહિ? એય..! દેવાનુપ્રિયા! કોઈ સુખી નથી. એમ કે આને શરીર સારું, આને છોકરા સારા. એ સુખી નથી એમ કહે છે. ના, ના. એ દુઃખ છે.

મુમુક્ષુ :- બહારમાં દુઃખ નથી એમ.

ઉત્તર :- એ પોતે કલ્પના કરીને બેઠો એ દુઃખ છે. એ જાતનું. એમ નહિ. એનું શરીર ઠીક છે માટે સુખી એવી જે કલ્પના છેને એની, એ જ એને દુઃખ છે. દુઃખી દેખ એને. દીકરા સારા માટે કલ્પના આવી એ પોતે દુઃખી છે એ કલ્પનાથી. દુઃખ જ છે એને એમ દેખ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, એ જો હોય તો એમ માને તો બીજાને આવું વધારે છે, મારે ઓછું એ વાત ન રહે એને. મોહનભાઈ! આહા..હા..! એ ન જોવે કે આ કેવળજ્ઞાનીને પરમાત્મા આખો પ્રગટ્યો છે, મારે નથી આખો, એમ જોને. પૂર્ણાનંદ જેને પ્રગટ્યા આહા..હા..! ઢગલા પાક્યા જેને. ક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં અનંતા ગુણો પાકમાં આવીને પાકી ગયા પર્યાયમાં. એના ક્ષેત્ર પાક્યા એ જોને. તારું ક્ષેત્ર થોડું પાક્યું એમ જોને. વધારે કરવા માગને. આમ ક્યાં જો છો કે આ પૈસાવાળો વધી ગયો, એને બાયડી-છોકરા સારા, એને બધા કહ્યાગરા મળ્યા. મને બાયડી-છોકરા મળ્યા ખરા પણ કાંઈ એવા સરખા નહિ. મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ માટે તો કહે છે કે ભાઈ! તારી આંખને-દૃષ્ટિને ફેરવી નાખ. એ સગવડતા દેખીને તું સુખી છે એમ ન માન. એને વિકલ્પો આવ્યા છે એ દુઃખી છે એમ તું જો. આહા..હા..! સાધનની ઓછી-વત્તીની શૈલી ન જો. સાધુને પણ એમ કે દેખો, ઓહો..હો..! સેંકડો શિષ્યો, ખમ્મા-ખમ્મા થાય અને એમની વ્યાખ્યાનની શૈલીમાં લાખો માણસો આમ સામું જોવે. એ ન જો. એ તો બહારની ચીજ છે. એ ન જો. એ તો બહારની વાત છે. એ અધિકાઈ નથી. એમાં રાગરહિત જેટલી દૃષ્ટિ કરીને ઠર્યો એને જો. સમજાણું કાંઈ? ઘણાને એમ થઈ જાય

કે આહા..હા..! સભામાં બેઠા હોઈએ, આવી વ્યાખ્યાન શૈલી ચાલે, લોકો આમ નજર કરશે. શું છે પણ? સાંભળને. એ વિકલ્પ ઉઠ્યો એટલું તો દુઃખ છે. ઉપદેશમાં જેટલો વિકલ્પ ઉઠ્યો એટલું દુઃખ છે. આહા..હા..! શું તારે જોવે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પાંચ હજાર થાય એમાં આત્માને શું? એ અહીં કહે છે આને શું? જેટલો પરલક્ષી વિકલ્પ ઉઠ્યો છે એટલું દુઃખ છે. એમ જો તું એને. આમ ન જો કે આવા અમે આમ અને આને આમ. એ ન જો. એ તો બહારની ચીજ છે, એની સાથે શું સંબંધ છે? સમજાણું કાંઈ? આહા..હા..! કહો, રાજમલજી! આ વકીલાત છે, જુઓ, આ ભગવાનની. કેટલે વર્ષે પાસ થયા વકીલનું, મહેનત કરી ત્યારે. માણસ માને.

કહે છે કે વિકલ્પ વિકલ્પ છે, એ અમે પાસ થયા, અમે આ થયા એ વિકલ્પ પોતે દુઃખ છે. પદવી મોટી મળી માટે સુખી એમ ન જો. એલ.એલ.બી. થયા, એક મહિનામાં આટલી પેદાશ કરી એમ ન જો. એને પરલક્ષી વિકલ્પ ઉઠે છે એ બધા દુઃખી છે એમ જો. દિશા દૃષ્ટિ ફેરવી નાખ. જોવાની દૃષ્ટિને ફેરવી નાખ. એમ કહે છેને અહીંયાં? આહા..હા..! ભાઈ! આ તો સંસારમાર્ગ અને મોક્ષમાર્ગ તો બેય જાત જ જુદી હોયને. ... બેય વિપક્ષ. બેય વિપક્ષ છે. બેયની જાત જ જુદી બાપા! આહા..હા..! સંસાર અને મોક્ષના માર્ગ જ બે ઉલટા છે આખા.

આચાર્યે જંગલમાં રહીને કેટલી મસ્તી કરી છે અંદરમાં. બીજાને કહે છે, અરે! વિકલ્પવાળાને દુઃખી દેખ. એમ ન દેખ કે આહા..હા..! કેટલા શિષ્ય થઈ ગયા એને! કેટલા માનનારા થઈ ગયા! એ પ્રરૂપણા હોય તો ઘણા માને. પ્રરૂપણા વિના કોણ માને? એમ ન જો. માને, ન માને તારે શું પણ? કો'ક માને એ તો એના ભાવને માને, તને માને છે? એ તો એને જે ગોઠે એને એ માને છે. તને માને છે કોણ? વાત જ તારી ફેર છે. રહેવા દે એવી દૃષ્ટિએ જોવું એમ કહે છે અહીંયાં. કહો, પાટણીજી! આહા..હા..! ભાઈ! વસ્તુ તો જેમ હોય એમ રહેશે. એ કાંઈ દુનિયાની કલ્પનાથી ઉભી થાશે બીજી?

**'એક શિવપદ હી પરમ આનંદકા ધામ હૈ.'** દેખો, આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ વર્તમાન એનો સંગમ એટલું હિત અને એની પૂર્ણ પ્રાપ્તિ થઈ તે પરમ આનંદધામ મોક્ષ. **'જો અપને સ્વભાવમેં નિશ્ચયનયકર ઠહરનેવાલા કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મા ઉસીકા નામ શિવ હૈ,...'** વ્યાખ્યા કરી. શિવ એટલે બીજો કોઈ નહિ. જગતનો કર્તા અને કોઈ હતો અનાદિથી શિવ-એમ નથી. અનાદિથી સિદ્ધ છે હોં! એમ નથી કે સિદ્ધ... વળી ઓલાએ કાલે તર્ક કર્યો છે લ્યો! અનાદિથી કોઈ સિદ્ધ ન હોય. સિદ્ધ પહેલા જ થાય,

સંસાર પછી થાય. એ તો એક વ્યક્તિની અપેક્ષાએ. અરે ભગવાન! તને ખબર નથી ભાઈ! અનંત એમ ને એમ પડ્યા. અનંત સિદ્ધો, અનંત નિગોદો જેમ છે એમ છે. સમજાણું કાંઈ? એ નહિ, શિવ તો આ.

**'અપને સ્વભાવમેં નિશ્ચયનયકર ઠહરનેવાલા...'** રહનેવાલા. મુનિ છેને. **'કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મા ઉસીકા નામ શિવ હૈ, ઐસા સબ જગહ જાનના.'** શિવનો અર્થ આવો કરવો એમ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ નિરૂપદ્રવ કલ્યાણની મૂર્તિ એ શિવ છે. એનો સંબંધ કર્યો છે એ કલ્યાણનું કારણ છે. જેટલો આ સંસારનો સંબંધ કર્યો વિકલ્પ એ બધું દુઃખરૂપ છે. સમજાણું? **'અથવા નિર્વાણકા નામ શિવ હૈ,...'** એ જ વાત લીધી. કાં દ્રવ્યનું જ નામ શિવ અને કાં પરમાનંદની પ્રાપ્તિ પૂર્ણ પર્યાયનું નામ શિવ. **'અન્ય કોઈ શિવ નામકા પદાર્થ નહીં હૈ,...'** બીજો કોઈ શિવ નામનો પદાર્થ નથી. **'જૈસા કિ નૈયાયિક વૈશેષિકોંને જગતકા કર્તા-હર્તા કોઈ શિવ માના હૈ, ઐસા તૂં મત જાન.'** હૈ હી નહીં. સ્વભાવ છે એમાં સ્વભાવ બધા પડ્યા કરે કોણ અને કોણ કરે? સ્વભાવ-સ્વભાવ. સ્વભાવને કરવું શું અને સ્વભાવને છોડવું શું?

**'તૂં અપને સ્વરૂપકો...'** એટલે દ્રવ્યદૃષ્ટિ **'અથવા કેવલજ્ઞાનિયોંકો...'** પર્યાયકો **'અથવા મોક્ષપદકો શિવ સમજ. યહી શ્રી વીતરાગદેવકી આજ્ઞા હૈ.'** લ્યો! સમજાણું? ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ આવું જોયું છે અને એ રીતે જ છે. એમ અંતર દૃષ્ટિ કરીને અંદરમાં ઠરવા જેવું છે. વિકલ્પ છે એ દુઃખરૂપ છે એમ નક્કી કરીને અંતર ઠરવા જેવું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ ૧૩, રવિવાર, તા. ૧૧-૦૭-૬૫
## ગાથા-૧૪૩, પ્રવચન-૧૬૭

પરમાત્મપ્રકાશ. ૧૪૩ ગાથા છે. **'આગે સમ્યગ્દર્શનકો દુર્લભ દિખલાતે હૈં—'** ૧૪૩. બીજો અધ્યાય.

૨૭૪) कालु अणाइ अणाइ जिउ भव-सायरु वि अणंतु।
जीविं बिण्णि ण पताइँ जिणु सामिउ सम्मत्तु।।१४३।।

શું કહે છે? '**કાલ ભી અનાદિ હૈ,...**' અનાદિનો કાળ છે. યોગીન્દ્રદેવમાં પહેલામાં આવે છે ભાઈ! દોહામાં આવે છે. એ આ યોગીન્દ્રદેવનું છે, શૈલી છે. દોહામાં આવે છે. ત્રણ કાળ અનાદિ જેની આદિ નથી. જીવ અનાદિ. સત્તા જીવની હોવાપણે એ અનાદિ છે. અને એમાં સંસાર સમુદ્ર જે અનાદિ-અનંત. સંસાર એટલે પરિભ્રમણ એ અજ્ઞાનીને અનાદિથી છે. ત્રણે અનાદિથી છે. '**લેકિન ઈસ જીવને જિનરાજસ્વામી ઔર સમ્યક્ત્વ યે દો નહીં પાયે.**' અર્થ કરશે હોં. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એને સ્વામી તરીકે કોઈ દિ' ન જાણ્યા, ન માન્યા. અને સમ્યગ્દર્શન એટલે કે પુણ્ય-પાપના શુભાશુભ રાગરહિત આત્માનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એની દૃષ્ટિ રાગ વિનાની કરવી, સ્વભાવની દૃષ્ટિ એ સમ્યગ્દર્શન અનાદિ કાળથી પામ્યો નથી. એટલે કે જિનરાજસ્વામી પામ્યા નથી એમ. તેથી એને વીતરાગ સ્વામી પામ્યા નથી. જ્યાં ત્યાં એના હૃદયમાં કાંઈક વિકલ્પ શુભાદિ વૃત્તિ રહે તો એનાથી લાભ થાય એવું મિથ્યાત્વ શલ્ય અનાદિનું એને રહી ગયું છે.

મુમુક્ષુ :- એ તો રાગ સ્વામી થઈ ગયો.

ઉત્તર :- રાગનો સ્વામી છે એ. જિનરાજને સ્વામી બનાવ્યા નથી. અનાદિથી ભગવાન આત્મા તદ્દન પુણ્ય-પાપના શુભાશુભ વિકલ્પથી રહિત એવું આત્માનું વીતરાગી વિજ્ઞાનઘન ચૈતન્યસ્વરૂપ છે એની દૃષ્ટિ ન કરી એથી રાગનો સ્વામી થઈ, રાગ હોય તો ઠીક, શુભરાગ હોય તો ઠીક, એમ રાગને સ્વામી બનાવ્યા એણે જિનરાજને સ્વામી ન બનાવ્યા. સમજાય છે કાંઈ? એ કહેશે. ખુલાસો કરશે.

'**ભાવાર્થ :- કાલ, જીવ ઔર સંસાર યે તીનોં અનાદિ હૈં, ઉસમેં અનાદિકાલસે ભટકતે હુએ ઈસ જીવને મિથ્યાત્વ-રાગાદિકકે વશ હોકર...**' જુઓ, આ શબ્દ છે. સંસ્કૃતમાં છે. ભગવાન આત્મા પોતાનું વીતરાગી તદ્દન નિર્વિકલ્પ સ્વરૂપ એને ન તાબે થતાં, અનાદિથી વિપરીત માન્યતા અને શુભ-અશુભ વિકલ્પ અને રાગ એને '**વશ હોકર...**' એને આધીન થયો ઈ. આમ ભગવાન ચિદાનંદ સ્વરૂપ તદ્દન જ્ઞાયક અખંડ આનંદ એને અંતરમાં પર્યાયમાં, પર્યાયવાનને તાબે થઈ, સમ્યગ્દર્શન રાગ વિનાની પ્રતીત અનુભવ ન કર્યો. એથી એની દૃષ્ટિમાં મિથ્યા અભિપ્રાય રહ્યો અને રાગને તાબે અનાદિથી રહ્યો. જૈનનો સાધુ થયો, નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળી પાળીને થોથા થયા. એટલી ક્રિયાકાંડ (કરી કે) જેના ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. પણ અંતર આત્માના સ્વભાવની રુચિ નહિ. જેને પુણ્યના શુભરાગની રુચિ (છે) એને ભગવાન આત્મા પ્રત્યે ક્રોધ નામ દ્વેષ વર્તે છે એમ કહે છે. ન્યાલભાઈ! બહુ ઝીણી વાત છે. ભૂરાભાઈના કાકા છે.

ભગવાન આત્મા... એ અહીં કહે છે. સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ એનો જેને પ્રેમ નથી અને

જેને શુભરાગ, અરે! ભગવાન ત્રિલોકનાથની ભક્તિનો રાગ, એ રાગની પણ રુચિ છે એને આત્મા પ્રત્યે ક્રોધ અને દ્વેષ છે. સમજાણું કાંઈ? એ ક્રોધને વશ અથવા રાગને વશ થઈ ગયો. ભગવાન આત્મા નિર્વિકલ્પ વીતરાગી વિજ્ઞાનઘન એવો સ્વતઃ સ્વભાવ એને અંતર વશ થયો નહિ. એથી '**શુદ્ધાત્મસ્વરૂપ અપના ન દેખા,...**' સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ તદ્દન વિકલ્પ અને મન અને રાગના સંગ વિનાની ચીજ છે. એ ચીજને એણે ન દેખી. કેમકે રાગને, મિથ્યાત્વને વશ થઈ ગયો. અંદર ઊંડે-ઊંડે અંદર શુભરાગ, પુણ્ય રાગ કાંઈક પણ મને સહાયક સ્વભાવને કરશે, એનાથી મને સ્વભાવ મળશે એમ સ્વભાવનો વિરોધી-વેરી-શત્રુ રાગ એના પ્રેમમાં સ્વભાવનો એણે દ્વેષ કર્યો છે. સમજાણું કાંઈ? રતિભાઈ!

આનંદઘનજી કહે છેને 'દ્વેષ અરોચક ભાવ.' હે નાથ! અમને અમારા આત્મ પ્રત્યે દ્વેષ વર્ત્યો. કેમકે એ રુચ્યો નહિ. અમને રાગ રુચ્યો, પછી શુભ હો કે અશુભ. એ રુચ્યો એ રુચિ એ જ અમને આત્માના દ્વેષને બતાવે છે. સમજાણું કાંઈ? એથી મિથ્યા અભિપ્રાય એટલે કે રાગથી મને લાભ થશે એવો મિથ્યા અભિપ્રાય અને રાગ એ વિકલ્પ એને વશ થઈ ગયો. ભગવાન આત્મા શુદ્ધાત્મ સ્વરૂપ અપના ન દેખા. જે તદ્દન રાગથી નિરપેક્ષ, નિર્લેપ છે, નિરપેક્ષ અને નિર્લેપ વસ્તુ એની એણે અંતર્મુખ દૃષ્ટિ કરી નહિ. એથી એ સમ્યગ્દર્શન પામ્યો નહિ. સમજાણું કાંઈ? એથી જિનવરસ્વામી એને મળ્યા નહિ એમ. ઈ કહેશે.

જિનવરને કહેવો છે વીતરાગભાવ, ગુરુને કહેવો છે વીતરાગભાવ, શાસ્ત્રને કહેવો છે વીતરાગભાવ. તો એ વીતરાગભાવ એવો આત્મા એની રુચિ એ વીતરાગભાવ એ જેણે પ્રગટ ન કર્યો એટલે કે વીતરાગસ્વભાવ છે એને રુચ્યો નહિ, એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પણ રુચ્યા નહિ. સમજાણું કાંઈ? એણે '**શુદ્ધાત્મસ્વરૂપ અપના...**' પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ એને એણે ન દેખી. રાગના વિકલ્પનો કષાયનો અંશ એને તાબે થઈને, પછી ગમે તે રાગ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હોય, દયા-દાનનો રાગ હોય, એ રાગને વશ થયેલો આત્મા પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને દેખી શક્યો નહિ. એટલે કે જેને રાગની બહિર્મુખ રુચિ છે, રાગ છે એ બહિર્મુખ છે એની રુચિ છે તેને અંતર્મુખ ભગવાનની રુચિ થવા દીધી નહિ.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ વ્યવહાર સમકિત તરીકે નિશ્ચય હોય એને આવે. એને વ્યવહાર કહેવામાં આવે. જ્યાં નિશ્ચય દૃષ્ટિ રાગ વિનાની (થઈ નહિ), એવો આત્મસ્વભાવ વિજ્ઞાનઘન, ચિદાનંદ અમૃતનો પિંડ એવી અંતર સ્વભાવની રુચિનો પ્રેમ અને દૃષ્ટિ કરી નહિ એથી એને રાગની રુચિ રહી ગઈ. .. જૈન સાધુ થયો, વ્રત પાળ્યા, ત્યાગ કર્યો, ભગવાનની ભક્તિ પણ અનંતવાર કરી, સાક્ષાત્ મણિરત્નના દીવાએ, કલ્પવૃક્ષના ફૂલે, હીરાના થાળે ભક્તિઓ કરી, પણ પરદ્રવ્ય અનુસારી ભાવ, એ પરદ્રવ્ય અનુસારી ભાવ રાગ હતો. રતિભાઈ! એ રાગથી

મને કલ્યાણ થશે અને એ હશે તો આગળ જવાશે. એવી મિથ્યાશલ્યની રુચિએ એને અંતર સન્મુખ થવા દીધો નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગની નહોતો ઉતારતો, રાગની ઉતારતો હતો. આમાં કહેશે. ભાવભક્તિ રાગની રુચિ છૂટ્યા વિના, સ્વભાવની દૃષ્ટિ સમ્યક્ થયા વિના એ ભગવાનનો ભક્ત હોઈ શકે જ નહિ. રતિભાઈ! ભારે વાત ભાઈ! આવો માર્ગ વીતરાગનો. વીતરાગ કહે અમારી સામું જોવું છોડી દે, તું તારી સન્મુખ થા. અમારી સામું જોયા કરીશ, અમને માનીશ ત્યાં સુધી રાગ થશે. પંચાસ્તિકાયમાં આવે છેને. નવ તત્ત્વની રુચિ, દેવ-ગુરુ-શાસ્ત્રની રુચિ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી રાગ છે, ત્યાં સુધી મુક્તિ થશે નહિ.

કહે છે, ભગવાન શુદ્ધસ્વરૂપ પ્રભુ, જેમાં વિકલ્પનો, ઉદયભાવનો, અશુદ્ધભાવનો જેમાં અભાવ છે. એવા સ્વભાવને (છોડી) રાગની રુચિના બહિર્મુખી શુભરાગના પ્રેમમાં પડ્યો એણે અંતર્મુખ રુચિ કરી નથી. બસ, આ મહાશલ્ય એને પડ્યું છે. કહો, સમજાણું કાંઈ? કાંઈક ટેકો મળશે, શુભરાગ હશેને. કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, કાંઈક ભગવાનની ભક્તિ હશે કાંઈક તો જ્ઞાન સાચું થશે. એવો ઊંડે ભક્તિનો રાગ એના પ્રેમમાં પડ્યો, ભગવાન આત્માની રુચિ કરી નહિ. મિથ્યાત્વનું શલ્ય રહ્યું. સમજાણું?

'**અપના સ્વરૂપ ન દેખા, ન જાના.**' જાણ્યું નહિ. કારણ કે એ સ્વરૂપ તો રાગરહિત સ્વરૂપ છે ભગવાન આત્માનું. અને રાગની રુચિને વશ થયેલો અરાગી સ્વભાવને કેમ જાણે? અરાગી આત્માને કેમ દેખે? એટલે કેમ અંતર રુચિ કરે? '**યહ સંસારી જીવ અનાદિકાલસે આત્મ-જ્ઞાનકી ભાવનાસે રહિત હૈ.**' ભગવાન આત્મા એકલો જ્ઞાનનો રસકંદ, શુદ્ધ અનંત ચિદ્‌સ્વરૂપ પરમાત્મા પોતે છે. એવું આત્મજ્ઞાન અને ભાવના. ભાવના એટલે? એકાગ્રતા. આમ રાગની એકાગ્રતાને કારણે અહીંયાં આત્માની એકાગ્રતા રહિત થઈ રહ્યો. '**આત્મ-જ્ઞાનકી ભાવનાસે...**' જુઓ, શાસ્ત્રજ્ઞાન આદિ નહિ. શાસ્ત્રજ્ઞાન એ પર છે, એ આત્મજ્ઞાન નહિ. શાસ્ત્રજ્ઞાનથી આત્મજ્ઞાન થાતું નથી. એનું લક્ષ છોડે અને આત્માનું લક્ષ કરે ત્યારે થાય. શાસ્ત્રજ્ઞાન પરજ્ઞાન છે, પરાલંબી જ્ઞાન છે, બંધનનું કારણ છે. સમજાણું કાંઈ?

'**આત્મ-જ્ઞાનકી ભાવનાસે રહિત હૈ.**' એમ કહ્યું છે. શાસ્ત્રજ્ઞાન બાર અંગ પણ વિકલ્પ અને ભેદ છે. એ પર તરફના લક્ષવાળો બોધ છે, સ્વનો બોધ નહિ એ. સમજાણું કાંઈ? એ '**આત્મ-જ્ઞાનકી ભાવનાસે...**' ભગવાન આત્મા એકલો અનાકુળ આનંદ અને જ્ઞાનનો રસ છે. એની રુચિ કરે તો એમાં એકાગ્રતાની ભાવના હોય. ભાવના શબ્દે એકાગ્રતા. એનાથી રહિત અનાદિથી છે. એક સમય પણ એણે આત્મસ્વભાવ ભગવાન, એની એકાગ્રતા એક સમય પણ

કરી નથી અને એક સમય પણ એણે રાગની એકાગ્રતા કોઈ દિ' તોડી નથી. ઓહો..હો..! નડે છે આ લોકોને. બાહ્ય ત્યાગ કરો, આ કરો, આ કરો, કાંઈક વ્રત પાળો, આ કરો તો થાશે હળવે-હળવે. શું થાશે? આહા..હા..! જીવને મૂળ ચીજ રુચતી નથી એને. વીતરાગ સ્વભાવ નિર્વિકલ્પ વસ્તુ એ અંતર્મુખ દૃષ્ટિનો વિષય, એ બહિર્મુખ રાગના અભાવથી પ્રાપ્ત થાય એવો વિષય છે, એ એને બહારના વિષયથી પ્રાપ્ત કરવો છે. એ થાય એવો નથી. સમજાણું કાંઈ?

કહો, '**અનાદિકાલસે...**' આત્મજ્ઞાનની ભાવના શબ્દે એકાગ્રતા. ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય પૂંજ છે એની એકાગ્રતા. આમ રાગની એકાગ્રતા છોડી આની એકાગ્રતા (કરવી જોઈએ) એનાથી અનાદિથી રહિત છે. પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ અનંત વાર પાળ્યા. દયા, દાન, કરી કરોડો, અબજોના દાનના ભાવ કર્યા. હજારો રાણી છોડી, મુનિ થયો, નગ્ન થયો, નાગો બાવો થયો અનંત વાર. કાંઈ કર્યું નહિ, કાંઈ કર્યું નહિ. એય..! રતિભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્યો રાગ, કર્યો રાગ.

'**આત્મ-જ્ઞાનકી ભાવનાસે રહિત હૈ.**' ભગવાન આત્મા બિલકુલ રાગની જ્યાં અપેક્ષા નથી, શુભ વિકલ્પની અપેક્ષા જ્યાં નથી એવો નિરપેક્ષ ભગવાન એની એણે રુચિ અને એકાગ્રતા કોઈ દિ' કરી નથી. '**ઈસ જીવને સ્વર્ગ, નરક, રાજ્યાદિ સબ પાયે,...**' સ્વર્ગ મળે તે કાંઈ પાપથી મળતું હશે? કેટલી વાર પુણ્ય કર્યા. શુભ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, જપ, નમોકાર સ્મરણ, ભક્તિ સ્મરણ ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એ તો રાગ છે. એનાથી પુણ્ય બંધાણું અને સ્વર્ગમાં ગયો. પાપના પરિણામ હોય તો નરકમાં (જાય). રાજ્યાદિ પણ અનંત વાર (પામ્યો), આદિ નામ રંક પણ અનંત વાર થયો. રાજ પણ અનંત વાર પામ્યો અબજોનું રાજ અને ભિખારી સો વાર બોલે અને એક વાર કોળિયો મળે એવો રાંક પણ અનંત વાર થયો. '**પરંતુ યે દો વસ્તુયેં ન મિલીં, એક તો સમ્યગ્દર્શન ન પાયા, દૂસરે શ્રીજિનરાજસ્વામી ન પાયે.**' ખુલાસો કરશે હોં. '**શ્રીજિનરાજસ્વામી ન પાયે.**' એ જિનરાજને, ભગવાનને ભજે એ જિનરાજસ્વામી નથી પામ્યો. રાગરહિત આત્માના દૃષ્ટિનું સમ્યક્‌પણું પ્રગટ કરે તો તે જિનરાજને સ્વામી તરીકે સ્વીકારી શકે છે. નહિતર જિનરાજને સ્વામી સ્વીકારી શકતો નથી. સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં અને ભગવાનનું સ્વરૂપ તો વીતરાગ છે અને એની આજ્ઞા તો વીતરાગપણું પ્રગટ કરવા માટે આજ્ઞા છે. રાગ રાખવો અને રાગથી થશે એવી આજ્ઞા ભગવાનની નથી. સમજાણું કાંઈ?

કહે છે, બે ન પામ્યો. '**યહ જીવ અનાદિકા મિથ્યાદૃષ્ટિ હૈ, ઔર ક્ષુદ્ર દેવોંકા ઉપાસક**

है.' લ્યો! ભગવાનનો સેવક થયો અનંતવાર તો કહે, ક્ષુદ્ર દેવ (ઉપાસ્યા). એને અંદરમાં વીતરાગ ન ભાસ્યા. સમજાણું કાંઈ? '**क्षुद्र देवोंका उपासक है.**' એની માન્યતામાં એમ છે કે ભગવાને આ રાગથી લાભ કીધો. એ દેવને જ ઓળખ્યો નહિ. ક્ષુદ્ર દેવનો ઉપાસક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુભ શું મળે? ધૂળ મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના એ શું મળે? આશા રાખે તો કાંઈ ન મળે. એ તો શુભરાગ હોય તો પુણ્ય બંધાય, ધૂળ મળે. સ્વર્ગ અને આ રાજની કહેવાય ઈ. કહો, સમજાણું?

'**श्रीजिनराज भगवानकी भक्ति इसके कभी नहीं हुई,...**' અનંતકાળમાં જિનરાજની ભક્તિ કભી ન હુઈ. આ શું? '**अन्य देवोंका उपासक हुआ सम्यग्दर्शन नहीं हुआ.**'

'**यहां कोई प्रश्न करे,...**' હવે પ્રશ્ન કર્યો. '**कि अनादिका मिथ्यादृष्टि होनेसे सम्यक्त्व नहीं उत्पन्न हुआ, यह तो ठीक है,...**' એ તો બરાબર છે. '**परंतु जिनराजस्वामी न पाये, ऐसा नहीं हो सकता?**' મહારાજ! આ શું કહો છો તમે? વીતરાગ સ્વામી ન મળ્યા? વીતરાગનો વાડો અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કોઈ દિ' કરી નથી? સમવસરણમાં અનંત વાર ગયો, ભગવાનની ભક્તિ અનંત વાર કરી. કહે છે. દાખલો આપે છે જુઓ, '**परंतु जिनराजस्वामी न पाये, ऐसा नहीं हो सकता?**' મહારાજ! શિષ્યની શંકા છે. એ વાત બેસતી નથી મને. અને જુઓ શાસ્ત્રમાં ''**भवि भवि जिण पुज्जिउ वंदिउ**'' શાસ્ત્રમાં એવું છે ભવે ભવે જિનને પૂજ્યા, એ ગુરુને વંદ્યા, ગુરુને માન્યા, ગુરુની ભક્તિ કરી એવો તો પાઠ શાસ્ત્રમાં છે. શિષ્યનો પ્રશ્ન છે. ચંદુભાઈ! ''**भवि भवि जिण पुज्जिउ वंदिउ**'' ગુરુને વંદ્યા, ગુરુની ભક્તિ કરી, ગુરુના વિનય કર્યા, ગુરુની સેવાઓ કરી. શાસ્ત્રમાં તો એવું આવે છે અને તમે કહો છો કે જિનરાજસ્વામી મળ્યા નહિ? સમકિત પામ્યો નહિ એ તો ઠીક.

મુમુક્ષુ :- આ કહે છે, ભવે ભવે મળ્યા અને તમે બિલકુલ ના પાડો છો.

ઉત્તર :- ગાથામાં તો ભવે ભવે એટલે ઘણા ભવ એમ. અનંત ભવમાં અનંત વાર જિનરાજની ભક્તિ, જિનરાજનો સંપ્રદાય, જિનરાજનો સાધુ, જિનરાજનો શ્રાવક વાડાનો અનંત વાર થયો.

'**ऐसा शास्त्रका वचन है, अर्थात् भव भवमें इस जीवने जिनवर पूजे...**' ભવ ભવ એટલે? જે મનુષ્યભવ જ્યારે મળ્યા, ત્યારે એમાં પણ જ્યારે જિનનું કૂળ મળ્યું ત્યારે એવા અનંતા ભવમાં જિનવરની પૂજા કરી છે. ભગવાનની મૂર્તિ, પૂજા, સમવસરણ અનંત વાર પૂજ્યા છે, એકવાર નહિ. શાસ્ત્ર આમ કહે છે અને તમે કહો છો કે જિનરાજ સ્વામી (મળ્યા) નહિ. આપણને બેસતું નથી ભાઈ! શિષ્યની શંકા છે. '**जिनवर पूजे और गुरु**

વંદે.' એ મહાગુરુ મળ્યા, મુનિરાજ ભાવલિંગી સંત છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન, છઠ્ઠે સાતમે ઝૂલે એવા સંત મળ્યા અનંત વાર અને એની પણ પૂજા અને વંદન અનંત વાર કર્યા એવો પાઠ છે અને તમે કહો કે કર્યા નથી કોઈ દિ'. સાંભળ-સાંભળ.

'**પરંતુ તુમ કહતે હો, કિ ઈસ જીવને ભવ-વનમેં ભ્રમતે જિનરાજસ્વામી નહીં પાયે, ઉસકા સમાધાન—જો ભાવ-ભક્તિ ઈસકે કભી ન હુઈ,...**' આત્માની ભાવભક્તિ વીતરાગ રુચિ કરી નહિ એથી ભગવાનની પણ એને ભાવભક્તિ કદી થઈ નહિ. સમજાણું કાંઈ? એ શુભભાવ એ ભાવભક્તિ નહિ એમ કહે છે. સમંતભદ્રાચાર્ય કહે છે સ્વયંભૂસ્તોત્રમાં અભવિની વાત લેતા, હે નાથ! એ રાગનો રસિલો અભવિ આપને નહિ વંદે. એને રાગનો પ્રેમ છે પ્રભુ! આપ વીતરાગ છો, એ નહિ વંદે તમને. એ બહારમાં વંદન નથી કરતો? અભવિ સાધુ થયો અનંતવાર. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં. કરોડ પૂર્વના આયુષ્ય વખતે તો કેટલા અબજો વાર નમોકાર ગણતો હશે અને જૈનનો દિગંબર સાધુ અનંત વાર થયો. છતાં સ્વામી સમંતભદ્ર સ્તુતિ કરતા કહે છે, નાથ! અભવિ ગ્રંથિવાળા છે. રાગની એકત્વબુદ્ધિવાળો છે. રાગની એકત્વબુદ્ધિવાળો રાગરહિત આપને નહિ વંદે. એટલે કે રાગમાં એકત્વબુદ્ધિવાળો, હે નાથ! આપને સ્વામી નહિ સ્વીકારે. સમજાણું કાંઈ?

આ રાડું પાડે છેને વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર જોઈએ, વ્યવહાર હોય તો થાય. એ કહે છે કે રાગની રુચિવાળા વીતરાગને માનતા નથી. વ્યવહાર એટલે વિકલ્પ, વિકલ્પ એટલે રાગ. રાગના રસિલા પ્રભુ! આપને નહિ માને હોં. એમ સમંતભદ્ર સ્વયંભૂસ્તોત્રમાં કહે છે. આતા હૈ ન પંડિતજી? અભવિ .. આવે છે શબ્દ ક્યાંક. શેમાં? સ્તવન છે. નામ આપણને બધું કાંઈ આવડે છે કાંઈ? ચોવીસ સ્તુતિ છેને એમાં. અભવિ સત્તા એવો શબ્દ સ્તુતિમાં છે. કાઢજો. ન માને. કેમકે અનાદિ રાગની એકત્વબુદ્ધિ છે એની. એવા જે જીવો ભવિ હો, પણ જેને અંદર શુભરાગ વિકલ્પ રુચે છે, ગોઠે છે, એને ઠીક છે, આ હોય તો થશે, પ્રભુ! એ આપને નહિ માને. એ આપને નહિ વંદે, આપને સ્વામી નહિ સ્વીકારે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

'**ભાવ-ભક્તિ ઈસકે કભી ન હુઈ, ભાવ-ભક્તિ તો સમ્યગ્દૃષ્ટિકે હી હોતી હૈ,...**' આમ રાગ વિનાનો વીતરાગ સ્વભાવ દૃષ્ટિમાં ન બેસે ત્યાં સુધી એને ભાવભક્તિ પોતાની પણ નથી અને ભગવાનની પણ નથી. ગમે તેવા એ ટોકરા વગાડ્યા કરે અને ભક્તિ કર્યા કરે અને સ્તુતિ કર્યા કરે. ભગવાનના મંદિરો લાખ, કરોડ બનાવ્યા કરે, હરામ એને આત્માનો લાભ થાય તો. લાખ કરોડ મંદિરો બનાવે. એય..! માનસ્તંભ બનાવે લાખ-કરોડ તો? એ તો પરપદાર્થ થવાની ક્રિયાએ થાય છે. એમાં ભાવ હોય તો શુભ હોય. એમાં એકત્વબુદ્ધિમાં

આ ધર્મ છે એમ માને તો મિથ્યાત્વ છે. કહો, સમજાણું આમાં? **'ભાવ-ભક્તિ તો સમ્યગ્દૃષ્ટિકે હી હોતી હૈ,...'** વીતરાગસ્વરૂપ આત્મા, અકષાયસ્વરૂપ આત્મા (એની) અંદરમાં રુચિ, દૃષ્ટિ સમ્યક્ થઈ એણે જિનરાજસ્વામી સ્વીકાર્યા. સમજાણું કાંઈ? નહિતર એ જિનરાજને માનતો નથી, એ ક્ષુદ્ર દેવને માને છે. સમજાણું કાંઈ?

**'ઔર બાહ્યલૌકિકભક્તિ ઈસકે સંસારકે પ્રયોજનકે લિયે હુઈ વહ ગિનતીમેં નહીં.'** કારણ કે લક્ષ રહ્યું પ્રયોજન રાગનું. રાગના પ્રયોજને ભક્તિ એ કાંઈ ગણતરીમાં છે નહિ. કહો, સમજાણું આમાં? **'ઉપરકી સબ બાતેં નિઃસાર (થોથી) હૈં,...'** ભગવાન આત્મા તદ્દન નિર્લેપ, નિર્વિકલ્પ વીતરાગઘન એની અંતર દૃષ્ટિ, રુચિ કરી નથી એ જીવો બધી ભક્તિ આદિ ભગવાનની, દેવની, ગુરુની કરે તે થોથા છે. છે? અભવિ સત્તા છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. ક્યાં આવ્યું ઈ? મહાવીર ભગવાનમાં. ઠીક. 'હે જિન તુ અસુર તુમ્હે પૂજે મિથ્યાત્વી ચિત્ત નહીં તુમ્હે પૂજે.' જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે એ તમને નહિ પૂજી શકે. રાગના પ્રેમવાળા વીતરાગને નહિ માને. એની ભક્તિ કરે અને રાગ થાય તોય કહે એને નહિ માને. રાગની ભક્તિ છે. સમજાણું? ઓલામાં વિશેષ કહેશે જુઓ. ભાઈએ કર્યું છેને. દિલ્હીવાળા જુગલકિશોર એણે અર્થ કર્યા છે. સમજાણું કાંઈ?

કહે છે, **'ઉપરકી સબ બાતેં નિઃસાર (થોથી) હૈં,...'** ઉપરનો અર્થ? એ જ્ઞાનાનંદ ભગવાન જેને રાગ વિનાનો રુચ્યો નથી, ગોઠ્યો નથી, પ્રતીત કરી નથી એ બધા જીવને પુણ્યના, રાગના પ્રેમમાં પડ્યા એ ભક્તિ ભગવાનની ખોટી છે. સમજાણું કાંઈ? એ કાંઈક આપી દેશે, એને માનશું તો આપી દેશે અને એને માનશું તો ભાવ થયો એમાંથી પણ કાંઈક કલ્યાણ થશે. એ બધા ભક્તિ કરનારા ખોટી ભક્તિ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તત્ત્વ હોય એવું હોય કે કાંઈ વિરુદ્ધ હોય? બાળજીવોને શું કહેવાય? બાળજીવો એ આત્મા છે કે નહિ? આત્મા તો આ રીતે કહે કે આત્માને આ ઉપદેશ કહેજે. **'जो जाणदि अरहंतं'** અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય આવા છે એવા જેને જાણીને આત્મા સાથે મેળવે છે. એવો મેળવીને મોહનો ક્ષય કરે છે. અમે પણ એ રીતે મોહનો ક્ષય કર્યો અને રાગ-દ્વેષ વીતરાગ કહે છે કે અમે નાશ કર્યો, એવો જ અમે જગતને ઉપદેશ આપ્યો છે. ૮૨મી ગાથા.

મુમુક્ષુ :- ઉપદેશ તો અનેકાંતનો આપ્યો છે, ...

ઉત્તર :- એને એકાંત ન થયો? કે આત્માના સ્વભાવને આશ્રયે લાભ થશે, રાગને આશ્રયે થશે નહિ એનું નામ અનેકાંત છે. અનેકાંત (એટલે) રાગથી લાભ થાય અને સ્વભાવથી લાભ

થાય એને અનેકાંત કહેવાય? એ તો ફુદડીવાદ છે, મિથ્યાત્વવાદ છે. સમજાણું? ભગવાન કહે છે કે અમે સર્વ તીર્થંકરોએ '**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा, किच्चा तधोवदेसं...**' ઉપદેશ એવો જ અમે કર્યો. કેવળજ્ઞાનની પર્યાય સર્વજ્ઞની એક સમયની પર્યાય થાય, ત્રણ કાળ, ત્રણ લોકને દેખે. એવો અરિહંતનો પર્યાય જે આત્મા સાથે મેળવે કે આ પર્યાય જે પ્રગટ કરે એની લાયકાતવાળો હું છું. એવી લાયકાતવાળો હું તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. પર્યાયમાં તો છે નહિ સર્વજ્ઞપદ. તો સર્વજ્ઞપદની પર્યાય પ્રતીત કરવા જાય છે ત્યાં એક સમયની પર્યાયમાં પર્યાયને આશ્રયે પ્રતીત થતી નથી. સર્વજ્ઞની પ્રતીત કરવા જાય છે એટલે કે મોક્ષતત્ત્વની પ્રતીત કરવા જાય છે એટલે એક સમયની પૂર્ણ જ્ઞાનનું સામર્થ્ય એની પ્રતીત કરવા જાય ત્યાં અંદર દ્રવ્યમાં સર્વજ્ઞપદ છે એનો આશ્રય લે ત્યારે સર્વજ્ઞની પ્રતીત થાય છે, એ વિના પ્રતીત થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એક ન્યાયે તો, સર્વજ્ઞપર્યાય મોક્ષ એક ન્યાયે તો પરદ્રવ્ય કીધું છે. કારણ કે મોક્ષ એક સમયની પર્યાય છે. એક સમયનું સ્વદ્રવ્ય નથી, સ્વદ્રવ્ય નથી. એ અપેક્ષાએ તો પરદ્રવ્ય કીધું છે એક ન્યાયે. કારણ કે પોતાને સાધકને છે નહિ અને બીજાને થયેલું છે એ તો પરદ્રવ્યમાં જાય છે. જ્યારે કેવળને પામવાની પર્યાયની પ્રતીત કરવા જાય ત્યારે એને સામા કેવળી ઉપર નજર કરે તો પ્રતીત થતી નથી, પોતાનો સાધકભાવ છે એની સામું જોવે તો એની પ્રતીત થઈ શકતી નથી, ઉઘડેલો પર્યાય છે એની પ્રતીત કરવા જાય તો પ્રતીત થઈ શકતી નથી. ભગવાન મોક્ષતત્ત્વ, સર્વજ્ઞતત્ત્વ એટલે કે મોક્ષતત્ત્વ સાત તત્ત્વમાં. એટલે મોક્ષ નામ કેવળ(જ્ઞાન) અને કેવળદર્શન અનંત ચતુષ્ટય પર્યાય પ્રગટ પૂર્ણ. ત્રણ કાળ, ત્રણ લોક જેણે જોયા એવો પર્યાય એની પ્રતીત તો, પર્યાયની પ્રતીતે પર્યાયની પ્રતીત થતી નથી. પર્યાયવાન દ્રવ્યની પ્રતીત કરતા એ પર્યાયની પ્રતીત થાય છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**ઉપરકી સબ બાતેં નિઃસાર (થોથી) હૈં, ભાવ હી કારણ હોતે હૈં, સો ભાવ-ભક્તિ મિથ્યાદષ્ટિકે નહીં હોતી.**' જેને એક શુભ વિકલ્પ, જેનાથી સ્વર્ગ પ્રાપ્ત થાય, પુણ્ય બંધાય કે દયા, દાનના પરિણામ, મહાવ્રતના પરિણામ કે ભક્તિના પરિણામ, પર આશ્રય પરિણામ, પરલક્ષી પરિણામ, પરદ્રવ્ય આશ્રય વિકલ્પનું થવું એનો જેને પ્રેમ છે તે મિથ્યાદૃષ્ટિ ભગવાનનો ભક્ત થઈ શકતો નથી. એટલે કે એ સમકિતી થઈ શકતો નથી. સમકિતી વિના ભગવાનનો ભક્ત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? વાત એણે સાંભળી નથી. આમ એવી .. હાય.. હાય.. ભિખારી ખરોને. કાંઈક ટેકો હોયને કાંઈક ટેકો થોડો. પાંગળા માણસને લાકડી જોવે. લાકડી વિના ચાલી શકે? એમ પાંગળો માને છે એને. કાંઈક ટેકો... ટેકો... ટેકો... એ ટેકામાં આખો માર્ગ ખસી ગયો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રહી ગયો આખો.

કહે છે **'ભાવ-ભક્તિ મિથ્યાદષ્ટિકે નહીં હોતી. જ્ઞાની જીવ હી જિનરાજકે દાસ હૈં,...'** જિનરાજનો દાસ જ્ઞાની હોય છે. ભગવાન ચિદ્‌ઘન આત્મા એકલી વીતરાગમૂર્તિ પ્રભુ એની સમ્યક્ દષ્ટિ કરનારો જિનરાજનો દાસ હોઈ શકે. સમજાણું કાંઈ? **'સો સમ્યક્ત્વ બિના ભાવ-ભક્તિકે અભાવસે જિનસ્વામી નહીં પાયે,...'** કહો, સમજાણું આમાં? પરમાત્મપ્રકાશ છે આનું નામ. પરમાત્મા પોતે દ્રવ્ય સ્વરૂપે છે, પર્યાયમાં પરમાત્મા થવું હોય એની વાત છે. બેય પરમાત્મા. વસ્તુએ પરમાત્મા છે, પોતે આત્મા દ્રવ્યે મુક્તસ્વરૂપ પરમાત્મા જ છે. એની એકાગ્રતા દ્વારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા મુક્તિની પર્યાયમાં પરમાત્મા થવાય છે.

એ પર્યાયમાં પરમાત્મા કેમ થવાય? કે આ પરમાત્મા એકલો શુદ્ધ અખંડાનંદ પ્રભુ, એની દષ્ટિ, રુચિ, પરિણતિ કર્યે મોક્ષનો માર્ગ થાય અને તે મોક્ષ એટલે પરમાત્મા થાય. એ વિના વચ્ચે રાગ અને વિકલ્પની વાતું લાખ કરોડ આવે, એ બંધનના કારણોથી મુક્તિના પરિણામ કોઈ દિ' ઉત્પન્ન થાય નહિ. કહો, સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન એ રાગ છે. એ બંધનું કારણ (છે), એનાથી મુક્તિનો ઉપાય કોઈ દિ' ન થાય. નિમિત્ત તરીકે આરોપ દઈને કથન કરાય. વસ્તુ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? શશીભાઈ! ભારે વાત આકરી!

આ તો કહે પોતે સમ્યક્ પામે ત્યારે ભગવાનનો દાસ લ્યો! પણ એ પહેલા ભગવાનનો દાસ થયા વિના સમકિત પામે શી રીતે? નવનીતભાઈ! બસ! એ જ વાંધો છેને. વાંધો જ આ છે અનાદિનો જગતને. પહેલું આ હોય તો થાય... પહેલું આ હોય તો થાય... પહેલું આ હોય તો થાય... એટલે પહેલું ઝેર હોય તો અમૃત થાય... પહેલું ઝેર હોય તો અમૃત થાય, પહેલું ઝેર ખવાય તો અમૃત થાય. એમ પહેલો રાગ શુભ હોય તો અમૃત થાય, આત્મા મળે. એ જ અનાદિનું શલ્ય વીતરાગપણાની રુચિ કરવા દેતું નથી. કહો, સમજાણું આમાં? એ લાકડા એવા ખોસ્યા, એ પાછા ધર્મને નામે. મીઠાં લાગે એને. કાંઈક ટેકો મળે, આશ્રય હોય કાંઈક. લ્યો આ તો પાધરી વાત.

મુમુક્ષુ :- બચ્ચાને તો ટેકા જોઈએને.

ઉત્તર :- ટેકા-બેકા ક્યાં? મડદાને ટેકા શું આપે? ચાલતો હોય એને ઓલો ટેકો નિમિત્તથી કહેવાય. મડદું ચાલી શકતું હશે? એમ ભગવાન આત્મા એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ વીતરાગી વિજ્ઞાનઘન જેને રાગ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પણ જેને ઝેર છે. જેના સ્વભાવ આગળ એ રાગ ઝેર છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ વસમું લાગે.

ઉત્તર :- વસમું લાગે કે ન લાગે એણે માને છૂટકો છે. ધર્મ સમજવો હોય તો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ઉદયભાવ છે, ઉદયભાવ એટલે રાગ છે એ તો ઝેર છે. આહા..હા..! રાડ નાખી જાય. આમ સારું સારું લાગે. ષોડશકારણ ભાવના ભાયે. શું આવે છે? દર્શનવિશુદ્ધિ. તીર્થંકરપદ પાય. પરમગુરુ હોય.. એ ગાયન આવે તો મજા પણ આવે એમાં. દર્શનવિશુદ્ધિ ભાવના ભાયે ષોડશકારણ અને તીર્થંકર થાય લ્યો! શું પણ સાંભળ તો ખરો. એ તીર્થંકરનો વિકલ્પ પણ કોને હોય? સમ્યગ્દષ્ટિને. અને જેને એ વિકલ્પ ઝેર જેવો દેખાય છે. આત્માના અમૃતમાંથી લૂંટીને ઊભો થાય છે એ વિકલ્પ. એનાથી સમ્યગ્દષ્ટિ લાભ માનતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એનાથી લાભ માનતો નથી. રાગથી લાભ માને? ઉદયભાવ, આસ્રવભાવ, એનાથી લાભ માને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તીર્થંકર એનાથી થયો? તીર્થંકર થયો એ તો બહારની સામગ્રી થઈ. એ રાગથી બંધન થયું, એ બંધનનો પાક ક્યારે આવશે? કે રાગનો અભાવ કરીને સર્વજ્ઞપદ થાશે ત્યારે પ્રકૃતિના પાકનો ઉદય આવે. એમાં એને શું થયું? ત્યારે આ ઢગલા સમવસરણના પ્રાપ્ત થાશે. કહો, સમજાણું કાંઈ?

**'જ્ઞાનીજીવ હી જિનરાજકે દાસ હૈં,...'** જિનરાજ વીતરાગ પરમાત્મા એનો દાસ કોણ હોઈ શકે? સમજાણું કાંઈ? **'સો સમ્યક્ત્વ બિના ભાવ-ભક્તિકે અભાવસે જિનસ્વામી નહીં પાયે,...'** ઓહો..હો..! વીતરાગ પરમેશ્વર, જેને એક વિકલ્પની ગંધ નથી અને અનંત-અનંત આનંદ અને જ્ઞાન જેના વિકાસપદને પામ્યા છે એવા ભગવાનની આજ્ઞામાં વીતરાગપણાની દૃષ્ટિ કરવી, જ્ઞાન કરવું અને ચારિત્ર વીતરાગી કરવું એવી ભગવાનની આજ્ઞા છે. એ આજ્ઞા સમજ્યો ત્યારે એને આત્માની રુચિ થઈ. આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ થઈ તે વીતરાગનો દાસ કહેવામાં આવે છે. ત્યાં સુધી વીતરાગનો દાસ નથી, રાગનો સેવક છે. રાગનું ભજન. મોહ-ભજન. અનુભવપ્રકાશમાં કહ્યું છેને ભાઈ! આત્મદર્શનની પ્રતીત ને અનુભવ વિના, આત્માના અનુભવ વિના ભગવાનની ભક્તિ એ મોહ-ભજન. અનુભવપ્રકાશમાં કહ્યું છે. મોહ-ભજન છે. એ વનમાં હરણિયા અને ગામમાં સાધુ એ બેય એકસરખા છે. ન્યાલભાઈ! એ છે ભાઈ એમાં છેને. અનુભવપ્રકાશ. દીપચંદજી. છેને લાવોને ભાઈ! કાઢો તો ખરા. થોડું હોય તો વધારે વિસ્તાર થાય. અહીં બધું યાદ રહે છે કાંઈ? થોડું-થોડું યાદ આવી જાય મગજમાં વળી કાંઈક. આહા..હા..! ભગવાન આત્મા, એક રાગનો વિકલ્પ પુણ્ય-પાપનો ઉઠે એ વિનાની ચીજ છે. એવી જેણે દૃષ્ટિ અને અનુભવ કર્યો નથી એ બધા ભગવાનના ભજન નથી કરતો, મોહના ભજન કરે છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે '**ભાવ-ભક્તિકે અભાવસે જિનસ્વામી નહીં પાયે, ઈસમેં સંદેહ નહીં હૈ.**' ઈસમેં સંદેહ નહીં. કહો, બરાબર હશે? રતિભાઈ! આહા..હા..! અરે..! પણ આવું એકદમ! થોડું-થોડું હળવે-હળવે કહો તો. ક્યાંક છેને કાઢો તો ખરા. તમે કાઢીને આપો ત્યારે ખબર પડેને. અહીં હું કાઢવા જાવ? આની કોરના ભાગમાં છે નીચે. આની કોરના ભાગમાં છે. આની કોરના ભાગમાં કીધું હો. પાછું .. જોવા માંડો. અનુભવધરા. ૬૩ (પાનું). ભગવાન આત્માની દૃષ્ટિ અને અનુભવ કરવો એ વિના, અનુભવ વિના '**તે અનુભવ ધરા (મૂશળધાર વરસાદરૂપ-ધારાપ્રવાહરૂપ) જાગતાં, દુઃખદાવાનલ રંચ પણ રહેતો નથી. મુનિજનો સ્વાનુભવને ભવવાસ ઘટાનો નાશ કરવા માટે પરમ પ્રચંડ કહે છે. અનુભવસુધાનું પાન કરીને અનેક ભવ્ય જીવ અમર થયા. અનુભવ જ પરમ પૂજ્ય પદને કરે છે એ વિના સર્વવેદપુરાણ નિરર્થક છે,...**' એ આત્માની વીતરાગ દૃષ્ટિ થયા વિના વેદ-પુરાણ તારા બધા થોથા છે શાસ્ત્રના ભણતર. '**સ્મૃતિ વિસ્મૃતિ છે,...**' આ સ્મરણ ગમે તેટલું રાખ તોપણ એ બધું વિસ્મરણ છે.

મુમુક્ષુ :- ભગવાનનું સ્મરણ કરીએ એ?

ઉત્તર :- એ વિસ્મરણ.

'**શાસ્ત્રાર્થ વ્યર્થ છે,...**' તારા શાસ્ત્રના વાદ-વિવાદના ભણતર આત્માની દૃષ્ટિ વીતરાગ કર્યા વિના '**પૂજા, ભજન મોહ છે,...**' એ ૬૩ પાનું. આ '**અનુભવ વિના નિર્વિઘ્ન કાર્ય વિઘ્ન છે, પરમેશ્વરકથા તે પણ જૂઠી છે.**' પરમેશ્વરની વાર્તા કર તોપણ જૂઠી. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ કરી નથી, એ વિના પરમેશ્વર કથા જૂઠી, '**તપ પણ જૂઠ છે, તીર્થસેવન જૂઠું છે. (અનુભવ વિના) તર્ક, પુરાણ, વ્યાકરણ ખેદ છે,...**' અનુભવ વિના '**ગામમાં ગાય, શ્વાનની જેમ અને વનમાં હિરણાદિની જેમ અજ્ઞાન તપસી છે.**' ગમે ત્યાં ફર બાવો થઈને, જોગી થઈને, મુનિ થઈને, પણ આત્માની વીતરાગ દૃષ્ટિ વિના રાગના પ્રેમમાં પડ્યા એ બધા હરણિયા અને ગાય અને ભેંસ જેવા છે. સમજાણું કાંઈ? ઘણી વ્યાખ્યા કરી છે. બે લીટી કરી છે. પાનું-૬૩ છે હોં. કહો, સમજાણું આમાં? અનુભવપ્રકાશ ભાઈનું દીપચંદજીનું છે. સર્વ વ્યાખ્યાન આ બધું ઉતરી ગયું છે. સ્વાનુભવ બધું ઘણું આવી ગયું છે. કહો, સમજાણું?

'**જો જિનવરસ્વામીકો પાતે, તો ઉસીકે સમાન હોતે,...**' દેખો, ઓહો..! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ-રાગ વિનાની પૂર્ણ પદવી પ્રાપ્ત કરી. એવી અંતરમાં રાગ વિનાની પ્રાપ્તિ આત્માની કરે તો જિનવર થયા વિના રહે નહિ. જિનવર સમાન. જોયું! '**ઉસીકે સમાન હોતે, ઉપરી લોગ-દિખાવારૂપ ભક્તિ હુઈ,...**' લોક... ઉપર લોક દિખાવા. આમ દેખે કે ઓહો..હો..!

ભક્તિ કરે, પૂજા કરે, સ્તવન કરે, સ્તુતિ કરે છે. આહા..હા..! રાગડા તાણે મોટા-મોટા. મોટો ભગત છે. આખો દિ' ચોવીસ કલાક ભગવાનની ભક્તિ કરે. ભક્તો એ બધો રાગ છે ભક્તિ, સાંભળને. ભગવાન આત્મા રાગ વિનાની ચીજ સ્વરૂપ ચિદાનંદ છે એની દૃષ્ટિ કરતો નથી, એને રુચતુ નથી હજી. એ રાગથી છૂટીને આ કરવું એ ગોઠતું નથી. ગોઠે છે ઓલો રાગ.

'તો કિસ કામકી,...' '**ઉપરી લોગ-દિખાવારૂપ ભક્તિ હુઈ, તો કિસ કામકી, યહ જાનના. અબ શ્રી જિનેન્દ્રદેવકા ઔર સમ્યગ્દર્શનકા સ્વરૂપ સૂનો. અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત ઔર ક્ષુધાદિ અઠારહ દોષ રહિત હૈં.**' લ્યો! ભગવાન તીર્થંકરદેવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય પ્રાપ્ત અને ભગવાનને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય. સમજાય છે કાંઈ? ક્ષુધા, તૃષા રોગ ભગવાનને માને એ ભગવાનને ઓળખતો નથી, ગુરુને ઓળખતો નથી, શાસ્ત્રને ઓળખતો નથી. એ આત્માને ઓળખી શકે નહિ.

મુમુક્ષુ :- એ તો વિચારયોગ છે એમાં શું?

ઉત્તર :- વિચાર હોય? મહા ક્ષુધા-તૃષા લાગે એને અશાતાની તીવ્રતા ઉદયમાં છે. અહીંયા અનુભાગનો રસ મોળો પડવો જોઈએ, અંદર શુદ્ધતાના ધ્યાનમાં ઘણો મોળો પડીને ઘણો શુભ થવો જોઈએ, એ શુદ્ધતાના ધ્યાનનો એણે નકાર કર્યો છે. શુદ્ધતાનો ધ્યાનનો નકાર કરીને શુદ્ધતા આટલી હોય છતાં આટલો રસ રહી જાય કે જેને લઈને ત્યાં ભૂખ લાગે, તૃષા લાગે, રોગ થાય, એ શુદ્ધતાની પરિણતિને ન જાણી, એણે આત્મદ્રવ્યને ન જાણ્યું, કેવળીને ન જાણ્યા, એણે કેવળ પામવાને લાયક સંવર-નિર્જરાની દશામાં કેટલો અશાતાનો રસ ઘટી જાય, કેટલું ઘણું અનંતમા ભાગમાં રહી જાય, એ કર્મના નિમિત્તમાં પણ આવું થાય એને પણ એણે જાણ્યું નથી. અજીવને ન જાણ્યું, સંવર-નિર્જરાને ન જાણ્યું, રાગ વિકલ્પ ઘણો મંદ રહે એને ઠેકાણે તીવ્ર આવો રાગ રહે કે જેથી અશાતા તીવ્ર રહે અને ઉદય આવે. એ બધા એકેય તત્ત્વને એણે જાણ્યું નથી.

મુમુક્ષુ :- બધાય પડખાં ખોટા?

ઉત્તર :- બધાય પડખાં ખોટા. અનંત જ્ઞાન પણ નથી માનતો ઈ. અનંત કેવળજ્ઞાન જે પર્યાય વડે થાય તે પર્યાયમાં અંદર અશાતાનો અનંતો ઘણો રસ રહી જાય એમ કોઈ દિ' બને નહિ. જે મોક્ષમાર્ગની પર્યાયે કેવળ થાય એ મોક્ષમાર્ગમાં અશાતાનો રસ અનંતો ભાગ પડી જાય, અનંતમો ભાગ રહી જાય, એને ઠેકાણે આટલો અનંત રસ રહી જાય અને નિર્મળ પર્યાય આવી હોય (એમ માને) એની એને ખબર નથી. મોક્ષમાર્ગની ખબર નથી, મોક્ષની ખબર નથી. વાત તો આવી છે. તેથી આ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત ઔર ક્ષુધાદિ અઠારહ દોષ રહિત હૈં.**' એક આ પૂછ્યું હતું મોતીરામે. આ અઢાર દોષ પૂછ્યા હતાને તમે? એ અઢાર દોષ આ. સર્વજ્ઞ પરમાત્માકો ક્ષુધા નહીં હૈ. અનંત આનંદ પ્રગટ્યો એને ક્ષુધા કેવી? વળી આહાર લાવે અને ખાય ને... એ તો અજ્ઞાનીઓએ (કલ્પના કરી).

મુમુક્ષુ :- પોતે..

ઉત્તર :- પોતે ન જાય, બીજા લાવે. તદ્દન ઉલટી દૃષ્ટિના કથનો બધા છે. કહો, સમજાણું કાંઈ? તેથી આ મૂક્યું છે હોં પાઠમાં છે જુઓ, '**क्षुधाद्यष्टादशदोषरहितो**' સંસ્કૃતની પહેલી લીટી છે. સહિત અને રહિત અનેકાંત કર્યું. આવા દોષ નહિ અને આવા ગુણની પર્યાય પ્રગટી છે એવા સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદ જેને છે. જેના સેવકોને વાસુદેવ કે બળદેવ કે ઇન્દ્રો કે એને રોગ ન થાય અને આને આકરો રોગ થાય. તત્ત્વની વાતમાં એકેય તત્ત્વ સાચું નથી. જીવતત્ત્વ નહિ, એની શક્તિનું સામર્થ્ય નહિ, એની પર્યાયની તાકાત કેટલી મોક્ષ માટે પ્રગટે એની ખબર નથી. તે વખતે રાગ મંદ કઈ જાતનો હોય? અને તેથી મંદ શાતા, એ શાતામાં વિશેષ રસ હોય, અશાતા ત્યાં હોય નહિ. એ બધા અજીવ ને રાગ અને સંવર ને દ્રવ્ય ને બધી તત્ત્વની ભૂલ એની અંદર ઉભી થાય છે. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? શાસ્ત્ર જ નથી. ક્ષુધા, તૃષા, ભગવાનને રોગવાળા માને એ શાસ્ત્ર જ નથી. એય..! ..ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે! તત્ત્વની દૃષ્ટિ .. આમાં તો.

જુઓ, શું કહે છે? '**ક્ષુધાદિ અઠારહ દોષ રહિત હૈં.**' આહા..હા..! પૂર્ણ પરમાત્મા, પૂર્ણ વીતરાગ એ પરમેશ્વરની પર્યાય, એ પર્યાય જેને પોતાની પ્રતીતમાં લેવી છે એને અશાતા કર્મના આદિ કેટલા રસ મંદ પડી ગયેલા હોય, એને રોગ આવે, ક્ષુધા લાગે ને તૃષા લાગે અને શરીરમાં અશાતા દેખાય આમ રોગ થાય. એ વાતની એકેય તત્ત્વને સમજ્યા નથી. બિલકુલ નવેય તત્ત્વની ભૂલ, નવેયની વિપરીત ભૂલ. ચંદુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનાદિથી પડ્યા છે. એને કાંઈક કાંઈક એવા મળે નહિ તો રખડે શી રીતે?

એટલે કે '**ચતુષ્ટય સહિત ઔર ક્ષુધાદિ અઠારહ દોષ રહિત હૈં. વે જિનસ્વામી હૈં, વે હી પરમ આરાધને યોગ્ય હૈં,...**' લ્યો! એ જિનસ્વામી એને મળ્યા નથી. '**તથા શુદ્ધાત્મજ્ઞાનરૂપી નિશ્ચયસમ્યક્ત્વ...**' લ્યો! એ વસ્તુ કાલે આવશે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર એને રાગ વિનાની અંતર અનુભવમાં પ્રતીતિ એનું નામ નિશ્ચય સમકિત એ પણ કોઈ દિ' પામ્યો નથી. જિનરાજ સ્વામી પામ્યો નથી અને સમકિત પામ્યો નથી. સમકિત

પામે તો જિનરાજ સ્વામી પામ્યા કહેવાય, નહિતર પામ્યા કહેવાય નહિ.

મુમુક્ષુ :- બેય એક સાથે પામે છે?

ઉત્તર :- બે એક સમયમાં સાથે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૪, સોમવાર, તા. ૧૨-૦૭-૬૫**
**ગાથા-૧૪૩-૧૪૪, પ્રવચન-૧૬૮**

પરમાત્મપ્રકાશ અધ્યાય બીજો. ૧૪૩ ગાથા ચાલે છે. છેલ્લો અધિકાર છે છેલ્લે જુઓ. થોડું ચાલ્યું છે. ફરીને જુઓ.

‘**અબ શ્રી જિનદેવકા ઔર સમ્યગ્દર્શનકા સ્વરૂપ સુનો.**’ મૂળ પાઠમાં એ છેને. જિનદેવ કોને કહીએ અને સાચું સમ્યગ્દર્શન કોને કહીએ. ‘**અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત...**’ જિનવરદેવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય વગેરે ‘**જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત ઔર ક્ષુધાદિ અઠારહ દોષ રહિત હૈં.**’ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ એને આહાર, પાણી, ક્ષુધા, તૃષા, રોગ હોય નહિ. એ નાસ્તિથી વાત કરી. અસ્તિથી અનંત ચતુષ્ટય સહિત કીધી. ‘**વે જિનસ્વામી હૈં,...**’ એ વીતરાગ સ્વામી છે. એ વીતરાગ સ્વામી કોના હોય? એનો દાસ હોય એના એ સ્વામી હોય. એનો દાસ કેવો હોય? કે જે રાગનો સ્વામી ન થાય અથવા રાગથી લાભ માને નહિ.

મુમુક્ષુ :- રાગનો ધણી ન થાય.

ઉત્તર :- રાગનો ધણી ન થાય-સ્વામી ન થાય. અને રાગ આવે ખરો શુભાશુભભાવ, પણ એનો સ્વામી ન થાય અને રાગથી લાભ ન માને. ચૈતન્ય વીતરાગી વિજ્ઞાનઘન આત્મા એની દૃષ્ટિમાં આત્મા વીતરાગ સ્વરૂપ જ શરણ છે. એમ માનનાર વીતરાગનો દાસ હોઈ શકે. સમજાણું કાંઈ? જે રાગનો સ્વામી થાય એ ચૈતન્યનો સ્વામી રહી શકતો નથી. શુભાશુભ પરિણામ થાય એનો સ્વામી-ધણી થાય એ સહજાત્મ ચૈતન્ય સ્વરૂપનો સ્વામી થઈ શકતો નથી અને

સહજાત્મ સ્વરૂપનો સ્વામી થાય એ શુભાશુભ પરિણામનો ધણી-સ્વામી થઈ શકતો નથી. એ વીતરાગનો દાસ થઈ શકે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વીતરાગનો દાસ.

ઉત્તર :- વીતરાગનો દાસ છે ઈ. હજી વીતરાગદશા પૂર્ણ થઈ નથી અને વીતરાગ સ્વભાવી આત્મા એનો આદર કર્યો છે અંતર દૃષ્ટિના અનુભવમાં. પુણ્ય-પાપના વિકલ્પનું ધણીપતું-સ્વામીપણું દૃષ્ટિમાં છૂટી ગયું છે એ જ ખરેખર વીતરાગનો દાસ છે. એ જ જૈન પરમેશ્વર જૈનને સ્વામી તરીકે સ્વીકારે છે. કહો, સમજાણું કાંઈ? '**વે હી પરમ આરાધને યોગ્ય હૈં,...**' એવા વીતરાગ પરમાત્મા સેવવા યોગ્ય છે. એટલે? કે આત્મા જ વીતરાગી પોતાનું નિજસ્વરૂપ છે એને સેવવા યોગ્ય છે. એ જ વીતરાગને સેવવા યોગ્ય માને છે. એક વાત.

સમ્યગ્દર્શનની વાત છે. '**શુદ્ધાત્મજ્ઞાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ...**' '**शुद्धात्मभूतिलक्षणं वीतरागसम्यकत्वम्**' વીતરાગ સમકિત. સંસ્કૃતમાં ઈ છે. ભગવાન આત્મા ભલે ગૃહસ્થાશ્રમમાં હોય, નરકમાં નારકી હોય, પશુમાં અઢી દ્વીપ બહાર પણ પશુ હોય. અસંખ્ય પશુ પડ્યા છે બહાર સમકિતી. અઢી દ્વીપ બહાર અસંખ્ય પશુ સમકિતી નિશ્ચય સમ્યગ્દષ્ટિ (છે). એ શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ વીતરાગ સમકિત છે. જેને નીચે '**શુદ્ધાત્મજ્ઞાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ...**' કહ્યું છે. અનુભૂતિનો અર્થ જ્ઞાન કર્યો. ભગવાન આત્મા તદ્દન શુદ્ધસ્વરૂપ અસ્તિ મહા ધામ એનું જ્ઞાન અને એનો અનુભવ, એનો અનુભવ કરીને પ્રતીત કરવી કે આ આત્મા એનું નામ નિશ્ચય, સાચું, સત્ય સમ્યગ્દર્શન છે. જેને વીતરાગ સમ્યગ્દર્શન કહે છે. વીતરાગ સમ્યગ્દર્શન કહે છે, પણ વીતરાગભાવને અહીં સમ્યગ્દર્શન કહે છે. એવા સમકિતને વીતરાગદેવ સમ્યક્ નિશ્ચય કહે છે અને એવા સમકિતને વીતરાગ સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એટલે કે સાચું સમકિત, સમ્યક્ સત્ય.

પોતે પરમાત્મા શુદ્ધ આનંદકંદ છે આ આત્મા એનું અંતર જ્ઞાન કરી એટલે કે અનુભવ કરી. જ્ઞાનનો અર્થ એટલો અહીં કરવો છે. એનો અનુભવ (કરવો) કે આ આત્મા શુદ્ધ અખંડ અનાદિ-અનંત, નિત્યાનંદ એનો અનુભવ કરીને પ્રતીત એમાં થવી એવા જ્ઞાનમાં ભાનમાં પ્રતીત થવી ઓળખીને, એને નિશ્ચય સમકિત અથવા વીતરાગ સમ્યક્, એ સમ્યક્‌ને વીતરાગ સમકિત કહે છે. વીતરાગદેવ એ સમકિતને વીતરાગ સમકિત કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યારે થાય?

ઉત્તર :- ચોથે. અત્યારે થાય. એમ કે આઠમે, નવમે, દશમે થાય? એમ પૂછે છે. આ આવે છેને બહારમાં. ઓલા બધા લખે છેને. આઠમે, નવમે, દશમે નિશ્ચય થાય. અરે ભગવાન! નીચે સરાગ થાય. એ આવે છેને બધા ચોપાનિયા વાંચે છે ઘરે. આહા..હા..! અરે ભગવાન!

એ પોતે પરમાત્માનું સ્વરૂપ જ એનું આખું પડ્યું છે. એની નિર્વિકલ્પ નામ રાગની એકતા

તૂટીને સ્વભાવની વીતરાગ સ્વભાવ એમાં એકતા થયા વિના અને એનો અનુભવ થયા વિના સમ્યગ્દર્શન કોઈ દિ' સાચું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જેમાં આખો અનંત સંસારનો કટ થઈ ગયો.

મુમુક્ષુ :- વ્યવહારમાં થાતો હશે?

ઉત્તર :- વ્યવહાર સમકિતથી થાતો હશે? વ્યવહાર તો રાગ કહેશે હમણા. વ્યવહાર સમકિત તો રાગ છે. આવું નિશ્ચય સમકિત હોય ત્યાં, પોતે વીતરાગ સર્વજ્ઞ જ્યાં સુધી ન થાય એને વ્યવહાર સમકિતનો રાગ હોય છે. કેવો? એ કહે છે હમણા. પહેલી નિશ્ચયની વાત કરી. સમજાણું કાંઈ? ઓહો..! પોતાનો સ્વભાવ મહાન શુદ્ધ પરમ આનંદ એવો સ્વભાવ દૃષ્ટિમાં, જ્ઞાનમાં લઈને, અનુભવ કરીને એમાં પ્રતીત થવી, એમાં પ્રતીત થવી કે આ આત્મા, એનું નામ નિશ્ચય સાચું સમકિત છે. એ ચોથું ગુણસ્થાન એને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે ચાર દુ આઠ. આઠમે ગુણસ્થાને નિશ્ચય હોય અને આ ચોથે વ્યવહાર હોય. એમ. અરે! શું થાય? આ કાળે આવી વાત બહાર આવી ખોટી, પહેલા આવું નહોતું. એ સમુચ્ચય ઓઘે-ઓઘે ચાલતું હતું.

મુમુક્ષુ :- પરમ સત્ય બહાર આવ્યું.

ઉત્તર :- બહાર વાત આવી ત્યારે કહે કે નહિ. વ્યવહાર સમકિત જ ચોથે, પાંચમે, છઠ્ઠે હોય.

મુમુક્ષુ :- સાતમે હોય?

ઉત્તર :- સાતમે પણ વ્યવહાર હોય. આઠમે નિશ્ચયનો એક દેશ. સાચું ખરું નિશ્ચય તેરમે.

અહીં તો કહે છે, ભગવાન આત્મા વિદ્યમાન પ્રભુ મહાન પદાર્થ એના સન્મુખ અને વિકલ્પાદિ નિમિત્તોથી વિમુખ. વિકલ્પાદિ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એનાથી વિમુખ અને સ્વભાવ પૂર્ણાનંદની સન્મુખ, એનું જ્ઞાન કરીને જે સમ્યગ્દર્શન—પ્રતીત થાય, જ્ઞાન કરીને હોં. ભાન વિના શેની શ્રદ્ધા કરવી? આ આત્મા શુદ્ધ પરિપૂર્ણ પવિત્ર છે એમ જ્ઞાનમાં આવ્યું અને એમાં પ્રતીત થઈ એને સાચું સમકિત અને મોક્ષના માર્ગનો ભાગ કહે છે.

અથવા હવે વ્યવહાર કહે છે. જુઓ, એ નિશ્ચય સમકિત એટલે વીતરાગ સમ્યક્. '**અથવા વીતરાગ સર્વજ્ઞદેવકે ઉપદેશે હુએ...**' ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્માએ પર્યાયમાં જે ષટ્ દ્રવ્ય જોયા, એણે ઉપદેશ ષટ્ દ્રવ્ય-છ દ્રવ્ય(નો આપ્યો). તો છ દ્રવ્યમાં અનંત સિદ્ધ પણ આવી જાય છે. સમજાણું? અનંત સિદ્ધો, લાખો કેવળીઓ... મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે અત્યારે લાખો કેવળીઓ. તીર્થંકરો વીસ આદિ. લાખો કેવળી અનંત (સિદ્ધ) એ બધા ષટ્ દ્રવ્યમાં

સમાઈ જાય છે. અનંતા નિગોદો, અસંખ્ય સમકિતી સાધકો એ બધા ષટ્ દ્રવ્યમાં સમાય છે. એ ષટ્ દ્રવ્યની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે એટલે શુભરાગ છે. ખરેખર એ સમકિત નથી. કેમકે સમકિત ગુણની એ પર્યાય નથી. નિશ્ચય સમ્યક્ એ શ્રદ્ધા ગુણનો સમ્યક્ પર્યાય છે. નિશ્ચય સમકિત એ વસ્તુ સ્વરૂપ જેમાં શ્રદ્ધાગુણ ત્રિકાળી પડ્યો છે એનું અંતર સ્વભાવનું અવલંબન લઈને જે શ્રદ્ધા-સમ્યક્ પ્રતીત અનુભવમાં થાય એ તો શ્રદ્ધાગુણની સવળી-સુલટી-સમ્યક્ પર્યાય છે. સમકિત એક પર્યાય છે, ગુણ નથી.

જે શ્રદ્ધાગુણની વિપરીત મિથ્યા પર્યાય હતી મિથ્યાશ્રદ્ધા, એ પલટીને સમ્યક્ શ્રદ્ધા (થાય) એ શ્રદ્ધા ગુણની જ વર્તમાન નિર્મળ પર્યાય છે. એ નિશ્ચય છે, એ વીતરાગ સમકિત છે, એ સાચું સમકિત છે. જોડે ષટ્ દ્રવ્યની શ્રદ્ધાનો વિકલ્પ રાગ ઉઠે એ રાગને સમકિત કહેવું એ ઉપચારથી છે, વ્યવહારથી છે. રાગ એ ચારિત્રગુણની ઉલટી પર્યાય છે. એને વ્યવહાર સમકિત કહેવું એ ઉપચારથી છે. સમજાણું કાંઈ? ષટ્ દ્રવ્ય, સાત તત્ત્વ એમાં પુણ્ય-પાપ આસ્રવમાં ભળી જાય, નવ પદાર્થ એમાં પુણ્ય-પાપ જુદાં પડી જાય. જોયું!

**'ઔર પાંચ અસ્તિકાય...'** કાળ સિવાય પાંચ અસ્તિકાય. કાળ અસ્તિ છે, પણ કાય નથી. **'ઉનકા શ્રદ્ધાનરૂપ...'** એનો અર્થ એ કે એનું જે જ્ઞાન પ્રગટ્યું ક્ષયોપશમ અને એની સાથે રાગ વિકલ્પ છે એ એને **'સરાગ સમ્યક્ત્વ...'** વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. જ્યાં નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય. નિશ્ચય વિના વ્યવહાર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જ્યાં સ્વ આશ્રયે સમ્યગ્દર્શ પ્રગટ્યું ત્યાં પરાશ્રયે જે રાગ છે તેને વ્યવહાર સમકિતનો આરોપ કહેવામાં આવે છે.

**'યહ નિશ્ચય વ્યવહાર દો પ્રકારકા સમ્યક્ત્વ હૈ.'** આ પ્રકારના હોં! બે પ્રકારનું કથન -નિરૂપણ છે. બે પ્રકારના સમકિત સાચા નથી. બે પ્રકારનું નિરૂપણ છે. એમ જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન-આત્મજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન એવા બે પ્રકારના જ્ઞાનમાં જ્ઞાન એક જ યથાર્થ છે. નિરૂપણ જ્ઞાનના બે પ્રકારે ચાલે છે. એમ ચારિત્રનું નિરૂપણ બે પ્રકાર છે—એક ભગવાન આત્મા પોતાના રાગરહિત વીતરાગ પરિણતિએ પરિણમે એ ચારિત્ર સાચું છે. પંચ મહાવ્રતાદિનો વિકલ્પ રાગ ઉઠે એ ઉપચાર ચારિત્ર છે. ખરેખર ચારિત્ર નથી એને ચારિત્ર કહેવું એ વ્યવહારનું લક્ષણ છે. અહીંયાં **'નિશ્ચય વ્યવહાર દો પ્રકારકા સમ્યક્ત્વ હૈ. નિશ્ચયકા નામ વીતરાગ હૈ, વ્યવહારકા નામ સરાગ હૈ.'** ચોખ્ખો ખુલાસો કર્યો. શુભ ઉપયોગ છે એ સરાગપણું. અને આ અંતરમાં શુદ્ધ પરિણતિમાં પ્રતીત, શુદ્ધ સ્વભાવના ભાનમાં પ્રતીત એ નિશ્ચય છે. કહો, સમજાણું કાંઈ?

આ સમ્યગ્દષ્ટિ જીવ નિશ્ચય એ જિનરાજને સ્વામી તરીકે સ્વીકારે છે. અનંતકાળનો નવમી ગ્રૈવેયકે ગયો જૈન દિગંબર સાધુ થઈને, એણે પણ જિનને સ્વામી તરીકે સ્વીકાર્યા નથી. હજારો

રાણી છોડી, ત્યાગી જંગલમાં, મુનિ ધ્યાનમાં પડ્યો હોય આમ. એ જાતના વિકલ્પ ઓછા કરીને. પણ એ શુભરાગ પરાલંબી છે એમાં એની દૃષ્ટિ પડી છે. રાગરહિત ભગવાન અંદર પૂર્ણાનંદ પ્રભુ ઉપર એ દૃષ્ટિ કરતો નથી. એથી તેને નિશ્ચય સમકિત નથી, તેથી ખરેખર એને વ્યવહાર સમકિત પણ નથી. વ્યવહારાભાસ તરીકે છે. સમજાણું કાંઈ?

સ્વાશ્રયો નિશ્ચય, પરાશ્રયો વ્યવહાર—આ સિદ્ધાંતનું મહાસૂત્ર છે. પોતાના સ્વરૂપમાં સ્વ આશ્રય કરીને, ઓળખીને, જ્ઞાન કરીને, ભાન કરીને, અનુભવ કરીને એની પ્રતીત અંદર શ્રદ્ધા થવી તે સાચું સમકિત સ્વ આશ્રય છે અને ષટ્ દ્રવ્ય આદિની શ્રદ્ધા કરવી એ પર આશ્રય લક્ષે એટલે વ્યવહાર સમકિત છે. સમજાણું કાંઈ? એક જ આત્મા કોઈ માને અને વ્યવહારના વિકલ્પમાં પણ એક જ આત્મા છે એમ માને તો તો એનો નિશ્ચય પણ ખોટો છે અને વ્યવહાર પણ ખોટો છે. સમજાણું કાંઈ? ષટ્ દ્રવ્ય-વસ્તુ છે અનાદિ-અનંત. નવ તત્ત્વ વસ્તુ છે, નવ પદાર્થ. સાત તત્ત્વ પંચાસ્તિકાય જગતની ચીજ છે. એ માટે (કહે છે કે) એના જ્ઞાનની પર્યાય (સાથે) આવી શ્રદ્ધા-વિકલ્પવાળી શ્રદ્ધા હોય એને વ્યવહાર કહે અને ત્રિકાળ જ્ઞાયકભાવનો આશ્રય કરીને સમ્યક્ થાય એને નિશ્ચય અને વીતરાગ સમકિત કહે. નિશ્ચય આવો આત્માને માનતો હોય એને વ્યવહારમાં ષટ્ દ્રવ્ય આદિની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે. એમ કહે કે એક જ આત્મા છે અને બધુ અવ્યાપક છે અને એક જ અદ્વૈત છે એમ માને એને નિશ્ચય અને વ્યવહાર એકેય સાચા નથી. એથી કહ્યું.

'**ષટ્ દ્રવ્ય, સાત તત્ત્વ, નૌ પદાર્થ ઔર પાંચ અસ્તિકાય...**' સાત તત્ત્વોની શ્રદ્ધાના જેને ઠેકાણા નથી એને નિશ્ચય સમકિત કોઈ દિ' હોઈ શકે નહિ. અને એની શ્રદ્ધા કરવાથી પણ નિશ્ચય સમકિત થતું નથી. સમજાણું કાંઈ? આ તો જ્ઞાનના રસીલાને રસિક થવું હોય એની વાત છે. અનાદિનો રાગનો રસિયો.... ભગવાન આત્મા ઓહો..! અનંત કાળથી અશરણ... અશરણ... અશરણ... અશરણ... ક્યાંય એને શરણ મળ્યા નહિ. એ શરણ તો અંદર છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના શરણમાં જાને. આહા..હા..!

આ તળાવમાં પડ્યાને ભાઈ, ધીરૂભાઈ ગુજરી ગયા, નહિ? જામનગર. અમે જોવા ગયા હતા ત્યાં. એક રમવા માટે, ખેલ માટે ગયા હતા. ત્યાં આગળ જોવા ગયા હતા તો કહે અહીં હાથ નાખ્યો હતો. લોકો કહે ઓલો અંદર લપસી ગયો છોકરો, આપણે આ છોટાભાઈ આ ..વાળા. રમવા ગયા હતા શું કહેવાય? ખેલ. ત્યાં એક તળાવ છે. રણજીત તળાવ છે. એમાં પાણી પીવા ગયેલા છોકરા. ત્રણ છોકરા પીને નીકળી ગયા અને એ પોતે પાછળ રહી ગયા. આપણે અકલંક-નિકલંકનો અહીં પાડ્યો હતો ખેલ. શિક્ષક છે. બહુ રુચિવાળો હતો, જિજ્ઞાસુ, ધીરો હતો. નામ ધીરૂ હતું. અમે જોવા ગયા હતા કે ક્યાં આ લપસ્યો. ત્યાં ગયા તો કહે,

આ ઠેકાણે આમ લીલ-ફુગ હતી અને આમ લપસ્યો, લપસ્યા ભેગો હાથ નાખ્યો આમ પકડવા કાંઈક. પણ શું પકડાય ત્યાં? ખલાસ થઈ ગયો. તરતા આવડે નહિ. કોઈ શરણ? આમ બહારમાં શરીરની સ્થિતિ માટે આમ હાથ નાખ્યો, ઓલું પત્થરનું હોયને આમ પાળ. પુલની બાંધેલી પાળ. તો પાળમાં ઓલા પાણી આમ-આમ અથડાઈને એટલે લીલ-ફુગ થઈ ગઈ. લીલ-ફુગ સમજ્યાને? કાઈ. કાઈ થઈ ગયેલી. એટલે ઓલું લપસી ગયું શરીર એટલે હાથ આમ નાખ્યો કાંઈક ટેકો મળે, પણ ત્યાં ક્યાં ટેકા હતા? પછી આમ પગ થયો, દેહ છૂટી ગયો. ચોવીસ કલાક કાઢ્યા. જુઓ આ! બહારમાં ક્યાં શરણ છે? શરીરની સ્થિતિ હોય તો ત્યાં નિમિત્ત એવા હોય. સ્થિતિ ન મળે ત્યાં.

મુમુક્ષુ :- નિમિત્ત નહોતું માટે ગુજરી ગયા.

ઉત્તર :- એ તો પૂર્ણ સ્થિતિ એવી જ હતી એની. એ જ સમયે-એ જ કાળે અને ત્યાં ક્ષેત્રે અને એ રીતે દેહ છૂટવાનો. ત્રણ કાળમાં કોઈ ફેરવી શકે નહિ.

અહીં તો કહેવું છે કે આહા..હા..! એમાં પાણીમાં તરવા માટે કે કોઈ હાથ આવે કાંઈક આમ. જુવાન માણસ. અહીં કોલેજમાં ભણતો હતો, ભાવનગર. અહીં આવે. શનિ-રવિ રજા પડે તો આવે કાયમ. ચાલોને જોવા જઈએ. વૈરાગ્યનું સ્થાન, કીધું, આ જુઓ. આહા..હા..! કોઈ શરણ નથી. જ્યાં નજર નાખવી છે એ ચીજમાં નજર કરતો નથી. આ શરીર ને વાણી ને પુણ્ય ને આ વિકલ્પ ને પાપ ને. કાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર તારી દેશે અને કાં તો સમ્મેદશિખર અને શેત્રુંજય તારી દેશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ આવ્યું નથી. એ દાસ થયો વીતરાગનો દાસ. રાગનો દાસ છૂટી ગયો એ તરે છે. આહા..હા..! ત્યારે તે વીતરાગનો દાસ થાય છે. એમ ન કહ્યું ઓલામાં? સમયસારમાં? ભગવાન! કેવળીની સ્તુતિ સાચી કોને કહેવી ત્યારે? શિષ્યે પૂછ્યું કે આ બહાર રાજાના વખાણ કરે તો રાજાના કહેવાય, પણ આસપાસ બાગના, એ વખાણ કર્યે રાજાના વખાણ નહિ. એમ આ શરીર આદિના વખાણ કરે તો એ કેવળીની સ્તુતિ ન કહેવાય. એ કેવળી આ માતાના દીકરા હતા અને આ બાપના દીકરા હતા અને એનું શરીર આવું હતું અને આવા રંગે હતા, એવા ફલાણા હતા. એ કેવળીની સ્તુતિ (નથી). ત્યારે કેવળીની સ્તુતિ કહેવી કોને? પ્રભુ! શિષ્યે પ્રશ્ન કર્યો. કેવળીની સ્તુતિ કોને કહેવી? ત્યારે ઉત્તર એવો આપ્યો કે આત્મા રાગરહિત થઈને, જિતેન્દ્રિય થઈને આત્માને જે અનુભવે તે કેવળીની સ્તુતિ કરે છે. એવો ૩૧મી ગાથામાં જવાબ આપ્યો. પણ અમે પૂછીએ છીએ કે તીર્થંકરની સાચી સ્તુતિ કઈ? એમ પૂછીને તમે નાખ્યો આત્મા અંદર. સમજાણું કાંઈ? મથાળુ બાંધ્યું છે માથે ઈ હોં. સમજાણું? કે સાચી

સ્તુતિ શું? ૩૧ શરૂ કરી છેને. ૩૧ સામે છે. જુઓ આ નીચે. કોણ જાણે કેમ છે? જુઓ! પાનામાં કાંઈ નાખ્યું નથી હોં, રાખ્યું નથી. એ યાદ પણ હમણા આવ્યું. આવી એમાં મગજમાં આ આવ્યું.

''(**તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે.**' શ્રી તીર્થંકર કેવળીની નિશ્ચય સ્તુતિ કહે છે. સંસ્કૃત છેને એમાં ભાઈ! સંસ્કૃતમાં છે. તીર્થંકર-કેવળીની નિશ્ચય સ્તુતિ. જુઓ મથાળુ અહીં છે. આ બાજુ છે. ત્યારે જવાબ એનો એવો ભગવાન કુંદકુંદાચાર્યે આપ્યો.

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।

જે કોઈ, વિષયો, દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય એ બધા પરદ્રવ્ય છે એની રુચિ છોડી એકલો જ્ઞાયકભાવ એની રુચિ અને એકાગ્ર થાય અને એના ગુણમાં એકાગ્ર થયો તેણે ગુણની સ્તુતિ કરી એણે કેવળી અને તીર્થંકરની સ્તુતિ કરી. આવો જવાબ આપ્યો જુઓ, જુઓ છેને નીચે? '**આમ શરીરનું સ્તવન કરતા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તોપણ, સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.**' એટલે શિષ્યે પૂછ્યું કે પ્રભુ! નિશ્ચય સ્તુતિ તીર્થંકરની કહેવી કોને? ઉત્તર આપે છે કે આ ભગવાન આત્મા રાગરહિત ચિદાનંદ જીતેન્દ્રિય. એ ઇન્દ્રિયો ભાવેન્દ્રિય ખંડ-ખંડ એક સમયનો વિષય કરે તે, દ્રવ્યેન્દ્રિય અને વિષયો બધા. વિષયો નામ બધું હોં, ભગવાન આદિ બધા પર. એમાંથી દૃષ્ટિ હટાવી અને જ્ઞાયકમાં દૃષ્ટિ મૂકી અને પોતાના આત્માની દૃષ્ટિ સહિતને અનુભવે એણે કેવળી અને તીર્થંકરની સ્તુતિ કરી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જુઓને એ વાત આવી છે અટપટી. તીર્થંકરને લક્ષમાંથી છોડ્યા અને આત્માને લક્ષમાં લીધો ત્યારે તીર્થંકરની સ્તુતિ કરી એમ કીધું. આહા..હા..! તકરાર ઉઠાવે કોઈ. પણ પ્રભુ અમે પૂછીએ છીએ એનો જવાબ? એનો જવાબ આ છે, સાંભળને! હતો એ થઈ ગયો. એ જુઓને પૂછ્યું આમ. કૌંસમાં નાખ્યું છે. પાઠમાં એટલું '**નિશ્ચયસ્તુતિ કહે છે.**' '**હવે, (તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છે :—**' ત્યાં આ ગાથા મૂકી. કહો, સમજાણું કાંઈ? તીર્થંકરનું લક્ષ છોડ્યું, કેવળીનું લક્ષ છોડ્યું ત્યારે આત્માનું લક્ષ કર્યું ત્યારે કેવળીની સ્તુતિ કીધી જુઓને. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં સંસ્કૃત ટીકા છેને એમાં? શબ્દ છે કે નહિ? '**अथ निश्चयस्तुतिमाह।**' એમ છે. જુઓ, '**अथ निश्चयस्तुतिमाह।**' ઓલું કૌંસમાં નાખ્યુંને તીર્થંકર કેવળી. '**अथ**

निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसंकरदोषपरिहारेण तावत् —' પહેલી એ વાત કરશે. હવે પૂછે છે કે નિશ્ચયસ્તુતિ ભગવાનની. તમે કહો કે શરીર નહિ, ફલાણું નહિ, ફલાણું નહિ. એ સ્તુતિ કહેવાય નહિ. ત્યારે હવે સાચી સ્તુતિ કઈ? એનો અર્થ થયોને એમાં? હવે ભગવાનના આત્માની સ્તુતિ કઈ? કે આ આત્માની સ્તુતિ એ ભગવાનના આત્માની સ્તુતિ. 'जो इंदिये जिणित्ता' છેને જુઓ, 'अथानंतरं यदि देहगुणस्तवनेन निश्चयस्तुतिर्न भवति ' એ જયસેનાચાર્યમાં છે. 'तर्हि कीदृशी भवतीति पृष्टे'. જોયું! જુઓ, 'अथानंतरं यदि देहगुणस्तवनेन निश्चयस्तुतिर्न भवति तर्हि कीदृशी भवतीति पृष्टे सति द्रव्येन्द्रियभावेन्द्रियपंचेन्द्रियविषयान् स्वसंवेदनलक्षणभेदविज्ञानेन जित्वा योऽसौ शुद्धमात्मानं संचेतयते स जिनो जितेन्द्रिय इत सा चैव निश्चयस्तुतिः परिहारं ददाति—' એ જયસેનાચાર્યની ટીકામાં છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે! આ સમયસાર. નીચે કોઈ આ શાસ્ત્રમાંથી ઉતાર્યું (નથી). આ પંડિતજી બડા બેઠા હૈ કિ નહીં? એને બધી ખબર મોઢે નથી? આ જયસેનાચાર્યનો પાઠ વાંચ્યો ગુજરાતી. એમાં સંસ્કૃત નહોતું. આમાં સંસ્કૃત નહોતું. એટલે આ સંસ્કૃત જરી (વાંચ્યું). કહો, સમજાણું આમાં? આહા..હા..! પણ હું પૂછું છુંને પ્રભુ આ! કે કેવળીના આત્માની સ્તુતિ અમને બતાવો. ન્યાલભાઈ! આ તો પૂછે આ અને જવાબ આ.

મુમુક્ષુ :- મોટાની વાતું સાંભળવા અને સમજવા માટે મોટું થાવું પડે.

ઉત્તર :- એક જણો પૂછતો હતો. અહીં નહોતો ભાઈ ઓલો ૯૨માં? કેવળીએ દીઠું તો ફરે નહિ (એમાં) પુરુષાર્થ ક્યાં રહ્યો? એ સાધુ થયો હતોને પછી શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ. પહેલા સ્થાનકવાસી સાધુ હતો, પછી શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ. જવહારલાલમાં સાધુ હતો. પછી આ નિમિત્ત-નૈમિત્તિકની શ્રદ્ધામાં વાંધો આવી ગયો એને કે આમાં અશાતાનો ઉદય આવે અને અહીં શીંગડુ વાગે બળદનું, એમ મેળ કોણ કરે છે આવો? માટે વચ્ચે ભગવાન જોઈએ. અશાતાનો ઉદય આવે અહીં અને અહીં કોક બહાર નીકળે બળદ-બળદ-બૈલ. અહીં શીંગડું વાગે તો ઓલાને અશાતાનો ઉદય હોય ત્યારે આ બેનો મેળ કોણ કરે છે? શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ. અરે! કીધું એવું તો અનંતું બને છે સમયે સમયે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કરે કોણ અંદર? પછી એણે પ્રશ્ન મૂક્યો હતો. બે-ત્રણ જણા જ હતા રામજીભાઈ ને હું. ૯૨ની વાત છે. બાપુ! આ કેવળજ્ઞાનીને જે તમે એમ કહો, કેવળજ્ઞાનીએ જે દીઠું એમાં કાંઈ ફરે નહિ. તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો? એવો પ્રશ્ન મૂક્યો, પ્રશ્ન મૂક્યો.

મુમુક્ષુ :- એનું એ ચાલ્યું આવે છે.

ઉત્તર :- હા, એનું એ ચાલ્યું આવે છે, એનું એ ચાલ્યું આવે છે. ૯૨માં પહેલો પ્રશ્ન મૂક્યો એણે. ૯૨ની સાલ. ૨૯ વર્ષ થયા. એટલે મેં એમ કહ્યું કે ભાઈ! કેવળજ્ઞાનને માનો છો તમે? એમ પૂછ્યું હતું. રામજીભાઈ એમ બોલ્યા, પણ એમ નથી પૂછતા. એ કહે છે એનો જવાબ આ છે. એ કહે છે મને ખબર છે કીધું. એ કેવળજ્ઞાનીએ દીઠું એ થાય તેમાં પુરુષાર્થ ક્યાં? એવો પ્રશ્ન મૂક્યો. કેવળજ્ઞાન ઉડાડવું છે આને. સમજાણું? ભાઈ! તમે પૂછો છો કે કેવળજ્ઞાનીએ દીઠું તે થાય તો પુરુષાર્થ ક્યાં રહ્યો? તો તમે કેવળજ્ઞાન માનો છો? પણ તમે કેવળજ્ઞાની છો એમ સ્વીકારીને તો એને દીઠું એમ થાય એમ માનો છો. કેવળજ્ઞાન માનો છો કે નહિ પહેલું? ઈ નક્કી કરો કીધું. તમારા પ્રશ્નમાં જ વાંધા ઉઠ્યા છે. તમારે કેવળજ્ઞાન માનવું નથી. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એ તમારે ઉડાડવું છે. માનવું નથી. કારણ કે એ માનવા જાય તો આ બધું એ પ્રમાણે થાય, તો પુરુષાર્થ ક્યાં રહ્યો? પણ કેવળજ્ઞાન તમે માનો છો કે નહિ? પહેલો એ પ્રશ્ન છે કીધું. ૯૨ની સાલની વાત છે. કેવળજ્ઞાન છે એમ માનો તમે. કેવળજ્ઞાન છે એમ જો માનો તો સ્વભાવ તરફ પુરુષાર્થ આવી જાય છે. સમજાણું કાંઈ? આમ બધી શંકા પડી ગયેલી બહુ ને પછી ભ્રષ્ટ થઈ ગયો શ્રદ્ધાથી. જૈન શ્રદ્ધા રહી નહિ એને. પછી આ ઉડાડવા માંડે કેવળજ્ઞાન ને આ. વાંચેલું ખરું ૩૨ સૂત્ર સ્થાનકવાસીના. હુશિયાર ભણેલો ઘણું. સ્થાનકવાસીનો સાધુ જવાહરલાલજીનો, હતા મોટા એનો શિષ્ય થયેલો. પાંચ વર્ષમાં પંડિત કહેવાણો. શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ. આ શું? આ બધું! વચમાં કોઈ ઈશ્વર જોઈએ. હવે ક્યો ઈશ્વર જોઈએ?

મુમુક્ષુ :- પછી ત્યાં જ વાત પતી ગઈ કે આગળ ચાલી?

ઉત્તર :- ના, એને તો ક્યાં બીજું કાંઈ... પછી શું કરે ઈ? પહેલું તમે પૂછ્યું છે કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? એનો પ્રશ્ન હતો પહેલો જ ૯૨માં. આ પ્રશ્ન તો અમારે ૭૨થી ચાલે છે. ૭૨થી ચાલ્યો આવે છે અમારે સંપ્રદાયમાંથી. હજી ચાલ્યો આવે છે એમ ને એમ. કીધું નહિ? ૭૨થી ફાગણ સુદ ૧૩ના આ પ્રશ્ન ઉઠ્યો. ૭૨ની સાલ. ૨૮ ને ૨૧, ૪૯ વર્ષ થયા. એ સરવા છે સરવા. વીંછીયાથી ઉઠીને સરવા ગયા ત્રણ ગાઉ, ત્યાંથી ત્રણ ગાઉ થાય પાળિયાદ. રાતે પ્રશ્ન ઉઠ્યો. મુળચંદજી વારંવાર કર્યા કરતા રાતે પ્રશ્ન. શું કહો છો તમે, કીધું, આ વારંવાર? કેવળીએ દીઠું તે થાશે, ભગવાને દીઠું એ થાશે, આપણા અધિકારની કાંઈ વાત નથી. આપણો પુરુષાર્થ કાંઈ કામ નહિ કરે. પુરુષાર્થ તે દિ' કામ કરશે. કોના વાક્ય છે આ? કીધું, આ વાણી કોણ બોલે છે? ભગવાનની આવી વાણી આગમમાં છે? શું બોલો છો આ તમે? તે દિ' તો પ્રવચનસાર વાંચ્યું પણ હતું ક્યાં? ખબરેય નહિ. ૮૦, ૮૧, ૮૨ ગાથા.

વીતરાગની વાણીમાં વીતરાગતા આવે, કીધું. સર્વજ્ઞની વાણીમાં વીતરાગતા આવે અને સર્વજ્ઞ જેને જ્ઞાનમાં બેઠા એને ભવ હોય નહિ. શું કહો છો? પછી મારાથી બોલાઈ ગયું જરીક તે દિ' તો. ઉંમર નાનીને. કીધું કદાચિત્ ભગવાને તમારા ભવ અનંતા ભાળ્યા હશે. બે વર્ષની દીક્ષા, હજી તો ૨૫ વર્ષની ઉંમર. ૫૦ વર્ષ પહેલાની વાત.

શું કહો છો આ? સર્વજ્ઞ ભગવાન એણે દીઠું, એવું જેને પ્રતીતમાં આવે એવા જીવના ભવ ભગવાનના જ્ઞાનમાં હોય? બિલકુલ નહિ. જ્ઞાનમાં જેણે ભગવાન વસાવ્યા, ભગવાનને ભવ હોય તો એને ભવ હોય પછી. અલ્પ કોઈ એકાદ-બે ભવ હોય એ જુદી વાત છે. સમજાય છે? ... એટલે અમારા ગુરુ હતા એ ભદ્રિક હતા બહુ, બહુ ભદ્રિક. કાનજી! આ મુળચંદજી વારંવાર આમ કહેતા, મને ખટકતું હતું. મુળચંદજી વારંવાર આમ કહેતા હતા. મને કહે વાત સાચી લાગે છે. પણ એ બિચારા ભદ્રિક હતા. વળી પાછી શ્રદ્ધા ખબર ન મળેને એટલે બીજે દિવસે એ પાછું ભૂલી ગયા. એ મારો પક્ષ લેવા ગયા, પણ અમારા ગુરુભાઈ હતા એને કહ્યું, મુળચંદજી! કેવળીએ ભવિ-અભવિ દીઠાં છે. ભવ નથી દીઠા. ઓય માળે! આવા પ્રશ્ન ૭૨ના ફાગણ સુદ ૧૩-૧૪ની આ ચર્ચા છે. અમારા ગુરુ પક્ષ કરવા ગયા, ભદ્રિક બહુ હતા હોં. કષાય મંદ. જોયા છે કે નહિ હીરાજી મહારાજને? ભાઈએ તો જોયા હશે. આમ કષાય મંદ અને તત્ત્વની દૃષ્ટિની ખબર નહિ કાંઈ. પણ આમ કષાય મંદ, બ્રહ્મચારી, આમ છાપ લોકમાં બહુ સારી છાપ, બહુ છાપ ગંભીર. બહુ છાપ સારી. એટલે એ બિચારા પક્ષ લેવા ગયા, પણ કહે ભગવાને... ઓલાને કીધું. મને નહિ. ભગવાને-કેવળીએ અભવિ-ભવિ દીઠાં છે. ભવ નહિ. જો ભવ દીઠાં હોય તો પાંચ સમવાય સિદ્ધ થઈ જશે. પાંચ સમવાય એ માને નહિ. અમારે વાંધો તે દિ' ૭૨થી ઉઠે છે. એ માને... અરે! આ બોલ્યા. ભગવાને તો બધું ત્રણ કાળ, ત્રણ લોક દેખ્યા છે. કેવળજ્ઞાનમાં શું બાકી છે? અને એ કેવળજ્ઞાનની જેને પ્રતીત અને મોક્ષતત્ત્વની શ્રદ્ધા થઈ, મોક્ષ તો હવે કહેવાય, તે દિ' તો મોક્ષ ક્યાં હતો? પણ કેવળજ્ઞાનની જેને પ્રતીત થઈ એને ભવ હોઈ શકે નહિ. ભગવાનની વાણીમાં, કેવળજ્ઞાની બેઠા એને ભવ હોય એમ આગમમાં ન આવે.

આ એમ બોલ્યો ૯૨માં પાછો. ઓલો ૭૨, આ ૯૨. ૨૦ વર્ષ. એ નાસ્તિકથી પૂછવા લાગ્યા. કેવળીએ દીઠું. એ જુઓ, પુરુષાર્થ ક્યાં રહ્યો? કેવળજ્ઞાની માનો છો કીધું પહેલું? કેવળજ્ઞાની માનો છો તમે? તમારા પ્રશ્નના ઉત્તરમાં પહેલું કેવળજ્ઞાન માનો એ પહેલા, પછી પ્રશ્ન ઓલો હોય. કહે, હું એમ પૂછતો નથી. પણ તું પૂછે છે જ ઈ. તારે કેવળજ્ઞાન ઉડાવવું છે. એક સમયની જ્ઞાનની સામર્થ્યતા ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એ ઉડાડવું છે તારે. એ બહાને સામો દેખે એમ (ન) થાય એમ તમારે મનાવવું છે. નહિ, એમ ન હોય.

કેવળજ્ઞાન આત્મા.. ઓહો..હો..! જેને પ્રતીતમાં બેઠું એને રાગ અલ્પ બાકી હોય, એકાદ–બે ભવ હોય, (બાકી એને) ભવ-બવ હોય નહિ. એનું નામ કેવળીની સ્તુતિ કહેવાય. ભગવાનની આમ નહિ. ભગવાન તો ભગવાન પાસે રહ્યા. સ્તુતિ આમ નીકળી ૩૧ ગાથામાં.

અને ૮૦, ૮૧, ૮૨માં એ નીકળ્યું પાછું પ્રવચનસારમાં. ભગવાનના કેવળજ્ઞાનને કોઈ જાણે એ આત્માને જાણ્યા વિના રહે નહિ, એને દર્શનમોહ નાશ થયા વિના રહે નહિ. અને તે ભગવાનો રાગ-દ્વેષ ટાળીને વીતરાગ થયા ત્યારે એણે ઉપદેશ પણ આવો જ કર્યો છે. સમજાણું કાંઈ? એ ભગવાનનો ઉપદેશ પણ આવો જ વાણીમાં હોય શાસ્ત્રમાં. બીજો ઉપદેશ હોય નહિ.

અહીં કહે છે કે પણ કેવળીની સ્તુતિ અમે પૂછી. એ આત્મા છે. અહીં કહે કે જિનવર સ્વામી કોના? જિનવર સ્વામી કોના? કે ચૈતન્ય સ્વામી થાય એના. જે ચૈતન્યસ્વામી થાય એના જિનદેવ સ્વામી થાય. રાગનો સ્વામી થાય એના જિનદેવ સ્વામી હોય નહિ. બુદ્ધિવાળા માણસ છે પણ હવે જરી... આમાં બધું શુભથી થાય, કાંઈક વ્યવહારથી થાય કાંઈક ટેકો છે કે નહિ? પાધરો નિશ્ચયથી થાય નિશ્ચયથી? એ આખું ખટકે છે, જગતને ખટકે છે. ભાઈ! તારી ચીજ અંદર નિરાલંબી પડી છે આમ બાપા! આમ પર ઉપર લક્ષવાળો રાગ એ હોય તો આ થાય એનો અર્થ શું? રાગ તારા કષાયની મંદતા ગમે તેટલી હો, પણ એ કષાયની મંદતાનું લક્ષ પર ઉપર છે. એ પરના લક્ષે અંતરના લક્ષમાં જવાય, ત્રણ કાળ, ત્રણ લોકમાં નહિ. માટે તે વ્યવહારનો પક્ષ અને લક્ષ છોડે ત્યારે નિશ્ચયમાં આવે. એના વડે આવે (એમ બને નહિ). સમજાણું કાંઈ? આ જિનવરસ્વામી કહ્યા જુઓ, આહા..હા..!

'ઢીંગ ધણી માથે કીયો રે, કુણ ગંજે નર ખેટ?' આનંદઘનજી કહે છે. 'વિમળ જિન દીઠાં લોયણ આજ. ઢીંગ ધણી માથે...' એ અમારી કાઠિયાવાડી ભાષા છે હોં. આનંદઘનજી. ઢીંગ એટલે બળવાન ધણી માથે ધાર્યો છે હવે. વીતરાગ પરમાત્માને માથે ધાર્યા છે. 'ઢીંગ ધણી માથે કીયો, કોણ ગંજે નર ખેટ.' હવે ગધેડા જેવા .. એનાથી કોણ સાડી પાંચ થાશે. એમ ત્રણ લોકના નાથ વીતરાગી દેવની પર્યાય જેના હૃદયમાં પેસાડી છે, એના અમે દાસ છીએ અને એને અમે બનાવ્યા ધણી. સમજાય છે કાંઈ? આહા..હા..!

આ ચરણાનુયોગમાં આવે છેને ભાઈ, નહિ? પ્રવચનસારમાં. એમાં આવે છે. હે આ શરીરના જનક-પિતા! આ શરીરના, આ પુરુષના શરીરના જનક! એમ કહે છે. આ આત્મા હવે જ્ઞાનરૂપે જાગ્યો છે તો હવે તમે રજા આપો. પંડિતજી! વહ આતા હૈ ન ઉસમેં? શરૂઆતમાં. રજા આપો. આ જ્ઞાનરૂપી આત્મા જાગ્યો છે હોં! ખબર પડી ગઈ? ખબર ન પડેને? કોઈ કહે છેને. આ જ્ઞાનજ્યોતિ જાગી. પિતા કોના? આ શરીરના હોં, આ આત્માના નહિ. હવે અમારી જ્ઞાનજ્યોતિ જાગી છે. એ અમારો પિતા તો આ આત્મા છે અંદર. અનાદિ પિતા, અનાદિ

પિતા જુઓ તો ખરા! એ સંસ્કૃત છે ભાઈ! છેને પંડિતજી? અનાદિ પિતા મારો. આહા..હા..!

આ પુરુષના શરીરના જનકના આત્મા, પિતાના આત્મા.. પિતાના આત્મા. અહો! આ પુરુષના શરીરની જનનીના આત્મા! માતા. આ પુરુષનો આત્મા તમારાથી જનિત નથી. માતા-પિતા! આ આત્મા તમારાથી જન્મેલો નથી હોં! એમ નિશ્ચયથી તમે જાણો. તેથી આ આત્માને તમે છોડો, મને રજા આપો. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે, અમે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત જાણી છે-જાણી છે. અમારી જ્યોતિ પ્રગટ થઈ ગઈ છે. એવો આ આત્મા, આ જે આત્મારૂપી પોતાનો અનાદિ જનક—અનાદિ બાપ એની પાસે જાય છે. આહા..હા..!

ભગવાન આત્મા, અમારી નિર્મળ પર્યાયનો પિતા-બાપ આત્મા છે. અમારી નિર્મળ પર્યાયરૂપી પ્રજા, એ પ્રજાનો બાપ આત્મા એની પાસે અમે તો હવે જઈએ છીએ. શરીરના પિતા! છોડો અમને. એ કાંઈ 'છોડો' એ તો વ્યવહાર કર્યો છે. છોડે તો મુનિ થાય એવું કાંઈ નથી. રજા ન પણ આપે. ચાલ્યો જાય જંગલમાં. સમજાણું કાંઈ? એ લખ્યું છે ભાઈ અંદરમાં? આ કુટુંબને રાજી કરીને મુનિપણું ધારણ કરવાનો કાંઈ નિયમ નથી. (હેમરાજ) પંડિતે લખ્યું છે બધું. હા બધું લખ્યું છે. બરાબર છેને. આ તો એક વ્યવહારનો વિકલ્પ આવે, કે ભાઈ! પિતાજી! શરીરના પિતા! આ આત્માને હવે તમે પિતા નહિ. અમારો પિતા અનાદિ-અનંત ભગવાન બિરાજે છે. આહા..હા..! અમારી પર્યાયનો પિતા આત્મા છે. એ આ પ્રજા નહિ, આ શરીરની પ્રજા તમારાથી નહિ. સમજાય છે? આ પ્રજા અમારી અને આ પ્રજાનો પિતા એની પાસે અમે જઈએ છીએ. બધાનો અર્થ કર્યો છે હોં! કહો, સમજાણું?

**'એક તો ચૌથે પદકા યહ અર્થ હૈ,...'** ચોથા પદનું થયુંને અહીંયા? **'जिणु सामिउ सम्मत्तु'** એટલા પદનો અર્થ કર્યો. **'जिणु सामिउ सम्मत्तु'** ઓહો..હો..! **'और दूसरे ऐसा...'** હવે પાઠાંતર છે. **'सिवसंगमु सम्मत्तु'** એવો પાઠાંતર છે. પાઠાંતર સંસ્કૃતમાં છે. **'सिवसंगमु सम्मत्तु' इति पाठान्तरे'** હવે એની વ્યાખ્યા ચાલે છે. **'ઈસકા અર્થ ઐસા હૈ, કિ શિવ જો જિનેન્દ્રદેવ ઉનકા સંગમ અર્થાત્ ભાવ-સેવન ઈસ જીવકો નહીં હુઆ,...'** આ જીવને ભાવ-સેવન હુઆ નહીં **'ઔર સમ્યક્ત્વ નહીં ઉત્પન્ન હુઆ.'** બે વાત લીધી. **'સમ્યક્ત્વ હોવે તો પરમાત્માકા ભી પરિચય હોવે.'** પરમાત્મા એટલે પોતે. પોતે અંદર ભગવાન પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિ થાય તો એનો પરિચય થાય કે આ આત્મા. દૃષ્ટિ વિના એનો પરિચય, એનો સંસર્ગ થાય નહિ. માટે આત્માનો સંગ કરવો એનું નામ સમ્યગ્દર્શન. એ પરમાત્માનો એણે સંગ કર્યો એમ કહે છે. **'सिवसंगमु'** છેને? જેણે આત્માનો સંગ, વીતરાગી સ્વભાવની દૃષ્ટિ ને રુચિ ને સમ્યક્ કર્યું એ શિવસંગમ. એ પરમાત્માનો પરિચય કર્યો એણે. આ પરમાત્મા. એણે ભગવાન સાચાનો પણ પરમાત્મા કહ્યો એમ કહ્યું. ૧૪૩ થઈ.

'**આગે શુદ્ધાત્મજ્ઞાનકા સાધક જો તપશ્ચરણ ઉસકે શત્રુરૂપ ગૃહવાસકો દોષ દેતે હૈં—**' ભગવાન આત્માનો અનુભવ, એમાં વિઘ્નના નિમિત્તો આ બાયડી, છોકરા, ઘર. એમાં સ્ત્રીને મૂળ લેશે.

૨૭૫) घर-वासउ मा जाणि जिय दुक्किय-वासउ एहु।
पासु कयंतेँ मंडियउ अविचलु णिस्संदेहु।।१४४।।

'**હે જીવ, તૂં ઈસકો ઘર વાસ મત જાન,...**' આ ઘરને તું વાસ મત જાન. યહ ઘર '**પાપકા નિવાસસ્થાન હૈ,...**' એ પાપના ઉત્પત્તિના સ્થાન છે. '**યમરાજને (કાલને) અજ્ઞાની જીવોંકો બાંધનેકે લિયે યહ...**' '**પાશઃ મંડિતઃ**' '**અનેક ફાંસોસે મંડિત...**' એ ફાંસલા માંડ્યા છે આ બધા. બાયડી, છોકરા ને કુટુંબ. આહા..હા..! એક પોતે અને મારાના પાર ન મળે. મારા... મારા... મારા... આ મારા... આ મારા... આ મારા... ધૂળ મારી... બાયડી મારી, છોકરા મારા, પૈસા મારા. અરે..! મારા કેટલા કરવા છે તારે? કેટલા મારા ઉભા કરવા છે? મારા એટલે મારનારા. કેટલા તારે ઉભા કરવા છે મારા? ખૂની ઉભા કરવા છે કેટલા તારા ખૂનના કરનારા? આ મારું.. આ મારું... આ મારું... આ મારું... આ બાયડી, આ છોકરા, આ મકાન, આ પૈસા, આ લૂગડાં. કેટલા ઉભા કરવા છે તારે?

એ યમ નામ કાળે ફાસલા બાંધ્યા છે. જેમ હરણને બાંધવા માટે રાખે છેને જાળ, એમ આ બધી અજ્ઞાનીને બાંધવા માટે ફાંસલા છે. અજ્ઞાની એટલે એનું ભાન નથી જેને કે આ શું? અને હું કોણ છું? મારી ચીજ શું અને આ શું છે? મારે અને એને કાંઈ સંબંધ નથી. ભાન ન મળે એવા અજ્ઞાનીને ફાંસલા બાંધ્યા છે આ બધા. એમાં પણ ન્યાય આપશે હજી વધારે. '**બહુત મજબૂત બંદીખાના બનાયા હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ.**' બંદીખાના એમાં પણ કહેશે.

'**ભાવાર્થ :- યહાં ઘર શબ્દસે મુખ્યરૂપ સ્ત્રી જાનના,...**' આ સ્ત્રી લીધી છે મુખ્ય. એટલે? આમાં આવ્યું છેને ભાઈ એમાં પણ? સ્ત્રીને પણ કહે છે, હે આ પુરુષના શરીરની રમણી! હે આ પુરુષના શરીરની રમણી એનો આત્મા! હું તને કહું છું કે આ આત્માને તું રમાડી નહિ શકે. મને જ્ઞાનજ્યોતિ પ્રગટી, હે રમણી! શરીરને રમાડનારી રમણી! હું અનાદિ મારી અનુભૂતિ રમણી પાસે જાઉં છું. આહા..હા..! આ.. વાત છે હોં. એકલી સ્ત્રી છોડીને ભાગ્યા એમ નહિ. આ પુરુષના શરીરની રમણીના આત્મા. એના આત્માને કહેવું છેને? તું આ આત્માને હવે રમાડી નહિ શકે. શરીરને રમાડ. કેમ? આ આત્મા જ્ઞાનજ્યોતિ છે. પ્રગટ થઈ છે, ભાન થયું છે. અમે તો જ્ઞાન છીએ હોં! અમે શરીર, વાણી અને રાગ નહિ. એમ આવી છે ટીકા. એ અમારી અનાદિ અનુભૂતિ, અનાદિ અનુભૂતિ અમારી રમણી એની પાસે

અમે જઈએ છીએ. છોડ, લક્ષ છોડવા દે. કહો, સમજાણું કાંઈ?

અમે અનુભૂતિ આત્માના આનંદની અનુભૂતિ (પ્રગટ કરવા દીક્ષા લેવા માંગીએ છીએ). ભાષા તો એવી લીધી (કે) અનાદિની અનુભૂતિ ભાઈ એમ લીધું. એટલે અમારી શક્તિમાં તો અનુભૂતિ પડી જ છે. અમારો અનુભવ આત્મામાં અનાદિ પડ્યો છે અનાદિ. એ પ્રગટરૂપે અહીંયા જ્ઞાનજ્યોતિ પ્રગટી, હવે આત્મામાં રમવા માગીએ છીએ. હે પુરુષની, આ પુરુષના શરીરની રમણી છોડ, લક્ષ છોડવા દે. અમે લક્ષ છોડીએ છીએ, તું લક્ષ છોડી દે. આહા..હા..!

મુમુક્ષુ :- ધન્ય સ્વરૂપ ધન્ય...!

ઉત્તર :- ફાટેલ મસ્તી પ્યાલા છે. એ તો બહુ સરસ લખ્યું (હેમરાજ) પંડિતે તો કે ભાઈ! એ કાંઈ વિકલ્પ આવ્યો છે એના કર્તા હર્તા નથી. જ્યારથી સમ્યગ્દર્શન થયું અનુભવ જ્ઞાનમાં, ત્યારથી રાગના કર્તા હર્તા છૂટી ગયા છે, પણ વ્યવહારે આવો વિકલ્પ બાકી છે ચારિત્રદોષનો તેથી આવી એક વાણી નીકળી અને આ જાતનો વિકલ્પ થાય. બહુ સરસ (હેમરાજ) પંડિતે બહુ સરસ લખ્યું છે. હેમરાજ પંડિતે લખ્યું છે, હા હેમરાજ પંડિતે બહુ સારું લખ્યું છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ઘરનું મૂળ સ્ત્રી. એટલે કે સ્ત્રીનો આશ્રય કરવાવાળો વિકલ્પ. એ રમાડનાર છે. આમ ભોગ, રાગનો ભોગ એ સ્ત્રી છે અને એનું નિમિત્ત સ્ત્રી છે, ફાંસલો છે એ. છોડ, લક્ષ છોડ કહે છે. ભગવાન આત્મા, અમારી અનાદિ સ્વાનુભૂતિરૂપી રમણી અમારી પાસે છે ઈ. સમજાય? શક્તિરૂપે તો અનુભૂતિ ત્રિકાળ પડી છે. પર્યાયરૂપ પ્રગટ કરવાના અનુભવ માટે, હે સ્ત્રી! છોડ મને. હવે તું મને રમાડી શકે એવું નથી. સમ્યગ્દષ્ટિના વૈરાગ્યના વચનો પણ મસ્ત હોય ત્યાં. એમ ન હોય કે મને આમ કરશો, મને આમ થાય. ચરણાનુયોગનો અધિકાર પણ કુંદકુંદાચાર્યની શૈલી જ કોઈ.. વ્યવહાર અધિકાર છે પણ ગજબની વાતું એની!! ઓહો..હો..! દ્રવ્યાનુયોગનો અધિકાર અલૌકિક, એની સાથે ચરણાનુયોગનું નિમિત્ત કેવો વિકલ્પ કેવી જાત હોય અને એ વખતે કેવા સંયોગનો અભાવ કે સંયોગ હોય? અદ્‌ભૂત વર્ણન! અદ્‌ભૂત વર્ણન...!! વસ્તુની સ્થિતિનું વર્ણન.

હે સ્ત્રી! એકલા તને છોડતા નથી અમે. જાણીને અમારી પાસે રમણી એક બીજી છે ત્યાં જવા માટે છોડીએ છીએ. આહા..હા..! કહો, સમજાણું? સ્વાનુભૂતિરૂપી રમણી. અમારો સ્વ અનુભવ, એની જે રમણી પરિણતિ, એ પરિણતિ પ્રગટ થાય તે સ્વભાવમાં તો પડી છે ને પ્રગટ થાય. ત્યાં કાંઈ અદ્ધરથી આવે છે? પ્રાપ્તની પ્રાપ્તિ છે, કૂવામાં હોય એ બહાર આવે કે મફતનું આવે છે? એ અંદર પડ્યો છે અમારો સ્વાનુભવ રમણી શક્તિ, એ પ્રવાહ એની દૃષ્ટિ થતાં એ પ્રવાહ અંદરમાંથી આવે છે. રાગમાં, વિકલ્પમાં, પુણ્યમાં, નિમિત્તમાંથી નહિ. એમ

પહેલો ધડાકો બોલતા તો માગણી કરે છે. આહા..હા..! શું વાત! પણ એ એક બોલતા પણ યાદ ન રહે.

તમારી ઓલી મોટરમાં ગયા હતાને એક ફેરી? અને મોટરમાં ભાઈ હતા ભેગા, પ્રભુભાઈ આવ્યા હતા. અને એક ઓલો અડધો કલાક બાકી રહ્યો હતો અને મૂક્યું હતું કાંઈક મારે. 'દેખ લો રે સંતોની...' કાંઈક કોણ જાણે ભાષા ભૂલી ગયા અમે. મસ્તી.. આ ક્યાંથી એલા તારા ભજન આમાં? ઓલું રેડિયોમાં આવેલું. જંગલમાં અડધો કલાક બાકી રહ્યો રાજકોટ, અમે અહીંથી ગયા ત્યારે. ત્યારે ઓલો ડ્રાઈવર હતો એણે જરીક આમ કર્યું. ત્યાં એવી ભાષા હતી. નહિ? ચંદુભાઈ હતા કે નહિ? જોયું, ભાષા જ ભૂલી ગયા. જોઈ લો સંતોની વિભૂતિ. એવો કોઈ શબ્દ હતો. એણે તો ઓલા બહારની વૈરાગ્યની વાતથી ગોઠવેલું.

અહીં તો ભગવાન આત્માની વિભૂતિ. એની શું મહિમા! આહા..હા..! જેના ચૈતન્યમાં કહે છે આ સ્વાનુભૂતિ તો અમારા પેટમાં—ધ્રુવમાં પડી છે. કેવળજ્ઞાન અમારા પેટમાં પડ્યું છે ત્યાંથી આવે છે, બહારથી નથી આવતું. ચાર જ્ઞાનમાંથી કેવળજ્ઞાન નથી આવતું. આહા..હા..! મોક્ષમાર્ગમાંથી મોક્ષ નથી આવતો. મોક્ષમાર્ગનો તો વ્યય થાય છે. ઉત્પાદ વ્યયમાંથી આવે છે? વ્યય (થઈને) આમ ઉત્પાદ જે આવે, પ્રવાહ અંદરમાં પડ્યો શક્તિરૂપે આમ... અમારી સ્વાનુભૂતિ રમણી આનંદની પડી છે અંદરમાં. એ અમે દૃષ્ટિ આપીને જ્ઞાન-ભાન થયું એ રમણી એની પાસે અમે જઈએ છીએ. છોડ એને તું, છોડી દે. આહા..હા..!

જુઓને ચરણાનુયોગનો અધિકાર પણ ખુમારી અને મસ્તી ચડાવી દે એવો છેને. વીતરાગના શાસ્ત્રો છે. કોઈપણ અનુયોગ હોય નહિ, એમાં શું છે? એમાં વીતરાગતા જેમાં વર્ણવી છે એકલી. ઓહો..હો..! કથાનો હોય ભલે આદિપુરાણ કે કથા, પણ એમાં તત્ત્વ ભર્યા છે. મુખ્યપણેથી વાત હોય, પણ પાછું દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ એમાં ભર્યો હોય થોડો. નથી એમ નહિ. મુખ્યપણે એક અને બીજા ત્રણે ગૌણમાં હોય છે. પણ આ દૃષ્ટિ અને આ નયને સમજ્યા વિના શાસ્ત્રના ઉકેલ કરી શકશે નહિ. આ વસ્તુ આમ અને આ ભેદ અને આ પર્યાય અને નિશ્ચય આ. એ કઈ નયનું કથન છે એના જ્ઞાન વિના નહિ સમજી શકે.

પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધું છેને ભાઈ! કહેનાર તો નિશ્ચય-વ્યવહારનો જાણનાર (છે), પણ સાંભળનારો પણ એવો જોઈએ. આવે છેને એમાં આવે છે. પંડિતજી! ગાથામાં આવે છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. એને પણ નિશ્ચ-વ્યવહારનું જ્ઞાન (હોવું જોઈએ). છેને? એ ગાથા છે. છે. એમ કહે તમે આમ (કહો છો)? હા, એને પણ એનું હોવું જોઈએ નિશ્ચય-વ્યવહારનું જ્ઞાન. તો યથાર્થ શ્રોતાપણે શ્રવણ કરી શકશે. સમજાણું? છે કે નહિ? હવે વખત થઈ રહ્યો છે. એ આવે છે એમાં ભાઈ! શ્રોતાને નિશ્ચય-વ્યવહારનું થવું જોઈએ, એને મધ્યસ્થથી...

મુમુક્ષુ :- વ્યવહાર-નિશ્ચય...

ઉત્તર :- ... સમજાણું આમાં? એને રસ.. શ્રોતાને માટે જ કહ્યું. તારે માટે પણ બરાબર ધ્યાન રાખજે.

મુમુક્ષુ :- શ્રોતાને તો ઉપદેશ છે.

ઉત્તર :- એને ઉપદેશ કરવો છે એ. વીતરાગના તત્ત્વોના કથાના, ભાવના આશયો પકડાશે નહિ. સમજાણું?

व्यवहारनिश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः।
प्राप्नोति देशनायाः स एव फलमविकलं शिष्यः।।८।।

જુઓ, શિષ્યને પાછળ શબ્દ મૂક્યો છે. **'જો જીવ વ્યવહારનય નિશ્ચયનયકો વસ્તુસ્વરૂપકે દ્વારા યથાર્થરૂપ જાનકર મધ્યસ્થ હોતા હૈ અર્થાત્ નિશ્ચયનય-વ્યવહારનયસે પક્ષપાત રહિત હોતા હૈ, વહ હી શિષ્ય...'** જોયું! **'વહી શિષ્ય ઉપદેશકા સંપૂર્ણ ફલકો પ્રાપ્ત કરતા હૈ.'** ભાઈ એને.. આઠમી ગાથા જુઓ. એ શ્રોતાને પણ નિશ્ચય-વ્યવહારનો ખ્યાલ ન હોય તો કાંઈકનું કાંઈ કચરડી-મચડી કરી નાખશે તો એને નિશ્ચય-વ્યવહારનો લાભ નથી. ૮મી ગાથામાં પોકાર કરે છે જુઓ.

એમ અહીંયા સ્ત્રીને ઘરનુ સ્થાન કહેવામાં આશય શું છે એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૫, મંગળવાર, તા. ૧૩-૦૭-૬૫**
**ગાથા-૧૪૪-૧૪૫, પ્રવચન-૧૬૯**

૧૪૪ ગાથા. પરમાત્મપ્રકાશ, અધ્યાય બીજો. **'યહાં ઘર શબ્દસે મુખ્યરૂપ સ્ત્રી જાનના,...'** સ્ત્રીનો પ્રતિબંધ છે સંસારમાં એમ કહેવામાં આવે છે. એટલે ખરેખર રાગનું ધ્યેય સ્ત્રી છે વિશેષ અને તે રાગ તે એકત્વબુદ્ધિ છે એ સંસાર છે. રાગ છેને એમાં મુખ્ય સંસારમાં સ્ત્રી રાગનું નિમિત્ત છે, વિષયમાં. એનો વિષય છેને? આમ વિષય નથી અને આમ વિષય છે. એટલે રાગનો વિષય સ્ત્રીને મુખ્યપણે ગણી અને એ સ્ત્રી જ પ્રતિબંધનું કારણ

છે. ખરેખર તો એના તરફનું લક્ષ એવો જે રાગ પ્રતિબંધનું કારણ છે. ખરો તો એ છે. સમજાણું?

**'સ્ત્રી હી ઘરકા મૂલ હૈ, સ્ત્રી બિના ગૃહવાસ નહીં કહલાતા.'** આમ તો સ્ત્રી અનંત વાર છોડી, એમ નહિ. સ્ત્રી તરફનો વિકલ્પ જે છે એનાથી રહિત આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે એની દૃષ્ટિ કરીને વિકલ્પની એકતા છોડે, એણે સ્ત્રી છોડી એવું અસદ્ભુત વ્યવહારનયે કથન કરવામાં આવે અને અશુદ્ધ રાગની એકતા તૂટી એ અશુદ્ધ નિશ્ચયનયે છૂટી એમ કહેવામાં આવે છે. બહુ લાંબી વાતું પણ ભાઈ. સમજાણું કાંઈ? પરનો ત્યાગ એ તો અસદ્ભુત છે, એ ક્યાં..? પરનો ત્યાગ તો ત્યાગ જ છે, એનો કાંઈ ત્યાગ છે નહિ. એ તો પરદ્રવ્ય જ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મામાં સ્ત્રી સંબંધી રાગ થાય એ પણ ખરેખર પરદ્રવ્ય છે અને એમાં એકત્વબુદ્ધિ એ જ પોતાના સ્વભાવના ઘરમાંથી નીકળીને પરમાં એકત્વ (કર્યું) એટલે પરને પોતાનું ઘર કર્યું. એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ ઈ છે. આમ તો સ્ત્રી અનંત વાર છોડી, પણ એના ઉપરનું લક્ષ છે ભોગની વૃત્તિ રાગ, એનું મૂળ વસ્તુ એ છે એટલે પ્રતિબંધનું કારણ એમ કહીને રાગમાં એક્તાબુદ્ધિ છે એમાં એ નિમિત્ત છે, એ જ સંસાર અને એ જ ઘર છે. ગૃહસ્થાશ્રમનો રખડવાનો અભિપ્રાય જ એ વસ્તુ છે. સમજાણું કાંઈ? ન્યાલભાઈ! ન્યાલભાઈને સાંજે કીધું, પરદ્રવ્ય તો.. ઓલા ઘણા રાડ નાખે છેને કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય? વીરચંદભાઈએ પ્રશ્ન કર્યો હતો. અગાસમાં બહુ જાયને વીરચંદભાઈ, એટલે એક ફેરી પ્રશ્ન કર્યો, દસ વર્ષ પહેલાં. આ દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરદ્રવ્ય? કીધું, ત્યારે શું સ્વદ્રવ્ય?

શ્રોતા :- દલીલ તો એણે કરી..

ઉત્તર :- એ શુદ્ધ છેને. દલીલ કરી. એ શુદ્ધ છે ને? શુદ્ધ હોય તો શું છે? છે એ પરદ્રવ્ય. એનું લક્ષ કરવાથી રાગ જ થાય. એનાથી આત્માનું કલ્યાણ બિલકુલ ન થાય. સમજાણું કાંઈ?

શ્રોતા :- .. કલ્યાણ થાય.

ઉત્તર :- કલ્યાણ એમ બોલવામાં આવે વ્યવહારે. કલ્યાણ તો અંદર કરે ત્યારે એની ભક્તિને વ્યવહાર કહેવામાં આવેને? અનંત વાર એવી ભક્તિ કરી ભગવાનની.

અહીં તો આચાર્ય તો ત્યાં સુધી કહે છેને નિયમસારમાં તો. ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે એ પરદ્રવ્ય છે. એ તો ઠીક પણ ક્ષાયિક સમકિત અને ચારિત્ર જે છઠ્ઠે ગુણસ્થાને પ્રગટે સાચું, એ પર્યાય પણ પરદ્રવ્ય છે.

શ્રોતા :- મોટા પુરુષ છે...

ઉત્તર :- મોટા, પણ મોટા કાંઈ મફતમાં કહેતા હશે મોટા? જુઓ, ૫૦મી ગાથામાં છે. સાંજે કહ્યું હતું. આ તો અહીંયા આવ્યું.

पुवुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।

જરી ઝીણી વાત છે. અનંત કાળમાં એણે લક્ષમાં લીધી નથી વાતને. બધું એણે કર્યું. અહીં તો કહે છે કે ભગવાન આત્માને શરીર, બાયડી, છોકરા, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે, ભગવાન આત્મા માટે સિદ્ધ પરદ્રવ્ય છે, પણ જેમ એ પરદ્રવ્યમાંથી આત્માની નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, તો આત્મામાં જે રાગ થાય વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, એ પરદ્રવ્ય છે. કારણ કે એમાંથી પણ કાંઈ નિર્મળ સમ્યગ્દર્શન કે ચારિત્રની પર્યાય આવતી નથી. અને આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ આત્માને આશ્રયે પ્રગટી એ પર્યાય પણ ખરેખર પરદ્રવ્ય છે. નિર્મળ પર્યાય, વીતરાગી પર્યાય. કેમકે એ વીતરાગી પર્યાય છે એમાંથી નવી પર્યાય ધર્મની વૃદ્ધિની, શુદ્ધિની વૃદ્ધિ પર્યાયમાંથી આવતી નથી, પર્યાયને આશ્રયે આવતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી કીધું છે કે ખરેખર ભગવાન કોને કહીએ? કે સર્વ વિભાવગુણપર્યાયથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. બધા વિકારી પર્યાય કે નિર્વિકારી પર્યાય (એનાથી રહિત). ઝીણી વાત છે. છોટાભાઈ! આ બધો અભ્યાસ કરવો પડશે હોં! હિત કરવું હોય તો. આ બધા રખડવાના રસ્તા છે બાકી તો બધા. કહો, સમજાણું આમાં?

અરે ભાઈ! ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં... અહીં તો ત્યાં સુધી કહે છે કે આત્મામાં જે સ્વાભાવિક ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન, ત્રિકાળી શાંતિ-ચારિત્ર ગુણ અને ત્રિકાળી સહજ વીતરાગ સુખ સ્વરૂપ એ શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ, એ અંતઃતત્ત્વ સ્વભાવને અહીંયાં સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું છે. હજી એ સ્વદ્રવ્યનો આધાર બીજો પાછો વળી. એ ભાવને-સ્વભાવને અંતઃતત્ત્વ ગણી, પર્યાય નહિ, રાગ નહિ, પરદ્રવ્ય નહિ. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે સ્વભાવિક ત્રિકાળી જ્ઞાનગુણ, ત્રિકાળી દર્શનગુણ, ત્રિકાળી ચારિત્રગુણ, ત્રિકાળી શાંત સુખ-વીતરાગી સુખગુણ એવું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ આ સ્વદ્રવ્ય. આ સ્વદ્રવ્ય એ વસ્તુ. સ્વભાવને સ્વદ્રવ્ય કીધો. એનો આધાર, એનો આધાર સહજ પરમપરિણામિકલક્ષણ કારણસમયસાર. શું કીધું? શબ્દ અંતઃતત્ત્વ 'हवे अप्पा' શબ્દ પડ્યો છે ને. 'अप्पा' કાઢ્યો કારણસમયસાર. એમાંથી પરમપારિણામિક કાઢ્યું. 'अप्पा' માંથી. 'अंतरतच्च'માંથી ઓલા ભાવો કાઢ્યા.

ભગવાન આત્મા એક વસ્તુ છે એમાં સ્વભાવિક ત્રિકાળી શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન એકરૂપ ત્રિકાળ, આનંદ આદિ સુખ વીતરાગભાવ ત્રિકાળ હોં! એ ત્રિકાળ ભાવને અહીંયા અતંઃતત્ત્વ, અંતઃવસ્તુ, અંદરની વસ્તુ, અંદરનો ભાવ, અંદરનો સ્વભાવ ગણીને એને અંતર સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું. એ સિવાય પર્યાય પ્રગટેલી ક્ષાયિક સમકિત, ચારિત્ર પર્યાય કે રાગ એ બધા પરદ્રવ્ય કહેવામાં આવ્યા.

શ્રોતા :- એ આચાર્ય કહે છે.

ઉત્તર :- આચાર્ય કહે છે મફત કહે છે કાંઈ?

અહીંયાં તો જે સ્વભાવ છેને, એ અનેકરૂપ થયા. સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક દર્શન, સ્વભાવિક આનંદ, ત્રિકાળ હોં! પર્યાય નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ, પર્યાય નહિ, પ્રગટેલી-ઉઘડેલી, આ ચારિત્રની પર્યાય ઉઘડેલી હોય સામાયિક આદિ છઠ્ઠે ગુણસ્થાને, તો એ પર્યાય પરદ્રવ્ય છે. કેમકે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી તો એ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. માટે ભગવાન કુંદકુંદાચાર્યે સર્વજ્ઞનો જે અનાદિ સહજ પંથ છે એને આ રીતે જાહેર-પ્રસિદ્ધ કર્યો છે કે ભાઈ! તું આત્મા છો. એ આત્મામાં અંતઃતત્ત્વરૂપ જે વસ્તુ ગુણરૂપ-સ્વભાવરૂપ એને અમે સ્વદ્રવ્ય કહીએ, તો એ સિવાયની પર્યાય રાગાદિને પરદ્રવ્ય કહીએ.

હવે એ સ્વદ્રવ્યનો પાછો આધાર. જુઓ, સ્વદ્રવ્યનો આધાર, એકરૂપ ત્રિકાળી દ્રવ્ય વસ્તુ, ત્રિકાળી પરમપારિણામિક સ્વભાવ એ એકરૂપ છે એને કારણસમયસાર, કારણ-આત્મા કહે છે. એવા કારણ-આત્મા એકરૂપ ભગવાન, એના ઉપર દૃષ્ટિ દેતાં, એમાં ધ્યેયને પકડતાં આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ, ટકવું અને શુદ્ધિ વધે છે. બીજા કોઈ અવલંબે વધતું નથી, ટકતું નથી અને વૃદ્ધિ પામતું નથી. ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ?

પર્યાય-અવસ્થા તો એક કોર રહી ગઈ. આમ ગુણો જે ત્રિકાળી છે એ ગુણનું (એકરૂપ) અંતઃતત્ત્વ, અંતઃભાવ, અંતઃસ્વભાવ ગણીને એનાથી એક સમયની પર્યાય પ્રગટેલી ધર્મની એ પરદ્રવ્ય, પરભાવ, હેયં ઈતિ કહ્યા. એને હેય કહ્યું. ભગવાન! તારી ચીજ શું છે એની તને ખબર ન મળે અને જ્યાં-ત્યાં ભટકવાના કારણોમાં ભટક્યા કર્યો. એ જન્મ-મરણના અંત લાવવાની ચીજ કાંઈક બીજી છે. એને પહેલી સમજણમાં-જ્ઞાનમાં તો લેવી પડશેને? પછી પ્રયોગ કરી શકે. પહેલાં સમજણમાં ન આવે તો પ્રયોગ શી રીતે કરે? પ્રયોગ સમજ્યા? અંતરમાં એકાકાર ક્યાં થવું, કેમ થવું એ રીત જાણ્યા વિના શેમાં એકાકાર થાવું?

અહીં તો આચાર્ય એટલું બધું વર્ણન ૫૦માં (કર્યું છે). '**पुवुत्तसयलभावा**'. ઉદય-ઉપશમ-ક્ષયોશમ અને ક્ષાયિક ચારેય ભાવ પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે-ત્રણ બોલ લીધા છે પાઠમાં કુંદકુંદાચાર્યે. ત્યારે ઉપાદેય કોણ? '**सगदव्वमुवादेयं**'-અંતઃતત્ત્વ. અંતર સ્વભાવ વસ્તુ

જે જ્ઞાન-દર્શન-આનંદ ત્રિકાળ એ સ્વદ્રવ્ય ઉપાદેય. પણ એ સ્વદ્રવ્ય જે કીધું એને જે અંતર ભાવરૂપ કહ્યું તો કહે છે કે એ ભાવનો આધાર એકરૂપ કારણસમયસાર ભાવવાન એને અમે કારણસમયસાર અને પરમાત્મા કહીએ છીએ. એને લક્ષે અને એની દૃષ્ટિએ અને એને આશ્રયે ધર્મ થાય, ધર્મ ટકે, ધર્મ વધે અને મોક્ષ થાય.

શ્રોતા :- આચાર્યની સંસ્કૃત ટીકા છે?

ઉત્તર :- આચાર્યનો પાઠ છે. સંસ્કૃત ટીકાની તો વાત ક્યાં વળી? આ પાઠ શેનો કીધો આ? અને આ ટીકા છે. મૂળ પાઠની તો વાત થાય છે આ. પછી ટીકામાં તો છે આ. ટીકાની તો વાત કરી. ટીકામાં તો વિસ્તાર છે. જુઓ આ. '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' તો એ ચાર ભાવને પણ વિભાવગુણ કીધા. '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' ભગવાન પૂર્ણ સ્વરૂપ અંતઃતત્ત્વ. તત્ત્વ એટલે ભાવ, ભાવ એટલે સ્વભાવ. એવો અંતઃતત્ત્વ સ્વભાવ એવું '**સ્વદ્રવ્ય...**'. એને સ્વદ્રવ્ય કીધું. એને પણ હજી કોઈ દિ' સાંભળવા મળે નહિ એ કે દિ' સમજે? સમજાણું કાંઈ?

આ દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય પરદ્રવ્યમાં રહી ગયા. આ તો એના પ્રત્યેની શ્રદ્ધાનો રાગ એ પરદ્રવ્ય. એ તો ઠીક, પણ એનો જે ઉઘાડ થયો, સ્વદ્રવ્યની શ્રદ્ધા, સ્વદ્રવ્યના આશ્રયે જ્ઞાન, સ્વદ્રવ્યના આશ્રયે શાંતિ એટલે ચારિત્ર, એ પ્રગટેલી પર્યાયને પણ અહીંયાં પરદ્રવ્ય કહી દીધી છે. કેમકે પર વસ્તુમાંથી જેમ નવી શુદ્ધિ વધતી નથી, એમ પ્રગટેલી પર્યાયને આશ્રયે નવી શુદ્ધિ વધતી નથી. માટે, જેવું પરદ્રવ્ય છે એવી પર્યાયને બધાને પરદ્રવ્યમાં નાખી દીધા. ન્યાલભાઈ!

કેમ? કે જુઓ, બીજી ભાષાએ. પર્યાય જે પ્રગટી એ દ્રવ્યતિ ઈતિ દ્રવ્યં એમ નથી. એ પર્યાય દ્રવે અને પર્યાય આવે એમ છે? એ વસ્તુ જે ત્રિકાળ છે એ દ્રવે છે આમ. અંતરમાં એકાગ્રતા (થતાં) એ દ્રવે છે એટલે એમાંથી પ્રવાહ વહે છે. એનો પર્યાય દ્રવ્યના ધ્યેયે પ્રગટે થાય છે. માટે સ્વવસ્તુને દ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહા..! કહો, વજુભાઈ! હજી તો અહીં બહારમાં અથડાય. ઓલા કહે હેં! ભગવાન પરદ્રવ્ય? પરદ્રવ્ય અનંત વાર. ત્રિલોકનાથ પરમાત્મા પરદ્રવ્ય, એ તો નહિ પણ એની માન્યતા કરવી, પરદ્રવ્યને અનુસારે શ્રદ્ધા એ પણ રાગ પરદ્રવ્ય. એનાથી આત્માને બિલકુલ લાભ નહિ. આહાહા..!

શ્રોતા :- ક્યારની વાત છે?

ઉત્તર :- આ અત્યારની વાત કરે છે. ક્યારની વાત કરે છે આ? કેવળજ્ઞાનની વાત કરે છે આ?

જેની ખાણમાં પડી છે વસ્તુ, એ દ્રવ્ય-વસ્તુ ભગવાન આત્મા કારણસમયસાર. અહીં

તો કારણસમયસાર લીધો. પદ્મપ્રભમલધારી મુનિએ તો ગજબ વાત કરી છે. સમયસારની અપેક્ષાથી પણ કોઈ વાતમાં એટલી ઊંચી વાત લઈ ગયા છે. જોકે એણે દાખલો તો આપ્યો છે કે .. પરદ્રવ્ય છેને ભાઈ ઓલો? .. મારે માટે તો ... એની સાથે શું સંબંધ છે? મારે માટે તો એકલો જ્ઞાયકભાવ ત્રિકાળ સ્વરૂપ, અહીં તો જ્ઞાયક ભાવ... ભાવ... ભાવ... ત્રિકાળ સ્વભાવ એનું એકરૂપ દ્રવ્ય એ જ આત્મા છે, એને આત્મા કહેવામાં આવે છે. એ આત્માનો અંતર આશ્રય લે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય, શુક્લધ્યાન થાય, કેવળજ્ઞાન થાય. એને આશ્રયે થાય, બાકી કોઈને આશ્રયે થાતું નથી. સમજાણું કાંઈ? આ ભારે!

'**પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે...**' પાઠ છે હોં આ. '**પરદ્રવ્ય છે...**' ક્ષાયિકભાવ પરદ્રવ્ય છે, ક્ષાયિકભાવ પરસ્વભાવ છે, ક્ષાયિક સમકિત હેય છે, ક્ષાયિક સમકિત પરદ્રવ્ય છે, ક્ષાયિક સમકિત પરભાવ છે, ક્ષાયિક સમકિત હેય છે એમ કહે છે.

શ્રોતા :- એનું કારણ?

ઉત્તર :- કારણ આપ્યુંને કે અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય. એટલે અંદર જ્ઞાનાનંદ સ્વભાવ ત્રિકાળ ભરેલો શુદ્ધ ભાવ એ સ્વદ્રવ્ય અને એનો આધાર તે આત્મા એટલે એકરૂપ વસ્તુ. આત્મા શબ્દ પડ્યો છેને? '**सगदव्वमुवादेयं अंतरतच्च हवे अप्पा**'. એટલે મુનિએ કાઢ્યું એમાંથી. ભગવાન આત્મા એનામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, ત્રિકાળ સ્વભાવ હોં! વસ્તુ. ધ્રુવ... ધ્રુવ સ્વભાવ. એ સ્વભાવને અહીંયા સ્વ અંતઃતત્ત્વ કહીને સ્વદ્રવ્ય કીધું, વર્તમાન પ્રગટેલી નિર્મળ ધર્મની પર્યાય એને પણ પરદ્રવ્ય કીધું. રાગ તો પરદ્રવ્ય છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે. કારણ કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો આત્માની એક સમયની પર્યાયમાં અસ્તિત્વપણે છે નહિ. એના અસ્તિત્વમાં રાગ છે એ પરદ્રવ્ય. એના અસ્તિત્વમાં પર્યાય છે, પણ એ પર્યાયમાંથી પર્યાય પ્રગટતી નથી. ખરું એ દ્રવ્ય નથી, દ્રવ્ય નથી. દ્રવ્ય એને કહીએ કે દ્રવે-દ્રવે-દ્રવે-વહે-વહે એમાંથી પ્રવાહ વહે. તો દ્રવ્યમાંથી પ્રવાહ વહે છે, પર્યાયમાંથી પ્રવાહ વહેતો નથી. આહાહા..! પંડિતજી! આ તો સંતોની અંદરની આનંદની મસ્તીની વસ્તુ છે, બાપા! આહાહા..! ભાઈ! તું એને લક્ષમાં લે, એને ખ્યાલમાં લે. એ ખ્યાલ વિના તારા ક્યાંય શરણ નીકળે એવા નથી. જુઓને!

'**અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય...**' આત્મા ઉપાદેય છે આ વસ્તુ. બાયડી તો ક્યાંય રહી ગઈ, દેવ-ગુરુ-શાસ્ત્ર ક્યાંય રહી ગયા. સમજ્યાને? આ તો સ્વ-ઘર કોને કહેવું? કે જે ઘરમાં બધું ભર્યું છે. બધું ભર્યું એવું અનંત જ્ઞાનાદિ એ પણ અંતઃતત્ત્વનો (આધાર) એકરૂપ કારણસમયસાર. એને અહીંયા ઉપાદેય વર્ણવી અને એ સિવાયની વર્તમાન પર્યાય પ્રગટેલી નિર્મળ સ્વદ્રવ્યને આશ્રયે હો તોપણ તે પરદ્રવ્ય છે. કારણ કે એને અવલંબે, એને આશ્રયે,

એને આધારે, સમ્યગ્દર્શન ભલે એને આધારે થયું, પણ સમ્યગ્દર્શનને આધારે પાછું ચારિત્ર નહિ થાય. એ ચારિત્ર પાછું દ્રવ્યને આશ્રયે થશે. રાગને આશ્રયે તો ચારિત્ર નહિ થાય, નિમિત્તને આશ્રયે તો ચારિત્ર નહિ થાય, સમકિતને આશ્રયે ચારિત્ર નહિ થાય. સમકિત, જ્ઞાન એને ચારિત્રના કારણ કહ્યા છે. બંધ અધિકારમાં કહ્યું છેને કે અભવિને ચારિત્રનું મૂળ કારણ જે સમ્યગ્દર્શન કારણના અભાવે ચારિત્ર નથી. એ કારણ જે કહ્યું, એ સમ્યગ્દર્શન અને જ્ઞાન એને કારણે પણ ચારિત્ર નથી પ્રગટતું. એને આશ્રયે નહિ, એમાંથી નહિ, એમાંથી નહિ. બહુ વાતું ઝીણી.

એ ભગવાન આત્મા વસ્તુ આમ ખાણ પડી છે એકરૂપ. એને હજી ખ્યાલમાં નથી, સાંભળ્યું નથી, વિચાર્યું નથી એને પ્રયોગમાં કેમ લે? એકરૂપ વસ્તુ આમ અંદર પડી છે. અખંડાનંદ ભગવાન દ્રવ્ય સ્વભાવ વસ્તુ અનાદિ-અનંત એકરૂપ કારણજીવ, કારણપરમાત્મા કહો, કારણસમયસાર કહો, ત્રિકાળીને હોં! ત્રિકાળી દ્રવ્યને કારણસમયસાર કહો, કારણજીવ કહો કે કારણપરમાત્મા કહો. એક કારણને લક્ષમાં લેતા કાર્ય પ્રગટ થાય છે, બાકી કોઈ કારણે કાર્ય પ્રગટ થતું નથી. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ઝીણી વાતું છે આ.

કાંઈક સમજવાની દરકાર હોય અને આવો વખત મળ્યો મનુષ્યનો, આંખું મીચાશે ને ક્યાંય ચાલ્યો જશે. કોઈ ધણીધોરી નથી ત્યાં. છે કોઈ? ફૂ થઈને ક્યાં ક્યાં ચોર્યાશીના.. આહાહા..! એના કાંઠા ક્યાં? એનો કાંઠો લાવવાનો ઉપાય તો અહીં છે અંદર. ક્યાંય છેડા... એક ભવ... બે ભવ.. આ ભવ... ભવ... ભવ... ભવ... દુઃખ... દુઃખ... દુઃખ... કહો, જેચંદભાઈ! એ આજ કંટાળો કરીને આવ્યા હતા. શું છે પણ? કીધું. એક જ્યાં ખોખુ શરીરને જરીક કાંઈક થાય ત્યાં.. આમ શરીર તો સારું દેખાય છે રાજાના કુંવર જેવું. આમ ખુરશીમાં બેસે ત્યાં આમ કરીને આવો છે. ત્યાં તમને ક્યાં દુઃખ થઈ ગયું? જેચંદભાઈ! પણ આ... આ... આ... આ... આના ઉપર ખેદ લાવવા જેવું નથી, આને પોતાનું માનવા જેવું નથી એમ અહીં તો છે. એ નડતરકર્તા પણ નથી અને સહાયકર્તા પણ નથી, એમ કહેવું છે અહીં તો. એ પરવસ્તુમાં ખેદનું પણ કારણ નથી અને એ તત્ત્વને સહાયક થાય એવું પણ કારણ નથી, એ તો જ્ઞેય છે. આહાહા..! એકવાર અંદર દૃઢ નિર્ણય તો કરે. મારા સિવાય પરપદાર્થો બધા જ્ઞાનમાં એકલા જાણવા લાયક છે. મને કોઈ શ્રેયનું કારણ એમાં કંઈ છે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરજ્ઞેય છે. મારા જ્ઞાનના જ્ઞેય છે. ન્યાલભાઈ!

અહીં તો એથી વધારે વાત છે. સાંભળને! પરદ્રવ્ય તો ક્યાંય ગયા. ભગવાન આત્મામાં જે વિકલ્પ ઊઠે છે શુભ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પરદ્રવ્ય છે, આસ્રવ છે, પરદ્રવ્ય છે. સુખનું કારણ એને આશ્રયે નથી, પોતે સુખરૂપ નથી. પણ ભગવાન આત્મા

પોતાના ત્રિકાળ જ્ઞાયકરૂપ સ્વભાવ એને અંતરમાં લક્ષમાં, દૃષ્ટિમાં, ધ્યેયમાં લઈ અને જે ધર્મ દશા પ્રગટ થાય એ ધર્મ સુખરૂપ છે, પણ એને આશ્રયે સુખદશા વધે અને ઉત્પન્ન થાય એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે એ પકડાય નહિ.

આત્મા અંદર ખાણમાં અંદર અનંત રૂપ પડ્યું છે, એ વસ્તુ દ્રવ્ય પદાર્થ. એ પોતે દ્રવ્ય પરિણમે છે આખું. પ્રવચનસારમાં કહ્યુંને? ભાઈ! ઓલાએ પ્રશ્ન કર્યો હતો કે ગુણ પરિણમે છે કે દ્રવ્ય? કે દ્રવ્ય પરિણમે છે. ગુણ જુદો કે દિ'? આખું દ્રવ્ય પરિણમતા ગુણ પરિણમે છે. આમ પરિણમે છે. વસ્તુ એક સમયમાં આખો ભગવાન, પણ એને કિંમત નથી આવતી. હું આવડો? આ શું? ભગવાન મોટા હોય કે હું મોટો હોઉં? એને ભગવાન મોટા લાગે છે આને માટે. ખોટી વાત છે, કહે છે. તારે માટે તું મોટો, તારી પર્યાય પણ તારે માટે મોટી નહિ. કેમકે એ પ્રગટેલો ધર્મ સુખરૂપ છે પણ એને આશ્રયે સુખ વધતું નથી, એને આશ્રયે ધર્મની વૃદ્ધિ થતી નથી, એને અવલંબે શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. ધર્મને આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. આ તે કાંઈ વાત? દેવ-ગુરુ તો ક્યાંય રહી ગયા. વ્યવહારરત્નત્રય તો વિકલ્પ રાગમાં રહી ગયો. ભાઈ! આ મહા નિયમો વસ્તુના છે. એ વસ્તુનું સ્વરૂપ પણ ન્યાયથી તો કહેવાય છે.

એ વસ્તુ જે છે આમ એકરૂપ ચિદાનંદ ભગવાન, એને કારણ બનાવે તો પર્યાયમાં કાર્ય થાય. પર્યાયને કારણ બનાવે તો કાર્ય ન થાય, રાગને કારણ બનાવે તો ન થાય, નિમિત્તને કારણ બનાવે તો ન થાય. આમ છે, ભાઈ! આહાહા..! સમજાય છેને આમાં? બાબુભાઈ! સમજાય છે? કેમ તમારા ન આવ્યા? આજે નથી આવે એવું? કહો, આહાહા..!

ત્રિભુવન તિલક છેને ક્યાંક મોટું મંદિર નહિ? મૂડબિદ્રી. ત્રિભુવન તિલક. આ ત્રિભુવન તિલક તો આ છે. એમ યાદ આવ્યું. છેને હજાર થાંભલાનું એક મંદિર છે. દિગંબર મંદિર મૂડબિદ્રી. પંડિતજી! એક મંદિર છેને? એનું નામ ત્રિભુવન તિલક છે. ઘણું મોટું મંદિર, જૂનું દિગંબર મંદિર. એક હજાર થાંભલા. ત્રિભુવન તિલક એટલું નામ છે? ત્રિભુવન તિલક ચુડામણી નામ છે લ્યો એનું. એ મંદિરનું. કારણ કે બે વાર ગયા છીએને ત્યાં તો. ત્રિભુવન તિલક ચુડામણી. કીધું, ત્રિભુવન તિલક ચુડામણી તો આ છે. એ વખતે આ ત્રિભુવન તિલક ચુડામણી ભગવાન આત્મા. એના ગુણ અને પર્યાય પણ નહિ, એકરૂપ દ્રવ્ય. મોટો બંગલો ભગવાન જેમાં અનંતા જ્ઞાન આદિ દેવો દિવ્ય શક્તિઓ જેમાં વસે છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ જે સ્વભાવ શક્તિ, અનંત શક્તિ રૂપી દૈવ શક્તિઓ દૈવી એમાં દેવ ભગવાનમાં વસે છે એવો એકરૂપ ભગવાન આત્મા તે મહા ત્રિભુવન તિલક ચુડામણી છે. આહાહા..! એની અંતરમાં દૃષ્ટિ કર્યે એને સમ્યક્ થાય, એમાં એકાકાર થયે એને ચારિત્ર થાય, એમાં

એકાકાર થયે શુક્લધ્યાન થાય, એમાં એકાકાર થયે કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ?

શું થાય? માણસને મૂળ ચીજનું જ જ્યાં માહાત્મ્ય ન મળે, ખબર ન મળે. ચાલો ધર્મ કરીએ. ક્યાં ધર્મ લટકે છે બહાર? ધર્મ બહારથી કાંઈ આવતો હશે? ક્યાંથી આવે ઈ ખાણ કોણ છે? કેવડી છે? ક્યાં છે? ખબર છે? સોનાની ખાણ હોય તો ગોતવા જાય છે. આ હીરા-માણેકની ખાણ લાગે છે. આમાંથી તો નીકળ્યા જ કરે છે... નીકળ્યા જ કરે છે. સમજાણું? ધૂળ નીકળ્યા જ કરે છે.

શ્રોતા :- આજનો પાઠ જોરદાર છે.

ઉત્તર :- પાઠ જોરદાર છે આજનો? આ તો ગુરુ પૂર્ણિમા છેને આજ. ગુરુ પૂર્ણિમા છે આજ, પુનમ છે. આજે સ્વાધ્યાયનો દિવસ હતો, પણ હવે, કીધું, મહેમાનો છે એટલે પ્રવચન રાખીએ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ઓલું ઘર આવ્યુંને સ્ત્રી એટલે એટલા ઘરને ત્યાગે આ ઘર મળે એવા નથી અને એના પ્રત્યેની મમતા કદાચિત ઘટાડે તોપણ આ ઘર મળે એવું નથી. સમજાય છે? આ ઘર તો અંતરમાં સન્મુખ અવલંબન કરે તો એ ઘર મળે, એ ઘરવખરા બહાર પર્યાયમાં પ્રગટ થાય. ઘરવખરાને તમારે હિન્દીમાં શું કહે છે? શું કહે છે? આ ઘરમાં ચીજ ઘણી હોય છેને? ઘરવખરા અમારી કાઠિયાવાડી ભાષામાં કહે. માલ ઘણો હોય છેને માલ ઘરમાં? ઘરવખરી. બધા ઉપકરણો રાચરચીલું હોયને એને ઘરવખરો કહે છે. એમ આ આત્માનો ઘરવખરો.

ભગવાન આત્મા અંદર... પણ એને આમ બિંદુ એ ધ્યેય ધ્યેય શું છે? એ કઈ રીતે છે એ એના ખ્યાલમાં લેવાની દરકાર કરી નથી. સમજાય છે? કહે છે, અહીં તો સ્ત્રીની વાત લીધી કે '**સ્ત્રી બિના ગૃહવાસ નહીં કહલાતા. ઐસા હી દૂસરે શાસ્ત્રોંમેં ભી કહા હૈ,...**' પણ અહીં ખરું ઘર તો આ છોડ્યું, આ આશ્રય રાગનો છોડે અને પર્યાયનો આશ્રય છોડે ત્યારે નિજઘરની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? વળી કોઈ કહે, આ સ્ત્રી છોડી દીધી. બધું .. છે. એનો અર્થ કે એના સંબંધીનો જે રાગ છે, એની જે એકત્વબુદ્ધિ છે એ શુદ્ધાત્માની અનુભૂતિ દ્વારા તેનો નાશ થાય છે, એમ છે. સમજાણું? એ કહેશે જુઓ.

'**ઐસા હી દૂસરે શાસ્ત્રોંમેં ભી કહા હૈ કિ ઘર કો ઘર મત જાનો, સ્ત્રી હી ઘર હૈ, જિન પુરુષોંને સ્ત્રીકા ત્યાગ કિયા, ઉન્હોંને ઘરકા ત્યાગ કિયા.**' પણ આ રીતે હોં! આ કહીએ છીએ એ રીતે. એ આગળ કહેશે હજી. '**યહ ઘર મોહકે બંધનસે અતિ દૃઢ બંધા હુઆ હૈ,...**' ભગવાન આત્મા મહા આનંદનો કંદ પ્રભુ, એને દૃષ્ટિમાં નથી લેતો અને આ સ્ત્રી દૃષ્ટિમાં તરવરે છે એને. તરવરે સમજાય છે? એનું લક્ષ જ રહ્યા કરે છે એને.

શ્રોતા :- ત્યાં જ નજર જાય.

ઉત્તર :- હા, નજરું ત્યાં બંધાઈ ગઈ. નજર બંધાઈ ગઈ.

'**મોહકે બંધનસે અતિ દઢ બંધા હુઆ હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ. યહાં તાત્પર્ય ઐસા હૈ,...**' જુઓ, આવ્યું હવે. હવે તાત્પર્ય આવ્યું. '**શુદ્ધાત્મજ્ઞાનદર્શન શુદ્ધ ભાવરૂપ જો પરમાત્મપદાર્થ...**' જોયું? શું કહે છે? કે આ ભગવાન આત્મા શુદ્ધાત્મ જ્ઞાન ત્રિકાળ. શુદ્ધ આત્માનું જ્ઞાન ત્રિકાળ. જ્ઞાન ત્રિકાળ ધ્રુવ-ધ્રુવ. દર્શન ત્રિકાળ. એવો શુદ્ધભાવરૂપ, શુદ્ધભાવરૂપ જે પરમાત્મપદાર્થ. એવો શુદ્ધભાવસ્વરૂપ અખંડ પ્રભુ પરમાત્મા પોતાનો ભાવ, પદાર્થ '**ઉસકી ભાવનાસે વિમુખ જો વિષય કષાય હૈં,...**' એવો ભગવાન આત્મા. અહીં બે જ ગુણ લીધા. એવા અનંત ગુણો, તેનો સ્વભાવ, એનો એકરૂપ પરમાત્મ પદાર્થ. એવો પરમાત્મા પોતાનો પદાર્થ છે. પરમ આત્મા એટલે પરમસ્વરૂપ વસ્તુ, એવી ત્રિકાળી ચીજ, એની ભાવના-એના તરફની એકાગ્રતા, એના ધ્યેયે એમાં લીનતા. એનાથી વિમુખ આ વિષય કષાય છે. સ્ત્રી આદિ બધા આ સ્વભાવથી વિમુખ છે. સમજાણું કાંઈ? ભારે.

ઘરમાં રહેવું. શું કહે છે નહિ? પાણીમાં રહેવું અને મગરમચ્છ સાથે વેર. એમ નથી કહેતા? જળમાં રહેવું અને મગરમચ્છ સાથે વેર. હવે રહેવું અહીં અને એ મારા નહિ. કે દિ' રહે છો? સાંભળને. એક સમયની વિકારી પર્યાય પણ ઉત્પન્ન-ધ્વંસી (છે), એમાં ક્યાં તું રહેલો છો? પરનું તો ક્યાં, પણ ઉત્પન્ન ધ્વંસી, ઉત્પન્ન થાય, નાશ થાય વિકાર હોં. ઉત્પન્ન થાય, નાશ થાય એમાં ક્યાં રહેલો છો? આહાહા..! રહેલો તો ત્રિકાળી જ્ઞાયકભાવ અનંત ગુણનો પિંડ વસ્તુ એમાં રહેલો છો તું. બહાર ક્યાં રહેલો છો?

કહે છે, એનાથી ઊલટા વિષયકષાય છે. જુઓ, આ વિષય હોં! સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ, એનું એકરૂપ પરમાત્મા પોતે, એની ભાવના એટલે એના સન્મુખની એકાગ્રતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનાથી વિમુખ આ વિષય અને કષાય. આ રીતે વિમુખ. આમ સ્ત્રીને છોડે અને એનો રાગ જરી ઘટાડે અને શુભરાગ રહે, એની સાથે એકત્વબુદ્ધિ (હોય) એણે કાંઈ છોડ્યું નથી. સમજાણું કાંઈ? છૂટે એનો સંગ ન થાય ફરીને. જે છૂટે એનો સંગ ન થાય. સંગ ક્યારે ન થાય? કે અસંગ વસ્તુ પોતે જ્ઞાયકભાવમાં અનંત ગુણરૂપ એક, એની ભાવના-શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કરે ત્યારે આ જે (બાહ્ય) વસ્તુનો સંગ તેનો સંગ રહે નહિ. રહે નહિ સંગ એનો. વ્યય થઈ જાય.

'**ઉનસે યહ મન વ્યાકુલ હોતા હૈ.**' જુઓ! અહીં ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ વસ્તુ, પરમાત્મા પોતે વસ્તુ તરીકે એની એકાગ્રતામાં અનાકુળતા ભાવના છે ઈ અને આ વિષયકષાય તે આકુળતા છે. એના મનમાં વિકલ્પ ઊઠે છે એ બધી આકુળતા છે. પૈસાની

હો, આબરૂની હો, કીર્તિની હો, અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રના શ્રદ્ધાની હો તો પણ એ પરવિષય થયો માટે મનની આકુળતા છે એમાં. વિષયકષાય થયો ને એ? પરના વિષયે થયો કષાય, એ કષાય આકુળ છે. સ્વના વિષયે થાય અનાકુળતા, એ સુખનો માર્ગ છે. સમજાણું કે નહિ?

શ્રોતા :- ....

ઉત્તર :- એ બધું કહેવાય. બધું આ સમજે તો એને કહેવાય.

શ્રોતા :- સમજ્યા વિના ઉપકાર શો?

ઉત્તર :- સમજ્યા વિના ઉપકાર શો? શ્રીમદ્ે ન કહ્યું? સમજે નહિ એમાં ઉપકાર શેનો કહેવો? શું ચીજ છે એ તો સમજતો નથી અને ઉપકાર-ઉપકાર કર્યા કરે છે. શેના ઉપકાર? આવે છે ને? ન્યાલભાઈ! 'સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ.' 'સમજ્યે જિનસ્વરૂપ' દેખો. જિનસ્વરૂપ સમજે ત્યારે ઓલાને ઉપકાર વ્યવહારે કહેવાય. જિનસ્વરૂપ એટલે વીતરાગસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એટલે પરની અપેક્ષા વિનાનું સ્વરૂપ, પરની અપેક્ષા વિનાનું એટલે વિકલ્પની અપેક્ષા પણ જેને નથી કે આ વિકલ્પ હોય તો આ લાભ થાય, એવું નિરપેક્ષ તત્ત્વ છે. આહાહા..! એની દૃષ્ટિ-જ્ઞાન થયા વિના ભગવાનનો ઉપકાર એમ ક્યાંથી લાવ્યો તું? સમજાણું? વસ્તુની તો ખબર નથી.

'**ઈસલિયે મનકી શુદ્ધિ કે બિના ગૃહસ્થકે યતિકી તરહ શુદ્ધ આત્માકા ધ્યાન નહીં હોતા.**' અહીં વધારે જોર કર્યું છે ને. મનની શુદ્ધિ વિશેષ વિના ગૃહસ્થાશ્રમમાં નિર્વિકલ્પ ઉપયોગનું ધ્યાન વિશેષ થતું નથી. વિશેષનું હોં! કંઈક તો છે પણ અહીં વિશેષ જોર દેવું છે માટે નથી એમ કહ્યું. '**મનકી શુદ્ધિ કે બિના...**' જ્યાં-ત્યાં વિકલ્પો ઊઠ્યા કરે. અહીં દૃષ્ટિ સ્વરૂપની હોવા છતાં અસ્થિરતાના વિકલ્પોની જાળું ઊઠ્યા કરે એને '**મનકી શુદ્ધિકે બિના ગૃહસ્થકે યતિકી તરહ...**' મુનિને તો ઘણા વિકલ્પો નાશ થઈ ગયા. એક પંચ મહાવ્રત આદિના વિકલ્પ છે. અલ્પ... અલ્પ... અલ્પ. બાકી મહાન ભગવાન આત્મા નિવૃત્તિના સાધનમાં પડ્યો એને નિર્વિકલ્પ ઉપયોગનું ધ્યાન વારંવાર આવે છે.

'**ગૃહસ્થકે યતિકી તરહ શુદ્ધાત્માકા ધ્યાન નહીં હોતા.**' એના જેવું ધ્યાન હોતું નથી. '**ઈસ કારણ ઘર કા ત્યાગ કરના યોગ્ય હૈ,...**' અહીં તો વિશેષ વાત કરે છેને. મુનિપણું બાપા! અંદરમાં વસ્તુની ચારિત્રદશા એ વિના વીતરાગતા ક્યાંથી આવે? અને એ મુનિ તો વનવાસમાં કોઈના સંગ વિના એય.. એકલો પડ્યો હોય. વાઘને સિંહને કાંઈ જરૂર છે બીજાની? એવો સિંહ પેઠે ત્રાડ મારતો અંદરમાં એકલો મસ્ત આનંદકંદમાં પડ્યો છે મુનિ. એને શુક્લધ્યાન અથવા નિર્વિકલ્પ ધ્યાન વારંવાર આવે. આ સ્ત્રી, કુટુંબની પળોજણ. દૃષ્ટિ

હોવા છતાં પણ અસ્થિરતાના ઘણા પ્રસંગ છે, તેથી નિર્વિકલ્પ ધ્યાન આવવું મહામુશ્કેલ છે. બિલકુલ નથી એમ નહિ હોં પાછું. હવે કો'ક એમાંથી એ કાઢે છે. એ તો સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાન હોય, એમ નહિ.

'ઘર કા ત્યાગ...' અહીં તો ઓલો ત્યાગ બતાવવો છેને ઘરના રાગનો. એ બતાવવા માટે વાત આ કરી છે. બાકી ચોથા ગુણસ્થાનમાં, પાંચમા ગુણસ્થાનમાં પણ નિર્વિકલ્પ ધ્યાનનો ઉપયોગ કોઈ કોઈવાર હોઈ શકે છે, પણ મુનિને જે હોય એવો હોઈ શકે નહિ. એ માટે વજન આપે છે. એને તો ક્યાં પડી છે, મુનિને કાંઈ પડી નથી. શું થાય છે શાસનમાં. શું થાય છે શ્રાવક-શ્રાવિકામાં. એ પડ્યો અંદર અવલંબનમાં. કાંઈ ભાન નથી, બહારની ખબર પણ નથી. અરે..! આનંદકંદમાં ઝુલતો હોય છે અંદરમાં. મુનિ કોને કહીએ? સ્ત્રી કેવી, ઘર કેવા, મકાન કેવા, વેપારનો વિકલ્પ કેવો ત્યાં? ઉત્કૃષ્ટ વાત બતાવે છે. એવા મહામુનિને ધ્યાન જામી જાય છે. કારણ કે બહારનો કોઈ વિકલ્પનો સંગ-પ્રસંગ છે નહિ અને આત્મા અસંગ સ્વરૂપ એની દૃષ્ટિ થયેલી છે અને એમાં આવો અંદર રાગાદિનો ત્યાગ છે. એટલે વસ્તુ સ્વરૂપમાં વિશેષ ધ્યાનમાં આવી જાય. ગૃહસ્થમાં એવું ધ્યાન જામતું નથી.

**'ઐસી દૂસરી જગહ ભી કહા હૈ કિ કષાયોંસે ઔર ઇન દુષ્ટ ઇન્દ્રિયોંસે મન વ્યાકુલ હોતા હૈ,...'** રાગના પરિણામથી અને વિષયોના લક્ષથી મનમાં આકુળતા... આકુળતા... આકુળતા થાય છે. ભગવાન આત્મા તદ્દન શાંત... શાંત... શાંત... વીતરાગી બિંબ, વીતરાગી ચૈતન્યબિંબ આત્મા છે. એમાંથી આ બહારના વિષયોમાં લક્ષ જવું કે કષાયના લક્ષ થવાં એ બધી આકુળતા છે. સમજાણું કાંઈ? **'ઇસલિયે ગૃહસ્થ લોગ આત્મભાવના કર નહીં સકતે.'** જેવી મુનિ કરી શકે છે એવી ભાવના ગૃહસ્થાશ્રમમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? વિશેષ વાત કરે છે ને આ તો? **'આગે...'** એમાં સુધાર્યું છે? નવામાં. આમાં **'જાગે ઘરકી મમતા છુડાકર...'** છે. **'શરીરકા મમત્વ છુડાતે હૈ :-'** હવે શરીર... શરીર... શરીર... બાપા! શરીર પણ તારું નથી, બાયડી-છોકરા તો ક્યાં ગયા? હવે જુઓ!

૨૭૬) देहु वि जित्थु ण अप्पणउ तहिँ अप्पणउ किं अण्णु।
पर-कारणि मण गुरुव तुहुँ सिव-संगमु अवगण्णु।।१४५।।

**'જિસ સંસારમેં શરીર ભી અપના નહીં હૈ,...'** શરીર પણ તારું નથી, પ્રભુ! શરીર તો માટીનું જડ પૂતળું છે. જેમાં શરીરના રજકણો માટીના પુદ્ગલના એ અજીવતત્ત્વથી બનેલું આ પૂતળું એ આત્માનું ક્યાંથી હોય? **'શરીર ભી અપના નહીં હૈ, ઉસમેં અન્ય ક્યા અપના હો સકતા હૈ?'** કઈ ચીજને તારે પોતાની માનવી છે? ફડાક ક્ષણમાં (છૂટી જાય). ખાતા-ખાતા કોળિયો મોઢામાં રહે. ગાંઠીયા અને ચા પીતો હતો એકવાર. લાડવો ખાતા-

ખાતા. આપણા વાણિયા દશાશ્રીમાળી વાણિયા લાડવા વાળે ને લાડવા? ઓલા પારેખ હતા. પારેખ, રાજકોટ. ભૂલી ગયા. ગિરધર પારેખ. દશાશ્રીમાળી પારેખ હતા વૃદ્ધ લાંબા. લાડવા વાળે ત્યારે ભાણિયાને બોલાવેને? શેઠિયાને બોલાવે. ઓલું તાજું કેવું છે ચાખેને થોડું? કળીના લાડવા વાળતા. શેઠિયાને બોલાવે ન્યાલભાઈ જેવાને. ચાલો ભાઈ લાડવા થોડું ચાખી જુઓ કોઈ સ્વાદફેર થયો ન હોય. ખલાસ. દેહ છૂટી ગયો. એમ ને એમ લાડવો રહી ગયો. શું કરવું આમાં? આહાહા..!

જુઓને, અમારે અહીંથી જાવું હતું આ ઉમરાળા દશની સાલમાં. અમારા ભાઈ હતા ને શિવલાલભાઈ. દશ મિનિટમાં ગુજરી ગયા સાંજે. સવારમાં ઉદ્‌ઘાટન કરવું મકાનનું. ૬૦૦-૮૦૦ માણસ બહારથી આવ્યા. હવે અહીં અમારે મોટા બાપાના દીકરા શિવલાલભાઈ. હેમચંદભાઈ એના મોટા ભાઈ, આ ભુપેન્દ્ર ડાઈંગ. એના મોટા ભાઈ હતા. ત્યાં ગયા ત્યાં સાંજે આહાર કર્યો હશે. એમાં કોણ જાણે સૂતા ને દશ મિનિટમાં ઉડી ગયા. કરવું શું હવે? કુંવરજીભાઈ ને બધા મુંઝાણા. આવ્યા અહીં. મોટા રામજીભાઈ હતાને એટલે આવ્યા. શું કરવું? સવારે ઉદ્‌ઘાટન આપણે કરવું, આ ૬૦૦-૮૦૦ માણસ. મહેમાન જમાડવા છે. આ મડદું. હવે આ મહારાજના ભાઈ થાય. કરવું શું આમાં? અને ઓલો નાનો ભાઈ અહીં હતા હેમચંદ. તે દિ' અહીં હતા. ભુપેન્દ્ર ડાઈંગ. મુંબઈ છેને મોટી કંપની? એ અહીં તાકડે. કરવું શું હવે? ભાઈએ પછી કીધું, ભાઈ રાતે ને રાતે ઉકેલી દો. શું થાય? રાતે ને રાતે બાળી આવ્યા. સવારે તો અહીંથી અમારે જવું ઉદ્‌ઘાટન મકાનનું. શું કરે? ૬૦૦-૮૦૦ માણસ. આ સ્થિતિ. ઘડીકમાં શું થશે? અહીં છેલ્લે આવી ગયા. મહારાજ હું જાઉં છું. હેમચંદ આવ્યો છેને હું જાઉં છું. બસ, એટલું કીધું. ગયા. રાતે આહાર કરીને વળી શું થયું જરી. ત્યાં ખલાસ થઈ ગયા. શું કરે એમાં? દેહની સ્થિતિ જ્યાં પૂરી થાય. કહે છે કે બાપા! દેહ તારા નહિ. કોને તારા માનવા છે તારે? કહો, આ વાત તો સાચી હશે કે નહિ? છોટાભાઈ! એ તો ભાઈનું જોયું કે નહિ તમે? ધોતિયાની પાટલી વાળતા હતા એ પાટલી ન વળી, સ્થિતિ પૂરી થઈ ગઈ. આહાહા..!

અરે! પણ વૈરાગ્યના સ્થાન ક્યાં ગોતવા છે તારે? એક-એક ઠેકાણે વૈરાગ્યના સ્થાન છે. આહાહા..! અરે! એને નવરાવ્યા, એને ખવરાવ્યા, એને તેલ નાખ્યા, સેથિયા પાડ્યા વાળમાં. આ છોકરાઓ બહુ પાડે છે આમ આમ કરીને. ઘડીકમાં... બાપુ! એ તો જડ છે. એની પર્યાય પૂરી થઈ સંયોગે એટલે છૂટી જશે ફટ. ઘડો જેમ છૂટી જાય ગાડામાંથી... ઘડો પાણીનો હોય ને ગાડામાં નાખ્યો હોય ને એમાં કાંઈ નીચે આવે ઘડો ફૂટે ફટ. હેઠે કાંઈક નડે. ગાડા નીચે શીકામાં બાંધતા પાણી. એમાં નીચે કાંઈક એવું આવ્યું હોય તો ફૂટે, પાણી

નીકળે નીચે. એમ આની જ્યાં સ્થિતિ પૂરી થઈ ત્યાં ભટક્યો ક્યાંક. ઘડો ફૂટ્યો. એ ક્યાં આત્મા હતો કે આની સાથે રહે? આહાહા..! ભગવાન! એકવાર શરીરથી જુદો આત્મા એમ નક્કી તો કર. આનું જેટલું કરવા જઈશ એ ચિંતા નિરર્થક જશે. આને માટે જેટલી ચિંતા કરીશ એ ચિંતાથી આમાં કાંઈ નહિ થાય. કારણ કે એ તો એની...

શ્રોતા :- થાતું જ નથી.

ઉત્તર :- થાતું નથી, પણ કંટાળો આવે છે એ મહા પાપ છે પાછું. એમ નહિ. કહે છે કે એ કલ્પના આને માટે કર તો ત્યાં તો વ્યવસ્થા-અવસ્થા થવાની હશે એ થશે. તારી કલ્પના એની વ્યવસ્થા માટે નિરર્થક જશે અને તારી કલ્પના તારા લાભ માટે પણ નિરર્થક જશે, નુક્સાન માટે છે.

શ્રોતા :- સાહેબ! મમતા કેમ રહે છે?

ઉત્તર :- આ સળગે છે બીજાને દેખીને. બીજાને છે અને મને નથી. એ હોળી સળગે છે અંદર. જયચંદભાઈ! એમ છે. આ બધા સરખા ફરે, આવા થાય. મારે આ? પણ મારે શું, એ તો જડનું શરીર છે. એને થાય. એમાં મારે ક્યાં છે? એમાં છે? આત્માને છે એ? અને બીજાના શરીર સારા એ એના આત્માના છે? એના શરીરથી જોવું કે એને સારું, એ દૃષ્ટિ જ ખોટી છે. એના શરીરથી એને ઠીક છે, એને પૈસાથી એને ઠીક છે, એની આબરૂથી એને ઠીક છે એમ કલ્પ્યું એ દૃષ્ટિ ખોટી છે. એને સારું આને લઈને છે? દૃષ્ટિમાં વિપર્યાસ છે મોટો અને મને આ સગવડતા નહિ માટે ઠીક નથી. સગવડતા નથી માટે ઠીક નથી? કે માન્યતા કરી છે કે મને આવું જોઈએ માટે ઠીક નથી? એ તો કલ્પનાની વાત છે, વસ્તુને કારણે એ છે નહિ. અહીં આવ્યું, જુઓ!

'**ક્યા અપના હો સકતા હૈ?**' શરીર પણ પોતાનું નથી. કઈ ચીજને તારે રાખવી છે? આજ તો સવારમાં ગાંધીને જુઓને, યાદ આવ્યું હતું. ઓલો મારનાર, ગાંધીને આમ માર્યું ને આમ ફડાક બંદુક. નિર્દય કેટલો! દરકાર હવે. પહેલાં આમ કર્યું, પગે લાગ્યો. આર્ય માણસ. જીભ વળે નહિ પણ રામ એટલું બોલાઈ ગયું લ્યો. બીજો રહ્યો નહિ વખત. રામ. એને લૌકિક માટે કાંઈ કોઈને પ્રતિકૂળ કરવાનો ભાવ નહોતો કાંઈ. ... એ જુદી વાત છે પણ આ લૌકિક ખાતાની આવો મેળ. આ તે કાંઈ હિંમત એની! હવે આમ બધા સ્તુતિ કરવા ભેગા થાય છે. પોતે પણ ભેગો આવ્યો, પોતે આમ પગે લાગે છે. હાથમાં ઓલી હતી, અંદર હશે.. આહાહા..! આ તે પણ શું કરે છે જીવ? કેવા ભાવ? ભાવ હોં! ક્રિયા તો થવાની એ જુદી વાત છે. આ પરિણામ કઈ જાતના કરે આ? ક્યાં તારે જાવું હશે? આ દેશ મારો પકડીને સાથે આવશે ત્યાં?

જીવને નથી ખબર (કે) શરીર નહિ રહે? મારવા માંડ્યા ઓલાને. કોર્ટમાં કહીશ શા માટે કર્યું ઈ. શું છે એ કોર્ટમાં કહીશ, અત્યારે નહિ. આહાહા..! .. જીવ થાય છે કે નહિ? હવે જ્યાં શરીર નથી એનું બાપા! તારે દેશ કોને માનવો છે? આ મારો દેશ હિન્દુસ્તાન. આ મારી હિન્દી ભાષા. શું ચાલે છે મહારાષ્ટ્રમાં. મરાઠી? મરાઠીમાં તો મરી ગયા કેટલાક. અરે..! પણ કોની બાપની ભાષા? એ તો જડ છે.

શ્રોતા :- આમચી મુંબઈ

ઉત્તર :- આમચી મુંબઈ. મારી નાખ્યા કેટલાને. પણ ક્યાં તારા બાપની મુંબઈ હતી? તારું શરીર નથી, મુંબઈ ક્યાંથી આવ્યું તારી? મરી ગયા. સળગાવી દીધા. આહાહા..! સમજાણું?

આ કાળાબજાર હતું. છાપામાં આવ્યું. બહુ કાળાબજાર એના ગામમાં ચાલતા હશે. કીધું કે આ કાળાબજાર થાશે તો હું મરી જઈશ હોં અગ્નિથી. બળી ગયો. અગ્નિથી બળી ગયો. અગ્નિથી બળી મરી ગયો. .. આ બધા ન કરે તો આ. કોણ કરે? બાપા! સાંભળને હવે. આહાહા..! પણ લાંબો પથારો બહુ એનો. ક્યાં સુધી મારા... મારા... મારા... મારા.. કરે. લાંબો પથારો ઘણો. આ મારા, આ મારા, દેશ મારો, કુટુંબ મારો, ઢીંકણું મારું, આબરૂ મારી. આહાહા..! પણ તારા છે અહીં છે. છૂટા પડે એ તારા નહિ. શરીર પણ તારું નથી, હવે કોને તારું માનવું છે? નક્કી તો કર.

**'ઈસ કારણ તૂં મોક્ષકા સંગમ છોડકર...'** દેખો! **'सिव-संगमु'** એટલે આત્માનો સ્વભાવ. એની એકાગ્રતા છોડીને **'પુત્ર, સ્ત્રી, વસ્ત્ર, આભૂષણ આદિ ઉપકરણોંમેં...'** લ્યો **'पर-कारणि'** છે ને? **'मा मुह्य'** ભગવાન! તું ન મુંઝા એમાં. ભાઈ! તારે બીજે જાવું છે, તું બીજો છો. બીજે જાવું છે, બીજો છો. આ નથી, અહીં રહેવું નથી. આહાહા..! ધર્મને બહાને પણ કેટલા ઝનૂન કરે છે, જુઓને! અમારું માનો નહિતર તમે.. અરે..! ભગવાન! કોઈને પરાણે મનાવે કાંઈ માનતા હશે? શરીર તારું માનતું નથી. ખળભળાટ થવા માંડે છે આમ. અહીં થાય છે, વળી અહીં થાય છે, વળી અહીં થાય છે. અહીં થાય છે, કાં અહીં થાય ઘડીકમાં. હમણાં ગયા હતા ને દવાખાને ત્યાં રાજકોટ. ભાઈ! આના ફઈનો દીકરો છે. લાલુભાઈનો ફઈનો દીકરો. એ એનો બાપ હતો. ૧૭ ઓપરેશન કર્યા. જ્યાં હોય ત્યાં હાડકા તૂટે, હાડકું તૂટે હાડકું. જુવાન માણસ. ૧૭ ઓપરેશન. પાધરું અહીં કટકો થઈને હાડકું નીકળે. અહીં તૂટીને હાડકું નીકળે, અહીં તૂટીને હાડકું નીકળે. એવા ૧૭ ઓપરેશન કર્યા શરીરમાં. ઓપરેશન કહેવાયને? શું કીધું એ? ઈંજેક્શન જુદું. ૧૭ કર્યા, હોં! બિચારો ઉતર્યો નીચે પગે લાગ્યો આમ. ૧૭ તો કાણા પાડ્યા હતા ચારે કોર. જ્યાં-જ્યાં હાડકું તૂટે ફટ દઈને. આપણે એને ખરેખર પહેલા હાડસાંકળીનો રોગ કહેતા. હાડસાંકળી એટલે હાડ સડે અને કટકો થઈને

નીકળે બહાર. આમ નીકળે, અહીં નીકળે, અહીં નીકળે. ફટ નીકળે એની મેળાએ, હોં! ટૂકડો થઈને નીકળે કટકો. ૧૭ ઠેકાણે નીકળ્યા. ૧૭ ઓપરેશન કર્યા. પડ્યો છે હજી.

આ શરીર તારા નથી, હવે કોને તારું કરવું છે? અને જોડે પટેલનો દીકરો હતો. આપણા ગોંડલવાળો નહિ? આંબા પટેલ? કોનો છોકરો હતો? એ છોકરો જુવાન હતો. તો એના બે પગ કાપી નાખેલા. આમ પડ્યો હતો એકલો. આ કાપી નાખ્યા. પહેલો પોર સડ્યો હતો એક. એક અહીં કાપી નાખ્યો. સડવા દે તો આમ જશે. એટલે ઓણ આ કાપી નાખ્યો. બે આ કાપી નાખેલા આટલા. કણબીનો દીકરો. ગોંડલ. એક ઠેકાણે બે સાથે સાથે ખાટલા હતા. આ દશા-આ દશા. તારે શરીરને માનીને શું છે પણ? કહો, કાંતિભાઈ! આ ઘડિયાળ અને બડિયાળ એ તો ક્યાંય રહી ગઈ. આહાહા..!

કહે છે, હવે કાંઈક પરની મમતા છોડ અને કાંઈક આત્મા તરફના વલણને કર, નહિતર તારા ઠેકાણે પડશે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧, બુધવાર, તા. ૧૪-૦૭-૬૫**
**ગાથા-૧૪૫-૧૪૬, પ્રવચન-૧૭૦**

ભગવાનના દિવ્યધ્વનિના દિવસનો આરોપ કરીને આજ જ છે એમ કહેવામાં આવેને? શ્રાવણ વદ ૧. ભગવાનને કેવળજ્ઞાન મહાવીર પરમાત્માને તો વૈશાખ સુદ ૧૦નું થયું. વૈશાખ સુદ ૧૦, પણ ૬૬ દિવસ સુધી દિવ્યધ્વનિ બંધ રહી. વાણી ન નીકળી. કથનમાં એમ આવે વ્યવહાર કહેવામાં આવે કે ગણધરની જોગવાઈ નહોતી એમ નિમિત્તથી કથન છે. બાકી વાણીનો યોગ જ નીકળવાનો નહોતો. એ રાજગૃહીના વિપુલાચલ પર્વત ઉપર ભગવાનની વાણી ૬૬ દિવસ પછી કેવળજ્ઞાન થયાને વખત થયો, વાણી આ શ્રાવણ વદ એકમમાં નીકળી એ અહીં શ્લોક છે આમાં. આ ધવલ છે, ધવલ છે. 'શ્રાવણ કૃષ્ણ પ્રતિપદાકે દિન..' આ શ્રાવણ વદ એકમ કહેવાય. શાસ્ત્રને હિસાબે આજે શ્રાવણ મહિનો બેઠો. શ્રાવણ વદ એકમ. વદ પહેલી હોય શાસ્ત્રને હિસાબે અને સુદ પછી હોય. કેમકે સુદમાં પૂર્ણ આવે છે પૂનમ. પૂનમ એટલે પૂર્ણ અને અમાસ એટલે અધમાસ. અમાસ એટલે અધમાસ. પૂર્ણ માસ એટલે પૂનમ. એટલે

પહેલેથી શરૂ થઈ અમાસથી આ પૂનમ કાલે અષાઢ મહિનો પૂરો થઈ ગયો. પૂનમે પૂરો. આજે વદે એકમ શરૂ થાય છે.

'શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા' કૃષ્ણ એટલે આ અંધારું. 'દિન રૂદ્ર મુહૂર્તમેં' મુહૂર્તનો કાળ હશે શાસ્ત્ર પ્રમાણે. 'સૂર્યકા શુભ ઉદય હોનેપર અભિકી નક્ષત્રકે પ્રથમ યોગમેં જબ યુગકી આદિ હુઈ.' યુગની શરૂઆત થઈ. તભી તીર્થકી ઉત્પત્તિ સમજના ચાહિયે. ભગવાનની વાણી નીકળી એ વખતે. એ વખતે ગૌતમસ્વામી ગણધરની હાજરી હતી. એમણે સાંભળ્યું અને એકદમ ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વ પ્રગટ થઈ ગયા. એ પણ આજનો જ દિવસ છે. અંતર્મુહૂર્તમાં જેણે બાર અંગ અને ચૌદ પૂર્વની ક્રમે-ક્રમે રચના કરી. બાર અંગ, ચૌદ પૂર્વ કાંઈ એક સમયમાં તો થતી નથીને. એટલે ક્રમે રચના કરી એવો શબ્દ પડ્યો છે હોં. બીજે ક્યાંક છે. ક્રમે રચના કરી. સમજાણું? એક અંતર્મુહૂર્તની અંદર બાર અંગ અને ચૌદ પૂર્વની રચના. ત્યારે પહેલા ગણધરનો યોગ નહોતો. એવો પ્રશ્ન ઉઠ્યો છે આમાં. એમાં જ હશે.. ક્રમ આમાં હશે. એમાં હશે ક્રમ ઘણું કરીને એમાં હશે. ક્રમ શબ્દ પડ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ક્યાં પ્રશ્ન છે? જુઓ એ ૭૬. શબ્દોની શૈલી હોય કથનની પદ્ધતિ એમ આવે. 'કેવલજ્ઞાનકી ઉત્પત્તિકે અનંતર ૬૬ દિન તક દિવ્યધ્વનિકી પ્રવૃત્તિ ક્યોં ન હુઈ?' એવો પ્રશ્ન કર્યો છે અંદર વીરસેનસ્વામીમાં. ભગવાનને કેવળજ્ઞાન વૈશાખ સુદ દશમે થયું. અને ૬૬ દિવસ સુધી વાણી ન નીકળી. ત્યારે પ્રશ્ન થયો 'કેવળજ્ઞાનકી ઉત્પત્તિ કે અનંતર ૬૬ દિન તક ક્યોં ન નીકલી? કિ ગણધર ન હોનેસે. ઉતને દિન તક દિવ્યધ્વનિકી પ્રવૃત્તિ ન હુઈ.' એ નિમિત્તથી કથન છે. વાણીનો યોગ જ નહોતો હવે કહેશે જુઓ. અહીંથી કહેશે.

'સુધર્મ ઈન્દ્રને કેવલજ્ઞાનકે પ્રાપ્ત હોનેકે સમય ગણધરકો ક્યોં નહીં ઉપસ્થિત કિયા?' વીરસેનસ્વામીને પ્રશ્ન લગાયા હૈ. અંદર પાઠ છે હોં. .... એટલે કેમ ન લાવ્યા? જો ભગવાનની વાણી ૬૬ દિવસે નીકળે અને ગણધર આવ્યા ત્યારે નીકળી, તો પછી ગણધરને એ વખતે કેમ ન લાવ્યા? ઈન્દ્ર કેમ પહેલા ગણધરને ન લાવ્યા? એવો પ્રશ્ન થયો. ત્યારે કહે છે, સમાધાન નહીં. એમ નથી સાંભળ. 'ક્યોંકિ કાળલબ્ધિકે વિના સૌધર્મ ઈન્દ્ર ગણધરકો ઉપસ્થિત કરનેમેં અસમર્થ થા.' .... એને કાળે એની યોગ્યતાની પર્યાય પાકવાની હોય ત્યારે એને આવે. ત્યારે એ વાણીનું નિમિત્ત હોય. એની લબ્ધિ, કાળલબ્ધિ એની સમય સમયની ગણધરની પર્યાયને પણ જે સમયની પ્રાપ્તિ થવાની હોય છે એવો કાળલબ્ધિ થાય ત્યારે એને વાણીનો યોગ થાય, ત્યારે ઈન્દ્રને લાવવાનો વિચાર આવ્યો. એ શબ્દ છે જુઓ. સમજાણું કાંઈ? એવા ગણધર આવ્યા અને વાણી નીકળી, આની કાળલબ્ધિ પાકી છે. એ કાળલબ્ધિનો અર્થ એ કે અંદર

એ સમયની યોગ્યતા છે એ સમયની પર્યાયમાં ભગવાનની વાણી. અંતરમાં પુરુષાર્થમાં અંદર ઢળ્યા છે અંતર આનંદમાં. પૂર્ણાનંદ ભગવાન આત્માના મહિમામાં અંતર ઉતર્યા, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વ અને બાર અંગ. ક્રમ શબ્દ પડ્યો છે ક્યાંક હોં. એ ક્રમે રચી છે એમ કહેવાય.

મુમુક્ષુ :- ધવલમાં પાઠ છે.

ઉત્તર :- ધવલમાં? ધવલમાં ક્યાં? ૬૫ પાને હશે આ ઠીક. ક્યાંક છે ખરું કીધું જુઓ. જુઓ, આમાં છે. આમાં છે ૬૫ પાને છે. કહે છે કે 'અનંતર ભાવશ્રુત પર્યાયસે પરિણત ઈન્દ્રભૂતિને બાર અંગ અને ચૌદ પૂર્વરૂપ ગ્રંથોંકી એક હી મુહૂર્તમેં ક્રમસે રચના કી.' ભગવાનની વાણી નીકળી, અંદર યોગ્યતા હતી, એકદમ બાર અંગ અને ચૌદ પૂર્વ અંતર્મુહૂર્તમાં રચના કરી. એટલી તાકાત પોતાને કારણે છે. નહિતર તો ભગવાનની વાણી બધાને માટે નીકળી હતી. વાણી તો એક સાથે ધોધ નીકળ્યો. એની એ લાયકાત પ્રમાણે એની પર્યાય પ્રગટી. અને બીજા કેટલાક તો ઠોઠ રહ્યા અંદર. નથી આવતું ઓલું? આવે છે કાંઈક નહિ? કોણ ઓલા પારસનાથ ભગવાનની.... મક્કરી. મક્કરી સાધુ. એ બેઠો હતો અંદર કે આ મને ગણધર પદ મળશે. સમજ્યાને? ત્યાં તો ગૌતમને મળ્યું. એમ કે મને ગણધર પદ મળશે. પહેલા જઈને બેઠો હતો. એય..! પણ જ્યાં વાણી નીકળી ત્યાં એને ન મળ્યું, ત્યાં તો ન બોલ્યો. બહાર નીકળ્યો, સભા બહાર કે એ ભગવાન સર્વજ્ઞ નથી. સર્વજ્ઞ હોય તો હું પહેલાનો જૂનો માણસ ગણધરને યોગ્ય મને ગણધરપદ કેમ ન આપે?

મુમુક્ષુ :- મુનિ પારસનાથ.

ઉત્તર :- હા, પારસનાથના મુનિ હતા જુઓ, આ લાઈન છે. એની લાયકાત નહોતી. છતાં એને એમ કે... સર્વજ્ઞ ભગવાન નહિ, એ સર્વજ્ઞ નથી. ત્રણ કાળનું એને જ્ઞાન નથી. જ્ઞાન હોય તો મને યોગ્ય પાત્ર ન ગણે? હવે આમાં તે કોનું ગણવું આમાં? પોતાની લાયકાત છે. પહેલેથી લાખ વર્ષથી બેઠો હોય તો શું છે? જેની સમયની પોતાની પાત્રતા છે એને એ પદ કાંઈ કોઈનું આપ્યું અપાય છે? એ યોગ્યતા જ લઈને આવેલ સહજપણે લબ્ધિ છેને? ક્ષયોપશમ લબ્ધિ આવે છે. ક્ષયોપશમ લબ્ધિના બોલો આવે છે. ક્ષયોપશમ લબ્ધિની યોગ્યતા એની પોતાની છે એ. એ પરથી શું પ્રાપ્ત થાય છે? આચાર્ય પદ ને જે આ બહારથી આપે એવી વસ્તુ નથી શાસ્ત્રમાં. એવો ક્ષયોપશમ આચાર્ય પદવીનો લઈને જ એવો ઉઘાડ લઈને આવ્યો હોય. એથી એને ક્ષયોપશમભાવમાં પદવીને ગણી છે એ બધાને. આચાર્ય પદવી એવા નામ. ક્ષયોપશમ છેને ભાવ? તત્ત્વાર્થસૂત્રમાં. એ જાતની અંદર પાત્રતા, લબ્ધની પ્રાપ્ત થઈને આવ્યા છે. યોગ્યતા એને એ જાતની પ્રાપ્ત મળે છે.

ભગવાનની વાણી પણ એ સમયે નીકળવાની જ હતી. એના પુણ્યનો યોગ ગણધરનો

અને બધાને સાંભળવાનો યોગ હતોને તે વખતે. ગણધરને અંતર્મુહૂર્તમાં પ્રગટ થઈ ગયા ચાર જ્ઞાન. રચના પણ અંતર્મુહૂર્તમાં કરી. એટલી પોતાની તાકાત. એ દિવસ આજનો ગણવામાં આવ્યો. ભગવાનની ધ્વનિ નીકળી, ગણધરપદ આજ થયું, તીર્થ આજ સ્થપાણું. કારણ કે તીર્થમાં મુખ્ય તો ગણધર છે. સમજાણું? અને આ ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના પણ આજ કરી. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વ અને બાર અંગની ઉત્પત્તિ પણ ગણધરને આજ જ થઈ. એવો આ દિવસ મોટો એને શાસનનો દિવસ ગણવામાં આવે છે. દિવ્યધ્વનિનો દિવસ ગણવામાં આવે છે. સમજાય છે?

એ શ્વેતાંબરમાં વાત નથી. એ તો એમ જ કહે છે કે દિવ્યધ્વનિ નીકળી ખરી, પણ પુરુષો નહોતા. ધર્મના પામનારા મનુષ્યો નહોતા માટે. એ વાત સાચી છે નહિ, એમ હોઈ શકે નહિ. કેમકે ભગવાન તીર્થંકરે જ્યારે તીર્થંકરપણું પ્રાપ્ત થયું ત્યારે એના વિકલ્પમાં એમ હતું કે ધર્મની વૃદ્ધિ અથવા પૂર્ણ પુષ્ટિ થાવ. તો એ વિકલ્પમાં બંધ એવો પડ્યો કે એ વાણી નીકળે અને ધર્મના પામનારા ન હોય એમ બને નહિ ત્રણ કાળમાં. એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? કચરડી-મચરડીને ફેરફાર કરી નાખ્યો છે લોકોએ. વાણી નીકળે અને ધર્મ પામનારા ન હોય (એમ બને નહિ). પોતે જ્યારે બાંધ્યું હતું તીર્થંકર (નામકર્મ) ત્યારે તો એવો વિકલ્પ હતો કે પૂર્ણાનંદની પ્રાપ્તિ કરું. સાધક છે સમ્યગ્જ્ઞાન ચારિત્ર આદિ. પૂર્ણ થાઉં... પૂર્ણ થાઉં... એ વખતનો વિકલ્પ એના પુણ્યબંધન થાય અને એ વાણી નીકળે અને ધર્મ પામનારા ન હોય એમ કોઈ દિ' બની શકે નહિ. સમજાણું કાંઈ? એ વસ્તુની સ્થિતિ આવી છે. એ વખતે વાણી નીકળી અને ગણધર હતા. એમ વસ્તુ છે. ગણધર હોય જ, ધર્મ પામે જ.

કુંદકુંદાચાર્ય જેવાએ કહ્યું પાંચમી ગાથામાં. સમજાણું? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' હું મારા વૈભવથી દેખાડીશ. તો પહેલા દેખાડીશ તો કહ્યું. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' પછી બીજું પદ લીધું વળી. '**जदि दाएज्ज पमाणं**' એ બીજું પદ લીધું વળી પાછું. દેખાડું છું તો પ્રમાણ કરજો. નિમિત્તમાં ઉપાદાન જીવો એવા નીકળશે એ સત્યની શ્રદ્ધા કરનારા. એમ સામે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરી દીધો છે. સમજાણું કાંઈ? પણ કરજો એટલે? કરનારા નીકળશે એમ. સમજાણું કાંઈ? '**जदि दाएज्ज**' બસ એટલો. '**पमाणं**' એ શબ્દ પરને માટે છે. પ્રમાણ કરજે... પ્રમાણ કરજે. આવી વાણી અને આ સ્થિતિનો યોગ નીકળે છે તો સામે એવા યોગ્ય જીવ પણ હોય. ભલે થોડા એનો કાંઈ પ્રશ્ન નથી, પણ એ ધર્મને સમજનારા, અનુભવથી પ્રમાણ કરનારા છે. પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं ण घेत्तव्वं।**' કોઈ વ્યાકરણ-સંસ્કૃત આદિના શબ્દોમાં તને વિશેષ કોઈ ક્ષયોપશમ હોય અને તને ખ્યાલ આવી જાય કે આમાં ભૂલ છે, શબ્દનો ફેરફાર છે, ત્યાં ધ્યાન રાખીશ નહિ. ધ્યાન ત્યાં ન રાખીશ.

અમે જે ભાવ કહીએ તેના ઉપર ધ્યાન રાખજે. તો તું તારા સ્વરૂપને પ્રાપ્ત કરી શકીશ. કહો, સમજાણું કાંઈ? લ્યો એટલી વાત આજની જરી. આજે શ્રાવણ વદ એકમ છેને આજ? દિવ્યધ્વનિનો દિવસ છે, એટલું નીકળ્યું લ્યો!

ચાલતો અધિકાર પરમાત્મપ્રકાશ. દિવ્યધ્વનિની જ છેને આ બધી વાણી. ભગવાનની વાણી નીકળી એમાંથી બાર અંગની રચના થઈ. એમાંથી આ બધા ષટ્‌ખંડાગમની બાર અંગની સાથે સંબંધ ધરાવનારી વાણી છે. એમાં જયધવલ એ બધી ટીકાઓ છે, પણ મૂળ ષટ્‌ખંડાગમ જે છે એ ભગવાનની વાણીની સંધિથી (રચાયું છે). ધરસેન આચાર્ય મહારાજ અહીં બિરાજતા હતા. ગીરનારની ગુફામાં. તે ઠેઠની વાણી એને કંઠસ્થ હતી. પુષ્પદંત, ભૂતબલી મહારાજને આપી. મહાસંતો, ભાવલિંગી વીતરાગી સંતો હતા એ બેય. ધરસેનાચાર્ય તો મહાસંત, પણ બે મુનિઓ વીતરાગી સંતો એને આપી, એમણે ષટ્‌ખંડાગમ બનાવ્યા. એ ભગવાનની વાણી સાથે સંધિ ધારે છે. એમાંથી આ બધા શાસ્ત્રો પછી જયધવલ, મહાધવલ, ધવલ એ બધા એમાંથી પછી બની છે. આ છે જ્ઞાન અધિકારમાંથી બની છે.

પરમાત્મપ્રકાશ. ૧૪૫. ભાવાર્થથી છેને? કહે છે કે અરે પ્રભુ! આ '**અમૂર્ત વીતરાગ ભાવરૂપ જો નિજ શુદ્ધાત્મા...**' કેવો છે આ આત્મા? અમૂર્ત છે. ત્યારે આ શરીર મૂર્ત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બધી વ્યવહારના નિમિત્તથી (કથન છે). કહેવાય, એ તો નિમિત્તની વાત છે. વસ્તુ કેવી? પ્રવચનસારમાં ન આવ્યું? પહેલા જ્ઞાન અધિકારમાં પણ. જ્ઞેય અધિકારમાં જ્ઞેયમાં. જે અરૂપી દ્રવ્ય, એના અરૂપી ગુણો, એની અરૂપી પર્યાય. આવે છે કે નહિ? પહેલા આવે છે એ. એ તો નિમિત્ત તો અપેક્ષાથી કહ્યું છે. બાકી પાંચ દ્રવ્ય જે છે અરૂપી છે, અમૂર્ત છે, એના ગુણો અમૂર્ત છે, એની પર્યાય અમૂર્ત છે. એક રૂપી રજકણ છે એના દ્રવ્ય રૂપી, ગુણ રૂપી અને પર્યાય રૂપી. જ્ઞેય અધિકારમાં છે પ્રવચનસાર. આવા જ્ઞેયો છે. અરૂપી જ્ઞેયોના ગુણો અને પર્યાય અરૂપી છે, અમૂર્ત છે. એ તો વ્યવહારનું ઓલું જોડે નિમિત્ત કર્મ છેને એ અપેક્ષાએ મૂર્ત કહ્યું. વસ્તુ મૂર્ત થઈ જાય છે? ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન આ આત્મા અમૂર્ત છે. રજકણના રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એ આમાં નથી. વીતરાગભાવરૂપ. કેવો છે ભગવાન આત્મા? વીતરાગ નામ રાગના દોષ વિનાનો છે એ. અને એવો '**ભાવરૂપ જો નિજ શુદ્ધાત્મા...**' દેખો, એવો સ્વભાવરૂપ નિજ શુદ્ધાત્મા. એક વાત સિદ્ધ કરી. '**ઉસસે વ્યવહારનયકર દૂધ-પાની કી તરહ યહ દેહ એકમેક હો રહી હૈ,...**' એની સાથે, ભગવાન આત્મા અરૂપી વીતરાગ નિજ શુદ્ધાત્મા એવા ભાવથી ભરેલો ભગવાન આત્મા એની જોડે આ શરીર વ્યવહારથી દૂધ-પાણીની પેઠે. દૂધ અને પાણીની

પેઠે **'યહ દેહ એકમેક હો રહી હૈ,...'** પણ પાણી પાણીરૂપે અને દૂધ દૂધરૂપે છે.

**'ઐસી દેહ, જીવકા સ્વરૂપ નહીં હૈ,...'** આ જીવનું સ્વરૂપ નથી. ભગવાન આત્મા અરૂપી વીતરાગભાવસ્વરૂપ. ઓલો આસ્રવ છે એ તો તત્ત્વ આસ્રવતત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. એટલે આત્મતત્ત્વ તો એને કહીએ કે અમૂર્ત, રાગ વિનાના સ્વભાવભાવસ્વરૂપ ભગવાન આત્મા તેને આત્મા કહીએ. એવો આત્મા વ્યવહારથી, આ શરીરની સાથે દૂધ અને પાણીની પેઠે **'એકમેક હો રહી હૈ, ઐસી દેહ, જીવકા સ્વરૂપ નહીં હૈ,...'** અસંખ્ય પ્રદેશો બધા ભેગા ક્ષેત્રેથી. એ દેહ પણ જડ મૂર્ત, આ અમૂર્ત ચૈતન્ય. એ દેહ આ જીવનું સ્વરૂપ નથી. ક્યારે હશે? એય..! રાજમલજી! અત્યારે. ક્યારે શું? ક્યારની વાત ચાલે છે આ? શાંતિભાઈ! શું આ? અત્યારે કહેવાય. છૂટું પડે તો વ્યવહારનય પછી કબુલ કરવા જાય છે. અહીં તો અત્યારે છે.

ભગવાન પોતાના સ્વચતુષ્ટયમાં છે. શરીર એના પરચતુષ્ટયમાં એટલે આનાથી પર એના સ્વચતુષ્ટયમાં છે. શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ શરીરમાં શરીરના અસ્તિત્વથી છે, ભગવાન આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્રવ્યમાં પોતે પોતામાં છે. અહીં તો એનો પર્યાયમાં વિકાર એ પણ ગણવામાં આવતો નથી. નહિતર એ છે તો પર્યાયના સ્વકાળમાં. પણ અહીં ત્રિકાળી સ્વભાવ વર્ણવવું છે, આત્મતત્ત્વ વર્ણવવું છે એટલે એ આત્મતત્ત્વ તો એ આસ્રવ અને શરીર વિનાનું જે તત્ત્વ વીતરાગ વિજ્ઞાનઘન એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે.. ભગવાન! આ તું અને શરીર બે એક જગ્યાએ રહ્યા. દૂધ અને પાણી પેઠે એક લાગે, એ જુદાં. જુદા હશે આ? છોટાભાઈ! અત્યારે આ શરીર જુદું હશે? કે એકમેક હશે?

મુમુક્ષુ :- આપે કીધું, દૂધ-પાણીની જેમ એકમેક છે.

ઉત્તર :- પણ દૂધ-પાણીની પેઠેને? દૂધ દૂધરૂપે અને પાણી પાણીરૂપે રહીનેને?

મુમુક્ષુ :- એકમેક કીધુંને.

ઉત્તર :- એકમેક કીધું એટલે શું દૂધ પાણી રૂપ થઈ ગયું અને પાણી દૂધ રૂપ થઈ ગયું છે? અગ્નિનું નિમિત્ત પડ્યું અને પાણી વરાળ થઈને ઉડી જાય અને દૂધ માવો થઈને રહી જાય. આ તો એકમેક છે નહિ એમ સિદ્ધ કરવું છે. પણ પિંડ માનીને બેઠો છેને એ. .. જાણે મોટું. ધૂળ છે આ તો માટીનો પિંડલો રૂપી છે. ભગવાન અરૂપી આનંદનો પિંડલો છે. અતીન્દ્રિય આનંદનો પિંડલો આત્મા અને આ જડનો પિંડલો પરમાણુ. એક જગ્યાએ દૂધ અને પાણીનો અર્થ શું? બે એક થઈ ગયા કે બે બે રહીને એકક્ષેત્રાવગાહી છે? પણ એ બે ત્યારે એકમેક કહ્યુંને? બે એક જગ્યાએ એકમેક દેખાય છે, એમ. પણ બે બેપણે છે કે બે એક થઈ ગયા છે? પાણી પલટીને દૂધ થઈ ગયું? દૂધ પલટીને પાણી થઈ ગયું છે? એમ ભગવાન આત્મા એક જગ્યાએ રહ્યા છતાં ભગવાન અરૂપી પલટીને આ રૂપી થઈ ગયો છે? અને આ

રૂપી માટીના ઘન રજકણો એ કાંઈ અરૂપી આત્મા થઈ ગયા છે? એ રજકણો આત્મા થઈ ગયા છે? અને આત્મા રજકણરૂપ થઈ ગયો છે? ત્રણ કાળમાં નથી. આહા..હા..! પણ એને એવું લાગે અંદરથી... હજી તો બીજું કહેશે કે એલા! આ શરીર અહીંયા એક જેવું લાગે એ પણ તારું સ્વરૂપ નથી.

'**તો પુત્ર-કલત્રાદિ ધન-ધન્યાદિ અપને કિસ તરહ હો સકેંગે?**' કહો, છોટાભાઈ! કહો, આ તારો દીકરો અને આ એની દીકરી અને આની બાયડી અને એની છોડી, આ એના પૈસા, આ એનું અનાજ, આ એના દાગીના, આ એના લૂગડાં, આ એના ઘર અને આ એના મકાન અને આ એની આબરૂ '**અપને કિસ તરહ હો સકેંગે?**' શાંતિભાઈ! શું હશે આમાં? આહા..હા..! ભગવાન! તારું રૂપ પરરૂપે કોઈ દિ' ત્રણ કાળમાં થયું નથી અને પરરૂપ તારા રૂપમાં કોઈ દિ' આવી ગયા નથી. અનંત તત્ત્વો અનંતપણે રહી વર્તમાન પલટી રહ્યા છે. અનંત-અનંતપણામાં પલટો એક પણ બીજામાં ભળે તો એક ઘટી જાય તો બધા અનંતા ઘટી જાય. એક ક્ષેત્રે રહ્યા દેખાય છે, પણ તે પણ તારું સ્વરૂપ નથી.

ભગવાન! '**પુત્ર-કલત્રાદિ...**' દીકરા, દીકરી, વહુ, બાઈ, સ્ત્રી, કુટુંબ અને ધન. '**ધન...**' એટલે લક્ષ્મી '**ધાન્યાદિ...**' આમ જાણે કોઠાર ભર્યા હોય તલના, બાજરાના, ઘઉંના, ચોખાના. હવે આપણે વાંધો નથી. બાર મહિનાનું અનાજ ભેગું કર્યું છે. નથી કહેતા? આ બાયડી નવરી એવી વાત કરે. બાર મહિનાનું અનાજ ભેગું પહેલેથી લઈ લીધું છે. હવે બાર મહિના વાંધો નહિ. પણ કોનું છે પણ અનાજ? તારું છે?

મુમુક્ષુ :- એના બાપનું નથી, પણ એના ધણીનું તો છે.

ઉત્તર :- એના ધણીનું નથી. એના ધણીનું શરીર જુદું, એનો આત્મા જુદો, અને તું પણ જુદો. અને નવરી નવરી વાતું કરે. બાર મહિનાનું એક સાથે લઈ લીધું અને પાછું સુધારીને રાખે. શું કહેવાય એ? સાફ કરીને ભરી રાખ્યું છે એટલે હવે વાંધો નહિ. શું વાંધો નહિ? મરી જાવું છે તારે હમણા પાછું થોડી વારમાં. દેહ તું નથી ત્યાં વળી આ ચીજ ક્યાંથી આવી તારી આ? અરે! મમતાના મોહના દોરડે બાંધી રાખ્યો છે એને.

મુમુક્ષુ :- માવતરને તો એમ થાયને કે આ મારા છે.

ઉત્તર :- ધૂળમાંય નથી. માવતર કોના કહેવા? આત્માને મા-બાપ હશે. આત્માને દીકરો હશે કોકનો. ન કીધું ઓલામાં? આહા..હા..! મનુષ્ય આ તો શરીર છે, આ તો માટી છે. આત્મા તો જુદો છે. ગતિ મનુષ્યની કહો તો એ તો એનો ઉદયભાવ છે જીવની પર્યાયમાં. કોનો આત્મા? આહા..હા..!

ભગવાન આત્મા એક જગ્યાએ રહેલા શરીરનો નથી, તો પછી આ સ્ત્રી, કુટુંબનો ક્યાંથી

થયો? શું થયું તને, કહે છે આ! સમજાણું કાંઈ? એની એકતાબુદ્ધિ તોડ નહિતર સુખ મળશે નહિ. દુઃખી થવાના રસ્તા છે. એકતા તોડવાની અહીં વાત કરે છે હોં મૂળ તો. એકપણું નથી, ભિન્ન-ભિન્ન વસ્તુ છે. કહો, શાંતિભાઈ બરાબર હશે? સાવ સાચું? આહા..હા..! 'કિસ તરહ હો સકેંગે?' આમ પૈસા... પૈસા... પૈસા... આહા..હા..! પચાસ-પચાસ હજારની દિવસની પેદાશું. પૈસા નાખવા ક્યાં? કહો, દશ-દશ હજારની પેદાશ દરરોજની. પેદાશ સમજ્યાને? આમદની-આમદની. નાખવા ક્યાં? ઓલો જાણે હું મોટો પૈસાવાળો થઈ ગયો. મૂઢ છો? પૈસા ક્યાં તારા હતા? એ તો જડના છે, માટીની ધૂળના ઢેફાં છે. એને પણ...

મુમુક્ષુ :- ધૂળના ઢેફાંની કિંમત ઘણી છે.

ઉત્તર :- કાંઈ ધૂળની કિંમત આવતી નથી. મરી જાય ત્યાં ખાય નહિ સોનાનો હીરો ગળી જાય થોડો અંદર? મરવા ટાણે હીરો ઘસીને ગળે. અંદર સલવાઈ જાશે એં... એં.. થઈ જશે અંદરથી. કહો, નહોતા ઓલા ભાઈને ઘરે હીરા કેટલા ભર્યા? દશ કરોડ. શેઠિયાના મામા. આ સોભાગચંદજીના મામા છેને ત્યાં, સરદારશહેર. દશ કરોડ કહે છે. દશ કરોડ તે કેટલા પણ કેટલા હશે ખબર નથી. કારણ કે દશ કરોડ તો કે દુ'ના કહેવાય છે. પણ જ્યાં જુઓ ત્યાં તો પટારામાં સોનાના લાટા ભર્યા હોય, હીરા ભર્યા હોય, માણેક ભર્યા હોય, મોતી ભર્યા હોય. એકલા ઢગલા. દશ કરોડ તો કે દુ'ના. અત્યારે તો ૩૦ કરોડ જેટલી કિંમત હશે. એટલી પડી છે. આહા..હા..! શેઠિયાના મામા અત્યારે છેને, સરદારશહેર. ધૂળમાંય નથી એમાં. પાછા એ કહેતા હતા બિચારા હોં. એ ત્રણ આનાની શીશી વેચવા મોકલે માણસને. શીશી ખાલી થાયને. ખાલી થાય એટલે વેચવા મોકલે. શીશી સમજ્યા? બાટલી-બાટલી. ખાલી થાયને બાટલી, કાંઈક માલ લાવ્યા હોય તો ખાલી થાય તો માણસને કહે કે જાવ વેચી આવો.

મુમુક્ષુ :- જ્ઞાનનો વિવેક છે.

ઉત્તર :- શું જ્ઞાનનો વિવેક...? એમ કહે વિવેક છે એનામાં. પૈસા મફતમાં ન જવા દેવાય. પણ હવે અહીંયા તારા કરોડો હીરા પડ્યા, માણેક એટલા પટારામાં પડ્યા હોય કે હજી પટારા ખોલ્યા નથી કહે. કોણ ખોલે? સમજ્યા? એક તો એમ ને એમ મરી ગયો દશ કરોડવાળો એનો. પછી મરી ગયા પછી આના ભાઈના દીકરાને દીકરો લીધો. બે ભાઈઓ હતા દશ-દશ કરોડવાળા. પહેલાના ગણાય. અત્યારે તો ૩૦-૪૦ કરોડ રૂપિયા. હીરા-માણેકના ભાવ વધી ગયા છેને. ધૂળમાંય ફેં... ફેં... થઈને મરી ગયો. હાય! હાય! આ ત્રણ પૈસાની શું કહેવાય? ત્રણ આનાની બાટલી. એલા બરાબર લેજે હોં, વેચજે. એલા પણ હવે તું આટલો... અરે ભગવાન! આ તે દશા જગતની! આ બનેલું છે અત્યારે હોં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ખબર છેને. એ તો યાદ આવ્યું હતું પણ હવે કીધું ન કહેવું. અરેરે! સઈ સીવતો હતો. સઈ હોયને સઈ? દરજી-દરજી. એ સીવતો હતો અને દોરા હોતા હૈ ન? દોરાની શું કહેવાય ઓલી? રીલ-રીલ. લાકડા ઉપર હોયને દોરો વીંટેલો? દોરાથી સીવેને તો ઓલી રીલ ખાલી પડી રહી. તો દરજીએ નાખી દીધી. લાકડાની નહિ ગોળ હોયને. એ નાખી દીધી. શેઠ આવ્યા, ક્યાં ગઈ? ગોતીને લાવ, તે વિના પૈસા નહિ દઉં. અરે આ તે! શશીભાઈ! જુઓ, આ જગતમાં અંધાપો તો જુઓ! આંધળા તે પણ કેવા આંધળા! આહા..હા..!

કહે છે કે આ મારા... આ મારા... પણ એ કેમ જવા દેવાય તે લાકડાની ઓલી? ખાલી પડી હોય. એવી તો પાંચ, સાત, દશ સીવવામાં ખાલી પડી જાય. ત્યાં કોણ ગોતવા જાય? ક્યાં ગઈ? ત્રણમાંની બે ક્યાં ગઈ? મને ખબર નથી, કોક લઈ ગયું હશે. લાવ. નહિતર સાંજના પૈસા આજના નહિ મળે. આહા..હા..! અરે.. પણ આત્મા તે! અને છોડો તે દિ' છ ખંડ એક આમ બળખો છોડે એમ છોડી દે. આહા..હા..! બળખો.

છ ખંડના રાજ ચક્રવર્તીના, સોળ હજાર દેવ સેવા કરે. અરે! અમારી ચૈતન્ય ઋદ્ધિને સંભાળવા અમે હવે જઈએ છીએ. આ અમારું નહિ હોં, આ અમારું નહિ. એકલા જંગલમાં કપડા, માણસ વિનાના જંગલમાં વયા જાય. એને છોડતા જરીએ એમ ન લાગે કે આ.. પણ આ છૂટેલું જ છે. મારું ક્યાં હતું? જ્યાં હું છું ત્યાં મેં નજરું સ્થિરતા કરી નહોતી, હવે હું સ્થિરતા કરવા નીકળી જાઉં છું. મારી સ્થિરતા પરમાં વિકલ્પમાં ન રહો. આમ બળખો છોડે એમ છ ખંડના રાજ (છોડી દીધા). છન્નું હજાર સ્ત્રી જંટીયા તાણતી ઉભી રહે. ચાલ્યા જાય. અમે ક્યાંય નથી. જ્યાં છે ત્યાં બીજામાં અમે નથી. અમે અમારામાં સમાવા માગીએ છીએ. બળખો છોડે એક મિનિટમાં. આને આટલું છૂટવું કઠણ. જગતની મમતા તે કેટલી! આહા..હા..!

કહે છે, ભાઈ! એ પુત્ર, પણ મારા વ્હાલા લાગે. આમ મોટા-મોટા ગોરા જેવા રૂપાળા હોય પાંચ હાથના લાંબા અને માખણ જેવા શરીર. આમ મલમલના કોટ-બોટ પહેર્યા હોય. લાંબી શાલના. લાંબી શાલ. લાંબી શાલ સમજ્યાને? આમ છૂટી. વળી કોટ કપડા કઠણ. આમ.. આમ.. આહા..હા..! એમાં છ લોઢા જેવા દેખે તો આહા..હા..! રસ જ લાગે કે નહિ? કોના પણ? એનું શરીર એનું નથી તો તારું ક્યાંથી આવી ગયું ઈ? મારી નાખ્યા જગતને મોહે. કોઈ તારું નથી, ભાઈ!

**'ઐસા જાનકર બાહ્ય પદાર્થોંમેં મમતા છોડકર...'** ભગવાન! એ વસ્તુ તારી નહિ અને તારામાં નહિ. તારી નહિ, તારામાં નહિ. તારામાં તો શું છે? **'શુદ્ધાત્માકી અનુભૂતિરૂપ જો વીતરાગ નિર્વિકલ્પ સમાધિ...'** આહા..હા..! એ રાગ પુણ્ય-પાપના વિકલ્પો એનાથી રહિત પ્રભુ તારું સ્વરૂપ છે. એવો શુદ્ધાત્મા એની અનુભૂતિ. એનો અનુભવ, એનો આશ્રય,

એનો મહિમા, ભગવાન આત્માનો અંતર મહિમા કરીને ઠર, મહિમા કરીને ઠર, એમાં તને શાંતિ અને શરણ છે. બાકી ક્યાંય શાંતિ-શરણ નથી.

'**વીતરાગ નિર્વિકલ્પ...**' શાંતિ. સમાધિ એટલે શાંતિ. ભગવાન આત્મામાં એકલી શાંતરસનું ઢીમ પડ્યું છે. વીતરાગરસ કહો કે શાંતરસ કહો. શ્રીમદ્દે કહ્યુંને,

વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ રે,
ગુણવંતા રે જ્ઞાની અમૃત ઝર્યા રે પંચમકાળમાં.

ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ. 'વચનામૃત વીતરાગના અને પરમ શાંત રસમૂળ,...' શું કહ્યું એ? વાણીમાં તો પરમ આનંદ શાંતરસ બતાવનારી વાણી છે. એ વિકલ્પ અને રાગ વાણી સામું જોઈને કર એવું એમાં છે નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? 'ઔષધ જે ભવરોગના...' ભવનો રોગ જે અજ્ઞાનનો, રાગ-દ્વેષનો એને ટાળવા માટે એ ઔષધ એક જ છે. 'ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' જેના વીર્ય હણાઈ ગયા છે, જેને વિકારમાં રુચિ લાગી ગઈ છે, જેને ભગવાન અંતરમાં અનંતગુણનો પ્રભુ ભાસતો નથી, એવા કાયરોને આ વાણી સાંભળતા કાળજા કંપે એવા છે. હાય.. હાય..! આ શું કહે છે? ન્યાલભાઈ! આહા..હા..! વાણીને એકવાર અમૃત કહી દીધી. ભગવાન અમૃત પોતે છે. એટલે વચનામૃત વીતરાગના પરમ શાંત... શાંત... અવિકારી સ્વરૂપ એને બતાવનારા છે, એની રુચિ કર તો એ વીતરાગની વાણી તને નિમિત્ત કહેવામાં આવે. 'કાયરને પ્રતિકૂળ.' કાયર.. આ? એકદમ શાંતરસ પ્રગટ થાય? કાંઈ રાગ ને પુણ્ય ને ક્રિયા કર્યા વિના? અરે..! સાંભળને હવે. રાગ ક્લેશ કરીને અમૃત થાય- એમ છેને? રાગ તો ક્લેશ છે. શુભરાગ પણ ક્લેશ છે, શુભરાગ પણ પુણ્ય છે, શુભરાગ ઝેર છે. ઝેરમાંથી અમૃત આવતું હશે?

ભગવાન અમૃતસ્વરૂપ શાંત, સીધી દૃષ્ટિ કરતાં પ્રગટ થાય એ વાત કાયરને સમજાતી નથી. કાયરને આમ કાળજા ધ્રુજી ઉઠે છે અંદરથી. અરર! આ શું? આવો નિરાલંબી માર્ગ! કાંઈ આલંબન નહિ? બહારમાં મૂર્તિનું આલંબન (નહિ). એક કોર મૂર્તિનું આલંબન કહેવું અને એક કોર વિકલ્પનું આલંબન નહિ? ભાઈ! મૂર્તિનું અવલંબન કઈ અપેક્ષા? બાપા! જ્યારે શુભરાગ થાય ત્યારે એનું લક્ષ ત્યાં જાય એટલે વ્યવહારે આલંબન કહેવાય. બાપુ! વિકલ્પનું આલંબન પણ ચૈતન્યને નથી. એવી દૃષ્ટિ વિનાનો વિકલ્પ ઉઠે (ત્યારે) એને નિમિત્તને આલંબન એ વ્યવહારે પણ કહેવાય નહિ. આ વસ્તુનું આલંબન કરે ત્યારે વિકલ્પ ઉઠ્યો ત્યારે વ્યવહારે આલંબન કહેવાય. નિશ્ચયમાં એનું આલંબન છે નહિ. સમજાણું કાંઈ?

શુદ્ધાત્મા. એકથી ઉપાડ્યું છે હોં. ભગવાન આત્મા. ભગવાન! પ્રભુ! શુદ્ધાત્મા. રામ ભાઈ

ઓલું .. નાગનેશની એક બાઈ હતી. ભરવાડ. રબારણ-રબારણ, ભરવાડને? એનો એકનો એક છોકરો જુવાન. ત્યાં તણાણો. આ વરસાદ .. તણાણો આવો? એટલે છોકરો ગાયું અને ભેસુંને લઈને બહાર ગયેલો પાંચ-પચ્ચીસ ગાઉ છેટે. તમારા ગામના. છોટાભાઈ ઓળખે છે. નામ જાણે ભરવાડનું. જુમા એ બાઈ. ફળિયામાં ઓલું વાસીદું કાઢતી હતી સવારમાં. અને છોકરો ગયેલો બહાર ગાયુને ઓલા.. એમાં ત્યાં કાંઈક સર્પ કરડ્યો અને મરી ગયો છોકરો. એ જુવાન હોં જુવાન. અહીં કાગળ નહિ આવેલો. ત્યાં વાળતી હતી એમાં એક માણસ નીકળ્યો. બા! દીકરો ત્યાં મરી ગયો. રામ ભાઈ! આમ હોં, બીજું કાંઈ નહિ. એવા સરળ ભદ્રિક. બિચારા તત્ત્વની ખબર નહિ. રામ ભાઈ! રામની રીત છે તો જાય. દીકરો એકનો એક. સાંભળ્યું નહિ કાને. ઓલો કહે કે દીકરો તમારો મરી ગયો. રામ ભાઈ રામ. એ સ્થિતિ પૂરી થાય. આહા..હા..! આ જુમા ને? એ જુમાબાઈ. એવા બિચારા સરળ. તત્ત્વની કાંઈ ખબર ન મળે. પણ રામ ભાઈ! પણ દીકરો મરી ગયો એનું સંભળાવ્યું તો રામ ભાઈ? પોક તો મૂક. એય..! જેચંદભાઈ! સમજાણું? ઓલી ભરવાડણ-ભરવાડણ. એકનો એક દીકરો અને મરી ગયો. ઓલા ગાયું ને ભેંસુ તણાણું એટલે બહાર ચરાવવા. ઘાસ હોયને ડુંગરમાં. ગિરનાર-ગિરનાર. બહુ ત્યાં ઘાસ હોય. લઈ ગયેલા. એમાં કોઈ સર્પ કરડીને મરી ગયો છોકરો. કાગળ આવતા વાર લાગે અને ત્યાં કોણ સગુવ્હાલું હતું? અને એક માણસ ત્યાંનો જાણીતો આમ નીકળ્યો અને ઓલી વાળતી હતી. બા! તમારો દીકરો મરી ગયો. રામ ભાઈ! લ્યો આમ બોલે છે. આહા..હા..! એમ નહિ કે અરરર! ક્યાં મરી ગયો? હવે ભાઈ મરી શું, ગયો હવે. એ તો સ્થિતિ પૂરી થવાની. રામ ભાઈ! એમ કીધું હોં! નેમિચંદભાઈ! અને આ વાણિયાને જો સંભળાવેને કાંઈક ત્યાં પોક મૂકે વાણિયો પાછો. માથે સોફા ઓઢીને. ગાંડા છે કે નહિ, પણ શું છે તને? એ તો જગતની ચીજો છે. સંયોગે આવે અને સંયોગ વિયોગ લઈને આવે છે. એને કાળે ગઈ અને એને કાળે આવી. તારે શું છે પણ?

દાખલો આપ્યો છેને અનુભવપ્રકાશમાં? વડનો. વડના સૂકા પાંદડા. વડ-વડ આ. સૂકા પાંદડા. એક વાંદરો આવીને બેઠેલો માથે. બે ડાળી આમ. એમાં પવન આવે અને એક-એક પાંદડું ખરે ત્યાં રોવે. એય..! મારું ગયું. કેટલાને રોઈશ પણ તું? પાંદડા ઘણાય છે. આહા..હા..! ઓલો ભરવાડનો દાખલો નહોતો આપ્યો? કાલે આપ્યો હતોને. એક રબારણ હતી. હતી તો બ્રાહ્મણી બાઈ. ધણી-ધણીયાણી બે જંગલમાં નીકળી ગયેલા અમથા રાતે ફરવા. એમાં અંધારું કોઈ સંતનું દેવળ. કોઈ જંગલમાં નહિ. બે રહેલા. બાયડી-ભાયડો બે. એમાં કોઈ રાજા પણ આવી ગયો એ સ્થાનમાં. એના એ મકાનમાં. આ બાઈ રૂપાળી હશે ત્યાં ગયો. ઓલા પણે રાજા મોહ્યો બાઈ ઉપર. અને બાઈનું કાંડુ ઝાલ્યું. એટલે આ કહે નક્કી (મને) ભ્રષ્ટ કરશે. એટલે કાંઈક

હતું (એનાથી) મારી નાખ્યો રાજાને બાઈએ. એ જ્યાં મારી નાખ્યો કે આ મકાન જ્યાં ધણી પાસે આવે છે. ધણીને સર્પ કરડેલો. જંગલમાં કોઈ ન મળે. આહા..હા..! હવે? ત્યાં આવ્યો ડાકુ એક. ડાકુએ એને ઉપાડી. કોઈ ન મળે. અહીંયા ધણીનું મડદું, અહીં રાજાનું મડદું. ત્રણ હતા. જંગલમાં હોં બહાર. ઉપાડી ડાકુએ. ત્યાં વેશ્યાના ઘરે વેંચી નાખી. વેશ્યાના ઘરે. વેચીને એમાં એક છ મહિના, બાર મહિના થયા હશે તો એનો જ દીકરો પોતાનો એ ત્યાં આવ્યો અને એને ખબર રહી નહિ રાતમાં કે આ દીકરો છે, આ મા. વિષય લીધા. પછી ખબર પડી કે આ દીકરો. હાય... હાય...! હવે? મરું.

નદીના કાંઠે જઈ, લાકડા ભેગા કરી અને ભેગા કરીને અંદર ગરી. આને સળગાવું. ત્યાં આવ્યું પાણી. નદીનું ઉપરથી પૂર. એ લાકડા અને પોતે તણાણી. બે-ચાર ગાઉ છેટે મૂર્છા ખાઈ ગયેલી નીકળી. એમાં એક ભરવાડ (આવ્યો). એલા આ બાઈ કોણ છે? આ મરી નથી ગઈ લાગતી. શ્વાસ ચાલે છે. થોડીવાર એણે તપાવી તો સાજી થઈ. ઘરે લઈ ગયો. બનાવી બાયડી. એ ઘરે દૂધ ને દહી ને ઓલું કરે અને છાશું વેચવા નીકળી. અધમણ મોટું દોણું છાશ માથે નાખી વેચવા નીકળી વેચવા. બજારમાં નીકળી એમાં વાગી ઠેસ. ઠેસ સમજાણું? પગની. પડ્યું દોણું માથે. કાઢ્યા દાંત. ઓલા વાણિયા પૂછે પણ આ દાંત શેના કાઢ્યા પડીને? શેની હું પણ માંડુ? મારે તો આવા કંઈક થઈ ગયા છે.

એક કોર રાજાને માર્યો, મારો ધણી મરી ગયો, વેશ્યાના ઘરે ગઈ, આ થયું, બળવા થઈ ત્યાં આના ઘરે આવી. હવે છાશ વેચવા (નીકળી). છાશથી શું .. એવી આવે છે કથા. આ છાશથી .. એવી ભાષા આવે છે. એ .. સ્વાધ્યાય.. છેને સ્વાધ્યાય શું કહેવાય? સજ્ઝાય. સજ્ઝાય-સજ્ઝાય. સજ્ઝાયમાળા. એમાં આવે છે એ. ત્યાં વાંચ્યું હતું દુકાન ઉપર. 'છાશ કો શોક કહાં કરું...' 'છાશકો શોક કહાં કરું.' છાશ સમજેને વહ મઠા-મઠા. હવે મઠાનો શોક શું કરું? આવા તો કાંઈક વીતી ગયા છે મારે માથે. એય..! જેચંદભાઈ! આ તે એકેય વીત્યું નથી અને જ્યાં આવ્યું ત્યાં હાય-હાય પોક માંડી પાધરી.

કહે છે કે અરે ભગવાન! આહા..હા..! તારે માથે તો કંઈક વીતી ગઈ છે, બાપા! તેં તારો ઈતિહાસ સાંભળ્યો છે? તેં ઈતિહાસ તારો સાંભળ્યો છે? નિગોદમાં, નરકમાં, વાઘમાં, વરુમાં, સડેલા શરીરમાં પડ્યા જંગલમાં. આહા..હા..! કોઈ ધણી નહિ, ધોરી નહિ. સમજાણું? એવામાં અવતાર કર્યા. કાઠી હતો. ઓલો આવે છેને લેખ એક. કાઠી હતો. પછી બહારવટો નીકળ્યો બહારવટે. કાઠી-કાઠી સમજ્યાને? ગરાસદાર. ગરાસદાર માણસ બહારવટે નીકળેલો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ડાકુ-ડાકુ. ડાકુ નીકળેલો. ઘરે બાયડી, મા-બાપ. પણ એ નીકળી ગયો એ રીતે.

એક કણબી સાથે વેર અને કણબી પાણી પીતો હતો ઘરમાં, ત્યાં જઈને એના કટકા કર્યા અને ગામમાં કટકા-ટૂકડા શરીરના વેંચ્યા અને થઈ ગયો બહારવટો. હવે? કરતાં... કરતાં... કરતાં... દરરોજ જાય ચોરી કરવા, બહારવટું કરવા. એમાં એક કોકનો પટારો હશે મજબુત. પૈસા ભરેલા અંદર. પટારો સમજ્યાને? પેટી. મોટી સંદુક-સંદુક. પણ મજબુત કે તૂટે નહિ અને ઉઘાડો પગ. ઉઘાડો પગ. પગ આમ માર્યો એને. એમાં વાગી ચુંક. હવે? એ બહાર ગયો. પૈસા તો આવ્યા નહિ, ગયો પણ પછી સડ્યું. હવે એ કાંઈ ડોક્ટર પાસે પટ્ટો કરવા જાય? એ તો ડાકુ. ડોક્ટર પાસે દવા કરવા શી રીતે જાય પણ? એ સડ્યો. જોડેના માણસો ડાકુ હતા બધા ભેગા. બધા વયા ગયા. એકલો રહ્યો. પછી રાડું પાડે હોં કોક આવે તો. અરેરે! મેં આ પાપ (કર્યા). આમ તો આર્ય માણસ હતોને. મેં ગાયુંને બહુ મારી નાખી છે. ઓહો..! એના પાપ મને આવ્યા. કારણ કે ઓલું પાક્યું અને સડ્યું અને બળવાળો એ હતો. એટલે જોડે સાથવાળા હતા કાઠી એ તો વયા ગયા. એકલો રહી ગયો. પૂર્વે જેને મારેલા એ આવ્યો. માણસ આવીને બંદુક મારીને એને. પોકાર... પોકાર... અરે! કોઈ અમારું ન મળે. મેં જંગલમાં ગાયુંને રોકી હતી. લ્યો! થાયને. નેરુ થાય નેરુ. બે બાજુ ડુંગરા હોયને. બે બાજુ મોટા ડુંગર બે બાજુ. બે બાજુ ડુંગર હોયને મોટા અને નીચે નેરુ ચાલે. એમાં ગાયું હતું. પછી બે બાજુ એણે કાંટાના ગળીયા નાખી દીધા. તો આમ પણ ન જાય અને આમ પણ ન જાય અને ડુંગર ઉપર ચડી શકે નહિ. એટલે ગાયુંને ઓલી કરી મેં પાંચસો ગાયુંને. મોટા ડુંગરા હોયને ઉંડા. અને ઉંડેથી પાણી નીકળતું હોય આમ. એટલે બે બાજું કાંટાના ગળીયા આમ નાખી દીધા અને બે બાજુ આમ કાંટા સમજ્યાને? મોટા-મોટા. એટલે ન જાય આમ... ન જાય આમ... ઉપર ચડી શકે નહિ. એમ ને એમ પાંચસો ગાય સુકાઈ ગઈ. એનું આને સંભારણ આવ્યું કે અરરર! આ મેં (પાપ) કરેલા. આમ તો માણસ ગરાસિયો ને. મેં કરેલા પાપ મારે ભોગવવા પડ્યા એકલા. હાય..હાય..! એમ પોકાર કરતો હતો ત્યાં એક આવીને બંધુક મારી ગયો. આવી તારા ઉપર અનંત વાર વીતી છે. જેચંદભાઈ! શું? 'છાશકો શોક કહાં કરું' ... જરી આમ આમ થયુ ત્યાં એમાં શોક કરે છે? આહા..હા..! કોની માંડવી છે તારે? કોને રોવે છો પણ તું? 'રોનારા નથી રહેનાર રે, કોને તું માંડીને રો છો?' એ રોનારા રહે માણસો? તું રોનારો રહે એમ છો? શું છે પણ તને?

અહીં આચાર્ય કહે છે, અરે ભગવાન! આવા કાળ આવ્યા બાપા! અંદર જો. ભગવાન નિધાન-નિધાન ખજાના પડ્યા છે અંદર. ખજાનો ક્યાંક હોય અને બતાવે કુંચી હોંશમાં ઉઘાડવા માટે આમ ફટ... ફટ... ફટ... જાય અંદર. હીરા-માણેક છે. જુઓ પચ્ચીસ કરોડના હીરા-માણેક પડ્યા છે. હેં! લાવ... લાવ... લાવ... કોઈને બતાવતો નહિ. ખબર ન પડે તેમ ખોલવા જાય.

એલા! આ હીરા-માણેક તે ધૂળમાં શું? આ તો અનંતા ચૈતન્ય રત્નાકર છે. અનંત ચૈતન્ય રત્નાકર ગુણનો ભંડાર ભગવાન. અરે! એમાં એકાગ્ર થવાની કુંચી લગાવતો નથી. શી રીતે ખૂલશે? અને બહારની મમતામાં હોળી (કરીને) પડ્યો છે. આ.. આ.. આ.. એવા અનંત ભવ કર્યા પણ ક્યાંય શાંતિ મળી નહિ.

'**સબ પ્રકારસે શુદ્ધોપયોગકી ભાવના કરની ચાહિયે.**' જુઓ, સમજાણું કાંઈ? નિર્વિકલ્પ સમાધિ લીધી છેને એનો અર્થ શુદ્ધ ઉપયોગ કર્યો એણે. શુદ્ધ ઉપયોગ. પહેલી દૃષ્ટિમાં, રુચિમાં તો લે કે કરવા જેવું આ જ છે, બીજું કાંઈ કરવા જેવું નથી. ભગવાન આત્માના ખજાનામાં દૃષ્ટિ મૂકી ઠરવા જેવું છે. બસ, ઠરી ન શકે તો દૃષ્ટિ કર. આ દૃષ્ટિ કરી શકે નહિ તો શ્રદ્ધા તો કર, કરવાનું તો આ જ છે. બીજું કાંઈ કરવા જેવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આ પરમાત્મપ્રકાશ છેને. તારો પરમાત્મા તારામાં પૂરો પડ્યો પ્રભુ! એમાં નજર નાખ તો ખજાના ખૂલે એવા છે. આ બધી ધૂળ તારી એકેય છે નહિ.

'**આગે ઈસી અર્થકો ફિર ભી દૂસરી તરહ પ્રગટ કરતે હૈં—**'

**२७७) करि सिव-संगमु एक्कु पर जहिँ पाविज्जइ सुक्खु।**
**जोइय अण्णु म चिंति तुहुँ जेण ण लब्भइ मुक्खु।।१४६।।**

'**હે યોગી...**' યોગી શબ્દે જ અહીં ઉપાડ્યો છે. હે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! એમાં રુચિ રાખનાર હે આત્મા! '**હંસ,...**' જોયું! હંસ કીધો હંસલો. એ હંસ જેમ દૂધ અને પાણી જુદાં પાડે. ભગવાન! એમ તું પણ તારામાં તાકાત છે. રાગ પાણી છે અને તું મોટો દૂધ છો. બેને જુદા પાડવાની તાકાત (તારામાં છે) બાપુ! તેથી તને હંસ કહેવામાં આવ્યો છે. પૂર્ણાનંદની પ્રાપ્તિ એકદમ કર અને રાગથી સર્વથા છૂટો પડ એ પરમહંસ છે. આ હંસ એ પરમહંસ હોં. ઓલા દુનિયામાં કહેવાય એની વાત નથી. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પાડીને વિવેક કરવો એનું નામ હંસલો—આત્મહંસ કહેવાય છે. એ વિવેકી સંત કહેવાય છે. એ વિકલ્પોનો સર્વથા અભાવ કરીને ઠરવું એ પરમહંસ છે. સમજાણું કાંઈ?

'**તૂં એક નિજ શુદ્ધાત્માકી હી ભાવના કેવલ કર,...**' આહા..હા..! જુઓ! ભાઈ! તારા હિતની વાત એક જ છે હોં! તારા સુખની વાત એક જ છે હોં! તારા સ્વતંત્રતાની સુખની ધારા અનંત કાળ વહે એની એક જ વાત છે—શુદ્ધ આત્મામાં દૃષ્ટિ કરીને ઠર. બાકી દુઃખની ધારા અનંત કાળથી ચાલી જાય છે. વિકાર... વિકાર... વિકાર... વિકાર... વિકાર... વિકાર... એ તો દુઃખધારા છે. એ સુખની ધારા અમૃતની ધારા વહેવડાવવી હોય, ભગવાન આત્મા એક નિજ શુદ્ધાત્મા. જુઓ, વિકલ્પ વ્યવહાર-ફ્યવહાર એક કોર રહી ગયો. એની ભાવના કેવળ. એમ શબ્દ છેને? પરમનો અર્થ કર્યો. પરમ-એક જ કરવા જેવું છે ભાઈ! એ વાત નક્કી

કર, નિર્ણય કર અને નિયમ લે. નિયમ લે કે સ્વભાવમાં રુચિ કરવા જેવું છે. એ સિવાય (ક્યાંય) નહિ. એનું નામ નિયમ. આ નિયમની ખબર ન મળે અને બીજા નિયમ લઈને બેસે.

ભગવાન આત્માનું વસ્તુ સ્વરૂપ આવું છે એને જાણીને, એમાં શ્રદ્ધવા જેવું છે, એમાં ઠરવા જેવું છે એવો નિયમ પહેલા નક્કી કર. સમજાણું કાંઈ? એની પ્રતિજ્ઞા કર કે મારા પૂર્ણાનંદ સ્વરૂપ સિવાય મને કોઈ એકેય વસ્તુ રુચતી નથી અને રુચે એવી કોઈ ચીજ છે જ નહિ. રુચે એવી ચીજ એક આત્મા પૂર્ણાનંદ છે. એની પ્રતિજ્ઞાનો નિયમ કર. એય..! ન્યાલભાઈ! આના ઠેકાણા નહિ અને પછી આ કર, આ ખાવું નહિ અને આ પીવું નહિ. એ તો મરી ગયો અનંત વાર કરી કરીને.

મુમુક્ષુ :- કે દિ' કર્યું?

ઉત્તર :- અનંત વાર કર્યું. નવમી ગ્રૈવેયક જૈનનો સાધુ થયો ત્યારે તો લંગોટીનો તાણો પણ નહોતો. કહો, અને ભીક્ષા માટે જાય મહિનાના અપવાસે એક મમરા (ખાય). મમરા સમજો છો? મુમરા-મુમરા. ચોખાના હોતા હૈ ન? ચાવલકે. મુમરા મળે તો બસ સંતોષ થઈને ચાલ્યા જાય. કાંઈ ન લે કોઈ ચીજ. બધી પડી છે, સાંભળને હવે. આખી દુનિયા લઈને પડ્યો છો. એક વિકલ્પ ઉઠે છે એમાં આ મેં ત્યાગ્યું, મેં આ છોડ્યું એવી માન્યતાનો મિથ્યાત્વભાવ પડ્યો છે (એમાં) આખું જગત પડ્યું છે તારી પાસે. આહા..હા..! મેં આ છોડ્યું છે. તેં આ છોડ્યું? તારામાં હતું તે તું એને છોડ? મેં આને ગ્રહ્યું. એટલે તારામાં પરવસ્તુને ગ્રહવાની-લેવાની તાકાત હશે? અને પરવસ્તુ તારા વિકલ્પથી ત્યાં આવતી હશે! બિલકુલ મિથ્યા અભિપ્રાય. સમજાણું કાંઈ? એણે છોડ્યો આત્માના ધર્મને. આ મેં ગ્રહ્યું અને આ મેં છોડ્યું. આ મેં છોડ્યું અને આ મેં ગ્રહ્યું. મહા મિથ્યાત્વભાવ, મહામિથ્યાત્વ વિપરીત. જે અજીવ અને પરતત્ત્વો એને મેં છોડ્યા. એટલે છોડ્યા કે દિ'? ગરી ગયા હતા તારામાં તે છોડ્યા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો મમતા હતી. મમતા તો એની એ રહી પાછી. મેં આ છોડ્યા. મેં આ છોડ્યા એટલે મારાથી મૂકાણા આ. મારાથી આ મૂકાણા એટલે એનો ધણી થયોને તું? ધણી થયોને ત્યારે મારાથી મૂકાણાને? એ તો એનું એ થયું. સમજાણું કાંઈ? પાટણીજી! એમ કહે છે ઈ.

એક શુદ્ધાત્મા સિવાય ભાવના બીજી ક્યાંય કરવા જેવી નથી. આહા..હા..! કોને મૂકે અને કોને લે? આત્મામાં પરના ગ્રહણ-ત્યાગ વિનાનો સ્વભાવ આત્માનો છે. એ તો એનો સ્વભાવ છે. (પરના) ગ્રહણ-ત્યાગ વિનાનો સ્વભાવ છે. એને ગ્રહણ-ત્યાગ કરું તો તો મિથ્યાદષ્ટિ, મિથ્યા બુદ્ધિ થઈ. મિથ્યા પાપની બુદ્ધિ ગ્રસી, ઘટ્ટ કરી. અને એ પાપની એને ખબર નથી કે આમાં

ક્યું પાપ મોટું લાગ્યું અને મેં શું કર્યું?

કહે છે કે '**એક નિજ શુદ્ધાત્માકી ભાવના કેવલ...**' બીજું છોડવું-મૂકવું રહેવા દે. અને વિકલ્પ ઉઠે એની નજર કરવી રહેવા દે. વસ્તુ છે ત્યાં નજર કર. વિકલ્પને છોડવું અને મૂકવું એ સ્વરૂપમાં નથી. રાગને છોડું. એ આત્મા છોડે છે? શું એ રાગ ગર્યો છે અંદર? સ્વરૂપની દૃષ્ટિ થતાં ઠરતા રાગ ઉત્પન્ન ન થાય, એ રાગ છોડ્યો એમ કથનમાત્ર કહેવામાં આવે છે. રાગનો ત્યાગ પણ પરમાર્થે કર્તા આત્મા છે રાગના ત્યાગનો એ છે જ નહિ. રાગના ત્યાગનો આત્મા કર્તા એ આત્માના સ્વભાવમાં ત્રણ કાળમાં નથી. રાગના ત્યાગનો કર્તા હોં! આહા..હા..! આવે છે કે નહિ? સમયસારમાં આવે છે. ૩૪ ગાથામાં આવે છે, ૩૪ ગાથામાં આવે છે. ભગવાન આત્મા... આ રાગનો ત્યાગ હું કરું એવું કર્તાપણું આત્મામાં નામ-કથનમાત્ર છે. વસ્તુના સ્વરૂપમાં રાગનો ત્યાગ કર્તાપણું એ આત્મામાં છે જ નહિ. અરે! સમજાણું કાંઈ? એને ઠેકાણે બાહ્ય વસ્તુ છોડી અને મૂકી. એ તો મોટો અભિપ્રાયમાં મિથ્યા શલ્ય લઈને પડ્યો છે.

કહે છે એક ચિદાનંદ પ્રભુની ભાવના કર. '**જિસમેં કિ અતીન્દ્રિય સુખ પાવે,...**' '**પ્રાપ્યેત**' દુઃખ પ્રાપ્ત કરે છો મિથ્યા અભિપ્રાયથી, મિથ્યા શ્રદ્ધાથી, વિપરીત આશ્રયથી. ભગવાન આત્માના પ્રેમની પ્રતીતના આશ્રયે તને અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થશે. '**અન્ય કુછ ભી મત ચિંતવન કર,...**' કાંઈ પણ બીજું ચિંતવન કર્યે સુખ મળે એમ નથી. માટે બીજું કાંઈ ન ચિંતવન કર. '**જિસસે કિ મોક્ષ ન મિલે.**' જેનાથી મોક્ષ ન મળે એવું કાંઈ ન ચિંતવ. મોક્ષ મળે એવો તો આત્મા છે માટે તેમાં એકાગ્ર થા. સમજાણું કાંઈ? વાત તો આકરી એવી પડે માણસને. પ્રથા બીજી થઈ ગઈ અને એવું ઘટમાં આવી ગયું કે જાણે વીતરાગ માર્ગ આ છે એવું માન્યું. એટલે માણસને આ વાત... ખાલી ખાના ગોઠવવું શી રીતે? શી રીતે ગોઠવવું કે આ માર્ગ આવો? ઓહો..હો..!

કહે છે કે ભાઈ! પરથી તો ત્રણે કાળ ખાલી છો, પણ વિકલ્પથી ખાલી છો ત્રણે કાળ અને ભરેલો છે ત્રણે કાળ અનંત ચૈતન્ય રત્નથી. આહા..હા..! એનું ચિંતવન કર, એનું ચિંતવન કર, બીજું રહેવા દે. કેમકે એ ચિંતવન કર્યે કાંઈ પરવસ્તુની વ્યવસ્થા રહી જશે એમ (નથી). તારું પરનું ચિંતવન કરવા જઈશ તો નિરર્થક જાય છે પરમાં અને તારા ચિંતવનમાં પરનું ચિંતવન કર એમાં આત્માને નુકસાન થાય છે. લાભ તો જરીએ થતો નથી, ચિંતવનનો વિકલ્પ ઉઠે એ બધું દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- હે જીવ, તૂ શુદ્ધ અખંડ સ્વભાવ...**' દેખો. '**નિજ શુદ્ધાત્માકા...**' એક તો પ્રભુ આત્મા શુદ્ધ છે. બુદ્ધ નામ એકલો જ્ઞાનનો પિંડલો છે અને એક છે માટે અખંડ

છે. એકરૂપ વસ્તુ છે, એકરૂપ છે. સ્વભાવ એનો છે. એવો નિજ શુદ્ધાત્મા. પોતાનો ભગવાન આત્મા નિજ અખંડ એક સ્વભાવી પ્રભુ એનું ચિંતવન કર. ચિંતવન શબ્દે એકાગ્રતા. પણ પહેલી રુચિ હોય તો વીર્ય વળેને. 'રુચિ અનુયાયી વીર્ય' રુચિ જ જ્યાં વસ્તુની આ છે એની રુચિની ખબર નથી, વીર્ય ક્યાં વળે? જ્યાં રુચિ હોય ત્યાં વીર્ય વળે, વિકલ્પમાં રુચિ, પ્રેમમાં ત્યાં પડ્યો આનાથી થાય. તો વીર્ય ત્યાં વળેલું છે અનાદિનું.

'યદિ તૂં શિવસંગ કરેગા...' શિવ એટલે આત્મા. સમજાણું? ૧૪૬ છેને? જુઓ, '**शिवशब्दवाच्यशुद्धबुद्धैकस्वभावनिजशुद्धात्मभावनासंसर्गं**' ટીકા છે. 'શિવ' શબ્દનો અર્થ કે સ્વભાવનો સંસર્ગ કર. ભગવાન આત્મા શુદ્ધ નિરાકુળ પરમાત્મા પોતાનું નિજપદ છે એનો સંસર્ગ કર એ સંગમ છે. એ ભગવાનના ભેટા અંદર એકાગ્ર થવું એ આત્માનો સંસર્ગ છે. એ આત્માનો પરિચય કર્યો એણે. બાકી રાગ અને પુણ્યનો પરિચય એ આત્માનો પરિચય નહિ, એ નુકસાન કરનાર છે. '**તો અતીન્દ્રિય સુખ પાવેગા.**' લ્યો! '**યદિ તૂં શિવસંગ કરેગા...**' શિવ એટલા આત્મા હોં. નિરૂપદ્રવ ભગવાન કલ્યાણમૂર્તિ પ્રભુ એનો સંગ-સંસર્ગ-સંસર્ગ, પરિચય, અભ્યાસ, આદત, ટેવ '**કરેગા તો અતીન્દ્રિય સુખ પાવેગા.**' એમાંથી અતીન્દ્રિયનું સુખ મળશે, બાકી ક્યાંય બીજે સુખ છે નહિ. રાગમાં, પર્યાયમાં, નિમિત્તના આશ્રયમાં ક્યાંય નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૩, શુક્રવાર, તા. ૧૬-૦૭-૬૫**
**ગાથા-૧૪૬ થી ૧૪૮, પ્રવચન-૧૭૧**

૧૪૬ ગાથા, પરમાત્મપ્રકાશ. એનો ભાવાર્થ થોડો ચાલ્યો છે. ફરીને જુઓ. જુઓ, આ પરમાત્મપ્રકાશ છે. એટલે આ આત્મા પરમાત્મસ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. પરમાત્માનો આત્મા (એક) ભાગ છે એમ નહિ.

મુમુક્ષુ :- અંશ છેને.

ઉત્તર :- એમ નથી. પોતે જ પરમાત્મસ્વરૂપ છે અંદર. એનું ધ્રુવસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, સ્વભાવસ્વરૂપ, નિત્યસ્વરૂપ એ તદ્દન પરમાત્મસ્વરૂપ જ છે. જેમાં સંસારનો ઉદયભાવ નથી, જેમાં કર્મ, શરીરનો ભાવ પણ એમાં નથી. એકલો ચૈતન્યઘન આનંદકંદ વસ્તુ છે. એ પોતે જ વસ્તુ પરમાત્મા છે. એને પર્યાયમાં પરમાત્મા પ્રગટ કરવા માટે ઉપાય શું એ અહીં બતાવે છે. કહો, સમજાણું? કારણ કે હોય તે પ્રગટ થાય, પ્રાપ્તની પ્રાપ્તિ હોય. પરમાત્મા પર્યાયમાં પ્રાપ્ત થાય, પર્યાયમાં પરમાત્મા પ્રગટ થાય અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ એ ક્યાંથી પ્રાપ્ત થાય? એ કાંઈ બહારથી આવતી ચીજ નથી.

મુમુક્ષુ :- ગુરુની કૃપાથી થાયને.

ઉત્તર :- ગુરુની કૃપા, કોઈની કૃપા, કેવળીની કૃપા ત્યાં કામ આવતી નથી. કૃપા એને ક્યાં છે? કેવળીની કૃપા બધા ઉપર વર્તે છે. કહો, સમજાણું આમાં? એની એના ઉપર કૃપા જોઈએ. ન્યાલભાઈ!

કહે છે કે '**હે જીવ, તૂં શુદ્ધ અખંડ સ્વભાવ...**' જુઓ, ભગવાન આત્મા અંતર શુદ્ધ નિર્મળ છે. વિકલ્પ છે એ મલિન છે એ તો ઉદયભાવ છે, એ સ્વભાવમાં નથી, શુદ્ધ સ્વરૂપમાં નથી. એવો ભગવાન આત્મા તું શુદ્ધ બુદ્ધ એકલો જ્ઞાનનો રસીલો, જ્ઞાનનો પિંડ તું છો, અખંડ છો, એકરૂપ છો. વસ્તુ છે એ એકરૂપ છે, એમાં ખંડ, ભાગ, ભેદ નથી. એવો જે સ્વભાવ અંતર વસ્તુ સ્વભાવ '**નિજ શુદ્ધાત્મા...**' એવો સ્વભાવવાળો નિજ શુદ્ધાત્મા એટલે કે સ્વભાવસ્વરૂપ નિજ શુદ્ધાત્મા.

શું કીધું? હે આત્મા! તારે તારું હિત અને કલ્યાણ કરવું હોય તો આ એક રસ્તો છે એ રસ્તા સિવાય બીજો ઉપાય નથી. ક્યો? કે તું શુદ્ધ છો, બુદ્ધ છો, અખંડ છો, આનંદમૂર્તિ છો. બરાબર હશે ન્યાલભાઈ? એ વસ્તુ પોતે વસ્તુ આત્મા એને કહીએ કે જેમાં વિકાર નથી, કર્મ નથી, શરીર નથી. એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના સ્વભાવસ્વરૂપ આત્મા એને આત્મા કહીએ. એ આત્માનું '**ચિંતવન કર,...**' એ આત્માનું અંતર ચિંતવન કર. એના સન્મુખ થઈને એકાગ્ર કર, એ જ એક સુખનો રસ્તો, ધર્મનો રસ્તો, મુક્તિનો રસ્તો છે, બીજો કોઈ રસ્તો છે નહિ. કહો, સમજાય છે કાંઈ આમાં? કહો, છોટાભાઈ! કહો, કેટલા વેપાર ધંધાના ચિંતવનમાં આ ચિંતવના ચાલતી હશે? એ કહેશે હમણા કે ભાઈસાહેબ! મૂકી દે હવે ચિંતવન તારું. આહા..હા..!

અરે! તને હેરાન થવાના રસ્તા, દુઃખી થવાના રસ્તા સૂઝે છે અને આ આત્મા શું ચીજ છે? તું પોતે કોણ છો? પોતે કોણ છો એની કિંમત ન મળે અને કિંમત આ પુણ્ય-પાપના ભાવ અને શરીર અને પુણ્ય-પાપના ફળ બહાર મળે. આ ધૂળ અનુકૂળ-પ્રતિકૂળ. એની એને

મહત્તા, એની એને કિંમત, એની એને અધિકાઈ. ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલો એ કોઈ એને અનાદિથી તુચ્છ લાગે છે. આખો સચ્ચિદાનંદ સત્-સત્. સત્ વસ્તુ છે અને જ્ઞાન અને આનંદથી ભરેલો એ પદાર્થ છે. અકૃત્રિમ-અણકરાયેલી અનાદિ-અનંત ચીજ છે. એ ચીજમાં તું અંતર એકાગ્ર થા તો તને શાંતિ મળશે, જન્મ-મરણ ટળશે અને દુઃખનો અભાવ થઈને એકલી સુખની દશા પ્રગટ થશે. કહો, સમજાણું આમાં?

'**યદિ તૂ શિવસંગ કરેગા તો અતીન્દ્રિય સુખ પાવેગા.**' શિવસંગ એટલે? આ આત્મા શિવ. સંસ્કૃતમાં છે. '**शिवशब्दवाच्यशुद्धबुद्धैकस्वभावनिजशुद्धात्मभावनासंसर्गं** ' ભાઈ! તું નિરૂપદ્રવ ભગવાન છો અંદર. ક્યાં પણ એને અહીં કિંમત? એક સરખી દાળ ન થાય તો ખખડાટ થાય, બીડી સરખી ન મળે તો આમ સીગરેટ.. સીગરેટ.. સીગરેટ કહેને? આમ વળી બે આંગળી કોક આમ રાખે અને આમ રાખે. કોણ જાણે શું કરતા હશે? એ શોખ હશે અંદર એ જાતનો. આમ રાખે કે આમ રાખે શી ખબર. આમ રાખે. આમ... આમ... ઓહો..હો..! જાણે ક્યાં ગરી ગયો છે આનંદમાં? અરે ભગવાન! તું ક્યાં રખડવાના વિકલ્પમાં તને પ્રીતિયું અને ભગવાન પોતે પોતે પોતાનું કોણ સ્વરૂપ છે એની એને પ્રીતિ નહિ, આ તે અનાદિની ઘેલછાઈ અને ગાંડપણ કેવું? કહે છે. સમજાણું કાંઈ?

કહે છે, ભાઈ! તું '**શિવસંગ કરેગા...**' તારો આત્મા જ કલ્યાણમૂર્તિ અંદર છે એનો સંગ કર, સંસર્ગ કર, સંસર્ગ કર. આ સંસર્ગ છોડી દે. બહારના સંસર્ગ દુઃખના છે એને છોડ, અંતરનો સંસર્ગ કર. '**તો અતીન્દ્રિય સુખ પાવેગા.**' તો અંતરમાં અતીન્દ્રિય આનંદ, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એવી અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ તને થશે. બીજી કોઈ રીતે સુખનો અને ધર્મનો રસ્તો છે નહિ. '**જો અનંત સુખકો પ્રાપ્ત હુએ વે કેવલ આત્મ-જ્ઞાનસે હી પ્રાપ્ત હુએ,...**' અત્યાર સુધી અનાદિ સંસારમાં અનંત જીવો જે કાંઈ આત્માની શાંતિને પામ્યા, સુખને પામ્યા, પરમાત્મપદને પામ્યા એ બધા કેવળ આત્મજ્ઞાન, એકલું એ આત્માનું જ્ઞાન હોં! બીજું જ્ઞાન નહિ. લૌકિક તો નહિ, શાસ્ત્ર પણ નહિ. પોતે ભગવાન આત્મા પૂર્ણાનંદની જ્યોત એનું જ્ઞાન એટલે એની મહત્તા એટલે એના તરફનું વળેલું જ્ઞાન, એ જ્ઞાન થકી અનંત સુખને પામ્યા છે. એ સિવાય કોઈ ઉપાય, અનંતકાળમાં કોઈ બીજા જીવે ઉપાય કર્યો નથી. મોક્ષ માટે તો આ જ ઉપાય છે. કહો, બરાબર હશે આ વાત? પણ અમારે કરવું શું? પણ આ બાયડી, છોકરા બધા વળગ્યા હોય એનું કરવું કે આ કરવું?

મુમુક્ષુ :- કે દિ' વળગ્યા છે?

ઉત્તર :- આ અત્યારે માન્યું છેને એણે? વળગ્યા હોય તો તો અહીંથી છૂટો પડીને જાય નહિ.

મુમુક્ષુ :- .. જાવા નથી દેતા.

ઉત્તર :- જાવા શું, આંખ્યું મીંચાય તો ફટ દઈને ચાલ્યો જાય. ત્યાં ક્યાં કાંઈ રોકે છે? બધા હજાર માણસ બેઠા હોય. આ લ્યો દરબાર જેવા ચાલ્યા ગયો. રાણીને કીધું કે મને અસુખ છે. લ્યો! એ જ્યાં કહેવા ગઈ ત્યાં તો અહીં.... જાવ પરલોક. જેવી ભાવના કરી એ પ્રમાણે ઉપડો બીજે સ્થાને. હવે આ બધું કાંઈ ન મળે. ધૂળમાંય ન મળે. આ તો સ્મશાનના બંગલા છે બધા. એમાં સૂતો આમ પોઢીને જાણે ઓહો..હો..! શું છે? ભગવાન આત્મા સુખશૈયા છે. એ આત્મા સુખશૈયા. સુખશૈયા સમજ્યા? એ સુખને પોઢવાનું સ્થાન, પલંગ. એ સુખશૈયા ચાલી છે હોં. સુખશૈયા ચાલી છે શાસ્ત્રમાં. આત્મા સુખની સેજ છે. આ પુણ્ય-પાપના ભાવ દુઃખની સેજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એક વાત રહી જાય છે. ૨૦૧૩ની સાલમાં વ્યાખ્યાન (થયું હતું). પંડિતજી! આપણે ૭૨મી ગાથા ચાલતી હતી ત્યાં. એ શું કહેવાય? મધુવનમેં. ભાઈ! ૭૨. અશુચિ, પુણ્ય-પાપના ભાવ મેલ છે, પુણ્ય-પાપનો ભાવ જડ છે, અચેતન છે, પુણ્ય-પાપનો ભાવ દુઃખરૂપ છે. માટે એના વિના...

**'આગે ભેદાભેદરત્નત્રયકી ભાવનાસે રહિત જીવકા મનુષ્ય-જન્મ નિષ્ફલ હૈ,...'** જેણે આ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા ન કરી અને એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ, બેય લેશે, એવો નિશ્ચયપૂર્વક વ્યવહાર આદિ સાધન ન કર્યા એને મનુષ્ય જન્મ નિષ્ફળ થાય છે.

**૨૭૮) बलि किउ माणुस-जम्मडा देक्खंतहँ पर सारु।**
**जइ उट्ठब्भइ तो कुहइ अह डज्झइ तो छारु।।१४७।।**

શું કહે છે? **'ઈસ મનુષ્ય-જન્મકો મસ્તકકે ઉપર વાર ડાલો,...'** આમ નથી કહેતા? છોડી ઘો એમ. **'જો કિ દેખનેમેં કેવલ સાર દીખતા હૈ,...'** ધૂળ દેખાય સારી આમ. ચામડું રૂપાળું અને દાંત ઓલા અને નાક ઓલા ગરૂડના, ઓલા જેવા દાંત. આ દાંત સારા, નાક સારું, કાન આમ કુંડળ જેવા કાન. એટલે બધું દેખાવમાં સારું લાગે છે એમ કહે છે, પણ છે નહિ. એમ કહે છે જુઓ, **'કેવલ સાર દીખતા હૈ, જો ઈસ મનુષ્ય-દેહકો ભૂમિમેં ગાડ દિયા જાવે,...'** આ દેહને જો ભૂમિમાં દાટે **'તો સડકર દુર્ગંધરૂપ પરિણમે,...'** શું થાતું હશે? કસ્તુરી થાતી હશે ત્યાં? દાટે અંદર, સડીને પરમાણુ સડીને દુર્ગંધ ગંધાય. એકલા દુર્ગંધરૂપે પરિણમે. એક વાત.

**'ઔર જો જલાઈયે...'** બાળે. બાળે **'તો રાખ હો જાતા હૈ.'** દાટે તો સડીને ધૂળ

થાય, આ બાળે તો રાખ થાય. એમાં બીજો કાંઈ સાર છે નહિ. કહો, સમજાણું કાંઈ? આ દેહમાં સાર નથી, તો બાયડી, છોકરા, પૈસા ધૂળ તો ક્યાંય રહી ગઈ હવે. પણ વળગ્યો છેને ઈ પણ. અને જેને છોડવા ન માગે એ શી રીતે છૂટે? અહીં ભગવાન આત્મામાં અંદર એકાગ્ર થવા ન માગે એને એ પ્રાપ્ત કેમ થાય? અને આ છોડવા ન માગે એ છૂટે શી રીતે? અનાદિ કાળથી બાવો થયો, ત્યાગી થયો, જૈન સાધુ થયો, પણ અંદરમાં સચ્ચિદાનંદ પ્રભુ હું પૂર્ણ આનંદ છું એવો એણે અંતરમાં આશ્રય અને શરણ લીધું નહિ. બાહ્યમાં શરણમાં ક્યાંક ક્યાંક રોકાઈ ગયો.

**ભાવાર્થ** :- કહે છે કે '**ઈસ મનુષ્ય-દેહકો વ્યવહારનયસે બાહરસે દેખો તો સાર માલૂમ હોતા હૈ, યદિ વિચાર કરો તો કુછ ભી સાર નહીં હૈ.**' આમાં. '**તિર્યંચોંકે શરીરમેં તો કુછ સાર ભી દિખતા હૈ,...**' ઢોરના શરીર. '**જૈસે હાથીકે શરીરમેં દાંત સાર હૈ,...**' દાંત-દાંત. હાથીને દાંત હોયને, ચુનીભાઈ! આના તો દાંત પણ કામ ન આવે. કાંઈ ન કામ આવે. '**સુરહ ગૌકે શરીર મેં બાલ સાર હૈં ઈત્યાદિ.**' આ ચમરી ગાય, ચમરી ગાય છેને. ચમરી ગાયના તો વાળ-એનું પૂંછડું, કહે છે કે વાળ કાંઈક કામ આવે. '**પરંતુ મનુષ્ય-દેહમેં સાર નહીં હૈ,...**' ધૂળમાં કાંઈ સાર નથી આ મનુષ્યદેહમાં.

મુમુક્ષુ :- ક્યારની વાત છે?

ઉત્તર :- આ અત્યારની વાત છે. ક્યારની વાત થઈ ઈ? એમ કહે છે કે આ સડીને મરે ત્યારેને? ક્યારની વાત હશે આ? આ અત્યારની વાત ચાલે છે, બાપા! આ ધૂળ છે, માટી છે, અને તું પ્રભુ ચૈતન્ય છો. તારા પરમેશ્વરની વાત સર્વજ્ઞની વાણીમાં પૂરી ન પડે એવો તું છો. સર્વજ્ઞની વાણીમાં પણ પૂરી વાત ન આવે એવો પરમાત્મા આનંદકંદ, સચ્ચિદાનંદ પૂર્ણ જ્ઞાન અને આનંદનું ઘર આખું તારું છે. એને ભૂલી અને આ શરીર મડદા, બળેલા રાખ, એના ઉપર ચોંટ્યો મડદામાં. આવે છેને મૂર્છા મડદું-મડદું. અત્યારે કીધું મડદું. એ ૯૬ ગાથામાં કહ્યું સમયસારમાં. સમયસારમાં ૯૬ ગાથામાં કહ્યું છે. સમજાણું? આ તો અત્યારે પ્રશ્ન આવ્યોને અત્યારે? અત્યારે કે નહિ? કે અત્યારે. ૯૬ જુઓ. શું કહે છે? જુઓ,

'**અને મૃતક કલેવર વડે...**' આ મૃતક કલેવર કહ્યું છે આને. એ ૯૬ ગાથામાં અમૃતચંદ્રાચાર્ય મહારાજ (કહે છે). આ '**મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' સામે સામે ગુલાંટ મારી છે. આ મૃતક, આ અમૃત. આ મૃતક, આ અમૃત. શબ્દ લાગુ પડ્યા અમૃતચંદ્રાચાર્યે. ટીકા છેને. આ મૃતક, આ અમૃત. આ મૃતક કલેવર શરીર છે અત્યારે. મડદું-મડદું પાઠ છે. જુઓ! મૃતક કલેવર પાઠ છે. સંસ્કૃત ટીકા. એ વડે ભગવાન અમૃતનો કુંડ પ્રભુ. આહા..હા..! આખા અમૃતના

એક કણની અંદરમાં આખી દુનિયા ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણા લાગે. એવો તારો આનંદ તને પડેલો છે. એના એક કણની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણા લાગે એવો અમૃતસ્વરૂપ. આ મૃતક કલેવરમાં અમૃતસ્વરૂપ મૂર્છાઈ ગયો છે. આહા..હા..! આચાર્યે ગુલાંટ મારીને વાત કરી છે. મૃતક કલેવર શરીર વડે **'પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...'** અમૃતરૂપ વિજ્ઞાનઘન કોઈ દિ' મરે નહિ અને એમાં આનંદનો પાર નહિ. એવો ભગવાન અમૃતથી, આનંદથી ભરેલો એ પોતાની દૃષ્ટિ કરતો નથી. મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો. મરેલામાં મૂર્છાણો, એ મરેલામાં મૂર્છાણો એમ કહે છે. આ અત્યારની વાત કરે છે, જીવતાની કરે છે હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૃતક જ છેને. આમાં શું છે? આમાં કે દિ' પરમાણુમાં જીવ હતો? આ તો માટી છે.

**'મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...'** પાછું અમૃત તે પરમ અમૃત. અમૃતનો સાગર ભગવાન આત્મા એટલે કે એકલો અમૃતરૂપ અને અતીન્દ્રિય આનંદરૂપ. એવો પ્રભુ મૃતક કલેવરમાં અનાદિથી મારું માનીને એની ચિંતામાં પડ્યો, પોતાને ખોઈ બેઠો. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બોલતો...

ઉત્તર :- કોણ બોલે છે? એ તો ધૂળ બોલે છે. આત્મા બોલે છે? મૃતક કલેવર મહા મડદા શરીર રજકણો બોલે છે.

કહે છે, અરે! આ મનુષ્યદેહમાં તો કાંઈ સાર નથી. ઓલા હાથીને તો દાંત પણ સાર. ચુડલા-બુડલા કરીને પહેરે, ઢીંકણું કરે. ઓલાને વાળ. વાળ. **'ઘુનકે ખાયે હુએ ગન્નેકી તરહ મનુષ્ય-દેહકો અસાર જાનકર પરલોકકા બીજ કરકે સાર કરના ચાહિયે.'** શું દાખલો આપે છે હવે જુઓ. શેરડી હોયને શેરડી? એને શિયાળ ખાઈ જાય. શિયાળ-શિયાળ હોયને. શું કહેવાય એ? શિયાળ નહીં હોતા હૈ વહ? જાનવર લોમડી. ગન્ના-શેરડીને ખાય છેને શિયાળ? આ ઘુની ખાઈ જાય ઈ, અહીં ઘુની નામ પાડે. નહિતર આપણે શિયાળ કહેવાય છે. એ શિયાળ આવેને, કાંઈ કસ રહે નહિ. ચુસે તો રસ નહિ, પણ બીજ છે તો વાવે તો અનેક સાંઠા થાય. એનું ચૂસેલું હોય, મીઠાશ રસ હોય નહિ, રસ ન આપે. પણ ઓલી ગાંઠ હોયને ગાંઠ? વાવે તો પાછી અનેક સાંઠા થાય. સાંઠા એટલે શેરડીયું. એમ આ શરીરને... દાખલો આપ્યો જુઓ, **'ઘુનકે ખાયે હુએ ગન્નેકી તરહ મનુષ્ય-દેહકો અસાર જાનકર પરલોકકા બીજ કરકે સાર કરના ચાહિયે. જૈસે ઘુનોંકા ખાયા હુઆ ઈખ...'** ઈખ એટલે શેરડી-ગન્ના **'કિસી કામકા નહીં હૈ, એક બીજકે કામકા હૈ,...'** ગાંઠ હોયને ગાંઠ ન ખાયને.

ઓલી ગાંઠ હોયને. વાવે તો શેરડી થાય. બાકી ખાવામાં કામ આવે નહિ.

'**તો ઉસકો બોકર અસારસે સાર કિયા જાતા હૈ,...**' બોવે તો શેરડી થાય. '**ઉસી પ્રકાર મનુષ્ય-દેહ કિસી કામકા નહીં,...**' બાળપણું અજ્ઞાનમાં, વૃદ્ધપણું દુઃખમાં, યુવાનીમાં ભોગમાં આખું શરીર ખવાઈ ગયું. હવે એ શરીરમાં કાંઈ આત્માનું કરવાનો એને વખત રહેતો નથી. એમાંથી જો, કહે છે. આ બધું સડી ગયેલું શરીર આદિ એમાં. '**શરીરકે આધારસે...**' '**જૈસે ઘુનેકે ખાયે ગયે ઈખકો બોનેસે અનેક ઈખોંકા લાભ હોતા હૈ, વૈસે હી ઈસ અસાર શરીરકે આધારસે...**' નિમિત્તસે '**વીતરાગ પરમાનંદ શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ નિશ્ચયરત્નત્રયકી ભાવનાકે બલ મોક્ષ પ્રાપ્ત કિયા જાતા હૈ,...**' લ્યો! એ શેરડીને ઘુનાએ ખાધી હોય. શિયાળ આપણે કહેવાય છે. શિયાળ ચુસી જાયને પછી અંદર કસ ન હોય. એકલી ગાંઠ હોય. એ ગાંઠ વાવે તો એની શેરડી થાય. અમથા ચુસવામાં કામ આવે નહિ. એમ આ આખો આ મનુષ્યદેહ જીર્ણ... જીર્ણ... જીર્ણ થઈ ગયો છે. એમાંથી કહે છે કે આ આત્માનું કાર્ય જો કરવું હોય તો આત્માનું બીજ વાવે સમ્યગ્દર્શનનું તો એને કેવળજ્ઞાન થાય. બાકી આ કાંઈ શરીર કામનું છે નહિ. લ્યો! શરીર કામનું નથી તો હવે બાયડી, પૈસા, ધૂળ ને આબરૂ શું હશે પણ મારું? આ કોણે આવું કર્યું હશે?

ઓલો એક જણો કહેતો હતો. ઓલા સુખલાલ હતાને સુખલાલ જીવરાજ. વઢવાણમાં નહોતા? વઢવાણવાળા. નાગરભાઈના ભાઈ. વઢવાણ-વઢવાણવાળા. નાગર જીવરાજ સુખલાલ. એ શું કહેવાય? ડીસા. ડીસામાં નોકરી હતી. ઘણી નોકરી ૪૦ વર્ષ, ૫૦ વર્ષ પહેલા. ૪૦ વર્ષ પહેલા મોટો હતો ચારસો-પાંચસોનો પગાર તે દિ'. મોટો હતો મોટો. પછી આ બધું વાંચે બધું. દિગંબરના શાસ્ત્રો વાંચે. એ સ્થાનકવાસી. વાંચે બધા. ગાયન બનાવે. કવિ. પછી એક ફેરી પ્રશ્ન કર્યો. આ બધું બનાવે અને પાછો પ્રશ્ન કર્યો. ત્યાં ઉમરાળા આવ્યા હતા ૮૬ની અંદર. ૧૯૮૬માં. પણ આ બધું આ કર્યું કોણે? કે અમારે હવે ઉપાય કરવો આ બધો. કહે અરે! સુખલાલભાઈ આ તમે મોટા પગારદાર ૪૦૦-૪૦૦ના પગારદાર. આ તો ૮૬ની વાત છે હોં. ૩૮ વર્ષ પહેલાની વાત છે. ૩૮ વર્ષ. અને એ પહેલા ડીસામાં મોટા હતા. તે દિ' હતા ડીસામાં નોકરી મોટી હતી. આ તમે ગાયન બનાવો છો. પદ્મનંદી આચાર્યમાંથી ગાયન બનાવેલા હોં! પદ્મનંદી છેને? પદ્મનંદીમાંથી.. અહીં રસ ખરો દિગંબરના શાસ્ત્રનો. રસ એટલે કવિ ગાયન બનાવે. એ બધા પુસ્તક બનાવેલા. પણ અંદરમાં ઓલી ન મળે. પણ આ કર્યું કોણે? અમારા નારણભાઈના ભાઈબંધ હતા. દીક્ષા લીધી હતીને નારણભાઈએ. કે આ કર્યું ઉપાધિ હવે આમાંથી અમારે ઉપાય કરવો. પણ કોણે કર્યું? તેં ઉભું કર્યું છે.

ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.
અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.

અનાદિથી અજ્ઞાનમાં તેં ઉભું કર્યું છે. ભગવાન સ્વરૂપ છે આત્માનું એને ભૂલી, પુણ્ય અને પાપના વિકલ્પમાં મૂર્છાઈ આખો મોહ ઉભો કર્યો છે અને એને લઈને આખો સંસાર નિગોદથી માંડીને નરક અને નવ ગ્રૈવેયક ઉભા કર્યા તેં. મોહને લઈને ઉભું કર્યું, કોઈએ બીજો કર્યો નથી. કરનાર તું અને ટાળનાર પણ તું. કોઈ બીજો છે નહિ.

કહે છે, એ '**શરીરકે આધારસે વીતરાગ પરમાનંદ શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્ શ્રદ્ધાન...**' ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યપ્રભુ એની સાચી અંતર્મુખ થઈને સમ્યક્-સાચી શ્રદ્ધા એનું નામ સમ્યગ્દર્શન અને તેના તરફનું સમ્યગ્જ્ઞાન. એ વીતરાગ પરમાનંદ શુદ્ધસ્વરૂપ એનું જ્ઞાન, એનું જ્ઞાન, બીજાનું નહિ. અને વીતરાગ પોતે, પોતે. વીતરાગ એટલે રાગ વિનાનું પોતાનું સ્વરૂપ છે એમ વીતરાગ એટલે. વીતરાગ થયા એ નહિ, એ તો પર્યાયમાં થયા. આ તો તારું સ્વરૂપ જ રાગ અને આસ્રવ અને મલિન પરિણામ વિનાનું છે. એવા સ્વરૂપનું આચરણ. દેખો! એ શુદ્ધાત્મ સ્વભાવનું આચરણ એનું નામ ચારિત્ર. સમજાણું કાંઈ? એ નિશ્ચયરત્નત્રય કહેવાય છે, એ સાચા રત્નત્રય કહેવાય છે. એ સાચા રત્નથી મુક્તિ મળે છે. ભગવાન આત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ વીતરાગ વિજ્ઞાનઘન એવા આત્માની અંતર્મુખની શ્રદ્ધા, અંતર્મુખનું જ્ઞાન, અંતર્મુખનું આચરણ એને અહીંયાં સાચા રત્ન કહેવાય છે. સાચા રત્નત્રય મોક્ષનો માર્ગ. એ રત્નત્રયથી તને મુક્તિ મળે એમ છે, બાકી કોઈથી મળે એવું નથી. સમજાણું કાંઈ?

'**રત્નત્રયકી ભાવનાકે બલસે...**' એમ લખ્યું છેને? '**ज्ञानानुचरणरुपनिश्चरत्नत्रयभावनाबलेन**' એ નિશ્ચયરત્નત્રય એકાગ્રતા. કહો, સમજાણું? '**ઔર નિશ્ચયરત્નત્રયકા સાધક જો વ્યવહારરત્નત્રય ઉસકી ભાવનાકે બલસે...**' સ્વર્ગ મિલતા હૈ. અને જોડે જ્યાં સુધી પૂર્ણ વીતરાગ... એ બેય મૂક્યું છેને એમાં? '**स्वर्गापवर्गफलं**' સાધક. વ્યવહારરત્નત્રયથી સ્વર્ગ અને નિશ્ચયથી મોક્ષ. સમજાણું કાંઈ? જુઓ, અંદર છે એ. '**निश्चरत्नत्रयभावनाबलेन**' બસ એટલું. '**तत्साधकव्यवहाररत्नत्रयभावनाबलेन**' એટલે એકનું ફળ સ્વર્ગ અને એકનું ફળ અપવર્ગ. પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ અખંડ અભેદ સ્વરૂપ એકરૂપ આત્મા છે અંદર. એની અંતરમાં સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ આચરણ એ તો સાક્ષાત્ મુક્તિનું કારણ. સંસારના જન્મ-મરણને મટાડવાનું કારણ. પણ એની સાથે જરી પૂર્ણ સર્વજ્ઞ આત્મા ન થાય ત્યાં સુધી એને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, એની શ્રદ્ધા, એનો વિનય, શાસ્ત્રનું ચિંતવન, ભણતર એવી નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એવો વિકલ્પ રાગ હોય છે. એ રાગના ફળ તરીકે એને સ્વર્ગ મળે. રાગ છે તે પુણ્ય છે એના ફળે સ્વર્ગ મળે. નિશ્ચય સ્વભાવના ફળમાં મુક્તિ મળે. બેયના ફળ જુદા

અને બેયના કારણ પણ જુદાં. સમજાણું કાંઈ?

આમાં કેટલા કાળે આ સમજાતું હશે? કો'ક કહે, ભાઈ! અમે કેટલો કાળ નિવૃત્તિ લઈએ તો સમજાય? છોટાભાઈ. ધંધો કરવા ગયા ત્યાં મુદત કરીને ગયા છે કે કેટલો કાળ અમારે ધંધો કરવો? એમ મુદત કરી છે કોઈ દિ'? આ પચાસ લાખ થાય ત્યારે આ બંધ કરવું એની મુદત કરી છે કોઈ દિ'? નરભેરામભાઈ કહેતા એક ફેરી અહીં. આ કામાણી નરભેરામભાઈ કહેતા કે ભાઈ આપણે તો બસ પાંચ લાખ થાયને, આપણે બહુ જોતું નથી. અમારે ઓલા જસાણી છેને. જસાણી અહીંયા મોટર લઈને આવ્યા હતા એક ફેરી ઘણા વર્ષ પહેલા. આપણે જસાણી જેવું થાવું નથી. આપણે પાંચ લાખ બહુ થઈ ગયા. પાંચ થયા, પચાસ થયા, સાંઈઠ થયા તોપણ હજી એને સખ નથી. કાંઈ એનાથી સંતોષ થશે? લાકડા અગ્નિમાં નાખતા અગ્નિ ઓલવાશે? એ તો સળગશે. એમ તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણાથી સંતોષ થશે? આત્મામાં સંતોષસ્વરૂપ આનંદમૂર્તિ છે. એની દૃષ્ટિ કરતાં સંતોષ (થશે), કાંઈ જોતું નથી. હજી રાગ હોય. અસ્થિરતા છે એટલે રાગ હોય, પણ દૃષ્ટિમાં કાંઈ જોઈતું નથી. આ રાગ આવે એ પણ જોઈતું નથી, રાગનું ફળ પણ જોઈતું નથી. જોવે તો એક સ્વભાવ ભગવાન આત્મા ભરેલો એ મારે જોવે છે અને એની શાંતિ તરીકેનું ફળ મારે જોવે છે. આવી દૃષ્ટિ કર્યા વિના એનો કલ્યાણનો એક અંશ પણ કોઈ દિ' શરૂ થાય એવો નથી. સમજાણું કાંઈ? ત્યાં મુદત મારતા હશે દુકાનની કે આટલો કાળ અમારે દુકાને રહેવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરવાની. જેમ પૈસા વધે એમ...

મુમુક્ષુ :- .. ત્યાં ક્યાં કષાય..

ઉત્તર :- હવે સળગે છે કષાય. વધારે નાખો એક દુકાન કાપડની, નાખો એક કપાસની, નાખો એક કપાસિયાની. ન્યાલભાઈ! એમ થાય છે કે નહિ?

કહે છે, એ ભગવાન આત્માની મહાન દુકાન અંદર પડી છે મહાસ્વભાવ. જેમાં ચૈતન્ય રત્નાકર, જેમાં રત્નો પડ્યા છે આનંદ, જ્ઞાન, શાંતિ આદિ. આત્મ વસ્તુ. વસ્તુ છેને પદાર્થ છે કે નહિ આત્મા? તો વસ્તુ છે એમાં અનંતા ગુણો પડ્યા છે શક્તિએ. એ અનંતા ગુણોનું એકરૂપ એવો ભગવાન એની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા દ્વારા જ મોક્ષનો ઉપાય થાય છે. વચ્ચે વ્યવહાર રત્નત્રય આવે, દેવ-ગુરુની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા, નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું જ્ઞાન એવા શુભરાગથી સ્વર્ગ મળે અને શુદ્ધતાથી સંવર અને નિર્જરા થાય, શુદ્ધિ વધે. એ આગળ જ્યારે ઓલા બીજા ભવમાં જાય ત્યારે પૂર્ણ શુદ્ધિ કરીને રાગને છેદીને કેવળ પામે તો મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?

**'તથા પરંપરાસે મોક્ષ હોતા હૈ.'** જુઓ, ઓલો વ્યવહારથી. પરંપરા એટલે ઈ. ઓલો રાગ છે એ પછી ભવિષ્યમાં અભાવ કરશે, પૂર્ણાનંદ સ્વરૂપમાં ઠરશે તે દિ' એની મુક્તિ થશે. જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી રાગનું ફળ સ્વર્ગ મળશે. ધર્મી જીવો આત્માની દૃષ્ટિએ ધર્મ કર્યો, સ્વભાવ ભાન થયું પણ પૂર્ણ સર્વજ્ઞદશા ન થઈ, એને વચ્ચે રાગ રહી જાય તો એ મરીને ક્યાં જાય? સ્વર્ગમાં જ જાય. સમજાણું કાંઈ? સ્વર્ગમાં જાય એ ધર્મશાળા છે ત્યાં. એ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈ અને પૂર્ણ કરીને પરમાત્મા થઈ જશે. સમજાણું કાંઈ?

ઓહો..! **'યહ મનુષ્ય-શરીર પરલોક સુધારનેકે લિયે હોવે તભી સાર હૈ, નહીં તો સર્વથા અસાર હૈ.'** લ્યો! આ અસાર ઘડીકમાં દગો આપે. આહા..! શું થયું? કાંઈ ખબર ન પડી. વળી એમ કહે. એમ કહેને? ચંદુભાઈ! શું થયું? કાંઈ ખબર ન પડી. કાંઈ નહોતું. એકદમ સુઈ ગયા, એકદમ બેઠા હતા અને આમ થઈ ગયું. હવે થયું એ દેહની સ્થિતિ પૂરી થવાની હતી એ કાળે. ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે નહિ. એ દગો આપશે એક દિ'. તું જાણે કે હમણા સુઈશ, ત્યાં સૂતો જાગીશ નહિ અને જાગ તો સુઈશ નહિ. એક દિ' તો આવશે કે નહિ એવો? કે સૂતો ઉઠ્યો હશે એ સુશે નહિ અને સૂતો હશે તે ઉઠશે નહિ. એમાં ને એમાં મરી જશે કેટલાક સૂતા.

મોટો રાજા હતોને આ જ્યોર્જ જુઓને, રાતે ઉંઘમાં મરી ગયો. નહિ? એના સાડા ત્રણ કરોડના બંગલામાં હતો. સવારમાં જોવે તો મડદું. સાડા ત્રણ કરોડનો બંગલો હતો. આમ સવારે જોવે તો કોઈ ન મળે. એલા! મોટા-મોટા ડોક્ટરો જેને જોનારા એને આટલી ખબર ન પડી અનુમાનથી કે આ રાતે ખલાસ થઈ જશે? પણ કોઈ સાથે તો સૂવેને, બેસે, જોડે રહે. કોઈ નહોતું. સવારમાં ઉઠાડ્યો ત્યાં મડદું પડ્યું હતું. લ્યો! સાડા ત્રણ કરોડનો બંગલો હતો. એના પ્રમાણમાં કેટલી ઋદ્ધિ હશે? આ જ્યોર્જ ગુજરી ગયો ત્યારે. ઉપડો. એને તો નરકમાં જાવું હોય, બીજે તો જાવું હોય નહિ સીધું. લોઢાનો ભાર, મોટો લોઢાનો ગોળો પાણીમાં મૂકો એટલે નીચે જ જાય. એમ જેણે માંસ ખાધા, દારૂ પીધા, માછલા ખાધા, મહાપાપ. એ પાપનો બોજો વધ્યો એ પાણી નીચે ગયો, નીચે નરકે જાય. દુનિયા એમ માને કે આહા..હા..! ખમ્મા... ખમ્મા... ખમ્મા... એમ બહારથી કરે ત્યારે તો. કાઢ્યા હશે તો બહુ ઓલાથી કાઢ્યા હશેને દાટવા માટે. દાટે નહિ ઓલી પેટીમાં રાખે એને. પેટીમાં રાખે, પેટીમાં રાખે. અને એનો મોટો હોયને આ દંડ મોટો હોય ઉંચો હોં રત્નનો એ બધા આમ રાખે... આમ રાખે... ઓલા ભાઈસાહેબ નીચે બેઠા હોય.

મુમુક્ષુ :- એ એના સ્થાનમાં પહોંચી ગયા.

ઉત્તર :- એ એનું સ્થાન હોય ત્યાં પહોંચેલા નીચે નરકમાં. આ દુનિયાના પડદા તો જુઓ!

ઓહો..હો..! એક ક્ષણમાં ખમ્મા અને બીજે ક્ષણે નરક.

બ્રહ્મદત્ત ચક્રવર્તી જુઓ લ્યોને. ૭૦૦ વર્ષનું આયુષ્ય અને છન્નું હજાર સ્ત્રી, સોળ હજાર દેવ સેવા કરે. મરીને નરકે. છેલ્લે રત્નના ઓલામાં સૂતો હતો ઢોલિયામાં. શું કહેવાય? પલંગ. પણ મહાપાપી. પાપ બહુ કરેલા ભોગના, વિષયના, હિંસાના. એ આમ સૂતેલો ઓલામાં. ખમ્મા અન્નદાતા દેવો કરે. અહીંથી છૂટીને સાતમી નરકે ગયો. ૩૩ સાગરોપમ એના વર્ષ ગણો તો પાર ન મળે. આહા..હા..! ૩૩ સાગરોપમ. એના દશ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. એક પલ્યોપમના પ્રમાણમાં આયુષ્યના વર્ષ અસંખ્ય અબજ. હવે અહીં ૭૦૦ વર્ષ. એક મિનિટમાં અસંખ્ય અબજ વર્ષનું દુઃખ. એક મિનિટનું ચક્રવર્તીનું સુખ કલ્પેલું, એને અસંખ્ય વર્ષનું સાતમી રવ રવ નરકનું દુઃખ. અરે! એણે કોઈ દિ' હિસાબ પણ ક્યાં કર્યા છે? કે આ શું થયું પણ? આ શું છે આ? સાતસો વર્ષ રહ્યો. અત્યારે હજી નરકમાં ૩૩ સાગરે છે. હજી હમણા તો મરીને ગયો છેને. હજી થોડોક કાળ ગયો. ૩૩ સાગર. નીચે રવ રવ નરક છે સાતમી નરકમાં. પાંચ પરિઠાણા છે. ઓહો..હો..! એની એક પળ એ જાય એને, દુઃખની તો રાત મોટી પડે છેને, અત્યારે લાગે છે કે નહિ ઘણાને? રાતમાં દુઃખ આવે તો મારે આ રાત મોટી થઈ પડે. રાત કાંઈ મોટી થતી નથી પણ ઉંઘ ન આવે. કેમ? જેચંદભાઈ!

મુમુક્ષુ :- સાચી વાત.

ઉત્તર :- સાચી વાત લ્યો. ઉંઘ ન આવે. હવે એકલા બે જણા. હવે કોઈ પૂછનાર મળે ત્યાં. બધાય ક્યાંથી આખી રાતના ઉજાગરા કરવા બેસે? રાત મોટી થઈ પડી. રાત મોટી થાતી હશે? કાંઈ થાય નહિ. રાત તો છે એટલી છે. પણ પ્રતિકૂળતાનો કાળ એને લાંબો-લાંબો લાગે છે. પ્રતિકૂળ લાંબો-લાંબો. એમ નરકના દુઃખ. આહા..હા..!

ચાર ગતિના દુઃખો પ્રભુ! તને કંટાળો નથી આવ્યો હજી? યોગસારમાં આવે છેને. 'ચાર ગતિ દુઃખથી ડરી...' એ યોગસારમાં આવે છે. ચાર ગતિના દુઃખથી ડરી. અરે પ્રભુ! ચારેય ગતિ હોં સ્વર્ગનું દુઃખ. ધૂળમાં ત્યાં પણ સુખ નથી. ત્યાં આકુળતા, અંગારા સળગે છે. પંચાસ્તિકાયમાં લીધું છેને? પંડિતજી! એ પંચાસ્તિકાયમાં (લીધું છે) કે પુણ્ય બાંધીને દેવના અંગારાના સુખ ભોગવશે ત્યાં. બળશે, જલશે. ઉનું ઘી જેમ ઉનું ઘી. ઘી ઉનું કહે છે. જલતા હુઆ ઘી. એમ એ પુણ્યના ફળમાં જલતા હુઆ ઘી છે ત્યાં. આહા..હા..! પંચાસ્તિકાયમાં એમ લીધું છે ભાઈ! દુઃખના અંગારામાં શેકાશે. અહીં પુણ્ય બાંધ્યા છે સમકિતીએ, મુનિ આત્મજ્ઞાની આત્મધ્યાની, પણ હજી થોડો રાગ બાકી રહી ગયો થોડો, આ જે અત્યારે કીધો એ દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, સર્વજ્ઞ થયા નહિ. એ રાગના ફળમાં અગ્નિના અંગારા જેવા દેવના દુઃખોને ભોગવશે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવના ફળમાં આવા સ્વર્ગ એ અગ્નિના દુઃખ.

કહો, હવે આ બધા પૈસાવાળા કેવા હશે? એય..! મલૂકચંદભાઈ! સુખી હશે કે નહિ?

મુમુક્ષુ :- જરાય નહિ.

ઉત્તર :- એમ હોય? કાલે નામ આવ્યું હતું ઓલામાં અંદર પચ્ચીસ હજાર પૂનમચંદે. તો અંદરથી ખુશી થાય કે નહિ. દીકરો તો મારો ખરોને ક્હેશે.

મુમુક્ષુ :- દીકરો...

ઉત્તર :- ત્રણ કાળમાં ન મળે. શું ના પાડે? કાલે આવ્યું હતું પ્રજાતંત્રમાં. કોક લાવ્યું હતું. કોણ લાવ્યું હતું નહિ? આ ચંદુભાઈ આપણા. પૂનમચંદે હમણા પચ્ચીસ હજાર આપ્યા. પ્રજાતંત્રમાં આવ્યું હતું. હવે ત્યાં બે કરોડ, અઢી કરોડમાં પચ્ચીસ હજાર ત્યાં ક્યાં, હવે ધૂળ ઘણી ભેગી થઈ ગઈ છે. દુઃખી... દુઃખી... દુઃખી... મલૂકચંદભાઈ એમ હશે કે નહિ? સુખી હશે એ?

મુમુક્ષુ :- પૈસાના કારણે?

ઉત્તર :- ના, મમતાને કારણે. પૈસાને કારણે કોણે કીધું?

મુમુક્ષુ :- કેટલા માણસે જાણ્યું...

ઉત્તર :- શું જાણ્યું એમાં હોળી? આ મરતા સ્મશાનમાં પાંચ હજાર માણસ ભેગા થાય. કેટલા હોળી આવ્યા હતા? સારુંને મરણ? ચાલ્યું આવવું દરરોજ. મારો દીકરો મર્યો પચ્ચીસ વર્ષનો અને પાંચ હજાર માણસ ભેગું થયું હતું સ્મશાનમાં. તો શું છે પણ? શેના વખાણ તું કરે છો? ...ભાઈ! એમ થાય છેને મોટા માણસ હોય ત્યારે. ઓહો..હો..! પાંચ હજાર માણસ ભેગું થયું. શું છે પણ હવે? એમાં એને શું? મરી ગયેલાને શું પણ? એ તો મરીને ગયો ક્યાંક રખડવા. ચાર ગતિમાં ક્યાંય પાર ન મળે. કયે ઠેકાણે ગયો અને ક્યાં જાશે? આત્માના ભાન ન મળે, આત્માના શરણ ન મળે, એ વસ્તુના બહુમાન ન મળે. ચિદાનંદ આત્મા કોણ છે એની કિંમતું ન મળે. એ કિંમતુ બહારની કરવા નીકળી ગયો ચાર ગતિમાં. બહારની કિંમત લઈને ગયો, બહારમાં રખડશે. ભગવાન આત્મા આમ સચ્ચિદાનંદ પ્રભુ. અહો...! જેને એની કિંમત થઈ એને પોતામાં પુણ્ય પરિણામ આવે એની કિંમત ઉડી ગઈ. ભલે રહે અને ફળ આવે સ્વર્ગમાં, પણ એ અંગારા તરીકે દુઃખ લાગશે એને. આ નહિ... આ નહિ... આ નહિ... મારો આનંદ મારી પાસે છે. આ પુણ્યના ફળ સ્વર્ગના એ દુઃખરૂપ છે. કહો, સમજાણું આમાં?

એ શેરડીનો ભાગ, કહે છે, ગન્નાનો ચુસી લીધો હોય ઘુનાએ. એમાંથી વાવે તો ઉગશે, નહિતર ચુસવામાં કામ નહિ આવે. બાળપણું, વૃદ્ધાપણું, થોથા જેવું. શેરડી-શેરડી હોયને ગન્ના. નીચે પોલું હોય ઉપર ભોથું. ભોથું એટલે જાડું. માથે આવડું હોય ખારું. આ વચલો ભાગ થોડો એમાં શિયાળ ખાઈ ગયો હોય. હવે એમાં સાર જુવાની અવસ્થા પચ્ચીસ વર્ષની. વીસ

વર્ષ મફત ગયા, વીસ વર્ષ પાછળથી આવશે મફત જાશે. આ વચલામાં વીસ વર્ષ રહ્યા એમાં ભોગમાં ને વિષયમાં ને રાગમાં ને ઉંઘમાં ને ખાવા ને પીવામાં ગયા. હવે વખત ક્યાં રહ્યો તારે માટે? એ કહે છે કે દરેક સમય તને વખત છે આમ જો તો. પણ આમ જોવાની નજર કરવા નવરો થતો નથી.

હું એક આત્મા અખંડાનંદ પ્રભુ જેના-મારા વખાણ પરમાત્માની વાણીમાં પૂરા પડતા નથી એવો હું. એની પ્રતીત કર, વિશ્વાસ લાવ, વિશ્વાસ લાવ. એનું જ્ઞાન કર અને એમાં ઠરવું તે જ મારું કલ્યાણ છે. એવી પ્રતીત વિના તારા સુખના રસ્તા કોઈ દિ' નીકળશે નહિ. કહો, સમજાણું કાંઈ? વખત ક્યાં ગયો પણ મારો વખત ક્યાં? ૬૦ વર્ષનું આયુષ્ય હોય, ૮૦નું હોય તો શું થયું? ૨૦ વર્ષ બાળકમાં જાય, ૨૦ વર્ષમાં ઓલા જાય. હવે વધ્યા ૪૦. એમાં ૪૦માંથી જાય ૨૦ ઉંઘમાં. અડધા. હવે રહ્યા ૨૦. આ ૨૦માં જાય કાંઈક રોગમાં, કાંઈક રળવામાં, કાંઈક ભોગમાં, કાંઈક કોક કોક મરે એના રોવામાં. હવે તારે માટે શું રહ્યું? એય..! છોટાભાઈ! વાત બરાબર છે આ? આ વાણિયા વેપાર કરે ત્યારે સરવાળો માંડે કે નહિ? કે શું કર્યું? એનો સરવાળો મંડાય છે આ. આહા..હા..!

આવ્યું નહોતું ઓલામાં? ઓલામાં આવે છેને. તમે નહોતું નાખ્યું? 'જિંદગીમાં કેટલું કમાણા રે જરી સરવાળો માંડજો. અંતે તો લાકડા અને છાણા.' અને ઉ.. સવારથી તે મોટા પાણા. પાણા એટલે પથરા. એવું ભજનમાં આવે છે. સવારથી સાંજ સુધી ઉઠાના પાણા. આ વેપારના પાણા. કાં કોથળીયું ને આ દાણા, આ ફલાણા, હીરા ને માણેક. પથરા ઉઠાના આખો દિ'. ભગવાન આત્મા કોણ છે એની નજરું કરવાને વખત મળ્યો નહિ. હાય! હાય! ક્યાં જાશું હવે? મરતા રોવે હોં. અરેરે! કાંઈ કર્યું નહિ. અરરર! કહેતા હતા ઘણા હોં. કાંઈ થયું નહિ... કાંઈ થયું નહિ... જાવ હવે કાંઈ થયું નહિ એમાં રખડવા હવે.

કહે છે કે મનુષ્યમાં પામવા યોગ્ય હોય તો ભેદાભેદ રત્નત્રય. સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન, આચરણ અને કાં દેવ-ગુરુ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એની શ્રદ્ધા, જ્ઞાન અને એનો ભક્તિ આદિનો ભાવ. એ બે અંદર આવે છે. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવે, પૂર્ણ ન હોય ત્યાં. પણ એનું ફળ સ્વર્ગ છે અને આનું ફળ મુક્તિ છે એમ બે એની નજરમાં હોય છે. એમાં મનુષ્યને સફળ કરવાનો ઉપાય એક જ છે, બીજો કોઈ ઉપાય નથી.

**'આગે દેહકો અશુચિ, અનિત્ય આદિ દિખાનેકા છહ દોહોંમેં વ્યાખ્યાન કરતે હૈં---'**

૨૭૯) उव्वलि चोप्पडि चिट्ठ करि देहि सु-मिट्ठाहार।
देहहँ सयल णिरत्थ गय जिमु दुज्जणि उवयार।।१४८।।

'यद्यप्ययं कायः खल' 'खल' શબ્દ પડ્યો છેને અંદર જુઓ સંસ્કૃતમાં. નીચે લીટી સંસ્કૃત. એ શું? 'कायः' એટલે 'कायः खल' 'खल' સમાન. એમ? 'खल' એટલે શું ત્યાં? 'यद्यप्ययं कायः खलस्तथापि किमपि ग्रासादिकं दत्त्वा' એ 'खल' એટલે શું? ઉસમેં હૈ પંડિતજી! 'कायः खल' હૈ ન? દુષ્ટ? ઓલા સજ્જનની ઉપમા આપે છેને. એ 'खल' હૈ ન 'खल'? 'यद्यप्ययं कायः खल' એ ૧૪૮ની છેલ્લી સંસ્કૃત લીટી. ૧૪૮ની છેલ્લી સંસ્કૃત લીટી છે. એ તો બરાબર છે. 'खल' છે 'खल'. 'खल' એટલે આ 'खल' જેવો છે એમ? દુષ્ટ જેવો છે. ઓલા દુષ્ટ જેમ સજ્જન છે આ કાયા દુષ્ટ જેવી છે. 'खल'ની ઉપમા આપી. 'खल' 'खल' એ 'खल'ની ઉપમા આપી.

કહે છે, **'ઈસ દેહકા ઉબટના કરો,...'** ખૂબ. મેથી અને હળદરે ચોપડ્યા કરો અને રૂપિયા-રૂપિયાના સાબુ, બબ્બે રૂપિયાના સાબુ આમ લીંબડાના સાબુ આવે છેને ચામડીને અનુકૂળ બહુ. ચામડીને ન નડે. લીંબડાના રસવાળા આવે છેને. લીંબડાના સાબુ હોય છોટાભાઈ! એ ચામડીને બગાડે નહિ. પાછી નહિતર ઓલી ચામડીને તડીયા પાડે, કાંઈક ફલાણું કરે. કહે, ગમે તેવા ઉબટણા કર પણ એકવાર ફૂ.. થઈ જશે. તારી પાસે એક ક્ષણ નહિ રહે. લ્યો! એમ કહે છે. તારો આત્મા અંદર ત્રિકાળ પડ્યો છે એની ઉપર તો નજર તું કરતો નથી.

એ **'ઉબટના કરો, તૈલાદિકકા મર્દન કરો,...'** સવારમાં ઉઠીને કસરતું કરે. તેલ ચોપડે ખૂબ ખૂબ આમ. ગમે ઈ કર. એક ક્ષણમાં ફૂ... સ્મશાનની રાખ થઈ જશે. બાપા! એ તારા દગો દેશે તને હોં. એ દુષ્ટની સાથે વિશ્વાસ કરવા જેવો નથી. દુષ્ટની ઉપમા આપી જુઓ. **'તૈલાદિકકા મર્દન કરો, શ્રૃંગાર આદિ સે અનેક પ્રકાર સજાઓ,...'** 'चेष्टां कुरु' સવારમાં તેલ ચોપડી આમ જોવે... આમ જોવે... સવારમાં ઉઠીને અરીસામાં જોવેને? નાહી-ધોઈ બરાબર વાળ-બાળ સરખા કરી, કપડા-બપડાની .. જે હોયને સરખી. આમ સરખી પહેરી હોય. અપટુડેટ થઈને બહાર નીકળે આમ. હાથમાં લાકડી મોટી સરખી રૂપાની માથે. શું છે? એ મડદા ચાલ્યા મડદા. એય..! જેચંદભાઈ! આહા..હા..! ભગવાન! દેહમાં તું ગમે તેટલું કરને. એકવાર આમ ક્ષણમાં પડી જશે. લ્યો આ આત્મા છે માટે શરીર અને ડોક આમ રહે છે? ના. ડોક તો એને કારણે (રહે છે). ત્યાં આત્મા ગયો હતો? આહા..હા..!

કહે છે, **'અનેક પ્રકાર સજાઓ,...'** સજાવો-સજાવો. સમજ્યાને? શણગાર. લૂગડાં-કપડા. એમાં અત્તર .. અત્તર નાખે. શીશી અડધી .. નાખે. સારી સારી ઉંચી શીશી હોયને અત્તરની એ ચોપડે. અહીં નાખે... અહીં નાખે... અહીં નાખે... સુગંધ આવે અંદરથી. આમ જાય તો સુગંધ આવે. 'सुमृष्टाहारान्' **'અચ્છે-અચ્છે મિષ્ટ આહાર દો,...'** એ બદામના મૈસુબ ખવરાવો એને અને પિસ્તાના પાપડ અને તીખાના અથાણા. મરી-મરી. મરીના અથાણા થાયને, ચંદુભાઈ!

આ તીખા નથી આવતા? મરી હોતા હૈ ન મરી? કાલી મિર્ચ. એ કાલી મિર્ચના અથાણા હોતા હૈ. મલબારથી ડબા આવે છે. હમ તો દેખા હૈ ન સબ? એક ફેરી ભીક્ષા માટે ગયા હતા. કોઈ ગૃહસ્થ માણસ મોટા લાખોપતિ ઘણા. ડાબલો કાઢ્યો મરીનો. કીધું શું છે આ? અરે..! કીધું, આ શું, આમાં જીવાત છે આ તે કાંઈ... દામનગરમાં. વલ્લભ શેઠ. વલ્લભી શેઠ ખાંડના વેપારી. મોટો વેપારી. ખાંડના મોટા વેપારી એટલે ત્યાં ડબો આખો તીખાનો અથાણા. લુમ-લુમ. મરીની લુમ ભરી હતી આખી. કાઢી અને આમ લ્યો મહારાજ! અરે..! કીધું આ અડાય નહિ, આ ખવાય નહિ, લેવાય નહિ. આ તો .. જીવાત છે. ખાર એકલી સડેલી. એ મરીના અથાણા તપ-તપ ખાતો હોય. મીઠાશ, તીખાશ, ખારાશ બધું ભેગું હોય અંદર. મીઠું નાખ્યું હોય, ખારું હોય અને વળી સડેલું હોય થોડું. સડેલું હોય. એમાં બદામના પાછા મૈસુબ હોય. બદામના મૈસુબ અને પિસ્તાના પાપડ. આ પિસ્તા હોય છેને એના પાપડ. હીરાના થાળ અને ... બેઠો હતો. ઓહો..હો..! આ ગમે તેમ કર કહે છે કે એકવાર મરી જઈશ એવી રીતે કે કાંઈ સામું નહિ જોવે દેહ. લે. આ દગો દેશે. આ દુર્જન છે એમ કહે છે. જુઓ, દુર્જનની ઉપમા આપી. 'खल' 'खल' કીધુને? આહા..હા..!

આટલા વર્ષથી સંભાળ કરી ને હવે તો મને કાંઈક સખ આવવા દે થોડી. અરે! મને અહીં કાંઈક થાય છે હોં, અહીં થાય છે. શું થાય છે? કરને. શ્વાસ ખેંચને. અહીં થાય છે મને હોં, અહીં થાય છે. જાગતા શ્વાસ અહીંથી ખસી ગયો. કીધુંને, અમારે પટેલ હતાને, શિવા પટેલ હતા. ખાધું સારી પટનું ખૂબ. આ ઓળા-ઓળા. શીંગના ઓળા કહેવાય છેને? આ કાચી શીંગ. એના ઓળા ખાધા, બે-ચાર કેળા ખાધા અને અહીં દાળ-ભાત-શાક આ રસોડાની બહુ ઉંચી થાય છે. બચુભાઈના હાથની. એટલે દાળ-ભાત રોટલી ખાધી સરખાઈની. દાળ-ભાત-શાક. એ ખાધા ભેગું સલવાણું. અને કંઈક કંઈક એવું થયું કુદરતે. અહીંયા હતા ઓલા વલ્લભ પટેલના ગામના, કરમસદના. અમારા .. એ અગાસમાં રહેતા હતા પહેલા. પછી ૨૦૦૨ સાલથી અહીં રહેતા.

એવું થયું કોણ જાણે કેમ થયું, એ ખાધા ભેગું અહીંથી શ્વાસ ખસી ગયો. ડુંટીથી શ્વાસ ખસ્યો એકદમ. કાંઈ બીજું નહિ હોં. ન થાય ઝાડો, ન થાય ઉલટી. નીચે બેઠા હતા આમ. હું ગયો સાંજે ફરવું હતુંને. નીચે બેઠા હતા. કેમ પટેલ! કહે, અંતક્રિયા. શેની પણ અંતક્રિયા? આ બેઠો છો, કાંઈ નથીને. આમ જ બોલ્યા. છેલ્લી અંતક્રિયા મારી. પણ શું છે? કાંઈ નથીને, આ ખાઈને આવ્યાને. શ્વાસ છૂટી ગયો અહીંથી. શ્વાસ અહીંથી ખસી ગયો છે. ડુંટીએથી શ્વાસ દોરો ખસી ગયો. છેલ્લું લાગે છે. મારી અંતક્રિયા છે છેલ્લી. પણ નીચે બેઠેલા કાંઈ ન મળે. બસ હવે આ છેલ્લો શ્વાસ જ ઉપડ્યો છે અહીં.

અહીંથી ખસી ગયો શ્વાસ. ખાઈને આવ્યો. ખાઈને આવ્યા. મોટું લઠ્ઠ જેવું શરીર હોં. એ શ્વાસ અહીંથી દોરો મૂકી દીધો ફડાક દઈને. ડુંટીથી આમ ચાલે છે. નીચે જે સ્થિર જતો એ ન ગયો. એક દોરાવા આમ આઘો ઉંચો રહી ગયો. શ્વાસે રસ્તો મૂકી દીધો છે. મારી છેલ્લી ક્રિયા. અરે..! પણ પટેલ શું બોલો છો? એ ૩૬ કલાક રહ્યો. એમ ને એમ ૩૬ કલાક શ્વાસ. એલા! કેટલી સંભાળ કરી અને આટલું કર્યું. બેઠા હતા, કાંઈ ન મળે હોં. લૂગડું કાઢી નાખો, પટેલ! હવે આ તૈયારી થઈ ગઈ છે કીધું. દોરો-બોરો પહેરેલોને અહીંથી. .. કાઢી નાખો હવે. કારણ કે આ તો .. બેઠા હતા, કાંઈ ન મળે. કાઢી નાખો આ હવે તૈયારી થઈ ગઈ છે શરીર છૂટવાની. દગો આપે ત્યારે આમ આપે. આ તો વળી ૩૬ કલાક રહ્યા. એક અડધી મિનિટ. અહીં ગમે તેટલું કર, પણ આત્માનું જો કર્યું નહિ, સાધ્યું નહિ તો આ દગો દેશે અને લઈ જશે મરીને નરકમાં એ ભાવ.

કહે છે, '**અચ્છે-અચ્છે મિષ્ટ આહાર દો,...**' કહો, સમજાણું કાંઈ? રસ ને પુરી. ઘીમાં તળેલી પુરીયું અને રસ તે આમ ઊંચા મીઠા. આહા..! એમાં પતરવેલીયા, અળવીના પાંદડાના પતરવેલીયા હોય. એ ત્રણે મીઠા. ખાઈ ખાઈને બેસે. ગમે તેવું કર કહે છે લે. '**યે સબ યત્ન વ્યર્થ હૈં,...**' એ તારા યત્ન વ્યર્થ જાશે. મફતમાં જાશે, પાપ લાગશે અને એમાં કાંઈ નહિ થાય. ત્યાં તો થવું હશે તે થાશે. તારી કલ્પનાને કારણે શરીરમાં કાંઈ ફેરફાર થાય, હરામ વાત છે. શરીરની અવસ્થા જે સમયે જે રીતે થવાની તે થયા જ કરે છે. તારી કલ્પના મફત જશે. આ બરાબર હશે? પણ શી રીતે? એ બરાબર હોય તો એના પ્રત્યે મમતા છોડી દે. એમ બરાબર છે. બરાબર કરીને પછી મમતા રાખીને આ દુઃખ સરખું નથી. સરખું આપે તો સખ આપે એમ હશે? જેચંદભાઈ! એ સરખું હોય તો સખ આપે એ જ મૂઢતા છે કહે છે. ઘડીકમાં ફરી જાય. આમ રગતગ થઈ ગઈ. શું થયું? આમ મોઢું નથી ફરતું? એ પછી ભેગું ન થાય. બગાસુ ખાતો હોય. એલા! ભેગું થતું નથી આ. મોઢું ફાટી જાય છેને. બાપા! એ તો જડ છે એની પર્યાય થવાની તે થાય. તારો વિકલ્પ કરવો .. મફતમાં જાશે ત્યાં લ્યો! એની સંભાળ રાખ તો રહે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. બરાબર છે કે નહિ? છોટાભાઈ! અહીં જોયુંને? બાલુભાઈનું જોયું કે નહિ?

મુમુક્ષુ :- બધાને એમ જ થાય.

ઉત્તર :- બધાને એમ જ થાય. ઘડીકમાં ક્યાં આહા..હા..! અરેરે! ખબર પણ નહોતી શું થશે સવારે? આહા..હા..!

કહે છે કે '**ઉપકાર કરના વૃથા હૈ.**' '**દુર્જનોંકા ઉપકાર કરના વૃથા હૈ.**' દેખો! જેમ દુર્જનનો ઉપકાર કરવો વૃથા છે, એમ આ દુર્જન જેવું શરીર એનો ઉપકાર કરવો મફતમાં જાશે

તારો, કહે છે. આ દુર્જન જેવું શરીર છે. એવી ઉપમા એને આપીને એને વૈરાગ્ય કરાવે છે. ભાઈ! આની ચિંતા કરને બાપુ! તારા આત્માની. આ ચિંતા અહીં માંડી, આની કરને. આ બાજુ ચિંતા એટલે એકાગ્ર થાને. જ્ઞાનાનંદ પ્રભુ આખો પડ્યો છેને. તારી જેટલી એકાગ્રતાની ભીંસ, એટલી શાંતિ આવશે. જેટલો ફુવારાને દાબીશ એટલું પાણી નીકળશે. એમ ભગવાન આત્માની દૃષ્ટિ કરીને જેટલો એકાગ્ર થઈશ એટલે આનંદ આવશે અંદરમાંથી. એ બીજે ક્યાંયથી મળે એવો નથી. માટે આત્માનું જ્ઞાન કર અને શરીરની ચિંતા, વૃથા ફોગટ છોડી દે. એમ કહેવાનો આમાં આશય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૪, શનિવાર, તા. ૧૭-૦૭-૬૫**
**ગાથા-૧૪૮-૧૪૯, પ્રવચન-૧૭૨**

આ પરમાત્મપ્રકાશ. બીજો ભાગ છે. ૧૪૮ ગાથા. હવે આ છેલ્લી ગાથાઓ છેને. પાછળનો ભાગ છે, એટલે આ શરીરની વાત કરે છે. મુખ્યપણે મુનિને ઉદ્દેશીને છે. બધાને ઉદ્દેશીને સમજવું. આ શરીર પણ દુર્જન છે. હવે તું એને પોષીશ તો કાંઈ તારી કલ્પના પ્રમાણે એ રહેશે નહિ. પરપદાર્થને તારે શું કરવું છે? એમ કહે છે.

'**ભાવાર્થ :- જૈસે દુર્જન પર અનેક ઉપકાર કરો વે સબ વૃથા જાતે હૈં,...**' કહો, સમજાણું? ગમે તેટલો ઉપકાર કરે દુર્જન ઉપર, એ તો એનું સાટું વાળ્યા વિના રહે નહિ. એ કાંઈ ઉપકાર માને નહિ, એ સમજે નહિ. '**દુર્જનસે કુછ ફાયદા નહીં, ઉસી તરહ શરીરકે અનેક યત્ન કરો,...**' યત્ન—પુરુષાર્થ કરો રાગ-દ્વેષનો એ તને પાપ લાગે છે, પણ એથી શરીરમાં કાંઈ ફેરફાર થાય છે એમ નથી. એ બરાબર થઈ આવ્યું. એ તો પણ સારું હતું ત્યારે પણ નહોતું થાતું એમ કહે છે, અત્યારની નહિ. જ્યારે સારું હતુંને (ત્યારે) કલ્પના કરીને ઉંચા-ઉંચા ખવરાવતા લાડવા-ફાડવા, કહે છે, એ કલ્પના હતી. એનાથી શરીર એવું સારું રહ્યું નહોતું, એ તો એને કારણે રહ્યું હતું.

મુમુક્ષુ :- લાડવા ન ખવરાવે તો મરી જાય.

ઉત્તર :- કોણ ત્યાં મરવું હોય તો... આ તો જુગલિયા આટલું ખાય છે અને ટકે છે કે નહિ? ત્રણ-ત્રણ ગાઉના જુગલિયા. બોર જેટલો આહાર ત્રણ દિ'એ લે. આહારને માટે નભે છે? એ તો એનું પોષણ એટલું હોય થોડું. એટલું નભવાનું કારણ હોય તો નભે છે આયુષ્યને લઈને. શરીરની ગમે તેટલી યત્ના કરો, પણ એ યત્નાનો ભાવ તારી પાસે રહેશે. શરીરમાં કાંઈ તારા પુરુષાર્થથી થાય એવું નથી.

મુમુક્ષુ :- નિમિત્ત તો થાયને.

ઉત્તર :- નિમિત્તનો અર્થ ઈ, કાંઈ થાય ત્યારે નિમિત્ત કહેવાય. બીજો નિમિત્તનો અર્થ શું? એનાથી શું થાતું હતું?

મુમુક્ષુ :- કાંઈ થાતું નથી.

ઉત્તર :- એ બીજી રીતે તમે કહો છો ઈ. જેચંદભાઈ! ભાઈ! તમે બીજી રીતે કહો છો. તમે એમ કે અહીં હવે થાતું નથી, પહેલા થાતું હતું એમ. એ વાત ખોટી છે એમ કહે છે. પહેલા પણ થાતું નહોતું અને અત્યારે પણ થાતું નથી. એ કલ્પના કરતો હતો કે આ મેં કર્યું અને આમ હલવ્યું. મેં આ રીતે શરીરને બોલાવ્યું, આમ બોલાવ્યું, આમ કર્યું, શરીર સ્નાન કરીને ચોખ્ખું રાખ્યું. એ કલ્પના હતી કહે છે. એ કલ્પનાને લઈને શરીર એવું રહ્યું નહોતું. ક્યારે? સદાય. અત્યારે નહિ. આહા..હા..! આ તો પરવસ્તુ છે. એને કેમ રહેવું એ તો એની પર્યાયને આધીન છે, એની અવસ્થાને આધીન (છે). આત્મા રાગ કરે તો એને પ્રમાણે અહીં સરખી વ્યવસ્થા રહે, રાગ જીવની વિકાર અવસ્થા અને આ અવસ્થા જડની, કંઈ વિકારની અવસ્થાને કારણે આમાં અવસ્થા સરખી રહે? એ તો એને કારણે છે.

મુમુક્ષુ :- કર્મના કારણે...

ઉત્તર :- કર્મનું એ નિમિત્ત છે ભાષા. એ પોતાનું ઉપાદાન પોતાની અવસ્થાને કારણે રહે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. એમ નિમિત્ત એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે શું?

મુમુક્ષુ :- મદદ, બીજું શું?

ઉત્તર :- ધૂળમાંય મદદ કરતું નથી, મફતનો માને છે.

અહીં કહે છે '**શરીરકે અનેક યત્ન કરો, ઈસકો અનેક તરહસે પોષણ કરો,...**' સમજાણું? ખાવા-પીવાનું ટાઈમ ટેબલ હોય આઠ પહોરનું. સવારે ઉઠે એટલે ચા, તરત પાછું ફલાણું, એના પછી ચાની સાથે કાંઈક વળી બિસ્કુટ-ફીસ્કુટ કે એવું ન ખાય તો પુરી. એ પછી રોટલી અને દાળ, વળી બપોરે ચા, વળી ઠુંગો થોડો, વળી સાંજે ખીચડી અને કઢી. એની સાથે વળી કાંઈક ધૂળ. ખીચડી-કઢી નહિ તો આ પુરી અને થેપલા સાંજે. સાંજે ઓલા

તીખા કરે છેને લોકો? હવે એ કરે છે ભાઈ. ભજીયા કરો કાં પુરી કરો. શું કહેવાય? પુડલા. ફરસાણ. સાંજે ફરસાણ કરે. એમાં આવી ઠંડી હોય તો થોડું ફરસાણ હોય તો ઠીક પડે. લાખ યત્ન કર પણ શરીર તોય રહેવાનું એમ રહેશે એમ કહે છે. તારા યત્નથી અને તારા ખવરાવાને કારણે શરીરની અવસ્થા રહે (એમ નથી). અને એ ક્રિયા જડની છે. કોણ ખાય અને પીવે કોણ? એ તો જડની ક્રિયા જડને કારણે થાય છે. ઝીણી વાત છે. પણ જુવાન અવસ્થા સાંઢડા જેવું હોય બળદ જેવું બરાબર ને આમ. ધમ... ધમ... ધમ... જમીન ચાલતી હોય પગમાં. ઓલા પહેર્યા હોય શું કહેવાય? નોળ-નોળ. લોઢાના નોળ હોયને? નોળ કહે છે? નોળ કહે છેને. આસપાસ ચાલે તો કો'ક જુવાન માણસ ચાલે છે એમ ખબર પડે. જમીન ધ્રુજે. એ આમ પડે ત્યાં હાથ આમ કરવાનો અધિકાર રહે નહિ. આમ પણ ઉંચો ન થાય. માખી અહીં બેસે, ખ્યાલ આવે કે બેઠી છે, આમ ન કરી શકે. થઈ રહ્યું. એ જડની અવસ્થા છે. જડનું કાર્ય આત્મા કરી શકતો નથી. પણ એને પરપદાર્થ અને સ્વપદાર્થની ભિન્નતાની ખબર નથી. એ માટે અહીં કહે છે.

મુમુક્ષુ :- સાજું હોય ત્યારે કરાય, માંદુ હોય ત્યારે ન કરાય.

ઉત્તર :- ત્રણેય કાળ કરાય નહિ. વળી સાજું હોય તો કરાય અને માંદુ હોય તો ન કરાય એમ હશે? જેચંદભાઈ! સાજું હોય ત્યારે કરાતું હતું અને અત્યારે નથી કરાતું. આ ટાંગો સરખો નથી ચાલતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અત્યારની વાત નથી. સારું જ્યારે હતું અને આમ બે જણા ચાલતાને રામ અને લક્ષ્મણ. મોહનભાઈ અને એ બે રામ અને લક્ષ્મણ જેવા ચાલતા. એ વખતે શરીર એને લઈને ચાલતું હતું, તમારે લઈને નહિ એમ કહે છે. આહા..હા..! અરે..! આ માટી ક્યાંકની. અરે..! એના વાસણમાં દાળ-ભાત અને રોટલા પડ્યા હતા. વાસણ બરતનમાં. એ અહીં ખડકાણા છે, ગોઠવાણા છે. જેમ મોઢવું ખડકે નહિ મોઢવું છાણાનું? છાણાનું મોઢવું. મોઢવું સમજો છો? એ છાણાના ઢગલા નથી હોતા? આ ગોબરકા છાણા બનાતે હૈ ન? .. વો પછી બનાતે હૈ ન ઐસા? ઐસા યહ હૈ. એ બર્તનમાં જે દાળ, ભાત, રોટલી, શાક, ચા, દૂધ જે હતું એ અહીં ખડકાણું છે, ગોઠવાણું છે. આ જડનું મોઢવું છે. આત્મા નહિ. હવે એને ખબર ન મળે કે હું તે કોણ અને કોની સંભાળ કરું છું? સમજાય છે? ભાન ન મળે ભાન. કહો, સમજાય છે કે નહિ આમાં?

એક કાઠી હતો. કાઠી સમજ્યા? ગરાસદાર-ગરાસદાર. જાગીરદાર. પછી એને પગે બહુ ગુમડા થયા. ફોડા બહુ ફોડા (થયા). તો બહુત મહિનો, બે મહિના, ચાર મહિના રહ્યા. વાણંદ-વાણંદ

હોતા હૈ ન? વાણંદકો ક્યા કહતે હૈં? નાઈ. નાઈ બાંધે. નાઈ હોતા હૈ ન વહ કપડા બાંધે. આમ છોડે તો અં..હં..હં.. એમ થઈ જાય. પછી એમ કરતા ચાર-છ મહિને મટી ગયું. ગુમડા બધા ફોડા મટી ગયા. પણ ખોલે જરી આમ તો અં..હં..હં.. એમ કરે. ઓલી ટેવ પડી ગઈને છ મહિનાથી. ખોલે તો ઉં..હું...હું.. કરે. ઓલો વાણંદ ઠગ. એટલે એકવાર ત્યાંથી પાટો કાઢીને આ પગે બાંધી દીધો. અહીં છોડીને અહીં બાંધ્યો. આ બાજુ બાંધ દિયા. પછી ત્યાં બાંધીને સવારમાં ખોલે તો ઉં..હું..હું.. શું છે પણ? આ પાટો કેની કોર બાંધ્યો એનું ભાન નથી. ગુમડું અહીંયા હતું એ મટી ગયું તો ઉં..હું.. કરે છે તું તો. આ બીજે ઠેકાણે બાંધ્યું તો એને છોડતા ઉં..હું..હું... કરે છે. શું છે પણ આ? અરે..! એણે આમ પણ. આવું કોણે કર્યું કહે? પણ કર્યું ગમે તેણે પણ તને ભાન નથી? કયે પગે ગુમડું હતું એનું ભાન ન મળે. આવા ને આવા મમતાવાળા. કહો, સમજાણું આમાં? ઓલા વાણંદ ઠગ એટલે ઓલું ગુમડું હતું એમાંથી પટ્ટો છોડી દીધો. પટ્ટો બાંધી દીધો અહીં. હવે અહીં જ્યાં ખોલે તો ઉં..હું..હું... કરે. પણ શું છે ઉ..હું..હું...? કહે આ દુઃખે છે. પણ આ પગ બીજો. ભાન ન મળે એને. એમ આ શરીર બીજું જડ એમાં કાંઈ થાય એમાં તને કાંઈ થતું નથી એમ કહે છે અહીં. રાડ નાખી જાય. આને કાંઈક થાય તો મને રાડ નાખી જાય.

મુમુક્ષુ :- ઉં..હું.. તો થાય છે.

ઉત્તર :- એ કોને લઈને? આને લઈને? મમતા... મમતા... મમતા... આહા..હા..! શું પણ આ તો પર છે. આ બીજો પગ છે. ...ભાઈ! દાખલો હમણા આપ્યો હતો ઓલો કાઠીનો. એ કાઠીને અહીં ગુમડું હતું પગે. પછી છ મહિના ચાલ્યું. પછી ખોલેને. પટ્ટો ખોલે તો બહુ દુઃખે. આમ ... પછી એમ કરતા એક વાણંદ હતો. કરતાં... કરતાં... કરતાં... છ મહિને મટી ગયું. મટી ગયું એટલે ઉં..હું..હું... કર્યા જ કરે ખોલે એટલે. એટલે એ વાણંદે અહીંનો પટ્ટો આની કોર બાંધી દીધો આ પગે. એ જ્યાં ખોલે ત્યાં ઉં..હું..હું.. કરવા માંડ્યો. પણ શું છે? આ પગ ફર્યો. કોણે કર્યું? પણ ગમે એણે કર્યું પણ આ પગ બીજો છે તને ભાન નથી? અહીં ક્યાં દુઃખ થયું છે? એમ આ શરીર બીજું અને તું બીજો. આ ઉં..હું.. શેની માંડી છે તેં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો કહે છે. આ શરીર જડ, એ પર, એ રૂપી અને તું અરૂપી. તારામાં કાંઈ એને સંબંધ ન મળે. આને કાંઈક થાય તો ઓલાને થયું તો મને થયું, અહીં થાય તો કહે મને થઈ ગયું. પણ તને ક્યાં? તને એટલે અરૂપીમાં થઈ ગયું? જડમાં થતાં તો અરૂપીમાં થઈ ગયું. એ અજ્ઞાનીને આત્માની સત્તાની ભિન્નતા અને જડની ભિન્નતાની ખબર નથી. ન્યાલભાઈ!

આહા..હા..!

મુમુક્ષુ :- કાઠીએ એવું કર્યું. વાણિયા...

ઉત્તર :- આ વાણિયાના બાપ કરે છે બધા શું વળી? વાણિયા શું કરે છે આ?

મુમુક્ષુ :- એ તો દાખલો હતો. બધાને લાગુ પડે છે.

ઉત્તર :- એ તો દાખલો હતો. બીજે પગે બાંધ્યું તો શું કર્યું? આ બીજો પગ છે શરીર. આ ક્યાં આત્મા હતો? આ તો જુદી ચીજ છે અરૂપી જ્ઞાનઘન, અરૂપી અનંતગુણની સત્તા. હમણા કહેશે. સમજાણું કાંઈ? આના ગમે તેટલા પોષણ કરો, પણ દુર્જનનો ઉપકાર જેમ વળશે નહિ એમ આમાંથી કાંઈ તારું વળે એમ નથી કહે છે. એમ કરીને તું આત્મા છો એની દૃષ્ટિ કર. એને ઓળખ અને એની કિંમત કર. એ વિના મરી જા. અનંત કાળથી મરી ગયો છે. કહો, હવે એના શરીરની તો વાત એક કોર રહી, પછી આ હજી તો આ મકાન ને દુકાન ને. છોટાભાઈ! પણ હવે એના વિના ચાલે નહિ લ્યો! તો આ બાલુભાઈ વયા ગયા તો એના વિના દુકાન ચાલે છે કે નહિ?

મુમુક્ષુ :- દુકાન તો ચાલે પણ ..

ઉત્તર :- એ તો મમતા હતી. મરી ગયા પહેલા કોઈથી એનું પૂરું કોઈએ કર્યું નથી. અને મરી ગયા પછી કોઈનું અધૂરું રહ્યું નથી. કોઈનું અટક્યું નથી. બધા કામ કરનારા મળ્યા જ કરે છે બધા. બરાબર છે? જીવતા કોઈનું પૂરું થયું નથી, મરતા કોઈનું પાછળ અધુરું રહ્યું નથી. એ તો કરે છે, બીજા કરનારા નથી નીકળતા? તું શું કર પણ?

કહે છે કે '**પરંતુ યહ અપના નહીં હો સકતા.**' લાખ રીતે પોષણ કર. માટી છે આ તો ધૂળ છે. હવે બીજાની વાત તો ક્યાંય રહી. આ તો રાખ થઈને ઉભું રહેશે. રાખ ફૂ. ભાઈ! તું આત્મા છો. એ તારું પડખું નહિ, તારું પડખું તો અંદર ચૈતન્ય છે. આને પડખેની સેવા અને આખો દિ' સંભાળ. આઠ પહોરનું ટાઈમ-ટેબલ હોય એનું સવારથી સાંજ સુધી. આનું આમ ને પછી આ... પછી આ... પણ તારું કાંઈ ખરું? આ મરી ગયો. થોડા વર્ષ મળ્યા, ૫૦ કે ૬૦ વર્ષ મળ્યા મનુષ્યભવમાં. એમાંથી જો તારા આત્માનું કાંઈ ન કર્યું અને આમાં ને આમાં મરી ગયો (તો) એ ચોર્યાસીના અવતારની ખાડમાં. પાછો કાંઈ પત્તો ખાશે નહિ.

'**પરંતુ યહ અપના નહીં હો સકતા. ઈસલિયે યહી સાર હૈ કિ ઈસકો અધિક પુષ્ટ નહીં કરના.**' લ્યો! બહુ ખાઈને બળદ જેવું ન રાખવું. થોડું-ઘણું પોષણ દઈ... કહે છે. '**કુછ થોડાસા ગ્રાસાદિ દેકર...**' થોડો આહાર લઈ અને '**કરકે મોક્ષ સાધન કરના;...**' આત્માની મુક્તિ થાય એમ સાધન કરવું. નહિતર તો આ મુક્તિ તો થાશે શરીરથી. શરીરથી મૂકાઈ જશે, પણ પાછો બીજા અવતારમાં ક્યાં અવતાર? આહા..હા..! એક ગાય હમણા જોઈ.

ગાય પડી છે ગાય. તો બધું પેટ-પેટ મળી ગયું છે. હવે બીજા ઢસરડે આમ આમ પગથી કર્યા. ઉંચી થઈ શકતી નથી. પૂંછડે પડી છે. ખાવાનું ન મળે. થઈ રહ્યું એમ ને એમ મરી જવાની લ્યો. રસ્તામાં હતી. ગાય છે. હવે આમ બહુ ઉંચી કરવા માંડી પોતે આમ આમ, પણ ઉંચી થઈ શકતી નથી. પેટ મળી ગયા. સૂકા ખડ એમાં અત્યારે મળે નહિ. એનો ધણી આપે નહિ. પછી આમ બેઠી હતી. થઈ રહ્યું. એમ ને એમ સુકાઈને મરી જવાની. ઘરે કોઈ લઈ જાય નહિ. આ દશા જુઓ આ દશા. આહા..હા..! એવા અવતાર તો અનાદિ કાળનો છે કે નવો છે આત્મા? એવા અનંતા ભવ કર્યા દરેકે. એને એમ કે આને આ. બેઠી સાજી થવા આમ જાણે. પણ બધા પાસડા મળી ગયા છે અંદર. હવે ઉભી થઈ શકે એવું નથી. હવે ... પડી છે.

આ ઊંટ થાય લ્યોને ઊંટ. ઊંટને પગ ભાંગે જરી. જુવાન ઊંટ હોય જુવાન હોં! એક પગ જરી ભાંગ્યો તો એમ ને એમ સુકે છૂટકો. બીજું કાંઈ ન મળે એને. જંગલમાં ઊંટ હતો ત્યાં એક ફેરી. અમે રાણપુરથી નાગનેશ જતા ઊંટ પડ્યો હતો રસ્તામાં વાડની પાસે. જુવાન હતો. આપણને કોઈ દિ' ખબર નહિ. આપણી નાની ઉંમર. કીધું આવો સારો ઊંટ અહીં કેમ પડ્યો? આપણે કોઈ દિ' સાંભળ્યું નહિ કે એનો પગ ભાંગ્યો છે. ત્યારે હવે? અહીં ને અહીં મરી જવાનો. એને ઘાસ કોણ આપે? જંગલમાં હતો વચમાં. નાગનેશ અને રાણપુરની વચમાં. આને ઘાસ કોણ આપે? મરી જવાનો ઘાસ કોણ આપે? અને મહાજન આવડો મોટો ઊંટ ગાડામાં શી રીતે લઈ જાય? ત્યારે અહીં એમને એમ સુકાઈ જવાનો છે. બે, ચાર, છ, આઠ, દસ દિ'એ સુકાઈ જવાનો. આહા..હા..! ભાઈ! તેં અવતાર આવા અનંતા કર્યા, બાપા! તને ખબર નથી. અનાદિકાળનો છે. નવો છે આત્મા? નવો થયો છે ક્યાંયથી? એ તો અનાદિ-અનંત છે. અનાદિ ત્રિકાળ સત્ અકૃત્રિમ વસ્તુ છે શાશ્વત. એ અનંતકાળમાં આવા ભવ શરીરની મમતા માટે કર્યા, પણ તેં તારી સમતા શું ચીજ છે એને જોઈ નહિ, એને ઓળખી નહિ કે હું કોણ છું. ઓહો..! ઈ કહેશે હમણા જુઓ.

'**સાત ધાતુમયી યહ અશુચિ શરીર હૈ,...**' જુઓ, લેશે આમ ગુલાંટ ખાઈને વાત કરશે. શરીર તો સાત ધાતુમયી અશુચિ છે. '**ઈસસે પવિત્ર શુદ્ધાત્મસ્વરૂપકી આરાધન કરના.**' જુઓ, સમજાણું? બહુ ઓલું નથી કર્યું. અંદરથી એમ કર્યું છે. ખુલાસો કર્યો છે હોં. '**अस्थिरेणापि स्थिरं मोक्षसौख्यं गृह्यते।**' જુઓ, એમ ભાષા છેને? સંસ્કૃતમાં છે. '**अस्थिरेणापि स्थिरं मोक्षसौख्यं गृह्यते।**' આ વસ્તુ અસ્થિર છે. સ્થિર ભગવાન આત્મા શુદ્ધ શાશ્વત બિંબ છે એની શ્રદ્ધા, જ્ઞાન કરી એનું મોક્ષનું સાધન કરવું તો અસ્થિરતા છૂટી જઈ એકલો આત્મા સ્થિર રહી જશે એને સુખ અને શાંતિની પ્રાપ્તિ થશે. '**सप्तधातु मयत्वेनाशुचिभूः**' કહો, સમજાણું?

આનો અર્થ એટલો ન આવ્યો અંદર અસ્થિરનો. બધો અર્થ નથી કર્યો. નહિતર તો આમ આ અસ્થિર છે, તો આ સ્થિર છે એમ ગુલાંટ ખાધી છે. આ અશુચિ છે તો આ આત્મા શુચિ છે એમ કીધું છે. જેમ ઓલી ૭૨ ગાથામાં આવે છેને, કર્તા-કર્મમાં. '**असुचित्तं णादूण आसवाण असुचित्तं विपरीयभावं दुक्खस्स कारणं**'. એની સામે ગુલાંટ ખાધી છે કે આસ્રવ અશુચિ છે પુણ્ય-પાપના ભાવ મેલા, ત્યારે ભગવાન પવિત્ર છે, શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. પુણ્ય-પાપના ભાવ મેલા છે, ત્યારે ભગવાન આત્મા નિર્મળ છે. માટે બેનું ભેદજ્ઞાન કર અને આત્માનું શરણ લે. પછી વિપરીત. આત્મા ચૈતન્યમૂર્તિ છે, પુણ્ય-પાપના ભાવ અચેતન છે, જડ છે માટે એનાથી ભિન્ન છે. આત્મા આનંદમૂર્તિ છે, ત્યારે પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. એ પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. આહા..હા..! આકુળતા છે. ભગવાન આત્મા અંદર પાછળ અનાકુળ આનંદકંદ સચ્ચિદાનંદ છે. એ બેની વહેંચણી કર. એ શૈલી અહીં થોડી લીધી છે. આ અસ્થિર છે, તો ભગવાન સ્થિર છે. એનું સાધન કર. શરીર જ્યારે સાત ધાતુમયી અશુચિ શરીર છે. જુઓ, '**तेनापि शुचिभूतं शुद्धात्मस्वरुपं गृह्यते**' ભગવાન આત્મા...! આ શરીર તો અશુચિ, માંસ, હાડકા (છે). વિશેષ પછી લેશે.

'**પવિત્ર શુદ્ધાત્મસ્વરૂપકી આરાધન કરના.**' આહા..હા..! થોડા દિ' મળ્યા, થોડો વખત મળ્યો. આંખ્યું મીંચાઈને ક્યાંય ચાલ્યો જઈશ ભાઈ! તારું સ્વરૂપ શાશ્વત છે, શુદ્ધ જ્ઞાન છે, એની અંદર અનુભવ દૃષ્ટિ તો કર. એને દૃષ્ટિમાં તો લે કે આ હું છું. પુણ્ય અને પાપ એ પરવસ્તુ મારી ચીજ છે નહિ. જુઓ, '**ઈસ મહા નિર્ગુણ શરીરસે...**' દેખો, શરીર નિર્ગુણ છે એમ લેવું છે. સમજાણું કાંઈ? છેને? '**निर्गुणेनापि केवलज्ञानादिगुणसमूहः**' શરીર નિર્ગુણ છે. નિર્ગુણ એટલે આ જ્ઞાનાદિ ગુણ નથી હોં. એનામાં ભલે એના હોય. '**શરીરસે કેવલજ્ઞાનાદિ ગુણોંકા સમૂહ સાધના ચાહિયે.**' ભગવાન આત્મા તો કેવળજ્ઞાન અને આનંદ છે. અંદર શુદ્ધ સ્વરૂપ પવિત્ર (છે). પણ કોઈ દિ' સમાગમ કર્યા નહિ, વિચાર કર્યા નહિ, મનન કર્યા નહિ, એમ ને એમ જિંદગી પૂરી. ભગવાન મહાસત્તા અંદર ભિન્ન છે એ તો ગુણનો પિંડ છે, આ નિર્ગુણ છે. આમાં કાંઈ જ્ઞાન, દર્શન, આનંદગુણ નથી. આત્મા જ્ઞાન, દર્શન, આનંદ ગુણવાળો છે એવા આત્માનું સાધન કરી લે. કહો, સમજાણું કાંઈ?

'**યહ શરીર ભોગકે લિયે નહીં હૈ,...**' સમજાણું? ભોગ માટે શરીર છે? ભોગ એટલે શું? કલ્પના. શરીર તો અકિંચિત્કર છે. તને કલ્પનાના સુખને માટે એ શરીર તો બિલકુલ અકિંચિત્કર છે. કલ્પના કરી કે અહીં મને ઠીક પડે છે. અહીં મને ખાવામાં, આ મને ભોગમાં, આ મને આમાં (ઠીક પડે છે). એ તો તારી કલ્પનાએ સંતોષ વાળ્યો છે. એ કાંઈ શરીરને લઈને કાંઈ થયું નથી. વિષયના સાધનથી કાંઈ થયું નથી. વિષય સાધન અકિંચિત્કર છે. આતા હૈ ન?

પંડિતજી! વો. પ્રવચનસાર. સ્વર્ગને માટે દેવ. દેહ કાંઈ કરતું નથી. એ વિષય અકિંચિત્કર (છે). આવે છેને શબ્દ? અકિંચિત્ છેને. મૂળ પાઠ છે. શરીર અકિંચિત્કર છે કાયાના વિષયને માટે. ફક્ત કલ્પના કરી રહ્યો છે. આમ આ મને ઠીક... આ મને ઠીક... એ તારા ઠીકને માટે બિલકુલ આ કાર્યગત નથી. તારી કલ્પના અંદર કરી એ પણ તને ખબર નથી કે હું કલ્પના કરું છું. આ કાર્યગત આને લઈને છે નહિ. ભગવાન આત્મા વિકલ્પથી ભિન્ન છે. એની સમજણ તેં કોઈ દિ' કરી નથી. કહો, સમજાણું? '**યહ શરીર ભોગકે લિયે નહીં હૈ, ઈસસે યોગકા સાધનકર...**' દેખો, ભોગ સામે યોગ. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનનો ઘન છે એની કોઈ દિ' એણે અનુભવની પ્રતીત કરી નથી તો એનો યોગ કર, યોગ સાધ એનો. સ્વરૂપની દૃષ્ટિ કર, સ્વરૂપમાં ધ્યાન કર, સ્વરૂપનું જ્ઞાન કર. તો એનાથી '**અવિનાશી પદકી સિદ્ધિ કરની.**' આહા..હા..!

'**ઐસા કહા ભી હૈ,...**' બીજાનો આધાર આપે છે. દોહાપાહુડ છે. '**કિ ઈસ ક્ષણભંગુર શરીરસે સ્થિરપદ મોક્ષકી સિદ્ધિ કરની ચાહિયે,...**' જુઓ એ આવ્યું. ''**अथिरेण थिरा मलिणेण णिम्मला णिग्गुणेण गुणसारं काएण जा विढप्पइ सा किरिया किण्ण कायव्वा।।**'' અહો..! ભગવાન આત્મા તો સ્થિરસ્વરૂપ છે, શુદ્ધ છે. એની દૃષ્ટિ કરીને સ્થિર કાયમ રહે એવું મોક્ષનું સાધન કરને. શરીર તો અસ્થિર છે. '**સ્થિરપદ મોક્ષકી સિદ્ધિ કરની ચાહિયે,...**' શરીરસે. એટલું નિમિત્ત છેને શરીર. '**યહ શરીર મલિન હૈ,...**' નવ દ્વાર ઝરે છે એ કહેશે નીચે. '**ઈસસે નિર્મલ વીતરાગકી સિદ્ધિ કરના,...**' શરીર તો મેલ છે. હવે અહીંયાં શરીરની વાત માંડી ત્યાં બીજાની તો શું કહેવી? કહે છે. બાયડી, છોકરા, કુટુંબ, વેપાર, ધંધા તો ક્યાંય જડને લઈને એની અવસ્થા થવા કાળે થયા કરે છે. આત્મા એનો કર્તાહર્તા નથી. દુર્જન શરીરનું પણ કાંઈ કરી શકતો નથી તો બીજાનું શું કરે? કહે છે. નિર્મળ વીતરાગ ભગવાન આત્મા નિર્દોષ વીતરાગ નામ રાગરહિત સ્વરૂપ છે. એની શ્રદ્ધા-જ્ઞાન કરવી જોઈએ.

'**ઔર યહ શરીર જ્ઞાનાદિ ગુણોંસે રહિત હૈ...**' જુઓ, આવ્યું. ઓલામાં ગુણ હતોને. શરીરમાં જ્ઞાન-દર્શન-આનંદ નથી. આ માટીમાં કાંઈ જ્ઞાન, દર્શન અને આનંદ નથી. જ્ઞાન, દર્શન અને આનંદ તો આત્મામાં છે. આ તો નિર્ગુણ છે, ભગવાન ગુણવાળો છે. ગુણ એટલે? રજો, તમો એ નહિ. સ્વભાવિક ગુણો. ત્રિકાળ જ્ઞાન આનંદ આદિ ગુણોથી સહિત છે. શરીર તો જ્ઞાનાદિ ગુણોથી રહિત છે. '**ઈસકે નિમિત્તસે સારભૂત જ્ઞાનાદિ ગુણ સિદ્ધ કરને યોગ્ય હૈં.**' ભગવાન આત્માનું સાધન કરી અને પોતાનું જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ એટલે ચારિત્ર એ સાધન કરવું જોઈએ. કહો, સમજાણું આ?

'**ઈસ શરીરસે તપ સંયમાદિકા સાધન હોતા હૈ,...**' શરીર કહેવાયને નિમિત્તથી? મુનિપણું

છે, સંયમ ઈન્દ્રિયદમન છે. '**और तप संयमादिक क्रियासे सारभूत गुणोंकी सिद्धि होती है.**' અંતરના એકાગ્ર સંયમ દ્વારા આત્માની શાંતિ ગુણની સિદ્ધિ હોય છે. '**जिस क्रियासे ऐसे गुण सिद्ध हों, वह क्रियो क्यों नहीं करनी, अवश्य करनी चाहिये.**' જેનાથી અલ્પ કાળમાં આત્માને શાંતિ મળે એ કરવું કે આ અલ્પકાળમાં આની મમતા માટે અનંતકાળનું દુઃખ ભોગવવું? અલ્પ કાળની આની સંભાળ માટે અનંતકાળનું દુઃખ ભોગવવું, અલ્પકાળનું આનું સાધન કરે તો અનંતકાળનું મોક્ષનું સુખ પ્રાપ્ત થાય. વાણિયા તો નફો હોય તે કામ કરે. એય..! ચંદુભાઈ! વાણિયા નફાનું કામ કરે. ચંદુભાઈ! બરાબર છે? ત્યારે આમાં કેમ નફાનું કામ સમજતો નથી? એય..! છોટાભાઈ! નફાનું કામ કરે કે નહિ? કે તોટાનું કરે. એમાં તોટો લાગે એ વેપાર કરતો હશે એ? પછી ભલે ફેરફાર માલનો થઈ જાય અને આવી જાય એ જુદી વાત છે. તોટાનો ધંધો ન કરે.

એમ કહે છે, બાપુ! તું આત્મા છોને. તને લાભનો ધંધો નથી આવડતો? એકલો ખોટનો જ ધંધો આવડે છે? વિકાર કરી શરીરને પોષવાનો ભાવ કરી, ધૂળ ને ધાણી, કુટુંબ, કબીલા, વેપાર-ધંધામાં મરી ગયો અનંત કાળથી. આ ખોટ ગઈ તને તોપણ તને તારી ખબર નથી. આ ખોટ જાય છે ખોટ તારે ઘરે. અનાદિ કાળના શાસ્ત્ર પોકાર તો કરે છે. કાને પડે છે. નથી પડતું? નનૂર થઈ ગયો છે નનૂર. નનૂર એટલે નૂર વિનાનો. નનૂર કહે છેને? તેજ ન મળે અંદર કે નનૂર થઈ ગયો છે? બહુ મારે અને બોલે નહિ પછી કહે આ મીંઢડો થઈ ગયો છે મીંઢડો? બોલ તો ખરો. એમ આ મીંઢડો થઈ ગયો છે. મૂઢ. મૂઢ-મૂઢ. ભગવાન આત્મા અરે! વસ્તુ તારી પર છે. શરીરથી જુદી તદ્દન અને આ શરીર તારાથી ત્રણે કાળે જુદું છે. એના નિમિત્તમાં આવ્યો એને તું સ્વરૂપનું સાધન કરી લે. આના સાધન છોડી દે અને આત્માનું સાધન કર. કહો, સમજાણું? એ ૧૪૮ થઈ.

હવે વધારે '**शरीरको अशुचि दिखलाकर ममत्व छुडाते हैं—**'

**२८०) जेहउ जज्जरु णरय-घरु तेहउ जोइय काउ।**
**णरइ णिरंतरु पूरियउ किम किज्जइ अणुराउ।।१४९।।**

'**हे योगी,...**' હે ધર્મી, હે મુનિ અથવા હે આત્મા, '**जैसा सैंकडों छेदोंवाला नरक-घर है,...**' નરક છેને નરક નીચે. સેંકડો છિદ્ર. મધમાખી હોયને મધ. મધ. આ મધના પુડા. એવા ત્યાં છીદ્રો પડેલા. એમાં ઉપજે નારકી. પછી પડે નીચે. નીચે સાત નારક છે. પહેલી નરક, બીજી નરક. થોડામાં થોડી દસ હજાર વર્ષની સ્થિતિ છે નરકની અંદર. થોડામાં થોડી હોં. સાધારણ માણસ દારૂ પીનારા થોડામાં થોડી દસ હજાર વર્ષની. ઝાઝામાં ઝાઝી એક સાગરની સ્થિતિ છે અહીં પહેલી નરક નીચે. એક સાગરોપમ એટલે અસંખ્યાતા અબજ વર્ષનો એક

પલ્યોપમ એવા દશ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર. મોટા-મોટા સાધારણ રાજા, મહારાજાઓ જે હોય એની પાર્લામેન્ટ ત્યાં ભરાય નરકમાં. ન્યાલભાઈ! એ બધા નરકમાં જાય છે.

મુમુક્ષુ :- .. ઠરાવ શેનો કરે?

ઉત્તર :- ઠરાવ કરે આ દુઃખી થાવું ત્યાં એ. રોજ દુઃખી... રોજ દુઃખી... હાય રે હાય. અરેરે! આ શું છે આ? આટલા દુઃખ કેમ વેદ્યા જાય? વેઠ્યા જાય? પોકાર-પોકાર. રોવે-રોવે. એ રાજા-મહારાજા અહીંના મોટા હોયને શિકાર કર્યા હોય બંદુકથી. લાખ-લાખ રૂપિયા, બબ્બે લાખ રૂપિયાની મોટરુંમાં બેઠા હોય એ બધા. સમજાણું? ઓલો તમારો આવ્યો હતો નહિ હમણા ગુરુ નહિ ઓલાનો? ખ્રિસ્તીનો ગુરુ પોપ. કેટલા લાખની મોટી મોટર આવી હતી ત્યાં. રોમથી આવી હતી. એટલું માન એનું. એ પાછી આપી દીધી કો'કને. આહા..હા..! પાછા અહીંયાં પાંચ-પાંચ લાખની મોટરું અને કેટલા કરોડો રૂપિયા મોટા એની પાસે ઘણા. કેટલાય તો અહીં આપી દીધા ઓલામાં. માંસ ખાય. ...નવી દુકાનું કેટલી અમુક ... આપીને. કારણકે હંમેશનું .. જોવે. બે-ત્રણ લાખ ગોરા આવેલા.

મુમુક્ષુ :- બધા બહારથી મહેમાનો આવેલા.

ઉત્તર :- હા મહેમાનો આવેલા. માંસની નવી દુકાનો. કેટલા કુકડા એક દિ'માં, કેટલા ઈંડા એક દિ'માં, કેટલા બોકડા એક દિ'માં. આ કાળાકેર દુનિયા તે પણ... બહારમાં રંગબેરંગી દેખાય. એ પાંચ વર્ષ, પચ્ચીસ વર્ષ જુઓ, પાછળ જુઓ તો... માંસની એક-એક કટકીમાં મહા જીવ છે. એની તદ વર્ણ તે જીવ પંચેન્દ્રિય હોય તો તે પ્રકારના અંદર સૂક્ષ્મ જીવો. એવા માંસ શેર-શેર બે શેર ખાય એ મરીને નરકે જ જાય. આ શી રીતે દેખાય? બહારમાં એમ લાગે ખમ્મા-ખમ્મા અન્નદાતા! રત્નની, હીરાની રત્નની ઓલી લાકડી હોય હાથમાં. આમ જાણે ઓહો..હો..! .... ગુરુ છેને મોટા એ? આ આગાખાન એવો. આગાખાન એને અડવા ન દે કોઈ. ચંદુભાઈ! હા એને લાકડી હોય લાકડી ફક્ત ઉંચી. લાકડાને અડે તો બધા ખુશ થઈ જાય. લાકડી હાથમાં હોય બસ એટલું. સ્વર્ગ મળી જાય. અરે..! મરીને એ પોતે ક્યાં ગયો એની તને ખબર નથી. એકલા માંસ ખાનારા, દારૂ પીનારા, કાળાકેર કરનારા. દુનિયાના ગુરુ માને. દુનિયા એ ગાંડી મૂર્ખ છે કે નહિ? આહા..હા..! એની એક લાકડી પડી હોય સારી...

મુમુક્ષુ :- એવાને આ બધું સુખ કેમ?

ઉત્તર :- આ પૂર્વે એવું કોઈ પુણ્ય બાંધેલું પાપાનુબંધી પુણ્ય. સુખ કે દિ' હતું? પાપાનુબંધી પુણ્ય. શુભભાવ કોઈ અહંકારપણે કરેલા. એકેન્દ્રિય આદિમાં કોઈ શુભભાવ આદિ થાય છે અહંકાર મિથ્યાત્વભાવમાં, એના ફળ તરીકે આવે એ પાપાનુબંધી પુણ્ય પરંપરા મિથ્યાત્વને પાપ બાંધી નીચે ધબો નમઃ નરકમાં જવાના એ. દુનિયાને મેળ કેમ કરતા આવડે? આહા..હા..! રાજી-

રાજી થઈ જાય કે આહા..હા..! આપણે આવા ધર્મગુરુ હોઈએ. પણ શું છે? મરીને નીચે જવાના. છે શું તારે? હજારો બોકડા મારતા. કાળાકેર તે દિ' કહે છે. કેટલા દિ'? ત્રણ દિ' રહ્યા. ગામમાં કાળોકેર વર્તે. જીવો મારે, બોકડા મારે, ઘેંટા મારે, કુકડા મારે, ઈંડા તો કેટલા કાંઈક લખેલા, એટલા લાખ દરરોજ ઈંડા જોવે. માણસોને એના સેવકોને. અરે! પુણ્ય તે શું કામ કરે છે! પુણ્યનું અસ્તિત્વ છે. એ આવે છેને પંડિતજી! પ્રવચનસારમાં. એ પુણ્યનું અસ્તિત્વ છે. એવી ગાથા આવે છે, ગાથા આવે છે. પ્રવચનસાર પહેલામાં કે પુણ્યનું અસ્તિત્વ છે. એવો પાઠ છે હોં પાઠ. મૂળ પાઠ કુંદકુંદાચાર્યનો, પણ એના ફળમાં ધૂળ મળી. આ બધી હોળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? મહાપ્રભુ પવિત્રનું ધામ એને આ પુણ્યના ફળ તરીકે આવા સંયોગો મળે અને જાય મરીને નીચે, એ શું કામના? કહે છે. આહા..હા..!

કહે છે હે ધર્મી '**જૈસા સૈંકડોં છેદોંવાલા નરક-ઘર હૈ,...**' નારકીના ઘર, નારકીમાં એ થોડા ઉપજવાના સ્થાન હોય છે. મધપૂડા હોયને મધપૂડા. એવા આમ કાણાવાળા એવા ઉત્પન્નના સ્થાન પહેલી નીચે નરકે. એમાં ઉપજે. અને ઉપજેને પડે નીચે ધડામ નીચે અગ્નિમાં. નીચે અગ્નિ હોય, આ પહેલી નરકે. અને પછી ઠંડી હોય. એ પીડા. અહીં મોટો રાજા-મહારાજા હોય. અહીં તો હજી એને કાઢ્યો પણ ન હોય. મડદું બહાર ન કાઢ્યું હોય. હજી તો આમ... કારણ કે મોટા માણસ એટલે માણસ ઝાઝા આવે, માણસ આવે. તાર કર્યા હોય. ત્યાં તો ભાઈસાહેબ પોકાર કરતો હોય ત્યાં. આહા..હા..! અરે! સંસારના પડદા. એક ક્ષણમાં અહીં રાજા-મહારાજા, બીજી ક્ષણે નરકનો છિદ્રનો નારકી. ભગવાન! એ બધા તારા પાપના પરિણામના ફળ છે, ભાઈ! એ તને ખબર પડતી નથી. પડદા એ જુદી જુદી જાતના પડેને એમાં ગૂંચાઈ જાય. હાય.. હાય.. આ થઈ ગયું મને. અહીં ભોગવતો હતો, લહેર કરતો હતો. કાંઈ છે નહિ મારો બીજો આત્મા-ફાત્મા. મરી ગયો ત્યાં જઈને હેરાન-હેરાન.

'**વૈસા શરીર મલ-મૂત્રાદિસે હમેશા ભરા હુઆ હૈ.**' એ સંસ્કૃતમાંથી કાઢ્યું છે. '**कायस्तु गूथमूत्रादि**' આની કોર છેલ્લો શબ્દ. '**गूथ**' એટલે વિષ્ટા. એ વિષ્ટા ને પેશાબ ભર્યા છે બાપા આમાં. આ સંચો એવો છે દુનિયાના સંચા કરતા (જુદી જાતનો). બીજા સંચામાં મૈસુબ નાખો તો તરત બગડશે નહિ અને આ સંચામાં મૈસુબ નાખો તો આઠ કલાકે વિષ્ટા. એવો સંચો દુનિયામાં કોઈ નથી. અહીં જ્યાં નાખ્યું ત્યાં થૂંક થઈ ગયું. થૂંક થઈને કૂતરાની એંઠ જેવું નીચે ઉતર્યું છે. ખાતા પહેલા કાંઈ ઓગાળ્યા વિના જાય નહિને? ભલે માવાના જાંબુ હોય. એ જરીક બે સેકન્ડ, પાંચ સેકન્ડ ઓગળે, નરમ (પડે), નીચે ઉતરે, નીચે ઉતરે અને પહેલો આમ જોવે તો ખબર પડે કૂતરાની એંઠ છે. પણ મીઠાશથી નીચે ઉતારે છે અંદર. આહા..! શું ખાધું? જાંબુ-જાંબુ, માવાના જાંબુ. તે શું છે? આ શરીર ખબર છે તને? એ તેં ખાધું હતું એ કૂતરાની

હેંઠ હતી તરત. એક અડધી પા મિનિટમાં એંઠ થઈ ગયેલી આમ. દાંત નીચે જરી .. તો આમ મોંઢુ કરીને જોજે આમ શું છે આ? આહા..હા..! આ શરીર એ ચીજ એને તું પોતાનું માનીને ભગવાન પવિત્ર આત્માને ભૂલી ગયો. તારી ચીજ મહાન પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ વિષ્ટા અને પેશાબથી, થૂંક, બળખા, મેલ બધાથી ભરેલું આખું મેલનું પૂતળું છે. કહેશે પછી હોં. **'ઐસા શરીરસે પ્રીતિ કૈસે કી જાવે?'** આવા શરીરની સાથે પ્રેમ શી રીતે કરવો? મેલની મૂર્તિ, મેલની મૂર્તિ. ભગવાન નિર્મળાનંદની મૂર્તિ. નિર્મળાનંદ ગુણો. બેમાં વિરોધ બે વેરીઓ છે. મેલની મૂર્તિ આ શરીર ત્યારે ભગવાન નિર્મળાનંદ, જ્ઞાનાનંદ અનંતગુણનો પિંડ પ્રભુ છે. અને એની પ્રીતિ છોડીને આની પ્રીતિ કરે છો. શું હેરાન થવાના રસ્તા લીધા કહે છે.

**'ભાવાર્થ :- જૈસે નરકકા ઘર અતિ જીર્ણ જિસકે સેંકડોં છિદ્ર હૈં,...'** નરકનું ઘર કહેવાય એ લ્યો વળી. ઠીક! અહીં ઘર બનાવેને? એમ નરકના ઘર બનાવેલા છે અનાદિના એમ ને એમ. એમાં ઉપજ્યો ઓલો નરકના ઘરમાં. આહા..! આચાર્ય કહે છે. **'નરકકા ઘર અતિ જીર્ણ જિસકે સેંકડોં છિદ્ર હૈં,...'** માખીને પેસવાના હોયને જેમ છિદ્ર. આ મધમાખી. રાજા, મહારાજા, અબજોપતિ, આ મીલના પતિઓ મહા. માછલા મારતા હોય હંમેશા આ હોજમાં સેંકડો માછલા મરે. ઊના પાણી કરેને ઉના ધગ... ધગ... ધગ... ઊના પાણી બહુ હોય. એ પાણી હોજમાં પડે અને હોજમાં માછલા પડે, મીંદડા પડે, કાગડા મરે, મરે બહુ પ્રાણી અંદર. અહીં કહેવાય કે બે કરોડની પેદાશ છે. ઓલો કહે હોળી ત્યાં સળગે છે તારા નામની. પાપનું મોટું કારખાનું બાંધ્યું છે તેં. આ તે પણ જગત તે આંધળું. આંખો મીંચીને કૂવામાં પડે છે.

મુમુક્ષુ :- ઉઘાડીને..

ઉત્તર :- આંખ મીંચીને. જા કૂ થઈને.

ભગવાન! તું પણ કોણ? બાપુ! તારી સંભાળ એક સેકન્ડ પણ કોઈ દિ' કરી નહિ? અને અનંતકાળથી આની સંભાળ, અનંતકાળ થયો તો કાંઈ એક પરમાણુ તારો થયો નહિ. અનંતકાળનો પ્રયત્ન પરમાણુને પોતાના કરવાનો એક પરમાણુ એક પરમાણુ તારા અનંત પ્રયત્નનું ફળ આવ્યું નહિ કે એક પમરાણુ તારો થયો. આહા..હા..! અને આત્મા એક ક્ષણ પોતાની દૃષ્ટિ કરે તો એને આત્માની પ્રાપ્તિ અંદર થતાં અલ્પ કાળમાં એ કેવળજ્ઞાનને પામે. કહો, સમજાણું કાંઈ?

સેંકડો છિદ્ર. નરકનું ઘર કીધું ભાઈ એને. ઓલા ઉપજવાના સ્થાન છેને નારકીના સાત ઉપજવાના સ્થાન છે. આહા..હા..! મોટા રાજા-મહારાજા હોયને એ ત્યાં ઉપજે હોં નારકીમાં.

અને પોણા આઠ ધનુષનો મોટો દેહ એ ત્યાંથી ઉપજ્યા ભેગો નીચે પડે. નીચે એકલી અગ્નિ. એ અગ્નિમાં પડે. હાય.. હાય.. શું છે આ? શું છે આ? પાછો એ આત્મા ઉપર વિચાર નહિ. શું છે આ? આવું જ હશે આ? એકલી અગ્નિ. અને અહીં રાજાના કુંવર. એ મરીને એ શરીર નવું મળ્યું. નરકના ઘરમાં ઉપજ્યો અને પડ્યું નીચે. ઓહો..હો..! નરકગતિ અધોગતિ. એના ઘર આમ અને પડે તો પાછો નીચે પડ્યો. આ અધોગતિ ખરીને શરીર પડે નીચે.

જે દેવ છે. પુણ્યના ફળમાં ઓલામાં શૈયામાં. આમ.. શૈયા પાથરેલી હોયને, ઉપજે પુણ્યના ફળ તરીકે. બહુ પુણ્ય કર્યા હોય ત્યાં ઉપજે. બે ઘડીમાં ઉભો થઈ જાય. ઓહો..! આ શું છે? પછી વિચાર કરે. જો સમ્યગ્દૃષ્ટિ હોય તો... ઓહો..! હું પૂર્વ ભવમાં હતો, મેં ધર્મ સાધન કર્યું પણ અધૂરું રહી ગયું. આ રાગ રહી ગયો થોડો એનું પુણ્ય બંધાણું, એના ફળ તરીકે આ સ્વર્ગ છે. મારું સાધન પૂરું ન થયું. મેં પૂરું કર્યું હોત તો મને ભવ મળત નહિ. આ શું છે? ત્યાં દેવો આવે, અન્નદાતા! આ વિમાન છે, સુધર્મ સ્વર્ગ છે, એના ૩૨ લાખ વિમાનનું આ ૩૧ લાખ અને ૯૯૮મું આ વિમાન છે. આપ ત્યાં મોટા તરીકે ઉપજ્યા છો. આપને ભગવાનની ભક્તિ કરવાની .. ભગવાનના મંદિર હોય ત્યાં. તૈયાર કરો, અરે દેવો! હું સમ્યગ્દૃષ્ટિ જીવ છું. પૂર્વેથી આવ્યો છું. મને આ રાગ રહી ગયો એનું આ ફળ આવ્યું. ચાલો ભગવાનની ભક્તિ કરીએ પહેલી. બધાને હુકમ કરીને ભક્તિ કરે પહેલી. આહા..હા..!

મિથ્યાદૃષ્ટિ દેવ હોય, પુણ્ય બાંધ્યા હોય, મિથ્યાદૃષ્ટિને ભાન ન હોય. એ તો આમ દેખે કે આહા..હા..! આ શું છે? દેવ! આપ તમે અમારા સ્વામી થયા છો. ગૂંચાઈ ગયો એમાં એકાકાર. અરે! લાખો વર્ષ રહી, કરોડો-અબજો વર્ષ રહી અરે... અસંખ્ય અબજ વર્ષ (રહી પાછો પરિભ્રમણમાં ગયો). શાશ્વત પ્રભુ એ ચૈતન્યની સત્તાની દૃષ્ટિની સંભાળ કરી નહિ અને આ બધી સંભાળમાં કહે છે અનંત વાર એ નરકના છિદ્રમાં તું ગયો.

'**વૈસે યહ કાયરૂપી ઘર...**' લ્યો એના જેવું આને બતાવે છે. આ નરકનું મંદિર. '**સાક્ષાત્ નરકકા મંદિર હૈ,...**' જુઓને છિદ્ર છે કે નહિ બધે? આ છિદ્ર છે કે નહિ જુઓને. પરસેવા નીકળે ચારે કોરથી. ભાઈ! અહીં બીજું બતાવવું છે હોં કે તું અંદર જ્ઞાનાનંદ અખંડ પદાર્થ છો, એમાં છિદ્ર-બિદ્ર નથી એમ બતાવવું છે. અખંડ પ્રભુ ચૈતન્યસત્તા આનંદકંદની જ્યોત છે. એને ભૂલીને પર્યાયમાં—અવસ્થામાં વિકાર કરે. વસ્તુ છે એ તો છિદ્ર વિનાની અખંડ પડી છે આમ. સચ્ચિદાનંદ જ્યોતિ આત્મ અખંડ પ્રભુ છે. આ છિદ્રવાળી છે ત્યારે તું છિદ્ર વિનાનો છો. સમજાણું કાંઈ? માટે છિદ્રવાળા ચીજની મમતા છોડ. એ રુચિ તો છોડ, મમતા પછી વળી અસ્થિરતા. અને રુચિ આમ કર કે એક આ ચૈતન્યસત્તા હું આનંદકંદ છું. એકલો જ્ઞાનજ્યોતિથી ભરેલો જ્ઞાનનો દીવડો એકલો છું. સ્વને, પરને પ્રકાશું એવો હું આત્મા છું. એવી દૃષ્ટિ કર તોપણ

ક્રમે-ક્રમે ચારિત્ર થઈને કલ્યાણ થશે.

**'નવ દ્વારોંસે અશુચિ વસ્તુ ઝરતી હૈ.'** લ્યો! આ શરીરમાં નવ દ્વાર. પેશાબ, વિષ્ટા, આંખ, બે કાન, મોઢું, પેશાબ, વિષ્ટા. આહા..હા..! સમજાણું કાંઈ? એ અશુચિ વસ્તુ ઝરે, કાન. બે આ કાન, બે આ. છ અને સાત તો અહીં થયા અને બે એ થયા, વિષ્ટા અને પેશાબ. નવ દ્વાર છે. આ બે થયા કે નહિ આ? બે આ કાન, બે આ છે. ચાર બે આ છે છ અને એક આ મોઢું થઈને સાત અને બે પેશાબ અને વિષ્ટા, નવ દ્વાર છે. મુખ્ય નવ દ્વાર, બાકી આ બધા પરસેવા નીકળે છે, વાળ એના તો ઘણા દ્વાર. આહા..હા..! અમારી મોજ ઉડાડી દે છે આખી. આવા શરીર મળ્યા, એમાં મોજ માની હતી. માખણ જેવા શરીર, બળદ જેવા શરીર હોય મજબુત. એને એમ કે મજા. અરે! મરીને જાઈશ હવે સાંભળને. એ બળદનો થઈશ નારકી. હાય.. હાય..! આંખમાંથી આંસુ ચાલ્યા જશે. રોઈશ... રોઈશ... બાપા! તારા રોણા ભગવાન જાણે અને તું દુઃખને વેદ. એવી દશા ભાઈ! એ આત્માની ઓળખાણ સત્ સમાગમે કોઈ દિ' કરી નહિ. એને પિછાણ્યું નહિ, એની કિંમત કરી નહિ. એની કિંમત કરે તો જગતના પદાર્થની કિંમત ઉડી જાય. એને સુંદર દેખાય તો બીજી સુંદરતા દૃષ્ટિમાં આવે નહિ. આ બીજી સુંદરતા દૃષ્ટિમાં આવતા આ સુંદર આત્મા એની દૃષ્ટિમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'નવ દ્વારોંસે અશુચિ વસ્તુ ઝરતી હૈ.'** કસ્તુરી ઝરે છે એમાંથી? પેશાબ, વિષ્ટા. આહા..હા..! એમાં આ પાછા અત્યારે વ્યાધિઓ થઈ છેને, શું કહેવાય આ? કેન્સર. ચંદુભાઈ! અહીંનું કેન્સર ને અહીંનું કેન્સર ને અહીંનું કેન્સર, છાતીનું, ગુદાનું. આહા..હા..! વળી મોટા પેટ હોય આવડા મોટા તો અંદર કેન્સર કહે. અંદર છે હવે કરવું શું અંદરમાં? હાય.. હાય...! મુદત થોડી. એક જણાને કેન્સર. ૪૮ વર્ષની ઉંમર. ઘણા વર્ષ પહેલાની વાત. દશ લાખ રૂપિયા. નવી પરણ્યો. ડોક્ટર કહે, કેન્સર છે ભાઈ! ભાઈસાહેબ બહાર પાડશો નહિ. ડોક્ટરને કહે, બહાર પાડીશ નહિ. બાયડી નવી છે, પરણ્યો છું નવી હજી અને આ પૈસા દશ લાખ. સમજ્યાને? મોટો વેપાર, ધંધો ધમધોકાર સટ્ટાબજારમાં, ઓલા બજારમાં. આ તો ઘણા વર્ષની વાત હોં. ૩૦, ૩૫, ૪૦ વર્ષ પહેલાની વાત છે. ભાઈસાહેબ! ડોક્ટર કહે (કેન્સર છે). હેં કેન્સર! શું? નહિ નભો. ૪૮ વર્ષ. નવી પરણેલો. શેઠિયાનું કુટુંબ, ઘર, પૈસાવાળા માણસ. વીશાશ્રીમાળી મોટા ગૃહસ્થ ધનાઢ્ય. હવે? ભાઈસાહેબ કહીશ નહિ બહાર હોં. હું ગળી જઈશ હવે. ઘરે છોકરા અને બાયડી રાડ નાખશે. પછી જ્યારે મરવાની તૈયારી આવી ત્યારે ખબર પડી ગઈ બધાને. અરરર! કેન્સર છે. ડોક્ટરે તો ભાઈ કહ્યું હતું મને. પણ હું બહાર પાડું તો તમને દુઃખ થાય. કેન્સર છે. મારી સ્થિતિ પૂરી થવાની છે. કહો, આહા..હા..! ૪૮ વર્ષે ખલાસ દેહ છૂટી ગયો. શું કરે

એમાં?

ઓલો શિવલાલ પાનાચંદ. મોટો કલેક્ટર. ચીમનભાઈ! ત્રણ હજારનો પગાર. મોટો કલેક્ટર અને દિવાન. જયપુરના રાજાનો દિવાન. એને રોગ થયો કોણ જાણે કેવો. નાની ઉંમર. ૪૮ વર્ષની ઉંમર. એવો કોઈ રોગ થયો તો નાની ઉંમરમાં ખલાસ થઈ ગયો. સિવિલ સર્જન મોટો. એવી આબરૂ આમ કપાટના કપાટ પુસ્તક ભર્યા હોય. એ કહેતા હતા કે એકવાર વાંચો તો મને યાદ આવી જાય કે આ પુસ્તકમાં આ લખ્યું છે. એટલી યાદશક્તિ. મોટી પદવી હતીને કાંઈક શું કહેવાય એ? .. મોટી. આપણે આવ્યો હતોને ત્યાં. ૭૭માં વ્યાખ્યાનમાં આવ્યો હતો. કેમ શિવલાલભાઈ! કીધું, કાંઈ આત્મા માટે? પહેલે શરૂઆતમાં નોકરી થઈ સાતસોનો પગાર. પહેલો મહિનાનો સાતસોનો પગાર. પહેલો. પછી તો ત્રણ હજાર ને પાંત્રીસો. જયપુરના દિવાન. કહે મેં વાંચ્યું છે, મહારાજ! પણ આત્મા છે કે નહિ હજી મેં નક્કી નથી કર્યું. આહા..હા..!

વ્યાખ્યાન પૂરું થઈ ગયું પછી એ આવ્યા અને ઓલા છેને મલૂકચંદના બાપ નાગરવેલ. નાગર. નાગર ..વાળા. નાગર છે. એ બેય આવ્યા. વ્યાખ્યાન પૂરું થયુંને બોટાદમાં. સભામાં પાછળથી આવ્યા. ભાઈ કીધું વાંચ્યું છે આત્મા છે એનું કાંઈ? મેં વાંચ્યું છે તો ઘણું, પુસ્તકો ઘણા વાંચ્યા, પણ હજી આત્મા છે કે નહિ એ નિશ્ચયપણું આવ્યું નથી. ચંદુભાઈ! આહા..હા..! હજી તો છે અને વળી કેવો અને કેમ એ પછી. અરરર! આ ૭૭ની વાત છે. સંવત્ ૧૯૭૭. વ્યાખ્યાન પૂરું થયું અને આવ્યા અને મેં પૂછ્યું. આત્માનું કાંઈ? કહે, વાંચ્યું છે, પણ હજી મેં નિર્ણય નથી કર્યો. આહા..હા..! અરેરે! આ જીવન શું કીધું આ? ભિખારા જેવા જીવન. આ રાંકા-રાંકાના રાંકા .. મરી જશે આ બધા. કુદરતી શું થયું, ૪૮ વર્ષે ખલાસ થઈ ગયો. કેવું કાંઈક રોગ અહીંનો આવ્યો. કોણ જાણે હાથ જ આવો થઈ ગયો. એમ ને એમ મરી ગયો. બહુ હુશિયાર, બહુ હુશિયાર હોં. બુદ્ધિ ઘણી હતી. લ્યો આ સરવાળા.

ભાઈ! એ તો બે ઘડીના પડદા, સંધ્યાનો રંગ છે. સંધ્યાનો લાલ રંગ લાગે, એ જ્યાં પાછળ થાય ત્યાં ધબો નમઃ કાળા. એમ આ પુણ્યના ઠાઠ બહારના દેખીને મૂંઝાઈ ગયો. પ્રભુ તારો અંદર પડ્યો છે એની તને ખબર નથી. આનંદનો કંદ અતીન્દ્રિય આનંદનો સુંદર-સુંદર મહેલ અંદર છે. એની તને પ્રીતિ નહિ, એની તને રુચિ નહિ, તેનો તને આશ્રય નહિ, તેનું તને શરણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**નવ દ્વારોંસે અશુચિ વસ્તુ ઝરતી હૈ. ઔર આત્મરામ જન્મ-મરણાદિ છિદ્ર આદિ દોષ રહિત હૈ,...**' ભગવાન અંદર આત્મા અરૂપી ચિદ્‌ઘન અનાદિ-અનંત શાશ્વત (છે) એને છિદ્ર કેવું? એમાં તો અખંડ વસ્તુ છે એ તો. એ તો પર્યાયમાં એણે પુણ્ય-પાપ અને ભ્રમણા ઉભી કરી છે. વસ્તુમાં છિદ્ર-બિદ્ર અને વસ્તુમાં મેલ છે નહિ. એવો ભગવાન

પૂર્ણાનંદ શાશ્વત આ છે. '**છિદ્ર આદિ દોષ રહિત હૈ,...**' છિદ્ર પણ નહિ અને મેલ નહિ. જન્મ-મરણ એ નથી. જન્મ-મરણ એના ક્યાં? અંદર વસ્તુના સ્વભાવમાં ક્યાં છે? જ્ઞાનાનંદ પ્રભુ એની પ્રતીત કર, એની દૃષ્ટિ કર, એને વારંવાર યાદ કર. વારંવાર એને યાદ કર. બધું ભૂલ-ભૂલ, આને યાદ કર. પાંચ વર્ષે ગાળ આપી હોય તો એ યાદ કરે. ખરે ટાણે મને ગાળ આપી હતી આણે હોં. એ ગાળ ગાંઠે બાંધે. પણ ગુણ? આહા..હા..! મારા ગુણની એક સમયની ઝલક ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી મારી તાકાત છે. એવું તને સંભળાવ્યું અને એ ગાંઠે ન બાંધ, રુચિ ન કર કે આ આત્મા આવો છે? એ તો ત્રણ કાળ, ત્રણ લોકને જાણે દેખે, બસ. કોઈનું કરે હરે નહિ એવી શાંતિવાળો ભગવાન આત્મા છે એને સાંભળીને અંદરમાં રુચિની ગાંઠ બાંધી નહિ અને ઓલી ગાંઠું બાંધી. આણે મને અપમાન કર્યું હતું, આણે મને ગાળ દીધી હતી. આહા..હા..!

ખસમાં હતાને બે. સાળો-બનેવી કાઠી હતા. આ ગરાસદાર કહેને કાઠી, સાળો-બનેવી. તે સાળાએ કોક વખતે ગાળ દીધી હશે એના બનેવીને. કોઈ વખતે અપમાન કર્યું હશે. એ વળી એનો બનેવી ખાતો હતો રોટલા. એની બહેન રોટલા કરતી હતી ત્યાં ઓલો સાળો આવ્યો. ત્યાં આણે આદર આપ્યો એના બનેવીએ. આવો-આવો આપા આવો. પણ આવ્યો છરો લઈને આવેલો. સગા બનેવીને. બહેન બેઠી હતી અને બનેવીને મારી નાખવા માટે આવેલો. આને ખબર નહિ રોટલા ખાતો હતો બિચારો. અને એની બહેન રોટલી કરતી હતી. આવો આપા આવો. બેઠા જોડે. છરો (મારી દીધો). એની બહેન આહા..હા..! શું થયું? એકવાર અપમાન કર્યું હતું મારું. હવે પણ જોને. ક્યાં સગ્ગો બનેવી હોં! માર્યો ને ખાતા ખાતા સૂવડાવી દીધો ફડાક દઈને. અહીં જ હશે બધા ઘર જાણે હવે એને રહેવાના. મરી ગયો ઓલો બિચારો. હવે આને પછી શું થયું કાંઈ ખબર નથી. આવા વેર-વિરોધ કરીને ભગવાન! તું કોની સાથે રખડી રહ્યો છો? શું કરી રહ્યો છો તું?

કહે છે, ભગવાન શુદ્ધાત્મા પ્રભુ કેવો છે અંદર? '**ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમલસે રહિત હૈં,...**' એ મળ-મળ. ભગવાન આત્મા અંદર જેને આત્મા કહીએ એ તો ભાવકર્મ નામ પુણ્ય-પાપના રાગથી તો રહિત એ વસ્તુ છે. જડ કર્મ, આઠ કર્મના પરમાણુના અસ્તિત્વથી, હયાતીથી એની હયાતી તદ્દન જુદી છે. નોકર્મ-વાણી, શરીરના પરમાણુની મોજૂદગીથી, ભગવાન! એની મોજૂદગી-હયાતી તદ્દન જુદી છે. એનામાં એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો મેલ એની વસ્તુમાં નથી. આહા..હા..! '**ભગવાન શુદ્ધાત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમલસે રહિત હૈં, યહ શરીર મલ-મૂત્રાદિ નરકસે ભરા હુઆ હૈ.**' એ પાક થાય, એ પરુ થાય, એ લબકારા મારે. પરુ કહતે હૈ ન? ક્યા કહતે હૈ? પરુ નહીં હોતા હૈ? પિત લોહી. લોહીનું સો બિંદવાનું

એક પરુ થાય એમ કહે છે. એ જ્યારે આમ થાય. લબકારા મારે કે હાય.. હાય.. તો એના લબકારા તો જડમાં છે, પણ એની દૃષ્ટિનું અસ્તિત્વ ત્યાં ગયું છે આમ. એ કોકને પગે પટ્ટો બાંધતા રાડ પાડે છે. એ તો ત્યાં થાય છે. ભગવાન આત્મા એ જાણનાર છે, એને જુદો જાણ્યો નથી. એક માનીને બેઠો ત્યાં એની પીડામાં જાણે પીડાઈ ગયો એ. હાય.. હાય.. અરે! મારાથી સહન થાતું નથી હોં.

એક જણાને વાનું દર્દ હતું ભાઈ શેઠિયો. પૈસાવાળો મોટો શેઠિયો. દસ લાખ ચાલીસ હજારની ઉપર મોટી. વા-વા. વા થાય છેને. પછી કહે ગોળી મારો મને હોં. એ મારાથી સહન થાતું નથી. સમજાણું? આ દામોદર શેઠ લ્યોને. દામનગર. એ તો ગુજરી ગયાને. દામોદર શેઠ ભાઈ! ચંદુભાઈ ઓળખો છોને? આ દામનગર નહિ? બહુ વા થઈ ગયો હતો. વાની પીડા. મારાથી રહેવાતું નથી. મને ગોળીએ મારો. કહો આમ ડાહ્યો માણસ કહેવાય લૌકિકમાં બહુ. લૌકિકમાં બહુ (ડાહ્યો ગણાય). પણ એવી પીડા... એવી પીડા... એય..! સુખલાલ! એય..! બંદુકની ગોળી લે હોં! મારાથી આ સહન થાતું નથી. આહા..હા..! એ તો પછી વળી કેટલેક કાળે મટી ગયું. પણ આ સ્થિતિ. બંદુકે માર. પૈસા જુઓ તો દશ લાખ, ચાલીસ હજારની ઉપજ ઘરે, આરબી ઘરે ઘોડા.. વાણિયા દશાશ્રીમાળીના પણ મોટા ગરાસિયા જેવા. એ આ રોગમાં. આહા..હા..! અરે! તને થોડું દુઃખ સહન થાતું નથી? હમણા આવ્યું હતુંને પહેલું ભાઈ! તો મોટા પાપ કરીને મોટા દુઃખ કેમ વ્હોરે છો તું? નાનું દુઃખ તને સહન થતું નથી તો મોટા પાપ કરીને મોટા દુઃખ કેમ લે છો તું? એનો સરવાળો તો કર કાંઈક. આહા..હા..! ભાઈસાબ! આ તો હવે બાવા થાય તો થાય, વળી એક જણો એમ કહેતો હતો. આવી વાત તો બાવા થઈએ એકલા (ત્યારે થાય). હવે બધી પળોજણ પડી. બાયડી, છોકરા હવે અમારે શું કરવું? કાંઈક વ્યવસ્થા રાખવી કે આ બધું ઉડાડી દેવું? નાકને કાપી નાખવું અત્યારે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં .. હતો ધૂળનો? નરકમાં જવાનો આવેગ કર્યો છે. કારણ કે નરકમાં જવું પડશેને. કરો આવેગ પહેલો તૈયાર. ચિતરામણ કર્યું. દાખલો શાસ્ત્રમાં આપે છે કે ભાઈ તારે ભવિષ્યમાં થાવું હોય એવું ચિતરામણ કર. કેવું થાવું છે? તારા પરિણામ કર એવો ભવિષ્યમાં થઈશ. ચિતરામણ તેં કર્યું છે તારા માટે. બીજો કોણ કરતો હતો તને? જેવા પરિણામ કર એવું મળશે તને. ત્યાં ચિતરામણ નારકીનું શરીર, ઢોરનું કે મનુષ્યનું. તારા ચિતરાયેલા ફળ આ છે, કોકે આપ્યા નથી. અને આત્માને ચિત્ર સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન જેણે કર્યા (એને) ભવિષ્યમાં શાંતિ... શાંતિ.. શાંતિ... વળી સ્વરૂપનું અધૂરું સાધન હોય (એ) પૂરું કરીને મુક્તિને પામે. કહો, સમજાણું?

કહે છે, **'યહ શરીર મલ-મૂત્રાદિ નરકસે ભરા હુઆ હૈ.'** ભગવાન આત્મા તો એકલો નિર્મળ આનંદનો પિંડ છે. કેમ બેસે? આહા..હા..! **'ઐસા શરીરકા ઔર જીવકા ભેદ જાનકર...'** જુઓ, શરીર અને જીવની જુદાઈ જાણીને. **'દેહસે મમતા છોડકે...'** હવે એનો પ્રેમ છોડ, એનો પ્રેમ છોડ અને આનો કર હવે અંદર. **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં ઠહરકે...'** આહા..હા..! ભગવાન જેમ નિરંતર તેં પરની પ્રીતિને સાધી છે, એમ નિરંતર હવે અહીં દૃષ્ટિ કરીને નિરંતર એનો વિચાર કર. રાગરહિત અભેદ શાંતિમાં ઠરીને, ભગવાન શાંતસ્વરૂપ છે, પરમ શાંતરસ છે, વીતરાગી બિંબ પ્રભુ આત્મા છે, નિર્દોષ સ્વરૂપ એની દૃષ્ટિ કરીને ઠર. નિરંતર ભાવના. આંતરો પડ્યા વિના ભગવાન આત્માની એકાગ્રતા કરવી જોઈએ. ભાવના એટલે એકાગ્રતા **'કરની ચાહિયે.'** લ્યો! અહીં તો શરીર ઉપર જ માંડ્યું મુનિએ.

અહીં માલને મીંઢવે છે. માલ નથી મેળવતો? કે આ માલ સારો છે અને આ ખરાબ છે. લાવે કે નહિ આ? બાજરો, જુવાર હાથમાં લઈને કહે, આ માલ ઉંચો લાગે છે. માલ લેવા જાય ત્યાં બાજરો, જુવાર. તો કહે છે અહીં તો મીંઢવ કે આ જડ છે અને ઓલું ચૈતન્ય છે. બેમાં કયું સારું છે જો તો ખરો. એય..! ન્યાલભાઈ! વાણિયો માલ લેવા જાય તો કેટલી તપાસ કરે? આહા..હા..! ઘીની માટે પોળો નાખે નીચે છેક. મણ ઘી હોયને ડબો? ઘીનો. એટલે ઉપરથી નાખે તો પોળો લે. પોળો સમજ્યાને? એક પળી મોટી. નીચે નાખે છેક. નીચે કીટું છે કે નહિ લાવો ઉપરથી. એટલી તપાસ કરે. ઉપર સારું અને નીચે અંદર કીટું હોય તો? કીટું એટલે કચરો. છેક તપાસ કરે. આહા..હા..! એલા! આમાં કાંઈ અંદરમાં ગયો? શું છે આમાં મેલ કે નિર્મળ શું છે એની તપાસ કરી?

એટલે કહે છે કે હવે આત્માનો વિચાર કર, મનન કર, સત્સમાગમે એની પિછાન કર અને એમાં ઠર. એ કરવા જેવું છે. અને આ પ્રીતિ છોડ. કારણ કે એ તો એકવાર ફૂ થઈને પડ્યું રહેશે સ્મશાનમાં. અરરર! એ કાંઈ સાથે આવે એવું નથી. અને અત્યારે તારું એ નથી. માટે આત્માની ઓળખાણ કરીને સમજણ કરવી એ વાત વિશેષ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૫, રવિવાર, તા. ૧૮-૦૭-૬૫**
**ગાથા-૧૫૦-૧૫૧, પ્રવચન-૧૭૩**

પરમાત્મપ્રકાશ. યોગીન્દ્રદેવ દિગંબર મુનિ લગભગ ૯૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં થયા છે. એમણે આ પરમત્મપ્રકાશ આત્માના હિતને માટે બનાવ્યું છે. ૧૫૦ ગાથા. ૧૪૯ થઈ ગઈ. '**આગે ફિર ભી દેહકી મલિનતા દિખલાતે હૈં**—' જુઓ, શું કહે છે? આ દેહ છે, બીજી ચીજો તો ક્યાંય દૂર રહી, પણ આ દેહ જ પોતે અશુચિ, પાપ અને દુઃખનો ઢગલો છે. દુઃખ-દુઃખમય દેહ. ભગવાન આત્મા અંતર આનંદની મૂર્તિ છે એની અહીંયા રુચિ કરાવે છે. ભાઈ! આત્મા સિવાય બીજી ચીજ તો બાહ્ય રહી. સ્ત્રી, કુટુંબ, પરિવાર કે લક્ષ્મી એ તો પરપદાર્થ છે. બહાર બહુ દૂર છે. આ તો નજીક છે એ દેહ પણ મલિન અને પાપ અને દુઃખરૂપ છે. અને તારો આત્મા જ આનંદ અને સુખરૂપ છે. એમ દેહથી ભિન્ન કરી અને આત્માની દૃષ્ટિ કરીને આત્માનો અનુભવ કર, તો તને જન્મ-મરણ મટશે અને દુઃખનો નાશ થશે. એમ ૧૫૦માં બતાવે છે.

૨૮૧) दुक्खइँ पावइँ असुचियहँ ति-हुयणि सयलइँ लेवि।
एयहिँ देहु विणिम्मियउ विहिणा वइरु मुणेवि।।१५०।।

'**તીન લોકમેં...**' '**दुःखानि पापानि अशुचीनि**' '**જિતને દુઃખ હૈ,...**' એટલા દુઃખથી કર્મરૂપી વેરીએ આ શરીર બનાવ્યું છે. કર્મરૂપી વેરી. આત્મા અરૂપી, કર્મ જડ અજીવ. બે વિરોધી છે એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ અરૂપી ચૈતન્યઘન, ત્યારે કર્મ જડ અજીવ રૂપી. એ બેને વેર વિરોધ છે. તો કહે છે કે ભગવાન આત્મામાં... આ શરીર જે દેખાય છે એ પૂર્વે એણે વિકારભાવ આત્માના સ્વભાવથી વિરુદ્ધ વેરભાવ કરેલો. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એની દૃષ્ટિ છોડીને એકલા પુણ્ય અને પાપના ભાવ કર્યા એ ખરેખર શુદ્ધ સ્વરૂપથી વિરોધી વેર છે. સમજમેં આતા હૈ? એ શુભાશુભભાવ વેર હૈ, દુશ્મન હૈ. ઉસસે કર્મ બંધા તો ઉસકો યહાં વેરી કહનેમેં આયા. આહા..હા..! ન્યાલભાઈ!

આ દુઃખ(મય) શરીર છે, જેટલા દુનિયામાં દુઃખ છે એનાથી આ બનેલું છે. જેટલા દુનિયામાં પાપ છે એનાથી આ શરીર પાપથી બનેલું છે. જુઓ, ખુબી શું કરે છે? પુણ્ય અને પાપ બે ભાવ આત્માના સ્વભાવથી વિરુદ્ધ હતા એ ખરેખર તો બેય પાપ છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ દેવનું તો શરીર છે.

ઉત્તર :- હા, પણ એ દેવનું શરીર, દેહનું શરીર એ બધું પાપ જ છે. પાપના પરિણામથી ઉત્પન્ન થયેલું કર્મ અને કર્મથી થયેલું શરીર. એટલે આ આખું શરીર, પુણ્ય અને પાપના ભાવ એ દુઃખમય છે, એનાથી થયા કર્મ અને એનાથી થયું શરીર. માટે આ શરીર એકલું દુઃખમય છે. આહા..હા..! કોનો પ્રેમ કરવો છે તારે? કહે છે. ધર્મ કરવો છે કે નહિ? ધર્મ કરવો હોય, સુખી થવું હોય તો ભગવાન આત્મા દેહની ચિંતા છોડી દે. એ ચિંતા દ્વારા દેહ રહેશે નહિ. દેહ તો એની સ્થિતિએ રહેશે. તારી ચિંતા કર. ચિંતવન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ... લેશે બેય અરસ-પરસ કે આ દેહ, વેરી એવા પુણ્ય-પાપના ભાવ દુઃખ એથી બન્યું કર્મ અને એણે બનાવ્યું શરીર. માટે શરીર એકલું દુઃખનું પૂતળું છે. આહા..હા..!

મુમુક્ષુ :- પહેલું સુખ તે જાતે નર્યા.

ઉત્તર :- ધૂળમાંય વાત નથી. અજ્ઞાનીઓએ ગપ્પા માર્યા છે બધાય. પહેલું સુખ તે જાતે નર્યા. શરીરમાં નિરોગતા હોય તો સુખ. સુખ મૂઢમાંય નથી. આ તો જડ-માટી છે. આ તો માટીરૂપી પુદ્ગલ છે. એમાં નિરોગતા સુખ ક્યાંથી આવ્યું? અહીં તો કહે છે કે શરીરની નિરોગતા એ પણ દુઃખનું પૂતળું છે. એમ કહે છે. કારણ કે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવવાળું તત્ત્વ છે. આહા..હા..! અને આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એવા પુણ્ય અને પાપ એનાથી નિપજેલું છે. એનાથી નિપજ્યું છેને? કાંઈ આત્માના ધર્મથી શરીર નિપજે નહિ. આત્મા તો શુદ્ધ ચિદાનંદ એની દૃષ્ટિ અને એનું જ્ઞાન કરે તો એનાથી કર્મ બંધાય નહિ અને એનાથી શરીર મળે નહિ. સમજાણું કાંઈ? હવે આ શરીર આવું એને બહારની તો વાત પણ ક્યાં કરવી? પૈસા, બાયડી, છોકરા ક્યાંય રહી ગયા ધૂળ ઉકરડા. આ તો અહીં દુઃખમય કહ્યુંને એટલે પછી આ ઉકરડો કીધો દુઃખમય તો એ તો ઉકરડો. ઉકરડા કહતે હૈ ન પંડિતજી! કચરેકા ઢેર, કચરેકા ઢેર. કચરેકા ઢેર હોતા હૈ ન ઉસકો યહાં ઉકરડા કહતે હૈ. કચરેકા ઢેર હોતા હૈ. સમજાય છે કાંઈ? આ દુઃખનો ઢેર છે એમ કહે છે.

પરમાત્મ પ્રકાશ મહા સંત મુનિ દિગંબર જંગલમાં વસનારા, આત્માના આનંદની અનુભૂતિ, આત્માના આનંદની અનુભૂતિમાં વિશેષ અંતરમાં સ્વસંવેદન શાંતિમેં ઝૂલનેવાલા. એ મુનિ જંગલમાં લઈને આ દુનિયાના હિત માટે જરી આ શાસ્ત્ર કર્યું. અરે! જીવો! આ શરીર જ એકલું દુઃખમય છે. પછી સામે પાઠ આટલો છે. સામેથી કાઢશે ટીકા. અને આ શરીર જ એકલું પાપનું પૂતળું છે. આ દુઃખી વખતે નહિ હોં જેચંદભાઈ! રોગ હોય એ વખતે નહિ. નિરોગ અને રોગ બધા વખતે એ એકલું દુઃખમય જ છે એમ કહે છે. નિરોગતા વખતે પણ આ શરીર તો દુઃખમય જ છે. કેમકે ભગવાન આત્મા પોતાના આનંદને ભૂલી અને જેટલો પુણ્ય-પાપ કર્યો

હતો એટલું કર્મ બંધાણું, એના ફળરૂપે શરીર (મળ્યું). માટે એ આત્માથી આત્મા આનંદ અને ત્યારે આ દુઃખરૂપ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- આમ તો સાહેબ કહેવત છે કે શરીરે સુખી તો ...

ઉત્તર :- એ તો ભાઈએ કહ્યું હમણા. સાંભળ્યું નહિ તમે. એ તમને ગરી ગયું છે અંદર લાકડું. 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે.' અહીં તો કહે છે, શરીરે સુખી જે છે એ શરીર પોતે દુઃખનું પૂતળું છે એમ કહે છે. ધૂળમાંય સુખ નથી. સુખ તો ભગવાન આત્મામાં એનું સમ્યગ્દર્શન કરતાં એની પ્રતીત કરતા જે આનંદ આવે એ આનંદ ત્રણ કાળમાં બીજા વિષયોમાં છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવું ચિદાનંદ સ્વરૂપ એની અંતર દૃષ્ટિ, વિશ્વાસ કરતાં, ભરોસો કરતાં, ભરોસે ભગવાન તરી જાય છે અંદરમાંથી. પર્યાયમાં આનંદની દશા પ્રગટ થતાં જેના આનંદના સ્વાદની પ્રતીત આગળ આખી દુનિયા જેને તુચ્છ લાગે. આહા..હા..! સમજાણું કાંઈ? તીર્થંકરના સમવસરણ પણ જેને સમ્યગ્દર્શનના આનંદ આગળ તુચ્છ... તુચ્છ... તુચ્છ... (લાગે છે). આહા..હા..!

ભગવાન આત્માથી આ શરીર વિરુદ્ધ દુઃખ છે, પાપ છે, અશુચિ વસ્તુ છે. એકલી અપવિત્ર વસ્તુથી ભરેલું. વિષ્ટા, લોહી, હાડકા, ચામડા. એક શેરડી-શેરડી. ગન્ના. ગન્ના હોતા હૈ ન ગન્ના? એની એક છોલ કાઢે છોલ ઉપરથી જરી. છાલ ક્યા કહતે હૈ? ઉપરથી એક સહેજ કાઢે થોડી. એટલી એક ચામડી ઉતરડીને આ શરીરને ઉભું રાખે તો થૂંકવા ઉભા ન રહે. જૈસે વહ શેરડી-ગન્ના. ગન્નાની છાલ હોતી હૈ ન છાલ? છાલ નિકાલ દે તો ધોળી દેખાય. એટલી છાલ અહીં કાઢી નાખે ઉપરથી જરી. દુર્ગંધમય. દુર્ગંધમય એક છોલ નિકાળે આ ઉપરની ચામડીનું. આ ચામડીની છાલનું લૂગડું, કપડું છે. એટલું જરી કાઢે ઉપરથી.... ભગવાન! તારા આનંદથી, આ પવિત્રતાથી આ વિરુદ્ધ વસ્તુ છે. એ વેરીએ બનાવ્યું છે એમ કહેશે હમણા. એ કર્મરૂપી વેરીએ આ તને પંજામાં નાખવા બનાવ્યું છે. આહા..હા..!

**'सकलानि'** **'ઉન સબકો લેકર...'** **'સબકો લેકર...'** એટલે? દુનિયાના જેટલા દુઃખ, દુનિયાના જેટલા પાપ, દુનિયામાં જેટલી અપવિત્ર ચીજ એ બધીને ભેગી કરી આ **'મિલે હુઓંસે વિધાતાને...'** નામ કર્મે **'વૈર માનકર શરીર બનાયા હૈ.'** આ ઉપમા અલંકાર આપી છેને. એ કર્મ તેરા વૈરી હૈ. એ કર્મ વેરીએ આ શરીર બનાવ્યું છે. ભગવાન આત્મામાં એ શરીર છે નહિ. કહો, સમજાણું કાંઈ? તો શરીરની કોઈપણ ક્રિયા એ જડની છે. અને શરીરની કોઈપણ પર્યાય પણ દુઃખરૂપ છે, પાપરૂપ છે અને અશુચિ (છે). એમ ત્રણ ઉપમા આપી. સમજાણું કાંઈ? આ શરીરથી કાંઈક કરી લઈએ, શરીરથી, પણ શરીર જ દુઃખરૂપ, પાપરૂપ

અને અશુચિ છે. શું તારે કરવું છે શરીરથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ ના પાડે છે. સાધન તો તારા સ્વભાવમાં છે. આ તો જડ-માટી છે. આહા..હા..!

ભગવાન જ્ઞાનમૂર્તિ સચેતન ચૈતન્યસૂર્ય છે. ચૈતન્યસૂર્ય અનાકુળ આનંદનો કંદ તારી દૃષ્ટિ પડતા એ પરમાત્મા તને ભાસે. એવો એ આત્મા, એનાથી આ વેરી કર્મે આ (શરીર) બનાવ્યા તારા માટે, પંજામાં નાખવા જેલમાં. પણ અહીં શરીર મળે એટલે ખુશી... ખુશી... ખુશી... ખુશી... રાજી-રાજી થઈ જાય શરીર કાંઈક ઠીક હોય તો. દુનિયાથી ભાઈ વિરુદ્ધ વાત છે આ. જુઓ, કહો, આ વેરી કર્મે તારો વેર માની, તારા શત્રુએ વખત જોઈ અને આ બનાવ્યું છે.

'**ભાવાર્થ :- તીન લોકમેં જિતને દુઃખ હૈં,...**' જુઓ, હવે ટીકા. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ. ત્યારે ત્રણ લોકના જેટલા દુઃખો એ બધા શરીરના રચાયેલા છે. એ શરીર જ દુઃખમય છે એમ કહે છે. '**ઉનસે યહ દેહ રચા ગયા હૈ,...**' દુઃખથી દેહ રચ્યો છે. શાસ્ત્રમાં આવે છેને કુંદકુંદાચાર્ય અષ્ટપાહુડમાં. એક અંગુલમાં છન્નું રોગ. અષ્ટપાહુડમાં આવે છે. કુંદકુંદાચાર્ય મહારાજ અષ્ટ પાહુડ છેને શાસ્ત્ર? એમાં છે ભાવપાહુડમાં. એક અંગુલમાં છન્નું રોગ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજા અંગુલમાં બીજા છન્નું રોગ?

ઉત્તર :- અહીં છન્નું... અહીં છન્નું... અહીં છન્નું... અહીં છન્નું... છે કે નહિ? એય..! અષ્ટ પાહુડ છે? શું છે? એ પાઠ છેને. લખ્યું હશે મોઢા આગળ કાંઈક. ભાવપાહુડમાં છે ઘણું કરીને. સમજાણું કાંઈ? આ શરીર આખું સાડા ત્રણ હાથનું લાંબુ એના એક એક તસુએ છન્નું રોગ. એવા આખા શરીરમાં એક-એક તસુએ એક-એકમાં છન્નું... છન્નું... છન્નું... બધા. એકલા છન્નું એમ નહિ.

મુમુક્ષુ :- આખા શરીરમાં એક છન્નું એમ નહિ?

ઉત્તર :- એમ નહિ. આહા..હા..!

આચાર્ય મહારાજ પરમાત્મસ્વરૂપ બતાવે છે. ભાઈ! પરમસ્વરૂપ તું છોને અંદર. ત્રણ લોકનો નાથ તારા એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો તું અને તું આ શરીરની ક્રિયા મારી અને એ મને સુખ આપશે, એ માનીને ભ્રમણામાં પડ્યો છો. મૂઢતામાં નિગોદમાં જઈશ ચાર ગતિમાં. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીરને સારું એટલે જાણે શું કરી લઉં? બટકા ભરી લઉં? કે આમાંથી ખાઈ લઉં? કે શું કરું જાણે અંદરથી? અરે ભાઈ! આ શરીર તો એકલા દુઃખનું પૂતળું છે. એ વેરીએ દુઃખની મૂર્તિ બનાવી છે તારે માટે.

મુમુક્ષુ :- મમતા ઉઠાડવા માટે કહ્યું છે કે ખરેખર એમ છે?

ઉત્તર :- ખરેખર જ છેને. શું છે? આત્માના આનંદથી આ વિરુદ્ધ છે.

'**ઉનસે યહ દેહ રચા ગયા હૈ, ઉસસે દુઃખરૂપ હૈ,...**' માટે આ શરીર દુઃખરૂપ છે. '**ઔર આત્મદ્રવ્ય...**' ભગવાન આત્મા '**વ્યવહારનયકર દેહમેં સ્થિત હૈ,...**' હવે ગુલાંટ મારીને પોતે વાત કરે છે. હવે આત્મા કાઢ્યો એમાંથી. જેમ કુંદકુંદાચાર્ય મહારાજ ૭૨ ગાથા બનાવી કર્તાકર્મની. અશુચિ, વિપરીત, દુઃખ. તો એમાંથી ત્રણ બોલ અમૃતચંદ્રાચાર્યે કાઢ્યા કે શુચિતં. આત્મા શુચિ, ચૈતન્યસ્વરૂપ અને સુખરૂપ. એ ત્રણ પાઠમાં ત્રણ છે અને એમાંથી અમૃતચંદ્રાચાર્યે બીજા ત્રણ કાઢ્યા અંદરથી. અહીં આચાર્ય મહારાજ (એ જ કહે છે). એ શૈલી બધી સમયસારની શૈલી જે છે એ તો અલૌકિક! એના કર્તા અમૃતચંદ્રાચાર્યે ટીકા અલૌકિક (કરી)! મહાસંત દિગંબર મુનિ જંગલમાં રહેનારા એ આત્મધ્યાનમાં મસ્તીમાં પડ્યા હતા. એ વિકલ્પ જરી આવી ગયો. કર્તા-બર્તા વિકલ્પના નહોતા. એ પુસ્તક બની ગયું જગતના હિત માટે. વિકલ્પ આવ્યો, બની ગયું. પુદ્‌ગલથી બની ગયું. એના કર્તા એ આત્મા નથી. સમજાણું કાંઈ?

'**તીન લોકમેં જિતને દુઃખ હૈં, ઉનસે યહ દેહ રચા ગયા હૈ, ઉસસે દુઃખરૂપ હૈ,...**' એમ કહે છે કે આખી દુઃખની મૂર્તિ, તારી નજર છોડી દે એના ઉપરથી. અંદર ભગવાન આત્મા આનંદમૂર્તિ વ્યવહારે શરીરમાં રહ્યો એમ કહેવાય છે. જુઓ, '**દેહમેં સ્થિત હૈ, તો ભી નિશ્ચયનયકર...**' યથાર્થ દૃષ્ટિથી જોઈએ '**દેહસે ભિન્ન નિરાકુલસ્વરૂપ સુખરૂપ હૈ,...**' ભગવાન આત્મા પુણ્ય-પાપના ભાવ એ બેય આકુળતા-આકુળતા છે, દુઃખરૂપ છે. એ પુણ્ય-પાપના ભાવ બેય આકુળતા અને દુઃખરૂપ છે. ભગવાન આત્મા અનાકુળ છે. જુઓ, ભાવપાહુડ. ગાથા-૩૭ છે.

एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।
अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।

'**ઈસ મનુષ્ય કે શરીરમેં એક-એક અંગુલ મેં છયાનવે-છયાનવે રોગ હોતે હૈં,...**'

મુમુક્ષુ :- કેટલામી ગાથા?

ઉત્તર :- ૩૭. ભાવપાહુડની ૩૭મી. કુંદકુંદાચાર્ય મહારાજ મહાસંત દિગંબર મુનિ ધર્મના ધુરંધર થાંભલા એમણે આ કહ્યું કે અરે! ભાઈ! દેખ. બીજી ચીજ તો વળી ક્યાંય રહી ગઈ. આ દેહ એક '**શરીરમે એક-એક અંગુલ મેં...**' છે?

एकैकांगुलो व्याधयः पण्णवतिः भवंति जानीहि मनुष्यानां।
अवशेषे च शरीरे रोगाः भण कियन्तः भणिताः।।३७।।

બીજા આખા શરીરમાં કેટલા રોગ છે ભાઈ! તું ગણને. એમ કહે છે. આહા..હા..! સમજાણું

કાંઈ? ભગવતી આરાધનામાં એક અહીં મૂક્યું છે. પાનું-૩૭૫ છે. એમાં કાંઈક રોગ કીધા છે. એમાં કાંઈક કહ્યા છે. સમજાણું? એક આંગુળ મૂકો એમાં છન્નું રોગ. એ બીજે આંગળે છન્નું, ત્રીજે છન્નું, ચોથે છન્નું. આને આટલાને આંગળ કહેવાય. એમાં છન્નું રોગ. એવા-એવા આખા શરીરમાં એક-એક આંગળીએ છન્નું રોગ. ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ પંચ મહાવ્રતધારી સંત દિગંબર મહંત એની વાણી પંચ મહાવ્રતવાળી સત્ય વાણી છે. સમજાણું કાંઈ? એ કહે છે કે જો આ શરીરમાં આવા રોગ ભર્યા. તને શરીરનો પ્રેમ! આ પર જડ, માટી, ધૂળ સ્મશાનની રાખ. સ્મશાનની રાખ એમાં તને પ્રેમ અને ભગવાન અમૃતનો પિંડ તું એમાં તને પ્રેમ નથી. આહા..હા..! કહો, શશીભાઈ! કહે છે... સમજ્યાને? ત્યાં તો પછી એમ કહેવું છે હે જીવ!

**ते रोया वि य सयला सहिया ते परवसेण पुव्वभवे।**
**एवं सहसि महाजस किं वा बहुएहिं लविएहिं।।३८।।**

શું તને કહેવું વધારે? આવા દુઃખો તેં અનંતવાર સહન કર્યા. એક આત્માના સમ્યગ્દર્શન વિના. આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ એની અંતર અનુભવ પ્રતીત કર્યા વિના, અનંતવાર જૈન સાધુ દિગંબર પણ ક્રિયાકાંડી અઠ્યાવીશ મૂળગુણવાળો પાળીને અનંત વાર થયો. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. એ આવે છેને, છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકારભાવ રહિત એવી અખંડાનંદ મૂર્તિ, એનો તને પ્રેમ અને રુચિ, દૃષ્ટિ તેં કરી નથી. એની રુચિ દૃષ્ટિ કર્યા વિના તેં આવા રોગો અનંત વાર.. આહા..હા..! અનંત ભવમાં અનંત વાર સહ્યા. '**હે મહાયશ!**' એમ તો ઉપમા આપે છે. સાધુને કહે છેને. હે મહાયશ! આ તેં અનંતવાર સહન કર્યું. હવે તો આત્માના આનંદનો અનુભવ કર, અતીન્દ્રિય આનંદનો અનુભવ અને એ અનુભવ જ મોક્ષનો માર્ગ છે. એ સિવાય કોઈ (મોક્ષનો માર્ગ નથી). 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ બનારસીદાસનો કળશ છે. સમયસાર નાટક. કહે છે કે હવે તો હે મુનિ! મહાયશ! '**ઈસપ્રકાર હી ફિર સહેગા, બહુત કહને સે ક્યા?**' લ્યો! ત્યાં પણ પછી ગર્ભવાસમાં અવતરશે એવી વાત ઘણી લીધી છે, ભાવમાં. સમજાણું?

કહો, હવે આ શરીર સારું? આ મોટું સારું? જેટલું મોટું એટલા વધારે રોગ હશે? આંગળા ભરે તો? કહે છે. આહા..હા..! ભગવાન આત્મા નિશ્ચયથી ભગવાન દેહથી ભિન્ન છે. ભાઈ! તેં તારી કિંમત ન કરી. તને તારી કિંમત કરતા ન આવડી, કરતા ન આવડી. આહા..હા..! એક ગરીબ માણસ હતો ગરીબ. ગરીબ પહેલા તવંગર હશે ગૃહસ્થ લોકો. પછી નિર્ધન થઈ ગયા. એમ કરતાં... કરતાં... એક પેટી હશે આ પટારો-પટારો. એ જૂનો પટારો હશે. એ પટારો

ગોતતા-ગોતતા એક હાર નીકળ્યો મોતીનો હાર. આમ અત્યારે નિર્ધન થઈ ગયેલા. પહેલા ગૃહસ્થ. અને પહેલાનો એક હાર પડેલો. કોણ જાણે જૂના ગોદડાની નીચે નીચે. એ હાર બહાર કાઢ્યો. મોતીનો હાર હતો. હવે એણે તો બહાર હાર કાઢ્યો એટલે એક જણો ઝવેરી તરત મળ્યો એટલે સાત હજારે માગ્યો તો સાત હજારે આપી દીધો. સાત હજાર. આને તો કાંઈ કિંમત ન મળે અને આપણે તો ગરીબ માણસ અને સાત હજાર તો મળ્યા. મોતીકા હાર. બીજા ઝવેરીએ જોયું કે અરે! આ તો ભાઈ તેર હજારે દેવો છે? ઓલા સાત હજારવાળાને કહે છે. તેર હજાર. ત્રીજા એક ઝવેરીએ જોયું કે એલા વીસ હજારે દેવા છે. વીસ હજાર. ચોથા ઝવેરી પાસે ગયા કે એલા સાંઇઠ હજારે દેવો છે? સાતથી સાંઇઠ આવ્યા. એવો મોતીનો હાર. કિંમત નહોતી. કિંમત એને નહોતી ગરીબ માણસને. આપણે પહેલા ગૃહસ્થ હતા અને કાંઈક જૂનો પડ્યો હશે. સાત હજાર આવ્યા એટલે તો આમ ખુશી-ખુશી થઈ ગયા. પણ જેની કિંમત ઝવેરીએ ૬૦ હજાર આપી. દેવીદાસ ઘેવરીયા કહેતા. અહીં પોરબંદરવાળા. આ હાર આવો જેને કિંમત નથી એણે સાત હજારે આપી દીધો. અને ગૃહસ્થ પાછો સારો એક ઝવેરીએ ૬૦ હજારે લીધો. ૬૦ હજારે લીધો. એ વળી વેચશે કેટલાયે?

એમ જેને આ આત્મા અંદર કોણ છે એની કિંમત (નથી). પટારા નીચે અંદર પડ્યો છે આખો. ઉંડો-ઉંડો શરીર વિના, પુણ્ય-પાપના ભાવ વિનાનો એકલો ચિદાનંદ હાર પડ્યો છે. એને આ એક વિષય અને પુણ્ય અને પાપમાં વેચી નાખે છે. જાવ પાપ. બહુ તો પુણ્ય... પુણ્ય... પુણ્ય કર્યુંને? દયા, દાન, વ્રત કર્યા કે ઓહો..હો..! બહુ કર્યું જાઓ. વેચી નાખ્યો પણ ભાઈ! તારી કિંમત, ભગવાન કહે છે કે એ અનંતા પુણ્ય તું ભેગા કર તો એ પુણ્યે મળે એવો નથી. એવી એ ચીજ છે.

ભગવાન આત્મા જેની અંતર નજર કર્યે, નિર્વિકલ્પ દૃષ્ટિ કર્યે પ્રાપ્ત થાય એવો એ આત્મા છે. એની કિંમત તો ઘણી ભરવી પડશે. ત્યારે એ આત્મા પ્રાપ્ત થાય છે. એવો ચિંતામણિ તું અને તને તારી કિંમત ન મળે અને આ પુણ્ય-પાપની કિંમત. કાંઈક પુણ્ય કર્યા તો બહુ કર્યું, પાપ કર્યા તો આ કર્યું. અમે હુશિયાર થયા ને આ કર્યું. બાપા! શરીર જ દુઃખ અને પાપમય છે એમાં તું કોને માટે વખાણ કરે છો? ઓહો..હો..! શું કરવું આ? છોટાભાઈ! આવું સાંભળીને પછી દુકાનમાં નકામા થઈ જશું.

એક ડોક્ટર કહેતા. રતિભાઈ ડોક્ટર છેને, સર્જન નહિ? આ મોટા. બે-ત્રણ દિ' સાંભળ્યું ૯૫ની સાલમાં ત્રણ દિ'. આ મહારાજ કહે છે એ જો સાંભળીએ અને સમજવા જઈએ. આ દુનિયાના નકામા થઈ જશું. દુનિયાના નકામા. આપણે ધંધો કરી શકશું નહિ. ત્યારે આ કહે કાંઈ કરી શકાય નહિ. કીધું એક રજકણ ફેરવી શકાય નહિ ત્રણ કાળમાં. આંખની પાંપણ

ફરવી આમ-આમ એ તારા અધિકારની વાત નથી. એ જડની ક્રિયા છે.

મુમુક્ષુ :- સાંભળીને શાંતિ ઘણી થાય છે.

ઉત્તર :- હા, છોટાભાઈ! એને ઉદ્દેશીને તો કહીએ છીએ. પહેલા બાલુભાઈ હતા તો બાલુભાઈને કહેતા. એ અહીં બેસતા. હસીને સાંભળતા હોં ખુશી થઈને કે આહા..હા..! આવું કોઈ દિ' (સાંભળ્યું નહોતું). મરી ગયા કહે આખી જિંદગી. કરી કરીને નકામી જિંદગી ગઈ. નકામી જ ગઈ અને થોથા ગયા અને વળી રાજી થાય છે પાછા. કાંઈક તો મેળવ્યું. પચાસ લાખ મેળવ્યા, દસ લાખ મેળવ્યા, ધૂળ લાખ મેળવ્યા. હવે શું ધૂળ છે. આ શરીર જ, કહે છે કે એકલું દુઃખનું પૂતળું અને તું તો નિરાકુળતા સુખસ્વરૂપ છો. આત્મા એને કહીએ. આત્મા પુણ્યવાળો નહિ, કર્મવાળો નહિ, શરીરવાળો નહિ.

મુમુક્ષુ :- વ્યવહારનયે કહેવાય.

ઉત્તર :- વ્યવહારનયે એટલે? એક સમયનો જાણવા માટે. વ્યવહારનયે કહેવાય. એક સમયની પર્યાય. એનો જ્ઞાન, દર્શન અને વીર્યનો જે ઉઘાડ વર્તમાન એક સમયનો છે એ પણ વ્યવહારનયે આત્મા કહેવાય. આહા..હા..! નિશ્ચયે આત્મા ત્રિકાળી અનાકુળ આનંદનો કંદ છે તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! એની દૃષ્ટિ કર તો સમ્યક્ થાય તો તને સુખ મળે એવું છે. નહિતર સુખ ત્રણ કાળમાં ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? લ્યો! એક બોલ થયો.

ભગવાન '**દેહસે ભિન્ન નિરાકુલસ્વરૂપ સુખરૂપ હૈ,...**' એકલો સુખનો પિંડ, સુખથી રચાયેલો પ્રભુ આત્મા, સુખનો સાગર અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. અતીન્દ્રિય આનંદથી ઘડેલો આત્મસ્વભાવ છે. આહા..હા..! ભગવાન અકૃત્રિમ પદાર્થ અનાકુળ આનંદ છે. એની પ્રીતિ અને રુચિ કર, આ ધૂળના પાપના આ દુઃખમય શરીરની પ્રીતિ છોડી દે. આહા..હા..! જુઓને આ કળશા થાય ઝાડા-ઝાડા. સંકડો ઝાડા હોં સેંકડો ઝાડા. ઓહો..! પાલેજમાં એક બાઈને જોઈ હતી તો દસ-દસ મિનિટે, પા-પા કલાકે ઝાડા બિચારીને. ગરીબ થઈ ગયેલી કોણ જાણે, અમારી દુકાનની પાછળ ઉભી હતી. એકલી પણ ઝાડા... ઝાડા... ઝાડા... કોઈ માણસ બહુ ન નીકળે એટલે એકલી પણ દશ-દશ મિનિટે બેસવું પડે. ઝાડા આમ ચાલ્યા જાય. ગંધાય. ઝાડા સમજતે હૈ? દસ્ત. ક્યા કહતે હૈ? ટટ્ટી. ચાલ્યા જાય.

અરે..! એ તો શું આ પારેખ, મનસુખ પારેખ હતાને ભાઈ રાજકોટ. ઝાડા. એને છેલ્લો રોગ થયેલો. મસ્જિદ પાસે રહેતા. છેલ્લે દર્શન કરવા માટે બોલાવ્યા હતા. પણ એને એ બેસતા અમથા અને તરત બેસે ત્યાં એક ઓલું દસ્ત. અહીંથી અહીં જાય અને અહીંથી આમ. સેંકડો ઝાડા અને ગંધાય. એ ગંધાય ગંધ... ગંધ... મરવાની તૈયારી હતી. આમ બેઠા હતા. આમ તો બેઠા હતા પણ હવે... એ ઝાડા અંદરથી દસ્ત ગંધાય. હવે આ બધી ગંધની મૂર્તિ અને

ગંધ વિનાનો ભગવાન આનંદકંદ પ્રભુ એની તને શ્રદ્ધા અને રુચિ ન મળે અને આના પ્રેમમાં ફસ્યો, કહે છે, ચોર્યાસીના અવતારમાં જઈશ. સમજાણું કાંઈ? ધર્મચંદજી! કૌનસે ઈંજેક્શન સે કૈસા દુઃખ મટતા હૈ? અહીં કહે છે કે એ દુઃખમય જ છે. આ ઈંજેક્શનથી નિરોગતા થાય તો એ નિરોગતા દુઃખમય છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એના ઉપર લક્ષ જતા..

ઉત્તર :- એના ઉપર લક્ષ જતા રાગ થાય છે અને રાગ તે દુઃખરૂપ જ છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ધૂળેય નથી એને સાધન બનાવે ધૂળમાં. એક વાત.

બીજી વાત. '**તીન લોકમેં જિતને પાપ હૈં,...**' ત્રણ લોકમાં જેટલા પાપ છે. '**ઉન પાપોંસે યહ શરીર બનાયા ગયા હૈ,...**' આહા..હા..! આચાર્ય પણ દિગંબર સંતો નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિ દિગંબર આત્મધ્યાનમાં મસ્ત છે. અરે! તારું શરીર એકલા પાપે બનાવ્યું છે. જુઓ, સમજાણું? કહે છે, આ પૂર્વના તારા પુણ્ય અને પાપ તેં કર્યા એ પાપ જ હતા. આત્માની પવિત્રતાથી વિરુદ્ધ ભાવ હતો. એ વેરી હતો. એનાથી વેરી કર્મ બંધાણું અને એનાથી વેરી આ પાપ થયું. લે. જયંતિભાઈ! આહા..હા..! વીતરાગ પરમાત્માને કાંઈ દરકાર પણ નહિ દુનિયાની કે થોડું ભાઈસાહેબ મોળું તો પાડો થોડું.

મુમુક્ષુ :- દેહમાં તો નગ્નતા છે, પણ ભાષામાં પણ નગ્નતા.

ઉત્તર :- હા, દિગંબર સંત.. આવી વાણી બીજે ન મળે. મુનિઓની વાણી છેને અંતરમાંથી ભડાક નીકળી ગઈ. છોડ-છોડ. ભગવાન આત્મા અમૃતનો સાગર બિરાજે છે અંદર એનો પ્રેમ કરતો નથી અને આ ધૂળમાં પ્રેમ કરીને પડ્યો છો. મરીને ક્યાં જઈશ તું? કહો, સમજાણું કાંઈ? બહારના તો ક્યાંય રહી ગયા હવે આ બાયડી-છોકરા, પૈસા, હજીરા એના. હજીરા એટલે સમજાણું? મકાન.

'**ઈસલિયે યહ દેહ પાપરૂપ હી હૈ,...**' '**પાપોંસે યહ દેહ બનાયા ગયા હૈ, ઈસલિયે યહ દેહ પાપરૂપ હી હૈ,...**' આચાર્યની કથનની પદ્ધતિ બીજી છે. એ કહે છે કે તારા આત્માના પવિત્ર સ્વભાવ સિવાય જેટલો ભાવ તેં કરેલો પુણ્ય-પાપનો એ બધો પાપ જ હતો અને એ પાપે બન્યું કર્મ એ વેરી છે. પુણ્ય અને પાપ જેમ વેરી છે એમ કર્મ વેરી છે. એમ કર્મે બનાવ્યું શરીર એ પણ એકલું પાપમય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનું લક્ષ કરીને જે તને વિકલ્પ ઉઠશે તે આકુળતાવાળો ઉત્પન્ન થશે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વ ચૈતન્યપ્રભુ નિરાકુળ ભગવાન એકલો પવિત્રનું ધામ એની નજર પડતાં, એમાં એકાગ્ર થતાં તને શાંતિ વળશે. અનંત કાળે નહિ મળ્યું એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે. શરીરને લક્ષે તો રાગ

જ થશે. એને લક્ષે ધર્મ થાય એ ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. કહો, હવે પૈસાથી કેટલો ધર્મ થાતો હશે?

મુમુક્ષુ :- દાન કરે એટલો.

ઉત્તર :- દાન કરે એટલો થાય કે નહિ? ધૂળમાંય નથી હવે. એ તો હજી રાગની મંદતા કરે પૈસામાં તો પુણ્ય થાય. આ તો હજી દુનિયામાં ફૂંકાવું છે મોઢા આગળ આપીને. પચાસ હજાર મેં આપ્યા. નામ રાખો મારું. પત્થરની તકતી ચોડો. પત્થરની ચોડે છેને ઓલી? આરસપહાણમાં નામ મારું રાખો. હવે એ તો તારા પાપ એકલા છે. આ તો કદાચિત્ પુણ્યથી આપ્યા હોય પચાસ હજાર રાગની મંદતાથી તો પુણ્ય છે. ધર્મ ક્યાં હતો ત્યાં? પૈસામાં ધર્મ કે દિ'? અરે! સાક્ષાત્ મંદિર ભગવાનનું બનાવે, એના બનાવવામાં ભાવ હોય તો એ પુણ્ય છે, ધર્મ-બર્મ નહિ.

મુમુક્ષુ :- આઠ ભવે મોક્ષ જાય છે.

ઉત્તર :- ત્રણ કાળમાં ન જાય. અમારે કહેતા એ. પંડિતજી ઇંદોરવાળા હતાને મુન્નાલાલજી, મુન્નાલાલ. અમારે અહીંયાં (સંવત) ૨૦૦૬ની સાલમાં મંદિર હુઆ ન અઢી લાખકા વહાં રાજકોટમેં. તો અમારે તો નાથુલાલજી આવતા હતા હરવખતે. ઇંદોરવાળા. પણ ઉસકે ઘરે સ્ત્રીકો દો જીવી. થા તો વહ ન આ સકે. તો વહ આયા. આવ્યા એટલે મોટું મંદિર કર્યું હતું. અઢી લાખ રૂપિયાનું. સોનાના માથે કળશ. સવા લાખ રૂપિયા નાનાલાલભાઈએ ખર્ચ્યા. ચાર ભાઈઓ અને સવા લાખ અઢી લાખનું. મોટી ધામધુમ. પાંચ હજાર, છ હજાર માણસ. આ બાજુ તો દિગંબર વસ્તી નહિ એટલે અહીં તો પાંચ-છ હજાર ઘણા કહેવાયને. અહીં ક્યાં દિગંબર વસ્તી હતી. બધા આ લોકો આવે શ્વેતાંબર. એટલે માણસ આવે ઓહો..હો..! મુન્નાલાલ કહે નાનાલાલભાઈ. શેઠસાહેબ! તમે આઠ ભવે મોક્ષ જશો. ઐસા મંદિર બનાયા આઠ ભવે (મોક્ષ જશો). ભાઈ! અમે માનતા નથી હોં. નાનાલાલભાઈ કહે, અમે એમ માનતા નથી. મહારાજ ના પાડે છે. મહારાજ કહે છે કે એ મંદિર તો મંદિરને કારણે બને. પણ અમારા ભાવ હોય તૃષ્ણા મંદના તો પુણ્ય થાય. એનાથી જન્મ-મરણ મટે એવું મહારાજ ના પાડે છે અને અમે પણ માનતા નથી. નાનાલાલે ના પાડી કે અમે માનતા નથી. એ અઢી લાખનું મંદિર કર્યું, સવા લાખ નાખ્યા અને એનાથી મોક્ષ થઈ જાય. ના પાડે છે, મહારાજ ના પાડે છે.

મુમુક્ષુ :- કોઈ મંદિર બનાવશે નહિ.

ઉત્તર :- કોણ બનાવતું હતું? એ બનવા કાળે બન્યા વિના રહે નહિ. કોણ બનાવે છે? આહા..હા..! સમજાણું કાંઈ? એમને બનાવવું છે હજી. એ તો બનવું હશે ત્યારે બનશે. મલૂકચંદભાઈ અને એનો છોકરો શું કરે ત્યાં?

કહો, શરીર પાપ-પાપ. આ દિગંબર આચાર્યોની વાત. **'ઈસલિયે યહ દેહ પાપરૂપ હી હૈ, ઈસસે પાપ હી ઉત્પન્ન હોતા હૈ, ઔર ચિદાનંદ ચિદ્રૂપ...'** જુઓ, જ્ઞાનાનંદ ચિદ્રૂપ આત્મા જ્ઞાનરૂપ **'જીવ પદાર્થ વ્યવહારનયસે દેહમેં સ્થિત હૈ, તો ભી દેહસે ભિન્ન અત્યંત પવિત્ર હૈ,...'** ઓલું પાપ, આ પવિત્ર. ઓલું દુઃખરૂપ, આ આનંદરૂપ. ભગવાન આત્મા પવિત્ર એને આત્મા કહીએ હોં! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્મા નહિ. એ આસ્રવ છે. આસ્રવ આત્મા હૈ? આત્મા નહિ. બરાબર હૈ ભૈયા? જે ભાવે તીર્થંકરગોત્ર બંધતા હૈ ન ભાવ? વહ તો આસ્રવભાવ હૈ, ધર્મભાવ નહીં. વહ આત્મા નહિ. એ આસ્રવ એ આત્મા નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પરંપરા તો...

ઉત્તર :- નહિ, પરંપરા. એમ કહે છે. સમજીને પૂછે છે. પરંપરા એ તો ઉસકા અભાવ કરતે હૈ તબ વીતરાગ હોતા હૈ. તીર્થંકર પ્રકૃતિ બંધી વહ જડ હૈ અને શુભભાવ આયા તો વિકાર હૈ. ઔર વિકારકા નાશ કર જબ કેવલજ્ઞાન પાયા તબ વહ તીર્થંકર પ્રકૃતિકા વિપાક આયા તેરહવેમેં. ક્યા પરંપરા કિયા? તેરહવે ગુણસ્થાને વહ પ્રકૃતિકા વિપાક આયા તીર્થંકર પ્રકૃતિકા. બંધી ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે જ્યાં બાંધી ત્યાં. પાક આયા તેરહમેં. કબ કબ? જો ભાવ સે બંધા વહ ભાવકા નાશકર વીતરાગ હુઆ તો. વીતરાગ અને કેવલજ્ઞાન હુઆ તબ વહ પ્રકૃતિકા પાક તેરહવે હુઆ. પછી ક્યા કરતે હૈ આત્માકો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાષા. આવે રાગ (એને) તોડીને, પ્રકૃતિ તોડીને આગળ સ્થિરતા કરશે એમ કરીને વાત કરી છે. બાકી પોતાના સ્વભાવ આશ્રય વિના ત્રણ કાળમાં ક્યાંય શરણ છે નહિ. કહો, સમજમેં આયા? ત્રણ જગતમાં જેટલા પાપ હતા એટલાથી દેહ બન્યો, ત્યારે ભગવાન તો અત્યંત પવિત્ર છે. મહા અત્યંત પવિત્ર, અત્યંત પવિત્ર એને અમે આત્મા કહીએ. જેમાં વિકલ્પની ઉત્પત્તિની ગંધ જેની ચીજમાં નથી. એ અદ્ધરથી પર્યાયમાંથી પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એ એના મૂળ સ્વભાવમાં નથી. એનું સ્વરૂપ તો અત્યંત પવિત્રનો પિંડ પ્રભુ, મહા આનંદની એ આનંદની ખાણ છે. પવિત્રતાની ખાણ આત્મા છે. એની દૃષ્ટિ કર, એનો વિશ્વાસ કર અને એનો અનુભવ કર તો કલ્યાણ થાય. બાકી કલ્યાણ-ફલ્યાણ થાય એવું નથી. આહા..હા..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ઈન્દ્રિયો મળી, કાન મળ્યા...

ઉત્તર :- કાંઈ ધૂળ મળી તો અનંત વાર મળી એમાં શું થયું?

મુમુક્ષુ :- .. કેટલો બધો લાભ થયો.

ઉત્તર :- શું લાભ થયો? અનંતવાર મળ્યા. અહીં તો કહે છે પાપ મળ્યું. ઇન્દ્રિયો મળી આ શરીરના અવયવો. અને શરીર પાપ તો એના અવયવો પાપ. આ તો બધું પાપ મળ્યું એમ કહે છે. આહા..હા..! એનું લક્ષ છોડી અને પોતાનો પ્રભુ આત્મા અંદર આનંદકંદ એનું લક્ષ કર ત્યારે તને સમ્યગ્દર્શન થશે, નહિતર સમ્યગ્દર્શન થશે નહિ. એ વિના ધર્મની શરૂઆત પણ નથી ત્યાં વળી ચારિત્ર-ફારિત્ર કેવા? જેને આત્મજ્ઞાન અને દૃષ્ટિ થઈ નથી એને ચારિત્ર હોતા નથી. કહો, સમજાણું કાંઈ?

ત્રીજો બોલ. બે બોલ થયા. હવે '**તીન જગતમેં જિતને અશુચિ પદાર્થ હૈં,...**' ત્રણ લોકમાં જેટલા અપવિત્ર પદાર્થ (છે) '**ઉનકો ઇકટ્ઠેકર યહ શરીર નિર્માણ કિયા હૈ,...**' લાવો એવી કોઈ ચીજ કે જે આમ મેસુબ.. મેસુબ કહતે હૈ ન મેસુબ. પકવાન નહીં હોતા હૈ? મેસુબ, ગુલાબજાંબુ લ્યો આ માવાકા ગુલાબજાંબુ નહીં હોતા? પેંડો લ્યો. પેંડા લ્યો. અહીં નાખ્યા ભેગો થૂંક. યહ સંચા ઐસા હૈ જો થૂંક બનાવે. બીજો લાવો સંચો. થૂંક સમજ્યાને? લાળ બનતી હૈ. પેંડા નાખ્યા ભેગી લાળ. દૂસરી ચીજમેં નહીં. ચામડાના ઓલામાં બાંધો તો કાંઈ તરત લાળ નહિ થઈ જાય. અહીં તો નાખ્યા ભેગી લાળ-લાળ, એંઠ. અને પેટમાં ઉતરે (પછી) આઠ કલાકે વિષ્ટા. આ સંચો. આઠ કલાકમાં વિષ્ટાનો સંચો આ. બીજો કોઈ સંચો વિષ્ટા કરવાનો દુનિયામાં છે નહિ. મોસંબીના પાણી પીધા હોય (એનો) પેશાબ કરવો હોય તો આ સંચો છે એક. મોસંબીના પાણીનો પેશાબ થાય એ માટે આ સંચો છે. મોસંબીના પાણી હોતા હૈ ન મોસંબી? શેર બેશેર પીવે તો પેશાબ હો જાયે? દૂસરામાં ગમે તે બાટલામાં નાખો તો એકદમ એવો પેશાબ નહિ થાય એવો. આહા..હા..! કહે છે કે આ સંચો જ કોઈ એવો છે કે મોસંબીના પાણીને બે કલાકે પેશાબ બનાવે. મોટા મેસુબ ને લાડવા ચુરમાના, પેંડા-પેંડા માવાના ધોળા બાચકા જેવા પેંડા સાકર નાખીને, અંદર રૂપિયાની શેરની સાકર (નાખીને બનાવ્યા હોય), તરત જ એ તો વિષ્ટા તમારે આઠ કલાકે.

મુમુક્ષુ :- એવો આ કિંમતી સંચો છે.

ઉત્તર :- એવો આ મહાપાપી સંચો છે. કહો, બરાબર? છોટાભાઈ! લાવો બીજો સંચો લાવો એક. કોઈ ડાબલીમાં નાખો તો સડતા વાર લાગે, થોડી વાર લાગે. પણ આ એક સંચો એવો ફડાક દઈને વિષ્ટા. વિષ્ટા બનાવવી હોય એ કોઈ સંચાથી બનતી હશે? સમજાણું? વિષ્ટાનો શીરો બનાવે હજી. શીરા સમજે? વિષ્ટાકા શીરા બનતે હૈ. કહ્યું હતું નહિ અમેરિકામાં એક ગયા હતા અમારે હતાને વઢવાણવાલા. દાદભાવાળા ચુનીલાલ ગયા હતા. એક પોણો મણ આખો ટોપલો વિષ્ટાનો પાયખાનામાંથી લાવ્યા. પાયખાનામાં પડ્યો હોયને વિષ્ટા? વિષ્ટા સમજેન? ટટ્ટી. આમ પડી હતી લાવ્યા. આને કહે તમારે શીરો ખાવો છે? ઓલા માણસ કહે શીરા-

શીરા. હલવા-હલવા. હલવા ખાના હૈ? તો લાવો પંદર રૂપિયા લાવો. આ પંદર રૂપિયામાં પોણો મણ શીરો બનાવી દઉં. તો એક ઔષધિ લાવ્યા પોતે. એક ઔષધિ નાખી ત્યાં સુગંધ ફરી ગઈ. દુર્ગંધ મટી ગઈ. બીજો જ્યાં નાખ્યો ત્યાં અંદરથી જાણે સુગંધ આવવા માંડી. જ્યાં ત્રીજી વસ્તુ નાખી તો આબેહુબ હલવો. આ બનેલી વાત છે. શીરો. આમ ઘીમાં તળ્યો હોય. ઘીમાં ઘીમાં હોતા હૈ ન ઘઉં તલકે બનાયા હૈ. લ્યો ભાઈ ખાવ. અમે પણ આ વિષ્ટાનો શીરો... ગરીબોને ખવરાવી દ્યો. ગરીબ માણસ હતાને એને આપી દીધો. પંદર રૂપિયાની ઔષધિ. ત્યાં ઔષધિ થતી હતા. ઔષધિ ઐસી કોઈ હોગી. તો ઉસમેં એક, બે, ત્રીજી નાખી ત્યાં શીરો બની ગયો. હલવો સુગંધ સુગંધ મારે અંદરથી. લ્યો શેઠ ખાઓ. અરર! હમણા નજર પડી છેને વિષ્ટા. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પંદર રૂપિયા થયા હતા પોણો મણના. એવી શી રીતે કરે?

'ઈકટ્ઠેકર...' મહા અપવિત્ર જગતના પદાર્થ. આમ ગંધ મારે. એના અવયવો આમ ગંધ... ગંધ... ગંધ... આહા..! દુર્ગંધ... દુર્ગંધ... દુર્ગંધ... એક આદમી વિષય લેવા ગયો પરસ્ત્રીનો. એમાં એને એવી ગંધ મારી, એવી ગંધ મારીને અને એકદમ અપાસરે આવ્યો. અમારે તો ઘણા બનેને એવા? મહારાજ! બાધા દઈ દ્યો, હવે મારે પરસ્ત્રી (ન જોઈએ). કોઈ એવી હલકી બાઈ હશે અને એને વૃત્તિ થઈ ગઈને અને એમાં ગંધ એવી મારીને... આહા..હા..! આ દુર્ગંધમાં આ જીવડો લોભાઈ ગયો. શેઠિયા માણસ હતા. બાઈ ગમે તે હોય એ લોકો... તરત આવ્યો અપાસરે કે બાધા આપો કે હવે પરસ્ત્રી નહિ. એ શરીર દુર્ગંધમય, અપવિત્ર એના માટે, કહે છે, પ્રેમ કરીને પડ્યો.

આ ભગવાન આત્મા કેવો છે? '**વ્યવહારનયકર દેહમેં બિરાજમાન હૈ, તો ભી દેહસે જુદા પરમ પવિત્ર હૈ.**' સમજાણું? ઓલા પાપમાંય... ઓલામાં નિરાકુળસ્વરૂપ લીધું હતું. પહેલામાં નિરાકુળ સ્વરૂપ સુખરૂપ લીધું હતું. બીજામાં લીધું હતું એ પોતે અત્યંત પવિત્ર લીધું. આ ત્રીજામાં પણ પરમ પવિત્ર લીધું. સાચી વાત. પરમ પવિત્ર ભગવાન. જુઓ, અહીં ખુબી તો એ કહે છે કે શરીર, વાણી, કર્મ આત્મા તો નહિ, પણ જે ભાવે દયા, દાન પળે, પંચ મહાવ્રતના પરિણામ એ આત્મા નહિ. એ આસ્રવ, એ પાપ, એ અશુચિ, દુઃખરૂપ એમ કહીને ત્યાં નાખે છે આમ. બે ભાગલા પાડે છે. આહા..હા..!

દિગંબર સંતોની કથનની પદ્ધતિ કઠણ-કઠણ જગતને લાગે. શ્રીમદ્દે લખ્યું છેને, નહિ? 'દિગંબરના તીવ્ર વ્રચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરના મોળાશને લઈને રસ ઠંડાતો ગયો.' એવું વચન છે. ઢીલું પડતું ગયું ઢીલું. અને આ ઉગ્ર વાણી સંતોની. મહાન

પુરુષાર્થવાળી આત્માને પ્રેરે, જગાડી દે એવી વાણી. જાગ રે જાગ ભગવાન! હવે સૂવું પાલવશે નહિ તારે.

ચિદાનંદ પ્રભુ આ શરીરમાં વ્યવહારે રહ્યો છે એમ કહીએ છીએ કહે છે. નિમિત્તને દેખીને. ભગવાન એનાથી પરમાર્થે તો તદ્દન જુદો છે. આનાથી જુદો, તો હવે આ બહારની ધૂળ અને પૈસા ને બંગલા ક્યાંય તારા રહી ગયા. ભગવાન આત્મા એ અશુચિના બનેલા શરીરથી તદ્દન ભિન્ન પવિત્ર પ્રભુ છે, ત્રિકાળ ભિન્ન છે. એવા ભગવાનની દૃષ્ટિ કરવી, એનો અનુભવ કરવો એનું નામ ધર્મ અને શાંતિ છે. એ વિના ધર્મ કોઈ દિ' બહારના કારણે થતો નથી. કહો, સમજાણું કાંઈ?

**'ઈસપ્રકાર દેહકા ઔર જીવકા અત્યંત ભેદ જાનકર નિરંતર આત્માકી ભાવના કરની ચાહિયે.'** હેતુ તો આ છે ભાઈ! પાંચ, પચ્ચીસ, પચાસ વર્ષ રહેવું શરીરને અને અનંત કાળ રહેવું આત્માને. આવા સંયોગો અનેક વાર આવ્યા અને ગયા. દાખલો આપ્યો છેને. મોટી સડક હોય સડક. સડક કહતે હૈ ન? ક્યા કહતે હૈ? રોડ-રાસ્તા. તો સડક ઉપર હજારો ઝાડ હોય ઝાડ. અને આમ સૂર્યનો છાયો પડતો હોય છાયો. એક માણસ એને ઓળંગીને આમ જાતો હોય. તો માણસ તો એનો એ છે અને ઓલી છાયા જુદી-જુદી જાતની સડક ઉપર. એમ આત્મા એનો એ છે. આ એવા છાયાના શરીરને ઓળંગી-ઓળંગી એક, બીજું, ત્રીજું એમ અનંત છાયાને ઓળંગી ગયો.

મુમુક્ષુ :- એને જ સાફ કર્યા કરે.

ઉત્તર :- અને પછી સાફ (કરે). એ તો અનુભવપ્રકાશમાં નાખ્યું. એક મળે એની ઝૂપંડીને સાફ કર્યા કરે. આ કરું ને આ કરું ને આ કરું. પૂરું થાય ત્યાં જાય બીજે પાછો. ત્યાં બીજું સાફ કરે. કરી કરીને હેરાન થઈ ગયો, મરી ગયો. અનુભવપ્રકાશમાં છે. એક-એક શરીરની ઝૂંપડીને સરખી રાખવા મરી ગયો, મથી ગયો એમ ને એમ. આ જેલમાં નથી થાતું? (કેદી) હોય (કેદી) એને કોટડી આપે. પછી કેટલાક એવા હોય કે ત્યાં જેલમાં જ મજા પડે એને. બે વર્ષનું પૂરું થાય તો કહે એલા મારો ઘડો. ઘડો હોયને પાણીનો? વટલાવશો નહિ હોં. હું હમણાં બે દિ'એ આવું છું પાછો. ગુનો કરીને પાછો આવીશ એમ કહે. ઓલો પાણીનો ઘડો હોયને એ લેવા ન જાવું પડે કુંભાર પાસે. એટલે ત્યાં ને ત્યાં સાફસૂફ કરી હોય નીચે. ઉંદર આવવાના હોય એમાં પથરા નાખ્યા હોય, છાણ-બાણ કરીને બધું સાફ ઓરડી કરી હોય. હવે એ ગુનો કરીને આવ્યો અને અહીં પૂરો થાય તોપણ પાછો કહેતો જાય. આ ઓરડીને બીજો બગાડશો નહિ. કેમકે હું બે-ત્રણ દિવસે એક ગુનો કરીને હમણા અહીં પાછો આવવાનો છું. પાપ કરી ગુનો આ ચોર. ગુનો કરીને પાછો આ ઓરડીમાં, જેલની ઓરડીમાં આવવાનો છું. માટે કોઈ

આ મારો ઘડો બગાડશો નહિ.

મુમુક્ષુ :- એમ આ જેલની ઓરડી છે?

ઉત્તર :- આ જેલની ઓરડી છે. મારી જેલની ઓરડી. એક ગઈ હોય તો બીજી તૈયાર રાખજો. તૈયાર રાખજો હોં. હમણા હું ગુનો કરીને જ આવું છું. આહા..હા..! પુણ્ય અને પાપના ગુના કરે અને એક શરીર ને બીજું શરીર મળ્યા વિના રહે નહિ. ગુનેગાર... ગુનેગાર... ગુનેગાર... આહા..હા..! એ ૧૫૦ થઈ.

૧૫૧. **'આગે ફિર ભી દેહકો અપવિત્ર દિખલાતે હૈં—'**

**૨૮૨) जोइय देहु घिणावणउ लज्जहि किं ण रमंतु।**
**णाणिय धम्में रइ करहि अप्पा विमलु करंतु।।१५१।**

આહા..હા..! જુઓ તો ખરા!

**'હે યોગી,...'** હે ધર્મી! હે જીવ! **'યહ શરીર ઘિનાવના હૈ,...'** ઘિનાવના. ઘૃણા ઘૃણા ઉપજે આમ. આહા..હા..! એક માણસ હતો. અમે ગયેલા ગામડામાં. આમ એનું શરીર ગધેડા ગંધાય. ગધેડું, ગધા-ગધા હોતા હૈ ન, એવું ગંધાય. ખાટલામાં સૂતેલો. એવું ગંધાય. મંગળિક સંભળાવો કહે. પણ મંગળિક સંભળાવું... એટલું ગંધાય. બૈરા કહે આ મહારાજ... ગામડામાં ગયેલ. ગામડું નાનું. બે-ત્રણ ઘર થોડા પાંચ-સાત ઘર. વાવડી એ છે. ત્યાં ગયા કહે મહારાજ આવ્યા છે હોં. આપણે હાથ જોડ કરીએ બ્રહ્મચર્યે. એ કહે આજ નહિ. શરીર જુઓ તો ગંધાતું હતું આ સડી ગયેલું કાળજું આમ બધું. ગધેડું સડે એવું સડી ગયેલું. પણ કહે આજ નહિ હોં. એલા! પણ આ મહારાજ નહિ રહે કાલે. કારણ કે આ તો ગામડું છે. અહીં તો એક દિ' આવ્યા. ત્યાં રાતે અમે સાંભળ્યું રાતે મરી ગયો એ જ રાતે. આહા..હા..! એટલી અંદર કે કોણ જાણે કે આવું સડ્યું અને સારું થઈ જાય તો? મહારાજ તો આવ્યા અને બૈરા કહે છે કે બ્રહ્મચર્ય લઈ લઈએ. પણ કદાચિત્ ઉભો થાઉં તો? પણ વિશ્વાસ તે કેટલો! સડી ગયેલા શરીરનો વિશ્વાસ અને પવિત્ર ભગવાન ત્રિલોકનાથ અનાદિ રહેનારાનો વિશ્વાસ નહિ. બૈરાએ કહ્યું કે આ મહારાજ આવ્યા છે આપણે ગામ તો આજ સવાર સુધી રહેશે. કારણે કે ત્યાં નવ વાગે જઈએ. એક દિ' રહેવાય.

ગામડામાં તો નિર્દોષ આહાર લેતાને. અમારે માટે બનાવેલા લઈએ નહિ કોઈ દિ' ક્યાંયથી. ગામડામાં કોઈ પાંચ-સાત ઘર હોય તો અમારે માટે બનેલો હોય પાણીનો એક બિંદુ ન લઈએ. પાણીનો બિંદુ બનાવ્યો હોય તો બિંદુ ન લઈએ. આખો દિ' પાણી વિના. એવા ઘણા વર્ષ કરેલા છેને. એ વખતે તો હજી માન્યું હતુંને. પાણી, આહાર બિલકુલ કરેલો ન લઈએ. એટલે કહે, આ મહારાજ કાલે નહિ રહે અહીંયા. આ તો એક દિ' આવ્યા. અજાણ્યા આવ્યા અને

અજાણ્યા આહાર લઈને વયા જાશે કાલે. કાલે વાત.. કાલે વાત. આહા..હા..! અરે..! આ સડી ગયેલા શરીરનો આટલો વિશ્વાસ કે કાલે રહેશે અને આ પવિત્ર પિંડ નિત્યાનંદ પ્રભુ કાયમ ટકતી ચીજ એની સંભાળ કરું એની ખબર નથી. આહા..હા..! ત્યાં રાતે સૂતા સાંભળ્યું અગિયાર, સાડા અગિયાર, બારે. એ રાડ પડી કહે. પોકરાડ મૂકી. કોક મરે ત્યારે રોવેને પ્રાણપોક? મરી ગયા. આહા..હા..! દુનિયાની મમતા તે મમતા! હજી વળી કાંઈક સારું થઈ ગયું તો? સારો થઈને ચાલુ તો. એ ઉંમર પણ થઈ ગઈ હશે ૬૦ની હોં.

કહે છે કે '**હે યોગી, યહ શરીર ઘિનાવના હૈ, ઈસ દેહસે રમતા હુઆ તૂ ક્યોં નહીં શરમાતા?**' આચાર્ય જરી ઠપકો એવો આપે છે. જેમ પિતા પુત્રને કહેને. અરે! દીકરા! આ વાણિયો થઈને આ તું વાઘરીને ઘરે જા. ભાઈ! અમને શરમ આવે છે હોં. બાપ કહે હોં! વાઘરી-વાઘરી સમજતે હૈ? વહ હલકા કોમ હોતા હૈ ન.. દાંતણ દાંતણ આપતે હૈ. દાંતણ એ હલકા માણસ. એ આ મારો દીકરો થઈને તું વાઘરીને ઘરે જા. ભાઈ! મને શરમ આવે હોં દુકાને બેસતા કે તારો દીકરો આવો. મને શરમ (આવે છે), ભાઈ! મારી ખાતર તો છોડ. અહીં મુનિ કહે છે કે હે આત્મા! આ શરીર ઘૃણાલુ દુર્ગંધની પુતળી તને આની સાથે રમતા શરમ નથી લાગતી? લજ્જા નથી આવતી? આહા..હા..! સમજાણું?

'**હે જ્ઞાની, તૂ આત્માકો નિર્મલ કરતા હુઆ ધર્મસે પ્રીતિ કર.**' આ સડેલું શરીર એમાં પ્રીતિ કરે છે. અહીં તો મુનિને ઉદ્દેશીના વાત, પછી બધાને ઉદ્દેશી છેને? ભાઈ! આ સડી ગયેલું શરીર, એમાં પ્રીતિ કર ભાઈ! ભગવાન અંદર પવિત્ર ધામ છેને. એ સિદ્ધ ભગવાનમાં બિરાજે એવો જ તું સિદ્ધ છો. શક્તિએ, સત્ત્વે, દ્રવ્યે, સ્વભાવે સિદ્ધ સમાન, ત્રણે કાળે સિદ્ધ સમાન. એવા પરમાત્માના પ્રત્યે તૂ ભેટો કરતો નથી, એની સાથે રમતો નથી એટલે એકાકાર થતો નથી એટલે કે સમ્યગ્દર્શન કરતો નથી અને તું આની સાથે-આ સડેલા સાથે પ્રેમ કરે છે, ભાઈ! લજ્જા નથી આવતી? જુઓ, શું કહ્યું છે? '**लज्जहि किं ण रमंतु**'

યોગસારમાં આવે છેને ભાઈ! આ જન્મ-મરણ,.. શરમજનક જન્મો મટે. આ શરમજનક. આ જન્મ કરવા એ શરમ... શરમ... શરમ છે. યોગસાર કહે છે હોં આચાર્ય. એના એ યોગીન્દ્રદેવ છે. અહીં લજ્જા આવીને ત્યાં પણ લજ્જા કીધી. આ શરમજનક, આ ભવ કરવા એ શરમ નથી આવતી? એકલો ભગવાન નિરાળો એને આ ચામડાના શરીરને ચોંટાડવું આમ જોડે કરવું છે? ભગવાન પવિત્રનો પિંડ એને આ સડેલું શરીર લેવું છે તારે આમ જોડે? ભવ. લજ્જા નથી આવતી? કહે શરમ નથી આવતી? આહા..હા..! નિર્લજ્જ થઈ ગયો છે કે શું તું? કહે છે. ભગવાન આત્માની અંતર સ્વભાવની પ્રીતિની રુચિ છોડીને ભગવાન! સડેલા શરીર પ્રત્યે રમવું, વિષયમાં ભોગમાં એકાકાર થવું, ભગવાન! તને લજ્જા નથી આવતી? સમજાણું? શું કહે?

આહા..હા..!

કહ્યું હતુંને અમારે છોકરાની વાત નહોતી? અમારા ગૃહસ્થાશ્રમમાં. ભણતા ત્યારે છોકરો હતો એક ભાવસાર. સુંદરજી. ભાવસાર નાત નથી આવતી ભાવસાર! કપડા રંગતે હૈ ન કપડા? રંગરેજ. વહ ભાવસાર થા. સુંદરજી નામ થા. સ્થાનકવાસી જૈન થા. બાત તો ૬૨-૬૩ વર્ષ પહલેકી હૈ. જબ હમારી ૧૨-૧૩ વર્ષની ઉંમર થી. ત્યારે એ જોડે બેઠો હતો. ગુંગો કાઢી, ગુંગો કહતે હૈ ન? ક્યા કહતે હૈ? નાકકા મેલ. મેલ નિકાલકર બે દાંત વચ્ચે દાબે. દાબીને પછી જીભ અડાડે એને. અરે! સુંદરજી! શું કરે છે તું આ? એની નાત ભાવસાર. ભાવસાર નથી (હોતા)? નાત ભાવસાર. નાત સમજે ન? જ્ઞાતિ. અને નામ સુંદરજી. બરાબર આ છોકરાનું નામ હતું. અમે સાથે ભણતા. અમે કહીએ કે એલા! પણ અમે આ બેઠા છીએ અને તું શું કરે છે આ? ગુંગો કાઢી અને દાંત નીચે મૂકે અને અંદર જીભ અડાડે. પછી કહે અરે ભાઈ! મને ટેવ પડી ગઈ છે હોં. કોણ જાણે સ્વાદ લેવાની, ગુંગાના સ્વાદની ટેવ પડી છે. જેચંદભાઈ! વળી જ્યાં પા કલાક થાય ત્યાં વળી કાઢે બીજો આવડો મોટો. પણ આ તું શું કરે છો?

મુમુક્ષુ :- નાકમાંથી નીકળ્યા જ કરતા હશે?

ઉત્તર :- નાના છોકરા તે નીકળ્યા જ કરે. બાળક હોય એટલે. એ સુંદરજી નામ. એમ ભગવાન આત્મા ભાવસાર છે. એકલો અનંત જ્ઞાનનો પિંડલો ભાવનો સાર છે અને છે સુંદર પવિત્ર. પણ એ વિકારના, પુણ્ય-પાપના ગુંગા કાઢી અને એનો સ્વાદ લેવો એને. આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ કાઢી, જે એમાં નથી હોં! અદ્ધરથી ગુંગા કાઢી અને સ્વાદ લેવો છે. લ્યો એનું નામ ગુંગા અને ઓલામાં ગૂ. એનું નામ વિષ્ટા. આહા..હા..!

કહે છે, ભગવાન! આવો પવિત્ર પ્રભુ! તને આ શરીરના પ્રેમ કરતા તને શરમ નથી આવતી? શરીર સાથે પ્રેમ કરવો, મડદા સાથે સગાઈ કરી, હવે કરશું લગન. શરમ નથી આવતી? મડદા સાથે સગાઈ? સગાઈ કહે છેને? શું કહે છે? એ આવ્યું છે. અનુભવપ્રકાશમેં આયા હૈ. સબ શબ્દ શાસ્ત્રમેં પડા હૈ. આ સગાઈ કરી મડદા સાથે, હવે કાલે કરશું લગન. લગન સમજે? શાદી. એમ આ જડ સાથે સગાઈ કરીને આની સાથે રમતા, અરે! નિર્લજ્જ! તને લજ્જા નથી આવતી? દિગંબર આચાર્યો મહા સંત વૈરાગ્ય માટે કહે છે હોં ઠપકો. ઓળંભો આપે છે ઓળંભો આપે છે, ભાઈ! આ પવિત્ર પ્રભુને આની સાથે તું રમાડે છો. એમાં રમવાની ચીજ પડી છેને તારી પાસે. એની દૃષ્ટિ કર અને એમાં એકાગ્ર થા. આ તને લજ્જા નથી આવતી? એમ કરીને ઓળંભો આપીને એને વીતરાગ શાંતિમાં જોડવા માટે આ વાત કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૬, સોમવાર, તા. ૧૯-૦૭-૬૫**
**ગાથા-૧૫૧-૧૫૨, પ્રવચન-૧૭૪**

પરમાત્મપ્રકાશ, ૧૫૧ ગાથા, એનો ભાવાર્થ છે. શબ્દાર્થ તો થોડો ગઈ હતો. હે આત્મા! તારું અંતર પરમાત્મપદ મૂકીને તને આ દેહ જે અપવિત્ર તેમાં રમવાની લજ્જા નથી આવતી? એવું સંબોધન કર્યું છે. કહો, એક કોર ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપને ભૂલીને, જેમાં રમવું જોઈએ, જેમાં એકાગ્ર થઈને આનંદ લેવો જોઈએ કે જે પવિત્ર સ્વરૂપ છે એને છોડીને આ દેહ અપવિત્ર, એમાં તું પ્રીતિ કરીને રમે છો, કેમ લજ્જા નથી આવતી? '**किं न लज्जसे**' લજ્જા નથી આવતી? અરે! આ પેંડા મૂકીને વિષ્ટા ખા છો. એમ નથી કહેતા માણસ? પેંડા કહે છેને. પેડા. એને પેંડા કહે છે અમારે. પેંડા અને પેડા. પેંડા માખણના આમ ભેંસના દૂધના માવાના એને મૂકીને તું આ વિષ્ટા ખા છો. કાગડો વિષ્ટા ખાય જુઓ. એમ અહીંયા આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ (કહે છે), અરે આત્મા! તારું પરમાત્મરૂપ એને છોડીને આ જડ દુઃખમય, પાપમય અશુચિ, બીજી વાત તો ક્યાંય રહી ગઈ, એમાં તને રમવામાં લજ્જા નથી આવતી?

હે જીવ! જુઓ પાઠમાં શબ્દ 'ધર્મ' પડ્યો છે. '**णाणिय धम्में रइ करहि**' એમ પાઠમાં શબ્દ પડ્યો છે. એનો અર્થ શું કરે છે? જુઓ (ભાવાર્થ) : '**હે જીવ, તૂ સબ વિકલ્પ છોડકર વીતરાગચારિત્રરૂપ નિશ્ચયધર્મમેં પ્રીતિ** કર.' દેખો, ધર્મની વ્યાખ્યા જ નિશ્ચયધર્મ છે. ધર્મ એટલે જે પ્રવચનસારમાં શુદ્ધ ઉપયોગ, સામ્યભાવ, નિશ્ચયચારિત્ર, નિશ્ચયધર્મ (કહ્યો) એને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ? જુઓ, અર્થ કેવો કર્યો? '**णाणिय धम्में रइ करहि अप्पा विमलु करंतु**।।' જે આત્માને નિર્મળ કરે એવો ભગવાન આત્માનો ચારિત્ર ધર્મ. અહીં ચારિત્ર એટલે ધર્મ અને ધર્મ એટલે ચારિત્ર એટલે વીતરાગી ચારિત્ર. પંચ મહાવ્રત આદિના પરિણામને, જુઓ, અહીંયા યાદ પણ નથી કર્યા. સમજાણું કાંઈ?

'**વીતરાગચારિત્રરૂપ નિશ્ચયધર્મમેં...**' જુઓ, અહીંયા મુનિ વાત કરે છે અને વર્તમાન પંચમ આરાના પ્રાણીને કહે છે કે આ વીતરાગ ચારિત્રધર્મમાં પ્રીતિ કર, એમાં રહે. અત્યારે તો કોઈ કહે કે ચોથેથી સાતમા સુધી વ્યવહાર છે. નિશ્ચયધર્મ તો અત્યારે નથી એમ કહે છે. અહીં તો પહેલી વાત પંચમ આરાના મુનિ, પંચમ આરાના જીવને કહે છે. તે હમણાના આ

તો. આ તો ૮૦૦-૯૦૦ વર્ષ પહેલાં (થયા છે).

ભાઈ! તું આત્મા છો, પરમાત્મા. પરમાત્મપ્રકાશ છેને? પરમાત્મા—પરમ-આત્મા એટલે પરમસ્વરૂપ છો. એટલે એક સમયની દશા પણ નહિ, રાગ તો નહિ, નિમિત્ત તો નહિ, પણ દશા પણ નહિ. પરમસ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ દ્રવ્ય. જેમાં તારી નજરું પોગવાથી એ નિધાન ખીલે એવો તારો સ્વભાવ, એ સ્વભાવ. સ્વરૂપમાં એકાગ્ર થવાનો એનો સ્વભાવ છે. વિકાર થવાનો એનો કોઈ ગુણ કે સ્વભાવ નથી. સંસાર થવાનો કોઈ ગુણ નથી દ્રવ્ય-ગુણમાં. એ પર્યાયમાં ઉભો કરે છે. સમજાણું કાંઈ? અને આ સ્વભાવમાં એકાગ્ર થવું એવો તેનો ગુણ છે. સમજાય છે કાંઈ? કેમકે પોતે વીતરાગસ્વરૂપ આત્મા છે એટલે એમાં એકાગ્ર થવું એવો વીતરાગી પર્યાય તો એનો એ સ્વભાવ છે, એ સ્વભાવ છે. સમજાણું કાંઈ આમાં? રાગ થવો એનો કોઈ, દ્રવ્ય-ગુણ એવો કોઈ ગુણ નથી. જો ગુણ હોય તો તો રાગ સદાય થયા જ કરે. વિકાર તો એક સમયની પર્યાયમાં વિકૃત યોગ્યતાને કારણે થાય છે પર્યાયધર્મમાં. દ્રવ્ય-ગુણનો ધર્મ કોઈ એવો વિકાર થવાનો નથી. સમજાય છે?

આત્મામાં દ્રવ્ય અને ગુણમાં કોઈ વિકાર થવાની એવી કોઈ શક્તિ એનામાં નથી. પર્યાયમાં એવી શક્તિ છે યોગ્યતા ફક્ત. એક સમયની પર્યાયમાં ઉભો કરે છે સંસાર. અને ભગવાન આત્મા અહીં કહે છે કે તારો સ્વભાવ જ વીતરાગી વિજ્ઞાનઘન છે. સ્વભાવ છે તો એમાં ઠરીને વીતરાગી પર્યાય થાય એ તો તારું સ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ આમાં? '**વીતરાગચારિત્રરૂપ...**' ભાષા વાપરી જોયુંને? છેને અંદરમાં એ ભાઈ! '**निश्चयधर्मशब्दवाच्येन वीतरागचारित्रेण कृत्वा रइ करहि रतिं प्रीतिं कुरु।**' જુઓ, આહા..હા..! અરે! તારો પ્રેમ શરીર લૂંટી જાય, રાગની ક્રિયા લૂંટી જાય તારા સ્વભાવને છોડીને. ભાઈ! તને લજ્જા નથી આવતી? આહા..હા..! સંતોને કરૂણાનો વિકલ્પ છે ઈ કે ભાઈ! પ્રભુ! તારું પવિત્ર ધામ છેને મોટું. એ છોડીને આ કૃત્રિમ, અશુચિ, પાપમય શરીર એના અવયવો અને એની સુંદરતા એમાં તું મોહ્યો, પણ ભગવાનના અવયવો, ભગવાન આત્માના અવયવો તો અનંતગુણ છે. અવયવ હશે આત્માને? આત્મા અવયવી અને એના ગુણો તેના અવયવ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ આત્માને હોય. શાસ્ત્રમાં કહ્યું છે કે અનંતા ગુણો અને પર્યાય એના અવયવ છે, ભગવાન અવયવી છે. આહા..હા..!

કહે છે કે આનો એક-એક અવયવ સુંદર દેખીને તને લાલચ થઈ જાય અંદર, પણ આ ભગવાનનો એક-એક ગુણનો અવયવ, અનંતગુણનું રૂપ તે અવયવી અને એક-એક ગુણ તે

તેનો અવયવ. એક-એક ગુણનો અવયવ તેને પ્રીતિ કરતો નથી અને આ એક સુંદર, આ ધૂળ, આ શરીરને આ ઈન્દ્રિય ને ફલાણું (એમાં પ્રીતિ થાય છે) એમ કહે છે મૂળ તો. આખું રૂપ એક-એક અવયવમાં તારી પ્રીતિ, ભગવાન આખો અવયવી અનંતગુણનો પિંડ એમાં તને પ્રીતિ અને રુચિ થતી નથી? પ્રભુ! શું થશે તારું? એમ કહે છે. આહા..હા..! કહે છે, એ ધર્મનો અર્થ નિશ્ચય આત્માનો વીતરાગી પર્યાય. ન્યાલભાઈ! આ ભારે વાત પણ. આ તો વ્યવહાર પંચ મહાવ્રત અને બાર વ્રત એ ક્યાં ગયા? એ વિકલ્પ આવે, પણ એ ધર્મ નથી. એને આ નિશ્ચયધર્મ હોય તો એવા પંચ મહાવ્રત કે બાર વ્રતને ઉપચાર ધર્મ, આરોપિત ધર્મ, વ્યવહારધર્મ એટલે કે ધર્મ નથી અને ધર્મ વ્યવહારનય કહે છે. સમજાણું કાંઈ?

**'આર્ત રૌદ્ર આદિ સમસ્ત વિકલ્પોંકો છોડકર...'** ભગવાન આત્માનો જે સ્વભાવ, તેની રુચિ કરીને ઠર એવો ચારિત્રધર્મ. એ ચારિત્રધર્મનું કારણ તો સમ્યગ્દર્શન-જ્ઞાન, પણ ધર્મ એ. છેને સૂત્ર? અહીં છેને આપણે જુઓ. **'दंसण मूलो धम्मो'** છેને સામે મોટા અક્ષર? એ કુંદકુંદાચાર્યનું સૂત્ર છે. લખ્યું છે નામ નીચે? દર્શનપાહુડ. દર્શનપાહુડનું સૂત્ર છે ઈ. **'दंसण मूलो धम्मो'** એટલે કે ધર્મનું મૂળ દર્શન. ધર્મ ચારિત્ર, ધર્મ વીતરાગી પરિણામરૂપ ચારિત્ર, એનું મૂળ સમ્યગ્દર્શન. કેટલાક પછી એમ કહે છે અત્યારે. ભાઈ! ધર્મનું મૂળ સમ્યગ્દર્શનને? સમ્યગ્દર્શન ધર્મ તો નહિને? માટે ધર્મ તો ચારિત્ર. ચરિતં ખલુ ધમ્મો આવે છેને. આ લેખમાં એવા લેખ એવા આવે છે અત્યારે, ઘણા લેખ એવા. પણ મૂળ હજી સમ્યગ્દર્શન તો એ મહાન ધર્મ જે અનંત કાળે નહિ પ્રગટ્યો એ. પણ ધર્મ અહીં ચારિત્રનો ધર્મ ગણવો છે. કારણ કે ચારિત્ર એ જ મુક્તિનું કારણ છે. ખાસ વીતરાગી પર્યાય, ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે. એ ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન વિના હોય નહિ. એટલે ધર્મ ગણ્યો ચારિત્રને અને ચારિત્રનું મૂળ ગણ્યું સમ્યગ્દર્શન. **'दंसण मूलो'** એ દર્શન કોનું મૂળ? ચારિત્રનું.

મુમુક્ષુ :- .. હોય ત્યાં દર્શન અને જ્ઞાન હોય જને.

ઉત્તર :- હોય જ, પણ ક્યું ચારિત્ર? એમ કે દર્શન હોય માટે આ વ્રત લે છે તે ચારિત્ર છે ત્યાં દર્શન હોય જ, એમ. છેને. દલીલ કરે છે. એમ છે. પત્રમાં આવે છે કે જ્યાં વ્રત, પંચ મહાવ્રતાદિ લીધા, બાર વ્રત લીધા ત્યાં ચારિત્ર છે એટલે સમ્યગ્દર્શન તો હોય જ ને એને? આહા..હા..! અરે... પણ ક્યાં? ક્યાંનો ક્યાં પણ અથડાણો અને ભૂલ કરે છેને.

મુમુક્ષુ :- પાંદડામાંથી મૂળ થાય.

ઉત્તર :- પંડિતજી તો બરાબર કહે છે. પાંદડામાંથી મૂળિયું થાય. ઠીક કહે છે. બરાબર છે. મૂળમાંથી પાંદડા થાય, પણ પાંદડામાંથી મૂળ? દાખલો બરાબર છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેરી આદિ આંબા હોય છેને? આંબા. એના ફળ મોટા. હવે એને પુષ્ટિ આપવી

હોય તો ત્યાં કેરી ઉપર પાણી રેડે? પાણી ત્યાં નાખે? જળ-જળ. એના મૂળમાં પાણી નખાય. અથવા નાળિયેર લ્યો. માથે નાળિયેર હોય છેને. હવે એમાં પાણી નાખવું હોય તો ઉપર નાળિયેર ઉપર પાણી નાખે? એ નીચે પાણી નાખે તો ત્યાં ફટ દઈને ચડી જાય. નીચે પાણી નાખેને નાળિયેરમાં. જેને તૃષા લાગી હોય અને પાણી જોતું હોય એવા મોટા નાળિયેરના .. ત્યાં બહાર પાણી ચોખ્ખું હોય બીજું. એટલે બીજું પાણી ગમે તેવું મેલું નાખેને એમાં. સારું પાણી ત્યાં તરત જ ચડી જાય એ નાળિયેરની અંદર. ફોડીને પાણી પીવે. નાળિયેર ઉપર નાખે તો? એમ ચારિત્રનું મૂળ તો સમ્યગ્દર્શન છે. એ મૂળને એકાગ્ર થયા વિના ચારિત્ર કોઈ દિ' પ્રગટ થાય નહિ. કહો, સમજાણું કાંઈ?

આ શું કહે છે? જુઓ, કહે છે અરે! '**સમસ્ત વિકલ્પોંકો છોડકર આત્માકો નિર્મલ કરતા હુઆ...**' પાઠ છે ખરોને '**अप्पा विमलु करंतु।**' '**વીતરાગ ભાવોંસે પ્રીતિ કર.**' ભગવાન આત્મા જેમાં પહેલી સમ્યગ્દૃષ્ટિ એ પણ વીતરાગ છે, સમ્યગ્જ્ઞાન એ વીતરાગ છે, ચારિત્ર એ વીતરાગભાવ છે. અને એ ચારિત્ર પહેલા દર્શન અને જ્ઞાન હોય એટલે અહીં ચારિત્રની પ્રધાનતા મુક્તિના કારણમાં આપવા નિશ્ચય ધર્મને હે આત્મા! કર તું. અને એ વડે તું આત્મા નિર્મળ થઈશ. એમ સિદ્ધાંત કહીને એટલે ચારિત્ર પહેલા દર્શન-જ્ઞાન હોય, એ ચારિત્રથી તારો આત્મા નિર્મળ થશે. વ્યવહારરત્નત્રયથી નિર્મળ નહિ થાય એમ એમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઓલા ગેંદાલાલે દાખલો આપ્યો છે હમણાં, નહિ? વર સાથે ઓલો વાણંદ હોય. વાણંદને શું કહે છે? નાઈ-નાઈ. નાઈ હોય છેને વરની સાથે. વર એટલે દુલ્હો. એની એક સાથે એક વાણંદ હોય એનો. મોકલે હોં જાનમાં લઈ જાય. એટલે કાંઈ એને કન્યા આપતા હશે? કે હું બધું એને કરું છું. હું હજામત કરું છું, એને નવરાવું છું, પીઠી ચોળું છું, પગ દાબું છું. કેટલું. એ તો હું છું તો ઈ છે. માટે મને પરણાવો એ કહે તો? ન્યાલભાઈ! એમ વ્યવહારરત્નત્રય જોડે વિકલ્પ છે એ તો વાણંદના જેમ છે. સાંભળને. એવો દાખલો આપ્યો હતો હોં. આ ફેરે ભાઈ નહિ ઓલા શું કહેવાય? સન્મતિ સંદેશ. સન્મતિ સંદેશમાં દાખલો એવો આવે છે. કારણ કે એણે ઓલા બાબુભાઈનો દાખલો સાંભળ્યો હશેને ત્યાં. હવે ફેરવ્યો. હવે પછી એને આવડ્યો બીજા દાખલો લેતા. બાબુભાઈ તો એ દાખલો એ આપે છે કે વર અને અણવર. અણવર તો કહેવા જોડે. વર હોય એની સાથે અણવર કહેવાય, પણ કાંઈ અણવરને કન્યા મળે? એ તો એમ ને એમ ધોયેલ મૂળા જેવો ચાલ્યો જાય. મળે ઓલાને.

એમ આત્મા વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર કરે એને કેવળજ્ઞાન પરણે, એનાથી કેવળજ્ઞાન આવે, ઓલા વ્યવહારરત્નત્રયથી નહિ. એ તો જોઈને ચાલ્યું જાય

ખલાસ થઈ ગયું. એનો તો અભાવ થાય. કહો, સમજાણું આમાં? એથી આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવે ભગવાન જેવા કામ કર્યા છે! દિગંબર મુનિઓ એટલે આહા..હા..! ધર્મના થાંભલા! એને આમ કહે. ઉપાડી છે વાત '**णाणिय धम्में रइ करहि**' અરે! જ્ઞાની! તું વીતરાગ ચારિત્રમાં પ્રીતિ કરને, ઠરને. આહા..હા..! પણ મહારાજ! પહેલો વ્યવહાર તો કહો, પહેલો વ્યવહાર કહો. ભાઈ! એ વ્યવહાર એટલે રાગ. તારે રાગથી શું છે?

મુમુક્ષુ :- શું પ્રયોજન છે?

ઉત્તર :- શું પ્રયોજન છે એનાથી? કહો, એ આવ્યુંને સર્વવિશુદ્ધ અધિકારમાં છેલ્લે. આ આત્મા આત્માનો છે એવો વ્યવહાર ભેદ કરીને તારે સિદ્ધ શું કરવું છે? વ્યવહાર તો એક કોર ગયો, નિમિત્ત તો એક કોર નાખ્યું, જ્ઞાયક-જ્ઞાયકનો છે. એ આવે છેને? પંડિતજી! ચેતયિતા ચેતયિતાનો છે. એ સર્વવિશુદ્ધ અધિકારમાં. સેટિકા-સેટિકા ચેતયિતા ચેતયિતાનો છે. ઓલી સેટિકા સેટિકાની છે, એમ ચેતયિતા ચેતયિતાનો છે. એમ જ્યારે પ્રશ્ન થયો ત્યારે ગુરુ કહે છે પણ ચેતયિતા ચેતયિતાનો છે (એમ) બે અંશનું કામ શું છે તારે? પ્રયોજન શું છે? ચેતયિતા ચેતયિતાનો છે. આત્મા આત્માનો છે, જ્ઞાયક જ્ઞાયકનો છે. આવા ભેદ પાડીને કામ શું છે તારે? એમાં પ્રયોજનની સિદ્ધિ શું થશે તને? વ્યવહાર વિકલ્પથી તો પ્રયોજન સિદ્ધિ નથી, નિમિત્તથી તો નથી સિદ્ધિ, આ જ્ઞાયક ચેતયિતા ચેતયિતાનો, ખડી ખડીની છે, એ અંશ-અંશીભાવ એવા ભેદ પાડીને તારે કામ શું છે? આહા..હા..! જુઓને ક્યાં સુધી લઈ ગયા છે! સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ તે જ્ઞાયકસ્વરૂપ જ છે. એમાં વળી જ્ઞાયકનો જ્ઞાયક અને એનો એક સ્વ અને એક સ્વામી એવા ભેદ પાડીને વિકલ્પ ઉઠે છે. એમાં કાંઈ તારું પ્રયોજન સિદ્ધ થતું નથી. એમ ત્યાં મૂક્યું છે અમૃતચંદ્રાચાર્યે. સમયસારની તો એક-એક શ્લોક ગાથાના, અર્થો જ કોઈ અલૌકિક જાત વાત!! હવે અહીં કહે છે કે ઓલો વ્યવહાર હોય તો થાય. અહીં તો કહે કે આત્મા આત્માનો એવો ભેદ પાડ તો વિકલ્પ છે. એમાંથી કાંઈ સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**નિર્મલ કરતા હુઆ...**' ભગવાન આત્મા વીતરાગી વિજ્ઞાનકંદ છે. એને વીતરાગી પર્યાયરૂપ ચારિત્ર દ્વારા નિર્મળ થતો આત્મા પૂર્ણ પરમાત્મપદને પામે છે. પરમાત્મા છે તેની પ્રીતિ, એકાગ્ર થઈ પૂર્ણ પરમાત્માને પર્યાયમાં પામે છે. આ ત્રણ પ્રકાર લીધા. વસ્તુ પરમાત્મા છે દ્રવ્ય. એ દ્રવ્યની વીતરાગ પર્યાય એ કારણપર્યાય છે. શેની? ઓલા કાર્યની, મોક્ષમાર્ગની. એ પર્યાય દ્વારા કાર્ય પૂર્ણ પરમાત્મા થાય છે. કારણમાંથી કાર્ય થાય, પણ આ સાધકપણું પ્રગટ કર તો. સમજાણું કાંઈ? માણસને એટલું નિરાલંબ આકરું લાગે છે. એ વાત ત્યાં પૂરી થઈ જુઓ. ૧૫૧.

૧૫૨. 'आगे देहके स्नेहसे छुडाते हैं—' એ ૧૫૨.

२८३) जोइय देहु परिच्चयहि देहु ण भल्लउ होइ।
देह-विभिण्णउ णाणमउ सो तुहुँ अप्पा जोइ।।१५२।।

'हे योगी, ईस शरीरसे प्रीति छोड,...' 'परित्यज' શબ્દ છેને? છોડવું એટલે શું કાંઈ શરીર છોડવું છે? એની એકાગ્રતા છોડ, પ્રભુ! આ શરીર માટીનો પિંડ, હાડકાનો પિંડ, ચામડા અને માંસના લોચા છે. તું તો આનંદનો-આનંદનો કંદ પ્રભુ છો. આહા..હા..! એની એકવાર પ્રીતિ તો કર, એનો પ્રેમ તો જગાડ. ભગવાન આનંદની મૂર્તિ છે. આ શરીર માંસ ને હાડકા ને એકલો કૃમિ જાળ પિંડ છે. એમાં 'परित्यज' અરે! એની પ્રીતિ તો છોડ. અહીં છોડ તો અહીં જશે, અહીં છોડી તો અહીં ગઈ છે. આત્માના પરમાત્મ સ્વભાવની પ્રીતિ છોડી તો શરીરમાં પ્રીતિ ગઈ છે. આની પ્રીતિ છોડ તો પરમાત્મા પોતાનો આત્મા એમાં પ્રીતિ થશે. આ પરમાત્મપ્રકાશ તો તૈયાર થયેલા લાડવા છે આમ. લાડવા તૈયાર લડ્ડુ-લડ્ડુ હોય છે કે નહિ? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં સ્વાદ છે. આમાં કાંઈ સ્વાદ નથી.

ઉત્તર :- હા, ધૂળમાં સ્વાદ નથી. મરી ગયો ખાઈ ખાઈને. રાગ-રાગને હોં.

'यह देह अच्छा नहीं है,...' 'भद्रः न भवति' આહા..હા..! એ શરીર ભદ્ર નથી, ભલું નથી, અચ્છા નથી. પણ સાધન તો કામ આવે કે નહિ કાંઈક? એ તો એનું લક્ષ છોડીને ચૈતન્યનું લક્ષ કર તો નિમિત્તપણાનો આરોપ આવે. સાંભળને હવે. સંહનન મજબુત, વજ્રકાય ને મનુષ્યદેહ. એક પંડિત કહેતો હતોને? મનુષ્યદેહ વજ્રકાય વિના મળે? એ કુચામણનો જ હતો પંડિત. નહિ? કુચામણનો હતો? એક પંડિત નહોતો કોઈ? ઘાસીલાલજી. ઘાસીલાલજી હતો. એ ઘાસીલાલજી કલકત્તા રહેતો. એ આવ્યો હતો અહીં એક ફેરી. એ કુચામણનો હતો ઘાસીલાલ. ઘણા વર્ષ થઈ ગયા. વીસેક વર્ષ થયા. એ પછી અહીં સાંભળે અને સાંભળેને જરીક કાંઈક અંદર.... પણ આ શરીર-બરીર મનુષ્યદેહ મળ્યો, સંહનન સારું મળે તો એને લઈને થાયને. હવે એવું અનંતવાર મળ્યું એને લઈને થાતું હોય તો. એનો પ્રેમ છોડ અને અહીં કર તો પછી નિમિત્ત તરીકે આરોપ આપે. માલ લે તો કોથળાને આરોપ અપાય. માલ વિના કેનો કોથળો કહેવો? કોથળો સમજ્યાને? બોરી-બોરી. માલ નાખ તો કહેવાય કે ભાઈ આ ચોખાનો કોથળો. કોથળો એટલે બોરી, આ સાકરની બોરી, આ દાળની. પણ માલ હોય એની કહેવાયને. ખાલી કોથળાને શું કહેવું?

મુમુક્ષુ :- એકલો કોથળો.

ઉત્તર :- શેનો કોથળો? શણનો કોથળો છે. શણનો. માલ નાખ તો કહેવાય કે આ માલનો

કોથળો. એમ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન કર તો આ શરીર આદિને નિમિત્ત, બારદાનને નિમિત્ત કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :- .. ખાંડનો કોથળો કહેવાય.

ઉત્તર :- ઈ ખાંડ નાખે તો. કહેવાય એ તો ભૂતકાળની અપેક્ષાએ. એ જુદી વાત છે. '**ઈસલિયે દેહસે ભિન્ન જ્ઞાનાદિ ગુણમય ઐસે આત્માકો તૂં દેખ.**' '**पश्य**' એટલે દેખ એમ. '**जोइ**' શબ્દ પડ્યો છેને એમાં? '**जोइ**'નો અર્થ જ એ કરે છે. '**अप्पा जोइ**' '**अप्पा**' દેખ એમ. '**आत्मानं पश्य**' ભાઈ! તું આત્માને દેખ, ભાઈ! આત્માને અવલોકન. અવલોકવા માટે અનેક ચીજો તારા જ્ઞાનમાં અને અવલોકવા માટે તુ ચીજ તારા જ્ઞાનમાં નહિ?!

મુમુક્ષુ :- આશ્ચર્યની વાત છે.

ઉત્તર :- આશ્ચર્યની વાત છે. તારા જ્ઞાનને પર્યાયમાં અવલોકવા માટે અનંત પદાર્થ અને તારા જ્ઞાનની પર્યાયને અવલોકવા માટે આખું ચૈતન્ય દ્રવ્ય એ એક નહિ. બરાબર છે? ન્યાલભાઈ! બધા મારે જાણવાલાયક, અવલોકવા લાયક છે. તું ખરો? તારી પર્યાયથી તું અવલોકવા લાયક? એ શું? આ શું? એને તો વિસ્મય લાગે. ભાઈ! મહાન પદાર્થ જેની એક સમયની અવસ્થામાં આમ બધું પરનું અવલોકન થાય, એ તો વિકલ્પ ઉઠે અને બંધનું કારણ છે. જેની પર્યાયથી અનંત અવલોકાય, એના પર્યાયથી તારો એક આત્મા અવલોકન કર એની તો તને દરકાર નથી. સમજાણું કાંઈ? પર્યાય આત્માનો જ્ઞાનનો, અવલોકન પરનું. પણ પર્યાય આત્માનો અને અવલોકન સ્વનું (થાય તો) તો તો એનું કલ્યાણ થાય. અવલોકવાને અનેક મળે અને એક મળતો નથી અવલોકવા માટે અને એક અવલોક્યો તો ત્રણ કાળ અને ત્રણ લોકના અવલોકવાનું કેવળજ્ઞાન થયા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :-**' કહે છે, '**નિત્યાનંદ અખંડ સ્વભાવ જો શુદ્ધાત્મા...**' પહેલી વ્યાખ્યા આ. કેવો આત્મા અંદર છે? '**નિત્યાનંદ અખંડ સ્વભાવ...**' એ પ્રભુ નિત્ય આનંદ છે નિત્ય આનંદ. આ દુઃખ તો સમય પૂરતું ક્ષણિક છે. એ આનંદની ઉલટી-વિપરીત દશા ક્ષણિક છે. આ ભગવાન આત્મા નિત્યાનંદ છે. નિત્યાનંદ-નિત્યાનંદ. બાવાનું નામ પાડે છેને કેટલાક. નહિ? શશીભાઈ! શું નામ? પરમહંસ એટલે નિત્યાનંદ મહારાજ. એનું નામ પાડે શરીરનું. નિત્યાનંદ મહારાજ. એલા! પણ નિત્યાનંદ શરીર ક્યાંથી આવી ગયું? નિત્યાનંદ મહારાજ તો આત્મા છે. નિત્યાનંદ હતા. તમારે છે એટલામાં હતા ક્યાંક એ. .. એક ફેરી ગયા હતા. ઓલા વડાલ-વડાલ નહિ, પણ કોક પીઠડા, પીઠડીયા. પીઠડીયામાં હતા એક. વેદાંતી હતા વેદાંતી.

અહીં કહે છે, ભગવાન આત્મા જેને આત્માને આનંદનો એક સમય વિરહ પડતો નથી. અતીન્દ્રિય આનંદ ને ભગવાન આત્માને તાદાત્મ્ય સંબંધ છે, માટે એક સમયનો આનંદના ધરનારને

–આત્માને વિરહ પડતો નથી. બરાબર છે? શું કહ્યું? આ આત્મા જેને અતીન્દ્રિય આનંદ સાથે એક સમય વિરહ પડતો–આંતરો પડતો નથી. કેમકે આત્મા અને આનંદ તાદાત્મ્ય સ્વરૂપ છે, એકરૂપ છે. આનંદ સ્વભાવ છે અને આત્મા સ્વભાવવાન છે. સ્વભાવ અને સ્વભાવવાનનું વિરહપણું આંતરો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ પણ આવો આત્મા!

'નિત્યાનંદ...' એ શબ્દ વાપર્યો છે પહેલો. સમજાણું? ૧૫૨. છેને? '**शुचिदेहांन्नित्यानन्दैक–स्वभावात्**' ભગવાન આત્મા જે વસ્તુ પોતે નિત્ય છે એવો જ એનો આનંદ અતીન્દ્રિય નિત્ય સ્વભાવ છે. કેમકે વસ્તુ હોય અને એનો સ્વભાવ ન હોય. વસ્તુ હોય અને સ્વભાવ ન હોય તો એ વસ્તુ જ ન હોય. હા, એ વિકાર વિના રહી શકે છે. આત્મા અને એનો સ્વભાવ વિકાર વિનાનો રહી શકે છે, દુઃખ વિનાનો રહી શકે છે, પણ ભગવાન આત્મા એના સ્વભાવ વિનાનો કોઈ દિ' રહે એ ત્રણ કાળમાં બનતું નથી અને એનો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદથી ભરેલો પૂર્ણ છે. આહા..હા..!

એ નિત્યાનંદ અને, શબ્દ શું વાપર્યો છે? '**અખંડ સ્વભાવ...**' એ એકરૂપ સ્વભાવ છે એમ કહેવું છે. વસ્તુમાં અતીન્દ્રિય આનંદ છે એ એકરૂપ છે. એક એટલે ખંડ નથી એમ. આમ પદાર્થ જે આત્મા વસ્તુ–વસ્તુ. એનો આનંદ નિત્ય. સ્વભાવવાનનો સ્વભાવ નિત્ય. અતીન્દ્રિય અને તે એકરૂપ છે. વસ્તુ એક છેને. માટે વસ્તુ અખંડ છેને તો એનો આનંદ પણ અખંડ એટલે એકરૂપ છે. એવો એકરૂપ જેનો સ્વભાવ એવો શુદ્ધાત્મા. આહા..હા..! એણે ગાણા પણ સાંભળ્યા નથી. ન્યાલભાઈ! એના ગાણા સાંભળ્યા નથી. ગાણા એના ગાણા કેવા?

આ ગીતા. ગીતામાં એમ કહે છેને પંડિતજી! ગીતા એટલે શું? ગાણા ગાવા. એ ગીતા એને કહે છેને. આ લોકોમાં ગીતા કહે છેને. એ તો આ ગીતા છે. સમયસાર આત્માની ગીતા છે. ગીતા એટલે કે આત્માના ગુણ ગાય છે જે. કોઈ પૂછે કે તમારે ગીતા (છે)? કે અમારે ગીતા છે સમયસાર. આ પરમાત્મપ્રકાશ એ આત્માની ગીતા છે લ્યો! સમજાય છે કાંઈ? એમ આ અધ્યાત્મશાસ્ત્ર પરમ ગીતા. આ એકલા આત્માના ગુણને ગાય. અને અમારે અહીં પાછા એની ટીકાઓ કરી તો અમારે ભાઈએ હરિગીત નામ પાડ્યું છેને? ઓલા શ્લોકના.. આપણે ગુજરાતી. આપણે હરિગીત. હરિગીત—હરિ એટલે ભગવાન એના ગીત. આ સમયસાર, પ્રવચનસાર, નિયમસારના હરિગીત થયા છેને. આપણે સ્વાધ્યાય કરીએ છીએ એનું નામ હરિગીત. ભાઈએ બનાવ્યાને હરિગીત. એ હરિ નામ પાપનું હરવું હરતિ ઈતિ હરિ. અજ્ઞાન અને વિકારને હરે એવો ભગવાન હરિ એવો આત્મા આ એના ગીત હરિગીત એનું નામ હરિગીત છે. સમજાણું કાંઈ? ઓલો કહે તમારી પાસે ગીતા જેવું પુસ્તક છે? હા. અનેક પુસ્તક છે. ખરેખર તો ચારેય અનુયોગ ગીતા જેવા જ છે. આત્માના વખાણ કરનારા જ છે. પણ એમાં આ સમયસાર,

પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, પરમાત્મપ્રકાશ, સમાધિશતક એમ જુઓ તો એકના એક આમ ગાણા પૂરા કહી શક્યા નથી. નિયમસારમાં તો મુનિને શબ્દો મળતા નથી. ભાઈએ એમ લખ્યું હતુંને. પદ્મપ્રભમલધારિદેવ. ગાતા ગાતા શબ્દો ઓછા પડે છે, ગુણ ગાતા. એવી શૈલી વાંચે ત્યારે એમાં આવે છે. નિયમસારમાં ટીકા. શબ્દો ઘણા ટૂંકા પડે છે. કાંઈ હાથ લાગતા નથી એને કઈ રીતે આત્માને શબ્દોમાં કહેવો. શબ્દો થોડા. આ તો અપાર વસ્તુ છે.

ભગવાન આત્મા ભાઈ! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એ નિત્યાનંદ અખંડ સ્વરૂપ ભગવાન શુદ્ધ આત્મા. જુઓ, આટલી વ્યાખ્યા તો એક પદમાં આવી. આહા..હા..! 'ઉસસે જુદા...' એનાથી આ દેહ જુદો. આવો ભગવાન અખંડ આનંદ સ્વભાવ એનાથી આ જુદો અને તે પણ **'દુઃખકા મૂલ...'** જુદું ભલે હોય, પણ આ તો દુઃખનું મૂળ. એની ઉપર નજર કરતાં રાગ જ થાય. એનું લક્ષ અને આશ્રય કર તો રાગ જ થાય, પરદ્રવ્યાનુસારી વિકલ્પ. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખનું કારણ હોં ઈ. દુઃખ તો પોતે ઉત્પન્ન કરે, પણ આમ એનું લક્ષ કરે છેને. **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ મોક્ષપાહુડ, અષ્ટપાહુડ એમાં ગાથા છે આ. **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** આ ગાથા છે. આહા..હા..! છેને? ક્યાં છે? આ તો સમયસાર નાટક છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો આપણે ઓલા શરીરને દુઃખ કહેવું છેને. **'परदव्वादो दुग्गइ'** આ દુર્ગતિનું કારણ છે એમ કહે છે. આહા..હા..! બે ગાથાઓ છે. એક **'सदव्वा हु'** અને **'सदव्वरओ'** અને .. એવી બે ગાથાઓ છે.

**परदव्वरओ बज्झदि विरओ मुच्चेइ विविहकम्मेहिं।**
**ऐसो जिणउवदेसो समासदो बंधमुक्खस्स।।१३।।**
**परद्रव्यरतः बध्यते विरतः मुच्यते विविधकर्मभिः।**
**एषः जिनोपदेशः समासतः बंधमोक्षस्य।।१३।।**

આહા..હા..! એ મોક્ષપાહુડ ૧૩મી ગાથા. ભગવાન કુંદકુંદાચાર્ય પોતે કહે છે, પણ વીતરાગની ઓથે કહે છે, વીતરાગનું શરણ લઈને કહે છે. એ પરમાત્મા આમ ફરમાવે છે હોં. આહા..હા..! **'एषः जिनोपदेशः'** એ જિનનો ઉપદેશ છે. **'समासतः बंधमोक्षस्य'** ટૂંકામાં બંધ અને મોક્ષની આ વ્યાખ્યા ભગવાનના મુખે નીકળેલી છે. પછી ૧૪.

**सदव्वरओ सवणो सम्माइट्ठी हवेइ णियमेण।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइं।।१४।।**

**'सदव्वरओ'** ભગવાન આત્મા એમાં રત થયેલો શ્રમણ **'सम्माइट्ठी हवेइ'** સમ્યગ્દૃષ્ટિ સહિત ચારિત્ર, **'सम्मत्तपरिणदो'** અહીં તો એક સમકિત **'उण खवेइ दुट्ठट्ठकम्माइं'** એવો

પાઠ લીધો છે. એવો પાઠ છે. એ ૧૪મી ગાથા. સમકિતરૂપે પરિણમિત થયેલો, એ વીતરાગી પર્યાય પણ એનું ફળ છે સમકિતનું આગળ. કરતાં પરિણમ્યો એ **'खवेइ दुट्ठट्ठ'** દુષ્ટ આઠ કર્મને. જુઓ, મોક્ષ અધિકાર એટલે બે ભાગ પાડ્યા. અહીં પછી આવશે. **'परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई होइ।'** એ ૧૬મી. **'इय णाऊण सदव्वे कुणह रई विरइ इयरम्मि।।'** **'इयरम्मि'** ઈતર દ્રવ્યમાંથી વિરક્ત થા, વિરક્ત થા ભાઈ! મોક્ષ અધિકાર. ગજબ વાતું કુંદકુંદાચાર્યની! આમ બે ભાગલા પાડ્યા. એક સ્વદ્રવ્યમાં રતિ મુક્તિનું કારણ, પરદ્રવ્યમાં રતિ એ ચાર ગતિની દુર્ગતિનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની ખાણમાં અનંતા આનંદ આદિ ગુણો છે માટે એની એકાગ્રતા. રતિ એટલે એકાગ્રતા એમ. એ મુક્તિનું કારણ છે. પરદ્રવ્યનું અનુસરણ કરવા જાય ત્યાં પરદ્રવ્યને કારણે-લક્ષે રાગ થશે. માટે **'परदव्वादो दुग्गइ'** એને કારણે દુર્ગતિ એટલે મુક્તિ એવી સુગતિ એનાથી વિરુદ્ધ મળશે. સમજાણું કાંઈ? જુઓ,

મુમુક્ષુ :- પરદ્રવ્યમાંથી બાદ કોને-કોને કરવા?

ઉત્તર :- પરદ્રવ્યમાંથી બાદ કરવો એક આત્માને. એમ કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા પરદ્રવ્ય હશે? એય..! ન્યાલભાઈ! એ તો ન્યાલભાઈને હવે... પરદ્રવ્યમાંથી બાદ કેટલા કરવા? ગુરુદેવને પરદ્રવ્યમાંથી બાદ કરવા કે નહિ? સમ્મેદશિખરને એને કરવા કે નહિ? આ ગાથા પડી છે ભાઈ. **'परदव्वादो दुग्गइ'** એ ૧૬મી ગાથા છે. **'सदव्वा हु'** 'વ' ડબ્બલ છેને? **'सदव्वा'** 'વ' પણ ડબ્બલ છે. **'सदव्वा हु सुग्गइ होइ इय णाऊण'** આ જાણીને **'सदव्वे कुणह रई विरइ इयरम्मि'** બસ, આત્માનો સ્વભાવ એની રુચિ કરીને એમાં એકાગ્ર થા. પરદ્રવ્યને અનુસારનો ભાવ છોડી દે. આ મોક્ષ અધિકાર છેને. એટલે એ સ્વદ્રવ્ય, પરદ્રવ્ય નાખ્યું છે.

કહે છે કે ભગવાન શુદ્ધાત્મા **'ઉસસે જુદા ઔર દુઃખકા મૂલ તથા મહાન અશુદ્ધ...'** એટલા શબ્દો વાપર્યા છે. અશુદ્ધ એટલે? એને અવલંબે અશુદ્ધતા થાય માટે તે અશુદ્ધ છે એમ કહ્યું છે. બાકી તો એ જ્ઞેય જડ છે. આહા..હા..! આ તો જ્ઞેય છે શરીર તો. જ્ઞાનનું જ્ઞેય છે. એમાં કોઈ ઈષ્ટ-અનિષ્ટ જ્ઞેયમાં નથી. પણ એના લક્ષે અશુદ્ધતા (થાય છે). એમાં નજીકનું દ્રવ્ય, અનાદિનું શરીર... શરીર... શરીર... શરીર... શરીર... આહા..હા..! એમાં ચાર ઈન્દ્રિય તો છૂટી ગયેલી કેટલી વાર એકેન્દ્રિયમાં ગયો ત્યારે, પણ સ્પર્શ ઈન્દ્રિયનું શરીર તો કોઈ દિ' છૂટ્યું નથી.

મુમુક્ષુ :- ઝાઝો વખત...

ઉત્તર :- એમાં જ રહ્યો. સ્પર્શ ઈન્દ્રિય. એક ઈન્દ્રિયવાળું શરીર. અને પાંચ ઈન્દ્રિયવાળું શરીર તો કોકવાર મળ્યું. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય કોઈકવાર. અને એકેન્દ્રિયવાળું શરીર એવું જે એમાં નિગોદમાં અનંતકાળ રહ્યો. આહા..હા..!

કહે છે, એવું જે આ શરીર એ અશુદ્ધ છે. એટલે કે એને લક્ષે અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. એ દુઃખ છે (એટલે કે) એને લક્ષે દુઃખ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અને '**શરીર ઉસસે ભિન્ન આત્માકો પહચાન,...**' આ તો ભાવનાનો ગ્રંથ છેને. તો ભિન્ન-ભિન્ન પ્રકારે, ભિન્ન-ભિન્ન પ્રકારે એનું મૂળિયું પકડાવે છે. મૂળને પાણી પા તો ફળે ચડશે. ભગવાન આત્મા અભેદ ચિદાનંદ પ્રભુ, એમાં પ્રેમ કર, એકાગ્ર થા. રતિનો અર્થ એકાગ્રતા છે. નિર્જરામાં આવે છેને ભાઈ નહિ? એમાં પ્રીતિ કર, એમાં રતિ કર. એ કલ્યાણ છેને. ૨૦૬ ગાથા. સમજાણું કાંઈ?

'**ઔર કૃષ્ણ, નીલ, કાપોત ઈન તીન અશુભ લેશ્યાઓંકો આદિ લેકર...**' '**ભિન્ન આત્માકો પહચાન,...**' એનાથી '**આદિ લેકર સબ વિભાવભાવોંકો ત્યાગકર,...**' કૃષ્ણ, નીલ તો છોડ, પણ બધા વિભાવભાવ. આ નીલ, તેજો, પદ્મ અને શુક્લ એ પણ વિભાવભાવ છે. એ શુક્લલેશ્યા પણ વિભાવભાવ છે. શુક્લલેશ્યા અભવિને પણ આવે છે, અભવિને હોય છે. એ કોઈ નવીન ચીજ નથી. અભવિ જેની મુક્તિ કોઈ દિ' નહિ એને શુક્લ લેશ્યા અનંત વાર આવે છે. નવમી ગ્રૈવેયકે જાય છે તો શુક્લલેશ્યા વડે જાય છે. એ કાંઈ આત્મસ્વરૂપ નથી. એ તો વિકાર... વિકાર... વિકાર... એ '**સબ વિભાવોંકો ત્યાગકર, નિજસ્વરૂપકા ધ્યાન કર.**' એટલે કે તેને વિષય બનાવ. ધ્યાનનો અર્થ? જે પરનો વિષય આમ બનાવ્યો છે એને આ વિષય બનાવ. સમજાણું કાંઈ? એનું નામ ધ્યાન. અહીં ધ્યાન કર્યું છેને આમ? આ વિષય બનાવીને આમ ધ્યાન કર્યું છે આમ એ આર્ત-રૌદ્ર ધ્યાન છે. આર્ત-રૌદ્ર. આમ ગુલાંટ ખાઈને અહીં વિષય બનાવે એ ધર્મધ્યાન, શુક્લધ્યાન છે.

મુમુક્ષુ :- ધ્યાન.. સ્થિરતા છે?

ઉત્તર :- સ્થિરતા છે. આર્ત, રૌદ્ર ધ્યાન સ્થિરતા નથી? એ ઉંધુ ધ્યાન છે. ધ્યાન તો બધાને આવડે છે. ધ્યાન નથી આવડતું એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યાનનો અર્થ કે જેમાં એકાગ્ર (થાય). એક વિષયને લક્ષમાં લઈ બીજી ચિંતા છૂટી જાય તેનું નામ ધ્યાન. સંસારમાં પણ એક વિષયનું લક્ષ રહીને બીજો વિકલ્પ છૂટી જાય એનું નામ ધ્યાન. એ આર્ત અને રૌદ્ર ધ્યાન. એય..! પડ્યો હોય વિચારમાં આમ... અહીં પણ પોતાનો એક વિષય બનાવી ચૈતન્યને. વિષય એક જ બનાવીને બીજી ચિંતા ભૂલી જાય એમાં એકાગ્ર થઈ જાય એનું નામ ધ્યાન. ધ્યાન તો આવડે છે. એકેન્દ્રિયને ધ્યાન આવડે આર્ત અને રૌદ્રધ્યાન આદિ સમજાણું? આવડે છે કે નહિ ધ્યાન? નથી આવડતું? ન આવડતું હોય આર્ત, રૌદ્રધ્યાન હોય શેનું? એકાગ્રતા આવડે છે, પણ એકાગ્રતા વિકારમાં કરે છે. એ એકાગ્રતા

સ્વભાવમાં કરે એટલો એનો ધ્યાનનો ફેર છે. સમજાણું કાંઈ?

એ વસ્તુ શું છે? એનો સ્વભાવ શું છે? આ વિભાવ શું છે? એનું બરાબર જ્ઞાન થવું જોઈએ. અને જ્ઞાન થયા પછી એને આ સ્વભાવ તે ઉત્તમ છે એની અંતર રુચિ અને દૃષ્ટિ કરવી અને ઠરવું એનું નામ ધ્યાન છે. ઘણા કહે છેને, ધ્યાન કેમ કરવું? પણ પહેલી ચીજ શું છે એને સમજ્યા વિના કેમાં તું એકાગ્ર થઈશ? આમ સમજ્યા વિના બેસી જાય આંખ મીંચીને એમાં શું કરશે? આમ ને આમ વિકલ્પ ઘોળાશે, શૂન્ય જેવું લાગશે. એ ધ્યાન નહિ. અને કાં તંદ્રા આવી જશે આમ... નિદ્રા જેવું તંદ્રા થાય છેને. આહા..! એ નહિ. આમ વસ્તુ લક્ષમાં વિષય લેવો એમ કહે છે. વસ્તુને વિષય બનાવવો સ્વને. ઓલો પરને વિષય બનાવે (છે). વિષય એટલે? વિષય આ ભોગ એમ નહિ. વિષય એટલે પરને આમ લક્ષ બનાવીને એકાગ્ર થાય છે, એમ આને લક્ષમાં લઈને એકાગ્ર થાવું. સમજાણું કાંઈ? થોથા ધ્યાન નથી. મોટો ભગવાન લક્ષમાં લઈને બેઠો એનું નામ ધ્યાન, એને ધ્યાન કહે છે. એમ કહે છે.

કહે છે, '**સબ વિભાવભાવોંકો ત્યાગકર, નિજસ્વરૂપકા ધ્યાન કર. ઐસા કથન સુનકર શિષ્યને પૂછા,...**' શિષ્યે પ્રશ્ન કર્યો. '**હે પ્રભો, ઈન ખોટી લેશ્યાઓંકા ક્યા સ્વરૂપ હૈ?**' ઓલી ત્રણ લેશ્યાનું નામ આવ્યુંને? ખોટી કૃષ્ણ, નીલ, કાપોતનું સ્વરૂપ શું છે? ગોમ્મટસારમાં છે ઈ. '**તબ શ્રી ગુરુ કહતે હૈં—કૃષ્ણલેશ્યાકા ધારક વહ હૈ,...**' માઠી લેશ્યા. છેલ્લામાં છેલ્લી માઠી. '**જો અધિક ક્રોધી હોવે,...**' સામાન્ય લક્ષણ છે. '**જો અધિક ક્રોધી હોવે, કભી બૈર ન છોડે,...**' કોઈની સાથે વિરોધ થયો હોય તો વેર મૂકે નહિ. વીંછીના ડંખની પેઠે વેર રાખે અંદર. '**ઉસકા બૈર પત્થરકી લકીરકી તરહ હો,...**' પત્થરની લકીર. લકીર એટલે? લીટી. એ લીટી કાંઈ પૂરાય? ભેગી ન થાય. પત્થરમાં પાડી હોય એ ભેગી ક્યાંથી થાય? '**મહા વિષયી હો,...**' પર ઉપર ઘણું વિષય લક્ષમાં કરીને મહાભોગી આદિ વિષય હો. સામાન્ય વાત લીધી છે હોં. સમજાણું?

'**પરજીવોંકી હંસી ઉડાનેમેં જિસકે શંકા ન હો,...**' મશ્કરી કરે, મશ્કરીયું કરે, મશ્કરીયું. શું મશ્કરીયું કરે છે એનો મેળ ન રહે. ઓલાના માથ કપાઈ જાય એવી કોઈ મશ્કરી કરી નાખે. મરી જાય. હાય.. હાય.. ... એવા કૃષ્ણલેશ્યા બીજાની ઠઠ્ઠા મશ્કરી ઉડાવે, એના પરિણામ ઘણા કલુષિત છે કહે છે. કૃષ્ણલેશ્યાનું સ્વરૂપ છે ઈ. '**અપની હંસી હોનેકા જિસકો ભય ન હો,...**' પોતાની દુનિયા મશ્કરી કરે તો એની દરકાર ન કરે. એ માઠા પરિણામના ધણી, ભૂંડા પરિણામના ધણી. મારી આ મશ્કરી કરશે. અરે લોકો! આ તમે શું? આ લોકો કહે આ તને શોભે નહિ. આ શું તું કરે છે? દરકાર નહિ. જા, જા. સમજાણું?

શાસ્ત્રમાં એવો એક દાખલો આ શ્વેતાંબરમાં આવે છે. બહુ પાપી હતો, એકાઈ રાઠોડ.

એકાઈ રાઠોડ આવે છેને દાખલો? એમ લૌકિક વાતું કરી. બહુ પાપી પાંચસો ગામનો ધણી હતો. બહુ પાપ કરે. પછી છેલ્લે આવ્યા રોગ. એવો અભિમાની કે કોઈ એને જોવા આવે અને એમ કહે, સાહેબ! આ? એ સાંભળી શકે નહિ. એટલે પહેલા ગામમાં ઢોલ પીટાવ્યો. ઢોલ સમજ્યાને? ગામમાં ઢોલ પીટાવ્યો. એકાઈ રાઠોડનું આવે છે વિપાકમાં. ઢોલ પીટાવ્યો પાંચસો ગામમાં કે એકાઈ રાઠોડને સોળ રોગ થયા છે. કોઈપણ વૈદ એમાંથી એકાદ રોગ મટાડશે તેને આપશું. એટલે હેતુ શું? કે અમે તમને પ્રસિદ્ધ કર્યું રોગ આવ્યો, હવે તું આવીને કહે કે અમને રોગ છે એમ તું કહેવા માગે છે? શું કીધું સમજાણું આમાં?

ફરીને. શરીરમાં સોળ રોગ થયા. પછી એને એટલું અભિમાન કે કોઈ આવીને કહે કે તમને રોગ થયો. એ સાંખી શકતો નહોતો. એટલે પહેલેથી ઢોલ પીટાવ્યો ગામમાં કે એકાઈ રાઠોડને સોળ રોગ થયા છે. કોઈપણ વૈદ એનો એક રોગ (મટાડે)... એટલે કોઈ આવીને એમ કહે.. તમને ખબર નથી? સોળ રોગ થયા એ તો અમે પહેલી ખબર આપી છે. પૂછવા શેનો આવ્યો છે તું? એમ કરીને મોઢું તોડી નાખે. એમ કે તમને રોગ કેટલા. આમ હીણું સાંભળીને આ અધિક થઈ જાય છે. અમને હીણો બતાવે છે.

મુમુક્ષુ :- પોતે સાજો છે અને હું માંદો છું એમ.

ઉત્તર :- હા, હા, એમ કે આ સાજો અથવા ઊંડે-ઊંડે એમ કહે આપને રોગ થયો એમ કરીને ગાળ દેતો લાગે છે. આ પાપ કર્યા માટે રોગ થયો. એ સાંભળવાનો કામી નહોતો. એટલે પહેલેથી પાંચસો ગામમાં ઢોલ પીટાવ્યો. એકાઈ રાઠોડને આ એમ કે રોગ થયો છે. એમાંથી કોઈપણ એકાદ રોગ મટાડવા કોઈ આવે એ જુદી વાત છે. પણ રોગ છે તમને પૂછવા આવે તો એના માટે અમે નવરા નથી. એય..! જેચંદભાઈ! સમજાણું આમાં?

એક વાત એમાં ઉતારતા હતા એ વખતે એમાંથી કાઢીને. એના પ્રમાણમાં લોકોને... કે જુઓ! આ માનનું પૂતળું કે જેને રોગ થયો છે એ કોઈ પૂછવા આવે તો એને નવીનતા બીજાને લાગે. તમને ખબર નથી? એટલે પહેલેથી પાંચસો ગામમાં ઢોલ પીટાવ્યો છે રોગ થયા છે એ. મટાડવા આવ્યા હોય તો ભલે કહો વૈદ. અમે એક રોગનું એના પ્રમાણમાં ગામ, પૈસા લાખ, બે લાખ રૂપિયા આપશું. પણ મટાડવા માટે પૂછતો હોય તો જુદી વાત, પણ તું બીજી રીતે પૂછવા આવતો હોય, અમને મોળો બતાવવા, એ મોખ છે નહિ અહીંયા. સત્તાપ્રિય એવો. એય..! રાજમલજી! આહા..હા..! પણ એવા ઘણા હોય છે અત્યારે. શેઠિયાઓ મોટા પૈસાવાળા એવા હોય એને મોળું કહો તો એને પાલવે નહિ. મેં પાપ કર્યા માટે આ મોળપ થઈ મને એમ બતાવવા માગે છે?

મુમુક્ષુ :- .. મહારાજાને રોગ થયો એમ કહેવાય નહિ.

ઉત્તર :- હા, એ ત્યાં કીધું હતું નહિ? આ રતલામ દરબાર. પંડિતજી! આ રતલામ દરબારમાં દસ લાખનો તાલુકો. દસ જ લાખ, વધારે નહિ. એને તાવ આવ્યો શરીરને. એટલે ડોક્ટર એક આવ્યા હતા એના ડોક્ટર. પછી તો એ .. કેવું કહેવાય? હરદ્વાર. ડોક્ટર આવ્યા હતા. એ ડોક્ટર કહે કે અમારા દરબારને જ્યારે તાવ આવે. તાવ આવે એમ ન કહેવાય. ત્યારે શું કહેવાય? દરબાર સાહેબ! આપના દુશ્મનને બુખાર આવ્યો છે તો વૈદ બોલાવશું? રાજમલજી! આ અત્યારે હજી હોં આ! અરે..! પણ એમાં કેટલી...! આપના દુશ્મનને. આમ બોલાય પંડિતજી! આપને બુખાર આવ્યો એમ બોલાય નહિ. હોય સાધારણ રાજા. દશ લાખની ઉપજ એટલે.. છતાં એટલું અભિમાન કે એમ બોલાય નહિ કે આપને તાવ આવ્યો એમ બોલાય નહિ. આપના દુશ્મનને. એક ન્યાયે તો વાત સાચી છે. શરીર તે આત્માનો દુશ્મન છે. પણ એને બીજી રીતે. આપના દુશ્મનને તાવ આવ્યો છે બુખાર તો વૈદને બોલાવશું? પ્યાલા ફાટી ગયા છેને. તાવ આવ્યો એમ ન કહેવાય.

મરે ત્યારે મરી ગયા એમ ન કહેવાય રાજાને. જોડે છોકરાઓ હોય તો કોઈ સાંભળી ન શકે એને. મહારાજા સાહેબ આજે દોઢ વાગ્યે પોઢ્યા છે. પોઢ્યા છે એટલે મરી ગયા એમ. મરી ગયા ન કહેવાય. મહારાજા સાહેબ.. લખતરના દરબાર ગુજરી ગયા ત્યારે એ વાત આવી હતી. બહારમાં પાડી કે એકદમ થયું શું? મહારાજા દોઢ વાગે પોઢી ગયા છે. બસ એમ બહાર પાડે. મરી ગયા એમ ન પાડે. હવે મરી ગયો અને ગયો નીચે. પાડને. આહા..હા..! માનના પૂતળા ડીંડા પાક્કા. એટલું પણ અપમાન શબ્દોનું સાંભળવાના કામી નહિ. ભલે નરકમાં જાય અને દુઃખ ભોગવે અબજો વર્ષ. અહીં એને કહે કે મરી ગયા. કે નહિ. ઓહો..! ત્યારે મરી ગયો નહિ તો શું જીવતો છો? મરી ગયો છો. અંદરમાં પણ મરી ગયો અને બહારમાં પણ દેહ છૂટી ગયો છે. સાંભળને.

અહીં કહે છે કે એવા પરિણામ હોય એના કે પોતાની હાંસીનો ભય નહિ. હાસ્ય દુનિયા કરો, કરો તો બોલશો નહિ. અમારી પાસે નહિ બોલો, પાછળ કરશો. સમજાણું કાંઈ? '**જિસકા સ્વભાવ લજ્જા રહિત હો,...**' લજ્જા ન હોય લજ્જા. જુઓ, આ દરબાર હતાને. રણજીતસિંહ જામનગર દરબાર. પછી આ સાગરાનંદ ગયા હતા એકવાર. આ દેરાવાસી સાધુ. એણે વાત કરી મહારાજ! આમ પાપ થાય તો આમ જાય, પાપ થાય તો આમ જાય, નરકમાં જાય. અરે! અમે ક્ષત્રિય છીએ. આ હાથે પાપ કરીએ અને આ હાથે ભોગવીએ. અમને એનો ડર નથી. આમ બોલ્યા. અમે આ હાથે કરીએ અને આ હાથે ભોગવીએ. અમે ક્ષત્રિય કહેવાઈએ. ઓલા જરી કહેવા ગયા તો એને જવાબ આવો આપ્યો. બહાર એક કુંજરા નથી થતા કુંજરા? મોટા પંખી નથી થતા? કુંજરા બહુ હોય છે અહીં. જનાવર આવે શિયાળામાં. જાડાના દિનમાં

મોટા પંખી આવે છે. આખાના આખા ગળે. કુંજરા બહુ કુંજરા ત્યાં આસપાસમાં. બહુ કુંજરા ત્યાં અને આવડા મોટા મોટા ઉંચા. મારવા ગયા પોતે. અને એક બ્રાહ્મણની ઓલી હતી ઝૂંપડી. ઓલો મારે એટલે કહે મહારાજ! ઓલો બ્રાહ્મણ કહે, મહારાજ! મારી ઝૂંપડી પાસે આ? પછી પાંચ-સાત-દશ મારી, બોલાવો બ્રાહ્મણને. ઉપાડ આ. ઓલાએ મડદા ઉપડાવ્યા બ્રાહ્મણ પાસે. ઝૂંપડીમાં બિચારો બેઠો હશે. એની ઝૂંપડી હશે. કહે, અમારી પાસે આ ન હોય. એમ કીધું એટલે કહે તું જ ઉપાડ આને. મડદા પાંચ-સાત ઉપાડીને મોટરમાં નાખવા લઈ ગયા એને. પરિણામ તે પરિણામ છેને. હવે એ દોડીને દુર્ગતિએ જાય કે હળવે-હળવે જાતા હશે? આહા..હા..! ઓલાને ત્રાસ... ત્રાસ... ત્રાસ... અમે બ્રાહ્મણ અમારી પાસે આ ખૂન થાય, કુંજરા મરે. એ તો પાંચ-સાતને માર્યા અને કહે ઉપાડ એને. મડદાને ઉપાડીને ગાડામાં નાખ્યા. આહા..હા..! આ તે કાંઈ પરિણામની જાત! પછી પરિણામ વળી નરકના પરિણામની જાત કેવી હશે બીજી? આમ કરોડના તાલુકા દરબાર કહેવાય લ્યો! આહા..હા..! પોઢ્યા ઈ.

કહે છે '**ગરીબકો સતાનેવાલા હો,...**' લ્યો ભાઈ એ જ આવ્યું જુઓ. જોયું? '**જિસકા સ્વભાવ લજ્જા રહિત હો, દયા-ધર્મસે રહિત હો ઔર અપનેસે બલવાનકે વશમેં હો,...**' પોતાથી બળવાન જે હોય એને તાબે પડી જાય. '**ગરીબકો સતાનેવાલા હો,...**' ગરીબને સતાવે. પોતાથી બળવાન હોય એની સામે દબાઈ જાય, ત્યાં દબાઈ જાય. શું કરે? '**ઐસા કૃષ્ણલેશ્યાવાલેકા લક્ષણ કહા.**' લ્યો! આવા ભૂંડા પરિણામવાળા (કૃષ્ણલેશ્યાવાળા છે). ભાઈ! આવા રહેવા દે ભાઈ! આ ભાવ રહેવા દે. જ્યાં ભગવાન આખો ચિદાનંદ અનંત ગુણનો સાગર ઉછળે છે એને ઉછાળને. આવા પરિણામ અંદર મેલા ભેગા કરવા છે તારે? દરિયામાં મેલું ભેગુ થાય એમ મેલું ભેગું કરવું છે તારે? રહેવા દે, ઈ રહેવા દે. આવા પરિણામ રહેવા દે. ભગવાન પવિત્ર ધામ છેને ભાઈ! એમાં જોને, એને નજર કરને.

'**નીલલેશ્યાવાલેકા લક્ષણ કહતે હૈં,...**' બીજી લેશ્યા. '**જિસકે ધન-ધાન્યાદિકકી અતિ મમતા હો,...**' એ જેને લક્ષ્મી ને મકાન ને પૈસા અને ધાન (એની) મમતા... મમતા... મમતા... સમજાણું? '**ઔર મહા વિષયાભિલાષી હો,...**' વિષયનો અભિલાષી '**ઇન્દ્રિયોંકે વિષય સેવતા હુઆ તૃપ્ત ન હો.**' તૃપ્તિ જ ન આવે એને તૃપ્તિ ન આવે. ધૂળમાંય નથી ત્યાં (સુખ). '**કાપોતલેશ્યાકા ધારક રણમેં મરના ચાહતા હૈ,...**' રણમાં મરીએ અમે રાજા કહેવાઈએ. ભૂંડા પરિણામ છે. '**સ્તુતિ કરનેસે પ્રસન્ન હોતા હૈ.**' ખમ્મા અન્નદાતા. ભોજ રાજાની જેવા આપ છો. ખુશી થાય. કાંઈ ન હોય મનમાં. '**સ્તુતિ કરનેસે અતિ પ્રસન્ન હોતા હૈ.**' કાપોતલેશ્યા હોં ભૂંડી લેશ્યા છે. '**યે તીનોં કુલેશ્યાકે લક્ષણ કહે ગયે હૈં, ઇનકો છોડકર પવિત્ર ભાવોંસે...**' પવિત્ર ભાવોંસે-શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિસે '**દેહસે જુદે જીવકો**

**જાનકર...'** '**પવિત્ર ભાવોંસે...'** એ જાનકર એમ કહેવું છે. આવા ભાવે નહિ જણાય. એ ભગવાન પવિત્ર ભાવે જણાશે. '**પવિત્ર ભાવોંસે દેહસે જુદે જીવકો જાનકર અપને સ્વરૂપકા ધ્યાન કર. યહી કલ્યાણકા કારણ હૈ.'** પરમાત્મપ્રકાશ એ ભાવનાનો ગ્રંથ છેને.

મુમુક્ષુ :- ત્રણ બાકી રહી.

ઉત્તર :- એ ત્રણ ગઈ એમાં. બાકી નથી રાખી. એમ કે આ ત્રીજું પદ શુક્લલેશ્યા એ ગઈ એમાં બધાય. ઓલું છોડી દે... છોડી દે... પરનું છોડી અને આની કોર પવિત્ર ભાવમાં આવી જા. એ તેજો, પદ્મ, શુક્લ એ ત્રણે અધર્મદશા છે, ધર્મદશા નથી. છએ લેશ્યા અધર્મ છે. આહા..હા..! ધર્મમાં લેશ્યા કેવી? એ તો અલેશી પરિણામ છે આત્માનું. શુદ્ધ સ્વભાવ પૂર્ણાનંદ ભગવાન એની પ્રતીત, શ્રદ્ધા અને જ્ઞાન, લીનતા એ બધા પવિત્ર ભાવ છે. લેશ્યા તો શ્લેષ છે. શ્લેષ તો બંધનું કારણ છે. આ તો પવિત્ર ધર્મ તે અબંધનું કારણ છે. એવું ધ્યાન કર તો એનાથી કલ્યાણ થશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૭, મંગળવાર, તા. ૨૦-૦૭-૬૫**
**ગાથા-૧૫૩-૧૫૪, પ્રવચન-૧૭૫**

૧૫૩ ગાથા, પરમાત્મપ્રકાશ. '**આગે ફિર ભી દેહકો દુઃખકા કારણ દિખલાતે હૈં :—**'

૨૮૪) दुक्खहँ कारणु मुणिवि मणि देहु वि एहु चयंति।
जित्थु ण पावहिँ परम-सुहु तित्थु कि संत वसंति।।१५३।।

આહા..હા..! ભાઈ! જ્યાં સુખ નથી ત્યાં વસવું કેમ તને ગોઠે? એમ કહે છે. જરી ક્યાંક જાય અને પ્રતિકૂળ થોડું પડે તો ત્યાંથી ખસી જાય છે. પ્રતિકૂળતા કાંઈક લાગે થોડી બે ઘડી જાવું હોય તોપણ કહે, નહિ, અહીં નહિ. હવા નથી, પાણી નથી, ઠીક નથી. એમાં તને વસવું ગોઠતું નથી. તો આ દુઃખ તો મહા દુઃખનું જ કારણ અને મહા દુઃખનો જ પિંડ છે. જુઓ દેહ શબ્દે ચાર ગતિના હોં. ત્યાં નારકીનો દેહ, મનુષ્યનો અને દેવનો દેહ જુદો એમ કાંઈ નથી.

સારો દેહ નથી. દેહ તો માટીનો છે. એ માટીના પ્રેમે ભગવાનનો પ્રેમ છૂટી જાય છે કહે છે. ભાઈ! કેમ વસવું તને (ગોઠે છે)? ઈ કહે છેને જુઓને. **'तित्थु कि संत वसंति'** અરે! સત્પુરુષો! અરે! ધર્માત્મા! આ શરીર-દુઃખમાં વસવું એને કેમ ઠીક પડે? પોતાના આનંદસ્વભાવમાં વસવું છોડી અને આમાં રહેવું એને કેમ ગોઠે? એમ કહે છે. સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ, **'दुःखस्य कारणं'** **'નરકાદિ દુઃખકા કારણ...'** હોં. નરક આદિ દુઃખકા એટલે બધુંય. નારકી, મનુષ્ય, દેવ અને પશુ. એ બધા દેહ **'ઈસ દેહકો મનમેં કારણ જાનકર...'** અહીં તો મૂળ વાત ચૈતન્ય સ્વસ્વરૂપ છે એમાં આનંદ છે. એ આનંદની રુચિ છોડી જેણે દેહમાં રુચિ કરી છે અને દેહના કારણરૂપ પુણ્ય અને પાપમાં પ્રેમ કર્યો છે એ દુઃખમાં વસે છે. પુણ્યની રુચિમાં શું હશે?

મુમુક્ષુ :- દુઃખ.

ઉત્તર :- દુઃખ? ક્યાં દુઃખ છે? દુઃખ હશે? તમારા દીકરાને પૂછીએ લ્યો ઠીક! કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..!

કહે છે, પ્રભુ! આમ બે ભાગ છે. જે ભાગ તને ગોઠે એ લે. એક કોર ચૈતન્યનો ભાગ આનંદનો પડ્યો છે. ચૈતન્ય આનંદમૂર્તિ છે. આ એક કોર દેહ દુઃખનો પિંડલો છે. આ બે ભાગ છે. તને ગોઠે છે આમાં કેમ? એમ અહીં તો કહે છે. અને જ્યારે વ્યાધિ આવે એને તો એમ લાગે કે અહીંથી હવે ઝટ છુટીએ, ઝટ ભાગીએ. આમાં રહેવું ગોઠતું નથી. એલા! એ દુઃખ વખતે તને ગોઠતું નથી અને અનુકૂળતા વખતે ગોઠે છે એનો અર્થ કે તને દુઃખમાં જ ગોઠે છે. આહા..હા..! કેમ જેચંદભાઈ! એ તો અહીં જોડેનો દાખલો છે.

મુમુક્ષુ :- એને ઉદ્દેશીને..

ઉત્તર :- ના, મેં તો મનમાં આ સાધારણ વાત, ઘણા વખત પહેલા સાધારણ વાત હતીને. વ્યાધિ શરીરમાં હોય ત્યારે એમ થાય એકલી વ્યાધિ જાણે. અરે..! એક ક્ષણ પણ આ દેહમાં રહેવું ઠીક નથી. સમજાણું કાંઈ? એકલી વ્યાધિનો જ પોટલો આ. સ્વર્ગનો દેહ હોય કે મનુષ્યનો હોય. એ સ્વર્ગના દેહમાં ભલે વ્યાધિ ન હોય પણ એના લક્ષે આકુળતા થાય એ વ્યાધિ છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ. આધિ એટલે મનમાં સંકલ્પ-વિકલ્પ થવા એ આધિ છે, દેહમાં રોગ આદિ થવો તે વ્યાધિ છે અને સંયોગો કહેવા એને ઉપાધિ છે. એ આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણથી રહિત દૃષ્ટિ આત્મામાં કરવી એ સમાધિ. સમાધિ એટલે શાંતિ, શાંતિ એટલે સુખ. બરાબર હશે? આ દસ છોકરામાં સુખ નહિ હોય? નહિ? આવા સારા છોકરા જાગે. ધન્યકુમાર જેવા બ્રહ્મચારી. તો સારા હોય તો ઠીક નહિ? આત્માને શું? એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ તો એક ન્યાયથી વાત છેને ભાઈ! એક પ્રભુ તું એક કોર ચિદાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપી...ઈ જ કહેશે જુઓ. એ ભાવાર્થમાં પહેલેથી.

કહે છે, હે જ્ઞાની! '**ઈસ દેહકો મનમેં જાનકર...**' દુઃખનો હેતુ જાણીને હોં. એમ ને એમ નહિ. આમ દેહ ઉપર લક્ષ કરવું એ દુઃખ જ છે. માટે દેહ દુઃખ છે. દેહને અનુસારીને વિકલ્પ કરવા પરદ્રવ્ય અનુસારી એ બધા દુઃખ છે માટે દેહ પણ દુઃખ છે. સમજાણું કાંઈ? એવા દેહને મનમાં બરાબર જાણી '**જ્ઞાનીજીવ ઉસકા મમત્વ છોડ દેતે હૈં,...**' એ મારી ચીજ જ નથી તો મારો નિવાસ કેમ ત્યાં હોય? મારું ઘર હોય તો નિવાસ હોય. મારું ઘર, આ દેહ મારું ઘર નથી. આ તો માટીનો પિંડલો હાડકા, ચામડા, લોહી, માંસ. એને લક્ષે તો રાગ જ થાય છે અને દુઃખ જ થાય છે. સમજાણું?

'**ક્યોંકિ જિસ દેહમેં ઉત્તમ સુખ નહીં પાતે,...**' જુઓ, ઉત્તમ સુખ હોં. આ કલ્પનાનું માન્યું એમ નહિ. જેમાં ભગવાન આત્માને અનાકુળ શાંતરસની પ્રાપ્તિ ન હોય એવા દેહમાં રહીને શું કરવું છે? એની મમતા છોડ. '**ક્યોંકિ જિસ દેહમેં ઉત્તમ સુખ નહીં પાતે, ઉસમેં સત્પુરુષ કૈસે રહ સકતે હૈં?**' ઓહો..! ધર્મી ત્યાં નિવાસ કેમ કરે? જે ભગવાન ચિદાનંદ સ્વરૂપ પોતાનો સ્વભાવ એમાં વસવું જોઈએ અને આ આમાં વસવાટ કરે એ જ્ઞાનીને કેમ શોભે? આહા..હા..! અહીં તો ઠેઠથી માંડી છે.

પરમાત્મા પોતાનો સ્વભાવ પરમાત્મા. અરે! એમાં વસવું, દૃષ્ટિનું વસવું છોડી દઈ અને આ દેહમાં વસવું ઠીક, એ સત્પુરુષને કેમ હોઈ શકે? કહો, હવે આ દેહથી ધર્મ થાતો હશે? અહીં તો એ કહે છે કે દેહ તો દુઃખનું કારણ (કેમકે) એને લક્ષે તો રાગ અને દુઃખ થાય છે. એ હવે એને આશ્રયે આત્માને ધર્મ થાતો હશે? સારો દેશ, કો'ક દેશમાં થાતો હશે કે નહિ ક્યાંક? માને એને થાતો હશે કે નહિ? કોક કહે કે ભાઈ દેહ સારો હોય તો ધર્મ થાય. જીવતો દેહ હોય તો ધર્મ થાય. અરે ભગવાન! આહા..હા..! તારી પણ બલિહારી છેને ભાઈ! તું પણ જેમાં ઉતરે તેને મોટો બનાવી દે છો. ધૂળનું ઘર એને મોટું બનાવે. ઓહો..! તારાથી પણ મને ધર્મ થાય હોં. કેવી મોટપ દીધી! આહા..હા..! ધૂળમાંય થાતું નથી.

અહીં તો કહે છે કે દેહ દુઃખનું કારણનો અર્થ? દેહને લક્ષે વિકલ્પ ને વિકાર ને દુઃખ થાય છે. એ તો માટી છે. એને અનુસરીને વિકલ્પ જ ઉઠે. વિકલ્પ નામ વિકાર અને વિકાર તે દુઃખરૂપ છે. માટે દેહ દુઃખરૂપ છે. દેવનો હો, મનુષ્યનો હો. આમાં ક્યાં ફલાણાનો હોય તો એમ કીધું કે ચક્રવર્તીનો દેહ એને સુખરૂપ હોય.

મુમુક્ષુ :- માણસને...

ઉત્તર :- અહીં તો બધા ચારેય ગતિને ઉદ્દેશીને, જીવને ઉદ્દેશીને વાત છે. સમજાણું કાંઈ? અહીં નરકાદિ દુઃખનું કીધું જુઓને. બધાયને. સત્પુરુષને, સ્વર્ગમાં પણ ધર્માત્માને અંતરમાં વસવું હોય છે. શરીરમાં વસવાની દૃષ્ટિ હોતી નથી. અરે! નરકમાં નારકી જીવ પણ ક્યાં વસ્યા છે સમકિતી? પોતામાં છે. નારકીમાં કહેવું એ તો એક નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. એ ક્ષેત્રમાં કહેવું એ પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા છે. વાસ્તવિક એ ભગવાન આત્મા સમ્યગ્દૃષ્ટિ આત્મામાં જ છે. જે પુણ્ય-પાપના રાગમાં નથી, એ દેહમાં કેમ હોય? આહા..હા..! જેણે પોતાનું રહેવાનું સ્થાન શુદ્ધ ચૈતન્ય જોયું છે, જાણ્યું છે, માન્યું છે એને પુણ્ય-પાપના ભાવ પણ રહેવાના, વિશ્રામ ઠામ નથી તો દેહ વિશ્રામઠામ સમકિતીને કેમ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ કહે કે આ તો પણ બહુ ઉંચી વાત. અરે ભગવાન! આ તો હજી પહેલી વાત છે, ભાઈ! તારું તત્ત્વ મહાન આનંદકંદ બિરાજે છેને. અરે! એમાં દૃષ્ટિ સ્થાપતો નથી, એને દૃષ્ટિનો વિશ્રામ ત્યાં મળે એવું છે અને આ રખડપટ્ટીના પુણ્ય-પાપના ભાવ અને એના નિમિત્તો શરીરાદિ એમાં દૃષ્ટિ સ્થાપીને પડ્યો છો, ભાઈ! જ્ઞાનીને ન શોભે એમ કહે છે અહીં. સમજાણું?

'**ભાવાર્થ :- વીતરાગ પરમાનંદરૂપ જો આત્મ-સુખ...**' દેખો, ભગવાન આત્મામાં રાગ નામ કષાય વિનાનું સુખ, અકષાય આનંદ પ્રભુ આત્મા છે. સમજાણું કાંઈ? અકષાય સ્વભાવ એનો છે. એટલે કે આનંદનું રૂપ એનું અકષાય આનંદરૂપ છે. એવો ભગવાન અકષાય અનાકુળ આનંદનું ધામ એવા વીતરાગ પરમાનંદ, પાછું પરમાનંદરૂપ છે. એવું જે આત્મસુખ. '**ઉસસે વિપરીત નરકાદિકકે દુઃખ,...**' એનાથી તો વિપરીત. સ્વર્ગના, નરકના એ બધા દુઃખ વિપરીત છે. આત્માના આનંદથી વિપરીત છે. કહ્યું નહોતું? દાખલો નહોતો? નરકમાં અંગારાની જેમ શેકાય છે. સમ્યગ્દૃષ્ટિને પણ રાગ બાકી રહ્યો છે એ સ્વર્ગમાં શેકાય છે એમ કહે છે. પંચાસ્તિકાયમાં કહ્યું હતુંને. ૧૭૦ ગાથા, ૧૭૧ ગાથામાં અમૃતચંદ્રાચાર્યે લીધું છે. અંગારામાં શેકાશે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને? વાત તે દિ' કરી હતીને. ૧૭૦ અને ૧૭૧. છેલ્લા હોં છેલ્લી ગાથાઓ છેને. જુઓ, ૧૭૦માં.

કહે છે કે શુભરાગવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ પણ '**સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! સંતોએ કામ તો સહેલા કરી દીધા છે. એ કહે છે સમકિતદૃષ્ટિ જીવને પણ... ૧૭૦ ગાથા છે.

सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोईस्स।
दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स।।१७०।।

જેને '**અહીં, અર્હંતાદિની ભક્તિરૂપ પરસમયપ્રવૃત્તિમાં સાક્ષાત્ મોક્ષહેતુપણાનો અભાવ હોવા છતાં પરંપરાએ મોક્ષહેતુપણાનો સદ્ભાવ દર્શાવ્યો છે.**' નિમિત્તથી. 'જે જીવ

**ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો, અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...'** જુઓ, ભાષા કેવી છે? એ રાગ કેમ બાકી રહી ગયો સ્વર્ગમાં જવાનો? એ પ્રભુશક્તિ પ્રગટ કરી નથી માટે. કર્મ હતા માટે રહી ગયો એમ નથી કહ્યું. જુઓ, સંસ્કૃત પાઠ છે હોં. સમજાણું કાંઈ? **'પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...'** ભગવાન આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિને પ્રાપ્ત કરી છતાં, પોતાના સ્વરૂપમાં જે પ્રભુ સામર્થ્યથી ઠરવું જોઈએ એવી શક્તિ એણે પ્રગટ કરી નથી. માટે કર્મને લઈને રાગ રહી ગયો એમ નહિ.

આ **''પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે,...'** પીંજણ હોયને પીંજણ? શું કહેવાય આ? .. આ પીંજારા. પીંજારા હોયને આમ-આમ (કરે), હા ઈ. **''પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે, નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી,...'** એનો રાગ હજી છોડી શકતો નથી. **'પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી,...'** એમ લખ્યું છે. આહા..હા..! પોતાના પુરુષાર્થની ખામી છે. એટલે સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં, સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં, જે પ્રભુશક્તિ પ્રગટ કરીને સ્વરૂપમાં ઠરવું જોઈએ એટલી કરી નથી એટલે એને નવ તત્ત્વ અને પ્રભુની ભક્તિનો રાગ રહી જાય છે. ન્યાલભાઈ! એ રાગના ફળમાં કહે છે કે જુઓ, **'તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના...'** એટલે દેવલોક ત્યાંથી નીકળીને ચક્રવર્તી એ એની **'ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે.'** આહા..હા..!

મુમુક્ષુ :- જુઓ, આને પરંપરા મોક્ષ થાય છે.

ઉત્તર :- પણ કોને લઈને? કીધું, આ તો દુઃખ ભોગવતો... ભોગવતો... પછી છોડશે એમ કહે છે. તારા રાગને લઈને થશે? એ તો અપેક્ષાથી વાત કરી. પાઠમાં તો દુરતર શબ્દ પડ્યો છે ખરોને? **'दूरतरं णिव्वाणं'** એટલે ઓલો પછી પરંપરા એનો અર્થ કાઢ્યો. એમાંથી કાઢ્યો છે આચાર્યે. **'दूरतरं णिव्वाणं'** એટલે સાક્ષાત્ નિર્વાણ નથી. ઓલો રાગ છે એટલે સાક્ષાત્ નથી. **'दूरतरं णिव्वाणं'** એનો પછી અર્થ કાઢ્યો કે ભાઈ તરત મોક્ષ નથી, પણ પછી થાશે. આ રાગ જ્યારે છોડશે ત્યારે. એવો તો સીધો અર્થ છે એમાં. સમજાણું કાંઈ? આહા..હા..! પાઠ એમ બોલે છે જુઓને. પાઠ પોકાર કરે છે. કુંદકુંદાચાર્ય તો કહે કે એ **'दूरतरं णिव्वाणं'** જેને હજી નવ પદાર્થની રુચિનો વિકલ્પ રહી ગયો છે એને હજી ભગવાનની ભક્તિનો રાગ રહી ગયો છે, તીર્થંકર ત્રણ લોકના નાથ ઉપર ભક્તિનો વિકલ્પ (રહી ગયો છે). સમજાણું?

**'अभिगदबुद्धिस्स सुत्तरोईस्स'** સૂત્રનો, આગમનો પ્રેમ રહી ગયો છે. એ **'दूरतरं णिव्वाणं'**

એને નિર્વાણ હજી આઘું છે, આઘું છે. એ રાગ છોડીને ઠરશે ત્યારે નિર્વાણ પામશે. આહા..હા..! સમજાણું કાંઈ? એ એનો અર્થ પછી પોતે અમૃતચંદ્રાચાર્યે કર્યો. સમજ્યાને? કે અભાવ હોવા છતાં '**પરપંરાએ મોક્ષહેતુપણાનો સદ્‌ભાવ...**' એ '**दूरतरं**'નો અર્થ એ કર્યો છે. એટલે કે તરત સાક્ષાત્ ન થતાં એ રાગ છે એટલું તો અગ્નિમાં શેકાવું પડશે એને બે ભવમાં. મનુષ્ય અને સ્વર્ગ. બીજો તો ભવ એને હોતો નથી. '**પરંતુ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે.**' પરંપરાનો અર્થ અહીં નાખ્યો આ. ત્યાં પરંપરા કીધી હતી. '**પરપંરાએ મોક્ષહેતપુણાનો સદ્‌ભાવ...**' એનો અર્થ કે પરંપરા એટલે આ દેવલોકનાદિ ક્લેશ પછી થશે. એમ. આહા..હા..! ભારે પણ જીવને જ્યાં ગોઠે ત્યાં શાસ્ત્રના પણ અર્થ ફેરવી નાખવા. ભગવાનને પણ ફેરવી નાખવા છે, તીર્થંકરને પણ ફેરવી નાખવા છે.

કહે છે અને ૧૭૧માં તો છેલ્લું તો એ કહ્યું છે જુઓ, '**जो कुगदि तवोकम्मं सो सुरलोगं समादियदि**'

**अरहंतसिद्धचेदियपवयणमत्तो परेण णियमेण।**
**जो कुगदि तवोकम्मं सो सुरलोगं समादियदि।।१७१।।**

એટલે? સુરલોક પણ કેવો? કે '**રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો અંદરમાં સંતપ્ત (—દુઃખી, વ્યથિત) થાય છે.**' સ્વર્ગમાં પણ વ્યથિત-પીડા છે, ત્યાં રાગની પીડા છે. એ ઈન્દ્રાણીના ભોગ, એ આ રાગ બાકી રહી ગયો અહીંયા, ભગવાનની ભક્તિનો રાગ રહી ગયો, એ રાગમાં ત્યાં ફળરૂપી અંગારામાં શેકાશે ત્યાં. આહા..હા..! દેવલોકમાં અંગારા કીધા. ધૂળમાં નરક અને ઢોરમાં તો ક્યાં હતું ક્યાંય? અહીં તો કહે છે એ શેકાતો થકો. જુઓને ભાષા કેવી છે? '**स्वर्गलोकं समासाद्य, सुचिरं रागाङ्गारैः पच्यमानोऽन्तस्ताम्यतीति।**' લ્યો અંદર તાપ થાશે તાપ. વિકલ્પ ઉઠે છે એ જ્વાળા ઉઠે છે અગ્નિની એમ કહે છે. આહા..હા..! અંગારા.. ભગવાન અનાકુળ આનંદ એની દૃષ્ટિ હોવા છતાં જે રાગ રહી ગયો ભક્તિ આદિનો, એના ફળમાં સ્વર્ગમાં ત્યાં રાગની જ્વાળા ઉઠશે. શાંતરૂપ પ્રભુ, શાંતરૂપ પ્રભુ એમાં એ જ્વાળા ઉઠશે. આહા..હા..! શાંતમાં ઠરવું જોઈએ. કાલે આવ્યું હતુંને ઓલું સમવસરણમાં નહિ? હતા તમે? નહોતા. ઓલું શશીકાંત શિલા. દેવો જ્યાં વિશ્રામ લે છે. આવ્યા હતાને. એ આદિપુરાણમાંથી બધું લીધું છે. પહેલા વન છેને ઉપવન? એમાં એમ કે નીચે આવી શિલાઓ મોટી (છે). શશીકાંત આમ. ચંદ્રના કિરણથી જાણે બનાવી હોય ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... ઈન્દ્રો જાય ... આ ઠંડી... ઠંડી... ઠંડી... શિલા. અનાકુળ શાંતરસની શિલા પ્રભુ આત્મા છે. એકલો વિકારી સ્વભાવ ઠંડો એ ઈન્દ્ર નામ ઈશ્વર ધણી આત્મા એમાં વિશ્રામ લે. ઓલી તો બહારની વાતું જરી. સમજાણું?

શશીકાંત. માથે શશીકાંત આવ્યું હતું નહિ? શશીકાતં જાણે બધું. એ આવે છેને કાંઈક? ઉપર શશીકાંત. જળ સમુદ્ર શશીકાંત જાણે ચંદ્રના કિરણોમાંથી જળ આવ્યા હોય એમાંથી જાણે આ બધું બનાવ્યું છે. ચામરને એવું કાંઈક છે ખરું. ખાઈનું વર્ણન પહેલું. એમાં પાણી. આચાર્યે જિનસેન આચાર્યની અંદર સમવસરણનું વર્ણન છે એમાંથી આ બધું ભાઈએ કર્યું છે. કહે છે કે પ્રભુ! તારી શિલા શાંત અનાકુળ આનંદની મહાધામ શિલા પડી છે આત્મા. એમાં ઠરવાનું છોડી અને જેટલો રાગ બાકી રહેશે, એને સમકિતીને પણ અંગારામાં શેકાવું પડશે, એમ કહે છે લ્યો! સમજાણું કાંઈ? એ ૧૭૧ અને ૧૭૦ બેમાં આવ્યું હતું.

કહે છે કે '**વીતરાગ પરમાનંદરૂપ જો આત્મ-સુખ ઉસસે વિપરીત નરકાદિકકે દુઃખ,...**' સ્વર્ગનું પણ એનાથી વિપરીત દુઃખ. સુખ-બુખ નથી કાંઈ. કહો, સમજાણું કાંઈ? હવે અહીં મનુષ્યપણું મળ્યું, એમાં કંટાળો થાય ને મરીને જાવું નરકે. ત્યાં કેટલું દુઃખ હશે? પણ આ દેખનારા તો ન મળે ત્યાં. એટલું તો સુખ ખરું કે નહિ? પણ આ દેખનારા આ હોળી સળગે સામે. આ બધા દેખતા તો સારા-સારા હતા. એમાં બગડ્યા. આ દેખવાનું દુઃખ ઝાઝુ છેને. આ ન હોય પછી મરીને ગમે ત્યાં જાય ભલે ત્યાં. માણસ એમ કહે છે કે ભાઈ આ દેશમાં જો રહીએ તો આપણે ઓળખીતા ઓલામાં આપણું કામ હલકું કરીએ તો શરમ આવે. બહાર જઈને ભલે ભાણા ઉટકીએ કોકના. ભાણા સમજાણું? વાસણ. પરદેશમાં જઈને વાસણ ઉટકીને રોટલા ખાશું, પણ દેશમાં ઓળખીતામાં પાંચ લાખના આસામી કહેવાતા અને પચ્ચીસ મળતા નથી મહિને, નોકરી થાય નહિ, કોઈ મોટો માનીને રાખે નહિ.

મુમુક્ષુ :- મોટાઓને કામ ચીંધાય કેમ?

ઉત્તર :- ચીંધાય નહિ. હા, આ વાત બધી થઈ ગયેલી. ભાઈ નામ શું કરવા આપીએ. ધોળા લૂગડા પહેરે, પૈસા ન મળે કાંઈ. મોટાના દીકરા. નામું લખતા આવડે. પણ સાહેબ તમને શી રીતે અમે રાખીએ? કારણ કે તમને કામ ચીંધાય નહિ. તમે મોટાના દીકરા, ગામના મોટા શેઠીયાના દીકરા, દેવ થઈ ગયેલા. આવી બધી વાતું થઈ ગયેલી છે આ બધા નામ-ઠામ હોં. ધોળા લૂગડા પહેરે સારા. ગરીબ માણસ સાધારણ થઈ ગયેલા. રૂપિયા બાપે આપેલા. બાપ પાસે બેઠતા. બાપ પાસે લાખો રૂપિયા. પણ કેટલું આપે? આપે તો ઉડાડી દે. ખલાસ થઈ જાય. પુણ્ય નહિ એટલે રહે નહિ. બે-ત્રણ વાર આપેલું. પછી નોકરી કોઈ આપે નહિ ક્યાંય. આપને કેમ ચીંધાય કામ? અમે સાધારણ માણસ કહેવાઈએ અને તમે શેઠિયાના દીકરા. ભાઈસાહેબ પણ અમે તો અત્યારે હવે ખૂટ્યા છે અન્ન ન મળે. ઘી ખાવા ન મળે હોં. રોટલી એકલી લૂખ્ખા ખાતા. એ બધું અમે નજરે જોયું છે. વહોરવા જઈએ તો રોટલી એકલી હોય. ઘી-બી ક્યાંથી હોય? એવા બિચારા ગરીબ થઈ ગયેલા. હવે એને નોકરીએ કોણ રાખે? મોટાના

દીકરા એટલે નોકરીએ રાખે નહિ. આહા..હા..! કામ કેમ ચીંધાય તમને? પણ ભાઈસાહેબ! હવે તો નોકર રહેવાને લાયક છીએ. પણ તમે ભલે હો, પણ તમારા મોઢાં દેખીને, લૂગડાં ધોળા દેખીને અમારે કામ ચીંધાય નહિ. કામ ક્યું તમને બતાવવું? સમજાણું?

અહીં કહે છે કે ભાઈ! એ પરમાં ક્યાં તું જાઈશ પણ? કહે. ક્યાં જાઈશ તું? અહીંથી નીકળીને ક્યાં જઈશ? નરક અને ઢોરમાં? તો આ કરતા વધારે ત્યાં આકુળતાનો અગ્નિ સળગે છે. અને આવા ભાવ અહીંથી મરીને જાવું એ દેવલોકમાં જાય નહિ અને માણસ પણ થાય નહિ. ઢોર અને નારકીમાં જાય. હવે એના પણ ત્યાં ઓલા દેખનારા તો નહિ. આ બધા ઓળખીતા. પહેલા આવા હતા. પાંચ લાખના આસામી, ગરીબ થઈ ગયા. લૂગડાં મેલા. આમ પકવાન મૈસુબ ઉડાડતા એને રોટલીને ઘી ચોપડેલી મળે નહિ. આના કરતા અજાણે ઘરે જઈએ તો બીજા ગામ-દેશમાં. એમ આ અજાણ્યે ભવે જઈએ મારી નાખીને. પણ અજાણ્યો પણ તું ક્યાં અજાણ્યો હતો? તું તો ત્યાંનો ત્યાં છો. ત્યાં તને રાગ અને દ્વેષની હોળી સળગશે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**આત્મ-સુખ ઉસસે વિપરીત નરકાદિકકે દુઃખ,...**' એ દેવના દુઃખ, ચક્રવર્તીના દેહના દુઃખ છે એમ કહે છે અહીં તો. જેટલું દેહમાં લક્ષ જાય છે એને આકુળતા-આકુળતા અંગારા શેકાય છે. જ્વાળા ઉઠે છે અંદરથી. એ પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે, જ્વાળા ઉઠે અગ્નિ, આત્માની શાંતિને બાળે છે. આહા..હા..!

મુમુક્ષુ :- અહીં તો તીખારાને પણ અડવું ગમતું નથી.

ઉત્તર :- એ જ કહે છેને. અડે છે કે દિ'? તીખારો-અંગારો અહીં અડતો જ નથી કોઈ દિ'. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને કોઈ દિ' છૂતું નથી ત્રણ કાળમાં. જેટલા એક દ્રવ્યમાં પોતાના ધર્મો છે તેને એ દ્રવ્ય ચુંબે છે, આલિંગન કરે છે પણ બીજા પરસ્પરમાં ચુંબતા નથી. એ તો એ ગાથામાં સમયસારમાં (આવી ગયું છે). '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे**'. અમૃતચંદ્રાચાર્ય કહે કે ભાઈ! પ્રત્યેક પદાર્થ પોતાના અનંત ધર્મોને ચુંબે છે, અડે છે, સ્પર્શે છે, પણ પરસ્પર કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને કદી અડતું, છૂતું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ દેહના દુઃખની અપેક્ષાએ વાત કરી. કાંઈ દેહ દુઃખ નથી. દેહને અનુસરીને વિકલ્પ સળગે છે એ દુઃખ છે એમ કહેવું છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**ઉનકા કારણ યહ શરીર, ઉસકો બુરા સમજકર...**' બુરાનો અર્થ કાંઈ દ્વેષ નહિ હોં પાછું. નહિતર મોક્ષમાર્ગપ્રકાશકમાં આવ્યું છે કે પહેલા મિત્રને પ્રેમ કરતો અને પછી થયો વેરી એટલે દુશ્મન દેખ્યું શરીરને. એ તો પરદ્રવ્ય પ્રત્યે અનિષ્ટ બુદ્ધિ થઈ. પહેલો રાગ હતો, પછી શરીરને એ તો શરીરમાં વિષ્ટા છે અને શરીર આવું છે ને આવું છે એ તો દ્વેષ

થયો. એમ નહિ. એ અશુચિમય શરીર છે, હું શુચિમય પ્રભુ છું. એમ જ્ઞાન કરીને તેને અશુચિ જાણીને, અપવિત્ર (જાણીને). દ્વેષ કરીને એમ નહિ. પહેલો પ્રેમ કરતો હતો, પછી દ્વેષ કર્યો કે છોડ શરીરને. શું છે પણ છૂટેલું જ પડ્યું છે. ત્યાં ક્યાં ગરી ગયું છે તારી પાસે ત્યાં? તેં પ્રેમથી આદર્યો છે હવે તું દ્વેષથી નકાર કર. બેય કષાય છે. એ નહિ. દેહ જે છે તે છે, હું ભગવાન આત્મા આનંદ છું. એમ જાણીને, દેહની અશુચિ આદિ જાણીને તેમાં મને સુખ નથી એમ બુરું જાણીને. સમજાણું?

'**સમજકર જ્ઞાની જીવ દેહકી મમતા છોડ દેતે હૈં,...**' આહા..હા..! મમતા છોડ દેતે હૈ. દેહ તો છૂટેલો પડ્યો જ છે ત્યાં. એ ક્યાં છોડ્યો જાય એવું છે? સમજાણું કાંઈ? અરે! એક પહેલી અવસ્થાઓ થયેલી હોય. મા-બાપ પાસે કે માતા પાસે આમ લાડ લડ્યો હોય દશ વર્ષનો, બાર વર્ષનો. એ યાદ કરે કે ના, બા! આ હો, ફલાણું આ. તો એને એમ થાય કે અરે..! ત્યાં આગળ મને આવી આ નિર્લજ્જ વાત શોભતી નહોતી ત્યાં. અને હવે અત્યારે આ શું કરું છું? સમજાય છે? માતા પાસે વાત કરતા. બા! મને આમ છે. ભાઈ! તને દુઃખ છે, આપણે હવે આમ કરશું. હવે ત્યાં આગળ કેવી દીનતા અને આમ જાણે માતા પાસે જાણે.. ઓલા કૂતરાનું બચ્ચું શું કહેવાય એ? ગલુડીયું. ગલુડીયું કહતે હૈ? ક્યા કહતે હૈ હિન્દીમેં? દૂસરા કહતે હૈ. કૂત્તેકા પિલ્લા. મા! મને આમ છે ભાઈ! એવું કરતો. ત્યાં કાંઈ અભિમાન હતું એને? બા! મને આમ છે હોં, મને આમ છે. ભાઈ! હવે આમ કરશું હોં બાપા! તારે આમ કરશું. હવે ત્યાં ક્યાં માન હતું કાંઈ? એ સ્થિતિ અત્યારે યાદ કરે. કોની પાસેથી તારે માન લેવું છે? ક્યાં તારે દીનતા કોની પાસે કરવી છે? આહા..હા..! સમજાણું કાંઈ?

પૂર્વની વાત યાદ કરે તો ખબર પડે કે ક્યારે મારી સ્થિતિ ૧૦-૧૦ વર્ષની, ૮ વર્ષની, ૧૨ વર્ષની, ૧૫ વર્ષની (હતી). હું માતા-પિતાના સંબંધમાં કેવી રીતે મારી દશા ગુજરી હતી. સમજાય છે? એમાં તો ક્યાંય બીજો કોઈ વિકલ્પ કે કાંઈ નહોતો કે આમ હોય... આમ હોય.. આમ હોય... અને એમાં એવી વિષય-વાસના કે ગૃદ્ધિ ત્યાં તો એને યાદ પણ નહોતી આવતી. ત્યાં તો એવું જરીક એ ખ્યાલ પણ નહોતો કે આ શું છે? એવી સ્થિતિને યાદ કર તો નિર્દોષતા તારી કેવી હતી વ્યવહારે? વ્યવહારે નિર્દોષતા. સમજાણું કાંઈ? એ ફરીને અહીં પાછો જ્યાં મોટો અને કાંઈક જ્ઞાન જ્યાં વધ્યું, સદોષતા ગરી ગઈ. જ્ઞાનને વધવાને કારણે ગરી છે? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એકવાર એ શરીરનું સ્વરૂપ છે એને તું જો. અને જાણ અને ભગવાન આત્મામાં આનંદ છે એમ જાણ. એમ જાણીને મમતા છોડ. બીજી રીતે આમ સાધારણ રીતે કરે છે એ તો અનંત વાર છોડ્યું એ છોડ્યું નથી. અનંત વાર દેહમાં જરી ઉપેક્ષા કરેલી, પરિષહ

સહન કરેલા. પણ નહિ, જ્યાં સુધી અંદરમાં પરદ્રવ્યના લક્ષે થતાં રાગમાં પ્રેમ છે ત્યાં સુધી દેહના પરિષહ એણે સહન કર્યા એ કહેવામાં આવતા નથી. રાગ અને શરીરની એકતાબુદ્ધિ પડી છે. છેને? અમૃતચંદ્રાચાર્ય કાયક્લેશ (કહે છે). ચરણાનુયોગ, ૨૩૬ ગાથા. ચરણાનુયોગ, પ્રવચનસાર. ૨૩૬ ગાથા. જેને રાગનો એક અંશ પણ પ્રિય લાગે છે એને છકાયની હિંસાનો ત્યાગ બિલકુલ નથી અને શરીરનો ત્યાગ બિલકુલ નથી, આહારનો ત્યાગ બિલકુલ નથી. ૨૩૬ ગાથા છે ચરણાનુયોગ, પ્રવચનસાર. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન એક કોર શુદ્ધ આત્મકંદ અને એક બાજુ રાગ અને શરીર આદિ બધું ગામ આખું. એમાં ક્યાંય પણ એકત્વબુદ્ધિ છે તો એને શરીરનો ત્યાગ અને મમતા એણે છોડી નથી. ભલે શરીર સાથે હોય અને સહન કરતો હોય પરિષહ આદિ, પણ ખરેખર અંદર એકત્વબુદ્ધિ છે. એકત્વબુદ્ધિ શરીર અને રાગ સાથે એકત્વબુદ્ધિ (છે તો) કષાયનો તીવ્ર અભિપ્રાય મિથ્યાત્વનો પડ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પરમાત્મા પિતા એને લક્ષમાં જરી લઈને હું શું કરું છું? ક્યાં છું? એ વિચારે તો ખબર પડે. મા-બાપ પાસે જેમ અમુક કામ કરવા શરમાતો. એમ પરમ પરમાત્મા ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પ્રભુ બિરાજે છે. તારી સમય-સમયની વાત ભગવાન જાણે છે. ત્રણ લોકના નાથ પરમાત્મા સાક્ષાત્ દેખે છે. તારા મા-બાપ તો તારા પરિણામને જોઈ શકતા પણ નહોતા, પણ છતાં મા-બાપની સાથે નૈતિક જીવનમાં એવી વિપરીતની ઉદ્ધતાના ભાવ તેં કર્યા નહોતા, બરાબર છે? આહા..હા..! તો આ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પ્રભુ ધર્મ પિતા એની પાસે તું બેસીને શું કરે છે તું આ? ઈ તેં વિચાર્યું છે? આહા..હા..!

પ્રભુ! મારી વાત સર્વજ્ઞ જાણે છે સમયે સમયે. તો મારો આત્મા એવો જ એનો અને એવો એવો મારો. તો આ આત્માનો પ્રેમ કરી અને શરીરના પ્રત્યેનો પ્રેમ, એકત્વબુદ્ધિ છોડી દે. ભગવાન પણ એકત્વ છોડીને પૂર્ણ થયા, એણે આજ્ઞા એ આપી તું પુત્ર તરીકે જો હો તો. એનો વારસો એ છે. આહા..હા..! કઈ રીતે સમજાવવું? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા... જેમ મા-બાપ પાસે નાની ઉંમરમાં ઉદ્ધતાઈ વિના વિષયની ચેષ્ટા અને લાગણી વિના ત્યાં રહેતો કે નહિ બેસતો ત્યારે? કે ત્યાં ખોળામાં બેસે ત્યારે એને બીજા કાંઈ વિચાર થાતા હતા? અરે ૧૦-૧૦ વર્ષના છોકરા માના ખોળામાં બેસે. તો એને કાંઈ વિચાર હશે બીજો? માતા છે, એના ખોળે બેઠો છું. બીજો વિચાર ન મળે. કોઈ એક સાધારણ વિકલ્પ અને મમતા એની વાત નથી. પણ તીવ્ર ઉદ્ધતાના ભોગની વાસના કે એવું એને હોય એ વખતે? એમ ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા એને હું ખોળે બેઠો છું. મારે અમુક ભાવ હોઈ શકે નહિ.

દેવચંદજીએ કહ્યું નથી? 'મોટાને ઉછંગ બેઠાને શી ચિંતા, તેમ પ્રભુ ચરણ પસાય સેવક થયા નિશ્ચિંતા' પ્રભુ! તારે ખોળે માથા મૂક્યા. હવે અમે નિશ્ચિંત છીએ. માને ખોળે માતા મૂકે એને મરવાનો ભય ન હોય, કોઈ ગાળ દેશે, મારશે. માને ખોળે માથું મૂક્યું હોય એને ડર હોય? કે મને મારશે. મા મરશે તો મને મરવા દેશે. ત્યાં સુધી... તો હે નાથ! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પ્રભુ મેં આપને પિતા ઠરાવ્યા અને આપનો હું તો પુત્ર છું. આહા..હા..! પુત્ર ઘણા પ્રકારના ચાલે છે હોં. એક ધર્મ પુત્ર પણ કહેવાય છે. આવે છે. ગૌતમને પુત્ર કહ્યો છે. પંડિતજી! એ ધવલમાં. ગૌતમને ધર્મ પુત્ર કહ્યો છે. ધવલમાં પાઠ છે. બધા શાસ્ત્રમાં તો પાઠના પાઠ ભર્યા છે. ધર્મપુત્ર ગૌતમ છે. આહા..હા..! એવો પાઠ છે હોં. આવે છેને. બતાવ્યું હતું નહિ? નીચે નોટમાં છે. ક્યાંક એનો આધાર આપ્યો છે. ધર્મપુત્ર ગૌતમ. ગણધર ધર્મપુત્ર. એ પુત્રે ભગવાનને ખોળે માથા મૂક્યા એને બીજું હવે શરીર અને રાગની એકતા એને શોભે? સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભાઈ! એ દેહાદિની મમતા છોડી જેણે પરમાત્મપદ પ્રાપ્ત કર્યું એવા પરમાત્માનો જો ભક્ત તારે થવું હોય તો તું પણ રાગ અને દેહની એકતાબુદ્ધિ છોડી, મમતા છોડી દે અને સ્વભાવની શ્રદ્ધા કર. શ્રદ્ધા આત્મા આનંદ... આનંદ... આનંદ... આનંદ.. ત્રણ કાળમાં મારો આનંદ બીજે છે નહિ. એવી રુચિસહિત એમાં નિવાસ કર. બીજે ક્યાંય વસવા જેવું નથી. વસી ન શક તો દૃષ્ટિમાં તો એ જ રાખ. અહીં વસવા જેવું છે, ક્યાંય વસવા જેવું નથી. ભગવાન કેમ સ્વરૂપમાં પૂરા વસ્યા? જેને તું મોટા માને એ પૂરા વસ્યા આત્મામાં. તું જેને મોટા માને છો. તારે મોટું થાવું છે કે નહિ? આહા..હા..!

ભગવાન આત્મા... કહ્યુંને પહેલું? '**વીતરાગ પરમાનંદરૂપ જો આત્મ-સુખ...**' એને છોડીને પરમાં મમતા કરે છે, ભાઈ! એ છોડ મમતા. સમજાણું? '**ઔર શુદ્ધાત્મસ્વરૂપકા સેવન કરતે હૈં,...**' ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ એમાં રાખીને એનું સેવન કરે છે. એમાં દૃષ્ટિ રાખી એટલે પરિણમન થયું એટલે આત્માનું સેવન એણે કર્યું. જેણે રાગમાં દૃષ્ટિ શરીરમાં રાખી એણે રાગ અને શરીરનું સેવન કર્યું. સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે. પરમાત્મપ્રકાશ એટલે? તૈયાર તાજા લાડવા. તૈયાર અને તાજા. તાજા સમજો છો? અભી બનાયા હોય નયા લડુ ઉના-ઉના ઘી નાખીને. લસલસતા શબ્દ આવે છેને? એવું આપણે છેને નહિ? આવે છેને કળશમાં આવે છે ત્યાં સમયસાર પાછળ. શબ્દ શું છે એ? લસત. લસત છેને? એ કળશ છે કળશ ક્યાંક. ૨૭૧. એ નહિ. ૨૭૧ નહિ. કેટલામું છે?

'**स्याद्वाददीपितलसन्महसि प्रकाशे**' લસત. લસતનો અર્થ આપણે કર્યો છે લસલસતું. ઝગઝગાટમાન, લસલસ આમ પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ... '**स्याद्वाददीपितलसन्महसि प्रकाशे**'

લસલસતું. તમારી ભાષા હશે કાંઈક એવી. હિન્દીમાં કર્યું હશે, હિન્દીમાં કર્યું હશે. લસત. સમજાણું? એવો ઝગઝગાટ જેના તેજ જેમાં શુદ્ધ સ્વભાવની મહિમા છે. જેનું શુદ્ધ સ્વરૂપ. આહા..હા..! એમ તેજ... તેજ... તેજ... આમ ચક... ચક... ચક... થાય છેને. ઝગમગ-ઝગમગ. હા એ ઝગમગ કર્યો છે કૌંસમાં. ઝગઝગાટ કરતું, લસલસતું.

શીરો હોયને શીરો તાજો. આ શીરો શું કહેવાય? હલવા. એ ઘીમાં તળેલો હોય આમ ઉનો-ઉનો આમ ફર્સ્ટક્લાસ ઘીનો લોટ સારો, એને લસલસતો કહે અમારી કાઠિયાવાડી ભાષામાં. દાંત વગરના માણસને ચાવવું પણ પડે નહિ. કોળિયો ઉતરી જાય. કહો, ન્યાલભાઈ! આ તો ન્યાલ થવાના રસ્તાની વાત છે. આહા..હા..! ભગવાન ન્યાલકરણ છે. ઓલા સ્વામિનારાયણમાં ભાઈ કહેતા. સ્વામિનારાયણ થયાને સહજાનંદ. ન્યાલકરણ કહેતા. સ્વામિનારાયણ આ થયાને. એ પોતે પ્રભુ કહેવરાવતા.

મુમુક્ષુ :- એ લોકો માનતા.

ઉત્તર :- માનતા. કારણ કે બ્રહ્મચારી માણસ હતો. માણસ બાળબ્રહ્મચારી તો ખરો હોં. કોઈ બીજી રીતે કહે તો ખોટું. ભવનપતિ અથવા વ્યંતરમાંથી કાંઈક આવ્યો હોય એવું લાગે છે અને વ્યંતરમાં જાવું, એટલે એને વૈકુંઠ લાગ્યું. વ્યંતરના દેવમાંથી આવ્યા હશે અને પાછા બાળબ્રહ્મચારી એટલે એમ થઈ ગયું કે હું પ્રભુ છું એમ થઈ ગયું. આખી જિંદગી સ્ત્રીનું નહિ હોં! એક વખત તો એવું થયું કે એ પોતે બ્રહ્મચારી માણસ. તો એક કાંઈક લગન થતા હતા કોકના. કહે આ શું થાય છે? કહે લગન. લગન એટલે શું? કહે. કે સ્ત્રી પરણે. ત્યારે મને પરણાવોને. એવી કાંઈ લાઈન નહિ હોં. એવો. કહે મને પરણાવોને. ત્યારે કહે પરણાવીએ સાહેબ. એ પરણાવવાનું નામ જ્યાં કાને પડ્યું ત્રણ દિ' ઉલટી રહી. ત્રણ દિ' વમન-વમન. ઓકાર. કારણ કે ઓલું ખ્યાલ આવને શરીર એને. ત્રણ દિ' સુધી. લોકો મૂંઝાઈ ગયા. અરેરે! આ ભગવાનને આપણે શું કર્યું? એ તો બોલાઈ ગયું એનાથી કે ભાઈ મને પરણાવોને. ત્યારે કહે ચાલો પરણાવીએ. અને નામ જ્યાં પરણાવવાનું કીધું ત્યાં ઉલટી શરૂ થઈ ગઈ અંદરથી. વમન. ત્રણ દિ' સુધી વમન બંધ ન રહે. મારી ભૂલ થઈ ગઈ. આપ કેમ બોલી ગયા અને અમારી ભૂલ થઈ ગઈ. એવો બ્રહ્મચારી કે નામ જ્યાં કાને પડ્યું ત્યાં ઉલટી શરૂ થઈ ગઈ. સમજ્યાને? વમન. ત્રણ દિ' હોં. ત્રણ દિ' અને ત્રણ રાત. એવો બ્રહ્મચારી. પછી એને પ્રભુનું થઈ ગયેલું.

એક ફેરી લીંબડીમાં આવેલા અપાસરે. સાધુ હતાને. લીંબડીમાં સાધુ હતા સ્થાનકવાસી. ત્યાં ગયેલા બધા જાય એટલે. એમાં સાધુએ પૂછ્યું કે સહજાનંદજી! તમે પ્રભુ નામ ધરાવો છો? કહે હા. કે પ્રભુમાં બધું, પ્રભુનું પેટ મોટું છે. પ્રભુના પેટમાં બધું સમાય એમ બોલ્યા હતા. પણ એ જ્યારે ગામડામાં જતા ત્યારે કાઠી લોકોને માંસ છોડાવે, દારૂ છોડાવે, પરસ્ત્રી

છોડાવે બહુ એવું. એટલે લોકોએ એનું નામ આપ્યું ન્યાલકરણ. ચોરીયું કરતા કાઠી લોકો એ બધું બંધ કરાવી દીધું. .. બહુ હતો. આંખ મોટી, રૂપાળા બહુ. મોજડી પહેરે અને મખમલના લૂગડા પહેરે હોં. એ તો ઘોડી રાખે મોટી પાંચ-પાંચ હજારની ઘોડી એના ઉપર બેસે. આમ બીજી રીતે નિર્દોષ, પણ આમ દૃષ્ટિની ખબર નહિ. તત્ત્વની ખબર ન મળે. બ્રહ્મચર્ય માટે.. એટલે એને એમ થઈ ગયું કે હું તો ભગવાન છું. જ્યાં હોય ત્યાં એમ કહે. લોકો એને કહે ન્યાલકરણ... ન્યાલકરણ... ન્યાલકરણ... અમને ન્યાલ કર્યા. ન્યાલભાઈ!

આ ત્રણ લોકના નાથ વીતરાગ પાક્યા એ ન્યાલકરણ છે. બાકી તો ધૂળમાંય ન્યાલકરણ નથી. અંદર એ તો પુણ્ય કોઈ ન ખાય માંસ કે લસણ કે ફલાણું એમાં એવું પુણ્ય બાંધે થોડું. એમાં ન્યાલ શું થયો? પાછો મરીને નરકે જાશે અને ઢોર થઈને રખડશે. અહીં તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞ ન્યાલકરણ પ્રભુ છે. ફરમાવે છે કે એકવાર તું પરની મમતા છોડ અને સ્વની સમતામાં આવ. તારો સ્વભાવ પરિપૂર્ણ મારા જેવો જ ભર્યો છે. મારા અને તારામાં કાંઈ ફેર નથી.

'**શુદ્ધાત્મસ્વરૂપકા સેવન કરતે હૈં, નિજસ્વરૂપમેં ઠહરકર દેહાદિ પદાર્થોંમેં...**' પાછું હોં આમ. '**નિજસ્વરૂપમેં ઠહરકર દેહાદિ પદાર્થોંમેં પ્રીતિ છોડ દેતે હૈં.**' એમ દેહાદિની પ્રીતિ છોડી લ્યો, વૈરાગ્ય કરી લ્યો, છોડી દે એમ નહિ. આમ અસ્તિરૂપ પદાર્થમાં ઠરવાથી પરની મમતાની નાસ્તિ થાય એનું નામ વાસ્તવિકતા કહેવાય. સમજાણું કાંઈ? જુઓ, '**નિજસ્વરૂપમેં ઠહરકર દેહાદિ પદાર્થોંમેં પ્રીતિ...**' દેહાદિ બધું. તો મમતા છૂટે અહીં શાંતિ દેખાય દૃષ્ટિમાં. એમાં ઠરે, મહાનતા લાગે, મહિમા લાગે એટલે પરની મહિમા છૂટી જાય. તો છોડ્યું કહેવાય. '**ઔર શુદ્ધાત્મસ્વરૂપકા સેવન કરતે હૈં,...**' '**ઈસ દેહમેં કભી સુખ નહીં પાતે, સદા આધિ-વ્યાધિસે પીડિત હી રહતે હૈં.**' જુઓ લીધું હવે આધિ લીધી. આ શરીર વ્યાધિનું ઘર, પણ એના લક્ષે તને એકલી આધિ જ ઉત્પન્ન થાશે. એટલે વિકલ્પો, માનસિક વિકલ્પો. માનસિક આધિ, શારીરિક વ્યાધિ, સંયોગથી ઉપાધિ. સમજાણું કાંઈ? એનાથી રહિત તે સમાધિ. આહા..હા..! બરાબર એટલે પાછું શરીર ઉપાધિ છે દુઃખરૂપ એમ નહિ.

મુમુક્ષુ :- મારું છે એમ માનવું એ દુઃખ છે.

ઉત્તર :- એ દુઃખરૂપ છે એમ અહીં તો કીધું છે.

જુઓ, '**સદા આધિ-વ્યાધિસે પીડિત હી રહતે હૈં.**' શરીરમાં તો શરીર વ્યાધિ અને શરીરને અનુસરીને થાય આધિ. દરિયો ઉછળે છે તો શું કહે છે? એને કહે છેને કાંઈક? આંધી આવી. આંધી કહે છે. આંધી કહે છે. આને આધિ કહે. દરિયામાં ક્યાંક. બસ, માનસિક વ્યથા એ આધિ કહેવાય છે, શરીરની પીડા એને વ્યાધિ કહેવાય છે. બહારની ઉપ-આધિ. ઉપાધિ.

ઉપ-સમીપમાં જે આધિ લીધી. ઢગલા બાયડી, છોકરા બધા ધૂળના એ બધી ઉપાધિ. કહો, સમજાણું? ઉપાધિનો અર્થ કે એને અનુસરવાનો ભાવ, એમ. તેથી આધિને મૂળમાં લઈને વ્યાધિને બહારથી બતાવી છે.

**'પંચેન્દ્રિયોંકે વિષયોંસે રહિત જો શુદ્ધાત્માનુભૂતિરૂપ પરમસુખ વહ દેહકે મમત્વ કરનેસે કભી નહીં મિલ સકતા.'** લ્યો! હજી તો દેહનું (આવું સ્વરૂપ). એને ઠેકાણે દીકરા ને મકાન ને આબરૂ ને મારી આબરૂ ગઈ, અમે મોટા હતા, મને નીચે ઉતાર્યા, મારું નીચે અપમાન કર્યું. એ મારી નાખ્યા જગતને. નીચે નિગોદમાં જાય એના પરિણામ કરે તો એને નીચું નથી લાગતું. જે પરિણામે નિગોદમાં જાય તત્ત્વનો વિરોધ કરીને એ એને હીણું નથી લાગતું. આ હીણી ગતિમાં જાય ત્યાં પછી ભલે નિગોદ થાય. અહીં એને કહે એલા ગધેડા! ભાવ કરતો હોય કપટનો અને એ માયાના ફળના ગધેડો થવાનો હોય એ. પણ એને ગધેડો કહે તો ગોઠે નહિ. ગધેડાના ભાવ ગોઠે. જે ભાવે ગધેડાપણું મળે એ ભાવ ગોઠે, ગધેડો કહે એ ગોઠે નહિ. એમ ચાર ગતિના ભાવ ગોઠે. સમજાણું કાંઈ? પણ એને કહે કે એલા નારકી! મને નારકી કહે છે? આજ નહિ તો કાલે જઈશ, કાલ નહિ તો આ ભવ છૂટે જાઈશ લે. જે પાપના ભાવ કર્યા એટલે નરકમાં જવાના માટે ભવિદ્ર નારકી છો લેને. ભવિદ્રનારકી કહે. ભવિદ્ર એટલે ભવિષ્યમાં થવાને લાયક તેને વર્તમાન નારકી કહેવાય છે. આહા..હા..! એમ ચાર ગતિમાં રખડવાના ભાવ કરે તો ચાર ગતિનો નારકી છો. એ નારકી જરી કઠણ પડે. બાકી દેવ થાય તો ઠીક, રાજા થાય તો ઠીક, પણ એ ચારેય બધા દુઃખ છે, સાંભળને. દેહ આવો મળશે એમ કહેતા એ રાજી થાય છે. મૂર્ખ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે દેહ મળે આવો ત્યાં રાજી થાય તો કહે મૂર્ખ છે. પૈસા આટલા મળે, છોકરા આટલા હોય. આબરૂ કેટલી મોટી જગતમાં. લાંબી-લાંબી પાર ન મળે. મોટી. યશ-કીર્તિની વ્યાખ્યા કરી છેને કાંઈક. થોડામાં વ્યાપે એ યશ કહેવાય અને આખા દેશમાં વ્યાપે એને કીર્તિ. એવું આવે છે. યશ-કીર્તિના શબ્દો બેના ભિન્ન-ભિન્ન (અર્થ છે). એ યશોકીર્તિ નામકર્મની પ્રકૃતિ છેને, ઉસકા ઐસા અર્થ કિયા હૈ ક્યાંક. બધાય યાદ રહે છે. પણ થોડામાં વ્યાપે એ યશ કહેવાય અને બહુ દેશવ્યાપી હોય એને કીર્તિ કહેવાય. ધૂળમાંય નથી. અહીં વ્યાપે એને કીર્તિ કહેવાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્માને પોતાની દૃષ્ટિ કરીને **'દેહકે મમત્વ કરનેસે કભી નહીં મિલ સકતા. મહા દુઃખકે કારણ ઈસ શરીરમેં સત્પુરુષ કભી નહીં રહ સકતે.'** દેખો, છેને? અરે! સત્પુરુષ! અરે! સત્જન! સજ્જન! સજ્જન. ડબલ 'જ' છેને? તો સત્જન થાય છેને? સત્જન.

જુઓ, આવશે આગળ હમણા હોં. ઓલી ગાથા આવશે ૧૫૪માં. ઓલી .. આવશે. ૨૦૬મી ગાથા નિર્જરાની આવે છેને. એ આવશે. '**દેહસે ઉદાસ હોકર સંસારકી આશા છોડ. સુખકા નિવાસ સિદ્ધપદ ઉસકો પ્રાપ્ત હોતે હૈ.**' ભગવાન આત્મા પોતાની દૃષ્ટિ પોતામાં કરે અને એ રીતે પરની એકતાબુદ્ધિ છોડે તો એનો નિવાસ સિદ્ધપદમાં છે અને રાગની એકતામાં નિવાસ કરે એનો નિવાસ ચાર ગતિના દેહમાં, ભવમાં છે. સમજાણું કાંઈ?

'**ઔર જો આત્મ-ભાવનાકો છોડકર સંતોષસે રહિત હોકે દેહાદિકમેં રાગ કરતે હૈં, વે અનંત ભવ ધારણ કરતે હૈં, સંસારમેં ભટકતે ફિરતે હૈં.**' અનંતા ભવના છેદરૂપ સ્વભાવભાવ, જેને રુચ્યો એને અનંતભવ નહિ અને જેને અનંત શાંતિ આદિ અનંતગુણ ન રુચ્યા અને રાગનો કણ રુચ્યો એને અનંતભવનો ભાવ રુચ્યો છે. એ અનંત ભવમાં રઝળવાનો છે. સમજાણું કાંઈ? ૧૫૩ થઈ.

'**આગે યહ ઉપદેશ કરતે હૈં, કિ તૂં આત્મ-સુખમેં પ્રીતિ કર—**' જુઓ, ૧૫૪.

**૨૮૫) अप्पायत्तउ जं जि सुहु तेण जि करि संतोसु।**
**पर सुहु वढ चिंतंताहँ हियइ ण फिट्टइ सोसु।।१५४।।**

'**હે શિષ્ય,...**' સમજાણું? '**वढ**' વિશેષ કહ્યું છે. ક્યાંક શબ્દ વાપર્યો છે પાછો ક્યાંક છેને. મિત્ર પણ શબ્દ કર્યો છે ક્યાંક. '**चिन्तयतां वत्स मित्र**' શબ્દ પડ્યો છે. સંસ્કૃતમાં પહેલી લીટી છે ઓલી કોર. '**चिन्तयतां वत्स मित्र हियइ ण फिट्टइ**' છે? વત્સનો અર્થ જ મિત્ર કર્યો છેને? બરાબર. શિષ્ય કહો, મિત્ર કહો એમ કહ્યું. '**હે શિષ્ય,...**' હે મિત્ર! જુઓ, આહા..હા..! આચાર્યને કરૂણા કેટલી કરે છે. મિત્ર ઠરાવે છે. એટલે આપણે મૈત્રી કરીને. તને આત્માનો પ્રેમ થાય અને રુચિ કર તો તું મિત્ર અમારો છો. '**जो आत्मायत्तं सुखं**' એ આત્માને આધીન સુખ. ભાષા જુઓ, આત્માને આધીન સુખ. '**પરદ્રવ્યસે રહિત આત્માધીન સુખ હૈ,...**' લોકો કહે છે 'પરાધીન સ્વપ્ને સુખ નહિ.' એનો શું અર્થ? આ રાગ અને પરને આધીન થવું એમાં ક્યાંય ધૂળમાંય સુખ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- શરીર ખરાબ હોય તો દુ:ખ નહિ?

ઉત્તર :- શરીર ખરાબમાં દુ:ખ કે દિ' હતું? એને આધીન થાય છે એ પોતે દુ:ખ છે. આત્મા આધીન સુખ અને પરાધીન તે દુ:ખ. પરાધીન સ્વપ્ને સુખ નહિ. લોકો કહે નોકરી આપણને મળી. એ નહિ. નોકરી પરાધીન સુખ નથી, ભાઈ ધાર્યા ન થાય. એ નહિ. અહીં તો પુણ્ય-પાપને આધીન થવું એ પરાધીનપણું છે. એ પરાધીનમાં સ્વપ્ને સુખ નથી. આહા..હા..! જુઓ, ભાષા શું વાપરી છે? '**आत्मायत्तं सुखं**' ભગવાન આત્મા, જેને આત્મા કહીએ એ તો પૂર્ણ પવિત્ર છે. એને આધીન સુખ છે. પુણ્ય-પાપના વિકલ્પને આધીન સુખ નથી, શરીરને

આધીન સુખ નથી. શુભરાગને આધીન સુખ નથી એમ કહે છે. આહા..હા..!

'**आत्मायत्तं**' '**परद्रव्यसे रहित...**' ભગવાન આત્માને આધીન સુખ છે. '**उसीमें संतोष कर,...**' બધું સમયસારના બીજડા લીધા છે બધા હોં. '**इन्द्रियाधीन सुखको चिंतवन करनेवालोंके चित्तका दाह नहीं मिटता.**' ઇન્દ્રિયાધીનની કલ્પનામાં ચિત્તનો દાહ સળગશે. સમજ્યા? એ શાંત નહિ થાય ભાઈ! એ પર તરફની ચિંતા શાંત નહિ થાય. એમાં દુઃખ જ છે. એમાં દુઃખ છે... દુઃખ છે... જ્વાળા-જ્વાળા છે. ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ પોતે એને આશ્રયે જે થાય તે જ શાંત અને સુખ છે. પર ચિંતવવામાં તો એકલી જ્વાળા દુઃખરૂપ ભાવ છે. ઓહો..હો..!

'**भावार्थ :- आत्माधीन सुख आत्माके जाननेसे उत्पन्न होता है,...**' ટીકા. '**आत्माधीन सुख आत्माके जाननेसे...**' દેખો, ભગવાન આત્મા જાણવો. જાણવો એટલે? એ પુણ્ય-પાપના રાગ અને શરીર, કર્મ વિનાનો જાણવો. ત્યારે ઓલા રાડ નાખે. અરે! પણ અત્યારે? ભગવાન! બાપુ! અત્યારે આ નક્કી નહિ કર ત્યાં સુધી તને શાંતિ અને સુખ નહિ મળે. અત્યારે કર્મબંધન રહિત? અરે! બંધન તો રહિત, પણ વિકાર રહિત, સાંભળને હવે. એ તો એક સમયની પર્યાય છે. આખું દ્રવ્ય છે એ કાંઈ રાગને આધીન થઈ ગયું છે? તારી માન્યતાને આધીન થયું છે. માન્યતાને આધીન તું થયો. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એને આધીન જે ઉત્પન્ન, એને જાણવાથી ઉત્પન્ન થાય તે સુખ ઉત્પન્ન કહેવાય છે. એને જાણ્યું કહેવાય. આત્મજ્ઞ. રાગ-દ્વેષને જાણવું નહિ, પુણ્ય-પાપને જાણવું નહિ. એ તો પર છે. પોતે આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એને જાણવાથી આત્માને સુખની ઉત્પત્તિ થાય છે. જાણવું એટલે સ્વસંવેદનથી જાણવો આત્માને.

જ્ઞાનથી જ્ઞાનને જાણવું એનું નામ જાણ્યું કહેવાય. સમજાણું કાંઈ? અધ્યાત્મની વાત કહેશે. જુઓ, નીચે અધ્યાત્મનો અર્થ કરશે. ભાઈ! અધ્યાત્મની વાત અલૌકિક વાત છે એમ બતાવવા અધ્યાત્મનો અર્થ કરશે નીચે સંસ્કૃતમાં. સમજાણું કાંઈ? અધ્યાત્મ એટલે આત્મા આશ્રિત વાત અલૌકિક છે. કહે છે, '**इसलिये तू आत्माके अनुभवसे संतोष कर,...**' સંતોષ થા. આત્માના અનુભવથી સંતોષ થા. પૈસાથી નહિ. શરીર સારું હોય તો હાશ. એમ નહિ.

મુમુક્ષુ :- દેહથી સંતોષ નહિ?

ઉત્તર :- ધૂળમાંય દેહથી સંતોષ થાતો નથી. એક મ્યાનમાં બે સમાતા નથી. એક મ્યાનમાં બે તલવાર ન સામે, એક જ સામે. કાં ભગવાન રુચિમાં પોસાય અને કાં રાગ રુચિમાં પોસાય. બે પોસાય એમ બનતું નથી. કહો, સમજાણું?

'**आत्माके अनुभवसे संतोष कर, भोगोंकी वांछा करनेसे चित्त शांत नहीं होता.**'

મરી જા તોય નહિ થાય કહે છે. વિકલ્પ કર્યા કર આમ ભોગ લઈ લઉં ને આમ લઈ લઉં, આમ લઈ લઉં. પછી કુતૂહલતા મટે અને પછી શાંત થાય. એ દાખલો આપશે. દાખલો આપશે. ... એ શ્લોક છે ક્યાંકનો. પહેલા મોઢે કર્યું હતું. ... ... પ્રજ્ઞા-પ્રજ્ઞા એવું આવે છે કોક. એવા શ્લોકો આવે છે. શરૂઆતમાં આ મોઢે કરેલા પહેલા. નામ હતું એનું નામ પ્રજ્ઞા કે એવું કાંઈક હતું. આ ગાથાઓ એમાં આવે છે. આ સ્થાનકવાસીમાં આવે છે હોં એ. છેને અંદર શ્લોક છે. ... એ લાકડાના નાખવાથી, તરણા નાખવાથી અગ્નિ કોઈ શાંતિ ન થાય. લવણ સમુદ્રો.. હજાર નદીના પાણી નાખ્યે લવણ સમુદ્ર કોઈ દિ' પૂરો ન થાય. ... કામભોગે. એમ કામભોગથી કોઈ દિ' તૃપ્ત થશે નહિ. કહો, એ શ્લોક છે ક્યાંકનો હોં! પ્રજ્ઞા કે એવું કાંઈક નામ આપ્યું છે. એ આવે છે. ૨૫, ૩૦, ૩૫ શ્લોક આવે છે. બહુ શરૂઆતમાં કરેલા ૭૦ની સાલ શરૂઆતમાં. એ આખો ભૂલી ગયા પછી. એ તીન કઠી અગ્નિ આવે છે. સમજાણું? સંતોષ કર.

**'ભોગોંકી વાંછા કરનેસે ચિત્ત શાંત નહીં હોતા. જો અધ્યાત્મકી પ્રીતિ હૈ, વહ સ્વાધીનતા હૈ,...'** અધ્યાત્મની પ્રીતિ એ સ્વાધીનતા છે. સ્વાધીન આ થયું, કહે છેને, દેશ સ્વાધીન થયો. હમણા સ્વતંત્રતા મળી. ધૂળમાંય મળી નથી. અધ્યાત્મની પ્રીતિએ સ્વાધીનતા છે. સમજાણું? છેને સંસ્કૃત? **'अत्राध्यात्मरतिः स्वाधीना विच्छेदविघ्नौघरहिता च'** એ કેવો છે? **'ઇસમેં કોઈ વિઘ્ન નહીં હૈ,...'** આત્માને આધીનમાં પ્રીતિ સ્વભાવની કરવી એમાં કોઈનું વિઘ્ન નથી. કર્મ-બર્મ નડે નહિ, કોઈ તને નડે નહિ, શરીર નડે નહિ, કાંઈ નડે નહિ. **'ઔર ભોગોંકા અનુરાગ વહ પરાધીનતા હૈ.'** લ્યો! ભોગનો અનુરાગ પરાધીન... પરાધીન... પરાધીન... **'ભોગોંકો ભોગતે કભી તૃપ્તિ નહીં હોતી.'**

જુઓ આવ્યું હવે. **'જૈસે અગ્નિ ઇંધનસે તૃપ્ત નહીં હોતી,...'** અગ્નિ કાંઈ લાકડાથી તૃપ્ત થાય? ગમે તેવા લાકડા નાખે. ભાઈ લાકડા નાખતા એ ઓલવાઈ જશે. જરીકેય નહિ ઓલવાય. એમ ભોગ ભોગવતા થકા કુતૂહલતા મટશે આપણને. સંતોષ કર તો મટશે. એનાથી નહિ મટે ત્રણ કાળ ત્રણ લોકમાં. દૃષ્ટિ ફેરવી નાખ. ભોગની લાગણીથી કોઈ દિ' સંતોષ થાય નહિ. ત્રણ કાળમાં ન થાય. સમજાણું? જુઓ, **'સૈંકડોં નદિયોંસે સમુદ્ર તૃપ્ત નહીં હોતા હૈ.'** એ દાખલો સમયસારનો જરી આપ્યો છે. એ કહેશે. ૨૦૬ ગાથાનો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૯, ગુરુવાર, તા. ૨૨-૦૭-૬૫**
**ગાથા-૧૫૪ થી ૧૫૬, પ્રવચન-૧૭૬**

પરમાત્મપ્રકાશ, ૧૫૪ ગાથા બીજા ભાગની. '**ઐસા હી સમયસારમેં** કહા હૈ,...' ત્યાંથી શરૂ થયું વચમાં. ૨૦૬ ગાથા સમયસારની નિર્જરાની છે. એનો અહીંયા આધાર આપ્યો છે. ''**एदम्हि रदो णिच्चं संतुट्ठो होदि णिच्चमेदम्हि। एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सुक्खं।।**' કહે છે '**કિ હંસ,** (જીવ)...' જીવ એને હંસ લખ્યો છે. ભરતેશ વૈભવમાં તો જીવને હંસ જ બોલાવ્યો છે. રત્નાકર કવિ. હંસ-હંસ. હે હંસ! હંસની ચાંચમાં જેમ ખટાશ છે એ પાણી અને દૂધ જુદાં પાડી અને દૂધને માવો કરીને લઈ લે છે. એમ હે જીવ! તારો સ્વભાવ હંસ જેવો છે. એટલે વિકાર પુણ્ય-પાપના એ પાણી છે અને સ્વભાવ આત્માનો એ શુદ્ધ દૂધ છે. એ દૂધ એનો એકાગ્ર થઈને માવો કર. માવો સમજો છો? દૂધકા માવા હોતા હૈ. દૂધકા માવા હોતા હૈ.

'**હંસ** (જીવ) **તૂં ઈસ આત્મસ્વરૂપમેં હી સદા લીન હો,...**' મૂળ શબ્દમાં તો રતિ શબ્દ છેને? '**एदम्हि रदो**' મૂળ અર્થ ટીકામાં એવો લીધો છે કે હે આત્મા! આ સત્ય પરમાર્થ. સ્વરૂપ જ્ઞાન છે એટલો જ આત્મા છે. આ સત્ય સ્વરૂપ એટલે પરમાર્થ. મૂળ સત્ય શબ્દ છે ટીકામાં. આ સત્ય સ્વરૂપ એટલે કે પરમાર્થ સ્વરૂપ આ આત્મા એટલો છે કે જેટલું એ જ્ઞાન છે. જ્ઞાન છે તેટલો આત્મા છે અને આત્મા છે તેટલું જ્ઞાન છે, તે તેનું સત્ય સ્વરૂપ અને પરમાર્થ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન, જડ, માટી, પુણ્ય-પાપના ભાવ એ વિકાર. એ વિનાનું એટલું સત્ય સ્વરૂપ તારું સચ્ચિદાનંદ શુદ્ધ (છે) કે જેટલો જ્ઞાન તેટલો આત્મા. એ જ્ઞાન એટલે ઓલો જાણપણાનો સ્વભાવ. જાણવાનો સ્વભાવ એટલું સત્ય અને એટલો આત્મા અને એટલો પરમાર્થ. એમાં પ્રીતિ કર, રુચિ કર તો તારું હિત થાય. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- છોડવી શેમાંથી?

ઉત્તર :- આ પરમાંથી. છોડવાની વાત જ નથી કાંઈ અહીંયાં. પુણ્ય અને પાપના ભાવ અને પરવસ્તુની પ્રીતિ છોડ એમ નાસ્તિથી ન કહેતા, આત્માના જ્ઞાન સ્વરૂપ, સત્ય સ્વરૂપમાં પ્રીતિ કર એટલે પુણ્ય-પાપ અને પરની પ્રીતિ છૂટી જશે. છૂટી જશે એની વાત આચાર્યે નાસ્તિથી

ન કરી, અસ્તિથી કરી. સમજાણું કાંઈ?

'**एदम्हि रदो**' આ શબ્દ પડ્યો છે. હે આત્મા! તને જો ધર્મ કરવો હોય .. છેલ્લો શબ્દ છેને ભાઈ! તો ઉત્તમ સુખ થશે. એ કોઈને પૂછવા જાવું પડશે નહિ. એવો સંસ્કૃત પાઠ છે. પૂછવા નહિ જાવું પડે. ભગવાન આત્મા એટલો સત્ય છે, જુઓ, એટલો સત્ય છે કે જેટલો એ પોતે જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ છે તેટલો એ સત્ય છે અને તેટલો એ આત્મા છે. પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી, કર્મ એ આત્મા નથી અને એ આત્મા નથી માટે જ્ઞાનસ્વરૂપ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આની અપેક્ષાએ અસત્ છે. એમાં ભલે હો, પણ સ્વરૂપની અપેક્ષાએ સ્વ સત્, તો પોતાની અપેક્ષાએ એ બધા અસત્ છે. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ ભાષા છેને તેથી અધ્યાત્મનો અર્થ કરશે.

'**एदम्हि रदो**' હે હંસ! હે આત્મા! '**તૂં ઈસ આત્મસ્વરૂપમેં હી સદા લીન હો,...**' છેને? ''**एदम्हि रदो णिच्चं**' એમ શબ્દ પડ્યો છે. નિત્ય નામ કાયમ, સદા ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપ તેટલું એ સત્સ્વરૂપ, તેટલો એ પરમાર્થસ્વરૂપ. એમાં એકાગ્ર થા એટલે પ્રીતિ કર, તને કલ્યાણ થશે, એટલે તારું હિત થશે, એટલે તું સુખરૂપ થઈશ એમ. એક વાત. '**સદા ઈસીમેં સંતુષ્ટ હો.**' છેને? '**णिच्चं संतुट्ठो होदि णिच्चमेदम्हि।**' સંતોષ પામ, એમાં સંતોષ પામ. પુણ્ય-પાપના વિકલ્પમાં ક્યાંય સંતોષ નથી. વ્યવહાર રત્નત્રયનો શુભરાગ એમાંય સંતોષ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ એમાં સંતોષ નથી અને એ જીવનું સત્ય પરમાર્થ સ્વરૂપ નથી. પરમાર્થ સ્વરૂપ તારું એટલું કલ્યાણસ્વરૂપ, સંતોષમાં એમ લીધું છે, એટલું તારું સત્ય છે કે જેટલું કલ્યાણ છે. એ કલ્યાણ કેટલું? કે જેટલો તે આત્મા જ્ઞાન છે. એ જ્ઞાન તેટલું કલ્યાણ છે. પુણ્ય-પાપના ભાવ આદિ એ કલ્યાણસ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એટલો ભગવાન આત્મા એટલો એ સત્ય છે કે જેટલું એમાં કલ્યાણ છે. એ કલ્યાણ કેટલું છે? કે જેટલું એમાં જ્ઞાન છે. એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન... અહીં જ્ઞાનપ્રધાનથી વાત લીધી છે. ગુણ તો અનંત છે, પણ જ્ઞાન આમ ચૈતન્યપ્રકાશ એટલું કલ્યાણ અને એટલો આત્મા, એમાં તું સંતોષ પામ. બીજે ક્યાંય સંતોષ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- શેમાં સંતોષ પામે?

ઉત્તર :- એ આત્મામાં. શેમાં શું? ધૂળમાં નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- .. બીજું કાંઈ નહિ?

ઉત્તર :- બીજું કાંઈ નહિ. શેમાં? શરીર નિરોગ હોય તો સંતોષ ન માન, પૈસા પચાસ

લાખ ભેગા થયા એમાં સંતોષ ન માન. એમાં સંતોષ નથી. તૃષ્ણાની જ્વાળા સળગે છે ત્યાં. ચીમનભાઈ! કહો, શેઠી! બરાબર છે?

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય પ્રકાશનો બિંબ જ્ઞાન. એટલું કલ્યાણ કે જેટલો આત્મા એમાં તું સંતોષ પામ, અંતર સ્વરૂપ જ્ઞાન એમાં સંતોષ પામ. એમાં એકાગ્ર થા ત્યાં સંતોષ છે. બીજે ક્યાંય સંતોષ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ કરોડ મળ્યા, પછી બે કરોડ મળ્યા, ત્રણ કરોડ મળ્યા, ધૂળમાંય નથી કાંઈ.

મુમુક્ષુ :- મળ્યા તો છે.

ઉત્તર :- કોને મળ્યા છે? મમતા મળી છે. કોને મળે ધૂળ? એને ક્યાં મળ્યા છે?

મુમુક્ષુ :- શેઠિયાઓને મળે કાંઈ...

ઉત્તર :- શેઠિયાને શું મળે? શેઠને મળે મમતા. પૈસા તો પૈસામાં રહ્યા. ચીમનભાઈ! સાથે લઈને આવ્યા છે?

મુમુક્ષુ :- પૈસાના સુખ કરતા હુંફનું સુખ વધી જાય.

ઉત્તર :- આ હુંફનું સુખ હશે ધૂળનું. હુંફ-હુંફ મળે કે અમે પૈસાવાળા છીએ. એ હુંફ એટલે મમતા.

મુમુક્ષુ :- પણ સુખ પ્રગટ દેખાય તો છેને.

ઉત્તર :- શું દેખાય છે? દુઃખી દેખાય છે. નજરમાં ફેર છે. દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી... નિર્ધન દુઃખી, સધન દુઃખી. મમતાથી દુઃખી છે. કહો, હવે છોકરા સારા થાય અને રળાવ થાય તો કહે છે કે સંતોષ છે? ધૂળમાંય નથી. ત્યાં વળી બીજું સળગશે કાંઈક. આ છોકરાને છોકરો થાતો નથી. ૨૦ વર્ષ પરણ્યે થયા. હવે શું કરવું? બીજી કરાવવી કે નહિ? એ સળગ્યું. હોળી સળગે ત્યાં ક્યાં સંતોષ હતો? છે કે નહિ પણ એ બધું? મરી ગયા છે કેટલાક બિચારા હોં. છોકરા ન થાય તો સાસુ બળીને મરી જાય. મારા છોકરાને છોકરો નથી થાતો તો અમે નવી પરણાવશું. એ તકરાર થાય અને મરે. સાસુ મરે કાં વહુ મરે. સંતોષ તો ભગવાન! તારા જ્ઞાનસ્વરૂપમાં છે. એ ચૈતન્ય સત્ય જ્ઞાન એટલું છે કે જેટલો એ આત્મા છે અને જેટલો આત્મા તેટલું એ જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થા ત્યાં સંતોષ છે. બાકી પુણ્યના વિકલ્પમાં પણ સંતોષ નથી. નવા પુણ્યના ભાવ કરે એમાં પણ સંતોષ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાપના ભાવમાં શેનો સંતોષ વળી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધા કહે, કુંભાર પણ કહે. પાપ ન કરવું હોં! પાપ ન કરવું હોં એમ તો બધાય કહે. અહીં તો કહે પુણ્યનો ભાવ એ સંતોષ નહિ, અસંતોષ છે. રાગ છેને તૃષ્ણા છે.

કહે છે અહીંયા, **'ઈસીમેં સંતુષ્ટ હો. ઈસીસે તૂં તૃપ્ત હોગા...'** જુઓ, છેલ્લો શબ્દ ઈ છે. છેને? **'एदेण होहि तित्तो'** આમ ખાઈને જેમ તૃપ્ત થાયને માણસ. ખાધું હોય, ભૂખ લાગી હોય. લાડવો હોય અને તૃપ્તિ થાય. એ દાખલો છે અહીં તો. ત્યાં શું તૃપ્તો થાતો હતો? એમ કે શેર-શેર ઘીના લાડવા. ચુરમાના હોય છેને ચુરમું. એમાં શેર ઘી નાખ્યું હોય સારું આમ તાજું અત્યારે પાંચ રૂપિયાનું શેર અત્યારે મોંઘુ મળે છેને. .. ચુરમામાં એક શેર ઘી. એ લાડવા હોય તો એમ કે સંતોષ વળી જાય લ્યો! હોળી સળગે છે ત્યાં રાગ. ત્યાં ક્યાં સંતોષ ધૂળ હતી?

ભગવાન આત્મામાં તૃપ્ત થા તૃપ્ત. બાપુ! એ તૃપ્તિનું સ્થાન જ એ આત્મા છે. જ્યાં તૃપ્તિ આવી. બીજેથી ન ગમે ત્યાંથી ખસીને ત્યાં જા તો ત્યાં તૃપ્તિ છે. ક્યાંય બીજે ન ગોઠતું હોય તો ત્યાં જા, ત્યાં તૃપ્તિ છે. જુઓ, શું કહે છે? શું કીધું? **'एदेण होहि तित्तो' 'एदेण होहि तित्तो'** આ ભગવાન આત્મા જ્ઞાનનું સ્વરૂપ જ્ઞાનસૂર્ય એમાં તને તૃપ્તિ વળશે. બાકી બીજે ક્યાંય તૃપ્તિ નથી. આહા..હા..! પૈસામાં તૃપ્તિ નથી, બાયડી, છોકરામાં નથી, શરીરમાં નથી, કર્મમાં નથી, પાપના પરિણામમાં નથી, આ પુણ્યના પરિણામમાં પણ તૃપ્તિ નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ત્યારે એને નિર્જરા થાય. સ્વરૂપમાં તૃપ્તપણે પરિણમે અને તૃપ્તિ કરે તો એને અશુદ્ધતા ટળે અને શાંતિ મળે. કહો, સમજાણું આમાં?

જુઓને, એમાં અત્યારે તો હોળી છેને ચારે કોર આમ. તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... કરોડ મળ્યા તો બે કરોડ અને બે કરોડ મળે તો ત્રણ કરોડ. ખાધીલો મટે જ નહિ. ખાધીલા. બે પ્રકારના ખાધીલા કહેને ચીમનભાઈ! એક ખાધીલો. ખાધીલા સમજતે હૈ? ખાધીલા ક્યા કહતે હૈ? નુકસાન. ખાધ-ખાધ પાડે છે. તોટા પાડતે હૈ. એક તો જાણે પચાસ લાખની મૂડી કહેવાતી હોય અને હોય દશ લાખ. તો એ ચાલીસ લાખની ખાધ કહેવાય. બહારમાં આબરૂ પચાસ લાખની હોય અને અંદર હોય દશ લાખ. તો એ ચાલીસ લાખની ખાધ પડીને? ટુટો-ટુટો અંદરમાં. એક પ્રકારની એ ખાધ અને બીજા પ્રકારની કે પચાસ લાખ થયા હોય તો બીજાને કરોડ છે એમ નજર કરે. એટલે પચાસ લાખની એ ખાધ પાડી પાછી. કેમ બરાબર છે? ભાઈ! બે પ્રકાર ખાધીલા. તમારી ભાષા હશે. ખાધી એટલે નુકસાનીવાલા. તૂટાવાલા લ્યોને તૂટાવાળા. તૂટા-તૂટા. બહારમાં પચાસ લાખની મૂડી કહેવાતી હોય. અંદરમાં પાંચ લાખ કે દશ લાખ હોય. ઘણાય એવા હોય છે. અમને તો ઘણી બધી ખબર છેને.

મુમુક્ષુ :- એ નવ્વાણું ટકા એવા હોય છે.

ઉત્તર :- એ વળી જુદી વાત છે, પણ અમને તો ખબર છેને. અમને તો અમારી પાસે બધા આવે ખરાને. નામ મોટું. અને છેલ્લે ખાનગી આવે કે મહારાજ કાંઈ આપશો? હવે બહારથી અહીંયાં દુકાને જઈએ છીએ ત્યાં આ .. છે જો કાંઈક આશરો. ભાઈ! આશરો અમારી પાસે છે? ધર્મ કર. પાછી વાત પણ કરે બધી અમને હોં. કે આમ છે, આમ છે. બધું અત્યાર સુધી રોડવ્યું છે. ટકા-ટકાના વ્યાજ. પહેલા ટકાના વ્યાજ નહોતા આપતા. સોએ એક ટકો નહોતા આપતા. આઠ આના, દસ આના. સારા માણસ હોય બજારમાં. ટકે ટકે વ્યાજ આપીને અત્યાર સુધી નભાવ્યું છે. નભાવ્યું સમજ્યાને? ચલાવ્યું. આમ ખાધ છે. બહારમાં પાંચ લાખ કહેવાય, અંદરમાં લાખ પણ નથી. ... હવે બે દિ'માં કોઈ આવ્યો ગ્રાહક અસીલ લેવા તો પૈસો કાંઈ નથી ઘરમાં. અને એક જણાને ના પાડ્યા ભેગી બધાય દરેડા થાશે કે એય..! ભાંગ્યો... ભાંગ્યો... ભાંગ્યો... ચાલો. ન્યાલભાઈ! થાય છે કે નહિ એમ? આહા..હા..! અહીં અમે તો કર્યું નથી, પણ જગતનું અનુભવ્યું તો હોયને. દુનિયાનું જાણ્યું હોયને દુનિયામાં કરે છે બધા. અમારી પાસે આવે બધા બહુ આવેને ઘણા માણસ ખાનગી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. છે. ઓહો..હો..! દવા આ છે. સમજાય છે કાંઈ?

શું કીધું? એ ખાધ બે પ્રકારની. તોટો. પાંચ લાખની પુંજી હોય અને પચ્ચીસ લાખ કહેવાતા હોય બહારમાં. તો એટલા વીસ લાખની ખાધ તો અંદર હતી. એનો નભાવ કરતાં... કરતાં... કરતાં... કરતાં... એય.. દિવાળા નીકળે. અને કોઈને પચ્ચીસ લાખ મૂડી હોય તો બીજાના પચાસ લાખ દેખીને કહે અરે..! એને પચાસ લાખ, મારે પચ્ચીસ. મારે પચ્ચીસ. હોય પચ્ચીસ ખરા, પણ ઓલાને પચાસ અને મારી પચ્ચીસ. એટલે ઓલા પચાસ દેખીને પચ્ચીસ લાખની ખાધ પાડે, તૂટો પાડે. હું એટલો ઓછો. અહીં કહે છે કે ભાઈ! તારે સંતોષ કરવો હોય તો ભગવાન આત્માનો સંતોષ કર. ઓહો..! ભગવાન જ્ઞાનમૂર્તિ છે, જેમાં શાંતિ છે, જેમાં સંતોષ છે એટલે સુખ છે. એવો સુખનો સાગર આત્મા એમાં તું ઠર. તને ઉત્તમ સુખ થશે. છેલ્લો શબ્દ ઈ છે.

**'ઈસીસે હી તુઝે ઉત્તમ સુખકી પ્રાપ્તિ હોગી.'** ટીકામાં તો એમ લીધું. બીજાને પૂછવા જાવું પડશે? કે નહિ. કે આ મને સુખ મળે છે કે નહિ? મને ધર્મ થયો છે કે નહિ? એ બીજાને પૂછવા નહિ જાવું પડે. ભગવાનને પૂછવા નહિ જાવું પડે કે ભગવાન હું હવે ધર્મી થયો કે નહિ? તું આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદની મૂર્તિ એમાં ઠરતા તને શાંતિ વળશે એ બીજાને પૂછવા જાવું પડશે નહિ. કહો, સમજાણું કાંઈ? **'ઈસ કથનસે અધ્યાત્મ-સુખમેં**

ઠહરકર...' દેખો, ભગવાન આત્મામાં શાંતિ પડી છે, ભાઈ! બીજે શાંતિ ક્યાંય નથી. પૈસા ધૂળમાંય નથી, બાયડી, છોકરામાં નથી, મકાન, હજીરામાં નથી. હજીરા મોટા પડ્યા હોયને પાંચ-પાંચ, દશ લાખના કર્યા હોય. તમારે શાંતિભાઈ અહીં આવ્યા હતા, કહે છે, એકવાર. આવ્યા હતા? આપણને બરાબર ખબર નથી. ભાઈ કહેતો હતો સવારમાં. ભાઈ કહે સાથે હું હતો. ૧૫-૨૦ વર્ષ પહેલા આવ્યા હશે.

મુમુક્ષુ :- ૯૩ની સાલમાં.

ઉત્તર :- ૯૩-૯૩. ત્યારે તો ઓલા મકાનમાં કે અહીં? અહીં હશે. ૯૪. આવ્યા હશે. .. આવ્યા હશે. ... હતો. કહો, સમજાણું કાંઈ?

એ '**નિજસ્વરૂપકી ભાવના કરની ચાહિયે,...**' આહા..હા..! લ્યો! વાતમાં 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' કરોડ વાતની વાત, અનંત વાતની વાત. સારા શાસ્ત્રની-ચાર અનુયોગની વાત કે ભગવાન આત્મા અનંત આનંદ અને શાંતિનું સ્વરૂપ છે, એમાં ઠર. એક જ વાત અનંત તીર્થંકરોને કહેવી છે. એમાં ધર્મ છે, એમાં સુખ છે, એમાં શાંતિ છે, એમાં સંતોષ છે, એમાં સત્ય અને પરમાર્થ છે. સમજાણું કાંઈ? પણ એને લાગે આકરું એટલે જાણે કે આ કાંઈક બીજો રસ્તો હશે હળવે-હળવે? હળવે-હળવે જઈએ એવો બીજો? હળવે કહો કે ઉતાવળો કહો, રસ્તો આ એક જ છે. સમજાણું કાંઈ? હળવે-હળવેનો અર્થ એટલો કે પહેલું સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર અને પછી ક્રમે-ક્રમે ચારિત્ર એટલું હળવે-હળવે. પણ તું જાણે કે આ પહેલું સમ્યક્ વિના તું એકદમ ચારિત્રને પ્રાપ્ત કર. એકદમ કોઈ સમકિતસહિત ચારિત્ર પ્રાપ્ત કર એ ઉતાવળથી થયા. સમજાણું કાંઈ? પણ મૂળિયું પકડ્યું જેણે સમ્યક્ આત્માની દૃષ્ટિનો અનુભવ એ ક્રમે-ક્રમે ચારિત્ર પામીને સુખી થાય, પૂર્ણ મુક્તિને પામવાના. કહો, સમજાણું કાંઈ?

દાખલો આપ્યો છેને ઓલા તત્ત્વજ્ઞાન તરંગિણી. તત્ત્વજ્ઞાન તરંગિણી. એમાં દાખલા આપ્યો છે કે ભાઈ એક આંબો છેને આંબો-કેરી. કેરી હોતી હૈ ન? ઉપર કેરી હોય પાકી સાખું સાખું હોયને પીળી ફર્સ્ટક્લાસ આમ. તો પોપટ આવીને સીધો ખાય. ચાંચ મારે સીધો. અને કીડી મૂળીયું પકડીને ત્યાં જઈને ખાય. કીડી સમજો છોને? ચીંટી. એને ઉડવાની શક્તિ નથી, પણ એ આંબાનું મૂળ પકડે ત્યાંથી ચડીને સાખું ખાય. જે પોપટ ખાય એ સાખું ખાય. આ હળવે હળવે વાર લાગે. અને ઓલા સીધા ખાય. એવો દાખલો તત્ત્વજ્ઞાન તરંગિણીમાં જ્ઞાનભૂષણ ભટ્ટારકે આપ્યો છે.

એમ આ આત્માને એકદમ ઉતાવળા પોપટની જેમ કોઈ સમ્યગ્દર્શન પકડીને એકદમ ચારિત્રમાં લીન થઈને અલ્પ કાળમાં અનંત સુખને પ્રાપ્ત કરે અને કોઈ એકદમ ચારિત્રને, સુખને પ્રાપ્ત ન કરે, પણ મૂળ પકડે, શુદ્ધ ચિદાનંદ આત્મા તે મૂળ છે અનંત કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાનું,

સુખ થવાનું. એ મૂળને પકડે દૃષ્ટિમાં તો હળવે-હળવે ચારિત્ર કરીને એ પણ પોપટ જેમ કેરી ખાય, એમ આ પણ હળવે-હળવે પૂર્ણાનંદને પ્રાપ્ત થાય. પણ મૂળ પકડવું જોઈએ. આંબાના ઝાડે ચડવા કરતા આકોલિયાને ઝાડે ચડી જાય તો? આકોલિયા હોતા હૈ ન આકોલિયા નહીં હોતા? આંકડાના આકોલિયા એના પણ કેરી જેવા ફળ હોય પોલા-પોલા ભમ જેવા. કેરી જેવા હોય લીલા. એમાં મૂળ ચડે તો નીકળે પોલું ભમ ત્યાં. એ કાંઈ કેરી-બેરી નથી. એમ પુણ્યના વિકલ્પના રસ્તે જો ચડી ગયો ત્યાં કેરા-બેરા નથી. એટલે આંબો પાકતો નથી, ત્યાં ધર્મ પાકતો નથી. આત્માને માર્ગે ચડ તો હળવે-હળવે પણ ત્યાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. બીજે રસ્તે થશે નહિ. કહો, બરાબર ન્યાલભાઈ? આહા..હા..!

'**ઔર કામભોગોંસે કભી તૃપ્તિ નહીં હો સકતી.**' ઈચ્છા અને ઉપભોગ. એમ કહે છે. કામભોગ એટલે એકલો વિષય નહિ, પણ ઈચ્છાથી ક્યાંય તૃપ્તિ થશે નહિ. ઈચ્છા એટલે કરવું અને ભોગ એટલે ભોગવવું. રાગને કરવું અને ભોગવવું એમાં ક્યાંય તૃપ્તિ નથી. ભગવાન જ્ઞાતા-દૃષ્ટા થઈને રહે દૃષ્ટિએ કે સ્થિરતાએ એમાં સંતોષ અને સુખ છે, બીજે ક્યાંય છે નહિ. એમાં ધર્મ છે. '**ઐસા કહા ભી હૈ, કિ જૈસે તૃણ, કાઠ આદિ ઈંધનસે અગ્નિ તૃપ્ત નહીં હોતી...**' તરણા અથવા લાકડા આદિ એવા '**ઈંધનસે અગ્નિ તૃપ્ત નહીં હોતી.**' એમ ગમે તેટલા વિષયો સેવો, ઈચ્છા કરો, પણ ઈચ્છા કરતા ઈચ્છાની તૃપ્તિ નહિ થાય. ઈચ્છાનો અભાવ કરતા તૃપ્તિ થશે. કહો, સમજાણું?

'**ઔર હજારોં નદિયોંસે લવણસમુદ્ર તૃપ્ત નહીં હોતા,...**' હજારો નદીના પાણી પડે તે લવણસમુદ્રમાં ભરતી આવી જશે? બાઢ આવશે? એને શું હજાર નદી પડે તો. એ તો એનું એ છે. એમ ગમે તેટલા ભોગ લે, ઈચ્છાઓ કર, તો ઘણી ઈચ્છાઓ કરી, પછી તૃપ્ત થઈ જશું, પછી એમ કે આપણે કુતુહલતા છૂટી જશે. બિલકુલ જૂઠી વાત છે. ઈચ્છા છૂટવાનો રસ્તો એક જ છે—ભગવાન આત્માની દૃષ્ટિ કરવી અને ઠરવું એ જ સંતોષનું કારણ, ઈચ્છા તોડવાનું કારણ છે.

'**ઉસી તરહ યહ જીવ કામ ભોગોંસે તૃપ્ત નહીં હોતા. ઈસલિયે વિષય-સુખોંકો છોડકર અધ્યાત્મ-સુખકા સેવન કરના ચાહિયે.**' વિષય સુખ એટલે? પોતાના વિષયને છોડીને (પરને) વિષય બનાવવો એમ. સ્વવિષય એટલે ધ્યેય એને છોડીને પરને ધ્યેય બનાવવું. કોઈપણ પરદ્રવ્યને ધ્યેય બનાવતા, વિષય બનાવતા તેમાં ક્યાંય સુખ નથી. કહો, સમજાણું કાંઈ? કહે છે '**વિષય-સુખોંકો છોડકર અધ્યાત્મ-સુખકા સેવન કરના ચાહિયે.**' બાહ્ય વિષયનું લક્ષ છોડી દઈને અંદરનો વિષય એવો ભગવાન આત્મા, એને દૃષ્ટિમાં, ધ્યેયમાં વિષય બનાવીને ધ્યાનનો વિષય આત્માને બનાવીને... રાગનો વિષય પર બને છે એ પણ એક આર્તધ્યાન

છે. આર્તધ્યાનનો વિષય પર છે અને ધર્મધ્યાનનો વિષય સ્વ છે. એટલે પરના વિષય તરફના વલણને છોડી, સ્વના વિષય તરફ જા તો ત્યાં અધ્યાત્મ સુખનું સેવન થશે. સમજાણું કાંઈ?

હવે '**અધ્યાત્મ-શબ્દકા શબ્દાર્થ કરતે હૈં—**' અધ્યાત્મ શબ્દનો વ્યુત્પત્તિ કરે એમ જોઈએ. આત્મ-સુખ શબ્દ વાપર્યો છેને એ શબ્દ ખોટો છે. '**અધ્યાત્મ શબ્દકા શબ્દાર્થ કરતે હૈં–મિથ્યાત્વ વિષય કષાય...**' અધ્યાત્મ કોને કહેવું? જુઓને અધ્યાત્મ... અધ્યાત્મ... અધ્યાત્મ.. કરે. અધ્યાત્મ એટલે શું? કે '**મિથ્યાત્વ વિષય કષાય આદિ બાહ્ય પદાર્થોંકા અવલંબન...**' જુઓ, એને '**છોડના...**' આમ બાહ્ય પદાર્થનું અવલંબન છોડવું. પુણ્ય અને પાપ એના વિષયો બાહ્ય બીજા એ બધાનો સહારો છોડવો '**ઔર આત્મામેં તલ્લીન હોના...**' એ અધ્યાત્મ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એને વિષય બનાવવો અને એમાં ઠરવું એનું નામ અધ્યાત્મ. અને મિથ્યા ભ્રાંતિ, પુણ્ય અને પાપના ભાવ એ પરવિષય છે. પરમાં લક્ષ જાય અને ઉત્પન્ન થાય છે. માટે તે અધ્યાત્મથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આ તો માખણની વાત છેને એકલી? પરમાત્મપ્રકાશની વાત છે. પરમાત્મા પોતે પરમસ્વરૂપ જ્ઞાન અને આનંદરૂપ એને વિષય બનાવવો એનું નામ અધ્યાત્મ. અને પોતાના વિષયને છોડીને પરનો વિષય, કોઈપણ પરવિષય બનાવવો તો એ પુણ્ય-પાપના રાગ વિના પરવિષયનો આશ્રય થતો નથી. માટે તે પુણ્ય-પાપનો ભાવ તે અધ્યાત્મ નથી. બીજી ભાષાએ કહ્યું કે વ્યવહારરત્નત્રય પણ અધ્યાત્મ નથી. એમ કહ્યું અહીંયા. આહા..હા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્યની શ્રદ્ધા આદિ, પંચ મહાવ્રતના પરિણામ એ ભાવ પણ અધ્યાત્મ નથી. કારણ કે એ પણ આત્માના વિષયને છોડી પરવિષય એટલે (પર) ધ્યેયમાં જતા ભાવો છે એ. એટલે એ અધ્યાત્મ નથી. જુઓને તેથી કીધુંને. મિથ્યાત્વ અને વિષય-કષાય બે લીધુંને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હેય-અહેય નહિ. અધ્યાત્મ.. એટલે અનાત્મા. રાગ, પુણ્ય, વિકલ્પ અને પરનું લક્ષ કરવું, ઉત્પન્ન ભાવ તે અણાત્મા છે. બહિરપદાર્થોનું અવલંબન એ અણાત્મા છે, સ્વપદાર્થનું અવલંબન તે આત્મા છે. વાત તો એમ છે ભાઈ! ત્રિકાળ એમ છે. લોકોને અધ્યાત્મ સ્વરૂપ શું છે એ એને મળ્યું નથી. આમ બધા બહારના સહારા. આમ થાશે, અહીંથી થાશે, કાં ભગવાનની મૂર્તિથી થાશે કે જાત્રાથી થાશે કે સમ્મેદશિખર જઈશું તો સમકિત પમાશે. ધૂળેય નથી, સાંભળને હવે.

મુમુક્ષુ :- અહીંથી મહાવિદેહમાં બેઠો બેઠો...

ઉત્તર :- મહાવિદેહમાં શું? મહાવિદેહમાં તારા ભગવાન બેઠા છે? તારા ભગવાન તો અહીં બેઠા છે.

મુમુક્ષુ :- જલ્દી મોક્ષ થઈ જાયને. અહીંથી ..

ઉત્તર :- ધૂળયમાં ન થાય. અનંતવાર મહાવિદેહમાં ગયો. માણસ નથી થયો? હવે કેટલાક એમ કહે. ધર્મી જીવ હોય તો એને માટે એમ કહે. એકદમ મોક્ષ જવાના છે. અહીંથી મરીને મહાવિદેહમાં ગયા. પણ મૂર્ખ તું શું કહે છો? ધર્મી મહાવિદેહમાં જાય એ મિથ્યાદૃષ્ટિ જાય. ધર્મી મહાવિદેહમાં જાય નહિ. એ માહાત્મ્ય કરવા જાય. પંડિતજી! એ માહાત્મ્ય કરવા જાય, કે ઓહો..હો..! ધર્મી તો એવા ધર્મી હતાને કે અહીંથી મરીને પાધરા ભગવાન પાસે ગયા છે. એ તું શું ગાળ દે છે નમાલા. તને ભાન નથી. ધર્મી સમ્યગ્દૃષ્ટિ હોય એની દૃષ્ટિ આત્મા ઉપર હોય એને રાગનું પુણ્ય થાય એ માણસ મરીને માણસ થાય જ નહિ. એ તો સ્વર્ગમાં જ જાય. ઘણા એમ કહે છે. ઓલા દેવચંદજીને એમ કહે છે. દેવચંદજી થઈ ગયાને ઓલા ભાઈ અધ્યાત્મની વાતું કરતા... એ ત્યાં જન્મ્યા છે અને ત્યાં આઠ વર્ષે કેવળ પામ્યા છે.

કોઈ શ્રીમદ્‌ને માટે કહે. એલા! પણ તું ગાળો દે છો? શું કહે છે તું આ? શ્રીમદ્‌ને તું મિથ્યાદૃષ્ટિ ઠરાવે છો? મિથ્યાદૃષ્ટિ હોય એ માણસ મરીને માણસ થાય. એય..! ન્યાલભાઈ! એ બધું સાંભળીને આવ્યા છે. બધું કરીને હવે આવ્યા છે છેલ્લે. ઠીક કર્યું પણ સારું બધું જોઈ લીધું. આ કહ્યુંને માનતુંગ આચાર્યે કે 'હરિ મંદિર હરિ હરાદેવ એવ દૃષ્ટા' હે નાથ! પહેલા અમે બધા હરિહરને જોઈ લીધા છે. હવે મને બીજામાં ક્યાંય મન થાતું નથી. ભક્તામરમાં આવે છે. 'તને દીઠા વીતરાગ દેવ આ' તો વીતરાગદેવ જ્યાં જોયા એવી ચીજ ક્યાંય હરિહર દૃષ્ટામાં ક્યાંય છે નહિ પ્રભુ. પૂર્ણાનંદનો નાથ હું જ છું. પૂર્ણ વીતરાગનો કંદ જ હું છું. મારી દૃષ્ટિ જ્યાં મારામાં પડી (તો) તને પણ મેં ઓળખ્યા અને મને પણ મેં ઓળખ્યો. સમજાણું કાંઈ? ભક્તામરમાં આવે છે. એ દરેકમાં ભક્તિમાં પણ મર્મ છે. મુનિઓના કહેલા છે. આચાર્ય મુનિ છે કે નહિ? ભાવલિંગી સંત છે. ભક્તિમાં ભલે કામ લીધા હોય, પણ અલૌકિક વાતું છે બધી. સ્તવનના અર્થોમાં બહુ ભાવ ભર્યા છે.

મુમુક્ષુ :- શંકર પ્રસન્ન થાય.

ઉત્તર :- કોણ શંકર પ્રસન્ન થાતો હતો? કાંઈ પ્રસન્ન થતા નહોતા. હમણાં જ વાત નહોતી કરી? અમારે છપ્પનિયામાં દસ વર્ષની ઉંમર હતી. આ દુકાળ પડ્યો હતોને? દુકાળ બહુ પડ્યો હતો. અમારે ઉમરાળા મોટી નદી. પછી શંકરને મૂંઝવ્યા, વરસાદ નહોતો આવતો તે. તમે તો સાંભળ્યું હશે ત્યાં. ઓલા છપ્પનિયામાં નહિ? નહિ? અમારે ત્યાં મોટી નદી છેને ઉમરાળે. ૫૬ની સાલ. ત્યારે દુકાળ પડ્યો હતો. ત્યારે દસ વર્ષની ઉંમર હતી. નદી મોટી છે ઉમરાળા. એક શંકર સામે ધોળનાથ છે. ધોળનાથ સામે છેને. પછી ગામના બધાએ ભેગા થઈને શંકરને આમ પાણીમાં નાખ્યા. બૂડવ્યા. મૂંઝવ્યા એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ અમને ખબર છે. મારી દશ વર્ષની ઉંમર હતી, બધી ખબર છે. શંકરને મૂંઝવે એને પાણીમાં નાખ્યા. ભરી દીધું આમ. ઉંડું છે આમ જરી. અને પોતે બ્રાહ્મણ બેઠા અહીં સુધી પાણી લઈને. હાથમાં માળા લઈને. ધૂળમાંય વરસાદ ન આવ્યો. અને ત્યાં સુધી ખબર છે કે ત્યાં એક વાવ છે ધોળનાથમાં વાવ. એ વાવના પાણીના દરેડા કરવા માંડ્યા ખેંચી-ખેંચીને. એટલે ઓલી કાળુભાર છેને વચમાં ત્યાં સુધી પાણી જાય તો નદીમાં પાણી આવશે. એ દરેડા કર્યા તોપણ ન આવ્યું. દરેડો સમજ્યા? એ વાવમાંથી, મોટી નદી છેને તો સામેથી વાવમાંથી પાણી કાઢી-કાઢી, ખેંચી-ખેંચીને આ નદીમાં લઈ ગયા વચમાં સુધી. એમ કે વચમાં નદીમાં આપણે આ પાણી લઈ જશું તો ઉપરથી નદી આવશે. ધૂળમાંય ન આવ્યું. બધી ખબર છે. દશ વર્ષની ઉંમર હતી. બધું જોયું. કીધું, આ બધા ઢોંગ કરે છે.

મુમુક્ષુ :- એની ભક્તિ ખોટી.

ઉત્તર :- હતો પણ કે દિ પણ ત્યાં ભક્તો? આ તો બ્રહ્માનંદ ભગવાન પોતે આત્મા છે. બ્રહ્માનંદ સ્વરૂપ છે. એ પોતે શંકર છે આત્મા. શંકર એટલે સુખનો કરનારો તે શંકર. આત્મા આનંદમૂર્તિ એની તો વાત ચાલે છે. આત્મા જ પોતે શંકર છે. બીજો શંકર હતો કે દિ' બહારનો? સમજાણું કાંઈ? ત્વમેવ બ્રહ્મા, ત્વમેવ વિષ્ણુ, ત્વમેવ મહેશ. નથી આવતું? ભક્તામરમાં આવે છે. બસ ઈ. એ વાત એ છે કે તું છો આ. થઈ ગયા આત્મા એ પણ એનામાં થયા અને તું આ છો. ત્વમેવ બ્રહ્મા, ત્વમેવ વિષ્ણુ, ત્વમેવ શંકર, ત્વમેવ વિભુ. હે નાથ! પૂર્ણાનંદનું સ્વરૂપ તારું. એ પુણ્ય-પાપના વિકલ્પ જે અણાત્મા છે એનાથી ભિન્ન જે આત્મસ્વરૂપ છે એ જ બધા શંકર શિવ છે. એની દૃષ્ટિની એકાગ્ર કરતા પર્યાયમાં પ્રગટ થાય એ પરમાત્મા સાક્ષાત્ કહેવાય છે. એ શક્તિરૂપે કહેવાય છે, આ વ્યક્તિરૂપે કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'મિથ્યાત્વ વિષય કષાય આદિ બાહ્ય પદાર્થોંકા અવલંબન** (સહારા) **છોડના...'** દેખો, **'ઔર આત્મામેં તલ્લીન હોના...'** અથવા આત્માનો વિષય કરવો. અંદર વિષય ધ્યેય બનાવવું અંતર વળીને. જ્ઞાનની દશાને આત્માનું જ્ઞેય બનાવવું, ધ્યેય બનાવવું, વિષય બનાવવો, એને લક્ષમાં લેવો, બસ એ જ અધ્યાત્મ છે અને એનાથી તને શાંતિ છે. કહો, સમજાણું? એ ૧૫૪ થઈ.

૧૫૫. **'આગે આત્માકા જ્ઞાનસ્વભાવ દિખલાતે હૈં :—'** આત્માનો તો જ્ઞાનસ્વભાવ છે. એ પુણ્ય-પાપનો ભાવ એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ એ રાગ છે. એ આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો શુભરાગ એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! હવે એને તો અહીં પહેલેથી

માંડે છે બધા. ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે વ્યવહાર હોય છે. નિશ્ચય પછી. એ હશે વળી ક્યાંક. અત્યારે તો છે જ નહિ. પાંચમાં આરામાં તો નિશ્ચય હોય જ નહિ એમ લખે છે પત્રોમાં. પાંચમાં આરામાં અત્યારે નિશ્ચય હોય નહિ. માટે તમે વ્યવહારનો નિષેધ કરો છો, નિશ્ચય હોય નહિ પછી ક્યાં જાવું એને? માટે વ્યવહાર એ જ ધર્મ છે અત્યારે તો. કહો, સમજાણું?

અહીં કહે છે કે ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે. પાંચમે આરે હોય, ચોથે આરે હોય, નરકમાં હોય કે પશુમાં હો, એનો સ્વભાવ જ્ઞાન છે. એને પકડ્યે ધર્મ બધે ઠેકાણે થાય છે. એ જ્ઞાનને પકડ્યે ધર્મ બધે ઠેકાણે થાય છે. પરને, રાગને, પુણ્યને પકડ્યે ક્યાંય ધર્મ થાતો નથી. સમજાણું કાંઈ?

**૨૮૬) अप्पहँ णाणु परिच्चयवि अण्णु ण अत्थि सहाउ।**
**इउ जाणेविणु जोइयहु परहँ म बंधउ राउ।।१५५।।**

જુઓને શબ્દો સાદા અને સહેલા.

**आत्मनः ज्ञानं परित्यज्य अन्यो न अस्ति स्वभावः।**
**इदं ज्ञात्वा योगिन् परस्मिन् मा बधान रागम्।।१५५।।**

આહા..હા..! બહુ ટૂંકે શબ્દે, ટૂંકા વલણે, ટૂંકા ભાવ. ભગવાન આત્મા... કહે છે ભાઈ! જુઓ, શું આવ્યું?

'आत्मनः' '**આત્માકા નિજસ્વભાવ...**' શબ્દાર્થ. '**ज्ञानं परित्यज्य**' એ '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકે સિવાય...**' એમ. '**परित्यज्य**' એટલે જ્ઞાન સિવાય એમ. જ્ઞાન એટલે? વીતરાગ સ્વસંવેદનજ્ઞાન. ભગવાન આત્માનો સ્વભાવ પણ વીતરાગી જ્ઞાન છે. વસ્તુ જ વીતરાગી જ્ઞાન છે. અવિકારી જ્ઞાન કહો, અકષાય જ્ઞાન કહો, વીતરાગી વિજ્ઞાન કહો. વસ્તુ આત્મા એને વિષય બનાવીને એકાગ્ર થતાં સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય એ પણ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન છે. વીતરાગ સ્વ-પોતાના, સં-પ્રત્યક્ષ, વેદનનું જ્ઞાન એના સિવાય '**अन्यः स्वभावः**' '**દૂસરા સ્વભાવ...**' એ બીજો સ્વભાવ એનો નથી. આહા..હા..! શરીર ક્યાં રહી ગયું? હજી તો શરીરથી ધર્મ થાય. ભગવાન! ભગવાન! કોણ જાણે જયપુરમાં શું કર્યું આ લોકોએ? આ જયપુરના ત્યાં હતા કે નહિ? તે દિ' નહોતા. હતા તે દિ'? શેઠી! એ ચર્ચા ચાલી ત્યારે. ગયા હતા. જીવતા શરીરે ધર્મ થાય કે નહિ? ભગવાન! ભગવાન! ભગવાન! ભગવાન! આહા..હા..! પ્રભુ! શું કહે છે? આ પાંચમે આરે પોકાર શેના પડ્યા ઉંધા?

અહીં કહે છે, ભગવાન! તારો સ્વભાવ ભાઈ! એ જ્ઞાન વીતરાગી જ્ઞાનદશા થવી એ ધર્મ છે. કેમકે વીતરાગી વિજ્ઞાનઘન તારો દ્રવ્યસ્વભાવ છે. વીતરાગી વિજ્ઞાનઘન. વીતરાગી એટલે

કે રાગ વિના એટલે કષાય વિનાનો તારો વિજ્ઞાન સ્વભાવ છે. એને એકાગ્ર થઈને સ્વસંવેદન જ્ઞાનથી આત્માને જાણવો એ સ્વસંવેદન વીતરાગજ્ઞાન એ ધર્મ છે. સમજાણું કાંઈ? **'दूसरा स्वभाव नहीं है,...'** ત્રણ કાળ, ત્રણ લોકમાં. ભગવાન અકષાય વીતરાગી વિજ્ઞાનઘન. મંગલમય આવ્યું હતું કાલે નહિ? 'મંગલમય મંગલકરણ વીતરાગ વિજ્ઞાન.' જુઓને મંગળિક કર્યું છે. વીતરાગી વિજ્ઞાન. ભાઈ! એ વીતરાગ શબ્દથી તું એમ ન મુંઝા કે વીતરાગ એ જૈનનો શબ્દ છે. વીતરાગ એટલે વીત એટલે રહિત, રાગ એટલે કષાય. જ્યાં રાગ નથી ત્યાં દ્વેષ પણ નથી. એટલે રાગ અને દ્વેષ એના પેટા ભેદ ક્રોધ, માન, માયા ને લોભ એ જ્યાં નથી એવો જે આત્માનો સ્વભાવ. આહા..હા..!

ભગવાન આત્માનો સ્વભાવ એ વિકાર વિનાનો કહો કે વીતરાગ વિજ્ઞાન કહો. ઓલો વીતરાગ શબ્દ આવેને. એય..! એ તો જૈનને હોય વીતરાગ. પણ અહીં તો વીત એટલે રાગ નહિ. સમજાણું? રાગરહિત. એક સાધુ મશ્કરી કરતો હતો ભાઈ! કે તમે બધા વીતરાગી છો હોં. તમે બધા વીતરાગી. બધા સભામાં ભરેલા. તમે બધા વીતરાગી છો. ઓલા કહે ભાઈસાહેબ અમે વીતરાગી નહિ. એમ હોય વીતરાગી છો તમે. કેમ? વિત્ત એટલે પૈસો, એના તમે રાગી માટે વીતરાગી. પૈસા. વિત્ત એટલે ધનનું નામ છેને. વિત્ત નામ ધનનું છે. ત્યાં લગાવી દીધું. ઓલાને કહે તમે બધા વીતરાગ છે હોં ભાઈ! એક વાતે સાચી વીતરાગ છો. એ એને ખબર નથી. આ તો વીતરાગ છો એટલે તમે વિત્ત નામ પૈસાના રાગી માટે વીતરાગ. કહો, જેચંદભાઈ! ભાઈ! અરે! એ તો વીતરાગ. વીત નામ પૈસાનો રાગ. અહીં તો વીત(રાગ) નામ રહિત રાગ. રાગરહિત ભગવાન આત્માનું સ્વરૂપ ત્રિકાળ અખંડાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એવો ભગવાન આ આત્મા સચ્ચિદાનંદ સત્ સત્ અનાદિ-અનંત શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ એનું નામ વીતરાગ વિજ્ઞાનઘન કહેવાય છે. સમજાણું કાંઈ? કહો, હવે એને ક્યાંથી યાદ આવ્યું કહો. આ વીતરાગ અહીં લગાવવું જોઈએ એને ઠેકાણે વીતરાગને આવી મશ્કરીમાં લગાવી દીધું. તમે બધાય વીતરાગ છો હોં, કહે. ઓલા બિચારા કહે, પણ મહારાજ! અમે વીતરાગી ક્યાંથી? અમે તો બહુ રાગમાં પડ્યા છીએ. ના, ના તમે પૈસાના રાગી નથી? એ તો અર્થ ફરી ગયો.

મુમુક્ષુ :- વિચારવાનો વખત ઘણો.

ઉત્તર :- આવો પણ વિચારવાનો વખત? તત્ત્વની ખબર ન મળે.

જુઓ, અસ્તિ-નાસ્તિ કરી. શું કીધું? **'आत्मनः ज्ञानं परित्यज्य अन्यः स्वभावः न अस्ति'** અનેકાંત કર્યું. એક-બે શબ્દમાં અનેકાંત કર્યું. ભગવાન આત્મા **'णाणु परिच्चयवि'** જ્ઞાન સિવાય **'अण्णु ण अत्थि सहाउ'** બીજો કોઈ તેનો સ્વભાવ નથી. પછી લાખ વાતે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આત્માનો સ્વભાવ

નથી. આહા..હા..! ભગવાન ચિદાનંદ નિર્વિકલ્પ, ચિદાનંદની મૂર્તિ આત્મા છે એને આત્મા કહેવાય છે. એ આત્મા પોતાના જ્ઞાન અને આનંદને છોડી અનેરા સ્વભાવરૂપે કોઈ દિ' ત્રણ કાળમાં છે નહિ. માન્યું છે એટલે રખડે છે. હું પુણ્યવાળો, હું પાપવાળો, હું રાગી, હું દ્વેષી, હું વિકલ્પવાળો એ એની માન્યતા જ પરિભ્રમણનું કારણ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? માખણ છે એકલું માખણ.

**'આત્મા કેવલજ્ઞાનસ્વભાવ હૈ,...'** જુઓ, કેવળ એટલે ઓલી કેવળપર્યાયની વાત નથી. એકલો પરિપૂર્ણ જ્ઞાનમૂર્તિ. સમજણ-સમજણ એટલે જ્ઞાન અને જ્ઞાનનું સ્વરૂપ એકલું. જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ જ્ઞાન એ આત્મા બસ. એમાં કોઈ પુણ્ય-પાપ, વિકલ્પ, શરીર, વાણી એનામાં નથી. એને આત્મા કહીએ. એવો **'કેવલજ્ઞાનસ્વભાવ હૈ, ઐસા જાનકર હે યોગી,...'** એટલે કે હે ધર્મી! હે જીવ! હે હંસ! **'પરવસ્તુસે પ્રીતિ મત બાંધ.'** છેને? **'परस्मिन् रागम् मा बधान'** તારા નિજસ્વભાવ સિવાય એ અનંતી પરચીજો છે (એમાં) ક્યાંય પ્રીતિ ન કર. તું એક જ પૂરો પડ્યો છો તારામાં એની પ્રીતિ કર અને અનંતમાં ક્યાંય કોઈમાં પ્રીતિ ન કર. અહીં તો ભગવાન પ્રત્યે પ્રીતિ ન કર એમ કહે છે. આહા..હા..! ત્રણ લોકના નાથ તીર્થંકર વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પણ આ આત્માથી પરવસ્તુ છે. એની પ્રીતિ પણ મત કર એમ કહે છે અહીં. આવી વાત. વીતરાગ કહે મારા ઉપર પ્રીતિ ન કર. એ વીતરાગ જ કહે એક. બીજો કોઈ ભાર નહિ ત્રણ કાળમાં. અમને માનો તમારું કલ્યાણ થાય, અમને લાડવા આપો તમને વૈકુંઠમાં મળે. એક વીતરાગ અને વીતરાગના સંતો એક જ વાત કરે (કે) અમને પણ તું ભૂલ અને તને તું જાણ તો તું ભગવાન થાઈશ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની વિજ્ઞાન વીતરાગદશા પ્રગટ થઈ. મુખમાં વાણીમાં એ આવ્યું, હે આત્મા! તારો એકલો જ્ઞાનસ્વભાવ છે, તારા સ્વભાવ સિવાયની પરદ્રવ્યની પ્રીતિને છોડી દે ભાઈ! પ્રભુ! પણ તમારી પણ? હું પણ તારા માટે પરદ્રવ્ય છું. આહા..હા..! મોઢા સામો કોળિયો કોને ખરાબ લાગે? આ કહે નહિ. આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ એવું છે, બાપા! ભાઈ નહિ ભગવાન કહે છે એ. તું ભગવાનને માનતો હોય તો ભગવાન એમ કહે છે. શાસ્ત્રને માનતો હોય તો શાસ્ત્ર એમ કહે છે. ગુરુને માનતો હોય તો ગુરુ એમ કહે છે કે તારા જ્ઞાનસ્વભાવ ઉપર જા, પરપદાર્થની પ્રીતિ છોડ. એમ અમારો કહેવાનો આશય છે. સમજાણું કાંઈ?

કાલે આવ્યું હતુંને મોક્ષમાર્ગપ્રકાશકમાં છેલ્લું નહોતું આવ્યું? સર્વ શાસ્ત્રનું (પ્રયોજન) સ્વરૂપ ચિંતવન. પ્રયોજન એક છે કે આત્માની એકાગ્રતા. આહા..હા..! સર્વ શાસ્ત્રનું પ્રયોજન એ છે. ભગવાન આત્મા એ શાસ્ત્રમાં એ કહેવું છે, ગુરુએ એમ કહ્યું છે, કેવળીએ એમ જાણ્યું છે.

દિશાને ફેરવી નાખ. પરદિશા સન્મુખ જે છે એને સ્વદશા તરફ વાળી દે. આ એક જ ભગવાન અનંત તીર્થંકરોને કહેવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... સમજવાનું દેવ-ગુરુ-શાસ્ત્ર કહે એમ જ તે.

ઉત્તર :- સમજવું આ. નિર્માની થઈને એટલે શું?

મુમુક્ષુ :- નિર્માની થઈને અમારે સમજવું જોઈએને..

ઉત્તર :- .. સમજવું એનાથી? છતાં એવી સમજણ કરે એને બહુમાન દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર આવ્યા વિના રહે નહિ. વિકલ્પ છેને. ક્યાં વીતરાગ થઈ ગયો છે? જ્યાં સુધી વીતરાગ નથી થયો ત્યાં સુધી એવું જ્ઞાનનું બહુમાન પોતાનું હોય, ત્યારે પણ વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર બહુ ભક્તિ આવ્યા વિના રહે નહિ. પણ એ વિકલ્પ છે, એટલું બંધનું કારણ છે એમ એના ખ્યાલમાં હોય છે. એટલું પણ લક્ષ છોડી દઈને સ્વરૂપમાં પૂર્ણ ઠરીશ ત્યારે હું પરમાત્મા થઈશ. તે વિના હું કેવળજ્ઞાન પામીશ નહિ. ખરો વિવેક એને જ આવે. અજ્ઞાની પરદ્રવ્યથી લાભ માનનારને ખરો વિવેક આવે જ નહિ. કારણ કે પરથી ભિન્ન તો પડ્યો નથી. એટલે એને ખરો વિવેક (આવતું નથી). પરનું બહુમાન ખરું આવ્યું જ નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- પર જો શુદ્ધાત્માસે...' 'त्यक्त्वा अण्णु ण अत्थि सहाउ' 'પર જો શુદ્ધાત્માસે ભિન્ન દેહાદિક ઉનમેં રાગ મત કર,...'** ઓલો ટૂંકો અર્થ લઈ લે દેહાદિ. પણ દેહાદિ-આદિમાં બધું આવી ગયું. **'આત્માકા જ્ઞાનસ્વરૂપ જાનકર...'** લ્યો! છેને? **'शुद्धात्मज्ञानं स्वभावं ज्ञात्वा'** લ્યો! એમાં રાગ મત કર. કહો, સમજાણું? **'મત કર, આત્માકા જ્ઞાનસ્વરૂપ જાનકર રાગાદિક છોડકે નિરંતર આત્માકી ભાવના કરની ચાહિયે.'** ઓહો..હો..! દૃષ્ટિમાં, શ્રદ્ધામાં તો એ જ હોય કે નિરંતર તેમાં જ રહેવું. એ જ કલ્યાણનું કારણ છે. રહી શકે નહિ, વિકલ્પ આવે, તોપણ એનાથી મને લાભ થશે એમ દૃષ્ટિમાં હોઈ શકે નહિ. આહા..હા..! દૃષ્ટિની કિંમત છે. દૃષ્ટિમાં આખા આત્માને તોળવો. અગ્નિ જેમ બધાને પચાવી મૂકે એમ સમ્યગ્દર્શન આખા આત્માને પચાવે છે. પૂર્ણાનંદ નિર્વિકલ્પ આખું વીતરાગી સ્વરૂપ એને પચાવે છે. પ્રગટ ન હોવા છતાં આખો આ છે એમ પચાવે છે. સમજાણું કાંઈ? કહે છે, નિરંતર આત્માની ભાવના કરવી જોઈએ. લ્યો એ ૧૫૫ થઈ.

૧૫૬. **'આગે આત્માકી પ્રાપ્તિકે લિયે ચિત્તકો સ્થિર કરતા, ઐસા પરમ ઉપદેશ શ્રીગુરુ દિખલાતે હૈં—' 'स्थिरीकरण'.**

२८७) **विसय-कसायहिँ मण-सलिलु णवि डहुलिज्जइ जासु।**
**अप्पा णिम्मलु होइ लहु वढ पच्चक्खु वि तासु।।१५६।।**

ઓહો..હો..! શ્રીગુરુ ઉપદેશ કરે છે **'જિસકા મનરૂપી જલ વિષયકષાયરૂપ પ્રચંડ પવનસે**

**નહીં ચલાયમાન હોતા હૈ,...**' જેના મનરૂપી જળ વિષયકષાય નામ પરલક્ષે પ્રચંડ પવનથી, પરલક્ષનો પ્રચંડ પવન એનાથી જેનું મનરૂપી જળ ચલાયમાન નથી થતું. '**ઉસી ભવ્ય જીવકી આત્મા...**' એ લાયક જીવનો આત્મા. '**હે બચ્ચે,...**' વત્સ. ગુરુ કહે છે કે હે બચ્ચા! હે શિષ્ય! હે વત્સ! '**निर्मलो भवति**' એનો આત્મા નિર્મળ થાય. '**लघु**' એક તો નિર્મળ થાય અને '**શીઘ્ર હી પ્રત્યક્ષ હો જાતી હૈ.**' અલ્પકાળમાં પ્રત્યક્ષ આત્મા થઈ જશે એને. સમજાણું કાંઈ? કેટલી વાત ભરે છે થોડામાં. એકલી માખણની ભાવના છે. મખ્ખન-મખ્ખન. રોટી સાથે માખણ ખાય તો કેવું એને લાગે? ચોપડી-ચોપડીને. ઘી કરતા એને માખણ સારું લાગે વળી હોં. પોચું-પોચું હોય તો આમ. આ ક્ષયવાળાને બહુ માખણ આપે. અહીં ક્ષય હોસ્પિટલ છેને. માખણ. ઈંડા આપે ઈંડા. આહા..હા..! અહીં ટોપલાના ટોપલા ઈંડા હોસ્પીટલમાં. એનું હોય શું કહેવાય? કોન્ટ્રાક્ટ હોય. બાર મહિને ઈંડા પૂરા પાડવાનો કોન્ટ્રાક્ટ. ભાવનગરનું કોક છે. એવું છે. બહુ ઉપાય આવા .. આમ ટોપલાના ટોપલા ઈંડા. પછી કોઈ વાણિયા હોય એને નહિ આપતા હોય. એને બીજી રીતે કાંઈક ઢેબરામાં નાખીને આપતા હશે. કાંઈક બીજી પૂરી-બુરી કરીને એમાં નાખીને.

મુમુક્ષુ :- એ સમજે કે આમાં...

ઉત્તર :- આમાં જીવ નથી એમ સમજે. પણ એ એને કહે જ નહિ કે એવું સમજે કે.. પૂરી સારી બનાવે ફર્સ્ટક્લાસ આમ પૂરી. એમાં અંદર નાખ્યું હોય. બધો આભડછેટ છે ચારે કોર. સારા માણસને તો ત્યાં હોસ્પીટલમાં... અને તે આયુષ્ય હશે એમ થાશે. એમાં કાંઈ... એવા ખાશે તો રહેશે? કાંઈ છે નહિ ધૂળધાણી. સજ્જન માણસને.. એક ફેરી જોવા ગયા હતાને ઓલા માંદા હોયને. સવારમાં વહેંચતો હતો પુરી. હરિજન. હરિજન વહેંચતો હતો ટોપલા ભરી. હોય બધા બ્રાહ્મણ, વાણિયા બધાને એ આપે, હરિજન આપે. નોકર જ હરિજન બધા.

મુમુક્ષુ :- હરિજન એટલે ભંગ્યા?

ઉત્તર :- ભંગ્યા પણ હશે. આહા..હા..!

'**ભાવાર્થ :-**' કહે છે, '**જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મરૂપી જલચર મગર-મચ્છાદિ જલકે જીવ ઉનસે ભરા જો સંસાર-સાગર...**' ઉપમા આપે છે હવે. આ સંસાર સાગર કેવો છે? કે જેમાં જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મરૂપી જળચર મગરમચ્છ ભર્યા છે. સંસારમાં તો આઠ કર્મરૂપી જળચર મગરમચ્છ ભર્યા છે આમ બધે. આહા..હા..! '**ઉસમેં વિષયકષાયરૂપ પ્રચંડ પવન...**' પાણીમાં હિલોળો ઉઠેને આમ પાણીમાં. એ પવન આવે એટલે હિલોળો ઉઠે આમ પાણીમાં. એમ વિષયકષાયના નિમિત્તો મનની ચંચળતા ઉઠે આમાં. સડેડાટ વિકલ્પની જાળ, મનનું પાણી. મનનું પાણી કલ્પના હિલોળા ખાય હિલોળા આમ. ઘડીકમાં કાંઈક વિચાર ને ઘડીકમાં કાંઈક

વિકલ્પ, ઘડીકમાં કાંઈક વિકલ્પ. આહા..હા..! હિલોળા સમજો છોને? આ હિલોળા હોતા હૈ ને તમારે ક્યા કહે? ઝુલા-ઝુલા. એમ મનના પવનમાં વિષયકષાયનું ... હિંડોળે ચડે મન. અહીં થાશે, અહીં મળશે, આ મળશે... આ મળશે... આ શબ્દમાં, આ રૂપમાં, આ ગંધમાં. ધૂળમાંય નથી. પણ એ આઠ કર્મરૂપી મગરમચ્છથી ભરેલો સંસાર એમાં આ વિષયકષાયરૂપી પ્રચંડ પવન '**जो कि शुद्धात्मतत्त्वसे सदा पराङ्मुख हैं,...**' એ બહારનું લક્ષ કરવું એ શુદ્ધાત્માથી બિલકુલ વિપરીત છે. સમજાણું કાંઈ?

ઓલામાં આવે છેને કે ભાઈ! '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' એટલે ઓલા એટલું સાંભળે. કામ, વિષય, ભોગ અને ભોગની વાત બહુ સાંભળી માટે હવે ભોગ છોડો. એમ નથી. ત્યાં તો એમ કહે છે કે અનંત વાર શ્રુત પરિચિત અનુભૂતા કામ નામ ઈચ્છા અને ભોગ નામ ભોગવવું—રાગ કરવો અને રાગનું ભોગવવું એ વાત તેં અનંત વાર સાંભળી છે. પછી ફલાણો ભોગ એ અહીં વાત નથી. કામભોગ શબ્દ આવે એટલે ઓલા પાંચેય ઈન્દ્રિયા વિષય એ ભોગ એમ નથી. ભગવાન આત્માએ અનંતવાર '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि**' '**सव्वस्स वि**'. '**सव्वस्स वि**'માં એકેન્દ્રિય જીવને લઈ લીધા છે. આહા..હા..! એણે સાંભળ્યું છે આ. સાંભળ્યાનું વેદન છેને એને? નિગોદના જીવને પણ રાગનું કરવું અને રાગનું વેદવું એ કામભોગની જ કથા એણે સાંભળી, વેદી અને પરિચય કર્યો છે. સમજાણું કાંઈ? 'શ્રુત પરિચિત અનુભૂતા' મહા વિસ્તારથી તત્ત્વની વાત કરી છે. ભાઈ! કામભોગનો અર્થ શબ્દો એમ ન લઈ જા કે આ પાંચ ઈન્દ્રિયના, આ સ્થૂળ સ્ત્રી, કુટુંબનો વિષય.

ભગવાન આત્માનો વિષય છોડીને જેટલો વિકલ્પ ઉઠે છે શુભાશુભભાવ એનું કરવું એ પરવિષય છે, એનું ભોગવવું. એ શુભભાવનું કરવું અને શુભનું ભોગવવું એ પણ કામભોગ છે. સમજાણું કાંઈ? એ '**सव्वस्स वि कामभोगबंधकहा। एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।**' પણ ભગવાન આત્મા એકત્વ, રાગથી (વિભક્ત) છે એટલે ભિન્ન છે, પોતાના સ્વભાવથી એકત્વ છે અને પરથી રાગથી ભિન્ન છે. એ વિકલ્પ જે શુભ-અશુભ છે એના કરવા અને ભોગવવાથી ભિન્ન છે. એ વાત એણે કોઈ દિ' સાંભળી નથી. ઓલો ટૂંકો શબ્દ કામભોગ આવે એટલે આપણે કામભોગ છોડો હવે આ. પણ ક્યા કામભોગ છોડે? સમજાણું કાંઈ?

ભગવાન આત્માનો વિષય જે વીતરાગી વિજ્ઞાનઘન આત્માની દૃષ્ટિનો વિષય, એણે કોઈ દિ' સાંભળ્યું નથી સ્વભાવની એકતા અને રાગની પૃથક્તા. ફક્ત એ રાગનો વિકલ્પ અને એનું કરવું અને ભોગવવું એનું નામ કામભોગની કથા. એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક દ્રવ્યલિંગી જૈન સાધુ થયો, એણે કામભોગની કથા સાંભળી છે. કહો, સમજાણું? એ વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધામાં તલ્લીન હતો. નહિતર ત્યાં ન જાય નવમી ગ્રૈવેયકે. એટલી એની ક્રિયા

હતી, પણ એ કામભોગમાં જ લીન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં વાત કરે છે જુઓ, '**ઉસી પ્રચંડ પવનસે જિસકા ચિત્ત ચલાયમાન નહીં હુઆ, ઉસીકા આત્મા નિર્મલ હોતા હૈ.**' લ્યો! પર તરફના લક્ષમાં, વિકલ્પમાં ચલાયમાન ન થાય એ સ્વ તરફના લક્ષમાં નિર્મળ ચિત્તને પામે છે. કહો, સમજાણું? હવે એની ઉપમા આપે છે જરી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૦, શુક્રવાર, તા. ૨૩-૦૭-૬૫**
**ગાથા-૧૫૬-૧૫૭, પ્રવચન-૧૭૭**

૧૫૬ ગાથા. પરમાત્મપ્રકાશ, બીજો ભાગ. ભાવાર્થ છે. જુઓ ફરીને થોડું. અહીં શું કહે છે? કે આ આત્માને પર વિષયકષાય તરફનું વલણ ન રહે તો આત્મા નિર્મળ થાય. આત્મા પોતાનો સ્વભાવ તો શુદ્ધ અને નિર્મળ છે, પણ એનું વલણ અનાદિથી એકલું પર વિષયકષાયના વલણ તરફ જ એનો ઝુકાવ છે. પરદ્રવ્યના ઝુકાવના કારણે આત્મામાં કોઈ દિ' મલિનપણું એમાંથી મટતું નથી. સમજાણું?

'**ભાવાર્થ :- જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મરૂપી જલચર...**' જળમાં રહેલા '**મગર-મચ્છાદિ જલકે જીવ...**' એ જ્ઞાનાવરણીય જળચર જીવ ગણવામાં આવે છે. '**ઉનસે ભરા જો સંસાર-સાગર ઉસમેં વિષયકષાયરૂપ પ્રચંડ પવન...**' એ કર્મને જળચર કહ્યા અને આ બહારનું જે લક્ષ જાવું, ભગવાન આત્મા પૂર્ણ નિર્મળ શુદ્ધ એનું લક્ષ અને ધ્યેય છોડીને પર વિષયકષાયના લક્ષ ને ધ્યેય કર્યું એ પવન પ્રચંડ પવન. આત્મામાં ઠરવું જોઈએ દૃષ્ટિમાં ધ્યેય કરીને, એમ ન કરતાં એ પોતે આઠ કર્મરૂપી જળચર જીવ અને એમાં પર તરફના વલણનો ઝુકાવ, સ્વદ્રવ્યને છોડી અને પરદ્રવ્ય તરફનો ઝુકાવ એ પ્રચંડ પવન. એનાથી જેનું મન ચલાયમાન થતું નથી, એનું મન નિર્મળ થાય છે.

'**શુદ્ધાત્મતત્ત્વસે સદા પરાङ્मुख हैं,...**' એમ. ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ એનાથી આ બધા પર તરફના વિષયકષાય, વિષયકષાય શબ્દે પરદ્રવ્ય તરફનું કોઈપણ વલણ એનાથી શુદ્ધાત્મતત્ત્વ તદ્દન વિપરીત છે. સમજાણું કાંઈ? '**ઉસી પ્રચંડ પવનસે જિસકા ચિત્ત ચલાયમાન નહીં હુઆ,...**' એટલે? જેનું મન પરદ્રવ્ય તરફના વલણવાળું ન રહે એટલે કે જેને ચૈતન્યદ્રવ્ય તરફના વલણવાળું જ્ઞાન થાય એનો આત્મા નિર્મળપણે પ્રગટ થાય છે. ભારે! સમજાણું કાંઈ? '**ઉસી પ્રચંડ પવનસે જિસકા ચિત્ત ચલાયમાન નહીં હુઆ, ઉસીકા આત્મા નિર્મલ હોતા હૈ.**' બહુ ટૂંકી વાત. ભગવાન આત્મા સ્વવસ્તુ શુદ્ધાત્મા, પરમપવિત્ર આનંદકંદનું ધામ આત્મા એમાં જેની દૃષ્ટિ-જ્ઞાનની એકાગ્રતા છે, એને પરદ્રવ્ય તરફના વિકલ્પનું વલણ છૂટી જાય છે. સમજાણું કાંઈ? અને પરદ્રવ્ય તરફના વિકલ્પનું વલણ ન છૂટે, તો સ્વદ્રવ્ય તરફની નિર્વિકલ્પ દૃષ્ટિ થાય નહિ. બહુ ઝીણી ...! ભાષા પણ આકરી. પણ કરવાનું કહે છેને ભાઈ દયા પાળો, વનસ્પતિ ન ખાવી, લીલોતરી ન ખાવી. આહા..હા..! પણ હવે આ પાંચ અપવાસ કરી નાખવા એમ કોઈ કહે તો ઠીક પડે, સમજાય પણ. પાંચ અપવાસ ખેંચી નાખવામાં કાંઈ વાંધો છે?

મુમુક્ષુ :- ધર્મ થાય તો...

ઉત્તર :- ધર્મ ક્યાં હતો?

અહીં તો બહુ ટૂંકી વાત કરી. આઠ કર્મરૂપી જળચરથી ભરેલો આખો સંસાર. એમાં મનનું પર તરફનું વળવું એ પવન. એનાથી આત્મા પરિભ્રમણ કરી રહ્યો છે. એવું જેનું મન ચંચળ પર તરફના વલણવાળું નથી અને સ્વ તરફના અંતરમાં સ્વભાવ તરફની દૃષ્ટિ અને અંતર વલણ છે એનો જ આત્મા ધર્મ પામીને નિર્મળ થાય છે. '**આત્મા રત્નકે સમાન હૈ,...**' આત્મા, લ્યો આ રત્ન આવ્યું. શેઠી! ૧૫૬ (ગાથા). રત્નના વેપારી છેને ઈ.

મુમુક્ષુ :- યે રતન દૂસરા હૈ.

ઉત્તર :- દૂસરા હૈ. વાત તો સાચી છે. એ પથરાના રત્ન છે.

આ તો '**આત્મા રત્નકે સમાન હૈ,...**' ભગવાન આત્મા એ તો પરમાત્મા સ્વરૂપ જ શક્તિએ સત્ત્વ છે. પરમાત્મામાં અને પર્યાય પ્રગટ થઈ એમાં દ્રવ્ય તરીકે કાંઈ ફેર નથી. વસ્તુ તરીકે આત્મા પરમાત્મા અને પ્રગટ થયેલી પર્યાય પરમાત્મા અને વસ્તુ તરીકેના સ્વભાવની અપેક્ષાએ ફેર નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં ફેર છે, અવસ્થામાં ફેર છે. પ્રગટ અવસ્થામાં-વ્યક્તમાં ફેર છે. શક્તિરૂપ ભગવાન આત્મા... આ પરમાત્મપ્રકાશ છે. એકલો પ્રકાશનો પુંજ આનંદનો ભરપૂર ભરેલો. જેમ પાણીથી ભર્યો ઘડો હોય તો ઘડો અને પાણી તો હજી જુદાં (છે), આ તો આનંદસ્વરૂપ જ આત્મા. આહા..હા..! એકલા ચૈતન્યના તેજ જ્યાં ભર્યા છે, આનંદની આહ્‌લાદતા જ્યાં અંદર ટકી રહી છે અનાદિથી એવું ભગવાન આત્મતત્ત્વ, જેને શુદ્ધાત્મા

કહીએ એ જ પોતે પરમાત્મસ્વરૂપ જ સાક્ષાત્ છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ એટલે દ્રવ્ય સ્વરૂપે, વસ્તુ તરીકે. એની પર્યાયમાં નિર્મળ થવા માટે પર તરફના ઝુકાવનું ચંચળ મન છૂટીને અંતરમાં દૃષ્ટિ ને ધ્યેય કરીને ઠરે તો આત્મા નિર્મળપણાને પામે. નહિતર બીજી કોઈ રીતે ... છે નહિ.

**'આત્મા રત્નકે સમાન હૈ, અનાદિકાલકા અજ્ઞાનરૂપી પાતાલમેં પડા હૈ,...'** દેખો! આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યનું રત્ન, ચૈતન્ય રત્ન. પણ એનું અભાન એટલે કે એનું અજ્ઞાન એ મહાપાતાળ કૂવામાં આવું ચૈતન્ય રત્ન પડી ગયું છે. આહા..હા..! અજ્ઞાનરૂપી પાતાળમાં પડ્યું છે. પોતાને પોતે ભૂલી ગયો છે એમ કહે છે. બીજી કોઈ વાત નથી. પોતે કોણ છે? આ ચીજ શું છે? ખબર નથી. આ પર્યાય પ્રગટ છે એનું લક્ષ જાય છે રાગ ઉપર અને એનું લક્ષ જાય છે સંયોગ ઉપર. બસ! આટલું એનું અસ્તિત્વ. પ્રગટ અંશ, રાગ-વિકાર અને સંયોગ. પણ એ ત્રણથી ભિન્ન એટલો અંશવાળો નહિ, રાગવાળો નહિ, સંયોગવાળો નહિ. પૂર્ણાનંદ પ્રભુ અનાદિ-અનંત ચૈતન્ય પદાર્થ પરમાત્મસ્વરૂપે ભરેલું છે, પણ એ અજ્ઞાનરૂપી પાતાળમાં પડી ગયું છે. ભાન ન મળે. એક રાગનો કણ દેખે તો એમાં શુભભાવે તો આહા..હા..! પાપના પરિણામ કરતા આપણે બહુ સારા અધિક થઈ ગયા, બીજા કરતા વધી ગયા.

મુમુક્ષુ :- પાપના પરિણામથી વધી ગયા?

ઉત્તર :- હા, વધી ગયાને જુઓ, કેવા કામ કરીએ છીએ! બીજાને આવડે છે? વેપાર-ધંધો અમે તો આમ ઉડતા પંખીને પાડીએ છીએ. કહે છે કે નહિ? ન્યાલભાઈ! ઉડતા પંખીને.. સમજાણું કે નહિ? આ પંખી ઉડતું હોયને. આ ઓલા ..વાલા નહોતા? ધંધો છેને એને. સોનાની .. શું કહેવાય એને? જ્યોતિષ છે કાંઈક. ભાવ બતાવે. એને મેં પૂછ્યું, તમે બીજાના ભાવ બતાવો અને તમે એ પ્રમાણે લ્યો તો? એ સોનાની ચકલી અમે બીજાને બતાવીએ, અમારી ન .. કહે. બીજાના ભાવ કહીએ કે જો આ જાય સોનાની ચકલી જાવ પકડવા. પણ તું પકડને. કહે અમારું કામ નહિ. એ ચુડાવાળા છેને ઓલા જગજીવનભાઈના દીકરા. ... આવે છે. બોટાદના છે.

અહીં કહે છે, ભગવાન આત્મા ત્યાં અજ્ઞાનના પાતાળમાં. એટલે? એ રાગ મારો, પુણ્ય મારા, પાપ મારા, દેહ મારા, બાયડી મારા, છોકરા મારા, કુટુંબ મારા, દેશ મારા... લાંબું... લાંબુ... લાંબુ... કરી કરીને કાં તો મારા દેવ-ગુરુ, મારા શાસ્ત્ર, આ મારા. એમ પર તરફના અજ્ઞાનરૂપી પાતાળમાં ચૈતન્યરત્નને ગોપવી દીધું છે. સમજાણું કાંઈ? ગોપવ્યું એટલે કે પાતાળમાં પાડી નાખ્યું છે. એ એમ કેમ કીધું પાતાળ? સમજાણું? અનાદિકાળરૂપી મહાપાતાળ .. છે. ત્યાં એનો પત્તો ખાતો નથી કે આ ચૈતન્યરત્ન ક્યાં ગયું અને શું થયું? પુણ્ય-પાપની વિકલ્પ જાળ અને સંયોગની અનિત્યતા, સંયોગની અનંતતા. એટલા અનંત જીવો છે તો ક્યાં એનું

પોતાપણું છે (એને) ભૂલીને આ મારું... આ મારું.. આ મારું... છેવટે દેવ મારા, ગુરુ મારા, શાસ્ત્ર મારા, આ મારું, સમ્મેદશિખર મારું, શેત્રુંજય મારું, આ સમવસરણ મારું. અમારા સમવસરણમાં ગયા હતા. અમારા ભગવાન હતાને ત્યાં .. એના અજ્ઞાનના મહા પાતાળનો કૂવો મોટો ઊંડો છે કહે છે. સમજાણું કાંઈ? આ પરમાં પોતાને માની આખો ચૈતન્યરત્ન અજ્ઞાનમાં પડી ગયું છે. આહા..હા..!

'**સો રાગાદિ મલકે છોડનેસે શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ,...**' એટલે કે એ આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ, પુણ્ય-પાપ આદિ પરપદાર્થમાં એકત્વબુદ્ધિથી અજ્ઞાનરૂપી મહાપાતાળમાં પડેલું રત્ન એને ત્યાંથી બુદ્ધિ ખસેડીને, ચૈતન્ય ભગવાન આત્મામાં જો દૃષ્ટિ અને એકાગ્ર ધ્યેય કરે તો એ '**શીઘ્ર હી નિર્મલ હો જાતા હૈ,...**' અલ્પકાળમાં જોયું! જેટલો સંસાર રખડવામાં જોઈએ એટલું પરમાત્મપદ પ્રાપ્ત કરવા માટે કાળ ન જોઈએ.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ ક્યાં રહ્યું?

ઉત્તર :- એ ક્રમબદ્ધ જ રહ્યું. ..એટલે? એને થોડા કાળમાં કેવળ પામશે એમ. કાળ થોડો બતાવે છે. આડોઅવળો કાળ એનો ક્યાં પ્રશ્ન છે? જેનું વલણ ચૈતન્યના જ્ઞાતા-દૃષ્ટાપણામાં રાગ અને પરના કર્તાપણાથી ખસ્યું, સ્વભાવના ચૈતન્યરત્નની જેને કિંમત થઈ, એનું જ્ઞાન એને થતાં એ અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશે. હવે અલ્પકાળ એને કેવળજ્ઞાનમાં છે. અલ્પકાળ એટલે? જે આડોઅવળો કાળ એમ પ્રશ્ન નથી. આ પ્રમાણે કરે એને અલ્પકાળે જ કેવળજ્ઞાન થાય, એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાંબો સંસાર એમ કહેવાય છે. ગાથા તો એમ જ આવેને. મિથ્યાત્વના ભાવ હતો એ એનો અનંત સંસાર હતો. એ અનંત સંસાર હતો. એથી તો અજ્ઞાનરૂપી પાતાળ કીધો છે. મિથ્યાત્વરૂપી પાતાળમાં પડ્યો ત્યારે અનંત સંસાર જ હતો. કેમકે અનંતગુણનો ભગવાન સાગર એનો એણે અનાદર કર્યો. ભવ અને ભવના ભાવ વિનાનો સ્વભાવ, ભવ અને ભવના ભાવ વિનાનો સ્વભાવ એ સ્વભાવ કેવો? કે ચૈતન્યમાં રત્ન. અનંતગુણના રત્નની ખાણ. એનો અનાદ કર્યો એટલે મિથ્યાભાવમાં અનંત સંસાર જ આવ્યો એને. એ મિથ્યાત્વ એ જ એનો સંસાર છે. સમજાણું કાંઈ? અને અનંતાનુબંધી કષાય પણ એ અનંત મિથ્યાત્વને સાથ આપનારો એ કષાય છે.

એવું પોતાના શુદ્ધ સ્વરૂપ ઉપર, એ પર તરફના વિકલ્પોની જાળમાં ન રોકાતા એ ... કૂવામાં પ્રત્યક્ષ ખોવાઈ ગયું છે એમાં તો. પણ જેને ચૈતન્ય રત્ન જોઈતું હોય એ ભગવાન આત્માની સન્મુખ દૃષ્ટિ કરે તો એને નિર્મળ થઈને પરમાત્મા થાય. અજ્ઞાનમાં .. એ પણ એને આધીન છે, સ્વાધીન થઈને પરમાત્મા થવું એ પણ એને જ આધીન છે. કોઈને આધીન છે

નહિ. બીજાને આધીન નથી. સમજાણું કાંઈ?

'હે બચ્ચે,...' વત્સ કહ્યું છેને? વત્સ હે શિષ્ય! **'આત્મા ઉન ભવ્ય જીવોંકા નિર્મલ હોતા હૈ,...'** **'આત્મા ઉન ભવ્ય જીવોંકા...'** એ ભવ્ય જીવોનો નિર્મળ થાય છે અને **'પ્રત્યક્ષ ઉનકો આત્માકા દર્શન હોતા હૈ.'** એને પ્રત્યક્ષ આત્માના દર્શન થાય છે. **'પરમકલા જો આત્માકી અનુભૂતિ વહી હુઈ નિશ્ચયદષ્ટિ...'** દેખો, આ પરમ કળા. ભગવાન આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ રૂપી અનુભૂતિરૂપી પરમકળા. જે કળા દુનિયામાં કોઈ ૭૨ કહેવાતી એ બહારની કળા. ૭૨ કળા આવે છેને શાસ્ત્રમાં? રાજાના કુંવર મોટા ૭૨ કળાના જાણનાર હુશિયાર. એ બધી કળા તે અકળા, અજ્ઞાનકળા છે. આ એક કળા. ભગવાન ચૈતન્યરત્ન પ્રભુ એને, પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને સ્વભાવની અનુભૂતિના ભાન દ્વારા એને પ્રગટ કરવો એ જ અનુભૂતિ તે પરમસૂક્ષ્મ દષ્ટિની કળા છે. સમજાણું કાંઈ? એમાં લખ્યું છે ભાઈ! **'सूक्ष्मनिरीक्षणं'** સંસ્કૃતમાં. પંડિતજી! એ સંસ્કૃતમાં છે. ૧૫૬ છેને? **'अनुभूति' 'परमकला एव दृष्टिः परमकलादृष्टिः तया परमकलादृष्टया यावदवलोकनं सूक्ष्मनिरीक्षणं तेन प्रत्यक्षोडपि स्वसंवेदनग्राह्योडपि'** બે વાત લીધી. ..રામજી! તમે પ્રશ્ન કરતે થે ન અભી. યહ બોલ લિયા યહાં. ભગવાન આત્મા પોતાના અનુભૂતિની કળાથી. પરમકળા-પરમકળા આ. બીજી કોઈ કળા આત્માને પ્રાપ્ત કરવા માટે કામ ન આવે. આ ... જ્ઞાન કામ ન આવે અને શાસ્ત્રજ્ઞાન પણ કામ ન આવે એમ કહે છે અહીં તો. કેટલી જગ્યા કામ આવતી હશે? .. શું કરવા ... શું હશે આ?

અહીં કહે છે કે એ તો નહિ, પણ શાસ્ત્રની કળા પણ કામ ન આવે. એમ અહીં તો કહે છે. અહીં તો કહે છે. ભાષા જુઓને. **'परमकला' 'शुद्धात्मा परम इत्युच्यते तस्य परमस्य कला अनुभूतिः परमकला एव दृष्टिः परमकलादृष्टिः'** ભગવાન આત્મામાં જે દૃષ્ટિ રાગ, અલ્પજ્ઞ પર્યાય અને સંયોગમાં જાય છે. એ દૃષ્ટિ અંતરમાં કરે તો તે દૃષ્ટિને પરમ કળા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ... ખબર નથી કે આ તે શું ચીજ છે. ચૈતન્ય ચમત્કાર વસ્તુ. જેને .. એકાગ્ર કરતા કેવળજ્ઞાન પ્રગટે એવું ચૈતન્ય મહારત્ન ચિંતામણિ રત્ન. ઓલું ચિંતામણી રત્ન પથરો હાથમાં આવે તો તો એ... આહાર ને પાણી ને બાયડી ને છોકરા એ મળે. આ ચિંતામણી રત્ન એવું છે, એમાં જેટલો એકાગ્ર થાય એટલું તરત એને આનંદ અને શાંતિની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? એથી એને રત્ન કહ્યું, ચૈતન્યરત્ન. પણ એની કિંમત બડી હોગીને ભાઈ! કહે છે કે એની કિંમત તો પરમ અનુભૂતિની કળા છે.

ભગવાન આત્મા આ પૂર્ણ પ્રભુ તરીકે પડ્યો છે પરમાત્મા પોતે. એની સન્મુખની સમ્યગ્જ્ઞાનરૂપી નિશ્ચય દૃષ્ટિ પરમકળા સૂક્ષ્મ નિરિક્ષણ દ્વારા **'सूक्ष्मनिरीक्षणं तेन प्रत्यक्षोडपि'** એ દ્વારા નિર્મળ

થાય છે, એ દ્વારા પ્રત્યક્ષ થાય છે અને સ્વસંવેદનથી ગ્રાહ્ય પણ થાય છે. પકડાઈ જાય છે, લ્યો આ આત્મા જ્ઞાનથી પકડાઈ જાય એવો છે. ભારે ભાઈ આ તો માખણ નીકળે છે. કહો, પ્રવિણભાઈ! સમજાય છે કાંઈ? એ બધી વાતું કરી હોં આગળ કહેશે. કે આવા જ્ઞાન વિનાના જે ધ્યાન કરે એ એના થોથા છે. આગળ કહેશે. સમજાણું? એ ૧૫૮માં. **'अप्पा मेल्लिवि णाणमउ अण्णु जे जायहिँ झाणु'** ૧૫૮માં છેને. આ બધા કરે છેને કેટલાક સમજ્યા વિનાના. અસ્તિત્વ આત્માનું શું છે. એને છોડીને આમ ને આમ કરે. આમ કરે. ૐ.. ૐ.. ૐ... અંદર શૂન્ય થઈ જાય વિકલ્પથી. એ બધા થોથા છે તારા.

એક સમયનો ભગવાન પૂર્ણાનંદ ચૈતન્ય રત્ન અસ્તિપણે એને દૃષ્ટિમાં લીધા વિના તેમાં એકાગ્રતા કોઈ દિ' ત્રણ કાળમાં ધ્યાન થાય નહિ. ઘણા અન્યમતિના બાવા .. આત્મા સાક્ષાત્કાર થઈ ગયો. .. ગયા હતા. મોરબી-મોરબી પાસે હતાને એક. ગરાસિયા હતા. ગરાસિયા. મકાન ત્યાં એ જ હતું. .. બહુ પડેલી પણ. એ ગરાસિયો એ એના ભગવાનની આરતી ઉતારતો હતો. એમાં બોલતો હતો. સમજાણું? એ નામ કાંઈક શું હતું? કાળુ-કાળુ. કાળુભા દરબાર. તમે તે દિ' નહોતા નહિ? આ તો ૯૧ની વાત છે. મોરબી પાસે. અને કાળુભાને પ્રત્યક્ષ આત્મા થયો. અમે અંદર ઓરડામાં હતા. આ ગપેગપ માળાને કાંઈ ખબર નથી. .. માણસ નરમ હોં. કાંઈ ખબર ન મળે. આત્મા પ્રત્યક્ષ. હવે પ્રત્યક્ષ કોને કહેવો આત્મા. હજી આમ મિથ્યાશલ્યના તો મોટા ગોદડા ઓઢ્યા છે. રામપીરને માનવા ને ઢીંકણાને માનવા અને રામાપીર એક મોટા થઈ ગયા છે.

આ ભગવાન આત્મા આત્મરામ છે. એવો એકલો અખંડ અનંતગુણનો ધણી સ્વતંત્ર ચીજ એક પદાર્થ ભિન્ન છે. એવી દૃષ્ટિ કર્યા વિના એને આત્માનો સાક્ષાત્કાર કોઈ દિ' થાય નહિ. આત્મા... થઈ ગયું. કેવો ચમત્કાર? કે ધોળો રંગનો ચમત્કાર. સમજાણું કાંઈ? આ ઓલા હતાને એક ક્ષુલ્લક. ક્ષુલ્લક નહિ. સાત પડિમાધારી. પ્રભુજી કહેવાતા એ. સાત પડિમા ધારી. આ ક્ષુલ્લક હતા ચિદાનંદજી. એની પાસે લઈ આવે. એક ફેરી તો પા.. અહીં આવ્યા. સાત પડીમાધારી. ઈંઢોણી માથે. .. છે કપડાની હતી. એમ ને એમ. કાંઈ ખબર ન મળે કાંઈ. એલા! આત્મા કેવો હશે પ્રભુ! એમ ને એમ કહી દીધું. કે રાતો કલર છે રાતો ભાઈ! લાલ-લાલ. લાલ આત્મા. આ લૂગડાં લાલ પહેરેને એટલે લાલ થઈ જાય. પછી વળી ધોળો થઈ જાય. એ તો ધોળો .. બીજા એ અર્જિકા એક આવી હતી. એ અર્જિકા .. આવી. તૃષા લાગેલી .. રાતે .. પોતા મૂક્યા. એને કોઈએ પૂછ્યું કે આત્મા કેવો? પહેલો આત્મા રાતો અને પછી થાય ધોળો. અરે ભગવાન! આ તે કાંઈ ત્યાગી.. શું કર્યા છે? ક્યાં છે ઠેકાણા? કાંઈ .. રહી નહિ, ખબર ન મળે કાંઈ. રાતો શું કે .. આમ કરેને તો લાલ-લાલ થઈ જાય. અહીંથી આમ થાય. પછી

ધોળું. પણ એ તો જડ છે. એ તો પરમાણુ, માટીની પર્યાય છે. એ ક્યાં? આત્મા તો અરૂપી છે. એ તો વેદનથી જણાય. પ્રત્યક્ષ તો કેવળ થાય ત્યારે જણાય.

એથી અહીં શબ્દ વાપર્યો છે કે ભગવાન આત્મા '**ઉન ભવ્ય જીવોંકા નિર્મલ હોતા હૈ, ઔર પ્રત્યક્ષ ઉનકો આત્માકા દર્શન હોતા હૈ.**' કે '**પરમકલા જો આત્માકી અનુભૂતિ વહી હુઈ નિશ્ચયદૃષ્ટિ ઉસસે આત્મસ્વરૂપકા અવલોકન હોતા હૈ.**' જુઓ, પાઠમાં છેને. અવલોકન. એ અપેક્ષાએ અવલોકન હોં આમ. અસંખ્ય પ્રદેશ અને અનંતગુણ આમ પ્રત્યક્ષ દેખાય એમ નહિ, પણ આ જ્ઞાનનું વેદન પ્રત્યક્ષ જાણપણું જે થયું એ આખો આત્મા આવો જ છે એમ એને એ રીતે અવલોકન કરવામાં આવ્યું. બધા અસંખ્ય પ્રદેશ ને ગુણ પ્રત્યક્ષ તો કેવળ થાય ત્યારે થાય. પણ વેદનમાં પ્રત્યક્ષ આ આનંદ અતીન્દ્રિય આત્મા જ છે. જે સ્વાદ રાગમાં અનંતકાળમાં નહોતો, પુણ્ય-પાપમાં નહોતો, ઇન્દ્રના ઇન્દ્રાસનમાં નહોતો, એવો આ આનંદ અતીન્દ્રિય આખા ધ્યેય, આખા પૂર્ણ તત્ત્વની દૃષ્ટિમાં લેતા એનો સ્વાદ 'આ આખો આત્મા આનંદ છે' એમ જ્ઞાન દ્વારા અવલોકન થાય તેને આત્મા સાક્ષાત્કાર થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને માહાત્મ્ય જ નથી આવતું. એ બધું આ કાંઈ કરે... કરે... આહા..હા..! બાહ્યપદાર્થ છોડે, બાહ્ય પદાર્થ હલકો દેખાય, હળવો દેખાય. બહાર બેઠો હોય, બારો નીચે બેઠો હોય, પાંચ ... હોય, કોઈ વાડ-વાડ ન હોય અને ખુલ્લો તડકો હોય. આ સરસ છે. દૃષ્ટિ અજ્ઞાનીની સંયોગ ઉપર છે. સંયોગ કેટલા? કે વધ્યા એ ઉપર એનું માપ. પણ સંયોગીભાવ જે છે એને પોતાનો માને છે અને એ માન્યતા છોડીને જ્ઞાન ઉપરની દૃષ્ટિમાં અનુભવ કરે એની કિંમત અજ્ઞાનીને સાધારણને લાગતી નથી. સમજાણું કાંઈ? કાં તો એને જાણપણાના બોલ આવડે તો એને કિંમત થાય. ઓહો..! જવાબ દેતા બહુ આવડે છે હોં, જ્ઞાન બહુ છે. એની કિંમત નથી. એ તો જાણપણાની .. ક્ષયોપશમના જ્ઞાનનો વિષય છે. કહો, નિહાલભાઈ! .. એ તો પરપદાર્થનું જ્ઞાન તો ઘણા પ્રકારનું હોય. અંતર વસ્તુ સૂક્ષ્મ અનુભૂતિ દ્વારા આત્માને પકડે તે જ્ઞાનને જ્ઞાન કહે છે. પરપદાર્થનું જ્ઞાન ઓછું હોય, આવડે નહિ, જવાબ પણ દેતા ન આવડે, વ્યાખ્યાન કરતા ન આવડે. એનો અર્થ કે એ બીજી ચીજ છે. એ બીજી ચીજ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કણબી નજરે જોયા છેને. પંડિતજી! એ ઉસકા ગામ હૈ આકડિયા. એ આઠ વર્ષનું બાળક છે કણબી છેને. એ આઠ વર્ષનું બાળક. તો અમે ગયા હતા બે વર્ષ પહેલા.

બોલાવ્યો એને. મહારાજ આવ્યા છે. એ આઠ વર્ષનો બીજી ચોપડી ભણે છે. કરોડોના દાખલા આપે, અબજોના દાખલા મોઢે અબજોના. ગુણાકાર એકદમ આમ કરે. મોટા-મોટા પ્રોફેસરો. મોટા પ્રોફેસરો આવી ગયા એની પાસે. પોતે પ્રશ્ન કરે કે એક ખટારાના એક હજારને સાડા પંદર રૂપિયાની કિંમત એક ખટારાની. ખટારો સમજ્યાને? મોટો માલ ભરનેકા હોતા હૈ ન? માલ ભરનેકા. તો એ સાડા આઠસો ખટારાના કેટલા રૂપિયા? એમ પૂછે પોતે. ઓલા પ્રોફેસર કહે ભાઈસાહેબ અમે .. તમે કહો. તો ફટ કહી દે. બીજી કાંઈ આવડત ન મળે હોં. બીજી કાંઈ ન મળે. કણબી પાણી વાળતો હતો. ખેતરમાં પાણી સમજ્યાને ઓલો. ખેતરમાં પાણી નાખેને.. ત્યાં બોલ્યો. કોક છોકરા બોલાવ્યો કે મહારાજ આવ્યા છે હોં. મહારાજ પાસે આવને. આવ્યો હતો. બિચારો નરમ માણસ. છોકરો આઠ વર્ષનો .. અબજોના જવાબ આમ ફટ-ફટ મોઢે. મેં કીધું, શું તને કાંઈ આવડે છે? મને કાંઈ ખબર નથી. આ કાંઈ પૂછે તો મને આવું આવડે. પણ એ કેમ આવડે એ મને ખબર નથી. બહુ જવાબ આપે. મોટા પ્રોફેસરો બધા આવી ગયા. પ્રોફેસરો કહે, ભાઈસાહેબ! તારા પ્રશ્નો અમે કાગળમાં લખીએ, પછી સરવાળો કરીએ તો જવાબ આવે. ત્યારે તમે કહોને. એ તરત કહી દે. એક જરીક આમ વિચાર કરે થોડો. બે ચોપડી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની સાથે શું સંબંધ છે? એ કોઈ તત્ત્વ વસ્તુ નથી. એ કાંઈ તત્ત્વદૃષ્ટિ નથી. એ તો ઉઘાડ એ જાતના જ્ઞાનના ઉઘાડના ઘણા પ્રકાર છે. અજ્ઞાનીને વિભંગ નથી થતું? અભવિ, ભવિ, મિથ્યાદૃષ્ટિને વિભંગ. સાત દ્વીપ-સમુદ્ર દેખે. એથી શું ચીજ થઈ? આ ભગવાન આત્મા એક સમયમાં અંતર જ્ઞાનની ક્ષયોપશમ દૃષ્ટિના અવલોકનથી દેખવામાં, અનુભવમાં આવે તેને જ્ઞાન કહેવામાં આવે છે. વાત બહુ ઝીણી ભાઈ! સમજાણું કાંઈ? તેથી આ મૂક્યું છે આ બધા શબ્દો. મફતમાં નથી મૂક્યા બ્રહ્મદેવે.

કે આ અનુભૂતિ પરમકળા. એવા જવાબ આપે. મારે આ શું! એ હતાને તમારા આ. એની કાંઈ ગણતરી. શાંતિભાઈના ભાઈનો દીકરો છેને. ..નો દીકરો છે. એ તો અહીં જામનગર. પણ એને જરી આમ પૂછે તો .. લાગે છે. ફલાણી તિથિએ તારીખ કઈ હતી? મારો જન્મ ફલાણા પચાસની સાલમાં શ્રાવણ વદ એકમે હતો. તે દિ' તારીખ કઈ? કહી દે. પચાસ વર્ષ પહેલાનું .. આમ જુઓ તો પત્ર વેચીને રોટલા ખાય. આ પત્ર શું કહેવાય? છાપા. છાપા વેચીને. સાધારણ. બુદ્ધિ પણ સાધારણ દેખાય, પણ હવે એ જાતનો એક ઉઘાડ હોય છે. .. તિથિ પોતે.. જવાબ આપે કોઈ પૂછે.. જવાબ તરત આપે. એ જાતનો એક વિકાસની કળા અનંતકાળે અનંતવાર પ્રગટી છે. એ કોઈ અપૂર્વ વાત છે નહિ. આહા..હા..! સમજાણું

કાંઈ? આ તો બધા નજરે જોયેલા છેને.

અને જામનગરનો એક છોકરો એવો છે કે આમ ખટારો નીકળે.. ખટારો સમજ્યા? આ મોટર .. ભરેલા. એનો જે નંબર હોય એ આમ બેઠો હોય અને એને પૂછે કે આ ખટારો ક્યા નંબરનો? એ નંબર કહી દે. સામુ જોવે નહિ આમ. એવી જાતનો કોઈ વિકાસ ક્ષયોપશમનો આવે એ પ્રકાર એ અજ્ઞાનના છે. પણ એ અજ્ઞાનના પાતાળમાં પડી ગયો અને આ જાણે કે મને વિકાસ થયો. સમજાણું કાંઈ? કાંઈ ન મળે કાંઈ. બધા થોથા.

ભગવાન આત્મા જેના જ્ઞાનનું સત્ત્વ આમ સર્વજ્ઞપણું આખું સત્ત્વ પડ્યું છે. એમ સર્વદર્શીનું આખું સત્ત્વ છે. આનંદનું આખું સત્ત્વ છે, વીર્યનું આખું સત્ત્વ છે, સ્વચ્છત્વનું આખું સત્ત્વ છે. એવા અનંતગુણનું સત્ત્વનું એક સત્. એવા અનંતગુણના સત્ત્વનું એક સત્. એને અંતરની પરમજ્ઞાનની અનુભૂતિ કળાથી જાણે ત્યારે તેને પ્રત્યક્ષ થયા વિના રહે નહિ એમ કહે છે. જાણે, અવલોકન કરે સૂક્ષ્મ નિરિક્ષણ દ્વારા '**प्रत्यक्षोडपि स्वसंवेदनग्राह्योडपि**' આ સંવેદનજ્ઞાન. જ્ઞાન જ્ઞાનને વેદે. અદ્ધર લુખ્ખું જ્ઞાન ન હોય એ. કલાક, બે કલાક વાંચે તો કાંઈક ખ્યાલમાં આવે. એક અડધો કલાક અંદરમાં રોકાણો તો કાંઈક નવીન અંતર દેખાય ત્યારેને. આનંદ અતીન્દ્રિય શાંતિ અપૂર્વ ભાવ અનુભૂતિ એના દ્વારા આત્મા જણાય અને ગ્રાહ્ય થાય. બાકી કોઈ બીજી રીતે એમ છે નહિ. સમજાણું કાંઈ?

અન્યમતિ ઘણા પ્રકારે ધ્યાન કરવા માગે છે. ઘણા અહીં અમને પૂછવા આવે. મહારાજ ધ્યાન. ધ્યાન-બ્યાન, આત્માને ઓળખો એ ધ્યાન. સમજ્યા વિના શેના ધ્યાન તમારા? થોથા ધ્યાન છે. એક તત્ત્વ એનું સત્ત્વ કેટલું છે, કેટલા પ્રકારનું અનંતગણું છે, એના જ્ઞાનમાં ભાસ થઈને અંતર જ્ઞાન ન વળે ત્યાં સુધી કાંઈ થાય એવું નથી ધૂળેય તે. ૐ... ૐ... કરીને ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... અનંત ૐ... ૐ... કરને હવે, એ તો વિકલ્પ છે. નિહાલભાઈ! સહજાત્મસ્વરૂપ-સહજાત્મસ્વરૂપ આવે છે કે નહિ? ચૈતન્ય પૂર્ણ સહજાત્મસ્વરૂપ-સહજાત્મસ્વરૂપ. પણ એ તો વિકલ્પ છે. સહજાત્મસ્વરૂપ જેવું છે એવું અંતરના જ્ઞાને ભાસે ત્યારે સહજાત્મસ્વરૂપ કહેવાય. એ માળા ગણે ભાઈ સર્વજ્ઞ વીતરાગ, સર્વજ્ઞ દેવ મહાદેવ, સર્વજ્ઞ પ્રભુ મહાદેવ, સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞદેવ પરમગુરુ. આવે છે કે નહિ? ગણી છે કે નહિ? એ ગણી હશે. પરમદેવ પરમગુરુ. પણ સર્વજ્ઞદેવ પરમગુરુ એ ભાષામાં છે? વિકલ્પમાં છે? કે અંદરમાં છે? જ્યાં છે ત્યાં નજર કરતો નથી અને નજર વિના વિકલ્પ અને વાણીમાં ગોખ્યા કરે. સર્વજ્ઞદેવ પરમગુરુ. એ ત્યાં ક્યાં સર્વજ્ઞદેવ પરમગુરુ હતા? વાણીમાં હતા? વિકલ્પમાં હતા? અરે! વાતું ભારે ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ ચૈતન્યમૂર્તિ ચમત્કાર. જેનો ચમત્કાર, જેમાં એકાગ્ર થયે અનુભૂતિથી ભાન થાય એવો અને વિશેષ સ્થિરતાથી કેવળજ્ઞાન થાય તેવો.

જુઓ, અહીં તો બધી વ્યવહારની ક્રિયાકાંડથી થાય એ વાતને સંભારી જ નથી અહીં. સમજાણું?

**'આત્મા સ્વસંવેદનજ્ઞાન કરકે હી ગ્રહણ કરને યોગ્ય હૈ.'** દેખો, બીજા કોઈ જ્ઞાન દ્વારા અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય તોપણ એ જ્ઞાનથી આત્મા ગ્રાહ્ય થાય એમ છે નહિ. **'સ્વસંવેદનજ્ઞાન કરકે...'** પહેલી એની રીતની ખબર ન મળે, પદ્ધતિની ખબર ન મળે, સ્વરૂપ કેવું છે, એનો અનુભવ કોને કરવું છે? શું કરવા અને કેવો છે આત્મા? ખબર ન મળે અને એને ધર્મ કહેવો હવે. કહે છે **'સ્વસંવેદનજ્ઞાન કરકે...'** બીજી લાખ વાત, કરોડ વાત હોય પણ એને લાગુ પડતી નથી એમ કહે છે. જેમ દયા, દાનના પરિણામ કે વ્યવહારના.. ધ્યાન પકડવા, અનુભવ કરવામાં કામ આવતા નથી. એમ શાસ્ત્રનું જ્ઞાન પણ આત્માને અનુભવ કરવામાં કામ આવતું નથી. 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા...' એ આવે છેને? શ્રીમદ્દ્ તો ઘણું કહ્યું છે અંદર. '.. શુષ્ક જ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો કરૂણા ઉપજે જોઈ.' એકલા રાગની ક્રિયાથી ધર્મ માને અને સુખ માને એકલા જ્ઞાન જાણપણાનો ક્ષયોપશમ. એનાથી થઈ ગયું જ્ઞાન. નહિ... નહિ... નહિ... સમજાણું કાંઈ? આહા..હા..!

આઠ વર્ષનું બાળક હોય અને થાય ક્ષાયિક સમકિત. આહા..હા..! અને એ થાય મુનિ. ધન્ય અવતાર. આમ રાજાના કુંવર હોય, ક્ષાયિક સમકિતી હોય. વિશેષ બોલતા પણ ન આવડતું હોય. ભગવાન તીર્થંકર લ્યોને છ મહિનાનું બાળક હોય એને બોલાવે કે તમારું નામ શું? ભાષા બોલી શકે? ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન છે અંદર. તીર્થંકરને ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન છે. આ .. છે કેટલાકને હોં. કેટલાક ક્ષયોપશમ પછી થાય છે. પણ આ તો શાંતિનાથ... ત્રણ જ્ઞાન ક્ષાયિક સમકિત. તો ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત બોલો તમારું નામ. એને જ્ઞાનમાં આવે, અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકે તો? ભાષા ક્યાંથી? આ તો પરસાધન છે. સમજાણું કાંઈ? છ મહિનાનું બાળક શી રીતે બોલશે? એ બોલશે? ભાષા કરશે? અને ભાષા નથી આવડતી માટે અંદર જ્ઞાન અને સમકિત ત્રણ જ્ઞાન નથી એમ છે? એ બીજી છે, ઓલી બીજી ચીજ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈન્દ્રો આવીને આમ ખમ્મા અન્નદાતા. ... આ ભવે કેવળ પામીને મુક્તિ પામવાના છીએ. હજી તો એક દિવસનું બાળક એક દિવસનું ક્યાં? આમ જન્મ્યું હોય. .. હાથમાં લઈ. ભાષા ક્યાં છે અંદર? દરિયા જેવું, સમુદ્ર જેવું ગંભીર શરીર. વૃદ્ધ માણસ હોય જો સો વર્ષનો વૃદ્ધ એવું શરીર ગંભીર... ગંભીર... ગંભીર... બોલે કાંઈક. શું બોલે પણ ભાષાનો યોગ હોવો જોઈએને. એના પ્રમાણમાં કળા જ્યારે ખીલતી હોય ત્યારે ભાષા આવશે. અંદર તો ખીલેલું છે. ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત છે. અને શરીર પણ. આહા..હા..! એલા! એક

દિ'નું જન્મેલું. મેરુ પર્વત આમ મૂકે. પાણીના કળશ કેવો આઠ-આઠ યોજનનો. પંડિતજી! કેવડો મોટો આવ્યો છે? ગપ નથી હોં. અતિશયોક્તિ નથી. મહાન પુરુષોના એવા પુણ્ય છે. આમ શરીર .. એક કલાકના જન્મેલા ઉપર પાણી નાખે તો તરત મરી જાય. આ તો ૧૦૮ ઘડા. શું કહે છે ત્યાં?

મુમુક્ષુ :- ડોક્ટર માથે પાણી નાખવાની ના પાડે.

ઉત્તર :- ડોક્ટર ... મરી જાય પણ આ. આ તો મરી જાય માણસ. ઓલાને ૧૦૮ નાખે ત્યારે લોકોને મહિમા આવે કે આહા..હા..! આ તે ચૈતન્યરત્ન કોણ છે અને એનું શરીર પણ કેવું છે? આ હમણાનો જન્મ્યા હજી રાત્રે જન્મ્યા અને .. અત્યારે લાવ્યા મેરુ ઉપર. ઈન્દ્ર બેસે હાથમાં લઈને. ..બેસાડે શીલા છેને. ... અહીં ઈન્દ્રની હાર બેઠી હોય. દૂધ અને પાણી. એલા! મરી જશે. શંકા છે ઈન્દ્રોને? શરીરની જાત જુદી થઈ ગઈ છે. પૂર્વે જ્યારે તીર્થંકરગોત્ર બાંધ્યું ત્યારે શરીર જ કોઈ જુદી જાતનું થઈ ગયું છે. પહેલેથી પરમ ઔદારિક શરીર છે. બીજાને તો કેવળ થાય ત્યારે થાય. બાપુ! એ તો વસ્તુની મર્યાદા છે. એમ ન સમજો (કે) આ બધા ગપ્પ છે. ચૈતન્ય ત્યાં ઉજળો પ્રગટ થયો છે અને જ્યાં ભૂમિકામાં પુણ્ય બંધાણા છે. શરીર પણ પત્થર જેવું, રત્ન જેવું થઈ ગયું. એવો કળશો મોટો આઠ યોજનનો આમ તેમ. વચમાં ચાર યોજનનું અંતર.. ૧૦૮. મરી જાયને બીજો તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટલું હોય? કળશો ઠંડો નાખે સરખાઈનો ત્યાં ઠરી જાય. ઠંડા હો જાય. એટલે શું કીધું સમજાણું? એટલે મરી જાય. ઠંડા હો જાય. અને આ આહા..હા..! જુઓ તો ખરા. એ એના ઉત્તમ ભાનની દશામાં પુણ્ય બંધાણા એના ફળ કોઈ અલૌકિક હોય છે. શું કહેવું? એવા જ્ઞાન અને આનંદની આગળના પુણ્ય બંધાણા એ પુણ્યની વાતું શું કરવી? છે તો જાણવાલાયક. પણ એ પુણ્ય જેને આમ. આહા..હા..! ઈન્દ્રોને હોય. પ્રભુ! આપ આ દેહે સર્વજ્ઞ થવાના છો. અમારે તો હજી વાર છે. એક ભવ હજી મનુષ્યનો કરશું ત્યારે થશે. એ શક્રેન્દ્ર. એક ભવ હજી અમારે બાકી છે. આ ... ઘણા વર્ષ બાકી છે આ દેહમાં. આપ તો આજ ભવમાં કેવળ થઈને .. મોક્ષ...

એ અંતર કળા ખીલી, જાગીને આવ્યા, એ જાગીને આવ્યા અને એના જાગ્યા ભાવમાં જે પુણ્ય બંધાણા એ વાત બહુ અલૌકિક છે. આત્મા પણ અલૌકિક અને પુણ્ય પણ અલૌકિક એટલે લોકોત્તર એમ. પુણ્ય અલૌકિક એટલે લોકોત્તર પુણ્ય. સાધારણના પુણ્યને સાધારણ. સાતિશય પુણ્ય. વસ્તુની સ્થિતિ એવી છે. શંકા કરવા જેવું નથી કે આમ હશે કે નહિ. એમ જ છે. આહા..હા..! ભગવાનના પવિત્ર આત્મા પાસે પુણ્યની શું કિંમત? ગમે તેવા પુણ્ય હોય એની

કિંમત શું? એવા પુણ્ય હોય જ છે. સમજાણું કાંઈ? દાણો મોટો હોય એનું રાડું મોટું હોય. રાડું સમજ્યાને? રાડું ક્યા કહતે હૈ? સાંઠા. સાંઠો કહે અમારી ભાષામાં. આ ગન્નાનો કે કોઈપણ બાજરો-જુવાર હોય ડુંડા. ડુંડાની નીચે એવું આખું હોય છેને. .. પણ આપણી ભાષામાં કહે. હા, એ રાડું મોટું હોય. .. મોટું એનું રાડુ મોટું. જાડું મોટું. અમે તો બધું જોયું છેને. આસો મહિનામાં સમજ્યાને. ૭૩ની સાલ. આસોમાં છ મહિના વરસાદ આવ્યો હતો. ૭૩ની સાલ છ મહિના હોં. ચૈત્રથી આસો. તો .. ગયા બેચરભાઈનું ગામ છેને. ... એ .. જોયા તે દિ'. ૭૩ની વાત છે. ૨૭ને કેટલા થયા? ૪૭-૪૮ વર્ષ થયા. પણ આમ નજરે તરે છે અત્યારે. બહુ વરસાદ આવ્યો હતો. છ મહિના. ચૈત્રથી તે આસો મહિના સુધી. એટલે જુવાર... જુવાર... જુવાર... અને મોટા મોટા ... વરસાદ એવો આવેલો કે એને પોષણ મળે એવું. બગડી જાય એવો નહિ. એવો વરસાદ આવ્યો.. .. બે, ચાર, પાંચ બહુ ખેતર ઘણાને એટલે બહુ પાણી આવી જાય તો ડુંડા ભારે થઈ જાયને તો આમ નમી ન જાય. એટલે ૨૫-૨૫ ઓલાના બાંધી દે. ઓલા ડુંડાને ૨૫-૨૫ બાંધી દે. એટલે આમ પણ ન નમે અને આમ પણ ન નમે. એ ૭૩ની વાત છે. તો એ એવા રાડા એના મજબુત. એમ જેના પવિત્રતા જેને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યા, એના પુણ્ય રાડા છે એ રાડા. સાઠા પણ એના મજબુત હોય. સમજાણું કાંઈ? ૭૩માં એવું થયું હતું. જુવાર બહુ પડી... .. અમારે તો ત્યાં બહુ ...

**'જિસકા મન વિષયસે ચંચલ ન હો, ઉસીકો આત્માકા દર્શન હોતા હૈ.'** આહા..હા..! વિષય શબ્દે? એકલા ભોગ એમ નહિ. પરદ્રવ્ય તરફનો વિષય એટલે ધ્યેય એ છોડે તેને આત્માનો ધ્યેય પકડાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર વિષય છે. રાડ નાખી જાય. એક ફેરી અમારું લખાણ આત્મધર્મમાં આવ્યું છે. અરે! આ તો દેવ-ગુરુ-શાસ્ત્રને વિષય કહે છે. સાંભળને હવે. વિષય એટલે? આ આત્મા સિવાયનું લક્ષ જેટલું એ બધા પર વિષય છે. શુભાશુભભાવ નામ એ તો બધા પરવિષય છે. સ્વવિષય તો એકલો ચિદાનંદ ભગવાન સમ્યગ્જ્ઞાનનો વિષય એકલો ધ્રુવ આત્મા છે. સમજાણું કાંઈ? વસ્તુની ખબર ન મળે અને ઉપરટપકે એમ. આણે એકાંત કર્યું છે. એય..! આણે આમ કર્યું, ફલાણું છે. સાંભળને હવે. એ ૧૫૬ થઈ. **'ઉસીકો આત્માકા દર્શન હોતા હૈ.'** લ્યો ૧૫૬ થઈ.

૧૫૭ હવે.

૨૮૮) अप्पा परहँ ण मेलविउ मणु मारिवि सहस त्ति।
सो वढ जाएँ किं करइ जासु ण एही सत्ति।।१५७।।

**'જિસને શીઘ્ર હી મનકો વશમેં કરકે...'** અહીં તો પરવિષય તરફના વલણવાળું મન છોડતો નથી, એને સ્વવિષય ભગવાન આત્મા દૃષ્ટિમાં આવતો નથી. આ વાત છે, ભાઈ!

એના લક્ષમાં, એની શ્રદ્ધામાં તો વિષય લે કે આ ભગવાન આત્મા અંતર્મુખના લક્ષે અનુભવમાં આવી શકે એવો છે. બાકી કોઈ ઉપાયે તે અનુભવમાં આવે એવી વસ્તુ છે નહિ. **'યહ આત્મા પરમાત્મામેં નહીં મિલાયા,...'** દેખો, જેણે પરતરફના મનને વાળીને અંતરમાં આત્મા સાથે પરમાત્માને. આત્માથી આત્માને. પરમાત્મા એટલે ત્રિકાળ સ્વરૂપ. પોતાનું ત્રિકાળ સ્વરૂપ પરમાત્મા. પોતાનું હોં પરમાત્મા. ઓલા પરમાત્મા નહિ.

**'આત્મા પરમાત્મામેં...'** એટલે નિર્વિકલ્પ પર્યાય દ્વારા આત્મા પૂર્ણ સ્વભાવ **'નહીં મિલાયા, હે શિષ્ય, જિસકી ઐસી શક્તિ નહીં હૈ, વહ યોગસે ક્યા કર સકતા હૈ?'** યોગ કરે છેને ઘણા? અન્યમતિના આમ કરે. શું કહેવાય? ઈંગળા ને પીંગળાને. આવે છેને. આ કુંભક ને રેચક ને ઘાતકને ફલાણું હવે ધૂળમાંય તે નથી સાંભળને. આમ જોવે. .. એ તો શ્વાસની ક્રિયા એમાં તારે શું પણ? .. પછી હળવે-હળવે બહાર કાઢે. એનું નામ ધ્યાન. ધૂળમાંય ધ્યાન નથી સાંભળને. મરી જઈશ મફતનો કાળ જાશે તારો. અહીં તો કહે છે. એ કહે છે. અહીં કહેવા માગે છે. કે **'આત્મા પરમાત્મામેં...'** નિર્વિકલ્પ દૃષ્ટિ જ્ઞાન દ્વારા ભગવાન દ્રવ્યસે જિસને મનકો નહિ મિલાયા. **'જિસકી ઐસી શક્તિ નહીં હૈ, વહ યોગસે ક્યા કર સકતા હૈ?'** યોગથી .. સાધ્ય નથી. ફલાણા ને ઢીંકણા. કુછ ભી નહીં કર સકતા.

'सहसा मनः मारयित्वा' આ તો માખણની વાતું છે એકલી. **'જિસને શીઘ્ર હી મનકો વશમેં કરકે...'** 'सहसा मनः मारयित्वा' 'सहसा' એટલે શીઘ્ર **'મનકો વશમેં કરકે યહ આત્મા પરમાત્મામેં નહીં મિલાયા...'** 'परस्य न' 'परस्य' એટલે પરમાત્મા એમ. પરમ-પરમ પરસ્પર સ્વરૂપ પોતાનું ઉત્કૃષ્ટ. ઉત્કૃષ્ટ સ્વરૂપ ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપ. **'હે શિષ્ય, જિસકી ઐસી શક્તિ નહીં હૈ, વહ યોગસે ક્યા કર સકતા હૈ?'** યોગ સાધીએ છીએ, હમણા યોગ સાધીએ છીએ અમે. સમજાણું?

**'ભાવાર્થ :- યહ પ્રત્યક્ષરૂપ સંસારી જીવ વિકલ્પ સહિત હૈ દશા જિસકી,...'** જુઓ, ત્યાં તો પ્રત્યક્ષ દેખાય છે કહે. **'प्रत्यक्षीभूतः सविकल्प आत्मा'** એને રાગનો .. પુણ્ય અને પાપના વિકલ્પસહિત આત્મા પ્રત્યક્ષ દેખાય છે. પ્રત્યક્ષ એટલે કે રાગવાળો છે એમ પ્રત્યક્ષ જ્ઞાનમાં આવે છે, જોવે છે એમ. એટલે શું કહ્યું એ? કે ભાઈ એને વિકલ્પ અને પુણ્ય-પાપ પર્યાયમાં છે જ નહિ એમ નથી. એની પર્યાયમાં પુણ્ય, પાપ, વિકલ્પ, રાગ, સંસાર, મિથ્યાત્વ એ છે. એ તો આત્મા પરદ્રવ્ય નિર્મળ છે ભાઈ! લ્યો, દ્રવ્યે નિર્મળ, ગુણે નિર્મળ, પર્યાયે નિર્મળ. એમ નહિ. દ્રવ્યે નિર્મળ, ગુણે નિર્મળ, પર્યાય નિર્મળ નથી. એ કહે છે, પ્રત્યક્ષ દેખાય છે કે આ વિકલ્પવાળો, રાગવાળો આત્મા છે. મલિન પર્યાય છે. સમજાણું કાંઈ? એણે કહ્યું કે નહિ આત્મા બસ, બિલકુલ સિદ્ધ સમાન પણ પર્યાયમાં છે. નિયમસારમાં નથી કહ્યું?

સિદ્ધ ભગવાન એવા બધા સંસારી એવું લખ્યું છે. એવા સિદ્ધને આઠ ગુણ એવા સંસારીને આઠ ગુણ છે. એવો પાઠ છે. મૂળ પાઠ. એ તો શક્તિરૂપની જ વાત છે. પ્રગટરૂપ કેવા? સિદ્ધના પ્રગટરૂપ પર્યાય એવા પ્રગટરૂપ પર્યાય હોય પછી આવરણ શેનું? મલિન સ્વભાવ હોય શેનો? એ આઠ ગુણ પ્રગટ ક્ષાયિકભાવ પણ હોય અને પાછો એનો ઉદયભાવ પણ હોય રાગનો? બે ભાવ હોય? કેટલાક કહે, જુઓ આમાં લખ્યું છે સિદ્ધ સમાન આત્મા. પણ સિદ્ધ સમાન તો સ્વરૂપ એનું એવું છે. જુઓને સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય. પણ કહે છે કે પર્યાયમાં પ્રત્યક્ષ પુણ્ય-પાપ, ભ્રમણા, રાગ-દ્વેષવાળો મલિન દેખાય છે. બરાબર છે? મોહનભાઈ! કે મલિન છે જ નહિ પર્યાયમાં? ... ન હોય તો પછી તારે કરવાનું શું રહે છે? ન હોય તો કરવાનું તારે રહે શું?

'**યહ પ્રત્યક્ષરૂપ સંસારી જીવ વિકલ્પ સહિત હૈ દશા જિસકી, ઉસકો સમસ્ત વિકલ્પ-જાલ રહિત નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્માસે નહીં મિલાયા.**' ઓહો..હો..! ભગવાન આત્મા શુભાશુભ રાગ સહિત જે દશામાં દેખાય છે. એની નિર્મળ પર્યાય દ્વારા પૂર્ણ દ્રવ્યસ્વભાવમાં જેને મિલાવ્યું નથી, પોતાની નિર્મળ પર્યાય દ્વારા વસ્તુના સ્વભાવ તરફની એકતા કરી નથી. એ કેવો છે ભગવાન? '**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્મા...**' પોતાનો નિર્મળ સ્વભાવ છે. જ્ઞાન-દર્શન તો ત્રિકાળ નિર્મળ જ સ્વભાવ છે. એવો જે પોતાનો પરમાત્મા. એની સાથે નિર્વિકલ્પ પર્યાયથી આત્માની સાથે જોડાણ ન કર્યું હોય અને '**મિથ્યાત્વ વિષય કષાયાદિ વિકલ્પોંકે સમૂહકર પરિણત હુઆ...**' મિથ્યાત્વ ભ્રાંતિ. ભ્રમ થયો, વિકલ્પ છે અને નિર્વિકલ્પ માની બેઠો. રાગ સહિત છે અને વીતરાગી માની બેઠો. ભ્રમણા છે કહે છે. પર્યાયમાં રાગ છે અને માને કે અમે વીતરાગી છીએ. પર્યાયમાં હોં. દ્રવ્યગુણે તો વીતરાગ છે એ જુદી વાત છે.

'**મિથ્યાત્વ વિષય...**' પરમાં લક્ષ જાય છે એવા '**વિકલ્પોંકે સમૂહકર પરિણત હુઆ જો મન ઉસકો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્રસે શીઘ્ર હી મારકર...**' દેખો, ઉસકો રાગરહિત અભેદ સમાધિ એટલે આત્મા તરફનું એકાગ્રપણું. શુદ્ધ ભગવાન આત્મા એના તરફનું એકાગ્રપણું એવી જે પરમ શાંતિ. એવા '**શસ્ત્રસે શીઘ્ર હી મારકર આત્માકો પરમાત્માસે નહીં મિલાયા,...**' એવા વિકલ્પવાળા મલિન પરિણામને, અંતરમાં સ્વભાવની એકાગ્રતા નામ નિર્વિકલ્પ પર્યાય દ્વારા એવા મલિન પર્યાયને માર્યા નહિ. '**વહ યોગી યોગસે ક્યા કર સકતા હૈ?**' એ યોગી આમ ને આમ વિચાર કરે અને અંદરમાં ધૂન લગાવી દે શું કરી શકે? બોલતા નથી. બોલે નહિ. બાર વર્ષથી બોલતા નથી કહે લ્યો.. એક ગયા હતા અમે ત્યાં. ક્યું ગામ? .. મઠ હતો મઠ. એમાં એક વ્યાખ્યાન દેવા... માણસ બહુ આવ્યું. ઉતારો એના મકાનમાં

આપ્યો હતો. બાવો હતો એ બાર વર્ષથી બોલે નહિ. અને એને બાવા-બાવા ભગત ઘણા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હોં બિચારા. ... આ બાર વર્ષથી બોલે નહિ. એકેન્દ્રિયને ભાષા નથી શું થઈ ગયું પણ? બોલે નહિ એટલે શું થયું? પછી કહે ત્રણ-ત્રણ દેખાવ આપે દરરોજ. સવારે ફલાણાનો, બપોરે કૃષ્ણનો, સાંજે ફલાણા એવા લૂગડા પહેરે. આમ બાવો હોં! પણ લૂગડા રેશમી રાજાના કુંવર જેવા પહેરે. ઘડીકમાં લંગોટી, એક દિવસમાં કેટલા વેશ પહેરે. મરી ગયો બિચારો. માણસ આમ ઓલો હતો. વ્યાખ્યાન સાંભળવા આવે. એના મઠનો... બાવા ઘણા લઈને આવ્યા હતા. બાવા-બાવા તો ઘણા બેઠા હતા સાંભળવા.

મેં કીધું, આત્માને એને કહેવો... ઓલો પીપરનો દાખલો આપીએ છીએને એ બહુ. લીંડીપીપરકા દૃષ્ટાંત. આત્મા-આત્મા કરે એમ ન ચાલે કીધું. આત્મા એક પીપરમાં જેમ ચોસઠ પહોરી તિખાશ અને લીલાશ, હરારંગ ભરા પડા હૈ, ઐસે આત્મામેં પૂર્ણ આનંદ અને જ્ઞાન એક-એક દ્રવ્યમાં પૂરા ભરા હૈ. એવા આત્માની દૃષ્ટિ વિના આત્મા-આત્મા કરે એને આત્મા હાથમાં નથી આવતો લ્યો. ત્યારે એ બાવો કહે દાખલો બહુ ભારે! એ બાવાઓને... એ લોકો ન બોલે. બીજા. આમ આત્મા શું ચીજ છે એની ખબર ન મળે અને તમે આત્મા... આત્મા... આત્માનું ધ્યાન કરવા લાગો. શેના ધ્યાન છે બધા? હવે આવો આત્મા કોણે કહ્યું એ દેવને પણ પરખવા જોશે, આવા આત્મા કોણે સાધ્યો એવા ગુરુને પણ ઓળખવા જોશે અને એવો આત્મા કોણે કહ્યો એવા શાસ્ત્રને જાણવા પડશે. સમજાણું કાંઈ? એમ ને એમ બધા થઈ ગયા લ્યો આ બાવા થઈ ગયા ઓહો..હો..! કાંઈ બોલતા નથી. બે રોટલી ખાય, લૂખી ખાય. ન ખાય તો શું થઈ ગયું પણ હવે?

વસ્તુ શું છે આત્મા? એ અહીં કહે છે. અરે! તારી ચીજને દૃષ્ટિમાં લેવાની તાકાત નથી. .... ઘરે બૈરા આઠ અપવાસ કરે તો માહાત્મ્ય આવી ગયા લો. પાછું ઉજવવું પડે થોડુંઘણું સો, બસ્સો, પાંચસો ખરચીને. પર્યુષણના દસ અપવાસ બાપા દસ .. શરૂ કર્યા છે. પછી ભલે લાંઘણું કરી હોય. લાંઘણું જ છે. લાંઘણ સમજો છો? લાંઘણ કહે છેને? લંઘન. વિષય... જેમાં આત્માના પર તરફના વિષયકષાયના પરિણામ છૂટી અને અંતરના સ્વરૂપમાં દૃષ્ટિને ઉપવાસ નામ સમીપમાં વાસ કર્યો છે, સ્વરૂપનું ભાન કરીને એમાં વસ્યો છે એને ઉપવાસ છે. બાકી બધાને લાંઘણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરતો હતો? છોડે કોણ અને કરે કોણ? એને વિકલ્પ આવવાનો હોય આવ્યો હોય, બહાર થવાનું હોય તેવું થાય. માને છે દૃષ્ટિમાં વિપરીત એ એને સમજવું જોઈએ. સમજવું પડશે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં દાખલો આપે છે. ... **'જિસમેં મન મારનેકી શક્તિ નહીં હૈ, વહ યોગી કૈસા?'** .. એ ટળે છે એ પર્યાય હતી, સ્વભાવ કાયમ છે, અનંતગુણો છે અને એકાગ્ર થતાં નિર્મળ પર્યાય પ્રગટે છે અને મલિન પર્યાય જાય. એ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું દ્રવ્ય, દ્રવ્યમાં અનંતાગુણો છે. એને .. પ્રગટે છે. આવું બધું નથી, એ કર્યા વિના આત્મા કોઈ દિ' દૃષ્ટિમાં આવે નહિ. એકલી વાતું કરે ઉત્પાદ-વ્યય-ધ્રુવની એનો આત્મા શું ઉત્પાદ અને શું વ્યય અને શું ધ્રુવ? એ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ? બીજા બાવા મરી જાય આમ-આમ કરી કરીને. ધૂળેય હાથ નહિ આવે. જાશે ચાર ગતિમાં. એમ કહે છે આચાર્ય.

**'યોગી તો ઉસકો કહતે હૈં, કિ જો બડાઈ પૂજા...'** જુઓ, બે અર્થ આવ્યા. 'सत्ति' છેને? 'सत्ति' પૂજા 'सत्ति'નો અર્થ બડાઈ, પૂજાનો અર્થ મહિમા. બડાઈ બહારમાં છે અને .. પોતે છે. **'ઔર લાભ...'** બહારની ચીજનો. કોઈપણ શિષ્યનો, ગુરુનો... **'સબ મનોરથરૂપ વિકલ્પ-જાલોંસે રહિત નિર્મલ જ્ઞાન દર્શનમયી પરમાત્માકો...'** મલિન પર્યાય. ભગવાન નિર્મળ ત્રિકાળ. તો પર્યાયમાં મલિનતા જાણે, માને, ઓળખે એને નિર્મળ થવાની પર્યાય દ્રવ્યમાંથી આવે. એવું બધું દ્રવ્યનું આવું સ્વરૂપ હોય, એથી વિરુદ્ધ કહેતા હોય તે દ્રવ્યના સ્વરૂપને જાણતા નથી. વળી મોટો માંધાતા હોય અને બાવો-બાવો. બધા થોથા છે એમ કહે છે. બાવા છેને? ઘણા બાવા. એક બાવો આવ્યો હતો મોટો બાવો આમ લાંબો. હીરાભાઈના મકાનમાં આવ્યો હતો. આવું મોટું મોઢું, આવો મોટો. ... મોટી જટા. નામ મોટું અમારું બહાર આવેને પહેલેથી .. કે એક મહારાજ ઓરડીમાં છે ત્યાં. આવ્યો હતો. માગતો હતો પછી પાંચસો. અહીં આત્માની વાત છે. અમે કોઈને પૈસા દેવા-લેવાનું કાંઈ કહેતા નથી. અમે કોઈ .. કરતા નથી અને કહેતા પણ નથી. વયો ગયો. હતો તો મોટો જબરો હોં! આવો મોટો. ...યજ્ઞ હોયને શું કહેવાય? આ છાણા બાળે છેને છાણા? શું કહેવાય? પંચાગ્નિ તપ એવા કોઈ કર્યા હોય અને પુણ્ય બંધાઈ ગયું હોય તો શરીર આવે મોટું. થોથા જેવું મળે. શું છે પણ એમાં? કીધું આને આવી હરકત અને ... કરાવવું છે. હવે ત્યારે માંગને ભિખારી!

કહે છે યોગી એને કહે કે જેની બડાઈ, પૂજા અને **'લાભાદિ સબ મનોથરૂપ વિકલ્પ-જાલોંસે રહિત નિર્મલ જ્ઞાનદર્શનમયી પરમાત્માકો દેખો,...'** એ દેખે, અવલોકે ચૈતન્ય આવો છે એમ. **'જાને, અનુભવ કરે.'** ત્રણ લઈ લીધું. એમાં ઠરે એને યોગી કહીએ. **'ઐસા મનકે મારે બિના નહીં હો સકતા, યહ નિશ્ચય જાનના.'** એટલે કે વિકલ્પની પર્યાય મન સાથે જોડાયેલી દેખાય છે. એનો અભાવ સ્વભાવના આશ્રય વિના થતો નથી. એ વિના યોગી કહેવાતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૧, શનિવાર, તા. ૨૪-૦૭-૬૫**
**ગાથા-૧૫૮-૧૫૯, પ્રવચન-૧૭૮**

પરમાત્મપ્રકાશ, ૧૫૮ ગાથા. આ તો છેલ્લી ગાથાઓ છેને, માખણ સાર-સાર કેટલો છે એ વાત અત્યારે કથન કરે છે વર્ણન. જુઓ આ ધ્યાન. ધ્યાન એટલે? લક્ષ ક્યાં માંડવું? જેને હિત કરવું હોય એણે લક્ષ કેની કોર કરવું? અને કેની કોરથી લક્ષ હઠાવવું? એ મુદ્દાની રકમની વાત છે. આત્માનું જેને હિત કરવું હોય,... આત્મા શું ચીજ છે? કે જેમાં હિત થાય અને અહિત ટળે. એ હિત થાય એ હિતપણું શું? હિતપણું જે પ્રગટ થાય એ હિતપણું કાંઈ અંદર સ્વભાવમાં છે કે બહારથી આવતું હશે? એમ એણે પહેલું નક્કી કરવું જોઈએ. હિત એટલે મોક્ષ. નિર્જરા એ હિત અને મોક્ષ પરમ હિત. કર્મના અંશનું ટળવું, શુદ્ધિનું થવું, પૂર્ણ શુદ્ધિનું થવું અને સર્વ કર્મનું ટળવું. આ હિત અને પરમ હિત. સમજાણું આમાં? અંશે શુદ્ધિનું વધવું અને પૂર્ણ શુદ્ધિનું થવું. પહેલું તે હિત છે અને બીજું તે પરમહિત છે. અંશે શુદ્ધિનું થવું તે અંશે કર્મનું ગળવું. પૂર્ણ હિતનું થવું એટલે પૂર્ણ કર્મનું જવું. તો એ શું ચીજ આત્મા છે કે જેમાંથી આત્મશાંતિ મળે, અપૂર્ણ મળે અને પૂર્ણ મળે અને કર્મ ટળે એ ચીજ શું છે આત્મા? એનું એણે પહેલું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

તો કહે છે કે '**આગે જ્ઞાનમયી આત્માકો છોડકર...**' ભગવાન આત્મા જ્ઞાનમયી. પહેલું કહ્યું હતું. અંદરમાં વિશેષ કહેશે. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય પ્રકાશ છે. અનંત ગુણવાળો છે. એવું બીજે સ્વરૂપ (છે નહિ). સર્વજ્ઞ પરમાત્મા સિવાય એવો આત્મા બીજે ક્યાંય હોઈ શકે નહિ. તો કહે છે કે અનંત જ્ઞાનમયી આદિ અનંત ગુણમયી '**આત્માકો છોડકર જો અન્ય પદાર્થકા ધ્યાન કરતે હૈં,...**' ભગવાન આત્માની શુદ્ધતાનો પિંડ પ્રભુ, એને લક્ષમાં લીધા વિના બીજાને લક્ષમાં લે છે. પુણ્ય-પાપ, વિકલ્પ, નિમિત્ત, સંયોગ અનેક પ્રકારના અન્યમતિમાં ધ્યાન આદિ કલ્પે છે માણસ, એ ધ્યાન છે નહિ. પોતાનો આત્મા અનંત ગુણનો પિંડ છે એને સમજણમાં, જ્ઞાનમાં લઈ, એને લક્ષમાં લીધા વિના અન્ય પદાર્થનું ધ્યાન કરે એ અજ્ઞાની છે. કહો, સમજાણું કાંઈ?

'**ઉનકો કેવલજ્ઞાન કૈસે ઉત્પન્ન હો સકતા હૈ?**' કારણ કે બીજું (કોઈનું) ધ્યાન કરે એમાં કેવળજ્ઞાન શક્તિ નથી. કેવળજ્ઞાન શક્તિ તો આત્મામાં છે. તો આત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન,

કેવળ આનંદ, કેવળ વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા (ભર્યા છે) તો એનું લક્ષ અને ધ્યેય ન કરે, ધ્યાન ન કરે, લક્ષમાં ન લે તો કેવળજ્ઞાન ન થાય. બીજી કોઈ પણ લક્ષમાં વાત લે... સમજાણું? એ લક્ષે કેવળજ્ઞાન થાય નહિ. એ લક્ષ પણ સાચું છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીરને લક્ષમાં લીધા વિના...

ઉત્તર :- શરીરને લક્ષમાં લે તો પાપ થાય. આ તો કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રે બતાવેલા તત્ત્વો એને લક્ષમાં લે તો પાપ થાય એમ કહે છે અહીં તો. શરીરની તો ક્યાં વાત રહી? ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એણે જે આત્મા અનંત ગુણવાળો જોયો અને અનંત ગુણવાળો છે એને લક્ષમાં લીધા વિના બીજી કોઈપણ ચીજને લક્ષમાં લઈને આત્માનું હિત કરું છું એમ માને છે એ અજ્ઞાની છે.

મુમુક્ષુ :- શરીરને લક્ષમાં...

ઉત્તર :- લક્ષમાં લે તો પાપ થાય. પ્રત્યક્ષ છે કે નહિ? જુઓ! આખો દિ' પડી છેને. તો શું છે ત્યાં પાપ થાતું હશે કે પુણ્ય થાતું હશે? કાલે કહ્યુંને. જવાબ તમારો આપ્યો મેં. જેચંદભાઈ! તમારા અનુભવનો. આખો દિ' આ થયું... આ થયું... આ થયું... આ થયું... ૫૬ માંડી આખો દિ'. પણ એ જ કહે છે. એ બધી ચિંતા, બાપુ! એ ચિંતા બધી પાપ છે, આર્તધ્યાન છે. એ આર્તધ્યાનથી શરીરની પર્યાય ફરે, સરખી થાય (એમ) ત્રણ કાળમાં નથી. એ આર્તધ્યાનથી આત્માને નુકસાન થાય.

મુમુક્ષુ :- આત્માને લાભ કેમ થાય ઈ બતાવો.

ઉત્તર :- ઈ તો વાત અહીં ચાલે છે. આહા..હા..!

ભગવાન આત્મા જેને હિત કરવું છે અને જેનું હિત થાય છે, જેને હિત થાય છે અને જેને હિત કરવું છે એ કોણ છે પણ? કેવો છે? કેમ છે? એને લક્ષમાં લીધા વિના એનું હિત કોઈ દિ' ત્રણ કાળમાં થાય નહિ. આહા..હા..!

અહીં તો વિચાર એવો કહે છે કે જો તું એકલા દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પ લક્ષમાં લઈશ તોપણ તારું હિત નહિ સધાય. બીજા કોઈપણ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રે તત્ત્વો કહેલા હોય, અથવા આમ... આમ... આમ... એવું ધ્યાનમાં રાખું, ભ્રકુટી લાલ થાય એમાં ધ્યાન રાખું. એ બધા મિથ્યાદૃષ્ટિના, અજ્ઞાનના ધ્યાન છે, સંસારમાં રખડવાના છે. સમજાણું કે નહિ? પછી આમ કર્યું, પછી આમ કરું ભ્રકુટી. એ તો જ્ઞાનાર્ણવમાં આવે છે. પણ એ બીજી વાત છે. એ તો ભગવાન જ્યાં સુધી સ્વરૂપમાં ઠરવાનો વિકલ્પ ન જાય ત્યાં સુધી ચિંતવના કરે. સર્વજ્ઞ પરમાત્મા આવા છે, એ કમળ ચિંતવું છું ચોવીસ પાંખડીનું, એમાં એક એક તીર્થંકરને બિરાજમાન કરું છું, ભગવાનના મુખમાંથી ૐ ધ્વનિ નીકળે છે અને એ નીકળતા સાંભળનારને સાચું જ્ઞાન

થાય છે, એ જ્ઞાન દ્વારા એને કર્મ બળે છે અને એમ પહેલી વિકલ્પની વિચારણા કરે. એ તો સ્વરૂપમાં ન ઠરી શકે ત્યાં સુધી એવી ભૂમિકા હોય, પણ એ કાંઈ કર્મનિર્જરાનું કારણ નથી. આહા..હા..! એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની તો અહીં વાત પણ ક્યાં હતી દુકાન, ઘરની? આહા..હા..!

અહીં તો હવે કહે છે, અજ્ઞાનીના ઘણા ધ્યાન. આ ઘંટ શાસ્ત્ર શું કાંઈક કહે છેને? મંત્રો શું કહેવાય? ઘંટાકર્ણ. વાતું લોકો લાવે ભાઈ, આપણને તો બહુ એની ખબર નહિ. ઘંટાકર્ણ આમ ઘસીએ તો શું થાય? કે ધૂળેય ન થાય કીધું. આત્મા શું છે એ સમજ્યા વિના તારા ઘંટાકર્ણને આ કર્ણ... એક જણો લાવ્યો હતો. ઘણા અહીં માણસો આવે બધા. નક્શો લઈને આવ્યો આખો. ઘંટાકર્ણનો આ મંત્ર, ફંત્ર. આપણને નથી આવડતું ભાઈ એ કીધું. અહીં તો આત્મા શું છે અને એનું હિત કરવું હોય તો માર્ગ છે. ઘંટાકર્ણમાં મરી જઈશ તો હિત નહિ થાય લે, કીધું. આવા! ઉંડી-ઉંડી આશા તો એવી કે ઘંટાકર્ણને જપીએને તો પૈસા મળે, નાગા ભૂખ્યા ન રહીએ, રોટલાના, કપડાના ઓશિયાળા ન રહીએ, સદાય મળ્યા કરે એવી મૂઢની ભાવના. હવે ઘંટાકર્ણ ને ફલાણા કર. કાં બહુ તો ભક્તામર પ્રણિત.. મેં કીધું ભક્તામર ગણ્યું? ... આજીવિકા.. પાપની આશાએ તો ભક્તામર ગણે છે. હંમેશા .. ગણીએ તો પછી આખો દિ' ઠીક રહે, કુટુંબમાં વાંધો ન આવે. પણ એકવાર તો .. મરી જઈશ એકવાર. તારા ભક્તામર ગણીશ તોપણ. એ તો દેહની સ્થિતિ પૂરી થાય તે દિ' થવાની જ છે. આ આશાએ હોય? ભક્તામર ગણે ભક્તિનો શુભ વિકલ્પ છે. જ્યાં સુધી નિર્વિકલ્પ ન થઈ શકે એ પહેલા જરીક વિકલ્પમાં મનને અશુભથી પાછું વાળી વિકલ્પના વિચારમાં આવે. એ કહેશે નીચે. પણ એ પણ ધ્યાન હિતનું (કારણ) નથી, એ તો પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક જણો કહે ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... પણ એ ૐ-ૐ તો વિકલ્પ છે. ૐ અંદર અંતર્જલ્પની વૃત્તિ છે, એ તો પુણ્ય છે. એના લક્ષમાં કોઈ આત્માનું હિત-ફિત છે નહિ. એને લક્ષે, એને ધ્યાને, એને ધ્યેયે (હિત ન થાય). આહા..હા..! આવી વાત છે.

મુમુક્ષુ :- ... બે પ્રયોજન થાય.

ઉત્તર :- બે પ્રયોજન થાય? એક જ થાય પ્રયોજન. એમ કે પૈસા પણ મળે અને આ પણ થાય એમ હશે? એમ કહે છે. ધૂળમાંય નથી. એ તો સહેજે હોય. જ્યાં સો કળશી સો ખાંડી અનાજ થાય ત્યાં સો ગાડા ખડ થાય. ખડ-ખડને? ખડ. અનાજ જ્યાં થાય ત્યાં ઘાસ હોય, પણ એ સારો ખેડું ઘાસ માટે વાવે નહિ. એમ હશે કે નહિ? એમ ભગવાન આત્મા, એ કેવો છે એક સમયમાં? જેમાં અનંત ગુણ છે. ભગવાન પણ જેને અનંતને અનંતપણે

જાણે છે. એ સંખ્યાએ અનંત હોં. રહેવું તો ત્રિકાળ. એવો આ એક જ આત્મા. બીજાના આત્મા બીજા પાસે રહ્યા. નિજ સ્વરૂપ ભગવાન આત્મા એને સેકન્ડના અસંખ્ય ભાગમાં- એક સમયમાં અનંત ગુણ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એવા અનંત ગુણરૂપ એક દ્રવ્ય (છે). આવો જેને પહેલો ખ્યાલ જ નથી અને એ ખ્યાલ કર્યા પછી પણ જે એનું લક્ષ કરતો નથી અને બીજા લક્ષમાં રહે છે એને આત્માનું હિત થતું નથી. કહો, સમજાણું કાંઈ? **'ઐસા નિરૂપણ કરતે હૈં :—'** દેખો, ૧૫૮.

**૨૮૯) अप्पा मेल्लिवि णाणमउ अण्णु जे झायहिँ झाणु।**
**वढ अण्णाण-वियंभियहँ कउ तहँ केवल-णाणु।।१५८।।**

આમ ભગવાન આત્મા પોતાનો નિજ સ્વરૂપ પ્રભુ **'મહા નિર્મલ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ...'** જુઓ, પાઠમાં છે હોં અંદર. **'सकलविमलकेवलज्ञानाद्यनन्तगुणनिर्वृतं'** એવું સ્વરૂપ છે એનું. હજી એને વર્તમાનમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત ગુણ અંદરમાં બિરાજમાન છે. એક દ્રવ્ય અનંતગુણરૂપ છે. એવો આત્મા એને એક, બે, પાંચ, પચ્ચીસ અસંખ્ય ગુણ નહિ, અનંત-અનંત ગુણ છે. આકાશના પ્રદેશ જે અમાપથી અનંતગુણા ગુણો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસા ક્યાં હતા? કોની પાસે હતા? ધૂળમાંય પૈસા નથી. પૈસાના રજકણ કેટલા? પૈસાના રજકણ એના કરતા ત્રણ કાળના સમય અનંતગુણા અને એના કરતા આકાશના પ્રદેશ અનંતગુણા, એના કરતા એક જીવમાં અનંતગુણા ગુણ. પૈસો ક્યાં ધૂળમાં હતો? આખી દુનિયાનો પૈસો ભેગો કરીને એની પાસે રાખે એ પૈસાના જે રજકણની સંખ્યા છે એના કરતા ત્રણ કાળના સમયની સંખ્યા અનંતગુણી છે. એના કરતા આકાશના પ્રદેશ અમાપની સંખ્યા અનંતગુણી છે. એના કરતા એક જીવમાં અનંતગુણા ગુણ છે. એક સમયમાં હોં અત્યારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોની વાત ચાલે છે આ? વર્તમાન. જેચંદભાઈ! ભિખારી નથી. ભાન ન મળે. આ પૈસા... પૈસા... પૈસા... કાં છોકરા ને કાં ધૂળ ને અને કાં અંદર જાપ કરવો, આ કરવું, આ કરશું, આ કરશું, જાપ કરવા ૐ... ૐ... ૐ... કરશું. મરી જાય ૐ-ૐ કરીને તોપણ કલ્યાણ નહિ થાય લે. એ તો વિકલ્પ છે. એ માટે તો અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! તું કેવડો અને ક્યાં છો એની તને ખબર નહિ તો તારી નજર ત્યાં કેમ જશે? અને કરવાનું તો આ છે. બાકી તો બધી સમજવા જેવી વાત બધી છે જાણવા

જેવી. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં.. જુઓ, શું કીધું? '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ**...' હૈ. કેવળ-એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ. એક એટલે એમાં ખંડ નહિ, ભંગ નહિ. એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન, એકરૂપ શાંતિ—ચારિત્ર, એકરૂપ આનંદ, એકરૂપ સ્વચ્છતા, એકરૂપ વિભુતા, એકરૂપ પુરુષાર્થ, એકરૂપ પરમેશ્વરતા પ્રભુતા ગુણ-એવા અનંતા ગુણરૂપ એક સમયમાં અત્યારે વિદ્યમાન આત્મા, મોજૂદગીવાળો આત્મા આવા અનંત ગુણવાળો અત્યારે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં છે. સિદ્ધ ભગવાનની જેટલી પર્યાયો નિર્મળ છે એવી અનંતી પર્યાયો અનંતી-અનંતી એક-એક ગુણમાં પડી છે. આહા..હા..! પ્રગટરૂપે પર્યાય નથી. એથી તો અહીં વાત ચાલે છે. પ્રગટરૂપ કરવા માટે જેમાં ભર્યું હોય એમાં નજર કરે તો પ્રગટ થાય કે જેમાં નથી ભર્યું એમાં નજર કરે તો પ્રગટ થાય? નિમિત્તમાં પડ્યા છે અનંતા ગુણો? રાગ વિકલ્પ ઉઠે એમાં પડ્યા છે? એક સમયની પર્યાયમાં અનંત ગુણ પડ્યા છે? બિલકુલ નહિ. એટલે નિમિત્ત, વિકલ્પ અને પર્યાય ત્રણેને લક્ષમાંથી છોડી દઈને એક સમયમાં અનંતા ગુણોનું (એકરૂપ) વિદ્યમાન મોજૂદગી પ્રભુ બિરાજમાન છે. આહા..! એને બેસવું કઠણ પડે છે આ. કાં તો ભગવાન કોઈ દઈ દેશે, કાં તો ભગવાન આમ કરશે, કાં તો આમ સ્વર્ગ મળી જશે. ધૂળમાંય મળે તો પાછો જાશે નરકમાં. સાંભળને.

અહીં કહે છે કે ભગવાન આત્મા મહાનિર્મળ. છેને? '**सकलविमल**' અંદર એવો શબ્દ પડ્યો છે. સંસ્કૃત ટીકા. પૂર્ણ નિર્મળ ભગવાન, પણ એણે કોઈ દિ' સાંભળ્યું નથી. આ ધૂળના પૈસા હોય તો ગણ્યા હોય, કાં શરીર રૂપાળું હોય તો ગણતરી જ્યાં ત્યાં મોઢું જોયા કરે આમ.. આમ... આમ... એમાં ક્યાંય ... પડ્યો હોય તો જોયા કરે. કાં આમ ઢાંકે, ચોપડે, પણ આ કોણ છે એની તને ખબર છે? એવું કરે છેને નહિ? કાંઈક ચોપડે. આવે છેને. પાવડર એવો કાંઈક ચોપડે છે. ઓલા નાટકમાં ચોપડતા નથી? નાટકમાં બહુ રૂપાળા ન હોય તો ચોપડે તો રૂપાળા લાગે પ્રકાશમાં. એટલે તો આ બધા કેટલાક ચોપડીને આવે છે. હવે એ તો ધૂળ છે સાંભળને. અંદરમાં શું છે એને તો જો. આહા..હા..!

અહીં તો યોગીન્દ્રદેવ યોગની ક્રિયા કહેવા માંગે છે. યોગ એટલે ક્યાં જોડાવું? .. યોગ નહિ, ક્યાં જોડાવું અને ક્યાંથી જોડાણ ખસેડવું? આહા..હા..! સમજાણું કાંઈ? મુદ્દાના માલની રકમ છે ભાઈ અહીં તો. '**सकलविमलकेवलज्ञानाघनन्तगुणनिर्वृतं**' જોયું! પાઠ એવો છે. નિવૃત્ત એટલે કે અનંતગુણરૂપ એમ. એ અનંતગુણરૂપે જ નિપજેલો ભગવાન આત્મા છે અનાદિથી. આહા..હા..! પણ શરીર પ્રમાણે આટલો? બીડી વિના ચાલે નહિ, દાળ સરખી અડદની ..

થાય તો ઢીંચણિયા ઉડે, એને કહે કે અનંતગુણવાળો આત્મા. આ અડદની દાળ હોયને અડદની. શું કહેવાય? ઉડદની કહતે હૈ? ઉડદની દાળ અને ઓલી છાશ મઠ્ઠા. સરખી આમ ચડીને છાશમાં એકરસ થવી જોઈએ સરખી સદડી સદડી. એમાં દાણો આખો દેખાય અને છાશ છૂટી રહે (તો દ્વેષ થાય). હવે શું છે પણ સાંભળને. ભિખારી બહારની વૃત્તિના. ભગવાન બાદશાહ બિરાજે છે અંદર. એક સમયમાં અનંતા ગુણોનો બિરાજમાન પરમાત્મા પોતે છે. આહા..હા..! એને સમજણમાં લઈ, શ્રદ્ધામાં લઈ અને પછી લક્ષમાં લઈને એનું ધ્યાન કરતા સંવર-નિર્જરા થાય અને મુક્તિ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. બાકી એ સિવાય બધી વાતું સમજવા જેવી છે એમ કહે છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એનું લક્ષ કર તોપણ પુણ્ય બંધાશે, વિકલ્પ ઉઠે. આત્માના આશ્રય સિવાય સંવર, નિર્જરા અને કેવળજ્ઞાનના કારણરૂપ દશા અને કેવળજ્ઞાન આત્માના લક્ષ વિના થતું નથી. આ તો ભાઈ બહુ ઉંચી વાત કરે છે. કેટલાક માણસ એમ કહે છે હોં! અરે..! ભગવાન તો ભગવાન તો ભગવાન કરવાની વાત કરે. પોતે ભગવાન થયો હોય તો ભગવાનની વાત કરે. કાંઈ નરકમાં, નિગોદમાં જાય એની વાત કરતા હશે?

મુમુક્ષુ :- .. ન જાય.

ઉત્તર :- ન જાય. અરે..! સ્વર્ગમાં પણ નહિ. ત્યાં શું? વચમાં રાગ આવી ગયો અને ગયો એ જુદી વાત છે, એનું ધ્યેય ત્યાં નથી. ધર્મીનું ધ્યેય.. ધ્યેય સમજાય છે? આમ લક્ષ ભગવાન આત્મા સકળવિમળ કેવળજ્ઞાન, નિર્મળમાં આ લેવું, 'કેવળજ્ઞાન આદિ' છેને? પાઠમાં છે હોં '**केवलज्ञानाद्यनन्तगुणनिर्वृतं**' શબ્દ છે એને અહીંયા અનંતગુણરૂપ કીધું છે. સમજાણું કાંઈ? અનંતગુણથી નીપજેલો. એ નીપજેલો એટલે કાંઈ નવો નથી. એમ ને એમ અનંત ગુણનો પિંડ પ્રભુ એક સમયમાં. પર્યાયમાં લક્ષ એનું, રાગમાં લક્ષ એનું એને આ આત્મા કેવડો એનું લક્ષ કરતો નથી. ધર્મને બહાને પણ બીજી વાતું સાંભળે. આખો દિ' કુથલા કર્યા કરે. પણ વાત એ કે આત્મા શું, એના લક્ષમાં કેવી ચીજ લેવી જોઈએ, કેવડો એ છે એની એને ખબર નથી.

'**મહા નિર્મલ કેવલજ્ઞાનાદિ...**' '**अनन्तगुणनिर्वृतं**' અનંતગુણથી નીપજેલો એટલે અનંતગુણવાળો, એટલે અનંતગુણરૂપ એવા '**આત્મદ્રવ્યકો...**' જુઓ, એવું આત્મદ્રવ્ય, એવો આત્મપદાર્થ. ભગવાન આત્મા દરેકનો આત્મા એવો ભગવાન છે. આહા..હા..! સમજાણું? એ ઘરમાં નવું રાસ આવે તો રાજી થઈ જાય. રાસ સમજો છો? આ બર્તન. આ ખાંડણી દસ્તો લ્યોને. એ ખાંડણી ક્યા કહતે હૈ? ખાંડણી ઘરમાં નવી લાવે બે-પાંચ રૂપિયાની લોઢાની તો બધા ભેગા થાય. આપણે એક નવું રાસ આવ્યું. શું છે? ધૂળ છે હવે. તરત ખુશી થઈ જાય.

લ્યો! પણ આ મોટો રાસ પડ્યો છે ભગવાન અંદર એની તને ખબર છે? મહેમાનવાળું ઘર હોય, મહેમાનવાળું ઘર હોય. પાંચ-સાત-દસ મહેમાન આવ્યા જ કરતા હોય. આ શીરો કરવાનો હોયને? શું કહેવાય? લોઢાનું કડાયું. ન હોય ઘરે. માગીને લાવતા હોય. એમાં સારું કડાયું મળી ગયું, લાવ્યા. ઓહો..! આપણે તો ભાઈ હવે મહેમાનનું ઘરી અહીં વારંવાર આવે. માગવા જાવું એના કરતા ઘરે. રાજી-રાજી થઈ જાય. ધૂળના રાજા. એમ છે કે નહિ? એમ એક દાગીનો લાવ્યા હોય સારો પાંચ હજારનો એક. આમ ચગદા. દસેય જણા ભેગા થાય ઘરમાં જોવા. આ દાગીનો. પચાસ હજાર પેદા કર્યા છે તો આ પાંચ હજારનો દાગીનો તો વસાવીએ. બીજું તો વળી દુકાનમાં નાખી દેવાશે પૈસા. બધા ભેગા થાય. કેવો બાપા લાવ્યા છો? આ ભગવાન કહે છે કે હું અનંતગુણનો આત્મા લાવ્યો છું તને બતાવવા. જો તો ખરો જરી.

મુમુક્ષુ :- ઈ દાગીનો તો જો.

ઉત્તર :- ઈ દાગીનો જોને. આ ધૂળમાં કાંઈ નથી. કેમ હરિભાઈ! સારું કાપડ લાવે તો બધા ભેગા થાય ઘરના. ધૂળમાંય નથી હવે, એ તો રાખ થાશે હમણા. દિવાસળી લાગશે અને કોક સળગાવશે તો. નહિતર બે-પાંચ વર્ષે તો... આહા..હા..! કેટલા ગયા હમણા જુઓને. મહુવામાં મોટો વરસાદ આવ્યો ચારસો ઘર બિચારા. .. સંસાર તો એવો છે. ભરબજારમાં રત્ન મૂકવું અને પછી ગોતવા જાવું કે મને મળશે કે નહિ? ત્યાં ક્યાં મળતું હતું? એમ ચોર્યાસીના અવતારમાં રખડવું અને ત્યાં સુખ લેવા જાવું. ધૂળમાંય સુખ નથી. સમજાણું કાંઈ? ઓહો..! આવો ભગવાન જ્ઞાનમય એનો ...

**'આત્મદ્રવ્યકો...'** **'मुक्त्वा'** દેખો, **'છોડકર જડ પદાર્થ પરદ્રવ્ય ઉનકા ધ્યાન લગાતે હૈં,...'** **'अन्यद्'** નામ આવો ભગવાન સિવાય કોઈપણ વિકલ્પ આદિનું ધ્યાન એ જડનું ધ્યાન છે. એમ કહે છે અહીં તો. શુભ વિકલ્પનું ધ્યાન એ જડનું. દેવ-ગુરુ-શાસ્ત્રનું ધ્યાન ત્યાં વિકલ્પ ઉઠે એ જડનું ધ્યાન છે. કારણ કે વિકલ્પ ઉઠે છે અને વિકલ્પ તે અચેતન છે, એ જડ છે. રજકણ ભલે ન હોય, પણ ચૈતન્યના પ્રકાશનો એમાં ભાગ નથી. ભગવાન આત્મા એક સમયનો અનંત ગુણનો પિંડ પ્રભુ એને છોડીને, પાઠ છેને જુઓને. **'मुक्त्वा'** એને છોડીને કોઈપણ વિકલ્પ, કોઈપણ ભેદ, કોઈપણ સંયોગ અને કોઈપણ નિમિત્ત, આ કોઈપણ મંત્રનો ઉચ્ચાર આદિ (બધા અચેતન છે). સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો અનંત ગુણરૂપ ચૈતન્ય તે ચૈતન્ય છે. એ સિવાય બધા વિકલ્પો આદિ બધા અચેતન છે. અને આ ચૈતન્ય સિવાય બીજા ભગવાનનો આત્મા, આ સિવાય તો એ પણ અચેતન છે. આ ચેતન તે નહિ માટે અચેતન છે. સમજાણું કાંઈ? આ ભગવાન આ દ્રવ્ય છે તો આ અપેક્ષાએ બીજું અદ્રવ્ય છે, આ ચેતન છે તો આ ચેતનની અપેક્ષાએ બીજા અચેતન છે, આ ભાવ છે તો આ ભાવની અપેક્ષાએ બીજા

આત્મા અભાવસ્વરૂપ છે.

ભગવાન આત્મા એક સમયમાં અનંત ચૈતન્ય ગુણનો પિંડ એને છોડીને જે કોઈ અન્યનું ધ્યાન કરે છે. '**ધ્યાન લગાતે હૈં, હે વત્સ,...**' હે શિષ્ય! '**વે અજ્ઞાની હૈં,...**' કહો, સમજાણું કાંઈ? ધ્યાન તો એનું જોઈએ કે જેની શક્તિમાંથી ઉકેલ થઈને વ્યક્ત દશા થાય. જેની શક્તિમાં ધ્યાન એનું કરતા શક્તિનો ઉકેલ થઈને વ્યક્તિ પ્રગટ પર્યાય પ્રગટે. એનું ધ્યાન હોય તો એ ધ્યાન કહેવાય. પણ જેની શક્તિમાં વિકલ્પમાં માલ ન મળે. એક સમયની પર્યાયનું ધ્યાન કરે તો પર્યાયમાં નવી પર્યાય થવાની તાકાત ન મળે.

મુમુક્ષુ :- ઉકેલ નથી?

ઉત્તર :- શેમાં ઉકેલ? ઊંધો થાય છે. અજ્ઞાનનો ઉકેલ થયા કરે છે.

એક સમયનો ભગવાન પૂર્ણ સ્વરૂપ અનંતગુણનું એક નિવૃત્તરૂપ એના લક્ષે શક્તિઓનો જે ખજાનો, એમાં એકાગ્રતા જેટલી (થાય) તેટલો ખજાનો પર્યાયમાં ખીલતો જાય. એ ખજાનો પર્યાયમાં ખીલતો જાય એટલે વ્યક્ત થતો જાય. આહા..હા..! હવે કેટલાકે તો સાંભળ્યું પણ ન હોય આવું. ઈચ્છામી પડિક્કમણા.. તસ્સ મિચ્છામી દુક્કડમ. આવે છેને. .. પાઠ આવે છે. સ્થાનકવાસીમાં આવે છે, દેરાવાસીમાં આવે છે. કહો, સમજાણું?

'**ઉન શુદ્ધાત્માકે જ્ઞાનકે વિમુખ,...**' દેખો, ભગવાન શુદ્ધાત્મા પ્રભુ પૂર્ણ સ્વરૂપ. હજી એના જ્ઞાનમાં એ વાત ખ્યાલમાં પણ ન આવે તો ખ્યાલ આવ્યા વિના નજર કરવાનું વીર્ય સ્ફૂરે ક્યાંથી? કોઈપણ ચીજ ઊંચી છે એમ નજર કરે પછી ઊંચી લાગે તો ત્યાં નજર કરે. નહિતર તો આમ ને આમ ઉપર નજર કરીને ચાલ્યો જાય. એમ આત્મા એક સમયમાં આટલા ગુણવાળો છે એવો જેના ખ્યાલમાં વાત આવે તો એ ખ્યાલ અંદરમાં લક્ષ કરે અને નજર કરીને ઠરે. સમજાણું કાંઈ? '**ઉન શુદ્ધાત્માકે જ્ઞાનકે વિમુખ, કુમતિ, કુશ્રુત, કુઅવધિરૂપ...**' લ્યો! કહે છે કે કદાચિત્ એવો ઉઘાડ થાય બીજા લક્ષે. કેટલાક કરે છેને ધ્યાન ને ફલાણું. શરીર નિરોગ થાય, ઢીંકણું આમ થાય, આમ જાપ થાય, આમ થાય અને એમાં કુમતિ, કુશ્રુત અને કુઅવધિ પ્રગટે કદાચિત્ લ્યો. એ વિભંગ સાત દ્વીપ અને સાત સમુદ્ર જોવે અજ્ઞાની આત્માના લક્ષના ધ્યાન વિના. મિથ્યાદૃષ્ટિને એવો રાગ આદિ મંદ પડી જાય, વિભંગ અજ્ઞાન થઈ જાય. સાત દ્વીપ, સાત સમુદ્ર જોવે. નિગોદની દશા પાછી થઈ જવાની. એ વિભંગ અવરાઈ જવાનું. સમજાણું કાંઈ? કહે છે કે બીજાના લક્ષે.. આ .. નથી કહેતા કે ફલાણા થાય, ચમત્કાર થાય, વચનસિદ્ધિ થઈ જાય, આવું ધ્યાન કરે તો આ થાય. પણ એમાં આત્મસિદ્ધિ થાય? એ કહેને. સમજાણું કાંઈ?

'**શુદ્ધાત્માકે જ્ઞાનસે વિમુખ, કુમતિ, કુશ્રુત, કુઅવધિરૂપ અજ્ઞાનસે પરિણત હુએ**

જીવોકોં...' લ્યો! 'કેવલજ્ઞાનકી પ્રાપ્તિ કૈસે હો સકતી હૈ?' એટલે? જેની શક્તિમાં કેવલ એકલું જ્ઞાન, કેવળ દર્શન-આનંદ પડ્યું છે, એવા ગુણરૂપ એક ભગવાન આત્માનું જેણે લક્ષ માંડ્યું નથી એને કાર્યરૂપે કેવળજ્ઞાન કેમ થાય? એ વિનાના લક્ષમાં જેટલા વિકલ્પ આદિ કર્યા હોય અન્યમતિના ધારણામાં, ધ્યાનમાં તો રાગ મંદ થઈ જાય તો કુમતિ, કુશ્રુત અને વિભંગ અજ્ઞાન થાય. અન્યમતિમાં બાવા થાય કેટલા વિભંગજ્ઞાન થાય હોં. હા. સાત દ્વીપ, સાત સમુદ્રને જાણે મનથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાત દ્વીપ અને સાત સમુદ્ર. નંદીશ્વર આઠમો દ્વીપ છેને. એ નહિ. કારણ કે ભગવાન તીર્થંકરની શાશ્વત મૂર્તિઓ છે, આઠમા દ્વીપમાં છે. બાવન જિનાલય છે. એક એક જિનાલયમાં ૧૦૮ પ્રતિમા છે. બધી થઈને કેટલી છે? ૫૬૧૬. એ પ્રતિમાઓ બિરાજે છે આઠમા દ્વીપમાં. ... એમ કે સાત દ્વીપ અને સાત સમુદ્ર (દેખે) તો ઓલો આઠમો? આઠમાં દ્વીપમાં ચારે બાજુ (તેર એમ) બાવન-બાવન જિનાલય છે એક-એક. બાવન જિનાલય શાશ્વત જેમ આ ચંદ્ર-સૂર્ય શાશ્વત છે. કોઈએ રચ્યા નથી, એમ ને એમ છે અનાદિના. એમ અહીંયા શાશ્વત પ્રતિમા અને શાશ્વત મંદિરો છે. તમારે ઘરે હોય ઈ? આઠમા દ્વીપમાં હોય એ. શું? આઠમો દ્વીપ છે આઠમો. સાંભળ્યું છે કે દિ' પણ અત્યાર સુધી ધંધા આડે? ધંધાની મજૂરીયું કરી છે એકલી. સાચી વાત છે. સાચી વાત છે એમની? આઠમો દ્વીપ છે ભાઈ. નંદીશ્વર દ્વીપ છે. આહા..હા..! શાશ્વત રત્નની (પ્રતિમાઓ છે). કહે છે, એના ધ્યાનથી રાગ થાય. અહીં તો ઈ કહે છે. આ અજ્ઞાનીઓને બહુ તો ધ્યાન થાય મિથદૃષ્ટિઓને તો એમાં સાત દ્વીપ, સાત સમુદ્ર દેખે. ઓલો આઠમો ન દેખે એનું આવ્યું ભાઈ આ તો જરી. શાસ્ત્રમાં પાઠ છે. સાત દ્વીપ, સાત સમુદ્ર દેખે. અસંખ્ય સમુદ્ર, અસંખ્ય દ્વીપ તો એ દેખી શકે જ નહિ. એમાં આઠમું ન આવે. જુઓ એક ન્યાય તો આવ્યો અંદર. તીર્થંકરના શાશ્વત પ્રતિમા બિરાજે છે. અજ્ઞાનની ભૂમિકામાં એ દ્વીપ પણ ન દેખાય. દ્વીપ દેખે તો એને વિચાર આવે કે આ શું? આ શાશ્વત પ્રતિમાઓ રત્નની! ઈન્દ્રો બાર મહિનામાં અષ્ટાન્હિકામાં આઠ-આઠ દિ' ભગવાન પાસે જાય, પૂજા કરે, ઘુઘરા બાંધીને નાચા. બાળકની પેઠે નાચે ઈન્દ્રો અર્ધલોકના સ્વામી. ભક્તિ છેને, વિકલ્પ છે. એવું .. તો આ શું છે? વળી તીર્થંકર શું? તીર્થંકર કેવા હશે? આ તો સ્થાપના તીર્થંકર છે, ભાવતીર્થંકર કેવા હશે? કુદરતના નિયમ કેવા કે ભાવતીર્થંકરો સદાય કેવળી હોય છે એટલે એની પ્રતિમા પણ અનાદિ શાશ્વત એવી હોય. એ વસ્તુનું સ્વરૂપ આમ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞ પરમાત્મા કોઈ દિ' તીર્થંકરથી ખાલી દુનિયા ન હોય. અઢી દ્વીપમાં તીર્થંકર સાક્ષાત્

બિરાજતા (હોય). એ સિવાય ખાલી ન હોય. તો બહાર બીજે પણ એવા પ્રતિમાઓ અને મંદિરોથી ખાલી આ દુનિયા ન હોય. ઓહો..હો..! સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથથી અઢી દ્વીપ ખાલી ન હોય. તો દુનિયામાં અઢી દ્વીપની અંદર એ મંદિરો કેટલા છે? અને બહાર મેરુ પર્વત ઉપર મંદિર છે. અઢી દ્વીપ બહાર આ આઠમા દ્વીપમાં મંદિરો છે. એ વસ્તુનું સ્વરૂપ એવું છે હોં. ભગવાને કહ્યું છે, પણ એ જાણીને કહ્યું છે એનો હેતુ બધો છે. સર્વજ્ઞ પરમાત્મા શાશ્વત બિરાજે છે સર્વજ્ઞપણે એ વારંવાર એક પછી એક થયા જ કરે. તો ત્યાં એવી પ્રતિમાઓ પણ જગતમાં અકૃત્રિમ, અનાદિ-અનંત બિરાજમાન હોય છે. એ વ્યવહાર છે, આ નિશ્ચય છે. સમજાણું કાંઈ? જગતનું આવું જ સ્વરૂપ છે. એ કોઈએ રચ્યું નથી, કર્યું નથી. આમ કેમ? એના ન્યાયથી અંદરમાં સમજાય તેને બેસી જાય એવી વાત છે. શું થાય? ... દેવાય એવું છે? એવા ભગવાનના ન ભાળે ઓલો અજ્ઞાની એમ કહેવું છે લ્યો! વ્યવહાર ભગવાનને ન ભાળે, આઠમા દ્વીપને ન ભાળે લ્યો.

આ આત્માનું ધ્યાન કરતાં એવું અવધિજ્ઞાન થઈ જાય (કે) અસંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે. અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એની ક્યાં વાત છે? અહીં તો કેવળજ્ઞાનની વાત છે. ત્રણ કાળ, ત્રણ લોકને દેખે એવું કેવળજ્ઞાન થાય. ભગવાન કેવળજ્ઞાનની મૂર્તિ એવા અનંતગુણનું એક નિવૃત્તરૂપ એના લક્ષે, એના ધ્યેયે એને લક્ષમાં લઈને ઠરતાં એમ કહે છે. નિર્વિકલ્પ ધ્યાન થતાં એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય તે પહેલા કોઈને મતિ-શ્રુત વિશેષ નિર્મળ થાય, અવધિ થાય, મનઃપર્યય થાય. કહો, સમજાણું કાંઈ?

**'કેવલજ્ઞાનકી પ્રાપ્તિ કૈસે હો સકતી હૈ?'** જેને કેવળજ્ઞાનમય પ્રભુ જ્યાં આવું પૂર્ણ રૂપના લક્ષ શ્રદ્ધામાં, ધ્યેયમાં નથી આવ્યું એને કેવળજ્ઞાનરૂપી પૂર્ણ પરમાત્માદશા ક્યાંથી પ્રગટ થશે? એને આવી દશા પ્રગટ થશે કુમતિ, કુશ્રુત, કુઅવધિ. ઓહો..હો..! આચાર્યોએ કઈ ઢબે વાત કરે છેને! ભાઈ! જેમાં પુંજી પડી છે, પુંજી કહતે હૈ ન? મુડી. આખી મુડી-પુંજી પડી છે ભગવાન તારો આત્મા હોં. એ આત્માની પુંજીમાં એકાગ્ર થતાં એ પુંજીની પ્રગટતા વ્યક્તમાં કેવળજ્ઞાન આદિ થાય. એ સિવાયના કોઈપણના લક્ષે, ધ્યાને ત્રણ કાળમાં કેવળજ્ઞાન થાય નહિ, એને સમ્યગ્દર્શન પણ થાય નહિ. મિથ્યા જ્ઞાનાદિ .. આદિ થાય. ચાર ગતિમાં રખડે. કહો, સમજાણું? **'કેવલજ્ઞાનાદિકી પ્રાપ્તિ કૈસે હો સકતી હૈ? કભી નહીં હો સકતી.'** સ્વના ધ્યાને ત્રણ કાળનું જ્ઞાન થાય. આ એક સિવાય બીજા કોઈના ધ્યાને ત્રણ કાળનું જ્ઞાન ન થાય. અલ્પ કાળનું જ્ઞાન થાય અજ્ઞાન. એ તો પાછું બીડાઈ જાય, વળી નિગોદમાં ચાલ્યો જાય. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :-'** હવે થોડું નાખે છે. **'યદ્યપિ વિકલ્પ સહિત અવસ્થામેં...'** કહે છે કે

અંદર જ્યાં સુધી નિર્વિકલ્પ ધ્યાનમાં લક્ષ ન જાય, એ પહેલા થોડો વિકલ્પ હોય શુભરાગ. '**શુભોપયોગિયોંકો...**' એમ. શુદ્ધ ઉપયોગમાં જ્યારે ચાલ્યો જાય અંદરમાં, એને તો આ વિકલ્પવાલું લક્ષ હોય નહિ. પણ '**શુભોપયોગિયોંકો ચિત્તકી સ્થિરતાકે લિયે...**' જુઓ, આ હેતુ છે. એમાં એનું ધ્યાન કરવું છે માટે ત્યાં રહેવું છે એવો હેતુ નથી. સમજાય છે કાંઈ? એનો હેતુ તો અંદરમાં એકાકાર થાવું છે. પણ અંદરમાં એકાકાર થવા પહેલા હજી અશુભથી ખસતો ન હોય એ આ શુભમાં આવે. એનું લક્ષ તો અંદરમાં જાવું છે. એને માટે કહે છે કે '**ચિત્તકી સ્થિરતાકે લિયે વિષય કષાયરૂપ ખોટે ધ્યાનકે રોકનેકે લિયે જિનપ્રતિમા તથા ણમોકારમંત્ર...**' અક્ષર શબ્દ પડ્યા છેને? '**जिनप्रतिमाक्षरादिकं ध्येयं भवतीति**' એ વ્યવહારધ્યેય. વ્યવહારધ્યેયનો અર્થ કે એ અશુભથી ખસીને વિકલ્પમાં આવ્યો છે. એનો હેતુ અહીં રોકાવું એમ નથી. એનો હેતુ તો અંદર જવાનો છે, ત્યારે એને વ્યવહાર વિકલ્પનું ધ્યેય કહેવામાં આવે છે. જો એકલો જ વિકલ્પનું ધ્યેય કરીને અહીં અંદર જાવું છે એવી દૃષ્ટિ ન હોય તો તો મિથ્યાજ્ઞાનનું ધ્યાન છે ઈ. સમજાણું કાંઈ?

કહે છે કે પ્રતિમા ભગવાનની કાં ભગવાનના ણમોકાર મંત્ર કે જેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-પંચ પરમેષ્ઠી જે આત્મમય વીતરાગ વિજ્ઞાનઘન (છે). એ પાંચેય પદ વીતરાગી વિજ્ઞાનઘનના છે. તો વીતરાગી વિજ્ઞાનઘનના વિકલ્પ જે આવે વિચારમાં આવે પહેલો. પણ એનો હેતુ પાછો ખસીને અંદર જાવું છે. તો તો કહે છે કે પહેલી ચિત્ત સ્થિરતામાંથી આવું હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... છૂટો પડેને?

ઉત્તર :- ના, ના, કાંઈ છૂટો નથી. એમ ને એમ પડ્યો છે. એકલા-એકલા રાગમાં એકલો પડ્યો હોય અને અંદર ખસીને અંદરમાં નથી જાવું તો એકલો રાગ અને બધા નરકના, નિગોદના ધ્યાનમાં પડ્યો છે.

અંદર સ્વભાવ ઉપર લક્ષ કરવું નથી. મિથ્યાત્વભાવમાં પડ્યો છે. મિથ્યાત્વના ફળ તો નિગોદ છે. ખરેખર મિથ્યાત્વનું ફળ નિગોદ જ છે. સમ્યક્નું ફળ મોક્ષ છે. ચાર ગતિ તો વચ્ચે શુભાશુભ પરિણામનું ફળ છે. તત્ત્વનું આરાધકપણું એ મુક્તિ, તત્ત્વનું વિરાધકપણું એ નિગોદ. બે જ ગતિ મોટી છે આમ. .. અનંતકાળ રહે અનંત જીવ. ત્યાં અનંતકાળ રહે અનંત જીવ. ઓલો અનંત દુઃખી, ઓલો અનંત સુખી. તત્ત્વનો આરાધક તે મુક્તિ, તત્ત્વનો વિરાધક તે નિગોદ. વચમાં શુભાશુભ પરિણામ આવી જાય એને આ ચાર ગતિ છે વચમાં. ત્યાંથી ક્યાં ખસ્યો છે? શુભ ઉપયોગમાં એકલો આવ્યો, પણ એનું લક્ષ ત્યાંથી ખસીને ચૈતન્ય ઉપર લક્ષ નથી, દૃષ્ટિ કરી નથી એ તો બહારથી ખસ્યો જ નથી. એ તો પાછો એમાં આવી જશે. આહા..હા..!

સમજાણું કાંઈ?

જુઓને શાસ્ત્રમાં કહ્યું છે કે જો મિથ્યાદૃષ્ટિ છે એને શુભ ઉપયોગ આવે, હોય. દૃષ્ટિ ખોટી પરલક્ષી દૃષ્ટિ છે, સ્વની ખબર છે નહિ. પરલક્ષે અનેક પ્રકારના વિકલ્પનું, ભેદનું, વિપરીત માન્યતાના ઘણા પ્રકાર (હોય છે). એમાં એને શુભરાગ થાય તો પુણ્ય બંધાઈ જાય. અને કેવા બંધાઈ જાય? પંદર ક્રોડાક્રોડી શાતા બંધાઈ જાય લ્યો! પંદર ક્રોડાક્રોડી સાગરોપમની શાતા બંધાઈ જાય. સમકિતીને એટલી બંધાય નહિ. પંદર ક્રોડાક્રોડી શાતાવેદનીય કર્મ એને બંધાય. તો રહેવું કેટલું એને ત્રસમાં? બે હજાર સાગર અને આ પંદર ક્રોડાક્રોડી સ્થિતિ. ક્યાં એને ભોગવવાનો વખત છે? પુણ્ય બાંધેલા એને ભોગવવાનો એટલો વખત પણ નથી. ત્રસમાં રહેવું બે હજાર (સાગર). અહીં પંદર ક્રોડાક્રોડી સ્થિતિ બાંધી. મિથ્યાદૃષ્ટિના પરિણામ શુભ આવ્યા એનાથી ભલે બંધાણું, પણ પાછા હવે અશુભ પરિણામ.. મિથ્યાત્વ તો છે, પણ એના પાછા પરિણામ અઘાતિ બાંધવાના અશુભ થઈ જશે. અશુભ થઈ, સ્થિતિ તોડી અંતર ક્રોડાક્રોડી કરીને નિગોદમાં ચાલ્યો જશે. સમજાણું કાંઈ? આહા..!

અને સમ્યગ્દૃષ્ટિને એને અંતઃ ક્રોડાક્રોડીનું કર્મ બંધાશે થોડામાં થોડી હોં. તીર્થંકરગોત્ર બાંધે તો.. હવે અહીં એટલું એને રહેવું નથી અંતઃ ક્રોડાક્રોડી. એને તો એક-બે ભવે મુક્તિએ જાવું છે. વૃત્તિ છે શુદ્ધ ઉપર. શુદ્ધ પરિણામ કર્યા છે. વિશેષ શુદ્ધતા થઈ અને અંતઃ ક્રોડાક્રોડીની સ્થિતિ તોડી, કર્મનો અભાવ કરી અને મુક્તિએ જશે. ઓલો પંદર ક્રોડાક્રોડી (કરી), અંતઃ ક્રોડાક્રોડી (તોડી) ત્રસ છોડીને સ્થાવરમાં જાશે. આહા..હા..! અરેરે! દીર્ઘ દૃષ્ટિ થઈ નથીને એટલે દીર્ઘ એના ફળો અને દીર્ઘ એનું સ્વરૂપ શું છે ઈ એને ખ્યાલમાં આવતું નથી.

અહીં તો જે જિનપ્રતિમા અને ણમોકાર લીધા છે એ સ્વલક્ષમાં ઠરવા. દૃષ્ટિ તો ત્યાં છે, પણ અંતર જવા માટે અંદર પહેલો વિકલ્પ જરી અશુભથી હઠી... જુઓ એમ છેને? **'વિષયકષાયકે ખોટે ધ્યાનકે...'** એ વંચના, પણ પાછો આવ્યો છે શુભ વિકલ્પમાં, ફક્ત સ્થિર થવું છે અંદર માટે. એટલે પહેલો અહીં આવ્યો છે. જાવું છે અંદર. એકલા અંદરની દૃષ્ટિ અને લક્ષ નથી અને એકલા વિષયકષાયને રોકવા માટે આવું પરિણામ આવે એનું ફળ અંદરમાં જવાનું નથી, એનું ફળ ચાર ગતિમાં રખડવાનું છે. અરે! ભારે વાત ભાઈ! થોડું મહાત્મ્ય નાખો તો ઠીક રહેશે., થોડુંક.

**'ખોટે ધ્યાનકે રોકનેકે લિયે...'** એમ શબ્દ છે. ધ્યાન તો ઓલું કરવું છે અંદર. સમજાણું? પણ એકદમ ન થાય તો પહેલું લક્ષ તો અંતરમાં જવાનું છે. દૃષ્ટિ તો એ થઈ છે. હવે? અશુભથી રોકવા માટે જરી આવા વિકલ્પો આવે છે. એનું પુણ્ય બંધાઈ જાય છે અને ત્યાંથી ખસીને અંદરમાં જાય છે ત્યારે એને શુભ ઉપયોગનું વ્યવહારધ્યાન કહેવામાં આવે છે. પણ

જેને એકલું જ એ થઈ પડ્યું છે. શુભરાગ જ એકલો ધ્યાન અને ધ્યેય થઈ પડ્યું છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો અશુભથી હટ્યો છે એમ પણ છે જ નહિ. મિથ્યાત્વ એ જ મહા અશુભ છે અને એને અશુભ પરિણામ પાછા થયા વિના રહેશે નહિ. મિથ્યાદૃષ્ટિ છે. દૃષ્ટિ ખોટી એટલે અશુભ પરિણામ છે. અત્યારે શુભ ભલે હોય પણ પાછા અશુભ થઈ જવાના. શુભ પલટીને પરિણામ અશુભ થઈ જવાના. મિથ્યાત્વ તો કાયમ એમ ને એમ રહેવાનું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તો ભી નિશ્ચય ધ્યાનકે સમય...'** દેખો, જુઓ! કહે છે કે ભલે પહેલું મન સ્થિરતા માટે આવે પણ ત્યાંથી ખસીને નિશ્ચય અંતરના સ્વરૂપના લક્ષમાં આવવા માટે એ **'આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ,...'** ત્યાં તું આત્માને ધ્યેય બનાવી, લક્ષ બનાવી અંતરમાં આ આત્મા એનું ધ્યાન કરવા જેવું છે. વાતું ભારે ભાઈ! કેટલાક કહે, પણ હવે અમારા સાધારણ સમાજને શું સમજવું? પણ આત્મા સમાજ જ સાધારણ નથી. કોને તું સાધારણ કહે છે? એમ કહે છે અહીં. મહા અનંતગુણનો પિંડ છો. સાધારણમાં શું કરવા ખપે છે મફતનો? અમારે માટે બીજો કોઈ રસ્તો સહેલો ખરો?

એ રામજીભાઈ પૂછતા હતા તે દિ'. રામજી હંસરાજભાઈ. અમરેલી હોં! પહેલા ચોમાસું હતુંને જ્યારે ૮૬નું. દશ લાખ રૂપિયા કહેવાતા તે દિ'. એ પૈસા થયેલાને એ થોડા દશ લાખ .. ૮૬ની વાત છે. કેટલા વર્ષ થયા? ૩૫ વર્ષ થયા. એ તો ત્યાં આ વાત આવે કેટલીક. અહીં તો ઊંચી વાત તો એ વખતે પણ હતી. ત્યારે કહે આ અમારી જઠર પચવી શકતું નથી. એમ બોલ્યા હતા જરી. જઠર. કાંઈક બીજું કહો. કીધું, જઠર તૈયાર કરો. એ વિના બીજો ઉપાય નથી. એમ કે આ કાંઈક (સહેલો ઉપાય હોય તો). ગાંધીની લાઈનમાં પડ્યા હતાને એ તો. ગાંધીની લાઈનમાં હતા. ખાદી ને ઓલું આવેને. છાપામાં બહુ વખાણ કર્યા છે લોકોએ. ખાદીમાં પડ્યા, પછી આ કર્યું, .. કરી. બહુ કરી. પણ એ વખતે બોલ્યા હતા એકવાર, મહારાજ! આ જઠર પચવી શકે એવું નથી હોં. તૈયાર કરો જઠર. શિયાળામાં સાલમપાક માટે જઠર તૈયાર નથી? પંડિતજી! સાલમપાક નથી હોતા? સાલમ સાલમ થાય છે. મૈસુબપાક હોય છે ધોળો. એ શિયાળા સમજ્યાને? જાડાકા દિનમેં. જઠર. એમ કે અમારી જઠર હમણા નહિ પચવી શકે એમ કહેશે? પચવીશ ખરો, કરો કરો ભાઈ સાલમ કરો. દશ રૂપિયાનો શેર, પચ્ચીસ રૂપિયાનો શેર. ઉંચો-ઉંચો થાય હોં. .. ત્યાં એ ના ન પાડે કે જઠર મારું પચવી શકે નહિ. લાવો-લાવો થોડો બે રૂપિયાભાર ખાશું. પણ સવારમાં ઘરે બે રૂપિયા ખાશું અને ચાર મહિના .. ખાશું. બહુ તોલ ન હોય તો. પણ શિયાળામાં ખાય પછી ઉનાળો, ચોમાસું જરી ધૂળમાં સરખું રહે એમ માને છે. મરી જાઈશ તરત. એમાં શું છે?

મુમુક્ષુ :- બારેય મહિના સરખું ચાલે.

ઉત્તર :- ચાલ્યા બારેય મહિના. મરી જઈશ પાછો તું. .. પણ સાલમપાક ખાય એની તમે જઠરને .. છે કોઈ દિ'? રોટલી દરરોજ ખાતા હોય. રોટલી, દાળ, ભાત, શાક. હવે એમાં સાલમપાક ઘરમાં કર્યો. તો ના પાડશો? લાવો-લાવો. ભલે થોડું પણ કટકી લાવો-લાવો. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ખાવાની રુચિ છેને.

ઉત્તર :- બસ, રુચિ છે. એમ તત્ત્વની રુચિ જો હોય (તો) લાવો ઊંચામાં ઊંચી વાત પણ અમે પચવી શકીશું. સમજાણું કાંઈ? એમ ન ચાલે કીધું. ના પાડો ઈ અહીં ન પાલવે. .... કાંઈ ધૂળમાંય નથી.

અહીં તો કહે છે '**નિશ્ચય ધ્યાનકે સમય શુદ્ધ આત્મા...**' માખણ જેવો અંદર સાલમપાક એને અંદર દૃષ્ટિમાં લઈને પચાવવા જેવું છે. ધ્યાન કરવા જેવું છે એમ કહે છે. ત્યાં હા પાડે છે કે નહિ? જરી માંદો હોય તો કહે ના, ના, લાવો-લાવો રૂપિયાભાર ચાખવા દ્યો કેવોક મીઠો છે. એમ કહે. આ સવા પાંચ રૂપિયાનો શેર સાલમપાક કર્યો છે. એક ફેરી સાંભળેલું ઘણા વર્ષ પહેલા. .. પાંચનો શેર કેવો હશે કીધું. સવા પાંચ રૂપિયાનો સાલમપાક શેર. લઈ જાય લોકો. ગૃહસ્થ હોય એ લઈ જાય બે શેર, પાંચ શેર શિયાળામાં. ત્યાં ન કહે કે મને રોટલી માંડ માંડ પચે એમાં આ કેમ ખાવું? ભાઈસાહેબ લાવને થોડો ચાખું તો ખરો. અડધા રૂપિયાભાર ચાખીશ બસ. એમ કરતાં-કરતાં... ઘરના માણસ આગ્રહ કરીને ખવરાવે.

અહીં ભગવાન કહે છે, ખા, જઠર કર તૈયાર. ના ન પાડ. વાડીભાઈ! ના ન પાડ, ના ન પાડે ભાઈ! તું આત્મા છોને પ્રભુ! તારા ગુણમાં તો કેવળજ્ઞાન પ્રગટે એવી તાકાત છેને. તારી જઠરમાં તો કર્મ બળી જાય એવી તારી જઠર છે. બળીને રાખ થઈ જાય એવી તારી જઠર અંદર ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય છે. એની તારાથી કેમ ના પડાય કે ના, ના આ મારો નહિ. હા પાડ, હા પાડ. ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યપ્રભુ એનો, કહે છે કે વિચાર લક્ષ કરી એને ધ્યેય બનાવીને ધ્યાન કરવા જેવું છે.

૧૫૯. '**આગે શુભાશુભ વિકલ્પસે રહિત જો નિર્વિકલ્પ** (**શૂન્ય**) **ધ્યાન ઉસકો જો ધ્યાતે હૈં,...**' શૂન્ય-શૂન્ય. ૧૫૯ છેને?

**૨૯૦) सुण्णउँ पउँ झायंताहँ वलि वलि जोइयडाहँ।**

**समरसि-भाउ परेण सहु पुण्णु वि पाउ ण जाहँ।।१५९।।**

આહા..હા..! એય..! શૂન્ય ધ્યાન કર. શૂન્ય-શૂન્ય. શૂન્ય એટલે વિકલ્પ નહિ એમ. શૂન્ય એટલે શૂન્ય થઈ જા એમ નહિ. વિકલ્પથી શૂન્ય. સ્વરૂપથી તો ભરેલું ચૈતન્ય છે. ભગવાન

આત્મા પૂર્ણ કળશો ભર્યો હોયને. એવો કળશો-કળશો નથી આ કળશો? ભરિતઅવસ્થ આવે છેને. આમાં પણ છે. એય..! આવ્યા છે પંડિતજી? જુઓ '**भरितावस्थापदं**' છે? બીજી લીટી. '**भरितावस्थापदं**' શબ્દ પડ્યો છે. સંસ્કૃતમાં છે ૧૫૯. એ આ કળશ છે જુઓને કળશો છે કે નહિ કાશીઘાટનો કળશો જુઓ આમ. તો આત્મા એવો અંદર આકારે છે કાશીઘાટના કળશા જેવો. આ લક્ષને છોડી દે તો અંદર કાશીઘાટના કળશા જેવો (પ્રત્યક્ષ થશે). એ એકલો આનંદના રસના.. સમજ્યાને? મોસંબીના પાણીથી ભર્યો હોય કળશો અને તૃષા લાગી હોય (તો) ગટક... ગટક.. ગટક.. ચડાવી જાય. એમ આ આત્મા. જુઓ, આમ... આમ... આમ... કાશીઘાટ સમજાય છે? કાશીઘાટના કળશા આવા આવે છે. આ શરીર પણ એવું આકારે છે. આત્મા પણ એવા આકારે પોતાને કારણે હોં. આને કારણે એ અને આને કારણે એ. બેય ભિન્ન-ભિન્ન કારણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માંડી છે કે દિ' પણ? બેય જણા ભેગા હતા તો એ માંડી છે અને છૂટા થયા તો આ માંડી છે પાછી બીજી. આ કોઈ દિ' વિચાર્યું છે કે દિ' આ? સાચી વાત છે કે નહિ? બસ ત્યારે. ..... બસ એ કીધું. ઓલી દુકાનની મંડાણી હતી પહેલી. સાકર લઈને. શું કહેવાય એ? પાઘડી દઈને મકાનમાં મંડ્યા હતા બે. મળ્યું ત્યારે હવે આ શરીરનું થયું પાછું. એ તો ચાલ્યા જ કરે હોળી. આ શું છે એને ઓળખને કહે છે. મોહનભાઈ! કહે છે હવે એ તો મરી ગયો. એને થયા કરશે. તું તારી કલ્પના કરીશ માટે આમાં કાંઈ થાશે? ત્રણ કાળમાં નહિ ફરે. એની પર્યાયનો કાળ સ્વકાળ પરમાણુનો છે તે સ્વકાળે તે પર્યાય થયા વિના રહેશે નહિ. તારે એનો પર્યાયનો સ્વકાળ ફેરવવો છે કે તારે ફરવું છે? કેમ બરાબર છે કે નહિ? બાબુભાઈ! આહા..હા..! પરમાણુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે. કાળ એનો સ્વકાળ છે. સ્વકાળના ચતુષ્ટયમાં એ પોતે પોતાની પર્યાયથી પરિણમી રહ્યો છે. તારે કારણે તું ચિંતા કરીશ માટે અહીં કાંઈ ફેરફાર થાશે? મફત જાશે તારી ચિંતા અને ત્યાં થાવું હોય ઈ થાશે. માટે એ ચિંતા છોડવી એમ એનું ફળ આવવું જોઈએ. આખો દિ' માંડવી એમ ન માંડવી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિર્વિકલ્પ એ તો એકને ઉદ્દેશીને બધાને વાત છેને ભેગી? એ તો મોઢા આગળ પૂછે એની વાત થાય.

'**નિર્વિકલ્પ (શૂન્ય) ધ્યાન ઉસકો જો ધ્યાતે હૈં, ઉન યોગીયોંકો મૈં બલિહારી કરતા હૂં,...**' આચાર્ય પોતે કહે છે, વારી જાઉં તારા ઉપર ભાઈ! આહા..હા..! દુખણા નથી લેતા? ભાઈ! દુખ તારા લઈએ. અહીં તો વારી જાઉં બાપા! આહા..હા..! તેં આત્માના ધ્યાન કર્યા ભાઈ! જેણે સંસારના તટ નજીક કરી નાખ્યા. આવા ચિદાનંદ ભગવાનની અંતર દૃષ્ટિ

માંડીને ધ્યાન (કર્યું), બલિ જાઉં તારા ઉપર. તારી પૂજા કરું, પૂજા કરું. બલિ બલિ જાઉં એમ શબ્દ છે. આહા..હા..! બલિહારી તારી ભાઈ! જુઓ, યોગીન્દ્રદેવ પણ ધર્માનુરાગમાં પ્રશંસાએ ચડ્યા છે જુઓ. એને ધર્માનુરાગ છે. વાહ સંતો! હે ધર્માત્માઓ! જેણે ભગવાનને.. એ આગળ કહેશે હજી હોં. સમજાણું? ઈ આગળ કહેશે. ૧૬૦માં પછી કહેશે. એ ઉજ્જડ વસ્તુને વસાવી અને હતા જે ભરેલા તેનો નાશ કર્યો, બલિહારી છે તારા ધ્યાનની, એમ કહેશે. એ ૧૬૦માં કહેશે. સમજાણું કાંઈ?

'शून्यं पदं ध्यायतां' '**વિકલ્પ રહિત બ્રહ્મપદકો ધ્યાવનેવાલે...**' જુઓ, બ્રહ્મ એટલે આત્મા. ભગવાન આનંદપદસ્વરૂપ છે. બ્રહ્મ નામ આનંદ છે. અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહા..હા..! સાલમપાક અને મોસંબી, ઓલા મુસળીપાકની વાત થાય તો એના મોઢામાં પાણી આવે છે. ઊંચી-ઊંચી જ્યાં વાત થાય ત્યાં તો માવાના શું કહેવાય? ગુલાબજાંબુ. માવાના ગુલાબજાંબુ ઘીમાં તળેલા આમ ને આમ. દાંત વિનાના માણસ પણ ચાવી જાય ફડાક-ફડાક. આવ્યા નહિ એ પહેલા મોઢામાં પાણી આવે.

કહે છે કે આ એકવાર સાંભળ તો ખરો આત્મા અને આત્મા સાંભળીને વીર્યની સ્ફૂરણા તો એકવાર પાણી લાવ. પાણી તો લાવ. પાણી એટલે વીર્ય. તેજ તેજ. પાણી નથી આમાં, એમ નથી કહેતા? આમાં કાંઈ પાણી નથી. પાણી વિનાનો છે. પાણી એટલે બળ વિનાનો છે એમ. કહે છે નહિ વાડીભાઈ આપણે? કાઠિયાવાડમાં તો કહે છે. હિન્દુસ્તાનમાં ત્યાં શું કહેતા હશે? પાણીવાળો છે આ છોકરો એમ કહે. બળવાળો. અને આ પાણી વિનાનો છે. અહીં કહે છે કે આત્મા પાણીવાળો છે.

ભગવાન! એના બ્રહ્મપદને જો વિચાર કરીને અંતરમાં, લક્ષમાં લે છે એ '**योगियोंकी मैं बार बार मस्तक नमाकर पूजा करता हूं,...**' લ્યો! બલિ બલિ જાઉં. આહા..હા..! કરવા જેવું આ તેં કર્યું, બાપા! એમ કહે છે. જે કાંઈ મનુષ્યદેહ પામીને કરવા જેવું તેં કર્યું. વારી જાઉં તારા ઉપર. આચાર્ય નગ્ન દિગંબર સંત જગલમાં વસતા. સમજાણું? ગૃહસ્થાશ્રમમાં પણ પોતાનું ધ્યાન અંતર કરી શકે છે. નથી કરી શકતા એમ નહિ. આ અત્યારના માંડી વાળ્યું છે બધાએ. એવું ધ્યાન ન હોય, ફલાણું ન હોય, ફલાણું ન હોય. એ તો મુનિને હોય. સાંભળને હવે. સમ્યગ્દૃષ્ટિને હોય છે. સમજાણું કાંઈ? થોડું હોય, ઘણે કાળે થાય. મુનિઓને ઘણી સ્થિરતા હોય, એકદમ થાય.

એવો ભગવાન એને અનુભવપ્રકાશમાં કહે છે એ આવું અત્યારે ધ્યાન ન થાય. ત્યારે કહે છે દીપચંદજી કે આત્માના ભાવનાની ચિંતા છોડી દીધી તેં. કારણ કે આ થાશે નહિ... થાશે નહિ... એટલે આ થાશે. હવે રહ્યું તારે કરવાનું અશુદ્ધ. તને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની

દૃષ્ટિ કરવાનો તેં નિષેધ કર્યો. એનું ધ્યાન ન થાય, એનું લક્ષ ન થાય, એનું આ ન થાય. મોટા છન્નું હજાર સ્ત્રી જેને ઘરે પદમણી જેવી હતી એને ધ્યાન કરવાનો અવસર મળતો. તારે ઘરે છન્નું કરોડ નળિયા પણ નથી. નળિયા શું કહેવાય? આ નળિયા કહતે હૈ ન. પંડિતજી! ... એમ લખ્યું છે એમાં હોં. દીપચંદજીએ લખ્યું છે. છન્નું કરોડ તારે ઘરે નળિયા પણ નથી અને ઉંચું નથી. અને એને ઘરે છન્નું કરોડ બાયડીયું પદમણી જેવી હતી. તો એને મૂકીને આમ બેઠો છે આમ ધ્યાન કરવા. બેસતા હતા ચક્રવર્તી. સમજાણું? છ ખંડના રાજ. ભિખારીએ સાંભળ્યા ન હોય કોઈ દિ'. કોણ જાણે છ ખંડ કેવા (હશે)? છ ખંડમાં કોઈ ન મળે બીજો સામો ઉભો માણસ. એવી જેની પુણ્ય પ્રકૃતિ. એટલું જેનું બળ, એટલું જેનું સામર્થ્ય. બેઠો હોય ... એક કોર વિષયની વૃત્તિ થઈ ગઈ હતી, જ્યાં ફરીને બેઠો ધ્યાન કરવા. ક્યાં ગઈ વિષયની વૃત્તિ અને ભોગ ક્યાં ગયા ખબર નથી. .. અંદર. એવો આત્મા પોતાના પુરુષાર્થથી ગૃહસ્થાશ્રમમાં પણ કરી શકે છે. નિષેધ ન કર. નિષેધ કરતા એકલું આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો હકાર થશે. આ થશે નહિ. નહિ થાય.

**'જિન યોગિયોંકે અન્ય પદાર્થોંકે સાથ સમરસીભાવ હૈ,...'** જુઓ, સમભાવ. એટલે આ ઠીક-અઠીકના વિકલ્પ છોડી દે એમ કહે છે. **'ઔર જિનકે પુણ્ય ઔર પાપ દોનોં ઉપાદેય નહીં હૈં.'** શુભભાવ અને અશુભભાવ બેય આદરણીય નથી. એકલો ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ એક શ્રદ્ધામાં લઈને ધ્યાવવા યોગ્ય છે. એની કહે છે કે હું વારંવાર બલિ-પૂજા કરું છું. એમ પોતાની પ્રશંસા વર્ણવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૧૨, રવિવાર, તા. ૨૫-૦૭-૬૫
## ગાથા-૧૫૯-૧૬૦, પ્રવચન-૧૭૯

૧૫૯ ગાથા. પરમાત્મપ્રકાશ બીજો ભાગ. એમાં શબ્દાર્થ થઈ ગયો છે. ભાવાર્થ. જરી વાત સૂક્ષ્મ છે, પણ યથાર્થ છે એની એણે બરાબર દૃષ્ટિ અને શ્રદ્ધા કરવી જોઈએ. એ શ્રદ્ધાના નિર્મળ પરિણામ વિના એને આત્મા તરફનું વલણ સ્થિરતાનું થાય નહિ. એટલે પહેલી ચીજ શું છે વસ્તુ? એ વસ્તુમાં દૃષ્ટિ અને એકાગ્ર થવાથી આત્માને શાંતિ, સુખ અને ધર્મનો માર્ગ પ્રગટે છે એ એણે પહેલો નિર્ણય કરવો જોઈએ.

'**ભાવાર્થ :- શુભ-અશુભ મન, વચન,** કાયકે વ્યાપાર...' જુઓ, આ શરીર, વાણી, મન તો જડ છે. એના તરફના વલણવાળો શુભ-અશુભ વેપાર ભાવ. શું કહે છે? કે '**જો વીતરાગ...**' નામ રાગ, પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ, '**પરમઆનંદમયી...**' આત્મા અતીન્દ્રિય આનંદમય સ્વરૂપ છે અંતર વસ્તુ. '**સુખામૃત...**' સુખનો અમૃત સાગર આત્મા એના '**રસકા આસ્વાદ...**' એવો ભગવાન આત્મા વીતરાગ પરમ આનંદ-સુખ અમૃત એના રસનો આનંદનો અનુભવ. '**વહી ઉસકા સ્વરૂપ હૈ, ઐસી આત્મજ્ઞાનમયી હૈ...**' આમ લેવું. ભાઈ! પંડિતજી! છેને આમ? '**આસ્વાદ વહી ઉસકા સ્વરૂપ હૈ, ઐસી આત્મજ્ઞાનમયી પરમકલાકર...**' દેખો, ભગવાન આત્મા વીતરાગ-રાગ પુણ્ય-પાપના શુભાશુભ વિકલ્પથી રહિત અને એકલો સુખામૃત. સુખ એટલે અતીન્દ્રિય આનંદના અમૃતથી ભરેલો આત્મા છે. શેનો? રસનો આસ્વાદ. એવો જે આત્મા એનો અતીન્દ્રિય સ્વભાવ આનંદનો, એ આનંદનો આસ્વાદ, આનંદનો અનુભવ. '**વહી ઉસકા સ્વરૂપ હૈ, ઐસી આત્મજ્ઞાનમયી...**' આત્મજ્ઞાન એને કહીએ કે જે આત્માના પરમ આનંદનો આત્મજ્ઞાનમાં રસનો સ્વાદ આવે. એવી '**આત્મજ્ઞાનમયી પરમકલા...**'

મુમુક્ષુ :- વાક્ય બહુ મોટું છે.

ઉત્તર :- મોટું વાક્ય છે. પણ હળવે-હળવે વાત કરીએ છીએ. સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાન આત્મા કેવો છે આ આત્મપદાર્થ? કે આ મન, વાણી, દેહ આ જડ તો એનાથી તો જુદું તત્ત્વ છે.

મુમુક્ષુ :- કે દિ'?

ઉત્તર :- આ અત્યારની વાત છે. કે દિ'ની વાત ક્યાં ચાલે છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં અત્યારે નથી. કીધુંને આત્મામાં નથી. એને આત્મા કહીએ કે જેમાં જડપણું નથી, એને આત્મા કહીએ કે જેમાં શુભ અને અશુભના વિકારો આસ્રવતત્ત્વ નથી, એને આત્મા કહીએ કે જેમાં વીતરાગ પરમાનંદનો રસ પડ્યો છે એને આત્મા કહીએ. આ નવ તત્ત્વમાં આત્મા કોને કહેવો એની વાત ચાલી આ તો. વાડીભાઈ! આત્મા આવો મોટો! એને આત્મા કહીએ કે આ શરીર, વાણી, મન જે માટી છે એનાથી તો (જુદો છે). આ તો જડતત્ત્વ છે. એ જડ કાંઈ આત્મતત્ત્વમાં નથી.

મુમુક્ષુ :- .... એકમેક છે.

ઉત્તર :- એકમેક છે નહિ ત્રણ કાળમાં. એ તો એક સમયની પર્યાય. પુણ્ય-પાપના પરિણામ સાથે અનિત્ય પદાર્થ અને વિકલ્પ સાથે છે. શરીર સાથે તો એક સમય પણ અનિત્યતાદાત્મ્ય

નથી. શું કહ્યું વળી ઈ? ભગવાન આત્મા જે સમ્યગ્દર્શનનો વિષય, જે આત્મજ્ઞાનનો વિષય છે. એ આત્મજ્ઞાન કેવું છે એ અહીં ચાલે છે જુઓ. ... આત્મા. અહીં તો પહેલેથી ઉપાડ્યું છે કે આ મન, વાણી, દેહથી જુદો એ તો ઠીક. મન, વાણી, દેહના વેપારથી જુદો. એટલે શુભાશુભભાવ એનાથી આત્મતત્ત્વ જુદી ચીજ છે. એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિ શું? કે **'વીતરાગ પરમઆનંદમયી સુખામૃત-રસકા આસ્વાદ...'** એ ભગવાન આત્મા તો એકલો વીતરાગ, નિર્દોષ આનંદ, અતીન્દ્રિય આનંદનું પૂતળું, મૂર્તિ છે આત્મા. એનો આનંદનો આસ્વાદ-અનુભવ **'વહી ઉસકા સ્વરૂપ હૈ,...'** કોનું? કે આત્મજ્ઞાનમયી પરમકળા. બહુ ઝીણું.

ભગવાન આત્માનું આત્મજ્ઞાન એને કહીએ, સમ્યગ્દર્શન એને કહીએ, આત્મજ્ઞાન એને કહીએ કે જે પરમ આત્મજ્ઞાનની કળા દ્વારા આત્માના અતીન્દ્રિયના સ્વાદને અનુભવે એને આત્મજ્ઞાનની સમ્યગ્દર્શનની કળા કહેવામાં આવે છે. ઈ વળી શું થયું પાછું? શરીર અને કર્મ સાથે તો એક સમય પણ તાદાત્મ્ય નથી. કેમકે એ જડ છે. રહ્યા પુણ્ય અને પાપના ભાવ જે આસ્રવતત્ત્વ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઉઠે છે એ રાગ વિકાર આસ્રવ છે. એ આસ્રવતત્ત્વ આત્માની એક સમયની પર્યાયમાં અનિત્ય તાદાત્મ્ય તરીકે છે. ત્રિકાળ દ્રવ્ય અને ત્રિકાળી સ્વભાવ એની સાથે એક સમય પણ અનિત્યપણે પણ તદ્રૂપે તાદાત્મ્ય તે નથી. છોટાભાઈ! આ બધું સમજવું પડશે હોં. રૂપિયે ત્યાં વળે એવું કાંઈ નથી દાળિયા. દાળિયા આવે એમાં શું થઈ ગયું ત્યાં દાળિયે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો અસ્તિ-નાસ્તિ બેથી અનેકાંત કર્યું. શુભાશુભ વેપાર જે છે એ વિકલ્પ અને આસ્રવતત્ત્વ છે અને ભગવાન આત્મા પરમાનંદમય ભરેલો આત્મતત્ત્વ આનંદનો રસ તે આત્મતત્ત્વ છે. એનો આસ્વાદ. પુણ્ય-પાપનો આસ્વાદ—અનુભવ નહિ અને આત્માના આનંદનો આસ્વાદ એવી જે આત્મજ્ઞાનમય પરમકળા. સમજાય છે? **'ઐસી આત્મજ્ઞાનમયી પરમકલાકર...'** એ આત્મજ્ઞાન એને કહીએ, સમ્યગ્દર્શન એને કહીએ કે જે ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ એની અંતરમાં કળા એકાગ્ર દ્વારા આત્મજ્ઞાનમયી એટલે આત્માનું જ્ઞાન એના મય એકાકાર થઈ ગયો. આહા..હા..! ઝીણી વાતું ભાઈ! આ તો મૂળ વાત છે. અનંતકાળથી એણે લક્ષમાં લીધી નથી. સમજાણું કાંઈ? એણે એમ ને એમ બહારની આ ક્રિયા કરીએ, આ કરીએ, દયા પાળીએ, વ્રત પાળીએ, ધર્મ થાય. મરી ગયો મિથ્યાદૃષ્ટિમાં અનંત વાર.

મુમુક્ષુ :- સ્વર્ગ તો મળેને.

ઉત્તર :- સ્વર્ગ એટલે શું? એ તો સ્વાંગ છે એક ભેખનો. અઘાતિકર્મનું ફળ તો એ સ્વાંગ છે. એ કાંઈ આત્માનો સ્વાંગ નથી, આત્માનો વેશ નથી. બહારનો સ્વાંગ ફર્યો. નારકીનો સ્વાંગ અને દેવનો સ્વાંગ થયો. એમાં આત્માને શું આવ્યું? સમજાણું કાંઈ?

અહીં ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગે આત્માને એક સમયમાં કેવો જોયો? એને અંતર આત્મજ્ઞાનમયી કળા દ્વારા અનુભવે એને આત્મધર્મ કહેવામાં આવે છે. જાદવજીભાઈ! ભારે આકરું આ. એમ કે ત્યાં તત્ત્વની વાત નહિ, જૈનની વાત ... જૈનની એને શ્રદ્ધા જ નથી. કોણ જાણે કેમ વયા ગયા છે વેશને લઈને. અરે..! જૈન પરમેશ્વરની વ્યવહારે પણ શ્રદ્ધા ન હોય તો એ વેશ છોડી દેવો જોઈએ. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે એની છ દ્રવ્યની, નવ તત્ત્વની જેને બિલકુલ શ્રદ્ધા ન હોય, તો એણે છોડી દેવું જોઈએ. એને જૈનની શ્રદ્ધા (નથી). દુનિયાને છેતરવું ન જોઈએ. અહીં તો જૈનની બીજી શ્રદ્ધા છે અલૌકિક. આ તો છ દ્રવ્ય, નવ તત્ત્વ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ એક શુભરાગ છે. પણ એટલી એવી જેને શ્રદ્ધા નથી એ તો બહાર વાડાનો પણ જૈન નથી. અમે જૈન નથી એમ એણે પ્રસિદ્ધ કરી દેવું જોઈએ. આ વેશમાં રહીને બિચારા ઓલા સાંભળનારને ખબર ન મળે. કાંઈક હશે, કાંઈક હશે. આપણા મહારાજ છે.

અહીં તો કહે છે કે ભાઈ! એ છ દ્રવ્ય, નવ તત્ત્વના વિકલ્પવાળી શ્રદ્ધા એ પણ રાગની શ્રદ્ધા, રાગ છે, એ સમ્યગ્દર્શન નહિ, એ આત્મજ્ઞાન નહિ. શાસ્ત્રનું જ્ઞાન અગિયાર અંગ, નવ પૂર્વનું. એ આત્મજ્ઞાન નહિ. પંચ મહાવ્રતના પરિણામ એ આત્મચારિત્ર નહિ. એ બધો રાગ છે, રાગ છે, વિકલ્પ છે. એનાથી ભિન્ન ભગવાન એકલો પરમ શાંત વીતરાગ આનંદની મૂર્તિ આત્મા છે એ. એનો આસ્વાદ, એનો સ્વાદ. સ્વાદ કહે છે હિન્દીમાં? સ્વાદ, આસ્વાદ, આસ્વાદ. આ મર્યાદાએ સ્વાદ .. એનો સ્વાદ, બીજો સ્વાદ નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે ભગવાન! તારી તો મોટપ શું એ વીતરાગની વાણીમાં આવી નથી ભાઈ! તું એવડો મોટો એ તને તારી કિંમત ન મળે અને દુનિયાની ચીજની કિંમત ટાંકવી. આ પૈસા ને બાયડી, છોકરા અને શરીર. એ પાપના પરિણામની કિંમત સેવતો, પુણ્યના પરિણામની કિંમત ટાંકવી, એ તારી કિંમત એમાં ચાલી જાય છે. દયા, દાન, વ્રતના શુભ પરિણામની કિંમત ટાંકનારો આત્માને અકિંમતી બનાવે છે. સમજાણું કાંઈ? છોટાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે શું? .. હવે અહીં સાંભળવા નવરા થાશે કે નહિ? કરોડ-કરોડ ધૂળમાં મળે તો એમાં આત્માને શું અને ન મળે તોપણ આત્માને શું? આત્મા અનંત ગુણનો પતિ છે એ હમણા કહેશે. એ ગુણ અને ગુણીનો ભેદ પણ જેમાં નથી. એ હમણાં સમરસની વાત કરતા કહેશે. સમરસીભાવ ભગવાન આત્મા એવો ચૈતન્યમૂર્તિ ભગવાન એને મન, વાણી, દેહથી ભિન્ન શ્રદ્ધા કરી, પુણ્ય-પાપના રાગના વિકલ્પોની કિંમત છોડી દઈ, ભગવાન આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એનો આનંદનો આસ્વાદ '**વહી ઉસકા સ્વરૂપ હૈ,...**' કોનું? '**ઐસી આત્મજ્ઞાનમયી**

**પરમકલાકર...**’ આત્મજ્ઞાનની પરમકળાનું આવું સ્વરૂપ છે. કેવું? કે જે આત્મજ્ઞાન ચોથે ગુણસ્થાને થાય, ચોથે ગુણસ્થાન અવિરતિ સમ્યગ્દૃષ્ટિ એનું આત્મજ્ઞાન, આત્માના આનંદના સ્વાદ લે એને જ્ઞાનની કળા કહેવામાં આવે છે. પ્રકાશચંદજી! સમજાય છે કાંઈ?

‘**ઐસી આત્મજ્ઞાનમયી પરમકલાકર...**’ એ દુનિયાની બધી કળા મીંડા વાળવા જેવી છે. આ રળવાની અને આ એમ.એ.ની, એલ.એલ.બીની. શેની તમારે? પ્રવિણભાઈ! ચશ્માની, આંખની. આંખની કહેને. આ આંખે જોવે આમ થયું... આમ થયું... આંખ જોવે ને એમાં આ થયું છે ને આ ફૂલુ પડ્યું છે, ઢીંકણું થયું છે. એ બધી કળા છે ચાર ગતિમાં રખડવાની કળા છે. આત્મજ્ઞાનમયી કળા. ભાષા કેવી વાપરી છે સમજાય છે કાંઈ? ‘**स्वसंवित्तिमयी या सा परमकला**’ એમ શબ્દ પડ્યો છે. આહા..હા..! ભગવાન આત્મા એની ચીજમાં તો એકલો આનંદનો પિંડલો આત્મા. જેમ માવાના પેંડા પડ્યા હોયને માવો. માવો કરે છેને માવો? તો પેંડા કરેને એના? પેંડા. પેંડા ક્યા કહતે હૈ? પેડા. એમ આત્મામાં એકલો આનંદનો માવો પડ્યો છે. અતીન્દ્રિય આનંદનો માવો. એને એકાગ્ર થા તો પેંડા મળે આત્માના આનંદના સ્વાદના. જાધવજીભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! આ વાત જેને હજી કાને સાંભળવા મળે નહિ. એ કે દિ’ વિચારે? કે દિ’ શ્રદ્ધે? અને કે દિ’ અનુભવમાં લાવે? આહા..હા..! કહે છે અહીં તો માખણની એકલી વાત છે. આ પરમાત્મપ્રકાશ તો માખણ એકલું વર્ણવ્યું છે. માખણ કહતે હૈ ન? મક્ખન-મક્ખન. કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! બધી વાત ભૂલી જા. મેં આમ જાણ્યું છે, મેં આમ કર્યું છે, મેં આમ માન્યું છે. એકવાર ભૂલી જા બધું. ભૂલી જા અને ભગવાન કેવો છે એને લક્ષમાં લે. એ આત્મા તો એવો છે કે અતીન્દ્રિય આનંદનો માવો, અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે. એને આત્મજ્ઞાનમયી કળા દ્વારા એનો આસ્વાદ અનુભવ કરવો એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. બાબુલાલજી! ભાઈ! સમજમેં આતા હૈ?

જુઓ, એક શબ્દ પડ્યો છે ત્યાંથી. ‘**शुभाशुभमनोवचनकायव्यापारैः शून्यं**’ ‘**शून्यं**’ ત્યારે એ પદ કેવું છે? કે ‘**वीतराग परमानन्दैकसुखामृतरसास्वादरुपा स्वसंवित्तिमयी या सा परमकला**’ આહા..હા..! ટીકા પણ કરી છેને! સમજાણું કાંઈ? બહુ ઝાઝું ભણ્યો હોય માટે આ સમજાય એવી કાંઈ ચીજ નથી અને ઓછું જ્ઞાન હોય તો આ દૃષ્ટિ સમ્યક્ ન થાય એવું કાંઈ નથી. આહા..હા..! અને વ્રતો પાળતો હોય તો આ સમ્યગ્દર્શન થાય એમ કાંઈ નથી. એ તો પુણ્ય પરિણામ છે. એનાથી સમ્યગ્દર્શન ત્રણ કાળમાં થાય નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, પાળતો હોય, કરતો હોય તો આવું સમ્યગ્જ્ઞાન થાય એમ નથી. કેમકે એ પરિણામ પહેલા કહી દીધા. શુભાશુભ વેપારથી રહિત ભગવાન છે. સમજાણું કાંઈ?

આત્મા એને કહ્યો, એને છે એવો ઈ છે. ભગવાને એવો જોયો અને એવો તારો આત્મા છે. છે એ, પણ દૃષ્ટિમાં લે તો એને ભાન થાય કે પુણ્ય-પાપના શુભાશુભ વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, કામ, ક્રોધના ભાવ એ વેપારરહિત આત્મા છે. માટે એ વેપાર દ્વારા આત્મા ખ્યાલમાં આવે કે આત્માની દૃષ્ટિ થાય કે આત્મજ્ઞાન થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ટૂંકી ભાષા કરી. આમ કહ્યું શુભાશુભ મન, વચન, કાયાના વેપારરહિત. એટલે શું કહેવા માગે છે? કે ભાઈ! આ શરીર, વાણી, મન તો જુદાં અજીવતત્ત્વ છે, પણ તારામાં શુભાશુભભાવ થાય મન, વચન, કાયાના લક્ષે નિમિત્તમાં, તારા ઉપાદાનમાં શુભ અને અશુભ, દયા, દાન, કામ, ક્રોધ, વ્રત (ભાવ થાય) એનાથી વસ્તુ રહિત છે. તો એનાથી એ પ્રાપ્ત થાય એમ છે નહિ. આહા..હા..! આ બધું પાક્કુ કરીને આવ્યા છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

કહે છે, વીતરાગ પરમસ્વરૂપ તારું છેને, પ્રભુ! તને કેવો, તને કઈ રીતે ઓળખાવવો? કે આ ફલાણા બાપનો દીકરો એમ ઓળખાવવો? ભગવાન ઋષભદેવ પરમાત્મા નાભિરાજાના પુત્ર એમ ઓળખાવવા? કે ના. મરૂદેવીના પુત્ર એમ ઓળખાવવા? કે ના. પરમ ઔદારિક શરીરવાળો આત્મા એમ ઓળખાવવો? કે ના. આહા..હા..! સમજાય છે? આત્મા આયુષ્યવાળા ભગવાન એમ ઓળખાવવો આત્મા અને એમ આત્મા છે? કે ના. એક કરોડપૂર્વનું આયુષ્ય. આ ભગવાનને કરોડ પૂર્વનું છેને, સીમંધર ભગવાન. આ ઋષભદેવ ભગવાનને ચોર્યાશી લાખ પૂર્વનું. એ રીતે આત્માને ઓળખાવવો? કે ના. ત્યારે તેને પરમ ઔદારિક શરીરવાળો ઓળખાવવો? વાણીવાળો ઓળખાવવો? મનવાળો ઓળખાવવો? એમ આત્મા છે? કે ના. ત્યારે એને પુણ્ય-પાપના પરિણામ થાય એથી ઓળખાવવો? એવો આત્મા છે? કે ના. કહો, સમજાણું?

ઓલા વેદાંત કહે છેને નેતિ... નેતિ.. કહે છેને પંડિતજી! કે આ નહિ... આ નહિ. પણ આ નહિ (તો) છે શું ત્યારે? અહીં ઈ કહે છે. આ નહિ... આ નહિ... આ નહિ... પણ છે શું? ઈ બે વાત કરે છે. આ નહિ, પણ આ છે. એકલી નેતિ-નેતિ કરે એમ ન ચાલે. આ નથી... આ નથી... આ નથી... આ નથી... એ તો શ્રીમદ્દે કહ્યું, 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.' આત્મસિદ્ધિમાં કહ્યું છે. એ અબાધ્ય અનુભવ જે રહે એમ અસ્તિ પાછી સ્થાપી છે. આત્મસિદ્ધિમાં. એમ કે આ મન નહિ, વાણી નહિ, દેહ નહિ, ફલાણું નહિ, ફલાણું નહિ. પછી? કે બાદ કરતાં... કરતાં... કરતાં... બાદ સમજતે હૈ? બાદ કહતે હૈ? અબાધ્ય અનુભવ. બાદ કરતાં... કરતાં... કરતાં... જે કાંઈ બાકી ચીજ રહે અનુભવસ્વરૂપ આત્મા તેને આત્મા કહેવાય. છેને એમાં? એમાં ઈ છે. ત્યાં પણ ન સાંભળે તો શું કામ આવે? ...ભાઈ! એ ડાહ્યા માણસ હોય એને ખ્યાલ તો હોયને કે ભાઈ આવો અર્થ થાતો હતો અને આ

થાય છે અહીંયા.

'અબાધ્ય અનુભવ...' એના પહેલા શું શબ્દ છે? '.. અબાધ્ય અનુભવ જે રહે...' અબાધ કહેતા બાદ કરતા... કરતાં... મન નહિ, વાણી નહિ. આ તો ભાઈએ કીધુંને કે ના કેટલા કહેવા છે? એટલે વળી આ યાદ આવી ગયું. આત્મ ભગવાન કર્મ નહિ, શરીર નહિ, વાણી નહિ, કુળ નહિ, કુટુંબ નહિ, આયુષ્ય નહિ, ફલાણાનો દીકરો, ફલાણાનો બાપ એ નહિ. મોતીરામજી! ત્યારે? કે હવે આ મન, વચન અને કાયા આ? તો એ નહિ. ત્યારે કહે એમાં શુભાશુભભાવ થાય એ? એ પણ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં પણ હજી કાઢવાનું બાકી .. લેશે. આ ગુણી અને આ ગુણ એવો ભેદ પણ એમાં નથી. એ પછી નીચે લેશે. સમજાણું કાંઈ?

એવો આત્મસ્વરૂપ એને આત્મજ્ઞાનમયી. ભાષા કેવી કરી છે? '**स्वसंवित्तिमयी**' શબ્દ વાપર્યો છેને? '**स्वसंवित्तिमयी**' શબ્દ વાપર્યો છે સંસ્કૃત. '**स्वसंवित्ति**' એટલે પોતાનું સંવેદન આત્મજ્ઞાન જેના દ્વારા. આત્મજ્ઞાન દ્વારા આત્માના આનંદનો સ્વાદ આવે એને આત્મજ્ઞાન અને એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? '**પરમકલાકર ભરપૂર જો બ્રહ્મપદ-શૂન્યપદ...**' બ્રહ્મ એટલે શૂન્ય... અને શૂન્ય એટલે પુણ્ય-પાપના વિકલ્પો. '**નિજ શુદ્ધાત્મસ્વરૂપ...**' પોતાનું નિજ શુદ્ધાત્મા. જુઓ, બાદ કરતાં-કરતાં વસ્તુ આ. વસ્તુ કેવડી? કેટલી? કે પોતાના આત્માનો સ્વભાવ શરીર પ્રમાણે જુદું તત્ત્વ, એના ક્ષેત્રમાં, પોતાના ભાવમાં નિજાનંદથી ભરેલો પદાર્થ પોતે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**ઉસકો ધ્યાની...**' એવા સ્વરૂપને એકાગ્ર કરવું, સમ્યગ્દર્શન દ્વારા, આત્મજ્ઞાન દ્વારા અને ચારિત્ર દ્વારા આત્માનો આશ્રય કરીને આસ્વાદ કરે એવો ધ્યાની. 'રાગ રહિત...' એને પછી વિકલ્પ હોતો નથી. '**તીન ગુપ્તિરૂપ સમાધિકે બલસે ધ્યાવતે હૈં,...**' દેખો, આવા આત્માને મન, વચન અને કાયાના વલણ તરફથી ખસીને આવા ભગવાન આત્માને પહેલો ખ્યાલમાં, સમજણમાં, શ્રદ્ધામાં લીધો હતો એને મન, વચન અને રાગથી દૂર કરી સ્વરૂપનું ધ્યાન કરે તેને શાંતિ અને સમાધિ થાય છે.

'**ઉન ધ્યાની યોગિયોંકી મૈં બાર બાર બલિહારી કરતા હૂં,...**' આહા..હા..! આ તો ઉત્કૃષ્ટ વાત મુનિની લીધી છે, પણ પહેલા સમ્યગ્દર્શનમાં પણ આત્મજ્ઞાનની કળા દ્વારા જ આત્મા જણાય, એ સિવાય કોઈ કળાથી જણાય એવો નથી. સમજાણું કાંઈ? આચાર્યદેવ યોગીન્દ્રદેવ મહા દિગંબર મુનિ હતા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલનારા ભાવલિંગી સંત હતા. અમૃતના આસ્વાદ ઉત્કૃષ્ટ લેનારા. ઉત્કૃષ્ટ એટલે સ્વસંવિત્તિ વિશેષ લેનારા. એવા મુનિ કહે છે કે અહો..! જે કોઈ આવા આત્માને ત્રિગુપ્તિ મન, વચન અને કાયાથી હટી, પુણ્ય-પાપના વિકલ્પથી

હઠી, પૂર્ણાનંદ પ્રભુ તરફના સ્વાદમાં, ધ્યાનમાં રહે છે એવા ધ્યાનીને હું બલિહારી જાઉં છું. એના મસ્તક ઉપર હું વારી જાઉં છું એમ કહે છે. '**ઉસકે મસ્તક પર મૈં અપનેકો વારતા હૂં**.' એ બીજો શ્લોક છેને? ૧૬૦. એમાં આવશે. ૧૬૦ની બીજી લીટી છે. નીચે. '**ઉસકે મસ્તક પર મૈં અપનેકો વારતા હૂં**.' વારી જાઉં, ભાઈ! આહા..હા..! ધન્ય અવતાર તારા! જુઓ, પોતે તો મુનિ આચાર્ય છે, પણ એને મહિમા આનો છે. કોઈ આચાર્ય અને મુનિઓ થયા અને બહારમાં આબરૂ વધી ગઈ, શિષ્યો વધી ગયા, રાજા, મહારાજા માનનારા થઈ ગયા માટે મોટા છે. એમને એ મોટપ દૃષ્ટિમાં છે નહિ. આહા..હા..! અથવા લાખો માણસમાં વ્યાખ્યાન કરતા આવડે, લોકો આમ રાજી થાય માટે મોટા. કહે ના. અમને એ મોટા નથી લાગતા. આહા..હા..! એને અમે બલિહારી જઈએ છીએ, વારી જઈએ છીએ. જે આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ અને વાણી તો ક્યાંય રહી ગઈ. એનાથી રહિત પોતાની સ્વસંવેદનજ્ઞાનમાં ધ્યાન કરીને ટકે છે એને અમે બલિહારી જઈએ છીએ. આહા..હા..! એની અમે પ્રશંસા (કરીએ છીએ), ધર્માનુરાગ દ્વારા અમને એની પ્રશંસા આવે છે. છે તો વિકલ્પ ધર્માનુરાગ, પણ અમને વિકલ્પ દ્વારા પણ આવી પ્રશંસા હોય છે. બીજી અમારે પ્રશંસા હૃદયમાં આવતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એવા હજારો રાજા સાથે દીક્ષા લીધી અને એક જણાએ એકલા દીક્ષા લીધી. હજારોએ લીધી માટે મોટો કહેવાય. ના. અમે કોઈ કહેતા નથી. અમે તો આત્માના અંદરના આત્મજ્ઞાન દર્શનમય પરમકળા દ્વારા અંદર આત્માના આનંદનો યોગ સાધે છે સ્થિરતા, બસ! એને અમે મોટા પ્રશંસા કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? સભાને રંજન કરતા આવડે, બોલતા આવડે, આમ બરાબર શ્લોકો બોલે, આમ દેશી રાગ વસંત... શું કહેવાય? વસંતતિલકા. એક ફેરી વસંત માલતી જેવું થઈ ગયું હતું. વસંત માલતીની દવા છેને. વસંતતિલકા આવે છેને. શું હશે? આહા..હા..! 'ભક્તામર પ્રણત મૌલી મલી પ્રભાણાં' આમ જાણે.. ઓલો શાર્દુલ.. વ્યાખ્યા છેને એ? શાર્દુલ. કહે છે કે એ કાંઈ કળા (નથી), એ તો કંઠની કળા એ જડની. અમને એનું માહાત્મ્ય છે નહિ. આહા..હા..!

આ કળા જે ભગવાન આત્માના પરમ આનંદનો જે કળા દ્વારા આસ્વાદ લેવાય એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. એ આત્માના આનંદના સ્વાદમાં ત્રણે સમાય. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ સિવાય બાકી કોઈ .. ભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા નથી. વ્યવહારચારિત્રથી રહિત અહીં તો કહી દીધું. શુભ પરિણામ રહિત એટલે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી રહિત એવા આત્મસ્વાદને આત્મજ્ઞાનમય કળા દ્વારા આસ્વાદે છે એને અમે વારી જઈએ છીએ. અને તે જ કરવા જેવું જગતને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઐસે શ્રી યોગીન્દ્રદેવ અપના અંતરંગકા ધર્માનુરાગ પ્રગટ કરતે હૈં,...'** જુઓ, **'ઔર પરમ યોગીશ્વરોંકે પરમ સ્વસંવેદનજ્ઞાન સહિત મહા સમરસીભાવ હૈ.'** હવે કહે છે કે સમરસીભાવ કોને હોય? આવા યોગીને વીતરાગભાવ સમરસ હોય. આમ સમતા-સમતા વાતું કરે. બહુ સમતા. લાકડીયું મારે તોપણ ક્રોધ ન કરે. એવી સમતા-ફમતા નહિ એમ કહે છે. એ સમતાની વ્યાખ્યા જ નથી. સમતાની વ્યાખ્યા એ છે કે પૂર્ણાનંદ પ્રભુ એના તરફ પરમકળા દ્વારા રાગરહિત આત્માનું વેદન, વીતરાગભાવ એને સમતા કહેવામાં આવે છે. આ દુનિયામાં અત્યારે નથી ઓલા? રાજ માટે મરે છે નહિ આ રાજ માટે? શું કહેવાય આ? સત્યાગ્રહ. સત્યાગ્રહ માટે મરે. આહા..હા..! ભારે સમતા! એ સમતા-બમતા નથી. સમતાની વ્યાખ્યા બીજી ભગવાનના ઘરમાં છે.

મુમુક્ષુ :- શહીદ થાય.

ઉત્તર :- શહીદ થાય. એ જ કહું છુંને. એવા ઘણા જોયા છેને. એક છોકરો મરતા-મરતા બોલતો હતો. અમરેલીમાં હતો. પ્રેમચંદભાઈના મામાનો દીકરો. અમે તો બધા ઘણા જોયા છેને. હું ત્યાં જઈ આવ્યો. મરતા એવું બોલતો હતો આમ કરો... આમ કરો... આમ કરો... એય..! આમ કરો. આ પ્રેમચંદભાઈનો મામાનો દીકરો છે. મરતા... અને તેથી કહ્યું.. માથે લાકડીયું પડે તોપણ (કાંઈ નહિ). એ સમતાની વ્યાખ્યા જ નથી. ભગવાન એને સમરસ, સમભાવ, સમતા કહે છે કે જેને પુણ્ય-પાપના વિકલ્પના રાગ વિનાનો ભગવાન આત્મા એને આત્મજ્ઞાનમયી દૃષ્ટિથી સમભાવમાં પરિણમન કરે છે એને અમે સમરસભાવ, સમતા કહીએ છીએ. આ વ્યાખ્યા ભગવાનના ઘરની છે. દુનિયા પોતાની કલ્પનાથી સમતા માની લે કે આહા..હા..! ભારે કરે છે, આવું કરે છે. બધા મીંડા છે. સમજાણું? લોક માટે, દેશ માટે મરી જાય છેને? સમતા કહેવાતી હશે કે નહિ એ? નહિ? વલ્લભદાસભાઈ!

**'પરમ યોગીશ્વરોંકે પરમ સ્વસંવેદનજ્ઞાન સહિત મહા સમરસીભાવ હૈ.'** દેખો, ... એમ કહે છે. બે વિશેષ પરમ છેને. ચોથાથી આગળ વધે છે એમ. નહિતર તો પાઠમાં એકલું પરમકળા લીધી છે. સમજાણું કાંઈ? **'वीतरागपरमाह्लादसुखेन परमसमरसीभावम्'** પાઠ એટલો કર્યો છે. **'वीतरागपरमाह्लादसुखेन परमसमरसीभावम्'** પરમ શબ્દ પડ્યો છે ખરોને. ચોથે ગુણસ્થાને.. આ તો મુનિની વાત છેને. ચોથે એને સમભાવ છે, જેટલો અનુભવ પ્રગટ્યો છે અનંતાનુબંધી રહિત એટલો સમભાવ છે. શ્રાવકને અપ્રત્યાખ્યાનાવરણીય રહિત શાંતિ, સમ્યક્ અનુભવ સહિત પ્રગટી એટલી શાંતિ છે. મુનિને તો પરમસમરસીભાવ (છે) એમ કહે છે. આહા..! પરમસંવિત્તિ પણ ઉત્કૃષ્ટ છે અને ભાવ વીતરાગપણું પણ મુનિને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને મહામુનિ જેણે પરથી રહિત થઈ, સ્વથી સહિત થઈ, પરથી રહિત થઈ અને

સ્વથી સહિત થઈ ભગવાન પૂર્ણાનંદનો નાથ એને અંતર એકાગ્ર થઈ વેદે છે, આત્માના સમરસની સમતાનો અમૃતનો અનુભવ કરે છે. યોગીશ્વર પોતે કહે છે બલિ જાઉં છું તારી ... રાજમલજી! આહા..હા..! હવે અહીં તો બહારની તકરાર આડે નવરો નથી થાતો. આ કર્યું ને આ વ્રત પાળ્યા, આ મેં કર્યું. હવે મૂકને. એ તો વિકલ્પો છે. ત્યાં ક્યાં વ્રત-ફ્રત હતો? કેમ શીખરચંદજી?

'**સમરસીભાવકા લક્ષણ ઐસા હૈ, કિ જિનકે ઇંદ્ર ઔર કીટ દોનોં સમાન,...**' અથવા જેને શુભાશુભ પરિણામ પણ જ્યાં એકરૂપ બંધના કારણ ભાસે છે એને શુભાશુભ પરિણામના ફળ પણ બધા સરખા ભાસે છે. ફળ. ઈન્દ્ર એ શુભ પરિણામનું ફળ, કીડો એ અશુભનું ફળ. જેને શુભાશુભ પરિણામનું જ જ્યાં નિરર્થકપણું ભાસ્યું છે એના ફળનું પણ જેને નિરર્થકપણું ભાસે છે. કહો, સમજાણું કાંઈ? રાજા મોટા શેઠિયાઓ, પાંચ-પાંચ કરોડની પેદાશ. ભાઈ! ધર્મ તો ધનને આધારે રહે. ધનવંતો ઓલા હોય તો ધર્મમાં મદદ કરે, પૈસા આપે. ગરીબ માણસ ક્યાંથી આપતા હશે? માટે ધર્મ ધનને આધારે રહે. સાચી વાત હશે? ધનને આધારે ધર્મ-ફર્મ નથી. એય..! છોટાભાઈ! એ ઘણા વર્ષ પહેલા કીધુંને ૮૧માં ઓલા ડગલી-ડગલી હતાને. લીંબડી. કેશવલાલભાઈ હતા. કેવા? મોહનભાઈ મોહનભાઈ. પૈસા આપેલા ઓલાને કાંઈક. પછી અહીં વ્યાખ્યાનમાં આવે. અમારી પાસે તો તત્ત્વની અમુક વાત હોય. પૈસા-બૈસાવાળાની કાંઈ વાત ન હોય. એટલે આવ્યા ખાનગી. મહારાજ! આ પૈસાવાળાનું ધર્મમાં કાંઈ સ્થાન ખરું કે નહિ? કીધું ના. પણ, કહે, આ પૈસાવાળા પચાસ-પચાસ હજાર આપે, લાખ-લાખ આપે તો પાઠશાળાઓ થાય, વિદ્યાશાળાઓ થાય, અપાસરા થાય, આ બધા મંદિરો થાય એમાં કાંઈ એનો ભાગ નહિ? કીધું, કાંઈ ભાગ નહિ, સાંભળને. પૈસાવાળાનો ભાગ કેવો? વલ્લભદાસભાઈ!

અહીં તો પૈસા, પૈસાનો ભાવ એ પાપ. અને પૂર્વે પુણ્ય કરેલા એનું મળેલું એ બેય પુણ્ય-પાપરહિત ભગવાન આત્મા છે. એની જેણે દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા કરી તો એની મહત્તા અને એની કિંમત છે. બાકી કોઈની કિંમત-ફિંમત છે નહિ. ગરીબ બહારમાં દેખાતો હોય આઠ વર્ષનો બાળક વાંઢો એટલે કોઈ મા-બાપ ન હોય, કુટુંબ ન હોય, કાળુંમશ શરીર હોય. આઠ વર્ષનો બાળક. તોપણ આત્માની દૃષ્ટિ અને આત્મજ્ઞાન થયું છે અને પુણ્ય-પાપરહિત આત્માની કળા ખીલી છે. તો એ કરોડો-અબજો પતિઓના .. એનાથી એ મહા ઉંચો છે. એનાથી ઉંચો કહ્યો તો ઓલાની કિંમત કાંઈક થાય એ પણ છે નહિ. જાત જ જુદી છે. આઠ વર્ષનો બાળક હોય, હરિજન હોય, પણ જો આત્મજ્ઞાન પુણ્ય-પાપના રાગરહિત ચિદાનંદમૂર્તિ પ્રભુ છે, એવી દૃષ્ટિ અને કળા ખીલી છે, રાજા, મહારાજા બધા એની પાસે સ્થૂળ છે કહે છે. એની કિંમત છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શેના તોલો? એ તો પહેલી વાત કરી. મગજમાં રાખી હતી. એનાથી આ મોટો છે એટલે એ કાંઈ થોડો મોટો છે એમ છે? સમજાણું કાંઈ? આહા..હા..! આત્મધનની સંપદા, લક્ષ્મી એની કિંમત છે કે બહારની કિંમત છે? સાતમી નરકનો નારકી સમકિતી અને અહીંયા મોટા ચક્રવર્તી બ્રહ્મદત્ત મિથ્યાદૃષ્ટિ બધા તુચ્છપદના ધણી, હલકી પદના ધણી. ઓલો મહાન કેવળજ્ઞાનપદનો ધણી છે એમ છે. સમજાણું કાંઈ? ત્યાં એમ ન આવ્યું હોં કે બહુ વાંચતા આવડે તો મોટો કહેવાય, હજારો માણસ એને વંદન કરે તો મોટો કહેવાય. બહુ શાસ્ત્રો કંઠસ્થ કર્યા હોય અને પાણીના પૂરની પેઠે શાસ્ત્ર વાંચતો હોય તો મોટો કહેવાય. ભગવાન અતીન્દ્રિય આનંદની તો મુર્તિ પ્રભુ છે. એને વીતરાગ આનંદ અને રાગરહિત એકાકાર થઈને આનંદનું ધ્યાન કરે તેની અમે પ્રશંસા કરીએ છીએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બાદ કરવાનું ઘણું એમ કહે છે. કાઢી નાખવાનું ઘણું. લાખના કાચના કટકામાં એક હીરો પડ્યો હોય. કટકા કહતે હૈ ન? કાચના ટૂકડા. એક હીરો પડ્યો હોય તો કાઢવું શું કરવા? એક ઉપાડી લેવો. .. એમ પુણ્ય-પાપ, પુણ્ય-પાપના ફળ બધા કાચના ટૂકડા છે. ભગવાન હીરો અંદર ચિદાનંદમૂર્તિ આનંદકંદ વીતરાગ સર્વજ્ઞ સ્વભાવે ભરેલો છે. એની દૃષ્ટિ અને એનું જ્ઞાન અને સ્થિરતા ઉપાડે, બધું પડ્યું રહ્યું એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આ તો પરમાત્મપ્રકાશ છેને. માખણની વાતું એકલી કરી છે. અથવા જુઓ!

'**ચિંતામણિરત્ન ઔર કંકડ દોનોં સમાન હોં.**' ઠીક! ચિંતામણિ રત્ન. આમ હાથ લઈને ચિંતવે કે લાખ બંગલા થાઓ, તો તરત થઈ જાય. ચિંતામણિ રત્ન. લાખ બંગલા કહે તો થઈ જાય. કરોડ દ્વારકા થઈ જાઓ. કરોડ દ્વારકા. સોનાના ગઢ અને મણિરત્નના કાંગરા. એવો વાર્તામાં .. શાસ્ત્રમાં દ્વારકા. સોનાના ગઢ અને મણિરત્નના કાંગરા. હાથમાં ચિંતામણિ (રાખીને) કે આવું બને. બની જાય દ્વારકા. શું છે પણ? કહે છે. એ ચિંતામણિરત્ન અને કાંકરો એકલો કે જેની પાઈની કિંમત ન મળે અને એની ઈચ્છા કર્યે કાંઈ ન મળે. એ કાંકરો અને ચિંતામણિ રત્ન બેય સરખા છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં નથી આવ્યું?

રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ,
સરસ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો.
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

...ભાઈ! કાંઈ કિંમત રજકણની સર્વાર્થસિદ્ધિની ન રહી. સર્વાર્થસિદ્ધના ભાવની પણ ન રહી. જે ભાવે સર્વાર્થસિદ્ધપણું મળે એની કિંમત જ્ઞાનીને કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

અરે ભાઈ! ધર્મરત્નને લેવો મહા મોંઘી કિંમત કરવી પડે એવી છે. એક હીરો પણ લેવા જાય તો એના પ્રમાણમાં કિંમત ભરવી પડે. આ તો ચૈતન્ય રત્ન મહા અનંતગુણનો રત્નાકર સાગર ભગવાન આત્મા એનાથી મોટું દુનિયામાં કોઈ નહિ. ભગવાન મોટા તો એ એના ઘરના. સમજાણું કાંઈ? આ ઘરના મોટા કોઈ નહિ. આહા..હા..! એવો સમરસીભાવ. સમજાય છે? એવા સ્વસંવેદનજ્ઞાન સહિત સમરસીભાવ છે. જ્ઞાન સાથે વીતરાગભાવ લીધો. સ્વસંવેદનજ્ઞાન છે અને એને આવો સમભાવ છે એમ. બે જ્ઞાન અને ચારિત્ર એમ. એવા મુનિઓને અમે બલિહારી લઈએ છીએ. શિષ્યની વાત કરે છે. નીચે ચોથે ગુણસ્થાનના પ્રમાણમાં જ્ઞાન અને રાગ રહિત હોય, પાંચમાના પ્રમાણમાં ક્ષયોપશમ અને જ્ઞાન અને રાગ રહિત રહે. છઠ્ઠે એના પ્રમાણમાં.. વીતરાગભાવ સહિત સમરસભાવ હોય.

**'અથવા જ્ઞાનાદિ ગુણ ઔર ગુણી નિજ શુદ્ધાત્મ દ્રવ્ય ઈન દોનોંકા એકીભાવરૂપ પરિણમન વહ સમરસીભાવ હૈ,...'** શું કહેવું છે? કે ભગવાન આત્મા પરમ વીતરાગસ્વરૂપે ચૈતન્ય પદાર્થ છે. એની વર્તમાન પર્યાય, ગુણ એટલે પર્યાય. ગુણ-ગુણીના એક ભાવનો અર્થ, ગુણ ગુણી તો એક છે જ, પણ વાત તો એમ લીધી છે કે **'જ્ઞાનાદિ ગુણ ઔર ગુણી...'** એનો અર્થ કે ગુણ અને ગુણી તો એક જ છે, પણ વર્તમાન પર્યાયને પર્યાયવાન સાથે એકત્વ કરવું... એ પર્યાયને રાગ સાથે એકત્વ કરે એ સંસાર છે. એ પર્યાયને પર્યાયવાન ગુણી સાથે ગુણને, ગુણ એટલે પર્યાય, એ પર્યાયને ગુણી સાથે એકત્વ કરવો એનું નામ સમભાવ છે. એ પર્યાયને રાગ સાથે એકત્વ કરે એ વિષમભાવ અને મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

જ્ઞાનની પર્યાયને રાગ સાથે એકત્વ માનવું એ મિથ્યાત્વરૂપી વિષમભાવ છે. જે જ્ઞાનની પર્યાયને વીતરાગ પરમ.. આત્મા પર્યાયવાન દ્રવ્ય એની સાથે એકાકાર... એ કહે છે જુઓ. **'જ્ઞાનાદિ ગુણ...'** એટલે પર્યાય **'ઔર ગુણી નિજ શુદ્ધાત્મ દ્રવ્ય ઈન દોનોંકા એકીભાવરૂપ પરિણમન...'** એકરૂપ અભેદ પરિણમન જ્ઞાનની પર્યાયને પર્યાયવાનની કિંમતમાં લગાડતા જે વીતરાગી પરિણમન થાય એને સમરસીભાવ કહેવામાં આવે છે. અરે! સમતાની વ્યાખ્યા આવી છે. કેટલાક તો એવા સાધારણ માણસ હોય કે પ્રકૃતિ એવી .. ઓહો..હો..! બહુ સમતા. એવી સમતા નહિ. ઘણાની તો પ્રકૃતિનો એવો સ્વભાવ હોય. સાધારણ ઓછું બોલે, આમ બોલે. એથી કાંઈ સમરસી સમતા છે એમ છે નહિ.

અહીં તો વિકલ્પ વિનાની આખી ચીજ એવો ભગવાન આત્મા એના વર્તમાન પર્યાયથી

ગુણથી ગુણીને એકાકાર કરવો એવો જે ભાવ તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમરસભાવ કહેવામાં આવે છે. આહા..હા..! હજી તો .. શું કરવી? આમ રાગનો વિકલ્પ સાથે એકત્વ કરવું ગુણમાં. ગુણ એટલે પર્યાયમાં. મિથ્યાત્વભાવ, વિષમભાવ, સંસારભાવ, પાખંડભાવ, અજ્ઞાન. ભગવાન આત્મા એના અંતરના મૂળ વીતરાગી સ્વભાવ સન્મુખ વર્તમાન પર્યાયને એકાકાર કરવી, બસ એનું નામ સમરસીભાવ છે. એનું નામ સમતા અને એનું નામ વીતરાગભાવ છે. આમ તો બધા ઘણા કહે વીતરાગ-વીતરાગ કરે. એમ વીતરાગ ન ચાલે. રાગ અને પુણ્યરહિત એવો પ્રભુ ભગવાન એનું સ્વરૂપ તો કાયમ છે. એની વર્તમાનદશાને એમાં એકાકાર કરીને વિષમતા ટળીને સમતા થાય એ દશાને ભગવાન સમરસીસમતા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી સત્ય વાત પણ જ્યાં કાને પડે નહિ અને બહારમાં થોથામાં માનીને બેસે કે આ કર્યું. અમે કામ કરતાં-કરતાં આગળ વધી ગયા છીએ. વધ્યા છીએ. ધૂળમાંય વધ્યા નથી, સાંભળને. પાપમાં વધ્યા છે. એ રાગની મંદતાના ભાવથી આગળ વધ્યા એટલે જાણે અમે કાંઈક વધ્યા છીએ. અને ઓલો જો ..માં સમકિતી પડ્યો હોય. ઓહો..હો..! બાયડી, છોકરા, કુટુંબ, ભોગ, ધંધો ત્યાં વધ્યા. .. અમે રાગ ઘટાડી દીધો અને અમે વધી ગયા છીએ. મિથ્યાત્વમાં વધ્યા છો સાંભળને. સમજાણું કાંઈ? જ્યાં અંદર રાગની મંદતાની પણ કિંમતું થઈ એને ભગવાન આત્માની કિંમત નથી. એક મ્યાનમાં બે નહિ સમાય.

વીતરાગ કહે છે, પ્રભુ! એ વીતરાગતા આવી ક્યાંથી? બહારથી આવી છે? લટકતી હતી ક્યાંય? સર્વજ્ઞ વતીરાગી વિજ્ઞાન, વીતરાગી વિજ્ઞાન પર્યાય પ્રગટી એ આવી ક્યાંથી? સરવાર્થસિદ્ધમાંથી આવે છે. પૂર્વની પર્યાયમાંથી આવે છે? રાગમાંથી આવે છે? નિમિત્તમાં, શરીરના બળથી આવે છે? ... વીતરાગ વિજ્ઞાનતા આવે છે? એ વીતરાગ વિજ્ઞાનની પર્યાય ત્રિકાળ ભગવાન આત્મામાંથી આવે છે. જાદવલાલજી! એની તો જેને માહાત્મ્ય નથી, એની જેને દૃષ્ટિ નથી, એની જ્યાં ખબર નથી, ત્યાં વીતરાગતા આવે ક્યાંથી? એટલે આચાર્ય જરી ખુલાસો કરે છે કે ગુણ-ગુણીનું એકરૂપ પરિણમન. એટલે? .. ભગવાન એની પર્યાયમાં વિકાર સાથે એકપણું હતું. એ મિથ્યાત્વ વિષમભાવ હતો. શ્રદ્ધા વિપરીત, જ્ઞાન ખોટું, અસ્થિરતા પણ વિપરીત. અસ્થિરતા એટલે .. એ જ્ઞાનનું ગુણી સાથે એકત્વ કરતાં, જે એકત્વ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય એને સમરસ અને સમતા કહેવાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ક્યો? ચારિત્ર? અસ્થિરતા કીધીને. સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાનની દૃષ્ટિ થઈને એમાં રહ્યું અંતર એકાકાર એ ચારિત્ર. છ કાયની મંદતાનો રાગ છે એ ચારિત્ર છે જ નહિ. મિથ્યાદૃષ્ટિને કોઈ મંદ ચારિત્ર નથી, પણ સમ્યગ્દૃષ્ટિને મંદ કષાય એ ચારિત્ર નથી. સમજાણું

કાંઈ? આહા..હા..!

'ઉસકર સહિત હૈં,...' દેખો, જોયું! '**પરિણમન વહ સમરસીભાવ હૈ, ઉસકર સહિત હૈં, જિનકે પુણ્ય-પાપ દોનોં હી નહીં હૈં.**' વીતરાગ સમભાવ વિશેષ છેને? મુનિની દશાની વાત છેને? એમ છઠ્ઠે ગુણસ્થાને પણ પુણ્ય-પાપ છે પણ એમાં દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં પુણ્ય-પાપ નથી. અસ્થિરતાના ભાગમાં છે, પણ દૃષ્ટિમાં અને દૃષ્ટિના વિષયમાં પુણ્ય-પાપ નથી સમકિતીને. અસ્થિરતાનો પુણ્ય-પાપ ભાવ છે. મુનિને તો એ પણ પુણ્ય-પાપની અસ્થિરતા છૂટીને સ્થિર થઈ ગયો છે, માટે એને પુણ્ય-પાપ સ્થિરતામાં પણ છે નહિ. સમજાણું કાંઈ?

'**યે દોનોં શુદ્ધ, બુદ્ધ ચૈતન્ય સ્વભાવ પરમાત્માસે ભિન્ન હૈં,...**' ભગવાન આત્મા એકલો શુદ્ધ નિર્મળ. બુદ્ધ એટલે એકલો જ્ઞાનનો પિંડલો પ્રભુ. જ્ઞાનનો પિંડલો. સમજાણું? .. પેંડા યાદ રહે. માવો લ્યો એકલો. એ માવો અંદરમાંથી આ. અહીં તો હું દાખલો વળી ઓલો આપતો હતો. બાયું લોટ નથી બાંધતી? પહેલા દશ શેર, ઘર મોટું હોય લોટ બાંધે પાંચ શેર, સાત શેર. આઠ-દશ માણસ બહાર હોય તો. કેળવે તેલ નાખીને સરખું કરીને માથે તેલ ચોપડીને .. સુકાઈ જાય. ઉપરનો ભાગ સુકાઈ જાય. પછી હળવે-હળવે એક-એક લોટે રોટલી વણે. લોટને શું કહેવાય? ગોરણું-ગોરણું. ગોરણું કહેને એને. એ કેળવીને સરખું કરીને મૂકે અને પછી માથે તેલ ચોપડે. ઓલી શું કહેવાય લાકડાની? કથરોટ. ભૂલી જાઈએ નામ બધા. એનાથી લઈને કરે. .. હોય તો એ તો બધી રોટલીને ભેગી કરી .. વચમાં થોડો લોટ નાખે. સુકો સહેજ. બે એક ન થઈ જાય. ઉપલો ભાગ અને નીચલો ભાગ એકમેક ન થઈ જાય એટલે વાળતા અંદર લોટ થોડો નાખે જરી. જોયું છે? જોયેલું છે અહીં તો બધાનું. આપણે ક્યાં? પછી ઓલું લૂગડું મૂકે આમ-આમ. શું કહેવાય? આમ મૂકે ત્યારે ઓલો દડો થાય. એમાં પવન ભરાવો જોઈએને અંદર. પવન ભરાયા વિના દડો શી રીતે થાય? એમ અહીંયા રાગ અને પુણ્યના વિકલ્પથી ભગવાનને ભિન્ન-જુદો રાખી બેની વચ્ચે માથું માર્યું છે, (જુદું) કર. પુણ્ય અને પાપ જુદાં રહી ગયા, એક ભગવાન રહી ગયો જુદો. એવી દૃષ્ટિમાં જેણે કેળવ્યો છે. એની સમય સમયમાં નિર્મળ પર્યાયને ગોરણું વળીને રોટલી થાય છે. આહા..હા..! એવી વાત.

'**યે દોનોં શુદ્ધ, બુદ્ધ ચૈતન્ય સ્વભાવ પરમાત્માસે ભિન્ન હૈં, સો જિન મુનિયોંને દોનોંકો હેય સમજ લિયા હૈ,...**' અહીં તો સમજ લિયા હૈ એ તો ચોથે ગુણસ્થાને સમજ લિયા હૈ. પણ અહીં તો દોનોંમેં અસ્થિર છોડીને સ્થિરતા કરી નાખી છે. '**પરમધ્યાનમેં આરૂઢ હૈં,...**' એ મહા આત્માના આનંદના રસમાં તરબોળ છે. 'માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા તે દાઝે જોને. માહી પડ્યા તે મહાસુખ માણે.' એ આનંદના કંદમાં પડ્યો હોય અંદર. પેટમાં ભૂખ હોય, .. શરીર હોય. પણ અંદરમાં પડ્યો છે આત્માના ધ્યાનમાં 'માહી પડ્યો

તે મહાસુખ માણે, દેખનારા તે દાઝે જોને.' ... હવે સાંભળને. એ મોક્ષમાં જાશે અને તું જાઈશ નરકમાં. ઓલા હાથીના ઉપર બેઠો હોય મોટા સોનાના, મણિરત્નની અંબાડી હોયને. અંબાડી હોયને મણિરત્નની? આમ ખમ્મા-ખમ્મા અન્નદાતા. બે બાજુ ચામર ઢળાતા હોય અને ઓલો બાવળ નીચે બેઠો હોય. ખમ્મા અન્નદાતા નરકમાં જવાની તૈયારીવાળા. ઓલાને ખમ્મા કરનારો કોઈ બહાર નથી. અંદરમાં ખમ્મા પ્રભુ! તારા પૂર્ણાનંદની દશામાં. એમાં એક પણ ખંડ ન થાય, ધ્યાનમાં મસ્ત છે, અલ્પકાળમાં પરમાત્મા થઈ જશે. નોકારમાં એનું ધ્યાન કરશે લોકો. સમજાણું કાંઈ? અહીં કહે છે એવા પરમાત્મા પરમ ધામમાં આરૂઢ જે થાય પરમાત્મસ્વરૂપાં. **'ઉનકી મૈં બાર બાર બલિહારી જાતા હૂં.'** ઓહો..હો..! એક-એક શ્લોકે માખણના પિંડલા વણ્યા છે એકલા. **'આગે ફિર ભી યોગીશ્વરોંકી પ્રશંસા કરતે હૈં—'** ૧૬૦.

**૨૯૧) उव्वस वसिया जो करइ वसिया करइ जु सुण्णु।**
**बलि किज्जउँ तसु जोइयहिँ जासु ण पाउ ण पुण्णु।।१६०।।**

**'જો ઊજડ હૈં,...'** એ ઉજ્જડને વસ્તી વસાવે છે. એ ઉજ્જડમાં વસ્તી વસાવે છે. ઉજ્જડ એટલે? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એનો શુદ્ધ ઉપયોગ એની પર્યાયમાં નહોતો. એની પર્યાયમાં પુણ્ય અને પાપના વિકાર હતા. એમાં આત્મા એની પર્યાયમાં ઉજ્જડ હતો. ઉજ્જડ સમજતે હૈ? ... અરે! આત્માની પ્રજા વિનાનો આત્મા હતો. પુણ્ય અને પાપના વિકલ્પો એ આત્માની પ્રજા નથી. એ આત્માની વસ્તુ નથી. એ આત્મા ભગવાન અખંડાનંદ પ્રભુ વીતરાગી સમરસીનું તત્ત્વ, એની પર્યાયમાં પોતાની પ્રજા વિનાની વસ્તી વિનાનો હતો. એણે ઉજ્જડને વસ્તી બનાવી. કોકનું જ્ઞાનાનંદમાં શુદ્ધ ઉપયોગ કર્યો. આ શુદ્ધ ઉપયોગ કર્યો એ એની વસ્તી કહેવાય છે. આ ઉજ્જડને વસ્તુવાળો કર્યો. સમજાણું કાંઈ? ભાષા મારે એક-એક ગાથા ફેરે ન્યાય પણ ફરે છે. વાતું તો એવી ને એવી છે. કે આ એને વસ્તી નહોતી એમ કહેવું છે. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ વીતરાગીઘન હોવા છતાં એની પ્રજા નહોતી, પર્યાય એની પ્રજા નહોતી. એની વસ્તી નહોતી. પુણ્ય-પાપની વસ્તી એ આત્માની વસ્તી નહિ.

**'ઐસે શુદ્ધોપયોગરૂપ પરિણામોંકો...'** દેખો, **'સ્વસંવેદનજ્ઞાનકે બલસે બસાતા હૈ,...'** કેવી શૈલી લીધી છે? એના તો ન્યાય કે ભગવાન! તારી પર્યાયમાં આ નવમી ગ્રૈવેયક જવાના ભાવ શુદ્ધ થાય, તોપણ એ તારી વસ્તી નથી. તારી પર્યાય તો વસ્તી વિનાની ઉજ્જડ છે. આહા..હા..! એ પંચ મહાવ્રતના પરિણામ પણ વસ્તી વિનાના ઉજ્જડ. એ વસ્તી તારી નહિ. આહા..હા..! તારી વસ્તી તો આત્મા તરફની દૃષ્ટિ કરીને શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગનો વેપાર એ તારી પ્રજા, એ તારી પ્રજા અને એ તારી વસ્તી. એ ઉજ્જડને વસ્તી કરી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૩, સોમવાર, તા. ૨૬-૦૭-૬૫**
**ગાથા-૧૬૦-૧૬૧, પ્રવચન-૧૮૦**

૧૬૦ ગાથા ચાલે છે. પરમાત્મપ્રકાશ, બીજો ભાગ છે. ઉજ્જડને વસ્તી કરે અને વસ્તીને શૂન્ય કરે. એ ગાથા આવી છે. '**જો પ્રગટરૂપ નહીં** બસતે હૈં,...' એટલે? આ આત્મામાં અંતર જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ પરિપૂર્ણ પડ્યો છે. એને જેણે પર્યાયમાં પ્રગટ કર્યો નથી એની પર્યાય ઉજ્જડ છે. ઉજ્જડ વપરાય છેને હિન્દીમાં? ઉજ્જડ. જંગલ ખાલી-ખાલી. જુઓ! આચાર્ય મહારાજ ગાથા ફેરવતા ન્યાય ફેરવે છે જરી જરી થોડો. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અંતર જ્ઞાન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર, સ્વચ્છતા, વિભૂતા, પ્રભુતા એવી અનંત શક્તિઓ તો અંદર શક્તિ સત્ત્વરૂપે છે. એને જેણે વર્તમાન પર્યાયમાં—અવસ્થામાં પ્રગટ કર્યા નથી એની પર્યાય પોતાની પર્યાયથી ઉજ્જડ છે. સમજાણું કાંઈ? જે પુણ્ય અને પાપની પર્યાય છે, મિથ્યાત્વ રાગ-દ્વેષની પર્યાય એ આત્માની પર્યાય નથી. એ શુદ્ધ પર્યાય તે આત્માની છે, અશુદ્ધ પર્યાય એ આત્માની નથી. કેમકે એ આસ્રવતત્ત્વ, મલિનતત્ત્વ છે. એ આત્માની પ્રજા નહિ. આહા..હા..!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણરૂપ સ્વરૂપ શુદ્ધ, જ્ઞાન આનંદથી તો ભરેલો છે. કોણ? '**પ્રગટરૂપ નહીં** બસતે હૈં,...' પણ પર્યાયમાં જે શુદ્ધતાના ગુણો પડ્યા છે એની વર્તમાન પર્યાયમાં પ્રગટરૂપ નિર્મળ અવસ્થા નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માની નિર્મળ અવસ્થા છે, એ શુદ્ધ પરિણતિ છે. એ આત્માની પર્યાય નામ પ્રજા અને વસ્તી છે. એ અનાદિથી પર્યાય પોતાની ખાલી છે, ઉજ્જડ છે. '**પ્રગટરૂપ નહીં** બસતે હૈં,...' સમજાણું કાંઈ? એ તો પહેલો '**उव्वस**' શબ્દ છેને? '**उव्वस**' એટલે ઉજ્જડ. ઉજ્જડ છે એનો અર્થ કર્યો. આત્માની વર્તમાન પર્યાય ઉજ્જડ છે. ઉજ્જડ છે એટલે? જંગલ છે. જંગલ એટલે? ખાલી છે. ખાલી એટલે? પોતાનો શુદ્ધ સ્વભાવ પવિત્ર એની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિની દશાનો અભાવ એને અહીંયાં જંગલ અને ઉજ્જડ કહેવામાં આવે છે.

'**અનાદિકાલસે ચિદાનંદસ્વરૂપ શુદ્ધાત્માનુભૂતિરૂપ શુદ્ધોપયોગ પરિણામ...**' દેખો, '**ઉનકો અબ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે** બલસે બસાતા હૈ,...' 'બસતા હૈ' શબ્દ પડ્યો છે. અનાદિકાળનો પર્યાય પ્રગટ નથી એને વીતરાગ, રાગ વિના પોતાનું ચિદાનંદસ્વરૂપ, એની

અંદર દૃષ્ટિ, શ્રદ્ધાનું પરિણમન કરી, એનું રાગથી ભેદજ્ઞાન અને આત્માનું સ્વસંવેદનજ્ઞાન પર્યાયમાં કરી અને સ્વરૂપમાં શાંતિ આદિની સ્થિરતા પ્રગટ કરે એને વીતરાગ '**ચિદાનંદસ્વરૂપ શુદ્ધાત્માનુભૂતિરૂપ...**' એને શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ '**શુદ્ધોપયોગ પરિણામ...**' એ શુદ્ધોપયોગરૂપી પરિણતિ એ આત્માની વસ્તી વસાવે છે. સમજાય છે કાંઈ? આચાર્યની શૈલી જ કોઈ બીજી ઢબની છે. ભાઈ! તારી પરિણતિ, રાગ-દ્વેષ વિકાર, શુભાશુભ એ કાંઈ તારી પરિણતિ નથી. તારી પરિણતિ તો નિર્મળ સ્વભાવ એવી પરિણતિ હોય તો એ તારી પરિણતિ અને પ્રજા કહેવાય. સમજાણું કાંઈ?

પરમાત્મપુરાણમાં દીપચંદજીએ લીધું છે કે અભવિને જ્ઞાનની પરિણતિ જ નથી, અભવિને જ્ઞાનની પરિણતિ જ નથી. કેમકે જ્ઞાનની પરિણતિ એને કહીએ કે સ્વજ્ઞાનની દૃષ્ટિ કરીને શુદ્ધ સ્વભાવની રુચિનું પરિણમન કરી જે નિર્મળ જ્ઞાનની દશાઓ થાય સ્વજ્ઞેય કરીને, એ પરિણતિને જ જ્ઞાનની પરિણતિ કહેવામાં આવે છે. જે જ્ઞાનની પરિણતિ એકલા પરને જાણવાનું કામ કરે અને સ્વને જાણવાનું કામ ન કરે એ પરિણતિને જ્ઞાન પરિણતિ, સ્વની પરિણતિ, સ્વની પર્યાય કહેવામાં આવતી નથી. ભારે વાત ભાઈ! આ છોકરાઓ થાય તો તે આત્માની પ્રજા ખરી કે નહિ? અહીં તો કહે છે કે છોકરા પણ તારી પ્રજા નહિ, કર્મ તારી પ્રજા નહિ, શરીર તારી પર્યાય નહિ. પ્રજા કહો કે પર્યાય કહો. આ મિથ્યા ભ્રમણા, પુણ્ય-પાપ જેટલો હું, પરના કાર્ય કરું એવી ભ્રમણા અને રાગ અને દ્વેષરૂપ શુભાશુભભાવ એ પણ આત્માની પ્રજા, પર્યાય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મજા ધૂળમાં લખે. આત્મજ ક્યાં છે? વાત સાચી લખે છે એવું. ભાઈ કહે છે એમ. આત્મજા. શરીરથી ઉત્પન્ન કરવું એમ. શરીર એ આત્મા એના ઘરનો એને. આત્મજા લખે છે ખરા વાત સાચી. આ શરીરરૂપી આત્મા એનાથી ઉત્પન્ન થયેલો એમ. શરીરને આત્મા માન્યો.

અહીં તો ભગવાન યોગીન્દ્રદેવ આચાર્ય મહામુનિ સંત છે, આચાર્ય છે. છઠ્ઠે-સાતમે આનંદની ભૂમિકામાં એ ઝૂલે છે. વિકલ્પ આવ્યો જરી, અરે! આત્મા! જે સ્વભાવરૂપે અંતર અનાદિકાળથી શાંતિ, આનંદ પડ્યા છે એને તેં શ્રદ્ધામાં, જ્ઞાનમાં, વર્તમાન દશામાં પ્રગટ કર્યા નથી. ઉજ્જડ છો. જંગલમાં પડ્યો છો, ઉજ્જડ છો, વસ્તી વિનાનો છો. એને જેણે '**શુદ્ધાત્માનુભૂતિરૂપ શુદ્ધોપયોગ પરિણામ ઉનકો અબ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે બલસે બસાતા હૈ,...**' જુઓ બસતા હૈ શબ્દ પડ્યો છે. બસતા હૈ કેમ કર્યું છે? બસાતા જોઈએ. આપણને હિન્દી ક્યાં બરાબર આવડે છે? આ તમે રાતે બધા કરો છો એટલે થોડું-થોડું બસાતા હૈ જોઈએ.

આ તો બસતા હૈ.

જો કોઈ આત્મા અંતર સ્વરૂપ પરમાનંદની મૂર્તિ એની રુચિ, એનું જ્ઞાન અને એમાં લીનતા એવા પરિણામને પોતાની વર્તમાન અવસ્થામાં વસાવે છે તે વસ્તીવાળો કહેવાય છે. એ વસ્તીવાળો કહેવાય છે. બાકી બધા વાંઝિયા કહેવાય છે. કહો, મીઠાલાલજી! મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એકલી જેની અવસ્થામાં વિકારતા પડી છે એને અહીંયાં ભગવાન વાંઝિયા કહે છે. તારી વસ્તી તને નથી, પ્રજા તને થઈ નથી હોં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો થાય. સમજાણું કાંઈ? તારી પ્રજા એને અમે કહીએ છીએ, ભગવાન ત્રણ લોકના નાથ... એ મિથ્યાભાવ, શુભાશુભ પરિણામથી મારું કલ્યાણ અને શુભાશુભ પરિણામ તેટલો હું એવી વિકારી પર્યાય, એમાં જેની બુદ્ધિ, રુચિ અને દૃષ્ટિ છે એવો મિથ્યાદૃષ્ટિ જીવ અનાદિ સ્વરૂપ જે ગુપ્ત ચૈતન્યચમત્કાર છે એનો અનાદર કરીને વિકારના પરિણામમાં જ પોતાનું અસ્તિત્વ સ્વીકારીને પડ્યો છે એને અહીંયાં વસ્તી વિનાનો કહે છે. કહો, આ એક છોકરો ન હોય તો છોકરા માટે મરી જાય બિચારા લેવા માટે. ગોદકા. ગોદ લે શું કહેવાય એ? ગોદ-ગોદ. ગોદ લે. આ હેરાન-હેરાન થઈ ગયો છે. હેરાન જ થાય છેને શું છે? પાંચ-પચાસ લાખ હોય. ગોદે લે તો પછી એ પોતે તો ખર્ચી શકે નહિ. એને પૂછવું પડે. એ ગોદે લીધો તો એને પૂછવું પડે કે બાપા, જો આ પચાસ લાખ છે. તને ગોદે લીધો છે. પણ મારે વીસ લાખ ખર્ચવાના છે. બાપા! એમ ન ખર્ચાય હવે. નહોતો લેવો તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ન થાય. એ તો અમને તો બધાની ખબર છેને. ન થાય પૂછ્યા વિના. બાપા! અમે તમારી પાછળ આવ્યા. તમે હોંશથી, હરખથી ખોળે બેસાડ્યો છે. ખોળે કહેને ખોળા? ખોળે કહેને. ગોદમેં. આ ખોળે બેસાડે છે. ખોળે બેસાડ્યો કહેવાય. કહે છે કે વાંઝિયો છો, તેં ખોળે બેસાડ્યો તોપણ હેરાન થઈ ગયો મફતનો. ઈશ્વરચંદજી! આ આત્મામાં પ્રજા પ્રગટ કરવી એનું નામ વસ્તીવાળો કહેવાય છે. એ વિના બધા વાંઝિયા અને વાંઢા કહેવાય છે. કહો, ધર્મચંદજી!

મુમુક્ષુ :- મદદ કરે.

ઉત્તર :- ધૂળમાંય મદદ કરતા નથી. પાપમાં નિમિત્ત થાય છે. વધારે ખર્ચવું હોય તો ના પાડે. નહિ બાપા! નહિ ખર્ચાય હોં વધારે. અમારે .. જીવન ગાળવું છે. તમારો મભો રાખવા માટે, મભો રાખવા માટે મને રાખ્યો છે. તમારો દીકરો છું કે નહિ? તો તમારો મોભો જેટલો મારે રાખવો પડશે કે નહિ? એમ કરીને માખણ ચોપડે. એય..! મીઠાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અસ્તિથી કહેનાર છે એ.

કહે છે, અરે..! ભગવાન આત્મા જેમાં વીતરાગ ચિદાનંદનું સહજાનંદ સ્વરૂપ પડ્યું છે, એની જેણે અંતર દૃષ્ટિમાં પોતાના પૂર્ણાનંદનો સ્વીકાર કર્યો, વિકાર અને સંયોગનો સ્વીકારનો નિષેધ થઈ ગયો, એને પૂર્ણાનંદની અનુભવ દૃષ્ટિ થતાં જે જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિ પ્રગટી ઈ એની વસ્તી કહેવામાં આવે છે. એ પ્રજા. પ્રજાવાન આત્મા, એની પર્યાય તો નિર્મળ (હોય) એને પર્યાય કહેવાય. કાંઈ મલિન કાંઈ, નિર્મળાનંદ ભગવાન એની મલિન પ્રજા, અંગારા પ્રજા એ તે કાંઈ પ્રજા કહેવાય? કુળઅંગારો નથી કહેતા? એવો છોકરો જાગે. કુળનો અંગારો જાગ્યો એમ કહે છે કે નહિ? કુળને બાળવા જાગ્યો. એમ નથી કહેતા કે ભાઈ તું મારો વારસો તો રાખીશ. કુળઅંગારો જાગ્યો.

ભગવાન એમ કહે છે કે ભાઈ! તારા સચ્ચિદાનંદ પ્રભુ આત્માના સ્વભાવમાંથી જેટલી અંદર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ કાઢ એટલી તારી પ્રજા. બાકી મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ એ કુળઅંગાર પ્રજા છે. એ આત્માના કુળને બાળે છે. એ કુળને વસ્તી કરતો નથી. આહા..હા..! કઈ શૈલીએ વાત કરે છે આચાર્ય! વીતરાગભાવનું વર્ણન કરે છે. પરમાત્મપ્રકાશનું વર્ણન છે. ભાઈ! તું પરમાત્મસ્વરૂપ છોને. તો પરમાત્મસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટે તે તારી વસ્તી કહેવાય. તેં તે પરિણામ ઉપયોગ તારામાં વસાવ્યા. શુદ્ધ ઉપયોગરૂપી પરિણામ. બાકી પુણ્ય-પાપ અને અશુદ્ધ ઉપયોગ એ તારી વસ્તી નથી. કહો, સમજાણું?

‘**અબ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે** બલસે...’ દેખો, આ બળથી પાછું હોં! શું કર્યું? ઓલો પુણ્યનો વિકલ્પ જે રાગાદિ હતો એના બળ વડે આ વસ્તી વધી, થઈ—એમ નથી. એમ કહે છે. શું કીધું? થોડી કષાયની મંદતા કાંઈક હતી મલિન પર્યાય એનો કાંઈ સહારો મળ્યો કે એને લઈને આ નિર્મળ અવસ્થાની પ્રગટ દશા થઈ એમ છે નહિ. કુળઅંગારાથી નિર્મળ અવસ્થા થઈ, વસ્તી થઈ એમ છે? ના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલું કહેવું કોને? એ તો ૧૩મી ગાથામાં ખુલાસો કર્યો. ૪૧૩ સમયસાર. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. એમ અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે. અરે! કષાયની મંદતા એને વ્યવહાર કહેવો શી રીતે? એ તો અનાદિરૂઢની પ્રકૃતિના પરિણામ અનાદિના થયા છે. અને અમે તો એને વ્યવહારમૂઢ કહીએ છીએ. જ્યારે નિશ્ચય આરૂઢ થયો, જ્ઞાયક મૂર્તિની દૃષ્ટિ કરી, શુદ્ધ ચૈતન્ય છું, પવિત્ર છું એવી પ્રતીત અને જ્ઞાન થયું, ત્યારે રાગ બાકી રહ્યો એને વ્યવહાર કહેવામાં આવે છે. ત્યારે વ્યવહારનો જાણનાર જાગ્યો ત્યારે વ્યવહાર જાણ્યો. નહિતર તો વ્યવહારમૂઢ

કહવામાં આવે છે. સમયસાર ૪૧૩ ગાથા. અમૃતચંદ્રાચાર્યે બહુ સ્પષ્ટ કરીને..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાધન-ફાધન પણ નથી. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. નિમિત્તપણે આવો એક વિકલ્પ મંદ હતો, એને સમ્યગ્જ્ઞાન સ્વને આશ્રયે થયું ત્યારે આવું નિમિત્ત હતું એવું જ્ઞાન કરાવવા તેને વ્યવહાર સાધન કહેવામાં આવે છે. વસ્તુ આમ છે. બીજી રીતે ગડબડ કરે તો તો વસ્તુમાં ચાલે એવું નથી. જે દુનિયા ચાલે એ તો આ કહે છે કે ચાલે છે અનાદિથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પીછે-પીછે ક્યા? હૈ હી નહીંને. આત્મામેં કષાય મંદ હૈ હી નહીં ફિર પીછે ક્યા? કાલે કહ્યું નહોતું? રાગ મંદ એનું કારણ અને આત્માની પર્યાય કાર્ય એવો આત્માનો કોઈ ગુણ છે જ નહિ. રાગ કારણ અને આત્માનો ગુણ કાર્ય એવો કોઈ ગુણ નથી. અને આત્માને કારણ આત્મા થાય અને રાગ કાર્ય થાય એવો આત્માનો ગુણ જ નથી. પર્યાયદૃષ્ટિમાં અજ્ઞાનીએ ઉઠાવગીરે ઉભું કર્યું છે. એક સમયની અવસ્થામાં વ્યવહાર ઉભો કર્યો છે. સમજાય છે કાંઈ? વાત બાપુ! એવી છે કે એ વસ્તુનું ભાન થયું, પછી રાગ રહ્યો એને વ્યવહાર કહેવામાં આવે, પણ છતાં એ આત્માની પર્યાયથી ઉત્પન્ન થયેલો એમ નહિ. અથવા એ રાગ મંદ છે માટે અહીં નિર્મળ પર્યાય ટકી રહી છે, ઉત્પન્ન થઈ છે, વધશે એમ નહિ. ઝીણી વાત બહુ, ભાઈ! એ આત્માને માનવો અને જાણવો એ બાપુ! કોઈ મહત્ વાત છે. સમજાણું કાંઈ? આત્મા એટલે કે વીતરાગી વિજ્ઞાનઘન આત્મા. એમાં રાગ-ફાગ આવ્યો ક્યાં આત્માની અંદર? એ તો આસ્રવતત્ત્વમાં ગયું. સમજાણું કાંઈ?

કહે છે '**નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનકે** બલસે...' હોં! પાઠ એમ છેને અંદર? જુઓ, '**शुद्धात्मानुभूतिपरिणामान् परमानन्दनिर्विकल्पस्वसंवेदनज्ञानबलेनेदानीं**' એમ શબ્દ છે. એ હેતુ .. પાઠમાં બીજું છે. ભાઈ! જેટલી આત્માની મોટપ અને મહત્તા છે એટલી નહિ આપતા રાગને મોટપ આપતા આત્માના સ્વભાવનો અનાદર થઈ જાય છે. પરમાત્મા પોતે સ્વરૂપ અનંત શાંતિ, અનંત આનંદ, એકલા વીતરાગી વિજ્ઞાનઘનમાં અનંતા ગુણો પડ્યા છે. એવા ભગવાનને રાગને કારણે આને કાંઈ થાય એ ભગવાન શુદ્ધાત્મ સ્વભાવની અશાતના છે, અનાદર છે.

મુમુક્ષુ :- અનાદર થયો તો..

ઉત્તર :- લાભ થાય ચાર ગતિમાં રખડવાનો. નિગોદમાં જવાનો લાભ થાય. બાબુલાલજી! ... કહો, સમજાણું કે નહિ? જયપુરમાં એક .. હતુંને? જયપુર ગયા ત્યારે હતા તમે? નહિ. જયપુરમાં હતા તે દિ' ચર્ચા વખતે. અરે ભગવાન! આહા..હા..! એક પરમાત્મા પોતે હોય

એને એમ કહે, મહારાજ! આપ પોતે મારે ત્યાં પધાર્યા એ મારા રાગને કારણે પધાર્યા અથવા મેં પૂર્વે રાગ બાંધ્યો હતો એની તમને સહાય મળી માટે તમારે અહીંયા આવવું પડ્યું. મારા પુણ્યને કારણે તમારે આવવું પડ્યું. એ અનાદર કરે છે. એ વસ્તુને સમજતો નથી.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એવો એની પર્યાયમાં અનાદિથી અંશબુદ્ધિના આદરમાં, પુણ્ય-પાપના વિકલ્પના આદરમાં અનાદર ત્રિકાળ સ્વભાવનો કરે છે. તેથી ભગવાન આચાર્ય કહે છે કે એની પર્યાય ઉજ્જડ છે. એ ઉજ્જડને વસ્તી કરવી હોય તો ભગવાન નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનના બળથી જ પર્યાય થાય છે. આહા..હા..! એકાંત લાગે માણસને હોં. અનેકાંત લાગે એવું લાગે કે ઘડીક આમ ને ઘડી આમ ને ઘડીક આમ. જુઓ, અરે! ૫૫ મિનિટ વીતરાગતાથી વીતરાગ થાય એમ પ્રરૂપણા કરવી અને પાંચ મિનિટ એવી પ્રરૂપણા કરવી, નહિતર અનેકાંત નહિ રહે. કે રાગથી પણ કથંચિત્ વીતરાગતા પ્રાપ્ત થાય. પંડિતજી! એણે સાંભળ્યું હશેને. પંડિતજીએ તો ઘણું સાંભળ્યું હોયને. એ આવ્યું છે હોં. દર્શનમેં આયા હૈ, વહ નયદર્શનમેં. જિનેન્દ્ર. ઉસમેં આયા હૈ. બે-ત્રણ બોલ જોયા. અરે કીધું આ ભગવાનને નામે શું કરે છે! છેને? જુઓ, કાલે જોયું હતું થોડું. ૫૫ મિનિટ સુધી એવું વ્યાખ્યાન આપવું કે વીતરાગ વીતરાગપણાથી થાય, વીતરાગનો ભાવ. પણ પાંચ મિનિટ અનેકાંત કરવા માટે એટલું તો કહેવું જોઈએ કે કથંચિત્ રાગથી પણ વીતરાગતા થાય. કેટલામું છે? પાનું લખ્યું છે? મેં લખ્યું નથી કાંઈ. નહિતર અનેકાંત નથી રહેતું. પક્ષપાત અને આગ્રહ થઈ જાય છે. એકાંત થઈ જાય છે. જો રાગની મંદતાથી કથંચિત્ પ્રકારે પણ જો વીતરાગપણાને સાધન ન થાય તો અનેકાંત તૂટીને એકાંત થઈ જાય છે. વ્યવહારની વાત જ.... અહીં તો વ્યવહાર એટલે પરદ્રવ્ય કહ્યા. એમ કહે છે.

સ્વદ્રવ્યનું સાધન સ્વદ્રવ્યના સાધનથી થાય છે. પરદ્રવ્યના સાધનથી સ્વદ્રવ્યનું સાધન થતું નથી. એવી જરી ઝીણી વાત છે, ભાઈ! એને સ્વદ્રવ્યના સાધનથી ભાન થયું ત્યારે એને પૂર્વના રાગને નૈગમનયે સાધનનો આરોપ દેવામાં આવે છે અને વર્તમાન તરીકે, વ્યવહાર તરીકે જાણવાલાયક છે. એ સિવાય કાંઈપણ આગળ વાત જાય તો સત્યનું ખૂન થઈ જાય છે. વાત આવી છે, ભાઈ! શું થાય? ત્રણ લોકના નાથના વિરહ પડ્યા. જગતના જીવો પોતાની કલ્પનાએ શાસ્ત્રના અર્થો કરવા માંડ્યા અને આત્માની જાત શું છે એની મહિમા ઉડી ગઈ, મહિમા રહી ગઈ આ બહારની. આહા..! કાં તો મંદિરો કરાવો અને આ કર્યા. આ શું કહેવાય? ગજરથ-ગજરથ. ગજરથ કહતે હૈ ન પંડિતજી! ક્યા કહતે હૈ? ગજરથ બોલાવો અને લાખ-બે લાખ ખરચો, હો-હા, અરે! ભગવાન! બાપુ! વીતરાગ માર્ગ બાપા બીજી ચીજ છે. હોય એ શુભભાવ હોય. પણ તમે એમ માની લેશો કે એ ગજરથ કાઢ્યા માટે ધર્મ થઈ ગયો (એમ બિલકુલ નથી).

મુમુક્ષુ :- ધીમે-ધીમે

ઉત્તર :- ધીમે-ધીમે. ધૂળમાંય ધીમે-ધીમે ન થાય. ઝેર ખાતા-ખાતા ધીમે ધીમે કસ્તુરીનો ઓડકાર આવશે. બિલકુલ નહિ.

મુમુક્ષુ :- મંદિર બનાવેને.

ઉત્તર :- મંદિર કોણ બનાતે હૈ? બનાયા નહીં હૈ. મૈં તો પહેલી વાત કરી સાધારણ. વહ તો ઉસકે કારણસે બનતા હૈ. પરમાણુકી પરાવર્તનકી પર્યાયકે કાલમેં બનતા હૈ તબ શુભ પરિણામવાલેકો નિમિત્ત કહનેમેં આતા હૈ. તો શુભ પરિણામ હૈ દૂસરા કુછ હૈ નહીં. ઉસસે ધર્મ હો જાયેગા, સંસાર નાશ હો જાયેગા (ઐસા હૈ નહીં).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરે તો ... કરશે. એનાથી થશે? એ તો શુભ કરશે પોતાથી. હો, નિમિત્ત હોય. નિમિત્ત વિના ભગવાનના આત્માનો વિચાર નથી કરતો? સિદ્ધ ભગવાન આવા છે લ્યો! એમ નથી કરતો? ત્યારે એ આત્મ વિકલ્પ થયો તો સિદ્ધ નિમિત્ત થયા. અહીં ક્યાં સિદ્ધ છે? પૂર્ણાનંદ પ્રભુ કેવળજ્ઞાનથી ભરેલા પરમાત્મા, આમ પૂર્ણ... ક્યાંય છે.. એના જ્ઞાનમાં છે કે આ સમયે આ વિકાર આનો આવશે. પણ અહીં જ્ઞાન આવતા ઓલો વિકલ્પ ઉઠ્યો એમાં એ નિમિત્ત સિદ્ધ થયા. એમાં સિદ્ધે કર્યું શું?

મુમુક્ષુ :- ...ની કૃપા થશે.

ઉત્તર :- પણ કૃપા કોણ કરે? અહીં વિકલ્પ આવ્યો ત્યારે નિમિત્ત કહેવાણું? કે વિકલ્પ આવ્યા વિના નિમિત્ત કહેવાણું? પ્રકાશચંદજી! ભાઈ! બહુ ઝઘડા છે દુનિયા સાથે. આહા..હા..! અહીં તો પ્રકાશ પ્રગટ કરનેકી બાત હૈ. અંધેરા નિકાલકે પ્રકાશ પ્રગટ કરના હો, એમા .. હોના ચાહિયે. હો, વસ્તુ હોય. નથી? વ્યવહાર છે. વ્યવહારે ભગવાનને ઉપાદેય વંદન કરવાલાયક, પૂજા કરવાલાયક એમ વ્યવહાર જો એવો ન હો તો તો ભગવાનની પૂજા, વંદન આદર વયો જાય છે. હોય છે, પણ એનો અર્થ એવો કરી બેસે કે એવા વિકલ્પ અને એવા સંયોગથી આત્માની અંતરમાં જવાશે એ રાગ અને પરનું લક્ષ લઈને સ્વલક્ષમાં જવાશે એ વસ્તુના સ્વરૂપમાં નથી. બરાબર હૈ ...? ક્યા ચલતી હૈ આ તમારે બધા શેઠિયા ને બધા કંઈક ચલવે છે વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે કર્યું છે? કોણે કર્યું છે? એ તો ત્યાં થયું છે. પહેલેથી કહેતા નથી આવતા? એ તો પુદ્ગલના પરાવર્તનને કાળે પાણીના લોઢ જેમ ચડે અને ગામ પાસે આવે એ પુદ્ગલનું પરાવર્તન થતું તે કાળે તે થવાની પર્યાય થાય છે. ત્યારે બહારના શુભ ઉપયોગી જીવને નિમિત્ત કહેવામાં આવે છે. ઓલો કડિયો કરે છે નિમિત્ત એને તો શુભ પણ નથી, એને તો અશુભ

છે. એને તો અશુભ છે. પૈસા લેવા માટે કરે છે એ તો. કડિયો કહતે હૈ ન ક્યા કહતે હૈ? કારીગર. એને ક્યાં કરવું છે? એ તો પૈસા માટે (કરે છે). ત્યારે એ અશુભ પરિણામ છે એને નિમિત્ત કહેવાણા લ્યો! સમજાણું કાંઈ?

ભાઈ! ચીજ વસ્તુ જ એવી કોઈ છે કે છ દ્રવ્ય, નવ તત્ત્વો, પંચાસ્તિકાય આદિનું સ્વરૂપ વાસ્તવિક સ્વતંત્ર અને એમાં ભગવાન આત્મા એકદમ નિરપેક્ષ રાગ વિના, રાગની જેને અપેક્ષા દૃષ્ટિ, જ્ઞાન અને આચરણમાં નથી એવો ભગવાન દૃષ્ટિમાં લીધા વિના એ ઉજ્જડ છે એમ અહીં ભગવાન યોગીન્દ્રદેવ આચાર્ય એવી વાત કરે છેને. આહા..હા..! આવી વાત દિગંબર સંતો જ કરી શકે. બીજાને તો વસ્તુની ... આમ-આમ થઈ જાય. વાડો નહિ રહે, સંપ્રદાય નહિ રહે, આને ઠીક નહિ લાગે, મોટા શેઠિયાઓ આ બધા બેઠા છે એને ઠીક નહિ લાગે, પૈસા-બૈસા નહિ ખરચે. આ તો નાગા બાદશાહથી આઘા. અંદરમાં પણ નાગા. બિલકુલ લાગણીની દરકાર નહિ. અમે આત્મા છીએ. અમે વીતરાગ નિર્વિકારી, નિર્વિકલ્પ આનંદકંદ સ્વરૂપ છીએ. અમારા સાધન માટે અમારી નિર્મળ પર્યાયનું સાધન ભગવાન આત્મામાં સાધક નામનો ગુણ પડ્યો છે. સાધક કહો, કરણ કહો. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ શક્તિ આત્મામાં પડી છે. એ કરણ નામના ગુણવાળો આત્મા છે. એવા કરણના ગુણવાળો આત્મા કે એના સાધનથી આ થાય એવા આત્માને માને તો એણે આત્મા માન્યો કહેવાય છે. રાગના સાધનથી થાય એમ માને તો એને આત્માના સાધનથી, સાધનગુણથી એવા ગુણવાળો એણે માન્યો નથી. સમજાણું કાંઈ? વસ્તુ તો એવી છે. એવી ત્રિકાળ વસ્તુ.

કહે છે '**સ્વસંવેદનજ્ઞાનકે બલસે બસાતા હૈ,...**' એમ કહે છે જુઓ, ... આ ઉજ્જડને વસાવે અને '**वसिया करइ जु सुण्णु**' અને વસેલાને કરે શૂન્ય. બે વાત. શૂન્યને વસ્તી કરે અને વસ્તીને શૂન્ય કરે. બે સિદ્ધાંતમાં આખી આટલી ગાથા ઉતારી છે. અરે! જે પુણ્ય-પાપના પરિણામ, હવે પછી કહેશે, એને શૂન્ય કરવા છે પર્યાયમાંથી. શૂન્ય કરવા છે એમાંથી અશૂન્યપણું પ્રગટ થાય? શું કીધું? જે પરિણામ શુભાશુભ અને ભ્રાંતિ તેને શૂન્ય કરવા છે અને એ શૂન્ય કરીને અશૂન્યપણું એટલે કે વસ્તીપણું પ્રગટ કરવું છે. એ તો ત્રિકાળ જ્ઞાયક ભગવાન આત્મા એની અંતર રુચિ, અંતરનું જ્ઞાન, અંતર નિર્મળતા એ પર્યાય દ્વારા પ્રગટ થાય. શૂન્ય કરવાનું છે એ દ્વારા નહિ. એનો તો અભાવ કરવો છે. એ અભાવ કરવો છે એના વડે આ ભાવ થાય એમ બની શકે નહિ. ન્યાલચંદભાઈ! વસ્તુ આ છે. એને શ્રદ્ધામાં પાકી કરવી પડશે પહેલી. એ શ્રદ્ધા આવી પાકી નહિ કરે તો ધર્મનું મૂળ પહેલી શ્રદ્ધા છે. અને એ શ્રદ્ધા આવી કરશે તો એના અનુભવમાં દૃષ્ટિ જશે. નહિતર કોઈ રીતે નહિ જાય. આ આત્મા જેવા ગુણવાળો અને જેટલા સામર્થ્યવાળો છે એને બીજી રીતે કલ્પીને માને તો આત્માનો અંદર દૃષ્ટિનો અનુભવ

કોઈ રીતે નહિ થાય.

આત્મામાં કર્તા, કર્મ, કરણ નામના ગુણ અનાદિ-અનંત પડ્યા છે. તો એવું કરણ કે એના સાધન વડે એમાં પર્યાય પ્રગટે છે. એવા ગુણવાળો એ આત્મા છે. એવા ગુણવાળો ન માનતા રાગના સાધન દ્વારા આ થાય, જે નિમિત્તનું જ્ઞાન કરાવવા સાધન કહ્યું છે એના દ્વારા અહીં થાય, એ આત્માના સાધનગુણ એનાથી અહીં પ્રગટ થાય તેવા ગુણવાળાને એ આત્મા માનતો નથી. વસ્તુ આમ છે ત્રણ કાળ, ત્રણ લોકમાં. એ વીતરાગમાર્ગ સિવાય બીજે આ વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'નિજ સ્વાદનરૂપ સ્વાભાવિક જ્ઞાનકર...'** દેખો, **'નિજ સ્વાદનરૂપ સ્વાભાવિક જ્ઞાનકર' 'શુદ્ધ પરિણામોંકી બસ્તી નિજ ઘટરૂપી નગરમેં ભરપૂર કરતા હૈ.'** એ નગર વસાવે છે. આહા..હા..! સમજાણું? છે? કહો, સમજાણું આમાં? સમજાણું આમાં? એમ કીધું. દિગંબર સંતોએ પણ કામ કેવા કર્યા છે! ક્યાં ને ક્યાં પોકાર. જેની પર્યાયમાં મલિનતા એકલી રહે છે એને અમે ઉજ્જડ જંગલ કહીએ છીએ. અરે! પુણ્ય પરિણામ વસે તો? પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ વસે તો? ઉજ્જડ છે ઉજ્જડ. ભગવાન આત્મા પોતાના સ્વાદનરૂપ. દેખો, રાગમાં સ્વાદ તો પરનો સ્વાદ છે. એ શુભ વિકલ્પ પણ પરસ્વાદ છે, મેલો સ્વાદ અથવા દુઃખ છે. અહીં કહે છે **'નિજ સ્વાદનરૂપ સ્વાભાવિક જ્ઞાનકર...'** હા તો પાડ, ભાઈ! રુચિ તો કર અને શ્રદ્ધાને પાકી કર. ધર્મની આવી વાસ્તવિક શ્રદ્ધાના જોર વિના કોઈ રીતે આત્મા પોતાનું વીર્ય, આવા પૂર્ણતાનું સ્વતંત્ર શ્રદ્ધામાં સ્વીકાર વિના એ વીર્ય સ્વતંત્ર અંદર તરફ વળશે જ નહિ. એવી ચીજ જેમ છે તેને તે રીતે પ્રતીત કર્યા વિના તે વસ્તુનો આદર થશે જ નહિ. સમજાણું કાંઈ?

**'સ્વાદનરૂપ સ્વાભાવિક જ્ઞાનકર શુદ્ધ પરિણામોંકી બસ્તી...'** દેખો, અશુદ્ધ પરિણામ નહિ. અને અહીં **'બસ્તી નિજ ઘટરૂપી નગરમેં...'** આત્મનગર. ભગવાન આત્મા અનંતગુણનો મોટો પ્રભુ નગર. ન-કર. કર જેમાં કાંઈ કર નથી માથે. દેણા વિનાની ચીજ, રાગ વિનાની ચીજ. એમ કહે છે. નગર કહેવાયને નગર? ભગવાન આત્મા સંસારના ઉદયના ભાવ વિનાનો ભગવાન એને માથે દેણું જ કાંઈ નથી. એવું આત્મનગર એની અંતર દૃષ્ટિ કરીને જે નિર્મળ પર્યાય, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને વસાવે એ ... નગરને ભરપૂર કરે છે. એ ભરપૂર વસ્તીને કરે છે. સમજાણું? છેને એ **'उव्वस वसिया' 'ઔર...'** એ એક શબ્દનો અર્થ થયો એટલો **'उव्वस वसिया'** પુણ્યને વસાવે છે, બસ એટલો અર્થ થયો. ... હવે **'वसिया करइ जु सुण्ण'** શૂન્ય કરી દે.

**'ઔર અનાદિકાલસે જો શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચયપ્રાણોંકે ઘાતક...'** દેખો, પાઠમાં તો

'**हिंसा**' લીધું છે ભાઈ અંદર. જુઓ, ઘાત '**निश्चयहिंसा**' દેખો. '**निश्चयहिंसा**' કીધી છે એને. છે? '**शुद्धचैतन्यनिश्चयप्राणस्य हिंसकत्वान्मिथ्यात्वविकल्पजालमेव निश्चयहिंसा** ' એ જ હિંસા છે. હિંસા કોને કહેવી? પરની હિંસા કરી કોણ શકે છે? પોતે ભગવાન જ્ઞાતા-દૃષ્ટા અનંત ગુણનો પિંડ પ્રભુ એને નહિ સ્વીકારતા, પુણ્ય અને પાપના વિકલ્પનો સ્વીકાર બહુમાન અધિકપણે માન્યા, એ મને લાભ કરશે, કહે છે કે એ ચૈતન્યપ્રાણની હિંસા છે. આહા..હા..! આટલું ભારે ભાઈ! કહે છે '**शुद्धचैतन्यनिश्चयप्राणस्य हिंसकत्वा**' એની હિંસા કરનાર. '**मिथ्यात्वविकल्पजालमेव**' '**मिथ्यात्वविकल्पजालमेव**' અહીં તો મિથ્યાત્વને કીધું. ભ્રમણા, રાગની, પુણ્યની, વ્યવહારની, નિમિત્તની, સંયોગની એ મને લાભ કરશે, એનો અર્થ જે લાભ કરે એ એનાથી જુદો ન પડે. જેનાથી લાભ માને એ જુદો એનાથી ન કરે. એનો અર્થ કે જેનાથી લાભ માને એનાથી એક છું એમ માને છે ઈ. સમજાણું કાંઈ આમાં? આહા..હા..!

ભગવાન આત્મા... શુદ્ધ ચૈતન્યપ્રાણ જેના એવો ભગવાન એને મિથ્યા ભ્રાંતિ દ્વારા પુણ્યથી આ, પાપથી આ, રાગથી આ, નિમિત્તથી આ, સંયોગથી મને આ લાભ થાય. એનો અર્થ કે હું બધું એકરૂપ છું. જેનાથી લાભ માને છે એ એકરૂપ છું. એમ એણે માન્યું. એકરૂપ માન્યું એણે જ આત્માના ચૈતન્યપ્રાણ જે પરથી ભિન્ન છે એની એણે હિંસા કરી. આકરી પડે લ્યો અત્યારના.. એ લોકો કહે ... તમારા પુસ્તકો કાઢી નાખો બહાર. કાઢી નાખ. કોણ કાઢે? બાપા! અરે ભગવાન! તું પણ ભગવાન છો, પણ અત્યારે તારી પર્યાયમાં.. શું થાય? જ્યાં સુધી વાસ્તવિક તત્ત્વ ... એકાંત છે એ શાસ્ત્ર એકાંત છે. ભગવાન છેને. એ પણ ભગવાન છેને ભાઈ! કેવી શૈલી પણ ઓહો..હો..! અને પ્રભુ એ ઉંધો કરે તો એની પર્યાયમાં ઉંધાઈ એટલી આવે. સમજાણું કાંઈ?

કહે છે, કે '**અનાદિકાલકે જો...**' હવે કહે છે. ઓલું .. કર્યું. હવે '**અનાદિકાલકે જો શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચયપ્રાણોંકે ઘાતક ઐસે મિથ્યાત્વ રાગાદિરૂપ વિકલ્પજાલ હૈં,...**' સમજાણું કાંઈ? '**ઉનકો નિજ સ્વરૂપ નગરસે નિકાલ દેતા હૈ,...**' દુશ્મનોને નગરમાંથી કાઢ અને વસ્તી સજ્જનને વસાવ. સમજાણું? ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવ એની સંભાળ કરતાં, એનો આશ્રય કરતાં, એને સ્વાધીનપણે દૃષ્ટિમાં લેતા જે શુદ્ધતા પ્રગટ થાય એ દ્વારા મિથ્યાત્વ રાગ-દ્વેષના વિકલ્પને નિકાલ દે, શૂન્ય કરી દે. સમજાણું કાંઈ? અનેકાંતની વ્યાખ્યા એવી માણસો કરે છેને. આનાથી થાય... આનાથી થાય... પણ આનાથી થાય અને બીજાથી ન થાય એમ અનેકાંત છે. અસ્તિ-નાસ્તિ વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું અનેકાંત છે. આનાથી થાય, આનાથી થાય. આનાથી થાય એ અસ્તિ અને આનાથી થાય અસ્તિ. એ તો બે અસ્તિથી થયું. અનેકાંતની વ્યાખ્યા એવી નથી. સ્વના આશ્રયે થાય, રાગના આશ્રયે ન થાય. એ અસ્તિ-

નાસ્તિથી વસ્તુનું અસ્તિપણું પ્રકાશન કરનાર અનેકાંત અમૃત છે. એ અનેકાંત અમૃત છે. એ અનેકાંત છે. અનેકાંતને એવું કરી નાખ્યું. મનાવ્યું, માન્યું. કહો, સમજાણું?

'**ઉનકો નિજ સ્વરૂપ નગરસે નિકાલ દેતા હૈ, ઉનકો ઉજ્જડ કર દેતા હૈ, ઐસે પરમયોગીકી મૈં બલિહારી હૂં,...**' એવા ધર્માત્માને વારી જાવ છું કહે છે. એના માથા ઉપરથી વારી જાઉં એમ કહે છે જુઓ, '**અર્થાત્ ઉસકે મસ્તક પર મૈં અપનેકો વારતા હૂં.**' ખમ્મા અન્નદાતા તમને! સમજાણું કાંઈ? તમારે મારવાડમાં બહુ બોલે અન્નદાતા... અન્નદાતા. ખબર છેને? બહુ બોલે ખબર છે. મને તો પહેલી ખબર પડીને, ત્યાં પાલેજ સાધુ આવ્યા હતા સ્થાનકવાસી મારવાડી. ભેગા વળી એના આર્જિકા હોયને. એ આવી ગયા હતા. પછી એને ઉતાર્યા હતા .. એ વારંવાર બોલ્યા કરે. આપણને કોઈ દિવસ ખબર નહિ મારવાડની બહુ. નાની ઉંમરની વાત છે. સાધુ આવે તો અન્નદાતા! અન્નદાતા! એમ કરે સાધુને, એના ગુરુને. શું છે અન્નદાતા? સ્થાનકવાસી સાધુ હોયને .. પાલેજમાં. અન્નદાતા! અન્નદાતા! અન્નદાતા તો એ કહેવાય કે અન્ન જેમાં આત્માના આનંદનું પોષણ મળે. એ આનંદ અન્નદાતા (કહેવાય). વ્યવહારે ત્રિલોકના નાથ પણ અન્નદાતા કહેવાય. સમજાય છે કાંઈ? એ આત્માનો ખોરાક આનંદનો જે મળે અને જેમાં નિમિત્ત થાય એને અન્નદાતા કહેવામાં આવે છે.

કહે છે, એવા '**પરમયોગીકી મૈં બલિહારી હૂં, અર્થાત્ ઉસકે મસ્તક પર મૈં અપનેકો વારતા હૂં.**' સમજાણું કાંઈ? '**जोइयहिं बलिर्मस्तकस्योपरितनभागेनावतारणं**' આખા શરીરનો ઊંચો ભાગ એના ઉપર અવતાર કરું છું. ઓલા રાજા હોય છેને એને એવું કરે. શું કહેવાય એ? ... ધોળ કરે. સોનાની લગડી લઈ ... કરે. રાજા જ્યારે આવેને. આમ-આમ કરે. નજર આમ.. એ આમ કરે. કોઈ એવો રાજા બહારથી આવ્યો હોય તો નગરશેઠ હોય ને.. વનેચંદ શેઠ વાત કરતા. નગરશેઠ હતાને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ તો ઠીક પણ અમારે તો આ વનેચંદ શેઠ નગરશેઠ વાંકાનેરના. એ પોતે નગરશેઠ હતા. તો બધી અહીંયા .. બેઠા હતા. બધી વાત કરતા હતા. અમારે આમ ઘોર કરવી પડે. ગીની દેવી પડે ગીની. પછી આમ કરવું પડે. ઘોર એટલે આરતી. મૂળ તો આરતી જેવું ઉતારીને આ પૈસા મૂકીને આરતી કરે ઈ. માન.. કહેવાય.

અહીં કહે છે કે એ '**ઉસકે મસ્તક પર મૈં અપનેકો વારતા હૂં.**' તારી આરતી હું ઉતારું છું એમ કહે છે લ્યો! આહા..હા..! '**ઈસપ્રકાર શ્રીયોગીન્દ્રદેવ પરમયોગિયોંકી પ્રશંસા કરતે હૈં.**' સમજાણું? '**एवं श्रीयोगीन्द्रदेवाः गुणप्रशंसां कुर्वन्ति।**' '**જિન યોગિયોંકે વીતરાગ શુદ્ધાત્મા તત્ત્વસે વિપરીત પુણ્ય-પાપ દોનો હી નહીં હૈ.**' દૃષ્ટિમાં તો નહીં હૈ, પણ

સ્થિરતામાં પણ નિકાલ દિયા. અસ્થિરતા નિકાલ દિયા એમ કહે છે. એકલો વીતરાગ ભાવ ઘોળાય છે. વીતરાગ ભાવ એકલો-એકલો વીતરાગ ભાવ ઘોળાય છે આમ. રાગ વિનાનો એકલો રાગના અભાવસ્વભાવ ચિદાનંદ છે એવા સંતોને વારી જાઉં છું. ઓહો..હો..! એની પ્રશંસા હું તો કરું છું. રાગને બહુમાન આપનારની પ્રસંશા હું કરતો નથી. ૧૬૦ થઈ.

૧૬૧.

૨૯૨) तुट्टइ मोहु तडित्ति जहिँ मणु अत्थवणहँ जाइ।
सो सामइ उवएसु कहि अण्णेँ देविं काइँ।।१६१।।

પ્રભાકર ભટ્ટ પ્રશ્ન કરે છે. એના શિષ્ય છે એ પ્રશ્ન કરે છે. '**આગે એક દોહેમેં શિષ્યકા પ્રશ્ન ઔર ચાર દોહોંમેં પ્રશ્નકા ઉત્તર દેકર નિર્વિકલ્પસમાધિરૂપ પરમ ઉપદેશકો ફિર ભી વિસ્તારસે કહતે હૈં—**' શિષ્યનો પ્રશ્ન જ એવો છે. '**હે સ્વામી, મુજે ઉસ ઉપદેશકો કહો...**' જુઓ, શિષ્ય પણ આ માગે છે. ભગવાન! મને એવો ઉપદેશ કરો કે '**જિસસે મોહ શીઘ્ર છૂટ જાવે,...**' બીજું મારે કાંઈ જોઈતું નથી. એવો ઉપદેશ આપો. મોહ છૂટ જાયે, પૂર્ણ આત્માની પ્રાપ્તિ થાય એવો મને ઉપદેશ આપો. એમ નથી કે ભગવાન કાંઈક મને આવો ઉપદેશ આપો હોં કે કાંઈક રાગનો, વ્યવહારનો... થાશે... થાશે.. એવો મને ઉપદેશ આપો કે મોહનો નાશ થાય એવો ઉપદેશ આપો. એક જ વાત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચાલ્યો આવે છે. પૂછે છે ગુરુની પાસે. ચાલ્યો આવે છે શું? હવે એવો ઝટ આપો, લાંબી વાત નહિ કહે છે. અહીં તો મોહ છૂટે (એવી) એક જ વાત કરો એમ કહે છે. અહીં બીજી વાત જરી કહે છે. બીજા દેવનું મારે શું કામ છે? એમ કહે છેને છેલ્લે. આ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલો ઉપદેશ એનું મારે કામ છે, એમ કહેવા માગે છે. મારે તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જે કહ્યું મોહના અભાવની વાત, એના ઉપદેશમાં મોહના અભાવની જ વાત આવી છે. એ મને ઉપદેશ કરો, બીજા દેવનું મારે હવે શું કામ છે? બીજી વાતું કરનારા ઘણા દેવો હોય જગતમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞદેવ પરમાત્માનો જ ઉપદેશ સાચો હોય છે, બીજાનો સાચો હોતો નથી. બીજાએ ગપ માર્યા છે બધાએ ભગવાનના નામે. અલ્પજ્ઞમાં સર્વજ્ઞ માન્યા અને રાગીમાં વીતરાગી માન્યા, ક્યાંક ધ્યાન કર્યા ને આમ કર્યા. ૐ-ૐ કર્યા. મરી ગયેલા બધા છે. એ ચૈતન્યને સમજ્યા નથી. કહો, સમજાણું?

'**ઔર ચંચલ મન સ્થિરતાકો પ્રાપ્ત હો જાવે,...**' જુઓ, એ પર તરફનું મન અસ્થિર છે એ ખલાસ થઈ જાય અને મારા સ્વરૂપમાં સ્થિર થઈ જાઉં એવો ઉપદેશ મને આપો.

બીજી વાત મારે જોઈતી નથી. ભગવાન એવું કાંઈ કહો કે પુણ્ય બાંધુ, પછી સ્વર્ગમાં જાઉં, પૈસા મળે એ કાંઈ મારે જોઈતું નથી, કાંઈ જોઈતું નથી. સ્વર્ગના સુખ પણ જોતા નથી અને સ્વર્ગના સુખના કારણનો ભાવ પણ જોતો નથી. મારે તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકના નાથ જેણે સર્વજ્ઞ વીતરાગપણાની પર્યાય પ્રગટ કરી એણે જે ઉપદેશ કર્યો એ ઉપદેશ મને આપો. આહા..હા..! એ માગણીમાં પણ પાછી એ જાતની પાત્રતા જોવે છેને. ભગવાન! અમને તો આ દ્યો હોં! બધા દેવ ભલે હો, પણ ત્રણ લોકના નાથ એક સમયમાં જેને સર્વજ્ઞદશા અને જેને ઉત્પાદ, વ્યય અને ધ્રુવ જગતના તત્ત્વો એક સમયના ત્રણ, સમયના ભાગ ન પડે, પણ સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એક દ્રવ્યના ત્રણ (ભાગ) જેણે જાણ્યા આહા..હા..! અશુદ્ધતા ટળે, શુદ્ધતા ઉત્પન્ન થાય, વસ્તુ ટકે એક સમયમાં આવું જેણે જાણ્યું. એવા એક દ્રવ્યનું નહિ, પણ અનંતા દ્રવ્યનું, તે પણ રાગના આશ્રય વિના જ્ઞાનની નિર્મળ પર્યાય પ્રગટ કરતાં પર્યાયને જાણતા બીજું જણાઈ ગયું. આવા ભગવાને જે કહ્યું છે એ ઉપદેશ મોહના નાશનો છે. સમજાણું કાંઈ? ... ઓલામાં અંબરમાં આમ કરવું, ધ્યાન કરવું જોઈએ. એ અંબર એટલે આત્મા. ઓલો અંબર અજ્ઞાની કહે એ નહિ. સાંભળને. અહીં તો સર્વજ્ઞ ભગવાન અંબર તો આત્મા, નિર્વિકલ્પ આત્માને અંબર કહે છે. એ વાત લેવા માગે છે. શ્વાસ ચડાવું, હું આમ કરું, પછી શ્વાસ આમ કાઢવો, એવી બાકી ક્રિયા-ક્રિયા ભગવાનના ઘરની નથી. કદાચિત્ પ્રાણાયામ જરી ચંચળ મનને સ્થિર રાખવા માટે કહ્યું છે, પણ એ તો હેતુ ઈ છે કે અશુભમાંથી ખસીને આવ્યો, હવે જાવું છે તો ઓલામાં, એ માટે અહીં થોડું કહ્યું હતું. સમજાણું? પણ એમાંથી મને આવો લાભ થશે આ કુંભક ને રેચક ને, શું કહ્યું? સમજ્યાને? પૂરક ને. કહેશે હમણા બધું. એનું મારે કાંઈ કામ નથી. મારે તો પરમાત્મા ત્રિલોકનાથ જે દશાએ પ્રાપ્ત થયા, જે સાધને પ્રાપ્ત થયા એ ભગવાને જે કહ્યું હોય એ મને મોહના નાશનો ઉપાય એક જ કહો. મોહને રાખવાનો નહિ. એમાં બધું આવી ગયું. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ રાખવાનો નહિ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નાશનો ઉપાય શું છે એ મને બતાવો. સમજાણું કાંઈ?

**'ચંચલ મન સ્થિરતાકો પ્રાપ્ત હો જાવે, દૂસરે દેવતાઓંસે ક્યા પ્રયોજન હૈ?' 'अण्णेँ देविं काइँ'** ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર જેણે વીતરાગ વિજ્ઞાનઘનની પર્યાય પ્રગટ કરી છે. વીતરાગ વિજ્ઞાનઘન તો આત્મા છે, પણ જેણે પ્રગટ કરી, પૂર્ણ વસ્તુ જેણે પ્રગટ કરી, ભગવાન! એ દેવ સિવાય મારે બીજા દેવનું શું કામ છે? આહા..હા..! જૈન પરમેશ્વર વીતરાગના પરમેશ્વર થયા. વીતરાગી પર્યાયપણે પરમ ઈશ્વર થયા એવા વીતરાગ પરમેશ્વર એ સિવાય મારે બીજા કોઈ દેવનું કામ નથી. સંપ્રદાયની વાત નથી, વસ્તુની પર્યાયની વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ દેવા આવે ધૂળમાં? કોણ દેતું હતું? એને શું કરવા હતા? જુઓને હમણા એક દેવી આવે છે, રૂપિયા આપે છે. .. મૂકી જા... પગે નહિ લાગીએ તને. ચોખ્ખું કહે છે. ..માં આવે છે. કોણ જાણે કોણ છે, એક આવે. રૂપિયાવાળો .. પચાસ. બસ પચાસની અંદર. પાંચ, દસ, પંદર, વીસ, પચ્ચીસ, પચાસ બસ. ઓલો ઉપાડી લે. ઉપાડીને મૂકી આવે બેંકમાં. વળી લઈ જાય તો? પાછું કહે કે જુઓ અમે પગે નહિ લાગીએ હોં ગમે તે તું હો. ઓલા કહે આમ ફલાણા છીએ. ફલાણા-બલાણા જે હોય તે, અમે કોઈને પગે લાગતા નથી. અમે જૈન પરમેશ્વરને માનનારા છીએ. અમે વીતરાગદેવને માનનારા (છીએ), કોઈ દેવ-દેવલાને માનનારા નથી. એવા બે-ત્રણ હજાર ભેગા થઈ ગયા છે. ત્રણ હજાર. અત્યાર સુધી ત્રણ હજાર આવ્યા છે. એ તો ત્યાંથી આવે ને મૂકી આવે છે બેંકમાં. આ મોહનભાઈના ઓલા પ્રાણભાઈ માસ્તર. મોહનલાલ કાનજીજીવાના મુનિમ. પ્રાણભાઈ. પ્રાણલાલને? પ્રાણલાલ. એ તો એના દીકરાને દુકાન છે મોટી ત્યાં ભોપાલમાં. ... એની .. પાસે કોક આવે છે. હોય એ ખરું. એ બોલે છે ત્યારે એમ કહે કે એ ખુણામાં પચ્ચીસ પડ્યા, એ પચાસ પડ્યા. એમ કહે ત્યારે આ કહે હું લઈ લઉં. એક ફેરી ન લીધા તો પછી વયા ગયા. પછી .. તરત લઈને બેંકમાં મૂકી આવું. જાય તો બેંકવાળાના. મારે શું છે? એમ ત્રણેક હજાર રૂપિયા આવ્યા છે અત્યાર સુધી હજી. એ તો ચોખ્ખી વાત છે. પ્રાણભાઈ કહે છે. બહુ .. કોક હોય. પણ એમાં છે ધૂળમાં હવે? મેં તો એમ કહ્યું હતું કે બહુ સફાઈ.. બે, પાંચ, પચાસ શું કરવા? આ લવણ સમુદ્રની હેઠે આગબોટની આગબોટું ડૂબી ગઈ છે. નીચે કેટલાય ચાંદીના પાટા પડ્યા છે અને મણિરત્ન અને હીરા નીચે ઘણા બૂડ્યા છે. લઈ આવેને એક ત્યાંથી પાંચ-પચ્ચીસ હીરા લઈ આવે. આવામાં શું ધૂળમાં? તો ખબર પડે કે તું વ્યંતર છો એટલું. બાકી એનાથી કાંઈ લાભ છે નહિ. વ્યંતરને તો એવું ક્યાંક-ક્યાંકથી વળી નોટું લઈ આવવી એવું ઈ લઈ આવે. એમાં ફેર શું છે? લવણસમુદ્રની નીચે. તે દિ' નહિ .. ગઈ હતી એક ફેરી બોટ. છપ્પનિયા પહેલા નહિ? 'કાસમ તારી વીજળી ભરદરિયે વેરણ થઈ.' તે દિ' તો ઘણું .... ઘણા લગનના કરેલા વર હતા. બધા દાગીના પહેરેલા સોનાના મોટા-મોટા. ઘણી શું કહેવાય? જાન-જાન. જાનું હતી અંદરમાં અને નવી આગબોટ. નવી આગબોટ કરેલી. કાસમ હતો. 'કાસમ તારી વીજળી રે ભરદરિયે વેરણ થઈ.' એ જ્યાં ગઈ ત્યાં પાણી ઉછળ્યા. અરે કાસમ! આ શું થયું ભાઈ! નવી છે આ. બૂડી. એ બધી જાનું. જાન સમજાણુંને? વર-વર. દુલ્હા-દુલ્હા તમારે કહે છે. દુલ્હાની જાનું હતી બધી. દાગીના-બાગીના પહેરેલા બધા પડ્યા છે નીચે. અત્યારે બધા નીચે છે. લાવને કીધું ત્યાંથી. .. એમાં કાંઈ આદર-ફાદરની અહીં વાત નથી. હવે એવા

તો ભૂતડા અનંતવાર આવ્યા. શું છે તારે?

એ ૮૪માં અમે કહ્યું હતું. ૮૪માં રાણપુર હતાને. એક બાઈ કહે, જો ફલાણે આટલી લાંબી સોપારી છે અને કંકુનું એક પડીકું છે. લાંબી સોપારી આવડી. તે શું છે કીધું? કોક બજારમાં કોઈ દુકાન સારામાંથી તું ગોતી આવી આવડી લાંબી સોપારી. એમાં નવું શું કર્યું કીધું તેં? એમ હોય કાંઈ? હીરા-માણેક લઈ આવેને આમાં પડ્યા છે. એ મહારાજ મને માને નહિ. શેના માને તને બાપા? પછી દેવી આવતી બંધ થઈ ગઈ. ઢોંગ શેના કરે છે આ? આવા ને આવા ઢોંગ! દેવી આવે છે અને આ સોપારી લાવી. ગોતી આવી હશે લાંબી પૈસા-બે પૈસા દઈને લાંબી. અને એક મોટું કંકુનું પડીકું મૂક્યું. અમે માનતા નથી કીધું દેવ-દેવીને. દેવ હોય તો એના લક્ષણ બીજા હોય. આવી સાધારણ વાતું કરીને, માણસ લઈ શકે એ તું લાવ એમાં શું થઈ ગયું તારે? એ કહે મહારાજ કોઈને માને નહિ. જાવ. ઓલી .... વઢવાણમાં. ૮૨નું ચોમાસું. માણસો હજારો ચાલી નીકળે અને ઢોંગ અંદર હોં. ઓલા માણસો ઉતરેને બે-પાંચ માણસ રાખેલા. એને પૂછી લ્યે. કેમ આવ્યા છો? શું નામ છે પૂછીએ. પછી અહીંથી બોલાવે કોણ આવ્યું? ફલાણો. આવો તમારા .. છે. ઓલો કહે આહા..હા..! મારી પાસે બધા આવે.. કહે મહારાજ.. અરે..! ઢોંગી મરી ગયાને, મફતેય કાંઈ નથી. ધૂળેધૂળ છે કીધું. પછી ધૂળ કીધી ત્યાં એને ખબર પડી કે મહારાજ આમ કહે છે. હાલ-હાલ ઢોંગ. દેવી-દેવલાના ઢોંગ કરીને મારી નાખ્યા જગતને. એનું બંધ થઈ ગયું હવે. એનું ત્યાં બંધ થઈ ગયું. એનું બંધ થઈ ગયું. ત્યાં તો હજારો માણસો જૈનોના. એ પણ ચાલે. ગાંડા મૂર્ખ માણસો.

આ કહે છે કે અમારે તો સર્વજ્ઞદેવ જિને કહેલું એ વીતરાગ અને સર્વજ્ઞ થયા. એણે રાગ અને અલ્પજ્ઞ ટાળ્યા. એણે જે ઉપદેશ કર્યો એ ઉપદેશ જોઈએ છે મારે મોહ ટાળવા, બાકી મારે કાંઈ જોઈતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે વૈમાનિક દેવ અનંત વાર થયો, શું છે પણ હવે? નવમી ગ્રૈવેયક ગયો. એમાં નવી શું ચીજ છે? ભગવાન શાંતિના અંકુરા ફૂટે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્ન જેની ... મુક્તિ મળે એવા રત્નને ભગવાન અમને બતાવો કે જેથી અમારી મુક્તિ થાય. એમ કહે છે અહીં. અમારે બીજું કાંઈ જોઈતું નથી. બીજા અમારે ઉપદેશ સાંભળવા નથી કહે છે. એવા થોથા કરનારા ઘણા છે. સમજાણું?

‘**ભાવાર્થ :- પ્રભાકરભટ્ટ શ્રીયોગીન્દ્રદેવસે પ્રશ્ન કરતે હૈં, કિ હે સ્વામી, વહ ઉપદેશ કહો કિ જિસસે નિર્મોહ...**’ જુઓ, મોહ વિનાનો ‘**શુદ્ધાત્મદ્રવ્યસે પરાઙ્મુખ મોહ શીઘ્ર જુદા હો જાવે,...**’ આ નિર્મોહ એવો ભગવાન આત્મા એનાથી પરાઙ્મુખ એવો મોહ એ શીઘ્ર નાશ થઈ જાય એ વાત બતાવો. એક જ વાત. આહા..હા..! પાછી બે ગુલાંટ મારીને વાત કરીને? આત્મા કેવો છે? કે મોહ વિનાનો છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિકલ્પ આદિ વિનાનો

છે. એવા આત્મામાં જે પર્યાયમાં મોહ દેખાય છે એ આત્માને મોહ વિનાનો થાય એવો ઉપદેશ બતાવો. સમજાણું કાંઈ? માગણી આપે છે જુઓને. આ તો કાંઈક થોડું આપજો ભાઈસાહેબ! થોડું આ રાખજો. અમારું થોડું રાખજો-થોડું રાખજો. થોડોક રાગ રાખજો હોં. એ થોડોક રાગની મદદ હોય તો. એક જ વાત વિકારનો અભાવ અને વિકાર વિનાના ચિદાનંદ સ્વભાવની પ્રાપ્તિ, બસ એક જ વાત છે મારે. બીજી કોઈ કાંઈ જોઈતી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ નહિ. એવું માગે તો ઓલો માગતો જ નથી, ભિખારી છે. શેનો માંગે છે? શું જોવે છે એમાં? વિકલ્પ જોવે છે તારે? એના ફળ જોવે છે તારે ધૂળના? માટીના ફળ જોવે છે કે ચિદાનંદ અનંત ગુણનો માટી પ્રભુ, સહજાનંદ સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ જેને એક ક્ષણે હલાવે, એક ક્ષણે હલાવે બીજી... આમ જાગતો થઈને હું પરમાત્મા. એવો ભગવાનનો ઉપદેશ અમને પ્રાપ્ત થાય કે જેથી અમે ભગવાન થઈએ. અમારે બીજું કાંઈ જોઈતું નથી. આહા..હા..! લ્યો! આવી વાત ઓલામાં મૂકી છે. .. એમાં ઉપદેશ આપ્યોને. ... પણ મને એક જ વાત. નિર્મોહી પ્રભુ છે, એને પર્યાયમાં મોહ છે, એનો અભાવ થાય એક જ વાત કરવાની. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શીઘ્ર જુદા હો જાવે, અર્થાત્ મોહકે ઉદયસે ઉત્પન્ન સમસ્ત વિકલ્પ-જાલોંસે રહિત જો પરમાત્મા પદાર્થ ઉસમેં મોહ-જલકા લેશ ભી ન રહે,...**' જેવો સ્વભાવમાં નથી એવો પર્યાયમાં ન રહે એવો ઉપદેશ બતાવો. એ સિવાય મારે કાંઈ જોઈતું નથી. જુઓ '**નિર્વિકલ્પ શુદ્ધાત્મ ભાવનાસે વિપરીત...**' જોયું! વિકલ્પ વિનાનો ભગવાન આત્મા, એની એકાગ્રતા, એનાથી '**વિપરીત નાના વિકલ્પજાલરૂપી ચંચલ મન વહ અસ્ત હો જાવે. હે સ્વામી, નિર્દોષ પરમારાધ્ય જો પરમાત્મા ઉસસે અન્ય જો મિથ્યાત્વી દેવ ઉનસે મેરા ક્યા મતલબ હૈ? ઐસા શિષ્યને પ્રશ્ન કિયા ઉસકા એક દોહા-સૂત્ર કહા.**' લ્યો! એનો ઉત્તર ચાર દોહામાં કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com